
# પરમાત્મ પ્રકાશ પ્રવચન

ભાગ-૭





ॐ

श्री सिद्ध परमात्मने नमः।
श्री सीमंधरदेवाय नमः।
श्री सद्गुरुदेवाय नमः।
श्री निजशुद्धात्माने नमः।

# પરમાત્મપ્રકાશ પ્રવચન

## ભાગ–૭

**અધ્યાત્મ યુગપુરુષ પ.પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી પરમાત્મપ્રકાશ ગાથા ૧૨૦ થી ૧૬૩ સુધીના**
**સ્વાનુભવ મુદ્રિત ૩૧ અક્ષરશઃ પ્રવચનો**

**પ્રકાશન તથા પ્રાપ્તિસ્થાન**
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
''સ્વરુચિ'' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ,
સવાણી હોલવાળી શેરીમાં-યોગી નિકેતન પ્લોટ,
રાજકોટ-૩૬૦૦૦૭
મો.૯૩૭૪૧૦૦૫૦૮, ૯૪૨૮૦૦૪૯૭૨

| વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
| --- | --- | --- |
| ૨૫૪૬ | ૨૦૭૬ | ૨૦૨૦ |

**પ્રકાશન**

**ઉત્તમ ક્ષમાવણી પર્વ**

**ભાદરવા વદ ૧, તા.૩-૯-૨૦૨૦**

**પ્રથમ આવૃતિ : ૫૦૦**

**કિંમત : સ્વાધ્યાય**

## પ્રાપ્તિસ્થાન

(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ
જી. ભાવનગર - ૩૬૪૨૫૦, ફોન-(૦૨૮૪૬)૨૪૪૩૩૪

(૨) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૧

(૩) શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ, રાજકોટ
'સ્વરુચિ' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ, સવાણી હોલની શેરીમાં,
યોગી નિકેતન પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૭, મો.૯૩૭૪૧૦૦૫૦૮

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
પ્લોટ નં.૧૯૨૪/બી-૬,
શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ માર્ગ, રૂપાણીસર્કલ પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,
ડો. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
મો.૯૮૨૫૦૭૫૦૬૧

# પ્રસ્તાવના

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવલેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવદર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મ પ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન, વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથરચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદૃષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મ પ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એની ઉપાધિ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદવિવિક્ષાથી આત્મા-બહિર્આત્મા, અંતરઆત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને

જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના છેડા સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો એક ગ્રંથ છે-પરમાત્મ પ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ડી.વી.ડી.માં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સ્થાપિત અનેક જિનમંદિરોમાં આજે તેમના પ્રવચનો નિમયિતપણે સંભળાઈ રહ્યાં છે. અનેક મુમુક્ષુઓ તેનો લાભ લઈ મોક્ષમાર્ગમાં આરૂઢ થવા પ્રયત્નશીલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી ગ્રંથારૂઢ થાય તેવી સૌ કોઈની ભાવના હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનોને શબ્દશઃ ગ્રંથારૂઢ કરવાના નિર્ણયના ફળસ્વરૂપે પરમાત્મ પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનોનો પ્રથમ ભાગ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આવું સૌભાગ્ય પ્રાપ્ત થયું તેનું શ્રેય પણ પૂજ્ય ગુરુદેવશ્રીને જ જાય છે.

તેઓશ્રીની સાતિશય વાણી નિત્ય શ્રવણ કરવી તે અપૂર્વ સૌભાગ્ય છે. આજે અનેક જિનમંદિરોમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સી.ડી. પ્રવચનો સાંભળતી વખતે મુમુક્ષુઓ તેમના અક્ષરશઃ પ્રવચનોને સાંભળવાનો લાભ લઈ રહ્યા છે. અનેક મુમુક્ષુજીવોની ભાવના હોવાથી પરમાત્મ

પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનો પ્રકાશિત કરવાનો અમારા ટ્રસ્ટે નિર્ણય લીધો. પૂજ્ય ગુરુદેવશ્રીના આ ગ્રંથ ઉપર બે વખત પ્રવચનો થયા છે. તેમાંના ઈ.સ. ૧૯૭૬-૭૭માં થયેલાં કુલ ૨૪૫ પ્રવચનોને આઠ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રવચનોને સૌપ્રથમ સાંભળીને કમ્પ્યુટરમાં ઉતારી લેવામાં આવે છે. ત્યારબાદ તેને સાંભળીને જ્યાં વાક્યો પૂર્ણ જરૂર લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. જે ગાથા ઉપરના પ્રવચન ઉપલબ્ધ ન હોય અથવા ખૂટતા હોય તો તેને આ પહેલાં ચાલેલા પ્રવચનોમાંથી લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં થયાં છે તેમને ગુજરાતીમાં અનુવાદિત કર્યા છે. આ પ્રવચનોના પ્રથમ પ્રુફને તપાસતી વખતે ફરીથી તેને સાંભળીને તપાસવામાં આવે છે. ત્યારબાદ પ્રેસ ઉપર પ્રકાશન અર્થે મોકલવામાં આવે છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવો તથા યથાવત જળવાઈ રહે તેની પૂર્ણ ચીવટ રાખવાનો પ્રયત્ન કરેલ છે. તેમ છતાં પ્રમાદવશ ક્યાંય ચૂક રહી જવા પામી હોય તો વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે શુદ્ધ અંતઃકરણથી ક્ષમા યાચીએ છીએ. પાઠકવર્ગને કોઈ ક્ષતિ લક્ષગોચર થાય તો તેઓને વિનંતી છે કે તેની જાણ કરે, જેથી બીજી આવૃત્તિના પ્રકાશન વખતે તે ચૂક નિવારી શકાય.

આ અક્ષરશઃ પ્રવચનો ડી.વી.ડી. ઉપરથી કમ્પ્યૂટરાઈઝડ કરવાનું કાર્ય **શ્રી નિલેષભાઈ જૈન-ભાવનગર** દ્વારા તથા દરેક પ્રવચનોને સાંભળી-વાંચીને ચેક કરવાનું કાર્ય **શ્રી ચેતનભાઈ મહેતા-રાજકોટ** દ્વારા પૂર્ણ થયેલ છે.

આ પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપરના સંપૂર્ણ પ્રવચન છપાવવા માટેની દાનરાશી **શ્રી ખારા પરિવાર – વિશાખાપટ્ટનમ દ્વારા સ્વ. શ્રી શશીકાંતભાઈ ખારાના સ્મરણાર્થે આપવામાં આવેલ છે.** તેની આવી ઉદાર ભાવના અને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની સમર્પણતા બદલ ટ્રસ્ટ તેમનો આભાર વ્યક્ત કરે છે.

અંતમા જિનેન્દ્ર પરમાત્મા, સર્વ આચાર્ય ભગવંતો, જ્ઞાની સદ્ગુરુ પરમપુરુષના ઉપકારને હૃદયગત કરી, તેમના ચરણોમાં ફરી ફરી વંદન કરી તેઓશ્રીના ચરણોમાં નતમસ્તક થઈએ છીએ. સર્વ જીવો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીને વાંચી, સાંભળી આત્મકલ્યાણને પ્રાપ્ત થાય અને શાશ્વત સાદિઅનંત સમાધિસુખને પ્રાપ્ત થાય તે જ ભાવના.

આ પુસ્તક atmadharma.com તથા vitragvani.com. પર મૂકવામાં આવેલ છે.

લિ. ટ્રસ્ટીગણ

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ,**

રાજકોટ

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧૮૫ | ૧૪–૧–૧૯૭૭ | ૧૨૦ થી ૧૨૨ | ૦૦૧ |
| ૧૮૬ | ૧૫–૧–૧૯૭૭ | ૧૨૨, ૧૨૩ | ૦૧૬ |
| ૧૮૭ | ૧૬–૧–૧૯૭૭ | ૧૨૩ થી ૧૨૫ | ૦૨૯ |
| ૧૮૮ | ૧૭–૧–૧૯૭૭ | ૧૨૫, ૧૨૬ | ૦૪૫ |
| ૧૮૯ | ૧૮–૧–૧૯૭૭ | ૧૨૬, ૧૨૭ | ૦૫૮ |
| ૧૯૦ | ૧૯–૧–૧૯૭૭ | ૧૨૭, ૧૨૮ | ૦૭૪ |
| ૧૯૧ | ૨૦–૧–૧૯૭૭ | ૧૨૯, ૧૩૦ | ૦૮૯ |
| ૧૯૨ | ૨૧–૧–૧૯૭૭ | ૧૩૦, ૧૩૧ | ૧૦૨ |
| ૧૯૩ | ૨૨–૧–૧૯૭૭ | ૧૩૨ | ૧૧૬ |
| ૧૯૪ | ૨૩–૧–૧૯૭૭ | ૧૩૩, ૧૩૪ | ૧૨૯ |
| ૧૯૫ | ૨૪–૧–૧૯૭૭ | ૧૩૫, ૧૩૬ | ૧૪૩ |
| ૧૯૬ | ૨૫–૧–૧૯૭૭ | ૧૩૭, ૧૩૮ | ૧૫૬ |
| ૧૯૭ | ૨૬–૧–૧૯૭૭ | ૧૩૮, ૧૩૯ | ૧૬૯ |
| ૧૯૮ | ૨૭–૧–૧૯૭૭ | ૧૪૦, ૧૪૧ | ૧૮૪ |
| ૧૯૯ | ૨૮–૧–૧૯૭૭ | ૧૪૧. ૧૪૨ | ૧૯૫ |
| ૨૦૦ | ૨૯–૧–૧૯૭૭ | ૧૪૩ | ૨૦૯ |
| ૨૦૧ | ૩૦–૧–૧૯૭૭ | ૧૪૪ | ૨૨૧ |
| ૨૦૨ | ૩૧–૧–૧૯૭૭ | ૧૪૫, ૧૪૬ | ૨૩૩ |
| ૧૭૧ | ૧૬–૭–૧૯૬૫ | ૧૪૬, ૧૪૭ | ૨૪૪ |
| ૧૭૨ | ૧૭–૭–૧૯૬૫ | ૧૪૮, ૧૪૯ | ૨૬૧ |
| ૧૭૩ | ૧૮–૭–૧૯૬૫ | ૧૫૦, ૧૫૧ | ૨૮૦ |
| ૨૦૫ | ૩–૨–૧૯૭૭ | ૧૫૨, ૧૫૩ | ૨૯૭ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૬ | ૪–૨–૧૯૭૭ | ૧૫૩ | ૩૦૯ |
| ૨૦૭ | ૫–૨–૧૯૭૭ | ૧૫૪, ૧૫૫ | ૩૨૨ |
| ૨૦૮ | ૬–૨–૧૯૭૭ | ૧૫૫, ૧૫૬ | ૩૩૫ |
| ૨૦૯ | ૭–૨–૧૯૭૭ | ૧૫૬, ૧૫૭ | ૩૪૮ |
| ૨૧૦ | ૮–૨–૧૯૭૭ | ૧૫૭, ૧૫૮ | ૩૫૯ |
| ૨૧૧ | ૯–૨–૧૯૭૭ | ૧૫૯ | ૩૭૩ |
| ૨૧૨ | ૧૦–૨–૧૯૭૭ | ૧૬૦, ૧૬૧ | ૩૮૫ |
| ૨૧૩ | ૧૧–૨–૧૯૭૭ | ૧૬૧, ૧૬૨ | ૩૯૭ |
| ૨૧૪ | ૧૨–૨–૧૯૭૭ | ૧૬૨, ૧૬૩ | ૪૧૧ |

# શ્રી સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

ૐ

।। श्री परमात्मने नमः ।।

श्रीमदयोगीन्दुदेवविरचितः

# પરમાત્મપ્રકાશ પ્રવચન

(ભાગ-૭)

## (અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપરના શબ્દશઃ સળંગ પ્રવચનો)

## વીર સંવત ૨૫૦૨, પોષ વદ ૯, શુક્રવાર
## તા. ૧૪-૧-૧૯૭૭, ગાથા-૧૨૦, ૧૨૧, ૧૨૨ , પ્રવચન નં. ૧૮૫

પરમાત્મપ્રકાશ, ૧૨૦ ગાથાનો ભાવાર્થ ચાલે છે. '**પરમાત્માકી ભાવનાસે ઉત્પન્ન...**' લ્યો. આજે ઉત્તરાયણ છે, એનો પહેલો શબ્દ આવ્યો આજે. ઉત્તરાયણ કહે છે ને, મકરસંક્રાંત ઉત્તરાયણ સૂર્યનું ફરવું, ઉત્તર તરફ જાય સૂર્ય. એમ આત્મા પોતાનો પરમાત્મા જે ચિદાનંદસ્વરૂપ શુદ્ધ એની ભાવનાથી ઉત્પન્ન. આહાહા..! શુદ્ધ ચિદાનંદ આત્મા ધ્રુવસ્વરૂપ ચિદાનંદ આનંદકંદ પ્રભુ આત્મા છે. આહાહા..! એવું પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ એની ભાવના—એની એકાગ્રતા—એની સન્મુખતાથી ઉત્પન્ન થયેલું '**તત્ત્વરૂપ વીતરાગ નિત્યાનંદ એક પરમ સ્વભાવ...**' ત્યાં 'એક' શબ્દ પડ્યો રહ્યો છે. બધે ઠેકાણે એક નથી નાખતા એ. '**વીતરાગ નિત્યાનંદ એક...**' એક જોઈએ ત્યાં. બધે ઠેકાણે 'એક' નથી નાખતા ઈ. પાઠમાં 'એક' આવે છે. શું કહે છે?

માંગલિક શરૂ કરે છે મહા. આહાહા..! પરમાત્મા આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધાત્મા, પુણ્ય અને પાપના મેલની અશુદ્ધ અવસ્થા એનાથી ભિન્ન એવો ભગવાનપરમાત્મા પોતાનું સ્વરૂપ એની એકાગ્રતાથી, એની સન્મુખતાથી ઉત્પન્ન થયેલું. ત્રિકાળીપરમાત્મા તો ધ્રુવ છે અને એની ભાવના એ વર્તમાન પર્યાય છે. વર્તમાન પર્યાય અંતર સન્મુખ થઈ તેનાથી ઉત્પન્ન થયેલું '**તત્ત્વરૂપ વીતરાગ નિત્યાનંદ...**' આહાહા..! જગતના સુખ જે ઈન્દ્રિયના વિષયના એ તો ઝેર અને રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? તો આ તત્ત્વરૂપ વીતરાગ આનંદ છે એમ કહે છે. આહા..! છે? તાત્ત્વિક છે ને? શબ્દમાં પાઠ છે સંસ્કૃતમાં, તાત્ત્વિક. એટલે શું? આ ઈન્દ્રિયના વિષયો જે સુખ છે એ તો કાલ્પનિક અતાત્ત્વિક છે, એ તો દુઃખ છે અને આ તાત્ત્વિક સુખ છે. આહા..!

પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ. અરે! એ કેમ બેસે? આ પરમાત્મપ્રકાશ છે ને એટલે પરમાત્મા લીધો પહેલા. તારું સ્વરૂપ જ પરમાત્મા ત્રિકાળ શુદ્ધાત્મા છે, તને ખબર નથી. સમજાણું કાંઈ? શરીર નહિ, વાણી નહિ, મન નહિ, પુણ્ય-પાપનો રાગ નથી એમાં અને એક સમયની પર્યાય નથી. એવું શુદ્ધ પરમાત્મતત્ત્વ. આહાહા..! એની ભાવના એ પર્યાય છે. એનાથી ઉત્પન્ન થયેલું '**તત્ત્વરૂપ વીતરાગ નિત્યાનંદ એક પરમ સ્વભાવ...** ' આહાહા..! તત્ત્વરૂપ વાસ્તવિકરૂપ એમ કહે છે. આહાહા..! વીતરાગ નિત્યાનંદ, વીતરાગી કાયમી આનંદરૂપ એક પરમ સ્વભાવ '**ઉસસે ભિન્ન...**' લ્યો આ આવ્યું એનાથી ભિન્ન કર્મ. પુણ્ય-પાપના ફળ નરકાદિના દુઃખ એ આત્માના વીતરાગી પરમ તત્ત્વથી ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? '**નરકાદિકે દુઃખ...**' નરકાદિ શબ્દે ચારે ગતિના. સ્વર્ગ પણ દુઃખ છે. સમજાણું કાંઈ? શેઠ આવ્યા છે. થોડું વાગ્યું છે, પડી ગયા હતા કહે છે. મેં કીધું, આવશે કે નહિ? પડી ગયા હતા થોડા, પડી ગયા હતા. ભાઈએ કહ્યું, વસંતીલાલ. શરીર એવું છે, આ જડ છે માટી. આહાહા..!

અંદર આત્મામાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય છે એ પણ પુણ્ય અને વિકાર છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ ભાવ પાપરૂપી વિકાર વાસના છે. એ બેય વિકારથી રહિત પરમાત્મા પોતાનું સ્વરૂપ આહાહા..! એની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલું તાત્ત્વિક વીતરાગ નિત્યાનંદ એક પરમ સુખ. આહાહા..! વાસ્તવિક તત્ત્વનું તાત્ત્વિક સુખ. આહાહા..! ભાષા તો કેવી વાપરી છે જુઓને! ચક્રવર્તી ને ઇન્દ્રોના ભોગ જે છે એ તો અતાત્ત્વિક કાલ્પનિક સુખ છે, દુઃખ છે. આહાહા..! ભગવાનઆત્મા પરમાત્મસ્વરૂપ પોતાનું એની સન્મુખ થઈને ઉત્પન્ન થયેલું તાત્ત્વિક વીતરાગ પરમાનંદ એક પરમ સ્વભાવ. આહાહા..! '**ઉસસે ભિન્ન નરકાદિકકે દુઃખ...**' નરક શબ્દે ચારે ગતિ છે. આહાહા..! નરકગતિ હો, તિર્યંચગતિ હો, મનુષ્યગતિ હો કે દેવગતિ હો, ચારે ગતિ દુઃખરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :— મનુષ્યગતિ પણ દુઃખરૂપ?

ઉત્તર :— મનુષ્યગતિ દુઃખરૂપ છે. આ તમે બધા પૈસાવાળા દુઃખી છો એમ કહે છે.

મુમુક્ષુ :— પૈસાવાળા તો દુઃખી છે પણ મનુષ્ય પણ દુઃખી છે?

ઉત્તર :— મનુષ્યની ગતિ છે એ દુઃખરૂપ છે. વિકારી પર્યાય છે ને ઈ.

મુમુક્ષુ :— એનાથી તો સુખનું સાધન થાય છે.

ઉત્તર :— કોણ સુખનું સાધન થાય છે? ધૂળેય નથી થતું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! બહુ શબ્દ આવ્યા પહેલા. આ શબ્દ વળી અહીંયા એવો નાખ્યો, તાત્ત્વિક શબ્દ. આહાહા..! એમ કહેવામાં, સ્વર્ગ આદિમાં જે સુખ દેખાય છે એ તાત્ત્વિક નથી. એ તો કાલ્પનિક છે. આહાહા..! આ કરોડોપતિ અબજોપતિ બિચારા દુઃખી છે, એ કાલ્પનિક સુખ માને છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આપ કહો છો.

ઉત્તર :— શું કહે છે? એમાં છે કે નહિ? આહાહા..!

ભગવાન! તાત્ત્વિક સુખ ક્યાંથી ઉત્પન્ન થાય છે? એમ કહે છે. પરમાત્મા જિનવરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞપરમાત્મા એમ કહે છે, એ સંતો કહે છે. તાત્ત્વિક સુખ કઈ રીતે ઉત્પન્ન થાય છે? કે ભગવાન અંદર અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ (છે).. આહાહા.! એની સન્મુખતામાં એકાગ્રતાથી તાત્ત્વિક વીતરાગી પરમાનંદ નિત્ય એકસ્વભાવ ઉત્પન્ન થાય છે. આહાહા..! બાકી બધા થોથા છે. કહો, પોપટભાઈ! પોપટભાઈ કહે છે, ન્યાં પૈસામાં સુખ હોય તો અમે અહીં આવીએ શું કરવા? ન્યાં ધૂળ તો એની પાસે ઘણી છે.

મુમુક્ષુ :— મુંબઈમાં એર કન્ડીશનમાં રહે છે.

ઉત્તર :— દુઃખ છે ત્યાં દુઃખ. ન્યાં સુખ હોય તો અહીં સાંભળવા શું કરવા આવ્યા? દુઃખ છે દુઃખ. એ જોયું હતું. એ ઠંડીનું અને ગરમીનું અમે એક ફેરી જોયું હતું. મોરબીથી વવાણિયા જાવું હતું ને, વવાણિયા ત્યાં વચમાં આવ્યું હતું, છ ગાઉ ગામ. દરબારનું કો'કનું હતું. એ બંગલામાં ઊતર્યા હતા ને. ત્યાં ગરમીનું હતું મોટુ અંદર. ગમે તેવી ઠંડી હોય તોપણ ગરમી (લાગે). શું કાંઈક કહેતા હશે એને? હિટર. હતું અંદર, અમે જોયું હતું કે આ છે. મોટો બંગલો હતો. એ ગામ કાંઈક હતું છ ગાઉ, નહિ? મોરબીથી. બરવાળા? હા ઈ. છ ગાઉ વવાણિયા ગયા હતાને તો વચમાં રહ્યા હતા. ધૂળમાં નથી બંગલા-ફંગાલમાં. આહાહા..! એ સિવાય આપણે જોયું નહોતું? અઢી-સાડા ત્રણ કરોડનો બંગલો, મૈસુર. મૈસુર મૈસુર. એ રાજા ચાલ્યો ગયો છે ત્યાંથી. સાડા ત્રણ કરોડનો બંગલો છે મોટો, ખાલી હતો. દરબાર ચાલ્યા ગયા હતા. કારણ કે એમાંથી ભરવું પડેને ટેક્સ. ગયા હતા નહિ આપણે એક ફેરી? જોવા ગયા હતા. આહાહા..! ધૂળમાંય નથી. પૈસામાં સુખ નથી, મકાનમાં સુખ નથી, સ્ત્રીના શરીરમાં સુખ નથી. આહા..! એ તો બધા કલ્પનાના સુખ દુઃખ છે. મિથ્યાદૃષ્ટિ મૂઢ એમાં સુખ માને છે.

મુમુક્ષુ :— ધંધો વેપાર?

ઉત્તર :— ધંધા વેપારના ભાવ બધા દુઃખ છે. મોટું દુઃખ. આહા..!

આત્મા અંતર ભગવાનપરમાત્મા એમ ફરમાવે છે કે આ પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ જે ત્રિકાળી અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ છે એની એકાગ્રતાથી નિત્યાનંદ સ્વભાવ પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એને ધર્મ કહે છે. આહાહા..! જે ધર્મમાં અતીન્દ્રિય આવે એ ધર્મ. જેમાં રાગ આવે એ અધર્મ અને દુઃખ છે. આહાહા..! ઝીણી વાત છે ભગવાન! આહાહા..! તારી તને ખબર નથી. તારું અસલી સ્વરૂપ શું છે અને નકલી શું છે. સમજાણું કાંઈ? તારું અસલી સ્વરૂપ ભગવાન જિનવરદેવ એમ ફરમાવે છે કે અસલી સ્વરૂપ તો તારું વીતરાગ પરમાનંદ સ્વરૂપ એ તારું અસલી સ્વરૂપ છે. આહાહા..! અને પુણ્ય ને પાપના વિકલ્પો એ બધા નકલી સ્વરૂપ છે, તારું સ્વરૂપ નહિ. આહાહા..! લ્યો, આમાં પણ આવી ગયું ભાઈ તમારું. વ્યવહારરત્નત્ર નકલી સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બાપા ઝીણો છે ભાઈ! દુનિયાને ખબર નથી. એમ ને એમ

અંધ મૂર્ખની જેમ મૂઢતાએ વેપાર ને ધંધા કરે, પાંચ-પાંચ હજાર, દસ હજાર પેદા કરે મહિને એટલે એમ જાણે કે અમે સુખી છીએ. ધૂળમાંય નથી, પાગલ છે. પોપટભાઈ! આહાહા..!

મુમુક્ષુ :— મુંબઈની બજાર બધી પાગલ છે?

ઉત્તર :— આખી બજાર પાગલ શું, આખો દેશ પાગલ છે. હમણા અહીં કહેશે. આહાહા..! ભગવાનઆત્મામાં અતીન્દ્રિયઆનંદ પડ્યો છે, આહાહા..! એની ભાવનાથી-એમાં એકાગ્રતાથી તાત્ત્વિક વીતરાગ પરમાનંદ સુખ એનાથી વિપરીત ચાર ગતિના દુઃખ (ઉત્પન્ન થાય છે). આહાહા..!

એ '**નરકાદિકકે દુઃખ ઉનકે કારણ કર્મ હી હૈં.**' જુઓ! આહાહા..! ચાર ગતિના દુઃખનું કારણ કર્મ છે. પુણ્ય-પાપના કર્મ. એ પુણ્ય-પાપના કર્મ પુણ્ય-પાપના ભાવથી ઉત્પન્ન થાય છે. આહાહા..! પુણ્ય અને પાપ બેય ભાવ કર્મ ઉત્પન્ન કરનારા છે તેથી દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા લોકોને કઠણ પડે. શું કરે, કોઈ દિ' અભ્યાસ નહિ. જગતના આંધળા અભ્યાસ આગળ મૂઢ અભ્યાસ બધા. બી.એ. ને એલ.એલ.બી.ના મોટા પૂંછડા વળગાડે. એમ.એ. ને અજ્ઞાન છે એ તો. શું કીધું?

મુમુક્ષુ :— પૂંછડા વળગાડ્યા વિના કમાવાય નહિ.

ઉત્તર :— એના વિના કમાય છે. રામજીભાઈથી ઘણું ભણેલા હતા, ઓલો હતો એક, મોટો બેરિસ્ટર. શું નામ? ભૂલી ગયા. ગીજુભાઈ મોટો બેરિસ્ટર ઘરના રોટલા ખાતો હતો. કોઈ એકેય ઘરાક પણ આવતો નથી. ઘરાક શું કહેવાય તમારે એ? અસીલ અસીલ. અને આ રામજીભાઈ તો કંઈ એટલું બધું ભણ્યા પણ નથી તોપણ પાંચસો-પાંચસો, હજાર રૂપિયા (કમાય છે). હેં? વકિલાત શીખેલા દુઃખની બધી. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! કુજ્ઞાન કુજ્ઞાન બાપા! ઈ કહેશે, હમણા કહેશે. શ્રેષ્ઠ જ્ઞાન નથી ઈ કહેશે પછી ગાથામાં. આહાહા..!

ભગવાન અતીન્દ્રિયઆનંદસ્વરૂપ પરમાત્મા અંદર બિરાજે છે આત્મા. આહાહા..! એનાથી ઉત્પન્ન થયેલું, એની ભાવનાથી ઉત્પન્ન તત્ત્વજ્ઞાન, એનાથી ઉત્પન્ન થયો વીતરાગી આનંદ. આહાહા..! '**ઉસસે ભિન્ન જો નરકાદિકે દુઃખ ઉનકે કારણ કર્મ હી હૈં.**' આહાહા..! '**જો દુઃખ તુજે અચ્છે નહીં લગતે,...**' પ્રભુ! તને દુઃખ ગમતું નથી. આહાહા..! થોડું પણ દુઃખ તને ગમતું નથી. આહાહા..! છે? '**દુઃખોંકો અનિષ્ટ જાનતા હૈ, તો દુઃખકે કારણ કર્મોંકો ક્યોં ઉપાર્જન કરતા હૈ?**' આહાહા..! જુઓ! સંતોના કરુણાના શબ્દો. દિગંબર સંત આહાહા..! જંગલમાં રહેનારા અતીન્દ્રિયઆનંદના વેદન અનુભવી. અતીન્દ્રિયઆનંદના અનુભવી એમ કહે છે કે અરે! પ્રાણી! જો તો ખરો. તને થોડું દુઃખ પણ સહન નથી થતું તો ઘણા દુઃખનું કારણ એવા કર્મ તું શા માટે બાંધે છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**મત કર.**' એ પુણ્ય-પાપના ભાવ જ ન કર. આહાહા..! જેનાથી કર્મ બંધાય અને કર્મથી ચાર ગતિના દુઃખ મળે. આહાહા..! જુઓ! મત કર કહે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત બાપુ! જિનવરનો જિનવરપંથ વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે. લોકો જૈનને નામે અજૈનને ધર્મ માને છે. જૈન ધર્મ શું ચીજ છે એની ખબર નથી. આહાહા..!

જૈનધર્મ તો એ છે કે નિજપરમાત્માની એકાગ્રતાથી ઉત્પન્ન અતીન્દ્રિયઆનંદ એ ધર્મ છે. સમજાણું કાંઈ? આહાહા..! આમાં બધા કરોડોપતિ અને અબજોપતિ ગોથા ખાય છે દુઃખમાં. આહાહા..! દુઃખી પ્રાણી છે.

મુમુક્ષુ :— ગરીબ માણસ કરતાં તો ઓછા દુઃખી છે.

ઉત્તર :— દુઃખી છે વધારે ઈ. લક્ષ્મી મારી એવી માન્યતા વધારે છે તો દુઃખી વધારે છે. એઈ.. શેઠ! દલાલી કરે છે ભાઈ. પૈસા કે દિ' તમારા હતા? તમારા બાપ પાસે હતા? એ તો અજીવ છે, પૈસા તો અજીવ છે, ધૂળ છે, પુદ્‌ગલ છે, માટી છે, મૂર્ત છે, અજીવ છે. એ જીવના થાય? અજીવ જીવનું થાય? આહા..! બાપુ! તને ખબર નથી તત્ત્વની. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

'**મત કર. યહાં પર ઐસા વ્યાખ્યાન જાનકર કર્મોંકે આસ્રવસે રહિત...** ' જુઓ! કર્મોનો આસ્રવ એટલે પુણ્ય-પાપના ભાવથી રહિત '**તથા રાગાદિ વિકલ્પ-જાલોંસે રહિત...**' આહાહા..! એ પુણ્ય-પાપ. શુભ અને અશુભ રાગ છે, બેય આસ્રવ છે, બંધનું કારણ છે. આહાહા..! '**વિકલ્પ-જાલોંસે રહિત જો નિજ શુદ્ધાત્માકી ભાવના...** ' આહાહા..! નિજ શુદ્ધાત્મા. પરમાત્મા વીતરાગની પણ નહિ. વીતરાગ એ તો પરદ્રવ્ય છે, પરપદાર્થ છે. આહાહા..! નિજશુદ્ધાત્મા ભગવાનઆત્મા. આહાહા..! છે? 'નિજ' શબ્દ પડ્યો છે. '**निजशुद्धात्मभावना**' પાઠ છે. નિજશુદ્ધાત્મા. પુણ્ય-પાપના ભાવ તો અશુદ્ધ છે, મલિન છે, દુઃખ છે. આહાહા..! એને કારણે કર્મ બંધાય છે અને કર્મને કારણે ચાર ગતિ મળે છે. આહાહા..! પુણ્યભાવ પણ દુઃખ છે. આહાહા..! લોકોને આ એવું લાગે છે, કઠણ લાગે જાણે. એવું કહે છે લોકો, આ સોનગઢથી નીકળ્યું. એમ કહે છે. પણ આ પુસ્તક કોનું છે? દિગંબર આચાર્યનું પુસ્તક છે, સંતોનું.

મુમુક્ષુ :— વાંધો એમ છે કે આ લખ્યું છે એ સાચું છે પણ એનો અર્થ આપ કરો છો એ ખોટો છે.

ઉત્તર :— પણ અર્થ વિશેષતાથી સામાન્યમાં લોકોને ન સમજાય માટે એની વિશેષતા કરીને સ્પષ્ટ કરે છે. એ તો સામાન્યમાં છે એનું સ્પષ્ટીકરણ છે. આહા..! આવ્યું ને જુઓ!

'**રાગાદિ વિકલ્પ-જાલોંસે રહિત...**' એ વ્યાખ્યા શું છે? કે પુણ્ય-પાપનો રાગ છે એ વિકલ્પ-જાળ છે.

મુમુક્ષુ :— પાપ વિકલ્પ જાળ છે.

ઉત્તર :— પુણ્ય અને પાપ બેય વિકલ્પજાળ છે. સોનાની બેડી પુણ્ય છે અને લોઢાની બેડી પાપ છે. આહાહા..! લોકોને કાંઈ ખબર નથી. વસ્તુમાં ભેદ ક્યાં છે? વસ્તુ તો વસ્તુ છે. આહાહા..! બેય બંધના કારણ છે. બેમાં તફાવત માને છે એ ઘોર સંસારમાં રખડે છે એમ આવ્યું છે પ્રવચનસારમાં ૭૭ ગાથા. આહાહા..!

મુમુક્ષુ :— કંઈક તો કરવાનું બતાવો.

ઉત્તર :— આ કરવાનું કહે છે ને. રાગથી રહિત ભગવાનઆત્મામાં દૃષ્ટિ અને જ્ઞાન કર. એ

કરવાનું નથી? આહાહા..! સમજાણું કાંઈ? શેઠ! બિડી અને તમાકુનું કરવું એ કરવાનું છે? તોફાન ઘણા કર્યા છે એણે. તમાકુના ઢગલા ને.. આહા..!

મુમુક્ષુ :— ઈ તો એના કારણે આવ્યા છે ને.

ઉત્તર :— પણ ભાવ કોનો? આખી તમાકુની ઓલી ભરી છે. મોઢાઆગળ ગોદામ બધા. એના ઘરમાં પેસતા બહાર.

મુમુક્ષુ :— એ તો આવવા યોગ્ય ...

ઉત્તર :— આવવા યોગ્ય (આવ્યા પણ) ભાવના કોની હતી? લાખો પેદા કરીએ એ બધો ભાવ વિકાર દુઃખ છે. શેઠ! આવી વાત છે, ભગવાન! એનું નામ ભગવાન છે. આ શેઠનું નામ શોભાલાલ છે. તો શોભા કોની? આત્માના સ્વભાવની પરિણતિની શોભા છે. શેઠ! પુણ્ય-પાપની શોભા નથી. આહાહા..! વાત તો આવી છે, ભાઈ! આહાહા..! અરેરે! ચોર્યાશીના અવતારમાં રખડી રખડીને દુઃખી છે, કહેશે. આહાહા..!

'**નિજ શુદ્ધાત્માકી ભાવના વહી કરની ચાહિયે,...**' લ્યો, શું કરવું ઈ આવ્યું. શેઠ! '**નિજ શુદ્ધાત્માકી ભાવના વહી કરની ચાહિયે, ઐસા તાત્પર્ય જાનના.**' એમાં એવું રહસ્ય જાણવું. આહા..! લ્યો, આવ્યું ન્યાં ને ન્યાં ફરી ફરીને પાછું ગાડું. નિજ દ્રવ્યમાં એકાગ્રતા—ભાવના કરવી, એક જ વાત છે. આહાહા..! ૧૨૦ થઈ.

## ગાથા-૧૨૧

अथ बहिर्व्यासंगासक्तं जगत् क्षणमप्यात्मानं न चिन्तयतीति प्रतिपादयति-

२५१) धंधइ पडियउ सयलु जगु कम्मइँ करइ अयाणु।
मोक्खहँ कारणु एक्कु खणु णवि चिंतइ अप्पाणु।।१२१।।
धान्धे (?) पतितं सकलं जगत् कर्माणि करोति अज्ञानि।
मोक्षस्य कारणं एकं क्षणं नैव चिन्तयति आत्मानम्।।१२१।।

धंधइ इत्यादि। धंधइ धान्धे मिथ्यात्वविषयकषायनिमित्तोत्पन्ने दुर्ध्यानार्तरौद्रव्यासंगे पडियउ पतितं व्यासक्तम्। किम्। सयलु जगु समस्तं जगत्, शुद्धात्मभावनापराङ्मुखो मूढप्राणिगणः कम्मइं करइ कर्माणि करोति। कथंभूतं जगत्। अयाणु विशिष्ट भेदज्ञानरहितं मोक्खहं कारणु अनन्तज्ञानादिस्वरुपमोक्षकारणं एक्कु खणु एकक्षणमपि णवि चिंतइ नैव ध्यायति। कम्। अप्पाणु वीतरागपरमाह्लादरसास्वादपरिणतं स्वशुद्धात्मानमिति भावार्थः।।१२१।।

आगे बाहरके परिग्रहमें लीन हुए जगत्‌के प्राणी क्षणमात्र भी आत्माका चिंतवन नहीं करते, ऐसा कहते हैं-

गाथा-१२१

अन्वयार्थ :— [धांधे पतितं] जगत्‌के धंधेमें पड़ा हुआ [सकलं जगत्] सब जगत् [अज्ञानि] अज्ञानी हुआ [कर्माणि] ज्ञानावरणादि आठों कर्मोंको [करोति] करता है, परन्तु [मोक्षस्य कारणं] मोक्षके कारण [आत्मानम्] शुद्ध आत्माको [एकं क्षणं] एक क्षण भी [नैव चिंतयति] नहीं चिन्तवन करता।

भावार्थ :— भेदविज्ञानसे रहित ये मूढ प्राणी शुद्धात्माकी भावनासे पराङ्मुख हैं, इसलिए शुभाशुभ कर्मोंका ही बंध करता है, और अनंतज्ञानादिस्वरुप मोक्षका कारण जो वीतराग परमानन्दरुप निजशुद्धात्मा उसका एकक्षण भी विचार नहीं करता। सदा ही आर्त रौद्र ध्यान में लग रहा है, ऐसा सारांश है।।१२१।।

---

હવે, બાહ્ય વ્યાસંગમાં (બાહ્ય ધાંધલમાં, બહારના વ્યાપારમાં, બાહ્ય પરિગ્રહમાં) આસક્ત જગત ક્ષણમાત્ર પણ આત્માનો વિચાર કરતું નથી, એમ કહે છે :-

ભાવાર્થ :— મિથ્યાત્વ, વિષય, કષાયના નિમિત્તથી ઉત્પન્ન આર્તરૌદ્ર વ્યાસંગમાં વ્યાસક્ત, વિશિષ્ટ ભેદજ્ઞાનથી રહિત સમસ્ત જગત, શુદ્ધાત્મભાવનાથી પરાઙ્‌મુખ મૂઢ પ્રાણીગણ-કર્મો કર્યા જ કરે છે પણ અનંતજ્ઞાનાદિસ્વરૂપ મોક્ષનું કારણ એવા વીતરાગ પરમ આહ્‌લાદના રસાસ્વાદરૂપે પરિણત શુદ્ધ આત્માને એક ક્ષણ પણ ધ્યાવતું નથી. ૧૨૧.

---

**ગાથા-૧૨૧ ઉપર પ્રવચન**

૧૨૧. '**આગે બાહરકે પરિગ્રહમેં લીન હુએ...**' લ્યો આવ્યું. બહારના પરિગ્રહમાં '**લીન હુએ જગતકે પ્રાણી ક્ષણમાત્ર ભી આત્માકા ચિંતવન નહીં કરતે,...**' આહાહા..! ૧૨૧.

२५१) धंधइ पडियउ सयलु जगु कम्मइँ करइ अयाणु।
मोक्खहँ कारणु एक्कु खणु णवि चिंतइ अप्पाणु।।१२१।।

**અન્વયાર્થ :—** '**જગતકે ધંધેમેં પડા હુઆ,...**' છે? ધંધા આ બીડીયુંના ધંધામાં ને લાદીના ધંધામાં પડેલા. એ બધા ધંધા પાપના. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! નવરાશ ન મળે. નવરાશને શું કહે છે? ફૂરસદ. ફૂરસદ મળે નહિ. ઘરાક એટલા હોય કે ફૂરસદ મળે નહિ. આહા..! અમારી પાલેજમાં હમણા નવી દુકાન થઈને. ત્રણ ભાઈ જુદા પડ્યા. મોટા છે મનસુખ, મોટી ઉંમરનો. ૭૪ની સાલમાં જન્મ છે. ૫૯-૬૦ વર્ષ થયા. અને પહેલેથી એટલે માણસ બહુ ઘરાક આવે. નવરો થાતો નથી. અહીં આવ્યો તો રામજીભાઈએ પૂછ્યું, કહ્યું તો એનો જવાબેય ન આપ્યો. પાલેજ. અમારી દુકાન હતી ને ત્યાં, દુકાન હતી. પિતાજીની દુકાન હતી. અમે ત્યાં નવ વર્ષ રહ્યા હતા. એ દુકાન તો હવે મોટી થઈ ગઈ. ત્રણ લાખની પેદાશ છે. એક દુકાનની એક વર્ષની ત્રણ

લાખની પેદાશ છે. પણ ઘુસી ગયા, આ કરવું ને આ કરવું. આબરુ વધી ગઈ છે, પૈસા બહુ.. શું કહેવાય? ઉઘરાણી, ઉઘરાણી. ઉઘરાણીને શું કહે છે? ઉધાર આપે છે બહુ. પંદર-પંદર લાખની ઉઘરાણી, આઠ-આઠ લાખની ઉઘરાણી. માણસ આવે તો નવરો ન થાય. આ ઈ કહે છે જુઓ! **'જગતકે ધંધેમેં પડા હુઆ,...'** આહાહા..! આ તમારું આવ્યું આમાં બધું. શેઠ!

મુમુક્ષુ :— આખા જગતનું આવ્યું.

ઉત્તર :— ઈ તો મોટાને મોઢા આગળ કહેવાય ને. મોટામાં ખીલા વધારે હોય. આડર હોયને, આડર. એક એક લાકડીમાં એક ખીલો હોય અને બધી લાકડીમાં પચાસ-સો ખીલા હોય છે. લાકડીના હોય છે ને. આ તો હવે બધું પત્થરનું થઈ ગયું. પણ મોઘ હોય છે ને, મોઘ. તો એક એક ઓળી હોય તો એક ઓળીમાં એક ખીલો. અને મોભમાં સો ખીલા. એમ મોટાને મોટી ઉપાધિનો પાર ન મળે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયા કહે છે કે **'જગતકે ધંધેમેં પડા હુઆ...'** મુનિરાજ યોગીન્દ્રદેવ સંત દિગંબર વનવાસી હતા, એમણે પરમાત્મપ્રકાશ બનાવ્યું અને કહે છે, અરે! જગતના પ્રાણી! **'ધંધેમેં પડા હુઆ સબ જગત અજ્ઞાની હુઆ... '** આહાહા..! **'જ્ઞાનાવરણાદિ આઠોં કર્મોંકો કરતા હૈ,...'** આહાહા..! **'પરન્તુ મોક્ષકે કારણ શુદ્ધ આત્માકો...'** જુઓ! મોક્ષ નામ પરમાનંદની પ્રાપ્તિ રૂપી મોક્ષ. અતીન્દ્રિય પરમાનંદની પ્રાપ્તિ રૂપી મોક્ષ. એનું કારણ શુદ્ધઆત્મા. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! અહીં વ્યવહારરત્નત્રય કંઈ કહ્યું નહિ મોક્ષના કારણમાં. શુદ્ધાત્મા મોક્ષનું કારણ કહ્યું. સમજાણું કાંઈ? પણ વાત એ છે કે આત્મા શુદ્ધ પૂર્ણઆનંદ છે ઈ વાત બેસતી નથી, વિશ્વાસ આવતો નથી. કદી જોઈ નથી, સાંભળ્યું નથી, વિચાર્યું નથી. અતીન્દ્રિય આનંદની ગાંઠ છે એ તો આત્મા. આહાહા..! સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો મોટો પર્વત છે. એમાં એકાગ્ર થાય છે તો આનંદ ઝરે છે. આહાહ..! ધંધામાં પડેલો અજ્ઞાની નવા નવા દુઃખના કારણરૂપ કર્મ બાંધે છે, પણ આત્મામાં એકાગ્ર થતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ડોક્ટરને દવાખાનામાં આખો દિ' સલવાણા હોય. સવારે આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. નવરંગભાઈને ઓપરેશનનું હશે. સૌના ધંધાનું હોય ને, જાદવજીભાઈ! આને ધારધીરનું છે કલકત્તામાં.

મુમુક્ષુ :— છોકરાઓ છે...

ઉત્તર :— છોકરાઓ છે પણ પહેલા કરતા હતા ને, કરીને હવે નવરા થાય અને છોકરા કરે છે. ધારધીર સમજો છો? વ્યાજ વ્યાજ. ધારધીરનો ધંધો, પૈસાનું વ્યાજ ઉપજાવે. આહાહા..! બધા જગતના ધંધા પાપના છે. નવા કર્મ ઉત્પન્ન કરવાનો એ ધંધો છે, એમ કહે છે. આહાહા..! અરેરે..!

**'મોક્ષકે કારણ શુદ્ધાત્માકો... '** આહાહા..! **'એક ક્ષણ ભી નહીં ચિંતવન કરતા. '** આહાહા..!

મુમુક્ષુ :— રોજ સવારે દર્શન પૂજન કરીએ છીએ.

ઉત્તર :— ઈ થઈ ગયો, એ તો રાગ છે. આવે છે અશુભથી બચવા માટે પણ એ કોઈ ધર્મ નથી.

'તનમંદિરમેં જિન...' આવ્યું નહોતું? કાલે આવ્યું હતુંને. આ શરીર-મંદિરમાં જિન પરમાત્મા છે. એ પરમાત્મા તો વ્યવહાર છે. આવે છે અશુભથી બચવા માટે, છતાં એ ચીજ ધર્મ નથી. આહાહા..! જુઓ!

અરે! **'મોક્ષકે કારણ...'** **'आत्मनम्'** આહાહા..! બંધનું કારણ સકળ જગત અજ્ઞાની ધંધામાં પડેલા અજ્ઞાની નવા આઠ કર્મને બાંધે છે. આહાહા..! પરંતુ મોક્ષ નામ પરમાનંદની પ્રાપ્તિ, અતીન્દ્રિય પરમાનંદનો આત્મલાભ એનું નામ મોક્ષ. અતીન્દ્રિય પરમાનંદનો લાભ એનું નામ મોક્ષ. આહાહા..! એવા મોક્ષનું કારણ **'શુદ્ધ આત્માકો એક ક્ષણ ભી નહીં ચિંતવન કરતા.'** દેવદર્શન કર્યા એટલે થઈ રહ્યું જાણે. જાત્રા કરી આવ્યા. ધૂળમાંય નથી, સાંભળને! જાત્રમાં તો શુભભાવ છે, એ ધર્મ ક્યાં છે. દેવદર્શન દરરોજ કર્યા એ શુભભાવ છે, ધર્મ નહિ. હોય છે, આવે છે પણ એ ધર્મ નથી, એ શુભભાવ છે. આહાહા..! ભારે આકરું પડે છે લોકોને. ઈ અહીં કહે છે જુઓ! મોક્ષનું કારણ તો શુદ્ધાત્મા કહ્યો. મોક્ષનું કારણ કોઈ વ્યવહારરત્નત્રય, દેવદર્શન, જાત્રા આદિ એ મોક્ષનું કારણ, એમ નથી કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

**'મોક્ષકે કારણ શુદ્ધ આત્માકો એક ક્ષણ ભી નહીં ચિંતવન કરતા. '** પ્રભુ! તારી પ્રભુતાને એક ક્ષણ પણ સંભાળતો નથી. આહાહા..! અને પામરતામાં ચોવીસ કલાક ઘુસી ગયો. આહાહા..! સવારથી સાંજ સુધી આ બાયડી ને આ છોકરા ને કમાવું, રળવું ને ભોગ. મરી ગયો છે એમાં આત્મા. આહા..! મારી નાખ્યો એને. એના જીવનનું જીવન આનંદનું જીવન એનું ભાવમરણ કર્યું. આહાહા..! મારી નાખ્યા ભાઈ.

**ભાવાર્થ :— 'ભેદવિજ્ઞાનસે રહિત...'** એટલે રાગ ને કર્મ ને શરીર ને બાહ્ય લક્ષ્મીથી આત્મા ભિન્ન છે. એમ પરથી ભિન્ન જ્ઞાન, એવા ભેદજ્ઞાનથી રહિત. આહાહા..! **'મૂઢ પ્રાણી શુદ્ધાત્માકી ભાવનાસે પરાઙમુખ હૈં,...'** નિજ શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન એની ભાવનાથી વિમુખ છે. આહાહા..! **'ઈસલિયે શુભાશુભ કર્મોંકા હી બંધ કરતા હૈ,...'** આહાહા..! એક ક્ષણ પણ નિવૃત્તિ લેવી હોય તો લઈ શકે નહિ અને નિવૃત્તિ લ્યે તો આ ભગવાનના દર્શન ને ઈ. આહાહા..! કહ્યું હતું ને અમારે પાલેજ દુકાનદારો બધા. અમેય દુકાનમાં હતા, ઘરની દુકાન હતી. આપણે તો ગામમાં સાધુ આવે તો દુકાન છોડી દઈએ. દુકાનમાં નહિ. બીજા બધા અમારા ભાઈઓ અને ભાગીદાર આખો દિ' સાધુ ગામમાં આવ્યા હોય તો સામું ન જોવે. આઠ વાગે નવરા થઈ નામા-બામા લખીને પછી જાય. આ ૬૪-૬૫ની વાત છે. સંવત ૧૯૬૪-૬૫. સાધુ કહે, આવ્યા રાતડિયા શ્રાવક આવ્યા એમ કહે. એવા ધંધા.. ધંધા.. ધંધા.. ધંધો ચાલે, ઘરાક હોય એમાં શું છે ધૂળમાં. સાધુ ગામમાં આવ્યા હોય, સાંભળવા નહિ, ત્યાં દર્શન કરવા નહિ. એવું છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— હું તો ભગત કહેવાતોને પહેલેથી. (મારે) તો નિવૃત્તિ. ગામમાં સાધુ આવે તો દુકાને બેસવાનું નહિ. એની પાસે એને આહાર-પાણી દેવાના (આદિ). અમારે ઘરમાં ત્રીસ માણસ હતા

ને. મોટી દુકાન ને ત્રીસ માણસ હતા એટલે અમારે ત્યાં આહાર-પાણીની જોગવાઈ ઘણી હોય. સાધુને જોડે લાવીએ, આહાર-પાણી લઈ જાય. પણ આ લોકો આઠ વાગે, નવ વાગે રાત્રે નવરા થાય. દિવસે સામું ન જોવે. આ ધંધા. આહાહા..!

મુમુક્ષુ :— દિવસે ઘરાક સામું જોતા હતા ને.

ઉત્તર :— ઈ તો કહે છે, ધંધા આડે અજ્ઞાની તું મૂઢ તારા આત્માની સન્મુખનો તને વિચારેય નથી. આહાહા..! આ તો સંતોને ક્યાં ન્યાં પડી છે પરની કે આ પરને ઠીક પડશે કે નહિ ઠીક પડે. આહાહા..!

મુમુક્ષુ :— ઈ તો ધંધાવાળા જ જાણે.

ઉત્તર :— ધંધાવાળા જ જાણે ધંધાના દુઃખને. ભાન ક્યાં છે એને. આહાહા..!

એકવાર ભાઈ એવું બન્યું હતું. અમે માલ લેવા ગયા હતા મુંબઈ, ઘરની દુકાન. આ તો ૬૫-૬૬ની વાત છે. સત્તર વર્ષની ઉંમરથી બાવીસ વર્ષ, પાંચ વર્ષ દુકાન ચલાવી હતી. નાની ઉંમરમાં, સત્તરથી બાવીસ. તો માલ લેવા ગયેલા મુંબઈ. તો એક શેઠ હતા અમારા પાલેજના. ત્યાં અમે ઉતર્યા હતા. આડતિયા તરીકે હતા. ખાવા બેઠા, ત્યાં બહાર ટોકરી વાગી. ફોન. ફોન વાગ્યો એટલે શેઠ ઉઠ્યા. મગનભાઈ હતા. બિચારા જડ જેવા, ભાન ન મળે. શરીર રૂપાળું અને પૈસા એમાં ધૂળમાં શું છે. ટોકરી વાગી એટલે ઉઠ્યા. પણ ખા તો ખરો સરખાઈનું, જેના માટે રળે છે આમાંય સખ નથી તમને. હતા મગનભાઈ. પાલીતાણા આવે. મરી ગયા હશે, હવે તો ઘણા વર્ષ થઈ ગયાને. હમણાં સાંભળ્યું હતું, થોડા વખત પહેલા આવ્યા હતા. પણ ઈ કાંઈ ખબર ન મળે. રળવું, બસ! ખાવા ટાણે નવરાશ ન મળે. ટોકરી વાગી તો બહાર ગયા. પણ તું ખા તો ખરો, જેના માટે રળે છે. સખ નથી તમને, કીધું. સાંભળે. આડતિયા હતાને. અમારા ગામના પાછા પાલેજના હતા. અરેરે! આવો ધંધો. ફોન આવે ત્યાં ઉઠે, ફટ! શું કીધું?

મુમુક્ષુ :— એ તો સારું છે, નહિ તો પાટલા પાસે ફોન રાખે.

ઉત્તર :— પાટલે ન્યાં ક્યાં હોય? ફોન તો બહાર હોયને. ભીંતમાં હતો ત્યાં. આહાહા..! અરેરે..! કીધું, આ શું કરે છે આ? ખાવા માટે રળે એ ખાવામાંય સખ નહિ. એ.. વીરચંદભાઈ! ખાવા માટે રળે ને ખાવામાં સખ નહિ.

અહીં ઈ કહે છે, ધંધામાં ફસાયેલો પ્રાણી મૂઢ, તારા આત્માનું એક ક્ષણ પણ અંતર્મુખ ચિંતવન કરવું, અંતર્મુખ વસ્તુનું નિધાન શું છે એની સન્મુખ જોવા માટે એક ક્ષણ તને મળે નહિ? સમજાણું કાંઈ? આહાહા..! છે? **'ભેદવિજ્ઞાનસે રહિત યે મૂઢ પ્રાણી શુદ્ધાત્માકી ભાવનાસે પરાઙમુખ હૈં, ઈસલિયે શુભાશુભ કર્મોંકા હી બંધ કરતા હૈ,...'** જોયું! શુદ્ધાત્માથી વિમુખ. ચાહે તો પુણ્યભાવ હો કે પાપ હો. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પુણ્ય ભાવ એ પણ શુદ્ધાત્માથી વિમુખ છે. શુદ્ધાત્માની ભાવનાથી પરાઙ્મુખ છે ઈ. આહાહા..! સમજાણું કાંઈ? **'ઈસલિયે શુભાશુભ કર્મોંકા હી બંધ કરતા હૈ,...'**

'**ઔર અનંતજ્ઞાનાદિસ્વરૂપ મોક્ષકા કારણ...**' આહાહા..! અનંતજ્ઞાનાદિસ્વરૂપ મોક્ષ. મોક્ષની વ્યાખ્યા કરી. મોક્ષ કેવો છે? અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા એવો જે મોક્ષ એનું કારણ '**જો વીતરાગ પરમાનંદરૂપ નિજશુદ્ધાત્મા...**' આહાહા..! સમજાણું કાંઈ? મોક્ષ એટલે શું? જેમાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતપ્રભુતા પ્રગટ થાય એનું નામ મોક્ષ. એવા મોક્ષનું કારણ '**જો વીતરાગ પરમાનંદરૂપ નિજશુદ્ધાત્મા ઉસકા...**' જુઓ! એનું કારણ વીતરાગ પરમાનંદરૂપ નિજશુદ્ધાત્મા તેનું કારણ છે. આહાહા..! પરમાત્મપ્રકાશ પણ... આહાહા..!

મોક્ષ અનંતઆનંદની પ્રાપ્તિ, પર્યાયમાં અનંત અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિરૂપી મોક્ષ. એ મોક્ષનું કારણ શુદ્ધાત્મા. છે? '**વીતરાગ પરમાનંદરૂપ નિજશુદ્ધાત્મા...**' એ ત્રિકાળી. વીતરાગ પરમાનંદરૂપ નિજશુદ્ધાત્મા એ આખી ચીજ. સમજાણું કાંઈ? આખી ચીજ શું ને આ શું કહે છે? ભાઈ! તું પૂર્ણ વસ્તુ છો ભગવાન, તને ખબર નથી. આહાહા..! નિજ '**અનંતજ્ઞાનાદિસ્વરૂપ મોક્ષકા કારણ...**' આહાહા..! '**વીતરાગ પરમાનંદરૂપ નિજશુદ્ધાત્મા...**' મોક્ષનું કારણ વીતરાગ પરમાનંદરૂપી નિજશુદ્ધાત્મા. આહાહા..! '**ઉસકા એક ક્ષણ ભી વિચાર નહીં કરતા.**' ભગવાન એક ક્ષણ તારો તને વિચાર નહિ? આહાહા..! આ ભક્તિ ને પૂજાની વાત નથી, હોં! ભક્તિ, પૂજા તો રાગ છે. અંતર આત્માનું ક્ષણમાત્ર પણ નિર્વિકલ્પ આનંદનો તને વિચાર નથી આવતો? આહાહા..!

ધર્મીને સમ્યગ્દષ્ટિને પોતાનો વિચાર હો, અનુભવ હોય તો ષટ્ આવશ્યક આવે છે. દયા, પૂજા, ભક્તિ પણ એ ભાવ શુભરાગ છે. અંતર અનુભવદષ્ટિપૂર્વક એ રાગ છે. એટલે અહીંયા તો મોક્ષનું કારણ એ રાગ નહિ. મોક્ષનું કારણ નિજશુદ્ધાત્મા એ મોક્ષનું કારણ. એની એકાગ્રતા થાય એ તો મોક્ષનું કારણ છે, પણ નિજશુદ્ધાત્મા જ મોક્ષનું કારણ (કહ્યું). આહાહા..! આહાહા..! સમજાણું કાંઈ?

'**એક ક્ષણ ભી વિચાર નહીં કરતા. સદા હી...**' આ આવ્યું ને, ભાઈ! ચોવીસ કલાક વારંવાર કહીએ છીએને. બાયડી ને છોકરા ને છોકરાની રમતુંમાં અને કાં ધંધામાં ને છ-આઠ કલાક ઊંઘમાં (જાય). આહાહા..!

મુમુક્ષુ :— શુદ્ધ આત્માનો વિચાર કરે તો મળી જાય?

ઉત્તર :— વિચાર એટલે એકાગ્રતા. જ્ઞાનની પર્યાયમાં એકલા પૂર્ણાનંદને જ્ઞેય બનાવવો એ એનો વિચાર છે. ઝીણી વાત છે ભાઈ!

મુમુક્ષુ :— સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય.

ઉત્તર :— નહિ. સવિકલ્પ દ્વારા એટલે સવિકલ્પ હોય એમાંથી જાવું છે નિર્વિકલ્પમાં, ઈ. ઈ તો રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવ્યું ને? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ. એનો અર્થ કે પહેલા વિકલ્પ આવે છે કે હું શુદ્ધ છું, અખંડ છું, અભેદ છું. એમ. પછી છોડીને અંદર જવું એ અભેદ ધ્યાન છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. સાધક-ફાધક નહિ. એ (વિકલ્પ) કંઈ સાધક નથી, એને છોડીને અંદર જાવું.

આવી વાત છે. આનંદતરંગ ઉઠે છે એમ નથી આવતું એમાં? આવે છે ને? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી.

ધર્માત્મા પોતાનું ધ્યાન કરવાનો પ્રયત્ન કરે છે ત્યાં પહેલા એવો વિકલ્પ—રાગ આવ્યો કે હું શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું, આનંદ છું. એમ કરતાં રોમાંચ ઉત્પન્ન થાય છે. એમાં છે. એ વિકલ્પ પણ જ્યારે છૂટી જાય છે ત્યારે અતીન્દ્રિયઆનંદનો સ્વાદ આવે છે એ ધર્મ છે. આવી ધર્મની વ્યાખ્યા ક્યાંથી કાઢી? અમે તો ધર્મ સાંભળતા કે આ દયા પાળવી ને વ્રત પાળવા, તપસ્યા કરવી, ભક્તિ કરવી, જાત્રા કરવી થઈ ગયું, જાઓ. સાંભળ તો ખરો. એ તો બધો વિકલ્પ રાગ છે. એ પુણ્યબંધનું કારણ છે, એ ધર્મ નહિ. આહાહા..! ભગવાન! તારી ચીજ અંદર આનંદથી ભરી છે. સમજાણું કાંઈ?

શક્કરકંદનો દાખલો ઘણી વાર આપીએ છીએ. શક્કરકંદ સમજાય છે? અમારે શક્કરિયા કહેવાય છે ને. તમારે હિન્દીમાં શક્કરકંદ કહે છે. તો શક્કરકંદમાં જે લાલ છાલ છે ઉપર એને લક્ષમાંથી છોડી દો તો અંદર આખો શક્કરકંદ છે. શક્કર નામ સાકરની મીઠાશનો પિંડ છે. શક્કરકંદ. એમ આ ભગવાનઆત્મા, પુણ્ય અને પાપના વિકલ્પની છાલ લક્ષમાંથી છોડી દે તો અંદર અતીન્દ્રિય આનંદનો કંદ તારી ચીજ છે. કોઈ દિ' સાંભળ્યું નથી, બિચારા શું કરે? સમજાણું કાંઈ? શક્કરકંદ માને, શક્કરકંદ એટલે સાકરની મીઠાશનો પિંડ છે ઈ. લાલ છાલ છે જરી. એમ આ ભગવાનઆત્મા, પુણ્ય અને પાપના વિકલ્પ જે ઉઠે છે એ લાલ છાલ છે. એની પાછળ અતીન્દ્રિયઆનંદનો કંદ ભગવાન છે એ આત્મા. એવા આત્માને શુદ્ધાત્મા કહે છે. એ શુદ્ધાત્મા. આહાહા..!

'**પરમાનંદરૂપ નિજશુદ્ધાત્મા ઉસકા એક ક્ષણ ભી...**' જુઓ! કહ્યુંને? પરમાનંદરૂપ, વીતરાગ પરમાનંદરૂપ એવો આત્મા—નિજ શુદ્ધાત્મા. છે ને? આહાહા..! '**ઉસકા એક ક્ષણ ભી વિચાર નહીં કરતા. સદા હી આર્ત રૌદ્ર ધ્યાનમેં લગ રહા હૈ,...**' આહાહા..! આ ધંધા કરવા ને આના કરવા ને આ કરવા ને આ કરવા. દીકરી મોટી થઈ હોય તો લગ્ન કરવા છે, દીકરો મોટો હોય તો સારી કન્યા (પરણાવવી છે). આખો દિ' આર્ત અને રૌદ્રધ્યાન છે. આહાહા..! સમજાણું કાંઈ? મુનિરાજ શું કહે છે જુઓ! આહાહા..! '**સદા હી આર્ત રૌદ્ર ધ્યાનમેં લગ રહા હૈ, ઐસા સારાંશ હૈ.**' આ રહસ્ય છે. આહા..! પોતાની શુદ્ધ ચૈતન્યમૂર્તિ તારી ચીજ મહાન વસ્તુ પડી છે. એની સન્મુખતાનો વિચાર એક ક્ષણ પણ નથી કરતો. એનાથી વિમુખતાનો વિચાર આર્ત અને રૌદ્રધ્યાન સદાય કરે છે. આ એક ક્ષણ પણ કરતો નથી અને ઓલું સદાય કરે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કઈ જાતનો? આ તે જૈનધર્મનો હશે આ? અરે! ભાઈ! તને ખબર નથી બાપુ! જૈન વીતરાગ પરમાત્મા જિનવરદેવે તો ત્રણકાળ ત્રણલોક દેખ્યા. અનંતઆનંદની પ્રાપ્તિ કરી. એમના મુખે ઈચ્છા વિના વાણી નીકળી. એ વાણીને અહીં શાસ્ત્ર કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ૧૨૧ થઈ.

ગાથા-૧૨૨

अथ तमेवार्थं द्रढयति–

२५२) जोणि-लक्खइँ परिभमइ अप्पा दुक्खु सहंतु।
पुत्त-केलत्तहिँ मोहियउ जाव ण णाणु महंतु।।१२२।।
योनिलक्षाणि परिभ्रमति आत्मा दुःखं सहमानः।
पुत्रकलत्रैः मोहितः यावन्न ज्ञानं महत्।।१२२।।

जोणि इत्यादि। जोणि-लोक्खइं परिभमइ चतुशीतियोनिलक्षणानि परिभ्रमति। कोऽसौ। अप्पा बहिरात्मा। किं कुर्वन्। दुक्खु सहंतु निजपरमात्मतत्त्वध्यानोत्पन्न-वीतरागससदानन्दैकरुपव्याकुलत्वलक्षणपारमार्थिकसुखाद्वि-लक्षणं शारीरमानसदुःखं सहमानः। कथंभूतः सन्। पुत्तकलत्तहिं मोहियउ निजपरमात्मभावनाप्रतिपक्षभूतैः पुत्रकलत्रैः मोहितः। [१]किंपर्यन्तम्। जाव ण यावत्कालं न। किम्। णाणु ज्ञानम्। किं विशिष्टम्। महंतु महतो मोक्षलक्षणस्यार्थस्य साधकत्वाद्वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानं महदित्युच्यते। तेन कारणेन तदेव निरन्तरं भावनीयमित्यभिप्रायः।।१२२।।

---

आगे उसी बातको दृढ़ करते हैं–

गाथा–१२२

अन्वयार्थ :— [यावत्] जब तक [महत् ज्ञनं न] सबसे श्रेष्ठ ज्ञान नहीं है, तब तक [आत्मा] यह जीव [पुत्रकलत्रैः मोहितः] पुत्र, स्त्री आदिकोंसे मोहित हुआ [दुःखं सहमानः] अनेक दुःखोंको सहता हुआ [योनिलक्षाणि] चौरासी लाख योनियोंमें [परिभ्रमति] भटकता फिरता है।

भावार्थ :— यह जीव चौरासीलाख चोनियोंमें अनेक तरहके ताप सहता हुआ भटक रहा है, निज परमात्मतत्त्वके ध्यनासे उत्पन्न वीतराग परम आनंदरुप निर्व्याकुल अतीन्द्रिय सुखसे विमुख जो शरीरके तथा मनके नाना तरहके सुख-दुःखोंको सहता हुआ भ्रमण करता है। निज परमात्माकी भावनाके शत्रु जो देहसम्बन्धी माता, पिता, भ्राता, मित्र, पुत्र-कलत्रादि उनसे मोहित है, तब तक अज्ञानी है, वीतराग निर्विकल्प स्वसंवेदनज्ञानसे रहित है, वह ज्ञान मोक्षका साधन है, ज्ञान ही से मोक्षकी सिद्धि होती है। इसलिये हमेशा ज्ञानकी ही भावना करनी चाहिये।।१२२।।

---

१. પાઠાન્તર :- किंपर्यन्तम्=कियत्पर्यंतं

હવે, તે જ અર્થને દઢ કરે છે.

ભાવાર્થ :- 'મહાન' એવા મોક્ષસ્વરૂપ અર્થનું સાધક હોવાથી નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાનને મહાન કહેવાય છે. એવું મહાન જ્ઞાન જ્યાં સુધી નથી ત્યાં સુધી બહિરાત્મા નિજ પરમાત્મભાવનાથી પ્રતિપક્ષભૂત સ્ત્રી, પુત્રોમાં મોહિત થઈને, નિજપરમાત્મતત્ત્વના ધ્યાનથી ઉત્પન્ન, એક (કેવળ) વીતરાગ સદાનંદરૂપ નિરાકુળતા લક્ષણવાળા પારમાર્થિક સુખથી વિલક્ષણ એવા શારીરિક અને માનસિક દુઃખોને સહન કરતો થકો, ચોર્યાશી લાખ યોનિઓમાં પરિભ્રમણ કરે છે તેથી તે મહાન જ્ઞાન જ નિરંતર ભાવવું, એ અભિપ્રાય છે. ૧૨૨.

## ગાથા-૧૨૨ ઉપર પ્રવચન

૧૨૨. 'આગે ઈસી બાતકો દઢ કરતે હૈં—'

२५२) जोणि-लक्खइँ परिभमइ अप्पा दुक्खु सहंतु।
पुत्त-केलत्तहिँ मोहियउ जाव ण णाणु महंतु।।१२२।।

**અન્વયાર્થ :— 'यावत्' 'જબ તક સબસે શ્રેષ્ઠ જ્ઞાન નહીં હૈ,...'** બધાથી શ્રેષ્ઠનો અર્થ આત્મજ્ઞાન નથી. આ બધા વકિલાતના જ્ઞાન ને આ દવાના.. શું કહેવાય? આ ડોક્ટરનું જ્ઞાન ને એ બધા કુજ્ઞાન છે, એ જ્ઞાન થહિ. આહાહા..! **'સબસે શ્રેષ્ઠ જ્ઞાન...'** આત્મજ્ઞાન. આહાહા..! રાગથી ભિન્ન પડીને પોતાનું આત્મજ્ઞાન. આહાહા..! એ બધાથી શ્રેષ્ઠ જ્ઞાન છે. સમજાણું કાંઈ? એ બધાથી, પરથી ભેદજ્ઞાન **'સબસે શ્રેષ્ઠ જ્ઞાન નહીં હૈ, તબ તક યહ જીવ...' 'पुत्रकलत्रैः मोहितः'** આહાહા..! **'પુત્ર, સ્ત્રી આદિકોંમેં મોહિત હુઆ...'** પરચીજ પોતાની ચીજ છે જ નહિ અને પોતામાં એ આવતી નથી. એ તો પર છે, સ્ત્રી, પુત્ર તો પરદ્રવ્ય છે. આહાહા..! સ્વદ્રવ્યનો ક્ષણમાત્ર પણ વિચાર નથી કરતો અને પરદ્રવ્યમાં મોહિત થયો મૂઢ પરદ્રવ્યમાં. આ સ્ત્રી મારી, પુત્ર મારો ને આ મારું, મરી ગયો કહે છે, મારી નાખ્યા. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે...' શ્રીમદ્દે કહ્યું સોળ વર્ષે. આહાહા..! એ આર્ત અને રૌદ્રધ્યાનમાં પ્રભુ તારું મૃત્યુ થાય છે. તારું શુદ્ધાત્માનું જીવન ત્યાં ટકતું નથી, રહેતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? અરે! આવી વ્યાખ્યા આવું માણસ કહે. બિચારા નવરા હોય નહિ એમાં બે ઘડી સાંભળવા આવે એમાં આવું આવે. બાપુ! માર્ગ તો આ છે ભાઈ! બીજા રાજી કરી દેશે તમને કે દયા પાળી ને વ્રત પાળ્યા ને અપવાસ કર્યા ને ધર્મ કર્યો. મરી જઈશ, ન્યાં ધર્મ નથી. એ તો ભાવમરણ છે. આહાહા..! એટલે? અર્થાત્?

શુદ્ધાત્મા આનંદનો કંદ પ્રભુ એનાથી વિરુદ્ધ ભાવમાં પ્રેમથી રુચિથી પડ્યો, પૂર્ણાનંદનું જીવન જે ટકતું પૂર્ણ છે એનો અનાદર કર્યો એનું નામ હિંસા, એનું નામ મરણ. આહાહા..! સમજાણું કાંઈ? વાતે વાતે ફેર આ તો. દુનિયામાં કંઈક ચાલે ધર્મને નામે અને અહીં કહે ધર્મ આવો. હવે ક્યાં

મેળ ખાય આમાં?

પુત્ર, કલત્ર—સ્ત્રી આદિ છે ને? '**આદિકોંસે મોહિત હુઆ...**' આહાહા..! આ મારી દીકરી છે ને એલ.એલ.બી.માં પાસ થઈ છે ને એસ.એ.માં પાસ થઈ છે એમાં ખુશી થઈ જાય કે આહા..! ધૂળમાંય નથી, તારી દીકરી કેવી? આત્માને દીકરી શું ને બાપ શું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— છોકરો ઘરે પૂછે છે કે મહારાજ સાહેબ કહેતા હતા કે તમે બાપ નથી.

ઉત્તર :— સાચી વાત છે. બાપ કેવો ને દીકરા કેવા આત્માને. આત્માને રાગ નથી તો બાપ ને દીકરો ક્યાંથી આવ્યા? આહા..! આવી વાત છે બાપુ! જિનવર પરમાત્મા તીર્થંકરદેવ અનંત તીર્થંકરોનો આ હુકમ છે. સમજાણું કાંઈ?

'**મોહિત હુઆ..**' '**दुःखं सहमानः**' '**અનેક દુઃખોંકો સહતા હુઆ...** ' આહાહા..! દીકરા માટે, સ્ત્રી માટે. નાખી દેવા અમારે? પણ ક્યાં તારા હતા તે નાખી દે. અમારે નભાવવા તો પડે કે નહિ? કોને નભાવે? એ તો પરદ્રવ્ય છે સ્વતંત્ર. એનું શરીર પણ એને કારણે રહે છે, એનો આત્મા એને કારણે રહે છે, તારે કારણે છે? આહાહા..! એમાં '**અનેક દુઃખોંકો સહતા હુઆ...**' રાગ ને દ્વેષ કરી દુઃખ સહન કરે છે. આહાહા..! આખો દિ' રાગની પીંજણ પીંજે. પીંજણ સમજો છો? રૂઈ. દોરા કાઢે છે ને? એક પછી એક રેંટિયામાંથી. એમ આ એક પછી એક વિકલ્પ ને રાગ આર્તધ્યાન ને રૌદ્રધ્યાનની પીંજણી પીંજે. આહાહા..! અરે! ભગવાન! તારે માટે તને વખત નથી? આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભગવાન! દુનિયાને તો ઓલું લાગે, આમાં તો વ્યવહાર લોપ થઈ જાય છે. બાપુ! વ્યવહાર એ રાગ હોય છે, પણ એ રાગ આત્માનો ધર્મ નથી. અરે! પ્રભુ! શું કરે? વ્યવહાર છે એ નિશ્ચયથી વિરુદ્ધ છે અને એનું ફળ વિરુદ્ધ છે. રાગથી ભિન્ન નિશ્ચય વસ્તુ ભિન્ન છે એનું ફળ ભિન્ન આનંદ છે. આહાહા..! વ્યવહારનું ફળ દુઃખ છે. આહાહા..! આવી વાત આકરી પડે ભઈ માણસને. કોની સાથે બાપા ચર્ચા કરે ને વાત કરે. આહાહા..! ભાઈ!

મુનિરાજ એમ કહે છે, આહાહા..! પ્રભુ! તારી આનંદશક્તિનો નાથ પ્રભુ, તે તરફ તારી સન્મુખતાની એક ક્ષણ પણ તને મળે નહિ અને વિમુખ એવા સ્ત્રી, પુત્ર માટે આખો દિવસ અને રાત એને માટે કાઢે. સમજાણું કાંઈ? આહા..! '**અનેક દુઃખોંકો સહતા હુઆ...**' '**योनिलक्षाणि**' '**ચૌર્યાશી લાખ યોનિયોંમેં ભટકતા ફિરતા હૈ.**' આહાહા..! અનંત અનંતવાર એવા નરકના ભવ, સ્વર્ગના અનંત કર્યા. ભગવાન તો એમ ફરમાવે છે, કે જેટલા નરકના ભવ કર્યા એનાથી અસંખ્યગુણા સ્વર્ગના અનંતા કર્યા. શું કહ્યું? સૌથી થોડા મનુષ્યભવ કર્યા, કર્યા અનંતા. એનાથી અસંખ્ય અનંતગુણા નરકના કર્યા અને એનાથી અસંખ્યગુણા સ્વર્ગના કર્યા. એક નરકના અને અસંખ્ય સ્વર્ગના, એવા અનંત નરકના અને સ્વર્ગના અસંખ્યગુણા અનંતા. તો પુણ્ય વિના સ્વર્ગમાં જાય છે? તો એવા પુણ્ય પણ અનંતવાર, નરક કરતાં અનંતવાર તેં પુણ્ય કર્યા, એમ કહે છે. આહાહા..! દેવીલાલજી! આહાહા...! એનાથી કંઈ જન્મ-મરણ મટતા નથી. આહા..! '**ભટકતા ફિરતા હૈ.**' લ્યો. ભાવાર્થ છે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, પોષ વદ ૧૦, શનિવાર
## તા. ૧૫-૧-૧૯૭૭, ગાથા-૧૨૨, ૧૨૩, પ્રવચન નં. ૧૮૬

(પરમાત્મપ્રકાશ, ગાથા—૧૨૨), એનો ભાવાર્થ. '**યહ જીવ ચૌરાસીલાખ યોનિયોંમેં અનેક તરહકે તાપ સહતા હુઆ ભટક રહા હૈ,...**' આહા..! એકેન્દ્રિયથી માંડીને ચોર્યાશી લાખ યોની—જીવને ઉત્પત્તિ થવાના સ્થાન, ઉત્પન્ન થવાના સ્થાન છે એ ચોર્યાશી લાખ છે. એક એક યોનીમાં '**અનેક તરહકે તાપ સહતા હુઆ...**' દુઃખ દુઃખ. ઓહો..! જોયું? સ્વર્ગમાં પણ દુઃખ એમ કહે છે અહીંયા. ચોર્યાશી લાખ યોનીમાં આવી ગઈને ઈ? કે નહિ? ચોર્યાશી લાખ યોનીમાં સ્વર્ગ, મનુષ્ય બધા આવી ગયા. આહાહા..! એ યોનીમાં અનેક પ્રકારના દુઃખ સહન કરતો થકો '**ભટક રહા હૈ,...**'

મુમુક્ષુ :— રાજા, શેઠિયા...

ઉત્તર :— એ બધા તાપ સહન કરે છે, દુઃખ સહન કરે છે. શેઠે નહોતો પ્રશ્ન કર્યો? મનુષ્ય મનુષ્ય. મનુષ્ય થાય છે કે નહિ? તો એમાં કંઈક છે કે નહિ? દુઃખ છે એમ કહે છે. મનુષ્ય હો કે સ્વર્ગ હો.

મુમુક્ષુ :— દુઃખની અને સુખની વ્યાખ્યા.

ઉત્તર :— આકુળતા એ દુઃખ અને અનાકુળતા એ સુખ.

મુમુક્ષુ :— આપ આત્માથી વાત કરો છો, અમે પૈસાથી વાત કરીએ છીએ.

ઉત્તર :— પૈસામાં ધૂળમાંય નથી. પૈસા તો જડ છે. એ આવશે હમણાં, હમણાં કહેશે.

અનેક પ્રકારના દુઃખ સહન કરતો થકો. અહીં તો ઈ કહેવું હતું કે ચોર્યાશી લાખ યોનીમાં સ્વર્ગ અને મનુષ્ય પણ આવી જાય છે. શેઠાઈ અને સ્વર્ગના દેવો પણ એમાં આવી જાય છે. આહાહા..! તો એ ચોર્યાશી લાખ યોનીમાં અનેક પ્રકારના. આહાહા..! નિગોદમાં, નરકમાં, મનુષ્યપણામાં અનેક પ્રકારની આકુળતા.. આકુળતા.. આકુળતા—દુઃખ સહને કરીને ભટકી રહ્યો છે.

'**નિજ પરમાત્મતત્ત્વકે ધ્યાનસે ઉત્પન્ન...**' જુઓ હવે. ભગવાનઆત્મા નિજ પરમ આત્મા એમ કહ્યું. વીતરાગ સર્વજ્ઞ છે એ તો પર પરમાત્મા છે. આહાહા..! '**નિજ પરમાત્મતત્ત્વકે ધ્યાનસે ઉત્પન્ન...**' રાત્રે એ પ્રશ્ન ચાલતો હતો ને કે, ક્રમબદ્ધમાં તો જે આવવાનું હશે ઈ આવશે, અમને નિર્ણય... તો ક્રમ અને કર્મ બે શબ્દ સાથે લેવા. નવમા અધ્યાયમાં આવ્યું છે ને? મોક્ષમાર્ગપ્રકાશક. પુરુષાર્થ તો ઘણો કર્યો દ્રવ્યલિંગીએ જો પુરુષાર્થથી થતું હોય તો. પણ પુરુષાર્થ ક્યાં કર્યો છે? ઊંધો. ધર્માનુરાગના વિકલ્પમાં પુરુષાર્થ કર્યો, રાગમાં. પોતાનો પુરુષાર્થ કર્યો નહિ. ત્યારે કહે છે, પુરુષાર્થ પણ કર્મ મંદ હોય તો પુરુષાર્થ કામ કરે ને. કર્મ મંદ થયા વિના પુરુષાર્થ કેવી રીતે કરે? કર્મ તો છે પણ પુરુષાર્થ તું નથી કરતો માટે એમ થાય છે. જિનાજ્ઞા માને તો આવી

અનીતિ સંભવે નહિ. છે? એ શબ્દ ત્યાં કહ્યો હતો. ઈસરી. મધુવનમાં મધુવનમાં. ૨૦ વર્ષ પહેલા. જો જિનાજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ. કર્મથી મારામાં દોષ થાય છે તો શું કરીએ? તારી વાત ખોટી છે.

મુમુક્ષુ :— કર્મથી દુઃખ નથી થતું?

ઉત્તર :— બિલકુલ નથી થતું. એ તો કહે છે, કર્મ તો નિમિત્ત છે. હેં?

મુમુક્ષુ :— અમે તો કર્મથી દુઃખ થાય એમ માનીએ છીએ.

ઉત્તર :— એ નિમિત્તથી વાત છે ત્યાં. આત્માના સ્વભાવથી નથી તો કર્મથી છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ત્યાં મોક્ષમાર્ગપ્રકાશકમાં તો ઘણો અધિકાર લીધો છે. એમ કે નિર્ણય કરવામાં પણ કર્મ હોય તો નિર્ણય થાય ને? તું પરના કાર્યમાં તો પુરુષાર્થ કરે છે અને પોતાના પુરુષાર્થના કાર્યમાં કર્મ ઉપર નાખે છે. તો તને આત્માના ધર્મનો પ્રેમ અને રુચિ નથી. સમજાણું કાંઈ?

એમ અહીંયા ક્રમબદ્ધનું નામ લઈને જ્યારે થવાનું હશે ત્યારે હશે. તો ક્રમબદ્ધમાં તું પરનો પુરુષાર્થ તો કરે છે. એ તો તારી શ્રદ્ધા ત્યાં રહેતી નથી. હું આમ કરું તો આમ થાય, આમ કરું તો આમ થાય. સમજાણું કાંઈ? દેવીલાલજી! આહાહા..! નવમા અધ્યયનમાં છે. પુરુષાર્થની મુખ્યતા. બે-ત્રણ અધિકાર બહુ સરસ, બહુ સરસ. ટોડરમલે મોક્ષમાર્ગપ્રકાશક એવું બનાવ્યું કે બધા શાસ્ત્રનું સામાન્યમાંથી રહસ્ય ખોલી દીધું. રહસ્ય ખોલી નાખ્યું. આહાહા..! એ ક્રમ કહો કે કર્મ કહો. બે વાત. ક્રમ પણ અમારે જ્યારે થવાનું હશે ત્યારે થશે. પણ ક્રમમાં થવાનું હશે તે થશે, પણ તું સંસારનો પુરુષાર્થ તો કરે છે. થવાનું હશે ઈ થશે, એ શ્રદ્ધા તો ત્યાં રહી નહિ તારી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ક્રમમાં હશે ત્યારે સીધો પુરુષાર્થ થશે.

ઉત્તર :— ઈ જ કહે છે. ક્રમમાં થશે તો પુરુષાર્થ એની મેળાએ થશે? તને જો ક્રમબદ્ધની પ્રતીતિ હોય તો પરમાં પુરુષાર્થ શા માટે કરે છે? તમાકુ આમ બનાવું ને ફલાણું આમ બનાવું. શેઠ! આહાહા..! ત્યાં તો તું કર્તાપણાની બુદ્ધિ ઉત્પન્ન કરે છે અને અહીંયા પુરુષાર્થ ખોઈ બેસે છે. એમાં છે, નવમા અધ્યયનમાં. તો અમે જાણીએ છીએ કે તને ધર્મ પ્રત્યે પ્રેમ જ નથી. આહાહા..! મોક્ષ પ્રત્યે તને પ્રેમ નથી. આહાહા..! ટોડરમલે તો હજારો પ્રશ્નના ખુલાસા કરી દીધા છે. સમજાણું કાંઈ?

કહ્યું હતું ને? (સંવત) ૧૯૮૨ની સાલમાં રાજકોટ મળ્યું હતું, મોક્ષમાર્ગપ્રકાશક. દામોદરભાઈને ત્યાંથી. દામોદર ચત્રભુજ. એ ડોસા રાખતા હતા એક મેડી ઉપર અંદર, નહિ? એના મકાન છે ને અત્યારે, ત્યાં મેડી ઉપર રાખતા. ૮૨ની સાલ.

મુમુક્ષુ :— દરબારનો ઉતારો.

ઉત્તર :— એ ઉતારો હશે. મેડી ઉપર હતું પુસ્તક. નીચે ઉતરતા. આ હીરાભાઈના છોકરા ન્યાં રહે છે ને અત્યારે. હીરાભાઈ ગુજરી ગયા ને? એના છોકરા ત્યાં રહે છે. લક્ષ્મીચંદ. ત્યાં પહેલું મળ્યું પુસ્તક. પણ વાંચતા એટલી ધુન ચડે કે ખાવું, પીવું કાંઈ ઠીક પડે નહિ. વ્યાખ્યાન દેવું પડે કે આ

ભિક્ષા માટે જવું પડે. આ શું? ઓહોહો..! આ ચીજ! એની સમજાવવાની રીત ગજબ છે! આહાહા..! સમજાણું કાંઈ? આ તમારા રાજકોટમાં આ અપાસરો છે ને સ્થાનકવાસીનો? સ્થાનકવાસીનો અપાસરો નહિ? શું કહેવાય ઈ શેરી? બોઘાણી બોઘાણી. બોઘાણીની શેરી. બોઘાણીની શેરી. આહાહા..!

અહીં કહે છે, એકવાર તું સાંભળ તો ખરો, પ્રભુ! આહાહા..! તારી રુચિ ક્યાં જામી છે? તારી રુચિ રાગમાં જામી છે કે સ્વભાવ તરફ જામી છે? એવો નિર્ણય તો કર. સમજાણું કાંઈ? અહીં ઈ કહે છે, જુઓ! '**નિજ પરમાત્મતત્ત્વકે ધ્યાનસે...**' એની રુચિ થઈ. આ તો હજી રાગથી વિરુદ્ધ ને એ રાગમાં સ્ત્રી, કુટુંબ બધા શત્રુ છે. તારા વિકારમાં એ શત્રુ છે તારા ભાવમાં, બધા શત્રુ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**નિજ પરમાત્મતત્ત્વકે ધ્યાનસે...**' અંતરમાં પુરુષાર્થથી, આહાહા..! '**ઉત્પન્ન વીતરાગ પરમ આનંદરૂપ...**' 'એક' શબ્દ પડ્યો રહ્યો છે. બધે ઠેકાણે એક પડ્યો રહે છે એને, અર્થના કરનારને. ત્યાં 'એક' શબ્દ પડ્યો રહ્યો છે. '**વીતરાગ પરમ આનંદરૂપ એક નિર્વ્યાકુલ અતીન્દ્રિય સુખસે વિમુખ...**' ભાષા જુઓ! આહાહા..! આહા..! ગજબ કરે છે ને કામ પણ! ભગવાનઆત્મા.. આહાહા..! સહજાનંદસ્વરૂપ પ્રભુ એવા નિજપરમાત્માના ધ્યાનથી ઉત્પન્ન થવાવાળું.. આહા..! '**વીતરાગ પરમાનંદરૂપ એક નિર્વ્યાકુલ અતીન્દ્રિય સુખસે...**' એવું જે સુખ તેનાથી '**વિમુખ...**' આહાહા..! સ્વભાવસન્મુખથી વિમુખ, પરમાં સન્મુખ. આહાહા..! સ્વભાવસન્મુખથી વિમુખ અને પરથી સન્મુખ, નિજસ્વભાવથી વિમુખ. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ ઝીણો સૂક્ષ્મ બહુ. આહાહા..!

'**નિર્વ્યાકુલ અતીન્દ્રિય સુખસે વિમુખ જો શરીરકે તથા મનકે નાના તરહકે સુખ-દુઃખોંકો સહતા હુઆ...**' સુખ-દુઃખ સંસારની વાત છે, હોં! સંસારના સુખ છે તો દુઃખ. '**સુખ-દુઃખોંકો સહતા હુઆ...**' દેખો ભાષા. એ પણ આકુળતા છે. એ આકુળતાને સહન કરતો થકો. આહાહા..! સમજાણું કાંઈ? '**ભ્રમણ કરતા હૈ.**' આહાહા..! '**નિજ પરમાત્માકી ભાવનાકે શત્રુ...**' નિજપરમાત્મતત્ત્વ પોતાનો આનંદસ્વરૂપ ભગવાન. આહાહા..! નિજપરમાત્મતત્ત્વની ભાવના નામ એકાગ્રતા એના વેરી—શત્રુ '**દેહસંબંધી માતા,...**' આ બધા આવી ગયા, તમારો હસમુખ ને... આ ડાલચંદજી ને એ શત્રુ છે એમ કહે છે.

મુમુક્ષુ :— માતાએ તો પાળીપોષીને મોટો કર્યો.

ઉત્તર :— ધૂળેય (મોટો) કર્યો નથી. કોઈ કોઈને પાળી શકે છે? પરદ્રવ્યની પર્યાય કોઈ કરી શકે છે? આહાહા..!

મુમુક્ષુ :— શરીરને તો મોટું કરે.

ઉત્તર :— કોણ શરીરને મોટું કરે? શરીરની પર્યાય પરમાણુની પોતાને કારણે અવસ્થા મોટી થાય છે. પર કોણ કરે? આહાહા..!

મુમુક્ષુ :— માતા-પિતા તો તીર્થ કહેવાય.

ઉત્તર :— એ તો કઈ અપેક્ષાએ? એ તો લૌકિકની અપેક્ષાએ વાત છે. તીર્થ કે દિ' હતા?

અહીં તો કહે છે, માતા '**દેહસંબંધી માતા,...**' માતા ક્યાં બીજી છે? દેહસંબંધી '**પિતા,...**' દેહસંબંધી '**ભ્રાતા,...**' ભાઈ, ભાઈઓ. દેહસંબંધી '**મિત્ર,...**' દેહસંબંધી '**પુત્ર...**' આહાહા..! આ સુમનભાઈ ને ડાલચંદજી ને બધા દેહસંબંધી પુત્ર છે. રામજીભાઈનો સુમન. એમ કે આઠ હજારનો પગાર છે ને. ઓલા વિજયનું ભાઈ કોઈ એમ કહેતું હતું, હોં! ૨૦૦૦-૨૨૦૦નો પગાર હતો. આ વિજયભાઈ! મરી ગયો ને? તમે ચૌદ હજાર કહેતા હતા ને. એ ખોટું છે, એમ કોઈ કહેતું હતું. તમે ચૌદ હજાર કીધા હતા. ખબર છે ને. તેથી મગજમાં પ્રશ્ન ઉઠ્યો હતો. એક વિજય છોકરો ગુજરી ગયો ને. બહુ માણસ... ઉંમર નાની હતી પણ રસ આ અને બુદ્ધિ એટલી શાંત શાંત. બોલવાનું બહુ ઓછું. અહીં બે વાર રહી ગયો બિચારો. કુંવારો અને લગન પછી. પણ બિચારાને કિડનીનું દર્દ થયું. બાર મહિનાના લગને કિડની... આમ થઈ ગયું, દુઃખી દુઃખી. બાર મહિના એ દુઃખ રહ્યું. એની માએ પછી કિડની આપી. મોટો ડોક્ટર બહારથી આવ્યો. નહિ? અમેરિકાથી મોટો ડોક્ટર આવ્યો. મોટું દવાખાનું છે ને જબ્બર, એમાં આવ્યો છે. નહિતર એને અમેરિકા લઈ જવાના હતા. પછી અહીં આવ્યો તો કરાવ્યું પણ અંતે મરી ગયો, દેહ છૂટી ગયો. કોઈ કહેતું હતું કે બે હજાર, બાવીસોનો પગાર હતો. હજી શરૂઆત હતી ને. પહેલી શરૂઆત હતી ને. મગજ ઘણું. છોકરાને શાસ્ત્રનો રસ બહુ. અહીં રહી ગયો હતો. દેહની સ્થિતિ (પૂરી થવાની હોય) ત્યાં શું થાય? આહાહા..!

અહીં તો દેહસંબંધી મિત્ર, દેહસંબંધી પુત્ર, દેહસંબંધી કલત્ર—સ્ત્રી, એ બધા નિજ પરમાત્માની ભાવનાના વેરી છે. આહાહા..! વેરી છે વેરી. હેં?

મુમુક્ષુ :— કોઈ વખત આપ ધુતારાની ટોળી કહો છો.

ઉત્તર :— ધુતારાની ટોળી છે ને. નિયમસારમાં (કહ્યું છે). આજીવિકા માટે ધુતારાની ટોળી છે બધી.

મુમુક્ષુ :— ઘરમાં ઝઘડો થઈ જાય.

ઉત્તર :— આહાહા..! એ માટે તો કહે છે, છૂટી જા એનાથી. એ બધા વેરી છે. એનું ધ્યાન કરવા જાય છે તો આત્માનું ધ્યાન છૂટી જાય છે. પોતાની ભાવનાના વેરી છે એ બધા તો. સ્ત્રીનું ધ્યાન રાખવું ને પોષણ કરવું ને... આહાહા..! ભાઈએ તો ત્યાં સુધી કહ્યું નથી? હુકમચંદજી! મહાવીરનો મોટો લેખ આપ્યો છે ને. ભગવાનને સ્ત્રીના લગ્ન નહોતા. સ્ત્રીના લગ્ન કરવા એ દુર્ઘટના છે પાપની. હુકમચંદજીએ લખ્યું છે. લગ્ન થયા તો દુર્ઘટના (થઈ), હવે એકલા પાપ કરવા. એને સાચવવું ને ભોગ ને બાયડી, છોકરા થાય ને એ છોકરાને સાચવવા. દુર્ઘટના લાગુ પડી ગઈ. ભાઈએ બહુ લખ્યું છે, હુકમચંદજી જયપુરવાળા. મોટો લેખ છે ભગવાનનો. આહા..! એકમાંથી બે થયો. બગડે બે. બગડ્યું બધું આત્માનું. આહાહા..! આવી વસ્તુ છે.

આચાર્ય મહારાજ કહે છે, જુઓ! ઈ પાઠ છે ને. ૧૨૨. આહા..!

૨૫૨) जोणि-लक्खइँ परिभमइ अप्पा दुक्खु सहंतु।

पुत्त-केलत्तहिँ मोहियउ जाव ण णाणु महंतु।।१२२।।

આહાહા..! એ પુત્ર, કલત્ર આદિ. કલત્ર આદિ નામ વેવાઈ. દીકરાના સાસરા ને દીકરીના સાસરા ને દીકરીનો વર એમાં મોહિત થઈ ગયો બિચારો. આહાહા..! સલવાણો. સાંગો સલવાઈ ગયો. આ સુમનભાઈનું રામજીભાઈ કહેતા હતા ને, આઠ હજારનો પગાર, સવારથી સાંજ સુધી ન્યાં મજૂરી (કરે). થઈ રહ્યું, આવડી નોકરી આઠ હજારની શું કામની? બપોરે આહાર કરવા આવે પછી વયો જાય, થઈ રહ્યું જાઓ. એનો માણસ એવો છે જરી. શું છે? છે કાંઈ? હેં?

મુમુક્ષુ :— આપ ગાથા ફરીને બોલ્યા ને, તો એ એમ સમજ્યા કે ગાથા પૂરી થઈ ગઈ.

ઉત્તર :— ના, ના. પૂરી ક્યાં થઈ છે? મેં તો આ જે વંચાય છે એનું મૂળ કહ્યું કે આ મૂળનું આ છે. ઈ બતાવ્યું મેં તો. '**जोणि-लक्खइँ परिभमइ**' ચોર્યાશી લાખ યોનીમાં ભટકે છે. '**अप्पा दुक्खु सहंतु**' આ તો આચાર્યના શબ્દો. આત્મા દુઃખને સહન કરતો થકો ચાર ગતિમાં ભમે છે. '**पुत्त-केलत्तहिँ मोहियउ**' પુત્ર ને સ્ત્રી આદિમાં મોહીયો. '**जाव ण णाणु महंतु**' ત્યાં સુધી સ્વરૂપ તરફનું જ્ઞાન એને થતું નથી. આહાહા..! આ આચાર્યના વચનો કહ્યા. આ પ્રમાણે ટીકા છે, એમ. સમજાણું કાંઈ?

'**ઉનસે મોહિત હૈ,...**' આહાહા..! '**તબ તક અજ્ઞાની હૈ,...**' આહાહા..! દેહસંબંધી પુત્ર, સ્ત્રી, કુટુંબ. આહાહા..! સારો નોકર હોય. બે હજારનો પગાર આપતા હોય અને પચાસ હજાર પેદા કરતો હોય. આહાહા..! અરે! શું છે પ્રભુ? એ દેહસંબંધીના બધા સગાવ્હાલા એ તો આજીવિકાની ધુતારાની ટોળી તને મળી છે. આહાહા..! પેલું નહોતું કહ્યું હમણા એક ફેરી? દુકાન ઉપર વાંચ્યું હતું. 'સહજાનંદી રે આત્મા સૂતો કંઈ નિશ્ચિંત રે, મોહ તણા રે રણિયા ભમે'. ચાર સજ્ઝાયમાળા છે, દુકાન ઉપર બધી વાંચી હતી નાની ઉંમરમાં. (સંવત) ૧૯૬૦. દીક્ષા લીધા પહેલા. એમાં આ એક સ્તવન છે મોટું. 'સહજાનંદી રે આત્મા.' ભગવાન તું તો સ્વાભાવિક આનંદસ્વરૂપ છો ને નાથ! 'સૂતો કંઈ નિશ્ચિંત રે...' અરે! તું નિશ્ચિંત થઈને સૂઈ ગયો રાગના અજ્ઞાનમાં. 'મોહ તણા રે રણિયા ભમે'. મોહનું દેણું માથે, ચોર લુટારા ફરે છે. 'જાગ જાગ મતિવંત રે, લૂંટે જગતના જંત રે, નાખી વાંક અનંત રે..' વાંક કરે, બાયડી કહે, શું કરવા પરણ્યા હતા? જુવાન અવસ્થા છે, વૃદ્ધાને પરણવું હતું ને. જુવાન અવસ્થામાં તમે આમ ના પાડો. એમ કહે અંદર મોઢે ચોપડે. બધું સાંભળ્યું છે અને કાગળો વાંચ્યા છે એવા બધા. સમજાણું કાંઈ? જેના ઉપર કાગળ આવ્યો હતો એ અહીં બેઠા છે. નામ ન લેવાય. સમજાણું કાંઈ? એ શાંતિભાઈ! એ તો બાળબ્રહ્મચારી છે. આહાહા..! 'નાખી વાંક અનંત રે, લૂંટે જગતના જંત રે.' જગતના પ્રાણી તને લૂંટે છે. મારા મારા કરીને મારી નાખશે તને. 'વિરલા કોઈ ઉગરંત રે..' આ શબ્દ છે. 'નાખી વાંક અનંત રે, લૂંટે જગતના જંત રે, વિરલા કોઈ ઉગરંત રે..' વિરલ પ્રાણી એમાંથી કોઈ ઉગરી જાય છે. આહાહા..!

સર્પની સર્પણી જ્યારે ઈંડા મૂકે ત્યારે ગોળ કરીને મૂકે આમ. એમાંથી ઘણા બધા ખાઈ જાય. કો'ક નીકળી ગયો તો નીકળી ગયો, નહિતર સર્પણી ખાઈ જાય. સાંભળ્યું છે? સર્પ, સર્પણી. અહીં

દેખો ને, આપણે અહીં થયું હતું. દેરાસરની પાછળ. એક કૂતરી છે ને, ચાર બચ્ચા જન્મી ચાર. હવે કાંઈ તે વખતે કોઈ નહિ એટલે બે બચ્ચા કૂણા હતા ઈ એમ ને એમ ખાઈ ગઈ. બે બચ્ચા કૂતરીના બચ્ચા ખાઈ ગઈ. ભૂખ લાગી હતી. વળી ભીખાભાઈ આવ્યા ને જોયું તો અરે! એટલે તેલને શીરો કરીને લઈ આવ્યા.

મુમુક્ષુ :— પહેલા શીરો મળી જાત તો..

ઉત્તર :— ન્યાં ક્યાં હતો શીરો? ન્યાં કોણ આપતો હતો ન્યાં? આહાહા..! આ તો બે કૂતરીના બચ્ચા. શું કહે છે એને? પિલ્લા ખાઈ ગઈ ઈ. આહા..! માતા જન્મીને ખાઈ ગઈ. એમ સર્પણી, સમજાણું કાંઈ? જન્મીને ખાઈ જાય છે. એમ ઉત્સર્પિણી અને અવસર્પિણી. આ તો સર્પણીનું પાછું અહીં ઉતારવું છે. ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં જે જન્મે છે, એમાં મરી જાય છે, ખાઈ જાય છે કાળ. આહાહા..!

મુમુક્ષુ :— બહાર નીકળી નીકળીને અહીં એકઠા થયા છીએ.

ઉત્તર :— એમાંથી ક્યાં નીકળ્યા છે, અંદરથી નીકળે ત્યારે કહેવાય. રાગમાંથી નીકળે તો નીકળ્યો કહેવાય.

મુમુક્ષુ :— રાગમાંથી નીકળવા માટે તો આવ્યા છીએ.

ઉત્તર :— આવ્યા પણ નીકળે ત્યારે ને. આ તો એમ કહે છે, ત્યાંથી નીકળ્યા માટે અવસર્પિણીમાંથી નીકળ્યા છીએ એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

આ ભગવાનઆત્મા સહજાનંદસ્વરૂપ પ્રભુ! આહાહા..! સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાનઆત્મા તો છે. સત્ શાશ્વત ચિદ્ જ્ઞાન અને આનંદ. 'સહજાનંદી રે આત્મા સૂતો કંઈ નિશ્ચિંત રે...' પ્રભુ! તું ક્યાં સૂતો છો? રાગ અને દ્વેષ ને મિથ્યાભ્રાંતિમાં સૂઈ રહ્યો છે. આહાહા..! જગત તો તને લૂંટશે. આહાહા..! આ અમારા ધણી છે ને આ અમારા પતિ છે ને આ મારી પત્ની છે, એકબીજા લૂંટારા છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ઘર ભાંગી નાખવાની વાત છે.

ઉત્તર :— ઘર ભાંગી નાખવાની જ વાત છે અહીં. 'કબહુ કબહુ ન નિજઘર આયે, અબહુ કબહુ ન નિજઘર આયે રે, અબહુ કબહુ ન નિજઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે.' હું આની પત્ની છું ને આ મારો પતિ છે ને આ મારો દીકરો છે ને આ મારો બાપ છે એવા નામ અજ્ઞાનમાં ધરાવ્યા. આહાહા..! 'પરઘર ભમત અનેક નામ ધરાયે, અબ હમ કબહુ ન નિજઘર આયે'. સહજાનંદ ભગવાનમાં—નિજઘરમાં આવ્યો નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયા તો કહે છે કે '**ઉનસે મોહિત હૈ,...**' આહાહા..! મારો પિતા ને મારી માતા ને મારો બાપ ને મારો દીકરો ને મારી સ્ત્રી એમાં મોહિત છે. '**તબ તક અજ્ઞાની હૈ,...**' આહાહા..! '**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનસે રહિત હૈ...** ' અજ્ઞાન સહિત છે. આહાહા..! અને '**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનસે રહિત હૈ...** ' આહાહા..! પોતાનો ભગવાનઆત્મા

વીતરાગમૂર્તિ પ્રભુ એનું સ્વ—પોતાનું સંવેદન—પ્રત્યક્ષ. આહાહા..! વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન. સ્વ—પોતાનું, સં—પ્રત્યક્ષ, વેદન—જ્ઞાનથી રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ? વાત તો આવી છે ભાઈ! આહાહા..! '**વહ જ્ઞાન મોક્ષકા સાધન હૈ,...**' લ્યો. આ જ્ઞાન—'**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનસે રહિત હે, વહ જ્ઞાન મોક્ષકા સાધન હૈ,...** ' જ્ઞાન શબ્દે દર્શન, ચારિત્ર આવી ગયા એમાં. સમજાણું કાંઈ? આહાહા..! 'ર'ને ઠેકાણે ત્યાં 'સ' જોઈએ. પાઠમાં ઈ છે ને. સુખસહિત છે પછી વિલક્ષણ શરીરાદિ... '**मोक्षलक्षणस्यार्थस्य साधकत्वाद्वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानं**' ત્યાં તો સહિત છે હોં! સહિત છે ને અંદર? સહિત શબ્દ નથી પણ સહિત જોઈએ. '**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનસે સહિત હૈ, વહ જ્ઞાન મોક્ષકા કારણ હૈ,...**' સમજાણું કાંઈ? પાઠમાં છે ને? '**निर्विकल्पस्वसंवेदनज्ञानं महद्**' મહાજ્ઞાન એને કહે છે. આહાહા..! સંસારીજ્ઞાન બધા ડોક્ટરના ને વકિલના ને બધા અજ્ઞાન કુજ્ઞાન છે. આહાહા..! વીતરાગ સ્વસંવેદનજ્ઞાન આહાહા..! એ સહિત આત્મા '**વહ જ્ઞાન મોક્ષકા સાધન હૈ,...**' સમજાણું કાંઈ? શાસ્ત્રજ્ઞાન પણ નહિ. આહાહા..!

મુમુક્ષુ :— રહિત ભૂલથી છપાઈ ગયું છે.

ઉત્તર :— એ તો છપાઈ ગયું, થઈ જાય. સહિત જોઈએ. સહિત સહિત. એ તો એણે નાખ્યું, અજ્ઞાની છે ને, એ વીતરાગી નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનથી રહિત છે અજ્ઞાની એમ લીધું. પણ એમ નહિ, આ ઠીક છે.

વીતરાગ નિર્વિકલ્પ પોતાનો સ્વભાવ સ્વસંવેદન પોતાના પ્રત્યક્ષ વેદન એવા જ્ઞાનથી સહિત છે '**વહ જ્ઞાન મોક્ષકા સાધન હૈ,...**' આહાહા..! એ જ્ઞાન મોક્ષનું સાધન છે. નિજ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા એનું જ્ઞાન. જ્ઞાનનું જ્ઞાન. શરીર, રાગ, નિમિત્તનું જ્ઞાન, પરનું જ્ઞાન એ નહિ. જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા એનું સ્વસંવેદનજ્ઞાન એ જ મોક્ષનું સાધન છે. આહાહા..! એ જ્ઞાન મોક્ષનો ઉપાય છે. સમજાણું કાંઈ? '**જ્ઞાન હી સે મોક્ષકી સિદ્ધિ હોતી હૈ.** ' એમ કેમ કહે છે? જ્ઞાનમાં દર્શન, ચારિત્ર ત્રણે આવી જાય છે. આત્માથી જ મોક્ષની સિદ્ધિ થાય છે. આહાહા..! વ્યવહાર વિકલ્પ આદિ છે એનાથી મોક્ષની સિદ્ધિ થતી નથી એ વાત સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાન હી...**' જુઓ, એકાંત કર્યું. નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર '**હી સે મોક્ષકી સિદ્ધિ હોતી હૈ.**' 'જ' નાખ્યો છે ત્યાં એકાંત થઈ ગયું. એકાંત જ છે. શ્રીમદ્દે ન કહ્યું? અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ (ઉપકારી નથી). અન્ય હેતુથી નથી. આહાહા..! નિજપદની પ્રાપ્તિ આમ એકાંત. અનેકાંત પણ નિજપદની પ્રાપ્તિનો નિજ હેતુ છે. બાકી અન્ય હેતુએ હેતુ નથી, સાધન નથી. આહાહા..! આ તો 'જ' નાખ્યો છે ને. આમેય થાય, નિશ્ચયમોક્ષમાર્ગથી પણ મુક્તિ થાય છે, કથંચિત્ વ્યવહારથી પણ થાય છે તો અનેકાંત થાય છે. એ અનેકાંત ન થયો, એ તો ફૂદડીવાદ થયો.

અનેકાંત તો એ છે, પોતાના આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી જ મોક્ષની સિદ્ધિ (થાય છે), વ્યવહારથી નહિ એ અનેકાંત છે. આહાહા..! આ મોટી તકરાર છે ને અત્યારે. સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ એના વીતરાગી સ્વસંવેદનજ્ઞાનથી જ મુક્તિ થાય છે, વ્યવહારથી નિમિત્તથી નથી થતી એનું નામ અનેકાંત છે. આ તો અનેકાંત એવી રીતે લગાવે છે કે નિશ્ચયથી પણ થાય અને વ્યવહારથી પણ થાય. શબ્દ ઘણા આવે છે ને? ભિન્ન સાધ્યસાધન. શાસ્ત્રમાં બહુ આવે છે. દ્રવ્યસંગ્રહમાં, કળશટીકામાં, આ સમયસારની જયસેનાચાર્યની ટીકામાં તો ઘણું આવે, વ્યવહાર અને નિશ્ચય. વ્યવહારથી નિશ્ચય થાય છે, લ્યો એવું આવે ત્યાં. એ તો વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે, વ્યવહારનું જ્ઞાન કરાવ્યું. બસ, બીજી વાત નથી. શાસ્ત્રના અર્થ કરવામાં પણ ઊંધાઈ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આત્માના આશ્રયે મોક્ષમાર્ગ થાય.

ઉત્તર :— આત્માના આશ્રયે મોક્ષમાર્ગ થાય, એનાથી મુક્તિ (થાય). રાગથી નહિ, વ્યવહારથી નહિ. આહાહા..! છતાં સ્યાદ્વાદ કથનમાં એમ આવે છે. નિશ્ચય અને વ્યવહાર બે મોક્ષના માર્ગ છે. તો માર્ગ બે નથી, માર્ગ તો એક જ છે. ત્યારે ઓલા કહે છે ને, બે માર્ગ ન માને એ ભ્રમમાં પડ્યા છે. આ કહે કે બે માર્ગ માને એ ભ્રમમાં છે. અરે! ભગવાન બાપુ! તારા સ્વ આશ્રયના હિતની વાતમાં તને 'જ' ન લાગે તો ક્યાં લાગે? આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા આનંદ પવિત્ર જ્ઞાનસ્વરૂપી.. ઘણે ઠેકાણે તો એ જ આવે છે, જ્ઞાન એટલે આત્મા, જ્ઞાન એ આત્મા. સમયસારમાં એ (આવે છે). જ્ઞાન તે આત્મા, અનંતગુણ પણ આત્મા. પણ જ્ઞાનની મુખ્યતાથી જ્ઞાન તે આત્મા એમ કહેવામાં આવ્યું છે. એમાં પણ જે સ્વનું જ્ઞાન થયું, જ્ઞાનનું જ્ઞાન. જે જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા એની સન્મુખતાથી જે જ્ઞાન (થયું), જ્ઞાનમાંથી જ્ઞાન આવ્યું એ જ્ઞાન મોક્ષનું સાધન છે. આહાહા..! એ વાત છે ભાઈ! બાકી તો અગિયાર અંગ ને નવ પૂર્વ ભણ્યો ઈ જ્ઞાન નહિ. '**ઈસલિયે હમેશા...**' ભાષા છે ને? '**निरन्तरं भावनीय**' એમ છે ને? જુઓ! '**ज्ञानं महदित्युच्यते। तेन कारणेन तदेव निरन्तरं भावनीयमित्यभिप्रायः**'. સંસ્કૃત, સંસ્કૃત. '**હમેશા જ્ઞાનકી હી ભાવના કરની ચાહિયે.**' આહાહા..! ધર્મીને તો કાયમ ભગવાનઆત્માની જ મુખ્યતા દૃષ્ટિમાં છે. કાયમ. આહાહા..!

વળી કોઈ એમ કહે છે, ભૂતાર્થ એ સત્ય છે અને અભૂતાર્થ પણ સત્ય છે. પણ અભૂતાર્થ સત્ય છે અને ભૂતાર્થ અસત્ય છે એની અપેક્ષાથી. એમ કોઈ કહે છે. શું કહ્યું? ભૂતાર્થ જે ત્રિકાળી વસ્તુ ભગવાનઆત્મા સત્ય છે એ અપેક્ષાથી પર્યાય અસત્ય છે. પણ પર્યાય સત્યની અપેક્ષાથી ભૂતાર્થ તે અસત્ય છે એમ નથી. એ પાઠમાં આવ્યું છે. એ જાણવાની અપેક્ષાએ, આદરવાની અપેક્ષાએ વાત નથી. મનોહરલાલ વર્ણીએ નાખ્યું છે, ખબર છે. સમજાણું કાંઈ? જ્યારે તમે એમ કહો કે ત્રિકાળી ભગવાન પરમાનંદસ્વરૂપ જ સત્યાર્થ છે તો એ અપેક્ષાથી પર્યાય, રાગાદિ અસત્યાર્થ થઈ ગયા. તો અમે તો કહીએ છીએ કે જ્યારે પર્યાય ને રાગને સત્યાર્થ કહીએ તો એની અપેક્ષાથી આ

અસત્યાર્થ થઈ ગયું. આની અપેક્ષાએ આ અસત્યાર્થ, એની અપેક્ષાએ આ અસત્યાર્થ. એમ ક્યારેય નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ તો જાણપણું કરવું હોય તો દ્રવ્યની મુખ્યતા, પર્યાયની ગૌણતા. પર્યાયની મુખ્યતા, દ્રવ્યની ગૌણતા એ તો જ્ઞાન કરવા માટે, જાણવા માટે. સાધન જે છે એને માટે એ નથી. આહાહા..! ક્યાં ફેર પડે છે એ (ખબર નથી). પુરુષાર્થસિદ્ધિમાં આવે છે ને? બે દોરીથી ખેંચે. એક ખેંચે ને એક ઢીલી મૂકે. એમ વ્યવહારની મુખ્યતા કરે ત્યારે નિશ્ચયને ગૌણ કરી દયે, નિશ્ચયની મુખ્યતા કરે તો વ્યવહારને ગૌણ કરે. એ તો જ્ઞાન—જાણવાની અપેક્ષાથી વાત છે. સાધકની અપેક્ષાએ કદી જ્ઞાયકભાવ મુખ્ય અને ગૌણ થાય એમ બનતું નથી. મુખ્યતા કાયમ રહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

તેથી સરવાળો કહ્યો ને? **'હમેશા જ્ઞાનકી હી ભાવના કરની ચાહિયે.'** **'જ્ઞાનકી હી...'** પાછું જોયું? આહાહા..! કાયમ ભગવાનઆત્માની ભાવના કાયમ મુખ્યપણે કરવી જોઈએ. આહાહા..!

મુમુક્ષુ :— ભાવનામાં એમ જાણવું કે...

ઉત્તર :— એકાગ્રતા. ભાવનાનો અર્થ શું?

મુમુક્ષુ :— એમ ભાવના ભાવે કે, અમને જ્ઞાન થઈ જાય, જ્ઞાન થઈ જાય?

ઉત્તર :— એ ભાવના છે? એ ભાવના તો વિકલ્પ છે. એ દરકાર કરી નથી. પૈસા થઈ જાય, પૈસા થઈ જાય એમ ગોખતા હતા. પૈસા માટે તો અંદર મહેનત કરતા હતા. સાયકલ ઉપર ફરી ફરીને ચારે કોર ઝપાટા બોલાવતા હતા. ઘરાક બનાવવા છે ને, ફલાણું કરવું છે. ઈ સાંભળ્યું છે, કોઈ કહેતા હતા. ભગવાનદાસ પહેલા બહુ મહેનત કરતા હતા. સાઈકલ લઈને ફરે. આહાહા..! એ મહેનત કરી, પાપની મહેનત હતી. શેઠ! આહાહા..!

આ શબ્દમાં શું છે? **'ઈસલિયે હમેશા...'** સદાય **'જ્ઞાનકી હી...'** પોતાના મુખ્ય દ્રવ્યની દૃષ્ટિમાં એની ભાવના કાયમ રાખવી. આહા..! પર્યાયની ને નિમિત્તની ભાવના મુખ્ય કરવી નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં કહ્યું ને? મુખ્ય તે નિશ્ચય. નિશ્ચય તે મુખ્ય એમ નહિ. નહિતર દ્રવ્ય, ગુણ અને પર્યાય નિશ્ચય છે, સ્વ છે. પરને વ્યવહાર કહીએ. સાતમા અધ્યાયમાં આવ્યું ને? સાતમી ગાથામાં. પર્યાય તો પોતાની છે એને તમે વ્યવહાર કેમ કહો છો? ભેદ પણ પોતાના છે એને વ્યવહાર કેમ કહો છો? વ્યવહાર તો પરદ્રવ્યને વ્યવહાર કહીએ. સાતમી ગાથામાં. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! તારી વાત સાચી છે એ અપેક્ષાથી, પણ અહીંયા બીજી વાત છે એમ કહે છે. સમજાણું કાંઈ? જ્યારે ભેદ ઉપર લક્ષ જશે તો એને રાગ ઉત્પન્ન થશે. સમજાણું કાંઈ? એ અપેક્ષાએ ભેદને ગૌણ કરીને, ભેદને, પર્યાયને અવસ્તુ કહીને. પણ અવસ્તુ તો પરવસ્તુ પોતાની અપેક્ષાએ અવસ્તુ છે. પણ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય પોતાની અપેક્ષાએ વસ્તુ છે. વાત બરાબર છે, પણ સાંભળ તો ખરો. સાતમી (ગાથા)માં આવ્યું છે ને ભાઈ? આહાહા..!

અહીંયા તો પર્યાય ને ભેદને ગૌણ કરીને રાગી પ્રાણી છે, જ્યાં સુધી રાગ રહે છે ત્યાં સુધી ભેદ ઉપર લક્ષ જશે તો રાગ ઉત્પન્ન થશે. આહાહા..! આ તો હમેશા આ ભાવના ભાવવી એમ લખ્યું

છે ને, એમાં આ ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગી પ્રાણી છે એથી ભેદ ઉપર લક્ષ જશે તો (રાગ થશે). ભેદ ઉપર લક્ષ જશે એટલે રાગ થશે એમ નહિ. કારણ કે ભેદ ઉપર લક્ષ જાય અને રાગ થાય તો કેવળીને ભેદ ને બધાને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ તું રાગી છે એ વાત ત્યાં લીધી છે. રાગી પ્રાણી છે તો રાગને કારણે ભેદ ઉપર લક્ષ જશે તો તને રાગ ઉત્પન્ન થશે. તો જ્યાં સુધી પૂર્ણતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દ્રવ્યને મુખ્ય કરીને ત્યાં સાધન કરવું એમ કહ્યું છે. એને અવસ્તુ કહીને, એ વસ્તુ નથી એ અપેક્ષાએ. સમજાણું કાંઈ? છે તો વસ્તુ એની, પણ ભેદ છે અને રાગી પ્રાણી છે તો ભેદ ઉપર લક્ષ જશે તો રાગ ઉત્પન્ન થશે. આહાહા..! આ કારણે અમે એની વસ્તુ છે છતાં અવસ્તુ કહીએ છીએ. આહાહા..! ભારે વાત પણ ભાઈ. જયચંદ્ર પંડિતે ખુલાસો ઘણો કર્યો છે. આહાહા..!

મુમુક્ષુ :— ભેદનું લક્ષ નહિ, ભેદ-અભેદને એકસાથે જાણે.

ઉત્તર :— એનો આશ્રય નહિ, આશ્રયમાં નહિ. આશ્રયમાં એકલો અભેદ છે. કેમકે રાગી પ્રાણી છે અને ભેદ ઉપર લક્ષ જશે તો રાગ ઉત્પન્ન થશે. ભેદ ઉપર લક્ષ જશે એટલે રાગ જ ઉત્પન્ન થાય છે એમ સિદ્ધાંત નથી. પણ રાગી છે માટે ભેદનું લક્ષ જશે તો રાગ ઉત્પન્ન થશે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો ન્યાયમાં થોડો ફેર પડે તો આખું તત્ત્વ ફરી જાય છે એવી વાતું છે. ત્યાં એણે કહ્યું છે, અવસ્તુ તો નથી. અવસ્તુ તો એને કહીએ, પરને અવસ્તુ કહીએ. સ્વને પોતાની વસ્તુ કહીએ, પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયને સ્વને વસ્તુ કહીએ, પરને અવસ્તુ કહીએ. વસ્તુ તો એમ છે. અને તમે તો તમારા પર્યાય અને ભેદને પણ અવસ્તુ કહો છો. કઈ અપેક્ષા છે સાંભળ તો ખરો. આહાહા...! સમજાણું કાંઈ? છે ને સમયસાર?

‘**અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે,...**’ સાતમી ગાથા. પર્યાય છે એ દ્રવ્યના જ પ્રકાર છે ‘**અવસ્તુ તો નથી;...**’ આહાહા..! વાત કરે છે ને! ‘**તો તેને વ્યવહાર કેમ કહી શકાય?**’ શું કહે છે? દ્રવ્યને નિશ્ચય કહો અને પર્યાયને વ્યવહાર કહો તો પર્યાય તો વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુનો જ ભેદ છે. આહાહા..! ઝીણી વાત છે, શેઠ! સાતમી ગાથામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર વ્યવહારે છે એમ કહ્યું. છે?

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।**
**ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।**

એ તો જ્ઞાયકભાવ એકરૂપ છે. એના જ્ઞાન, દર્શન, ચારિત્ર ભેદ પાડવા પર્યાયના એ વ્યવહાર છે. ત્યારે શિષ્યનો પ્રશ્ન છે. પર્યાય તો અવસ્તુ નથી, પોતાની વસ્તુ છે ભેદાદિ, અવસ્તુ તો નથી. ‘**તો તેને વ્યવહાર કેમ કહી શકાય? તેનું સમાધાન :— એ તો ખરું છે...**’ તારી વાત સાચી છે એ અપેક્ષાએ કહ્યું. ‘**પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે.**’ આહાહા..! અરે! વાત તે વાત છે ને. ‘**અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે.**’ સારી રીતે એટલે શું? અચ્છી તરહ. ‘**તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર**

**કહ્યો છે. અહીં એવો અભિપ્રાય છે કે...'** જુઓ! '**ભેદદષ્ટિમાં નિર્વિકલ્પ દશા થતી નથી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...'** સરાગીને વિકલ્પ રહ્યા કરે છે એ શબ્દ છે અહીંયા. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. આહાહા..! દિગંબર ધર્મ જૈનધર્મ સિવાય આ વાત, એવી વાત ક્યાંય નથી. લોકોને દુઃખ લાગે, શું થાય? આહાહા..!

મુમુક્ષુ :— જાણવું દોષનું કારણ નથી, રાગ દોષનું કારણ છે.

ઉત્તર :— જાણવું દોષનું કારણ હોય તો કેવળી બધાને જાણે છે. ત્રણકાળ ત્રણલોકને જાણે છે. પણ આ રાગી પ્રાણી છે. '**સરાગીને વિકલ્પ રહ્યા કરે છે; માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી...'** ગૌણ કરીને, અભાવ કરીને નહિ. '**અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે...'** પછી બધું જોવે છે, પર્યાય દેખે, દ્રવ્ય દેખે એમાં શું? આહાહા..!

અહીંયા તો જરી આ વાત આવીને. '**વહ જ્ઞાન મોક્ષકા સાધન હૈ, જ્ઞાન હી સે મોક્ષકી સિદ્ધિ હોતી હૈ. ઈસલિયે હમેશા જ્ઞાનકી હી ભાવના કરની ચાહિયે.'** આહાહા..! કાયમ ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ છે એની મુખ્યતા રાખવી જોઈએ. આહાહા..! પર્યાયને અને રાગને ગૌણ કરી દઈને અથવા લક્ષમાં એને ગૌણ કરીને લક્ષ ધ્રુવ ઉપર લઈ જવું એ સહજ એનું જ સાધન છે આત્મા. આહાહા..! ભાઈ! આવી વાતું હવે. ઓલું તો દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા એવું સહેલુંસટ હતું. એક જણો કહેતો હતો, કીધું ને? વિરમગામનો આવ્યો હતો. અમે એવી સહેલાઈથી (બધું કરતા હતા), હવે વચ્ચે તમે માર્યું આવું લાકડું. ભંગ પાડ્યો ચાલતા સંપ્રદાયમાં. કીધું, બાપુ! માર્ગ આ છે, ભાઈ! ઈશ્વરચંદજી! આહાહા..!

'**ઈસલિયે હમેશા...'** સદા શબ્દ છે ને? નિરંતર છે ને? સંસ્કૃતમાં '**निरन्तरं**' છે. '**तेन कारणेन तदेव निरन्तरं भावनीयमित्यभिप्रायः**' 'તે જ' શબ્દ છે ને, '**एव**' છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા જ્ઞાયકસ્વભાવ છે, જ્ઞાનસ્વભાવ છે, પૂર્ણાનંદ પ્રભુ છે એવી દૃષ્ટિ કાયમ રાખીને એની એકાગ્રતા કરવી જોઈએ. સમજાણું કાંઈ? આહાહા..! પર્યાય હોવા છતાં પર્યાયને ગૌણ કરીને, છે તો પર્યાય એની વસ્તુ. અવસ્તુ તો પરદ્રવ્યને અવસ્તુ કહીએ. સ્વદ્રવ્ય પોતાની અસ્તિ અને પરદ્રવ્ય પોતાથી, પરથી નાસ્તિ, અને પર પોતાથી નાસ્તિ. તો પરને અવસ્તુ કહીએ. પણ અહીં તો પર્યાયને અવસ્તુ કહી. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે મુખ્ય દ્રવ્યની દૃષ્ટિ કરાવવા અને કાયમ જ્ઞાનસ્વભાવની એકાગ્રતા કરાવવા એ વાત કહી. આવો માર્ગ હવે. માર્ગ આવો છે, બાપા! સત્ય માર્ગ તો આ જ છે. આહાહા..! ૧૨૨ પૂરી થઈ.

ગાથા-૧૨૩

अथ हे जीव गृहपरिजनशरीरादिममत्वं मा कुर्विति संबोधयति–

२५३) जीव म जाणहि अप्पणउँ घरु परियणु तणु इट्ठु।
कम्मायत्तउ कारिमउ आगमि जोइहिँ दिट्ठु।।१२३।।
जीव मा जानीहि आत्मीयं गृहं परिजनं तनुः इष्टम्।
कर्मायतं कृत्रिमं आगमे योगिभीः दृष्टम्।।१२३।।

जीव इत्यादि। जीव म जाणहि हे जीव मा जानीहि अप्पणउं आत्मीयम्। किम्। घरु परियणु तणु इट्ठु गृहं परिजनं शरीरमिष्टमित्रादिकम्। कथंभूतमेतत्। कम्मायत्तउ शुद्धचेतनास्वभावादमूर्तात्परमात्मनः सकाशाद्विलक्षणं यत्कर्म तदुदयेन निर्मितत्वात् कर्मायत्तम्। पुनरपि कथंभूतम्। कारिमउ अकृत्रिमात् टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावात् शुद्धात्मद्रव्याद्विपरीतत्वात् कृत्रिमं विनश्वरम्। इत्थंभूतं दिट्ठु दृष्टम्। कैः। जोइहिं परमज्ञानसंपन्नदिव्ययोगिभिः। क्व दृष्टम्। आगमि वीतरागसर्वज्ञप्रणीतपरमागमे इति। अत्रेदमध्रुवव्याख्यानं ज्ञात्वा ध्रुवे स्वशुद्धात्मस्वभावे स्थित्वा गृहादिपरद्रव्ये ममत्वं न कर्तव्यमिति भावार्थः।।१२३।।

---

आगे हे जीव, तू घर, परिवार और शरीरादिका ममत्व मत कर, ऐसा समझाते हैं–

गाथा–१२३

अन्वयार्थ :— [जीव] हे जीव, तू [गृहं] घर, [परिजनं] परिवार, [तनुः] शरीर [इष्टम्] और मित्रादिको [आत्मीयं] अपने [मा जानीहि] मत जान, क्योंकि [आगमे] परमागममें [योगिभिः] योगियोंने [दृष्टम्] ऐसा दिखलाया है, कि ये [कर्मायतं] कर्मोंके आधीन हैं, और [कृत्रिमं] विनाशीक है।

भावार्थ :— ये घर वगैरह शुद्ध चेतनस्वभाव अमूर्तीक निज आत्मासे भिन्न जो शुभाशुभ कर्म उसके उदयसे उत्पन्न हुए हैं, इसलिये कर्माधीन हैं, और विनश्वर होनेसे शुद्धात्मद्रव्यसे विपरीत हैं। शुद्धात्मद्रव्य किसीका बनाया हुआ नहीं है, इसलिये अकृत्रिम है, अनादिसिद्ध है, टंकोत्कीर्ण ज्ञायक स्वभाव है। जो टाँकीसे गढ़ा हुआ न हो बिना ही गढ़ी पुरुषाकार अमूर्तीकमूर्ति है। ऐसे आत्मस्वरुपसे ये देहादिक भिन्न हैं, ऐसा सर्वज्ञकथित परमागममें परमज्ञानके धारी योगीश्वरोंने देखा है। यहाँ पर पुत्र, मित्र, स्त्री, शरीर आदि सबको अनित्य जानकर नित्यानंदरुप निज शुद्धात्म स्वभावसें ठहरकर गृहादिक परद्रव्यमें ममता नहीं करना।।१२३।।

હવે, હે જીવ! તું ઘર, પરિવાર અને શરીરાદિ ઉપર મમત્વ ન કર, એમ સંબોધન કરે છે :-

ભાવાર્થ :- ઘર, પરિજન, શરીર અને મિત્રાદિને પોતાનાં ન જાણ, કારણ કે તેઓ શુદ્ધચેતનસ્વભાવવાળા, અમૂર્ત પરમાત્માથી વિલક્ષણ જે કર્મ છે તેના ઉદયથી રચાયેલાં હોવાથી કર્માધીન છે અને અકૃત્રિમ-ટંકોત્કીર્ણ-જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા શુદ્ધ આત્મદ્રવ્યથી વિપરીત હોવાથી કૃત્રિમ-વિનશ્વર છે, એવું પરમજ્ઞાનસંપન્ન દિવ્ય યોગીઓએ વીતરાગસર્વજ્ઞપ્રણીત પરમાગમમાં જોયું છે.

અહીં આ, અધ્રુવપણાનું વ્યાખ્યાન જાણીને ધ્રુવ એવા સ્વશુદ્ધાત્મસ્વભાવમાં સ્થિત થઈને ગૃહાદિ પરદ્રવ્યમાં મમત્વ ન કરવું જોઈએ, એવો ભાવાર્થ છે. ૧૨૩.

## ગાથા-૧૨૩ ઉપર પ્રવચન

'આગે હે જીવ, તૂ ઘર, પરિવાર ઔર શરીરાદિકા મમત્વ મત કર,...' લ્યો. 'ઐસા સમઝાતે હૈં—'

२५३) जीव म जाणहि अप्पणउँ घरु परियणु तणु इट्ठु।
कम्मायत्तउ कारिमउ आगमि जोइहिँ दिट्ठु।।१२३।।

'जीव म जाणहि अप्पणउँ' કોણ? હે જીવ! ઘર પોતાનું ન જાણ. પરિજન, તનુ એટલે શરીર. 'इट्ठु' ઈષ્ટ એ બધું તારું નહિ. આહાહા..! 'कम्मायत्तउ कारिमउ' એ કર્મની બધી, કર્મના નિમિત્તના બધા પથારા છે. એ કર્મની સેનાના બધા પથારા છે. તારા નહિ, ભગવાન! આહાહા..! આ શું કરવું? છોકરાઓ, છતા છોકરાને ઉડાડી દેવા કે મારા નહિ. આહાહા..! 'आगमि जोइहिँ दिट्ठु'. આહાહા..!

અન્વયાર્થ :— 'હે જીવ, તૂ ઘર, પરિવાર,...' કુટુંબ, સ્ત્રી આદિ. 'શરીર...' 'इष्टम्' 'ઔર મિત્રાદિકો...' 'आत्मीयं मा जानीहि' 'અપને મત જાન,...' આહાહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર, દીકરા, દીકરી, દુકાન બધા અને મિત્ર આત્મીય ન જાણ, 'आत्मीयं मा जानीहि' પોતાપણે ન માન. આહાહા..! 'ક્યોંકિ પરમાગમમેં યોગિયોંને ઐસા દિખલાયા હૈ, કિ યે કર્મોંકે આધીન હૈં,...' સબ પ્રાણી. એ કર્મના પથારા છે, એ તારું સ્વરૂપ નહિ. આહાહા..! 'ઔર વિનાશીક હૈ.' આહાહા..! કર્મના સંયોગે ચીજ આવી, વિનાશીક નાશવાન છે. આહાહા..! અને એ કુટુંબ, દીકરા, દીકરીઓ જે મરી જાય પોતે ત્યારે રોવે છે, એ રોવે છે એ કંઈ મરીને તું ક્યાં ગયો એને માટે નથી રોતા. તું મરીને ઢોરમાં જા એમાં અમારે શું છે? અમારી સગવડતા જાય છે માટે અમે રોઈએ છીએ. આહાહા..! ગજબ છે ને સ્વાર્થ!

મુમુક્ષુ :— લોકોને દેખાડવા રોવે.

ઉત્તર :— ઈ વળી બહારમાં કરે. આહા..! દડવામાં એક ફેરી હતા, દડવામાં. કોઈ મરી ગયું હતું. કૂટનારી બાઈ લાવ્યા હતા, કૂટનારી હોય ને. ઈ બોલતી હતી અને હાથ બહુ ઉપાડે નહિ કૂટવાના, એટલે કહે, આ લાકડું મરી ગયું છે? લાકડું પડ્યું છે? કેમ હાથ ઉપડતો નથી? લાકડું ભાંગ્યું છે આ? આ બરાબર સાંભળ્યું હતું. (સંવત) ૧૯૭૮ની વાત છે. હાથેય ઉપડતો નથી આમ છાજિયા લેવા? આહાહા..!

મુમુક્ષુ :— કૂટી મરો.

ઉત્તર :— કૂટી મરો. આહાહા..! એક ફેરી દામનગર, દામોદર શેઠનું ... હતું. મરી ગયો છ મહિનાના લગને. છ મહિનાના લગને. મોટો છોકરો. પછી એની માં હતા ત્યાંના લીંબડીના દિવાન વજુભાઈના. એ બધા આવ્યા. મરી ગયો એટલે આવ્યા. આવ્યા અને સાથે લાંઘ્યું લાવ્યું. રાજની રોનારી લાંઘ્યું સાથે (લાવ્યા). અને દામનગરમાં પેઠા અને રોવરાવે રોવરાવે.. દામોદર શેઠ કઠણ હતા પણ તે દિ' સાંભળતા મને બહુ આંસુ આવી ગયા. એવી લાંઘ્યું લઈને પેઠા અને રોવરાવે રોવરાવે. ઓહોહો..! દામોદરશેઠ કઠણ હતા પણ તે દિ' સાંભળતા મને બહુ આંસુ આવી ગયા. એવી લાંઘ્યું સમજો છો? એવી પીટનારી બાયું હોય. .. બાયું. રોવે ને? શું કહે છે તમારી ભાષા? જ્યારે આવે ને ગામમાં? હેં? એવું રોવરાવે.. આહાહા..! શેઠિયાના ઘર ને ન્યાં શેઠિયાને ત્યાંથી આવેલી. આહાહા..! ધૂળે ધૂળમાં કાંઈ ન મળે. આહાહા..! એ બધા સ્વાર્થના સગા છે. હે યોગી! બધા નાશવાન છે. ભાવાર્થ કહેશે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, પોષ વદ ૧૧, રવિવાર
## તા. ૧૬-૧-૧૯૭૭, ગાથા-૧૨૩, ૧૨૪, ૧૨૫, પ્રવચન નં. ૧૮૭

લેવું હતું ઈ કે વ્યવહારરત્નત્રય જે છે ને, એનો આ દ્રવ્ય-ગુણમાં અત્યંત અભાવ છે. સમજાણું? આ તો વાંધો કાઢે છે ને, એના બધા વિચાર. વ્યવહારરત્નત્રય છે તે રાગ છે. એ દ્રવ્યમાં અને ગુણમાં એનો અત્યંત અભાવ છે. અધ્યાત્મમાં. અત્યંત અભાવ છે એ વ્યવહારરત્નત્રય નિશ્ચયને પ્રાપ્ત કરાવે શી રીતે?

મુમુક્ષુ :— એ તો નિમિત્તનું કથન છે.

ઉત્તર :— એ તો નિમિત્ત છે એક વસ્તુ, નિમિત્ત કાર્ય કરે છે એમ નથી. ઝીણી વાતું બહુ.

પરમાત્મપ્રકાશ, ૧૨૩ ગાથા એનો ભાવાર્થ. 'યે ઘર વગૈરહ...' લ્યો શેઠ! આ તમારા ઘર છ-છ લાખના.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— તમે રહો છો ને ત્યાં અંદર.

મુમુક્ષુ :— બધાના આવી ગયા ને. એના એકના નહિ.

ઉત્તર :— એનું મુખ્ય કહેવાયને. શેઠિયાઓનું કહેવાય, બીજા તો પછી લેવાય પાછળ. આ શેઠિયા બેઠા મોઢાઆગળ. એને બે કરોડનું સ્ટીલ હતું તે દિ'. આ ભભૂતમલ, ઓળખોને? બેંગલોર. કહે છે કે એ ઘર.. શબ્દ છે ને? '**ઘર વગૈરહ...**' આ શું છે ભાઈ? સંસ્કૃત ટીકામાં આ બાજુ. '**वरि वरं**' છે પહેલી લીટી ૧૨૪માં? ૧૨૪ ગાથા પહેલી લીટી સંસ્કૃત. '**वरि वरं**' એટલે શું? '**वरि वरं**'.

મુમુક્ષુ :— '**वरं**' એટલે કિન્તુ.

ઉત્તર :— કિન્તુ? ઠીક. એ બેઠુ નહિ બરાબર.

અહીંયાં શું કહે છે? કે ઘર, લક્ષ્મી, પુત્ર, સ્ત્રી, કુટુંબ આદિ બધા '**શુદ્ધ ચેતનસ્વભાવ અમૂર્તિક નિજ આત્માસે ભિન્ન...**' છે. આહાહા..! ભભૂતમલજી! એના માટે આખો દિ' પાપ કરે છે, એમ કહે છે. આહાહા..! '**ઘર વગૈરહ શુદ્ધ ચૈતન્યસ્વભાવ અમૂર્તિક નિજ આત્મા...**' જોયું પાછું? આત્મા કેવો છે એનું પણ વર્ણન કર્યું. ચૈતન્યસ્વભાવ અમૂર્તિક નિજઆત્મા. આહાહા..! સમજાણું કાંઈ? '**શુભાશુભ કર્મ ઉસકે...**' આત્માથી ભિન્ન શું? શુભાશુભ કર્મ. '**ઉસકે ઉદયસે ઉત્પન્ન હુએ હૈં,...**' કર્મના ઉદયથી એ બધી સામગ્રી, કુટુંબ, ઘર, સ્ત્રી, પૈસા આદિ થયા છે. એ કંઈ તારાથી થયા નથી અને તારામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

પરમાત્મપ્રકાશ ગ્રંથ છે ને. તો પરમાત્મપ્રકાશ તો ચૈતન્યસ્વરૂપ પરમાત્મા છે આત્મા. એનાથી ભિન્ન જે કર્મ છે, એ કર્મથી મળેલી એ બધી સામગ્રી છે, એ કંઈ તારી સામગ્રી નથી. આહાહા..!

મુમુક્ષુ :— એની નથી તો એની પાસે કેમ આવી?

ઉત્તર :— પાસે ક્યાં, પાસે તો અહીં આકાશ આદિ બધું પાસે છે, એટલે? જ્યાં આત્મા છે ત્યાં આકાશ છે, ધર્માસ્તિ આદિ બધું સાથે એક પ્રદેશમાં છે. ચંદુભાઈ! છે કે નહિ? પાસે છે માટે શું એનું થઈ ગયું? ઓલો લક્ષ્મી તો હજી બહુ દૂર છે. અહીં તો આત્મા છે ત્યાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, અનંત પરમાણુ એના પ્રદેશમાં પડ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

પરમાત્મા પોતાનો ચૈતન્યસ્વભાવ અમૂર્તિક એ નિજઆત્મા એ પરમાત્મા પોતાનો હોં! એનાથી '**ભિન્ન જો શુભાશુભ કર્મ ઉસકે ઉદયસે ઉત્પન્ન હુએ હૈં, ઈસલિયે કર્માધીન હૈં,...**' એ તો કર્માધીન ચીજ છે. કર્મ ફરે તો નાશ થઈ જાય, વયા જાય. આહાહા..! સમજાણું કાંઈ? '**ઔર વિનશ્વર હોનેસે શુદ્ધાત્મદ્રવ્યસે વિપરીત હૈં.**' એ બધા વિનશ્વર છે. લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, ઘર, મકાન આદિ આહાહા..! એ તો વિનશ્વર નાશ થવાથી શુદ્ધાત્મદ્રવ્યસે.. ભગવાનઆત્મા શુદ્ધાત્મા પવિત્ર પિંડ પ્રભુ એનાથી તે બધું વિપરીત છે.

મુમુક્ષુ :— પાનું ફેર છે.

ઉત્તર :— પાનું આવ્યું.. ૧૨૩ ગાથા હિન્દી હિન્દી.

'**શુદ્ધાત્મદ્રવ્ય કિસીકા બનાયા હુઆ નહીં હૈ,...**' શું કહે છે? ઓલા તો કર્મને કારણે

મળેલી ચીજ છે, એ કૃત્રિમ છે. આહા..! આ ભગવાનઆત્મા અકૃત્રિમ છે. કોઈથી મળેલી નથી, એ તો અનાદિઅનંત છે. આહાહા..! '**અકૃત્રિમ હૈ,...**' '**શુદ્ધાત્મદ્રવ્ય કિસીકા બનાયા હુઆ નહીં હૈ,...**' તેથી અકૃત્રિમ છે. '**અનાદિસિદ્ધ છે,...**' એ તો અનાદિનો છે. આહાહા..! '**ટંકોત્કીર્ણ જ્ઞાયકસ્વભાવ હૈ. જો ટાંકીસે ગઢા હુઆ ન હો, બિના હી ગઢી પુરુષાકાર અમૂર્તિકમૂર્તિ હૈ.**' અનંતગુણનું સ્વરૂપ, અનંતગુણનું રૂપ. આહાહા..! એક એક ગુણમાં અનંતગુણનું રૂપ, એવું અનંતગુણનું રૂપ-સ્વરૂપ ચૈતન્ય ભગવાનઆત્મા છે. આહાહા..! '**બિના હી ગઢી પુરુષાર્થ અમૂર્તિકમૂર્તિ હૈ.**' અમૂર્તિકમૂર્તિ અમૂર્તિકસ્વરૂપ. મૂર્તિ એટલે. આહાહા..! સમજાણું કાંઈ? એ ભગવાનઆત્મા અમૂર્તિકસ્વરૂપ છે.

'**ઐસે આત્મસ્વરૂપસે યે દેહાદિક ભિન્ન હૈં,...**' ભગવાનઆત્મા જે સ્વરૂપ ચૈતન્યસ્વભાવ એનાથી શરીર, કુટુંબ, સ્ત્રી આદિ બધા ભિન્ન છે. આહાહા..! એ ભિન્ન ચીજને પોતાની માનવી એ મિથ્યાત્વ અને ભ્રમ છે. સમજાણું કાંઈ? આહાહા..! '**ઐસા સર્વજ્ઞકથિત પરમાગમમેં પરમજ્ઞાનકે ધારી યોગીશ્વરોંને દેખા હૈ.**' આધાર આપે છે. આહાહા..! ભગવાન! તું ચૈતન્યસ્વરૂપ વીતરાગમૂર્તિ તારી ચીજ છે અમૂર્તસ્વરૂપ. અને આ શરીર, કુટંબ, સ્ત્રી આદિ કર્માધીન—કર્મથી ઉત્પન્ન થયેલી સામગ્રી છે. એ તારી નથી, તારામાં નથી, તું એમાં નથી. આહા..! આ વળગાડ ક્યાંથી વળગ્યો ત્યારે આ? વળગાડ નથી કહેતા? ભૂતનો વળગાડ. આ વળગાડ વળગ્યો, મારું ઘર ને મારું શરીર ને મારી સ્ત્રી. ભૂત વળગ્યું છે મિથ્યાત્વનું, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મસ્વરૂપથી તો એ ભિન્ન છે બધા શરીર, લક્ષ્મી, કુટુંબ, સ્ત્રી આદિ. '**ઐસા સર્વજ્ઞકથિત પરમાગમમેં પરમજ્ઞાનકે ધારી યોગીશ્વરોંને દેખા હૈ.**'

'**યહાં પર પુત્ર, મિત્ર...**' પુ અને મિ, એટલો ફેર છે. બાકી '**પુત્ર, મિત્ર, સ્ત્રી, શરીર આદિ સબકો અનિત્ય જાનકર નિત્યાનંદરૂપ નિજશુદ્ધાત્મ સ્વભાવમેં ઠહરકર...**' આહાહા..! નિત્યાનંદ ભગવાનઆત્મા આનંદસ્વરૂપ. આહાહા..! એ એક આનંદસ્વરૂપમાં અનંતગુણનું રૂપ અને અનંતગુણમાં આનંદનું રૂપ. આહાહા..! એવો જે ભગવાનઆત્મા નિત્યાનંદરૂપ નિજશુદ્ધાત્મા, નિત્યાનંદરૂપ નિજ શુદ્ધાત્મા. આહાહા..! એમાં સ્વભાવમાં સ્થિર થઈને. આ શું કહે છે? કે આ ભિન્ન છે, ભિન્ન છે એમ શબ્દમાં ધારણાથી નહિ, એમ કહે છે. સ્વભાવમાં સ્થિર થઈને ભિન્ન જાણ. છે ને? મમતા નહિ કરવી લખ્યું છે ને? '**ઠહરકર ગૃહાદિક...**' કુટુંબ, પૈસા, લક્ષ્મી, સ્ત્રી '**પરદ્રવ્યમેં મમતા નહીં કરના.**' અહીંયા સ્વભાવમાં સ્થિર થઈને મમતા ન કરવી. આહાહા..! મમતા ન કરે તો અહીં સ્વભાવમાં ઠરે. સ્વભાવમાં ઠરે તો મમતા ન કરે. સમજાણું કાંઈ? '**પરદ્રવ્યમેં મમતા નહીં કરના.**' એ પોતાનો સ્વભાવધર્મ એ વખતે થાય છે. આહા..!

નિત્યાનંદ પ્રભુ પોતાના સ્વભાવમાં સ્થિર થઈને, ઘર, લક્ષ્મી, સ્ત્રી આદિનું મમત્વ છોડે એને ધર્મ થાય છે. આહાહા..! અહીં તો શરીરાદિની મમતા છોડવી. એકકોર કહે કે શરીર ખલુ ધર્મસાધનમ્. ખલુ. શરીરાદ્યં ખલુ ધર્મસાધનમ્. એ તો નિમિત્તની વાત. સાધન ક્યાં? આવું પકડે કથન આવે ને.

આહા..! જે ચીજથી અભાવરૂપ તું છે, અને એ ચીજ તારાથી અભાવરૂપ છે... આહાહા..! એ તારી ક્યાંથી થઈ? સમજાણું કાંઈ? વ્યવહાર વિકલ્પ જે છે એનો પણ તારામાં અત્યંત અભાવ છે. આહાહા..! વિકલ્પ જે પર્યાયમાં ઉત્પન્ન થાય છે એનો પણ તારામાં અભાવ છે, અત્યંત અભાવ છે. તો બહારની વસ્તુનું શું કહેવું, કહે છે. આહાહા..! કઈ ચીજ મારી છે કે મમતા કરવી? પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં જામીને, સ્થિર થઈને સ્ત્રી, શરીરાદિનું મમત્વ અને એ વ્યવહારરત્નત્રયનો રાગ છે એનું પણ મમત્વ અહીંયા સ્થિર થઈને છોડી દે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! એ ૧૨૩ થઈ.

---

## ગાથા-૧૨૪

अथ गृहपरिवारादिचिन्तया मोक्षो न लभ्यत इति निश्चिनोति–

२५४) मुक्खु ण पावहि जीव तुहुँ घरु परियणु चिंतंतु।
तो वरि चिंतहि तउ जि तउ पावहि मोक्खु महंतु।।१२४।।
मोक्षं न प्राप्नोषि जीव त्वं गृहे परिजनं चिन्तयन्।
ततः वरं चिन्तय तपः एव तपः प्राप्नोषि मोक्षं महान्तम्।।१२४।।

मुक्खु इत्यादि। मुक्खु कर्ममलकलङ्करहितंकेवलज्ञानाघनन्तगुणसहितं मोक्षं ण पावहि न प्राप्नोषि न केवलं मोक्षं निश्चयव्यवहाररत्नत्रयात्मकं मोक्षमार्गं च जीव हे मूढ जीव तुहुँ त्वम्। किं कुर्वन् सन्। घरु परियणु चिंतंतु गृहपरिवारादिकं परद्रव्यं चिन्तयन् सन् तो ततः कारणात् वरि वरं किंतु चिंतहि चिन्तय ध्याय। किम्। तउ जि तउ तपस्तप एव विचिन्तय नान्यत्। तपश्चरणचिन्तनात् किं फलं भवति। पावहि प्राप्नोषि। कम्। मोक्खु पूर्वोक्तलक्षणं मोक्षम्। कथंभूतं। महंतु तीर्थंकरपरमदेवादिमहापुरुषैराश्रितत्वान्महान्तमिति। अत्र बहिर्द्रव्येच्छानिरोधेन वीतरागतात्त्विकानन्दपरमात्मरुपे निर्विकल्पसमाधौ स्थित्वा गृहादि ममत्वं त्यक्त्वा च भावना कर्तव्येति तात्पर्यम्।।१२४।।

---

आगे घर परिवारादिककी चिंतासे मोक्ष नहीं मिलती, ऐसा निश्चय करते हैं–

## गाथा-१२४

अन्वयार्थ :— [जीव] हे जीव, [त्वं] तू [गृहं परिजनं] घर, परिवार वगैरहकी [चिन्तयन्] चिंता करता हुआ [मोक्षं] मोक्ष [न प्राप्नोषि] कभी नहीं पा सकता, [ततः] इसलिये [वरं] उत्तम [तपः एव तपः] तपका ही बारम्बार [चिंतय] चिंतवन कर, क्योंकि तप से ही [महांतम् मोक्षं] श्रेष्ठ मोक्ष सुखको [प्राप्नोषि] पा सकेगा।

भावार्थ :— तू गृहादि परवस्तुओंको चिंतवन करता हुआ कर्म-कलंक रहित

केवलज्ञानादि अनंतगुण सहित मोक्षको नहीं पावेगा, और मोक्षका मार्ग जो निश्चयव्यवहाररत्नत्रय उसको भी नहीं-पावेगा। इन गृहादिके चिंतवनसे भव-वनमें भ्रमण करेगा। इसलिये इनका चिंतवन तो मत कर, लेकिन बारह प्रकारके तपका चिन्तवन कर। इसीसे मोक्ष पायेगा। वह मोक्ष तीर्थंकर परमदेवाधिदेव महापुरुषोंसे आश्रित है, इसलिये सबसे उत्कृष्ट है। मोक्षके समान अन्य पदार्थ नहीं। यहाँ परद्रव्यकी इच्छाको रोककर वीतराग परम आनन्दरुप जो परमात्मस्वरुप उसके ध्यानमें ठहरकर घर परिवारादिकका ममत्व छोड़ एक केवल निजस्वरुपकी भावना करना, यह तात्पर्य है। आत्म-भावनाके अन्य कुछ भी करने योग्य नहीं है।।१२४।।

---

હવે, ઘર-પરિવાર આદિની ચિંતાથી મોક્ષ મળતો નથી, એમ નક્કી કરે છેઃ-

ભાવાર્થ :— ઘર, પરિવાર આદિ પરદ્રવ્યને ચિંતવતો થકો તું કર્મમળરૂપી કલંકરહિત કેવળજ્ઞાનાદિ અનંતગુણ સહિત મોક્ષને પામીશ નહિ. માત્ર મોક્ષને જ પામીશ નહિ એટલું જ નહિ પણ નિશ્ચયવ્યવહારરત્નત્રયાત્મક મોક્ષમાર્ગને પણ પામીશ નહિ. તેથી તું તપશ્ચરણનું જ વારંવાર વિશેષ ચિન્તવન કર પણ બીજા કોઈનું નહિ. તપશ્ચરણના ચિંતવનથી શું ફળ થાય છે? તીર્થંકર પરમ દેવાધિદેવ આદિ મહાન પુરુષોએ આશ્રય કર્યો હોવાથી જે મહાન છે, એવા પૂર્વોક્ત લક્ષણવાળા મોક્ષને તું પામીશ.

અહીં, બાહ્ય દ્રવ્યોની ઇચ્છાના નિરોધ વડે વીતરાગ તાત્ત્વિક આનંદમય પરમાત્મરૂપ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને અને ગૃહાદિના મમત્વને છોડીને ભાવના કરવી જોઈએ, એવું તાત્પર્ય છે. ૧૨૪.

---

## ગાથા-૧૨૪ ઉપર પ્રવચન

૧૨૪. 'આગે ઘર પરિવારાદિકકી ચિંતાસે મોક્ષ નહીં મિલતી,...' આહાહા..! આખો દિ' એની ચિંતા. હેં! પોપટભાઈ! આહાહા..! 'ઐસા નિશ્ચય કરતે હૈં—'

२५४) मुक्खु ण पावहि जीव तुहुँ घरु परियणु चिंतंतु।
तो वरि चिंतहि तउ जि तउ पावहि मोक्खु महंतु।।१२४।।

ઘર અને પરિજનની ચિંતામાં તારી મુક્તિ નહિ થાય. 'तो वरि चिंतहि' 'वरि वरं'.

અન્વયાર્થ :— 'હે જીવ, તૂ ઘર, પરિવાર વગૈરહકી ચિંતા કરતા હુઆ... ' ચિંતા કરતાં કરતાં તારો મોક્ષ થશે? આહાહા..! ઘણો વખત તો માણસને એમાં જાય લ્યો. બાયડી, છોકરા, મકાન, આબરુ માટે રાગની પીંજણી પીંજે છે. રાગની પીંજણી. આને ઓળખો છો ચંદુભાઈ? બેંગલોર. કહ્યું ને હમણાં ઈ. આઠ લાખ રૂપિયા નાખ્યા એમાં. બાર લાખનું મંદિર થયું છે ને એમાં આઠ લાખ (એણે નાખ્યા છે).

મુમુક્ષુ :— મોટો ધર્મ.

ઉત્તર :— ધર્મ-બર્મ નથી એ તો એ વખતે કહ્યું હતું. એ વખતે કહ્યું હતું, ખબર છે? અને તે એમાં સોળ દિવસ અહીંયા ધ્યાનમાં રહ્યા, બે કરોડનું સ્ટીલ હતું, એની પાસે બે કરોડનું સ્ટીલ હતું. તો સોળ દિવસમાં ચાલીસ લાખ વધી ગયા. આઠ લાખ ખર્ચ્યા ને ચાલીસ લાખ વધ્યા. એના મિત્ર કહેતા હતા, આ બોલે નહિ, આ કાંઈ બોલે નહિ. પણ ઈ ઊભા હતા ને એનો મિત્ર કહેતો હતો.

મુમુક્ષુ :— મંદિર બનાવ્યું માટે.

ઉત્તર :— એ તો પુણ્યને કારણે આવ્યા. મંદિરને કારણે નહિ, મંદિરના ભાવને કારણે નહિ. આવ્યા તો શું થયું? એ તો પરચીજ છે. ક્યાં આવ્યા? આહાહા..! મારા છે એવી મમતા એની પાસે આવી. ચીજ તો ત્યાં રહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, અરે! '**હે જીવ, તૂ ઘર, પરિવાર વગૈરહ ચિંતા કરતા હુઆ મોક્ષ કભી નહીં પા સકતા, ઈસલિયે ઉત્તમ તપકા હી બારમ્બાર ચિંતવન કર.**' તપ એટલે મુનિપણું. દીક્ષા—તપકલ્યાણક આવે છે ને? એ તપ. આ અપવાસ-બપવાસની વાત નથી. અહીં તો ચારિત્ર દશા—વીતરાગી દશા એનું ચિંતવન કર. એ. તપકલ્યાણક આવે છે ને? દીક્ષાને તપકલ્યાણ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો એ છોડીને મુનિપણાનું ચિંતવન કર આનંદનું એ વાત છે. પરિવાર, ઘર આદિની ચિંતા દુઃખરૂપ છે. એનાથી તારી મુક્તિ થશે? આહાહા..! તો એની ચિંતા છોડીને આનંદસ્વરૂપ ભગવાનનું ચિંતવન કર. આહાહા..! એ તારી ચીજ તારામાં છે. આહાહા..!

એ આજે સવારે ભજન આવ્યું હતુ ને? 'તેરા પ્રભુ તેરેમેં ડોલે', ભજન આવે છે ને? 'તેરા પ્રભુ તેરેમેં ડોલે, તેરા પ્રભુ તેરેમેં બોલે.' અંદર આનંદનો નાથ પ્રભુ છે ને. આહાહા..! તારો પ્રભુ ક્યાંય બહાર ગયો નથી. આહાહા..! એ ભજન નહોતું ગાયું? એક જણો આવ્યો હતો ને બહારથી? હેં?

મુમુક્ષુ :— તેરા પ્રભુ..

ઉત્તર :— હા, એ. આહાહા..! પ્રભુ નામની એક શક્તિ છે એનામાં—ગુણ. તો એક ગુણનું અનંતગુણમાં એનું ઈશ્વરનું રૂપ છે. અનંતગુણમાં પ્રભુતાનું રૂપ અનંતપ્રભુતા છે. આહાહા..! એવી અનંત પ્રભુતાનો પિંડ પ્રભુ તારો પરમાત્મા ઈશ્વર છે એની ચિંતા કર. આહાહા..! ચિંતા શબ્દે એ તરફ ઝુકાવ કરીને સ્થિર થા. ચિંતવન એટલે વિકલ્પની વાત નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઈસલિયે ઉત્તમ તપ કા હી બારમ્બાર...**' સ્વરૂપની રમણતા, આનંદની રમણતા એ શુદ્ધોપયોગ એમાં લીન થા. આહાહા..! આ તપ એટલે આ અપવાસ કરવા ને ઈ વાત નથી, હોં! પાછું કોઈ એમ કહે. આ તપ તો આત્મા આનંદસ્વરૂપ ભગવાન એનો અનુભવ કરી પછી આનંદમાં લીન થવું એને તપનું ચિંતવન કહેવામાં આવે છે. શબ્દાર્થ કરવામાં ફેર છે. સમજાણું કાંઈ? '**ક્યોંકિ તપ સે હી શ્રેષ્ઠ મોક્ષ સુખકો પા સકેગા.**' જોયું! ચારિત્ર લેવું છે. આહાહા..! પરની મમતા રહિત અને સ્વની સ્થિરતા સહિત મોક્ષ મળશે. આહાહા..! શું કહ્યું સમજાણું? પરની મમતા રહિત

અને પોતાની સમતા સહિત, સમતા નામ વીતરાગતા ચારિત્રદશા.. આહાહા..! સમજાણું કાંઈ? એનાથી મોક્ષ મળશે. આહાહા..!

**ભાવાર્થ :--** '**તૂ ગૃહાદિ પરવસ્તુઓંકો ચિંતવન કરતા હુઆ કર્મ-કલંક રહિત કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત મોક્ષકો નહીં પાવેગા,...**' શું કહે છે? બે વાત કરી. મોક્ષની વ્યાખ્યા પણ કરી. તુ ગૃહ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી આદિનું '**ચિંતવન કરતા હુઆ કર્મ-કલંક રહિત...**' ભગવાનઆત્મા કેવલજ્ઞાન મોક્ષ એ તો કર્મ-કલંકથી રહિત '**કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત મોક્ષકો નહીં પાવેગા,...**' આહા..! '**ઔર મોક્ષકા માર્ગ જો નિશ્ચયવ્યવહારરત્નત્રય ઉસકો ભી નહીં પાવેગા.**' આહાહા..!

મુમુક્ષુ :— નિશ્ચય-વ્યવહાર...

ઉત્તર :— હા, છે ને, બેય છે, વસ્તુ સાથે છે ને. સાથે છે તો કહેવામાં આવે છે. નહિતર નિશ્ચયમોક્ષમાર્ગનો નિશ્ચયમોક્ષ અને વ્યવહારમોક્ષમાર્ગનો વ્યવહારમોક્ષ એમ બે છે? સમજાણું કાંઈ? બે છે કે નહિ? બે મોક્ષ છે? એ તો સાથે છે એનું નિરૂપણ કર્યું છે. નહિતર વ્યવહારરત્નત્રય છે એ તો રાગ છે. સમજાણું કાંઈ? આહાહા..! પણ સાથે બે પ્રકારની પ્રરૂપણા ચાલે છે, નિરૂપણ બે પ્રકારે ચાલે છે. એ કહ્યું ને ભાઈએ? ટોડરમલે નહિ? સાતમા અધ્યાયમાં. નિશ્ચય અને વ્યવહારાભાસમાં લીધું છે. મોક્ષમાર્ગનું પ્રરૂપણ બે પ્રકારનું છે, મોક્ષમાર્ગ બે પ્રકારનો છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? સાધન બે પ્રકારના કથન છે, સાધન બે પ્રકારના નથી, સાધન એક પ્રકારનું છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— કથન કરવાનું પ્રયોજન તો હશે?

ઉત્તર :— કથન નિમિત્ત પ્રયોજન એમ કે સાથે સહચર નિમિત્ત જોઈને ઉપચારથી વ્યવહાર કહેવામાં આવ્યો છે. ચાર બોલ છે. ચંદુભાઈ! ત્યાં ચાર બોલ સાથે છે. એમણે પ્રયોજન પૂછ્યું. સહચર, નિમિત્ત જોઈને ઉપચારથી વ્યવહાર કહેવામાં આવ્યો છે. વાસ્તવિક એ મોક્ષમાર્ગ નથી. આહાહા..!

મુમુક્ષુ :— તો પછી એમાં પ્રયોજન તો કાંઈ સર્યું નહિ.

ઉત્તર :— કહ્યું ને, આ પ્રયોજન કીધું, સહચર છે એ સિદ્ધ કરવા.

મુમુક્ષુ :— એ તો નામની વાત છે.

ઉત્તર :— બસ, તો એ જ છે વાત. સાથે છે, નિમિત્ત છે એનું જ્ઞાન કરાવવા નિરૂપણ કથન કરવામાં આવ્યું. આહાહા..!

મુમુક્ષુ :— ધર્મ થાય કે ન થાય?

ઉત્તર :— ધર્મ એનાથી બિલકુલ નથી. સમજાણું કાંઈ?

જેમ આત્મામાં વીતરાગી પરિણતિથી ધર્મ થાય છે એની સાથે રાગ બાકી છે એને વ્યવહારધર્મ કહેવામાં આવે છે. ધર્મ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :— .. રસ્તો બતાવે છે.

ઉત્તર :— બિલકુલ બતાવતો નથી, રસ્તાને રોકે છે. એવું છે, શેઠ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— છે ને, કથન કહ્યું ને. સાથે છે.

મુમુક્ષુ :— કથન કરવું તો વ્યવહાર છે.

ઉત્તર :— વ્યવહાર ત્યારે જ વ્યવહાર કહ્યો. નિશ્ચય છે પોતાના આનંદસ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ છે, સાથે રાગ છે, સહચર જોઈને વ્યવહાર કહેવામાં આવ્યો છે, વાસ્તવિક એ ધર્મ નથી. આહાહા..!

મુમુક્ષુ :— આવા જ પ્રકારનો રાગ, અન્યથા પ્રકારનો નહિ.

ઉત્તર :— એ રાગની મંદતા એ પ્રકારની છે એટલું જણાવવા વ્યવહાર કહ્યો છે. અને ભાઈએ તો કહ્યું ને તરત જતે એ કહીને, ટોટરમલજીએ, સર્વત્ર નિશ્ચય-વ્યવહારનું આવું લક્ષણ જાણવું. એ તો મહા સિદ્ધાંત કહ્યો છે એમણે. લોકો ન સમજી શકે એટલે શાસ્ત્રમાંથી નિચોડ કાઢીને (કહ્યું છે). છે ને એમાં? આહાહા..!

મોક્ષમાર્ગ, પોતાનું નિજસ્વરૂપ એનું વેદન આનંદનું, એની પ્રતીતિ, જ્ઞાન અને વેદન એ એક જ મોક્ષમાર્ગ છે. પણ મોક્ષમાર્ગની પૂર્ણતા દ્રવ્યનો આશ્રય નથી ત્યાં સુધી એને સાથે રાગની મંદતા આવે છે, એને નિરૂપણમાં વ્યવહાર કહીને ઉપચારથી માર્ગ કહ્યો, વાસ્તવિક નથી. આહા..! બંધના કારણને ઉપચારથી મોક્ષનું કારણ કહ્યું. લ્યો. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, કહ્યું ને, ઉપચાર કહ્યું, નિરૂપણ કહ્યું, સાથે છે. આહાહા..! સાથે છે તો કહેવામાં આવ્યું, વાસ્તવિક નથી. આહાહા..! આવી વાત છે. અરે! શાસ્ત્રના અર્થ કરવામાં મોટી ભૂલ. આહા..! એટલે સમજવામાં તો ક્યાં રહી ગઈ? ઓહોહો..! આવ્યું?

**'મોક્ષકા માર્ગ જો નિશ્ચયવ્યવહારરત્નત્રય ઉસકો ભી નહીં પાવેગા. ઈન ગૃહાદિકકે ચિંતવનસે ભવ-વનમેં ભ્રમણ કરેગા.'** આહાહા..! દીકરા હોય ચાર, પાંચ, છ. એના લગ્ન કરવા ને એની બાયડી ને વહુ ને એના પાછા કપડા ને દાગીના, એના રહેવાના મકાન ને એના મકાનમાં પાયખાનું જુદું, એના સૂવાના ઓરડા જુદા. ચિંતાનો પાર નહિ.

મુમુક્ષુ :— છોકરાઓ એવા પુણ્ય લઈને આવ્યા હોય તો કરવું પડે ને.

ઉત્તર :— સુમનભાઈ પુણ્ય લઈને આવ્યા ત્યારે પૈસા ખર્ચીને ભણાવ્યાને. એમ કહે છે. ધૂળમાંય નથી, એ તો રાગ હતો.

મુમુક્ષુ :— અમારો રાગ તો બરાબર છે, પણ ઈ પણ પુણ્ય લઈને આવ્યો છે ને.

ઉત્તર :— એ લઈને આવ્યો માટે તમારે કરવું પડે એમ ક્યાં આવ્યું?

મુમુક્ષુ :— એ વળી જુદો વિષય છે. રાગ તો અમારો છે. એનું પુણ્ય હતું માટે રાગ આવ્યો.

ઉત્તર :— નહિ, નહિ, નહિ. બિલકુલ નહિ. નિમિત્ત છે એટલે રાગ થયો એમ પણ નહિ. પોતાથી રાગ કર્યો. પાપમાંથી પૈસા પેદા કર્યા અને પૈસા સુમનને ભણાવવામાં નાખ્યા. આ તો ઘરમાં વાત છે.

મુમુક્ષુ :— ઈ એટલું પુણ્ય લઈને આવ્યા હોય, .. કરવું પડેને?

ઉત્તર :— એને લઈને બિલકુલ કર્યું નથી. ના, ના. બિલકુલ જૂઠ. એમ કે એ પુણ્ય લઈને આવ્યા માટે કરવું પડ્યું ને આ. નહિ?

એક માંને દીકરો. ગૃહસ્થ મોટા હતા, ઘણા પૈસા, દસ લાખ, પંદર લાખ. કોઈ છે? નથી અહીં પોરબંદરવાળું? અમે તો ઘણું સાંભળ્યું હોય ને, જોયેલા છે બધાને, જોયેલા બધાને. એ બાઈ સંસારની રીત પ્રમાણે નહોતી તેથી એનો છોકરો એને આદરતો નહોતો. પૈસા દસ લાખ કે એટલા. એક પાઈ ન આપી છોકરાને. લ્યો, છોકરો પુણ્ય લઈને આવ્યો હતો કે નહિ? દસ લાખના ઘરે આવ્યો. સારે ઘરે અવતર્યો મોટા પૈસાવાળાને ત્યાં, લ્યો. આહાહા..! અમે તો બધાને જાણીએ છીએ, હોં! બાઈને પણ ઓળખીએ છીએ એની, કોણ હતી ને બધાને. આ તો ઘણા વર્ષ થઈ ગયા ને. ૬૪ વર્ષ તો અહીં થયા, દીક્ષા લીધા ૬૪ (વર્ષ થયા). આહાહા..! અરે! ધૂળમાંય નથી. બિચારો છોકરો પછી નરમ માણસ હતો. એની માં કહે, એક પાઈ ન આપું. મને તું તરછોડે છે? બાઈ હતી સાધારણ એવી. આહાહા..! એટલે દીકરો થયો માટે દેવું પડે ને એને લેવું પડે, એમ છે?

મુમુક્ષુ :— એમ નહિ, એનું પુણ્ય છે માટે.

ઉત્તર :— એના પુણ્ય માટે કરાવે છે?

મુમુક્ષુ :— આપણે માટે નહિ, એને મળ્યું એ એનું પુણ્ય હતું માટે.

ઉત્તર :— એને પુણ્ય હતું અને આ ન મળ્યું એ જુદી વાત છે. એ તો એના માટે છે. પણ આ કર્યું છે કરનારે એ એના પુણ્ય છે માટે કર્યું છે, બિલકુલ જૂઠ. રાગની કલ્પના ચિંતવનની પીંજણી પીંજે છે. ભભૂતમલજી! હવે એણે ધંધો ઓછો કર્યો. પૈસા બધા છે અને સરકાર જ્યાં ત્યાં દખલ મારે. એટલે ઓછો કરી નાખે ધંધો.

મુમુક્ષુ :— સરકાર દખલ મારે એમાં કારણ હોય ને.

ઉત્તર :— કાયદા હોય ને, બધા કાયદા એવા આકરા. એવું થયું બિચારા, શું થાય? આહા..! અત્યારે જુઓને ભોગીભાઈને છે ને આકરું. ઘાટકોપર, ભોગીભાઈ આપણા પ્રમુખ. એના છોકરાને પકડ્યા છે, કેદમાં નાખી દીધા છે. મોટા ગૃહસ્થ પૈસાવાળા. એવું કાંઈક સ્પીરીટમાં ગુનો થઈ ગયો છે. હાથકડી નાખીને છોકરાઓને બજારમાં ફેરવ્યા. એવું સાંભળ્યું છે. બે લાખ રૂપિયા તો વકિલને આપ્યા છે કેસ માટે. બે લાખ. લગભગ પાંચ-છ લાખનો ખર્ચ થશે. વકિલ, વકિલ રાખ્યો. હાથકડી નાખીને લઈને ગયા. હવે ઈ છોકરાઓ ગૃહસ્થના છોકરાઓ. આહા..! એને છોડાવવા માટે ઉપાધિમાં છે અત્યારે. સંસાર એવો છે આખો. આહાહા..! સ્પીરીટનો ધંધો કરે છે એમાં ફેરફાર કાંઈક કર્યો હશે. સરકારના ગુના અત્યારે.. બિચારાને ત્રાસ. ભાઈ ઓળખે છે, પોપટભાઈ. ભોગીભાઈને, ઘાટકોપરવાળા.

ઉપાધિ લ્યો. અમારે ન્યાં જયંતિ કરવી હતી તે બંધ રહી. તે વળી ઠીક, નહિતર બિચારા ઉપાધિમાં હતા. ઘાટકોપર કરવાનું હતું ને?

મુમુક્ષુ :— એ તો બોલાવે છે.

ઉત્તર :— એના માટે નહિ, એ તો બીજા બધા મુંબઈ માટે. ઘાટકોપર માટે નહિ. એ તો બધા તમારા છે ને? હિંમતભાઈ ને શાંતિભાઈ ને બધા આવ્યા હતા. ચાર જણ આવ્યા હતા. હિંમતભાઈ, શાંતિભાઈ.. કોણ હતું બીજું? આણંદભાઈ. આ આણંદભાઈ હતા લ્યો. હેં? પોપટભાઈ વોરા શેઠિયા હતા. બધા લ્યો શેઠિયા હતા. એ તો મુંબઈ માટે. નહિ? ઘાટકોપર તો બિચારાને ઉપાધિ આવી ગઈ. આહાહા..! ઈ સાંભળ્યું હતું કાંઈક. એ તો ખાનગી રામજીભાઈએ તાર નખાવ્યા. ... એવી કાંઈક ભાષા કહેતા હતા. શું? એઈ..! એવું હતું કાંઈક. કોઈક કહેતું હતું. કો'ક કહે ઈ સાંભળીએ, આપણે કંઈ ન્યાં જોવા જઈએ છીએ? તાર કર્યા ને... શું કહેવાય ઈ? શું આપ્યું? શક્યતા છે. એ સવારમાં ભાઈ વાત કરતા હતા. આપણને તો કાંઈ ખબર નહિ. આહાહા..! અરે! અહીં તો આત્માની વાત છે, બાપા! આહાહા..!

કહે છે કે પ્રભુ! તું તારી ચિંતવના છોડીને પરના ચિંતવનમાં રહી ગયો, ભટકી ગયો. આહાહા..! ભવભ્રમણમાં માંડ મનુષ્યદેહ મળ્યો. આહાહા..! એ કુટુંબ ને પુત્ર ને સ્ત્રીઓ ને, આહાહા..! રાગની પીંજણ પીંજી પ્રભુ તેં. રાગ ને દ્વેષ કષાયની પીંજણી પીંજી. આહાહા..! ભવમાં ભટકે છે. છે? છે ને? આહા..! '**ઈન ગૃહાદિકકે ચિંતવનસે ભવ-વનમેં ભ્રમણ કરેગા. ઈસલિયે ઈનકા ચિંતવન તો મત કર,...**' આહાહા..! '**લેકિન બારહ પ્રકારકે તપકા ચિંતવન કર.**' નિમિત્તથી કથન છે. અંતરના આનંદના ધ્યાનમાં રહે એ તપ છે. સમજાણું કાંઈ? '**ઈસીસે મોક્ષ પાયેગા.**' શુદ્ધોપયોગથી મોક્ષ પામીશ. શુદ્ધોપયોગને જ આત્માનું ચિંતવન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— વ્યવહાર બતાવે છે કોને? નિશ્ચયને. એ આઠમી ગાથામાં ન આવ્યું? વ્યવહાર કોને બતાવે છે? નિશ્ચયને. વ્યવહારનું અનુસરણ ન કરવું. આવે છે? વ્યવહાર બતાવે છે નિશ્ચયને, વ્યવહારનું અનુસરણ ન કરવું, અનુસરણ નિશ્ચયનું કરવું. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર બતાવે છે નિશ્ચયને, વ્યવહાર વ્યવહારને નથી બતાવતું. ચંદુભાઈ! વ્યવહાર વ્યવહારને નહિ, વ્યવહાર બતાવે છે નિશ્ચયને. નિશ્ચય સ્વભાવની સ્થિરતા થઈ ત્યારે નિમિત્ત બતાવે છે, બસ. આહાહા..!

મુમુક્ષુ :— પરમ સત્ય.

ઉત્તર :— પરમ સત્ય છે. આહાહા..! આચાર્યે કહ્યુંને? અમે વ્યવહારથી કહ્યું, કેમ? કે ભેદ પાડ્યા વિના સમજાવી શકાય નહિ. એટલો તો, થોડામાં થોડો ભેદ પાડો તો દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત તે આત્મા, એટલો ભેદ તો પાડવો જ પડે. એ વ્યવહાર નિશ્ચયને બતાવે છે, પણ વ્યવહારનું

અનુસરણ કહેનારે અને સાંભળનારે કરવું નહિ. આહાહા..! મોટો આ વાંધો છે ને અત્યારે. અનાદિનો વાંધો છે, અત્યારનો ક્યાં? આહાહા..!

મુમુક્ષુ :— વાંધાનું ફળ તો વર્તમાનમાં ભોગવે છે.

ઉત્તર :— ભોગવે છે અને પાછો વાંધો કાઢે છે. છે ભાઈ, એ વસ્તુ છે. શાસ્ત્રમાં કથન આવે, વ્યવહાર મોક્ષમાર્ગ. લ્યો. વ્યવહાર તપસ્યા, વ્યવહારમોક્ષમાર્ગ, વ્યવહારસમકિત, વ્યવહારજ્ઞાન, વ્યવહારચારિત્ર, પંચમહાવ્રતને વ્યવહારચારિત્ર કહે. આહાહા..! જેને નિશ્ચયચારિત્ર આનંદસ્વરૂપમાં રમણતા, આત્મરામમાં રમે તે ચારિત્ર છે. આહાહા..! એ ચારિત્રની ભૂમિકામાં સ્વનો આશ્રય અલ્પ થોડો છે, વિશેષ પૂર્ણ નથી થયો તો તે સમયે રાગ પરના આશ્રયવાળો આવે છે. એને વ્યવહારચારિત્ર કહેવામાં આવ્યું છે. છે નિષેધ, પણ જ્ઞાન કરાવવા માટે કહેવામાં આવ્યું. આહાહા..!

મુમુક્ષુ :— અનુસરણ કરવા લાયક નથી, તો શા માટે કહ્યું?

ઉત્તર :— કહ્યું ને એ? નિમિત્તના કથન છે. જેમ બે કહ્યા ને? આમાં ન આવ્યું? નિશ્ચયવ્યવહારરત્નત્રય આવ્યું કે નહિ? શું? નિશ્ચયવ્યવહારરત્નત્રય આવ્યા તો એક સત્ય છે અને બીજું ખોટું છે. એમ આ વ્યવહાર કહ્યો, વ્યવહાર બાર તપ છે એ નિમિત્ત છે, એ જૂઠું છે. યથાર્થ અંદર આશ્રય લ્યે એ સત્ય છે. ચંદુભાઈ! આવો માર્ગ છે ભાઈ! એ આપણે નથી લખ્યું? શાસ્ત્રના અર્થ કરવાની રીત. છાપ્યું છે નહિ? પાછળ. આહાહા..!

મુમુક્ષુ :— શાસ્ત્રજ્ઞાન કરવાની પદ્ધતિ.

ઉત્તર :— પદ્ધતિ. આવે છે લખાણ.

**'યહ મોક્ષ તીર્થંકર પરમદેવાધિદેવ મહાપુરુષોંસે આશ્રિત હૈ,...'** **'તીર્થંકર પરમદેવાધિદેવ મહાપુરુષોંસે આશ્રિત,...'** મોક્ષ છે. આહાહા..! જે અંતર આનંદસ્વરૂપ ભગવાન એ આનંદમાં અનંતગુણનું રૂપ છે. આહાહા..! આનંદમાં પ્રભુતા છે, ઈશ્વરતા છે, સ્વચ્છતા છે, આનંદમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન એ બધું આનંદમાં પોતાનું રૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો પરમાનંદરૂપ મોક્ષ તો તીર્થંકર મહાપુરુષોને આશ્રિત છે.

મુમુક્ષુ :— એટલે શું?

ઉત્તર :— એટલે કે મહાઆત્મા છે એને આશ્રયે છે.

મુમુક્ષુ :— એની કૃપા થાય તો મળે.

ઉત્તર :— કૃપાની વાત નથી અહીં. કૃપા કોની મળે? આહાહા..!

**'મહાપુરુષોંસે આશ્રિત હૈ,...'** આહાહા..! જેણે મોક્ષનો માર્ગ સ્વના આશ્રયે લીધો એને આધીન મોક્ષ છે. આહાહા..! વ્યવહાર એકલો કરે છે એને આધીન મોક્ષ નથી એમ કહે છે. આહાહા..! **'ઈસલિયે સબસે ઉત્કૃષ્ટ હૈ.'** ત્રણલોકના નાથ તીર્થંકર જેવાએ મોક્ષ સાધ્યો એ કારણે મોક્ષ એ સર્વોત્કૃષ્ટ છે. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચાર પ્રકાર છે. એમાં મોક્ષ એ સર્વોત્કૃષ્ટ છે. ધર્મ શબ્દે પુણ્ય. એનો પુરુષાર્થ તો વિકાર બંધનું કારણ છે. આહા..! અર્થ-

-લક્ષ્મી અને (કામ) ભોગ, એ પાપનું કારણ છે. પુણ્ય એ પુણ્યનું કારણ છે. મોક્ષ એ શુદ્ધોપયોગથી પ્રાપ્ત થાય છે. એ ત્રીજી ચીજ. આહા..! જુઓ, આવે છે, જુઓ!

**'મોક્ષકે સમાન અન્ય પદાર્થ નહીં. યહાં પરદ્રવ્યકી ઈચ્છાકો રોકકર વીતરાગ પરમ આનંદરૂપ...'** લ્યો, આવ્યું. બાર પ્રકારના તપમાંથી કાઢ્યું આ પાછું. આહાહા..! **'પરદ્રવ્યકી ઈચ્છાકો રોકકર...'** આહાહા..! હવે સ્વ આવ્યું. **'પરદ્રવ્યકી ઈચ્છાકો રોકકર વીતરાગ પરમ આનંદરૂપ જો પરમાત્મસ્વરૂપ...'** નિજદ્રવ્ય. આહાહા..! **'ઉસકે ધ્યાનમાં ઠહરકર...'** લ્યો. આ તપસ્યા યથાર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'પરદ્રવ્યકી ઈચ્છાકો રોકકર...'** આ કહે છે ને, ભગવાને બાર વર્ષ તપ કર્યું. અન્ન કરીને અન્ન ખાધું નહિ, પાણી કરીને પાણી પીધું નહિ, એમ આવે છે, બોલે. સ્તુતિ કરે ને જ્યારે સ્થાનકવાસીમાં, વ્યાખ્યાન પહેલા. એ કરે. જેણે અન્ન કરીને અન્ન ખાધા નહિ, પાણી કરીને પાણી પીધા નહિ એવી તપસ્યાઓ કરી. આહાહા..! એ તો બહારની વાત છે, ભાઈ! ભગવાને તપસ્યા કરી હતી, આનંદની ઉગ્ર દશા પ્રગટ કરી એ તપસ્યા હતી. તપયન્તે ઈતિ તપઃ. આનંદ તપે અંદર આનંદમાંથી શોભે, ઉગ્ર આનંદની દશા, ચારિત્રની ઉગ્ર આનંદદશા એ તપ છે. આહાહા..!

મુમુક્ષુ :— ઈચ્છાનો નિરોધ તે તપ કીધું.

ઉત્તર :— ઈચ્છાનો નિરોધ, ખલાસ થઈ ગયું. ઈચ્છાનો નિરોધ એ નાસ્તિથી વાત કરી. અતીન્દ્રિય આનંદની ઉગ્ર દશા એ અસ્તિથી છે. આહાહા..! અતીન્દ્રિય આનંદમાં લીન થયો તો ઈચ્છા ઉત્પન્ન થઈ નહિ. આહાહા..! શબ્દાર્થ કરવામાં, શાસ્ત્રના અર્થ કરવામાં ફેર છે. ફેર આખો છે ભાઈ. આહા..!

**'વીતરાગ પરમ આનંદરૂપ...'** જુઓ! આહાહા..! **'જો પરમાત્મસ્વરૂપ...'** **'વીતરાગ પરમ આનંદરૂપ જો પરમાત્મસ્વરૂપ...'** પોતાનું પરમાત્મસ્વરૂપ કેવું છે? આહાહા..! વીતરાગ પરમાનંદરૂપ પરમાત્મસ્વરૂપ **'ઉસકે ધ્યાનમેં...'** એ પર્યાય. પેલું દ્રવ્ય. વીતરાગ પરમાનંદસ્વરૂપ પરમાત્મા એ દ્રવ્ય—વસ્તુ. **'ઉસકે ધ્યાનમેં ઠહરકર... '** એ પર્યાય. **'ઘર પરિવારાદિકકા મમત્વ છોડ,...'** આમાં ઠરીને છોડ એમ કહે છે. આમ ઘર ને બાયડી છોડ્યા માટે છોડ્યા છે એમ નહિ. આહાહા..! **'ઘર પરિવારાદિકકા મમત્વ છોડ, એક કેવલ નિજસ્વરૂપકી ભાવના કરના,...'** લ્યો ઠીક. લ્યો, આ સાર. શેઠ! શું કરવું? કરવું શું, આ બધો નકાર કરતા કરતા હવે કરવું શું એમ કહે છે.

મુમુક્ષુ :— ખાવું, પીવું, લહેર કરવી.

ઉત્તર :— કોણ ખાય, કોણ પીવે? આનંદનું ખાવું, પીવું ને લહેર કરવી, ઈ છે અહીં તો. આહાહા..!

'એક કેવલ...' ૧૨૪ છે ને? **'तात्त्विकानन्दपरमात्मस्वरूपे'** જોયું? એમાં શબ્દ છે. છે ને? **'वीतरागतात्त्विकानन्दपरमात्मस्वरूपे निर्विकल्पसमाधो स्थित्वा '** આહાહા..!

જોયું? વીતરાગ તાત્ત્વિક, વીતરાગ પરમાનંદ એમ લીધું તાત્ત્વિકનો અર્થ. તાત્ત્વિક આનંદ. તાત્ત્વિકનો અર્થ પરમ કર્યો. પરમ એ તો બરાબર છે. વીતરાગ પરમાનંદરૂપ ભગવાન. આહાહા..! એ નિજઘર. વીતરાગ પરમાનંદરૂપી પરમાત્મા એ નિજઘર. આહા..! '**ઉસકે ધ્યાનમેં ઠહરકર ઘર પરિવારાદિકકા મમત્વ છોડ, એક કેવલ નિજસ્વરૂપકી ભાવના કરના, યહ તાત્પર્ય (રહસ્ય) હૈ.** ' આ બધું કહેવાનું રહસ્ય તાત્પર્ય છે. આહાહા..!

નિજ વીતરાગ પરમાનંદસ્વરૂપ ભગવાનઆત્મા, બસ ત્યાં જા. આહાહા..! બધા શાસ્ત્રનો સાર આ છે. 'લાખ વાતની વાત...' ઈ આવે છે ને છ છાળામાં? નિશ્ચય ઉર આણો. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદફંદ, નિજ આતમ ઉર ધ્યાવો.' આહાહા..! આ બધા શાસ્ત્રના કથનનો આ સાર છે. વીતરાગતા કીધીને. વીતરાગતા તો આમ પ્રગટ થાય છે. તેથી કહ્યું ને, વીતરાગ પરમઆનંદરૂપ પરમાત્મા. વીતરાગ પરમાનંદરૂપ પરમાત્મા એના આશ્રયે વીતરાગ પરમાનંદ પરિણતિ થાય છે. આહાહા..! જેના ઘરમાં વીતરાગતા ભરી છે એનો આશ્રય લેવાથી પર્યાયમાં વીતરાગતા આવે છે એમ કહે છે. આહાહા..! માર્ગ બાપુ ઘણો અલૌકિક છે, ભાઈ! આહાહા..!

'**આત્મ-ભાવનાકે સિવાય...**' લ્યો, હિન્દીમાં સિવાય આવે છે ભાષા, અલાવા આવે છે, સિવાય આવે છે. '**આત્મ-ભાવનાકે સિવાય...**' આત્મ-ભાવના નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે આત્માની ભાવના. '**અન્ય કુછ ભી કરને યોગ્ય નહીં હૈ.**' લ્યો, આ બધા વેપાર-ધંધા ને કાંઈ કરવા યોગ્ય નથી એમ કહે છે. આહાહા..! વેપાર-ધંધામાં તો શું રાગ-દ્વેષ કરે છે, બીજું શું કરે? ધંધા કરી શકે છે? રાગનો રાગ, રાગમાંથી રાગ, રાગમાંથી દ્વેષ. અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ. આહાહા..! રાગ અને દ્વેષની પીંજણ પીંજે છે. ભારેકર્મી થઈને જાય, ભટકે છે. આહા..! અને એ પાછળ જે રોવે છે છોકરાઓ કે કોઈ, એ કંઈ તમે ક્યાં મરીને ગયા એને માટે રોતા નથી, તું મરીને નરકે ગયો તો અમારે શું છે અહીં?

મુમુક્ષુ :— ઈ પણ નરકને માને છે કે નહિ...

ઉત્તર :— ના, ઈ તો માનતા હોય કદાચ, લ્યો ને. પણ એ ક્યાં ગયો એ કોણ વિચારે છે કે દિ'? એ તો અમારી સગવડતા ગઈ. તું મજૂરી કરીને અહીં રળતો હતો. ભભૂતમલજી! એ અમારી સગવડતા ગઈ એને માટે અમે રોઈએ છીએ. તું તિર્યંચમાં ગયો કે નરકમાં ગયો, ઈ અમારે ક્યાં નાવા જાવું છે. આહાહા..! કોઈ દિ' એમ વિચાર્યું કે અરે! બાપા! મરીને ક્યાં ગયા હશે? અમારી માટે આટલું કર્યું, ૨૫-૩૦-૪૦ વર્ષ મજૂરી કરી, પાપ બાંધ્યા, આહાહા..! ધર્મને માટે તો જાતા પણ નહિ, સાંભળતા નહિ, વિચાર નહિ, ધર્મ તો નહિ પણ ધર્મને માટે જાતા નહિ એટલે પુણ્ય પણ નહિ. એમ. સાંભળવા જાવું, વાંચન કરવું એ બધું પુણ્ય છે. ધર્મ ત્રીજી વસ્તુ છે. આહાહા..! બરાબર છે? બાવીસ, ત્રેવીસ કલાક અમારે માટે પાપ કરીને કાઢ્યા, બે-ચાર કલાક નિવૃત્તિથી સાંભળવા જાય તો કંઈ પુણ્ય તો બાંધે. સાંભળવા જાય, બે-ચાર કલાક વાંચે એનાય ઠેકાણા નહિ.

આહાહા..! હેં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— માર્યો હતો. કીધું હતું ને. બે ભાઈઓ હતા. નાના ભાઈ માટે મોટા ભાઈ ઈંડા ને એ ખાનગી લાવી દેતા હતા દવામાં. એમાં મોટો ભાઈ છે એ મરીને નારકી થયો, નાનો ભાઈ જેના માટે પાપ કરતા હતા એ મરીને પરમાધામી થયો. કથામાં આવે છે. અરે! ભાઈ! મેં તારા માટે કર્યું. પણ મેં કે દિ' કીધું હતું કે મારા માટે ખાનવા આવા પાપ કરજે. મારા દેખ્યા વિના ખાનગી તું ઈંડા લાવ્યો, આ લાવ્યો... આહાહા..! જેના માટે પાપ કર્યા એ મરીને થયો પરમાધામી અને જેણે પાપ કર્યા એ થયો મરીને નરકમાં. બે ભાઈઓ. માર ફાડ. એલા પણ આપણે બે ભાઈઓ હતા. એ કોણ કહે છે, હતા કે નહિ. તેં પાપ શું કરવા કર્યા અમારા માટે? લ્યો, આવું છે. હેં! દીકરો ન હોય તો દીકરો લ્યે, શું કહેવાય ઈ? દત્તક દત્તક. ગોદ લ્યે ગોદ. ઈ કરતાં પૈસા આપે એમાંથી રાગ ઘટાડીને પુણ્ય કર્યું હોય તો તારા શુભભાવ થાય. પણ એ પૈસા માટે ગોત્યો એક છોકરો કે એને દેવું છે બધું.

મુમુક્ષુ :— ઈ નામ અને વંશ રાખશે.

ઉત્તર :— નામ અને વંશ કોના? આહાહા..! આ સંસારની લીલા છે. આહાહા..!

**'એક કેવલ નિજસ્વરૂપકી...'** આહાહા..! પાછું જોયું, પર્યાય નહિ. એક છે? કેવળ નિજસ્વરૂપ. આહાહા..! એની ભાવના એ પર્યાય. પર્યાયની ભાવના પણ નહિ. એમ. આહાહા..! **'એક કેવલ નિજસ્વરૂપ...'** તેથી આત્મજ્ઞાન કહ્યું છે ને? પર્યાયનું જ્ઞાન ને રાગનું જ્ઞાન એમ નથી કહ્યું. આત્મજ્ઞાન. તો આત્મા જે દ્રવ્ય છે વસ્તુ આખી એનું જ્ઞાન. એ પર્યાય છે, ઈ પર્યાય છે. આ કહ્યું એ. કેવળ નિજસ્વરૂપ એ વસ્તુ. એ વસ્તુ-પદાર્થ, એની ભાવના એ પર્યાય. એ કરવાનું તાત્પર્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'આત્મ-ભાવનાકે સિવાય અન્ય કુછ ભી કરને યોગ્ય નહીં હૈ.'** આહાહા..! આ બધા લફડા વળગ્યા હોય એનું કરવું શું? આહાહા..! બાયડીને છોકરા ન થાતા હોય તો જૂની પડી હોય અને નવી કરે. એ બેને વાંધા પાછા. આહાહા..! આવો સંસાર જળ્યો-બળ્યો છે. ભગવાન! તારું હિત તો કેવળ એક નિજઆત્મા-ભગવાન સુખસ્વરૂપ. આહા..! એની એકાગ્રતા કરવી એ એક જ કર્તવ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

## ગાથા-૧૨૫

अथ जीवहिंसादोषं दर्शयति-

२५५) मारिवि जीवहँ लक्खडा जं जिय पाउ करीसि।
पुत्त-कलत्तहँ कारणइँ तं तुहुँ एक्कु सहीसि।।१२५।।
मारयित्वा जीवानां लक्षाणि यत् जीव पापं करिष्यसि।
पुत्रकलत्राणां कारणेन तत् त्वं एकः सहिष्यसे।।१२५।।

मारिवि इत्यादि। मारिवि जीवहं लक्खडा रागादिविकल्परहितस्य स्वस्वभावनालक्षणस्य शुद्धचैतन्यप्राणस्य निश्चयेनाभ्यन्तरं वधं कृत्वा बहिर्भागे चानेकजीवलक्षाणाम्। केन हिंसोपकरणेन। पुत्तकलत्तहं कारणइं पुत्रकलत्रममत्वनिमित्तोत्पन्नदृष्टश्रुतानुभूतभोगाकांक्षास्वरुपतीक्ष्णशस्त्रेण। जं जिय पाउ करीसि हे जीव यत्पापं करिष्यति तं तुहुँ एक्कु सहीसि तत्पापफलं त्वं कर्ता नरकादिगतिष्वेकाकी सन् सहिष्यसे हि। अत्र रागाद्यभावो निश्चयेनाहिंसा भण्यते। कस्मात् निश्चयशुद्धचैतन्यप्राणस्य रक्षाकारणत्वात्, रागाद्युत्पत्तिस्तु निश्चयहिंसा। तदपि कस्मात्। निश्चयशुद्धप्राणस्य हिंसाकारणत्वात्। इति ज्ञात्वा रागादिपरिणामरुपा निश्चयहिंसा त्याज्येति भावार्थः। तथा चोक्तं निश्चयहिंसालक्षणम्-''रागादिणमणुप्पा अहंसकतं त्ति देसियं समए। तेसिं चे उप्पत्ती हिंसेति जिणेहिं णिद्दिट्ठा।।''।।१२५।।

आगे जीवहिंसाका दोष दिखलाते हैं-

गाथा-१२५

अन्वयार्थ :- [जीवानां लक्षाणि] लाखों जीवोंको [मारयित्वा] मारकर [जीव] हे जीव, [यत्] जो तू [पापं करिष्यसि] पाप करता है, [पुत्रकलत्राणां] पुत्र, स्त्री वगैरहके [कारणेन] कारण [तत् त्वं] उसके फलको तू [एक] अकेला [सहिष्यसे] सहेगा।

भावार्थ :- हे जीव, तू पुत्रादि कुटुम्बके लिये हिंसा, झूठ, चोरी, कुशील, परिग्रहादि अनेक प्रकारके पाप करता है, तथा अंतरंगमें रागादि विकल्प रहित ज्ञानादि शुद्धचैतन्य प्राणोंका घात करता है, अपने प्राण रागादिक मैलसे मैले करता है, और बाह्यमें अनेक जीवोंकी हिंसा करके अशुभ कर्मोंको उपार्जन करता है, उनका फल तू नरकादि गतिमें अकेला सहेगा। कुटुम्बके लोग कोई भी तेरे दुःखके बटानेवाले नहीं हैं, तू ही सहेगा। श्रीजिनशासनमें हिंसा दो तरहकी है। एक आत्मघात, दूसरी परघात। उनमेंसे जो मिथ्यात्व रागादिकके निमित्तसे देखे, सुने, भोगे हुए भोगोंकी वाँछारुप जो तीक्ष्ण शस्त्र उससे अपने ज्ञानादि प्राणोंको हनना, वह निश्चयहिंसा है, रागादिककी उत्पति वह निश्चय हिंसा है। क्योंकि इन विभावोंसे निज भाव घाते जाते हैं। ऐसा जानकर रागादि परिणामरुप निश्चयहिंसा त्यागना। वही निश्चयहिंसा आत्मघात है। और प्रमादके योगसे अविवेकी होकर एकेंन्द्रि, दोइन्द्रि, तेइंद्रि, चौइंद्रि, पंचेद्रि जीवोंका घात करना वह परघात है। जब इसने परजीवका घात विचारा, तब इसके परिणाम मलिन हुए, और भावोंकी मलिनता ही निश्चयहिंसा है, इसलिये परघातरुप हिंसा आत्मघातका कारण है। जो हिंसक जीव है, वह परजीवोंका घातकर अपना

घात करता है। यह स्वदया परदयाका स्वरुप जानकर हिंसा सर्वथा त्यागना। हिंसाके समान अन्य पाप नहीं है। निश्चयहिंसाका स्वरुप सिद्धांतमें दूसरी जगह ऐसा कहा है- जो रागादिकका अभाव वही शास्त्रमें अहिंसा कही है, और रागादिककी उत्पति वही हिंसा है, ऐसा कथन जिनशासनमें जिनेश्वरदेवने दिखलाया है। अर्थात् जो रागादिकका अभाव वह स्वदया और जो प्रमादरहित विवेकरुप करुणाभाव वह परदया है। यह स्वदया-परदया धर्मका मूलकारण है। जो पापी हिंसक होगा उसके परिणाम निर्मल नहीं हो सकते, ऐसा निश्चय है, परजीव घात तो उसकी आयुके अनुसार है, परंतु इसने जब परघात विचारा, तब आत्मघाती हो चुका।।१२५।।

---

હવે, જીવહિંસાનો દોષ દર્શાવે છે :-

ભાવાર્થ :- રાગાદિ વિકલ્પ રહિત સ્વસ્વભાવસ્વરૂપ શુદ્ધ ચૈતન્યપ્રાણની નિશ્ચયથી અભ્યંતરમાં હિંસા કરીને અને બહારમાં હિંસા-વિકલ્પથી અનેક લાખો જીવોની હિંસા કરીને, સ્ત્રી પુત્રના મમત્વના નિમિત્તથી ઉત્પન્ન, દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષાસ્વરૂપ તીક્ષ્ણ શસ્ત્રથી હે જીવ! જે તું પાપ કરીશ તે પાપનું ફળ નરકાદિ ગતિમાં તારે એકલાને જ ભોગવવું પડશે.

અહીં, રાગાદિના અભાવને નિશ્ચયથી અહિંસા કહી છે. શા માટે? (કારણ કે) નિશ્ચય શુદ્ધ ચૈતન્ય પ્રાણના રક્ષણનું કારણ છે. રાગાદિની ઉત્પત્તિ નિશ્ચયહિંસા છે તે પણ શા માટે? કારણ કે નિશ્ચયશુદ્ધ પ્રાણની હિંસાનું કારણ છે, એમ જાણીને રાગાદિપરિણામરૂપ નિશ્ચયહિંસા છોડવી એવો ભાવાર્થ છે. વળી નિશ્ચયહિંસાનું સ્વરૂપ પણ (શ્રી જય ધવલ ભા-૧ પાના ૧૦૨માં) કહ્યું છે કે ''रागादिणमणुप्पा अहंसकतं त्ति देसियं समए। तेसिं चे उप्पत्ती हिंसेति जिणेहिं णिद्दिट्ठा।।''।।૪૨।। ( અર્થઃ- રાગાદિની અનુત્પત્તિ જ (રાગાદિની ઉત્પત્તિ ન થવી તે જ) અહિંસકતા છે એમ જિનગમમાં ઉપદેશ આપ્યો છે તથા રાગાદિની ઉત્પત્તિ તે જ હિંસા છે, એમ જિનેશ્વરદેવે નિર્દેશ કર્યો છે. ૧૨૫.

---

## ગાથા-૧૨૫ ઉપર પ્રવચન

હવે ૧૨૫માં 'જીવહિંસાકા દોષ દિખલાતે હૈં—' આહાહા..!

२५५) मारिवि जीवहँ लक्खडा जं जिय पाउ करीसि।
पुत्त-कलत्तहँ कारणइँ तं तुहुँ एक्कु सहीसि।।१२५।।

અન્વયાર્થ :— 'લાખોં જીવોંકો મારકર હે જીવ, જો તૂ પાપ કરતા હૈ,...' લાખો શું, અનંત જીવ નિગોદ ને બટાકા.. આહાહા..! લાખો શબ્દ તો એક શબ્દ આવ્યો. બાકી અનંત જીવોને

મારીને. આહાહા..! 'હે જીવ, જો તૂ પાપ કરતા હૈ, પુત્ર, સ્ત્રી વગૈરહકે કારણ ઉસકે ફલકો...' આહાહા..! દીકરા ને સ્ત્રી ને એની સગવડતા માટે બધું. ઓહોહો..! એના માટે કરે 'ઉસકે ફલકો તૂ અકેલા સહેગા.' આહાહા..! એકલો સહશે બાપા, ભાઈ! એકલો પોતે પરની મમતા કરીને પાપ કર્યા, એ એકલો સહશે જઈને. આહા..! સામું નહિ જોવે કોઈ ત્યાં. આહા..! સમજાણું કાંઈ? આહાહા..!

નરકની પીડા. ઉષ્ણ પીડા. લાખ મણનો લોઢાનો ગોળો હોય. છ માસ સુધી નિરોગી લુહારના જુવાન છોકરાએ ટીપી ટીપીને છ મહિને પાકો કર્યો હોય એ ગોળો એની ઉષ્ણ વેદનામાં મૂકે તો ઘી જેમ ઓગળી જાય અગ્નિમાં, અગ્નિના કોટારવામાં એમ ઓગળી જાય. એટલી ઉષ્ણની ગરમી પહેલી નરકમાં છે. અહીં જરી ૯૯ ને ૧૦૦ તાવ આવે ત્યાં ખળભળાટ થઈ જાય અંદરમાં, હાય.. હાય..! સહન થાતું નથી. શું છે પણ હવે? આહાહા..!

મુમુક્ષુ :— તબિયત બગડી જાય.

ઉત્તર :— બગડી જાય. ઈ આપણે ભાઈનું હતું. ખબર છે ને મૂળજીભાઈને? એક દિ' જોવા ગયા હતા. સોગીયું મોં હતું. આમથી આમ કરે. પૈસાવાળો માણસ ને આમ સગવડતામાં વેઠાઈ ગયેલા. શું ધૂળમાંય છે. મૂળજીભાઈનું. પછી પાછળથી બહુ ઓલું, હોં! પાછળથી તો ઓહોહો..! રોગ એવો આવ્યો, લોકો કહે, બોલાવો ડોક્ટરને. આ કહે કે બોલાવો લાલભાઈને. ખબર છે? લાલચંદભાઈને બોલાવો. સગાવહાલા કહે, ડોક્ટરને બોલાવો. આ કહે, લાલચંદભાઈને બોલાવો. લાલચંદભાઈ સંભળાવે મને. આહાહા..! પીડામાં ધર્મ સાંભળવાની ભાવના થઈ લ્યો. પીડા મટાડવાની નહિ. એ તો દેહની સ્થિતિ છે. આહાહા..! અહીંથી જાવું છે જ્યાં એનું શું? આહાહા..! ન્યાં કોઈ માસીબા નથી બેઠી કે આવો ભાઈ. આહાહા..! બાપુ! અજાણ્યા દેશે, અજાણ્યા કાળે એ ભાવમાં જાવું. પ્રભુ! તૈયારી કરજે હવે આવવાની. અજાણ્યા ક્ષેત્રે, અજાણ્યા સાધનમાં... આહાહા..! એ પરને મારીને પાપ કરીશ, ભગવાન! તારે એકલાને સહેવું પડશે. ભાવાર્થ કહેશે....

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, પોષ વદ ૧૨, સોમવાર
## તા. ૧૭-૧-૧૯૭૭, ગાથા-૧૨૫, ૧૨૬, પ્રવચન નં. ૧૮૮

પરમાત્મપ્રકાશ, ૧૨૫ ગાથા. ગાથા બોલાઈ ગઈ છે. ભાવાર્થ થઈ ગયો છે? '**मारिवि जीवहँ लक्खडा**' '**लक्खडा**' નામ લાખો. લાખો પ્રાણીને મારી નાખીને તું પાપ કરે છો, એનું ફળ તારે ભોગવવું પડશે. એ કહે છે.

ભાવાર્થ :— 'હે જીવ, તૂ પુત્રાદિ કુટુંબકે લિયે...' પુત્ર, સ્ત્રી, કુટુંબના મમત્વને કારણે 'હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહાદિ અનેક પ્રકારકે પાપ કરતા હૈ, તથા અંતરંગમેં

**રાગાદિ વિકલ્પ રહિત જ્ઞાનાદિ શુદ્ધચૈતન્ય પ્રાણોંકા ઘાત કરતા હૈ,...**' આહા..! બાહ્યમાં એકેન્દ્રિય આદિથી માંડીને બીજા પ્રાણીઓનો ઘાત કરે છે, અંતરંગમાં રાગાદિથી પોતાના નિશ્ચય ભાવપ્રાણ આનંદ અને જ્ઞાતા તેને એ હણે છે. આહાહા..! બીજા પ્રાણીનો ઘાત કરે છે અથવા પાપ કરે છે હિંસા, જૂઠ આદિ અને અંતરંગમાં, રાગાદિ વિકલ્પ રહિત ભગવાનઆત્મા તો રાગાદિ વિકલ્પ રહિત સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે, એને રાગ કરીને ચૈતન્યના પ્રાણનો તું ઘાત કરે છો. આહાહા..! સમજાણું કાંઈ?

'**અંતરંગમેં રાગાદિ વિકલ્પ રહિત જ્ઞાનાદિ શુદ્ધ ચૈતન્યપ્રાણ...**' જ્ઞાન, આનંદાદિ શુદ્ધ ચૈતન્યપ્રાણ. જીવત્વશક્તિમાં લીધું છે ને? જીવતરશક્તિ, જેના જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા પ્રાણ છે. જીવતરશક્તિ પહેલી. જીવો ત્યાંથી ઉપાડ્યું છે ને, બીજી ગાથા. '**जीवो चरित्तदंसणणाणठिदो**' એ જીવમાંથી પહેલી શક્તિ જીવત્વ કાઢી છે. આહાહા..! તારી જીવત્વશક્તિ અર્થાત્ તારા જ્ઞાન, દર્શન, આનંદ ને સત્તારૂપી ભાવપ્રાણ એમાં રાગ કે દ્વેષ, વિષયવાસના ઉત્પન્ન કરીને, આહાહા..! પોતાના ભાવપ્રાણનો ઘાત કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? શેઠ આવ્યા નથી. મોડા કેમ થઈ ગયા? આવે છે? '**જ્ઞાનાદિ શુદ્ધ ચૈતન્યપ્રાણ...**' શુદ્ધજ્ઞાન, શુદ્ધઆનંદ, શુદ્ધસત્તા, શુદ્ધસ્વભાવ, શુદ્ધવીર્ય. જે વસ્તુ આત્માની છે એમાં રાગ, દ્વેષ આદિથી પોતાના પ્રાણનો ઘાત થાય છે. આહાહા..! આનંદપ્રાણ અને જ્ઞાનપ્રાણ રાગમાં લૂંટાઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**બાહ્યમેં અનેક જીવોંકી હિંસા કરકે...**' ગાથામાં '**लक्खडा**' છે ને? લાખો જીવો એમ. શબ્દ બહુ ટૂંકો મૂક્યો છે. '**બાહ્યમેં અનેક જીવોંકી હિંસા કરકે અશુભ કર્મોંકો ઉપાર્જન કરતા હૈ,...**' આહાહા..! '**ઉનકા ફલ તૂ નરકાદિ ગતિમેં અકેલા સહેગા.**' આહાહા..! સ્ત્રી, કુટુંબ, પુત્રની મમતાને લઈને જે પાપ તું કરે છે, અંતરંગ રાગાદિના અને બાહ્યથી હિંસા આદિ, એનું ફળ તું એકલો ભોગવીશ.

મુમુક્ષુ :— પરમાધામી મારવા નહિ આવે?

ઉત્તર :— પરમાધામી પણ ભોગવે કોણ? એકલો કે પેલા સગા, કુટુંબી ત્યાં આવશે ભોગવવા? શું કરીએ અમે? અમારે બાયડી, છોકરાના વળગાડ વળગ્યા એને માટે કરવા પડે.

પાઠમાં ટીકામાં 'મમત્વ' શબ્દ છે. અહીંયા મમત્વ મૂક્યું નથી, ટીકામાં એમ છે. '**पुत्रकलत्रममत्वनिमित्तोत्पन्न**'. ટીકામાં છે. આહા..! આ મારા છે, દીકરો મારો, બાયડી મારી, ભાઈઓ મારા, એની દીકરીઓ અમારી, એના જમાઈ એ અમારા. અમારે એને માટે કરવું પડે, અમારી ફરજ સંસારની છે રખડવાની. આવી વાત છે. '**ઉનકા ફલ તૂ નરકાદિ ગતિમેં અકેલા સહેગા.**' આહાહા..! '**કુટુંબકે લોગ કોઈ ભી તેરે દુઃખકે બટાનેવાલે નહીં હૈં,...** ' દુઃખ વહેંચી નહિ શકે, કહે છે. થોડું દુઃખ તું અને થોડું દુઃખ હું (સહન કરું). આહાહા..! સમજાણું કાંઈ? '**તૂ હી સહેગા.**' આહાહા..!

કાલે કહ્યું નહોતું? બે ભાઈઓ હતા. નાના ભાઈને રોગ થયો અને મોટો ભાઈ દવા લાવે. દવા

લાવી દે. ખબર પણ ન પડે નાનાને. એમાં ઈંડા નાખે ઈંડા, મોટો ભાઈ એના માટે. એ મોટો મરીને થયો નારકી અને નાનો હતો તે મરીને થયો પરમાધામી. મારે એના ભાઈને નારકીને. ઓલો કહે, અરે! પણ તું મને (મારે છે)? મેં તો તારા માટે કર્યું હતું. કોણે કહ્યું હતું? મારા માટે કરવાનું કહ્યું હતું તને? સગા બે ભાઈઓ, એક થયો નારકી અને એક થયો પરમાધામી. અહીં ઈ કહે છે, જુઓ! આહાહા..!

મુમુક્ષુ :— ઈ તો એક દાખલો.

ઉત્તર :— એવા અનંતવાર થયા છે બધાને. એ તો દૃષ્ટાંત તો એક જ હોયને. આહાહા..!

'**તૂ હી સહેગા. શ્રીજિનશાસનમેં હિંસા દો તરહકી હૈ। એક આત્મઘાત, દૂસરી પરઘાત. ઉનમેંસે જો મિથ્યાત્વ રાગાદિકકે નિમિત્તસે દેખે, સુને, ભોગે...**' લ્યો આવ્યું. જોયું? મિથ્યાત્વભાવ વિપરીત માન્યતા અને રાગ-દ્વેષ એના નિમિત્તે જોયેલા આંખે, કાને સાંભળેલા, ભોગવેલું આમાં નથી. '**ભોગોંકી વાંછારૂપ જો તીક્ષ્ણ શસ્ત્ર...**' આહાહા..! ભોગની વાસના તીક્ષ્ણ શસ્ત્ર. આહાહા..! '**ઉસસે અપને જ્ઞાનાદિ પ્રાણોંકો હનના,...**' પોતાના જ્ઞાન અને આનંદપ્રાણ શુદ્ધ પવિત્ર, એ ભોગની વાસનામાં પ્રાણનું હણવું. આહાહા..! એ આત્મઘાત છે. સમજાણું કાંઈ? '**તીક્ષ્ણ શસ્ત્ર ઉનસે અપને જ્ઞાનાદિ પ્રાણોંકો હનના, વહ નિશ્ચયહિંસા હૈ,...**' એ પોતાની નિશ્ચયહિંસા. આહાહા..! '**રાગાદિકકી ઉત્પત્તિ વહ નિશ્ચય હિંસા હૈ.**' રાગની ઉત્પત્તિ કરવી શુભ કે અશુભ એ હિંસા. આહાહા..! અહીં આમ કહ્યું અને ન્યાં પાછું એમ કહ્યું કે નિશ્ચયવ્યવહાર બેય મોક્ષનો માર્ગ, ભેદાભેદરત્નત્રયને આરાધવા. કઈ શૈલી? ભેદરત્નત્રય તો શુભરાગ છે. પણ કથનની શૈલીથી ઈ કથન આવ્યું છે. નિરૂપણની અપેક્ષાએ. બાકી તો રાગ છે એ હિંસા છે. આહાહા..! પુરુષાર્થસિદ્ધિઉપાયમાં ગાથા લીધી છે. અહીં બીજો દાખલો આપશે, જયધવલનો આપશે. પુરુષાર્થસિદ્ધમાં લીધું છે, રાગમાત્રની ઉત્પત્તિ, ભગવાનઆત્મા વીતરાગપ્રાણને ધરનારો એ રાગથી નિશ્ચય વીતરાગી પ્રાણ, નિજશક્તિનું સામર્થ્ય પર્યાયમાં લૂંટાઈ જાય છે. આહાહા..! કહો, ભભૂતમલજી! આ કુટુંબ માટે, દીકરા માટે કરીએ છીએ, શું કરીએ? આહા..! આ ભાઈ મરી ગયો ને આ? બે અબજ ને ચાલીસ કરોડવાળો, શાંતિલાલ ખુશાલ. ત્યારે એના બનેવીએ કહ્યું એને, બનેવી થાય ને ઈ? પોપટભાઈ. ઓલાને બે અબજ ચાલીસ કરોડ. પોપટભાઈ આપણે આવે છે ને? એમની બે દીકરી બ્રહ્મચારી છે. એણે કહ્યું, પણ હવે શું કરવા તમે કરો છો? આટલા પૈસા છે. બે અબજ ચાલીસ કરોડ. જવાબ એવો આપ્યો. એ શેઠ! જવાબ એવો આવ્યો એના સાળાનો, બનેવીનો, તે શું અમે અમારા માટે કરીએ છીએ? હજારો માણસને રોજી મળે એ માટે ધંધા કરીએ છીએ. આહાહા..!

મુમુક્ષુ :— હજારોં લોકો કામ ઉપર લાગેલા છે.

ઉત્તર :— ખોટી વાત. હજારો માણસોને નભાવવા માટે કરે છે કે તારી મમતા માટે કરે છે? હેં?

મુમુક્ષુ :— મમતા માટે કરે છે.

ઉત્તર :— મમતા માટે. એના બનેવી પોપટભાઈ છે ને, પોપટભાઈ લીંબડીવાળા. એના ઘરે પણ છસ્સો વિઘા જમીન છે, પોપટભાઈની. પાંત્રીસ-ચાલીસ હજારની ઊપજ છે વર્ષની. જમીન હલકી ખરીને, ભાલમાં. અને આ બાજુ હોય તો બહુ પેદા થાય. પણ એ તો પૈસાનો જ્યાં યોગ હોય એમ બને ને. એના સાળાને કહ્યું, તમે હવે કેટલા પૈસા.. બે અબજ ચાલીસ કરોડ, કેટલું રળવું છે હવે તમારે? કેટલા પાપ કરવા છે તમારે? એ શું અમે અમારે માટે કરીએ છીએ. હજારો માણસ કારખાનામાં નભે છે. એના માટે કરતો હશે? મૂર્ખાઈ છે મોટી. એય! પોપટભાઈ! મૂરખનો સરદાર છે. આહા..! મરીને ક્યાંય જાઈશ, ભાઈ! તારું હાથ નહિ આવે. એ છોકરાઓ પણ ન્યાં મારવા આવશે પરમાધામી થઈને. આહાહા..!

મુમુક્ષુ :— પૈસા કમાય અને મૂર્ખ?

ઉત્તર :— મોટો મૂર્ખ. આ રહ્યા તમારા પૈસાવાળા, બધા બેઠા છે ને જોડે, જુઓને!

મુમુક્ષુ :— અહીંયા બધા હા પાડે.

ઉત્તર :— શેઠને જવાબ દેતા આવડે છે. આહાહા..! અરે! ભાઈ! ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય ભાવપ્રાણને ધરનારો, એ પરને કારણે રાગાદિ કરે એ તો હિંસા છે, હિંસા છે. આહા..! વેપાર-ધંધા નભાવવા માટે એ બધા પાપના ભાવ આત્મઘાત છે. આહાહા..! ઝીણી વાત છે ભાઈ!

મુમુક્ષુ :— ધંધો ન કરે તો પૈસા મળે?

ઉત્તર :— ધંધો શું કરવા કરે છે? રોટલા મળે છે એટલું બસ છે. એના દીકરાની વાતું કરે છે. આઠ હજારનો પગાર છે ને માસિક. સુમનભાઈ.

મુમુક્ષુ :— હું તો સામાન્ય વાત કરતો હતો.

ઉત્તર :— હા, પણ એમાં આવ્યું ઈ.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ધૂળમાંય નથી કાંઈ ન્યાં. આ સંસાર તો, ઓહો..! પરને માટે કરું છું, મારી ફરજ છે, મારે કરવી પડે. મરી જઈશ. પર ક્યાં તારી સાથે આવવાના છે. એકલા પાપના ફળ નરકમાં કાં તિર્યંચમાં (ભોગવીશ). આહાહા..! જીવતા બકરાને, ઘેટાને વાઘ આવે, નાર નાર હોય છે ને? નાર જીવતો ખાય. થોડું થોડું થોડું. આહાહા..! નાર નથી હોતા? નાર કહે છે? જંગલમાં (હોય). શું કહે છે? ચિત્તો નહિ. નાર જુદા. ચિત્તા જુદા, વાઘ જુદા, નાર જુદા. નાર જોયો નથી, ચિત્તા અને વાઘ જોયા છે. સિંહ, વાઘ, ચિત્તા (જોયા છે). નાર જોયા નથી. ક્યાંક હશે. આપણે અહીં નાર આવે છે ભરવાડોમાં. બકરા લઈ જાય છે નાર આવે છે અહીં રાત્રે. કૂતરા જેવું હોય. આહાહા..! એ પ્રાણને મારી ઘાત કરે. આહાહા..! બહારની ઘાત તો હો ન હો, પણ પરને મારવાનો ભાવ થયો ત્યાં પોતાનો ઘાત તો થયો. આહાહા..! સમજાણું કાંઈ?

એક ઠેકાણે એવું થયું હતું. એના બાપનું, શું કહેવાય આ? શ્રાદ્ધ શ્રાદ્ધ. શ્રાદ્ધ કહે છે? શું કહે

છે? શ્રાદ્ધ હતું તો દૂધપાક કરેલો, દૂધપાક. એનો બાપ મરીને કૂતરીનું બચ્ચું થયેલું ત્યાં જ એ શેરીમાં, ગલી, ગલી. હવે બાર મહિનાનો જે દૂધપાક કરેલો, શું કહેવાય? શ્રાદ્ધ. એ બચ્ચું આવે એકદમ ખાવા અને મારે આ, કાઢે. પાછું ખસે નહિ, વળી આવે. પછી એને વહેમ પડ્યો કે આ છે શું આ? વળી વળીને આવે છે. કોઈને વળી પૂછ્યું, સાધુ હશે એને, અવધિજ્ઞાની. એણે કહ્યું, એ તારા બાપનું શ્રાદ્ધ છે ને, ઈ તારો બાપ છે. આહાહા..! આ પણ બને છે ને, એમાં કોઈ વિશેષતા કોઈ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પોતાના સ્વભાવની સંભાળ છોડીને પરની સંભાળમાં રાગ-દ્વેષ કર્યા, આપઘાત કર્યો. આહાહા..! પ્રભુ! તારી હિંસા તેં કરી એમ કહે છે. છે? આહાહા..!

**'ક્યોંકિ ઈન વિભાવોંસે નિજ ભાવ ઘાતે જાતે હૈં.'** પરને મારવાનો ભાવ, અરે! બચાવવાનો ભાવ એ પણ રાગ. આહાહા..! ગજબ વાત છે, બાપુ! બહુ આકરું કામ.

મુમુક્ષુ :— એમાં પણ પોતાની હિંસા છે?

ઉત્તર :— હિંસા છે, રાગ છે ને. ભગવાનઆત્મા નિર્વિકલ્પ આનંદસ્વરૂપ, નિર્વિકલ્પ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. આહાહા..! એને રાગનો વિકલ્પમાત્ર તેને હિંસા છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'વિભાવોંસે નિજ ભાવ...'** જ્ઞાન, દૃષ્ટા, જ્ઞાતા, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતાના પ્રાણ રાગથી ઘવાય છે. આહાહા..! **'ઐસા જાનકર રાગાદિ પરિણામરૂપ નિશ્ચયહિંસા ત્યાગના.'** રાગાદિ પરિણામરૂપ નિશ્ચયહિંસા છોડવી. આહાહા..! **'યહી નિશ્ચયહિંસા આત્મઘાત હૈ.'** આહાહા..! આ આત્મઘાતની વ્યાખ્યા કરી, પરઘાતની હવે કરશે. આત્મઘાત અને પરઘાત, બેની વ્યાખ્યા. એમાં આ આત્મઘાતની વ્યાખ્યા. હવે પરઘાતની વ્યાખ્યા કરશે.

**'પ્રમાદકે યોગસે અવિવેકી હોકર એકેંદ્રિ જીવ,...'** પૃથ્વી, પાણી, જળ, અગ્નિ, વાયુ, વનસ્પતિ. આહાહા..! આ લીમડા હેઠે માણસ નીકળે છે ને, તો કેટલાક ડાળ્યું તોડતા જાય. કાંઈ નહિ, કાંઈ ન હોય. કો'ક તો લઈ જાય ડાળા તોડીને બકરા માટે. નીકળી રસ્તે અને આમ તાણીને તોડીને લઈ જાય. આહાહા..! જેમાં અસંખ્ય તો જીવ છે, એક કટકીમાં અસંખ્ય જીવ છે. લીમડામાં, પીપળામાં, લીમડામાં એક કટકીમાં અસંખ્ય જીવ, અસંખ્ય શરીર, એક શરીરમાં એક જીવ. અને એક જીવમાં પણ તારા માતા-પિતા અંદર બિરાજે છે. પૂર્વના માતા-પિતા પણ ત્યાં અંદર મરીને ગયા છે. આહાહા..! સમજાણું કાંઈ? અસંખ્ય છે ને અસંખ્ય. આહાહા..! દીર્ઘપણે વિચાર કે દિ' કર્યા છે? આહા..!

એ અહીંયા કહે છે, **'એકેંદ્રી,...'** લીલ, ફૂગ, કંદમૂળ, લસણ, કાંદા એને હણે. આહાહા..! બેઈન્દ્રિયને હણે. ઈયળ ઈયળ આદિ. **'તેઈંદ્રી, ચૌઈંદ્રી, પંચેદ્રી જીવોંકા ઘાત કરના વહ પરઘાત હૈ.'** આહાહા..! **'જબ ઈસને પરજીવકા ઘાત વિચારા, તબ ઈસકે પરિણામ મલિન હુએ, ઔર ભાવોંકી મલિનતા હી નિશ્ચયહિંસા હૈ,...'** તારી હિંસા તો થઈ ગઈ. પરજીવ મરે, ન મરે એ કંઈ તારે આધીન નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'ભાવોંકી મલિનતા હી નિશ્ચયહિંસા હૈ, ઈસલિયે પરઘાતરૂપ હિંસા આત્મઘાતકા કારણ હૈ.'** પરઘાતરૂપ હિંસા

આત્મઘાતનું કારણ છે. **'જો હિંસક જીવ હૈ, વહ પરજીવોંકા ઘાતકર અપના ઘાત કરતા હૈ.'** પરજીવનો ઘાત કરવાનો ભાવ જ પોતાનો ઘાત છે. આહાહા..! **'યહ સ્વદયા પરદયાકા સ્વરૂપ જાનકર હિંસા સર્વથા ત્યાગના.'** પરને મારવાનો ભાવ રાગાદિ એને ત્યાગવા અને પરને મારવાની ક્રિયા છે એ પણ ન કરવી એમ કહે છે. આહાહા..! **'હિંસાકે સમાન અન્ય પાપ નહીં હૈ.'** આ હિંસા, હોં રાગ.

**'નિશ્ચયહિંસાકા સ્વરૂપ સિદ્ધાંતમેં દૂસરી જગહ ઐસા કહા હૈ-- '** જયધવલ છે. આરાની પ્રતિમાં લખ્યું છે. ૧૩ ગાથા છે. આરાની પ્રતિ છે અહીં? જયધવલ એમાં લખ્યું છે. એમાં લખ્યું છે. **'જો રાગાદિકકા અભાવ વહી શાસ્ત્રમેં અહિંસા કહી હૈ,... '** આહાહા..! આ અહિંસા, પરને ન મારવા એ અહિંસા નહિ. સમજાણું કાંઈ? આહાહા..! **'રાગાદિકકા અભાવ વહી શાસ્ત્રમેં અહિંસા કહી હૈ,...'** એ અહિંસા. આહાહા..! અહિંસા પરમો ધર્મ આ. પરજીવની અહિંસા અને પરજીવની દયા પાળવી એ ધર્મ છે એમ તો છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? રાગની વ્યાખ્યા બહુ સૂક્ષ્મ. પરજીવને બચાવવાનો વિકલ્પ ઊઠે એ પણ હિંસા. આહાહા..! ઓલા ટીકા કરે છે, જુઓ! દયા ધર્મ છે એમાં આમ કહે છે. અરે! પ્રભુ! સાંભળ તો ખરો. દયા બે પ્રકારની--એક પોતાની દયા અને પરની દયા. પરની દયાનો ભાવ તો રાગ છે. હેં! આહાહા..! સત્યને સ્વીકારવાના ટાણા આવ્યા તો કહે છે, નહિ, નહિ. ભગવાને તો દયા, કરુણાને જીવનો સ્વભાવ કહ્યો છે. એ કઈ દયા? એ અહિંસા રાગ વિનાની એ. આહાહા..!

બાકી પ્રવચનસારમાં ન કહ્યું? મોહના લક્ષણ ત્રણ. આહા..! મોહના લક્ષણ કીધા ને? પરજીવની કરુણા. એને એને કારણે આમ કરુણા. એ મિથ્યાત્વભાવ છે. તિર્યંચ અને મનુષ્યની દયા. એની છે એમ લક્ષ કરીને કરુણા કરે એ મિથ્યાત્વભાવ છે. હેં?

મુમુક્ષુ :— તન્મયપણે.

ઉત્તર :— તન્મય છે. આને આમ કરું, આને માટે કરું છું. એમ. આને માટે કરું છું. પોતાને દયાનો ભાવ આવે જરી અમથો સાધારણ રાગ એ જુદી વાત. પણ હું આ દયા, કરુણા આને માટે કરું છું. એ મિથ્યાત્વભાવ છે. લક્ષણ વર્ણવ્યા છે ને મિથ્યાત્વના અને રાગ-દ્વેષના. આહાહા..! પ્રવચનસાર. ત્રણ બોલ છે ઈ. આહા..!

**'રાગાદિકકા અભાવ વહી શાસ્ત્રમેં અહિંસા કહી હૈ,...'** આહાહા..! **'ઔર રાગાદિકકી ઉત્પત્તિ વહી હિંસા હૈ,...'** બહુ જ ટૂંકી વાત છે. આહાહા..! **'ઐસા કથન જિનશાસનમેં જિનેશ્વરદેવને દિખલાયા હૈ.'** છે? શ્લોક છે ને?

रागादीणमणुप्पा अहिंसकतं ति देसियं समए।
तेसिं चे उप्पत्ती हिंसेति जिणेहिं णिद्दिट्ठा।।४२।।

જિનેશ્વરદેવ વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ એમ જોયું કે રાગ તે હિંસા અને અરાગ તે અહિંસા. આહાહા..! સમજાણું કાંઈ? ચાહે તો રાગ શુભ હો કે અશુભ હો, આત્માની હિંસા છે. આહાહા..!

હસતા તેં... આવે છે સજ્ઝાયમાં. ચાર સજ્ઝાયમાળા છે ને, એમાં આવે છે. 'હસતા તેં બાંધ્યા કર્મ, રોતા ન છૂટે પ્રાણીયા' ચાર સજ્ઝાયમાળામાં આવે છે. હસતા બાંધ્યા કર્મ. આમ રાજી રાજી ને બસ આ.. આ.. અરે! ભાઈ! 'હસતા બાંધ્યા કર્મ..' ચાર સજ્ઝાયમાળા છે ને? તે દિ' દુકાન ઉપર વાંચી હતી. તે દિ' આ આવતું, 'હસતા બાંધ્યા કર્મ, રોતા ન છૂટે પ્રાણીયા' આહાહા..!

**'ઐસા કથન જિનશાસનમેં જિનેશ્વરેદવને દિખલાયા હૈ.'** જુઓ! **'जिणेहिं णिद्दिट्ठा'**. આહાહા..! ત્રણલોકના નાથ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર, એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક પોતાની પર્યાયને જાણતા જાણે છે. પર્યાય જણાતા બધું જણાઈ જાય છે. આહાહા..! એમ જિનેશ્વરદેવ. આહા! છે ને? એમણે દેખાડ્યું છે. આહાહા..! રાગમાત્રની ઉત્પત્તિ જીવ—ભગવાનઆત્માના ભાવપ્રાણની હિંસા. શ્રીમદ્‌માં આવ્યું નહિ? '(ક્ષણ ક્ષણ ભયંકર) ભાવમરણે કાં અહો રાચી રહો'. શ્રીમદ્‌માં આવે છે. 'બહુ પુણ્ય કેરા પુંજમાં...' આવે છે. '(ક્ષણ ક્ષણ ભયંકર) ભાવમરણે કાં અહો રાચી રહો.' આહા..! પરપ્રાણીનો ઘાત થાય કે ન થાય, એનો અધિકાર નથી. પણ પરપ્રાણીનો ઘાત કરવાનો વિચાર આવ્યો, રાગ એ પોતાનો ઘાત છે. આહાહા..! કુટુંબ, કબીલાને નભાવવાનો રાગ આવ્યો એ પોતાની હિંસા છે. આહાહા..!

**'જો રાગાદિકકા અભાવ વહ સ્વદયા ઔર જો પ્રમાદરિહત વિવેકરૂપ કરુણાભાવ વહ પરદયા હૈ.'** લ્યો એટલું. **'યહ સ્વદયા-પરદયા ધર્મકા મૂલકારણ હૈ.'** પરદયામાં નાખ્યું, રાગ છે. પણ અહીં વ્યવહારથી મૂળ કહ્યું એને. આવી વાત છે. સાથે સાથે આવ્યા ને બેય, સ્વ-પરદયા બેય આવે ને, એટલે સાથે વાત કરી, કથન બે પ્રકારના કર્યા. આવું આવે ત્યારે કરે કે જુઓ, પરદયા પણ ધર્મનું મૂળ છે. આવ્યું કે નહિ એમાં? એક બાજુ કહ્યું કે પરની દયાનો ભાવ ઉત્પન્ન થવો એ હિંસા છે. કઈ નયે કથન છે? આહા..! એ તો સાથે વ્યવહાર વર્ણવ્યો. આહાહા..! એ સ્વદયા-પરદયા, એ એમણે વિશેષ નાખ્યું છે. ખુલાસો ટીકામાં નથી. એણે દૌલતરામે સ્પષ્ટીકરણ કર્યું છે.

**'જો પાપી હિંસક હોગા ઉસકે પરિણામ નિર્મલ નહીં હો સકતે,...'** આહાહા..! **'ઐસા નિશ્ચય હૈ, પરજીવ ઘાત તો ઉસકી આયુકે અનુસાર હૈ,...'** આહાહા..! પરજીવનો ઘાત તો એનું આયુ હોય એ પ્રમાણે બચે ને મરે. **'પરંતુ ઈસને જબ પરઘાત વિચારા, તબ આત્મઘાતી હો ચુકા.'** આહાહા..! એકેન્દ્રિય, પંચેન્દ્રિય, આહાહા..! અનંત જીવ છે. લસણ, પ્યાજ, કાંદા મૂળ, મૂળાના કાંદા નહિ ધોળા? અનંતજીવ છે. આહાહા..! શ્રીમદ્ તો એકવાર કહેતા કે એકેન્દ્રિય મોળે તો અમારાથી જોવાતું નથી. એકેન્દ્રિય મોળે ને સવારે, શાક શાક? શ્રીમદ્ લખે છે ને. હું જોઈ શકું નહિ. જીવ છે ને અંદર.

મુમુક્ષુ :— કોળો જે હોય એ તો બહાર હોય છે.

ઉત્તર :— બહાર એટલે?

મુમુક્ષુ :— કંદમૂળ નથી.

ઉત્તર :— કંદમૂળ નથી. પણ જીવ છે ને એમાં, લીલા હોય હોં! પાકા થઈ જાય પછી.. કેરી કેરી લ્યો, કેરી—આમ. લીલી કરે છે તો એમાં એક કટકીમાં અસંખ્ય જીવ છે. પાકી થઈ જાય પછી અંદર ગોટલા હોય એ જીવ. આહાહા..! આ બોર, લીલા બોર. એક કટકીમાં અસંખ્ય શરીર અને એક એક શરીરમાં એક જીવ. આહાહા..! આ તો વાતું બાપુ, એણે સાંભળી નથી. આહાહા..! આ પાંદડુ લ્યો ને, જુઓને આ લીમડાનું. એક આટલા પાંદડામાં અસંખ્ય શરીર. એક એક શરીરે એક એક જીવ, એમ આખામાં ભર્યા છે. આહા..! તુરિયા કાચા હોય ને? તુરિયાને શું કહે છે? ઘિસોડા. ઘિસોડા કહે છે ને? તુરિયા. ઉપરથી છાલ કાઢી નાખે. અણી અણી હોય ને આમ જરી ઝીણી ઝીણી ઉપર? છાલ કાઢી નાખે. આ બટાટાની પતરી કરીને ઘીમાં ને તેલમાં તળે. પ્યાજ ઘીમાં તેલમાં નાખે પ્યાજ. અનંત અનંતજીવ. આહાહા..! એકસાથે અનંતનો દેહ છૂટી જાય. એ તો એનું આયુષ્ય પૂરું થયું માટે છૂટે છે. પણ મારનારના ભાવ છે એ પોતાનો ઘાત કરે છે. સમજાણું કાંઈ?

'**ઉસકી આયુકે અનુસાર હૈ, પરંતુ ઈસને જબ પરઘાત વિચારા, તબ આત્મઘાતી હો ચુકા.**' આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— પરઘાત થાય, ન થાય, પોતાનો રાગ..

ઉત્તર :— રાગ થયો એ ઘાત થયો. પરનો ઘાત થાય, ન થાય એ તો એના આયુષ્યને આધીન છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ૧૨૫ થઈ.

## ગાથા-૧૨૬

अथ तमेव हिंसादोषं द्रढयति–

२५६) मारिवि चूरिवि जीवडा जं तुहुँ दुक्खु करीसि।
तं तह पासि अणंत-गुणु अवसइँ जीव लहीसि।।१२६।।
मारयित्वा चूर्णयित्वा जीवान् यत् त्वं दुःखं करिष्यसि।
तत्तदपेक्षया अनन्तगुणं अवश्यमेव जीव लभसे।।१२६।।

मारिवि इत्यादि। मारिवि बहिर्विषये अन्यजीवान् प्राणीप्राणवियोगलक्षणेन मारयित्वा चूरिवि हस्तपादाद्येकदेशच्छेदरुपेण चूरयित्वा। कान्। जीवडा जीवान्। निश्चयेनाभ्यन्तरे तु मिथ्यात्वरागादिरुपतीक्ष्णशस्त्रणे शुद्धात्मानुभूतिरुपनिश्चयप्राणांश्च जं तुहुँ दुक्खु करीसि यद्दुःखं त्वं कर्ता करिष्यसि तेषु पूर्वोक्तस्वपरजीवेषु तं तह पासि अणंतगुणु तद्दुःखं तदपेक्षया अनन्तगुणं अवसइं अवश्यमेव जीव हे मूढजीव लहीसि प्राप्नोतीति। अत्रायं जीवो मिथ्यात्वरागादिपरिणतः पूर्वं स्वयमेव निजशुद्धात्मप्राणं हिनस्ति बहिर्विषये अन्यजीवानां प्राणघातो भवतु मा भवतु नियमो नास्ति। परघातार्थं तप्तायःपिण्डग्रहणेन स्वहस्तदाहवत् इति भावार्थः। तथा चोक्तम्–''स्वयमेवात्मनात्मानं हिनस्त्यात्मा कषायवान्। पूर्वं प्राण्यन्तराणां तु पश्चात्स्याद्वा न वा वधः।।''।।१२६।।

आगे उसी हिंसाके दोषको फिर निंदते हैं, और दयाधर्मको दृढ़ करते हैं–

गाथा–१२६

अन्वयार्थ :– [जीव] हे जीव, [यत् त्वं] जो तू [जीवान्] परजीवोंको [मारयित्वा] मारकर, [चूरयित्वा] चूरकर [दुःखं करिष्यसि] दुःखी करता है, [तत्] उसका फल [तदपेक्षया] उसकी अपेक्षा [अनंतगुणं] अनंतगुणा [अवश्यमेव] निश्चयसे [लभसे] पावेगा।

भावार्थ :–निर्दयी होकर अन्य जीवोंके प्राण हरना, परजीवोंका शस्त्रादिकसे घात करना, वह मारना है, और हाथ-पैर आदिसे, तथा लाठि आदिसे परजीवोंका काटना, एकदेश मारना वह चूरना है, यह हिंसा ही महा पापका मूल है। निश्चयनयसे अभ्यन्तरमें मिथ्यात्व रागादिरुप तिक्ष्ण शस्त्रोंसे शुद्धात्मानुभूतिरुप अपने निश्चय प्राणोंको हत रहा है, क्लेशरुप करता है, उसका फल अनंत दुःख अवश्य सहेगा। इसलिए हे मूढ़ जीव, परजीवोंको मत मार, और मत चूर, तथा अपने भाव हिंसारुप मत कर, उज्जवल भाव रख, जो तू जीवोंको दुःख देगा, तो निश्चयसे अनंतगुणा दुःख पावेगा। यहाँ सारांश है– जो यह जीव मिथ्यात्व रागादिरुप परिणत हुआ पहले तो अपने भावप्राणोंका नाश करता है, परजीवका घात तो हो या न हो, परजीवका घात तो उसकी आयु पूर्ण हो गई हो, तब होता है, अन्यथा नहीं; परंतु इसने जब परका घात विचारा, तब यह आत्मघाती हो चूका। जैसे गरम लोहेका गोला पकड़नेसे अपने हाथ तो निस्संदेह जल जाते हैं। इससे यह निश्चय हूआ, कि जो परजींवो पर खोटे भाव करता है, वह आत्मघाती है। ऐसा दूसरी जगह भी कहा है, कि जो आत्मा कषायवाला है, निर्दयी है, वह पहले तो आप ही अपने से अपना घात करता है, इसलिये आत्मघाती है, पीछे परजीवका घात होवे, या न होवे। जीवको आयु बाकी रही हो, तो यह नहीं मार सकता, परंतु इसने मारनेके भाव किये, इस कारण निस्संदेह हिंसक हो चुका, और जब हिंसाके भाव हुए, तब यह कषायवान् हुआ। कषायवान् होना ही आत्मघात है।।१२६।।

---

હવે, તે જ હિંસાના દોષને દઢ કરે છે :-

ભાવાર્થ :- બહારમાં અન્ય જીવોને મારીને અર્થાત્ પ્રાણીઓના પ્રાણનો વિયોગ કરીને, અન્ય જીવોને ચૂરીને અર્થાત્ હાથ, પગ વગેરેનો એક દેશનો છેદ કરવારૂપે જીર્ણ કરીને અને નિશ્ચયનયથી અભ્યંતરમાં મિથ્યાત્વ, રાગાદિરૂપ તીક્ષ્ણ શસ્ત્રથી શુદ્ધાત્મઅનુભૂતિરૂપ પોતાના નિશ્ચયપ્રાણોને ચૂરીને તે પૂર્વોક્ત સ્વ-પર જીવોમાં તું જે દુઃખ આપે છે, તે દુઃખની અપેક્ષાએ અનંતગણું દુઃખ હે મૂઢ જીવ! તું અવશ્ય પામીશ.

અહીં આ જીવ મિથ્યાત્વ, રાગાદિમાં પરિણમીને પ્રથમ તો પોતે જ પોતાના શુદ્ધ આત્મ પ્રાણોને હણે છે, પછી ભલે બહારમાં અન્ય જીવોનો ઘાત થાય કે ન થાય, (તેનો) કોઈ નિયમ નથી. જેમ બીજાનો ઘાત કરવા માટે (તેના તરફ ફેંકવા માટે) તપ્ત લોખંડના ગોળાને ઝાલવા જતાં પ્રથમ તો પોતાનો જ હાથ દાઝે છે, એવો ભાવાર્થ છે.

કહ્યું પણ છે કેઃ—[1]''स्वयमेवात्मनात्मानं हिनस्त्यात्मा कषायवान्। पूर्वं प्राण्यन्तराणां तु पश्चत्स्याद्वा न वा वधः।।'' (અર્થઃ- પ્રમાદથી યુક્ત (કષાયવાન્) આત્મા પ્રથમ તો પોતે જ પોતાથી પોતાની હિંસા કરે છે, પછી અન્ય પ્રાણીઓનો ઘાત થાય કે ન થાય,'') (પર જીવની આયુ બાકી રહી હોય તો તે મારી શકાતો નથી પણ આણે મારવાના ભાવ કર્યા માટે તે નિઃસંદેહ હિંસક બની ચૂક્યો અને જ્યારે હિંસાનો ભાવ થયો ત્યારે તે કષાયવાન થયો. કષાયવાન થવું તે જ આત્મઘાત છે.) ।।૧૨૬.

## ગાથા-૧૨૬ ઉપર પ્રવચન

૧૨૬. 'આગે ઉસી હિંસાકે દોષકો ફિર નિંદતે હૈં, ઔર દયાધર્મકો દૃઢ કરતે હૈં-'

२५६) मारिवि चूरिवि जीवडा जं तुहुँ दुक्खु करीसि।
तं तह पासि अणंत-गुणु अवसइँ जीव लहीसि।।१२६।।

આહાહા..! સાધારણ વાત કરી હતી. અનંતગુણા ફળે તને ભોગવવા પડશે ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? બ્રહ્મદત્તનું નહોતું કહ્યું? બ્રહ્મદત્ત. સાતસો વર્ષ. ચક્રવર્તીપદ તો થોડું હતું. પણ એનું આખું જીવન સાતસો વર્ષ. એમાં એક શ્વાસ. એટલા શ્વાસમાં જે ચક્રવર્તીપદનો ભોગ લીધો, એના ફળમાં, એક શ્વાસના ફળમાં અગિયાર લાખ પલ્યોપમનું દુઃખ. શું કહ્યું? એટલો એક શ્વાસ, એવા સાતસો વર્ષના એટલા શ્વાસ. એણે એટલા પાપ કર્યા, આહાહા..! કે એક શ્વાસના ફળમાં અગિયાર લાખ આદિ પલ્યોપમનું દુઃખ. અગિયાર લાખ પલ્યોપમ. એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. શું કહ્યું સમજાણું? ભાઈને મોઢે છે, ધનજીભાઈને. અગિયાર લાખ છપ્પન હજાર નવસો પંચોતેર એ પહેલું કહેલું હોય, પછી અહીં યાદ ન હોય, કો'ક યાદ રાખે. એક શ્વાસના સુખની કલ્પનાનો ભાવ એના ફળ તરીકે એક શ્વાસનું ફળ અગિયાર લાખ છપ્પન હજાર નવસો પંચોતેર પલ્યોપમ. આવે છે ને? અનંતગુણું છે ને, જુઓને! તેથી કહ્યું. છે ને? 'तं तह पासि अणंत-गुणु'. આહાહા..! કષાયની તીવ્રતા એટલી. આહાહા..!

२५६) मारिवि चूरिवि जीवडा जं तुहुँ दुक्खु करीसि।
तं तह पासि अणंत-गुणु अवसइँ जीव लहीसि।।१२६।।

---

૧. શ્રી સર્વાર્થસિદ્ધિ અ-૭ ગાથા ૧૩ની ટીકામાં આ ગાથા છે.

**અન્વયાર્થ :—** '**હે જીવ, જો તૂ પરજીવોંકો મારકર, ચૂરકર...**' ભૂક્કો કરીને '**दुःखं करिष्यसि**' '**દુઃખી કરતા હૈ, ઉસકા ફલ ઉસકી અપેક્ષા અનંતગુણા નિશ્ચયસે પાવેગા.**' આહાહા..! લ્યો, રસની અપેક્ષાએ. સમજ્યા? આમ તો કાળ તો અસંખ્યગુણો થયો. એક શ્વાસના ફળમાં અસંખ્યગુણો કાળ. પલ્યોપમ થયા તે. અગિયાર લાખ છપ્પન હજાર નવસો પંચોતેર પલ્ય. ત્યાં તો પલ્ય બધા એટલા કહો તોપણ અસંખ્ય છે, પણ એના રસમાં જે દુઃખ છે એ અનંત છે એમ કહે છે. કાળ થોડો પણ રસ જે છે, આહાહા..! સમજાણું કાંઈ?

એક નાની ફોડકી થાયને શરીરમાં આવડી, રહે ભલે થોડી વખત અને છે થોડા ક્ષેત્રમાં પણ એની પીડા, રાડ નાખે એવી પીડા છે. લબકારા મારે અંદરથી અને તાવ ૧૦૫, ૧૦૪ આવ્યો હોય પણ દુઃખ ન હોય એને. એટલે આખા શરીરમાં તાવ આવ્યો હોય અને એટલું દુઃખ નહિ, અને આવડી એક ફોડકી પીળી પાકી હોય અંદરથી તો લબકારા મારે અંદરથી. રસ દુઃખનો અનંત. કાળ ભલે થોડો. આહાહા..! આ તો કાળ પણ મોટો અને રસ પણ એનો અનંતગુણો. આહાહા..! આવી વાતું છે બાપુ! વીતરાગ જૈન પરમેશ્વરે સ્વદયાને માટે, અહિંસા માટે આ વિચાર ચાલે છે. આહાહા..! સમજાણું કાંઈ? કોઈ એમ કહે છે ને, ચીભડાના ચોરને ફાંસી? એક ચીભડું ચોરે ત્યાં એને ફાંસી? એમ નથી. એમ કે, આટલું પાપ કરે અને આટલા નરકના દુઃખ? એ તો ચીભડાના ચોરને ફાંસી જેવું કીધું. એમ નથી, બાપુ! તારા કષાયની અંદરમાં તીવ્રતા, એનો જે અનંતગુણો રસ છે અંદર એનું ફળ અનંતગુણું મળે છે. આહાહા..!

ભાવાર્થ :— '**નિર્દય હોકર અન્ય જીવોંકે પ્રાણ હરના, પરજીવોંકા શસ્ત્રાદિકસે ઘાત કરના, વહ મારના હૈ,...**' '**मारिवि**' છે ને? પછી '**चूरिवि**'. એ '**चूरिवि**'નો અર્થ ચાલે છે. પહેલા '**मारिवि**'નો અર્થ (થયો). '**હાથ-પૈર આદિસે, તથા લાઠી આદિસે પરજીવોંકા કાટના, એકદેશ મારના...**' એક અંગ કાપી નાખવું '**વહ ચૂરના હૈ,...**' એને ચૂરના કહેવાય છે, ચૂરે. આંખ ફોડી નાખવી, હાથ કાપી નાખવા. આહાહા..! '**યહ હિંસા હી મહા પાપકા મૂલ હૈ. નિશ્ચયનયસે અભ્યંતરમેં મિથ્યાત્વ રાગાદિરૂપ તીક્ષ્ણ શસ્ત્રોંસે...**' આહાહા..! સત્યદૃષ્ટિથી, યથાર્થદૃષ્ટિથી જોઈએ તો અભ્યંતરમાં મિથ્યાત્વ—વિપરીત શ્રદ્ધા. આહાહા..! હિંસામાં ઠીક પડે, મજા પડે છે, ભોગમાં મજા આવે છે એવા જે તીવ્ર મિથ્યાત્વના પરિણામ. આહાહા..! છે? '**નિશ્ચયનયસે અભ્યંતરમેં મિથ્યાત્વ રાગાદિરૂપ તીક્ષ્ણ શસ્ત્રોંસે શુદ્ધાત્માનુભૂતિરૂપ અપને નિશ્ચય પ્રાણોંકો...**' આહાહા..! શુદ્ધ સ્વરૂપનો અનુભવ, આનંદનો અનુભવ થવો. આહાહા..! એવા જે નિશ્ચયપ્રાણ, એ પોતાના પ્રાણ છે. આહાહા..! શુદ્ધભગવાન પવિત્ર પરમાત્મા પોતાનું સ્વરૂપ, એની અનુભૂતિ થવી તે પોતાના નિશ્ચયપ્રાણ છે. એ '**નિશ્ચય પ્રાણોંકો હત રહા હૈ,...**' આહાહા..! રાગ-દ્વેષથી હણી નાખે છે. આહાહા..! શાંતિ.. શાંતિ.. શાંતિ અનુભૂતિ, અવિકારી અકષાયસ્વરૂપ ત્રિકાળ એના આશ્રયે અકષાય શુદ્ધ અનુભૂતિ થાય એ પર્યાય છે, એને રાગ ઘાત કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'મિથ્યાત્વ રાગાદિરૂપ તીક્ષ્ણ શસ્ત્રોંસે શુદ્ધાત્માનુભૂતિરૂપ અપને નિશ્ચય પ્રાણોંકો હત રહા હૈ,...'** આહાહા..! એકલો બેઠો હોય અને વિચાર કરે મિથ્યાત્વ ને રાગ-દ્વેષના. આહાહા..! અંતરના નિશ્ચય શુદ્ધ સ્વરૂપની અનુભૂતિરૂપ પરિણતિ એનો એ ઘાત કરે છે. છે અને ઘાત કરે છે એમ નહિ, પણ એ પરિણતિ ઉત્પન્ન નથી થતી અને અહીં હિંસા થાય છે તો એ ઘાત કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

૬૯-૭૦માં આવ્યું ને? સમયસારમાં કર્તાકર્મમાં આવ્યું છે કે પોતાના પ્રાણને ઘાત કરે છે. પ્રાણ નિર્મળ પ્રગટ છે તો ઘાતે છે? પણ નિર્મળ પરિણામ, પરિણતિ ઉત્પન્ન નથી કરતો તો અશુદ્ધ પરિણતિ ઉત્પન્ન કરે છે. એમ. ૬૯માં આવે છે, ૬૯-૭૦, કર્તાકર્મ. એમ કે પોતાની શુદ્ધ નિર્મળ પરિણતિનો ઘાત કરે છે. પરિણતિ છે અને ઘાત કરે છે? એનો અર્થ? સમજાણું? ૬૯-૭૦. આહાહા..! **'આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન (જ્ઞાતાદૃષ્ટામાત્ર) અવસ્થા તેનો ત્યાગ કરીને...'** અવસ્થા છે? શું કહ્યું સમજાણું? આહા..! એ જ આવ્યું સામે. **'આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનભવમાત્ર જે સહજ ઉદાસીન (જ્ઞાતાદૃષ્ટામાત્ર) અવસ્થા...'** તો અવસ્થા છે? પણ એવી અવસ્થા ઉત્પન્ન થવી જોઈએ, એને ઠેકાણે રાગ કરીને એ અવસ્થા ઉત્પન્ન નથી થતી. એમ. **'અવસ્થા તેનો ત્યાગ કરીને...'** આહાહા..! તો શું અવસ્થા છે? પણ એ અવસ્થા શુદ્ધ થવી જોઈએ, એના સ્થાનમાં રાગથી અશુદ્ધ ઉત્પન્ન કરે છે તો એ અનુભૂતિની અવસ્થા છોડીને, એમ કહ્યું. ત્યાગ કરીને. આહા..! સમજાણું કાંઈ? **'જ્ઞાનભવનમાત્ર જે સહજ...'** જ્ઞાતા-દૃષ્ટાની અવસ્થા તેનો ત્યાગ કરીને. ભાષા તો એવી છે.

મુમુક્ષુ :— ઈ ત્યાગ પણ નામમાત્ર છે.

ઉત્તર :— એ નહિ, એ નહિ. ઈ જુદું, ઈ નહિ અહીં. એ વળી બીજી વાત છે, એ જુદી વાત છે. એ બીજી વાત છે. એ તો રાગનો ત્યાગકર્તા નામમાત્ર છે. એ તો ૩૪ (ગાથા). ઈ બીજી વાત છે. આ તો અહીંયા ઉત્પન્ન નથી અને ઉત્પન્નનો ઘાત કરે છે એટલું કહેવું છે. ઓલી વાત જુદી છે, એ બીજી વાત છે. એ તો બધો ખ્યાલ છે ને.

અહીંયા તો એટલું કહેવું હતું કે અજ્ઞાનભાવને લીધે જ્ઞાનભવનમાત્ર (અર્થાત્) જ્ઞાનનું પરિણમવું, જ્ઞાનનું થવું. આહાહા..! **'જે સહજ ઉદાસીન અવસ્થા તેનો ત્યાગ કરીને...'** એનો અર્થ કે એ ઉત્પન્ન થવી જોઈએ એ ઉત્પન્ન કરતો નથી અને રાગને ઉત્પન્ન કરે છે. એમ. સમજાણું કાંઈ? અને ત્યાં તો જુદું. એ તો રાગનો ત્યાગ છે એ પણ નામમાત્ર કથન છે. કેમકે એ તો અંદર ઠરે છે ત્યાં રાગ ઉત્પન્ન થતો નથી. એનો રાગનો ત્યાગ કર્યો એ નામમાત્ર છે. રાગનો ત્યાગ કર્યો. આ તો નિર્મળ અવસ્થાનો ત્યાગ કરીને. સમજાણું કાંઈ? આહાહા..! ૬૯-૭૦. જુઓ!

**'રાગાદિરૂપ તીક્ષ્ણ શસ્ત્રોંસે... '** આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પરૂપી તીક્ષ્ણ શસ્ત્ર. **'શુદ્ધાત્માનુભૂતિરૂપ અપને નિશ્ચય પ્રાણોંકો હત રહા હૈ,...'** અહીં શુદ્ધાત્માનુભૂતિ વર્તમાન

પરિણતિ નિર્મળ એમ કહેવું છે. નિશ્ચયપ્રાણને હણી નાખે છે, નિશ્ચયપ્રાણને એ હણી નાખે છે. એટલે નિશ્ચયપ્રાણ જે ઉત્પન્ન થવા જોઈએ એ ઉત્પન્ન થતા નથી. એમ. આહાહા..! એવું લાગે લોકોને. ઓલા કહે, જીવદયા. 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મોક્ષે ગયા, દયા તણા પ્રમાણ.' ઈ પરજીવની દયાની વાતું કરે. આહાહા..! સ્થાનકવાસીમાં બહુ બોલે. પડિકમણા કરતા ત્યાં. પંડિતજી સાથે પડિકમણા કરતા હતા, ત્યારે બહુ બોલતા હતા એમ. અમારે ગઢડામાં ચોમાસુ હતું તો ઘડિયાળ પાસે ઈ બધું લખાણ રાખે. (સંવત) ૧૯૮૧. 'દયા તે સુખની વેલડી' કઈ દયા બાપા? આ રાગની અણઉત્પત્તિ તે અહિંસા, તે દયા. હેં? આહાહા..! પરની દયા પાળી કોણ શકે? એ તો એનું આયુષ્ય હોય તો રહે, આયુષ્ય ન હોય તો ન બચે, એને કારણે. એનો ભાવ હોય પરદયાનો તો એ તો વિકલ્પ છે, રાગ છે. આહાહા..! બહુ માર્ગ ભાઈ આવો. આહાહા..!

એક તો સંસારના કામમાં એટલો ઘુંચાઈ ગયેલો, વીસ-વીસ, બાવીસ કલાક એમાં ને એમાં પાપમાં. આહાહા..! સંકલ્પ ને વિકલ્પની જાળુમાં ઘાત કરી રહ્યો છે ક્ષણે ક્ષણે. આહાહા..! થોડો વખત મળે સાંભળવાનો તો સંભળાવનારા એવા મળે કે આ વ્રત કરો ને અપવાસ કરો ને આ કરો, તમારે કલ્યાણ થઈ જશે. એ ઘાત છે ત્યાં. શુભરાગ એ પણ સ્વરૂપનો ઘાત છે.

મુમુક્ષુ :— નહિ કરવાથી તો સારું છે.

ઉત્તર :— અશુભ ન કરે એટલું શુભ ઠીક, પણ ઈ છે તો હિંસા. રાગની ઉત્પત્તિ થઈ એ જ હિંસા છે અને રાગની અનુત્પત્તિ તે જ અહિંસા છે. લ્યો, નવરંગભાઈ! પાણી ગળીને પીવું. આહાહા..! ભારે માર્ગ બાપા, ઝીણો બહુ ભાઈ!

એકલો જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જ્ઞાનનો પિંડ ચિદ્રૂપો અહં એ કરે શું? જેમ સર્વજ્ઞ જાણે-દેખે છે, એમ આ જ્ઞાન જાણે-દેખે બસ. કરે કોનું? હણે કોને? મારે કોને? દયા પાળે કોની? આહાહા..! અને ત્યાં તો બંધ અધિકારમાં એમ લીધું છે, હું પરને જીવાડું અને પરથી હું જીવું, એ મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાની છે. ત્રણ બોલ લીધા છે. એ ગાંધી વખતે આ બોલ આવ્યો હતો, ત્યાં (સંવત) ૧૯૯૫માં. મોહનભાઈના મકાનમાં હતા ત્યારે. ગાંધીને લાગ્યું કે આ... પરજીવને બચાવવાનો ભાવ રાગ છે. અને એ મૂઢ છે કે હું પરને બચાવી શકું છું. પછી બે-ચાર વર્ષે ખાનગી કહ્યું હશે, ઓલા નટુભાઈને, બેચરભાઈના નટુભાઈને, એક મહારાજ મને મૂઢ કહેતા હતા, ઈ ક્યાં છે? મારે તો ઓલા સિદ્ધાંતમાં આવ્યું હતું. ૧૯૯૫માં ચોમાસુ હતું ને, રાજકોટ. કેટલા વર્ષ થઈ ગયા? ૩૮ વર્ષ થઈ ગયા, લ્યો. નટુ કહેતો હતો કે આમ કહેતા હતા. આહાહા..! વાત આકરી. જગતથી આખી જુદી વાત છે ને. પરને સુખી કરી દઈએ સગવડતા આપીને, આમ કરીને ને તેમ કરીને. પરને સુખ દઉં એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિની છે. આવે છે ને બંધ અધિકારમાં? અરે! હું પરને મોક્ષ કરાવી દઉં. મૂઢ છો. એની વીતરાગ દશા વિના મોક્ષ ક્યાંથી થશે? તું કરાવી દે છે વીતરાગભાવ? આહાહા..! વાત બહુ ફેર ભાઈ!

**'ઉસકા ફલ અનંત દુઃખ અવશ્ય સહેગા.'** આહાહા..! **'અપને નિશ્ચય પ્રાણોંકો હત**

રહા હૈ, ક્લેશરૂપ કરતા હૈ,...' આત્માને ક્લેશરૂપ કરે છે. આહાહા..! જ્ઞાતા-દૃષ્ટા શાંત સ્વભાવ પોતાના પ્રાણ, એને રાગ અને દ્વેષાદિ ઉત્પન્ન કરીને ક્લેશ કરે છે. આહાહા..! '**ઉસકા ફલ અનંત દુઃખ અવશ્ય સહેગા.**' આહાહા..! તારે અનંત દુઃખ સહન કરવું પડશે, પ્રભુ! કોઈ કુટુંબ, કબીલો, સ્ત્રી કોઈ સાથે નહિ આવે ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈસલિયે હે મૂઢ જીવ, પરજીવોંકો મત માર ઔર મત ચૂર,...**' ભૂક્કો ન કર. '**તથા અપને ભાવ હિંસારૂપ મત કર, ઉજ્જ્વલ ભાવ રખ,...**' ભાઈ! આહાહા..! '**જો તૂ જીવોંકો દુઃખ દેગા, તો નિશ્ચયસે અનંતગુણા દુઃખ પાયેગા.**' અનંતગણું. રસ છે ને કષાયની તીવ્રતા. એમ. આહાહા..!

'**યહાં સારાંશ યહ હૈ—જો યહ જીવ મિથ્યાત્વ રાગાદિરૂપ પરિણત હુઆ...**' મિથ્યાશ્રદ્ધા માન્યતામાં. હું વિષયમાં સુખ લઉં છું, આબરુમાં મને મજા આવે છે. આહાહા..! એ બધો મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વનું ફળ અનંતગુણું દુઃખ છે. આહા..! મિથ્યાત્વને જ અનંત કહે છે. અનંતાનુબંધી છે ને. એનો અર્થ એવો છે અનંતાનુબંધીનો. અનંત એવું મિથ્યાત્વ, એની સાથે અનુબંધ એ કષાય અનંતાનુબંધી. આહાહા..! મિથ્યાત્વનો અર્થ જ અનંત છે. આહાહા..! '**મિથ્યાત્વ રાગાદિરૂપ પરિણત હુઆ પહલે તો અપને ભાવપ્રાણોંકા નાશ કરતા હૈ,...**' પોતાના જ્ઞાતા-દૃષ્ટા શાંત વીતરાગી-પ્રાણ, એમાં રાગ કરીને પોતાના ભાવપ્રાણનો ઘાત કરે છે. આહાહા..! આવી વ્યાખ્યા વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. બધાને સુખી કરો, સમજ્યા ને? આની આંતરડી સુખી થશે તો તારું કલ્યાણ થશે. બીજાને સુખ આપતા, દુઃખ ટાળતા એની આંતરડી સુખી થશે. અત્યારે એની દયા આવશે તને, એના ભાવનું ફળ તને આવશે આનંદ. દુઃખ ધૂળેય નથી. આહાહા..! '**અપને ભાવપ્રાણોંકા નાશ કરતા હૈ,...**'

'**પરજીવકા ઘાત તો હો યા ન હો, પરજીવકા ઘાત તો ઉસકી આયુ પૂર્ણ હો ગઈ હો, તબ હોતા હૈ, અન્યથા નહીં; પરંતુ ઈસને જબ પરકા ઘાત વિચારા, તબ યહ આત્મઘાતી હો ચુકા.**' આહાહા..! '**ઐસા દૂસરી જગહ ભી કહા હૈ....**' બીજો આધાર આપશે.... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, પોષ વદ ૧૪, મંગળવાર
## તા. ૧૮-૧-૧૯૭૭, ગાથા-૧૨૬, ૧૨૭, પ્રવચન નં. ૧૮૯

અહીં સુધી આવ્યું, જુઓ! ઠીક ત્યાંથી છે, પણ ઉપરથી થોડું મેળ માટે. '**પરજીવકા ઘાત તો હો યા ન હો,...**' આત્મા પોતાના પરિણામમાં પરને હું મારી શકું, પરને હું જીવાડી શકું એવો જે ભાવ એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ એ જ આત્માનો ઘાત છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને? '**પરજીવકા ઘાત તો હો યા ન હો,...**' પરજીવનું આયુષ્ય હોય તો મરે પણ નહિ.

આયુષ્ય પૂરું થવાનું હોય તો મરે તો એને કારણે છે. આહાહા..! **'પરંતુ ઈસને જબ પરકા ઘાત વિચારા,...'** છે ને? **'પરજીવકા ઘાત તો ઉસકી આયુ પૂર્ણ હો ગઈ હો, તબ હોતા હૈ, અન્યથા નહીં;...'** પરનું આયુષ્ય પૂર્ણ થયું હોય તો દેહ છૂટી જશે, પણ તું એને મારી શકે એમ તો છે નહિ. **'પરંતુ ઈસને જબ પરકા ઘાત વિચારા, તબ યહ આત્મઘાતી હો ચુકા.'** આહાહા..! એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય જીવના ભેદ છે એને હું મારી શકું, હિંસા કરી શકું એવો જે ભાવ એ આત્મઘાત છે. આહાહા..! છે? **'પરકા ઘાત વિચારા, તબ યહ આત્મઘાતી હો ચુકા.'** આહાહા..!

**'જૈસે ગરમ લોહેકા ગોલા પકડનેસે અપને હાથ તો નિસ્સંદેહ જલ જાતે હૈં.'** ગરમ લોઢાનો ગોળો હાથમાં લે તો હાથ બળી જાય. **'પહલે તો આપ હી...'** છે ને? **'નિસ્સંદેહ જલ જાતે હૈં. ઈસસે યહ નિશ્ચય હુઆ, કિ જો પરજીવોં પર ખોટે ભાવ કરતા હૈ, વહ આત્મઘાતી હૈ. ઐસા દૂસરી જગહ ભી કહા હૈ, કિ જો આત્મા કષાયવાલા હૈ,...'** જેને કષાય નામ રાગ-દ્વેષના ભાવ છે એ **'નિર્દયી હૈ, વહ પહલે તો આપ હી અપને સે અપના ઘાત કરતા હૈ,...'** આહાહા..! **'ઈસલિયે આત્મઘાતી હૈ, પીછે પરજીવકા ઘાત હોવે, યા ન હોવે.'** જીવનું આયુષ્ય બાકી રહ્યું હોય તો ન પણ મારી શકે. **'પરંતુ ઈસને મારનેકે ભાવ કિયે, ઈસ કારણ નિસ્સંદેહ હિંસક હો ચુકા, આહાહા..! ઔર જબ હિંસાકે ભાવ હુએ, તબ વહ કષાયવાન્ હુઆ. કષાયવાન્ હોના હી આત્મઘાત હૈ.'** આહાહા..! ઝીણી વાત છે ભઈ.

ભગવાનઆત્મા તો જ્ઞાતા-દૃષ્ટા છે. એમાંથી નીકળીને પરને મારું એવો ભાવ થયો એ આત્મઘાત થયો, પોતાની હિંસા થઈ. આહાહા..! અરે! પરને હું જીવાડી શકું છું, એ ભાવ પણ મિથ્યાત્વ છે. આહાહા..! આ કુટુંબને નભાવી શકે છે કે નહિ? નહિ?

મુમુક્ષુ :— અહીં તો નહિ જ કહેવાય ને.

ઉત્તર :— બૈરા, છોકરા એને નભાવે. કોણ નભાવે? એ તો એના આયુષ્ય પ્રમાણે નભે અને એના પુણ્ય હોય એ પ્રમાણે શાતા-અશાતાનો યોગ થાય. તો તું શું કરી શકે છે પરનું? આહા..! અભિમાની, હું પરને બચાવી શકું છું, પરનું રક્ષણ કરી શકું છું એ ભાવ મિથ્યાત્વ છે, કષાય છે, એ આત્મઘાત છે. સમજાણું કાંઈ? આ મિલમાલિક ને બધા ગૃહસ્થો હજારો જીવોને નોકરી આપે બધાને. ધૂળેય નથી, તારા ભાવ છે. પરને કોણ બચાવે? સમજાણું કાંઈ?

એક દ્રવ્ય બીજા દ્રવ્યની કોઈપણ પર્યાય કરે એ ત્રણકાળમાં બને નહિ. આહાહા..! એવો જિનવરનો સિદ્ધાંત એ ચૂકીને પરને જીવાડી શકું, પરને મારી શકું (એ મિથ્યાત્વ છે). મોટી ઉંમર થાય છતાં છોકરાઓને મદદ કરે છે. કારણ કે પોતે આખી જિંદગીનો અનુભવ કર્યો હોય પાપનો એટલે એ છોકરાઓને અનુભવ દે. પોપટભાઈ! ફૂલચંદભાઈ! હેં!

મુમુક્ષુ :— એમ તો બનતું નથી.

ઉત્તર :— ત્રણકાળમાં બનતું નથી. પરને કોણ બચાવે? પરને કોણ નભાવે? પરની કોણ રક્ષા કરે? પરને કોણ જીવાડી શકે? આહાહા..! એના કર્મને કારણે આયુષ્ય હોય તો બચે, આયુષ્ય ન હોય તો મરી જાય. એના પુણ્યનો ઉદય હોય તો સંયોગ અનુકૂળ મળે, પાપ હોય તો પ્રતિકૂળ મળે, બીજો કોઈ આપી શકે એ વાતમાં કંઈ માલ નથી. પણ.. આહાહા..! 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે...' સવારથી સાંજ સુધી, મેં કર્યું, આ મેં કર્યું, મેં કર્યું. પૈસાની વ્યવસ્થા મેં કરી. સમજાણું કાંઈ? કરોડ રૂપિયા હોય તો એટલો બધો વેપાર કરતા ન આવડે પોતાને તો સારા વેપાર હોય એ માણસને પાંચ પાંચ લાખ અને બાર આના, રૂપિયાનું વ્યાજ લે અને અડધો ભાગ લે. આમ બને છે ને? આ તો બધું બને છે અત્યારે. કારણ કે પોતાને કુટુંબ એટલું લાંબુ ન હોય અને બે છોકરા હોય એ સાધારણ હોય. પૈસા હોય કરોડ, બે કરોડ, હવે કરવું શું? છોકરાને વેપાર કરતા આવડે નહિ સરખો. પછી એવા મૂકે વેપારી આવડતવાળા એટલે એના.. કે પાંચ લાખ તમને આપીએ છીએ. બાર આનાનું વ્યાજ. પહેલા હોં. અત્યારે તો હવે દોઢ ટકો થઈ ગયો છે એવું સાંભળ્યું હતું. પહેલા બાર આના હતું. બાર આનાનું વ્યાજ અને પેદાશ થાય એનો અડધો ભાગ. અને મહિને મહિને ચોપડા જોવા આવીશ, પાછા તમે ગોટા ન કરો કાંઈ. આહાહા..! કાંઈ કરી શકતો નથી, મફતનો અભિમાની. આહા..! પરનું રક્ષણ કરવા માટે પૈસા પેદા કરું, મિથ્યાત્વભાવ છે, આત્મઘાત છે. આહાહા..! એ આવી વાત.

'**જબ હિંસાકે ભાવ હુએ, તબ વહ કષાયવાન હુઆ. કષાયવાન્ હોના હી આત્મઘાત હૈ.**' લ્યો. આહાહા..! આવી વાત છે, ત્રિભુવનભાઈ! ક્યાં ગયા ભાઈ? કાંતિભાઈ ન્યાં બેઠા છે. સમજાણું કાંઈ? આહાહા..! ઘરમાં કમાઉ છોકરો હોય અને કમાઉ હોય તો બધું કરે કે નહિ? લોકો નથી કહેતા કે, મારો છોકરો કર્મી જાગ્યો છે? કર્મી એટલે પાપી. એમ. કર્મ કરનારો. આહા..! આમ વખાણ કરે, ઘરમાં બહુ હુશિયાર છે ને પાંચ-દસ હજારની પેદાશ માસિકની કરે છે ને સારી રીતે સંભાળે છે. બધો હાથ-દોર કુટુંબનો એના હાથમાં છે. ધૂળેય નથી, સાંભળને!

મુમુક્ષુ :— વ્યવસ્થા કેમ કરવી..

ઉત્તર :— કોની વ્યવસ્થા કરે? પૈસા ક્યાં એના છે? એ તો જડ છે. આવી વાતું છે, શેઠ!

અંતરમાં એ વિકારની વૃત્તિ ઉઠવી કે પરને જીવાડી શકું, મારી શકું, સગવડતા દઈ શકું એ કરી શકતો નથી. પણ એ ભાવ થયો એ જ આત્મઘાત છે.

મુમુક્ષુ :— બીજાને બચાવવાનો ભાવ કર્યો.

ઉત્તર :— એ આત્મઘાત છે, રાગ છે.

અહીં એ વાત નહિ લ્યે. પાપથી નરક અને પુણ્યથી સ્વર્ગ એ વાત લેશે. સમજાય છે કાંઈ? આહાહા..! અરેરે! આવો અવતાર મળ્યો એમાં તત્ત્વ વીતરાગ શું કહે છે એની ખબરું ન મળે, એના શ્રદ્ધાના ઠેકાણા ન મળે, આહા..! એ ક્યાં જઈને અવતરશે? ચોર્યાશીનો ભવસિંધુ મોટો દરિયો ભર્યો છે. ચોર્યાશી લાખ યોની.

કહે છે કે જેણે પર માટે વિચાર કર્યો મારવાનો, એ પોતે મરે કે નહિ એના આયુષ્યને કારણે, પણ એના પોતાના ભાવમાં આત્મઘાત તો થયો એને. આહા..! છે? '**કષાયવાન્ હોના હી આત્મઘાત હૈ.**' આહાહા..! એ રાગ થવો એ જ આત્મઘાત છે. ત્રિભુવનભાઈ! આ બધું પોષણ કરે ને બધા, કુટુંબનું. ફૂલચંદભાઈ! છોડવું હતું પણ છોકરાઓને સાચવવા માટે સગવડતામાં રોકાણા છે લ્યો ઈ. એના મિત્ર વળી ગુજરી ગયા, વેવાઈ હતા. આ શું પણ છે? પ્રભુ! તને ખબર નથી, ભાઈ! તું તો આત્મા જ્ઞાન ને દર્શન ને આનંદસ્વરૂપ. એ સિવાય કંઈ પણ વિકલ્પ ઉઠાવવો એ આત્મઘાત છે. પરની ઘાત તો કરી શકતો નથી પણ તારી ઘાત તું કરી શકે છે. આહાહા..!

---

## ગાથા-૧૨૭

अथ जीववधेन नरकगतिस्तद्रक्षणे स्वर्गो भवतीति निश्चनोति-

२५७) जीव वहंतहँ णरय-गइ अभय-पदाणेँ सग्गु।
बे पह जवला दरिसिया जहिँ रुच्चइ तइँ लग्गु।।१२७।।
जीवं घ्नतां नरकगतिः अभयप्रदानेन स्वर्गः।
द्वौ पन्थान समीपौ दर्शितौ यत्र रोचते तत्र लग्न।।१२७।।

जीव वहंतहं इत्यादि। जीव वहंतहं निश्चेन मिथ्यात्वविषयकषायपरिणामरुपं वधं स्वकीयजीवस्य व्यवहारेणेन्द्रियबलायुःप्राणापानविनाशरुपमन्यजीवानां च वधं कुर्वतां णरय-गइ नरकगतिर्भवति अभय-पदाणें निश्चयेन वीतरागनिर्विकल्पस्वसंवेदन-परिणामरुपमभयप्रदानं स्वकीयजीवस्य व्यवहारेण प्राणरक्षारुपमभयप्रदानं परजीवानां च कुर्वतां सग्गु स्वस्याभयप्रदानेन मोक्षो भवत्यन्यजीवानामभयप्रदानेन स्वर्गश्चेति वे पह जवला दरिसिया एवं द्वौ पन्थानां समीपे दर्शितौ। जहिं रुच्चइ तहिं लग्गु हे जीव यत्र रोचते तत्र लग्न भव त्वमिति। कश्चिदज्ञानि प्राह। प्राणा जीवादभिन्ना भिन्नावा, यधभिन्नाः तर्हि जीववत्प्राणानां विनाशो नास्ति, अथ भिन्नास्तर्हि प्राणवधेडपि जीवस्य वधो नास्त्यनेन प्रकारेण जीवहिंसैव नास्ति कथं जीववधे पापबन्धो भविष्यतीति। परिहारमाह। कथंचिद्-भेदाभेदः। तथाहि-स्वकीयप्राणे हृते सति दुःखोत्पत्तिदर्शनाद्व्यवहारेणाभेदः सैव दुःखोत्पत्तिस्तु हिंसा भण्यते ततश्च पापबन्धः। यदि पुनरेकान्तेन देहात्मनोर्भेद एव तर्हि यथा परकीयदेहघाते दुःखं न भवति तथा स्वदेहघातेडपि दुःखं न स्यान्न च तथा। निश्चयेन पुनर्जीवे गतेडपि देहो न गच्छतीति हेतोर्भेद एव। ननु तथापि व्यवहारेण हिंसा जाता पापबन्धोडपि न च निश्चयेन इति। सत्यमुक्तं त्वया, व्यवहारेण पापं तथैव नारकादि दुःखमपि व्यवहारेणेति। तदिष्टं भवतां चेत्तर्हि हिंसां कुरु यूयमिति।।१२७।।

आगे जीवहिंसाका फल नरकगति है, और रक्षा करनेसे स्वर्ग होता है, ऐसा निश्चय करते हैं-

गाथा-१२७

अन्वयार्थ :- [जीवं घ्नतां] जीवोंको मारनेवोलोंकी [नरकगतिः] नरकगति होती है, [अभयप्रदानेन] अभयदान देनेसे [स्वर्गः] स्वर्ग होता है, [द्वौ पन्थानौ] ये दोनों मार्ग [समीपे] अपने पास [दर्शितौ] दिखलाते हैं, [यत्र] जिसमें [रोचते] तेरी रुचि हो, [तत्र] उसीमें [लग्न] तू लग जा।

भावार्थ :- निश्चयकर मिथ्यात्व विषय कषाय परिणामरुप निजघात और व्यवहारनयकर परजीवोंके इंद्री, बल, आयु, श्वासोच्छ्वासरुप प्राणोंका विनाश, उसरुप परप्राणघात, सो प्राणघातियोंके नरकगति होती है। हिंसक जीव नरक ही के पात्र हैं। निश्चयकर वीतरागनिर्विकल्प स्वसंवेदन परिणामरुप जो निजभावोंका अभयदान निज जीवकी रक्षा और व्यवहारनयकर परप्राणियोंके प्राणोंकी रक्षारुप अभयदान यह स्वदया परदयास्वरुप अभयदान है, उसके करनेवालोंको स्वर्ग मोक्ष होता है, इसमें संदेह नहीं है। इनमें से जो अच्छा मालूम पड़े उसे करो। ऐसी श्रीगुरुने आज्ञा की। ऐसा कथन सुनकर कोई अज्ञानी जीव तर्क करता है, कि जो ये प्राण जीवसे जुदे हैं, कि नहीं? यदि जीवसे जुदे नहीं हैं, तो जैसे जीवका नाश नहीं है, वैसे प्राणोंका भी नाश नहीं हो सकता। अगर जुदे हैं, अर्थात् जीवसे सर्वथा भिन्न हैं, तो इन प्राणोंका नाश नहीं हो सकता। इसप्रकारसे जीवहिंसा है ही नहीं, तुम जीवहिंसामें पाप क्यों मानते हो? इसका समाधान-जो ये इन्द्रिय, बल, आयु, श्वासोच्छ्वास और प्राण जीवसे किसी नयकर अभिन्न हैं, भिन्न नहीं हैं, किसी नयसे भिन्न हैं। ये दोनों नय प्रामाणिक हैं। अब अभेद कहते हैं, सो सुनो। अपने प्राणोंका घात होने पर जो व्यवहारनयकर दुःखकी उत्पत्ति वह हिंसा है, उसीसे पापका बंध होता है, और जो इन प्राणोंको सर्वथा जुदे ही मानें, देह और आत्माका सर्वथा भेद ही जानें, तो जैसे परके शरीरका घात होने पर दुःख नहीं होता है, वैसे अपने देहके घातमें भी दुःख न होना चाहिये, इसलिये व्यवहारनयकर जीवका और देहका एकत्व दिखता है, परंतु निश्चयसे एकत्व नहीं है। यदि निश्चयसे एकपना होवे, तो देहके विनाश होनेसे जीवका विनाश हो जावे, सो जीव अविनाशी है। जीव इस देहको छोड़कर परभवको जाता है, तब देह नहीं जाती है। इसलिये जीव और देहमें भेद भी है। यधपि निश्चयनयकर भेद है, तो भी व्यवहारनयकर प्राणोंके चले जानेसे जीव दुःखी होता है, सो जीवको दुःखी करना यही हिंसा है, और हिंसासे पापका बंध होता है। निश्चयनयकर जीवका घात नहीं होता, यह तूने कहा, वह सत्य

है, परंतु व्यवहारनयकर प्राणवियोगरुप हिंसा है ही, और व्यवहारनयकर ही पाप है, और पापका फल नरकादिकके दुःख हैं, वे भी व्यवहारनयकर ही हैं। यदि तुझे नरकके दुःख अच्छे लगते हैं, तो हिंसा कर, और नरकका भय है, तो हिंसा मत कर। ऐसे व्याख्यानसे अज्ञानी जीवोंका संशय मेटा।।१२७।।

---

હવે, જીવની હિંસા કરવાથી નરકગતિ થાય છે અને જીવનું રક્ષણ કરવાથી સ્વર્ગ થાય છે, એમ નક્કી કરે છે.

ભાવાર્થ :-નિશ્ચયનયથી પોતાના જીવનો મિથ્યાત્વ, વિષય, કષાયના પરિણામરૂપ ઘાત અને વ્યવહારનયથી અન્ય જીવોનો પાંચ ઇન્દ્રિય, ત્રણબળ, આયુ અને શ્વાસોચ્છ્વાસના વિનાશરૂપ ઘાત કરનારને નરકગતિ થાય છે.

નિશ્ચયથી પોતાના જીવને વીતરાગનિર્વિકલ્પસ્વસંવેદન-પરિણામરૂપ અભયદાન દેવાથી અને વ્યવહારથી પરજીવોના પ્રાણોની રક્ષારૂપ અભયદાન કરનારને સ્વર્ગ થાય છે, એટલે કે પોતાને (વીતરાગનિર્વિકલ્પસ્વસંવેદનપરિણામરૂપ અભયદાન દેવાથી) મોક્ષ અને પરજીવોના પ્રાણોની રક્ષારૂપ અભયદાન દેવાથી સ્વર્ગ થાય છે. એ રીતે બન્ને પંથ તારી આગળ દર્શાવ્યા છે. હે જીવ! જ્યાં રુચે ત્યાં લાગી જા.

આવું કથન સાંભળીને કોઈ અજ્ઞાની પૂછે છે કે પ્રાણ જીવથી અભિન્ન છે કે ભિન્ન છે? જો અભિન્ન હોય તો જેમ જીવનો વિનાશ નથી તેમ પ્રાણનો પણ વિનાશ ન થાય. (અને પ્રાણનો વિનાશ ન થવાથી હિંસા બની શકે નહિ). હવે જો પ્રાણ (જીવથી) ભિન્ન હોય તો પ્રાણનો વધ થતાં પણ, જીવનો વધ થશે નહિ (અને તેમ થવાથી હિંસા બની શકે નહિ). એ રીતે આ બેમાંથી કોઈ પણ પ્રકારે જીવની હિંસા જ નથી તો પછી જીવહિંસામાં પાપબંધ કેવી રીતે થાય?

તેનું સમાધાનઃ-પ્રાણ જીવથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન છે. તે આ પ્રમાણેઃ-પોતાનો પ્રાણ હણાતાં, પોતાને દુઃખ થાય છે એમ જોવામાં આવે છે તેથી (એ અપેક્ષાએ) વ્યવહારનયથી દેહ અને આત્મા અભેદ છે અને તે જ દુઃખોત્પત્તિને હિંસા કહેવામાં આવે છે અને તેથી પાપનો બંધ થાય છે. વળી, જો એકાંતે દેહ અને આત્માનો કેવળ ભેદ જ માનવામાં આવે તો જેવી રીતે પરના દેહનો ઘાત થતાં પણ દુઃખ ન થાય તેવી રીતે પોતાનો દેહનો ઘાત થતા પણ પોતાને દુઃખ થવું ન જોઈએ, પણ તેમ થતું નથી. વળી, નિશ્ચયથી જીવ (પરભવમાં) જવા છતાં પણ તેની સાથે દેહ જતો નથી, એ કારણે દેહ અને આત્મા જુદા છે.

અહીં, અજ્ઞાની કહે કે તો પછી ખરેખર વ્યવહારથી હિંસા થઈ અને પાપબંધ વ્યવહારથી થયો, પણ નિશ્ચયથી નહિ.

**ગુરુ કહે છે કે તમે સાચું જ કહ્યું. વ્યવહારથી પાપ તેમ જ નરકાદિ દુઃખ પણ વ્યવહારથી છે. જો (નારકાદિનું દુઃખ) તમને ઈષ્ટ હોય તો તમે હિંસા કરો (અને નારકાદિનું દુઃખ તમને સારું ન લાગતું હોય તો તમે હિંસા ન કરો.) ૧૨૭.**

**ગાથા-૧૨૭ ઉપર પ્રવચન**

૧૨૭. '**આગે જીવહિંસાકા ફલ નરકગતિ હૈ, ઔર રક્ષા કરનેસે સ્વર્ગ હોતા હૈ,...**' એટલું લેશે.

૨૫૭) जीव वहंतहँ णरय-गइ अभय-पदाणे ँ सग्गु।
बे पह जवला दरिसिया जहिँ रुच्चइ तइँ लग्गु।।१२७।।

**અન્વયાર્થ :— 'જીવોંકો મારનેવાલોંકી નરકગતિ હોતી હૈ, અભયદાન દેનેસે સ્વર્ગ હોતા હૈ,...'** મોક્ષ નહિ. પરને નહિ મારવાનો ભાવ એ પુણ્ય છે તો પુણ્યથી સ્વર્ગમાં જશે. સમજાણું કાંઈ? એનાથી મુક્તિ નહિ. આહાહા..! બીજા પ્રાણીને મારવાનો ભાવ આદિ એ તો નરકગતિનું કારણ છે. આહા..! નરકગતિ છે નીચે. અનંતવાર ત્યાં જન્મી આવ્યો છે. આ પાપી પ્રાણીઓના ત્યાં પાર્લામેન્ટ ભરાય છે, નરકમાં. એ મોટા મિલ માલિકો ને રાજાઓ આ બધા, મોટરોમાં ફરતા હોય.. આહા..! એ બધાનો ત્યાં સંગ્રહાલય છે. નરકમાં એનું સંગ્રહનું સ્થાન છે, આલય એટલે સ્થાન. આહાહા..! કહે છે કે પરપ્રાણીને મારી નાખવા.. આહા..! ઘાત કરવો એ ભાવ નરકગતિનું કારણ છે. '**અભયદાન દેનેસે સ્વર્ગ...**' ભાષા છે? કોઈ કહે કે અભયદાન દેવાથી મોક્ષ થાય અને ધર્મ થાય એમ નથી. પરપ્રાણીને નહિ મારવા અભયદાન એ પુણ્ય પુણ્ય (છે). પુણ્યથી સ્વર્ગ દેવલોકમાં જાય. સમજાણું કાંઈ?

'**યે દોનોં માર્ગ અપને પાસ દિખલાયે હૈં,...**' તારી પાસે બે પ્રકારના ભાવ છે એ તને બતાવ્યા. ચાહે તો પાપ કર તો નરક અને પુણ્ય કર તો સ્વર્ગ. તારા ભાવ ઉપર છે. આહા..! ઘણા તો એમ કહે ને, વાત નહોતી કરી? આ મિલ માલિકોને દસ-દસ લાખની મિલ હોય, વીસ લાખ, પચાસ લાખ. તો એમાં પાંચ-પાંચ હજાર માણસો નભતા હોય. એને એમ છે કે આ માણસોને નભાવવા માટે આ મારું છે. ધૂળેય નથી, સાંભળને. તારા પાપભાવ છે માટે બધું ઊભું છે. સમજાણું કાંઈ? આહા..! ભાઈને કહ્યું હતું ને? શાંતિલાલ ખુશાલ. આપણા દશાશ્રીમાળી વાણિયા સ્થાનકવાસી. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. ગોવામાં છે. ગુજરી ગયો હમણાં વર્ષ, દોઢ વર્ષ પહેલા. બે અબજ ચાલીસ કરોડ. પછી એના બનેવીએ એને કહ્યું, પોપટભાઈએ લીંબડીવાળા પોપટભાઈએ કહ્યું, હવે તમારે શું કરવું છે? બે અબજ ચાલીસ કરોડ, બસ્સો ચાલીસ કરોડ. પૈસા ને ફાટી ગયેલા પ્યાલા. અમે શું ધંધા માટે આ કરીએ છીએ? માણસને નભાવવા માટે કરીએ છીએ. એય પોપટભાઈ! હેં!

મુમુક્ષુ :— મદ ચડી ગયો.

ઉત્તર :— મદ ચડી ગયો. પોપટભાઈ આપણા આવે છે ને? લીંબડીથી. એના સાળા થાય. એના આ બનેવી થાય. આહા..! પૈસા ફાટ ફાટ થઈ જાય અંદરથી. નભાવવા માટે આ ધંધા કરીએ છીએ મોટા પાપના. આહાહા..! બાપુ! તારી મમતા છે એને માટે કરે છો ઈ, પરને માટે છે નહિ. આહાહા..!

**'દોનોં માર્ગ અપને પાસ દિખલાયે હૈં, જિસમેં તેરી રુચિ હો, ઉસીમેં તૂ લગ જા.'** આહાહા..!

**ભાવાર્થ :— 'નિશ્ચયકર મિથ્યાત્વ વિષય કષાય પરિણામરૂપ નિજઘાત... '** શું કહે છે? **'નિશ્ચયકર મિથ્યાત્વ...'** હું પરને જીવાડી શકું છું, પરને મારી શકું છું, પરને નભાવી શકું છું એવો જે ભાવ એ મિથ્યાત્વ. આહા..! મહાપાપ. એ **'નિશ્ચયકર મિથ્યાત્વ વિષય કષાય...'** પાંચ ઇન્દ્રિયના વિષયનો ભાવ અને કષાય, રાગાદિ વિકારનો ભાવ એ પરિણામ નિજઘાત છે. આહાહા..! એ પોતાની શાંતિનો ઘાત થાય છે એમાં, કહે છે. આહાહા..! દુનિયાથી ઊંધું છે બહુ, વીતરાગનો માર્ગ આખો. સમજાણું કાંઈ? જુઓ! મિથ્યાત્વ નામ જૂઠી શ્રદ્ધા કે હું કમાઈ શકું છું હુશિયારીને લઈને એ પણ જૂઠી મિથ્યાશ્રદ્ધા, જૂઠી માન્યતા છે. આહાહા..! દુકાનની અને દીકરા-દીકરીની વ્યવસ્થા કરી શકું છું. દીકરીઓને પણ સારે ઘરે ઠેકાણે રાખું છું અને છોકરાઓને પણ સારા ઘરની કન્યા આવે એની વ્યવસ્થા કરનારો હું છું. એ માન્યતા મિથ્યાત્વ છે, જૂઠી શ્રદ્ધા છે. આરે! આવી વાતું હવે. પછી શું કરવું ત્યારે હવે આ બધું? આ હસમુખ આદિનું કાંઈક કરવું કે નહિ એના માટે? કર્યું અત્યાર સુધી. આહા..! આવી વાત છે. આહાહા..!

'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે'. ગાડું હોય પચાસ મણનું. બે બળદ હાંકતા હોય. ઠૂંઠા નીચે કૂતરું આવે, અડે એને. એ જાણે કે મારાથી આ આખું ચાલે છે. એમ દુકાનનો ધંધો ને.. આહાહા..! અમારે કુંવરજીભાઈ હતા ને, એને આ બહુ અભિમાન હતા. ભાગીદાર અમારા ફઈના દીકરા. બુદ્ધિ જાડી હોં! બહુ જાડી. પુણ્ય ન હોય તો એને સાચવવા માટે પૈસા દેવા પડે નોકર પાસે. પુણ્યને લઈને બે-બે લાખ પેદા કરતા વર્ષમાં. આહાહા..! એને આમ જાણે હું દુકાન ચલાવી શકું છું. મારા નામની જ્યારથી દુકાન થઈ ત્યારથી પેદાશ વધી, પૈસા વધ્યા. આહાહા..! મેં તો કહ્યું હતું, (સંવત) ૧૯૬૬ની સાલ. ભાઈ! તમને આટલું બધું છે, મને તો એવું લાગે છે, બાપુ! ૬૬ હોં! ૬૭ વર્ષ પહેલાની વાત છે, ૬૭ વર્ષ પહેલાની. વીસ વર્ષની ઉંમર, અત્યારે શરીરને ૮૭ થયા. તે દિ' કહ્યું હતું મેં એને. હું તો પહેલેથી ભગત કહેવાતો ને. દુકાન ચાલતી હતી પણ રસ નહિ, શાસ્ત્ર વાંચું. ભાઈ! તમને આ શું? આટલી બધી? બાપુ! મને તો એવું લાગે છે ભાઈ! સાંભળે હોં, મારી સામું બોલે નહિ કોઈ. ભગત છે, સાંભળો. મરીને ઢોર થાશો, કીધું. યાદ રાખજો. આપણે વાણિયા છીએ, દારૂ-માંસ ખાતા નથી. ઈંડા ને દારૂ-માસ આપણે છે નહિ એટલે નરકમાં ન જાઓ. બાપુ! દેવમાં જવાના લખણ મને નથી લાગતા. આ તો ૬૭ વર્ષ પહેલાની વાત છે. વીસ વર્ષની ઉંમર. આહા..! તેમ માણસ થવાના લખણ મને લાગતા નથી તમારા. આ હોળી

આખો દિ', આ શું કરો છો તમે આ? એક તિર્યંચ ગતિ થશે તમારી કીધું. એય! બુદ્ધિ થોડી પણ ઓલા પુણ્ય હતા ને પૂર્વના, એટલે દુકાન વધતી જ ગઈ પેદાશમાં. મરી ગયો ત્યારે બે લાખની પેદાશ. દસ લાખની મુડી. હવે તો વધી ગયું અત્યારે તો. દસ વર્ષ પહેલા મરી ગયા, અગિયાર વર્ષ પહેલા. આહાહા..! એ મરતા ભાઈ, મગજ ગાંડો થઈ ગયો. અભિમાન કરેલા ને, બહુ કરેલા. મગજ (ફરી ગયું). આમ કરો, આમ કરો, લાવો માણસને. એ બોલાબોલ (કરે), લવારો વધી ગયો. ભૂલી ગયો હતો, મરીને ગયો હેઠે. આહાહા..! હેં? આહાહા..! છોકરાઓ કહેતા એના, મહારાજ પહેલા કહેતા હતા સંસારમાં, એ બાપુની સ્થિતિ થઈ ગઈ. આહાહા..! આ શું છે પણ તમને? તમે પરનું કરી શકો છો એમ માનો છો? ગામમાં સાધુ આવે સવારે, અમે બધા તો સ્થાનકવાસી હતા ને પહેલા, ધર્મ એનો હતો ને, અમારા બાપ સ્થાનકવાસી એટલે. સાધુ ગામમાં આવે તો સામું જોવે નહિ, રાતના આઠ વાગે જાય. આખો દિ' કોઈ નહિ, આપણે દુકાન છોડી દઈએ. એ વખતે તો એ લાઈન હોય ને. આહાર-પાણી એને દેવા ને એવું બધું. ઓલા આવે રાતે આઠ વાગે, નામું-બામું લખી. સાધુ કહે, ઓહો..! રાતડિયા શ્રાવક આવ્યા. રાત્રે આવે આઠ વાગે, નામું-બામું લખ્યા પછી. અરે! આ શું હોળી? સાધુ ગામમાં એક-બે દિ' રહે, એની પાસે બે-ચાર કલાક જવાનો પણ વખત નહિ? શું છે આ તમારું આ? એ.. શેઠ!

મુમુક્ષુ :— કામથી નિવૃત્તિ મળે ત્યારે ને.

ઉત્તર :— ઈ જ કહે છે ને, કામ-ધંધાના પાપ આડે નિવૃત્તિ લેતો નથી. આહાહા..!

અહીં ઈ કહ્યું ને, પાપ કરનારા નરકે જાય છે. આહાહા..! અને જીવની દયા પાળનારા શુભભાવ હોય તો એ સ્વર્ગે જાય છે, મુક્તિ નહિ, મોક્ષ નહિ. પછી પણ નહિ કે પુણ્યના ફળ ભોગવી ગોય ને ન્યાંથી મરી પાછો ઢોરમાં આવશે, સ્વર્ગમાંથી. શેઠ દલાલી કરે છે.

મુમુક્ષુ :— મોક્ષની નજીક પહોંચી ગયો ને.

ઉત્તર :— અરે! સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં અનંતવાર રહી આવ્યો છે. સાંભળ્યું છે? જ્યાં સિદ્ધ ભગવાન છે ને ઉપર? મુક્તિશિલા ૪૫ લાખ યોજનની છે. ઉપર સિદ્ધ ભગવાન છે. ત્યાં ભગવાન સિદ્ધ બિરાજે છે અનંતા. ણમો સિદ્ધાણં. અરિહંત તો અહીં મહાવિદેહમાં બિરાજે છે અને સિદ્ધ ભગવાન લોકના અગ્રે ઉપર બિરાજે છે. એ સિદ્ધભગવાન છે ત્યાં એકેન્દ્રિયપણે અનંતવાર અવતર્યો. સિદ્ધભગવાનના પેટમાં—ક્ષેત્રમાં. આહાહા..! નિગોદ એકેન્દ્રિય, પૃથ્વી, પાણી. પાંચ એકેન્દ્રિય છે ને? પૃથ્વીના જીવ. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય નથી આવતું? ઈચ્છામી પડિક્કમણામાં નથી આવતું? પૃથ્વી, અપકાય, પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય, વનસ્પતિકાય. એ એકેન્દ્રિય છે. અને આ માણસ, ઈયળ, કીડી, કાગડા, કૂતરા, નારકી, દેવ એ પંચેન્દ્રિય છે. આહાહા..!

એટલે કહે છે, કે એનાથી પુણ્ય બંધાય પણ અભિમાન મિથ્યાત્વ સેવ્યા છે પાછા. આહાહા..! એટલે એને ગતિ મળે પણ સિદ્ધપદ ન મળે એને. '**વિષય કષાય પરિણામરૂપ નિજઘાત...**'

જુઓ! આહાહા..! **'ઔર વ્યવહારનયકર પરજીવોંકે ઇંદ્રી, બલ, આયુ, શ્વાસોશ્વાસરૂપ પ્રાણોંકા વિનાશ,...'** પરજીવોની ઇન્દ્રિય, પાંચ ઇન્દ્રિય. બળ—મન, વચન ને કાયા બળ. પાંચ ને ત્રણ, આઠ. આયુષ્ય અને શ્વાસોશ્વાસ એમ દસ પ્રાણ છે. એ દસ પ્રાણનો ઘાત કરનારો. આહાહા..! **'વિનાશ, ઉસરૂપ પરપ્રાણઘાત, સો પ્રાણઘાતિયોંકે નરકગતિ હોતી હૈ.'** આહાહા..! દસ પ્રાણની વાત છે હોં અહીં વધારે. તેથી નાખ્યું છે. શું કીધું સમજાણું? એકેન્દ્રિયનું નહિ. અહીં દસ પ્રાણ છે ને? એવા પરજીવના ઇન્દ્રિય, બળ, આયુ, શ્વાસોશ્વાસરૂપ **'પ્રાણોંકા વિનાશ, ઉસરૂપ પ્રાણઘાત,...'** એમ. પંચેન્દ્રિયના પ્રાણના ઘાત. એકેન્દ્રિય આદિમાં તો હોય છે. .. એકેન્દ્રિય જીવ આ પૃથ્વી, પાણી, અગ્નિ, આ શું કહેવાય? દૂધી ને ઘિસોડા ને કારેલા ને બધા જીવ છે અંદર. એક કટકીમાં અસંખ્ય. એ તો સવારમાં કાપી નાખીને બરાબર મોળીને સરખા કરે આમ સાફ કરીને. પણ એનું પાપ વિશેષ નથી. પણ પંચેન્દ્રિયના દસ પ્રાણનો ઘાત કરે તે મરીને નરકે જાય એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? શ્વાસોશ્વાસ. આ પ્રાણ છે ને શ્વાસ? ઈ શરીરનો અવયવ છે. શરીરનો અવયવ છે. આત્મામાં નથી, એ તો જડ છે, આ તો જડ છે. આયુષ્ય શરીરની મુદ્દત હોય છે. શરીરમાં રહેવાની મુદ્દત હોય છે. એટલું આયુપ્રાણ છે. એ આયુષ્યને લઈને નહિ પણ પોતાની યોગ્યતા એટલી ત્યાં રહેવાની માટે એને પ્રાણ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

એ **'પ્રાણોંકા વિનાશ, ઉસરૂપ પરપ્રાણઘાત, સો પ્રાણઘાતિયોંકે નરકગતિ હોતી હૈ.'** આહાહા..! **'હિંસક જીવ નરક હી કે પાત્ર હૈં.'** આહાહા..! મિલ મોટા ચાલે, દસ-દસ, વીસ વીસ લાખ. એ ઊના પાણી અંદર થાય, એ હોજમાં પડે પાણી એમાં મિંદડા ને કાગડા ને કૂતરા મરી જાય કેટલાય બિચારા. આહા..! આ મિલમાલિક બે-બે લાખ પેદા કરતા હોય, ચાર લાખ, પાંચ લાખ. પણ આ હિંસા. હોજ હોય ને, પાણી હોય ને મિલમાં ઊનું ઊનું ધગધગતું હોજ ભર્યો હોય. પાણી નીકળે એમાં કોઈ પીવા આવે તો પડે અંદર ન્યાં. આહાહા..! બહારમાં એવા કહેવાય કે મિલમાલિક સુખી. પાંચ લાખ ને દસ લાખની પેદાશું. આયુષ્ય પૂરું થાય એટલે નરકે જશે. આહાહા..! એણે વિચારે કે દિ' કર્યો છે કે આ શું થાય છે? અને ક્યાં જશું? આહા..!

**'નિશ્ચયનયકર વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન પરિણામરૂપ જો નિજભાવોંકા અભયદાન...'** આહાહા..! હવે જુઓ અભયદાનના બે પ્રકાર પાડ્યા. પોતાનો જે આત્મા આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાન, આનંદ એવા નિજપ્રાણ અંદર.. આહાહા..! **'વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન પરિણામ...'** આહાહા..! વાત સાંભળી પણ ન હોય. રાગરહિત વીતરાગ અભેદ સ્વસંવેદન. પોતાના આનંદનું સ્વ—પોતાનું વેદન. આહાહા..! એ **'પરિણામરૂપ જો નિજભાવોંકા અભયદાન...'** લ્યો, આ નિજભાવનું અભયદાન આત્માનું. આહાહા..! શું કહ્યું?

ભગવાનઆત્મા એટલે આનંદ અને જ્ઞાનગુણનું ગોદામ છે. આહાહા..! એ કેમ બેસે એને? અહીં મોટા ગોદામ નથી કરતા? મુંબઈમાં મોટા ગોદામ. ઓહોહો...! લાખ લાખ રૂપિયા, લાખ લાખ કેસરના ડબ્બા ભર્યા હોય લાખો. કેસર. તે દિ' તો અમે લેવા જાતા ને. તે દિ' તો રૂપિયાનું

રૂપિયાભાર હતું ને. અત્યારે મોંઘુ થઈ ગયું. પણ મોટા ગોદામ આમ. ઓહોહો..! એમ આ આત્મા અનંતગુણનું ગોદામ છે. આહાહા..! અરે! કેમ, કોઈ દિ' સાંભળ્યું નથી ને. આ તો માટી—ધૂળ છે આ. પુણ્ય અને પાપના ભાવ એ વિકાર અને રાગ છે. એનાથી ભગવાન અંદર અનંતગુણનું ગોદામ છે. એવો જે પોતાનો નિજસ્વભાવ.. આહાહા..! એને વીતરાગી નિર્વિકલ્પ સ્વસંવેદન પરિણામ એ નિજભાવનું અભયદાન. એવા પરિણામને આત્માએ અભય આપ્યો. હું તો આનંદકંદ પ્રભુ છું. આહાહા..! એવા પરિણામે જેણે આત્માને અભયદાન કર્યું. આ આત્માનું અભયદાન. લે. અભયદાન તો બીજાને દેવું ઈ. સાંભળ તો ખરો. પરને અભયદાન કોણ આપી શકે? શુભભાવ હોય એટલું. આહાહા..! છે?

નિશ્ચય—સત્ય દષ્ટિથી જોઈએ તો, વીતરાગ પરમેશ્વરે નિશ્ચયદષ્ટિથી કહ્યું છે તે, વીતરાગ નિર્વિકલ્પ અંદર. આહાહા..! આત્મા વીતરાગસ્વરૂપ જ છે અત્યારે અંદર હોં! આહાહા..! એને વીતરાગી નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપી પરિણામ એ જીવનું અભયદાન છે, પોતાના જીવનું એ અભયદાન છે. એટલે કે જેવો છે તેવો એણે માન્યો, જાણ્યો, અનુભવ્યો. આહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. હવે બિચારાને માંડ કલાક, બે કલાક વખત મળતો હોય એમાં આવું સાંભળવામાં મગજ કંઈ કામ ન કરે. અરે! બાપુ! કામ કરે ભાઈ! આવા ટાણા ક્યાંથી મળે ભાઈ તને? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવની અકષાય કરુણા તો જુઓ. આહાહા..!

દયાનો ભાવ પરનો એ રાગ છે અને પરને મારવાનો ભાવ એ દ્વેષ છે. બેય દુઃખરૂપ છે. એનાથી શુદ્ધ ચૈતન્યઘન ભગવાન એનું નિર્વિકલ્પ વીતરાગી વેદન. આહાહા..! જેમાં આનંદનું વેદન આવે, શાંતિનું વેદન (આવે). વસ્તુ આનંદસ્વરૂપ છે, શાંતિસ્વરૂપ છે. એમાંથી જેને આનંદનું વેદન આવે એ આનંદના વેદનથી જીવને એણે અભયદાન આપ્યું, પોતાને. આવું વળી શું હશે આ? બાપુ! મારગડા જુદા નાથ. વીતરાગ પરમેશ્વર એનો પંથ દુનિયામાં જુદી જાત છે અને લોકોએ જુદી જાતે કલ્પ્યો છે. આહા..! સમજાણું કાંઈ? આહાહા..!

આત્મા અંદર અવિકારી નિર્વિકલ્પ શુદ્ધાત્મવસ્તુ અનાદિઅનંત (છે). દયા, દાન પરિણામ ભક્તિ આદિના, વ્રતના એ શુભભાવ. એ શુભભાવ કષાય છે અને હિંસા, જૂઠાના ભાવ અશુભભાવ એ પાપ છે. બેયથી રહિત આત્મા વીતરાગમૂર્તિ છે. એવા વીતરાગમૂર્તિનું જીવન છે, ટકતું ટકતું તત્ત્વ છે, એવા ટકતા તત્ત્વને, આહાહા..! વીતરાગી પરિણતિ દ્વારા એનું વેદન કરવું એ પોતાના જીવનું અભયદાન છે. સુમનભાઈ! શું કહ્યું ઈ?

મુમુક્ષુ :— ફરીને સમજાવો.

ઉત્તર :— ફરીને. આહાહા..! પ્રભુ! શું કહે? આહા..! ભાઈ! તું તો અનંત આનંદનો કલ્યાણનો કંદ છો, બાપુ! તને ખબર નથી. એવો જે અનંતજ્ઞાન અને અનંતઆનંદ એવી તો અનંત શક્તિઓ. આહાહા..! આ કાર્ય-કારણનો ગોટો વળે છે ને, ભાઈ! ચંદુભાઈ! એનું તો કહ્યું હતું. આત્મામાં એક અકાર્યકારણ નામનો ગુણ છે. જેમ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ

છે, વીતરાગસ્વરૂપ છે, સ્વચ્છસ્વરૂપ છે, પ્રભુત્વસ્વરૂપ છે એવી અનંતી શક્તિઓ છે. શક્તિ એટલે ગુણ, ગુણ એટલે એનું સત્ત્વ, સત્‌નું સત્ત્વ. આહાહા..! સત્‌પણું, સત્ સત્‌પણું. આહાહા..! એમાં એક અકાર્યકારણ નામનો ગુણ છે ભગવાનઆત્મામાં. કે જે ગુણ જેની પરિણતિમાં આવ્યો, વસ્તુને જ્યાં અભયદાન આપ્યું, આહાહા..! ત્યારે એ અકાર્યકારણગુણ પણ પર્યાયમાં અકાર્યકારણપણે પરિણમ્યો. એ અકાર્યકારણપણે પરિણમનારને રાગ વ્યવહાર હતો માટે આ થયું એમ નથી. તેમ વ્યવહારરત્નત્રયના રાગને આત્મા કરે એ પણ છે નહિ. આહાહા..! શું છે આવી વાતું? સહેલો માર્ગ હતો એ મોંઘો કરી નાખ્યો, એમ માણસ કહે છે. અરે! બાપુ! સહેલો નહોતો ઈ, સડી ગયેલો હતો. સમજાણું કાંઈ? માર્ગ આ છે. આહાહા..!

જેણે આત્મા આનંદસ્વરૂપની સાથે અકાર્યકારણ નામની શક્તિનું સત્ત્વ ને ગુણ છે, એવા ગુણને ધરનારા ભગવાનઆત્મા એણે વીતરાગી પરિણતિ દ્વારા જેણે ઓળખ્યો અને જાણ્યો, એ વીતરાગી પરિણતિ તે રાગથી કાર્ય નથી, રાગનું એ કાર્ય નથી, તેમ એ પરિણતિથી રાગનું એ કારણ નથી. આરે! આરે! આવી વાતું છે. દયાનો ભાવ જે થયો જ્ઞાનીને, તે રાગ નિર્મળ ધર્મની પરિણતિમાં એ કારણ નથી. તેમ એ રાગ થયો એ નિર્મળ પરિણતિનું એ કાર્ય નથી. આહાહા..! આવી વાતું. ગાંડા જેવી વાતું લાગે આ. ઓલું તો એવું સહેલુંસટ હતું. એક જણો આવ્યો હતો, બિચારો કહેતો હતો, મહારાજ! અમે ક્યે રસ્તે ચાલતા હતા, સીધો હતો. એમાં તમે નાખ્યું વચ્ચે આ. વિરમગામનો હતો. ઓલો શું કહેવાય? ઈનકમટેક્સનો ઉપરી આવ્યો હતો, શ્વેતાંબર હતો. અહીં આવે, બધા આવે છે ને, આવે તો ખરો. પાલીતાણા ખરું ને રસ્તામાં. અરે! બાપુ! માર્ગ જુદા ભાઈ! લ્યો, અમે જાત્રા કરવા જઈએ તોપણ કહે, ધર્મ નહિ. એ તો શુભભાવ છે, પુણ્ય છે. વાત તો એમ છે. પુણ્યને વ્યવહારધર્મ કહેવાય. નિશ્ચયધર્મ થયો હોય એને. આરોપિત છે એ વાત, ધર્મ નથી. આહાહા..! લ્યો, ધર્મ આ.

'**નિશ્ચયનયકર...**' આ કંઈ કથા નથી કે આમાં એક શબ્દમાં પૂરું પડે, આ તો શબ્દમાં ગંભીર ભર્યું છે. વીતરાગ ત્રિલોકનાથના સંતો દિગંબર મુનિઓ વનવાસી, આત્માના આનંદમાં ઝુલે ઝુલનારા એમના આ શાસ્ત્રો છે. આહાહા..! સમજાણું કાંઈ? '**નિશ્ચયનયકર વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન પરિણામ...**' જોયું! પરિણામી ત્રિકાળ નહિ, એના પરિણામ. '**નિશ્ચયનયકર વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન...**' ત્રિકાળ. શું કીધું? '**નિશ્ચયનયકર વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન...**' સ્વભાવ ત્રિકાળ એનો વર્તમાન વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ પરિણામ. આહાહા..! સમજાય છે કાંઈ? ઈ શું કહ્યું? વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ પરિણામ થયા કેમ? ક્યાંયથી થયા છે ઈ? ભગવાન નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપી પરમાત્મા પોતે છે, પોતે પરમાત્મસ્વરૂપ જ છે. શેઠ! આવતું નથી તારણસ્વામીમાં? અપ્પા સો પરમઅપ્પા બહુ આવે છે. પણ ક્યાં ભાન હતું કાંઈ? એમ ને એમ પુસ્તક મૂકે ને પછી, એ તો શુભભાવ છે. ઢોલ વગાડે ઢોલ. ભક્તિ એ તો શુભભાવ છે. આહાહા..! એ દ્વારા આત્મા ન જણાય.

આત્મા પોતે વીતરાગ અભેદસ્વરૂપ આનંદસ્વરૂપ પ્રભુ છે, તો એની પરિણતિ વર્તમાનમાં વીતરાગ નિર્વિકલ્પ પરિણતિ દ્વારા જણાય. તો વીતરાગ પરિણતિ થઈ તે આત્માનું અભયદાન છે. આહાહા..! એટલે? કે જેવો છે તેવો એને જીવતો સ્વીકાર્યો, એવો જીવતો સ્વીકાર્યો. શું કીધું ઈ? ભગવાનઆત્મા દેહદેવળમાં પ્રભુ બિરાજે છે. એ પોતે પ્રભુ છે. એ પ્રભુની શક્તિથી ભરેલો ભગવાન છે. આહા..! આવો કેમ બેસે? બે બીડી, સીગરેટ સરખી પીવે ત્યારે કળશા ઊતરે જંગલ, પાયખાનમાં. આવા તો અપલખણના પાર ન મળે, હવે એને કહેવું કે આત્મા આવો છે. આહાહા..! બાપુ! માર્ગ તો ઈ છે, હોં! જ્યારે તને સંસારથી મુક્ત થવું હોય તો આ રીતે ઓળખાણ અને અનુભવ કરવો પડશે. આહાહા..!

વીતરાગનિર્વિકલ્પ એટલે અભેદ '**સ્વસંવેદન પરિણામરૂપ...**' આહાહા..! '**જો નિજભાવ...**' દેખો, એને પોતાના ભાવ કહ્યા. કોને? વીતરાગી નિર્વિકલ્પ સ્વસંવેદન પરિણામ એ પોતાના ભાવ છે. દયા, દાન, રાગાદિ પોતાનો ભાવ નથી, એ તો વિકારભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ આવે છે ને? થોડી ઘણી શું ગંધ છે વાત? બાપુ! સમજી જાય એ તો ન્યાલ થઈ જાય. આહાહા..! જુઓ! આ જીવની દયા ને પરની દયા ને સ્વની દયાની વ્યાખ્યા. આહા..! આત્મા અનંત અનંતગુણનો સંગ્રહાલય—ગોદામ છે, સંગ્રહનો આલય—સ્થાન છે. એવી નિજ ભૂમિકા આનંદરૂપ વીતરાગસ્વરૂપ એને વીતરાગી પરિણતિ દ્વારા જાણ્યો અથવા વીતરાગી પરિણતિ દ્વારા એ પૂર્ણ છે તેમ તેની પ્રતીતિ થઈ એટલે એને અભયદાન આપ્યું. છે એવો તું બરાબર છે. આહાહા..! સુમનભાઈ! આહાહા..!

અભયદાન શું કહ્યું? આત્માને આત્માએ અભયદાન આપ્યું એટલે શું? કે જેવો જેવડો ઈ વીતરાગમૂર્તિ આનંદકંદ પ્રભુ છે એવડાને એવડું જીવન પોતે કબુલ્યું, એ વીતરાગી પરિણતિ દ્વારા કબુલ્યું. આરે..! આવી વાતું હવે. ધંધા આડે નવરો ક્યાં બિચારો. નવરો થાય તો બહારની પ્રવૃત્તિ, આ દયા ને આ વ્રત ને તપ મરી ગયો કરી કરીને. આહાહા..! જુઓ! આ શબ્દો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ કહે છે ને. વસ્તુ સ્વરૂપ છે એને ઓળખીને, એના ઉપર દૃષ્ટિ કરીને રમણતા કરવી. એ કરવાનું છે, બાકી બધું થોથા છે. આહાહા..!

મુમુક્ષુ :— જૂની માન્યતા..

ઉત્તર :— જૂની માન્યતા (ઉપર) પોતુ ફેરવી દેવું. નિશાળમાં નથી લઈ જતા છોકરાઓ? ડાબલી લઈ જતા, પહેલાની વાત. લીલુ પોતુ. આખી સ્લેટ ભરાઈ ગઈ હોય પછી માર પોતુ. લખ નવું. એમ આ પૂર્વની માનેલી વાતું હોય અને લખી હોય એને મૂક પોતુ, નવું લે હવે. સમજાણું કાંઈ? એ ડાબલીમાં રાખતા. હવે કાંઈ કરે છે બીજું? સુધર્યું હશે. હેં? નોટબુકમાં લખાય છે, હા, ઈ વાત સાચી. તે દિ' તો સ્લેટ હતી. આહાહા..!

મહા સિદ્ધાંત પ્રભુનો. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહે છે, પ્રભુ! તું જેવડો છો તેવડો

માન અને અનુભવ ત્યારે તેં તારા જીવને અભયદાન આપ્યું. જેવડો છો એથી તું ઓછો, અધિક માન તો તેં આત્માની ઘાત—હિંસા કરી. આહાહા..! સમજાણું કાંઈ? બીજો જીવ છે એને જીવતો રાખે ભાવ ત્યારે એનો ભાવ શુભ કહેવાય ને. જીવતો છે એને. એમ આત્મા જે રીતે જીવતું તત્ત્વ છે, '**जीवो चरित्तदंसणणाणठिदो**', ભાઈ! બીજી ગાથા સમયસાર. શરૂઆત ત્યાંથી કરી. '**जीवो चरित्तदंसणणाणठिदो**' ઈ આ વીતરાગ પરિણતિ. એમાંથી જીવતરશક્તિ કાઢી છે. આત્મામાં જીવતરશક્તિ છે. આહા..! એટલે? ભગવાન આત્મામાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતદર્શન, અનંતવીર્ય એવા એના નિજપ્રાણરૂપી જીવન ટકતું ત્રિકાળી છે એ. આહાહા..! એવા ત્રિકાળી ટકતા તત્ત્વને ત્રિકાળરૂપ ટકતાનું વેદન કરવું, આહાહા..! એ આત્માની દયા છે, એ આત્માને અભયદાન છે. આહાહા..! આવી વ્યાખ્યાઓ હવે, યાદ રહે નહિ. બાયડી સાંભળવા ન આવી હોય અને પૂછે કે, શું સાંભળી આવ્યા? કંઈક કહેતા હતા, આમ ને તેમ. ઓલું દયા પાળવી, વ્રત કરવા એ તો સહેલુંસટ સમજાય. ત્રંબકભાઈ! બાપુ! મારગડા જુદા ભાઈ! વીતરાગ જૈન પરમેશ્વર એમ કહે કે તારું, એ વીતરાગ થયા ક્યાંથી? વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞ કેવળજ્ઞાની થયા ક્યાંથી? એ પર્યાય કંઈ બહારથી આવે છે? ચોસઠ પહોરી તીખાશ લીંડીપીપરની, લીંડીપીપર આવે છે ને? છોટીપીપર, તમારે હિન્દી. અમારે લીંડીપીપર (કહે છે). રંગે કાળી, તીખાશે અલ્પ બાહ્ય, અંદરમાં તીખાશ ચોસઠ પહોરી. રૂપિયે રૂપિયો સોળ આના. જેથી ચોસઠ પૂર્ણ ઘૂંટે તો અંદરમાંથી આવે બહાર. આટલી છતાં રૂપિયે રૂપિયો તીખાશ ભરી છે. ચોસઠ પહોરી કહે છે, નહિ? ઘૂંટીને ચોસઠ પહોરી કરે છે ને પીપર. એ ચોસઠ પહોરી થઈ ક્યાંથી? ક્યાંથી આવી? ઘૂંટવામાંથી આવી? પથરાને ઘૂંટે ને. ક્યાં એમાં હતી? આમાં ચોસઠ પહોરી પૂર્ણ, પૂર્ણ પૂર્ણ પૂર્ણ રસ એટલામાં પૂર્ણ તીખો રસ અને પૂર્ણ લીલો રંગ પૂરેપૂરો ભર્યો છે. આહાહા..!

એમ આ ભગવાનઆત્મા આહાહા..! ઓલી વાત બેસે, કારણ કે કર્યું હોય ને ઘણીવાર. આ દેહમાં પ્રભુ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતબળ—વીર્ય આત્માનો સ્વભાવ. એનાથી ચોસઠ પહોરો એટલે પૂર્ણ ભરેલો છે ઈ. આહાહા..! એને એના તરફની વીતરાગી પરિણતિ દ્વારા વેદવો એટલે કે માનવો એટલે કે એટલો જાણવો. આહાહા..! એણે આત્માને અભયદાન આપ્યું. એનાથી ઓછો, અધિક, વિપરીત માનવો તે ઘાત છે. આ તો પૂર્ણની વ્યાખ્યા. સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! આવું છે, આ તો વકિલાતને બેસે એવું છે. એ વકિલ છે બધા. ધૂળમાંય નથી ન્યાં વકિલાતમાં. ગપ્પા બધા માર્યા હોય. આહાહા..!

મુમુક્ષુ :— ગપ્પા મારવા સહેલા નથી.

ઉત્તર :— ઈ તો સહેલા નથી, તમારો મિત્ર ભગવાનજી હતો ને, ભગવાનજીભાઈ હતા ને? શું કહેવાય ઈ? ઠેકાણા વિનાના તોય લાખો પેદા કર્યા હતા. એમાં શું? ભગવાનજીભાઈ એમના મિત્ર હતા. ભગવાનજી વકિલ, રાજકોટ. ઘણું સાંભળવા આવતા. પછી સાંભળવામાં આ વાત આવતી હોય કે આવો આત્મા, આવો આત્મા. ત્યારે એકવાર બોલ્યા, મહારાજ! આવો ધોયેલ મૂળ

જેવો આત્મા ગયો ક્યાં? આ વકિલ. લ્યો. આવા ને આવા. બહુ જ્યારે આત્માના વખાણ કરીએ ને, ત્યારે કહે, આવો છે તો ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? એક ફેરી બોલ્યા. ઓળખતા હતા ને? ભગવાનજીભાઈ, ભગવાનજી વકિલ. આહાહા..! અરે! ભાઈ! તને ખબર નથી. આ મૂળા હોય છે ને, મૂળા? એને ખેતરમાંથી લાવે ત્યારે પહેલા પાણીમાં ધોઈ નાખે. કારણ કે ઓલા કાંદા ઉપર માટી હોયને, ધોળા ઉપર માટી (હોય). કારણ કે અંદર હોય ને, પાંદડા બહાર હોય. અને લીલું લીલું પાણીમાં ધોવે અને પછી નાખે. એ ધોયેલ મૂળો કહેવાય. એમ આ ભગવાનઆત્મા મૂળ ચીજ પુણ્ય-પાપના રાગ રહિત વીતરાગી નિર્વિકલ્પ છે એને અનુભવવો એ ધોયેલ મૂળો થાય છે. મૂળ નામ હતો તેને નિર્મળપણે જાણવો. આહાહા..! ભારે વાત ભાઈ. આવો માર્ગ? બાપુ! માર્ગ તો આ વીતરાગનો છે. અત્યારે તો બધી ગડબડ ચાલી છે બહુ. આહાહા..!

મુમુક્ષુ :— ગડબડ જુવાનોમાં મટી ગઈ.

ઉત્તર :— જુવાનો તો હવે બિચારા વિચારે છે. જૂના માણસ પડ્યા હોય એમ ને એમ વાડામાં, જુવાન જરી વિચાર તો કરે કે નહિ? શું છે આ? કેમ આ માર્ગ ચાલે છે? આહાહા..! લોજીકથી, યુક્તિથી એને માર્ગ ખ્યાલમાં આવવો જોઈએ ને. એમ ને એમ આંધળી દોડે જાવું ઈ શું? આહાહા..! સમજાણું કાંઈ?

'**વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન...**' સ્વ નામ પોતાથી, સં—પ્રત્યક્ષ વેદન. આહાહા..! મતિશ્રુતજ્ઞાનનું પ્રત્યક્ષ વેદન. એવા '**પરિણામરૂપ જો નિજભાવોંકા અભયદાન નિજ જીવકી રક્ષા...**' છે. આહાહા..! પોતાની રક્ષા વળી આ શું? પરજીવની રક્ષા તો (સમજ્યા). બાપુ! પરજીવની રક્ષા તું ક્યાં કરી શકે છે? અને તારા જીવની રક્ષા કરી શકે છે. જેવડો છે તેવો અનુભવીને માની શકે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વ્યવહારનયકર પરપ્રાણિયોંકે પ્રાણોંકી રક્ષારૂપ અભયદાન વહ સ્વદયા પરદયાસ્વરૂપ...**' બેયની વ્યાખ્યા કરી. એવું '**અભયદાન હૈ, ઉસકે કરનેવાલોંકો સ્વર્ગ મોક્ષ હોતા હૈ,...**' લ્યો. એટલે કે નિજદયાથી મોક્ષ થાય, પરદયાથી સ્વર્ગ મળે. સમજાણું કાંઈ? અને હિંસા, પંચેન્દ્રિયની હિંસાથી નરક મળે. આહા..! '**ઉસકે કરનેવાલોંકો સ્વર્ગ મોક્ષ હોતા હૈ, ઈસમેં સંદેહ નહીં હૈ. ઈનમેં સે જો અચ્છા માલૂમ પડે ઉસે કરો. ઐસી શ્રીગુરુને આજ્ઞા કી.**' આહાહા..! છે ને પાઠ? '**जहिं रुच्चइ तहिं लग्गु**'. આહાહા..!

'**ઐસા કથન સુનકર કોઈ અજ્ઞાની જીવ તર્ક કરતા હૈ, કિ જો યે પ્રાણ જીવસે જુદે હૈં, કિ નહીં? યદિ જીવસે જુદે નહીં હૈ, તો જૈસે જીવકા નાશ નહીં હૈ, વૈસે પ્રાણોંકા ભી નાશ નહીં હો સકતા?**' આ દસ પ્રાણ, દસ પ્રાણ. સમજાણું? '**પ્રાણ જીવસે જુદે હૈં, કિ નહીં?**' પાંચ ઈન્દ્રિયના પ્રાણ, મન, વચન, કાયાના પ્રાણ અને આયુષ્ય આદિ. એ કર્મના પ્રાણ છે ઈ જડ છે અને એની યોગ્યતાના અશુદ્ધ ભાવપ્રાણ એ ચૈતન્યની પર્યાય છે અને ત્રિકાળી છે તે શુદ્ધપ્રાણ છે. શું કહ્યું ઈ? આ જે છે આ પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, આયુષ્ય અને શ્વાસ

એ જડના પ્રાણ છે. એ તો જડ છે. અને પોતાની પર્યાયમાં એની યોગ્યતાથી જે અશુદ્ધભાવપણે છે એ અશુદ્ધપ્રાણ છે અને એ પ્રાણ પર્યાયમાં છે અને ત્રિકાળી આનંદાદિ પ્રાણ છે તે ગુણમાં છે. આહાહા..! આવું બધું (સમજવું). **'પ્રાણ જીવસે જુદે હૈં, કિ નહીં? યદિ જીવસે જુદે નહીં હૈ, તો જૈસે જીવકા નાશ નહીં હૈ, વૈસે પ્રાણોંકા ભી નાશ નહીં હો સકતા?'** શું કહે છે ઈ? જો એ પ્રાણ દસ છે એ જીવથી જુદા નથી, આહાહા..! તો **'જીવસે જુદે નહીં હૈ, તો જૈસે જીવકા નાશ નહીં હૈ, વૈસે પ્રાણોંકા ભી નાશ નહીં હો સકતા?'** આહાહા..!

**'અગર જુદે હૈં, અર્થાત્ જીવસે સર્વથા ભિન્ન હૈં, તો ઈન પ્રાણોંકા નાશ...'** શું છે? **'નહીં હો સકતા.'** એમ. આહા..! શું કહ્યું ઈ? આ દસ પ્રાણ છે ઈ જીવથી જુદા હોય તો એના નાશથી જીવનો નાશ થાશે નહિ, જીવનો નાશ કરી શકાતો નથી. અને જો પ્રાણ અભેદ હોય તો જીવનો નાશ નથી, એના પ્રાણનો નાશ ન થાય. સમજાણું કાંઈ? થોડુંક અંદર સુધાર્યું છે. નાશ હોને પર એમ લખ્યું છે. જીવકા, હા, જીવકા. સુધાર્યું છે. **'परकीय देहघाते दुःखं न भवति'**. આહાહા..! શું કહ્યું ઈ? કે ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે એમાં દસ પ્રાણ છે એ જીવથી અભેદ છે કે જીવથી જુદા છે? જો જીવથી અભેદ હોય તો જીવનો નાશ નથી એમ પ્રાણનો નાશ ન થાય. અને જુદા છે તો જુદાના નાશથી જીવનો નાશ થતો નથી. આહાહા..! હિંસા નથી, એમ જાણીને જીવહિંસા છે જ નહિ એમ અજ્ઞાનીએ તર્ક કર્યો. જીવની હિંસા સિદ્ધ થતી નથી. કેમકે આ પ્રાણ છે એ જો આત્મા સાથે અભેદ હોય તો જીવનો નાશ નથી તો એનો નાશ નથી અને જો જુદા હોય તો એના નાશથી જીવનો નાશ થતો નથી. આહાહા..! તો એ રીતે હિંસા સિદ્ધ થતી નથી. આહાહા..! છે? **'તુમ જીવહિંસામેં પાપ ક્યોં માનતે હો?'** આહાહા..!

**'ઈસકા સમાધાન :— જો યે ઈન્દ્રિય,...'** પાંચ **'બલ,...'** મન, વચન, કાયા. **'આયુ, શ્વાસોશ્વાસ ઔર પ્રાણ જીવસે કિસી નયકર અભિન્ન હૈં,...'** વ્યવહારનયથી. સમજાણું? **'કિસી નયસે ભિન્ન હૈં.'** નિશ્ચયનયથી. **'યે દોનોં નય પ્રમાણિક હૈં.'** સમજાણું કાંઈ? દસ પ્રાણ વ્યવહારની અપેક્ષાએ અભિન્ન કહેવામાં આવે અને નિશ્ચયની અપેક્ષાએ પ્રાણને ભિન્ન કહેવામાં આવે છે. આહાહા..! **'અબ અભેદ કહતે હૈં, સો સુનો. અપને પ્રાણોંકા ઘાત હોને પર જો વ્યવહારનયકર દુઃખકી ઉત્પત્તિ વહ હિંસા હૈ,...'** લ્યો ઠીક. આહાહા..! **'અપને પ્રાણોંકા ઘાત હોને પર જો વ્યવહારનયકર દુઃખકી ઉત્પત્તિ વહ હિંસા હૈ,...'** લ્યો, એ વ્યવહારહિંસા. પોતામાં થઈ ઈ હોં. પોતામાં થઈને રાગની હિંસા. **'ઉસીસે પાપ કા બંધ હોતા હૈ.'** આહા..! **'ઔર જો ઈન પ્રાણોંકો સર્વથા જુદે હી માનેં, દેહ ઔર આત્માકા સર્વથા ભેદ હી જાને, તો જૈસે પરકે શરીરકા ઘાત હોને પર દુઃખ નહીં હોતા હૈ, વૈસે અપને દેહકે ઘાતમેં ભી દુઃખ ન હોના ચાહિયે,...'** પ્રાણનો ઘાત થઈ જાય તો દુઃખ ન થાય. કારણ કે એ જુદા છે. વિશેષ છે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, પોષ વદ ૦)), બુધવાર
## તા. ૧૯-૧-૧૯૭૭, ગાથા-૧૨૭, ૧૨૮, પ્રવચન નં. ૧૯૦

૧૨૭ ગાથા. અહીં આવ્યું. શિષ્ય પ્રશ્ન કરે છે કે '**ઇસ પ્રકારસે જીવહિંસા હૈ હી નહીં,...**' કેમ? કે આ જીવ અને પ્રાણ તો ભિન્ન છે. આ દસ પ્રાણ અને ભગવાનઆત્મા તો ભિન્ન છે. તો આમાં હિંસા ક્યાં થઈ? ભિન્ન છે એમાં પરની હિંસા થતી નથી. અને અભિન્ન કહીએ તો હિંસા થાય. શરીર અને આત્માને એક વ્યવહારથી માનીએ તો હિંસા વ્યવહારથી થાય. સમજાય છે? પ્રશ્ન કર્યો છે. જરી નયનો વિચાર છે. જુઓ!

'**કિસી નયકર અભિન્ન હૈં, ભિન્ન નહીં હૈં, કિસી નયસે ભિન્ન હૈં.**' છે? આવ્યું કે નહિ ચંદુભાઈ? આવ્યું એમાં? '**જો યે ઇન્દ્રિય,...**' આ પાંચ ઇન્દ્રિય જડ છે આ તો. '**બલ,...**' શરીરનું મન, વચન, કાય. '**આયુ, શ્વાસોશ્વાસ ઔર પ્રાણ જીવસે કિસી નયકર અભિન્ન હૈં, ભિન્ન નહીં હૈ,...**' વ્યવહારનયથી અભિન્ન છે, વ્યવહારથી ભિન્ન નથી. છે? '**કિસી નયસે ભિન્ન હૈં.**' નિશ્ચયનયથી ભિન્ન છે. આવી વાતું. '**યે દોનોં નય પ્રામાણિક હૈં.**' લ્યો, વ્યવહારનય પ્રમાણિક કહી. વિષય છે ને ઈ પણ. પ્રમાણિક છે. વિષય છે ને. આહા..! ભગવાનઆત્મા તો દસ પ્રાણ અને ભાવપ્રાણ એનાથી ભિન્ન છે. શુદ્ધાત્મા પવિત્ર એને આત્મા કહીએ. પણ વ્યવહારનયે એમાં અશુદ્ધતાના ભાવપ્રાણ છે અને અશુદ્ધતાના નિમિત્તમાં દ્રવ્યપ્રાણ પણ નિમિત્તરૂપે અસદ્ભુત વ્યવહારનયે છે. આહાહા..! આવું નયનું વ્યાખ્યાન. લોકોને તત્ત્વની ખબર ન મળે અને માણસને ધર્મ થાય. અનંતકાળ થયા એને. સમજાણું નહિ.

પોતે શુદ્ધાત્મા છે. એ પહેલો પ્રશ્ન થઈ ગયો છે આપણે, ૬૮માં, ૬૮ ગાથામાં, ભાઈ! એમ કે '**जीव ण करई बंध मोक्ख**'. જીવ બંધ-મોક્ષને કરતો નથી. ૬૮માં આવી ગયું ને. એ તો દાખલો આપ્યો છે ને. જીવ બંધ-મોક્ષ કરતો નથી તો મોક્ષ નથી. એમ શિષ્યનો પ્રશ્ન છે. જ્યારે જીવ નિશ્ચયથી બંધ-મોક્ષ કરતો નથી તો નિશ્ચયથી જીવને મોક્ષ અને બંધ છે નહિ. એટલે અમારે મોક્ષનો પુરુષાર્થ કરવો એ તો અમારે રહેતું નથી એમ કહે છે. આહા..!

ભાઈ સાંભળ! અશુદ્ધનિશ્ચયનયથી બંધ છે અને એ અશુદ્ધનયથી ત્યાગ કરતાં, નાશ કરતાં વ્યવહારનયે મોક્ષ છે. આમ તો અશુદ્ધનય એ સંસાર છે અને એનો અભાવ કરવો એ પણ એક ન્યાયે અશુદ્ધનયનો વિષય છે. પર્યાય છે ને. આવી વાતું. આત્મા શુદ્ધ જે પવિત્ર આત્મા ભગવાન એમાં તો પર્યાયનો કર્તા પણ આત્મા નથી. મોક્ષની પર્યાય, મોક્ષના માર્ગની અને બંધના અને બંધના કારણની, આહાહા..! ઈ કર્તા નથી, આત્મા તો જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય છે. પર્યાયમાં રાગાદિનું કરવું અને પર્યાયમાં રાગનું ટાળવું (છે). ત્યારે કહ્યું કે ભાઈ! એક નયે વ્યવહારથી પ્રાણનો નાશ થતાં જીવને દુઃખ થાય છે ને? એ અપેક્ષાએ વ્યવહારે એના છે. આહાહા..!

મુમુક્ષુ :— બીજાને મારે તો..

ઉત્તર :— બીજાને દુઃખ થતાં, શરીરનો નાશ થતાં તને દુઃખ થાતું નથી. અને આનાથી થાય છે એટલો ફેર છે. આહા..! ઝીણી વાતું. ઓલી અકાળમરણમાં ચર્ચા કરી છે ને? કાળમરણ અને અકાળમરણ. ફૂલચંદજીએ જવાબ એમ આપ્યો કે કાળમરણ તે નિશ્ચયથી છે. જે સમયે જે કાળે દેહ છૂટવાનો તે છૂટવાનો એ કાળમરણ અને અકાળમરણ એ વ્યવહારથી છે. કર્મની સ્થિતિનું વર્ણન બતાવીને એ રીતે અકાળમરણ. ખરેખર તો અકાળમરણ નથી, ખરેખર તો કાળમરણ જ છે. ત્યારે એનો પ્રશ્ન થયો, કાળમરણ પણ વ્યવહાર છે અને અકાળમરણ પણ વ્યવહાર છે. એમ નાખ્યું એણે, ઉત્તરમાં એમ નાખ્યું. શું થાય પણ? માણસને નિશ્ચય વસ્તુ છે એ બેસતી નથી. જે સમયે જેનો જે પર્યાય થવાનો તે તે સમયે થાય એમાં આડુંઅવળું કાંઈ થાય એવું નથી. એ વાત બેસાડવા ત્યાં અકાળમરણને વ્યવહાર કહ્યો. અને કાળમરણ ઓલા મરણની અપેક્ષાએ અનિશ્ચય છે. ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ તો કાળમરણ શું મોક્ષમાર્ગ પણ વ્યવહાર છે. આહાહા..! અરે! સમજાય છે કાંઈ?

શુદ્ધ ચિદાનંદ પ્રભુ, જે સમ્યગ્દર્શનનો વિષય ભગવાનઆત્મા, એ સમ્યગ્દર્શન ધર્મની શરૂઆત કરનારને એ સમ્યગ્દર્શનમાં આખો ભગવાન પૂર્ણાનંદ આત્મા એના વિષયમાં—ધ્યેયમાં આવે છે.

મુમુક્ષુ :— આપ આખો આત્મા કહો છો એ પ્રમાણ..

ઉત્તર :— આખો એટલે પર્યાય નહિ, આખો એટલે આ. આહાહા..! ધ્રુવ આખો અખંડ આનંદકંદ પ્રભુ છે. આહાહા..! કંઈ ખબરેય નથી, હાલે રાખ્યું છે, ધર્મ થઈ ગયો. એય! નટુભાઈ! નટુભાઈ આવ્યા છે ને? ઓલો કહે, જાત્રા કરીને ધર્મ થઈ ગયો, ઓલો કહે, વ્રત પાળે ને ધર્મ થઈ ગયો, ઓલો કહે, ભક્તિ કરી ને ધર્મ, અપવાસ કર્યો ને ધર્મ (થઈ ગયો). ધૂળેય નથી, સાંભળને. એ તો બધી રાગની ક્રિયા છે.

મુમુક્ષુ :— આપની પાસે શાસ્ત્ર સાંભળે તો ધર્મ થાય.

ઉત્તર :— ઈ સાંભળે તોપણ ધર્મ નહિ. એ પણ વિકલ્પ છે. વાતું ઝીણી બહુ. જિનવરનો માર્ગ બહુ ઝીણો છે બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા એમાં પણ તર્ક કરે છે કે પરને જાણવું, સર્વજ્ઞ પરને જાણે એ તો વ્યવહાર થયો, તો જૂઠો થયો. એ તો એમ છે કે પરને જાણવું એ અસદ્ભુત છે. પણ પર સંબંધી પોતાના જ્ઞાનને જાણવું એ તો બરાબર શુદ્ધ છે. પરની અપેક્ષાએ શુદ્ધ છે હોં! પોતાના સ્વભાવની અપેક્ષાએ વ્યવહાર છે ઈ. આહા..! આખો આત્મા જે શુદ્ધચૈતન્યઘન, મહાસત્તા પ્રભુ જેવો સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એ આત્મા છે એમાં તો બંધ-મોક્ષ નથી. સમજાણું કાંઈ? રાગથી બંધ છે એ અશુદ્ધનયનો વિષય છે અને કર્મનો બંધ છે એ અશુદ્ધ વ્યવહારનયનો વિષય છે. આહાહા..! ક્યારે? એ શુદ્ધ આત્માને અંદર દૃષ્ટિ કરીને પુરુષાર્થ કરવો મોક્ષમાર્ગનો એ પણ વ્યવહાર છે. પણ રાગની ક્રિયાની અપેક્ષાએ એને નિશ્ચય કહેવામાં આવે. રાગની જે ક્રિયા છે દયા, દાનની એ અસદ્ભુત છે. એ અપેક્ષાએ મોક્ષનો માર્ગ તે નિશ્ચય છે એમ કહેવામાં આવે. પણ એ મોક્ષના માર્ગની પર્યાયને જ્યારે લેવી હોય તો ત્રિકાળની

અપેક્ષાએ તેને વ્યવહાર કહેવામાં આવે. અરેરે! આવી વાતું. કહો, સમજાણું કાંઈ? શિષ્યે પ્રશ્ન કર્યો કે જ્યારે બંધ-મોક્ષ આત્મામાં નથી તો પછી મોક્ષ છે જ નહિ જગતમાં. ૬૮મી ગાથામાં. ટીકામાં આપ્યું છે, જયસેનાચાર્યની, ૩૨૦ ગાથાની ટીકામાં આપ્યું છે.

આ શું ચાલે છે આ? કે વાસ્તવિક નિશ્ચય સત્યાર્થ કોને કહેવું? અને વ્યવહાર ઉપચારિક કોને કહેવું? આ બે નયનો વિષય વીતરાગમાર્ગમાં છે. હવે એ નયનું જ્ઞાન જેને નથી એને અજ્ઞાન છે, એને તો કાંઈ ધર્મ થાતો નથી. સમજાણું કાંઈ? અહીં કહે છે, શિષ્યને કહે છે કે જો તમે એમ કહો કે આ ભગવાનઆત્મા છે એ તો બંધને પણ કરતો નથી અને મોક્ષને પણ કરતો નથી. તો પછી મોક્ષ છે જ નહિ. બાપુ! નિશ્ચયથી તો બંધને કરતો નથી, બંધમાં પણ નથી, મોક્ષની પર્યાયમાં પણ એ નથી, મોક્ષની પર્યાયને કરતો નથી. પણ વ્યવહારથી જે પર્યાયમાં અશુદ્ધતા કરે છે એ વ્યવહાર છે, ત્રિકાળની અપેક્ષાએ. અને એને ટાળવાનો પુરુષાર્થ અંદરમાં કરે, શુદ્ધ ભગવાન પરમાનંદ છું, સર્વજ્ઞ જિનવરે જોયો ઈ હોં! અજ્ઞાનીઓ આત્મા કરે એ આત્મા નહિ. આહાહા..! પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાનીએ જે આત્મા કહ્યો એ અંદર આત્મા તો પવિત્ર શુદ્ધ છે. સમજાય છે કાંઈ?

કહ્યું હતું ને? આવ્યું નથી દેવચંદજીમાં? 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ' સર્વજ્ઞ પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. સીમંધર પરમાત્મા આદિ, લાખો કેવળીઓ, વીસ તીર્થંકરો. સ્તુતિકાર કહે છે, 'પ્રભુ તુમ જાણગ રીત સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ અમને પેખતા હો લાલ..' ત્યાં સૌને પેખતા છે. શું કીધું? નિજ સત્તા આત્માનું નિજ—પોતાનું સ્વરૂપ સત્તા એ રીતે ભગવાન! આપ અમારા આત્માને તમે શુદ્ધ જુઓ છો. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું. ઈ કરતાં દયા પાળે ને ભક્તિ કરે ને પૂજા કરે ને, જાય મરીને ચાર ગતિમાં રખડવા. ... ઈ ક્યાં, ઈ તો રાગની ક્રિયા છે, એમાં ક્યાં ધર્મ હતો. આહાહા..!

શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો કંદ વસ્તુ જે સર્વજ્ઞે નિજ સત્તાએ શુદ્ધ (જોયો), હે નાથ! આપ સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ, અમારા આત્માને નિજ સત્તાએ આપ શુદ્ધ જુઓ છો. આ દયા, દાન, વ્રતના પરિણામ છે એ ભાવ અશુદ્ધ છે. એ કંઈ આત્મા નથી. આહાહા..!

મુમુક્ષુ :— આત્મામાંથી નીકળી જાય છે.

ઉત્તર :— નીકળી જાય છે, ઈ એના ક્યાં છે? એના હોય તો નીકળે? સિદ્ધ થાય છે ત્યારે કાંઈ દયાનો ભાવ રહે છે. ઈ તો રાગ હતો. આહાહા..!

આત્મા એને કહીએ કે નિજ સત્તાએ શુદ્ધ, તે ત્રિકાળ શુદ્ધ છે તે નિશ્ચય. અને અશુદ્ધતા રાગમાં છે એની અપેક્ષાએ કર્મ જ્યારે અનુપચાર અસદ્ભુતથી કહીએ ત્યારે રાગને અશુદ્ધનયથી વ્યવહારનયથી કહીએ.

મુમુક્ષુ :— અશુદ્ધનય..

ઉત્તર :— અશુદ્ધનય વ્યવહાર છે. અને સ્વરૂપનો પુરુષાર્થ કરવો એ વ્યવહાર છે. હેં! આહાહા..! અખંડાનંદ પ્રભુ ચિદાનંદ સ્વરૂપ જિનવર પરમાત્માએ જોયો અને કહ્યો નિજ સત્તાએ

શુદ્ધ, એવી જેને અંદર દૃષ્ટિ થાય ત્યારે તેને પુરુષાર્થ કર્યો વ્યવહારે એમ કહેવામાં આવે. આહાહા..! ત્યારે તેને સમકિત થાય. ત્યારે તેને ધર્મની શરૂઆત થાય. બાકી થોથા બધા. સમજાણું કાંઈ? આહાહા..! નવરા ક્યાં પણ. વાણિયા નવરા ન મળે. ધંધો કરવા આડે વીસ, બાવીસ કલાક ન્યાં જાય. છ-સાત કલાક ઊંઘમાં જાય, છ-સાત કલાક બાયડીને ખુશી, છોકરાને ખુશી કરવામાં જાય. બે-ત્રણ કલાક ખાવામાં જાય. આમાં નવરો ક્યાં છે, અંદરમાં શું આ ચીજ છે. એય! નટુભાઈ! આ તમારે વકિલાતમાં જાય ઘણો વખત. આ તો સર્વજ્ઞ પરમેશ્વર આત્માને પવિત્ર કઈ રીતે કહે છે, એને અપવિત્રતા નામ સંસાર કઈ રીતે છે અને એ સંસાર કેમ ટળે, વ્યવહાર કેવો અને નિશ્ચય કેવો એ વાત છે. આહાહા..!

મુમુક્ષુ :— એને ને એને વ્યવહાર કહેવાય, એને ને એને નિશ્ચય કહેવાય.

ઉત્તર :— કઈ અપેક્ષાએ વાત છે? રાગનું બંધન છે, રાગનું હોં! એ અશુદ્ધનયથી કહેવામાં આવે. કર્મનું બંધન છે એ અશુદ્ધ વ્યવહારનયથી કહેવામાં આવે અને અસદ્‌ભુતથી વ્યવહાર જ્યારે કહીએ કર્મના સંબંધનો ત્યારે અશુદ્ધનિશ્ચયથી નિશ્ચયથી રાગનો બંધ છે અશુદ્ધનયથી એમ કહેવામાં આવે અને એને ટાળવા માટે પુરુષાર્થ કરવો, ભગવાનઆત્મા પૂર્ણાનંદમાં દૃષ્ટિ કરવી એ પણ વ્યવહાર થયો. પણ રાગના ત્યાગની અપેક્ષાએ એને કહીએ તો અશુદ્ધનિશ્ચય થયો. આહાહા..! કહો, શેઠ! અશુદ્ધનિશ્ચય છે એ વ્યવહાર છે. શુદ્ધની ત્રિકાળની અપેક્ષાએ. પરના સંબંધની અપેક્ષાએ તો એને નિશ્ચય કહેવામાં આવે. રાગ એની પર્યાય છે ને. પ્રવચનસારમાં નથી કીધું? ૧૮૯ ગાથા. નિશ્ચયથી આત્માને વિકારી પર્યાય નિશ્ચયથી સ્વની છે. કઈ અપેક્ષાએ? કર્મનું અને પરના સંબંધના રહિતપણાની અપેક્ષાએ રાગનો ભાવ જીવનો નિશ્ચયથી છે એમ કહ્યું છે. હવે અહીં પાછું એમ કહ્યું કે રાગને ટાળવું અને રાગપણું એને છે એ વ્યવહારનયનો વિષય છે. આહાહા..! સત્યતા શું છે અને ઉપચારિક શું છે એ વાત એને સમજમાં લેવી પડશે, બાપુ! સમજાણું કાંઈ? ઈ આ પ્રશ્ન અહીં કર્યો આણે. એ પ્રશ્ન ૬૮માં કર્યો હતો ઈ.

મહારાજ! આપ તો કહો છો, જીવ '**जीवो ण बंधु ण मोक्खु करेइ**'. જીવ મોક્ષની પર્યાયને કરતો નથી. ... દેહ માટી અજીવ છે, એ તો એનાથી જુદી છે, પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ શુભરાગ એ પણ ભગવાનથી ભિન્ન છે. આ ભગવાન હોં! ... ભાઈ! એટલે જ્યારે રાગનો સંસારનો પર્યાય જે છે, સંસાર ઉદયભાવ એ પણ વ્યવહાર છે એને ટાળવો એ પણ વ્યવહાર છે. જ્યારે કર્મના જડની અપેક્ષા ... લઈએ તો અસદ્‌ભુત વ્યવહાર છે. અને રાગનો .. પરની અપેક્ષા ન રાખે એટલે નિશ્ચયમાં જાય, સ્વની અપેક્ષાએ. પણ ત્રિકાળની દૃષ્ટિએ જોવામાં આવે તો એ અશુદ્ધતા રાગ છે એ વ્યવહાર અને રાગને ટાળવું એ વ્યવહાર. ... મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર. નિશ્ચય તો નિષ્ક્રિય ભગવાનઆત્મા તે નિશ્ચય. આહાહા..! આવો વીતરાગ માર્ગ ક્યાંય છે નહિ. બધા એમ ને એમ ઓઘે ઓઘે પડ્યા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ઓઘે ઓઘે એટલે?

ઉત્તર :— ઓઘે ઓઘે સમજ્યા વિનાના ઓઘો... આ ચોખાને કારણે ફોતરા કૂટે એને ઓઘે કહેવાય. એક ગૃહસ્થ બાઈ હતી ગૃહસ્થ, ઈ ખાંડતી હતી. ચોખા તો છૂટા પડીને હેઠે જાય, ઉપર ફોતરા દેખાય. એક ગરીબ બાઈ જોવા આવી, આ તો શેઠાણી છે ને ખાંડે છે, કાંઈક હશે માલ એમાં. જોવે તો ફોતરા છે, એમાં પણ કાંઈક હશે. પણ ઓલા ફોતરા છોટા પડીને ચોખા ગયા એને જોતી નથી. ફોતરા ખાંડે એટલે પોતે ઘરમાં એના ધણીને કહે, પાંશેર ફોતરા લઈ આવો, હું ખાંડુ. ભાન ન મળે. ફોતરા જુદા, ચોખા જુદા. એ ફોતરા તને ઉપર દેખાણા એ ઉપરની ચીજ, ચોખા અંદર ગરી ગયા છૂટીને. શું કહેવાય? ખાણિયો. ભૂલી જવાય છે ભઈ તમારી ભાષા. હિન્દીમાં ઉકલી બોલે. પણ આપણે શું કહે છે? ખાણિયો. આપણે અહીં ગુજરાતીમાં ખાણિયો કહે છે. ખાંડેને. કાળા પથરાના હોય છે. ખાણિયો. એમાં ઓલા ફોતરા ઉપર રહે અને ચોખા હેઠે વયા જાય. એ ચોખા છે એને ઓલી જોતી નથી, પેલી ગરીબ બાઈ આવી હતી ઈ, ફોતરાને જોવે છે.

એમ જ્ઞાનીને રાગની ક્રિયા દેખતા, ફોતરાની ક્રિયા દેખતા અજ્ઞાની પણ રાગની ક્રિયા કરવી એમ માની લ્યે છે. પણ જ્ઞાનીને રાગની પાછળ આનંદસ્વરૂપનું ભાન છે. એ ચોખો નિર્મળ આનંદકંદ જેને દૃષ્ટિમાં આવ્યો છે એ તો જોતો નથી ઓલો. નટુભાઈ! આરે! આરે! આવી વાતું. એક તો વાણિયાને નવરાશ ન મળે બિચારાને. એય! પોપટભાઈ! બિચારા કીધા હશે આ? એય! શેઠ! આ બધા કરોડોપતિ બેઠા છે.

મુમુક્ષુ :— આપ તો કહો છો ઘણી વાર.

ઉત્તર :— ધૂળેય નથી, ભિખારા છે બધા. આહાહા..! આત્માની લક્ષ્મીની જેને ખબર નથી અને એ બહારની લક્ષ્મી (માંગે છે), માગણ છે મોટા માગણ. લાવો લાવો લાવો.

અહીં પરમાત્મા કહે છે, આ પ્રશ્ન ઉઠ્યો શેમાંથી એમાંથી આ બધું ચાલ્યું. જીવને આ પ્રાણ છે.. પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસ અને આયુષ્ય એ તો પર છે. નિશ્ચયથી પર છે પણ વ્યવહારથી સ્વના સંબંધમાં છે. એથી પ્રાણનો નાશ કરતાં જીવને દુઃખ થાય છે. બીજાના પ્રાણનો નાશ થતાં આને દુઃખ થાતું નથી. ઈ અપેક્ષાએ પ્રાણને આત્માથી વ્યવહારથી અભિન્ન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અરે! આવી વાતું છે હવે.

મુમુક્ષુ :— નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવાય?

ઉત્તર :— એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, વ્યવહાર સંબંધ છે ને. આહાહા..! ઓલો અસદ્ભુત વ્યવહારનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આ અશુદ્ધતા અશુદ્ધનયનો વ્યવહાર એનો સંબંધ છે. આહાહા..! યોગસારમાં તો કહ્યું હતું, આપણે આવ્યું હતું. યોગસારમાં કહ્યું છે ને? વિકારની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ખરો જીવ પોતે વિકારનો કર્તા છે જ નહિ એમ કહ્યું. ગાથામાં કહ્યું.

મુમુક્ષુ :— અમિતગતિમાં આવ્યું છે.

ઉત્તર :— હા, અમિતગતિનું છે, ઓલું નહિ. ઈ તો કીધું. આહાહા..!

વસ્તુ જે ધ્રુવ આત્મા છે એ તો નિત્યાનંદ સહજાત્મસ્વરૂપ પરમાત્મસ્વરૂપ છે. આ આત્મા પરમાત્મા હોં! બધા આત્મા પરમાત્મસ્વરૂપ છે. કેમ બેસે? એક બીડી બે સરખી પીવે તો ભાઈસાહેબને (જંગલ ઉતરે), એટલા તો અપલખણ. બે સીગરેટ ને બીડી પીવે તો પાયખાને દિશા ઊતરે, હવે એને કહેવો કે તું પરમાત્મા છો. હવે ક્યા માપે માપે એને? ભાન ન મળે કાંઈ. સમજાણું કાંઈ? અંદર પરમાત્મસ્વરૂપ સચ્ચિદાનંદ આત્મા સિદ્ધ સમાન સદા પદ મેરો, આહાહા..! એના નિશ્ચયની દૃષ્ટિની અપેક્ષાએ બંધ અને મોક્ષ પણ વ્યવહારે કહેવામાં આવે છે. બંધને ટાળવો એ પણ વ્યવહાર અને મોક્ષને કરવો એ પણ વ્યવહાર. સંસાર અને મોક્ષ પર્યાયો છે જીવને એ વ્યવહારથી છે. ભેદ પડ્યો ને. આહાહા..! નિશ્ચયથી બંધ-મોક્ષનો કર્તા નથી, પર્યાયમાં બંધ છે એ. આહાહા..!

અહીં એ કહ્યું, જુઓ! '**પ્રાણોંકા ઘાત હોને પર જો વ્યવહારનયકર દુઃખકી ઉત્પત્તિ વહ હિંસા હૈ,...**' છે ને? '**ઉસીસે પાપકા બંધ હોતા હૈ.**' આહાહા..! '**ઔર જો ઈન પ્રાણોંકો સર્વથા જુદે હી માનેં, દેહ ઔર આત્માકા સર્વથા ભેદ હી જાનેં, તો જૈસે પરકે શરીરકા ઘાત હોને પર દુઃખ નહીં હોતા હૈ,...**' સમજાય છે કાંઈ? એમ આત્માનો સર્વથા ભેદ જાણે, '**વૈસે અપને દેહકે ઘાતમેં ભી દુઃખ ન હોના ચાહિયે, ઈસલિયે વ્યવહારનયકર જીવકા ઔર દેહકા એકત્વ દિખતા હૈ,...**' આવે છે આપણે ક્યાંય? ગાથા સમયસાર. ઉપચારિક દૃષ્ટિથી જીવ અને આ શરીરનું એકપણું કહેવાય છે. વાસ્તવિક તો ભગવાન ભિન્ન છે, શરીર ભિન્ન જડ છે માટી આ તો. સમજાણું કાંઈ? એ કહે છે. '**વ્યવહારનયકર જીવકા ઔર દેહકા એકત્વ દિખતા હૈ, પરંતુ નિશ્ચયસે એકત્વ નહીં હૈ. યદિ નિશ્ચયસે એકપના હોવે, તો દેહકે વિનાશ હોનેસે જીવકા વિનાશ હો જાવે,...**' દેહ તો નાશ થઈ જાય છે અને જીવ તો ચાલ્યો જાય છે એમાંથી. માટે જીવને અને દેહને એકપણું નથી, નિશ્ચયથી યથાર્થ દૃષ્ટિથી. પણ વ્યવહારે એટલો સંબંધ છે એટલે શરીર જતાં આને દુઃખ થાય એટલો સંબંધ વ્યવહારે ગણવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :— ગજસુકુમાર...

ઉત્તર :— એને ક્યાં હતું? એને તો છૂટી ગયું હતું. ગજસુકુમાર તો અંદર આનંદમાં ગરી ગયા હતા. એને દુઃખ ઉત્પન્ન થયું નથી. આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાનનો જેને સમ્યગ્દર્શનમાં અનુભવ થયો પછી તો ઠરી ગયા છે અંદરમાં. આહાહા..! આનંદમાં રમણતા કરતાં એને માથે પાઘડી અગ્નિની છે એની ખબરેય નથી, એ તો ધ્યાનમાં આનંદમાં છે. સમજાણું કાંઈ? એક એવું પણ લીધું છે મોક્ષમાર્ગપ્રકાશકમાં, ઉપસર્ગ છે જ્ઞાનીને એને જાણતો પણ નથી એમ નથી. અંદર ધ્યાનમાં છે ત્યારે જાણતો નથી, પણ વિકલ્પ આવ્યો તો છે કાંઈક એટલું જાણે. ભાઈ! આવે છે? મોક્ષમાર્ગપ્રકાશક. ધર્મીજીવ નિર્વિકલ્પમાં છે અંદર આનંદમાં ત્યારે ખ્યાલેય નથી કે શું થાય છે શરીર ઉપર. પણ એવું કંઈ સદાય નથી રહેતું. વિકલ્પ ઉઠ્યો, ખ્યાલમાં આવે કે કાંઈક છે. છે એટલું જ્ઞાન. ચંદુભાઈ! છે? મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. ટોડરમલે તો બહુ ખુલાસા કર્યા છે, એકે એક વાતના. આમ

ખ્યાલ આવે કે આ અગ્નિ છે એટલું. દુઃખ નહિ. વિકલ્પ ઉઠ્યો એટલું દુઃખ ખરું. પણ એને લઈને દુઃખ નહિ. આહાહા..! આવો માર્ગ હવે આ તે. વીતરાગમાર્ગ ભાઈ દુર્લભ છે. સમજાણું?

**'જીવ ઈસ દેહકો છોડકર પરભવકો જાતા હૈ, તબ દેહ નહીં જાતી હૈ. ઈસલિયે જીવ ઔર દેહમેં ભેદ ભી હૈ. યદ્યપિ નિશ્ચયનયકર ભેદ હૈ, તો ભી વ્યવહારનયકર પ્રાણોંકે ચલે જાનેસે જીવ દુઃખી હોતા હૈ,...'** નિમિત્ત સંબંધ છે ને એટલે. **'સો જીવકો દુઃખી કરના વહી હિંસા હૈ,...'** એ વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? નિશ્ચયથી આત્માની હિંસા એને કહીએ કે જે કંઈ શુભ અને અશુભ રાગ કરે એ નિશ્ચયથી આત્માની હિંસા છે. અને પરજીવને મારવો એ પણ વ્યવહાર છે અને પોતાને જીવ છૂટે અને દુઃખ થાય એ પણ વ્યવહાર છે. આહાહા..! આટલા બધા પલાખા યાદ ક્યાં કરવા? એય! છોટુભાઈ! ... ઓઘે ઓઘે કૂટ્યા ને પડ્યા હોય વાડામાં. ધર્મ થઈ ગયો, સામાયિક કરી ને પોષા કર્યા ને પડિકમણા કર્યા. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને. એ તો રાગની ક્રિયા છે પરલક્ષી. અંદર રાગથી ભિન્ન ભગવાન છે ચિદાનંદ પ્રભુ આત્મા, એને જ્ઞાનમાં જોતાં એ પરથી ભિન્ન છે. સમજાણું? **'ઔર હિંસાસે પાપકા બંધ હોતા હૈ.'** ઈ વ્યવહાર છે. છે?

**'નિશ્ચયનયકર જીવકા ઘાત નહીં હોતા, યહ તૂને કહા, વહ સત્ય હૈ,...'** નિશ્ચયથી ઘાત નથી થતો. એ તો જ્ઞાનાનંદ પ્રાણસ્વરૂપ શુદ્ધચૈતન્યઘન છે. એનો કોઈ દિ' નાશ થાય છે? આહાહા..! સમજાણું કાંઈ? **'પરંતુ વ્યવહારનયકર પ્રાણવિયોગરૂપ હિંસા હૈ હી, ઔર વ્યવહારનયકર હી પાપ હૈ, ઔર પાપકા ફલ નરકાદિકકે દુઃખ હૈં, વે ભી વ્યવહારનયકર હી હૈં.'** પાપ કરીને નરકમાં જાય, ઢોરમાં અવતરે, પશુમાં જાય. એ છે કે નહિ? વ્યવહાર ... ગતિ એમ કહે છે. આહાહા..! અરે! આવી વાતું લ્યો. યોગસારમાં ત્યાં કહ્યું છે, આત્મા પર્યાયનો દાતા નથી, લ્યો. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ધર્મની પર્યાય એનો એ જીવ દાતા નથી. એકકોર કહેવું કે દેહને અને આત્માને સંબંધ છે માટે દુઃખ થાય છે અને દુઃખ તે નિશ્ચયથી હિંસા છે. વ્યવહારે હિંસાનું ફળ બંધ છે વ્યવહારે, બંધનું ફળ નરકાદિ ગતિ છે. પોપટભાઈ! આ બધું સમજવું પડશે, હોં! રૂપિયામાં થોથામાં કાંઈ ન મળે ન્યાં. પાપ બાંધીને ચાલ્યા જવાના. બાયડી, છોકરા, કુટુંબ માટે પાપ કરવા. ભલે પાંચ, પચાસ, દસ લાખ ભેગા થાય. મરી જાવું છે એને. આહાહા..!

અહીં તો વીતરાગ પરમેશ્વર કહે છે, બાપુ! એકવાર સમજ તો ખરો, તું શું છો? નિશ્ચયથી શું છે અને વ્યવહારથી શું છે? નિશ્ચયથી શરીર અને રાગને કાંઈ સંબંધ નથી. શરીરને સંબંધ નથી અને રાગને સંબંધ નથી. એ ભિન્ન ચીજ પાછી બીજી થઈ ગઈ. સમજાણું કાંઈ? અને વ્યવહારથી શરીરને પણ દુઃખ થાય છે તો વ્યવહાર કહેવામાં આવે. આહાહા..! અને એને હિંસાના ભાવ કરવા એ વ્યવહાર, પરને દુઃખ થાય એ વ્યવહાર, બંધ થાય એ વ્યવહાર અને એનું ફળ નરકગતિમાં, ઢોરમાં જાવું એ વ્યવહાર.

**'પાપકા ફલ નરકાદિકકે દુઃખ હૈં, વે ભી વ્યવહારનયકર હી હૈં। યદિ તુઝે નરકકે**

**દુઃખ અચ્છે લગતે હૈં, તો હિંસા કર,...**' નરકના દુઃખમાં તને ઠીક લાગતું હોય તો હિંસા કર વ્યવહારથી. '**ઔર નરકકા ભય હૈ, તો હિંસા મત કર. ઐસે વ્યાખ્યાનસે અજ્ઞાની જીવોંકા સંશય મેટા.**' લ્યો. આહાહા..! ઓલા અકાળ, કાળના મરણમાં કહ્યું છે. ફૂલચંદજીએ એમ કહ્યું કે કાળમરણ નિશ્ચય છે. નિશ્ચયથી એટલે જે સમયે છે તે. એમ. એ અપેક્ષાએ નિશ્ચય અને અકાળમરણ છે એ વ્યવહાર અને ઉપચાર છે. ત્યારે ઓલાએ કીધું, નહિ, કાળમરણ અને અકાળમરણ બેય વ્યવહાર છે. અરે! આહાહા..! ઝઘડા.. ઝઘડા.. ઝઘડા. નિશ્ચયથી તો જે સમયે જે પર્યાય થવાની તે થાય એ નિશ્ચય. કઈ અપેક્ષાએ? થવાનું હોય તે થાય એ અપેક્ષાએ નિશ્ચય. અને આડીઅવળી થાય એ તો છે જ નહિ. પણ અકાળમરણ કહેવામાં આવે. એ વ્યવહારથી છે, ઉપચાર. કર્મની સ્થિતિ જ એવી હતી તે ઘટીને દેહ છૂટી ગયો. આહાહા..! બાકી તો કાળમરણ તો દેહ છૂટવાનો તે કાળમરણ છે. એ નિશ્ચય છે, મરણની અપેક્ષાએ. આત્મા ત્રિકાળની અપેક્ષાએ કાળમરણ એ વ્યવહાર છે. અરેરે! '**ઐસે વ્યાખ્યાનસે અજ્ઞાની જીવોંકા સંશય મેટા.**' ૧૨૭ થઈ ને?

---

## ગાથા-૧૨૮

अथ मोक्षमार्गे रतिं कुर्वति शिक्षां ददाति–

२५८) मूढा सयलु वि कारिमउ भुल्लउ मं तुस कंडि।
सिव-पहि णिम्मलि करहि रइ घरु परियणु लहु छंडि।।१२८।।
मूढ सकलमपि कृत्रिमं भ्रान्तः मा तुषं कण्डय।
शिवपथे निर्मले कुरु रतिं गृहं परिजनं लघु त्यज।।१२८।।

मूढा इत्यादि। मूढा सयलु वि कारिमउ हे मूढजीव शुद्धात्मानं विहायान्यत् पञ्चेन्द्रियविषयरुपं समस्तमपि कृत्रिमं विनश्वरं भुल्लउ मं तुस कंडि भ्रान्तो भूत्वा तुषकण्डनं मा कुरु। एवं विनश्वरं ज्ञात्वा सिव-पहि णिम्मलि शिवशब्दवाच्यविशुद्धज्ञानदर्शनस्वभावो मुक्तात्मा तस्य प्राप्तयुपायः पन्था निजशुद्धात्मसम्चयक्श्रद्धानज्ञानानुष्ठानरुपः स च रागादिरहितत्वेन निर्मलः करहि रइ इत्थंभूते मोक्षे मोक्षमार्गे च रतिं प्रीतिं कुरु घरु परियणु लहु छंडि पूर्वोक्तमोक्षमार्गप्रतिपक्षभूतं गृहं परिजनादिकं शीघ्रं त्यजेति तात्पर्यम्।।१२८।।

---

आगे श्रीगुरु यह शिक्षा देते हैं, कि तू मोक्ष-मार्गमें प्रीति कर–

## गाथा-१२८

अन्वयार्थ :- [मूढ] हे मूढ जीव, [सकलमपि] शुद्धात्माके सिवाय अन्य सब

विषयादिक [कृत्रिमं] विनाशवाले हैं, तू [भ्रांतः] भ्रम (भूल) से [तुषं मा कंडय] भूसेका खंडन मत कर। तू [निर्मले] परमपवित्र [शिवपथे] मोक्ष-मार्गमें [रतिं] प्रीति [कुरु] कर, [गृहं परिजनं] और मोक्ष-मार्गका उधमि होके घर, परिवार आदिको [लघु] शीघ्र ही [त्यज] छोड़।

भावार्थ :- हे मूढ, शुद्धात्मस्वरुपके सिवाय अन्य सब पंचेन्द्री विषयरुप पदार्थ नाशवान् हैं, तू भ्रमसे भूला हुआ असार भूसेके कूटनेकी तरह कार्य न कर, इस सामग्रीको विनाशीक जानकर शीघ्र ही मोक्ष-मार्गके घातक घर, परिवार आदिकको छोड़कर, मोक्षमार्गका उधमि होके, ज्ञानदर्शनस्वभावको रखनेवाले शुद्धात्माकी प्राप्तिका उपाय जो सम्यग्दर्शन, सम्यग्ज्ञान, सम्यक्चारित्ररुप मोक्षका मार्ग है, उसमें प्रीति कर। जो मोक्ष-मार्ग रागादिकसे रहित होनेसे महा निर्मल है।।१२८।।

---

હવે, મોક્ષમાર્ગમાં રતિ કર એવી શ્રી ગુરુદેવ શિક્ષા આપે છે.

ભાવાર્થ :-હે મૂઢ જીવ! શુદ્ધ આત્મા સિવાય અન્ય પાંચ ઇન્દ્રિયના વિષયરૂપ બધું જ વિનશ્વર છે, ભ્રાન્તિ પામીને ફોતરાંને ખાંડ નહિ. એ રીતે વિનશ્વર જાણીને, 'શિવ' શબ્દથી વાચ્ય એવા વિશુદ્ધજ્ઞાન-દર્શનસ્વભાવવાળા મુક્ત આત્માની પ્રાપ્તિનો ઉપાય જે નિજ શુદ્ધ આત્માના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યગ્-અનુષ્ઠાનરૂપ માર્ગ છે તે રાગાદિ રહિત હોવાથી નિર્મળ છે. એવા મોક્ષ અને મોક્ષમાર્ગમાં તું પ્રીતિ કર; પૂર્વોક્ત મોક્ષમાર્ગથી પ્રતિપક્ષભૂત ઘર, પરિજનાદિકને શીઘ્ર છોડ. ૧૨૮.

---

## ગાથા-૧૨૮ ઉપર પ્રવચન

२५८) मूढा सयलु वि कारिमउ भुल्लउ मं तुस कंडि।
सिव-पहि णिम्मलि करहि रइ घरु परियणु लहु छंडि।।१२८।।

'આગે શ્રીગુરુ શિક્ષા દેતે હૈં, કિ તૂ મોક્ષ-માર્ગમેં પ્રીતિ કર—'

ભાવાર્થ :— 'હે મૂઢ જીવ,...' આહાહા..! છે? 'શુદ્ધાત્માકે સિવાય અન્ય સબ વિષયાદિક વિનાશવાલે હૈં,...' તારો નાથ અંદર શુદ્ધચિદાનંદ ભગવાન બિરાજે છે, એ સિવાય બધું નાશવાન (છે). 'શુદ્ધાત્માકે સિવાય અન્ય સબ વિષયાદિક વિનાશવાલે હૈં, તૂ ભ્રમ સે ભૂસેકા ખંડન મત કર.' આહાહા..! આ ભૂસા આવ્યા, જુઓ! ફોતરાને ન ખાંડ. આ બાયડી, છોકરા, કુટુંબ માટે મરી જાય છે આખો દિ' પાપ કરીને, ફોતરા ખાંડ્યા તેં. ... માટે જાવું પડે કલકત્તા. પાંચ-દસ હજાર મળે તો ત્યાં જાય ધૂળમાં. સમજાણું કાંઈ? અહીં કહે છે, અરે પ્રભુ! તું હવે શું કરે છે? આવું મનુષ્યપણું મળ્યું તને, એમાં ફોતરા ન ખાંડ. કુટુંબ માટે રળીને મરી જાઈશ,

પણ ફોતરા ખાંડ્યા બધા. એય શેઠ! ઈ તમે કરોડપતિ છો, ઈ પણ કરોડપતિ છે. હેં!

મુમુક્ષુ :— .. માટે તો અમે અહીં આવ્યા છીએ.

ઉત્તર :— ધૂળમાંય નથી ન્યાં કરોડમાં ને અબજમાં. એ તો ધૂળ છે માટી, જડ છે, અજીવ છે. એ અજીવને પોતાના માનવા એ મૂઢતા છે, મહાપાપ છે.

મુમુક્ષુ :— વ્યવહારે જીવને..

ઉત્તર :— અહીં સંબંધ નથી એને વ્યવહારે કંઈ. શરીરની સાથે વ્યવહારે, લક્ષ્મી સાથે નહિ. કર્મનો સંબંધ છે આત્મા એ ઉપચારિક અસદ્ભુત વ્યવહારનયે છે. રાગનો સંબંધ છે એ અશુદ્ધનિશ્ચય છે. અને બાયડી, છોકરાનો જે સંબંધ છે એ અસદ્ભુત ઉપચારથી છે. દૂર છે ને. ..ભાઈ! સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન એની સાથે જે સંબંધ છે એ ઉપચારિક અસદ્ભુત છે. જૂઠો ઉપચાર છે. અને કર્મનો અહીં સંબંધ છે, નજીક છે માટે જૂઠો અનુપચારિક સંબંધ છે. આહાહા..! આવું બધું ક્યાં..? અને પુણ્ય ને પાપના ભાવ સાથે સંબંધ છે એ નિશ્ચયથી આગમની અપેક્ષાએ એને અસદ્ભુત કહીએ. સમજાણું? આગમની અપેક્ષાએ રાગને સંબંધ છે એ અસદ્ભુત વ્યવહારનયે છે. આહાહા..! અધ્યાત્મની અપેક્ષાએ પર સાથે સંબંધ છે એ અહીં આવતું નથી કાંઈ. પરની સાથે સંબંધ છે નહિ. આહાહા..! ફક્ત અંદર કર્મની સાથે સંબંધ છે અનુપચાર વ્યવહાર. અધ્યાત્મની અપેક્ષાએ એ પણ નહિ. અધ્યાત્મની અપેક્ષાએ તો એ છે કે જેટલો રાગ થાય છે એમાં જણાય છે એને અસદ્ભુત ઉપચાર કહેવામાં આવે છે, રાગને અને રાગ નથી જણાતો તે ભાવને અસદ્ભુત અનુપચાર કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું હવે બધી.

અહીં એ કહે છે, ભાઈ! મૂઢ જીવ! '**ભૂસેકા ખંડન મત કર. તૂ પરમપવિત્ર મોક્ષ-માર્ગમેં પ્રીતિ કર,...**' આહાહા..! ભગવાન અંદર આનંદસ્વરૂપ પ્રભુ છે ત્યાં જાને, એને જોને, એને માનને. મરી જઈશ નહિતર આમ ને આમ. આહાહા..! છે? '**મોક્ષ-માર્ગકા ઉદ્યમી હોકર ઘર, પરિવાર આદિકો શીઘ્ર હી છોડ.**' હેં!

મુમુક્ષુ :— ઘર-બાર છોડે એને આપ માન્ય નથી કરતા.

ઉત્તર :— એ મિથ્યાત્વ છોડે ત્યારે હજી છોડ્યું કહેવાય, રાગને. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી ધર્મ માને એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એને તો મિથ્યાત્વ છૂટ્યું નથી તો ઘરબાર ક્યાંથી છૂટ્યા. એ તો અસદ્ભુત વ્યવહારનય. મિથ્યાત્વ છૂટે ત્યારે પરનો ત્યાગ અશુદ્ધ વ્યવહારનયથી કહેવામાં આવે છે. આહાહા..! પ્રરૂપણા તો આ ચાલે છે અત્યારે. વ્રત કરો, અપવાસ કરો, દાન કરો, મંદિર બનાવો. ધર્મ (થશે). ઊંધી દૃષ્ટિ છે, ધર્મ ક્યાં હતો. એ તો પુણ્યભાવ છે. પુણ્યમાં ધર્મ માનવો એ તો મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે. સમજાણું કાંઈ? આહાહા..! છે?

**ભાવાર્થ :—** '**હે મૂઢ, શુદ્ધાત્મસ્વરૂપકે સિવાય...**' તારું સ્વરૂપ તો પવિત્ર આનંદકંદ પડ્યું છે. આહાહા..! કોને ખબર ક્યાં છે. શુદ્ધાત્મા પવિત્ર. કેમકે પુણ્ય અને પાપના ભાવ તો આસ્રવતત્ત્વ છે. અને એનાથી રહિત ભગવાન તે શુદ્ધઆત્મતત્ત્વ છે. જે આત્મા શુદ્ધાત્મા પરમાનંદસ્વરૂપ..

આહા..! એના સિવાય **'અન્ય સબ પંચેન્દ્રી વિષયરૂપ પદાર્થ...'** આહાહા..! આબરુ, સ્ત્રી, કુટુંબ, પરિવાર બધા વિષય પદાર્થ નાશવાન છે. આહાહા..! **'તૂ ભ્રમસે ભૂલા હુઆ અસાર ભૂસેકે કૂટનેકી તરહ કાર્ય ન કર,...'** આહાહા..! બાયડી પરણ્યા એનું કરવું શું પણ ત્યારે? નાખી દેવી? હતી કે દિ' ત્યાં? પરણ્યો જ નથી તું. પરની સાથે સંબંધ શું છે? એવી વાત છે. ભગવાન તો એમ કહે છે. આત્મા એનો જુદો, એનું શરીર જુદું, તારો આત્મા જુદો, આ શરીર જુદું. એનું આવ્યું ક્યાંથી કે તારી બાયડી થઈ ગઈ? આહાહા..! એમાં કાંઈક રૂપાળી સરખી હોય, પોતા કરતાં બુદ્ધિવાળી નીકળે કો'ક, એવું પણ હોય ને. તો દબાઈ જાય, થઈ રહ્યું. આહાહા..!

એક રાજા હતો તે એની રાણીને કાંઈક બોલતો હશે થોડું. નામ નથી આપતા. ખબર છે કોણ ને કયો રાજા. પણ રાજા મોટો રાજા. કરોડોની ઊપજવાળો. એમાં કાંઈક બોલતો હશે એની બાયડી સાથે. જુઓ દરબાર! ધ્યાન રાખજો. અમે ગરાસણીની દીકરીઓ છીએ. ઈ બહાર કહેવા જાય કે આ રાણી મારું અપમાન કરે છે. એવું કરે અંદર. આ થયેલી છે વાત, નામ ન આપીએ. અમે તો અહીં ઘણા વર્ષથી જાણતા ને. ૬૪ વર્ષ તો દીક્ષા લીધા થયા અને શરીરને ૮૭ વર્ષ ચાલે છે. ૮૦ અને ૭. અને દુકાન ઉપર ઘણું બધું વાંચેલું. ૬૩ થી ૬૮.

મુમુક્ષુ :— આપે વકિલાત નથી કરી.

ઉત્તર :— વકિલાત નથી કરી. પણ વકિલાત કેમ થાય એ બધી ખબર છે. કરી નથી, એ તો કીધું ને. આહાહા..! દુનિયામાં નાચ્યા નથી પણ નાચનાર કેવા હોય એને જોયા છે. સમજાણું કાંઈ? ઈ રાજા મોટો હતો. રાણીને કાંઈક કીધું ને, ઈ વાત બહાર આવી ગઈ. ધ્યાન રાખજો દરબાર, અમે ગરાસિયા છીએ. અમે કાંઈ વાણિયા જેવા નથી, કોળી જેવા નથી. ધ્યાન રાખી લેવું. હાય.. હાય મારી નાખ્યા. કરવું શું? ઈ બધા સ્વાર્થના (સગા છે). કીધું નહિ? આપણે આવી ગયું નહિ? સ્ત્રી, કુટુંબ, પરિવાર આજીવિકા માટે ધુતારાની ટોળી તને મળી છે. લૂંટી નાખે છે. આહાહા..! કહ્યું હતું ને? સજ્ઝાયમાળાનું નહોતું? સજ્ઝાયમાળા છે ચાર. શ્વેતાંબરમાં ચાર સજ્ઝાયમાળા છે. એક એકમાં ૨૦૦-૨૫૦ સજ્ઝાય છે. ચાર પુસ્તક છે. ચારેય દુકાન ઉપર વાંચેલા મેં. તે દિ', (સંવત) ૧૯૬૩ થી ૬૮. સમજાણું? એમાં આ સ્તવન છે. પિતાજીની દુકાન હતી ને, એટલે આપણે નવરા ઘણા, વેપાર ઘરનો. શું કીધું ઈ?

સૂતો કાંઈ નિશ્ચિંત રે, મોહ તણા રે રણિયા ભમે,
જાગ રે જાગ મતિવંત રે, લૂંટે જગતના જંત રે...

બાયડી કહે, પરણ્યા હતા શું કરવા? .... છોકરા મોટા કર્યા, અમને તમે મોટા શું કરવા કર્યા? .... સરખે ઠેકાણે પરણાવવા, સરખે ઠેકાણે છોડીને નાખવી. આ બધા લુંટારા છે. 'નાખી વાંક અનંત રે, વિરલા કોઈ ઉગરંત રે..' આહાહા..! સજ્ઝાય આવે છે. સજ્ઝાયમાળા ચાર છે આપણે. દુકાન ઉપર મંગાવી હતી ચાર. નાની ઉંમર, ૧૭ વર્ષથી તે ૨૨. પિતાજી ૧૭ વર્ષ સુધી હતા, ૬૩ની સાલ સુધી. નિવૃત્તિમાં વાંચન ઘણું. આહાહા..! એમાં આ આવ્યું હતું. આહાહા..! બે વાત તો

બીજી કરી હતી ઘણી વાર. 'કેવળી આગળ રહી ગયો કોરો' એક આવ્યું હતું. ભાઈ! તું ભગવાનના સમવસરણમાં અનંતવાર ગયો છો. સાક્ષાત્ ભગવાન બિરાજે છે ત્યાં મહાવિદેહમાં અનંતવાર જન્મ્યો. સમવસરણમાં ગયો પણ કંઈ અડવા દીધી નહિ વાત તત્ત્વની. 'કેવળી આગળ રહી ગયો કોરો, દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછે પટક્યો'. ઈ શબ્દ આવે છે, બે છે. આત્માના જ્ઞાન વિના તેં સાધુપણા પાળ્યા, ઈન્દ્રિયો દમન કરી, બ્રહ્મચર્ય પાળ્યા, વ્રત પાળ્યા, થોથા છે બધા. આહાહા..! સમજાણું કાંઈ? એ દ્રવ્યસંયમ કહેવાય. સ્વર્ગમાં ગયો પુણ્ય બાંધીને, ન્યાંથી પટક્યો, ઢોરમાં ને નરકમાં ગયો પાછો. આહાહા..! જેને હજી સમ્યગ્દર્શન શું છે અને એની ખબર નથી, સમ્યક્ કોને કહેવું દર્શન, હજી ધર્મની પહેલી સીઢી. ચારિત્ર તો ક્યાંય રહી ગયું હવે. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે, '**હે મૂઢ,...**' મુનિઓ કેમ કહેતા હશે આવું? શેઠ! મૂઢ શું કરવા કહે? '**હે મૂઢ, શુદ્ધાત્મસ્વરૂપકે સિવાય અન્ય સબ પંચેન્દ્રી વિષયરૂપ પદાર્થ નાશવાન હૈં, તૂ ભ્રમસે ભૂલા હુઆ અસાર ભૂસેકે કૂટનેકી તરહ કાર્ય ન કર.**' આહાહા..! '**ઈસ સામગ્રીકો વિનાશીક જાનકર શીઘ્ર હી મોક્ષ-માર્ગકિ ઘાતક...**' મોક્ષમાર્ગના ઘાતક કોણ? '**ઘર, પરિવાર આદિકકો છોડકર...**' આહાહા..! એ બાયડી, છોકરા, નોકરો બધા મોક્ષમાર્ગના ઘાતક શત્રુઓ છે. આહાહા..! આ બાયડી, છોકરા છોડી ગયા માટે ... એ ખોટા છે, હોં! આ તો શુદ્ધ આત્માની દૃષ્ટિ, અનુભવ કરવા માટે નિવૃત્તિ લે એમ કહે છે. આહાહા..! છે? મોક્ષમાર્ગ—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગ. એના કુટુંબ, બૈરા, છોકરા બધા ઘાતક છે. એ આજીવિકાની ધુતારાની ટોળી મળી છે બધી. આહાહા..! એમાં વળી બે-પાંચ કરોડ રૂપિયા હોય. છોકરા સારા પાક્યા હોય, બે-બે લાખની પેદાશ હોય મહિનાની, ઈ બેઠા હોય તો જાણે ચક્રવર્તીના રાજમાં બેઠા હોય. મૂઢ છો. સાંભળને! આ તો ધૂળ બધી વિનાશીક ચીજ છે, એમાં તું ક્યાંથી આવ્યો? આહાહા..! જુઓને! આચાર્ય તો મુનિ દિગંબર સંત છે. આહાહા..!

મોક્ષમાર્ગ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે આત્માને આશ્રયે થાય એ પરનો આશ્રય કરવા જાય છે ત્યાં ઘાતક થાય છે એમ કહે છે. આહાહા..! ... શું કીધું ઈ? આ ભગવાનઆત્મા શુદ્ધચૈતન્યઘન એનો આશ્રય કરવો એ મોક્ષમાર્ગ છે. એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. અને પરનો આશ્રય કરવા જાય ત્યાં રાગ ને વિકાર થાશે, માટે શત્રુઓ છે બધા. આહાહા..! આવું હશે? ઈ પાછું બાયડી, છોકરા છોડ્યા એટલે સંસાર છોડ્યો એમ નહિ. સંસાર તો એને કહીએ કે જે શરીર, વાણી, મન મારા છે, પુણ્ય-પાપના પરિણામ મારા છે, સ્ત્રી, કુટુંબ મારા છે, આબરુ મારી છે.. મારું છે એવો જે મિથ્યાત્વભાવ એને સંસાર કહે છે. બાયડી, છોકરા તો પર રહી ગયા, ન્યાં સંસાર ક્યાં આવ્યો તારો? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે, કે છોડીને કરવું શું? '**મોક્ષમાર્ગકા ઉદ્યમી હોકે...**' આહાહા..! મોક્ષમાર્ગ ભગવાન તીર્થંકરદેવ સર્વજ્ઞદેવે કહેલો, એમાં ઉદ્યમી થઈને. ક્રમબદ્ધમાં આવશે ત્યારે થશે, એમાં ઉદ્યમ ક્યાં રહ્યો? ઈ ક્રમબદ્ધમાં નિર્ણય કર્યો ત્યાં જ પુરુષાર્થ થયો. આહાહા..! સ્વસન્મુખ દૃષ્ટિ

થઈ. સમજાણું? ક્રમબદ્ધમાં પર્યાય જે કાળે થશે એનો નિર્ણય, એ નિર્ણય ક્યાંથી કરે? નિર્ણય, સ્વભાવનો આશ્રય કરે તો નિર્ણય થાય, નહિતર નિર્ણય થાય નહિ. એ કૂંચી. માસ્ટર કી. ભગવાનના ઘરની આ કૂંચી છે. તીર્થંકરદેવ જિનવર પરમાત્મા કહે છે.. આહાહા..! ક્રમબદ્ધમાં થાય એનો બહુ પ્રશ્ન છે ભાઈ આમાં ચર્ચામાં. ૮૮ પાના તો પ્રશ્નના ભર્યા છે, એક પ્રશ્નના અને ૧૨૫ પાના એના ઉત્તરના છે. છેલ્લાનો. ત્રીજાનો પ્રશ્ન. આહાહા..! ૨૧૩ પાનાનો પ્રશ્ન ત્રીજામાં પૂરો થયો. આહાહા..! અહીંયા કહે છે, ભાઈ! મોક્ષમાર્ગમાં ઉદ્યમી થા.

**'જ્ઞાનદર્શનસ્વભાવકો રખનેવાલે...'** ભગવાનઆત્મા કેવો છે આ અંદર? એ તો જ્ઞાન-દર્શન સ્વભાવને રાખવાવાળો છે. એ રાગને રાખવાવાળો અને બાયડી, છોકરા રાખવાવાળો આત્મા નહિ. આહાહા..! આરે..! આવી વાતું આકરી પડે. માર્ગ પ્રભુનો ઝીણો છે બાપુ! અત્યારે તો સંપ્રદાયમાં એ વાત બધી બીજે ઊંધે રસ્તે ચડી ગઈ છે. આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાનદર્શનસ્વભાવ ચૈતન્યહીરો જાણકસ્વભાવ અને દર્શનસ્વભાવથી ભરેલો પ્રભુ એવો જે આત્મા. **'જ્ઞાનદર્શનસ્વભાવકો રખનેવાલે...'** છે એવા **'શુદ્ધાત્માકી પ્રાપ્તિકા ઉપાય...'** એવા શુદ્ધાત્માની. સર્વજ્ઞે જોયો એવો આત્મા ભગવાને પ્રગટ કર્યો, ક્યાંથી? કે શુદ્ધાત્મામાંથી. આહાહા..! આવી વાતું. ઓલું તો સિદ્ધચક્ર કરો, ફલાણું કરો, ઉપધાન કરો, સહેલુંસટ બિચારાને. વખત જાય. ધૂળમાંય નથી ત્યાં ધર્મ. સમજાણું કાંઈ? આવી વાત. ભગવાન અંદર શુદ્ધસ્વરૂપ.

આજે તો ઈ પ્રશ્ન આવ્યો હતો, કોઈ એમ કહે કે સર્વજ્ઞ સર્વજ્ઞનું જાણે, અમારે શું? એનો અર્થ, જ્ઞાયકભાવ જ્ઞાયકનો ભાવ એમાં અમારે શું? એનો અર્થ ઈ થયો. સવારમાં એમ આવ્યું હતું. કીધું, શું કરે છે આ? સર્વજ્ઞનું સર્વજ્ઞ જાણે, આવું શું કહ્યું? એટલે કે આ જાણનાર જ્ઞાયકસ્વરૂપ છે એ એનું જાણે, અમારે શું છે? આહાહા..! ભારે આકરી વાત છે, બાપા! શું થાય? આહાહા..!

અહીંયા તો **'જ્ઞાનદર્શનસ્વભાવકો રખનેવાલે શુદ્ધાત્માકી પ્રાપ્તિકા ઉપાય જો સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ મોક્ષકા માર્ગ હૈ, ઉસમેં પ્રીતિ કર.'** આહાહા..! લ્યો. શુદ્ધ આનંદકંદ પ્રભુ અતીન્દ્રિયજ્ઞાન અને આનંદનો સાગર ભગવાનઆત્મા.. આહાહા..! અંતર પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનથી છલોછલ ભરેલો ભગવાનઆત્મા છે. ક્યાં જોવે? ખબરેય ક્યાં છે બિચારાને. જેમ પાણીનો કળશો ભર્યો હોય ને, કાશીઘાટનો. એમાં પાણી પૂર્ણ ભર્યું હોય ને. એમ આ કાશીઘાટનો કળશો. એમાં ભગવાન એના આકારે ભિન્ન છે અંદર. અનંતજ્ઞાન અને અનંતઆનંદથી ભરેલો છલોછલ પ્રભુ છે. આહાહા..! શું કહ્યું જુઓ. **'જ્ઞાનદર્શનસ્વભાવકો રખનેવાલે શુદ્ધાત્માકી પ્રાપ્તિકા ઉપાય...'** એને પ્રાપ્ત કરવાનો રસ્તો **'સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર...'** શુદ્ધાત્માનો અનુભવ કરવો અને પ્રતીત કરવી એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને આનંદસ્વરૂપ ભગવાનમાં ઠરવું એનું નામ ચારિત્ર. આહાહા..! શબ્દે શબ્દે ફેર, વાતે વાતે ફેર. 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક ત્રાંબિયાના તેર'. એમ ભગવાન કહે છે, તારે ને મારે શબ્દે શબ્દે, ભાવે ભાવે ફેર છે. છોટુભાઈ! આહાહા..! શું કીધું?

એક તો એ સિદ્ધ કર્યું કે આત્મા કેવો? કે જ્ઞાનદર્શનસ્વભાવવાળો. એમ. એનો ઉપાય સમ્યગ્દર્શન, જ્ઞાન, સમ્યક્ચારિત્ર મોક્ષનો માર્ગ. '**ઉસમેં પ્રીતિ કર.**' આહા..! માર્ગમાં પ્રીતિ કર. પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એનું સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. ઈ સ્વરૂપમાં પૂર્ણ પ્રતીતિ, સન્મુખ થતાં એની શ્રદ્ધા, સન્મુખ થતાં એનું જ્ઞાન અને સન્મુખતામાં સ્થિરતા, એમ ચારિત્ર છે. બાયડી, છોકરા છોડ્યા ને નગ્ન થઈ ગયો માટે ચારિત્ર છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ મોક્ષના માર્ગમાં પ્રીતિ કર.

હવે ખુલાસો કરે છે, મોક્ષમાર્ગ કેવો? ઓલું અસ્તિથી કહ્યું. '**જો મોક્ષ-માર્ગ રાગાદિકસે રહિત હોનેસે મહા નિર્મલ હૈ.**' આહાહા..! સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર કેવા છે? કે દયા, દાનના વિકલ્પથી રહિત એ ચીજ છે. માટે સમ્યગ્દર્શન, જ્ઞાન અતિ નિર્મળ છે. આહાહા..! છે? મહાનિર્મળ. પહેલા આત્માને જ્ઞાનદર્શનસ્વભાવવાળો કહ્યો, હવે એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રને મહાનિર્મળ કહ્યું. આહાહા..! મહાનિર્મળ પવિત્ર. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર નિર્દોષ વીતરાગી પર્યાય છે ઈ. આહાહા..! તેથી રાગાદિ રહિત કીધું. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન એ બધો રાગ છે, એ રાગાદિ રહિત. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી પર્યાય છે. એ સદા નિર્મળની પ્રીતિ કર. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૧૨૯

अथ पुनरप्यध्रुवानुप्रेक्षां प्रतिपादयति–

२५९) जोइय सयलु वि कारिमउ णिक्कारिमउ ण कोइ।
जीविं जंतिं कुडि ण गय इहु पडिछंदा जोइ।।१२९।।
योगिन् सकलमपि कृत्रिमं निःकृत्रिमं न किमपि।
जीवेन यातेन देहो न गतः इमं दृष्टान्तं पश्य।।१२९।।

जोइय इत्यादि। जोइय हे योगिन् सयलु वि कारिमउ टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावाद–कृत्रिमाद्वीतरागनित्यानन्दैकस्वरुपात् परमात्मनः सकाशाद् यदन्यन्मनोवाक्कायव्यापाररुपं तत्समस्तमपि कृत्रिमं विनश्वरं णिक्कारिमउ ण कोइ अकृत्रिमं नित्यं पूर्वोक्तपरमात्मसदृशं संसारे किमपि नास्ति। अस्मिन्नर्थे दृष्टान्तमाह। जीविं जंतिं कुडि ण गय शुद्धात्मतत्त्वभावनारहितेन मिथ्यात्वविषयकषायासक्तेन यान्युपार्जितानि कर्माणि तत्कर्मसहितेन जीवेन भवान्तरं प्रति गच्छतापि कुडिशब्दवाच्यो देहः सहैव न गत इति हे जीव इहु पडिछंदा जोइ इमं दृष्टान्तं पश्येति। अत्रेदमध्रुवं ज्ञात्वा देहममत्वप्रभृतिविभावरहितनिजशुद्धात्मपदार्थभावना कर्तव्या इत्यभिप्रायः।।१२९।।

आगे फिर भी अनित्यानुप्रेक्षाका व्याख्यान करते हैं–

गाथा–१२९

अन्वयार्थ :– [योगिन्] हे योगी, [सकलमपि] सभी [कृत्रिमं] विनश्वर हैं, [निःकृत्रिमं] अकृत्रिम [किमपि] कोई भी वस्तु [न] नहीं है, [जीवेन यातेन] जीवके जाने पर उसके साथ [देहो न गतः] शरीर भी नहीं जाता, [इमं दृष्टांतं] इस दृष्टान्तको [पश्य] प्रत्यक्ष देखो।

भावार्थ :– हे योगी, टंकोत्कीर्ण (अघटित घाट–बिना टाँकीका गढ़ा) अमूर्तीक पुरुषाकार आत्मा केवल ज्ञायकस्वभाव अकृत्रिम वीतराग परमानंदस्वरुप, उससे जुदे जो मन, वचन, कायके व्यापार उनको आदि ले सभी कार्य–पदार्थ विनश्वर हैं। इस संसारमें देहादि समस्त सामग्री अविनाशी नहीं है, जैसा शुद्ध–बुद्ध परमात्मा अकृत्रिम है, वैसा देहादिमेंसे कोई भी नहीं है, सब क्षणभंगुर हैं। शुद्धात्मतत्त्वकी भावनासे रहित जो मिथ्यात्व विषयकषाय हैं उनसे आसक्त होके जीवने जो कर्म उपार्जन किये हैं, उन कर्मोंसे जब यह जीव परभवमें गमन करता है, तब शरीर भी साथ नहीं जाता। इसलिये इस लोकमें इन देहादिक सबको विनश्वर जानकर देहादिकी ममता छोड़ना चाहिये, और सकल विभाव रहित निज शुद्धात्म पदार्थकी भावना करनी चाहिये।।१२९।।

---

હવે, ફરી પણ અધ્રુવ અનુપ્રેક્ષાનું વ્યાખ્યાન કરે છે :-

ભાવાર્થ :–હે યોગી! ટંકોત્કીર્ણ જ્ઞાયક એકસ્વભાવી, અકૃત્રિમ, વીતરાગનિત્યાનંદ જ જેનું એક સ્વરૂપ છે એવા પરમાત્માથી અન્ય મન, વચન, કાયના વ્યાપારરૂપ જે કાંઈ છે તે બધુંય વિનશ્વર છે, આ સંસારમાં પૂર્વોક્ત પરમાત્માની સદશ કાંઈપણ નિત્ય નથી. આ અર્થ દઢ કરવા માટે દષ્ટાંત કહે છે. શુદ્ધઆત્મતત્ત્વની ભાવનાથી રહિત, મિથ્યાત્વ, વિષય, કષાયમાં આસક્ત જીવે જે કર્મો ઉપાર્જ્યાં છે તે કર્મો સહિત જીવ બીજા ભવમાં જતાં 'કુડિ' શબ્દથી વાચ્ય એવો દેહ તેની સાથે જતો નથી. હે જીવ! આ દષ્ટાંતને તું દેખ(જાણ).

અહીં, આ બધું અધ્રુવ જાણીને દેહના મમત્વથી માંડીને સર્વ વિભાવ રહિત નિજ-શુદ્ધઆત્મપદાર્થની ભાવના કરવી જોઈએ, એવો અભિપ્રાય છે. ૧૨૯.

## વીર સંવત ૨૫૦૨, મહા સુદ ૧, ગુરુવાર
## તા. ૨૦-૧-૧૯૭૭, ગાથા-૧૨૯, ૧૩૦, પ્રવચન નં. ૧૯૧

પરમાત્મપ્રકાશ, ૧૨૯ ગાથા છે. 'आगे फिर भी अनित्यानुप्रेक्षाका व्याख्यान करते हैं—'

२५९) जोइय सयलु वि कारिमउ णिक्कारिमउ ण कोइ।
जीविं जंतिं कुडि ण गय इहु पडिछंदा जोइ।।१२९।।

યોગીન્દ્રદેવ મુનિ છે એ પોતાના શિષ્યને કહે છે, 'હે યોગી,...' યોગી એટલે આ અન્યના બાવા ઈ નહિ. આત્મા આનંદસ્વરૂપ છે એમાં જેણે પોતાની પરિણતિ જોડી દીધી છે એને યોગી કહેવામાં આવે છે. અન્યમતમાં જે બાવા-ફાવા છે એ કોઈ યોગી નથી. સમજાણું કાંઈ? પોતાનો આત્મા શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ ધ્રુવ છે એમાં પોતાની વર્તમાન પરિણતિ—પર્યાય જોડી દે એ યોગી. સમજાણું કાંઈ? '**हे योगी, सभी विनश्वर हैं, अकृत्रिम कोई भी वस्तु नहीं है,...**' શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર અરે! વર્તમાન પર્યાય પણ નાશવાન છે. કેવળજ્ઞાન આદિ પર્યાય છે ને? એ નાશવાન છે, એક સમયની પર્યાય છે. તો બધા નાશવાન છે. આહાહા..! કોઈ પણ વસ્તુ અકૃત્રિમ શાશ્વત નથી. '**जीवके जाने पर उसके साथ शरीर भी नहीं जाता,...**' આ તો શરીર માટી—ધૂળ છે. આહાહા..! અહીંથી નીકળીને આત્મા જાય છે તો શરીર સાથે આવતું નથી. નાશવાન છે, એ તો પરપદાર્થ છે.'उस दृष्टांतको लेकर प्रत्यक्ष देखो.'

**ભાવાર્થ :—** '**हे योगी, टंकोत्कीर्ण (अघटित घाट..)**' આહાહા..! અંદર ભગવાનઆત્મા અઘટિત ઘાટ (એટલે) ઘડ્યા વિનાનો ઘાટ અરૂપી ચૈતન્યઘન, આહાહા..! જે સમ્યગ્દર્શનનો વિષય. સમજાણું કાંઈ? ટંકોત્કીર્ણ અઘટિત ઘાટ—નહિ ઘડેલો ઘાટ અરૂપી ચૈતન્યઘન વિજ્ઞાનદળ. આહાહા..! એ આત્મા. એની દૃષ્ટિ કરાવવા નિત્યની દૃષ્ટિ કર, અનિત્યની દૃષ્ટિ છોડી દે. આહાહા..! સમજાણું કાંઈ? '**टंकोत्कीर्ण (अघटित घाट-बिना टांकीका गढा) अमूर्तीक पुरुषाकार...** ' જેમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. અમૂર્તિક પ્રભુ ચૈતન્ય છે. પુરુષાકાર—પુરુષના શરીરનો આકાર છે એવો એનો આકાર છે. '**केवल ज्ञायक एक स्वभाव...**' ન્યાં 'એક' શબ્દ પડ્યો રહ્યો છે, ટીકામાં છે. છે ને? કેવળજ્ઞાન એક સ્વભાવ. ટીકામાં એક છે. 'એક' શબ્દ ... આહા..! એક સ્વભાવ છે. ... બધે ઠેકાણે 'એક' શબ્દ મૂકી દ્યે છે. એક સ્વભાવ કેવળજ્ઞાન. છે? કેવળ જ્ઞાયક. જ્ઞાયક કેવળ જ્ઞાનસ્વરૂપ. કેવળ એટલે કેવળજ્ઞાન પર્યાય નહિ. કેવળજ્ઞાનની પર્યાય એ નહિ. એકલો જ્ઞાયકભાવ સર્વજ્ઞસ્વભાવ. બે વાત લીધી છે. જુઓ!

એક તો આત્મા આવો છે પણ સ્વભાવ કેવો છે? '**केवल ज्ञायकस्वभाव...**' આહાહા..! સમ્યગ્દર્શન પ્રથમ પ્રાપ્ત કરવાની વસ્તુ, એ આ આત્મા કેવળજ્ઞાન એકસ્વભાવ છે તેને દૃષ્ટિમાં લેવો. આહાહા..! સમજાણું કાંઈ? બાકી બધું ધૂળધમાહા. શેઠ! આ અવિનાશી ભગવાનની દૃષ્ટિ કર એમ

કહે છે. સમજાણું કાંઈ? પહેલા આત્મા શબ્દ લીધો. '**અમૂર્તીક પુરુષાકાર આત્મા...**' હવે એનો સ્વભાવ શું? કેવળ જ્ઞાન એક સ્વભાવ. એક જ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મ ભગવાન. આહાહા..! કઠણ બહુ માણસને. ક્રિયાકાંડમાં ધર્મ મનાવ્યો છે ને. તો એનાથી ભિન્ન આત્મા છે એમ કહે છે. આહાહા..! આત્મા પુરુષાકાર અમૂર્તિક કેવળજ્ઞાન જ્ઞાયક એકસ્વભાવ. જ્ઞાયકનો અર્થ કર્યો હતો. છઠ્ઠી ગાથામાં કહ્યું ને? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**'. પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયથી ભિન્ન ભગવાન જ્ઞાયક છે. આવી વાતું છે. સમજાણું કાંઈ?

એક સર્વજ્ઞસ્વભાવ કહો, વસ્તુ અમૂર્તિક જ્ઞ-સ્વભાવ, સ્વભાવવાનનો જ્ઞ-સ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ કેવળ એક જ્ઞાનસ્વભાવ. આહાહા..! '**અકૃત્રિમ...**' એ વસ્તુ અકૃત્રિમ—નહિ કરાયેલી છે. કોઈએ કરી નથી, ઈશ્વર એનો કર્તા-બર્તા નથી. સમજાણું કાંઈ? '**વીતરાગ પરમાનંદસ્વરૂપ,...**' આહાહા..! ત્યાં કહ્યું, પણ પાછું આમ નાખ્યું અંદર. વીતરાગ પરમાનંદસ્વરૂપ આત્મા છે. ઈન્દ્રિયના વિષયના જે ભાવ છે એ તો ઝેર છે, દુઃખ છે. ઈન્દ્રિયના વિષય જે છે એ તો દુઃખ છે. આ તો વીતરાગ પરમાનંદસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગ રહિત, વિકલ્પ રહિત નીરાગી વીતરાગી સ્વભાવ આનંદ. ચારિત્ર લીધું, આનંદ લીધો, જ્ઞાયક લીધો. ત્રિકાળી જ્ઞાનસ્વભાવ એમાં વીતરાગસ્વભાવ એ ચારિત્ર. એમાં આનંદસ્વભાવ એ સુખ. આહા..! છે? '**પરમાનંદસ્વરૂપ...**' પાછું પરમાનંદસ્વરૂપ. વીતરાગી પરમાનંદસ્વરૂપ. આહાહા..!

'**ઉસસે જુદે,...**' આ બધા મન, વચન, કાયાના વિકલ્પની ક્રિયા બધી ભગવાનઆત્માથી જુદી ચીજ છે. સમજાણું કાંઈ? નિયમસારમાં તો ત્યાં સુધી કહ્યું, ૩૮ ગાથામાં, વીતરાગ પરમાનંદસ્વરૂપ તે આત્મા. એ અપણો અપ્પા. બાકી પર્યાય જે કેવળજ્ઞાન હોય કે સંવર, નિર્જરાની પર્યાય હોય એ પણ નાશવાન છે. કેમકે એક સમયની પર્યાય છે. કેવળજ્ઞાન જે સર્વજ્ઞ પરમાત્માને ઉત્પન્ન થયું એ એક સમયની સ્થિતિ છે. બીજે સમયે બીજું, ત્રીજે સમયે ત્રીજું કેવળજ્ઞાન. આહા..! ગુણ છે તે ત્રિકાળ છે પણ કેવળજ્ઞાન છે તે પર્યાય છે. આહાહા..! નવ તત્ત્વમાં સંવર, નિર્જરા ને મોક્ષ એ પર્યાય નાશવાન છે. પુણ્ય-પાપના ભાવ, એના ફળની અહીંયા વાત નથી, પુણ્ય-પાપના ભાવ પણ નાશવાન છે. આહાહા..!

એ અહીંયા કેવળ પરમાનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એને આત્મા કહીએ. આહાહા..! સમ્યગ્દર્શનનો વિષય આત્મા (એ) આ આત્મા. સર્વજ્ઞે કહ્યો ઈ. અજ્ઞાનીઓએ કહ્યો આત્મા આત્મા વાતું કરે છે એ નહિ. સમજાણું કાંઈ? અને જે વીતરાગ પરમાનંદ સ્વભાવની દૃષ્ટિ થઈ એને કોઈ ચીજમાં સુખ ભાસતું નથી. ઈન્દ્રિયના વિષયભોગ દુઃખ છે, ઝેર છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઉસસે જુદે જો મન, વચન, કાયકે વ્યાપાર...**' જુઓ! આહા..! મનમાં જે શુભ-અશુભ ભાવ છે એ પણ નાશવાન (છે). આહાહા..! વિકાર છે. '**મન, વચન, કાયકે વ્યાપાર ઉનકો આદિ લે સભી કાર્ય-પદાર્થ વિનશ્વર હૈં.**' '**સભી કાર્ય-પદાર્થ વિનશ્વર હૈં.**' આહાહા..! '**ઈસ સંસારમેં દેહાદિ સમસ્ત સામગ્રી અવિનાશી નહીં હૈ,...**' આહાહા..! આગળ તો કહેશે પછી,

દેવ, અરિહંત પ્રતિમા, જિનમંદિર આદિ બધા નાશવાન છે. પછીની ગાથામાં આવશે, ૧૩૦માં. આહા..! દેવની પ્રતિમા, દેવાલયો, શાસ્ત્રો બધા નાશવાન છે. કાળના ઈંધણમાં ભસ્મ થઈ જશે. આહાહા..!

ભગવાનઆત્મા વીતરાગ પરમાનંદસ્વભાવસ્વરૂપ પ્રભુ, જેમાં અતીન્દ્રિય આનંદ પૂરેપૂરો ભર્યો છે. આહાહા..! એ આનંદની દૃષ્ટિ આગળ પર્યાયથી, રાગથી માંડીને બધું નાશવાન છે. સમજાણું કાંઈ? નાશવાનની દૃષ્ટિ છોડ. અવિનાશી પરમાત્મસ્વરૂપ છે ને. યોગીન્દ્રદેવ ૧૩૦૦ વર્ષ પહેલા દિગંબર મુનિ થયા એમનું છે આ. આહાહા..! સમજાણું કાંઈ? **'દેદાહિ સમસ્ત સામગ્રી અવિનાશી નહીં હૈ,...'** આહાહા..! **'જૈસા શુદ્ધ-બુદ્ધ પરમાત્મા અકૃત્રિમ હૈ,...'** જુઓ! ભગવાનઆત્મા શુદ્ધ નામ પવિત્ર અને બુદ્ધ નામ જ્ઞાનઘન. એ જ પોતાનો આત્મા છે. આહા..! સમજાણું કાંઈ? અહીં તો પર્યાયને પણ કાઢી નાખી. પર્યાય તો એની દૃષ્ટિ કરે છે. પર્યાયમાં કાર્ય થાય છે પણ એ પર્યાય વિષય કરે છે ત્રિકાળી આનંદકંદને. આ તો વીતરાગ જિનેશ્વરદેવ પરમાત્માનું આ કથન છે. લોકોને મળ્યું નથી બિચારાને. બહારની વાતુંમાં. એક તો સંસારના ધંધા આડે નવરો ન થાય, ફૂરસદ મળે નહિ, પાપ આખો દિ'. નિવૃત્ત થાય તો, ધર્મ શું ચીજ છે એ સાંભળવા મળે નહિ. આહા..! અરે! જિંદગી ચાલી જાય છે.

**'શુદ્ધ-બુદ્ધ પરમાત્મા અકૃત્રિમ હૈ,...'** છે ને? **'शुद्धात्मतत्त्वभावनारहितेन'**. પહેલું શુદ્ધ કીધું ને. શુદ્ધ. આ શુદ્ધાત્મતત્ત્વભાવના. ૧૨૯ છે ને?

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.

અરે! આવી વાતું. **'શુદ્ધ-બુદ્ધ પરમાત્મા અકૃત્રિમ હૈ,...'** ધ્રુવ છે, અવિનાશી છે. આહા..! **'ઐસા દેહાદિમેંસે કોઈ ભી નહીં હૈ,...'** દેહ, મનના વિકલ્પો, વિચારો આદિ કોઈ અવિનાશી નથી. આહાહા..! **'સબ ક્ષણભંગુર હૈં.'** ભગવાન અવિનાશી છે. ક્યા ભગવાન? આ આત્મા ભગવાન હોં! એ આગળ બધા મનના વિકલ્પો, વાણી સંબંધી વિકલ્પો, દેહ સંબંધી વિકલ્પો બધા વિનશ્વર છે, નાશવાન છે. આહાહા..!

**'શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે રહિત...'** અહીંયા આવ્યું. સમજાણું કાંઈ? **'શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે રહિત...'** ઈ શું કહે છે? ત્રિકાળી વીતરાગ પરમાનંદસ્વરૂપ શુદ્ધાત્મતત્ત્વ તરફની સન્મુખતાની એકાગ્રતાથી રહિત. આહાહા..! અનાદિ અજ્ઞાની નિજસ્વરૂપની સંપદાની સન્મુખ નહિ થઈને. આહાહા..! આવો માર્ગ ઝીણો એટલે લોકોને... કહે છે, **'શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે રહિત...'** ભાવના શબ્દે એકાગ્રતા. શુદ્ધાત્મા એ દ્રવ્ય અને ભાવના એ પર્યાય. આહાહા..! આવો માર્ગ છે. એ શુદ્ધાત્માની સન્મુખતાની પરિણતિથી રહિત મિથ્યાત્વ વિષય કષાય છે, આહાહા..! દેહની ક્રિયા હું કરી શકું છું, દેહ મારી ચીજ છે, વાણી મારી ચીજ છે, પુત્ર, પુત્રી, સ્ત્રી આદિ મારી ચીજ છે, એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? અહીં તો એક સમયની પર્યાય પણ હું આત્મા છું,

એ પણ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વ વિષયકષાય હૈં ઉનસે આસક્ત હોકે જીવને જો કર્મ ઉપાર્જન કિયે હૈં, ઉન કર્મોંસે જબ યહ જીવ પરભવમેં ગમન કરતા હૈ,...**' કર્મ નિમિત્તથી લેવું છે ને. ભાવમાં બંધ થયો અને બંધનો ... ચાર ગતિમાં રખડે છે પોતાની યોગ્યતાથી. કર્મ તો નિમિત્ત છે. સમજાણું કાંઈ? કર્મ જડ છે. એ જડ આત્માને લઈ જાય એવી વસ્તુ નથી. જેવા ભાવ કરીને બંધ થયો એના ઉદયમાં રખડે છે એમ કહેવામાં આવ્યું. છે તો પોતાની યોગ્યતા. આહાહા..! બીજા દ્રવ્યથી બીજા દ્રવ્યમાં કંઈ થાય એમ ત્રણકાળમાં બનતું નથી. આહાહા..! '**જીવને જો કર્મ ઉપાર્જન કિયે હૈં, ઉન કર્મોંસે જબ યહ જીવ પરભવમેં ગમન કરતા હૈ, તબ શરીર ભી સાથ નહીં જાતા.**' કર્મ તો અજીવ છે. ... તો અજીવ સાથે જાય. આ તો જડ માટી છે. '**તબ શરીર ભી સાથ નહીં જાતા.**'

'**ઈસલિયે ઈસ લોકમેં ઈન દેહાદિક સબકો વિનશ્વર જાનકર દેહાદિકી મમતા છોડના ચાહિયે,...**' શરીર ને શરીર સંબંધી આ વિચારો પુણ્ય-પાપના એ વિનશ્વરનો વિચાર છોડી દે, મમતા છોડી દે. '**ઔર સકલ વિભાવ રહિત નિજ શુદ્ધાત્મ...**' એમ કેમ કહ્યું? ભગવાન કેવળી નહિ. તીર્થંકરનું લક્ષ થશે તો તો રાગ થશે. નિજશુદ્ધાત્મા. આહાહા..! સમજાણું કાંઈ? નિજશુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ એવી ચીજમાં.. આહા..! '**ભાવના કરની ચાહિયે.**' શુદ્ધ નિજ આત્મપદાર્થની ભાવના—એની સન્મુખ થઈને. આહાહા..! .. આવી વાતું છે. સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિયજ્ઞાનસ્વરૂપ, અતીન્દ્રિયઆનંદસ્વરૂપ, અતીન્દ્રિયવીતરાગસ્વરૂપ—ચારિત્રસ્વરૂપ ત્રિકાળ એના તરફ દૃષ્ટિ કરીને એમાં એકાગ્ર થવું જોઈએ. એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા એ તો બધા વિકલ્પ, રાગ છે, નાશવાન છે. સમજાણું કાંઈ? અવિનાશી ભગવાનઆત્મા એ સકળ વિભાવ રહિત શુદ્ધાત્મપદાર્થની ભાવના કરવી જોઈએ. ભાવના શબ્દે ચિંતવન કરવું એમ નહિ. જ્ઞાયક એકસ્વભાવરૂપ ભાવ એની ભાવના એ પર્યાય છે.

મુમુક્ષુ :— ભાવના ભાવતા...

ઉત્તર :— આ પણ. આ ભાવના. ભાષા બોલે એ નહિ. શ્રીમદ્‌માં આવે છે. એ તો ભક્તિ કરતાં આપણે બોલીએ, ભક્તિ કરતાં પમાશે એમ માને એ લોકો. ડોક્ટર ગુજરી ગયા બિચારા, નહિ? ... દિવાળીમાં આવશે. ... પરની ભક્તિથી આત્માને કલ્યાણ થાય એ ત્રણકાળમાં નથી. હેં!

મુમુક્ષુ :— ભક્તિપૂર્વક ભાવના ભાવે તો...

ઉત્તર :— શુભભાવ. સિદ્ધાંત તો એમ કહે છે અષ્ટપાહુડમાં, '**परदव्वादो दुग्गइ**'. પોતાના નિજદ્રવ્ય સિવાય પરદ્રવ્ય ઉપર લક્ષ જશે તો દુર્ગતિ થશે. દુર્ગતિ નામ એ ચૈતન્યની પરિણતિ નહિ, રાગ છે. ઝીણી વાત બહુ બાપુ. લોકોને વ્યવહારના રસિયા એને આ નિશ્ચય બેસવું કઠણ. ભગવાનની ભક્તિ ... અરે! સમવસરણમાં અનંતવાર ગયો. મહાવિદેહક્ષેત્રમાં ભગવાન બિરાજે છે

ત્યાં પણ અનંતવાર જન્મ લીધો અને અનંતવાર સમવસરણમાં ગયો. હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ અને મણિરતનના દીવા (લઈને), જય ભગવાન, અનંતવાર પૂજા કરી. એ તો શુભભાવ છે, ધર્મ નહિ. આહાહા..! એ આગળ આવી ગયું, ભવે ભવે પૂજિયો. આ પરમાત્મપ્રકાશ. એવા અનંતા ભવ થયા, અનંતવાર ભગવાનને પૂજ્યા સમવસરણમાં જઈને. પણ આત્મા નિજ આત્મા શું છે એની દૃષ્ટિ ન કરી. ઝીણી વાત છે, બાપુ! લોકોને અત્યારે કઠણ પડે છે. આહા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— મિથ્યાત્વ. પોતાની દૃષ્ટિ ન કરી ઈ. 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' કહો, શેઠ! દાન પણ કરોડો, અબજોના કર્યા એમાં શું છે? રાગ મંદ હોય તો પુણ્ય બાંધે, પુણ્ય થાય. દાન તો પોતાનું દાન, સંપ્રદાન. આત્મામાં સંપ્રદાન નામનો ગુણ છે અનાદિનો. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એવી છ શક્તિઓ—ગુણ છે અનાદિઅનંત. એમાં દૃષ્ટિ દેવાથી પોતાને આનંદ આવે છે. આનંદ દેનાર પણ આત્મા અને લેનાર પણ આત્મા. એનું નામ સાચું દાન છે. આહાહા..! સમજાણું કાંઈ? આ પૈસા-બૈસા ખર્ચે ને ઓલા ચડાવી દ્યે બધા. ઓહો..! તમે તો બહુ કર્યું. જિનમંદિર કર્યું ને ફલાણું કર્યું ને આમ કર્યું ને તેમ કર્યું. .. કોણ કરે? એ તો પરપદાર્થ છે. એની અવસ્થા થવી એ બીજાને આધીન છે? સમજાણું કાંઈ? એ પરપદાર્થ મંદિર થયા એ એની નિજક્ષણ છે, જન્મક્ષણ છે. ઉત્પત્તિના કાળે ઉત્પત્તિ થાય છે. પરથી થાય છે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? ૧૦૨ ગાથામાં કહ્યું છે ભગવાને, પ્રવચનસાર. નિજક્ષણ. કાળ છે, એ પર્યાય ઉત્પત્તિનો કાળ છે તેથી ઉત્પન્ન થાય છે. આહાહા..!

મુમુક્ષુ :— કાળ હોય ત્યાં બીજા ચાર સમવાય હોય છે.

ઉત્તર :— સાથે જ હોય પુરુષાર્થ. નિયત પુરુષાર્થ અને નિશ્ચય કર્યો એટલે એમાં પાંચેય સમવાય સાથે જ હોય છે. એ સમયે નિયત પર્યાય, એ સમયે પુરુષાર્થ થયો સ્વભાવ સન્મુખ, સ્વભાવ થયો, કર્મના નિમિત્તનો પણ એટલો અભાવ છે, કાળ એ સમયે પાક્યો એ પર્યાય પ્રગટ થઈ અને ભવિતવ્યતાનો ભાવ છે. એક સમયે પાંચેય સમવાય છે. સમજાણું કાંઈ?

**'નિજ શુદ્ધાત્મ પદાર્થકી ભાવના કરની ચાહિયે.'** આહાહા..!

---

## ગાથા-૧૩૦

अथ तपोधनं प्रत्यध्रुवानुप्रेक्षां प्रतिपादयति-

२६०) देउलु देउ वि सत्थु गुरु तित्थु वि वेउ वि कव्वु।
वच्छु जु दीसइ कुसुमियउ इंधणु होसइ सव्वु।।१३०।।
देवकुलं देवोऽपि शास्त्रं गुरुः तीर्थमपि वेदोऽपि काव्यम्।
वृक्षः यद् दृश्यते कुसुमितं इन्धनं भविष्यति सर्वम्।।१३०।।

देउलु इत्यादि। पदखण्डनारुपेण व्याख्यानं क्रियते। देउलु निर्दोषिपरमात्मस्थापना-

प्रतिमाया रक्षणार्थं देवकुलं मिथ्यात्वदेवकुलं वा, देउ वि तस्यैव परमात्मनोऽनन्तज्ञानादि-गुणस्मरणार्थं धर्मप्रभावनार्थं वा प्रतिमास्थापनारुपो देवो रागादिपरिणतदेवताप्रतिमारुपो वा, सत्थु वीतरागनिर्विकल्पात्मतत्त्वप्रभृतिपदार्थप्रतिपादकं शास्त्रं मिथ्याशास्त्रं वा, गुरु लोकालोकप्रकाशककेवलज्ञानादिगुणसमृद्धस्य परमात्मनः प्रच्छादको मिथ्यात्वरागादिपरिणतिरुपो महाऽज्ञानान्धकारदर्पः तद्व्यापियद्वचनदिनकरकिरणविदारितः सन् क्षणमात्रेण च विलयं गतः स जिनदीक्षादायकः श्रीगुरुः तद्विपरीतो मिथ्यागुरुर्वा, तित्थु वि संसारतरणोपायभूतनिजशुद्धात्मतत्त्वभावनारुपनिश्चयतीर्थं तत्स्वरुपरतः परमतपोधनानां आवासभूतं तीर्थकदम्बकमपि मिथ्यातीर्थसमूहो वा, वेउ वि निर्दोषिपरमात्मोपदिष्टवेदशब्दवाच्यः सिद्धान्तोऽपि परकल्पितवेदो वा कव्वु शुद्धजीवपदार्थादीनां गधपधाकारेण वर्णकं काव्यं लोकप्रसिद्धविचित्रकथाकाव्यं वा, वच्छु परमात्मभावनारहितेन जीवेन यदुपार्जितं वनस्पतिनामकर्म तदुदयजनितंवृक्षकदम्बकं जो दीसइ कुसुमियउ यद् दृश्यते कुसुमितं पुष्पितं इंधणु होसइ सव्वु तत्सर्वं कालाग्नेरिन्धनं भविष्यति विनाशं यास्तीत्यर्थः। अत्र तथा तावत् पञ्चेन्द्रियविषये मोहो न कर्तव्यः प्राथमिकानां यानि धर्मतीर्थवर्तनादिनिमित्तानि देवकुलप्रतिमादीनि तत्रापि शुद्धात्मभावना काले मोहो न कर्तव्येति संबंधः।।१३०।।

आगे मुनिराजोंको देवल आदि सभी सामग्री अनित्य दिखलाते हुए अध्रुवानुप्रेक्षाको कहते हैं-

गाथा-१३०

अन्वयार्थ :- [देवकुलं] अरहंतदेवकी प्रतिमाका स्थान जिनालय [देवोऽपि] श्रीजिनेंद्रदेव [शास्त्रं] जेनशास्त्र [गुरुः] दीक्षा देनेवाले गुरु [तीर्थमपि] संसार-सागरसे तैरनेके कारण परमतपस्वियोंके स्थान सम्मेदशिखर आदि [वेदोऽपि] द्वादशांगरुप सिद्धांत [काव्यम्] गध-पधरुप रचना इत्यादि [यद् दृश्यते कुसुमितं] जो वस्तु अच्छी या बुरी दिखनेमें आती हैं, वे [सर्वम्] सब [इंधनं] कालरुपी अग्निका ईंधन [भविष्यति] हो जावेगी।।

भावार्थ :- निर्दोषि परमात्मा श्रीअरहंतदेव उनको प्रतिमाके पधरानेके लिये जो गृहस्थोंने देवालय [जैनमंदिर] बनाया है, वह विनाशीक हैं, अनंत ज्ञानादिगुणरुप श्रीजिनेन्द्रदेवकी प्रतिमा धर्मकी प्रभावनाके अर्थ भव्यजीवोंने देवालयमें स्थापन की है, उसे देव कहते हैं, वह भी विनश्वर है। यह तो जिनमंदिर और जिनप्रतिमाका निरुपण किया, इसके सिवाय अन्य देवोंके मंदिर और अन्यदेवकी प्रतिमायें सब ही विनश्वर हैं, वीतराग-निर्विकल्प जो आत्मतत्त्व उसको आदि ले जीव अजीवादि सकल पदार्थ

उनका निरुपण करनेवाला जो जैनशास्त्र वह भी यधपि अनादि प्रवृत्तिकी अपेक्षा नित्य है, तो भी वक्ता-श्रोता पुस्तकादिककी अपेक्षा विनश्वर ही है, और जैन सिवाय जो सांख्य पातंजल आदि परशास्त्र हैं, वे भी विनाशीक हैं। जिनदीक्षाके देनेवाले लोकालोकके प्रकाशक केवलज्ञानादि गुणोंकर पूर्ण परमरात्माके रोकनेवाला जो मिथ्यात्व रागादि परिणत महा अज्ञानरुप अंधकार उसके दूर करनेके लिए सूर्यके समान जिनके वचनरुपी किरणोंसे मोहांधकार दूर हो गया है, ऐसे महामुनि गुरु हैं, वे भी विनश्वर हैं, और उसके आचरणसे विपरीत जो अज्ञान तापस मिथ्यागुरु वे भी क्षणभंगुर हैं। संसार-समुद्रके तरनेका कारण जो निज शुद्धात्मतत्त्व उसकी भावनारुप जो निश्चयतीर्थ उसमें लीन परमतपोधनका निवासस्थान, सम्मेदशिखर, गिरनार आदि तीर्थ वे भी विनश्वर हैं, और जिनतीर्थके सिवाय जो पर यतियोंका निवास वे परतीर्थ वे भी विनाशीक हैं। निर्दोष परमात्मा जो सर्वज्ञ वीतरागदेव उनकर उपदेश किया गया जो द्वादशांग सिद्धांत वह वेद है, वह यधपि सदा सनातन है, तो भी क्षेत्रकी अपेक्षा विनश्वर है, किसी समय है, किसी क्षेत्रमें पाया जाता है, किसी समय नहीं पाया जाता, भरतक्षेत्र ऐरावत क्षेत्रमें कभी प्रगट हो जाता है, कभी विलय हो जाता है, और महाविदेहक्षेत्रमें यधपि प्रवाहकर सदा शाश्वता है, तो भी वक्ता श्रोताव्याख्यानकी अपेक्षा विनश्वर है, वे ही वक्ता-श्रोता हमेशा नहीं पाये जाते, इसलिए विनश्वर है, और पर मतियोंकर कहा गया जो हिंसारुप वेद वह भी विनश्वर है। शुद्ध जीवादि पदार्थोंका वर्णन करनेवाली संस्कृत प्राकृत छटारुप गध व छंदबंधरुप पध उस स्वरुप और जिसमें विचित्र कथायें हैं, ऐसे सुन्दर काव्य कहे जाते हैं, वे भी विनश्वर हैं। इत्यादि जो जो वस्तु सुन्दर और खोटे कवियोंकर प्रकाशित खोटे काव्य भी विनश्वर हैं। इत्यादि जो जो वस्तु सुन्दर और असुन्दर दिखती हैं, वे सब कालरुपी अग्निका ईंधन हो जावेंगी। तात्पर्य यह है, कि सब भस्म हो जावेंगी, और परमात्माकी भावनासे रहित जो जीव उसने उपार्जन किया जो वनस्पतिनामकर्म उसके उदयसे वृक्ष हुआ, सो वृक्षोंके समूह जो फूले-फाले दिखते हैं, वे सब ईंधन हो जावेंगे। संसारका सब ठाठ क्षणभंगुर है, ऐसा जानकर पंचेंद्रियोंके विषयोंमें मोह नहीं करना, विषय का राग सर्वथा त्यागना योग्य है। प्रथम अवस्थामें यधपि धर्मतीर्थकी प्रवृत्तिका निमित्त जिनमंदिर, जिनप्रतिमा, जिनधर्म तथा जेनधर्मी इनमें प्रेम करना योग्य है, तो भी शुद्धात्माकी भावनाके समय वह धर्मानुराग भी नीचे दरजेका गिना जाता है, वहाँ पर केवल वीतरागभाव ही है।।१३०।।

---

હવે, મુનિરાજ પ્રતિ અધ્રુવ અનુપ્રેક્ષાને કહે છે :-

ભાવાર્થ :- નિર્દોષ પરમાત્માની સ્થાપનારૂપ પ્રતિમાના રક્ષણાર્થે બનાવેલું દેવાલય

અથવા મિથ્યાત્વના પોષક કુદેવાલય, તે જ નિર્દોષ પરમાત્માના અનંતજ્ઞાનાદિ ગુણના સ્મરણાર્થે અથવા ધર્મ પ્રભાવના અર્થે પ્રતિમાસ્થાપનારૂપ દેવ અથવા પ્રતિમારૂપ રાગાદિરૂપે પરિણત મિથ્યાદેવ, વીતરાગ નિર્વિકલ્પ આત્મતત્ત્વથી માંડીને સમસ્ત પદાર્થનું પ્રતિપાદક શાસ્ત્ર અને મિથ્યા શાસ્ત્ર, લોકાલોકના પ્રકાશક કેવળજ્ઞાન આદિ ગુણોથી સમૃદ્ધ એવા પરમાત્માનો પ્રચ્છાદક જે મિથ્યાત્વ, રાગાદિરૂપે પરિણતિરૂપ જે અજ્ઞાનરૂપી અંધકારનો દર્પ જેના વચનરૂપી સૂર્યના કિરણોથી વિદારિત થયો થકો ક્ષણમાત્રમાં નાશ પામે છે એવા જિનદીક્ષા દેનાર શ્રીગુરુ અથવા તેનાથી વિપરીત મિથ્યાગુરુ, સંસારસમુદ્રના તરવાના ઉપાયભૂત નિજ શુદ્ધ આત્મતત્ત્વની ભાવનારૂપ નિશ્ચયતીર્થ, તેના સ્વરૂપમાં રત તપોધનના આવાસભૂત તીર્થક્ષેત્રો પણ અથવા મિથ્યાતીર્થસમૂહ, નિર્દોષ પરમાત્માએ ઉપદેશેલા એવા વેદશબ્દથી વાચ્ય સિદ્ધાંતો પણ અને પરકલ્પિત વેદો, શુદ્ધ જીવાદિ પદાર્થોનું ગદ્ય-પદ્યાકારે વર્ણન કરનારું કાવ્ય અને લોકપ્રસિદ્ધ વિચિત્ર કથાકાવ્ય, પરમાત્મભાવનાથી રહિત જીવે જે વનસ્પતિનામકર્મ ઉપાર્જ્યું છે તેના ઉદયથી થયેલાં વૃક્ષો કે જે ફૂલોવાળું દેખાય છે એ બધુંય કાળરૂપી અગ્નિનું ઇન્ધન થઇ જશે-નાશ પામશે.

અહીં, (સર્વ સંસાર ક્ષણભંગુર છે એમ જાણીને) પ્રથમ તો પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં મોહ ન કરવો. પ્રાથમિકોને ધર્મતીર્થાદિ પ્રવર્તનના નિમિત્તો જે દેવાલય અને દેવપ્રતિમાદિ છે તેમના પ્રત્યે પણ શુદ્ધાત્મભાવનાના કાળે મોહ કર્તવ્ય નથી, એવો સંબંધ છે. ૧૩૦.

## ગાથા-૧૩૦ ઉપર પ્રવચન

'આગે મુનિરાજોંકો દેવલ આદિ સભી સામગ્રી અનિત્ય દિખલાતે હુએ અધ્રુવાનુપ્રેક્ષાકો કહતે હૈં—'

૨૬૦) देउलु देउ वि सत्थु गुरु तित्थु वि वेउ वि कव्वु।
वच्छु जु दीसइ कुसुमियउ इंधणु होसइ सव्वु।।१३०।।

**અન્વયાર્થ :—** 'અરહંતદેવકી પ્રતિમાકા સ્થાન જિનાલય...' એ નાશવાન છે. આહાહા..! છે? જુઓ! 'જિનેન્દ્રદેવ...' સમવસરણ આદિ. 'જૈનશાસ્ત્ર...' નાશવાન છે. આહા..! શાસ્ત્રના પાના છે એ તો નાશવાન છે. 'દીક્ષા દેનેવાલે ગુરુ...' નાશવાન હૈ. આહા..! 'સંસાર-સાગરસે તૈરનેકે કારણ પરમતપસ્વિયોંકે સ્થાન સમ્મેદશિખર... ' નાશવાન છે. આહાહા..! લ્યો, સમજાણું કાંઈ? સ્તવનમાં તો એમ આવે છે, 'એકવાર વંદે જો કોઈ નરક, પશુ ન હોઈ' એમ આવે છે. એમાં શું? એકવાર એવા ભાવ હોય તો નરક, પશુમાં ન જાય, સ્વર્ગમાં જાય. પછી જાશે. આહાહા..! નાશવાન પદાર્થ ઉપરની દૃષ્ટિ છે એ તો કૃત્રિમ દૃષ્ટિ છે. આહાહા..! ઝીણી વાત બાપુ.

અહીં તો પરમાત્મા યોગીન્દ્રદેવ સંતો કહે છે એ કેવળીની જ વાત કહે છે. મુનિરાજોને કહે છે અથવા સમકિતીને કહે છે, હે જીવ! શાસ્ત્ર નાશવાન, દેવ નાશવાન, ગુરુ નાશવાન.. આહાહા..! તીર્થ નાશવાન. વેદ વેદ—દ્વાદશાંગનો સિદ્ધાંત નાશવાન છે. **'ગદ્ય-પદ્યરૂપ રચના ઇત્યાદિ...'** કાવ્ય. કાવ્ય નાશવાન. આહા..! વસ્તુ **'કુસુમિતં'**. **'જો વસ્તુ અચ્છી યા બુરી દિખને મેં આતી હૈં, વે સબ કાલરૂપી અગ્નિકા ઇંધન હો જાયેગી.'** આહાહા..! અવિનાશી તો તારી ચીજ છે ત્યાં દૃષ્ટિ કર. દેવ, દેવાલય નાશવાન છે એમ કહે છે. શેત્રુંજય ને સમ્મેદશિખર. આહા..! અવિનાશી ભગવાન એક આત્મા છે. ધ્રુવને ધ્યેયમાં લીધા વિના કદી સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? ઈ બતાવે છે. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ ને દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય ને એ તો બધો રાગ છે. હોય છે, અશુભથી બચવા શુભ આવે છે. શુભ વ્યવહાર આવે છે. જ્ઞાનીને પણ વ્યવહાર આવે છે પણ એ હેયબુદ્ધિએ આવે છે.

મુમુક્ષુ :— આવે છે કે લાવે છે?

ઉત્તર :— આવે છે. વચ્ચે રાગ આવે છે. પૂર્ણ વીતરાગ જ્યાં સુધી ન થાય, આત્માનો આશ્રય લીધો છે સમ્યગ્દૃષ્ટિએ પણ જ્યાં સુધી અંદર આશ્રય પૂર્ણ ન થયો ત્યાં સુધી વ્યવહાર વચ્ચે આવે છે. રાગ ભક્તિ, પૂજા ભાવ આવ્યા વિના રહેતા નથી, પણ છે એ બંધના કારણ. આવી વાતું છે, ભાઈ!

મુમુક્ષુ :— પરંપરા મોક્ષનું કારણ છે?

ઉત્તર :— પરંપરાનો અર્થ પછી રાગ છોડી દેશે એટલે પરંપરા. એમ. રાગને કારણે નહિ. રાગ વીતરાગતાનું કારણ થાય? પછી રાગ છોડશે. જેની દૃષ્ટિમાં વીતરાગસ્વરૂપ આત્મા આવ્યો. એને પરના આશ્રયે રાગ તો થયો પણ ઈ જાણે છે કે એ ચીજ મારી નહિ. મને લાભદાયક નથી. તો આગળ વધી રાગને છોડી વીતરાગ થઈ જશે. આહાહા..! ભાઈ! વાતું આવી.

મુમુક્ષુ :— પરંપરા સાધક તો કહેવાય ને?

ઉત્તર :— ઈ અપેક્ષાએ કીધું ને, આ અપેક્ષાએ. સમ્યગ્દૃષ્ટિને. મિથ્યાદૃષ્ટિને નહિ. કેમકે સમ્યગ્દૃષ્ટિએ આત્માનું સાધકપણું પ્રગટ કર્યું છે. એને રાગ છે, પછી છોડી દેશે. એ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિનો રાગ પરંપરા કારણ કહ્યું. મિથ્યાદૃષ્ટિમાં તો રાગ અનંતવાર કર્યો, નવમી ગ્રૈવેયકે (ગયો). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. આહાહા..! અનંતવાર અનંત પુદ્ગલ પરાવર્તન કર્યા. નવમી ગ્રૈવેયકના અનંત પુદ્ગલ દ્રવ્યલિંગ ધારણ કર્યા. પંચમહાવ્રત ચોખ્ખા હોં! એને માટે ચોકા કરીને લ્યે, પ્રાણ જાય તો પણ ન લ્યે. એવા જેના ચોખ્ખા વ્યવહાર. શુક્લલેશ્યા. શુક્લધ્યાન જુદી ચીજ છે, શુક્લલેશ્યા જુદી ચીજ છે. શુક્લલેશ્યા તો અભવિને પણ હોય છે. આહાહા..! નવમી ગ્રૈવેયકે ગયો તો એને .. શુભભાવ. શરીરના ખંડ ખંડ કરે તો ક્રોધ ન કરે એવી વ્યવહારે ક્ષમા હોય છે. નિશ્ચય વસ્તુનું ભાન નહિ. ભગવાનઆત્મા વિકલ્પરહિત નિર્વિકલ્પની દૃષ્ટિ નહિ. 'નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. એનો અર્થ શું થયો? મુનિવ્રત

ધારણ કર્યા પંચમહાવ્રત એ દુઃખરૂપ છે, રાગ છે. રાગ છે ને. સમ્યગ્દષ્ટિ—જ્ઞાનીને ચોથા ગુણસ્થાને પંચમહાવ્રતનો વિકલ્પ આવે છે. પણ એ જાણે છે કે દુઃખ છે. મારા પુરુષાર્થની ઓછપ છે તેથી આવે છે. એ કોઈ મોક્ષનું કારણ છે એમ નથી. આહાહા..! આવો માર્ગ ભારે ભાઈ. સમજાણું કાંઈ?

સમયસાર નાટકમાં કહ્યું ને ભાઈ. પ્રમાદ ભાવનો વિકલ્પ આવે તે જગપંથ છે. જગપંથ. સમયસાર નાટકમાં છે. છે આમાં? મોક્ષદ્વાર. ૪૦ છે ને? ૪૦ છે. '**તેથી પ્રમાદ સંસારનું કારણ છે.**' રાગ સંસાર. '**તા કારન જગપંથ ઈત**' રાગ જે પ્રમાદ આવ્યો પંચમહાવ્રતનો વિકલ્પ એ જગપંથ છે. '**ઉત સિવ મારગ જોર**'. ભગવાન આનંદસ્વરૂપની એકાગ્રતા એ મોક્ષમાર્ગનું જોર. '**પરમાદી જગકૌં ધુકૈ, અપરમાદિ સિવ ઓર.**' આહાહા..!

મુનિ સાચા ભાવલિંગી આત્માના આનંદના પ્રચુર વેદનમાં છે. મુનિના અનુભવની મહોરછાપ. પાંચમી ગાથામાં છે, સમયસાર. સાચા મુનિના અનુભવની મહોરછાપ શું? કે આનંદની મોહરછાપ છે. અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે છે. પોસ્ટમાં મારે છે ને છાપ. મહોરછાપ. હોય ને? એમ ભગવાન કહે છે, પાંચમી ગાથા સમયસારમાં કુંદકુંદાચાર્ય કહે છે, કે હું નિજ વૈભવથી કહીશ, સમયસાર હું નિજ વૈભવથી કહીશ. મારો નિજવૈભવ શું છે? પ્રચુર સ્વસંવેદન આનંદનું એ મારો નિજવૈભવ છે. આહા..! મહાવ્રતના પરિણામ એ મારો નિજવૈભવ નહિ. લખે છે, ટીકા કરવાનો વિકલ્પ ઉઠે છે એ પણ મારો વૈભવ નહિ, મારી ચીજ નહિ. આહાહા..! પ્રચુર સ્વસંવેદન. છઠ્ઠું ગુણસ્થાન છે ને. ચોથા ગુણસ્થાને છે એને વેદન છે આનંદનું પણ પ્રચુર નહિ. મુનિને પ્રચુર સ્વસંવેદન (છે). આનંદની મહોરછાપ પડી છે એમાં અતીન્દ્રિય આનંદની. આહાહા..! એને મુનિ કહે છે. એ મુનિ કહે છે, મારા નિજવૈભવથી સમસયસાર કહીશ. આહાહા..! ભારે ઝીણું બાપુ. લોકોને બહારના લાકડા એટલા ગરી ગયા છે ને. અને ઉપદેશકો પણ એવા મળે. 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા, ભાવધર્મ રુચિહીન, ઉપદેશક પણ તેહવા, શું કરે જીવ નવીન?' ઉપદેશ પણ એવા મળે, તમે વ્રત ને તપ ને અપવાસ કરો, તમારું કલ્યાણ થઈ જશે. કલ્યાણ થશે. અહીંયા તો કહે છે, મુનિ સાચા પંથ આત્મપંથમાં પડ્યા છે આનંદમાં. એને પણ મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે એ જગપંથ છે. મિથ્યાદષ્ટિની તો શું વાત કરવી?

'**પરમાદિ જગકૌં ધુકૈ**' છે ને? '**પ્રમાદ સંસારનું કારણ છે અને અનુભવ મોક્ષનું કારણ છે.**'

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

સમજાણું કાંઈ? અનુભવ માર્ગ મોક્ષનો. આત્માનો અનુભવ આનંદ એ રત્નચિંતામણિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! સંપ્રદાયમાં તો આ અનુભવનો પ્રશ્ન ઉઠ્યો હતો એકવાર. (સંવત) ૧૯૮૦ની સાલ. આપણે કાંઈ હોય અનુભવ? કાંઈ ખબર ન મળે. ... ૨૦ ને ૩૩, ૫૩ વર્ષ થયા. ... ના બાપ હતા એણે પ્રશ્ન કર્યો હતો ત્યાં. એને ખબર નહિ... ત્યાં આવ્યા હતા, બોટાદ

આવ્યા હતા. મહારાજ! આ દ્રવ્યકર્મ અને ભાવકર્મ શું છે? દ્રવ્યકર્મ ભાવકર્મ આત્મામાં છે? ... ઘણા વર્ષની વાત છે. આહાહા..! કર્મ દ્રવ્યકર્મ ભાવકર્મ આત્મામાં છે? કાંઈ ખબર ન મળે. મગનભાઈએ પ્રશ્ન કર્યો હતો. આહાહા..! ... આ તો એક વખત ખ્યાલ આવી ગયો તો મગજમાં અંદર રહી જાય વાત. આહા..!

ભાઈ! દ્રવ્યકર્મ એટલે પરમાણુ જડ એ દ્રવ્યકર્મ અને પુણ્ય અને પાપના ભાવ થાય એ ભાવકર્મ. ભાવકર્મ એ અરૂપી છે અને દ્રવ્યકર્મ એ રૂપી જડ છે. આહાહા..! બેયથી ભગવાન ભિન્ન છે. કેમકે ભાવકર્મ છે એ આસ્રવ છે. જડકર્મ છે એ અજીવ છે. તો અજીવ અને આસ્રવથી ભગવાન જ્ઞાયકભાવ ભિન્ન છે. આહાહા..! નહિતર ... થઈ જાય છે. આહા..!

**જો પરમાદી આલસી, જિન્હકૈં વિકલપ ભૂરી.**
**હોઈ સિથલ અનુભૌવિષૈ, તિન્હકૌં સિવપથ દૂરિ. ૪૧.**

જે રાગમાં આવે છે, વ્યવહારની ક્રિયા દયા, દાન, વ્રતાદિ, એ '**પરમાદી આલસી, જિન્હકૈં વિકલપ ભૂરી.**' જેને વારંવાર વિકલ્પ ઉઠે છે. '**હોઈ શિથિલ અનુભૌવિષૈ**'. આહાહા..! અંતરના અનુભવમાં એ શિથિલ પ્રમાદી છે. '**તિન્હકૌં સિવપથ દૂરિ.**' તેને મોક્ષપંથ દૂર છે. આહાહા..! સમયસાર નાટક, બનારસીદાસ.

બાર અંગ, શાસ્ત્રો, કાવ્ય, કાવ્ય, કાવ્ય. છે ને? ભવ્યસાગર સાધુ છે દિગંબર. કર્ણાટકમાં. આસુ કવિ, શીઘ્ર કવિ. દસ પત્ર આવ્યા છે અમારી પાસે, દસ પત્ર. અઢાર વર્ષની દીક્ષા. આસુ કવિ. આ વાંચીને કહ્યું, અરે! મહારાજ! અરે! સ્વામી! શું કર્યું? ઓહો..! લાખોનો ઉદ્ધારનો માર્ગ છે. તમે કહો છો એ પ્રમાણે તો અમે સાધુ નથી, જતિ નથી, મુનિ નથી. આસુ કવિ છે. કવિતા હમણા આવી હતી બહાર. .. સન્મતિ સંદેશ. ... સન્મતિ સંદેશમાં આવી હતી. અઢાર વર્ષની દીક્ષા છે, દિગંબર મુનિ. શીઘ્ર કવિ છે. અહીંનું વાંચન થયું ત્યાં મંદિરમાં.. ઓહો..! આ માર્ગ કોઈ જુદો છે, યથાર્થ છે. એણે તો ત્યાં સુધી છાપમાં કહ્યું, બસ્સો વર્ષમાં માર્ગ નહોતો એવો આપે કાઢ્યો છે. ... આહાહા..! બાપુ! મધ્યસ્થી .. ભાઈ! વાસ્તવિક તત્ત્વ બહુ નિરાળું છે.

સમ્યગ્દર્શનનો વિષય ભગવાન અવિનાશી .. અમૂર્તિક વીતરાગી આનંદસ્વભાવરૂપ એકરૂપ પ્રભુ, એ દૃષ્ટિ અંદર થયા વિના સમ્યગ્દર્શન કદી થતું નથી. આહાહા..! ભૂતાર્થ '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**'. ૧૧મી ગાથા, સમયસાર. '**ववहारोऽभूदत्थो**' પર્યાયમાત્ર અસત્ય છે. ગૌણ કરીને અસત્ય છે, હોં પર્યાય. પર્યાય છે. વેદાંતની જેમ નથી કે પર્યાય છે જ નહિ. પર્યાય છે પણ એને ગૌણ કરીને '**ववहारोऽभूदत्थो**' પર્યાયમાત્ર અભૂતાર્થ અસત્યાર્થ છે. ગૌણ કરીને, અભાવ કરીને નહિ. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' વીતરાગ પરમાનંદ ભૂતાર્થ ત્રિકાળ એ શુદ્ધનય છે. એ શુદ્ધનયનો વિષય ... '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ સત્યાર્થ ભગવાન ત્રિકાળ ધ્રુવ, એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' ૧૧મી ગાથા જૈનદર્શનના પ્રાણ છે. સમયસાર. આહા..! ભાઈએ લખ્યું છે, કૈલાસચંદ્રજીએ.

મેં કહ્યું હતું, ૧૧મી ગાથા જૈનદર્શનના પ્રાણ છે. જૈનદર્શન એ જ ધર્મ છે, બીજે ધર્મ છે જ નહિ ક્યાંય. સમજાણું કાંઈ? વસ્તુનું જેવું સ્વરૂપ છે એવું જાણ્યું, એવું કહ્યું. આહાહા..!

કહ્યું ને? વ્યવહાર અભૂતાર્થ છે. ૧૧મી ગાથા. વ્યવહારના ચાર બોલ લીધા. એક તો રાગ જે આવે છે શુભ આદિ, તો રાગ જણાય છે એટલો અસદ્‌ભુત ઉપચાર કહેવામાં આવે છે. અને તે જ સમયે ઉપયોગ અલ્પજ્ઞ છે, વિશેષ નહિ તો રાગ ખ્યાલમાં નથી આવતો એને અસદ્‌ભુત અનુપચાર કહે છે. બે નય એ નિષેધ છે. અને આત્મા રાગને જાણે છે એ પણ સદ્‌ભુત ઉપચાર છે. એનો પણ નિષેધ છે. વ્યવહાર અભૂતાર્થ, ચારેય નય અસત્યાર્થ છે. અસત્યાર્થનો અર્થ ગૌણ કરીને હોં. ૧૧મી ગાથામાં આવ્યું. અને જ્ઞાન તે આત્મા એમ અનુપચાર સદ્‌ભુત એ પણ ભેદ છે. નિષેધ છે. આકરી વાત. આહા..! ... ચોર્યાશીના અવતાર એના છૂટવાના ઉપાય.. સમજાણું કાંઈ?

અહીં કહે છે, આ બધા દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ... આહાહા..! એ કાળરૂપી અગ્નિનું ઈંધન. એનો કાળ નાશ થવાનો આવે ત્યારે નાશ થઈ જશે.

**ભાવાર્થ :—** '**નિર્દોષ પરમાત્મા શ્રીઅરહંતદેવ...**' અરહંતદેવ શબ્દ છે. નિર્દોષ પરમાત્મા અરહંતદેવ '**ઉનકી પ્રતિમાકે પધરાનેકે લિયે જો ગૃહસ્થોંને દેવાલય બનાયા હૈ,...**' જુઓ! મંદિર છે, પ્રતિમા છે ... કરે છે. મુનિરાજ. છે, અનાદિના મંદિર છે, નવા નથી. શાશ્વત મંદિર છે ભગવાનના. આહા..! અકૃત્રિમ જિનાલય શાશ્વત પ્રતિમા જિનેશ્વરની. બાવન જિનાલય. એક એક જિનાલયમાં ૧૦૮ પ્રતિમા રતનની શાશ્વતી છે. ઈ કહે છે, જુઓ! '**નિર્દોષ પરમાત્મા શ્રીઅરહંતદેવ ઉનકી પ્રતિમાકો પધરાનેકે લિયે...**' આ કૃત્રિમની વાત કરી. '**ગૃહસ્થોંને દેવાલય બનાયા હૈ, વહ વિનાશીક હૈં,...**' આહાહા..!

'**અનંત જ્ઞાનાદિગુણરૂપ શ્રીજિનેન્દ્રદેવકી પ્રતિમા...**' રક્ષણાર્થ શબ્દ પડ્યો રહ્યો છે. છે ને? ... ઈ શબ્દ પડ્યો રહ્યો છે. અનંત જ્ઞાનાદિ ગુણ સ્મરણરૂપ શ્રી જિનેન્દ્રદેવની પ્રતિમા. આહાહા..! અનંત જ્ઞાનાદિ ગુણ સ્મરણરૂપ. આ જાત્રા કરવા જાય છે ત્યાં હેતુ શું છે? ... (સંવત) ૨૦૧૩ની સાલ મુંબઈ ગયા ને મુંબઈ. જાત્રાનો અર્થ એવો નથી કે ત્યાં ભગવાન ને કોઈ મળી જશે. પણ જે સ્થાનથી ભગવાન મુક્તિ પધાર્યા છે, ત્યાંથી સીધા .... સમશ્રેણીએ ગયા છે. તો ત્યાં જઈને ભગવાન સ્મરણ કરવા માટે જાત્રા છે. શુભભાવ છે. .. બાપુ! .. એનો નિષેધ કરી નાખો કે હોય જ નહિ, એમ નહિ. જ્યાં ભગવાન.. અહીં પાલીતાણા લ્યો ને. ત્રણ પાંડવ મોક્ષ પધાર્યા સીધા સમશ્રેણીએ. તો ત્યાં જઈને સ્મરણ કરવું કે અહીં ભગવાન ઉપર બિરાજે છે. એ સ્મરણ માટે જાત્રા છે. કહ્યું ને?

જ્ઞાનાદિ ગુણ સ્મરણરૂપ એમ જોઈએ. સ્મરણ શબ્દ છે પાઠમાં. '**શ્રીજિનેન્દ્રદેવકી પ્રતિમા ધર્મકી પ્રભાવનાકે અર્થ ભવ્યજીવોંને દેવાલયમેં સ્થાપન કી હૈ,...**' આહાહા..! સમજાણું કાંઈ? '**ઉસે દેવ કહતે હૈં,...**' એને દેવ કહે છે, હોં! આહા..! '**વહ ભી વિનશ્વર હૈ. યહ તો જિનમંદિર ઔર જિનપ્રતિમાકા નિરૂપણ કિયા, ઈસકે સિવાય અન્ય દેવોંકે મંદિર ઔર**

**અન્યદેવકી પ્રતિમાયેં સબ હી વિનશ્વર હૈં,...**' આહાહા..! હવે શાસ્ત્ર પણ નાશવાન છે એમ કહે છે.

'**વીતરાગ-નિર્વિકલ્પ જો આત્મતત્ત્વ ઉસકો આદિ લે જીવ અજીવાદિ સકલ પદાર્થ ઉનકા નિરૂપણ કરનેવાલા...**' હવે શું કહે છે? ગંભીર વાત છે. જિન શાસ્ત્રની વાણી જે છે એ કેવી છે? વીતરાગ નિર્વિકલ્પ આત્મતત્ત્વ. આત્માને આવો બતાવે છે જૈનશાસ્ત્ર. આહા..! જૈનશાસ્ત્ર આમ બતાવે છે કે વીતરાગ નિર્વિકલ્પ જે આત્મતત્ત્વ એને ... કહે છે. આહાહા..! નિમિત્ત. ભાવ કરે છે તો એને નિમિત્ત કહેવામાં આવે છે. ઝીણી વાત ભાઈ. પોતાની પર્યાયમાં એ ભાવ ઉત્પન્ન થાય છે ત્યારે ભગવાનની પ્રતિમા જિનાલયને નિમિત્ત કહેવામાં આવે છે. એનાથી થતા નથી. વીતરાગ નિર્વિકલ્પ આત્મતત્ત્વ. ઓહો..! છે ને? ... '**वीतरागनिर्विकल्पात्मतत्त्व-प्रभृतिपदार्थप्रतिपादकं**' સંસ્કૃતમાં છે પહેલા શરૂઆતમાં. જૈનશાસ્ત્ર એને કહીએ કે જેમાં આત્મા નિર્વિકલ્પ વીતરાગ બતાવ્યો હોય એ જૈનશાસ્ત્ર. આહાહા..! એ.. આહાહા..! એક તો જૈનશાસ્ત્રમાં મુખ્ય વસ્તુ શું છે એ બતાવે છે. એ જૈનશાસ્ત્ર. જે જૈનશાસ્ત્રમાં આત્માને રાગવાળો, પુણ્યવાળો ને પાપવાળો બતાવે છે એ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**વીતરાગ નિર્વિકલ્પ જો આત્મતત્ત્વ ઉસકો આદિ લે જીવ અજીવાદિ સકલ પદાર્થ ઉનકા નિરૂપણ કરનેવાલા જો જૈનશાસ્ત્ર...**' આહાહા..! '**વહ ભી યદ્યપિ અનાદિ પ્રવૃત્તિકી અપેક્ષા નિત્ય હૈ, તો ભી વક્તા-શ્રોતા પુસ્તકાદિકકી અપેક્ષા વિનશ્વર હી હૈ,...** ' શાસ્ત્ર તો અનાદિના છે પણ વક્તા-શ્રોતાની અપેક્ષાએ નવા બન્યા છે, એ અપેક્ષાએ અનિત્ય છે. આહાહા..! શું કહે છે? વક્તાની અપેક્ષાએ, શ્રોતાની અપેક્ષાએ, પુસ્તક બનાવવાની અપેક્ષાએ શાસ્ત્ર વિનશ્વર છે. આહાહા..! '**ઔર જૈન સિવાય જો સાંખ્ય પાતંજલ આદિ પરશાસ્ત્ર હૈં, વે ભી વિનાશીક હૈં.**' આહાહા..! અવિનાશી વીતરાગ પરમાત્મસ્વરૂપ ભગવાનની દૃષ્ટિ કરવા બધા નાશવાન છે એની દૃષ્ટિ છોડી દે. આહાહા..! જિનબિંબના દર્શનથી નિદ્ધત કર્મ છૂટી જાય છે એમ પાઠ છે, ધવલમાં. જિનબિંબ એ નિમિત્ત છે વિચારમાં. અંદર જિનબિંબ આત્મા છે. સમજાણું કાંઈ? જિનબિંબ તો અનંતવાર દેખ્યા, પૂજા કરી. સ્વર્ગમાં અનંત વાર ગયો તો ત્યાં મંદિર શાશ્વત છે. શાશ્વત મંદિરની પ્રતિમા પૂજા અનંતવાર કરી. પણ એ જિનબિંબ જેવા છે એવો હું જિનબિંબ છું, વીતરાગી મૂર્તિ હું છું એમ અંતરમાં ધ્યાન થવું એનાથી નિકાચીત કર્મ છૂટી જાય છે. નિદ્ધત અને નિકાચીત કર્મ પણ છૂટી જાય છે. આહાહા..!

.. જુઓ આ. બાપુ! જિનબિંબના દર્શન તો અંદર છે. જિનબિંબ ભગવાન, જિનબિંબ આત્મા. 'જિન સોહી આત્મા, અન્ય સોહી હૈ કર્મ, યેહી વચન સે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' આહાહા..! ભારે વાતું ભાઈ આવી. જાત્રા કરવા ગયા માટે ધર્મ થઈ જશે. ના, ના. સાંભળ. પુણ્ય છે, પુણ્યભાવ છે, બંધતત્ત્વ છે. આત્મતત્ત્વને લાભ થાય એ ધર્મ નહિ. આહાહા..! વાત આવી છે, બાપુ! ... એકે ઊડાવી દીધી સ્થાકવાસીએ પ્રતિમા, ત્યારે એકે એની પ્રતિમાની પૂજાથી મુક્તિ

છે એમ કરીને સ્થાપ્યું. એમ કહ્યું ને? આહાહા..!

શાસ્ત્ર, આમ તો અનાદિઅનંત શાસ્ત્ર છે. સિદ્ધોવર્ણ સમામ્નાય. આવે છે ને, મોક્ષમાર્ગપ્રકાશક. ત્યાં શું કહ્યું છે? ઈ અમને નિશાળમાં પહેલા શીખવતા. ધૂળી નિશાળમાં, ધૂળી નિશાળમાં. ૭૫ વર્ષ પહેલાની વાતું છે. સિદ્ધો વર્ણ સમામ્નાય. એમ ... પ્રથમ સૂત્ર છે. આમાં છે ને આપણે, મોક્ષમાર્ગપ્રકાશકમાં. વર્ણની આમ્નાય સિદ્ધ અનાદિની છે. મોક્ષમાર્ગપ્રકાશક. સિદ્ધો વર્ણ સમામ્નાય. શબ્દની આમ્નાય અનાદિની છે. પણ એક વ્યક્તિ કહેનાર અને સાંભળનાની અપેક્ષાએ આદિ છે. સમજાણું કાંઈ? એ અપેક્ષાએ અનાદિ કહ્યું, જોયું. **'અનાદિ પ્રવૃત્તિકી અપેક્ષા નિત્ય હૈ, તો ભી વક્તા-શ્રોતા પુસ્તકાદિકકી અપેક્ષા વિનશ્વર હી હૈ,... '** આહાહા..!

**'જિનદીક્ષાકે દેનેવાલે લોકાલોકકે પ્રકાશક કેવલજ્ઞાનાદિ ગુણોંકર પૂર્ણ પરમાત્માકે રોકનેવાલા જો મિથ્યાત્વ... '** જિનદીક્ષા ... **'લોકાલોકકે પ્રકાશક કેવલજ્ઞાનાદિ ગુણોંકર પૂર્ણ પરમાત્માકે રોકનેવાલા જો મિથ્યાત્વ રાગાદિ પરિણત મહા અજ્ઞાનરૂપ અંધકાર ઉસકે દૂર કરનેકે લિયે સૂર્યકિ સમાન જિનકે વચનરૂપી કિરણોંસે મોહાંધકાર દૂર હો ગયા હૈ, ઐસે મહામુનિ...'** ... જિનદીક્ષાને દેવાવાળા. એટલી વાત. **'લોકાલોકકે પ્રકાશક કેવલજ્ઞાનાદિ ગુણોંકર પૂર્ણ પરમાત્માકે રોકનેવાલા જો મિથ્યાત્વ રાગાદિ પરિણત મહા અજ્ઞાનરૂપ અંધકાર ઉસકે દૂર કરનેકે લિયે સૂર્યકિ સમાન....'** આહાહા..! **'જિનકે વચનરૂપી કિરણોંસે મોહાંધકાર દૂર હો ગયા હૈ, ઐસે મહામુનિ ગુરુ હૈં, વે ભી વિનશ્વર હૈં,...'** સમજાણું કાંઈ? **'ઔર ઉસકે આચરણસે વિપરીત જો અજ્ઞાન તાપસ...'** પછી તીર્થનું નાખે છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, મહા સુદ ૨, શુક્રવાર
## તા. ૨૧-૧-૧૯૭૭, ગાથા-૧૩૦, ૧૩૧, પ્રવચન નં. ૧૯૨

... **'જિનદીક્ષાકે દેનેવાલે લોકાલોકકે પ્રકાશક કેવલજ્ઞાનાદિ ગુણોંકર પૂર્ણ પરમાત્માકે રોકનેવાલે જો મિથ્યાત્વ રાગાદિ પરિણતિ મહા અજ્ઞાનરૂપ અંધકાર ઉસકે દૂર કરનેકે લિયે સૂર્યકિ સમાન જિનકે વચનરૂપી કિરણોંસે મોહાંધકાર દૂર હો ગયા હૈ,... '** આહાહા..! એક તો મુનિના વચન એવા હોય છે કે જેનાથી મોહનો નાશ થાય. એનો અર્થ મુનિના વચનો એવા હોય છે કે મોહનો અભાવ કરે એવી પ્રરૂપણા હોય છે. સમજાય છે કાંઈ? સ્વનો આશ્રય કરાવે અને પરનો ત્યાગ કરાવે એવા મુનિના વચનો, સિદ્ધાંતો એવા હોય છે. આહા..! **'મોહાંધકાર દૂર હો ગયા હૈ, ઐસે મહામુનિ ગુરુ હૈં, વે ભી વિનશ્વર હૈં,... '** આહાહા..! હેં! નાશવાન છે. અવિનાશી તો ભગવાનઆત્મા સહજાત્મ નિત્યાનંદ પ્રભુ એ અવિનાશી એક છે. સમજાણું કાંઈ?

ઋષભદેવ ભગવાન જ્યારે અષ્ટાપદ પર્વત ઉપર મુક્તિએ પધાર્યા તો ભરત ગયા, ભરત. ભરત અને ઇન્દ્ર બેય ગયા. ભરત આમ જોવે છે, દેહ છૂટી ગયો. રૂદન કરે છે. નાશવાન દેહ ભગવાનનો પણ નાશ થઈ ગયો. સમાધાન કરવા જેમને પૂછતા હતા એ નાશ થઈ ગયા. નાશવાન છે. ઓહોહો..! ભગવાનનું સમવસરણ અને એમનું શરીર નાશવાન. આહા..! અવિનાશી ભગવાન આનંદકંદ પ્રભુ એક છે. હવે તીર્થ લ્યે છે. **'ઔર ઉસકે આચરણસે વિપરીત જો અજ્ઞાન તાપસ મિથ્યાગુરુ વે ભી ક્ષણભંગુર હૈં.'** **'ઉસકે આચરણસે વિપરીત જો અજ્ઞાન તાપસ મિથ્યાગુરુ વે ભી ક્ષણભંગુર હૈં.'** આહાહા..!

**'સંસાર-સમુદ્રકે તરનેકા કારણ જો નિજ શુદ્ધાત્મતત્ત્વ...'** આહાહા..! જુઓ! નિજ શુદ્ધાત્મતત્ત્વ જે સંસાર-સમુદ્ર તરવામાં કારણ છે. આહા..! લ્યો. ભગવાન કારણ નહિ એમ કહે છે. પોતે ભગવાન નિજશુદ્ધાત્મા એ સંસારનો કિનારો લાવવામાં કારણ છે. એની **'ભાવનારૂપ જો નિશ્ચયતીર્થ...'** આહાહા..! **'ઉસમેં લીન પરમતપોધનકા નિવાસસ્થાન,..'** પોતાના સ્વરૂપમાં લીન એવા પરમતપોધન એમનું નિવાસસ્થાન **'સમ્મેદશિખર, ગિરનાર આદિ તીર્થ વે ભી વિનશ્વર હૈં,...'** લ્યો.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— શાશ્વત વસ્તુ કોઈ નથી, ઈ તો બતાવે છે. નાશવાન છે.

મુમુક્ષુ :— અનંત કાળ સુધી રહેવાનો છે.

ઉત્તર :— શું?

મુમુક્ષુ :— સમ્મેદશિખર તો અનંત કાળ રહેવાનો છે.

ઉત્તર :— ભલે રહે, પણ નાશવાન પર્યાય .... નાશવાન છે. પર્યાય પલટે છે ને. ભગવાનના શરીરમાં પણ પર્યાય પલટી જાય છે. અરે! એક સમયની પર્યાય સંવર, નિર્જરાની પણ પલટી જાય છે. આહાહા..! અવિનાશી શુદ્ધ ચૈતન્યઘન એ ધ્રુવ છે. કહ્યું ઈ?

**'સંસાર-સમુદ્રકે તરનેકા કારણ જો નિજ શુદ્ધાત્મતત્ત્વ ઉસકી ભાવનારૂપ નિશ્ચયતીર્થ...'** પોતાનો સ્વભાવ હોં! એકાગ્રતા. નિજશુદ્ધાત્મ દ્રવ્ય તેની એકાગ્રતા એ નિશ્ચયતીર્થ. **'ઉસમેં લીન પરમતપોધનકા નિવાસસ્થાન,...'** આહાહા..! **'સમ્મેદશિખર, ગિરનાર આદિ તીર્થ વે ભી વિનશ્વર હૈં, ઔર જિનતીર્થકે સિવાય જો પર યતિયોંકા નિવાસ વે પરતીર્થ વે ભી વિનાશીક હૈં.'** આહા..! હવે, **'નિર્દોષ પરમાત્મા જો સર્વજ્ઞ વીતરાગદેવ ઉનકર ઉપદેશ દિયા ગયા જો દ્વાદશાંગ સિદ્ધાંત વહ વેદ હૈં,...'** વેદ પણ નાશવાન છે. સમજાણું કાંઈ? સિદ્ધો વર્ણ સમામ્નાય, ત્યાં કહ્યું છે ને? મોક્ષમાર્ગપ્રકાશકમાં. અક્ષરની આમ્નાય ભલે અનાદિ છે, પણ એને બોલનારા, કહેનારા આદિવાળા છે માટે નાશવાન છે. આહાહા..! અકાર આદિ જે વર્ણ છે એની મર્યાદા તો અનાદિની છે. પણ બોલવાવાળા નવા છે એની અપેક્ષાએ નાશવાન છે. વાણી પણ બંધ થઈ જશે. અવિનાશી ત્રિલોકનાથ ભગવાન ધ્રુવ તે એક અવિનાશી આત્મા છે.

આહાહા..! બાકી બધા કાળની અગ્નિમાં ભસ્મ થઈ જશે એમ કહે છે. સમજાય છે કાંઈ? **‘વહ યદ્યપિ સદા સનાતન હૈં,...’** વેદ શાસ્ત્ર **‘તો ભી ક્ષેત્રકી અપેક્ષા વિનશ્વર હૈ,...’** આ ક્ષેત્રમાં નથી રહેતા, નાશ થઈ જાય છે.

**‘કિસી સમય હૈ, કિસી ક્ષેત્રમેં પાયે જાતે હૈં, કિસી સમય નહીં પાયા જાતા,...’** દ્રવ્ય, ક્ષેત્રમાં વાણી નથી મળતી. **‘ભરતક્ષેત્ર, ઐરાવત ક્ષેત્રમેં કભી પ્રગટ હો જાતા હૈ, કભી વિલય હો જાતા હૈ, ઔર મહાવિદેહક્ષેત્રમેં યદ્યપિ પ્રવાહકર સદા શાશ્વતા હૈ,...’** નાશવાન સિદ્ધ કરવું છે. **‘તો ભી વક્તા શ્રોતાવ્યાખ્યાનકી અપેક્ષા વિનશ્વર હૈ,...’** કહેવાવાળા ગણધર અને તીર્થંકર એના શરીર ને વાણી નાશ થઈ જાય છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એ વેદ એટલે ભગવાનની વાણી. ભગવાનની વાણીને વેદ કહે છે, મુનિની વાણીને શાસ્ત્ર કહે છે. ... વીતરાગની ધ્વનિથી પણ આત્મા જણાય એવો નથી. અહીં કીધું કે મુનિશ્વરની વાણીથી જણાય. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. વેદ અને શાસ્ત્રથી પણ આત્મા જણાય એવો નથી. કેટલામી ગાથા છે? ૧૨૩? પહેલા અધિકારની ૨૩ ગાથા. **‘વેદ, શાસ્ત્ર, ઈન્દ્રિયાદિ પરદ્રવ્યોંકે અગોચર ઔર વીતરાગ નિર્વિકલ્પ સમાધિકે ગોચર (પ્રત્યક્ષ) ઐસે પરમાત્માકા સ્વરૂપ કહતે હૈં.’ ‘કેવલીકી દિવ્યવાણીસે મહામુનિયોંકે વચનોંસે...’** છે ૨૩? ભગવાનની વાણીને વેદ કહે છે અને મહામુનિઓના વચનોને શાસ્ત્ર કહે છે. છે? બે શબ્દ છે. આહા..! **‘શુદ્ધાત્મા જાના નહીં જાતા...’** આહાહા...! **‘વેદ, શાસ્ત્ર, યે દોનોં શબ્દ અર્થસ્વરૂપ હૈ, આત્મા શબ્દાતીત હૈ, તથા ઈન્દ્રિય, મન, વિકલ્પરૂપ હૈં, ઔર મૂર્તીક પદાર્થકો જાનતે હૈં, વહ આત્મા નિર્વિકલ્પ હૈ,...’** આહાહા..!

અહીંયા તો સામગ્રી નિમિત્ત છે પણ એને મળતી નથી એમ કહે છે. ભગવાનઆત્મા નિજ સ્વરૂપનો આશ્રય કરે ત્યારે ઈન્દ્રિય નિમિત્ત હો, એને નિમિત્ત વ્યવહાર કહેવામાં આવે છે. પણ એનાથી પ્રાપ્ત થાય છે એમ નથી. એ લોકો વિરોધ કરે છે ને? ભગવાનની વાણીથી પણ ન સમજાય? અહીં ના પાડે છે ને.

મુમુક્ષુ :— ... અનંતા ગયા.

ઉત્તર :— અનંતા ગયા એ તો નિમિત્તના કથન છે. પોતાનો આશ્રય કર્યો ત્યારે ઓલાને નિમિત્ત કહેવામાં આવ્યું. આહાહા..! વાત તો એવી છે પણ હવે એવા રવાડે ચડી છે ને, ચોર કોટવાળને દંડે એવું થઈ ગયું છે. આહાહા..! ... જગતમાં છે ને.

અહીં તો કહે છે કે વેદથી અને શાસ્ત્રથી પણ આત્મા જણાય એવો નથી. આહાહા..! એ પહેલા આવી ગઈ છે ગાથા. ૩૮ છે? જેને રાગ અને નિમિત્ત ઉપાદેય છે એને આત્મા હેય છે. આહાહા..! ૩૬. આત્માને આનંદસ્વરૂપ ભગવાન ઉપાદેય છે, રાગ હેય છે. પણ જેને રાગ ઉપાદેય છે તેને આત્મા હેય છે. આહાહા..! આખા વિકલ્પથી માંડીને પરદ્રવ્ય જેને ઉપાદેય છે, એને આખો આત્મા

પૂર્ણાનંદનો નાથ હેય છે. આહાહા..! નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર હેય છે પણ વ્યવહારની રુચિવાળાને નિશ્ચય હેય છે. આહાહા..! આ તો કહ્યું, વેદ અને શાસ્ત્ર એનાથી સમજાય એવો નથી. આરે! આવું શું? પરમાત્મપ્રકાશમાં પોતે કહે છે એનો વિરોધ કરે છે કે વાણી આમ છે, વાણી ભગવાનની આમ છે. વાણીથી આમાં આવ્યું નહિ? '**મોહાંધકાર દૂર હો ગયા હૈ, ઐસે મહામુનિ...**' લ્યો. એ તો નિમિત્તનું કથન છે. મોહાંધકાર એને લઈને દૂર થયો છે અને જે એવી પ્રરૂપણા કરે છે એને પોતાને આશ્રયે મોહ દૂર થાય માટે એ મહામુનિને ગુરુ કહેવામાં આવે છે. આવું છે. નિશ્ચયથી ગુરુ તું છે તારો એમ કહે છે ઈષ્ટોપદેશ. સમજાણું કાંઈ? આહાહા..!

ભાઈ! ભગવાન! તું પૂર્ણ છો ને પ્રભુ. તારી નજરને આળસે નિધાન રહી ગયું છે. સમજ્યા? સમજાય છે કાંઈ? નિધાન આનંદનો નાથ પ્રભુ, જેનો સ્વાદ અમૃત. આહાહા..! જેના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો સડ્યા મીંદડા અને કૂતરા સડેલા હોય એમ દેખાય. આહા..! એવો ભગવાન તું પોતે છો ને પ્રભુ! આહા..! શરીરને ન જો, રાગને ન જો, કર્મને ન જો. એક સમયની પર્યાયને પણ ન જો. આહાહા..! આ સાર છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ શુદ્ધચૈતન્યઘન એ જ સમ્યગ્દર્શનમાં ઉપાદેય છે. આહાહા..! વ્યવહારરત્નત્રય પણ ઉપાદેય નથી. આહા..!

આ પરમાત્મપ્રકાશ છે. યોગીન્દ્રદેવ કહે છે દિગંબર સંત. ભગવાન કુંદકુંદાચાર્ય ૩૧મી ગાથામાં કહે છે, '**जो इंदिये जिणित्ता**'. ઈન્દ્રિયમાં તો શરીર, પાંચ ઈન્દ્રિય જડ, ભાવઈન્દ્રિય અને ભગવાનની વાણી અને ભગવાન એ બધા ઈન્દ્રિય છે. આહાહા..! એનાથી આત્મા જણાય એવો નથી. અહીંયા કુંદકુંદાચાર્યે કહ્યું.

મુમુક્ષુ :— એ જ પાછા કુંદકુંદાચાર્ય ઉપદેશ આપે છે.

ઉત્તર :— ઉપદેશ એ તો વિકલ્પ હોય, આપે કોણ? આહાહા..! એવી વાતું ભાઈ આકરી પડે. પોતે કહે છે કે ભગવાનની વાણી, સાક્ષાત્ સમવસરણ ને તીર્થંકરદેવ અમે તો એને ઈન્દ્રિય કહીએ છીએ. કેમકે ઈન્દ્રિયનો વિષય તે ઈન્દ્રિય છે. એનાથી આત્મા (જણાતો નથી). '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**' એનાથી ભિન્ન પડીને અધિક જુદો જે ભગવાન છે એનો આશ્રય લે તો તને આત્મા જણાય. આહાહા..! સમજાણું કાંઈ? છે?

'**વે હી વક્તા-શ્રોતા હમેશા નહીં પાયે જાતે,...**' મહાવિદેહમાં પણ '**ઈસલિયે વિનશ્વર હૈ, ઔર પર યતિયોંકર કહા ગયા જો હિંસારૂપ વેદ વહ ભી વિનશ્વર હૈ. શુદ્ધ જીવાદિ પદાર્થોંકા વર્ણન કરનેવાલી સંસ્કૃત પ્રાકૃત છટારૂપ ગદ્ય..** ' પદ્યરૂપ કાવ્ય. આહાહા..! '**વિચિત્ર કથાયેં હૈં, ઐસે સુન્દર કાવ્ય કહે જાતે હૈં, વે ભી વિનશ્વર હૈં.**' આહાહા..! કંઠને .. આમ બોલે શાર્દૂલ ને વસંતતિલકા. આહા..! સભામાં હલાવી દે માણસને. નાશવાન છે. ત્યાં ગયા હતા ને, જયપુર, આદર્શનગર. બોલ્યો નહોતો હમણાં? નટુભાઈ થોડું બોલ્યા હતા. એની કોપી કરી હતી. એક છોડી હતી, પણ કંઠ તે કંઠ. જ્યાં બોલવાનું શરૂ કર્યું, ભાષા સાધારણ, 'નરભવ ફરીને નહિ મળે' એવું, પણ કંઠ તે કંઠ આમ ધ્રુજે જાણે અંદરથી ઝણઝણાટ. શાંત.. શાંત.. શાંત.. દસ

હજાર માણસ. નટુભાઈ બોલે છે, શું છે? નટુભાઈ આવ્યા છે? એ છોડી બોલતી હતી ઈ લખી લીધું. કંઠ ઠીક છે. ઓ.. એમ કરીને બોલે છે. આહાહા..! એ બધું નાશવાન છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલી બાઈ નહોતી? ઘંટડી વાગે એવો અવાજ.

મુમુક્ષુ :— સરોજીની નાયડુ.

ઉત્તર :— હા, સરોજીની નાયડી. બોલે તો આમ જાણે ઘંટડી વાગી અંદરથી ઝણઝણાટ. પણ એ તો જડની પર્યાય બધી નાશવાન છે. આહાહા..! ભગવાન! આ શરીર નાશવાન, વાણી નાશવાન. અહીં તો ત્યાં સુધી લીધું નિયમસારમાં, કેવળજ્ઞાન અને સંવર, નિર્જરાની પર્યાય નાશવાન. આહાહા..! કેમકે એ પર્યાયની સ્થિતિ એક સમયની છે. આહાહા..! જ્ઞાયકભાવ ભગવાનઆત્મા એ ધ્રુવ છે. આહા..! એનો આશ્રય કરવા લાયક છે. આહા..! એ છેલ્લે સરવાળો કરશે.

એમ ખોટા કવિથી બનાવેલા (કાવ્યો) નાશવાન છે. '**ઈત્યાદિ જો જો વસ્તુ સુન્દર ઔર અસુન્દર દિખતી હૈં, વે સબ કાલરૂપી અગ્નિકા ઈંધન હો જાવેગી.**' આહાહા..! અગ્નિમાં જેમ લાકડા બળી જાય, એમ કાળરૂપી અગ્નિમાં ભસ્મ થઈ જાશે. આહાહા..! '**તાત્પર્ય યહ હૈ...**' રહસ્ય. '**સબ ભસ્મ હો જાવેગી, ઔર પરમાત્માકી ભાવનાસે રહિત...**' આહાહા..! આ લીલા વૃક્ષો ફૂલે ફાલે છે ને? બાગમાં ફૂલે ફાલે. આહાહા..! પાંચસો, હજાર, બે હજાર, પાંચ હજાર વૃક્ષ ફૂલ્યા ફાલ્યા, આમ ... પાંદડાથી ફૂલીને આમ.. ઈ કહે છે. આહા..! '**પરમાત્માકી ભાવનાસે રહિત...**' પોતાના નિજ સ્વરૂપની એકાગ્રતાથી રહિત '**ઉસસે ઉપાર્જન કિયા જો વનસ્પતિનામકર્મ...**' આહાહા..! '**ઉસકે ઉદયસે વૃક્ષ હુઆ, સો વૃક્ષોંકે સમૂહ...**' લાખો, કરોડો વૃક્ષ. આહાહા..! '**ફૂલે-ફાલે દિખતે હૈં, વે સબ ઈંધન હો જાવેંગે.**' આહાહા..! નાશ.. નાશ... નાશ. ભગવાન અવિનાશી એને પ્રતીતમાં, અનુભવમાં લે ને પ્રભુ! આહાહા..! એ પોતે ત્રિકાળી શાશ્વત વસ્તુ છે ને. એને આદર કરને, આ બધું ભસ્મ છે એનો આદર છોડી દે, એમ કહે છે. આહાહા..! જુવાન શરીર ફાટડુ ફૂટડુ હોય અંદર, પચ્ચીસ, ત્રીસ, ચાલીસ વર્ષની ઉંમર, ધોળું રૂપાળું અને એક એક અવયવ... છે. આહાહા..! ... મસાણમાં. શેઠ! ... મુંબઈમાં નીકળ્યા હતા ને એક ફેરી, નદીને કાંઠે મકાન (હતું), દરિયાને કાંઠે આ બાજુ. આગ લાગી મોટી. ચાર માળનું. નીચે આગ લાગી હતી બીજે માળે, પહેલે માળે નહિ. બીજા માળની અગ્નિ ત્રીજે ને ચોથે બારણા બહાર નીકળતી હતી, બારી બહાર નીકળતી હતી. બારી બહાર નીકળતી હતી, ભડાકા બોલતા હતા. આહાહા..! ઈ બીજા માળનું એવું બળવા માંડ્યું કે ત્રીજે અને ચોથા માળની બારીમાં ભડકા નીકળતા હતા. અમારી મોટર... ઓહો..! જુઓ આ. નાશવાન. બીજે માળે અગ્નિ લાગી. આહાહા..! એમ આ બધું ભસ્મ થઈને નાશ થવાનું છે. એ રાખના ઓલામાં રમતું માંડી તેં. ભગવાનને ભૂલી ગયો એમ કહે છે. આહાહા..! ભસ્મરૂપ થવાને લાયક આ બધી ચીજો, આતમરામ એમાં રમવા લાગ્યો મૂઢ થઈને. આહાહા..! પ્રભુ! એ છોડ હવે અવિનાશીને લે. એમ કહેવું છે. આહાહા..! પૈસા હોય

ને ... કરોડપતિ માણસ, કરોડપતિ માણસ. સવારમાં નીકળ્યો ઘોડાગાડીમાં બહાર. જ્યાં વળતો આવે ત્યાં બધું ખલાસ. ધરતીકંપ. ઈ આવ્યો હતો, ભાઈ જામનગર.

મુમુક્ષુ :— ઈ તો કો'ક કાળે કો'ક દિ' થાય.

ઉત્તર :— પણ ઈ કો'ક દિ' થાય એની જ વાત છે ને. આહાહા..! હડ.. હડ.. હડ.. અગ્નિ આમ. એ અગ્નિમાં ભસ્મ થશે આ દેહ. તારો નાથ અંદર સચ્ચિદાનંદ પ્રભુ એ સિવાય કોઈ આદરણીય છે નહિ. આહાહા..! બહારના બધા ભપકા લાગે ને, મસાણના હાડકા હોય છે ફાસફૂસ, શું કહેવાય છે એને? ફોસ્ફરસ. છોકરા જોવા જતાં તો કહેતા, એ ભૂતડા છે, ત્યાં જાશો નહિ. ભૂતડા શું હોય, ઓલા હાડકા પડ્યા હોય એટલે ચમક ચમક ચમક થાતી હોય. એમ આ બધા બહારના ફાસફૂસ છે, ચમક ચમક લાગે. શરીર રૂપાળા ને શરીર આવા, એ લાડવા ને પત્તરવેલિયા ને ખાતો હોય ત્યારે જાણે કે, આહાહા..! બાપુ! એ છ કલાકે વિષ્ટા થાશે. આ સંચો એવો છે કે બીજા માટે વિષ્ટા નાખો તો વિષ્ટા નહિ થાય. સમજાણું કાંઈ? આમાં મોસંબી નાખો તો વિષ્ટા થાશે એવો સંચો છે આ. કહો, એની સાથે બટકા ભરવા ને શું કરવું એમ થઈ જાય. મરી ગયો છે. આહાહા..! નાશવાનને ચોંટ્યો, અવિનાશીને ભૂલી ગયો, ભાઈ! આહાહા..! નિત્ય સ્મરણ કરવા લાયક તો પ્રભુ તું છો. આહાહા..!

ઈ સજ્ઝાયમાં આવે છે. 'ગર્વ ન કરશો રે ગાત્રનો..' સજ્ઝાયમાં આવે છે, ચાર સજ્ઝાય માળા આવે છે ને. તે દિ' દુકાન ઉપર (વાંચી હતી). આહાહા..! શ્રીકૃષ્ણનો દાખલો છે. કૌસંબી વનમાં એ કૃષ્ણ જેની હજારો દેવ સેવા કરતા, એ દ્વારકા નગરી સોનાના ગઢ ને રતનના કાંગરા બળે, સળગે. આહાહા..! મણિ રતનના કાંગરા અને સોનાના ગઢ હડ.. હડ.. હડ.. સળગે. કૃષ્ણ કહે છે, અરે! ભાઈ! આપણે ક્યાં જશું? બળદેવને કહે છે. આહાહા..! ભાઈ! આપણે પાંડવ પાસે જઈએ. ભાઈ! પાંડવને તો આપણે દેશ બહાર કર્યા. આહાહા..! વાસુદેવ જેવાની હજાર દેવ સેવા કરે એ પોકાર કરે છે, ક્યાં જાશું આપણે? ભાઈ! ત્યાં જઈએ આપણે. ઈ ખાનદાન માણસ છે, આપણને અનાદર નહિ કરે. આહાહા..! હવે એને શંકા પડી. આહાહા..! હેં! 'તરસે તરફડે ત્રિકમને નહિ કોઈ પાણીનો પાનાર'. સજ્ઝાયમાં આવે છે. 'તરસે તરફડે ત્રિકમો' ત્રણ ખંડનો ધણી, તૃષા એવી (લાગી), પાણી ન મળે. પાણી ભાઈ પાણી. બળભદ્રને કહે છે. અરે! જેને માંગે ત્યાં દેવ મોસંબી આપે, પાણીને બદલે. એને પાણી મળે નહિ પીવા. આહા..! આ દશા બાપા! એ તો નાશવાનમાં આવે જ તે. 'તરસે તરફડે ત્રિકમો, નહિ કોઈ પાણીનો પાનાર.' આહા..! બળભદ્રને કહે છે, ભાઈ! મને તૃષા બહુ લાગી છે. ભાઈ! તમે અહીં બેસો ઝાડ નીચે. હું વડના મોટા પાંદડા કરી અને તળાવમાંથી પાણી લઈ આવું. બીજું સાધન કાંઈ ન મળે. આહા..! જેને ઘરે રતન ને હીરાના પટારા ભરેલા. એને પાણી ભરવાનો કળશો સાથે ન મળે. આહાહા..!

મુમુક્ષુ :— દેવ ક્યાં ગયા?

ઉત્તર :— દેવ વયા ગયા. આહાહા..! એવો નાશવાન, બાપુ! પૂર્વના પુણ્યના સંયોગો, પુણ્ય

બધું નાશવાન છે નાથ! એમ કહે છે. આહાહા..! તારી ધ્રુવ પવિત્રતા ભૂમિ અંદર પડી છે તે અવિનાશી છે. આહાહા..! કહો, આવું છે. આહાહા..!

'ગર્વ ન કરશો રે ગાત્રનો'. ગાત્ર કહે છે ને, એનો ગર્વ ન કરશો ભાઈ! વાસુદેવ જેવાના શરીર. આહાહા..! ભાઈ જ્યાં પાણી લઈને આવે છે ત્યાં એનો જ ભાઈ જરાકુમાર, જરતકુમાર બાર વર્ષથી બહાર ફરતો જંગલમાં ભીલ થઈને. આહાહા..! એણે આમ જોયા. વાસુદેવ હતા ને પગમાં પદમ હતું. આમ જોયું, આ કોઈ હરણ છે. .. આમ પગ ઉપર પગ ચડાવેલા. બાણ માર્યું. આહાહા..! જુઓ! આ સ્થિતિ. બાણ મારે છે. દેહ છૂટી ગયો. પછી વાત કરી. ત્યાં આવ્યો. કોણ છો? કૃષ્ણએ અવાજ કર્યો. આ વનમાં ગુનેગાર હું નથી અને મારનાર કોણ છે? જાહેર થાવ. એટલું બોલ્યા. હું જરતકુમાર છું. ભાઈ! તમે અહીં ક્યાંથી? આહાહા..! અરે! માથે હાથે તમારું મૃત્યુ? મારે જાવું ક્યાં? ભાઈ! તું મારા હાથમાં કૌસ્તુભમણિ છે એ લઈ જા. પાંડવ પાસે જા. રાજમણિ મને આપ્યું છે, મને રાખો. આહાહા..! આ સંસાર તો જુઓ. એ બધું નાશવાન. પ્રભુ અવિનાશી આત્મા એની નજરું કર, બીજી નજર છોડી દે એમ કહે છે. શેઠ! આહાહા..!

'**સબ ઈંધન હો જાવેંગે.**' આહાહા..! '**વૃક્ષકે સમૂહ જો ફૂલે-ફાલે દિખતે હૈં,...**' આહાહા..! આંબા ને ગુલાબ ને.. આહાહા..! ત્યાં ગયા હતા ને. શું નામ ગામનું? ગુલાબનું ફૂલ નહોતું તળાવમાં? હજાર પાંખડીના ગુલાબ થાય છે, ગુજરાતમાં. ચીખલી, ચીખલી ગયા હતા ને. આખું આમ તળાવ ભરેલું. એક હજાર પાંખનું ગુલાબ. ઓહોહો..! અમે ગયા ત્યારે કાંઈ ન મળે. એ બધું સૂકાઈ ગયું, ખલાસ થઈ ગયું. વળી પાછા નવા થાય ત્યારે ખરું. આહાહા..! '**ઈંધન હો જાવેંગે. સંસારકા સબ ઠાઠ ક્ષણભંગુર હૈ,...**' આહાહા..! ક્ષણભંગુરમાં ક્ષણમાં નાશવાન છે એમ કહે છે. '**ઐસા જાનકર...**' હવે કહે છે, જાણીને કરવું શું પણ એ નાશવાન છે તો? આહાહા..! '**પંચેદ્રિયોંકે વિષયોંમેં મોહ નહીં કરના,...**' નિર્વિષયી ભગવાનઆત્મા તેની દૃષ્ટિ કરવી એમ કહે છે. આહાહા..! સાર તો આ છે ને. કોઈપણ વીતરાગના વાક્યનો સાર તો વીતરાગતા છે. વીતરાગતા સાર ક્યારે આવે? વીતરાગમૂર્તિ ભગવાન છે તેનો આશ્રય લે તો વીતરાગતા આવે. આહાહા..! સમજાય છે કાંઈ? કોઈપણ અનિત્યભાવના, અસંગભાવનાનો સાર શું? એનું તાત્પર્ય તો વીતરાગતા છે, કૂંચી છે ઈ. શું કહેવાય તમારે?

મુમુક્ષુ :— માસ્ટર કી.

ઉત્તર :— માસ્ટર કી. આહાહા..!

એમાં સાર શું? રહસ્ય શું? એમાં સાર વીતરાગતા નીકળે ઈ. એ વીતરાગતા નીકળે કેમ? એ કંઈ પર્યાયનો અને રાગનો આશ્રય થયે વીતરાગતા ન નીકળે. ભગવાનઆત્મા પૂર્ણાનંદનું દળ છે તેનો આશ્રય લે તો એ વીતરાગસ્વરૂપ છે. વીતરાગસ્વરૂપને આશ્રયે વીતરાગતા થશે. આહા..! આ બધો બાર અંગનો સાર આ છે. સમજાણું કાંઈ? હવે આવી જેને શ્રદ્ધાના ઠેકાણા નથી, બહારથી થાશે ને આનાથી થાશે ને આનાથી થાશે, નિમિત્ત સામગ્રી સારી મળે તો એનાથી થાશે, ઉપાદાનમાં

યોગ્યતા અનેક પ્રકારની છે એમ કહે છે. જેવું નિમિત્ત આવે એવું થાય એમ કહે છે પંડિતો. શું કહેવાય એને? ખાણિયા ચર્ચા, ખાણિયા ચર્ચામાં. અત્યારે આવ્યું હતું હમણાં છાપામાં. ઉપાદાનની યોગ્યતા ઘણી છે. ... મહેન્દ્ર, મહેન્દ્ર મોટો પંડિત હતો ને મહેન્દ્ર.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ઉપાદાનમાં યોગ્યતા ઘણી, જેવું નિમિત્ત આવે એવું થાય. પાણીમાં યોગ્યતા અનેક પ્રકારની છે તો સાકર નાખો તો ગળ્યું થાય, કાળીજીરી નાખો તો કડવું લાગે, મીઠું નાખો તો ખારું લાગે. એમાં યોગ્યતા એટલી છે કે જેવા નિમિત્ત આવે એવું થાય. એ વાત જ જૂઠી છે. સમજાય છે કાંઈ? મોટા આ વાંધો આત્યારે. ઉપાદાનની યોગ્યતા એક જ પ્રકારની છે, જે સમયે જે થવાની તે એક જ પ્રકારની છે. હો નિમિત્ત, નિમિત્તની કોણે ના પાડી? પણ નિમિત્ત હોવા છતાં તે નિમિત્ત, ઉપાદાનની પર્યાયને રચે છે, કર્તા કરે છે એમ બિલકુલ નથી. આહાહા..!

મુમુક્ષુ :— ....

ઉત્તર :— એક જ પ્રકારની. દ્રવ્યમાં તો યોગ્યતા અનંત ત્રિકાળી પર્યાયની યોગ્યતા પડી છે. પર્યાયની યોગ્યતા એક જ પ્રકારની છે. શું કીધું ચંદુભાઈ? દ્રવ્ય છે એમાં તો ત્રિકાળી પર્યાયની યોગ્યતા છે બધી. પણ પર્યાયમાં તો એક સમયની જે ઉત્પન્ન થવાને લાયક છે તેની એક જ યોગ્યતા છે. આહાહા..! આવો જ્યાં અંદર નિર્ણય ન કરે એણે ક્યાં જાવું, બાપુ ભાઈ? કોઈ આપે એમ નથી બહારમાં. લોકો રાજી થઈ જશે તારી વ્યવહારની વાતુંથી તને લાભ થશે ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ?

'**પંચેંદ્રિયોંકે વિષયોંમેં મોહ નહીં કરના,...**' ત્યાં શું કહે છે? સ્વદ્રવ્યનો વિષય બનાવ. આહાહા..! પાંચેય ઇન્દ્રિયના વિષયો તે વસ્તુ છોડી દે, ભાઈ! એ બધા નાશવાન છે, નાથ! આહાહા..! ચીમનભાઈ! આવી વાત છે. લોકોને એવું લાગે કે તદ્દન નિશ્ચય નિશ્ચય. પણ નિશ્ચય એટલે સત્ય. પરમ સત્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ તેનો આશ્રય લે નાથ. ત્યારે તારી રક્ષા થશે. હેં! આહાહા..! '**વિષય કા રાગ સર્વથા ત્યાગના યોગ્ય હૈ.**' આહાહા..! પાંચ ઇન્દ્રિયના વિષયમાંથી સુખબુદ્ધિ છોડ. આહાહા..! '**પ્રથમ અવસ્થામેં યદ્યપિ ધર્મતીર્થકી પ્રવૃત્તિ કા નિમિત્ત...**' જોયું? નિમિત્ત હોં! '**ધર્મતીર્થ કી પ્રવૃત્તિ કા નિમિત્ત જિનમંદિર,...** ' જિનમંદિર પણ ધર્મતીર્થની પ્રવૃત્તિનું નિમિત્ત છે ને, એમ કહે છે જુઓ! '**જિનમંદિર, જિનપ્રતિમા, જિનધર્મ તથા જૈનધર્મી ઇનમેં પ્રેમ કરના યોગ્ય હૈ,...**' વ્યવહાર. સમજાણું કાંઈ? પહેલા વિકલ્પ હોય છે એમ કહે છે. પણ વિકલ્પ હોય છે માટે નિશ્ચય પ્રગટ થાય છે એમ નથી. પણ એવું પહેલું આવે છે. સ્વભાવનું ભાન થયું હોવા છતાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ, પ્રતિમાનો ભાવ આવે છે. એથી એને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તથી ત્યાં કાર્ય થાય છે આત્મામાં એમ નથી. આહાહા..! મોટા મોટા મકાનો બનાવવા, મંદિરો બનાવવા અને વળી કહે કે એનાથી કાંઈ લાભ ન થાય. એ પ્રથમ શુભભાવમાં નિમિત્ત છે. સમજાય છે કાંઈ? હોય છે. પણ એના આશ્રયે, એના લક્ષે

સમ્યગ્દર્શન થાય એમ નથી. આહાહા..! આવું. અનેકાંત માર્ગ આમ છે. એ લોકો અનેકાંત એમ કહે છે, એનાથી લાભ થાય અને આત્માથી લાભ થાય એ અનેકાંત છે. અહીં કહે છે કે આત્માના આશ્રયે લાભ થાય અને પરને આશ્રયે ધર્મનો લાભ થાય જ નહિ. એનું નામ અનેકાંત છે. આહાહા..! આ તો માર્ગ બાપા અંતરનો છે ભાઈ! બહારમાં લોકો ખુશી થઈ જાય, રાજી થઈ જાય એવા બોલથી એથી તને લાભ શું? આહાહા..! ઓલો પંડિત નહોતો કહેતો? તુલસીના વ્યાખ્યાનમાં ગયો હતો તો વીસ હજાર માણસ. ઓલો પંડિત કાલે નહોતો આવ્યો? ... ભલે શુદ્ધ આમ્નાય પ્રમાણે ન હોય એમ કહે. દિગંબર આમ્નાય શુદ્ધ આમ્નાય છે. એવું ન હોય ત્યાં કંઈ છે નહિ સાચું. માણસ વીસ વીસ હજાર ભેગા થાય. ... આમ કરો, સેવા કરો, દેશસેવા કરો, દુઃખીના આંસુ લુઓ, ભૂખ્યાને અનાજ આપો, તરસ્યાને પાણી આપો, રહેઠાણનું સ્થળ આપો, રોગીને ઔષધ આપો. ઓશિયાળા છે અને એની વાત કરે તો સારી લાગે. આહાહા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— શું છે ન્યાં? અરેરે..! એની શ્રદ્ધામાં સ્વનો આશ્રય લે તો ધર્મ થાય એવી શ્રદ્ધા નથી. આહાહા..! સાંભળી નથી, બાપુ ભાઈ! આહાહા..! હોય છે આ બહાર બધું ભક્તિ, પૂજા શુભભાવ હોય છે. એ પણ શુભભાવ એનાથી થાય છે એમ નથી. આહાહા..! આવી વાતું છે. માર્ગ તો આવો છે, ભાઈ! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' આહાહા..! જેમાં વીતરાગતા પ્રગટે તે ધર્મ છે અને તે વીતરાગતા વીતરાગમૂર્તિ ભગવાન જિનસ્વરૂપી 'જિન સોહી આત્મા, અન્ય સોહી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિનપ્રવચનકા મર્મ.' આહા..! માર્ગ તો આ છે. સમજાય છે કાંઈ? હોય છે.

**'પ્રેમ કરના યોગ્ય હૈ, તો ભી શુદ્ધાત્માકી ભાવનાકે સમય...'** લ્યો. ભગવાનઆત્મામાં અંતર સન્મુખ થવા કાળે.. આહાહા..! છે? **'વહ ધર્માનુરાગ ભી નીચે દરજેકા ગિના જાતા હૈ,...'** રાગ છે. ધર્માનુરાગ એ રાગ છે. આહા..! પોતે ખુલાસો કર્યો છે. **'शुद्धात्मभावना काले न कर्तव्येति'** એટલો શબ્દ ચોખ્ખો છે. સંસ્કૃતમાં એટલો શબ્દ છે. **'शुद्धात्मभावना काले न कर्तव्येति संबंध।'** એ ભેગું થઈ ગયું છે, કાલેન. અંતરમાં ઠરતો નથી ત્યારે એને એવો શુભભાવ હોય છે. પણ અંદરના ધ્યાનમાં સ્વને આશ્રયે જાય છે ત્યારે તે કર્તવ્ય નથી. આહાહા..! આ કંઈ વાદવિવાદે પાર પડે એવું નથી.

**'વહાં પર કેવલ વીતરાગભાવ હી હૈ.'** દેવ-ગુરુ-શાસ્ત્ર, જિનમંદિર આદિમાં શુભભાવ છે અને અંદરમાં જવામાં એકલો વીતરાગભાવ છે. આહાહા..! જે લોકો જોઈ શકે નહિ, શું થયું અંદરમાં. આહાહા..! અંદર શું થયું એ લોકો શી રીતે જાણે? લોકોને કેમ ખબર પડે? એમ કહે છે. આહાહા..!

ગાથા-૧૩૧

अथ शुद्धात्मद्रव्यादन्यत्सर्वमध्रुवमिति प्रकटयति-

२६१) एक्कु जि मेल्लिवि बंभु परु भुवणु वि एहु असेसु।
पुहविहिँ णिम्मउ भंगुरउ एहउ बुज्झि बुज्झि विसेसु।।१३१।।
एकमेव मुक्त्वा ब्रह्म परं भुवनमपि एतद् अशेषम्।
पृथिव्यां निर्मापितं भंगुरं एतद् बुध्यस्व विशेषम्।।१३१।।

एक्कु जि इत्यादि। एक्कु जि एकमेव मेल्लिवि मुक्त्वा। किम्। बंभु परु परमब्रह्मशब्दवाच्यं नानावृक्षभेदभिन्नवनमिव नानाजीवजातिभेदभिन्नं शुद्धसंग्रहनयेन शुद्धजीवद्रव्यं भुवणु वि एहु इदं प्रत्यक्षीभूतम्। कतिसंख्योपेतम्। असेसु अशेषं समस्तमपि। कथंभूतमिदं सर्वं पुहविहिँ णिम्मउ पृथिव्यां लोके निर्मापितं भंगुरउ विनश्वरं एहउ बुज्झि विसेसु इमं विशेषं बुध्यस्व जानीहि त्वं हे प्रभाकरभट्ट। अयमत्र भावार्थः। विशुद्धज्ञानदर्शनस्वभावं परब्रह्मशब्दवाच्यं शुद्धजीवतत्त्वं मुक्त्वान्यत्पञ्चेन्द्रियविषयभूतं विनश्वरमिति।।१३१।।

---

आगे शुद्धात्मस्वरुपसे अन्य जो सामग्री है, वह सभी विनश्वर हैं, ऐसा व्याख्यान करते हैं-

गाथा-१३१

अन्वयार्थ :- [एकं परं ब्रह्म एव] एक शुद्ध जीवद्रव्यरुप परब्रह्मको [मुक्त्वा] छोड़कर [पृथिव्यां] इस लोकमें [इदं अशेषम् भुवनमपि निर्मापितं] इस समस्त लोकके पदार्थोंकी रचना है, वह सब [भंगुरं] विनाशीक है, [एतद् विशेषम्] इस विशेष बातको तू [बुध्यस्व] जान।

भावार्थ :- शुद्धसंग्रहनयकर समस्त जीव-राशि एक है। जैसे नाना प्रकारके वृक्षोंकर भरा हुआ वन एक कहा जाता है, उसी तरह नाना प्रकारके जीव-जाति करके एक कहे जाते हैं। वे सब जीव अविनाशी हैं, और सब देहाहिकी रचना विनाशीक दिखती है। शुभ-अशुभ कर्मकर जो देहादिक इस जगत्में रची गई हैं, वह सब विनाशीक हैं, हे प्रभाकरभट्ट, ऐसा विशेष तू जान, देहादिको अनित्य जान और जीवोंको नित्य जान। निर्मल ज्ञान दर्शस्वभाव परब्रह्म [शद्ध जीवतत्त्व] उससे भिन्न जो पाँच इंद्रियोंका विषयवन वह क्षणभंगुर जानो।।१३१।।

---

હવે, 'શુદ્ધ આત્મદ્રવ્યથી જે અન્ય છે તે બધુંય અધ્રુવ છે', એમ પ્રગટ કરે છે :-

ભાવાર્થ :-જેવી રીતે અનેક વૃક્ષના ભેદથી ભિન્ન હોવા છતાં જાતિ-અપેક્ષાએ

**(એક) વન કહેવાય છે તેવી રીતે શુદ્ધસંગ્રહનયથી જાતિ-અપેક્ષાએ (એક) શુદ્ધ જીવદ્રવ્યથી કહેવાય છે. એવા 'પરમબ્રહ્મ' શબ્દથી વાચ્ય શુદ્ધજીવદ્રવ્ય સિવાય આ પ્રત્યક્ષ સમસ્ત વિશ્વ કે જે પૃથ્વી પર લોકમાં રચાયેલું છે તે વિનશ્વર છે. હે પ્રભાકરભટ્ટ! તું આ વિશેષ જાણ.**

**અહીં, આ ભાવાર્થ છે કે વિશુદ્ધજ્ઞાનદર્શન સ્વભાવવાળા 'પરમબ્રહ્મ' શબ્દથી વાચ્ય એવા શુદ્ધજીવતત્ત્વ સિવાય અન્ય સમસ્ત પાંચ ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો વિનશ્વર છે. ૧૩૧.**

---

## ગાથા-૧૩૧ ઉપર પ્રવચન

**'આગે શુદ્ધાત્મસ્વરૂપસે અન્ય જો સામગ્રી હૈ, વહ સભી વિનશ્વર હૈં,...'** આહાહા..! ૧૩૧.

**૨૬૧) एक्कु जि मेल्लिवि बंभु परु भुवणु वि एहु असेसु।**
**पुहविहिँ णिम्मउ भंगुरउ एहउ बुज्झि बुज्झि विसेसु।।१३१।।**

**અન્વયાર્થ :— 'એક શુદ્ધ જીવદ્રવ્યરૂપ પરમબ્રહ્મકો...' 'एकं परं ब्रह्म'** પોતાનો આત્મા એક પરમ, હોં! બધા થઈને એક એમ નહિ. આહાહા..! એકરૂપ ધ્રુવસ્વરૂપ અનાદિઅનંત. આહાહા..! એક શુદ્ધ. પરમનો અર્થ શુદ્ધ કર્યો. **'एकं परं ब्रह्म' 'એક શુદ્ધ જીવદ્રવ્યરૂપ પરમબ્રહ્મકો...'** આહાહા..! **'मुक्त्वा' 'છોડકર...' 'ઇસ લોકમેં...' 'इदं अशेषम् भुवनमपि निर्मापितं' 'ઇસ સમસ્ત લોકકે પદાર્થોંકી રચના હૈ, વહ સબ વિનાશીક હૈ,...'** આહાહા..! ઓલા તો થોડા નામ આપ્યા. દસ-દસ કરોડના, અબજ-અબજના મોટા બંગલા. આહાહા..! હેં! એવા સૂવાના.. પ્રભુ! તારા અવિનાશી સિવાય બધું નાશવાન છે અને નાશવાનના પ્રેમમાં અવિનાશીનો પ્રેમ ચાલ્યો જાય છે. આહાહા..! એમ કહે છે. ઠીક છે એમ જો નાશવાન પદાર્થમાં લાગ્યો તો ભગવાન અઠીક છે એમ થઈ ગયું એને. આહાહા..! બહારની કોઈપણ વિભૂતિને દેખતા એના વીર્યમાં કંઈક ઉલ્લસિત થઈ જાય.. આહાહા..! ત્યાં ભગવાનસ્વરૂપનો અનાદર થઈ જાય છે. સમજાણું કાંઈ? બાહ્યના પદાર્થની વિભૂતિને જોઈને.. આહાહા..! શરીરની વિભૂતિ, વાણીની વિભૂતિ મકાનની વિભૂતિ, આહાહા..! ઓલો કાગળ આવ્યો છે ને ભાઈ? દરબારનો. ચમત્કાર છે. દરબાર એક આવે છે. સરવાળાવાળા. અહીંનો પ્રેમ ખરો પણ હજી એને કલ્પનાઓ બીજી બહુ છે. ત્યાં એક કરોડ માણસ ભેગું થયું, અલાહાબાદ. ત્રિવેણી નદી છે ને, ત્રિવેણી. છે ને, ગયા હતા ને. બે ભેગી થાય છે, ત્રણ. ગયા હતા, જોવા ગયા હતા. .. આવ્યો હતો, એક કરોડ ભેગા થયા. નાગા બાવા બહુ ભેગા થયા. નાગા બાવા હોય છે ને. ત્યાં પણ ગયા હતા દરબાર. ન્યાંથી પાણી લાવ્યા હતા થોડું. ... થઈ ગઈ મોટી. કલ્પના. કલ્પના બીજું શું છે. અને હું ભાન ભૂલી ગયો એ વખતે. ... ઓહોહો..! હજારો માણસે ઘેરી નાખ્યો મને. શું થયું? કલ્પના છે. ચમત્કાર કેવા?

લોકોની કલ્પનાઓ છે બધી. ... એય! આવા ને આવા. હેં! કલ્પના કલ્પના. આ જગતને મારી નાખે છે આવા.

ચમત્કાર તો ચૈતન્યચમત્કાર છે. આહાહા..! જ્યાં અંદર દૃષ્ટિ પડતાં એકલો જ્ઞાનનો ઘન ચમત્કાર ભાસે. જેના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક જાણે શક્તિમાં તોય ઓછું પડે એને. આહાહા..! એવો ચૈતન્યચમત્કાર ભગવાન છે, એનું ભાન થયે એ ચમત્કાર છે. બાકી બથા થોથા છે. સમજાણું કાંઈ? કહો, ..ભાઈ! ઓલા બધા ચમત્કાર તમારા બાવાના. સાંઈબાબા ઉપર તો આક્ષેપ છે. ... ખોટો છે. હાથમાં રાખ... અરે! આવું શું કરવું છે પણ ભાઈ તારે. વાણિયાના છોકરાઓ મૂંઝાઈ ગયા છે. .. દીકરાઓ ત્યાં. આહા..! પુનમચંદ મરી ગયો બોલતા બોલતા. હું જાઉં છું ત્યાં સાંઈબાબા પાસે. આહા..! એ તો મરી ગયો ત્યારે ખબરેય નહોતી એને સાંઈબાબાને. અહીં આ લોકોને ... આમાં શું અમારે કરવું? લોકો તે ભ્રમણા.. વાણિયાની બુદ્ધિ સાધારણ બુદ્ધિ જોઈએ એવી ક્યાં છે. હેં!

મુમુક્ષુ :— ચમત્કાર બતાવે છે.

ઉત્તર :— ધૂળેય નહોતો ચમત્કાર. આહાહા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ઈ તો અહીં રાખે છે અંદર. પહેરે છે ને ઝભ્ભો, તમારા ભાઈ કહેતા હતા, આપણા કે. લાલ. કે. લાલ તો જાદુગર જબરો છે, લાખો પેદા કરે છે. આવ્યો હતો ને અમારી પાસે, રાજકોટ આવ્યો હતો. વિનુથી નાનો. આહાહા..! ઈ કહેતો હતો, રજનીશના તેડા આવ્યા હતા મારી ઉપર. .. ભ્રમણામાં નાખે લોકોને. જાદુગરીયો. કોટ કાઢીને આવે મારી પાસે. આ તો હુશિયાર છે ને કે.લાલ તો. એને માનનાર વાણિયા મળ્યા. કહો. ધૂળમાં શું છે પૈસામાં તારા. એ તો પુણ્ય હોય તો આવે છે. ભિખારાને નથી આવતા? આહા..!

**'એક શુદ્ધ જીવદ્રવ્યરૂપ પરબ્રહ્મકો છોડકર ઈસ લોકકે ઈસ સમસ્ત લોકકે પદાર્થોંકી રચના હૈ, વહ સબ વિનાશીક હૈ,...'** આહાહા..! ... ઓલા ઝાડનો દાખલો આપ્યો ને. ફલ્યા-ફૂલ્યા વૃક્ષો.. ઓહોહો..! પણ એક તડકો લાગે આકરો ... ખલાસ. નાશવાનમાં બાપુ શું હોય? આહાહા..! ભગવાન અનંત આનંદનો નાથ કરમાય નહિ, નાશવાન નહિ, કદી કરમાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વાતું આકરી. બાપુ! માર્ગ ભાઈ એવા છે. એકલો આનંદનો કંદ પ્રભુ એ મહાઆત્મા એક અવિનાશી છે. આહાહા..! અનિત્યની ભાવના કહીને નિત્ય ઉપર દૃષ્ટિ કરાવે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ઈસ વિશેષ બાતકો તૂ જાન.'** છે ને? આહાહા..!

**ભાવાર્થ :— 'શુદ્ધસંગ્રહનયકર સમસ્ત જીવ-રાશિ એક હૈ.'** **'एकं परं ब्रह्म'** છે ને એમાંથી કાઢ્યું. **'શુદ્ધસંગ્રહનયકર સમસ્ત જીવ-રાશિ એક હૈ.'** સમસ્ત જીવ ભગવાનસ્વરૂપે છે. આહા..! પરમાત્માના સ્વરૂપે બધા જીવો ભગવાન બિરાજે છે. આખો લોક પરમાત્મસ્વભાવથી ભરેલો છે. **'શુદ્ધસંગ્રહનયકર સમસ્ત જીવ-રાશિ એક...'** પરમાત્મસ્વરૂપે છે. આહાહા..!

**'જૈસે નાના પ્રકારકે વૃક્ષોંકર ભરા હુઆ વન એક કહા જાતા હૈ,...'** લાખો, કરોડો ઝાડ હોય પણ વન તો એક કહેવાય ને. **'ઉસી તરહ નાના પ્રકારકે જીવ-જાતિ...'** એકેન્દ્રિય, બેઇન્દ્રિય આદિ **'એક કહે જાતે હૈં. વે સબ જીવ અવિનાશી હૈં,...'** આહાહા..! ઓલા રજનીશ છે ને, રજનીશ. કાલે એનો એક ભગત આવ્યો હતો. ... મેં કીધું, આને શું કહેવું? છોકરાને દર્શન કરાવવા આવ્યા હતા. લુગડા બાવા જેવા પહેરેલા. ... જોયા હતા ને. હવે એ રજનીશનો એક ફેરી ફોટો આવ્યો હતો, આમ (જોવે છે), જાણે આમ એક વ્યાપક હોય, એવો ફોટો આવ્યો હતો. શેઠના .. હતામાં ઈ. તારણપંથમાં.

મુમુક્ષુ :— ભગવાન કહે છે.

ઉત્તર :— પામર છે, મરી જઈશ. આમ જાણે વ્યાપક હોય.

અહીં તો ભગવાન શક્તિએ બધા ભગવાન છે એમ જો એમ કહે છે. એક છે બધા એક જ આત્મા એમ નહિ. આહાહા..! અને બીજી રીતે, એક જ આત્મા સર્વવ્યાપક હોય તો એને ધ્યાન તો... એનો અર્થ કે એક જ આત્મા અહીં છે. જેમાં ધ્યાન કરવું પડે છે ત્યાં આત્મા છે. આમ હોય તો ત્યાં આમ ધ્યાન કરે તો મળી જાય એમ તો છે નહિ. આહાહા..! સમજાણું? અંતર વલણ કરે છે ત્યારે તો... આત્મા એટલામાં છે એમાં વલણ જાય છે. જો સર્વવ્યાપક હોય તો અંદરમાં જતાં એકાગ્ર થાય જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'વે સબ જીવ અવિનાશી હૈં, ઔર સબ દેહાદિકકી રચના વિનાશીક...'** આહાહા..! **'શુભ-અશુભ કર્મકર જો દેહાદિક ઈસ જગતમેં રચી ગઈ હૈં, યહ સબ વિનાશીક હૈં, હે પ્રભાકરભટ્ટ, ઐસા વિશેષ તૂ જાન,...'** ખાસ આ જાણ. **'દેહાદિકો અનિત્ય જાન ઔર જીવોંકો નિત્ય જાન.'** જીવો એટલે બધા જીવ, હોં! **'નિર્મલ જ્ઞાન દર્શનસ્વભાવ પરબ્રહ્મ...'** ભગવાનઆત્મા નિર્મળ જ્ઞાન દર્શનસ્વભાવ શુદ્ધ જીવતત્ત્વ **'ઉસસે ભિન્ન...'** હૈ. આહાહા..! **'જો પાંચ ઇંદ્રિયોંકા વિષયવન વહ ક્ષણભંગુર હૈ.'** પાંચ ઇન્દ્રિયોનું વિષયવન ક્ષણભંગુર છે. વિષયવન. આહાહા..! ભગવાનઆત્મા પરમાત્મસ્વરૂપ છે. બધા ભગવાન પરમાત્મા છે એમ જો. એ સિવાય બધું નાશવાન છે એમ દષ્ટિ કરાવે છે. (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૩૨

अथ पूर्वोक्तमध्रुवत्वं ज्ञात्वा धनयौवनयोस्तृष्णा न कर्तव्येति कथयति–

२६२) जे दिट्ठा सूरुग्गमणि ते अत्थवणि ण दिट्ठ।
तेँ कारणिं वढ धम्मु करि धणि जोव्वणि कउ तिट्ठ।।१३२।।
ये दृष्टाः सूर्योद्गमने ते अस्तगमने न दृष्टाः।
तेन कारणेन वत्स धर्मं कुरु धने यौवने का तृष्णा।।१३२।।

जे दिट्ठा इत्यादि। जे दिट्ठा ये केचन दृष्टाः। क्व। सूरुग्गमणि सूर्योदये ते अत्थवणि ण दिट्ठ ते पुरुषा गृहधनधान्यादिपदार्था वा अस्तगमने न दृष्टाः, एवमध्रुवत्वं ज्ञात्वा। तें कारणिं वढ धम्मु करि तेन कारणेन वत्स पुत्र सागारानगारधर्मं कुरु। धणि जोव्वणि कउ तिट्ठ धने यौवने वा का तृष्णा न कापीति। तथथा। गृहस्थेन धने तृष्णा न कर्तव्या तर्हि किं कर्तव्यम्। भेदाभेदरत्नत्रयाराधकानां सर्वतात्पर्येणाहारादिचतुर्विधं दानं दातव्यम्। नो चेत् सर्वसंगपरित्यागं कृत्वा निर्विकल्पपरमसमाधौ स्थातव्यम्। यौवनेडपि तृष्णा न कर्तव्या, यौवनावस्थायां यौवनोद्रेकजनितविषयरागं त्यक्त्वा विषयप्रतिपक्षभूते वीतरागचिदानन्दैकस्वभावे शुद्धात्मस्वरुपे स्थित्वा च निरन्तरं भावना कर्तव्येति भावार्थः।।१३२।।

---

आगे पूर्वोक्त विषय-सामग्रीको अनित्य जानकर धन, यौवन और विषयोंमें तृष्णा नहीं करनी चाहिये, ऐसा कहते हैं-

गाथा-१३२

अन्वयार्थ :- [वत्स] हे शिष्य, [ये] जो कुछ पदार्थ [सूर्योद्गमने] सूर्यके उदय होने पर [दृष्टाः] देखे थे, [ते] वे [अस्तगमने] सूर्यके अस्त होनेके समय [न दृष्टाः] नहीं देखे जाते, नष्ट हो जाते हैं [तेन कारणेन] इस कारण तू [धर्मं] धर्मको [कुरु] पालन कर [धने यौवने] धन और यौवन अवस्थामें [का तृष्णा] क्या तृष्णा कर रहा है।

भावार्थ :- धन, धान्य, मनुष्य, पशु, आदिक पदार्थ जो सबेरेके समय देखे थे, वे शामके समयमें नहीं दिखते, नष्ट हो जाते हैं, ऐसा जगत्का ठाठ विनाशिक जानकर इन पदार्थोंकी तृष्णा छोड़ और श्रावकका तथा यतीका धर्म स्वीकार कर, धन यौवनमें क्या तृष्णा कर रहा है। ये तो जलके बुलबूलके समान क्षणभंगुर हैं। यहाँ कोई प्रश्न करे, कि गृहस्थी धनकी तृष्णा न करे तो क्या करे? उसका उत्तर-निश्चय-व्यवहाररत्नत्रयके आराधक जो यति उनकी सब तरह गृहस्थको सेवा करनी चाहिये, चार प्रकारका दान देना, धर्मकी इच्छा रखनी, धनकी इच्छा नहीं करनी। जो किसी दिन प्रत्याख्यानकी चौकड़ीके उदयसे श्रावकके व्रतमें भी है, तो देव पूजा, गुरुकी सेवा, स्वाध्याय, दान, शील, उपवासादि अणुव्रतरुप धर्म करे, और जो बड़ी शक्ति होवे, तो सब परिग्रह त्यागकर यतीके व्रत धारण करके निर्विकल्प परमसमाधिमें रहे। यतीको सर्वथा धनका त्याग और गृहस्थको धनका प्रमाण करना योग्य है। विवेकी गृहस्थ धनकी तृष्णा न करें। धन यौवन असार है, यौवन अवस्थामें विषय तृष्णा न करें, विषयका राग छोड़कर विषयोंसे पराङ्मुख जो वीतराग निजानंद एक अखंड स्वभावरुप शुद्धात्मा उसमें लीन होकर हमेशा भावना करनी चाहिये।।१३२।।

હવે, પૂર્વોક્ત અધ્રુવપણું જાણીને ધન અને યૌવનની તૃષ્ણા ન કરવી જોઈએ, એમ કહે છે :-

ભાવાર્થ :- સૂર્યોદયના કાળે જે મનુષ્યોને, ધન, ધાન્ય આદિ પદાર્થો જોવામાં આવ્યા હતા તે સૂર્યાસ્ત કાળે જોવામાં આવતા નથી. એવું તેનું અધ્રુવપણું જાણીને તે કારણે તું સાગારઅણગાર ધર્મનું પાલન કર, ધન અને યૌવનમાં તૃષ્ણા શા માટે કરે છે?

પ્રશ્નઃ- ગૃહસ્થીએ ધનની તૃષ્ણા ન કરવી, તો શું કરવું?

ઉત્તરઃ- ભેદાભેદ રત્નત્રયના આરાધકોને સર્વ તાત્પર્યથી (પૂરેપૂરા અનુરાગથી) આહારાદિ ચાર પ્રકારનું દાન દેવું. અથવા તો સર્વસંગનો પરિત્યાગ કરીને નિર્વિકલ્પ પરમ સમાધિમાં સ્થિર રહેવું. યૌવનમાં પણ તૃષ્ણા ન કરવી. યૌવન-અવસ્થામાં યૌવનના ઉદ્રેકજનિત વિષયનો રાગ છોડી દઈને અને વિષયથી પ્રતિપક્ષભૂત વીતરાગ ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવા શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત થઈને નિરંતર આત્મભાવના કરવી, એવો ભાવાર્થ છે. ૧૩૨.

---

## વીર સંવત ૨૫૦૨, મહા સુદ ૩, શનિવાર
## તા. ૨૨-૧-૧૯૭૭, ગાથા-૧૩૨, પ્રવચન નં. ૧૯૩

પરમાત્મપ્રકાશ, ૧૩૨ ગાથા. 'આગે પૂર્વોક્ત વિષય-સામગ્રીકો અનિત્ય જાનકર ધન, યૌવન ઔર વિષયોંમેં તૃષ્ણા નહીં કરની ચાહિયે,... '

૨૬૨) जे दिट्ठा सूरुग्गमणि ते अत्थवणि ण दिट्ठ।
तेँ कारणिं वढ धम्मु करि धणि जोव्वणि कउ तिट्ठ।।१३२।।

અન્વયાર્થ :— 'હે શિષ્ય, જો કુછ પદાર્થ સૂર્યકે ઉદય હોને પર દેખે થે, વે સૂર્યકે અસ્ત હોનેકે સમય નહીં દેખે જાતે,...' આહાહા..! સવારે ઊગ્યો, ઉઠ્યો સાંજે ન સૂતો.

મુમુક્ષુ :— ઈ તો કો'ક દિ'ની વાત છે.

ઉત્તર :— કો'કની વાત પણ થાય છે ને એને પોતાને. આહાહા..! કાલનો દાખલો બની ગયો આપણે. .. તો એને ખબર છે રાત્રે દેહ છૂટી જશે? આહાહા..! અવિનાશી ભગવાનઆત્મા એની દૃષ્ટિ કર અને સંભાળ કર. આ બધા નાશવાન છે એ તો નાશ થશે. આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... આહાહા..! ચાલ્યા જાય છે. મા-બાપ મૂકીને દીકરા ચાલ્યા જાય. સંસાર તો એવો છે નાશવાન.. નાશવાન ..

'જો કુછ પદાર્થ સૂર્યકે ઉદય હોને પર દેખે થે, વે સૂર્યકે અસ્ત હોનેકે સમય નહીં દેખે

**જાતે, નષ્ટ હો જાતે હૈં ઈસ કારણ તૂ ધર્મકો પાલન કર...'** આહાહા..! એ કારણે હે જીવ, નાશવાન પદાર્થમાં રુચિ છોડી દે. આહાહા..! પોતાનો આત્મા આનંદકંદ પ્રભુ ધ્રુવ સ્વરૂપ નિત્યાનંદ તેની રુચિ કર. આહાહા..! છે? **'ધર્મકો પાલન કર...'** આહાહા..! આત્માનો સ્વભાવ, ધર્મ એનો ત્રિકાળી આનંદ અને જ્ઞાનસ્વભાવ, એમાં ધર્મ કરને. પર્યાયમાં એને બોલાવને. આહાહા..! પર્યાયમાં નાશવાનને રુચિમાં લાવ્યો છો, ઈ કરતાં પર્યાયમાં અવિનાશીની રુચિ કરને.

મુમુક્ષુ :— ધર્મ શું?

ઉત્તર :— ધર્મ આ, બીજો ક્યો ધર્મ છે? કહે છે, અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિયઆનંદ પોતાનો સ્વભાવ એમાં અનુભવ રુચિ કરવા એ ધર્મ છે. આહાહા..!

મુમુક્ષુ :— માતા-પિતાની સેવા કરવી એ ધર્મ નહિ?

ઉત્તર :— એ બધા પુણ્યભાવ છે, સેવા કોણ કરતો હતો? શુભભાવ હોય.

પચ્ચીસ-પચ્ચીસ વર્ષના જુવાન, બાપના બાપ બેઠા હોય અને ચાલ્યા જાય છે. આહાહા..! નાશવાનમાં તો શું હોય ત્યાં? પોતે નિત્ય છે એથી વસ્તુને કાયમ રાખવા માંગે છે. પોતે કાયમ છે તેના ઉપર દૃષ્ટિ નથી કરતો. પોતે ભગવાનઆત્મા ટકતું નિત્ય ધ્રુવતત્ત્વ એની અંતર દૃષ્ટિ નથી કરતો પણ પોતા સિવાય પરવસ્તુ જે નાશવાન, એને નિત્ય નામ ટકતા ટકતા બનાવવા માટે પ્રયત્ન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઘણો કાળ તો જગતનો આમાં બહારમાં જાય છે. અરેરે! ધર્મ કર, ધર્મ કરનો અર્થ—જ્યાં અંતર સ્વભાવ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન અવિનાશી ભગવાનઆત્મા એમાં દૃષ્ટિ કર અને તેમાં લીન થા. આ ધર્મ. અહીંયા જે અટકી ગયો છે એને અહીં અટકવાને, એમ કહે છે. આહાહા..! જુઓ! શું કહે છે?

**'પાલન કર ધન ઔર યૌવન અવસ્થામેં ક્યા તૃષ્ણા કર રહા હૈ.'** આહા..! ..ભાઈ! બે વાત આવી, લક્ષ્મી અને યૌવન. આહાહા..! લક્ષ્મી નાશવાન છે, ક્ષણમાં નાશ થઈ જાય છે. કાં તું બેઠો ને નાશ થાય અને કાં એ હોય ને તું ચાલ્યો જાય. આહાહા..! કોની સંભાળ કરવા જાય છે, બાપુ! અંદર આત્માનું ધન છે તેની સંભાળ કરને. બે વાત લીધી—ધન અને યૌવન. જુવાન અવસ્થા શરીરની. બાપુ! એમાં ઈયળ પડશે જીવતા, બાપા! તને ખબર નથી, ભાઈ! એ તો નાશવાન ચીજ છે. આહાહા..!

ઓલું નહોતું એક બાઈનું? લાઠીની બાઈ હતી. જુવાન બાઈ અઢાર વર્ષનું પરણેતર. શીતળા નીકળ્યા. દાણે દાણે ઈયળ—કીડા. તળાઈમાં નાખી આમ પડખું ફેરવે તો હજારો ઈયળ આમ પડે, આમ ફેરવો તો આમ. બટકા ભરે ચારે કોર અને દુઃખ તે દુઃખ. આહાહા..! યુવાન અવસ્થા, અઢાર વર્ષની ઉંમર. આહાહા..! એટલું દુઃખ. બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. કંઈ સહન થતું નથી, ક્યાંય નજર ઠરતી નથી. ક્યાંય પડખે સૂવે સુખ નથી. આહાહા..! ઈયળ.. ઈયળ.. ઈયળ. દેહ છૂટી ગયો. આહાહા..! બાપુ! નાશવાનમાં તું શું જોવા જા છો? નાશવાનમાં ટકતું ટકવું જોવા જાય છે? અને ટકતા તત્ત્વને તું જોવા જા તો... આહાહા..! અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ એની

નજર કર, ભાઈ! ત્યાં જા, તને ત્યાં શાંતિ થશે. આહાહા..! યૌવન અવસ્થા ને ધન એ તો બધા દુઃખના નિમિત્ત અને નાશવાન. આહાહા..! '**ધન ઔર યૌવન અવસ્થામેં ક્યા તૃષ્ણા કર રહા હૈ.**' આહાહા..!

**ભાવાર્થ :—** '**ધન,...**' લક્ષ્મી, '**ધાન્ય,...**' અનાજ, ઘર. લ્યો શેઠ! આ ઘર તમારું છ લાખનું ઘર. અને આ ભાઈને સીત્તેર લાખનું ઘર, આ જોડે બેઠા. નવનીતભાઈનું સીત્તેર લાખનું મકાન છે. અમે એના મકાનમાં ઉતર્યા હતા ને. એક મકાન સીત્તેર લાખનું. શું પણ ધૂળમાં? આહાહા..!

મુમુક્ષુ :— જ્યાં સુધી છે ત્યાં સુધી તો છે.

ઉત્તર :— જ્યાં સુધી છે ત્યાં સુધી નાશવાન છે બધું. આહાહા..! ઈ પણ જોડે છે એને વાપરવું તે મમતા છે. જડને વાપરી શકે છે આત્મા? આહાહા..! મમતા કરે કે હું આમાં રહું છું. પણ જે મારું ઘર છે તેમાં રહેતો નથી અને હું આમાં રહું છું એમ માને છે. આહા..! સમજાણું કાંઈ?

'**ધન, ધાન્ય, મનુષ્ય,...**' નોકર-ચાકર, સ્ત્રી, દીકરા-પુત્ર, પશુ, હાથી, ઘોડા, ઘરના મકાન હોય ને. '**આદિક પદાર્થ જો સબેરેકે સમય દેખે થે,...**' આહાહા..! '**વે શામકે સમયમેં નહીં દિખતે,...**' ખલાસ થઈ જાય છે. '**નષ્ટ હો જાતે હૈં, ઐસા જગતકા ઠાઠ...**' ભગવાન આનંદનો ઠાઠ તારો ઠાઠ છે અંદર. આનંદની પુંજીનો પુંજ તું છો. એના ઉપર દૃષ્ટિ દે, ટકતાને જો તું, નાશવાનનો જોવું છોડી દે. મારું માનવું છોડી દે પણ એને જોવું છોડી દે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પ્રશ્ન કર્યો હતો ને હમણાં કો'કે? જોનારને જો. કોઈકે મૂક્યું હતું, નવરંગભાઈએ. સાચી વાત છે. જોનાર પ્રભુ છે ચૈતન્યમૂર્તિ એને જો. જેની પર્યાય છે તેને જો ને. આહાહા..! એ વસ્તુ છે એ કંઈ આત્માની પર્યાય નથી અને આત્માની ચીજ નથી. આહા..! જેની પર્યાય છે તેને ન જોતાં, જે એનામાં નથી એની પર્યાય જોવા જાય છે એ તો મિથ્યાત્વ છે. આહાહા..! ભારે વાત ભાઈ. સમજાણું કાંઈ? એકલો પરપ્રકાશક જ્ઞાન પરને પ્રકાશે એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

સ્વપરપ્રકાશક ભગવાન જે આત્મા.. આહાહા..! ૧૭મી ગાથામાં ન આવ્યું? ૧૭-૧૮. આહાહા..! સમયસાર. ભગવાન! જ્ઞાનની પર્યાય જે તારી વર્તમાન છે એમાં એનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. ખરેખર તો જ્ઞાનની પર્યાયમાં સ્વ જ્ઞાયક જ જણાય છે. આહાહા..! ઝીણી વાત છે ભાઈ! જે જ્ઞાનનો પર્યાય ઉઘાડ—વિકાસ છે એનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક છે. એથી ખરેખર તો જ્ઞાનની પર્યાયમાં સ્વ જ્ઞાયક જ જણાય છે. આહાહા..! ઝીણું છે, રમણીકભાઈ! આવો માર્ગ છે. કહે છે કે રાગની વાત તો છોડી દે, આહાહા..! પણ તારી જે જ્ઞાનની પર્યાય છે એમાં જાણવાનો સ્વભાવ (છે), તો જ્ઞાયક જ જણાય છે. કારણ કે પર્યાયનું સ્વરૂપ જ સ્વપરપ્રકાશક છે એ ક્યાં જાય? આહાહા..! એ પર્યાય સ્વને જ પ્રકાશે છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ તે ઉપર નથી તેથી આ જાણે રાગને જાણે છે, પરને જાણે છે એવો પરપ્રકાશક સ્વભાવ એકાંત કરીને મિથ્યાત્વ સેવે છે ઈ. આવી વાત છે. રાગ, દયા, દાન, વ્રત વિકલ્પ આવે, હોય. કહેશે, શ્રાવકને આત્મજ્ઞાન સહિત વીતરાગતાનું

ચારિત્રપણું અંગીકાર ન કરે ત્યાં સુધી એને દાન, ભક્તિ, પૂજાનો ભાવ હોય એને. સમજાણું કાંઈ? પણ એ બધો રાગ છે. અહીંયા તો રાગને જાણવું એકલું એ પણ મિથ્યાત્વ છે એમ કહે છે. આહાહા..!

વ્યવહારરત્નત્રયનો રાગ એનાથી નિશ્ચય થાય એ તો છે નહિ. આહાહા..! રાગથી વીતરાગતાને કેમ મદદ મળે? પ્રભુ તો વીતરાગસ્વરૂપ છે. આહાહા..! એ વીતરાગસ્વરૂપ રાગની સહાયથી પ્રાપ્ત થાય એ તો નથી, આહા..! પણ એની જ્ઞાનની પર્યાયમાં એકલો પરપ્રકાશક થાય તેથી સ્વપ્રકાશક મળે એમ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે એ પર્યાયનું સામર્થ્ય જ એટલું છે. આહાહા..!

કળશટીકામાં લીધું છે કે એક સમયની પર્યાયને માને એણે છ દ્રવ્યને માન્યા. કળશ. જ્ઞાનની એક સમયની પર્યાય છે એને છ દ્રવ્ય છે તેને જાણવાની તાકાત છે તેથી પર્યાયમાં છ દ્રવ્યને એણે જાણ્યા. પણ એ પર્યાયમાં જ્ઞાયક જણાય છે તે દૃષ્ટિ ત્યાં નથી એની. આહાહા..! સમજાણું કાંઈ? આવો આત્મા છે.

મુમુક્ષુ :— જ્ઞાયક તરફ દૃષ્ટિ નથી તો જ્ઞાયક કેવી રીતે જણાય?

ઉત્તર :— જ્ઞાયક જણાય, નજર કરે તો જણાય. જ્ઞાયક તો છે જ પર્યાયમાં પણ દૃષ્ટિ ત્યાં નથી એટલે જ્ઞાયક જણાતો નથી. દૃષ્ટિ પર્યાય ઉપર અને પર ઉપર છે. આહાહા..! ઝીણી વાતું છે, બાપુ! આહાહા..!

મુમુક્ષુ :— દૃષ્ટિ વગર જણાય તો પછી...

ઉત્તર :— દૃષ્ટિ વિના જણાય નહિ. જે છે એના ઉપર લક્ષ (જાય નહિ) ત્યાં સુધી જણાય શી રીતે? જાણવાના પર્યાયનો સ્વભાવ તો આખા જ્ઞાયકનો જ થયો છે, રહ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :— આપે કહ્યો અને અમે જાણ્યો.

ઉત્તર :— એનું જાણવું પર્યાયમાં ત્યારે કહેવાય કે જાણનાર ઉપર એની દૃષ્ટિ પડે ત્યારે એને જાણ્યો કહેવાય. જાણે તો છે. આહાહા..! આવી વાતું લોકોને... હેં! આકરું લાગે. માર્ગ તો આવો બાપુ છે ભાઈ. આહાહા..!

પર્યાયમાં.. આહાહા..! જ્ઞાનની પર્યાયને? એ પર્યાયનો, જેમ ત્રિકાળી જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક સામર્થ્ય છે એવું જ જ્ઞાનની પર્યાયનું સ્વપરપ્રકાશક સામર્થ્ય છે. નિયમસારમાં લીધું છે ને ભાઈ? કે ત્રિકાળી વસ્તુ તે પોતે સ્વપરપ્રકાશક. પોતાને આત્મા જાણે છે અને પરને જાણવાનો પણ સ્વભાવ એમાં છે. આહાહા..! ત્રિકાળીનો હોં! આહાહા..! એમ તારી વર્તમાન પર્યાયમાં ભાઈ એનું સામર્થ્ય તો એટલું જ છે. આખો પરમાત્મસ્વરૂપ ભગવાન. આ પરમાત્મપ્રકાશ ચાલે છે ને. અહીં નાશવાનની દૃષ્ટિ છોડે એમ કહે છે ને. છોડીને તે પર્યાય જેને જાણે છે, એ જાણવાનું સામર્થ્ય ત્યાં નજર કર. આહાહા..! ત્યારે તે પર્યાય સ્વને જાણે એમ યથાર્થ એની દૃષ્ટિમાં આવ્યું. જાણી તો શકે છે. આહાહા..! આબાળગોપાળ આત્મા ભગવાન. એની પર્યાય વર્તમાન જ્ઞાનની દશા... પર્યાય કોને કહેવી? દ્રવ્ય-ગુણ (કોને કહેવા)?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અનુભૂત હોવા છતાં એટલે જ્ઞાનમાં જણાય છે એમ અનુભૂતિ. અનુભૂતિ કરે છે એમ નથી. જ્ઞાનની પર્યાયમાં એ જણાય છે એમ હોવા છતાં એ જણાય છે તેના ઉપર એની નજર નથી.

મુમુક્ષુ :— નજર નથી તો કેવી રીતે જણાય?

ઉત્તર :— નજર ન્યાં કરે તો જણાય. જાણનારો જણાય છે પર્યાયમાં પણ નજર કરે ત્યારે જાણનારો જણાય છે એમ નક્કી થાય. આહાહા..! આવી વાતું. હેં!

મુમુક્ષુ :— ભાઈનો પ્રશ્ન સમજાણો નહિ.

ઉત્તર :— એમ કહે છે કે અનુભૂતિ તો બધાને છે એમ કહે છે. ૧૭-૧૮માં. અનુભૂતિ કઈ? એમ કહે છે. અનુભૂતિમાં તો આવે છે એમ કીધું.

મુમુક્ષુ :— એમાં તો છે કે બધા જાણે છે.

ઉત્તર :— ઈ જાણે છે પણ એના ઉપર નજર નથી એની, એનો સ્વીકાર કરતો નથી. કેટલામી? ૧૭-૧૮. '**પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા...**' જોયું! ઓલી અનુભૂતિ છે ને.

મુમુક્ષુ :— એ તો ત્રિકાળી અનુભૂતિ.

ઉત્તર :— એની વાત છે. '**આત્મા આબાળ ગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...**' અનુભવમાં આવે છે એમ કીધું. ત્રિકાળ અનુભવસ્વરૂપ ભગવાન અનુભવમાં જ્ઞાનની પર્યાયમાં આવતો હોવા છતાં '**અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...**' ફેરફાર પર્યાયદૃષ્ટિ અને દ્રવ્યદૃષ્ટિનો ફેરફાર કેટલો ઈ બતાવે છે. આહાહા..! વીતરાગમાર્ગ બાપુ.. આહાહા..! ત્રણલોકના નાથ ચૈતન્યસૂર્ય એને પ્રગટ થયો છે ઝળહળ જ્યોતિ. આહાહા..! એ બધું પ્રગટ થયું તે સ્વરૂપમાં હતું તેમાંથી આવ્યું છે. આહાહા..! કંઈ બહારથી આવતું નથી. એક ન્યાયે તો એમ છે. બીજા ન્યાયે, જે પ્રગટ પર્યાય થઈ છે તે દ્રવ્યના આશ્રયથી થઈ નથી. એના પોતાના સામર્થ્યથી પ્રગટ થઈ છે. આહા..! આવો આત્મા ભગવાન બિરાજે છે પણ એના સામર્થ્યની એની શક્તિનું સામર્થ્ય ગુણનું કેટલું, પર્યાયનું કેટલું એ સામર્થ્યની એને ખબર નથી. પરમાં સામર્થ્ય કરે એમાં આ કરી દીધું ને આ કરી દીધું. ધૂળ કરી શકતો નથી કાંઈ. આહાહા..! મિથ્યા શલ્ય મોટું છે અંદર. એટલે? પર્યાયમાં અનુભૂતિસ્વરૂપ ભગવાન સદાય અનુભવમાં જ્ઞાનમાં જણાતો છતાં. એમ. અનુભવમાં એટલે જ્ઞાનમાં જણાતો છતાં.

મુમુક્ષુ :— અનુભૂતિ નથી.

ઉત્તર :— અનુભૂતિ નથી, પણ પર્યાયનો સ્વભાવ છે ને પ્રગટ. સ્વભાવ છે તે જ્ઞાનમાં આવે છે. પર્યાયનો સ્વભાવ છે તો જ્ઞાન એનું આવે જ છે. પણ એની દૃષ્ટિ એના ઉપર નથી, પર્યાય ઉપર

દૃષ્ટિ છે. આવતો છતાં નથી આવતો એને માને છે. આહાહા..! આવી વસ્તુ છે. આહાહા..! જુઓ તો ખરા. ક્યાંય મળે એમ નથી એવો વીતરાગ ભગવાનઆત્મા.

ધન ને યૌવન નાશવાન બાપુ! આહાહા..! એ યુવાની ઝોલા ખાય, વૃદ્ધાવસ્થા આવીને ઊભી રહેશે, ભાઈ! આહાહા..! મોઢા ફાટ્યા રહેશે, હાડકા આમ થાશે. મોઢામાંથી લાળું પડશે. આહા..! બાપુ! એ તો નાશવાન ચીજ છે ને, ભાઈ! અવિનાશી ભગવાનઆત્મા પર્યાયમાં આવતો છતાં પર્યાયમાં આવે છે તેમ એની નજરમાં સ્વીકાર નથી.

મુમુક્ષુ :— નજરમાં આવી રહ્યો છે...

ઉત્તર :— આવી રહ્યો છે છતાં તેને સ્વીકાર નથી. આહાહા..! આવી વાત છે ક્યાં? હેં! આહાહા..! દિગંબર જૈનદર્શન એ સિવાય આ વાત ક્યાંય નથી. આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ ભગવાનના શાસ્ત્રમાં છે ને. આહાહા..!

'**જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા...** ' આહાહા..! આવી તો ભાષા વાપરી છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન ત્રિકાળ હોં! ૭૩ ગાથામાં નથી કહ્યું? ભાઈ! ૭૩માં. કહ્યું છે, ઘણીવાર કહ્યું છે. અનુભૂતિ ષટકારકથી પાર હોવા છતાં એનાથી... ૭૩ લ્યો. ષટ્ '**કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ...**' એ ત્રિકાળી. ઝીણી વાત છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ છે ને. કહ્યું હતું તે. જ્યારે દીક્ષિત થવા માગે છે ને? પ્રવચનસાર. સ્ત્રીને કહે છે, હે સ્ત્રી શરીરને રમાડનારી, તું મારા આત્માને રમાડી ન શક, ભાઈ! આહાહા..! રજા દે બા, મને રજા દે. આહાહા..! મારી અનાદિની અનુભૂતિ છે એની પાસે હું જવા માંગુ છું. આહાહા..!

આ થોડું તો વૈરાગ્યની વાત કરી નહોતી? ભર્તૃહરિની. હતા તમે હમણા? ભર્તૃહરિ મોટો માળવાનો અધિપતિ, બાણુ લાખ માળવાનો અધિપતિ. એને ખબર પડે છે કે અરેરે! હું એક મોટો રાજા. મારો ભાઈ ... અરેરે! મારી સ્ત્રી આ ઘોડેસવારની સાથે? આહાહા..! આ શું? 'દેખ્યા નહિ કુછ સાર જગતમેં દેખ્યા નહિ કુછ સાર, પ્યારી મારી રાણી પીંગળા અશ્વપાળકો યાર.' આહાહા..! અરે! આ સંસાર અસાર. આહાહા..! દૃષ્ટિની ખબર નથી પણ વૈરાગી. એનો ગુરુ કહે છે, રાજન્! પીંગળા પાસેથી આહાર લઈ આવ. જા, જેને તેં છોડી તેની પાસે જા. આહાહા..! એને તો અપમાન અપમાન થઈ ગયું હતું. હે રાજન્! મેં કાંઈ કર્યું નથી. ભીક્ષા રે દેને મૈયા પીંગળા. આહાહા..! પ્રભુ! મને મા ન કહો. માતા! મારા ગુરુએ મને આહાર લેવાનું કહ્યું છે, જમાત ચાલી જાય છે. ભીક્ષા દેને મૈયા તું. આહાહા..! એ કેવી સ્થિતિ હશે. ઈ વર્ણવે છે જ્યારે નાટકમાં.. અત્યારે તો આ બધા ફિલ્મો-બિલ્મો કાળા કેર કરી નાખ્યા. એ વખતે તો નાટક વૈરાગી. આહાહા..! ઓલો જેની સાથે સેંકડો વર્ષ ભોગ લીધા છે એને જઈને કહે છે, માતા! મા પીંગળા! મને આહાર દે, મારા ગુરુએ કહ્યું છે. રાજન! મા ન કહો. હું તો આજે ઉદાસ છું, કાંઈ કર્યું નથી. 'ખીર રે બનાવું એક ક્ષણમાં,' બીજું

તો કાંઈ નથી, રાજન્! હું ખીર બનાવું દૂધની, ખાઈને જાવ. રોકાવાનો વખત નથી. આહાહા..! શેઠ! રોકાવાનો વખત નથી, મા! દેવું હોય તો દે કંઈ પણ હોય તો, નહિં તો જમાત ચાલી જાય છે, હું ચાલ્યો જાઉં છું. દૃષ્ટિની ખબર નહિ પણ વૈરાગ્ય તો એટલા અંદર. આહાહા..! ઘણા નાટક જોયા છે ને, એવા બધા વૈરાગ્યના ઘણા જોયેલા. આહા..!

અહીં તો કહે છે, પ્રભુ! આહા..! પર્યાયમાં ષટ્કારકનું પરિણમન જે છે નિર્મળનું, વર્તમાન પર્યાયમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એવી એક સમયની પર્યાયનું પરિણમન છે કારકોનું એનાથી ભિન્ન અનુભૂતિ ભગવાન ત્રિકાળ તે અનુભૂતિ છે. આહાહા..! જેની પર્યાયમાં અનુભવ છે એ દ્રવ્ય પોતે અનુભવસ્વરૂપ ત્રિકાળ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા, અહીં કીધું ને જુઓને. '**નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું...**' આહાહા..! ઊતરેલી પાછી હોં! ષટ્કારકથી ઊતરેલી. આહાહા..! પ્રક્રિયાથી પાર. આહાહા..! આ તે વાત છે! પ્રભુ! પણ ષટ્કારક દ્રવ્ય-ગુણમાં છે ને શક્તિરૂપે સ્વભાવરૂપે સત્ત્વરૂપે? તો પર્યાયમાં ષટ્કારકનું પરિણમન આવે કે નહિ? આહાહા..! સમજાણું કાંઈ? એ પર્યાયમાં ષટ્કારકનું નિર્મળ હોં પરિણમન. સમજાણું? આહાહા..! '**પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ...**' આહાહા..! ત્રિકાળ. પર્યાયમાં અનુભૂતિ ષટ્કારકરૂપે પરિણમે છે એ તો પર્યાય છે પણ એનો દ્રવ્યસ્વભાવ ત્રિકાળ અનુભૂતિસ્વરૂપ જ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવો ભગવાન અનુભવસ્વરૂપ પ્રભુ, સ્ત્રીને કહે છે ત્યાં પ્રવચનસારમાં, આહા..! શરીરને રમાડનારી સ્ત્રી, મને રજા દે. ગુરુની પાસે જાવું છે દીક્ષિત થવા માટે. આહાહા..! એમ ન કહ્યું. હું મારી અનુભૂતિ ત્રિકાળ સ્ત્રી છે એની પાસે જવા માગું છું. આહાહા..! એ વખતે વૈરાગ્યનું સાંભળતા તો એવું થઈ જતું, જાણે આ સ્થાનમાં આપણે હોઈએ. એમ થઈ જાય છે. આહા..! જુઓને! અહીં અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા, અહીં કહ્યું, ષટ્કારકની પરિણતિથી ભિન્ન અનુભૂતિ ભગવાન. ત્યાં સ્ત્રીને કહ્યું, મારી અનુભૂતિ ત્રિકાળ જે અનુભવસ્વરૂપ ભગવાનઆત્મા.. આહાહા..! એની પાસે જવા માગું છું, રજા દે. અમે ચાલ્યા જશું વનમાં. આહાહા..!

અહીં કહે છે, '**પશુ આદિક પદાર્થ જો સબેરેકે સમય દેખે થે, વે શામકે સમયમેં નહીં દિખતે,...**' આહાહા..! '**ઐસા જગતકા ઠાઠ વિનાશિક જાનકર...**' યૌવન ને ધન ને ઘર ને સ્ત્રી, કુટુંબની તૃષ્ણા છોડ પ્રભુ. તારે ક્યાં રહેવું છે? ક્યાં જાવું છે? તારો ભવિષ્યનો અનંતકાળ ક્યાં રહેવું છે તારે? હેં! પ્રભુ! તારે રહેવું છે કે નહિ? ક્યાં રહેવું છે? ભાઈ! અનંતકાળ ક્યાં રહેવું છે? જ્યાં રહેવું છે ધ્રુવ છે ત્યાં રહેવું છે પ્રભુ તારે. અને રાગ ને મિથ્યાત્વમાં રહીશ તો દુઃખી થઈને રહીશ અનંતકાળ ભવિષ્યમાં. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! શું સંતોએ જગતને જાહેર કર્યું છે. આહાહા..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આહા..! જગતના ધર્મના થાંભલા, ધર્મના ધુરંધર. આહાહા..! જેના એક એક વાક્યમાં આત્મા તરવરે છે અંદર. આહાહા..!

કહે છે, **'પશુ આદિક પદાર્થ જો સબેરેકે સમય દેખે થે, વે શામકે સમયમેં નહીં દિખતે,...'** આહા..! એ તો પ્રવીણભાઈનો દાખલો આવ્યો. ભાઈ કહેતા હતા. રાતના દસ વાગ્યા સુધી તો વાતું કરતા હતા ભાઈ સાથે, વજુભાઈ અને હિંમતભાઈ. કહો, એને ત્યાં સુધી કહ્યું.. આહા..! ફોન આવ્યો હતો. ડોક્ટર લઈને આવો. આહાહા..! બીજો ફોન આવ્યો, દેહ છૂટી ગયો. આહાહા..! જુઓ આ ચીજ, પરદા. નાશવાનના પરદા તો આવા છે, બાપુ! તું કોને ટકાવવા માગે છે? ભાઈ! આહા..! અહીં કહે છે, જગતના ઠાઠ, આહાહા..! મોટા બંગલા ને બાયડી, છોકરા ને પાંચ પાંચ દીકરી પરણેલી, એમ.એ.માં પાસ થયેલી ડોક્ટરનું. આહાહા..! એમાં બેઠા હોય તો એને લાગે કે આહા..! અરે! પ્રભુ! એ બધું નાશવાન છે, નાથ! એ તારી ચીજમાં નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાને તો ત્યાં સુધી કીધું ૩૮માં, કેવળજ્ઞાન અને સંવર, નિર્જરાની પર્યાય નાશવાન છે ને પ્રભુ. આહાહા..! આશ્રય કરવા જેવો નથી. નાશવાનનો આશ્રય કરાય? આહા..! ઈ શ્લોકમાં છે. **'जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा।'** આહાહા..! સંવર, નિર્જરા, મોક્ષ એ બહિતત્ત્વં. હવે આ તો માટી ક્યાં રહી. આહાહા..! ધન, યૌવન, લક્ષ્મી એ તો બહિર્‌તત્ત્વ. બહિરમાં બહિર. આહાહા..! પુણ્ય-પાપના વિભાવ બહિર્‌તત્ત્વ વિભાવીક છે. પણ સંવર, નિર્જરા ને મોક્ષ ધર્મની પર્યાય, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય આહાહા..! ભગવાન! એ નાશવાન છે. આહાહા..! ધર્મની પર્યાય નાશવાન. એય! શેઠ! એક સમયની અવસ્થા છે ને. આહા..!

મુમુક્ષુ :— બહિર્ તત્ત્વને આત્મા સ્પર્શતો નથી.

ઉત્તર :— અડતો નથી. પર્યાયને દ્રવ્ય કેમ અડે? આહાહા..! તો વળી આ શરીરને ને બાયડીને ને છોકરાને અડે ને સ્પર્શે, પ્રભુ! તને ભ્રમણા છે, ભગવાન! આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

મુમુક્ષુ :— ધ્રુવ ને ઉત્પાદ બેય જુદી જુદી ચીજ છે.

ઉત્તર :— જુદી જુદી, બેય જુદા છે. ઉત્પાદ-વ્યય ધર્મ ભિન્ન છે, ધ્રુવનો ધર્મ ભિન્ન છે. આહાહા..! ૧૦૧ ગાથામાં ત્યાં સુધી લીધું, ૧૦૧ પ્રવચનસાર. ઉત્પાદ તે વ્યયની અપેક્ષાએ નથી. શૈલી તો જુઓ! પરવસ્તુની અપેક્ષાએ નથી પણ ઉત્પાદને વ્યયની અપેક્ષા નથી. વ્યયને ઉત્પાદની અપેક્ષા નથી, ઉત્પાદને ધ્રુવની અપેક્ષા નથી, ધ્રુવને ઉત્પાદની અપેક્ષા નથી. આહાહા..! આવું નિરપેક્ષ સ્વયંસિદ્ધ તત્ત્વ ભગવાન બિરાજે છે ને ભાઈ! હવે આ તકરાર કરે. શું કરે ભાઈ? એને સાંભળવા મળ્યું નથી ને.

મુમુક્ષુ :— ગુરુદેવ! ઉત્પાદ વ્યય વિના નહિ. ધ્રુવ ઉત્પાદ વિનાનું નહિ તેમ આવે છે.

ઉત્તર :— એ તો પરથી ભિન્ન સિદ્ધ કરવા. પજ્જય વિહુત્તં દવ્વં. પંચાસ્તિકાયમાં એમ આવે છે, પર્યાય વિનાનું દ્રવ્ય નહિ, દ્રવ્ય વિનાની પર્યાય હોય નહિ. એ બધી ખબર છે ને. એ તો પરથી ભિન્ન સિદ્ધ કરવા દ્રવ્ય, પર્યાય વિજુતં એમ. પણ અંદરથી ભિન્ન સિદ્ધ (કરવા), સત્ છે ને? ત્રણે સત્ છે ને? છે એને, છે એને હેતુ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુ છે એનો કર્તા

કોણ? એનો હેતુ કોણ બીજો? એમ પર્યાય છે એને હેતુ ક્યો બીજો? તે સમયનો તે પર્યાય પોતાની અપેક્ષાથી છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું છે સ્વરૂપ. અરે! ભગવાનના ઘરની વાત તો આમ છે, ભાઈ! લોકોને બિચારાને બહાર ચડાવી દીધા છે ને. એટલે (કહે છે), એ તો ભ્રષ્ટ છે સોનગઢ. અરે! બાપુ! એમ રહેવા દે બાપા, તને નુકસાન થશે, ભાઈ! એના નુકસાનના ફળ બાપુ તને આકરા પડશે, ભાઈ! દુનિયામાં ફાવી જઈશ અત્યારે. પુણ્યને લઈને હોં! આહા..!

જુઓને! '**શામકે સમયમેં નહીં દિખતે, નષ્ટ હો જાતે હૈં, ઐસા જગતકા ઠાઠ વિનાશિક જાનકર ઈન પદાર્થોંકી તૃષ્ણા છોડ...**' અહીં દૃષ્ટિની ભાવના કર અને આ દૃષ્ટિ છોડ એમ કહે છે. આહાહા..! '**ઔર શ્રાવકકા તથા યતીકા ધર્મ સ્વીકાર કર,...**' આ તો સમકિત સહિતની વાત છે હોં! જેને આવું ભાન, પ્રતીત થઈ ગઈ છે અંદરથી, હવે એને કહે છે કે આગળ જા ને, વધને બાપુ! ત્યારે ઈ કંઈ શ્રાવકના ને સાધુના વ્રત આવે એટલે ગુણસ્થાન પાંચમું, છઠ્ઠું થઈ જાય એમ નથી. ઘણા એમ કહે છે ને. ફેરવ્યું બધું પણ અટકીને પડ્યા છો ત્યાં તમે. શું પાંચમું છઠ્ઠું? વ્રતના વિકલ્પ આવે માટે આવી જાય એમ છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**શ્રાવકકા તથા યતીકા ધર્મ સ્વીકાર કર,...** '

મુમુક્ષુ :— ધર્મ શબ્દ વાપર્યો છે, વ્રત નથી વાપર્યા.

ઉત્તર :— હા, ધર્મ સ્વીકાર કર. ધર્મમાં પછી આવશે, આવો કર વ્યવહાર. સમાધિ શતકમાં આવે છે ને? તડકે બેસવા કરતાં છાંયે બેસવું ઠીક છે. એમ અવ્રતમાં રહેવું ઈ કરતાં વ્રતમાં રહેવું ઈ છાંયો છે. પણ વ્રતમાં છાંયો ક્યારે કહેવાય? કે જ્યારે અંદર એને ગુણસ્થાનની શાંતિ વધી ગઈ છે પાંચમા અને છઠ્ઠાની, ત્યારે એના વ્રતના વિકલ્પનો વ્યવહાર કહેવાય છે. આહાહા..! અરેરે! શું છે? વ્રત એટલે આ વ્રત લીધા ઈ છાંયો. વિકલ્પ ઈ છાંયો છે? વ્રત કોને હોય? કે જેને અંદર શાંતિ વધી ગઈ છે, બીજા કષાયના અભાવની. આહાહા..! એને વ્રત હોય છે.

મુમુક્ષુ :— વ્રતનો અભ્યાસ કરે...

ઉત્તર :— અભ્યાસ શી રીતે કરે? અંદર પોતાનો અભ્યાસ કરે કે આનો અભ્યાસ કરે વિકલ્પનો? ઝીણી વાત છે ભાઈ! આ કાળે તો ... બાપુ! આહા..! ગુણસ્થાનની દશા એમાં આ વિકલ્પ હોય એની વાત કરે છે. જુઓ! વ્રત લઈને બેઠા. પણ વ્રત કોને? આહાહા..! જેને ભગવાન પૂર્ણ શક્તિવાન, ભગવાન પૂર્ણ સામર્થ્યવાન પ્રતીતમાં, અનુભવમાં, જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય થઈને ભાસ્યો છે એને હવે ઠરવા માટે, આગળ ઠરે છે થોડું તો એને શ્રાવકના વ્રતના વિકલ્પ હોય છે. વિશેષ ઠરે છે તો એને મહાવ્રતના વિકલ્પ હોય છે. આહાહા..! સ્વનો આશ્રય ન લ્યે અને પંચમ ગુણસ્થાન આવી જાય વિકલ્પ દ્વારા, એવી વાત છે ભાઈ. સમજાણું કાંઈ? મહાવ્રતના કે બાર વ્રતના વિકલ્પ થયા પણ સ્વનો આશ્રય ન થાય તો થઈ રહ્યું, એ તો થોથા થયા. અને એ વિકલ્પ આવ્યા માટે સ્વનો આશ્રય થાય (એમ નથી). વ્યવહારથી એમ કહેવાય કે પંચમ ગુણસ્થાન, ચોથા ગુણસ્થાનમાં સાધુપણાના વ્રતનો વિચાર કરે. દીક્ષા આપે ગુરુ એ પણ લ્યે. ગુણસ્થાન તો ચોથું, પાંચમું છે. એમાં

વ્રતના વિકલ્પ આવ્યા, પણ જો આશ્રય પાછો ઉગ્ર ન કર્યો તો ગુણસ્થાન ચોથું અને પાંચમું રહી ગયું, છઠ્ઠું ન આવ્યું. સમજાણું કાંઈ? આવી વાતું બધી.

મુમુક્ષુ :— ચોથે ગુણસ્થાને દ્રવ્યલિંગનો અભ્યાસ નહિ.

ઉત્તર :— દ્રવ્યલિંગ છે. દ્રવ્યલિંગનો અભ્યાસ નહિ, દ્રવ્યલિંગ હોય છે. અભ્યાસ છે માટે છઠ્ઠું થાય એમ નહિ. અંદર ઉગ્ર આશ્રય કરવો જોઈએ (એ નથી કરતો). આ પણ શું, અગિયાર અંગનું જાણપણું કરે, પંચમહાવ્રત લે, પણ આ સ્વનો આશ્રય ન કરે તો થઈ રહ્યું. ઈ ભગવાનના ભેટા ન કરે અંદરમાં. આહાહા..! જ્ઞાન એ જ્ઞાન નથી, વ્રત એ વ્રત નથી. હેં! એવું છે.

'**શ્રાવકકા તથા યતીકા ધર્મ સ્વીકાર કર, ધન યૌવનમેં ક્યા તૃષ્ણા કર રહા હૈ.** ' આહાહા..! એ પૈસાની ધૂળમાં તૃષ્ણા કરે. આહાહા..! '**તો ક્યા કરે?**' વ્યવહાર ... '**નિશ્ચય-વ્યવહારરત્નત્રયકે આરાધક જો યતિ...**' શ્રાવક થયો છે આત્મા-આશ્રયમાં, પણ મુનિ થઈ શકતો નથી. હેં?

મુમુક્ષુ :— જલકે બૂલબૂલપનેકે સમાન...

ઉત્તર :— હા, '**જલકે બૂલબૂલપનેકે સમાન ક્ષણભંગુર હૈં.**' જળમાં બબુલો ઉઠે ને? પરપોળો એની પછી ફૂટી જશે. ગોટો ઉઠે આમ પાણીમાં મળતો જાય આમ ધોળો. હેં! ફટ ફૂટી જાય. એમ આ બધા યૌવન ને ધન જળના બબુલા સમાન ક્ષણભંગુર છે. આહાહા..! પણ ભઈ અમારી પાસે તો પચ્ચીસ, પચાસ, સો વર્ષ રહે છે, ક્ષણભંગુર ક્યાં છે? અરે! પ્રભુ! નથી રહેતા, તને ખબર નથી. એ તો બદલતી પર્યાય રહે છે એ તને ખબર નથી. એવું ને એવું તને લાગ્યા કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**યહાં કોઈ પ્રશ્ન કરે, કિ ગૃહસ્થી ધનકી તૃષ્ણા ન કરે...**' ગૃહસ્થી હોં અહીં. વજન અહીં છે. '**ધનકી તૃષ્ણા ન કરે તો ક્યા કરે? ઉસકા ઉત્તર—નિશ્ચયવ્યવહારરત્નત્રયકે આરાધક જો યતિ...**' આહાહા..! જુઓ! અહીંયા વ્યવહારને આરાધક કહ્યો. અહીં નિશ્ચયનું આરાધન છે એને વિકલ્પમાં વ્યવહારના આરાધનનો આરોપ આપ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? '**નિશ્ચયવ્યવહારરત્નત્રયકે આરાધક...**' જે મુનિ ધર્માત્મા સંત આનંદકંદમાં રહેનારા. આહાહા..! જેને પ્રચુર સ્વસંવેદન છે. આનંદનું પ્રચુર સ્વસંવેદન છે તેને મુનિ કહેવામાં આવે છે. આહાહા..! એવા મુનિઓને, '**ઉનકી સબ તરહ ગૃહસ્થકો સેવા કરની ચાહિયે,...**' એવો ભાવ એ વખતે હોય, એમ. શુભભાવ. '**ચાર પ્રકારકા દાન દેના,...**' ... હોય છે ને. દેવાનો અધિકાર આવે ત્યાં એવું જ આવે છે. આહા..! પદ્મનંદી પંચવિંશતિમાં આવે છે, અરે! જેને ઘરે સંતોના આહાર નથી, એ ગૃહસ્થાશ્રમને પાણીમાં બોળી દે. પાણી બોળી દે. આહાહા..! એને મુનિની ભાવના, મુનિપણાની ભાવના છે. મુનિપણું થઈ શકતું નથી તેથી મુનિપણાની મદદમાં આવા દાનાદિના ભાવ હોય છે. આહા..! ત્યાં સુધી પણ કહેવાય કે જેણે દાન દીધું ઈ મોક્ષમાર્ગ દીધો. નિમિત્તથી કથન આવે. આહાહા..! '**ચાર પ્રકારકા દાન દેના,...**' છે ને?

**'ધર્મકી ઈચ્છા રખની,...'** એટલે ચારિત્ર પ્રગટ થાય એની ભાવના રાખવી. આહાહા..! છ ઢાળામાં આવે છે ને? 'ચારિત્રમોહ વશ લેશ ન સંયમ, તોપણ સુરનાથ જજૈ હૈં.' છ ઢાળામાં આવે છે. સમ્યગ્દર્શન જેને આત્માના આનંદનો અનુભવ છે, આહાહા..! એ ચારિત્રમોહના ઉદયને વશ થાય છે. એને લઈને નહિ હોં! ચારિત્રમોહના ઉદયના વશને લઈને ચારિત્ર જરીયે નથી. છતાં સુરનાથ ઈન્દ્રો એને પૂજે છે. આહાહા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ચટાચટી ઈ ઓલામાં. છ ઢાળામાં આમ આવે છે. ચારિત્રમોહવશ લેશ ન સંયમ, તોપણ સુરનાથ જજૈ હૈં. લેશ ન સંયમ, ઈ કહ્યું ને. આહાહા..!

**'ધર્મકી ઈચ્છા રખની,...'** જોયું! ભાવના તો શુદ્ધ ચૈતન્યના નિર્મળ થવાની ભાવના રાખવી. **'ધનકી ઈચ્છા નહીં કરની.'** તો શું કરવું આ બધાનું? રમણીકભાઈ! દુકાન બંધ કરવી? આ બધા કરોડોપતિ બેઠા, શું કરવું લ્યો? કોણ હતો કરોડપતિ? જડનો પતિ આત્મા હોય?

મુમુક્ષુ :— એક બાજુથી આપ જ કહો છો.

ઉત્તર :— એ તો ઓળખાવવા માટે કહ્યા. આહાહા..!

**'જો કિસી દિન પ્રત્યાખ્યાનકી ચૌકડીકે ઉદયસે શ્રાવકકે વ્રતમેં ભી હૈ,...'** જોયું! **'તો દેવ પૂજા, ગુરુકી સેવા, સ્વાધ્યાય, દાન, શીલ, ઉપવાસાદિ અણુવ્રતરૂપ ધર્મ કરે,... '** એ વ્યવહારને ધર્મ કીધો—પુણ્યને. દેવ પૂજા. સમ્યગ્દર્શન સહિતની વાત છે હોં! એ તો સ્વીકાર થઈ ગયો છે પહેલેથી, હવે આ કરે વધારે એમ કહે છે. દેવ પૂજા, ભગવાનની પૂજા, ગુરુની સેવા, શાસ્ત્રનો સ્વાધ્યાય, દાન હંમેશા કરવું. દાન દાન. રાગ ઘટાડી દાન કરવું. શીલ—બ્રહ્મચર્ય, ઉપવાસાદિ અણુવ્રતરૂપ ધર્મ કર. આહાહા..! **'ઔર જો બડી શક્તિ હોવે, તો સબ પરિગ્રહ ત્યાગકર યતીકે વ્રત ધારણ કરકે...'** આહાહા..! યતિના વ્રત ધારણ કરીને પછી કરવું શું? એમ કહે છે. **'નિર્વિકલ્પ પરમસમાધિમેં રહે.'** આહાહા..! રાગરહિત આત્માની શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત સમાધિ. ઓલા બાવા કહે છે એ સમાધિ નહિ હોં! આહા..! આધિ નામ મનના સંકલ્પ, વિકલ્પ. વ્યાધિ નામ શરીરનો રોગ, ઉપાધિ નામ ડોક્ટરપણું ને વકિલાતપણું બહારમાં રોકાય ઈ. ઉપાધિ, વ્યાધિ, આધિ, સમાધિ. ત્રણથી રહિત તે સમાધિ. આહાહા..! લાકડી ક્યાંક ગઈ છે. ધોળી આજ લાવ્યા છે. કોણ જાણે દેખાતી નથી, આજે ન દેખાણી, આવવાની હતી.

**'નિર્વિકલ્પ પરમસમાધિમેં રહે.'** આહાહા..! આનંદની ખાણમાં ડૂબકી મારીને રહે અંદરમાં, કહે છે. એનું નામ મુનિપણું છે. **'યતીકો સર્વથા ધનકા ત્યાગ ઔર ગૃહસ્થકો ધનકા પ્રમાણ કરના યોગ્ય હૈ. વિવેકી ગૃહસ્થ ધનકી તૃષ્ણા ન કરેં.'** સમજાય છે? **'ધન, યૌવન અસાર હૈ,** આહાહા..! **યૌવન અવસ્થામાં વિષય તૃષ્ણા ન કરેં,...'** આહાહા..! શરીરની જુવાન અવસ્થા, પાંચ ઈન્દ્રિય પુષ્ટ હોય. બાપુ! એ તો જડ છે ને ભગવાન! આહાહા..! એ માટીની

મસાણની રાખ છે બધી, એ તો મસાણની રાખ છે. '**યૌવન અસાર હૈ, યૌવન અવસ્થામેં વિષય તૃષ્ણા ન કરેં, વિષયકા રાગ છોડકર વિષયોંસે પરાઙમુખ જો વીતરાગ નિજાનંદ...**' આહાહા..! પર તરફના આશ્રયનો વિષયનો આશ્રય છોડી દે. આહાહા..! '**વીતરાગ નિજાનંદ એક અખંડ સ્વભાવરૂપ શુદ્ધાત્મા...**' લ્યો. ત્યાંથી પરાઙમુખ, અહીંથી સન્મુખ. શેની સન્મુખ? વીતરાગ નિજાનંદ એક અખંડ સ્વભાવ. શુદ્ધાત્મા કેવો છે? વીતરાગ નિજાનંદ, નિજ આનંદ વીતરાગ એકરૂપ વસ્તુ ભગવાન, અખંડ—ગુણ ગુણીના ભેદ પણ નહિ, અખંડ એવો સ્વભાવરૂપ શુદ્ધાત્મા. એવા સ્વભાવસ્વરૂપ રૂપ શુદ્ધાત્મા '**ઉસમે લીન હોકર હમેશા ભાવના કરની ચાહિયે.**' કલ્પના કરે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભાવના એટલે વિકલ્પ કર્યા.. આતમભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે. એ નહિ. ભાવના તો એને કહીએ કે આનંદસ્વરૂપ ભગવાનમાં એકાગ્રતારૂપ ભાવના એ ભાવના. ભાવ આમ વિકલ્પ ઉઠાવ્યો કે આવો છું, એ તો વિકલ્પ થયો. સમજાણું કાંઈ? આહાહા..!

'**વીતરાગ નિજાનંદ એક અખંડ સ્વભાવરૂપ શુદ્ધાત્મા ઉસમેં લીન હોકર હમેશા ભાવના કરની ચાહિયે.**' હંમેશા એમાં રહેવું જોઈએ એમ કહે છે. આહાહા..! ૧૩૨ થઈ. ૧૩૩ આવશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૧૩૩

अथ धर्मतपश्चरणरहितानां मनुष्यजन्म वृथेति प्रतिपादयति–

२६३) धम्मु ण संचिउ तउ ण किउ रुक्खेँ चम्ममएण।
खज्जिवि जर-उद्देहियए णरइ पडिव्वउ तेण।।१३३।
धर्मो न संचितः तपो न कृतं वृक्षेण चर्ममयेन।
खादयित्वा जरोद्रेहिकया नरके पतितव्यं तेन।।१३३।।

धम्मु इत्यादि। धम्मु ण संचिउ धर्मसंचयो न कृतः, गृहस्थावस्थायां दानशीलपूजोपवासादिरुपसम्यक्त्वपूर्वको गृहिधर्मो न कृतः, दर्शनिकव्रतिकाधेकादशविधश्रावकधर्मरुपो वा। तउ ण किउ तपश्चरणं न कृतं तपोधनेन तु समस्तबहिर्द्रव्येच्छानिरोधं कृत्वा अनशनादिद्वादशविधतपश्चरणबलेन निजशुद्धात्मध्याने स्थित्वा निरन्तरं भावना न कृता। केन कृत्वा। रुक्खें चम्मएण वृक्षेण मनुष्यशरीरचर्मनिर्वृतेन। येनैवं न कृतं गृहस्थेन तपोधनेन वा णरइ पडिव्वउ तेण नरके पतितव्यं तेन। किं कृत्वा। खज्जिवि भक्षयित्वा। कया कर्तृभूतया। जरउद्देहियए जरोद्रेहिकया। इदमत्र तात्पर्यम्। गृहस्थेनाभेदरत्नत्रयस्वरुपमुपादेयं कृत्वा भेदरत्नत्रयात्मकः श्रावकधर्मः कर्तव्यः, यतिना तु निश्चयरत्नत्रये स्थित्वा व्यावहारिकरत्नत्रयबलेन विशिष्टतपश्चरणं कर्तव्यं नो चेत् दुर्लभपरंपरया प्राप्तं मनुष्यजन्म निष्फलमिति।।१३३।।

आगे जो धर्मसे रहित हैं, और तपश्चरण भी नहीं करते हैं, उनका मनुष्य-जन्म वृथा है, ऐसा कहते हैं-

गाथा-१३३

अन्वयार्थ :- [येन] जिसने [चर्ममयेन वृक्षेण] मनुष्य शरीररुपी चर्ममयी वृक्षको पाकर उससे [धर्मः न कृतः] धर्म नहीं किया, [तपो न कृतं] और तप भी नहीं किया, उसका शरीर [जरोद्रेहिकया खादयित्वा] बुढ़ापारुपी दीमकके कीड़ेकर खाया जायगा, फिर [तेन] उसको मरणकर [नरके] नरकमें [पतितव्यं] पड़ना पड़ेगा।

भावार्थ :- गृहस्थ अवस्थामें जिसने सम्यक्त्वपूर्वक दान, शील, पूजा, उपवासादिरुप गृहस्थका धर्म नहीं किया, दर्शनप्रतिमा, व्रतप्रतिमा आदि ग्यारह प्रतिमाके भेदरुप श्रावकका धर्म नहीं धारण किया, तथा मुनि होकर सब पदार्थोंकी इच्छाका निरोध कर अनशन वगैरः बारह प्रकारका तप नहीं किया, तपश्चरणके बलसे शुद्धात्माके ध्यानमें ठहरकर निरंतर भावना नहीं की, मनुष्यके शरीररुप चर्ममयी वृक्षको पाकर यतीका व श्रावकका धर्म नहीं किया, उनका शरीर वृद्धावस्थारुपी दीमकके कीड़े खावेंगें, फिर वह नरकमें जावेगा। इसलिये गृहस्थको तो यह योग्य है, कि निश्चयरत्नत्रयकी श्रद्धाकर निजस्वरुप उपादेय जान, व्यवहार रत्नत्रयरुप श्रावकका धर्म पालना। और यतीको यह योग्य है, कि निश्चयरत्नत्रयमें ठहरकर व्यवहाररत्नत्रयके बलसे महा तप करना। अगर यतीका व श्रावकका धर्म नहीं बना, अमुव्रत नहीं पाले, तो महा दुर्लभ मनुष्य-देहका पाना निष्फल है, उससे कुछ फायदा नहीं।।१३३।।

---

હવે, ધર્મ અને તપશ્ચરણ રહિતનો જન્મ વૃથા છે, એમ કહે છે :-

ભાવાર્થ :— ચામડાથી બનેલ મનુષ્યશરીરરૂપી વૃક્ષથી જે ગૃહસ્થે અથવા તોપોધને ધર્મસંચય ન કર્યો, તપ ન કર્યું, (ગૃહસ્થે) ગૃહસ્થાવસ્થામાં સમ્યક્ત્વપૂર્વક દાન, શીલ, પૂજા, ઉપવાસ આદિ ગૃહસ્થધર્મનું આચરણ ન કર્યુ, દર્શનપ્રતિમા, વ્રતપ્રતિમા આદિ અગિયાર પ્રકારના શ્રાવકધર્મનું આચરણ ન કર્યું અને તપોધને બાહ્ય સમસ્ત દ્રવ્યોની ઈચ્છાનો નિરોધ કરીને અનશનાદિ બાર પ્રકારના તપશ્ચરણના બળથી નિજશુદ્ધાત્માના ધ્યાનમાં સ્થિત થઈને નિરંતર આત્મભાવના ન કરી-એ રીતે જે ગૃહસ્થે કે તપોધને ન કર્યું, તેનું શરીર જરારૂપ ઊધઈથી ખવાઈ જશે, અને નરકમાં પડવું પડશે.

અહીં, તાત્પર્ય એમ છે કે ગૃહસ્થે અભેદરત્નત્રયસ્વરૂપને ઉપાદેય કરીને ભેદરત્નત્રયાત્મક શ્રાવકધર્મ પાળવો અને યતિએ નિશ્ચયરત્નત્રયમાં સ્થિત થઈને વ્યાવહારિક રત્નત્રયના બળથી વિશિષ્ટ તપશ્ચરણ કરવું જોઈએ, નહિતર (શ્રાવકનો કે યતિનો ધર્મ ન પાળ્યો તો) પરંપરાએ પામેલો દુર્લભ એવો મનુષ્યજન્મ નિષ્ફળ છે. ૧૩૩.

## વીર સંવત ૨૫૦૨, મહા સુદ ૪, રવિવાર
## તા. ૨૩-૧-૧૯૭૭, ગાથા-૧૩૩, ૧૩૪, પ્રવચન નં. ૧૯૪

૧૩૩ ગાથા. '**આગે જો ધર્મસે રહિત હૈ...**' ધર્મસે એટલે સમ્યગ્દર્શન સહિત ગૃહસ્થાશ્રમમાં દાનાદિ વ્યવહારધર્મ, સમકિત નિશ્ચયધર્મ એનાથી જે રહિત છે. આહાહા..! '**ઔર તપશ્ચરણ ભી નહીં કરતે હૈં,...**' તપશ્ચરણ શબ્દે મુનિપણું યતિ દિગંબર સંત. આહા..! એ '**નહીં કરતે હૈં, ઉનકા મનુષ્ય-જન્મ વૃથા હૈ,...**' આહાહા..! ચાહે તો દુનિયામાં આબરુ, કીર્તિ મેળવી હોય એ તો વૃથા, થોથા છે. જેણે આત્મા આનંદસ્વરૂપ ભગવાનની પ્રતીતિ અનુભવ સહિત જેણે શ્રાવકપણું ગૃહસ્થાશ્રમમાં રહીને વ્રતાદિ, દાનાદિ ન કર્યા, આહાહા..! અને કાં મુનિપણું લઈને આત્મધ્યાનમાં ન રહ્યો, આહા..! એનું મનુષ્યપણું વૃથા છે. આહાહા..! કાંઈ એની કિંમત છે નહિ. આહાહા..! એ કહે છે.

૨૬૩) धम्मु ण संचिउ तउ ण किउ रुक्खें चम्ममएण।
खज्जिवि जर-उद्देहियए णरइ पडिव्वउ तेण।।१३३।

**અન્વયાર્થ :— 'જિસને મનુષ્ય શરીરરૂપી ચર્મમયી વૃક્ષકો પાકર...'** આ ચામડાનું વૃક્ષ છે. આહાહા..! છે ૧૩૩? મનુષ્ય શરીરરૂપી ચર્મ—ચામડાનું ઝાડ પ્રાપ્ત કરીને, આહાહા..! '**धर्मः न कृतः**' '**ધર્મ નહીં કિયા,...**' ખુલાસો કરશે. '**ઔર તપ ભી નહીં કિયા, ઉસકા શરીર બુઢાપારૂપી દીમકકે કીડેકર ખાયા જાયેગા,...** ' સમજાણું કાંઈ? '**ફિર જિસકો મરણકર નરકમેં પડના પડેગા.**' આહાહા..! આ બહુ પૈસા ભેગા કર્યા ને બહુ આબરુ ભેગી કરી એ તો વૃથા પાપ કર્યા છે, કહે છે. આહાહા..! અરેરે! મનુષ્યપણું પામીને, ચામડાનું ઝાડ છે આ તો એક. આહાહા..! એમાં સમ્યગ્દર્શન. ઈ કહેશે જુઓ!

**ભાવાર્થ :— 'ગૃહસ્થ અવસ્થામેં જિસને સમ્યગ્દર્શનપૂર્વક,...'** એકલા દાન, દયા, શીલ આદિ વ્યવહાર તો અનંતવાર કર્યો. આહાહા..! સંસ્કૃતમાં છે હોં! સમ્યગ્દર્શનપૂર્વક. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એનો અનુભવ કરીને પ્રતીતિ, એવું જે સમ્યગ્દર્શન. આહા..! એ સમ્યગ્દર્શનપૂર્વક દાન, શીલ, પૂજા, ઉપવાસાદિ શ્રાવકની ક્રિયા જે છ આવશ્યક છે ને? એ ગૃહસ્થાશ્રમધર્મ ન કર્યો. આહાહા..! પણ સમ્યગ્દર્શન સહિતની વાત છે, હોં! સમ્યગ્દર્શન ન હોય અને વ્રત ને તપ કરે એ કંઈ વસ્તુ નથી, વૃથા છે. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પરમાત્મા પોતે અનંતગુણનું ધામ, એનો જેને સ્વીકાર અંતર દૃષ્ટિમાં આવ્યો છે, જેની નિમિત્તબુદ્ધિ, રાગબુદ્ધિ અને પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે. આહાહા..! એને અહીંયા સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શનપૂર્વક દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, દાન, આહા..! શીલ, બ્રહ્મચર્ય એકદેશ, પૂજા ભગવાનની. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર કે એની પ્રતિમાની પૂજા. આહાહા..! '**ઉપવાસાદિરૂપ ગૃહસ્થકા ધર્મ નહીં કિયા,...**'

આહા..! પાછળની ગાથાઓ છે ને. એકદમ દર્શનપૂર્વક વ્યવહારધર્મ અને ચારિત્રપણું—મુનિપણું અંગીકાર કરવું, એ વિના મનુષ્યપણું વૃથા છે. આહા..!

‘**દર્શનપ્રતિમા,...**’ જુઓ! શ્રાવકની અગિયાર પડિમા છે ને, એમાં પહેલી દર્શનપડિમા છે. છે પંચમગુણસ્થાન એ દર્શનપડિમા. પણ સમ્યગ્દર્શન નિરતિચાર અને વ્રતાદિના પરિણામ હો, પણ એ નિરતિચાર નથી એટલે દર્શનપ્રતિમા કહેવામાં આવે છે. આહાહા..! ‘**વ્રતપ્રતિમા...**’ બીજી વ્રતપડિમા એટલે બાર વ્રતાદિ, બીજા કષાયનો નાશ થઈ, અનંતાનુબંધીનો નાશ તો સમ્યગ્દર્શન થતાં થાય છે. એના પછી અપ્રત્યાખ્યાની કષાયનો નાશ થઈ અને બાર વ્રતના વિકલ્પોનો જે વ્રત છે, આહા..! એને વ્રતપડિમા કહે છે. આ તો મોંઘું થઈ પડ્યું બાપુ અત્યારે તો. આહાહા..! સમ્યગ્દર્શનપૂર્વકની વાત છે હોં! સમ્યગ્દર્શનના ઠેકાણા નથી અને એ વ્રત ને પડિમા લઈ લ્યે, એ તો બાળતપ અને બાળવ્રત છે. આહાહા..! ભૂમિકામાં શાંતિ વધી નથી. આહાહા..! જેની ભૂમિકા પર્યાયમાં શાંતિ શાંતિ અકષાય સ્વભાવ પ્રગટપણે શાંતિ અકષાય પર્યાય થઈ નથી, એને વ્રત ને પડિમા એ કંઈ હોઈ શકે નહિ, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

‘**ગ્યારહ પ્રતિમાકે ભેદરૂપ શ્રાવકકા...**’ પ્રકાર. ‘**શ્રાવકકા ધર્મ નહીં ધારણ કિયા, તથા મુનિ હોકર સબ પદાર્થોંકી ઇચ્છાકા નિરોધ કર...**’ આહાહા..! શુદ્ધોપયોગને ગ્રહણ ન કર્યો. આહાહા..! ‘**અનશન વગૈરઃ બારહ પ્રકારકા તપ નહીં કિયા, તપશ્ચરણકે બલસે શુદ્ધાત્માકે ધ્યાનમેં ઠહરકર...**’ તપ આદિ છે એ નિમિત્ત છે. એના બળથી અંદરમાં શુદ્ધાત્મામાં ઠરે. આહાહા..! શુદ્ધ આત્મા પવિત્ર વીતરાગમૂર્તિ ભગવાન સાક્ષાત્ પરમાત્મા છે. એમાં ધ્યાનમાં સ્થિર થઈને. આહાહા..! પંચમહાવ્રતની ક્રિયામાં સ્થિર થઈને એ વાત નથી લીધી. આહાહા..! ‘**નિરંતર ભાવના નહીં કી,...**’ આહાહા..! સવારમાં આવ્યું હતું, નહિ? સતતં સદા. સવારમાં આવ્યું હતું. ભગવાન આનંદસ્વરૂપ એના પ્રત્યક્ષ સમ્યક્જ્ઞાનમાં ભાન થઈને, આહાહા..! જેણે મુનિપણું લઈને ઇચ્છાનિરોધ કરી શુદ્ધાત્મધ્યાનમાં ઠરવું. આહાહા..! નિરંતર ભાવના ન કરી. શુદ્ધસ્વભાવના ભેટા કર્યા પછી પણ અંદરમાં રમણતા—સ્થિરતા ન કરી. આહાહા..! માર્ગ ભારે આવો. આહા..!

‘**મનુષ્યકે શરીરરૂપ ચર્મમયી વૃક્ષકો...**’ એ મનુષ્યનું શરીર ચામડારૂપી વૃક્ષ છે આ તો. આહાહા..! આ અવયવો ખીલ્યા બધા ચામડાના છે. વૃક્ષને જેમ ડાળા, પાંખડા ખીલે છે ને વૃક્ષમાં. આહા..! એમ આ આંખ ને નાક ને કાન ને શરીરના અવયવો ચામડાનું વૃક્ષ છે. આહા..! એને પોતાનું માને એની તો અહીં વાત છે નહિ. સમજાણું કાંઈ? એ તો હજી સમ્યગ્દર્શનને પણ લાયક નથી ત્યાં ચારિત્ર તો ક્યાંથી આવે એને. આહાહા..! આત્માના આનંદના પ્રેમ આગળ જેને ઇન્દ્રિયોના, પાંચ ઇન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. ઉલ્લસીત વીર્ય ત્યાં સ્ફુરે એ વાત ઊડી ગઈ છે. આહાહા..! જેના આનંદસ્વરૂપમાં ઉલ્લસીત વીર્ય સ્ફુરે છે અંદર. સમ્યગ્દષ્ટિને ઉલ્લસીત વીર્ય આનંદમાં હોય છે. આહાહા..! એ બહારના સુખમાં એની સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! ચાહે તો ચક્રવર્તીનું રાજ હો, ઇન્દ્રના ઇન્દ્રાસનમાં અવતાર થયો હોય સમકિતીને, આહાહા..! બધામાંથી

બુદ્ધિ—હિતબુદ્ધિ, ઠીકબુદ્ધિ, રુચિબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભાઈ! આહાહા..!

'**શરીરરૂપ ચર્મમયી વૃક્ષકો પાકર યતીકા વ શ્રાવકકા ધર્મ નહીં કિયા, ઉનકા શરીર વૃદ્ધાવસ્થારૂપી દીમકકે કીડે ખાવેંગે,...**' આહાહા..! વૃદ્ધાવસ્થારૂપી કીડા ખાશે એને. આહાહા..! દાંતના ઠેકાણા ન હોય, ઓઠીકણ વિના બેસી શકે નહિ, આંખ્યું જીર્ણ થઈ ગઈ હોય. આહા..! આંખ્યુંમાં ઈયળ પડે. રસી આવે છે ને. આહા..! આ તો ચામડાનું ઝાડ છે. એમાં રસી આવશે, બાપુ! એ કંઈ આત્મા નથી. આહાહા..! આમ ઊંચી કોડા જેવી લાગે, હરણની આંખ્યું જેવી. બાપુ! એ તો કીડા ખાશે, કહે છે. આહાહા..! '**વૃદ્ધાવસ્થારૂપી દીમક...**' દીમક—કીડા, '**કીડે ખાવેંગે,...**' એ તો ઠીક પણ '**ફિર વહ નરકમેં જાવેગા.**' આહાહા..! એકલા પાપ કર્યા છે ને. બાયડી, છોકરા, કુટુંબ, વેપાર ધંધા આદિ. આહાહા..! મારી નાખ્યો છે એણે આત્માને. હોંશુંથી કામ લીધા છે ને બધા. પારકા રાગ ને દ્વેષના ભાવ. આહાહા..! પ્રભુ! તારું શરીર તો વૃદ્ધાવસ્થારૂપી કીડા ખાશે. પણ મરીને નરકમાં જાઈશ હોં બાપુ! આહાહા..! દેહ તો છૂટવાનો છે, ક્યાંક તો રહેશે કે નહિ? એ નાશ થાય એવો છે આત્મા? આહાહા..! એમાંથી ઊડીને જાવું પડશે બાપુ તારે નરકમાં. આહાહા..!

બ્રહ્મદત્ત ચક્રવર્તી. છન્નું હજાર સ્ત્રી, છન્નું હજાર. હીરા અને માણેકના પલંગ પલંગ એમાં સૂતેલા, આહાહા..! અને રાણીઓ આમ રૂપાળી, ચામડા રૂપાળા. અરે! ભગવાન! એ તો ચામડા છે ને નાથ! એના રૂપમાં મોહ્યો અને સ્વરૂપમાંથી ખસી ગયો. આહાહા..! સ્વરૂપ ભગવાનઆત્મા આનંદ છે એ એનું સ્વરૂપ છે એમાંથી ભ્રષ્ટ થયો અને એ શરીરના સ્વરૂપમાં મૂર્છાઈ ગયો. આહાહા..! પ્રભુ! શરીર તો બળી જશે. નરકે જાવું પડશે. આહાહા..! આ વાત છે અહીં. છે? આહા..!

'**ઈસલિયે ગૃહસ્થકો તો યહ યોગ્ય હૈ, કિ નિશ્ચયરત્નત્રયકી શ્રદ્ધાકર...**' જુઓ! હવે આ વાત તો પાછી મુદ્દાની લીધી. '**નિશ્ચયરત્નત્રયની શ્રદ્ધાકર...**' સ્વરૂપ આનંદનાથ પરમાત્મા એની નિજસ્વરૂપની શ્રદ્ધા, નિજસ્વરૂપનું જ્ઞાન અને ચારિત્ર. એની શ્રદ્ધાકર, જોયું! નિજસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એની શ્રદ્ધાકર એમ કહે છે. હેં!

મુમુક્ષુ :— સંસ્કૃતમાં '**स्थित्वा**' લખ્યું છે.

ઉત્તર :— એ સ્થિત એટલે સ્થિર રહીને. એ તો એનું એ છે. સ્થિત કહો કે સ્થિર રહીને. આહાહા..!

'**ગૃહસ્થકો તો યહ યોગ્ય હૈ, કિ નિશ્ચયરત્નત્રયકી શ્રદ્ધાકર નિજસ્વરૂપ ઉપાદેય જાન,...**' સ્થિતનો અર્થ એ છે. સમજાણું કાંઈ? આહાહા..! ૧૩૩ છે ને? '**रत्नत्रयात्मकः श्रावकधर्मः कर्तव्यः**' જુઓ, છે? '**गृहस्थेनाभेदरत्नत्रयस्वरूपमुपादेयं कृत्वा**'. એટલે શું? ગૃહસ્થાશ્રમમાં રત્નત્રય ત્રણ પૂર્ણ નથી. પણ એને રત્નત્રયની શ્રદ્ધા બરાબર હોવી જોઈએ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..! '**गृहस्थेनाभेदरत्नत्रयस्वरूपमुपादेयं कृत्वा**' બસ. '**भेदरत्नत्रयात्मकः श्रावकधर्मः कर्तव्यः**' એમ છે. ઇ સ્થિત્વા તો બીજાનું છે. એ મુનિની વાત છે, શ્રાવકની વાત નથી. અહીં તો શ્રદ્ધા કર્તવ્ય એટલી પહેલી વાત છે. મુનિની લઈને પછી

આગળ વધશે. સ્થિત્વા, ઈ પછી. રત્નત્રયમાં સ્થિર છે ઈ અને આ રત્નત્રયમાં સ્થિર નથી. આહાહા..! સમજાણું કાંઈ? ૧૩૩ છે ને? જુઓને! '**गृहस्थेनाभेदरत्नत्रयस्वरूपमुपादेयं कृत्वा**'. બસ. નિશ્ચય આત્મા શુદ્ધ ચૈતન્યઘન એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એમાં રમણતાની શ્રદ્ધા કરીને. સમકિતનું લેવું છે ને. '**मुपादेयं कृत्वा**' પ્રગટ નથી. એને ઉપાદેય '**कृत्वा**' કરીને. '**भेदरत्नत्रयात्मकः श्रावकधर्मः कर्तव्यः** ' એમ. નિશ્ચયરત્નત્રયને શ્રદ્ધામાં લઈને પછી વ્યવહારધર્મ એ કરે એમ કહે છે. આહાહા..! ભારે વાત છે. એને દયા, દાન, શીલ, સંયમ ભાવ, છ આવશ્યક આવે પણ એની શ્રદ્ધામાં નિશ્ચયરત્નત્રય તે ઉપાદેય છે એમ કરીને વ્યવહારધર્મ આવે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

નિયમસારમાં તો એ કહ્યું છે, શ્રાવકને નિશ્ચયરત્નત્રયની ભક્તિ હોય છે. આહાહા..! ભલે થોડી પણ છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંત સચ્ચિદાનંદ પ્રભુ, એની જેને રુચિ છે, તેનું તેને જ્ઞાન છે અને તેમાં એ ઠરે છે એટલે નિશ્ચયરત્નત્રયની ભક્તિ એને પણ છે. પણ અહીં જરી એમ લીધું છે કે નિશ્ચયરત્નત્રય એને પ્રગટ પૂર્ણ નથી એથી નિશ્ચયરત્નત્રયની શ્રદ્ધા તેને કર્તવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એટલે ઈ કે નિશ્ચયરત્નત્રય એટલે શુદ્ધઆત્મા તે આદરણીય છે એમ શ્રદ્ધા અને શુદ્ધાત્માનું જ્ઞાન તે આદરણીય છે તે જ્ઞાન અને સ્વરૂપમાં રમણતા તે ચારિત્ર, એમ નિશ્ચયરત્નત્રયની શ્રદ્ધા તેને ઉપાદેય, કર્તવ્ય છે એમ કહે છે. વ્યવહારરત્નત્રય ઉપાદેય નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બાપા એવો છે. અહીં તો પરમાત્મપ્રકાશ છે ને. આહા..! અરેરે..! એણે આવું કાંઈ કર્યું નહિ ને જિંદગી બહારમાં હો.. હા, હો.. હા.. આહાહા..! પછી કરશું, પછી કરશું, હજી જુવાન અવસ્થા છે, હમણાં રળી લઈએ, કમાઈએ, બાપનું વાસી ન ખાવું, કમાઈને તાજું ખાવું. આહાહા..!

મુમુક્ષુ :— બાપકમાઈ કરતાં આપકમાઈ સારી છે.

ઉત્તર :— શેનો ધૂળનો કમાઈ હતો. આહાહા..! અરેરે! કાળ તારો જાય છે ને પ્રભુ. આહાહા..!

સ્વઆશ્રયની શ્રદ્ધા, સ્વઆશ્રયનું જ્ઞાન અને સ્વઆશ્રયમાં રમણતા, એ એને પૂરી નથી એટલે ત્રણની એણે શ્રદ્ધા કરવી એમ કહે છે. આહાહા..! શ્રદ્ધામાં નિશ્ચયરત્નત્રયને ઉપાદેય જાણીને શ્રદ્ધા કરવી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો માર્ગ બાપા અંતર્મુખનો માર્ગ, એ બહિર્મુખે ન મળે એમ કહે છે. આહાહા..! એને પહેલેથી ગૃહસ્થાશ્રમમાં નિશ્ચયરત્નત્રય, આહાહા..! છે? નિશ્ચયરત્નત્રયની પરિણતિ નથી એને, મુનિને હોય છે. એથી આને નિશ્ચયરત્નત્રય ઉપાદેય કૃત્વા. આદરણીય તો એ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન અને રમણતા પૂર્ણાનંદના નાથની એ આદરણીય છે એમ શ્રદ્ધા કર. આહાહા..! હવે આ મૂળ જે છે નિશ્ચય એને મૂકીને એકલો વ્યવહાર કરે એને વ્યવહાર કહેવામાં જ આવતો નથી, એ તો વ્યવહારાભાસ છે. આહા..! બહુ આકરું પડે, શું થાય?

આહાહા..! જ્યાં માંડ જન્મે, પછી કાંઈક ભણે દસ વર્ષ, પંદર વર્ષ, પછી જ્યાં મોટો થાય તો રળવામાં રોકાઈ જાય. આહાહા..! એમાં પણ બાયડી ને છોકરા, આહા..! મારી નાખ્યો એને. રણમાં, આહા..! પોક મૂકીને રોવે છે રણમાં. આહાહા...! જ્યાં ભગવાન છે ત્યાં જાતો નથી. આહાહા..! ખુબી શું કરી છે?

નિશ્ચયરત્નત્રય ઉપાદેય કૃત્વા. એનો અર્થ એ થયો કે, સમજાણું? ગૃહસ્થને નિશ્ચયરત્નત્રય તે ઉપાદેય છે. વ્યવહાર હોય છે અને નિશ્ચયરત્નત્રયની પૂર્ણતા તો મુનિને હોય છે. ત્રણ—દર્શન, જ્ઞાન, ચારિત્ર. એથી આને દર્શન, જ્ઞાન ને ચારિત્ર નિશ્ચયરત્નત્રયને ઉપાદેય કરીને એ જ ગ્રહણ કરવા લાયક અને એ જ આદરણીય છે. આહાહા..! અરે! બાપુ! આવું મનુષ્યપણું મળ્યું એનું કાંઈ જો ન કર્યું તો એ તારા વૃક્ષને બુઢાપો ખાઈ જશે અને મરણ કરીને બાપુ હાલ્યો જઈશ તું. કારણ કે આત્મા તો ટકવાનો છે. દેહ છૂટ્યો એટલે કંઈ ટકવું એનું ચાલ્યું જાય છે? આહાહા..! આ બહારની પળોજણ, ધંધા. મારી નાખ્યા. મહાણમાં મરી ગયો. જીવતરને જીવતરના જીવનને જોયું નહિ. જીવનું જીવન જીવતર ભગવાનનું, આહાહા...! જીવતા, સવારમાં આવ્યું નહોતું? ભાવપ્રાણ. આહાહા..! જ્ઞાન, દર્શન, આનંદના ભાવપ્રાણે-ભાવપ્રાણે જીવતો ભગવાનને જોયો નહિ જીવતા. આહાહા..! એ મરીને નરકે જાશે કહે છે બાપા. આહાહા..! સમજાણું કાંઈ? ઉપાદેય કૃત્વા છે ને? **'भेदरत्नत्रयात्मकः श्रावकधर्मः कर्तव्यः '** ઉપાદેય તો આ માનવું. પણ એને વ્યવહાર શ્રાવકનો ધર્મ વ્યવહારે ઉપાદેય છે એમ એણે જાણવું. સમજાણું કાંઈ? ઉપાદેય શબ્દ વાપર્યો નથી. વ્યવહાર શ્રાવકધર્મ કર્તવ્ય. એ રૂપે શુભભાવ એને હોય છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઉપાદેય તો એ ત્રણ જ છે. આહાહા..!

ચૈતન્ય ચિંતામણિ હીરલો ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદના રસથી ભરપુર ભર્યો પ્રભુ, એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા નિશ્ચય સ્વઆશ્રય તે જ ઉપાદેય કરીને વ્યવહારધર્મ કર્તવ્ય છે. આ ઉપાદેય કરીને વ્યવહારધર્મ આવે છે. જોયું? વ્યવહારાત્મ શ્રાવકધર્મ કર્તવ્ય છે. છે ને? **'વ્યવહારરત્નત્રયરૂપ શ્રાવકકા ધર્મ પાલના.'** વ્યવહાર પાળવો એટલે હોય છે ને, એમ કહે છે. એને હોય છે એવું. મુનિપણું ન હોય ત્યાં સુધી નિશ્ચયરત્નત્રયને ઉપાદેય કરીને વ્યવહારધર્મ કરવો. એમ વ્યવહારનયના કથનમાં તો એમ જ આવે ને. આહાહા..! સમજાણું કાંઈ? કર્તવ્ય કીધું છે ને? તો પાળવું કીધું.

**'યતીકો યહ યોગ્ય હૈ...'** ઓલી ગૃહસ્થની વાત લીધી. હવે મુનિ **'નિશ્ચયરત્નત્રયમેં ઠહરકર...'** આહાહા..! ઓલામાં ઠહરકર નહોતું. શ્રાવકને નિશ્ચયરત્નત્રય ઉપાદેય કરીને, બસ. આહાહા..! અને મુનિને **'નિશ્ચયરત્નત્રયમેં ઠહરકર...'** પર્યાય હોં ઈ. **'વ્યવહારરત્નત્રયકે બલસે મહા તપ કરના.'** લ્યો, છે? **'व्यवहारिकरत्नत्रयबलेन'** એમ પાઠ છે ને અંદર? એ શુભભાવ છે ને એ જાતનો. બાર પ્રકારની તપસ્યા નિમિત્તરૂપે એમાં હોય છે શ્રાવકને, એમાં શું? **'અગર યતીકા વ શ્રાવકકા ધર્મ નહીં બના, અણુવ્રત નહીં પાલે, તો મહા દુર્લભ મનુષ્ય-**

**દેહકા પાના નિષ્ફલ હૈ,...**' આવો મનુષ્યદેહ અનંતકાળે મળ્યો એમાં આ ન કર્યું તો નિરર્થક જશે બાપુ તારું. આહાહા..! સમજાણું કાંઈ? '**મનુષ્ય-દેહકા પાના નિષ્ફલ હૈ, ઉસસે કુછ ફાયદા નહીં.**' પણ આ બધી આબરુ વધી, પૈસા વધ્યા, બાયડી, છોકરા, છોકરા સારે ઠેકાણે નાખ્યા, છોડ્યુંને કન્યાને સારે ઠેકાણે પરણાવી. એ કંઈ કર્યું નહિ? નુકસાન કર્યું છે બાપા, આત્માને તેં નુકસાન કર્યું, ભાઈ! આહાહા..! હેં?

મુમુક્ષુ :— વ્યર્થ.

ઉત્તર :— વ્યર્થ પણ નહિ, સફળ છે નરકના ભાવ માટે. આહાહા..! ધર્મને માટે નિષ્ફળ છે. આહાહા..! આવો માર્ગ છે. એટલે કોઈ પૈસાવાળા થઈને, આબરુવાળા થઈને હોશું કરવી એ છોડી દેજે.

મુમુક્ષુ :— પૈસાવાળાએ એમ માનવું કે અમે ગરીબ છીએ?

ઉત્તર :— ગરીબ નહિ, વસ્તુ ગરીબ, તવંગર આત્મામાં ક્યાં છે? આહા..! આત્મા તો અનંત લક્ષ્મીનો ભંડાર બાદશાહ છે. આહાહા..! એ બાદશાહી ઉપર નજર કરીને બહારની બાદશાહીની રુચિ છોડી દે. આહાહા..! આસક્તિ રહે પણ રુચિ છોડી દે એમ કહે છે. આહાહા..! એનું પોષાણ અંદરમાં આવી જાય બહારના આચરણનું, આબરુ, કીર્તિ, લક્ષ્મી એ બધો પથારો, આહાહા..! મકાન ઉપર નામ લખે પાછું. ફલાણાભાઈ ને ફલાણાભાઈ. અરે! ભાઈ ક્યાં હતો બાપા? આ નામ છે શરીરનું એ ક્યાં, એ તો શરીરનું નામ, આત્માને ક્યાં નામ છે? નામ વાંચે ત્યાં, આહા..! બે-પાંચ લાખ આપ્યા હોય, નામ લખે ધર્મશાળા, પૌષધશાળામાં, અપાસરામાં કે દેરાસરમાં, લ્યો ને. ભગવાન! ત્યાં તું ક્યાં ગયો? એ નામ તને સાંભળીને, વાંચીને હરખ આવે છે. તું ત્યાં છો? આહાહા..! ભારે વાતું બાપુ આકરી. આહાહા..!

અરેરે..! ક્ષણમાં શરીર ચાલ્યા જાય. જુઓને આ, પ્રવીણભાઈ હજી રાતે નવ વાગે ફરતા હતા, કહે છે. આહાહા...! ભાઈનો કાગળ આવ્યો છે ને, બેન ઉપર. આહા..! હાર્ટમાં થયું દુઃખ. આહાહા..! બાપુ! એ તો એનો પર્યાયનો કાળ હોય તો થાય જ. એને કોઈ રોકે? એનો સ્વકાળ છે. આહાહા..! દેહ છૂટી જાય. આહાહા..! બાયડી, છોકરા ને છોડ્યું ને ટળવળે. હાય.. હાય..! કોણ છે બાપા પણ તારું અહીંયા? આહા..! તારું છે એ તો તારામાં છે. બહારમાં તારું છે? આવું ભારે મુશ્કેલ ભાઈ ગૃહસ્થાશ્રમમાં. બાપુ! ગૃહસ્થાશ્રમ એટલે? ધર્મને માટે પૂર્ણ ચારિત્ર નથી એને, પણ ગૃહસ્થાશ્રમનો ધર્મ સમકિત સહિત સ્થિરતાનો અંશ છે એ તો હોઈ શકે ને? અને એના સહિત વ્યવહાર દયા, દાન, શીલ, તપ, પૂજા, ભક્તિ હોય છે. આહા..! જેટલો નિશ્ચયનો આશ્રય કર્યો એટલો ધર્મ અને જેટલા રાગાદિ આવ્યા એ પુણ્ય. બેય હોય છે. કે જેથી એને પુણ્યની ગતિમાં એને સ્વર્ગ જ મળે. ગૃહસ્થ શ્રાવક નિશ્ચયરત્નત્રય ઉપાદેયપૂર્વક સ્થિતિમાં વ્યવહાર દાન, પૂજામાં રહે એ મરીને દેવલોક જ જાય. આહાહા..! સમજાણું? એને બીજી ગતિ હોઈ શકે નહિ. આહાહા..! અને અજ્ઞાનીને કાંઈ ભાન ન મળે, આહાહા..! મરતા એ ભીંસાઈ જશે. ભિન્ન પાડ્યો નથી ભગવાનને.

આહાહા..!

રાગ ને શરીર, આસ્રવ ને અજીવ એમાં આત્મા નથી, આત્મામાં એ આસ્રવ અને અજીવ નથી. આહાહા..! જેણે આસ્રવ અને અજીવને જુદા પાડ્યા નથી, એ મરતાં આસ્રવમાં એકત્વબુદ્ધિમાં ભીંસાઈ જશે. આહા..! ટળવળશે પછી આમ. ક્યાંય શરણ? કોઈ દવા લાવો, ડોક્ટરને બોલવો. ધૂળેય નથી ત્યાં, સાંભળને હવે. આહાહા..! એમાં બે બાજુ શૂળ ચડે, ડાબે અને જમણે આમ શૂળ ચડે તો, આહાહા..! બેઠા ન જાય, સૂતા ન જાય. આહાહા..! બાપુ! એ તો જડનો ધર્મ છે. આહા..! કહ્યું ને? બુઢાપારૂપી દીમક—કીડા. આહાહા..! એ રૂપાળા શરીરમાં ઈયળું પડશે બાપુ! સમજાણું કાંઈ? આહા..!

ચક્રવર્તી, સનતકુમાર ચક્રવર્તી. આહાહા..! આમ રૂપાળું શરીર. દેવો આવીને કહે, ઓહોહો..! બહુ શરીર રૂપાળું. સુંદર અવયવો બધા સરખા, આમ મોઢું ને આમ મોઢું નહિ, મોઢું સરખું, કાન સરખા. આહાહા..! ઈન્દ્રો-દેવો આવીને જોવે છે બહુ. આહાહા..! એને જરી રૂપનો મદ આવી જાય છે. દેવો! હમણા નહિ, હું નાહીને, સ્નાન કરીને જ્યારે બેસું ત્યારે જોવા આવજો. આહાહા..! એ દેવ આવ્યા જોવા અને દિવાનખાનામાં બેઠા હતા. સિંહાનસ, હીરા માણેકના સિંહાસનમાં બેઠો હતો આમ. એને એમ થયું કે જુઓ હવે મને. દેવોએ આમ કર્યું. એ બાપુ! તારા રૂપ સડી ગયા, ઈયળું પડી હવે. આહાહા..! ન્યાં માંસમાં ન પડે તો શું આત્મામાં પડે? આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! કીડા ખાશે તારું શરીર. વૃદ્ધાવસ્થારૂપ કીડા અહીં લીધા, જુઓને. આહાહા..!

વ્યવહારરત્નત્રયરૂપ ધર્મ કરવો. '**ઔર યતીકો યહ યોગ્ય હૈ, કિ નિશ્ચયરત્નત્રયમેં ઠહરકર...**' આહા, ભાષા જુઓ! ગૃહસ્થાશ્રમમાં નિશ્ચયરત્નત્રયનું ઠરવું નથી પણ નિશ્ચયરત્નત્રયની શ્રદ્ધા કરીને વ્યવહારધર્મમાં એ આવે છે. દયા, દાન, શીલમાં. આહાહા..! સમજાણું કાંઈ? અને આવા વ્રતાદિ મુનિપણા તો મનુષ્યપણામાં હોય, બીજે તો હોતા નથી. નરક અને સ્વર્ગમાં હોતા નથી. એમ ધારીને કોઈ લઈ લ્યો વ્રત. પણ સમકિત વિના એ તારા વ્રત ક્યાં હતા? આ અત્યારે હોળો સળગ્યો છે ને. ચારિત્ર એ મુનિપણામાં, મનુષ્યપણામાં છે, નરકમાં નથી, સ્વર્ગમાં નથી. બાપુ! વાત તો એમ છે પણ એથી કરીને જેને એકડો સમ્યગ્દર્શન પ્રગટ્યું નથી એને બગડો ક્યાંથી આવ્યો ચારિત્ર? સમજાણું કાંઈ? ત્યારે એ કહે છે કે વ્યવહારને કરતા નથી અને જ્યાં આવ્યા છો ત્યાં અટક્યા છો. અરે! પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! તને એની કિંમતું નથી બાપુ! અંદર ઠરવું એ કેટલા પુરુષાર્થે ઠરાય છે (એની તને ખબર નથી). આહાહા..! એ કંઈ વ્રતના વિકલ્પ લીધા માટે અંદર ઠર્યો છે પાંચમે (એમ નથી). આહાહા..!

સહજાનંદ પ્રભુ ભગવાન એની પર્યાયમાં આનંદના અંકુરા વિશેષ ફૂટે, આહાહા..! ત્યારે તેને સ્થિરતા કહેવામાં આવે. એ સ્થિરતા વિના એકલા વ્રત લઈને બેસે એ તો દુઃખના પરિણામ છે. આનંદના પરિણામ ઉગ્યા નથી અંદરથી. એના પરિણામ સહિત વ્યવહાર હોય તો એ વ્યવહાર કહેવામાં આવે. સમજાણું કાંઈ?

'**નિશ્ચયરત્નત્રયમેં ઠહરકર વ્યવહારરત્નત્રયકે બલસે મહા તપ કરના.**' એ મુનિની વાત છે, હોં! એ મુનિની વાત છે. '**વ્યવહારરત્નત્રયકે બલસે મહા તપ કરના.**' એમ કહ્યું. અને ઓલાને વ્યવહારરત્નત્રયાત્મક શ્રાવકધર્મ કર્તવ્ય કીધું, શ્રાવકને. સમજાણું કાંઈ? '**અગર યતીકા વ શ્રાવકકા ધર્મ નહીં બના, અણુવ્રત (મહાવ્રત) નહીં પાલે, તો મહા દુર્લભ મનુષ્ય-દેહકા પાના નિષ્ફલ હૈ, ઉસસે કુછ ફાયદા નહીં.**' આહાહા..! કેમ આ બધા પૈસા ભેગા કર્યા, આબરુ વધી, કારખાના મોટા કર્યા હોય. સરવાળો નિષ્ફળ આવશે, બાપુ! આહાહા..!

---

**ગાથા-૧૩૪**

अथ हे जीव जिनेश्वरपदे परमभक्तिं कुर्विति शिक्षां ददाति–

२६४) अरि जिय जिण-पइ भत्ति करि सुहि सज्जणु अवहेरि।
तिं बप्पेण वि कज्जु णवि जो पाडइ संसारि।।१३४।।
अरे जीव जिनपदे भक्तिं कुरु सुखं स्वजनं अपहर।
तेन पित्रापि कार्यं नैव यः पातयति संसारे।।१३४।।

अरि जिय इत्यादि। अरि जिय अहो भव्यजीव जिण-पइ भत्ति करि जिनपदे भक्तिं कुरु गुणानुरागवचननिमित्तं जिनेश्वरेण प्रणीतश्रीधर्मे रतिं कुरु सुहि सज्जणु अवहेरि संसारसुखसहकारिकारणभूतं स्वजनं गोत्रमप्यपहर त्यज। कस्मात्। तिं बप्पेण वि तेन स्नेहितपित्रापि कज्जु णवि कार्यं नैव। यः किं करोति। जो पाडइ यः पातयति। क्व। संसारि संसारसमुद्रे। तथाच। हे आत्मन्, अनादिकाले दुर्लभे वीतरागसर्वज्ञप्रणीते रागद्वेषमोहरहिते जीवपरिणामलक्षणे शुद्धोपयोगरुपे निश्चयधर्मे व्यवहारधर्मे च पुनः षडावश्यकादिलक्षणे गृहस्थापेक्षया दानपूजादिलक्षणे व शुभोपयोगस्वरुपे रतिं कुरु। इत्थंभूते धर्मे प्रतिकूलो यः तं मनुष्यं स्वगोत्रजमपि त्यज धर्मसन्मुखं तदनुकूलं परगोत्रजमपि स्वीकुर्विति। अत्रायं भावार्थः। विषयसुखनिमित्तं यथानुरागं करोति जीवस्तथा यदि जिनधर्मं करोति तर्हि संसारे न पततीति। तथा चोक्तम्-''विसयहं कारणि सव्वु जणु जिम अणुराउ करेइ। तिम जिणभासिए धम्मि जइ ण उ संसारि पडेइ।।''।।१३४।।

---

आगे श्रीगुरु शिष्यको यह शिक्षा देते हैं, कि तू मुनिराजके चरणारविंदकी परमभक्ति कर,

**गाथा-१३४**

अन्वयार्थ :- [अरे जीव] हे भव्य जीव, तू [जिनपदे] जिनपदमें [भक्तिं कुरु] भक्तिकर, और जिनेश्वरके कहे हुए जिनधर्ममें प्रीति कर, [सुखं] संसार सुखके

निमित्तकारण [स्वजनं] जो अपने कुटुम्बके जन उनको [अपहर] त्याग, अन्यकी तो बात क्या है? [तेन पित्रापि नैव कार्यं] उसे महास्नेहरुप पितासे भी कुछ काम नहीं है, [यः] जो [संसारे] संसार-समुद्रमें इस जीवको [पातयति] पटक देवे।

भावार्थ :- हे आत्माराम, अनादिकालसे दुर्लभ जो वीतराग सर्वज्ञका कहा हुआ रागद्वेष-मोहरहित शुद्धोपयोगरुप निश्चयधर्म और शुभोपयोगरुप व्यवहारधर्म, उनमें भी छह आवश्यकरुप यतीका धर्म, तथा दान पूजादि श्रावकका धर्म, यह शुभाचाररुप दो प्रकार धर्म उसमें प्रीति कर। इस धर्मसे विमुख जो अपने कुलका मनुष्य उसे छोड़, और इस धर्मके सन्मुख जो पर कुटुम्बका भी मनुष्य हो उससे प्रीति कर। तात्पर्य यह है, कि यह जीव जैसे विषय-सुखसे प्रीति करता है, वैसे जो जिनधर्म से करे तो संसारमें नहीं भटके। ऐसा दूसरी जगह भी कहा है, कि जैसे विषयोंके कारणोंमें यह जीव बारम्बार प्रेम करता है, वैसे जो जिनधर्ममें करे, तो संसारमें भ्रमण न करे।।१३४।।

---

હવે, હે જીવ! જિનેશ્વરપદની પરમ ભક્તિ કર એવી શ્રી ગુરુદેવ શિક્ષા આપે છે :-

ભાવાર્થ :- હે આત્મા! અનાદિકાળથી દુર્લભ, વીતરાગસર્વજ્ઞપ્રણીત, રાગ-દ્વેષ-મોહરહિત, જીવપરિણામસ્વરૂપ, શુદ્ધોપયોગરૂપ, નિશ્ચયધર્મમાં અને છ આવશ્યકાદિ વ્યવહારધર્મમાં અને ગૃહસ્થની અપેક્ષાએ દાનપૂજાદિરૂપ અથવા શુભોપયોગસ્વરૂપ વ્યવહારધર્મમાં રતિ કર. આ ધર્મમાં જે પ્રતિકૂળ હોય તે મનુષ્ય પોતાના ગોત્રમાં જન્મેલો હોય તોપણ તેનો ત્યાગ કર, ધર્મસન્મુખ તેમાં (ધર્મમાં) અનુકૂળ હોય તેને પરગોત્રમાં જન્મેલો હોય તોપણ, પોતાનો કર.

અહીં, ભાવાર્થ એમ છે કે જીવ વિષયસુખને માટે જેવો અનુરાગ કરે છે તેવો જો અનુરાગ જિનધર્મમાં કરે તો જીવ સંસારમાં ન પડે. વળી, કહ્યું છે કે ''विसयहं कारणि सव्वु जणु जिम अणुराउ करेइ। तिम जिणभासिए धम्मि जइ ण उ संसारि पडेइ।।'', (અર્થઃ-વિષયોના કારણોમાં સર્વ જનો જેવો અનુરાગ કરે છે તેવો અનુરાગ જિન-ભાષિત ધર્મમાં કરે તો તે જનો સંસારમાં પડે નહિ. ૧૩૪.

---

## ગાથા-૧૩૪ ઉપર પ્રવચન

'આગે શ્રીગુરુ શિષ્યકો યહ શિક્ષા દેતે હૈં, કિ તૂ મુનિરાજકે ચરણારવિંદકી પરમભક્તિ કર,...' આહાહા..! સમકિત સહિતની વાત છે, હોં!

२६४) अरि जिय जिण-पइ भत्ति करि सुहि सज्जणु अवहेरि।
तिं बप्पेण वि कज्जु णवि जो पाडइ संसारि।।१३४।।

તારે બાપ સાથે શું કામ છે? કહે છે. બાપે મને મોટો કર્યો ને હવે મારે.. આહાહા..!

અન્વયાર્થ :— 'હે ભવ્ય જીવ, તૂ જિનપદમેં ભક્તિ કર,... ' વીતરાગસ્વભાવમાં

ભક્તિ કર અને બહાર જિનપદમાં ભક્તિ કર. આહાહા..! **'ઔર જિનેશ્વરકે કહે હુએ જિનધર્મમેં પ્રીતિ કર,...'** આહાહા..! **'સંસાર સુખકે નિમિત્તકારણ જો અપને કુટમ્બકે જન ઉનકો ત્યાગ, અન્યકી તો બાત ક્યા હૈ? '** આહાહા..! **'અપને કુટુમ્બકે જન ઉનકો ત્યાગ, અન્યકી તો બાત ક્યા હૈ?'** આહાહા..! **'तेन पित्रापि नैव कार्यं'** અરે! **'ઉસે મહાસ્નેહરૂપ પિતાસે ભી કુછ કામ નહીં હૈ,...'** આહાહા..! મોટો કર્યો, પૈસા ખર્ચ્યા, ભણાવ્યો. બાપુ! એની સાથે તારે શું છે? બાપુ! એ પરદ્રવ્ય છે, બાપુ! એ તારો બાપ ક્યાંથી છે? આહા..! જુઓ તો ખરા વાત. હેં! આહાહા..!

**'स्वजनं अपहर'** એ બધા સ્વજનોને દૃષ્ટિમાંથી છોડી દે, પ્રભુ! એ કંઈ તારી ચીજ નથી, તારામાં નથી, તારા સગા નથી. આહાહા..! **'तेन पित्रापि नैव कार्यं'** આહાહા..! **'ઉસ મહાસ્નેહરૂપ પિતાસે...'** મહાસ્નેહ. આહાહા..! છે ને? આહા..! **'स्वजनसुख गोत्र अपहर तिं बप्पेण'** આમ બાપનો પ્રેમ એવો હોય, આહાહા..! અને દીકરાને બાપ ઉપર એનો પ્રેમ એવો હોય. અરે! મૂકી દે ને પ્રભુ! એ પ્રેમ શું? આહાહા..! અરે! અરે! આવું ભારે. આ તો ઝઘડા કરાવે. હેં! છોકરાને કહે છે કે બાપનો પ્રેમ છોડી દે, બાપુ! એ પરદ્રવ્ય છે, મરી જઈશ તું. એના રાગની ચીકાશમાં મરી જઈશ બાપા. એય! ચીમનભાઈ! આહાહા..! એમ કે, મારા બાપ છે તો મારે કરવું તો પડે ને. અમને મોટો કર્યો, પૈસા ખર્ચ્યા, ભણાવી-ગણાવીને મોટો કર્યો, લ્યો. આહાહા..! એનો ઉપકાર વાળવો જોઈએ ને. શું ઉપકાર કર્યો? બાપુ. બાપની વાત મૂકી દે, કહે છે. આહાહા..! છે ને? આહાહા..! ગોત્ર **'अपहर'** સ્વજન છે એને છોડ. **'तिं बप्पेण वि तेन स्नेहितपित्रापि कज्जु णवि कार्यं नैव'** ભગવાન! તારા બાપ સાથે પણ તારે શું કામ છે? આહાહા..! આવી વાતું છે. ભાઈ! તું આત્મા છો, તારે બાપ કેવો? એ બાપના સ્નેહમાં જિંદગી ગરીને મરી જઈશ તું. આહાહા..!

મુમુક્ષુ :— કજીયા કરાવે એવા..

ઉત્તર :— કીધું ને. બાપ ક્યાં હતો? બાપ ક્યાં, દીકરો ક્યાં? બાપનો આત્મા જુદો, શરીર જુદું. આહાહા..!

પહેલું તો સ્વજનનું કહ્યું. સ્વજનને છોડ. આહાહા..! **'सुखं स्वजनं अपहर'** છે ને? પણ એમાં પણ આ વળી તારો બાપ, ઈ વધારે નાખ્યું. મારા પપ્પા, મારા પપ્પા અત્યારે કરે છે ને? મમ્મી ને પપ્પા. ભાષા બોલવી પડે ને સીધી. મમ્મી, મમ્મી, પપ્પા. એટલે અહીંથી, કંઠમાંથી નહિ. આહાહા..! બાપા, એમ કરવું પડે તો એ પણ અહીં છે. પણ આમ જરી હોઠ (હલાવવા પડે). આ તો મમ્મી, મારી મમ્મી. ત્યાં તો એને થઈ જાય. આહા..! મારી મમ્મી, મારા પપ્પા. એલા, પપ્પા ક્યાંથી આવ્યો તારે? આત્માને પપ્પા કેવો? આહાહા..!

મુમુક્ષુ :— આત્માને નહિ, દીકરાને.

ઉત્તર :— દીકરો કોનો આત્મા? આહા..! પ્રવચનસારમાં નથી આવ્યું? પિતાજીની આજ્ઞા માંગે છે, હે શરીરના પિતા! આત્માના નહિ. આહાહા..! મારા ભગવાનઆત્માને તો કોઈ પિતા છે જ

નહિ. હે શરીરના પિતા! રજા દયો. મારો ધર્મપિતા આત્મા ત્યાં હું જવા માંગુ છું. આ શરીરના પિતાને તો હું છોડવા માંગુ છું. આહાહા..! જુઓને, પણ પરાણે ચાલ્યા જાય છે, પાંત્રીસ પાંત્રીસ વર્ષના જુવાન માણસ. અને બાપને પણ છોકરાને રોગ થયો એવો, મુંબઈના પાણી લાગ્યા હોય અને છ મહિના, બાર મહિના તણાણો હોય અને મરતા મરતા વાર લાગે, સાત, આઠ, દસ, પંદર, વીસ દિ', મહિનો થઈ જાય. જાગવું પડે રાતના, એને અંદર (એમ થાય), છૂટી જાય તો ઠીક.

મુમુક્ષુ :— છોકરો પીડાય છે.

ઉત્તર :— પીડા નથી, એને રોકાવું પડે છે એની પીડા છે એને. સમજાણું?

મુમુક્ષુ :— કંટાળી જાય.

ઉત્તર :— કંટાળી જાય. કીધું ને. અમારે એક હતા, છોકરો હતો. છોકરાનો છોકરો પરણેલો. ક્ષય લાગુ પડ્યો. પાણી મુંબઈના અને મરે નહિ. મરવાની તૈયારી. હવે જીવશે તો નહિ જ, નક્કી થઈ ગયેલું. પણ દિવસના દિવસ કાઢ્યા. અરેરે! છોકરો દુઃખી થાય છે. દુઃખી થાય છે એનો અર્થ અમે દુઃખી થઈએ છીએ. આ મરી જાય તો (સારુ). એ ખીમચંદભાઈના સગા હતા. સમજાણું કાંઈ? આહાહા..! આ જગતના પ્રાણી. શરીર એવું થઈ ગયું હોય જીર્ણ અને મરશે, મરશે, મરશે એવી તૈયારી થઈ ગઈ હોય. એમાં પંદર, વીસ દિ' કાઢે અને રાત્રે ઉજાગરા કરવા પડે. આહાહા..! જુઓ, આ સ્વાર્થના સગા. આજીવિકાની ધુતારી ટોળી છે બધી. ચીમનભાઈ! આહાહા..!

અહીં તો આચાર્ય એમ કહે છે, સ્વજન તો છોડ. આહાહા..! કહ્યું ને. આહાહા..! '**सुखं स्वजनं अपहर**'. આહાહા..! પણ '**बप्पेण वि कज्जु**'. પ્રભુ! તારે બાપથી શું કામ છે? આહા..! તારા આત્માથી કામ તેં લીધા નહિ અને બાપથી કામ લેવા છે. શું છે પ્રભુ? ક્યાં જાવું છે તારે? આહાહા..!

મુમુક્ષુ :— છોકરાવ બાપની સેવા તો કરે ને?

ઉત્તર :— ધૂળેય. કોણ સેવા કરતો હતો? સુમનભાઈ આવીને પગ દાબે જરી થોડા આમ આમ. રોટલા ખાવ તમે એકલા. અમને ભણાવ્યા, અમે ન્યાં ખાશું. આહાહા..!

આચાર્ય મહારાજ કહે છે, પોકાર કરે છે, તારો પરમાત્મા અહીં છે, પિતા તો એ છે. તારી નિર્મળ પર્યાયનો પિતા ભગવાનઆત્મા છે. આહાહા..! એ સમ્યગ્દર્શન, જ્ઞાનાદિ નિર્મળ પર્યાય-પ્રજા, એનો પિતા તો દ્રવ્ય છે, પરમાત્મા પોતે પિતા છે. એને તેં શરીરના પિતા સાથે ક્યાં સરખાવ્યો તેને? આહાહા..! ભાઈ! એના સ્નેહમાં જિંદગી તારી ચાલી જશે. આહાહા..! તારે માટે કરવાનું રહી જાય છે. આહાહા..! અરે! એકલો લઈને ચાલ્યો જાય. આહા..! નરકમાં જાય. દાખલો નહોતો આપ્યો?

બે ભાઈઓ હતા. નાના ભાઈને રોગ થયો આકરો. મોટા ભાઈ ખાનગી ખાનગી ઈંડા લાવે. આને ખબર ન હોય. ચામાં એક દવા નાખીએ છીએ, પીવો. એને ખબર ન હોય બિચારાને. એમાં મરી ગયો. મરી ગયો એટલે એ થયો પરમાધામી અને ઈંડા લાવી દેતો હતો એ થયો નારકી. બે

ભાઈઓ. મારપીટ કરે. શું છે?

મુમુક્ષુ :— પરમાધામી એટલે શું?

ઉત્તર :— પરમાધામીની ખબર નથી? અરે! આ દેવના પરમાધામી. પણ પરમાધામી તો શાસ્ત્રની ભાષા છે, ગુજરાતી ક્યાં છે? પરમાધામી એ નારકીના વ્યંતરદેવો. એ તો શાસ્ત્ર-શબ્દ છે. સમજાણું કાંઈ? મારફાડ કરે. અરે! પણ ભાઈ! મેં તારે માટે પાપ કર્યા હતા ને. મેં તને ક્યાં કહ્યું હતું, મારે માટે કર. આહાહા..! મારે માટે કર, મેં તને કહ્યું હતું? ઈંડા નાખજે પાણીમાં, ચામાં, ઢીકણામાં. આહાહા..! ચીમનભાઈ! બાપુ! તારો સ્વભાવ આત્મા ભગવાન એના પ્રેમને છોડીને તું બાપના પ્રેમમાં ક્યાં ફસાઈ ગયો એમ કહે છે. એના માટે આ જિંદગી જાય છે તારી. અરર..ર..! શું કરવું છે બાપુ તારે? આહાહા..!

મુમુક્ષુ :— બીજાના છોકરાઓ એવા હોય.

ઉત્તર :— બીજાના નહિ, બધાના છોકરા એવા જ હોય છે. ખરા ટાણે જુઓ તો ખબર પડે એને. ક્યાં એને.. આહાહા..!

આચાર્ય તો એ પોકારે છે અહીં જુઓને, **'જો સંસાર-સમુદ્રમેં ઈસ જીવકો પટક દેવે.'** એમ કહે છે. તારા બાપ માટે રોકાઈશ ને મરી જઈશ અને સંસારમાં ચાલ્યો જઈશ. ન્યાં કોઈ શરણ નથી. આહાહા..! શું કરવું અમારા બાપ મોટા વૃદ્ધ (હતા) અને એને માટે મારે રોકાવું પડ્યું. આહાહા..! દેહ છૂટવાનો હોય ત્યારે બાપ પડ્યો રહે અને દેહ છૂટીને ચાલ્યો જાય છે. આહાહા..! હેં! તો છે એમાંથી સ્નેહ છોડીને ચાલ્યો જા ને અંદરમાં, એમ કહે છે. આહાહા..! સંસારમાં પટકી દેશે. આહાહા..!

**ભાવાર્થ :-- 'હે આત્મારામ, અનાદિકાલસે દુર્લભ જો વીતરાગ સર્વજ્ઞકા કહા હુઆ...'** આહા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ **'રાગ-દ્વેષ-મોહરહિત શુદ્ધોપયોગરૂપ નિશ્ચયધર્મ...'** જુઓ! આહાહા..! ધર્મ તો શુદ્ધોપયોગ તે ધર્મ છે. આહા..! દયા, દાન, વ્રતાદિ વચ્ચે આવે એ તો શુભ વ્યવહારધર્મ કહેવામાં આવે. એ પણ નિશ્ચય હોય એને. નિશ્ચય નથી એને તો વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. આહા..! આવી વાતું બધી. **'વીતરાગ સર્વજ્ઞકા કહા હુઆ રાગ-દ્વેષ-મોહરહિત...'** મિથ્યાત્વ અને રાગ-દ્વેષ રહિત **'શુદ્ધોપયોગરૂપ નિશ્ચયધર્મ...'** આહાહા..! એ નિશ્ચય સત્ય ધર્મ. **'ઔર શુભોપયોગરૂપ વ્યવહારધર્મ,...'** આહાહા..! એને વ્યવહાર હોય. શુભભાવ આવે છે. જિનભક્તિ, વ્રત, પૂજા આદિ હોય છે ને? આહાહા..! **'ઉસમેં ભી છહ આવશ્યકરૂપ યતીકા ધર્મ,...'** આ શુભોપયોગ. છ આવશ્યકરૂપ યતીનો ધર્મ **'તથા દાન પૂજાદિ શ્રાવકકા ધર્મ,...'** આહાહા..! **'યહ શુભાચારરૂપ દો પ્રકાર ધર્મ ઉસમેં પ્રીતિ કર.'** એમ કહે છે. લ્યો, **'षडावश्यकादिलक्षणे गृहस्थापेक्षया दानपूजादिलक्षणे व शुभोपयोगस्वरुपे रतिं कुरु।'** એમ છે. વ્યવહાર છે ને. **'रतिं कुरु'** શબ્દ છે. આહા..!

નિશ્ચય આત્માના શુદ્ધોપયોગરૂપી ધર્મ સહિત જે વ્યવહાર હોય છે અંદર એમાં પ્રીતિ, પ્રેમ-

પ્રીતિ કર. આ નિશ્ચય સહિત વાળાની વાત છે, હોં! એને હોય છે ખરું ને. આહાહા..! અરે! હજી તો આમ કરશું ને આમ કરશું, આમ કરશું. પછી વળી ધર્મ કરશું. ઈ પણ ક્યાં હતું? પછી વાત, પછી વાત. આ આ કરવા જેવું છે અમારે પહેલા. આહાહા..!

'**તથા દાન પૂજાદિ શ્રાવકકા ધર્મ,...**' છે ને? દાન, દેવ-ગુરુ-શાસ્ત્ર, ભગવાનની પૂજા એ શ્રાવકનો ધર્મ છે. '**યહ શુભાચારરૂપ દો પ્રકાર ધર્મ ઉસમેં પ્રીતિ કર. ઈસ ધર્મસે વિમુખ જો અપને કુલકા મનુષ્ય ઉસે છોડ,...**' આહા..! એવા ધર્મથી વિમુખ જે પોતાના કુળના મનુષ્ય એને છોડ '**ઔર ઈસ ધર્મકિ સન્મુખ જો પર કુટુંબકા ભી મનુષ્ય હો ઉસસે પ્રીતિ કર.**' આહાહા..! ધર્માત્મા અન્ય હોય, તોપણ પ્રીતિ કર અને તારા બાપ આદિ અધર્મી હોય તો એને છોડી દે. આહાહા..! '**ધર્મકિ સન્મુખ જો પર કુટુંબકા ભી મનુષ્ય હો ઉસસે પ્રીતિ કર. તાત્પર્ય યહ હૈ, કિ યહ જીવ જૈસે વિષય-સુખસે પ્રીતિ કરતા હૈ,...**' આહાહા..! પાંચ ઈન્દ્રિયના વિષયોમાં જેમ પ્રીતિ કરે છે, રૂપમાં, ગંધમાં, રસમાં, સ્પર્શમાં.. આહાહા..! '**વૈસે જો જિનધર્મ સે કરે...**' આહાહા..! '**તો સંસારમેં નહીં ભટકે. ઐસા દૂસરી જગહ ભી કહા હૈ, કિ જૈસે વિષયોંકે કારણોંમેં યહ જીવ બારમ્બાર પ્રેમ કરતા હૈ, વૈસે જો જિનધર્મમેં કરે, તો સંસારમેં ભ્રમણ ન કરે.**' સંસારમાં ભટકવું બને નહિ. વિશેષ છે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૩૫

अथ येन चित्तशुद्धिं कृत्वा तपश्चरणं न कृतं तेनात्मा वञ्चित इत्यभिप्रायं मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति–

२६५) जेण ण चिण्णउ तव-यरणु णिम्मलु चित्तु करेवि।
अप्पा वंचिउ तेण पर माणुस-जम्मु लहेवि।।१३५।।
येन न चीर्णं तपश्चरणं निर्मलं चितं कृत्वा।
आत्मा वञ्चितः तेन परं मनुष्यजन्म लब्ध्वा।।१३५।।

जेण इत्यादि। जेण येन जीवेन ण चिण्णउ न चीर्णं न चरितं न कृतम्। किम्। तवयरणु बाह्याभ्यन्तरतपश्चरणम्। किं कृत्वा। णिम्मलु चितु करेवि कामक्रोधादिरहितं वीतरागचिदानन्दैकसुखामृततृप्तं निर्मलं चित्त कृत्वा। अप्पा वंचिउ तेण पर आत्मा वञ्चितः तेन परं नियमेन। किं कृत्वा। लहेवि लब्ध्वा। किम्। माणुसजम्मु मनुष्यजन्मेति। तथाहि। दुर्लभपरंपरारुपेण मनुष्यभवे लब्धे तपश्चरणेडपि, च निर्विकल्पसमाधिबलेन रागादिपरिहारेण चित्तशुद्धिः कर्तव्येति। येन चित्तशुद्धिर्न कृता स आत्मवञ्चक इति भावार्थः। तथा चोक्तम्–''चित्ते बद्धै बद्धौ मुक्को त्ति णत्थि संदेहो। अप्पा विमलसहावो मइलिज्जइ मइलिए चित्ते।।''।।१३५।।

आगे जिसने चित्तकी शुद्धता करके तपश्चरण नहीं किया, उसने अपना आत्मा ठग लिया, वह अभिप्राय मनमें रखकर व्याख्यान करते हैं-

गाथा-१३५

अन्वयार्थ :- [येन] जिस जीवने [तपश्चरणं] बाह्याभ्यन्तर तप [न चीर्णं] नहीं किया, [निर्मलं चित्तं] महा निर्मल चित्त [कृत्वा] करके [तेन] उसने [मनुष्यजन्म] मनुष्यजन्मको [लब्ध्वा] पाकर [परं] केवल [आत्मा वंचितः] अपना आत्मा ठग लिया।

भावार्थ :- महान् दुर्लभ इस मनुष्य-देहको पाकर जिसने विषयकषाय सेवन किये और क्रोधादि रहित वीतराग चिदानंद सुखरुपी अमृतकर प्राप्त अपना निर्मल चित्त करके अनशनादि तप न किया, वह आत्मघाती है, अपने आत्माका ठगनेवाला है। एकेंद्री पर्यायसे विकलत्रय होना दुर्लभ है, विकलत्रयसे असैनी पंचेन्द्रिय होना, असैनी पंचेद्रियसे सैनी होना, सैनी तिर्यंचसे मनुष्य, होना दुर्लभ है। मनुष्यमें भी आर्यक्षेत्र, उत्तमकुल, दीर्घ आयु, सतसंग, धर्मश्रवण, धर्मका धारण और उसे जन्मपर्यन्त निभाना ये सब बातें दुर्लभ हैं, सबसे दुर्लभ (कठिन) आत्मज्ञान है, जिससे कि चित्त शुद्ध होता है। ऐसी महादुर्लभ मनुष्यदेह पाकर तपश्चरण अंगीकार करके निर्विकल्प समाधिके बलसे रागादिका त्याग कर परिणाम निर्मल करने चाहिये, जिन्होंने चित्तको निर्मल नहीं किया, वे आत्माको ठगनेवाले हैं। ऐसा दूसरी जगह भी किया है, कि चित्तके बँधनसे यह जीव कर्मोंसे बँधता है। जिनका चित्त परिग्रहसे धन धान्यादिकसे आसक्त हुआ, वे ही कर्मबंधनसे बँधते हैं, और जिनका चित्त परिग्रहसे छूटा आशा (तृष्णा) से अलग हुआ, वे ही मुक्त हुए। इसमें संदेह नहीं है। यह आत्मा निर्मल स्वभाव है, सो चित्तके मैले होनेसे मैला होता है।।१३५।।

---

હવે, જેણે ચિત્તની શુદ્ધિ કરીને તપશ્ચરણ ન કર્યું તેણે પોતાના આત્માને છેતર્યો એવો અભિપ્રાય મનમાં ધારીને (લક્ષમાં રાખીને) આ સૂત્ર કહે છે :-

ભાવાર્થ :-પરંપરાએ દુર્લભ એવો મનુષ્યભવ અને તપશ્ચરણ પણ પ્રાપ્ત થતાં નિર્વિકલ્પ સમાધિના બળથી રાગાદિના ત્યાગ વડે ચિત્તશુદ્ધિ કરવી જોઈએ. જેણે ચિત્તશુદ્ધિ ન કરી તે આત્મવંચક છે. વળી, કહ્યું પણ છે કે [1]''चित्ते बद्धे बद्धौ मुक्के मुक्को त्ति णत्थि संदेहो। अप्पा विमलसहावो मइलिज्जइ मइलिए चित्ते।।'' (અર્થઃ-ચિત્ત બંધાતાં (ચિત્ત ધન, ધાન્યાદિ પરિગ્રહમાં આસકત થતાં) બંધાય છે, અને ચિત્ત પરિગ્રહથી, આશાતૃષ્ણાથી અલગ થતાં, મૂકાય છે, એમાં સંદેહ નથી. આત્મા વિમળસ્વભાવી છે પણ તે ચિત્ત મલિન થતાં મલિન થાય છે. ૧૩૫.

૧. અનગાર ધર્મામૃત અધ્યાય ૬, ગાથા ૪૧ની સંસ્કૃત ટીકામાં આ શ્લોક છે. स=स आत्मा

## વીર સંવત ૨૫૦૨, મહા સુદ ૫, સોમવાર
## તા. ૨૪-૧-૧૯૭૭, ગાથા-૧૩૫, ૧૩૬, પ્રવચન નં. ૧૯૫

૧૩૫ ગાથા. '**આગે જિસને ચિત્તકી શુદ્ધતા કરકે...**' ભાવાર્થમાં વિશેષ લેશે. '**તપશ્ચરણ નહીં કિયા, ઉસને અપના આત્મા ઠગ લિયા, યહ અભિપ્રાય મનમેં રખકર વ્યાખ્યાન કરતે હૈં—**'

२६५) जेण ण चिण्णउ तव-यरणु णिम्मलु चित्तु करेवि।
अप्पा वंचिउ तेण पर माणुस-जम्मु लहेवि।।१३५।।

**અન્વયાર્થ :—** '**જિસ જીવને...**' '**तपश्चरणं**' '**બાહ્યાભ્યંતર...**' અભ્યંતર આનંદનો અનુભવ. આહા..! સમજાણું કાંઈ? અભ્યંતરમાં નિજ આત્માના આનંદનો અનુભવ, એ અભ્યંતર તપ. ભાવાર્થમાં કહેશે. આહાહા..! બાહ્યમાં બાર પ્રકારના તપ. '**ઉસને મનુષ્યજન્મકો પાકર કેવલ અપના આત્મા ઠગ લિયા.**' આહાહા..! લ્યો, આવા પૈસા ભેગા કરે, આબરુ મોટી મેળવે. ક્યાં ગયા તમારા ચીમનભાઈ ગયા? ભાવનગર ગયા હશે. ઠીક. હિંમતભાઈ પાસે આવા પૈસા નહોતા અને એટલા ભેગા કર્યા છે એણે. એના બાપ પાસે નહોતા. આહા..! શું કર્યું બાપુ? આહાહા..! અહીંયા તો આચાર્યદેવ મૂળ વાત કરવા માગે છે. આહા..!

**ભાવાર્થ :—** '**મહાન દુર્લભ ઈસ મનુષ્ય-દેહકો પાકર...**' આહા..! અનંતેકાળે મહાન મનુષ્યદેહ પામવો દુર્લભ છે. આહાહા..! પૈસા મળવા, કુટુંબ મળવું એ કંઈ દુર્લભ નથી. એ તો અનંતવાર મળ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આબરુ મળવી અને પાંચ, પચાસ કરોડ કે અબજ રૂપિયા મળવા એ કંઈ દુર્લભ નથી.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એ રૂપિયા લાખો તો હતા પહેલા. હવે કરોડો થઈ ગયા. પણ એ કરોડની કિંમત કેટલી? ચાર લાખ, પાંચ લાખની. એક કરોડની કિંમત અત્યારે ચાર, પાંચ લાખની. પોપટભાઈ! પહેલાના પાંચ લાખ અને અત્યારના કરોડ સરખા. આહા..! ઈ શું ચીજ છે? આહા..! મનુષ્યપણું પામીને જો આત્મા..

'**મહાન દુર્લભ ઈસ મનુષ્ય-દેહકો પાકર જિસને વિષયકષાય સેવન કિયે...**' આહાહા..! વિષય ને કષાયનું સેવન. આહાહા..! '**ઔર ક્રોધાદિ રહિત વીતરાગ ચિદાનંદ...**' આહાહા..! કષાય રહિત.. હવે અભ્યંતર તપ કોને કહે છે એ વાત ચાલે છે. આહાહા..! કષાય રહિત '**વીતરાગ ચિદાનંદ સુખરૂપી અમૃતકર પ્રાપ્ત અપના નિર્મલ ચિત્ત...**' આહાહા..! નિર્મળ ચિત્ત કોને કહે છે? કહે છે. આહાહા..! રાગની મંદતા કરી એ કોઈ નિર્મળ ચિત્ત નથી. આહાહા..! કષાય રહિત વીતરાગ ચિદાનંદ. આહાહા..! વીતરાગ—રાગ રહિત વીતરાગ ચિદાનંદ—જ્ઞાનાનંદ. આહાહા..!

એવું વીતરાગ ચિદાનંદરૂપી સુખરૂપી અમૃત. એ સુખરૂપી અમૃત. આહાહા..! **'પ્રાપ્ત અપના નિર્મલ ચિત્ત...'** વીતરાગ ચિદાનંદરૂપી અમૃતનું પાન કરીને. આહાહા..! **'પ્રાપ્ત અપના નિર્મલ ચિત્ત...'** એ નિર્મળ ચિત્ત. નિર્મળ ચિત્તની આ વ્યાખ્યા. આહાહા..! સમજાય છે કાંઈ?

વિષયસેવન, પાંચઈન્દ્રિયના વિષય તો ઝેરના સેવન. આહાહા..! દુઃખનું સેવન. **'ઔર ક્રોધાદિ રહિત વીતરાગ ચિદાનંદ...'** ભગવાનનું સેવન જેણે ન કર્યું. આહાહા..! વીતરાગ કોણ? સર્વજ્ઞ નહિ. આ આત્મામાં વીતરાગ ચિદાનંદ સ્વરૂપ છે. આહાહા..! વીતરાગ જ્ઞાનાનંદ સુખરૂપી અમૃતકર. આહાહા..! **'વીતરાગ ચિદાનંદ સુખરૂપી અમૃતકર...'** એને પ્રાપ્ત કરી **'અપના નિર્મલ ચિત્ત કરકે...'** આહાહા..! આવી વાત છે. શુભરાગ છે એ પણ મલિન ચિત્ત છે. આહાહા..! આકરું કામ છે ભઈ, જગતને અનાદિ આ સત્ય વસ્તુ (પ્રાપ્ત નથી થઈ). આહા..! ભગવાન વીતરાગ ચિદાનંદ સ્વરૂપ છે એનો આશ્રય કરીને જેણે વીતરાગ ચિદાનંદ સુખરૂપી અમૃત પીને જેણે ચિત્તને નિર્મળ કર્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ચિત્તની નિર્મળતા. આહાહા..! આકરું લાગે માણસને.

જ્ઞાનાનંદ પ્રભુ આત્મા, જ્ઞાનાનંદ સ્વભાવ, ભગવાનઆત્માનો જ્ઞાનાનંદ સ્વભાવ પ્રાપ્ત કરીને ચિત્તની નિર્મળતા (કરી). આહાહા..! આ દયા, દાન ને વ્રત, ભક્તિ કરે એને ચિત્તની નિર્મળતા નથી એમ કહે છે. આહાહા..! આકરું કામ છે. અરે! એને અભ્યાસ અનંત કાળનો નહિ ને. સ્વવિષયને છોડી વીતરાગ ચિદાનંદસ્વરૂપ ભગવાનઆત્મા એ સ્વવિષય સમ્યગ્દર્શનનો વિષય એને છોડી અને પરવિષયમાં જેના વલણ. પછી ભલે શુભભાવ હો કે અશુભ હો. આહાહા..! આ ક્ષણભંગુર શરીર, સારું શરીર ક્ષણમાં પડી જાય. નિરોગ તને લાગે બાપુ ભાઈ! પણ ક્યે ક્ષણે એનું થશે? આહાહા..! આ પ્રવીણભાઈનો દાખલો તો તાજો છે હજી. આહાહા..! જુવાન અવસ્થા. ૪૫ વર્ષ એટલે અત્યારની અપેક્ષાએ હોં. પહેલાની અપેક્ષાએ તો ૪૫ વર્ષ એટલે આધેડ થઈ ગયા એમ કહેતા. અત્યારે ૬૦-૭૦ તો સાધારણ માણસના (હોય છે). આહાહા..! એ દેહ છૂટ્યો. ભાઈ કહેતા હતા, ચંદુભાઈ ડોક્ટર, આંતરમાં રસ્તો હોય એ સુકાતો જાય અંદર. આહા..! લોહી આમ હરી શકે નહિ, ફરી શકે નહિ. એકદમ બધા (સુકા) આંતરડા થઈ જાય. અને પીડા.. પીડા.. પીડા.. આહાહા..! શેની પીડા છે એ? આંતરની નથી. એના તરફના રાગ ને દ્વેષની પીડા છે. આહાહા..! એ રાગ-દ્વેષમાં પીલાઈ રહ્યો છે. આહાહા..!

એને કહે છે કે એકવાર ચિત્તની નિર્મળતા તો કર, પ્રભુ! આવું મનુષ્યપણું મળ્યું. આહાહા..! જે કરવાનું છે એ આ છે. ચિદાનંદ. આહાહા..! જુઓને ટીકા તો કરે છે. ચિત્તની નિર્મળતાની આ વ્યાખ્યા. આહા..! વીતરાગ ચિદાનંદ જ્ઞાનાનંદ. આહાહા..! વીતરાગી જ્ઞાનાનંદ એક સુખરૂપી અમૃત. આહાહા..! **'અમૃતકર પ્રાપ્ત...'** એવા ચિદાનંદ વીતરાગ સુખરૂપી અમૃતને પ્રાપ્ત કરીને. આહાહા..! **'અપના નિર્મલ ચિત્ત કરકે અનશનાદિ તપ ન કિયા,...'** એ બાહ્યતપ પછી નિમિત્ત છે. આમ નિર્મળ કરીને બાર પ્રકારની તપસ્યા ન કરી.. આહાહા..! આમ તો બાર પ્રકારના

તપ તો અનંતવાર કર્યા, વ્યવહાર. સમજાય છે કાંઈ? ધ્યાન પણ અનંતવાર કર્યા. ધ્યાન એટલે આ આત્મા આમ છે એમ વિકલ્પથી વિચારમાં રોકાઈ જવું એ ધ્યાન, એ પણ અનંતવાર કર્યા. આહાહા..! ભગવાનમાં પાતાળ કૂવો છે પ્રભુમાં, એમાં અમૃતસુખ ભર્યું છે. આહાહા..! એ પાતાળ કૂવાને ફોડીને, તોડીને જેણે અમૃતથી ચિત્તને નિર્મળ કર્યું છે. આહાહા..! આવી વાતું કઠણ પડે એટલે માણસને, આ તો પરમાત્મપ્રકાશ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :— ગૃહસ્થાશ્રમમાં કઠિન પડે.

ઉત્તર :— ગૃહસ્થાશ્રમમાં પણ સમ્યગ્દર્શન છે ને એમાં. એ પણ ચિદાનંદ વીતરાગને પ્રાપ્ત કરીને ચિત્ત નિર્મળ કરવું એ સમ્યગ્દર્શન છે એમ કહે છે. ગૃહસ્થાશ્રમમાં પણ આત્મા ક્યાં ગૃહસ્થાશ્રમમાં છે? આત્મા તો ચિદાનંદ વીતરાગ આનંદસ્વરૂપ ભગવાન છે. આહાહા..! હેં!

મુમુક્ષુ :— ઉપાધિ બહુ છે.

ઉત્તર :— ઉપાધિ માની છે. ઉપાધિ હતી કે દિ' અંદર ચોંટી છે? બાવળને વળગીને પકડ્યો કે બાવળે મને પકડ્યો છે. ઓલા વાંદરાની મુઠ્ઠી નથી કહી? બોર હોય બોર એમાં. શું કહેવાય ઈ? ઘડો. હેં! ઘડો પાણીનો ખાલી, એમાં બોર ભર્યા હોય. તો વાંદરો મુઠ્ઠી નાખે અંદર તો ગરે તો ખરી, પણ ઓલા બોર પકડ્યા છે તો પાછી નીકળે નહિ. ખાલી હાથ ગર્યો અને પકડ્યા બોર, નીકળે નહિ. મને પકડ્યો છે કો'કે. કોઈએ પકડ્યો નથી તને. તેં બોરની પકડીને પકડાઈ ગયો છે તું. આહાહા..! હેં! એમ આ બાયડી, છોકરા, કુટુંબ, શરીર જડ પદાર્થ.. આહાહા..! એને પકડ્યા એણે. જેની સાથે કાંઈ સંબંધ નથી. સ્વતંત્ર પરદ્રવ્ય એને કારણે પરિણમી રહ્યા છે. આ આત્મા પોતાને કારણે પરિણમી રહ્યો છે. એને કાંઈ સંબંધ નથી કોઈની સાથે. આહાહા..! પણ અજ્ઞાનપણે પરવસ્તુ મારી એમ પકડી અને હું પકડાઈ ગયો અને મને કર્મે પકડ્યો એમ અજ્ઞાની માને છે. માર્ગ તો બાપુ આ તો, આહાહા..! બહારથી મનાવી દીધું છે ને કે અપવાસ કરવા ને દાન કરવા ને તપ કરવા ને ભક્તિ કરવી ને મંદિર કરવા, એમાં મનાવ્યો છે ધર્મ એટલે કઠણ પડે જગતને. આહા..!

વિષયસુખ, કહે છે કે પરમાં પર તરફ વલણ છે એમ કીધું. પહેલું કીધું ને? વિષયસુખનું સેવન એ પર તરફના વલણવાળું છે. ઝેરના પ્યાલા પીવે છે અનાદિથી. આહાહા..! એકવાર સામું તો જો પ્રભુ તારી. આહાહા..! **'વીતરાગ ચિદાનંદ સુખરૂપી અમૃતકર પ્રાપ્ત...'** આહાહા..! એવું જે ચિત્ત નિર્મળ. આવી વ્યાખ્યા છે સુમનભાઈ. આહા..! આઠ-આઠ હજારના પગાર ને દસ હજારના પગાર ધૂળ છે, કહે છે. ગરી ગયો ઓલામાં. રામજીભાઈ કહે છે ને, બાર કલાક ત્યાં રહેવું પડે છે. હાય.. હાય..!

મુમુક્ષુ :— સવારે આઠ વાગે જાવું ને રાત્રે આઠ વાગે આવવું.

ઉત્તર :— પણ એ નહિ, આ શેઠિયા બધા. દુકાને બેસીને પૈસા ઉઘરાવવા બેઠા. ઈ બધા પકડાઈ ગયા છે ત્યાં. આહાહા..! શેઠાઈમાં પકડાઈ ગયા. એને વખત મળતો નથી, એમ આ નોકરીમાં પકડાઈ ગયા એમાં વખત મળતો નથી. આહાહા..! અરે! આવા મનુષ્યદેહમાં દુર્લભતા..

કહેશે હમણાં. આહાહા..! હેં!

મુમુક્ષુ :— આપ ઉપાય બતાવો.

ઉત્તર :— આ ઉપાય છે, બાપુ! બહારથી ખસીને અંદરમાં જવું. હેં! આહાહા..! દુનિયા માને ન માને, દુનિયાને ઠીક લાગે, ન લાગે. એને કંઈ દુનિયા પાસેથી રિપોર્ટ નથી લેવો. આહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા. આ તો પર્યાયની વાત કરે છે. સમજાણું? શું કીધું? '**ક્રોધાદિ રહિત વીતરાગ ચિદાનંદ સુખરૂપી અમૃત...**' એ વર્તમાન પર્યાયની વાત કરી પણ વસ્તુ પોતે વીતરાગ ચિદાનંદ અમૃતથી ભરેલું તત્ત્વ છે. આહાહા..! આવો ધર્મ. ઓલા તો કહેતા કે દયા પાળવી, વ્રત પાળવા, ભક્તિ કરવી.. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, પ્રભુ! આચાર્ય મહારાજનો પોકાર છે. યોગીન્દ્રદેવ. યોગીન્દ્રદેવ મુનિ છે. દિગંબર મુનિ વનવાસમાં રહેલા પોકાર જગતને કરે છે, પ્રભુ! તારું ચિત્ત નિર્મળ કર. નિર્મળ કરીને પછી બાર પ્રકારની તપસ્યા નિમિત્તરૂપે હોય છે. સમજાણું કાંઈ? એ નિર્મળની વ્યાખ્યા આ. આહાહા..!

ભરિત ચિદાનંદ જ્ઞાનાનંદથી ભરિત અવસ્થા. અવસ્થા એટલે પર્યાય નહિ. આ અવસ્થાની વાત છે. જ્ઞાનાનંદ ભરિત-અવસ્થા. અવસ્થ-નિશ્ચયથી ભરેલો જ્ઞાન અને આનંદનો સાગર ભગવાન. આહાહા..! એના સન્મુખના ચિદાનંદ વીતરાગની અમૃતરૂપી સુખરૂપી અમૃતથી પ્રાપ્ત. આહાહા..! એનાથી ચિત્ત નિર્મળ થાય એમ કહે છે. કહો, ભગવાનજીભાઈ! અરે! અરે! બહિરાત્મબુદ્ધિ છોડી.. બહિરાત્મા એટલે જે આત્મામાં નથી પુણ્ય-પાપ અને પુણ્ય-પાપના ફળ એ આત્મામાં નથી. એ બહિર્ ચીજને પોતાની માની અને અંતરાત્મા ચિદાનંદને ભૂલ્યો છે એ. એ કહે છે કે એકવાર હવે એને ભૂલને. ભગવાનને યાદ કરને અંદરથી. આહાહા..! આવી વ્યાખ્યા કઠણ પડે માણસને. નિશ્ચય અને સત્ય તો આ છે. ક્રિયાકાંડ ગમે તેટલી કરે, વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા, એ બધો રાગ અને દુઃખ છે.

'મુનિવ્રત ધાર...' કહ્યું નહોતું? 'મુનિવ્રત ધાર...' એ દુઃખ છે. પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ. આહાહા..! એ આત્માના આનંદની પ્રાપ્તિ નહિ એમાં. સમજાણું કાંઈ? એ દુઃખની પ્રાપ્તિ. લોકોને આ કઠણ પડે છે ને. હેં! સત્ય તો આ છે, પ્રભુ! આહાહા..! ટીકા તો ટીકા છે ને જુઓને. આહાહા..! એ રાગ છે પુણ્ય-પાપ એ દુઃખ છે. એનાથી રહિત ચિદાનંદ વીતરાગ સુખરૂપી અમૃત એનો પ્યાલો પી. આહાહા..! તને આનંદ થશે. તારું ચિત્ત નિર્મળ થશે. આહાહા..! આવી વાતું છે. બહારના ભપકા શરીરના ને પૈસાના.. આહાહા..! ઘરવખરી, દસ-દસ લાખ, પચાસ લાખની ઘરવખરી મોટી. આહાહા..! અરેરે! આમાંથી નીકળવું કઠણ પડશે, કીધું.

ત્યાં એક વખત નહોતું કહ્યું? તમારા રાજકોટમાં લીલાધરભાઈનું. લીલાધરભાઈને ઘરે જુઓ તો લાકડા સાફ ને આમ બધું. પૈસા એટલા બધા નહિ. પણ પાલીસ.. પાલીસ.. પાલીસ.. પાલીસ. આહા..! લુગડું પાથરેલું ને ખુરશી હોય ને ન્યાં મૂકે. નિસરણી શું કહેવાય તમારે? દાદર. પાલીસ

બધા પાલીસ. આહાહા..! મને થયું, અરેરે! આને નીકળવું કઠણ પડશે. આ સાહ્યબીમાંથી નીકળવું. આહાહા..! અને પોર ન કીધું? પોર. રસિકભાઈ નહિ? શાંતાબેનના બનેવી રસિકભાઈ, રાજકોટ નહિ? એના બનેવી મણીભાઈ મુંબઈમાં, પાંચ કરોડ રૂપિયા, છ કરોડ. આહાર કરવા (ગયેલા), વિનંતી કરેલી તો આહાર કરવા ગયા સાંજે. બહુ છેટે હતું. ત્યાંથી પણ જરી આઘા ગયા હતા. આ હમણાં વિજય ગુજરી ગયો ને. વિજય તમારામાં નહિ, એ તો આ ટાટામાં. ટાટામાં નોકરી. છોકરો બહુ હુશિયાર હતો. મગજ-મગજ ને શાંત શાંત. બોલે નહિ. અહીં રહી ગયો હતો, મહિનો મહિનો. કુંવારા મહિનો રહી ગયો હતો અને પરણીને આવ્યો હતો. મગજ ઘણું. કિડનીનું દર્દ થઈ ગયું. આહાહા..! ત્યાં પોર અમે મણિભાઈના ઘરે આહાર કરવા ગયા હતા. ત્યારે એને ત્યાં ગયા હતા, એની પાસે, મંગળિક સંભળાવવા. આહાહા..! છોકરાની વહુ ઊભેલી, એના મા-બાપ બધા. કિડનીનું દર્દ. આહાહા..! બાર મહિના હજી થયા નથી. ગુજરી ગયો. કિડની આપેલી એની માએ બિચારીએ. પણ ઓપરેશન કર્યું. આહાહા..! એક વર્ષનું પરણેતર અને એક વર્ષની પીડા. અરેરે! આહાહા..! છોકરો એવો હતો શાંત, બુદ્ધિવાળો, વાંચન (ઘણું). અરેરે! મનુષ્યપણા હારી ગયા.

અહીં કહે છે કે બાપુ! તારે જીત મેળવવી હોય ને આત્મામાં, આહાહા..! ચિત્તની નિર્મળતાની વ્યાખ્યા તો જુઓ! આહા..! શુભ-અશુભ વિકલ્પ છે શુભ અશુભ, વિષય શબ્દે પર તરફના વિષય ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પણ પરનો વિષય છે ઈ. આહાહા..! '**जो इंदिये जिणित्ता**'માં આવ્યું છે ને? ૩૧ ગાથામાં. દેવ-ગુરુ-શાસ્ત્ર, પ્રતિમા, મંદિર એ બધો પર વિષય ઈન્દ્રિય છે એ તો. એ વસ્તુ ઈન્દ્રિય છે એમ કહે છે. આહાહા..! એ ઈન્દ્રિયનો વિષય છે. એ ઈન્દ્રિયના વિષયનું સેવન ચાહે તો શુભ હો કે અશુભ, એ દુઃખરૂપ છે. આવી વ્યાખ્યા આકરી બાપા! આહાહા..! જગતને મળવી કઠણ. આહાહા.!

આચાર્ય મહારાજ યોગીન્દ્રદેવ ૧૩૦૦ વર્ષ પહેલા થયા છે, પરમાત્મપ્રકાશના કર્તા. આહાહા..! ભગવાન! એકવાર સાંભળને પ્રભુ! આહા..! દુનિયા સાથે મેળ ખાય કે ન ખાય, એની સાથે સંબંધ નથી. તારો આત્મા વીતરાગ ચિદાનંદથી ભરેલો છે પ્રભુ! આહાહા..! એ તો એનું સ્વરૂપ છે. વીતરાગ ચિદાનંદ સુખરૂપી અમૃત એ તો એનું સ્વરૂપ છે. હવે એના સ્વરૂપ સન્મુખ થઈને, આહા..! એકવાર ચિત્તને નિર્મળ કર. કઈ રીતે? કઈ રીતે? કે '**સુખરૂપી અમૃતકર પ્રાપ્ત અપના નિર્મલ ચિત્ત કરકે...**' આહાહા..! અતીન્દ્રિય આનંદનો સ્વાદ લઈને ચિત્તને નિર્મળ કર. આહાહા..! આહાહા..! જુઓ આ સંતોની વાણી! દિગંબર સંતોના રામબાણ. ભગવાન! તું એકવાર આવી જા ને અંદરમાં. આહા..! તારો નાથ અંદર અમૃતના સાગરથી ભરેલો પ્રભુ છે ને. અમૃતના સાગરથી ભરેલો તારો આત્મા છે. એ કેમ બેસે? વિશ્વાસ ન મળે, પ્રતીતિ ન મળે.

શુભ-અશુભભાવ જે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ વિષય છે, રાગ છે. આહાહા..! ૩૧મી ગાથામાં કહ્યું છે, '**जो इंदिये जिणित्ता**'. ભગવાન કુંદકુંદાચાર્યે ૩૧માં કહ્યું, પ્રભુ! સાંભળ તો ખરો. તારી આ જડઇન્દ્રિય આ માટી અને ભાવેન્દ્રિય એક ઈન્દ્રિય એક વિષયને

જાણનારી, ભાવ, અને એનો વિષય—ત્રણેને ૩૧મી ગાથામાં ઇન્દ્રિય કહ્યું છે. આહા..! ભાઈ! તારી વાત બહુ આકરી બાપા! આહા..! એ ઇન્દ્રિયને જીતીને. એટલે કે ભગવાનની વાણી અને તીર્થંકરદેવ પણ ઇન્દ્રિયમાં નાખ્યા ભગવાને. અણીન્દ્રિય પ્રભુ નહિ. આહાહા..! એ તરફના વિષયનું વલણ છોડી દે એકવાર. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

એ આચાર્ય કહે છે. ટીકાકાર છે, આચાર્યનો શ્લોક છે. યોગીન્દ્રદેવ ૧૩૦૦ વર્ષ પહેલા થયા. દિગંબર વનવાસી. અતીન્દ્રિય આનંદ પ્રચુર આનંદને અનુભવનારા. મુનિ એટલે શું? કે પ્રચુર આનંદની મહોરછાપાવાળાને મુનિ કહીએ. આહાહા..! પાંચમી ગાથામાં આવ્યું છે, સમયસાર. કુંદકુંદાચાર્ય કહે છે કે હું મારા નિજ વૈભવથી સમયસાર કહીશ. મારો નિજ વૈભવ શું છે? આત્માના આનંદમાંથી ઝરતો પ્રચુર સ્વસંવેદન, જેની અતીન્દ્રિય આનંદની મહોરછાપ છે. આહાહા..! એ અમારું મુનિપણું છે, એ અમારો નિજ વૈભવ છે. આ તમારા ધૂળના વૈભવ નહિ. પોપટભાઈ! આહા..! મારી નાખ્યા વૈભવે, મારા મારા માનીને. આહાહા..!

મુમુક્ષુ :— આપ તો એમ કહો છો, જેટલું અમેં કર્યું બધું ઊંધું કર્યું.

ઉત્તર :— ઊંધુ જ અનાદિથી કર્યું છે. એ જ કહે છે અહીંયા. નવમી ગ્રૈવેયક ગયો એ પણ ઊંધું થયું, શુભભાવથી ગયો એ ઊંધું છે. એ આત્માનો સ્વાદ ક્યાં છે, એ આત્માનો સ્વભાવ ક્યાં છે. આહાહા..! ભગવાનઆત્મા ચિદાનંદ વીતરાગ છે. શું કહે છે, જુઓને! આહાહા..!

'**સુખરૂપી અમૃતકર...**' આહાહા..! આકરું પડે ભાઈ, શું થાય? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એનો સંતનો માર્ગ તો આ છે. ચિત્તને નિર્મળ કરીને એટલે? '**વીતરાગ ચિદાનંદ સુખરૂપી અમૃતકર પ્રાપ્ત અપના નિર્મલ ચિત્ત...**' આહાહા..! એક પંક્તિમાં તો, અરે! પ્રભુ! તને તારી ચીજની ખબર નથી. આહાહા..! બહારમાં ભટક ભટક.. શુભ-અશુભ ભાવ અને શુભ-અશુભ ભાવના ફળ એ બધી ચીજ તારામાં નથી. તારામાં નથી એને પોતાના માનવા એ મિથ્યાત્વના દુઃખનું વેદન છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કઈ જાતનો? બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! આહાહા..! તારી તને કરુણા ન આવી, પ્રભુ! તારી તને દયા ન આવી, ભાઈ! આહા..! એ દયા આ. આહાહા..!

'**નિર્મલ ચિત્ત કરકે અનશનાદિ તપ ન કિયા,...**' આહાહા..! અનશનાદિ તપ તો કર્યા અનંતવાર. સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયક ગયો. ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કર્યો એવી ક્રિયા કરી. પણ નિર્મળ ચિત્ત ન કર્યું. રાગવાળું ચિત્ત મલિન છે. શુભરાગ એ અશુચિ છે. આહાહા..! ૭૨ ગાથામાં આવે છે ને? શુભ-અશુભ રાગ એ અશુચિ છે. ભગવાનઆત્મા પવિત્ર શુચિ અંદર છે. આહાહા..! પુણ્ય-પાપ ભાવ એ દુઃખરૂપ છે. ભગવાનઆત્મા આનંદરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? ૭૨ ગાથામાં છે. ભગવાન તરીકે બોલાવ્યો છે. સંતોએ તો આત્મા ભગવાન એમ કહીને કહ્યું. આહા..! પ્રભુ! તારી ભગ નામ આનંદ અને જ્ઞાનની લક્ષ્મી, વાન એ તારું રૂપ છે. આ પુણ્ય-પાપના ભાવ એ તારું સ્વરૂપ નહિ, રૂપ નહિ. આહાહા..! એ તો કદરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવું ચિત્ત કરકે. આહાહા..!

વીતરાગી ચિદાનંદ આનંદને પ્રાપ્ત કરીને ચિત્તની નિર્મળતા કરીને, આહા..! **'અનશનાદિ તપ ન કિયા, વહ આત્મઘાતી હૈ,...'** આહાહા..! પોતાનો ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ! નિર્વિકલ્પ અમૃતસાગરનો પિંડ પ્રભુ આત્મા એનું, નિર્મળ ચિત્ત કરીને—પવિત્ર કરીને, જેણે તપસ્યા ન કરી.. આહાહા..! પણ આ નિર્મળ ચિત્ત કરીને હોં! એમ કહ્યું ને? સંસ્કૃત છે. સંસ્કૃત છે ને? **'वीतरागचिदानन्दैकसुखामृत'** 'એક' પડ્યો રહ્યો છે હોં! બધામાં 'એક' પડ્યો રહે છે. એક એક જોઈએ આમાં. પાઠમાં સંસ્કૃતમાં એમ છે. **'वीतरागचिदानन्दैकसुखामृततृप्तं निर्मलं चित्त कृत्वा।'** આહાહા..! 'એક' શબ્દ પડ્યો રહ્યો છે. દરેકમાં 'એક' પડ્યો રહ્યો છે અર્થ કરનારને. ટીકામાં (છે). વીતરાગ ચિદાનંદ એકસ્વભાવરૂપ અમૃતરૂપ સુખ. આહાહા..! સમજાણું કાંઈ? દુઃખના પ્રકાર તો અનેક પ્રકાર છે. શુભ-અશુભ અસંખ્ય પ્રકારના ભાવ એ બધા દુઃખરૂપ છે. ભગવાનનું એકરૂપ સુખ છે. આહાહા..! આહાહા..! એ એકરૂપ સ્વભાવના અમૃતનો સ્વાદ લઈને જેણે ચિત્તની નિર્મળતા સમ્યગ્દર્શન ન કર્યું. સમ્યગ્દર્શનમાં ચિત્તની નિર્મળતા થાય છે. આનંદનો સ્વાદ આવે છે તેનું નામ સમ્યગ્દર્શન અને ચિત્તની નિર્મળતા. આહાહા..! અરેરે! શું થાય? આવી વાત છે, બાપુ! આ વાત તો વિરલ સાંભળે અને વિરલને મળે એવી વાત છે. 'વિરલા જાણે તત્ત્વને, વિરલા સાંભળે કોઈ' આહાહા..! યોગીન્દ્રદેવમાં છે ને? સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં છે. આહાહા..! વિરલા સાંભળે કોઈ. 'વિરલા જાણે તત્ત્વને, વિરલા સાંભળે કોઈ' શ્રદ્ધા જોઈ, વિરલે શ્રદ્ધા જોઈ. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

**'વહ આત્મઘાતી હૈ,...'** આહાહા..! **'અપને આત્માકા ઠગનેવાલા હૈ.'** આહાહા..! **'એકેંદ્રી પર્યાયસે વિકલત્રય હોના દુર્લભ હૈ,... '** આહાહા..! નિગોદમાં, એકેન્દ્રિયમાંથી નીકળીને વિકલત્રય (એટલે) બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય પ્રાપ્ત કરવી દુર્લભ છે. **'વિકલત્રયસે અસૈની પંચેંદ્રી હોના,... '** દુર્લભ. **'અસૈની પંચેંદ્રિયસે સૈની હોના,... '** દુર્લભ. **'સૈની તિર્યંચસે મનુષ્ય હોના દુર્લભ હૈ.'** આહાહા..! **'મનુષ્યમેં ભી આર્યક્ષેત્ર, ઉત્તમકુલ, દીર્ઘઆયુ,...'** એમાં પણ સાચો સત્‌સમાગમ. આહાહા..! **'ધર્મશ્રવણ,...'** સંગ મળ્યો અને ધર્મશ્રવણ થવું. વીતરાગની વાણીનું સત્‌શ્રવણ. આહાહા..! **'ધર્મકા ધારણ...'** શ્રવણ કરીને પણ પછી ધારી રાખવું. અહીં સાંભળ્યું ને કાઢી નાખે એ નહિ. આહાહા..! દુર્લભ. **'ઔર ઉસે જન્મપર્યન્ત નિભાના...'** આહાહા..! સમ્યગ્દર્શન ધારણ કરીને નભાવવું. આહાહા..! સમજાણું કાંઈ? **'યે સબ બાતેં દુર્લભ હૈં, સબસે દુર્લભ (કઠિન) આત્મજ્ઞાન હૈ,...'** આહાહા..! છે? આત્મજ્ઞાન કહ્યું. એમ નથી કહ્યું, રાગનું જ્ઞાન, સંયોગનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન એમ નથી કહ્યું. આત્મજ્ઞાન. આત્મા જે વસ્તુ આખી... આહાહા..! એનું જ્ઞાન કર્યું નહિ. આહા..! બાકી તો અગિયાર અંગ નવ પૂર્વ અનંતવાર ભણ્યો. વાંચી નાખ્યા. બાપુ! મારગડા જુદા ભાઈ, જિનવર વીતરાગ સર્વજ્ઞદેવ કહે છે એ. આહાહા..!

આત્મજ્ઞાન દુર્લભ. આહાહા..! જોયું? '**જિસસે કિ ચિત્ત શુદ્ધ હોતા હૈ.**' આત્મજ્ઞાનથી જ્ઞાન શુદ્ધ થાય છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ અનંતગુણનો સાગર ભગવાનઆત્મા, એની દૃષ્ટિ કરી આનંદનું વેદન થવું એ સમ્યગ્દર્શન. એ ચિત્તને નિર્મળ કર્યું કહેવાય એનાથી. આહાહા..! આકરી વાત ભાઈ! '**જિસસે કિ ચિત્ત શુદ્ધ હોતા હૈ.**' કોનાથી? આત્મજ્ઞાનથી. આહાહા..! શાસ્ત્રજ્ઞાન પણ અનંતવાર કર્યું. આહાહા..! સમજાણું કાંઈ? એ પરલક્ષી જ્ઞાન છે, એ આત્મજ્ઞાન નહિ. આહાહા..! જેણે પોતાની વર્તમાન જ્ઞાનપર્યાયમાં આખા આત્માને જ્ઞેય બનાવી જ્ઞાન કર્યું એ દુર્લભ છે. આહાહા..! અને એને આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન કહે છે. મુંબઈમાં ઝપાટા વાગતા હોય. કાંતિભાઈ! આહાહા..! એની પાસે દસ લાખ, મારી પાસે પાંચ લાખ. દસ લાખ થાય તો ઓલાની પાસે વીસ લાખ, મારી પાસે દસ લાખ. દસ લાખની ખોટ પાડે, ખાધ પાડે ખાધ. ઓલા પાસે ફલાણા પાસે એક કરોડ, મારી પાસે સીત્તેર લાખ. ત્રીસ લાખની ખાધ. અરરર! પણ મારી પાસે અનંતઆનંદ અને જ્ઞાન છે. આહાહા..! એવી દૃષ્ટિ ત્યાં નથી એને.

'**આત્મજ્ઞાન હૈ, જિસસે કિ ચિત્ત શુદ્ધ હોતા હૈ.**' છે? આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ શુભ છે. શુભ છે એ મલિન છે. આહાહા..! આવી વાત, ભગવાન વીતરાગના ઘરમાં. નિર્મળ ચિત્ત તો રાગથી રહિત ચિદાનંદનો અનુભવ કરવો, આત્મજ્ઞાન કરવું એ ચિત્તની નિર્મળતા છે. આહાહા..! પૂજા કરવી કર્મદહન શક્તિની, સિદ્ધચક્રની પૂજા એ બધો શુભભાવ છે, ભાઈ! પરલક્ષમાં છે એ, એ સ્વલક્ષી ચીજ નહિ. આહા..! આકરી વાત છે, બાપા! પ્રભુ! એ માર્ગને ન જો. પંડિતાઈ પણ અનંતવાર કરી પણ આત્માની પંડિતાઈ ન કરી. આહા..! દુનિયાનું રંજન કર્યું, પોતે રંજન ન થયો સ્વયં.

'**ઐસી મહાદુર્લભ મનુષ્યદેહ પાકર તપશ્ચરણ અંગીકાર કરકે...** ' તપશ્ચરણ એટલે મુનિપણું. દીક્ષાકલ્યાણક આવે છે ને? એ તપકલ્યાણક કહો કે દીક્ષાકલ્યાણક—ચારિત્ર (કહો). આહાહા..! સમ્યગ્દર્શનમાં ચિત્ત નિર્મળ કરીને... આહાહા..! આનંદનો અનુભવ કરીને જેણે ચારિત્ર ન લીધું.. આહાહા..! મોક્ષનું મૂળ કારણ તો ચારિત્ર છે અને ચારિત્રનું કારણ દર્શન, જ્ઞાન સમકિત છે. ચરિત્તં ખલુ ધમ્મો.. સમજાણું કાંઈ? અને ધર્મનું મૂળ સમ્યગ્દર્શન. દંસણ મૂલો ધમ્મો. એ અષ્ટપાહુડની ગાથા છે. ધર્મના સ્વરૂપમાં આચરણ—સ્થિરતા એ ચારિત્ર. પણ એનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન નથી ત્યાં ચારિત્ર ને વ્રત એ કાંઈ હોતા નથી. કેમકે અજ્ઞાનભાવ છે બધો. આહાહા..! સમજાય છે કાંઈ? 'કરકે **નિર્વિકલ્પ સમાધિકે** બલસે...' આહાહા..! નિર્વિકલ્પ શાંતિના બળથી '**રાગાદિકા ત્યાગકર પરિણામ નિર્મલ કરને ચાહિયે,...**' આહાહા..! સમાધિ એટલે ઓલા બાવા ચડાવે એની વાત નથી, હોં! અજ્ઞાની અન્યમતમાં સમાધિ કહે છે ને, એ બધા થોથા. આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવ, જે આનંદનો નાથ ભગવાન એમાં સમાધિ લગાવે એટલે સ્થિરતા કરે છે એનું નામ સમાધિ. આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત સમાધિ. ઉપાધિ નામ બાહ્યના સંયોગ આ. વ્યાધિ નામ શરીરના રોગ, આધિ નામ મનના સંકલ્પ વિકલ્પ પુણ્ય-પાપ. એ આધિ, વ્યાધિ,

ઉપાધિથી રહિત સમાધિ. અન્યમતિ બાવા કહે છે એ નહિ. આહા..! લોગસ્સમાં આવે છે, નહિ? સમાહિવરમુત્તં દિંતુ. લોગસ્સમાં આવે છે. સમાધિ સમાધિ—શાંતિ. આહાહા..! શુભાશુભ વિકલ્પના રાગથી ભિન્ન શાંતિ.. શાંતિ.. શાંતિ.. આહાહા..!

**'નિર્વિકલ્પ સમાધિકે બલસે રાગાદિકા ત્યાગકર...'** લ્યો, રાગ કેમ છૂટે છે? કહે છે. રાગ-દ્વેષ છૂટે કઈ રીતે? નિર્વિકલ્પ સમાધિના બળથી છૂટે. આહાહા..! પરમાત્મપ્રકાશ છે આ. યોગીન્દ્રદેવ દિગંબર સંત વનવાસી અમૃતના ઝુલે ઝુલવાવાળા. આહાહા..! એ એમ કહે છે, હોં દુનિયાને. કરુણાથી કહે છે, પ્રભુ! તું દુઃખી થઈને સંસારમાં રખડે છે. હવે તો સુખના પંથે આવ. આહા..! તારો આત્મા આનંદનો નાથ છે, ત્યાં જા. તારો સુખપંથ ત્યાં મળશે. રાગમાં જઈશ તો દુઃખપંથ છે. આહાહા..! **'જિન્હોંને ચિત્તકો નિર્મલ નહીં કિયા,...'** સમ્યગ્દર્શન ને આત્માના આનંદનો સ્વાદ લઈને **'ચિત્તકો નિર્મલ નહીં કિયા, વે આત્માકો ઠગનેવાલે હૈં.'** આહાહા..!

**'ઐસા દૂસરી જગહ ભી કહા હૈ, કિ ચિત્તકે બંધનસે યહ જીવ કર્મોંસે બંધતા હૈ.'** લ્યો. ચિત્ત પર તરફના વલણમાં બંધાય છે. **'જિનકા ચિત્ત પરિગ્રહસે ધન ધાન્યાદિકસે આસક્ત હુઆ,...'** જેનું ચિત્ત પૈસા, ધન, ધાન્ય આદિ, શરીરમાં આસક્ત થયું **'વે હી કર્મબંધનસે બંધતે હૈં,...'** અણગાર ધર્મામૃત, એ શ્લોક અણગાર ધર્મામૃતનો છે.

**चित्ते बद्धे बद्धौ मुक्के मुक्को त्ति णत्थि संदेहो।**
**अप्पा विमलसहावो मइलिज्जइ मइलिए चित्ते।।**

આહા..! (પંડિત) આશાધર, અણગાર ધર્મામૃતમાં (કહે છે).

**'જિનકા ચિત્ત પરિગ્રહસે ધન ધાન્યાદિકસે આસક્ત હુઆ, વે હી કર્મબંધનસે બંધતે હૈં, ઔર જિનકા ચિત્ત પરિગ્રહસે છૂટા...'** રાગાદિ બધાથી છૂટીને અંદર ગયા. આહાહા..! **'આશા (તૃષ્ણા) સે અલગ હુઆ, વે હી મુક્ત હુએ.'** આહાહા..!

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।**

એ સંવર અધિકારમાં અમૃતચંદ્રાચાર્યનો શ્લોક છે. જે કોઈ અત્યાર સુધી મુક્તિને પ્રાપ્ત થયા, **'भेदविज्ञानतः सिद्धाः'** રાગ ને શરીરથી પર ભેદજ્ઞાન આત્મા, એનાથી મુક્તિને પામ્યા. અને બંધાયા કેમ? **'अस्यैवाभावतो बद्धा'** ભેદજ્ઞાનના અભાવથી, રાગની એકતાબુદ્ધિથી બંધાયા. આહાહા..! આવી વાત છે.

**'ઇસમેં સંદેહ નહીં હૈ. યહ આત્મા નિર્મલ સ્વભાવ હૈ,...'** ભગવાનઆત્મા તો નિર્મલ ચૈતન્ય-સરોવર, આનંદસાગર (છે). આહા..! અનંતગુણ એ બધા પવિત્ર છે. પર્યાયમાં રાગ-દ્વેષ અને અપવિત્રતા છે. વસ્તુમાં અને ગુણમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'આત્મા નિર્મલ સ્વભાવ હૈ, સો ચિત્તકે મૈલે હોનેસે મૈલા હોતા હૈ.'** આહાહા..! છે તો નિર્મળ ભગવાન. રાગ અને પુણ્ય-પાપના ભાવથી મલિન થાય છે. આહાહા..! ૧૩૫ થઈ.

ગાથા-૧૩૬

अत्र पञ्चेन्द्रियविजयं दर्शयति–

२६६) ए पंचिंदिय-करहडा जिय मोक्कला म चारि।
चरिवि असेसु वि विसय-वणु पुणु पाडहिँ संसारि।।१३६।।
एते पञ्चेन्द्रियकरभकाः जीव मुक्तान् मा चारय।
चरित्वा अशेषं अपि विषयवनं पुनः पालयन्ति संसारे।।१३६।।

ए इत्यादि। ए एते प्रत्यक्षीभूताः पंचिंदिय-करहडा अतीन्द्रियसुखास्वादरुपात्परमात्मनः सकाशात् प्रतिपक्षभूताः पञ्चेन्द्रियकरहटा उष्ट्राः जिय हे मूढजीव मोक्कला म चारि स्वशुद्धात्मभावनोत्थवीतरागपरमानन्दैकरुपसुखपराङ्मुखो भूत्वा स्वेच्छया मा चारय व्याघुट्टय। यतः किं कुर्वन्ति। पाडहिं पातयन्ति। कम्। जीवम्। क्व। संसारे निःसंसारशुद्धात्मप्रतिपक्षभूते पञ्चप्रकारसंसारे पुणु पश्चात्। किं कृत्वा पूर्वम्। चरिवि चरित्वा भक्षणं कृत्वा। किम्। विसय-वणु पञ्चेन्द्रियविषयवनमित्यभिप्रायः।।१३६।।

---

आगे पाँच इंद्रियोंका जीतना दिखलाते हैं-

गाथा-१३६

अन्वयार्थ :- [एते] ये प्रत्यक्ष [पंचेन्द्रियकरभकाः] पाँच इंद्रियरुपी उँट हैं, उनको [स्वेच्छया] अपनी इच्छासे [मा चारय] मत चरने दे, क्योंकि [अशेषं] सम्पुर्ण [विषयवनं] विषय-वनको [चारयित्वा] चरके [पनुः] फिर ये [संसारे] संसारमें ही [पातयंति] पटक देंगे।

भावार्थ :- ये पाँचो इंद्री अतीद्रिंय-सुखके आस्वादनरुप परमात्मामें पराङ्मुख हैं, उनको हे मूढ़जीव, तू शुद्धात्मा की भावना से पराङ्मुख होकर इनको स्वच्छंद मतकर, अपने वशमें रख, ये तुझे संसारमें पटक देंगे, इसलिये इनको विषयोंसे पीछे लौटा। संसारसे रहित जो शुद्ध आत्मा उससे उलटा जो द्रव्य, क्षेत्र, काल, भव, भावरुप पाँच प्रकारका संसार उसमें ये पंचेन्द्रीरुपी उँट स्वच्छंद हुए विषय-वनको चरके जगतके जीवोंको जगतमें ही पटक देंगे, यह तात्पर्य जानना।।१३६।।

---

અહીં, પાંચ ઇન્દ્રિયોનો વિજય દર્શાવે છે :-

ભાવાર્થ :- હે મૂઢ જીવ! ઇન્દ્રિયોને અતીન્દ્રિય સુખના આસ્વાદરૂપ સ્વશુદ્ધાત્મભાવનાથી ઉત્પન્ન, વીતરાગ પરમાનંદ જેનું એક રૂપ છે એવા સુખથી

પરાઙ્મુખ થઈને સ્વેચ્છાએ ચરવા ન દે (વશમાં રાખ), કારણ કે તેઓ પહેલાં પાંચ ઇન્દ્રિયના વિષયરૂપી વનનું ભક્ષણ કરીને પછી જીવને નિઃસંસાર એવા શુદ્ધ આત્માથી પ્રતિપક્ષભૂત પાંચ પ્રકારના સંસારમાં પાડે છે, એ અભિપ્રાય છે. ૧૩૬.

## ગાથા-૧૩૬ ઉપર પ્રવચન

'આગે પાંચ ઇન્દ્રિયોંકા જીતના દિખલાતે હૈં— '

૨૬૬) ए पंचिंदिय-करहडा जिय मोक्कला म चारि।

चरिवि असेसु वि विसय-वणु पुणु पाडहिँ संसारि।।१३६।।

**અન્વયાર્થ :—** ભગવાન યોગીન્દ્રદેવ કહે છે, '**યે પ્રત્યક્ષ પાંચ ઇંદ્રિયરૂપી ઊંટ હૈં,...**' ઊંટ. આહાહા..! ઊંટ જેમ ઝાડ ખાય છે ને? ઊંચો થઈને એમ તારી પાંચ ઇન્દ્રિય તરફના વલણમાં ઊંટ.. આહા..! '**ઉનકો અપની ઇચ્છાસે મત ચરને દે,...**' આહાહા..! છે? '**ક્યોંકિ સંપૂર્ણ વિષય-વનકો ચરકે...**' આહાહા..! પાંચઇન્દ્રિયના વિષય તરફ ચરીને '**ફિર યે સંસારમેં હી પટક દેંગે.**' આહાહા..! વિષય શબ્દે પાંચઇન્દ્રિય તરફ ઝુકાવનો જે ભાવ એ બધો વિષય છે. આહાહા..! વિષય એટલે એકલો સ્ત્રીનો ભોગ નહિ, એ તો પાપ જ છે. આહાહા..! સ્વસ્ત્રીનો ભોગ એ એકલું પાપ જ છે. આહાહા..! આ તો પુણ્ય અને પાપનું જે પર તરફનું લક્ષ થાય છે એ બધાને છોડી દે. નહિતર પાંચ ઇન્દ્રિયના વિષયને ચરી, ઉલટા એ સંસારમાં તને પટકી દેશે. આહાહા..! ભારે મીઠાશ પણ જગતની. સ્ત્રી ઠીક મળી હોય, શરીર ઠીક મળ્યું હોય, દીકરા ઠીક હોય, પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ પૈસા હોય, મકાન મોટા હજીરા સારા હોય. કાલે નહોતું કહ્યું ભાઈનું? રમણીકભાઈ. આવ્યા હતા ને કાલે? રમણીકભાઈને દાદરમાં સીત્તેર લાખનું મકાન છે એક. દિગંબર છે આમોદના. અમારા પાલેજ પાસે આમોદ છે. અમારા પાલેજ પાસે. હું પાલેજમાં નવ વર્ષ રહ્યો છું ને. પિતાજીની દુકાન હતી ત્યાં. નવ વર્ષ હું દુકાન ઉપર રહ્યો છું. પાલેજ, ભરૂચ અને વડોદરા વચ્ચે છે.

એક વાર તો આમોદના રસ્તે નીકળ્યા હતા. અમારા ભાઈ હતા ને, કુંવરજીભાઈ ભાગીદાર. એ ત્યાં દર્શન કરવા આવ્યા હતા. આમોદની બહાર. ત્યાં મુંબઈ રહે છે, મોટા ગૃહસ્થ છે. કાલે આવ્યા હતા વિનંતી કરવા. ગામમાં જવું, અમારા દાદરમાં ઉતરવું. પોર ત્યાં અઢાર દિ' રહ્યા હતા. નરમ માણસ છે બિચારા.

મુમુક્ષુ :— મકાન કેવું બનાવ્યું હશે.

ઉત્તર :— સીત્તેર લાખનું આરસપહાણનું. તમારું છ લાખનું છે, એનું સીત્તેર લાખનું છે. બધા એક જાતના છે. ધૂળ ધૂળ છે. માટીના હજીરા મોટા છે. ચાલીસ લાખ, નહિ? ગોવામાં ચાલીસ લાખ, નહિ? ગોવામાં છે ને? ગોવામાં, શાંતિલાલ ખુશાલ. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા છે એની

પાસે. વાણિયા છે, ગુજરી ગયા હમણા. બે અબજ ચાલીસ કરોડ. ચાલીસ લાખનો તો એક બંગલો. પણ આ તો સીત્તેર લાખનું, મુંબઈમાં. ધૂળ છે. આહાહા..!

મુમુક્ષુ :— આકુળતાનું સાધન છે.

ઉત્તર :— અરે! આકુળતા શું, આને આમ સાચવવું ને આને આ કરવું. આહાહા..! આરસપહાણ એકલો એટલે શોભા.. શોભા.. શોભા.. ધૂળમાંય નથી, બાપા! શોભા તો બાપા અંદર આત્મામાં છે. આહાહા..!

મુમુક્ષુ :— રાત્રે નિરાંતે ઉનાળામાં ઊંઘ આવી જાય.

ઉત્તર :— ઉનાળામાં ઊંઘ આવી જાય. ત્યાં રહ્યા હતા ને, ભાઈ ત્યાં રહ્યા હતા, નહિ? અરે! ધૂળમાંય નથી, બાપા! આનંદનો નાથ અંદર બિરાજે છે, પ્રભુ! એમાં જાને, તને શાંતિ મળશે. બહારમાં બધે દુઃખ, દુઃખ ને દુઃખ છે. આહા..!

**ભાવાર્થ :—** '**યે પાંચોં ઇંદ્રી અતીન્દ્રિય-સુખકે આસ્વાદનરૂપ પરમાત્મામેં પરાઙ્મુખ હૈં,...**' આ વ્યાખ્યા કરી. પાંચ ઇન્દ્રિય છે અને એના વિષય. '**યે પાંચોં ઇંદ્રી અતીન્દ્રિય-સુખકે આસ્વાદનરૂપ પરમાત્મામેં પરાઙ્મુખ હૈં,...**' આહાહા..! પરમાત્મપ્રકાશ છે ને. ભગવાનઆત્મા પરમાત્મા જ છે આ. સ્વભાવે શક્તિએ સામર્થ્યે અતીન્દ્રિય સુખના આસ્વાદનરૂપ પરમાત્મા. આહાહા..! એ પરમાત્મા આત્મા કેવો છે? અતીન્દ્રિય આનંદના આસ્વાદનરૂપ પરમાત્માથી પાંચે ઇન્દ્રિય પરાઙ્મુખ છે. આહાહા..! ચાહે તો એ ચક્રવર્તીના ભોગ હો કે ઇન્દ્રના (ઇન્દ્રાસન હો), ઝેર છે, દુઃખ છે, દુઃખ છે. આહાહા..! આત્માના આનંદથી પરાઙ્મુખ છે ઈ. આહાહા..! છે? '**ઉનકો હે મૂઢજીવ,...**' સંતોને દયા આવે છે. દિગંબર સંત કહે છે. અરે! પ્રભુ! તું શું કરે છે ભાઈ? '**હે મૂઢજીવ, તૂ શુદ્ધાત્મા કી ભાવના સે પરાઙ્મુખ...**' ભગવાન પરમાનંદ પ્રભુ, એની એકાગ્રતાથી સન્મુખતાથી પરાઙ્મુખ, આહા..! '**હોકર ઇનકો સ્વચ્છંદ મતકર,...**' એ પાંચેય ઇન્દ્રિયમાં સ્વચ્છંદ ન કર. આહાહા..! '**અપને વશમેં રખ, વે તુઝે સંસારમેં પટક દેંગે,...**' આહાહા..! '**ઇસલિયે ઉનકો વિષયસે પીછે લૌટા.**' ઇન્દ્રિયો તરફના વિષયથી પાછો ફરી જા. આહાહા..!

'**સંસારસે રહિત જો શુદ્ધ આત્મા ઉસસે ઉલટા...**' ત્રણ વાત કહે છે. શુદ્ધાત્મા કેવો છે? કે સંસારથી રહિત છે એ તો. ભગવાન તો ઉદયભાવથી રહિત પરમ સ્વભાવભાવ છે. આહાહા..! '**શુદ્ધ આત્મા ઉસસે ઉલટા જો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવરૂપ પાંચ પ્રકારકા સંસાર ઉસમેં યે પંચેન્દ્રીરૂપી ઊંટ સ્વચ્છંદ હુએ વિષય-વનકો ચરકે જગતકે જીવોંકો જગતમેં હી પટક દેંગે,...**' આહાહા..! ભારે ભાઈ આ. જેને વિષયની મીઠાશ હોય ને, પદ્મનંદીએ કહ્યું ને, પદ્મનંદી આચાર્ય દિગંબર સંત, એણે બ્રહ્મચર્યની વ્યાખ્યા ઘણી કરી. બ્રહ્મ નામ આત્મામાં ચરવું નામ રમવું એ બ્રહ્મચર્ય છે. પાંચઇન્દ્રિયના વિષયમાં તો દુઃખ છે, આહાહા..! ઝેર છે, પાપ છે. તો ખુબ બ્રહ્મચર્યની વ્યાખ્યા કરી. પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિમાં. પછી કહ્યું કે, હે યુવાનો! આ મારી બ્રહ્મચર્યની વ્યાખ્યા તમને ઠીક ન પડે, પ્રભુ! અમે મુનિ છીએ, ક્ષમા કરજો હોં!

આહાહા..! મુનિ એમ કહે છે. એમ અહીંયા આચાર્ય કહે છે, અમારી આ વ્યાખ્યા ધર્મની છે એ તમને ન બેસે તો ક્ષમા કરો, બાપા! વસ્તુ તો આ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'યહ તાત્પર્ય જાનના.' લ્યો. પાંચ ઈન્દ્રિય તરફના વલણ, વનચર ઈન્દ્રિયો વનમાં ચરીને સંસારમાં ભટકાવશે. અનીન્દ્રિય એવો જે ભગવાનઆત્મા તેની સન્મુખ થઈને અનુભવ કર, તો તને સંસારનો અભાવ થઈને મોક્ષ થશે. બીજો કોઈ ઉપાય નથી. (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૧૩૭

अथ ध्यानवैषम्यं कथयति–

२६७) जोइय विसमी जोय-गइ मणु संठवण ण जाइ।
इंदिय-विसय जि सुक्खडा तित्थु जि वलि वलि जाइ।।१३७।।
योगिन् विषमा योगगतिः मनः संस्थापयितुं न याति।
इन्द्रियविषयेषु एव सुखानि तत्र एव पुनः पुनः याति।।१३७।।

जोइय इत्यादि। जोइय हे योगिन् विसमी जोय-गइ विषमा योगगतिः। कस्मात्। मणु संठवण ण जाइ निजशुद्धात्मन्यतिचपलं मर्कटप्रायं मनो धर्तुं न याति। तदपि कस्मात्। इंदिय-विसय जि सुक्खडा इन्द्रियविषयेषु यानि सुखानि वलि वलि तित्थु जि जाइ वीतरागपरमाह्लादसमरसीभावपरमसुखरहितानां अनादिवासनावासितपञ्चेन्द्रिय-विषयसुखस्वादासक्तानां पुनः पुनः तत्रैव गच्छतीति भावार्थः।।१३७।।

---

आगे ध्यानकी कठिनता दिखलाते हैं–

## गाथा-१३७

अन्वयार्थ :- [योगिन्] हो योगी, [योगगतिः] ध्यानकी गति [विषमा] महाविषम है, क्योंकि [मनः] चित्तरुपी बन्दर चपल होनेसे [संस्थापयितुं न याति] निज शुद्धात्मामें स्थिरताको नहीं प्राप्त होता। क्योंकि [इंद्रियविषयेषु एव] इन्द्रियके विषयोंमें ही [सुखानि] सुख मान रहा है, इसलिये [तत्र एव] उन्हीं विषयोंमें [पुनः पुनः] फिर फिर अर्थात् बार बार [याति] जाता है।

भावार्थ :- वीतराग परम आनंद समरसी भावरुप अतीद्रिंय सुखसे रहित जो यह संसारी जीव है, उसका मन अनादिकालकी अविधाकी वासनामें बस रहा है, इसलिये पंचेन्द्रियोंके विषय-सुखोंमें आसक्त है, इन जगत्के जीवोंका मन बारम्बार विषय-सुखोंमें जाता है, और निजस्वरुपमें नहीं लगता है, इसलिये ध्यानकी गति विषम (कठिन) है।।१३७।।

હવે, ધ્યાનની વિષમતાનું (કઠિનતાનું) કથન કરે છે :-

ભાવાર્થ :- હે યોગી! યોગની ગતિ વિષમ છે કારણ કે અત્યંત ચપળ મર્કટ જેવું મન નિજશુદ્ધાત્મામાં સ્થિરતા પામતું નથી, તે પણ એટલા માટે કે પાંચ ઈન્દ્રિયોના વિષયસુખો છે તેમાં જ વીતરાગ પરમ આહ્‌લાદમય, સમરસીભાવરૂપ પરમસુખથી રહિત, અનાદિકાળથી વાસનામાં વાસિત અને પાંચ ઈન્દ્રિયોના વિષયસુખના આસ્વાદમાં આસક્ત જીવોનું મન ફરી ફરીને જાય છે, એ ભાવાર્થ છે. ૧૩૭.

## વીર સંવત ૨૫૦૨, મહા સુદ ૬, મંગળવાર
## તા. ૨૫-૧-૧૯૭૭, ગાથા-૧૩૭, ૧૩૮, પ્રવચન નં. ૧૯૬

પરમાત્મપ્રકાશ, ૧૩૭. 'આગે ધ્યાનકી કઠિનતા દિખલાતે હૈં—' આત્મામાં અંતર વલણ કરવું એ ધ્યાન કઠણ છે. અશક્ય નથી, પણ દુર્લભ છે. આહાહા..! એની વાત કરે છે જરી.

૨૬૭) जोइय विसमी जोय-गइ मणु संठवण ण जाइ।
इंदिय-विसय जि सुक्खडा तित्थु जि वलि वलि जाइ।।१३७।।

અન્વયાર્થ :— 'હે યોગી, ધ્યાનકી ગતિ...' સ્વરૂપ તરફની ગતિ. શુદ્ધઆનંદઘન ભગવાન આહા..! એના તરફનું વલણ, એના ધ્યાનનો વિષય આત્માને બનાવીને ધ્યાન થવું એ કઠણ છે, કહે છે. અશક્ય નથી. કેમ? '**મહાવિષમ હૈ, ક્યોંકિ ચિત્તરૂપી બન્દર ચપલ હોનેસે...**' આહા..! મનરૂપી માકડું ચપળ હોવાથી બહારમાં ભમ્યા કરે, કહે છે. શુભઅશુભ વિષયમાં. આહાહા..! અંતરમાં ધ્યાનમાં વળવું એ કઠણ છે. આહાહા..! મનરૂપી માકડું—વાંદરું, આહાહા..! '**ચપલ હોનેસે નિજ શુદ્ધાત્મામેં સ્થિરતાકો નહીં પ્રાપ્ત હોતા.**' જોયું? આહાહા..! ભગવાનઆત્મા આનંદધામ ભગવાન શુદ્ધઆત્મા એમાં મનને સ્થાપવું, આહા..! પર તરફના વલણવાળા મનને અંદરમાં સ્થાપવું એ બહુ કઠણ છે કહે છે. આહા..!

'**ક્યોંકિ ઈન્દ્રિયકે વિષયોંમેં હી સુખ માન રહા હૈ,...**' આહાહા..! પાંચ ઈન્દ્રિયોના વલણમાં બહારમાં જેને, કાંઈક ઠીક છે, એમ માની રહ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**ઈન્દ્રિયકે વિષયોંમેં હી સુખ...**' નામ ઉલ્લસિત વીર્ય ત્યાં એને દેખાય છે. વીર્ય ત્યાં પંચઈન્દ્રિય તરફના વિષયમાં જાય તો એને ઠીક લાગે છે. આહાહા..! અનીન્દ્રિય એવો જે આત્મા એમાં જવાને એને અશક્ય થાય છે, દુર્લભ થાય છે. આહાહા..! પરમાત્મપ્રકાશ છે ને. પરમાત્મસ્વરૂપ ભગવાન અનંતજ્ઞાન, અનંતઆનંદ, સર્વસ્વ આવ્યું હતું ને સવારમાં? અનંતજ્ઞાનનો આનંદ, અનંતશાંતિ-ચારિત્રનો આનંદ, અનંતસ્વચ્છતાનો આનંદ, અનંતપ્રભુતાનો આનંદ એમ અનંતગુણનો આનંદ એવું સર્વસ્વ. આહાહા..! એના તરફ જવું જગતને કઠણ છે, કહે છે. સમજાણું કાંઈ? પાંચ

ઈન્દ્રિયના વલણના વિષયમાં મનને માકડાને જતા એને ઠીક પડે છે ત્યાં. આહાહા..!

ભગવાનઆત્મા તો મનનો વિષય નથી. એ તો અનીન્દ્રિય આનંદની પરિણતિનો વિષય છે. આહાહા..! અમૃતસ્વરૂપ ભગવાનઆત્મા એના તરફનો ઝુકાવ, ધ્યાનનો વિષય ચૈતન્યને બનાવવો. ધ્યાન વિષય કુરુ. પાંચ ઈન્દ્રિયના વિષય તરફ જતાં મનને પાછું વાળ. આહાહા..! ભગવાન તારો અંદર આનંદકંદ પ્રભુ એમાં મનને—માકડાને ન્યાંથી ફેરવીને આ બાજુ લે. આહાહા..! કહો, ચીમનભાઈ! એ લોઢાના ધંધામાં સ્ટીલ આવે ને, આહા..! બેઠા હોય ત્યાં પાંચ, પચાસ હજાર પેદા થાય મહિને કે વરસે, મન માકડુ ન્યાં ફરે.

મુમુક્ષુ :— કૂદાકૂદ કરે.

ઉત્તર :— કૂદાકૂદ કરે, વાત સાચી. અરે! કહે છે, ભગવાન! તારો પરમાત્મા અંદર બિરાજે છે અને એને મૂકીને પાંચઈન્દ્રિયના વિષયમાં મનના માકડાને જોડી દે છે, પ્રભુ!

મુમુક્ષુ :— આર્ત ધ્યાન ને રોદ્ર ધ્યાન થાય છે ને.

ઉત્તર :— ન્યાં જાય છે, એની કોર વલણ જાય છે. લાંબા વિચાર કરે તો લાંબા વિચાર ત્યાં ચાલે એની તરફ.

મુમુક્ષુ :— એમ ઈ કહે છે કે વેપારમાં લાંબા વિચાર ચાલે છે આમાં નથી ચાલતા.

ઉત્તર :— ઈ કરતો નથી. ઊંધો છે, એને માટે તો કહે છે અહીં. આહાહા..!

સવારમાં એક યાદ આવ્યું હતું પછી, વ્યાખ્યાન પછી. કર્મનો બંધ મને છે એવો જે સંદેહ એ મિથ્યાત્વને લઈને છે. આહાહા..! એ તો ઠીક, એથી આગળ જરી ગયું, રાગનો સંબંધ અને કર્મનો સંબંધ મને છે એ મિથ્યાત્વનો ભાવ છે. તો આગળ જતાં નોકર્મનો સંબંધ છે. આહાહા..! એ જરીક વ્યાખ્યાન પછી, એ તો પ્રવીણભાઈનું મગજમાં આવ્યું હતું કે આ કોનો સંબંધ આમાં? ઈ ઉપર આવ્યું, વ્યાખ્યાન પછી. વજુભાઈ! આહાહા..! પરદ્રવ્ય જે છે, પર આત્મા, પર શરીર એ નોકર્મ છે. આહાહા..! એનો મારે સંબંધ છે એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! સવારે ગાથા આવી હતી ને? હીરાભાઈ! ભગવાન અસંગ ચીજ છે. એને કર્મ ને કર્મનો મને સંગ છે, બંધ છે, સંબંધ કહો, બંધ કહો. આહાહા..! એવો જે મિથ્યાત્વભાવ. એમ કહ્યું હતું ને ત્યાં? હેં! એનાથી ધર્મી સમ્યગ્દૃષ્ટિ એનાથી રહિત ભાવવાળો છે. આહાહા..! પહેલા શ્લોકાર્થ.. ઓહોહો..!

ભગવાન! તું અસંગ તત્ત્વ છે ને અંદર. આહા..! એને કર્મનો બંધ મને છે એટલે કે એનો સંબંધ મને છે, આહાહા..! એ ભાવ મિથ્યાત્વ છે. એ ભાવ રહિત ધર્મીજીવને કર્મનો બંધ મને છે, એ સંબંધ વિનાનો ભાવ છે એને. આહાહા..! તો પછી આ સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મીનો, તમારા કારખાના લોઢાના, પથરાના, એને ચામડાના, શું કહેવાય? પ્લાસ્ટીકના. તમારે પ્લાસ્ટીકનું, આને પથરાનું, આને લોઢાનું. આહા..!

અહીં તો કહેવું છે કે પ્રભુ અબંધસ્વરૂપ, અસંબંધસ્વરૂપ. આહાહા..! સમકિતનો જે પહેલો નિઃશંક બોલ. આહાહા..! વીતરાગનો માર્ગ બાપુ બહુ ઝીણો, ભાઈ! અરે! લોકોને, પુણ્યને વિષ્ટા

કહો છો એને છોડી દો, એમ કહે છે. લ્યો, આ શિખામણ માટે આવે છે. પ્રભુ! પણ પુણ્યને તો વિષ્ટા શું ઝેર કહ્યું છે ને બાપુ! ભગવાન અમૃતનો સાગર એનાથી પુણ્યભાવ એને તો વિષકુંભ કહ્યો છે ને, પ્રભુ! આહાહા..! એમાં અમૃત ક્યાં છે? અને ૧૪૮ પ્રકૃતિમાં તો એમ કહ્યું, વિષતરુ ફલાની. એ કર્મ છે એ ઝેરના ફળો છે બધા. આહાહા..! વિષકુંભ કહ્યું છે ને. આહાહા..! અમૃતનો સાગર ભગવાન એમાંથી તો અમૃત ફાલે. ભગવાનઆત્મામાંથી તો અમૃતનો પાક—ફાલ થાય. અહીં કર્મના ફાલમાં તો ઝેર ફળે. આહાહા..! ત્યાં તો ત્યાં સુધી કીધું, ભગવાન! શાંતિથી એને.. આહાહા..! તીર્થંકર પ્રકૃતિ છે ૧૪૮માં એ ઝેરના ફળ લાવે છે. આહાહા..! હેં! આહાહા..! અરે! લોકોને અમૃતના સાગરનો મહિમા નથી એટલે એને પુણ્યના ભાવમાં મહિમા જાય છે અને એના ફળ કાંઈક મળે આ બધા અનુકૂળ ને આહાહા..! મોટરું ને. આહાહા..! મકાનો ને મોટર ને મકાન, મણિરતનના ઢગલા, ભગવાન! એ તો ઝેરના ફળ છે ને. ઝેરરૂપી ઝાડના ફળ છે એ. ઈ અમૃતના ફળ નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુદી જાત છે, ચીમનભાઈ!

મુમુક્ષુ :— આપે બતાવ્યું, નહિ તો ક્યાં ખબર હતી.

ઉત્તર :— વાત તો સાચી, એમ જ છે. આહાહા..!

૧૪૮ પ્રકૃતિને વિષતરુ ફળ (કહી છે). આહાહા..! એ ઝેરના ઝાડના ફળ. શું પ્રભુ કહેવું છે તમારે? આહા..! તીર્થંકર પ્રકૃતિના ફળમાં સમવસરણ આવે. પ્રભુ! એ તો પરચીજ છે ને. આહાહા..! પરચીજનો ફાલ છે એ તો ઝેરના ઝાડનો ફાલ છે. આહાહા..! ભારે. પ્રભુ! તારો ફાલ તો અતીન્દ્રિય આનંદ આવે એવો તારો ફાલ છે, તારું ખેતર એ છે. આહાહા..!

અહીંયા કહે છે, આહાહા..! એવો ભગવાનઆત્મા.. દુનિયાથી ભઈ જાત જુદી છે, બાપા! સાધારણમાં માની બેઠા છે ને. સામાયિક ને પડિકમણા ને પોષા એ ધર્મ. દાનાદિ પુણ્ય એમ કહે છે. બાપુ! એ બધા વિકલ્પો છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..! એ મનનું માકડું ત્યાં વિકલ્પમાં દોરાઈ જાય છે, કહે છે. આહાહા..! માકડું ચપળ હોય છે ને. વાંદરું ચપળ હોય છે. તેથી કહ્યું ને? **'ચિત્તરૂપી બન્દર ચપલ...'** આહા..! વાંદરો આમ બેઠો હોય તો આમ આમ કર્યા જ કરે ચપળાઈ. પગ, હાથ. આહાહા..! જોયું છે ને, વાંદરાને નજરે જોયા છે કે કેવી રીતે બેઠા છે ઈ. આહાહા..! એમ અહીં કહે છે, પરમાત્મસ્વરૂપ ભગવાન તું છો ને. તારું મનરૂપી વાંદરુ બહારમાં આમ આમ કર્યા કરે ચપળ, બાપા! મરી જઈશ તું. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે ભાઈ. આ બહારની ક્રિયાકાંડમાં વ્રત ને તપ ને.

આજે એક લેખ આવ્યો છે, સનાવદનો, પ્રેમચંદનો. સમકિતની પ્રાપ્તિ માટે વ્રત આચરણની જરૂર છે. એમાં શાંતિ હોય છે પહેલી એનાથી. એવી એવી વાતું નાખે, ભગવાન! શું થાય? આહાહા..! એમ કે નિવૃત્તિ દેખાય, સંયમ દેખાય, વ્રત દેખાય. એનાથી પછી સમકિતની પ્રાપ્તિ સંભવે છે. એમ. અરે! ભગવાન! બાપુ! એ પણ વિકલ્પ છે. એ મનનું માકડું વિકલ્પમાં દોરાઈ ગયું છે. આહાહા..!

મુમુક્ષુ :— સમ્યગ્દર્શન ધ્યાન વિના થતું નથી.

ઉત્તર :— ધ્યાનથી. ભેદજ્ઞાનનો અર્થ ઈ કે પરથી ખસ્યો અને અહીં ગયો. જ્ઞાનની અપેક્ષાએ ભેદજ્ઞાન છે, દૃષ્ટિની અપેક્ષાએ અંદર અભેદ છે. ભેદ પાડે છે તેથી તેને એક વિકલ્પ કહ્યો છે ને. આહાહા..! ભેદજ્ઞાનને કેવળજ્ઞાન જેવું સ્વરૂપ નથી. આવે છે ને એમાં? ભેદજ્ઞાન એક વિકલ્પ છે એમ લખ્યું સમયસાર નાટકમાં. આમ આમ કરું ને. આહાહા..!

અહીં તો પરમાત્મામાં ધ્યાન કરતાં મનનું માકડું પરમાં જાય એમાંથી અહીંથી વાળવું કઠણ છે, બાપુ! આહાહા..! મહા પુરુષાર્થ છે. આહાહા..!

મુમુક્ષુ :— 'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन'.

ઉત્તર :— '**किल केचनं**' હા, કીધું છે. પણ ભેદજ્ઞાનમાં વિકલ્પ લીધો છે, સમયસાર નાટકમાં. અપેક્ષાથી લીધો છે. આમ ભેદ છે ઈ આમ અભેદ છે ખરેખર. પણ આનાથી જુદાપણું એટલો જરી અપેક્ષિત ભાવ રહી જાય છે એટલું. સમયસાર નાટકમાં કહ્યું છે. નાશવાન છે એ પણ. આહાહા..! સમજાણું કાંઈ? અરે! પ્રભુ! તારો માર્ગ તો બહુ જુદો, બાપુ! આહાહા..! અરે! જગતને સાંભળવા મળે નહિ. સુખના રાહ ક્યાં છે? અને દુઃખના પંથથી કેમ પાછું વળવું? આહાહા..! એવું જેને સાંભળવા મળે નહિ. અરે! ક્યાં જાય? શું કરે ઈ? આહાહા..!

અહીં આચાર્ય તો (કહે છે), '**ઇન્દ્રિયકે વિષયોંમેં હી સુખ માન રહા હૈ,...**' આહાહા..! એટલે કે આ બાજુ જવામાં જ એને ઠીક લાગે છે. એમ કહે છે. ભગવાનઆત્મા આનંદનું ધામ પ્રભુ, એના તરફ જવું એને ઠીક નથી લાગતું. આહા..! ત્યાં કષ્ટ લાગે છે એને. આમ એને ઠીક પડે છે. આહાહા..! પરદ્રવ્યનો સંગ અને સંબંધ એને ઠીક પડે છે કહે છે. આહાહા..! તેથી એને પરદ્રવ્યના સંબંધમાંથી છૂટવું કઠણ પડે છે. આહાહા..! માખી સાકરને ગાંગડે ચોંટી હોય છે. એને છોકરો બાળકને સાકર આપી હોય અને થૂંક એને અડ્યું હોય તો ભીનો થઈ ગયો હોય ગાંગડો. માખી ચોંટી હોય તો ગાંગડો લેવા જાય (એમાં) પાંખ પકડાય તોપણ છોડે નહિ. કારણ કે ત્યાં ગૃદ્ધિ થઈ ગઈ. આહાહા..! એમ આ પરપદાર્થના રંગમાં રંગાઈ ગયો. એને પાછું ફરવું ગોઠતું નથી. ભલે દુઃખી થાય, રખડે પણ એને ખસવું ગોઠતું નથી. સમજાય છે કાંઈ? આ ધર્મ બાપુ કંઈ અલૌકિક ચીજ છે. આહા..! લોકો માની બેસે છે કે દયા પાળી ને વ્રત પાળ્યા ને અપવાસ કર્યા, બાપુ! એ તો વિકલ્પ છે, ભાઈ! એ તો મનના વિકલ્પની ગતિ છે. આહાહા..!

'**ક્યોંકિ ઇન્દ્રિયકે વિષયોંમેં હી સુખ માન રહા હૈ, ઇસલિયે ઉન્હીં વિષયોંમેં ફિર ફિર અર્થાત્ બાર બાર જાતા હૈ.**' જેમાં ઠીક લાગે છે એમાં વારંવાર જાય છે એમ કહે છે. આહાહા..! સુતરનું કોકડું હોય છે ને? તાણાવાણા કાઢે છે. એક પછી એક સુતર એમાંથી નીકળ્યા જ કરે. પુણીમાંથી. એમ એક પછી એક મન માકડું વિકલ્પ કર્યા જ કરે. આહાહા..! બાયડીને મૂકીને છોકરાનો, છોકરાનો મૂકીને ધંધાનો, ધંધાનો મૂકીને આબરુનો, આબરુનો મૂકીને સગવડતાનો, સગવડતાનો મૂકીને અગવડતાના નાશનો કર્યા જ કરે છે. ભગવાનજીભાઈ! આવું છે. આહાહા..!

**'ફિર ફિર અર્થાત્ બાર બાર જાતા હૈ.'** જેમાં એને મજા પડે છે ને, એમાં એ વારંવાર જાય છે. ભગવાનઆત્મામાં એને મજા લાગતી નથી. આહાહા..! આવું સ્વરૂપ હવે. આહા..!

**ભાવાર્થ :– 'વીતરાગ પરમ આનંદ સમરસી ભાવરૂપ અતીંદ્રિય સુખ...'** આહાહા..! આ સંસારી જીવ કેવા છે? વીતરાગ પરમાનંદ સમતારસ એવું ભાવરૂપ અતીન્દ્રિય સુખ. આહાહા..! વીતરાગ પરમાનંદ અને સમરસી. એ વીતરાગમાં આવી જાય છે પણ આમ શાંતરસ એવા ભાવરૂપી અતીન્દ્રિય સુખ એનાથી સંસારી રહિત છે. આહાહા..! ભલે એ કરોડોપતિ, અબજોપતિ દેવ હોય પણ એ અતીન્દ્રિય વીતરાગ આનંદના સુખથી પ્રભુ રહિત છે. આહાહા..! **'જો યહ સંસારી જીવ હૈ,...'** આહા..! આ સંસારી જીવની વ્યાખ્યા કરી. વીતરાગી પરમાનંદ એવું જે અતીન્દ્રિય સુખ એનાથી જીવો સંસારીપ્રાણી રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ઉસકા મન અનાદિકાલકી અવિદ્યાકી વાસનામેં...'** આહાહા..! સ્વરૂપના અજ્ઞાનને લઈને, સ્વરૂપ છે એ શું છે? આનંદકંદ નાથ જેનામાં અતીન્દ્રિય આનંદનો ખજાનો પડ્યો છે. એવું જે સ્વરૂપ તેની અવિદ્યા—એનું અજ્ઞાન. આહાહા..! વિદ્યમાનનું અવિદ્યમાન અજ્ઞાન. વિદ્યમાન જે ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એની અવિદ્યા. વિદ્યાની અવિદ્યા. આહાહા..! એટલે કે રાગ ને દ્વેષ જે અજ્ઞાન છે તેના તરફ એનું વલણ છે. અવિદ્યા તરફ વલણ છે, વિદ્યા તરફ નહિ. વિદ્યમાન ભગવાનઆત્મા આહાહા..!

થોડો કાળ બાળકમાં રમવામાં જાય, તરુણ થાય તો સ્ત્રીમાં જાય. આહાહા..! બાળપણ ખેલમેં ખોયા. અમારે ન્યાં પાલેજમાં મુસલમાન બહુને. દુકાનની બાહર ખાટલો નાખીને સૂતા હોય, સવારમાં નીકળે વહેલા ફકીરો ફકીરો. ફકીર. આ શું કહેવાય? એના રોજાના દિવસ હોય ને. સવારમાં નીકળે. બાળપણ ખેલમેં ખોયા, જુવાની તરુણીમાં મોહ્યા, વૃદ્ધાપણ દેખકે રોયા. આહા..! પછી વૃદ્ધાપણું આવ્યું, જીર્ણ શરીર (થઈ ગયું), કાંઈ કરી શકતો નથી, બાપુ! ઓઠીકણ વિના બેસી શકાતું નથી. કડ તુટે છે, કડ ભાંગે છે. ચાલતા વાંકો વળી જાઉં છું. આહાહા..!

જુઓ, આ સંસારના બધા ખેલ. એની રમતુંમાં રમતો ભગવાનઆત્મા પોતાના સ્વભાવની અવિદ્યાને લઈને, આહાહા..! સમજાણું કાંઈ? ભલે એ વ્રત ને તપાદિ કરતો હોય તોપણ તે રાગ ને વિકલ્પ છે. આહાહા..! એમાં રંગાયેલો જીવ.. આહાહા..! **'અવિદ્યાકી વાસનામેં બસ રહા હૈ,...'** આહાહા..! એ સંસ્કાર જામી ગયા છે, કહે છે. બહારની અનુકૂળતા આવે ત્યાં... આહાહા..! રાજી રાજી રાજી. આહાહા..! અને એમાં લગનનો પ્રસંગ હોય, શરીર જુવાન હોય, પાંચ, પચાસ હજાર, લાખ ખર્ચવા હોય, આહા..! અને કન્યા કરોડપતિની હોય, દસ-વીસ લાખ લાવવાની હોય, એનો બાપને બીજી કન્યા ન હોય અને કદાચિત્ અત્યારે દસ-વીસ લાખ આપશે, પણ મરી જશે તો બધી અહીં રહેશે. અને એની હોંશું. પોપટભાઈ! આહાહા..! એની એને હોંશું. અરે! પ્રભુ! શું કરે છે તું આ? આહા..! આનંદના નાથને વિસ્મરણ કરી અને આવા દુઃખના ભાવનું સ્મરણ કરીને ક્યાં રોકાઈ ગયો તું? આહાહા..! ચીમનભાઈ! હેં! આહાહા..!

સચ્ચિદાનંદ પ્રભુ અંદર અનાકુળ આનંદનો નાથ અંદર છે ને પ્રભુ! એની સામું જોતો નથી.

આહાહા..! મોટો પુરુષ એક આવ્યો હોય, કરોડપતિ અબજપતિ મળવા. દસ મિનિટની, પા કલાકની મુદત આપી હોય. પા કલાક હું આવીશ, બેથી સવા બે. આવ્યો અને એ વખતે બે વર્ષનો છોકરો એની સાથે રમતે ચડી ગયો. હેં! આહાહા..! એમ આ ત્રણલોકનો નાથ પરમાત્મા તું પોતે છો, ભાઈ! આહાહા..! એની સામું જોતો નથી અને રાગની રમતુંમાં રોકાઈ ગયો, બાપા! આહાહા..! સમજાણું કાંઈ?

'**ઈસલિયે પંચેન્દ્રિયોંકે વિષય-સુખોંમેં આસક્ત હૈ,...**' ઈ આકરું પડે છે ને લોકોને. ભગવાન અને ભગવાનની વાણીને ઈન્દ્રિય કીધી છે. ૩૧મી ગાથા. ઈન્દ્રિયનો વિષય છે તો એને ઈન્દ્રિય કીધી. એને આકરું પડે છે. અરે! પ્રભુ! તું અનીન્દ્રિય છો અને આ છે ઈન્દ્રિયનો વિષય. આહા..! એમાં ભટક્યે તને ભગવાન નહિ મળે. હેં! આહાહા..! હો, શુભભાવ હોય છે. જ્યાં સુધી વીતરાગતા ન આવે, પુરુષાર્થથી વીતરાગતા પ્રગટ ન થાય ત્યાં સુધી જ્ઞાતા-દૃષ્ટા રહીને પણ શુભભાવ દયા, પૂજા, ભક્તિનો આવે ખરો. સમજાણું કાંઈ? પણ એ પર તરફના વલણવાળો ભાવ, ભાઈ! એ તો બંધનું કારણ છે. આકરું પડે લોકોને, શું થાય? '**પંચેન્દ્રિયોંકે વિષય-સુખોંમેં આસક્ત હૈ,** આહાહા..! **ઈન જગતકે જીવોંકા મન બારમ્બાર વિષય-સુખોંમેં જાતા હૈ,...**' આહાહા..! '**ઔર નિજસ્વરૂપમેં નહીં...**' આતા. આહાહા..! '**નિજસ્વરૂપમેં નહીં લગતા હૈ,...**' આહાહા..! '**ઈન જગતકે જીવોંકા મન બારમ્બાર વિષય-સુખોંમેં જાતા હૈ,...**' આમ બહારમાં જાય છે એમ કહે છે. '**ઔર નિજસ્વરૂપમેં નહીં...**' આતા. આહાહા..! '**ઈસલિયે જ્ઞાનકી ગતિ વિષમ (કઠિન) હૈ.**' આહાહા..! બહારથી સંકેલીને અંદરમાં આવવું કઠણ ગતિ છે કહે છે. આહાહા..!

મુમુક્ષુ :— વસ્તુ મોજૂદ છે છતાં એને ગમતી નથી.

ઉત્તર :— મોજૂદ પરમાત્મા સાક્ષાત્ પ્રભુ છે એને ખબર નથી. સકળ વ્યક્ત નહોતું આવ્યું? પર્યાયની અપેક્ષાએ એને અવ્યક્ત કહીએ પણ વસ્તુની અપેક્ષાએ વ્યક્ત મોજૂદ ચીજ અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ નિત્યાનંદ ધ્રુવાનંદ અચળાનંદ અનંતાનંદ આહાહા..! હયાતી ધરાવતું મોજૂદ તત્ત્વ છે. એના તરફનું વલણ કરવું અંદરમાં સુખબુદ્ધિ જઈને. આહાહા..! એનું એને માહાત્મ્ય આવ્યું નથી. બહારમાં જરી કાંઈક પાંચ-પચ્ચીસ લાખ મળે ને ધૂળ મળે ને બાયડી, છોકરા (ઠીક હોય ત્યાં) આહા..! અરેરે..! શું થયું બાપુ તને? દારૂ મિથ્યાત્વનો પીને ગાંડો થઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ જ છે, ભાઈ! આહાહા..!

'**ઈસલિયે ધ્યાનકી ગતિ વિષમ (કઠિન) હૈ.**' આહાહા..! ૧૩૭ (થઈ).

ગાથા-૧૩૭★૫

अथ स्थलसंख्याबाह्यं प्रक्षेपकं कथयति-

२६८) सो जोइउ जो जोगवइ दंसणु णाणु चरित्तु।
होयवि पंचहँ बाहिरउ झायंतउ परमत्थु।।१३७*५।।
स योगी यः पालयति (?) दर्शनं ज्ञानं चारित्रम्।
भूत्वा पञ्चभ्यः बाह्यः ध्यायन् परमार्थम्।।१३७*५।।

सो इत्यादि। सो जोइउ स योगी ध्यानी भण्यते। यः किं करोति। जो जोगवइ यः कर्ता प्रतिपालयति रक्षति। किम्। दंसणु णाणु चरित्तु निजशुद्धात्मद्रव्यसम्यक्श्रद्धान-ज्ञानानुचरणरुपं निश्चयरत्नत्रयम्। किं कृत्वा होयवि भूत्वा। कथंभूतः। बाहिरउ बाह्यः। केभ्यः। पंचहं पञ्चपरमेष्ठिभावनाप्रतिपक्षभूतेभ्यः पञ्चमगतिसुखविनाशकेभ्यः पञ्चेन्द्रियेभ्यः। किं कुर्वाणः। झायंतउ ध्यायन् सन्। कम्। परमत्थु परमार्थशब्दवाच्यं विशुद्धज्ञानदर्शनस्वभावं परमात्मानमिति तात्पर्यम्। योगशब्दस्यार्थं कथ्यते-'युज्' समाधौ इति धातुनिष्पन्नेन योगशब्देन वीतरागनिर्विकल्पसमाधिरुच्यते। अथवानन्तज्ञानादिरुपे स्वशुद्धात्मनि योजनं परिणमनं योगः, स इत्थंभूतो योगो यस्यास्तीति स तु योगी ध्यानी तपोधन इत्यर्थः।।१३७*५।।

---

आगे स्थल-संख्याके बाह्य जो प्रक्षेपक दोहे हैं, उनको कहते हैं-

गाथा-१३७*५

अन्वयार्थ :- [स योगी] वही ध्यानी है, [यः] जो [पंचभ्यः बाह्यः] पंचेंद्रियोंसे बाहर (अलग) [भूत्वा] होकर [परमार्थम्] निज परमात्माका [ध्यायन्] ध्यान करता हुआ [दर्शनं ज्ञानं चारित्रम्] दर्शन, ज्ञान, चारित्ररुपी रत्नत्रय को [पालयति] पालता है, रक्षा करता है।

भावार्थ :- जिसके परिणाम निज शुद्धात्मद्रव्यका सम्यक्श्रद्धान ज्ञान आचरणरुप निश्चयरत्नत्रयमें ही लीन है, जो पंचमगतिरुपी मोक्षके सुखको विनाश करनेवाली और पांचपरमेष्ठीकी भावनासे रहित ऐसी पंचेंद्रियोंसे जुदा हो गया है, वही योगी है, योग शब्दका अर्थ ऐसा है, कि अपना मन चेतनमें लगाना वह योग जिसके हो, वही योगी है, वही ध्यानी है, वही तपोधन है, वह निःसंदेह जानना।।१३७*५।।

---

હવે, સ્થળગણતરીથી બાહ્ય પ્રક્ષેપકનું કથન કરે છે :-

ભાવાર્થ :-પંચ પરમેષ્ઠીની ભાવનાથી પ્રતિપક્ષભૂત, પંચમગતિના (મોક્ષના) સુખની

વિનાશક એવી પાંચ ઇન્દ્રિયોથી બહિર્ભૂત થઈને (અલગ રહીને) પરમાર્થ શબ્દથી વાચ્ય એવા વિશુદ્ધ દર્શનજ્ઞાન સ્વભાવથી પરમાત્માને ધ્યાવતો થકો જે નિજશુદ્ધાત્મ દ્રવ્યના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્અનુચરણરૂપ નિશ્ચયરત્નત્રયને પાળે છે-રક્ષે છે તે યોગી-ધ્યાની કહેવાય છે.

યોગ શબ્દનો અર્થ કહેવામાં આવે છે :- 'युज्' અર્થાત્ સમાધિમાં ચિત્તને જોડવું. એવા સમાધિના અર્થવાળા ધાતુથી નિષ્પન્ન યોગશબ્દથી વીતરાગનિર્વિકલ્પ સમાધિ કહેવાય છે અથવા અનંતજ્ઞાનાદિરૂપ સ્વશુદ્ધાત્મામાં જોડાવું-પરિણમવું તે પણ યોગ છે. આવો યોગ જેને છે તે યોગી-ધ્યાની-તપોધન છે. એ પ્રમાણે અર્થ છે. ૧૩૭*૫.

---

## ગાથા-૧૩૭*૫ ઉપર પ્રવચન

(આ ગાથા) પ્રેક્ષક છે, પાંચમી પ્રેક્ષક છે, પહેલી ચાર આવી ગઈ છે, આ પાંચમી છે.

૨૬૮) सो जोइउ जो जोगवइ दंसणु णाणु चरित्तु।
होयवि पंचहँ बाहिरउ झायंतउ परमत्थु।।१३७*५।।

**અન્વયાર્થ :— 'વહી ધ્યાની...'** યોગી કીધું છે ને. પોતાના શિષ્યને કહે છે ને. અરે! યોગી! જેણે આત્માના આનંદમાં જેની પરિણતિને વાળી છે—યોગ કર્યો એને યોગી કહીએ. આહાહા..! રાગમાં જોડાય તેને ભોગી કહીએ. આહાહા..! પુણ્ય-પાપના રાગમાં જોડાય તેને ભોગી સંસારી કહીએ. આહાહા..! અને ત્રણલોકના નાથ પરમાત્મસ્વરૂપે બિરાજમાન આત્મા એમાં જેની વર્તમાન દશા યોગ જોડ્યો છે એને યોગી કહીએ. આહાહા..! આવી વ્યાખ્યા કોઈ દિ' સાંભળી ન હોય હવે એને, ભાઈ! તારા તરવાના રસ્તા અલૌકિક છે. સમજાણું કાંઈ? ઈ આમ દયા પાળી ને વ્રત પાળ્યા ને અપવાસ કરી ને પૂજા, ભક્તિ કરી માટે ધર્મ થઈ ગયો, ભાઈ! એમ નથી. એની પંચ વિષયોમાં આમ ગતિ છે એ તો બંધનું કારણ છે. આહાહા..!

**'જો પંચેન્દ્રિયોંસે બાહર (અલગ) હોકર નિજ પરમાત્માકા ધ્યાન કરતા હુઆ...'** આહાહા..! પંચેન્દ્રિય છે ને. **'પંચેન્દ્રિયોંસે બાહર (અલગ) હોકર...'** આહા..! **'परमार्थम्' 'નિજ પરમાત્માકા ધ્યાન કરતા હુઆ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી રત્નત્રય કો પાલતા હૈ,...'** આહાહા..! પૂર્ણ સ્વરૂપ ભગવાન એને જ્ઞાનમાં લઈને પ્રતીતિ કરે છે, એનું જ્ઞાન કરે છે અને એનામાં રમણતારૂપ આચરણ કરે છે, આહાહા..! એ નિશ્ચયરત્નત્રયમાં લીન છે. આહાહા..! એ પંચમ, પાંચ ઈન્દ્રિય છે ને એટલે એમાં **'પંચમગતિરૂપી મોક્ષકે સુખકો વિનાશ કરનેવાલી...'** આહાહા..! **'પંચમગતિરૂપી મોક્ષકે સુખકો વિનાશ કરનેવાલી...'** પાંચઈન્દ્રિયો. **'ઔર પાંચપરમેષ્ઠીકી ભાવનાસે રહિત ઐસી પંચેંદ્રિયોં...'** આહાહા..! ત્રણેય પાંચ લીધા. સમજાણું કાંઈ? પંચમગતિરૂપી મોક્ષના સુખનો વિનાશ કરવાવાળી પાંચઈન્દ્રિય. આહાહા..! આકરું પડે છે

માણસને, શું થાય? ભગવાનની વાણી અને ભગવાન પણ કાનનો વિષય છે. આહા..! એના તરફનો ભાવ મોક્ષના સુખને વિનાશ કરનારો છે. આહાહા..! આકરું બાપુ. પરદ્રવ્યો (દવ્વાઓ) દુગ્ગઈ. આહાહા..! સ્વદ્રવ્ય સિવાય ભગવાન પરદ્રવ્યનો આશ્રય લે ત્યાં ચૈતન્યની જ્ઞાનની ગતિ નથી. ત્યાં તો રાગની ગતિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પંચમગતિરૂપી મોક્ષકે સુખકો વિનાશ કરનેવાલી...**' પાંચ ઈન્દ્રિયો અને '**પંચપરમેષ્ઠીકી ભાવનાસે રહિત...**' પાંચઈન્દ્રિયો. પંચપરમેષ્ઠીઆત્મા. ભગવાન અરિહંતસ્વરૂપ જ આત્મા છે, સિદ્ધસ્વરૂપ છે. પંચપરમેષ્ઠી આત્મસ્વરૂપમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે આવો માર્ગ ને.. એક તો ધંધા આડે નવરો ન થાય બિચારો. હેં! આઠ-દસ કલાક ધંધામાં રોકાય, છ-આઠ કલાક ઊંઘમાં રોકાય, બે-ત્રણ કલાક ભોગમાં રોકાય, બે કલાક ખાવામાં રોકાય, બે-ત્રણ કલાક કુથલીમાં રોકાય, વેપાર-ધંધાની કુથલી. અરે! થઈ રહ્યું. આહાહા..! ભાઈ! તારે માટે તું વખત કે દિ' લઈશ? બાપુ! સમજાણું કાંઈ? આહાહા..! ક્ષણમાં નાશ થઈને ચાલ્યા જાય છે. આહા..! જુવાનજોધ શરીર. આહાહા..!

મુમુક્ષુ :— નખમાં દર્દ ન હોય.

ઉત્તર :— નખમાં દર્દ ન હોય અને ક્ષણમાં ચાલ્યા જાય. ઓલો નહોતો કહેતો એક મલકાપુરનો? બે ભાઈબંધ બેઠા હતા. પચ્ચીસ વર્ષની ઉંમર હશે. અમથા બેઠા હતા. જુવાન પચ્ચીસ, અઠ્યાવીસ વર્ષની ઉંમર. કાંઈ રોગ નહિ. વાત કરતા કરતા આમ મેં જ્યાં જોયું, ફૂ.. બસ, એટલું (થયું). કાંઈ નહિ. બે મિનિટ પહેલા કાંઈક દુખાવો આવ્યો કે ઢીકણું આવ્યું (એવું કાંઈ નહિ). મલકાપુરવાળા ભાઈ કહેતા હતા. આહા..! શું નામ મલકાપુરવાળાનું? સ્વરૂપચંદ, સ્વરૂપચંદ છે ને? બહુ રસ (છે). મોક્ષમાર્ગપ્રકાશક આખું મોઢે છે. મોક્ષમાર્ગપ્રકાશક. વેપારી છે મોટો કાપડનો. જુવાન માણસ, પણ આ રસ છે બહુ રસ. કાપડનો વેપારી છે મોટો. અને એનો મિત્ર હતો. બેઠા હતા, વાતું કરતા હતા. કાંઈ ન મળે. આમ જ્યાં જોયું, મડદું. હાય.. હાય..! આ? બાપુ! એની સ્થિતિ પૂરી થાય ત્યાં, આહાહા..! એને બીજો કાળ ક્યાં છે એને? દેહને છૂટવાનો એ સ્વકાળ છે. આહાહા..! અહીં રહેવાના પર્યાયનો નાશ થયો અને બીજે રહેવાની પર્યાયનો ઉત્પાદ થયો. આહાહા..!

અને એક તો ઈ કે દેહ છૂટીને જાય છે એને પાછળના માણસો એની સગવડતા જાય એને રોવે છે. ઈ મરીને ક્યાં ગયો એવું એણે વિચાર્યું છે? અરેરે! અરે! આ ક્યાં ગયો હશે અહીંથી મરીને? તિર્યંચમાં કે મનુષ્યમાં કોઈ સ્થાન, ક્યાં હશે? આહાહા..! અરે! સ્વાર્થિયો સગવડતા ને સુખને માટે સગવડતા મારી ગઈ એને રોવે છે. આહાહા..! એય! ચીમનભાઈ! જુદી વ્યાખ્યા. મરનારને રોવે છે, બાપુ! રોનારા નથી રે રહેનાર રે. રોનારા રહેનાર નથી. બાપુ! એ ક્યાં, પરચીજમાં રહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવ્યું હતું ને, પાંચ ઈન્દ્રિયરૂપી ઊંટ બહારનો ચારો ચરીને મરી જશે. મારી નાખશે તને. આહાહા..! અભ્યંતર ભગવાનમાં જવાનો તને અવકાશ નથી, પ્રભુ! આહાહા..!

અહીં, પંચપરમેષ્ઠીની ભાવનાથી રહિત ઇન્દ્રિયો છે. ભગવાન પંચપરમેષ્ઠીસ્વરૂપ જ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? પંચપરમેષ્ઠી છે ઇ આત્મસ્વરૂપ છે. એનું શરીર અને રાગ એ કંઈ પંચપરમેષ્ઠી નથી. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અતીન્દ્રિય આનંદની રમણતામાં છે એ સાધુ છે. કંઈ રાગ અને શરીર એ કંઈ સાધુપણું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ આત્મા પંચપરમેષ્ઠીસ્વરૂપ જ છે. આહાહા..! એ પંચપરમેષ્ઠીસ્વરૂપ ભગવાન એનાથી પાંચ ઇન્દ્રિયો વિમુખ છે. પંચમગતિ મોક્ષનું કારણ એવો જે પંચપરમેષ્ઠી પોતાનો સ્વભાવ, પંચમગતિ જે મોક્ષ.. આહાહા..! છે ને? એના સુખનો વિનાશ કરવાવાળી પાંચ ઇન્દ્રિયો. આહાહા..! ભગવાનઆત્મા નિજ ભાવનાથી રહિત પંચેન્દ્રિયો. તો પરની ભાવના પંચેન્દ્રિયો તો કરે છે. આહા..! ભારે વાતું બાપુ. ઝીણું બહુ પડે ને માણસને. એટલે કોઈ એમ કહે, આ સોનગઢવાળાએ નવું કાઢ્યું. ભાઈ! નવું નથી, બાપુ! સમજાણું? માર્ગ તો અનાદિનો આ જ છે. તને સાંભળવા ન મળ્યો હોય માટે નવો કહેવાય? હેં! આહાહા..!

પંચમગતિનો મોક્ષસુખનો વિનાશ કરવાવાળી પાંચ ઇન્દ્રિયો. આહાહા..! અને પંચપરમેષ્ઠીની ભાવનાથી રહિત પાંચઇન્દ્રિયો. આહાહા..! નિયમસારમાં એક ઠેકાણે આવે છે ને, નહિ? પરમપારિણામિક ગતિ એવી પંચમગતિ તેને પરમપારિણામિકભાવ એની ભાવના, પંચમભાવની ભાવના એમ છે. આહાહા..! ભગવાન પંચમભાવ જ્ઞાયકભાવ પંચમ પારિણામિકભાવ, એ પંચમભાવની ભાવના પંચમગતિની પ્રાપ્તિનું કારણ છે. આહાહા..! બે ત્રણ બોલ લીધા છે. આહા..! પંચમ પારિણામિકભાવ એનો ઉપાય પારિણામિકભાવ શુદ્ધ ચૈતન્ય. એનું ફળ પંચમ પારિણામિકભાવરૂપી પૂર્ણ દશા તે મુક્તિ. આહાહા..! પંચમભાવને ત્યાં ઘૂંટ્યો છે, ત્યાં છે એક શબ્દમાં છે, કડીમાં. આહાહા..! એવો માલ હોય ન્યાં રહી જાય મગજ. ધારણાની સાધારણ વાત હોય તો ધારણા ન રહે. આહા..! પંચમગતિની પ્રાપ્તિ માટે ધર્માત્મા પંચમભાવને સ્મરે છે. આહાહા..! માર્ગ આવો છે ભાઈ! પંચમગતિ જે મોક્ષ.. આહાહા..!

અહીં ત્રણ બોલ લીધા ને? પંચમગતિ મોક્ષનો નાશ કરવાવાળી પાંચઇન્દ્રિયો. આહાહા..! ખંડ ખંડ ઇન્દ્રિય એનું લક્ષ બહાર જાય છે. આહાહા..! ભગવાન તો અનીન્દ્રિય છે. એ પાંચ ઇન્દ્રિય મોક્ષગતિના નાશનું કારણ અને પંચમભાવ એવો ભગવાન પંચપરમેષ્ઠીસ્વરૂપ એની ભાવના રહિત પંચેન્દ્રિય છે. પંચેન્દ્રિયથી પંચમભાવની ભાવના ન થઈ શકે. ત્યાં તો રાગ અને ઉદયભાવની ભાવના હોય. આહાહા..! આવી વાત આકરી પડે માણસને. બાપુ! માર્ગ તો આ જિનવર ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ તો આ ફરમાવે છે. આહા..! પોતે પણ અંતરમાં જઈને પરમાત્મપદ પ્રાપ્ત કર્યું છે. આહાહા..! બહારની કોઈ ક્રિયાકાંડથી થયું નથી એને. એ વાત પોતે જગતને જાહેર કરે છે. આહાહા..!

બાપુ! તારે કલ્યાણ કરવું હોય તો પાંચ ઇન્દ્રિયોના વલણને છોડી દે. આહાહા..! પંચમગતિનું કારણ એવો જે પરમેષ્ઠીસ્વભાવ પોતાનો એની સામું જોને. આહાહા..! એટલે આવાને એમ કહે કે

બધું નિશ્ચય નિશ્ચય છે. બાપુ! નિશ્ચય એટલે સાચું. આહાહા..! સત્ય જ આવું છે. ભગવાન પૂર્ણાનંદનું સત્ તે પાંચ ઇન્દ્રિયના વિષયથી રહિત અનીન્દ્રિયનો વિષય કરે તેને અનીન્દ્રિયની પ્રાપ્તિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અરે! કાળ જાય છે. મૃત્યુની સમીપે જાય છે દેહ. એના કાળમાં જો આ ન કર્યું, બાપુ! ક્યાં કરશે? ભાઈ! આહાહા..! ક્યાં જઈને અવતરશે? ક્યે ઠેકાણે અવતરશે? વંટાળિયાનું તરણું ઊડી ક્યાં પડશે? મિથ્યાત્વભાવના વંટોળિયે ચડ્યો... આહાહા..! એ ક્યાં જઈને અવતરશે? બાપુ! આહા..! અસંખ્ય દ્વીપ સમુદ્ર એકેન્દ્રિયથી પંચેન્દ્રિયના સ્થાનો.. આહાહા..! ભાઈ! ક્યાં જઈશ તું? તારા સ્વભાવના સ્થાનને ન જોયું તો આ વિષયની વાસનાના વિકલ્પથી ક્યે સ્થાને જઈશ? ભાઈ! આહાહા..! એમ ન માનવું કે હમણા શરીર ઠીક છે ને હમણા સરવાળો બધો ઠીક છે, પછી સારે ઠેકાણે જાશું. આહાહા..! સારું ઠેકાણું તો ભગવાન પોતે છે. આહા..! પંચપરમેષ્ઠી કીધું ને? આહાહા..! પંચપરમેષ્ઠીસ્વરૂપ જ ભગવાનઆત્મા છે. પંચપરમેષ્ઠી વીતરાગસ્વરૂપ છે. પાંચેય સ્વરૂપ વીતરાગસ્વરૂપ છે. એ પંચપરમેષ્ઠી. એમ ભગવાનઆત્મા પંચપરમેષ્ઠી વીતરાગસ્વરૂપ જ છે. એનાથી ભાવનાથી રહિત પાંચઇન્દ્રિયોના વિષયોની ભાવના. આહાહા..!

**'ઐસી પંચેન્દ્રિયોંસે જુદા હો ગયા હૈ,...'** આહાહા..! **'વહી યોગી હૈ,...'** આહાહા..! પોતાના ભગવાન તરફ જેનું વલણ થઈ ગયું છે, આહાહા..! એ જેણે યોગ કર્યો, એણે વેપાર કર્યો એને યોગી કહીએ. આહા..! જેણે ભગવાનઆત્મા તરફનો યોગ કર્યો તે યોગનો કરનારો તે યોગી, તેણે વેપાર કર્યો આત્માનો. આહાહા..! જેના ફળમાં જેને મુક્તિ (મળશે) એ એનો વેપાર છે. આ ધૂળના ફળમાં પાંચ પચાસ લાખ મળ્યા. અરે! બાપુ! આહાહા..! **'યોગ શબ્દકા અર્થ ઐસા હૈ,...'** જુઓ! **'કિ અપના મન ચેતનમેં લગાના...'** આહાહા..! **મન, વચન,** કાયા યોગ છે એ બીજી ચીજ. **મન,** વચન અને કાયા યોગ છે ને? પંદર પ્રકારનો યોગ, એ વિકારી યોગ. આ તો નિર્વિકારી પરિણતિ પંચેન્દ્રિયના વિષય તરફના વલણને છોડી અંદર વીતરાગ સ્વરૂપમાં વર્તમાન પરિણતિને જોડવી એને યોગ અને યોગી કહેવામાં આવે છે. એ ધર્મી. આહાહા..! જેણે પાંચઇન્દ્રિયના વિષયોમાં (મન) જોડ્યું એ અધર્મી. આહાહા..!

**'વહી ધ્યાની હૈ,...'** હેં! આહા..! ચેતનમાં મન લગાવ્યું તે ધ્યાની. આહાહા..! પંચપરમેષ્ઠી આદિ વિકલ્પનું ધ્યાન એ પણ નહિ. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન એ યોગ છે. એણે ચૈતન્યમાં જોડી દીધું માટે યોગી છે. આહાહા..! હજી એનું વાસ્તવિક જ્ઞાનેય જેને નથી કે કઈ ગતિએ મોક્ષ થાય અને કઈ ગતિએ સંસાર ફળે, એના જ્ઞાનેય નથી એને શું થાય? આહાહા..! **'વહી ધ્યાની હૈ, વહી તપોધન હૈ,...'** આહાહા..! જેણે આત્માના આનંદમાં દૃષ્ટિ જોડી, સ્થિરતા કરી એ તપોધન (છે). એને આનંદનું ધન પ્રગટ્યું છે એ તપોધન. આહાહા..! આમ તો તપોધન બ્રાહ્મણ પણ થાય છે. તપોધન બ્રાહ્મણ થાય છે, ગઢડામાં છે.

મુમુક્ષુ :— એની એક નાત છે.

ઉત્તર :— નાત છે ને, તપોધન. આહાહા..! આ તપોધનની નાત છે આત્માની. જેણે પાંચ ઈન્દ્રિયના વિષય તરફના મનને છોડી દઈ અને જેણે ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ એમાં જેણે પોતાની પરિણતિ નામ પર્યાયને પરિણામને જોડી દીધા પંચમ પારિણામિકભાવમાં એ તપોધન છે. એને આત્માનું ધન—ખજાનો ખીલ્યો. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! ખજાનો ખીલ્યો અંદરથી, કહે છે. આહા..! ગુલાબની પાંખડી, લાખ પાંખડીનું કમળ હોય, હજારનું હોય એ ખીલે. આહા..! એમ મોર પણ જ્યારે પોતાની પાંખડી ખીલવે છે આમ., આહા..! એમ ભગવાન શક્તિરૂપે જે સામર્થ્ય હતું એના જોડાણથી એની પર્યાયમાં ખીલવટ થઈ ગઈ. આહાહા..! વાતે વાતે ફેર બહુ જગતની સાથે. એથી એમ કે, આ એકાંત છે એમ કહે છે, હોં! અરે! ભગવાન! બાપુ! એકાંત શું છે? ભાઈ! સમ્યક્ એકાંત છે આ. શ્રીમદ્દે ન કહ્યું? અનેકાંત માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અનેરો કોઈ હેતુ નથી. (અન્ય હેતુએ ઉપકારી નથી). આહાહા..! સમ્યક્ એકાંતની પ્રાપ્તિ છે એમાં. આહા..!

**'વહી તપોધન હૈ, યહ નિઃસંદેહ જાનના.'** લ્યો, છે ને? આહાહા..! **'झायंतउ परमत्थु'**. આહાહા..! થોડું લખ્યું ઘણું કરીને જાણજો, એમ કહે છે ને? એમ થોડું કહ્યું બહુ કરીને માનજો. આહા..! ૧૩૭ (થઈ).

## ગાથા-૧૩૮

अथ पञ्चेन्द्रियसुखस्यानित्यत्वं दर्शयति–

२६९) विसय-सुहइँ बे दिवहडा पुणु दुक्खहँ परिवाडि।
भुल्लउ जीव म वाहि तुहुँ अप्पण खंधि कुहाडि।।१३८।।

विषयसुखानि द्वे दिवसे पुनः दुखानां परिपाटी।
भ्रान्त जीव मा वाहय त्वं आत्मनः स्कन्धे कुठारम्।।१३८।।

विसय इत्यादि। विसय-सुहइँ निर्विषयान्नित्याद्वीतरागपरमानन्दैकस्वभावात् परमात्मसुखात्प्रतिकूलानि विषयसुखानि बे दिबहडा दिनद्वयस्थायीनि भवन्ति। पुणु पुनः पश्चाद्दिनद्वयानन्तरं दुक्खहं परिवाडि आत्मसुखबहिर्मुखेन, विषयासक्तेन जीवेन यान्युपार्जितानि पापानि तदुदयजनितानां नारकादिदुःखानां पारिपाटी प्रस्तावः एवं ज्ञात्वा भुल्लउ जीव हे भ्रांत जीव म वाहि तुहुं मा निक्षिप त्वम्। कम्। कुहाडि कुठारम्। क्व। अप्पण खंधि आत्मीयस्कन्धे। अत्रेदं व्याख्यानं ज्ञात्वा विषयसुखं त्यक्त्वा वीतरागपरमात्मसुखे च स्थित्वा निरन्तरं भावना कर्तव्येति भावार्थः।।१३८।।

आगे पंचेन्द्रियोंके सुखको विनाशीक बतलाते हैं—

गाथा-१३८

अन्वयार्थ :- [विषयसुखानि] विषयोंके सुख [द्वे दिवसे] दो दिनके हैं, [पुनः] फिर बादमें [दुःखानां परिपाटी] ये विषय दुःखकी परिपाटी हैं, ऐसा जानकर [भ्रांत जीव] हे भोले जीव, [त्वं] तू [आत्मनः स्कंधे] अपने कंधे पर [कुठारम्] आपही कुल्हाड़ीको [मा वाहय] मत चलावे।

भावार्थ :— ये विषय क्षणभंगुर हैं, बारम्बार दुर्गतिके दुःखके देनेवाले हैं, इसलिए विषयोंका सेवन अपने कंधे पर कुल्हाड़ीका मारना है, अर्थात् नरकमें अपनेको डुबोना है, ऐसा व्याख्यान जानकर विषय-सुखोंको छोड़, वीतराग परमात्म-सुखमें ठहरकर निरन्तर शुद्धोपयोगकी भावना करनी चाहिये।।१३८।।

---

હવે, પાંચ ઇન્દ્રિયસુખનું અનિત્યપણું દર્શાવે છે :-

ભાવાર્થ :-નિર્વિષય નિત્ય અને વીતરાગ પરમાનંદ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્મસુખથી પ્રતિકૂળ વિષયસુખો બે દિવસ રહેનારાં છે. પછી-બે દિવસ પછી-આત્મસુખથી બહિર્મુખ, વિષયાસક્ત જીવે જે પાપો ઉપાર્જ્યાં છે તેના ઉદયજનિત એવાં નરકાદિ દુઃખોની પરિપાટી જ-પ્રસ્તાવ જ-આવે છે, એમ જાણીને હે ભ્રાંત જીવ! તું પોતાના જ ખંભા ઉપર કુહાડો ન માર (અર્થાત્ વિષયોનું સેવન ન કર.)

અહીં, આ વ્યાખ્યાન જાણીને વિષયસુખ છોડીને અને વીતરાગપરમાત્મ સુખમાં સ્થિત થઈને નિરંતર આત્મભાવના કરવી જોઈએ, એવો ભાવાર્થ છે. ૧૩૮.

---

**ગાથા-૧૩૮ ઉપર પ્રવચન**

'આગે પંચેન્દ્રિયોંકે સુખકો વિનાશીક બતલાતે હૈં— '

२६९) विसय-सुहइँ बे दिवहडा पुणु दुक्खहँ परिवाडि।
भुल्लउ जीव म वाहि तुहुँ अप्पण खंधि कुहाडि।।१३८।।

આહાહા..! એ તારા ખભા ઉપર કુહાડી ન માર ભાઈ! હેં! આહાહા..! ભગવાન! તું રાગ અને દ્વેષ કરીને સુખી માને છો, એ તારા ખભા ઉપર કુહાડી મારી છે, બાપા! તને ખબર નથી, ભાઈ! તને લોહીછાણ કરી નાખ્યો. આહાહા..! 'विसय-सुहइँ बे दिवहडा' 'बे दिवहडा' આહાહા..!

અન્વયાર્થ :— 'વિષયોંકે સુખ દો દિનકે હૈં,...' આહાહા..! બે દિવસનો અર્થ થોડા દિવસ. આહાહા..! 'ફિર બાદમેં યે વિષય દુઃખકી પરિપાટી હૈ, ઐસા જાનકર...' આહાહા..! શું કહે છે? પાંચ ઇન્દ્રિયના વિષય છે એ તો બે દિવસ, થોડા દિવસ છે, પાંચ, દસ વર્ષ. આહાહા..! અને એના ફળ તરીકે દુઃખની પરિપાટી પ્રભુ અનંતકાળ. આહાહા..! આવા વેપાર તને ઠીક કેમ પડે છે? આહાહા..! સમજાણું કાંઈ? છે? ઓલામાં બે દિવસ કહ્યા હતા અને પછી દુઃખની

પરિપાટી કીધી. આહાહા..! દુઃખ ઉપર દુઃખ, એકેન્દ્રિયના ભવ, બેઈન્દ્રિયના ભવ, નારકીના ભવ, આહાહા..! ઘણના માર વારંવાર વાગે અંદરથી. પ્રભુ! બે દિવસના સુખના ફળ આવા દુઃખ તને કેમ ગોઠે છે? આહાહા..! '**યે વિષય દુઃખકી પરિપાટી હૈ, ઐસા જાનકર હે ભોલે જીવ,...**' આહાહા..! હે મૂર્ખ જીવ! તને શું થયું? આહાહા..! '**તૂ અપને કંધે પર આપહી કુલ્હાડીકો મત ચલાવે.**' હાથનું શસ્ત્ર ગળાને કાપે એ તે શું શસ્ત્ર? આહા..! આવો અવતાર મળ્યો અને તેં પાંચ ઈન્દ્રિયના વલણમાં સ્વના વલણને છોડી પરના વલણમાં રોકાણો પ્રભુ! તેં ખભા ઉપર કુહાડી મારી છે. વિશેષ કહેશે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, મહા સુદ ૭, બુધવાર
## તા. ૨૬-૧-૧૯૭૭, ગાથા-૧૩૮, ૧૩૯, પ્રવચન નં. ૧૯૭

પરમાત્મપ્રકાશ, ૧૩૮ ગાથા છે. અહીંયા ઈ કહેવું છે કે આત્મા જે આનંદસ્વરૂપ નિત્યાનંદ છે એની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે. પણ પોતાનો વિષય છોડીને, વિષય નામ પોતાનો આત્મા આનંદસ્વરૂપનો વિષય છોડીને પંચેન્દ્રિયના વિષય તરફ જેનો ઝુકાવ છે, એ વિષયો તો ક્ષણભંગુર છે. આહાહા..! પાંચેય ઈન્દ્રિયો ક્ષણભંગુર, એનો વિષય પણ ક્ષણભંગુર નાશવાન છે. અને '**બારમ્બાર દુર્ગતિકે દુઃખકે દેનેવાલે હૈં,...**' આહાહા..! વિષય પાંચઈન્દ્રિય તરફના વિષય, બહિર્બુદ્ધિ એ તો '**બારમ્બાર દુર્ગતિકે દુઃખકે દેનેવાલે હૈં, ઈસલિયે વિષયોંકા સેવન...** ' પોતાનો વિષય ભગવાનઆત્મા સમ્યગ્દર્શનનો વિષય એને છોડીને પરવિષય પર તરફના ઝુકાવથી જે વિકાર થાય છે એનું સેવન કરવું '**અપને કંધે પર કુલ્હાડીકા મારના હૈ,...**' પોતાના ખભા, ગળા ઉપર કુહાડી મારવા જેવું છે. આહાહા..! રાગ અને દ્વેષ, શુભ અને અશુભભાવ એ પર તરફના ઝુકાવથી ઉત્પન્ન થયેલા, એ પોતાની શાંતિ, આનંદસ્વરૂપ ભગવાન ઉપર કુહાડી મારે છે. કુહાડી કહે છે ને? આહાહા..!

'**કુલ્હાડીકા મારના હૈ, અર્થાત્ નરકમેં અપનેકો ડુબોના હૈ,...**' આહાહા..! ક્યાં જાવું? અજ્ઞાનપણે પોતાની ચીજને નહિ માનીને, પોતાનું નિધાન ચિદાનંદસ્વરૂપ ભગવાનનું ભાન નહિ કરીને મિથ્યાત્વભાવમાં પાંચઈન્દ્રિયના વિષયમાં મીઠાશ (આવે), પર તરફના ભાવમાં રાજીપો થઈને મીઠાશ વેદે છે, એ પોતાના ચૈતન્ય આનંદકંદમાં કુહાડી મારે છે. અહીં સ્વવિષય અને પરવિષય બે વાત છે. ધર્મી સમ્યગ્દૃષ્ટિ એનો વિષય તો ભગવાનઆત્મા પૂર્ણાનંદ છે. આહાહા..! એ પોતાનો સ્વ ચિદાનંદ ભગવાન અનાકુળ આનંદનો રસકંદ સુખ એનું ધ્યેય—વિષય છોડીને પર તરફ પાંચઈન્દ્રિયના વિષય તરફ ઢળવું.. આહાહા..! એ પોતાના આત્મામાં—ખભા ઉપર કુહાડી મારવા જેવું છે. આહાહા..! કહો, ઔર '**નરકમેં ડુબાનેવાલા હૈ,...**' આહાહા..! છે?

'**ઐસા વ્યાખ્યાન...**' સુનકર '**જાનકર વિષય-સુખોંકો છોડ,...**' આહાહા..! પર તરફના વિષયમાં મજા—આનંદ માને છે એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? પોતાનો ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપની દૃષ્ટિ નહિ કરીને, અતીન્દ્રિય આનંદનો સ્વાદ રુચતો નથી એને વિષય-સુખ રુચે છે એમ કહે છે. આહાહા..! એ વિષય-સુખ દુઃખનું કારણ છે. આહાહા..! '**વિષય-સુખોંકો છોડ, વીતરાગ પરમાત્મ-સુખમેં ઠહરકર...**' આહાહા..! પોતાનો ભગવાનઆત્મા વીતરાગ પરમાત્મ-સુખ એવી પોતાની વસ્તુ જ વીતરાગ પરમાનંદસ્વરૂપ છે એમાં સ્થિર થઈને. આહાહા..! '**નિરન્તર શુદ્ધોપયોગકી ભાવના કરની ચાહિયે.**' આહાહા..! શુભ ઔર અશુભભાવ બેય બંધનું કારણ છે. આહાહા..! પુણ્યભાવ, શુભભાવ, પાપભાવ, અશુભભાવ બેય પર તરફના આશ્રયથી ઉત્પન્ન થવાવાળા દુઃખના કારણ (છે). આહાહા..! એને છોડ અને નિજ વીતરાગ પરમાનંદસ્વરૂપમાં ઠર. આહાહા..! જ્યાં આનંદધામ ભગવાન સ્વયં જ્યોતિ સુખધામ એવો આત્મા. પણ એને માહાત્મ્ય આવવું કઠણ ભારે. આ બહારના ઘેરાવા, આહાહા..! પૈસા ને લક્ષ્મી ને આબરુ ને બાયડી ને છોકરા, રાજ ને પાટ, આહાહા..! એની મહિમા આગળ નિજ ચૈતન્યસ્વરૂપ ભગવાનની એને મહિમા આવતી નથી. સમજાણું કાંઈ?

ધર્મ એને કહીએ કે વીતરાગી પરમાત્મા, પરમાનંદ પરમાત્મા પોતાનો સ્વભાવ એમાં ઠરવું એનું નામ ધર્મ છે. આહા..! એનું નામ જન્મ-મરણથી રહિત થવાનો એ ઉપાય છે. આહા..! સમજાણું કાંઈ? '**વીતરાગ પરમાત્મ-સુખમેં ઠહરકર...**' આહાહા..! પોતાનું સ્વરૂપ જ વીતરાગ પરમાનંદ છે. પોતામાં વીતરાગી પરમાનંદ ભર્યો છે. આહાહા..! એની દૃષ્ટિ કરીને એમાં ઠર, એમ કહે છે. આહાહા..! જન્મ-મરણથી રહિત થવાનો આ ઉપાય છે. સમજાણું કાંઈ? '**નિરન્તર શુદ્ધોપયોગકી ભાવના...**' આહા..! પુણ્ય અને પાપના ભાવ, બેય અશુદ્ધોપયોગ છે. એ પર તરફના વિષયના લક્ષે ઉત્પન્ન થાય છે. એને છોડીને. આહાહા..! આ તો દિગંબર સંતોની વાણી તીવ્ર વચનો છે. ભગવાનઆત્મા વીતરાગ અનાકુળ આનંદસ્વરૂપમાં ઠરીને શુદ્ધોપયોગની ભાવના કર. આમ શુદ્ધોપયોગ-શુદ્ધોપયોગ એમ નહિ, અંદર સ્થિર થઈને એમ કહે છે. '**નિરન્તર શુદ્ધોપયોગકી ભાવના કરની ચાહિયે.**' આહાહા..! એટલે? વીતરાગી પરમાનંદ ભગવાનઆત્મા એમાં ઠરવું એ જ શુદ્ધોપયોગ છે. ઠરીને, શુદ્ધોપયોગ ઈ છે. આહાહા..! '**ભાવના કરની ચાહિયે.**' ૧૩૮ થઈ.

---

## ગાથા-૧૩૯

अथात्मभावानार्थं योऽसौ विधमानविषयान् त्यजति तस्य प्रशंसां करोति–

२७०) संता विसय जु परिहरइ बलि किज्जउँ हउँ तासु।
सो दइवेण जि मुंडियउ सीसु खडिल्लउ जासु।।१३९।।

सतः विषयान् यः परिहरति बलिं करोमि अहं तस्य।
स दैवेन एव मुण्डितः शीर्षं खल्वाटं यस्य।।१३९।।

संता इत्यादि। संतो विसय कटुकविषप्रख्यान् किंपाकफलोपमानलब्धपूर्वनिरुपराग-शुद्धात्मतत्त्वोपलम्भरुपनिश्चयधर्मचौरान् विधमानविषयान् जु परिहरइ यः परिहरति बलि किज्जउं हउं तासु बलिं पूजां करोमि तस्याहमिति। श्रीयोगीन्द्रदेवाः स्वकीयगुणानुरागं प्रकटयन्ति। विधमानविषयत्यागे दृष्टान्तमाह। सो दइवेण जि मुंडियउ स दैवेन मुण्डितः। स कः। सीसु खडिल्लउ जासु शिरः खल्वाटं यस्येति। अत्र पूर्वकाले देवागमनं दृष्ट्वा सप्तर्द्धिरुपं धर्मातिशयं दृष्ट्वा अवधिमनःपर्ययकेवलज्ञानोत्पत्तिं दृष्ट्वा भरतसगररामपाण्डवादिकमनेकराजाधिराजमणिमुकुटकिरणकलापचुम्बितपादारविन्दजिनधर्मरतं दृष्ट्वा च परमात्मभावनार्थं केचन विधमानविषयत्यागं कुर्वन्ति तद्भावनारतानां दानपूजादिकं च कुर्वन्ति तत्राश्चर्यं नास्ति इदानीं पुनः ''देवागमपरिहीणे कालेऽतिशयवर्जिते। केवलोत्पत्तिहीने तु हलचक्रधरोज्झिते।।'' इति श्लोककथितलक्षणे दुष्षमकाले यत्कुर्वन्ति तदाश्चर्यमिति भावार्थः।।१३९।।

---

आगे आत्म-भावनाके लिये जो विधमान विषयोंको छोड़ता है, उसकी प्रशंसा करते हैं-

गाथा-१३९

अन्वयार्थ :- [यः] जो कोई ज्ञानी [सतः विषयान्] विधमान विषयोंको [परिहरति] छोड़ देता है, [तस्य] उसकी [अहं] मैं [बलिं] पूजा [करोमि] करता हूँ, क्योंकि [यस्य शीर्षं] जिसका शिर [खल्वाटं] गंजा है, [सः] वह तो [दैवेन एव] दैवकर ही [मुंडितः] मूड़ा हुआ है, वह मुंडित नहीं कहा जा सकता।

भावार्थ :-जो देखनेमें मनोज्ञ इन्द्राइनिका विष-फल उसके समान ये मौजूद विषय हैं, ये वीतराग शुद्धात्मतत्त्वकी प्राप्तिरुप निश्चयधर्मस्वरुप रत्नके चोर हैं, उनको जो ज्ञानी वर्तमान विषयोंके प्राप्त होने पर भी उनको छोड़ते हैं, वे महापुरुषोंकर प्रशंसा योग्य हैं, अर्थात् जिनके सम्पदा मौजूद हैं, वे सब त्यागकर वीतरागके मारगको आराधें, वे तो सत्पुरुषोंसे सदा ही प्रशंसाके योग्य हैं, और जिसके कुछ भी तो सामग्री नहीं है, परंतु तृष्णासे दुःखी हो रहा है, अर्थात् जिसके विषय तो विधमान नहीं हैं, तो भी उनका अभिलाषी है, वह महानिंध है। चतुर्थकालमें तो इस क्षेत्रमें देवोंका आगमन था, उनको देखकर धर्मकी रुचि होती थी, और नानाप्रकारकी ऋद्धियोंके धारी महामुनियोंका अतिशय देखकर ज्ञानकी प्राप्ति होती थी, तथा अन्य जीवोंको अवधिमनःपर्यय केवलज्ञानकी उत्पत्ति देखकर सम्यक्त्वकी सिद्धि होती थी, जिनके चरणारविन्दोंको

बड़े-बड़े मुकुटधारी राजा नमस्कार करते थे, ऐसे बड़े-बड़े राजाओंकर सेवनीक भरत, सगर, राम, पांडवादि अनेक चक्रवर्ती बलभद्र, नारायण तथा मंडलीक राजाओंको जिनधर्ममें लीन देखकर भव्यजीवोंको जिनधर्मकी रुचि उपजती थी, तब परमात्मभावनाके लिए विधमान विषयोंका त्याग करते थे।, और जब तक गृहस्थपनेमें रहते थे, तब तक दान-पूजादि शुभ क्रियायें करते थे, चार प्रकारके संघकी सेवा करते थे। इसलिये पहले समयमें तो ज्ञानोत्पत्तिके अनेक कारण थे, ज्ञान उत्पन्न होनेका अचंभा नहीं था। लेकिन इस पंचमकालमें इतनी सामग्री नहीं हैं। ऐसा कहा भी है, कि इस पंचमकालमें देवोंका आगमन तो बंद हो गया है, और कोई अतिशय नहीं देखा जाता। यह काल धर्मके अतिशयसे रहित है, और केवलज्ञानकी उत्पत्तिसे रहित है, तथा हलधर, चक्रवर्ती आदि शलाकापुरुषोंसे रहित है, ऐसे दुःषमकालमें जो भव्यजीव धर्मको धारण करते हैं, यती श्रावकके व्रत आचरते हैं, यह अचंभा है। वह पुरुष धन्य हैं, सदा प्रशंसा योग्य हैं।।१३९।।

---

હવે, આત્મભાવના અર્થે જે વિધમાન વિષયોને ત્યાગે છે, તેની પ્રશંસા કરે છે :-

ભાવાર્થ :-કડવા ઝેર જેવા અને [1]કિંપાકફળની ઉપમાવાળા (અર્થાત્ દેખવામાં મનોજ્ઞ) વિધમાન વિષયોને કે જે અલબ્ધપૂર્વ (પૂર્વે નહિ પ્રાપ્ત કરેલા) નિરુપરાગ શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિરૂપ નિશ્ચયધર્મના ચોર છે તેમને છોડે છે, તેની હું પૂજા કરું છું. એ રીતે શ્રીયોગીન્દ્રદેવ વિષયત્યાગી પ્રત્યે પોતાનો ગુણાનુરાગ દર્શાવે છે.

વિધમાન વિષયના ત્યાગ ઉપર દૃષ્ટાંત કહે છે, જેને માથે ટાલ છે તે દૈવથી જ મુંડાયો છે.

અહીં, પૂર્વકાળમાં દેવોનું આગમન જોઈને, સાત ૠદ્ધિરૂપ ધર્મનો અતિશય જોઈને, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ જોઈને અને જેમનાં ચરણરૂપી કમળને અનેક રાજાધિરાજના મણિમુકુટના કિરણો ચુમ્બન કરતાં હતાં (જેમનાં ચરણારવિંદને મોટા મોટા રાજાઓ નમસ્કાર કરે છે) એવા ભરત, સગર, રામ, પાંડવાદિને જિનધર્મમાં રત જોઈને કોઈ પરમાત્માની ભાવના અર્થે વિધમાન વિષયોનો ત્યાગ કરે અને તેની ભાવનામાં રત જીવોને દાન-પૂજાદિક કરે તેમાં આશ્ચર્ય નથી, પરંતુ આ જે ''देवागमपरिहीणे कालेडतिशयवर्जिते। केवलोत्पत्तिहीने तु हलचक्रधराज्झिते।।''

---

૧. કિંપાક = સંસ્કૃત-મહાકાળ, હિંદી-લાલ ઈન્દ્રાયનનું વિષફળ, ગુજરાતી-રાતાં ઈન્દ્રાયણાં, લાલઈન્દ્રવારણા. આ ઝાડનાં ફળ દેખાવે સુંદર હોય છે પણ ખાવામાં કડવાં ઝેરી હોય છે.

**(અર્થ :-આ પંચમકાળમાં દેવોનું આગમન થતું નથી, કોઈ અતિશય જોવામાં આવતો નથી, કેવળજ્ઞાન થતું નથી, અને હળધર (બળદેવ) ચક્રધર (ચક્રવર્તી) નો અભાવ છે. એ પ્રમાણે શ્લોકમાં કહેલા લક્ષણવાળા દુષમકાળમાં જે વિષયનો ત્યાગ કરે છે તે આશ્ચર્ય છે. (અર્થાત્ તેવા પુરુષોને ધન્ય છે) એવો ભાવાર્થ છે. ૧૩૯.**

---

## ગાથા-૧૩૯ ઉપર પ્રવચન

૧૩૯. '**આગે આત્મ-ભાવનાકે લિયે વિદ્યમાન વિષયોંકો છોડતા હૈ...**' આહાહા..! જે કોઈ પ્રાણી પોતાનો આત્મા આનંદસ્વરૂપની એકાગ્રતા—ભાવનાને લીધે પર તરફના વિષયની સંપદા છોડે છે. આહાહા..! છે? '**વિદ્યમાન વિષયોં...**' છે. ચક્રવર્તીપદ છે, ઇન્દ્રપદ છે. આહાહા..! રાજા, મહારાજા અબજોપતિ. એક એક ક્ષણમાં અબજોની પેદાશવાળા. એવી સંપદા છે. આહા..! એ '**વિદ્યમાન વિષયોંકો છોડ દેતા હૈ,...**' જેને વિષય નથી, ગરીબ માણસ આદિ છે એ તો શું છોડે? અંતરની દૃષ્ટિ કરીને પર તરફનું લક્ષ છોડે. પણ જેને લક્ષ્મી વિદ્યમાન છે. શરીર સુંદર, પૈસા, આબરુ, કીર્તિ મોટી એ બધા વિદ્યમાન વિષયોને છોડે છે એમ કહે છે. આહાહા..! એમાં સુખબુદ્ધિ છોડે છે, એની રુચિ છોડે છે અને વિષયોને છોડે છે '**ઉસકી પ્રશંસા કરતે હૈં—**' આહાહા..! ૧૩૯.

२७०) संता विसय जु परिहरइ बलि किज्जउँ हउँ तासु।
सो दइवेण जि मुंडियउ सीसु खडिल्लउ जासु।।१३९।।

**અન્વયાર્થ :— 'જો કોઈ જ્ઞાની વિદ્યમાન વિષયોંકો છોડ દેતા હૈ,...'** આહાહા...! અપ્સરા જેવી સ્ત્રીઓ, નિલમણિના શું કહેવાય તમારા? લાદી. લાદી લાદી. તમારા પત્થરની નહિ, નિલમણિની લાદી. આહાહા..! જે વિદ્યમાન વિષયો છે એને ક્ષણભંગુર જાણીને છોડી દે છે. આહાહા...! સમજાણું કાંઈ? આચાર્ય મહારાજ યોગીન્દ્રદેવ દિગંબર સંત ૧૩૦૦ વર્ષ પહેલા થયા એ કહે છે... આહાહા..! '**છોડ દેતા હૈ, ઉસકી મૈં પૂજા કરતા હૂં,...**' લ્યો. ચારિત્રવંત છે ને એની વાત છે. સમજાણું કાંઈ? જેણે પોતાની રમણતા આનંદમાં પ્રગટ કરી અને પરની રમણતા છોડી દીધી, એવા વિષયની સંપદા વિદ્યમાન હોવા છતાં તેને છોડીને પોતાના આનંદમાં જે ઘુસી ગયા. આહાહા..! યોગીન્દ્રદેવ કહે છે, કે (તેની) હું પૂજા કરું છું. બલિ જાઉં એને, બલિ. એને બલિ જાઉં—પૂજા કરું છું. આહાહા..! સમજાણું કાંઈ?

'**ક્યોંકિ જિસકા શિર ગંજા હૈ,** આહાહા..! **વહ તો દૈવકર હી મૂડા હુઆ હૈ,...**' આહાહા..! વિષયો છે નહિ, ગરીબ માણસ છે, શરીર મૂંડાયેલું જન્મ્યો છે. મૂંડો હોય છે ને? શું કહે છે? ગંજા. ભાઈ છે ને આપણે, નહિ? તારાચંદભાઈ હતા ને? કેવા? તારાચંદભાઈને? મનસુખભાઈ, મનસુખ તારાચંદ. મનસુખ મોટા ગૃહસ્થ અને આપણે બહુ પ્રેમ હતો. એનો દીકરાને પહેલેથી વાળ

જ ન મળે. મૂંડો. વાળ જ નહિ. આહા..! એમ જેને પહેલેથી સંપદા જ નથી, મુંડાયેલો છે. આહાહા..! **'વહ તો દૈવકર હી મૂંડા હુઆ હુઆ હૈ, વહ મુંડિત નહીં કહા જા સકતા.'** અપેક્ષિત વાત છે હોં! વિશેષ. ગરીબ જો હોય પણ પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરે અને રાગ છોડે તો એ પણ પૂજ્ય છે. સમજાણું કાંઈ? આ તો આચાર્ય જરી સંપદા મળી આમ, એના પ્રત્યેનો પ્રેમ છોડીને ભગવાનઆત્મા આનંદસ્વરૂપમાં પ્રેમ કરીને શુદ્ધોપયોગમાં રમે છે (તેની હું) પૂજા કરું છું, બલિ જાઉં છું, બલિહારી કરું તારી, એમ કહે છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :— 'જો દેખનેમેં મનોજ્ઞ ઐસા ઇન્દ્રાઈનિકા વિષ-ફલ...'** વનસ્પતિ થાય છે એવી. ઇન્દ્રના ફળ આવે છે ને? ઝેર **'ઉસકે સમાન યે મૌજૂદ વિષય હૈં, યે વીતરાગ શુદ્ધાત્મતત્ત્વકી પ્રાપ્તિરૂપ નિશ્ચયધર્મસ્વરૂપ રત્નકે ચોર હૈં,...'** આહાહા..! એ વિષય કેવા છે? આહાહા..! આમ ખાવું, પીવું, ભોગ, વિષય, સ્ત્રી, કુટુંબ. આહાહા..! ચપળ નારી, કોમળ નારી, લક્ષ્મી, આબરુ, મકાન. આહાહા..! એ **'ઇન્દ્રાઈનિકા વિષ-ફલ ઉસકે સમાન યે મૌજૂદ વિષય હૈં,...'** આહાહા..! **'યે વીતરાગ શુદ્ધાત્મતત્ત્વકી પ્રાપ્તિરૂપ નિશ્ચયધર્મસ્વરૂપ રત્નકે ચોર હૈં,...'** આહાહા..! પોતાનો ભગવાન શુદ્ધચૈતન્યમૂર્તિ એનું સમ્યગ્દર્શન, પોતાના શુદ્ધ ભગવાનઆત્માનું દર્શન—સમ્યગ્દર્શન, પોતાના શુદ્ધાત્માનું જ્ઞાન અને શુદ્ધાત્મામાં રમણતા એ નિશ્ચયરત્નત્રયના, પાંચઇન્દ્રિયના વિષય-સંપદા ચોર છે, લુંટારા છે, લુંટારા. આહાહા..! સમજાણું કાંઈ? શેઠ!

મુમુક્ષુ :— લુટારાને તો દંડ મળે છે.

ઉત્તર :— દંડ જ મળે છે અહીંયા. કહ્યું ને, કુહાડી પડે છે અંદર. આહાહા..!

અહીં તો ભગવાન આચાર્ય દિગબંર સંત ૧૩૦૦ વર્ષ પહેલા થયા. બધા દિગંબર સંતો એક જ વાત કરે છે—પરમાર્થની. સમજાણું કાંઈ? સમયસાર હો, પ્રવચનસાર હો, પરમાત્મપ્રકાશ હો, સમાધિશતક હો, ઇષ્ટોપદેશ હો. આહાહા..! બધાનો એક જ અવાજ છે. ભગવાન! તારી ચીજ તો અંદર પડી છે ને. આહાહા..! તારી ચીજના દર્શન કરવા નથી, તારી ચીજનું જ્ઞાન નહિ, તારી ચીજમાં રમણતા નહિ અને બહારની ચીજમાં શ્રદ્ધા, જ્ઞાન, ભરોસો કરીને આનંદિત થવું, મજા માનવી એ આનંદ રત્નત્રયના ચોર છે. આહાહા..! આકરી વાત છે. સમજાણું કાંઈ? માખણ જેવા શરીર હોય, માંસ હાડકા પોચા, રૂપાળા, સુંવાળા. આહાહા..! કહે છે કે એના ઉપર લક્ષ જાય છે તો આત્માના રત્નત્રય લુંટાઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? સ્વવિષયને છોડીને, આહાહા..! પોતાના દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ છોડીને, પોતાથી ભિન્ન પંચવિષયની સામગ્રીમાં તારી લાલચ થઈ ગઈ. આહાહા..! વિષયોમાં તું લલચાઈ ગયો તો એ વિષય તો આત્માના રત્નના ચોર છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'નિશ્ચયધર્મસ્વરૂપ...' 'વીતરાગ શુદ્ધાત્મતત્ત્વકી પ્રાપ્તિરૂપ નિશ્ચયધર્મ.... '** ધર્મની વ્યાખ્યા. ધર્મ કોને કહીએ વીતરાગ જૈનદર્શનમાં? **'વીતરાગ શુદ્ધાત્મતત્ત્વકી પ્રાપ્તિ નિશ્ચયધર્મ...'**

આહાહા..! વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા શુદ્ધાત્મતત્ત્વ. વીતરાગ શુદ્ધાત્મતત્ત્વ ભગવાનઆત્મા તો છે. આહાહા..! દયા, દાન, ભક્તિ આદિ રાગભાવ છે, પુણ્યભાવ છે. હિંસા, જૂઠું, ચોરી આદિ પાપભાવ છે. બેય ભાવથી રહિત આત્મા વીતરાગ પરમાનંદમૂર્તિ છે. આહાહા..! '**વીતરાગ શુદ્ધાત્મતત્ત્વકી પ્રાપ્તિરૂપ નિશ્ચયધર્મસ્વરૂપ...**' આહાહા..! એનું નામ સત્ય ધર્મ. વીતરાગ શુદ્ધાત્માની પ્રાપ્તિ શ્રદ્ધા, જ્ઞાનમાં થવી. વીતરાગસ્વરૂપ ભગવાનઆત્માની પ્રાપ્તિ પર્યાયમાં વીતરાગધર્મ થવો એનું નામ નિશ્ચયધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા નિશ્ચયધર્મના, પાંચઈન્દ્રિયના વિષયો ઝેરના ફળ, એ તરફના ઝુકાવથી એ રત્નના ચોર છે એ તો. આહાહા..! નિયમસારમાં તો એમ કહ્યું, સ્ત્રી, કુટુંબ, દીકરા, દીકરી એ બધા આજીવિકાની ધુતારાની ટોળી છે બધી. ધુતારાની ટોળી છે એ તો. ઓહોહો..!

મુમુક્ષુ :— ધુતારાની ટોળી પગ દાબે તો?

ઉત્તર :— પગ દાબે ધૂળમાં, પગ જડ છે એમાં શું છે? આ સુમનભાઈ પગ દાબે છે ને. કેટલા પાપ કરીને પૈસા કર્યા, એ પૈસા આપીને ભણાવ્યા. ઈ પગ દાબે હવે. પગ તો જડ માટી છે. એય! શેઠ! ઘરની વાત કરે છે ઈ. આહાહા..!

મુમુક્ષુ :— ઘરમાં ઝઘડા થાય એવી વાત છે.

ઉત્તર :— પરને પોતાના માન્યા એ જ ઝઘડો છે. આહાહા..! બાપુ! માર્ગ બહુ ભાઈ! હેં!

મુમુક્ષુ :— પરને મારા માન્યા ઈ જ (ઝગડો)

ઉત્તર :— પર મારા છે એવો સંબંધ માન્યો એ જ ઝઘડો છે. આહાહા..! ભલે એ પર ટક્યું છે એ તો એના આયુષ્યને કારણે છે અને મરી જાય છે તો એનું આયુષ્ય પૂરું થયે થઈ જાય છે. તો માણસ એની પાછળ રોવે છે, એ ક્યાં ગયો એને રોવે છે? મરીને નરકે ગયો હોય તો અમારે શું? અમારી સગવડતા જાય છે એને રોવે છે. આહાહા..! સમજાણું કાંઈ? પત્ની રોવે છે, વીસ વર્ષનો ધણી મરી જાય એને. શું કરવા રોવે છે? મારા સાધન ગયા. આહાહા..! એ મરીને નરકમાં ગયો, ઢોરમાં કોણે પૂછ્યું? પૂછ્યું છે કોઈએ? આહાહા..!

મુમુક્ષુ :— પૂછવાનું કામેય શું છે?

ઉત્તર :— એનું કામેય શું છે? ઈ મરી જાય, ગમે ત્યાં જાય. આહાહા..! કાંતિભાઈ! આ સંસાર આવો છે. લુંટારા ભેગા થયા છે બધા, કહે છે.

ભગવાન આનંદનો નાથ પ્રભુ, એની દૃષ્ટિ—સમ્યગ્દર્શન કર્યું નહિ, સ્વભાવના આશ્રયે જે નિશ્ચયધર્મ પ્રગટ થાય એ તો કર્યો નહિ, તો પરમાં તો બધા નિશ્ચયધર્મના લુંટારા છે. આહાહા..! '**ઉનકો જો જ્ઞાની છોડતે હૈં,** આહાહા..! **ઉનકી બલિહારી યોગીન્દ્રદેવ કરતે હૈં,...** ' બલિહારી છે ને? બલિ એટલે પૂજા. બલિ બલિ જાઉં, એમ નથી આવતું? આહાહા..! બલિ બલિ આવે છે ને પૂજામાં? બલિ બલિ જાઉં, ભગવાન! આહાહા..! અતીન્દ્રિય આનંદના નાથ, આપે અતીન્દ્રિય આનંદ પ્રગટ કર્યો. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય પ્રગટ કર્યું. પ્રભુ!

હું બલિ બલિ જાઉં છું, આપની બલિહારી કરું છું. આહાહા..!

એમ અહીંયાં કહે છે, કે જેણે એ વિષયોને છોડી દીધા.. આહાહા..! એકલા સ્ત્રી, કુટુંબ છોડીને નગ્ન થઈ જાય માટે વિષય છોડ્યા એમ નહિ. પોતાનો સ્વવિષય છોડીને પરવિષયમાં મજા માને છે રાગાદિમાં એ વિષય છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ નગ્ન મુનિ તો અનંતવાર થયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન, નિજ આતમજ્ઞાન... નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહાહા..! સમજાણું કાંઈ? ઈ અહીં કહે છે. '**બલિહારી યોગીન્દ્રદેવ કરતે હૈં, અર્થાત્ અપના ગુણાનુરાગ પ્રગટ કરતે હૈં,...**' આહાહા..! '**જો વર્તમાન વિષયોંકે પ્રાપ્ત હોને પર ઉનકો છોડતે હૈં, વે મહાપુરુષોંકર પ્રશંસા યોગ્ય હૈં,...** ' આહાહા..! '**અર્થાત્ જિનકે સંપદા મૌજૂદ હૈં,...**' આહાહા..! હજારો અપ્સરા જેવી રાણી, નિલમણિની લાદી, અબજો રૂપિયાના હાર, કપડા એવા ઊંચા, શરીર મણિરતન જેવું. આહાહા..! એ '**હોને પર ભી ઉનકો છોડતે હૈં,...**' તેના પ્રત્યેનો પ્રેમ છોડી દે છે. આહાહા..! અને ભગવાનઆત્માના પ્રેમમાં આવે છે. આહા..! સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ આત્મા, વીતરાગસ્વરૂપ આત્મા છે એને જે પ્રેમ કરે છે, આહાહા..! '**વે મહાપુરુષોંકર પ્રશંસા યોગ્ય હૈં,...**'

'**જિનકે સંપદા મૌજૂદ હૈં, વે સબ ત્યાગકર વીતરાગકે મારગકો આરાધેં,...** ' જોયું? ત્યાગ કરીને પણ વીતરાગના માર્ગને આરાધે. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ અનાકુળ શાંતરસનો કંદ આત્મા, એની સેવા કરે છે આરાધન—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ આરાધના છે. આહાહા..! સમજાણું કાંઈ? '**વે તો સત્પુરુષોંસે સદા હી પ્રશંસાકે યોગ્ય હૈં, ઔર જિસકે કુછ ભી તો સામગ્રી નહીં હૈ, પરંતુ તૃષ્ણાસે દુઃખી હો રહા હૈ,...**' એની વાત લીધી છે. એકલા ભલે ગરીબ હોય પણ તૃષ્ણાથી દુઃખી છે એ વાત લીધી છે. સમજાણું કાંઈ? લક્ષ્મી ન હોય, શરીર સુંદર ન હોય, આબરુ, કીર્તી ન હોય, કોઈ ઓળખતું ન હોય, આહાહા..! પણ તૃષ્ણાથી દુઃખી છે. આ લાવો, આ લાવો, આ લાવો. આહાહા..! અગ્નિ અગ્નિની જ્વાળા. પૈસા, લક્ષ્મી, આબરુ, પુત્ર, પુત્રી. આહાહા..! બધા સુંદર. શત્રુના ઘેરામાં જ્યારે અંદર બેઠો હોય.. આહા..! ત્યારે એને એમ લાગે, આપણે કંઈક છીએ. વેરીઓના ઘરમાં બેઠો, એ બધા તો વેરી છે. એના પ્રત્યે પ્રેમ કરતાં આત્માનો ઘાત થાય છે. પોપટભાઈ! ન્યાંથી મળે એવું નથી ન્યાં મુંબઈમાં. આહા..! પૈસાના ધૂળના ઢગલા થાય. તો એ તો એના તરફ લક્ષ જાય એટલે દુઃખ છે. આહાહા..! આકુળતા છે. આહાહા..!

અહીંયા વિશેષ કહે છે, ભલે કહે છે, કોઈ સામગ્રી ન હોય પણ તૃષ્ણાથી દુઃખી છે. જેને બહારની કોઈ વસ્તુ ન હોય પણ અંદરમાં આત્માથી સંતોષ હોય તો એ ધનાઢ્ય છે. સમજાણું કાંઈ? અને આને તૃષ્ણા.. તૃષ્ણા.. તૃષ્ણા.. આહા..! પાંચ લાખ મળ્યા તો કરોડની અભિલાષા, કરોડ મળ્યા તો પાંચ કરોડની અભિલાષા. આહાહા..! તૃષ્ણા... તૃષ્ણા.. તૃષ્ણા.. ખાદેલા, ખાદેલા કહે છે? ખાધ ખાધ પાડે છે. ખાધ નથી સમજતા? જેમ પોતાની પાસે પાંચ લાખ હોય, બીજાના દસ લાખ જોઈને ખાધ પાડે. અરે! મારી પાસે પાંચ લાખ નથી. ઈર્ષ્યા નહિ, ઈર્ષ્યા નહિ. પોતાનું

દીનપણું બતાવે કે મારી પાસે એટલી લક્ષ્મી નથી. ખાધ નથી કહેતા તમારી ભાષામાં? ઘાટા બતાવે. આહાહા..! કરોડ મળ્યા તો પાંચ કરોડ જેની પાસે હોય એનું લક્ષ જાય. અરેરે! મારી પાસે એક કરોડ અને એની પાસે પાંચ કરોડ. પોતામાં ખાધ જ જોવે એ તો. આહાહા..!

એમ તૃષ્ણાથી દુઃખી પ્રાણી... આહાહા..! '**જિસકે વિષય તો વિદ્યમાન નહીં હૈ, તો ભી ઉનકા અભિલાષી હૈ,...**' ઈ વાત લીધી છે, હોં! આમ તો વિષય ન હોય, રાગ છોડીને ભગવાનના આનંદમાં આવે છે એ તો પ્રશંસા લાયક છે. પણ વિષયની તૃષ્ણામાં રહે છે. આહા..! '**વહ મહાનિંદ્ય હૈ.**' આહાહા..! બાર મહિને પાંચ લાખની પેદાશ હોય, દસ લાખ જોઈએ, પચ્ચીસ લાખની કમાણી હોવી જોઈએ. તૃષ્ણાથી દુઃખી છે.

'**ચતુર્થ કાલમેં તો...**' હવે આચાર્ય જરી, ચોથા કાળમાં તો.. આહાહા..! '**ઈસ ક્ષેત્રમેં દેવોંકા આગમન થા,...**' ભરતક્ષેત્રમાં સ્વર્ગના દેવ પણ આવતા હતા. આહાહા..! સમજાણું કાંઈ? એ વખતે ધર્મ કરે અને ત્યાગ કરે એમાં કંઈ વિશેષતા નથી, એમ કહે છે. અત્યારે દેવ આવતા નથી અને રાગનો ત્યાગ કરીને આત્માના આનંદમાં આવે છે એની બલિહારી છે એમ કહે છે. સમજાણું કાંઈ? ચોથા કાળમાં તો ઉપરથી સ્વર્ગના દેવ આવતા હતા. આહા..! '**ઉનકો દેખકર ધર્મકી રુચિ હોતી થી,...**' લોકોને. ઓહોહો..! સ્વર્ગના દેવ પણ અહીંયા સાંભળવા આવે છે! એટલી સંપદા અને ઋદ્ધિ, આ અબજોપતિ પણ એની પાસે ભિખારી છે. એટલી ઋદ્ધિ છે એની પાસે. આહાહા..! એક બેસવાના સિંહાસનનો એક પથરો અહીં નીચે મૂકવાનો પડવાયો કહે છે. શું કહે છે? આપણે પડવાયો કહે છે. હિન્દીમાં? નીચે પત્થર મૂકે છે ને? પલંગના પાયા નીચે પત્થર મૂકે ને, આમ હલે નહિ. એને શું કહે છે? અમારે પડવાયા કહે છે ગુજરાતી ભાષામાં. એ પત્થરની કિંમત અબજો રૂપિયાની કિંમત છે. એના સિંહાસનની તો વાત શું કરવી! સમજાણું કાંઈ? એવા દેવો ચોથા આરે પંચમકાળમાં પણ આવતા હતા, શરૂઆતના કાળમાં. આહાહા..! તો કહે છે કે એવા દેવો આવે છે તો એનું લક્ષ કરીને ધર્મની રુચિ થતી હતી. ઓહોહો..! આવી સંપદા! જેના શરીરમાં હજારો સૂર્યના પ્રકાશ પડે એવો તો દેવના શરીરનો પ્રકાશ હોય છે. સમજાણું કાંઈ? એવા દેવોને જોઈને ઘણા પ્રાણી ધર્મ રુચિવાન થઈ જતા હતા. અત્યારે દુર્લભ છે એમ કહે છે. એવામાં જે ધર્મ આત્માની રુચિ કરે છે, આહાહા..! એમ કહે છે. આહાહા..! બહારના દેવ નહિ પણ અંદરનો દેવ ભગવાન બિરાજે છે. આહાહા..!

'**ઔર નાના પ્રકારકે ઋદ્ધિયોંકે ધારી મહામુનિયોંકા અતિશય દેખકર...**' મહા સંતો આત્મધ્યાની, જ્ઞાની આનંદના અનુભવી એમની પાસે '**મહામુનિયોંકા અતિશય દેખકર...**' અતિશય.. અતિશય.. અતિશય. આહાહા..! જેનો આવો અતિશય હોય, ઉપરથી પવન ફરીને જાય અને રોગી પ્રાણી હોય તો એનો રોગ મટી જાય એવી મુનિઓની ઋદ્ધિ હતી. આનંદનો નાથ ભગવાન આનંદમાં ઝુલતા ભાવલિંગી સંત, જેને અતીન્દ્રિય આનંદના મોજામાં પરિષહ કે ઉપસર્ગ શું છે એનો ખ્યાલ પણ નથી. સમજાણં કાંઈ? આહાહા..! એવા મુનિઓના '**અતિશય દેખકર...**'

**'નાનાપ્રકારકી ઋદ્ધિયોંકે ધારી મહામુનિયોંકા અતિશય દેખકર જ્ઞાનકી પ્રાપ્તિ હોતી થી,...'** ઓહોહો..! આ ચીજ! એમ જોઈને પોતાનો આત્મા આનંદમય છે એની દૃષ્ટિ થતી હતી અને એનું જ્ઞાન થતું હતું. આહા..! સમજાણું કાંઈ? **'તથા અન્ય જીવોંકો અવધિ, મનઃપર્યય કેવલજ્ઞાનકી ઉત્પત્તિ દેખકર...'** આહાહા..! બીજા જીવોનું અવધિજ્ઞાન, આહાહા..! કાલનો કઠિયારો, આજનો કેવળજ્ઞાની થઈ જાય. ભગવાન અંદર ચિદાનંદ ઋદ્ધિ પડી છે અંદર. આહાહા..! અંતર્મુખ દૃષ્ટિ કરીને કઠિયારો હોય લાકડાનો ઉપાડનાર, આહાહા..! ચાર આના, છ આના, આઠ આના મળતા હોય. પહેલાની વાત છે, અત્યારે રૂપિયો, દોઢ રૂપિયો મળે. કાલે જુઓ તો કેવળજ્ઞાની! આહાહા..! તો આત્માની આવી ઋદ્ધિ જોઈને ધર્મ રુચિવાન થતા હતા. સમજાણું કાંઈ? આહાહા..!

અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાનની ઉત્પત્તિ. આહાહા..! **'દેખકર સમ્યક્ત્વકી સિદ્ધિ હોતી થી,...'** આહા..! ઓહો..! આવા જીવ જગતમાં છે તો એ આત્માની ઋદ્ધિ જેને પ્રગટ થઈ છે અને બહારમાં પણ ઋદ્ધિ પ્રગટ થઈ છે, એમ જોઈને પોતાને સમકિતની ઉત્પત્તિ થતી હતી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'સમ્યક્ત્વકી સિદ્ધિ હોતી થી,...'** આહાહા..! ઈન્દ્રો ઉપરથી ઉતરતા હતા, ભગવાનના સમવસરણમાં. આહાહા..! ઈન્દ્ર એટલે, આહા..! બત્રીસ લાખ વિમાન, દેવ. એક એક વિમાનમાં અસંખ્ય દેવ, એનો સ્વામી ઉપરથી નીચે ઉતરે ભગવાનના સમવસરણમાં. આહાહા..! ઓહોહો..! આ! એવા અવધિજ્ઞાની, મુનિઓને ક્ષણમાં અવધિજ્ઞાન ઉત્પન્ન થાય. આહાહા..! પોતાની સંપદામાં બધું પડ્યું છે એમાં વિશેષ શું છે? આહાહા..! એવા મનઃપર્યયજ્ઞાની સામાના મનની વાત જાણે એવા મુનિઓ આત્મજ્ઞાની, ધ્યાનીને જોઈને સમકિતની સિદ્ધિ થતી હતી. આહાહા..! એ બધી ઋદ્ધિનો સ્વામી તો ભગવાન છે. ચૈતન્યઋદ્ધિ હોં! એવા ચૈતન્યની પરમાનંદસ્વરૂપ ભગવાનની એની સમ્યગ્દર્શનની સિદ્ધિ થતી હતી. આહાહા..! સમજાણું કાંઈ?

**'જિનકે ચરણારવિંદોંકો બડે-બડે મુકુટધારી રાજા નમસ્કાર કરતે થે,...'** આહાહા..! ચરણારવિંદ—ચરણરૂપી અરવિંદ—કમળ. **'બડે-બડે મુકુટધારી રાજા નમસ્કાર કરતે થે, ઐસે બડે-બડે રાજાઓંકર સેવનીક...'** મોટા મોટા રાજાઓ દ્વારા સેવનીય **'ભરત, સગર, રામ, પાંડવાદિ...'** આહાહા..! **'અનેક ચક્રવર્તી, બળભદ્ર, નારાયણ...'** એ તો કોઈ સાધારણ રાજા અત્યારે આ રાજા એ તો બધા ભિખારા જેવા છે. રાજા જ નથી કોઈ. એ તો કહે છે ને ઓલામાં. આહા..! આ રાજા તો આમ.. ઓહોહો..! જેની શરીરસંપદા માણેક હીરા રતનના ચમકાર મારે એટલો શરીરનો ચમકાર હોય. જેની ભાષા.. આહા..! મીઠી મધુરી અને અવધિજ્ઞાની પણ ગૃહસ્થાશ્રમમાં રાજા થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા **'ભરત,...'** ભરત ચક્રવર્તી. સંસારમાં ત્રણ જ્ઞાનના ધણી હતા. અનુભવી આત્માના. સંસારમાં ભરત વૈરાગી, નથી આવતું? ભરતજી સંસારમાં વૈરાગી. છ ખંડનું રાજ, મારી ચીજ નહિ. મારી ચીજ તો આનંદસ્વરૂપ હું આત્મા છું. એમ પોતાની ચીજની મહિમા આગળ પરચીજની મહિમા ઊડી ગઈ હતી. આહાહા..! સમજાણું

કાંઈ? '**ભરત, સગર,...**' ચક્રવર્તી '**રામ,...**' બળભદ્ર. આહાહા..! પુરુષોત્તમ પુરુષ રામ. આહાહા..! જેના દેદાર દેવ જેવા દેખાય. આહાહા..! જંગલમાં ગયા તોપણ એને કોઈ જાતની ખામી ન રહે. પુણ્યશાળી છે ને. અને શાંત મધુર મધુર. આહાહા..! એવા '**રામ,...**'

'**પાંડવો,...**' જોદ્ધા મોટા. આહાહા..! જેના શરીરની સુંદરતાનો પાર નહિ, જેના સંઘયણ વજ્રનારાચ સંઘયણ શરીરના. આહા..! એવા '**અનેક ચક્રવર્તી, બળભદ્ર,...**' રાજા રામ આદિ. કૃષ્ણ આદિ '**નારાયણ તથા મંડલીક રાજા...**' એટલે મોટું ચક્રવર્તી આદિ રાજ ન હોય? મંડલિક હોય. હજારો ગામ, હજારો શહેર. '**જિનધર્મમેં લીન દેખકર...**' આહાહા..! આવા ચક્રવર્તીઓ પણ વીતરાગ ધર્મમાં લીન છે! આહાહા..! સમજાણું કાંઈ? '**ભવ્યજીવોંકો જિનધર્મકી રુચિ ઉપજતી થી,...**' આહાહા..! આવી વસ્તુ જોઈને ભવ્યજીવો, લાયક—પાત્ર—યોગ્ય જીવોને પોતાના વીતરાગી સ્વભાવ આત્માની રુચિ ઉત્પન્ન થતી હતી. આહાહા..! સમજાણું કાંઈ? આઠ આઠ વર્ષના બાળકો, રાજકુમારો જેના મણિરતનના તેજ જેવા શરીર, એ ચાલી નીકળે અંદરથી. આહાહા..! એક મોરપીંછી, એક કમંડળ, નગ્ન શરીર. આમ આનંદમાં રમે છે, અતીન્દ્રિય આનંદમાં. ભિક્ષા માટે આવે, દેખે તો લોકોને એમ થઈ જાય, ઓહોહો..! આ કોણ? એને દેખીને ધર્મની રુચિ થતી હતી. સમજાણું કાંઈ? આહાહા..! ભવ્યજીવોને હોં! '**જિનધર્મકી રુચિ ઉપજતી થી,...**'

'**તબ પરમાત્મભાવનાકે લિયે વિદ્યમાન વિષયોંકા ત્યાગ કરતે થે.** ' આહાહા..! પોતાનો ભગવાન શુદ્ધાત્મા પરમાત્મા. પરમાત્મપ્રકાશ છે ને. પોતાનું સ્વરૂપ જ પરમાત્મપ્રકાશ છે. આહાહા..! પરમાત્મપ્રકાશની ભાવના માટે, પોતાના પરમાત્મસ્વરૂપમાં એકાગ્રતા થવા માટે. '**વિદ્યમાન વિષયોંકા ત્યાગ કરતે થે.** ' આહાહા..! '**ઔર જબ તક ગૃહસ્થપનેમેં રહતે થે,...**' સમ્યગ્દષ્ટિ. આહાહા..! પોતાનો ભગવાન શુદ્ધઆનંદકંદનો જેને અનુભવ થયો એ સમ્યગ્દષ્ટિ. આહાહા..! એ ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દષ્ટિ રહેતા હતા તો પોતાના આનંદનો અનુભવ તો કરતા હતા. યોગસારમાં નથી આવતું? યોગસારમાં. ગૃહસ્થાશ્રમમાં જે રહે છે પણ આત્મામાં લીન (છે). ગૃહકામ... બે ગાથા છે. ગૃહકામ કરતા છતાં, પછી? હેયાહેયનું જ્ઞાન. રાગાદિ છે તે હેય છે. ભગવાન આનંદસ્વરૂપ તે ઉપાદેય—અહેય છે. આહાહા..! એવા ગૃહસ્થાશ્રમમાં પણ સમ્યગ્દષ્ટિ જીવ રહેતા હતા તો આત્મામાં લીન રહેતા હતા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ઈ. બે છે, બે ઠેકાણે ગાથા છે. આહાહા..!

સમકિતી '**તબ તક દાન-પૂજાદિ શુભ ક્રિયાયેં કરતે થે,...**' જ્યાં સુધી વીતરાગપણું, મુનિપણું ન આવે અંદર પુરુષાર્થથી, ત્યારે સમ્યગ્દષ્ટિ પોતાના આનંદનો અનુભવ કરતા. અશુભથી બચવા જ્ઞાનીને દાન, પૂજા આદિ ક્રિયા હોય છે. એ શુભરાગ હોય છે, અશુભરાગથી બચવા માટે. આહાહા..! સમજાણું કાંઈ? દાન, પૂજા, ભક્તિ, ભગવાનના ગુણસ્મરણ એ બધા શુભભાવ છે. અશુભથી બચવા માટે સમ્યગ્દષ્ટિ જીવ પોતાના આનંદની પ્રતીતિ હોવા છતાં અશુભથી બચવા

વ્યવહાર અંદર આવતો હતો. અજ્ઞાનીને તો આવો વ્યવહાર હોતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભરત ચક્રવર્તી જુઓ. ત્રણ જ્ઞાનના ધણી, આત્મઅનુભવ, સમકિત. ભિક્ષાના ટાણે પોતાનો બંગલો, દૈવી બંગલો. અબજો રૂપિયાની કિંમત શું? એવા પાંચ બંગલા. બહાર નીકળી આહારને ટાણે બહાર ઊભા રહે. આહા..! દરવાજે ઊભા રહે. કોઈ મુનિ આત્મજ્ઞાની, ધ્યાની અમારા (મહેલમાં) આહાહા..! અંદર પ્રવેશ (કરે). પ્રભુ! તિષ્ઠ.. તિષ્ઠ.. તિષ્ઠ. પધારો અમારે ત્યાં. આહાહા..! મણિરતનના જેને ઓઢવા શું કહેવાય પગની? ચાખડી મણિરતનની હોય. મણિરતનની હોં! હીરા માણેકની. આહાહા..! જેના કપડા કરોડો અબજોની કિંમતના હોય. આમ નાખ્યા હોય અને આમ જંગલમાં બહાર નીકળે. પ્રભુ! પધારો પધારો. આહાહા..! આત્મજ્ઞાની ધ્યાની આત્માના અનુભવી, જેને આત્માનો અતીન્દ્રિય આનંદ અંદર વધી ગયો છે એને મુનિ કહે છે. આહાહા..! એ મુનિ ભિક્ષા માટે નીકળે. ભરત જેવા ચક્રવર્તી દીન બાળકની પેઠે (કહે છે), પ્રભુ! અમારે ત્યાં પ્રવેશ કરો. પ્રભુ તિષ્ઠ. આહાહા...! આવો શુભભાવ ગૃહસ્થોને પણ આવતો હતો. પણ સમકિત સહિતની વાત છે હોં! સમકિત વિનાના શુભભાવ એ તો થોથા છે. એ તો સંસારનું કારણ છે. આ પણ સંસારનું કારણ છે પણ આવે છે. શુભભાવ છે તો પુણ્યબંધ થાય છે એને. આહાહા..! પણ પોતાના આનંદસ્વરૂપના અનુભવમાં સમ્યગ્દર્શન તો છે, વીતરાગતા ચારિત્ર જે અંદર રમણતા પૂર્ણાનંદના નાથની એ ચારિત્રનો અભાવ છે. તો વચ્ચે આવા સંતોના દાન, પૂજા આદિ શુભભાવ કરતા હતા. આહાહા..! સમજાણું કાંઈ? ધન્ય અવતાર! એમ કહીને કહે છે, પ્રભુ! અમારો એક કોળિયો લ્યો થોડો. આહાહા..! ભિક્ષા આપતા હતા. દેવ દુદુંભી વગાડતા હતા. આહાહા..! મુનિને કંઈ નથી. એ તો આત્મઆનંદમાં રમતા હતા. મુનિ તો અતીન્દ્રિય આનંદમાં રમતા હતા. આહા..! બહારને કારણે આવી સંપદા હોય તેને જાણતા હતા, મારી નહિ. આહા..! સમજાણું કાંઈ?

**'શુભ ક્રિયાયેં કરતે થે, ચાર પ્રકારકે સંઘકી સેવા કરતે થે.'** સાધુ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા. ચાર. સાધ્વી નથી હોતી, સ્ત્રી સાધ્વી નથી હોતી. શ્વેતાંબરમાં સાધ્વી કહે છે એ વાત જૂઠી છે. સમજાણું કાંઈ? અર્જિકા હોય છે, આત્મજ્ઞાની. આત્માના અનુભવી. આહાહા..! ભિક્ષા માટે જાય. આહાહા..! સીતાજી નહિ? સીતાજી લ્યો ને. સીતાજી જ્યારે અર્જિકા થયા, એક કપડું. આહાહા..! રામની રાણી. પરીક્ષા કરી. રાવણ પાસે તમે રહ્યા તો પરીક્ષા આપો. લોકો શંકા કરે છે. મારે રાજમાં રહેવું છે, અગ્નિમાં પરીક્ષા આપો. અગ્નિમાં પરીક્ષા આપી. કુદરતે પુણ્યનો યોગ (હતો તો) સિંહાસન થઈ ગયું. આહાહા..! ચાલો અમારે ઘરે. રામ! બસ છે હવે. મારી સંસારની વૃત્તિ ઉઠી ગઈ છે. અમે તો અર્જિકા—આનંદમાં રમનારી દશા—પંચમગુણસ્થાન પ્રગટ કરીશું. આહાહા..! સમજાણું કાંઈ? સર્વાર્થસિદ્ધિનો દેવ એકાવતારી સમકિતી એનાથી પંચમગુણસ્થાનની દશા બહુ ઉગ્ર હોય છે. સાચા શ્રાવક જ એને કહે છે ને. આ વાડાના શ્રાવક તો બધા નામધારી છે. જેને અંદર અતીન્દ્રિય આનંદના અંકુર ફૂટ્યા છે. આહાહા..! એ શાંતિ આગળ સીતાએ ના પાડી. રામ કહે, સીતા! મારા મહેલમાં પધારો, તમને પટરાણી બનાવું. અરે! રામ! હું સીતા બ્રહ્મચારિણી, એક પતિ

સિવાય બીજો સ્વપ્નમાં નહિ, તમે પુરુષોત્તમ પુરુષ મારી પરીક્ષી લીધી. અરે! સંસાર! આહાહા..! એ મણિરતન જેવા શરીર. આનંદસ્વરૂપ ભગવાનઆત્મા. સમ્યગ્દર્શન તો હતું, આત્માના આનંદનો અનુભવ સમ્યક્ત્વ તો હતું, વિશેષ આનંદમાં લીન થવા માટે અર્જિકા બન્યા. આહાહા..! એ સાધારણ પ્રાણીને દેખીને, આહાહા..! એવા સીતાજી અર્જિકા થયા તો લોકોને ધર્મ રુચિ થઈ જાય. આહાહા..! એ અત્યારે નથી. અને અત્યારે ધર્મ રુચિ કરે એને ધન્ય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! છે?

'**ઈસલિયે પહલે સમયમેં તો જ્ઞાનોત્પત્તિકે અનેક કારણ થે,...** ' હેં! આત્મજ્ઞાન ઉત્પત્તિના નિમિત્તકારણ અનેક હતા. આહાહા..! વિજળીના ઝબકારા જેવા દેવના શરીર હોય અને સેંકડો દેવ ઉપરથી ઊતરતા હોય. આહાહા..! એ જોવાવાળાને અંદરમાં ધર્મ રુચિ થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ? '**જ્ઞાન ઉત્પન્ન હોનેકા અચંભા નહીં થા.**' આહાહા..! '**લેકિન ઈસ પંચમકાલમેં ઈતની સામગ્રી નહીં હૈ.**' આહાહા..! દેવોનું આગમન નથી, અવધિ, મનઃપર્યય, કેવળજ્ઞાન નથી, મુનિવરોની ઋદ્ધિ, સામગ્રી સાચા મુનિની સામગ્રી નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આકરી વાત બાપુ! આહાહા..!

મુમુક્ષુ :— પહેલા આવા બધા નિમિત્ત મળતા હતા.

ઉત્તર :— હતા એટલું. કરતા હતા એને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! ઘણા બીજા પ્રાણી નહોતા? એ તો હતા. પણ જેને દેખીને, ઓહોહો...! જેને ચક્રવર્તી ઋદ્ધિ, બળદેવની રાણી એ જ્યારે દીક્ષિત થાય અંદરમાં, આહાહા..! એક કપડું, આખું એક જ કપડું, હોં! ઓઢવાનું અને પહેરવાનું બધું એક જ. આહાહા..! એ ભિક્ષા માટે નીકળતા હોય, આહાહા..! એ કપડું પગે પહેરવાનું કાંઈ નહિ, માથે ઓઢવાનું કંઈ નહિ. આનંદ આનંદમાં ઉદાસ.. ઉદાસ.. ઉદાસ. આખી દુનિયાથી ઉદાસ, અંતરમાં રમવાનો પ્રયોગ. આહાહા..! હેં! આહાહા..! તો કહે છે કે એ સમયે પણ આત્મજ્ઞાનની ઉત્પત્તિના નિમિત્ત હતા, કારણો હતા, ઉત્પન્ન કરે એને. આહાહા..!

'**પંચમકાલમેં ઈતની સામગ્રી નહીં હૈ. ઐસા કહા ભી હૈ, કિ ઈસ પંચમકાલમેં દેવોંકા આગમન તો બંદ હો ગયા હૈ, ઔર કોઈ અતિશય નહીં દેખા જાતા.**' આહાહા..! '**યહ કાલ ધર્મકે અતિશયસે રહિત હૈ, ઔર કેવલજ્ઞાનકી ઉત્પત્તિ સે રહિત હૈ, તથા હલધર, ચક્રવર્તી આદિ શલાકાપુરુષોંસે રહિત હૈ...** ' આહાહા..! જેને અત્યારના આ રાજાઓ મોટા કહેવાય એ તો ત્યાં ભિખારા જેવા દેખાય. બળભદ્ર ને વાસુદેવ ને ચક્રવર્તી આગળ. એવી ઋદ્ધિ.. ઋદ્ધિ.. ઋદ્ધિ.. એનાથી રહિત છે. '**ઐસે દુષમકાલમેં જો ભવ્યજીવ ધર્મકો ધારણ કરતે હૈં,...**' આહાહા..! આવા દુષમકાળમાં ભવ્યજીવ આત્મધ્યાન, સમકિત પ્રગટ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે? '**ઐસે દુષમકાલમેં ભવ્ય..**' ઔર લાયકજીવ ધર્મને— સમકિતને ધારણ કરે છે. હું પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્મસ્વરૂપ છું એવો અનુભવ કરે છે એ સમકિતી. આહા..! એ ધર્મ ધારણ કરે છે. આહાહા..! '**યતી શ્રાવકકે વ્રત આચરતે**

हैं,...' જોયું! ધર્મધારણ સમ્યગ્દર્શન સહિત. સમ્યગ્દર્શન વિનાના વ્રત ને તપ એ બધા ફોગટ બાળવ્રત અને બાળતપ છે. આહાહા..! સમજાણું કાંઈ? યતિ અને શ્રાવકના વ્રત આચરે છે, '**यह अचंभा है.**' કહે છે. આત્માના આનંદના અનુભવ સહિત જેણે વ્રત ધારણ કર્યા એ પંચમકાળનો અચંભો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**वे पुरुष धन्य हैं...**' આહાહા...! '**सदा प्रशंसा योग्य हैं.**' આહાહા..! અંતર ભગવાન આત્મા શુદ્ધોપયોગમાં આવ્યો, આહાહા..! પુણ્ય-પાપના ભાવમાં તો આત્મા આવતો નથી. સમજાણું કાંઈ? શુદ્ધોપયોગ. પુણ્ય-પાપના ભાવ અશુદ્ધ છે. તેનાથી રહિત ભગવાન તરફનો શુદ્ધોપયોગમાં આત્મા જણાય છે. એ ચમત્કાર પંચમકાળમાં અદ્ભુત છે, કહે છે. બહારની સામગ્રી નહિ, સાધન નહિ, એવા કોઈ ચક્રવર્તી, બળભદ્ર, ઇન્દ્રો આવતા નથી. આહાહા..! એવા કાળમાં જે આત્માનો ધર્મ કરે છે અને ધર્મ સહિત, આત્મજ્ઞાન સહિત વ્રત લે છે, એ ધન્ય છે! આહાહા..! સમજાણું કાંઈ? એ '**सदा प्रशंसा योग्य हैं.**' લ્યો. ૧૩૯ થઈ, ૧૪૦ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૧૪૦

अथ मनोजये कृते सतीन्द्रियजयः कृतो भवतीति प्रकटयति-

२७१) पंचहँ णायकु वसिकरहु जेण होंति वसि अण्ण।
मूल विणट्ठइ तरु-वरहँ अवसइँ सुक्कहिं पण्ण।।१४०।।
पञ्चानां नायकं वशीकुरुत येन भवन्ति वशे अन्यानि।
मूले विनष्टे तरुवरस्य अवश्यं शुष्यन्ति पर्णानि।।१४०।।

पंचहं इत्यादि। पदखण्डनारुपेण व्याख्यानं क्रियते। पंचहं पञ्चज्ञानप्रतिपक्षभूतानां पञ्चेन्द्रियाणां णायकु रागादिविकल्परहितपरमात्मभावनाप्रतिकूलं दृष्टश्रुतानुभूतभोगाकांक्षारुपप्रभृतिसमस्तापध्यानजनितविकल्पजालरुपं मनोनायकं हे भव्याः वसिकरहु विशिष्टभेदभावनाङ्कशबलेन स्वाधीनं कुरुते। येन स्वाधीनेन किं भवति। जेण होंति वसि अण्ण येन वशीकृतेनान्यानीन्द्रियाणि वशीभवन्ति। दृष्टान्तमाह। मूलविणट्ठइ तरुवरहं मूले विनष्टे तरुवरस्य अवसइं सुक्कहिं पण्ण अवश्यं नियमेन शुष्यन्ति पर्णानि इति। अयमत्र भावार्थः। निजशुद्धात्मतत्त्वभावनार्थं येन केनचित्प्रकारेण मनोजयः कर्तव्यः तस्मिन् कृते जितेन्द्रियो भवति। तथा चोक्तम्-''येनोपायेन शक्यते सन्नियन्तुं चलं मनः। स एवोपासनीयोऽत्र न चैव विरमेत्ततः।।''।।१४०।।

---

आगे मनके जीतनेसे इंन्द्रियोंका जय होता है, जिसने मनको जीता, उसने सब इन्द्रियोंको जीत लिया, ऐसा व्याख्यान करते हैं-

गाथा-१४०

अन्वयार्थ :- [पंचानां नायकं] पाँच इन्द्रियोंके स्वामी मनको [वशीकुरुत] तुम वशमें करो [येन] जिस मनके वश होनेसे [अन्यानि वशे भवंति] अन्य पाँच इन्द्रियें वशमें हो जाती हैं। [तरुवरस्य] जैसे कि वृक्षकी [मूले विनष्टे] जड़के नाश हो जानेसे [पर्णानि] पत्ते [अवश्यं शुष्यंति] निश्चयसे सूख जाते हैं।

भावार्थ :- पाँचवाँ ज्ञान जो केवलज्ञान उससे पराङ्मुख स्पर्श, रसना, घ्राण, चक्षु, क्षोत्र, इन पाँच इन्द्रियोंका स्वामी मन है, जो रागादि विकल्प रहित परमात्माकी भावनासे विमुख और देखे, सुने, भोगे हुए भोंगोंकी वाँछारुप आर्त, रौद्र, खोटे ध्यानोंको आदि लेकर अनेक विकल्पजालमयी मन है। यह चंचलमनरुपी हस्ती उसको भेदविज्ञानकी भावनारुप अंकुशके बलसे वशमें करो, अपने आधीन करो। जिसके वश करनेसे सब इन्द्रियां वशमें हो सकती हैं, जैसे जड़के टूट जानेसे वृक्षके पत्ते आप ही सुख जाते हैं। इसलिये निज शुद्धात्मकी भावनाके लिये जिस तिस तरह मनको जीतना चाहिये। ऐसा ही अन्य जगह भी कहा है, कि उस उपायसे उदास नहीं होना। जगत् से उदास और मन जीतनेका उपाय करना।।१४०।।

---

હવે, મનોજ્ય (મનનો જય) કરતાં ઇન્દ્રિયજય થાય છે, એમ પ્રગટ કરે છેઃ-

ભાવાર્થ :-હે ભવ્યો! તમે રાગાદિ વિકલ્પ રહિત પરમાત્માની ભાવનાથી પ્રતિકૂળ એવા, દેખેલા, સાંભળેલા અને ભોગોની આકાંક્ષાથી માંડીને સમસ્ત અનુભવેલા અપધ્યાન જનિત વિકલ્પજાળરૂપ અને પાંચ જ્ઞાનના પ્રતિપક્ષભૂત પાંચ ઇન્દ્રિયોના મનરૂપી નાયકને વિશિષ્ટભેદભાવનારૂપ અંકુશના બળથી સ્વાધીન કરો. જેને સ્વાધીન કરવાથી શું થાય છે? જેને (મનને) વશ કરવાથી અન્ય ઇન્દ્રિયો વશ થાય છે. દૃષ્ટાંત કહે છે. ઝાડનું મૂળ નષ્ટ થતાં, પાંદડાઓ નક્કી સુકાઇ જાય છે.

અહીં, ભાવાર્થ એમ છે કે નિજશુદ્ધાત્મતત્ત્વની ભાવના અર્થે યેનકેન પ્રકારેણ (કોઇ પણ પ્રકારે, ગમે તે ઉપાયે) મનોજય કરવો જોઇએ (મનને જીતવું જોઇએ) તે કરતાં (મનને જીતવાથી તે) જિતેન્દ્રિય થવાય છે. વળી, કહ્યું છે કે ''येनोपायेन शक्यते सन्नियन्तुं चलं मनः। स एवोपासनीयोऽत्र न चैव विरमेत्ततः।।'' (અર્થઃ-જે ઉપાયથી ચંચળ મન સંયમિત કરી શકાય તે ઉપાય અત્રે ઉપાસ્યા જ કરવો પણ એમ કરતાં અટકવું નહિ (તે ઉપાય મૂકી દેવો નહિ) ૧૪૦.

## વીર સંવત ૨૫૦૨, મહા સુદ ૮, ગુરુવાર
## તા. ૨૭-૧-૧૯૭૭, ગાથા-૧૪૦, ૧૪૧, પ્રવચન નં. ૧૯૮

પરમાત્મપ્રકાશ, ૧૪૦ ગાથા. 'આગે **મનકે જિતનેસે ઇન્દ્રિયોંકા જય હોતા હૈ, જિસને મનકો જીતા, ઉસને સબ ઇન્દ્રિયોંકો જીત લિયા, ઐસા વ્યાખ્યાન કરતે હૈં**—
'

૨૭૧) पंचहँ णायकु वसिकरहु जेण होंति वसि अण्ण।
मूल विणट्ठइ तरु-वरहँ अवसइँ सुक्कहिं पण्ण।।१४०।।

**અન્વયાર્થ :— 'પાંચ ઇન્દ્રિયોંકે સ્વામી મનકો તુમ વશમેં કરો...'** શું કહે છે? કે આ આત્મા પરમાત્મસ્વરૂપ છે એના તરફ વળવા માટે પાંચઇન્દ્રિયના વિષયના વલણને છોડ. પાંચઇન્દ્રિયના વિષયમાં મુખ્ય મન (છે). મનનું વલણ પર તરફ જાય છે. આહા..! એને છોડ અને અંતર ભગવાન જ્ઞાયકસ્વરૂપ પરમાત્મા એમાં પરિણતિને જોડ. અહીં છોડ અને અહીં જોડ. આહાહા..! કેમકે પંદરમી ગાથામાં આવ્યું ને? **'जो पस्सदि अप्पाणं'** આત્માને જે અબદ્ધસ્પૃષ્ટ સામાન્ય દેખે છે એ વાત શાસ્ત્રની વાણીમાં પણ એ આવ્યું છે. શાસ્ત્રની વાણી આગમમાં એ આવ્યું છે. દ્રવ્ય-ભાવ કીધું છે ને? આહાહા..! આગમમાં પરમાગમમાં દિવ્યધ્વનિમાં એ આવ્યું છે. કેમકે જે કોઈ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, પરના વલણના વિકલ્પથી બંધ કરી, આહાહા..! પોતાનો ભગવાનઆત્મા અબદ્ધસ્પૃષ્ટ છે એને જે અંતરમાં વિકલ્પથી રહિત થઈને દેખે છે, જૈનશાસ્ત્રમાં એ કહેવું છે. અને ભાવશાસનમાં પણ એ કહ્યું છે. એ ભાવશાસન છે, આહાહા..! જૈનશાસન છે. સમજાણું કાંઈ?

ભગવાન! પરમાત્મપ્રકાશ છે ને? એટલે પરમાત્માનું સ્વરૂપ જે છે પોતાનું એને જાણવું અબદ્ધસ્પૃષ્ટ. એ મનના વિકલ્પો જે પાંચઇન્દ્રિયોનું નાયક છે મન. આહાહા..! એને છોડી અને શાસ્ત્રમાં એ કહ્યું અને આત્મા અબદ્ધસ્પૃષ્ટ જે જાણે એ ભાવશાસન—જૈનશાસનને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે.

**'પાંચ ઇન્દ્રિયોંકે સ્વામી મનકો તુમ વશમેં કરો...'** પોતાના આત્મપદાર્થ સિવાય મન જે પરપદાર્થમાં રખડે છે, સંકલ્પ વિકલ્પથી, આહાહા..! એને તું વશ કર. એનો અર્થ એ કે તું આત્માના જ્ઞાયક અબદ્ધસ્વરૂપ તરફ જા. તને આત્માની પ્રાપ્તિ થશે. અને એ જૈનશાસનનું મૂળ છે. આહાહા..! હવે આવી વાત ટૂંકી બહુ. સમજાય છે કાંઈ? એમાં આવ્યું છે ને? ઈ કહે છે અહીં. દ્રવ્યે અને ભાવે જૈનશાસન એ જોવે છે. આહાહા..! દ્રવ્યમાં જિનાગમમાં એમ કહ્યું છે અને ભાવમાં એ અબદ્ધસ્પૃષ્ટને અનુભવે એ જૈનશાસન છે. સમજાણું કાંઈ? આમાં વાદવિવાદને કંઈ સ્થાન છે નહિ. એને એમ કહે કે આ વ્યવહારથી થાય ને મોક્ષમાર્ગ બે પ્રકારે છે. એ વાત ત્યાં રહેતી નથી અહીં. આહાહા..!

અહીંયા તો મનનો સંકલ્પ વિકલ્પ જે પર તરફ ઝુકે છે, એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ પરદ્રવ્ય તરફના વલણવાળો એ વિકલ્પ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ મનને વશ કર. એટલે કે પર તરફના સંકલ્પ વિકલ્પને બંધ કરી દે. આહાહા..! આવો માર્ગ. કેમકે '**જિસ મનકે વશ હોનસે અન્ય પાંચ ઈન્દ્રિયેં વશમેં હો જાતી હૈં.**' જ્યાં પર તરફના વિકલ્પને વશ કર્યો તો પાંચ ઈન્દ્રિય તો વશ થઈ ગઈ. આહાહા..! એ તરફનું લક્ષ છૂટી ગયું. આવી વાતું હવે. અરે! ભાઈ! આવું મનુષ્યપણું મળ્યું, જૈનદર્શનનો સંપ્રદાય મળ્યો, જૈનદર્શનની વાત કાને પડી તો એ કાને પડીમાં દ્રવ્યશાસન જે જૈનવાણી છે એ એમ કહે છે. આહા..! સમજાય છે કાંઈ? બારે અંગનો સાર વીતરાગતા છે ને. એમ આવ્યું ને પંચાસ્તિકાયમાં? એનો અર્થ શું થયો? આહાહા..! પર તરફના શુભ અને અશુભ જે વિકલ્પ મનના છે તેને વશ કર એટલે કે તેને તાબે ન થા. આહાહા..! અને એને વશ કરતાં પાંચઈન્દ્રિયો તાબે થઈ જાય. એથી એને પરમાત્મા જે અનીન્દ્રિયસ્વરૂપ ભગવાનઆત્મા એના તરફ એનું જોડાણ થતાં તેની પ્રાપ્તિ થાય. દેવીલાલજી! આવો માર્ગ છે, ભાઈ! વાદવિવાદે કરીને મારીને એવો રખડી (મર્યો છે). આહાહા..! નિમિત્તથી થાય. બાપુ! નિમિત્તથી થાય એ તો અસદ્ભુત વ્યવહારના કથન છે. આહાહા..! શાસ્ત્રનો સાર તો આ છે. લાખ શાસ્ત્ર ભણ્યો હોય અને વાંચ્યા હોય.

પર તરફના મનના વિકલ્પને છોડી દે અને સ્વ તરફમાં પરિણતિને વાળ. આ સિદ્ધાંતને આગમે કહેવો છે. સમજાણું કાંઈ? આહાહા..! એટલે કે પરદ્રવ્ય તો કર્મ પણ પરદ્રવ્ય છે, રાગ પણ પરદ્રવ્ય છે, દેવ-ગુરુ-શાસ્ત્ર એ પરદ્રવ્ય છે. આહાહા..! એ પરદ્રવ્ય તરફના વિકલ્પને, મનને છોડ, વશ કર કહે છે. આહાહા..! ગજબ વાત છે ને! હેં! સંકલ્પ વિકલ્પ છોડ. એટલે કે જે પર તરફના, સ્વદ્રવ્ય સિવાય મનના વિકલ્પો પરદ્રવ્ય તરફ હતા એ તો અનાદિથી હતા, કહે છે. સમજાણું કાંઈ? હવે તારે કંઈ કરવું છે? આહા..! એ વિકલ્પને એટલે મનના ભાવને પર તરફ ઝુકતા ભાવને વશ કર એટલે ત્યાંથી ખસી જા. આહાહા..! સમજાણું?

'**મનકે વશ હોનેસે અન્ય પાંચ ઈન્દ્રિયાં વશમેં હો જાતી હૈં. જૈસે કિ વૃક્ષકી જડ નાશ હો જાનેસે...**' વૃક્ષનું જડ—મૂળ. મૂળ નાસ્તા, કૂતો શાખા. જ્યાં મૂળ નાશ થયું ત્યાં પછી પાંદડાની વાત શું કરવી? આહા..! '**પત્તે નિશ્ચયસે સૂખ જાતે હૈં.**' આહા..! એ પીપળનું કે આંબલીનું ઝાડ જેણે મૂળમાંથી તોડ્યું એના પાંદડા તો હવે સૂકાતા અલ્પકાળમાં સૂકાઈ જશે. એમ જેણે ભગવાનઆત્માને પર તરફના મનના વિકલ્પને... વાત એવી કરે છે કે વ્યવહારરત્નત્રય એ પણ પર તરફનો વિકલ્પ છે. આ લોકોને એવું લાગે ને, એ સાધન છે. બાપુ! એ તો આરોપિત કહ્યું, ભાઈ! આહાહા..! વ્યવહારરત્નત્રય એ પણ વિકલ્પ છે, એ તો શુભરાગ છે. આહાહા..! એ મનનો વિષય છે એ તો દેવ-ગુરુ ને શાસ્ત્ર. આહાહા..! એના તરફના મનને તું વશ કર. ભગવાન પરમાત્મા પોતે બિરાજે છે અંદર. આહાહા..! ત્યાંથી વશ કરીને અહીં જા. આહાહા..! આવી ટૂંકી વાત છે. હેં! આહા..! પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ટચ, એટલું બસ. આહાહા..! એની બધી ટીકાઓ

પછી. આહાહા..!

પરમાત્મપ્રકાશ છે ને, એટલે મન આમ જાય છે એને વાળ તો પરમાત્મપ્રકાશમાં જશે પરિણતિ. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. કહો, કાંતિભાઈ! આ રૂપિયા મળવા, આ મળવા એમાં હોંશુંના પાર ન મળે. આહાહા..! કહે છે કે અહીં તો પરદ્રવ્ય તરફના વિકલ્પને પણ છોડ. મનને વશ કરવાનો અર્થ એ. આહાહા..! હેં!

મુમુક્ષુ :— ક્યા ગુણની પર્યાય છે?

ઉત્તર :— કઈ?

મુમુક્ષુ :— મનને વશ કરવું ઈ.

ઉત્તર :— ઈ વિકલ્પ છે, ચારિત્રમોહના ઉદયના વિકલ્પ છે એ બધા. ચારિત્રમોહ અને દર્શનમોહની ઉલટી દશા એ બધા વિકલ્પો છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યનો સંબંધ એ દર્શનમોહ છે અને સંબંધના આશ્રયે વિકલ્પ થાય એ ચારિત્રમોહ છે. ઝીણું બહુ બાપુ! લોકો તેથી બિચારા વિરોધ વિરોધ વિરોધ કરે છે. ભાઈ! તને ખબર નથી, બાપુ! અને ઘણા ભણ્યા હોય એને એમ કહેવું કે તમને ખબર નથી, દુઃખ લાગે એને. શું થાય? આહાહા..! માર્ગ પ્રભુ આ છે અને આગમને એ કહેવું છે. લાખ વાત કરી હોય નહિ. આહાહા..!

અહીં ઈ કહે છે, પર તરફના વલણવાળા મનને વશ કર. આહા..! એનાથી તને આત્મા તરફનું સ્વવશપણું પ્રગટ થશે. ઓહોહો..! કહો, આવો માર્ગ છે. ભગવાનજીભાઈ! બાપુ! ક્યાંય (નથી). શું થાય? વીતરાગ જૈનશાસનને વીતરાગતા કહેવી છે. આહાહા..! એ વીતરાગતા કેમ પ્રગટે? કે પરદ્રવ્યના લક્ષવાળા વિકલ્પો જે રાગ છે, આહાહા..! એને છોડીને એટલે વશ કરીને. આહાહા..! આત્મા અબંધસ્વરૂપી પરમાત્મા છે એને પકડ. શ્રદ્ધા અને જ્ઞાન દ્વારા એને પકડ તો તને વીતરાગતા થશે. એ સિદ્ધાંતનો સાર છે. આગમને એ કહેવું છે, ચારે અનુયોગને એ કહેવું છે. ઓલા એમ કહે છે, તમે સમયસાર વાંચો છે. સમયસાર મુખ્ય ચીજ છે પ્રભુ! સમયસાર એટલે ભગવાનઆત્મા. આહાહા..!

અનંત સ્વભાવના સામર્થ્યથી ભરેલો તાજો ભાવ પડ્યો, આહાહા..! એને જો અને આને સૂકવી નાખ એમ કહે છે. સમજાણું કાંઈ? જેણે જડને કાપ્યું એના પાંદડા થોડા વખતમાં સૂકાઈ જશે. આહાહા...! એમ જેણે પર તરફના મનના વિકલ્પને વશ કર્યું, એને દૃષ્ટિમાં જોડાણ ભગવાન ઉપર થઈ ગયું. એને અસ્થિરતા થોડી રહી હોય એ નાશ થઈ જશે. આહાહા..! સમજાણું કાંઈ? **'નિશ્ચયસે સૂખ જાતે હૈં.'**

**ભાવાર્થ :—** **'પાંચવાં જ્ઞાન જો કેવલજ્ઞાન...'** આહાહા..! કેવળજ્ઞાન એ ઉપાયનું ઉપેય ફળ છે. હવે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કેમ થાય? **'કેવલજ્ઞાન ઉસસે પરાઙમુખ સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, ઈન પાંચ ઈન્દ્રિયોંકા...'** આહાહા..! એ **'પાંચ ઈન્દ્રિયોંકા સ્વામી મન હૈ,...'** આહાહા..! શું કહે છે? આ તો અધ્યાત્મભાષા છે ને ભાઈ, ઝીણી બહુ બાપુ. કેવળજ્ઞાનની પર્યાયથી

વિપરીત પાંચ ઈન્દ્રિયો. છે ને? '**ઈન પાંચ ઈન્દ્રિયોંકા સ્વામી મન હૈ, જો રાગાદિ વિકલ્પ રહિત પરમાત્માકી ભાવનાસે વિમુખ...**' આહાહા..! એ મન કેવું છે? રાગાદિ વિકલ્પ રહિત પરમાત્માકી ભાવનાસે વિમુખ છે એ વિકલ્પ મનનો. આહાહા..! ભગવાનઆત્માની ભાવના તો વીતરાગી છે અને આ મન આદિ રાગ એનો વિપરીત છે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

ક્યારે દેહ છૂટશે? બાપુ! આહા..! એ દેહના ભરોસા ક્ષણના નથી. તને એમ લાગતું હોય કે અત્યારે મને કાંઈ નખમાંય રોગ નથી. આહાહા..! શરીરમાં તો રોગ નથી પણ નખમાં પણ નથી, એમ. આહાહા..! બાપુ! આવશે ત્યારે વાર નહિ લાગે. ભીડ પડી જશે તને, પ્રભુ! આહાહા..! પર તરફના વિકલ્પમાં જોડાણથી એ દેહ છૂટવાથી તને ભીંસ પડી જશે. અને એના વિકલ્પને છોડીને ભગવાન તરફ જા તો ભીડ ભાંગી જશે તારી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ દેહ છૂટવા ટાણે તને આનંદ થશે. સમજાણું કાંઈ? આહાહા..!

શ્રીમદ્દે કહ્યું ને છેલ્લે ભાઈને—મનસુખને. મનસુખ! બાને ચિંતા કરવા દઈશ નહિ. ૩૩ વર્ષ ચાર મહિનાની ઉંમર. આહાહા..! હું મારા સ્વરૂપમાં ધ્યાનમાં લીન થાઉં છું. આહાહા..! ઈ વાત શબ્દો નથી, બાપુ! આહા..! સમજાણું કાંઈ? ભાઈ! મનસુખ! મારી ઉંમર નાની છે એમ દેખીને બાને દુઃખ થશે, ચિંતા થાય, ચિંતા થવા દઈશ નહિ ભાઈ! હું નિશ્ચિંત ચીજમાં રમવા માંગુ છું હવે. આહાહા..! હું સ્વરૂપમાં લીન થવા માગું છું. આહાહા..! બાહ્યથી અસ્થિરતાના વિકલ્પો હતા એ છોડીને.. આહા..! જ્યાં મંડપ ભર્યો છે ભગવાનનો, આહા..! એ મંડપમાં પ્રવેશ કરું છું હવે તો. આહાહા..! સમજાણું કાંઈ? એ વાણી નથી, અંદર ભાવ છે ભાવ. લોકો ન જોઈ શકે. સમજાણું કાંઈ? આહાહા..!

જ્યાં વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા એવું જે મારું સ્વરૂપ તેના હું ધ્યાનમાં જાઉં છું. આહા..! સમજાણું કાંઈ? દેહ તો છૂટશે. હેં! આહાહા..! એ ક્ષણ તો દરેકને આવશે. હેં! અકસ્માત્ આવશે. નહિ જાણવાની અપેક્ષાએ. આહાહા..! ભગવાન જેને મળ્યા અંદરથી કહે છે, આમ વાળીને આમ વાળ્યું, આમ વળ્યાને વશ કરીને આમ વાળ્યું. આહાહા..! એણે જૈનશાસન દેખ્યું. હેં! લ્યો. '**जो पस्सदि अप्पाणं**' છે ને ત્યાં. અબદ્ધસ્પૃષ્ટ. આહાહા..! શાસ્ત્રને ઈ આત્મા છે ત્યાં લઈ જવો છે એને. બાર અંગની વાતમાં આ છે. આહાહા..! અને જેણે એ અબદ્ધસ્પૃષ્ટ પરના વિકલ્પને છોડીને મનના વિકલ્પને એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો પણ વિકલ્પ એ મનનો વિકલ્પ છે. આહાહા..! પરદ્રવ્ય તરફના વલણને છોડી મનને વશ કર. આહાહા..! જેથી તારો ભગવાન તને અંદર મળે. આહાહા..! એ કર્તવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો દેશસેવા કરવી ને રોગીને આ કરવું ને ફલાણું. અરે! બાપુ! શું કરી શકે? ભાઈ! આહાહા..! અહીં તો ભગવાન કહે છે, મારા સ્મરણનો તને જે વિકલ્પ ઉઠે મનનો, આહાહા..! એને વશ કર એટલે કે છોડી દે. આહાહા..! પોપટભાઈ! આવી વાતું છે. આહાહા..! આ મોટા પંડિતો ને આમ થઈને, આ વસ્તુ એવી નથી, બાપુ! અંતરનું જ્ઞાન અને ભાન કરે તે પંડિત છે. બાકી શાસ્ત્રના ગમે ઈ પાના ફેરવ્યા હોય અને વાંચ્યા હોય.

આહાહા..!

**'પાંચવાં જ્ઞાન જો કેવલજ્ઞાન...'** આહાહા..! **'ઉસસે પરાઙ્મુખ...'** પાંચ ઇન્દ્રિયો એનો સ્વામી મન. આહાહા..! કે જે રાગાદિ વિકલ્પથી રહિત પરમાત્માની ભાવનાથી વિમુખ છે એ તો. આહાહા..! પર તરફનું વલણ તો ભગવાન પરમાત્માથી વિમુખ છે. આહાહા..! પરમાત્મા જે સ્વરૂપ આનંદઘન, વીતરાગ અકષાયસ્વરૂપ મૂર્તિ પ્રભુ, એવો જે પરમાત્મા પોતાનો, આહાહા..! એની એકાગ્રતાથી પાંચઇન્દ્રિયનું સ્વામી એવું મન, એનાથી તો વિમુખ છે. આહાહા..! **'ઔર દેખે, સુને, ભોગે હુએ ભોગોંકી વાંછારૂપ આર્ત, રૌદ્ર, ખોટે ધ્યાનોંકો આદિ લેકર અનેક વિકલ્પજાલમયી મન હૈ.'** આહાહા..! બહારની જેટલી કોઈ ચીજ સાંભળી, કોઈ જોઈ. આહાહા..! એની વિકલ્પની જાળમાં એ મન છે. આહા..! સમજાણું કાંઈ? **'દેખે, સુને, ભોગે...'** આંખે દેખ્યું, કાનથી સાંભળ્યું, મનથી ભોગવ્યું એ બધાની વાંછારૂપ આર્ત રૌદ્રધ્યાન. આહાહા..! **'ખોટે ધ્યાનોંકો આદિ લેકર અનેક વિકલ્પજાલમયી મન હૈ.'** ભાવમનની વાત છે ને આ, સંકલ્પ વિકલ્પ. જડ તો પરમાણુ છે. આહા..!

**'વહ ચંચલમનરૂપી હસ્તી...'** એ ચંચળમનરૂપી હાથી, આહાહા..! **'ઉસકો ભેદવિજ્ઞાનકી ભાવનારૂપ અંકુશકે બલસે વશમેં કરો,...'** આહા..! વશની વ્યાખ્યા કરો. મનને વશ કરો કેમકે ઇન્દ્રિયનો નાયક છે. વશ કરો એટલે શું? ઈ વ્યાખ્યા કરી. આહાહા..! ચંચળમનરૂપી હાથી **'ઉસકો ભેદવિજ્ઞાનકી ભાવનારૂપ અંકુશ...'** રાગથી ભિન્ન કરવાની જે ભાવના, આહાહા..! પછી આમાં તો શુભરાગથી ભિન્ન કરવાનું આવ્યું કે નહિ? આહાહા..! હેં! આહાહા..! ચંચળમનરૂપી હાથી એને ભેદવિજ્ઞાનની ભાવના. હું તો રાગથી ભિન્ન ભગવાનસ્વરૂપી આત્મા (છું), એવા ભેદજ્ઞાનની ભાવનારૂપી અંકુશ, એના બળથી વશ કર. એ વશ થયું કહેવાય. વશની વ્યાખ્યા કરી. આહા..! સમજાણું કાંઈ? **'બલસે વશમેં કરો, અપને આધીન કરો.'** આહાહા..!

**'જિસકે વશ કરનેસે સબ ઇન્દ્રિયાં વશમેં હો સકતી હૈં,...'** ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને એનો વિષય એને વશ કરવાથી બધું વશ થઈ જાય છે. આહા..! ન્યાંથી ખસી જાય છે એમ કહે છે. ઓહોહો...! દિગંબર આચાર્યોની શૈલી, ગાગરમાં સાગર ભરી દીધો છે. ગાગર હોય ને ગાગર, સાગર. આહાહા..! દરિયો નકશામાં ચિતર્યો હોય દરિયો, એ દરિયો નકશામાં નાખ્યો હોય. આહા..! એમ ભગવાનને ઓળખાવવા ગાગરમાં સાગર ટૂંકા શબ્દોમાં ભરી દીધો છે. ભગવાન મહાસાગર પ્રભુ એમાં જવું હોય અને પ્રાપ્ત કરવો હોય તો પર તરફના વલણને ભૂલી જા, આહાહા..! તો ભગવાન મળશે તને. સમજાણું કાંઈ? આવો ધર્મ. આ કઈ જાતનો આવો ધર્મ? ઓલા કહે, નવો કાઢ્યો. પ્રભુ! નવો નથી, હોં! પ્રભુ! તારા હિતની વાત છે, ભાઈ! આહા..! એ તને એમ લાગે કે આ આમ નહિ, એકાંત થઈ જાય છે, એકલું નિશ્ચય થઈ જાય છે. વ્યવહારથી થાય એમ માનો તો અનેકાંત થાય. અરે! પ્રભુ! એમ નથી. આ વ્યવહારના વિકલ્પને છોડ તો અંદર જવાશે, એ તો અહીં વાત ચાલે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જિસકે વશ કરનેસે સબ ઈન્દ્રિયાં વશ હો સકતી હૈં,** આહાહા..! **જૈસે જડકે ટૂટ જાનેસે...**' મૂળ મૂળ. વૃક્ષનું જડ મૂળ. '**વૃક્ષકે પત્તે આપ હી સૂખ જાતે હૈં.**' પોતે જ સૂકાઈ જાય છે. આહાહા..! '**ઈસલિયે નિજ શુદ્ધાત્માકી ભાવનાકે લિયે...**' જોયું! પર ભગવાન નહિ, નિજ શુદ્ધાત્મા. આહાહા..! નિજ શુદ્ધાત્મા પવિત્ર ભગવાનઆત્મા. આહાહા..! વિષયમાં તને વિનોદ લાગે છે, એ આત્મામાં વિનોદ કર હવે, એમ કહે છે. આહાહા..! આહાહા..! વિષયને વશ થઈ દેવો પણ ઝંપલાય છે આમ રાગમાં. એ ઝંપલાય ત્યાં નુકસાન છે આત્માને. આહાહા..! માટે એકવાર પર તરફનું વલણ છોડ. આહાહા..! સમજાણું કાંઈ? '**નિજ શુદ્ધાત્માકી ભાવના કે લિયે જિસ તિસ તરહ મનકો જીતના ચાહિયે.**' કેવી રીતે? કહે છે, '**જિસ તિસ તરહ...**' કોઈપણ પ્રકારે પરથી વલણ છોડીને અંદરમાં જવું, એક જ વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? એ બાહ્યના વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને એનાથી અંદરમાં જવાશે, એ વાત નથી ભાઈ! એ તો વિકલ્પ છે બધો. આહાહા..! સમજાણું કાંઈ? બે, પાંચ, દસ લાખ ખર્ચે તો એમ થઈ જાય કે આપણે કાંઈક ધર્મ કર્યો. બાપુ! એ તો વિકલ્પ છે. પર તરફનો વિકલ્પ છે એ તો. આકરું લાગે એને. એ તો અધર્મ છે. અધર્મના વિકલ્પને છોડ અને સ્વરૂપમાં જા તો ધર્મ થાય, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**જિસ તિસ તરહ મનકો જીતના ચાહિયે.**'

'**ઐસા હી અન્ય જગહ ભી કહા હૈ,...**' શ્લોક આપ્યો છે. '**ઉસ ઉપાયસે ઉદાસ નહીં હોના.**' આહાહા..! પર તરફથી વિકલ્પને છોડવો એ ઉપાય છે એમાં ઉદાસ ન થવું. આહાહા..! સમજાણું કાંઈ? પર તરફના ભાવ છે એને છોડવા, એમાં ઉદાસ ન થવું. ગમે તેમ થાશે, ભલે થાય. એમ નહિ એમ કહે છે. આહાહા..! '**ઉસ ઉપાયસે ઉદાસ નહીં હોના. જગતસે ઉદાસ...**' થઈને. આહાહા..! ઉપાયથી ઉદાસ ન થવું. પર તરફના વિકલ્પને છોડવા એમાં ઉદાસ ન થવું. આહાહા..! જગતથી ઉદાસ થઈને. આખું જગત, આત્મા સિવાય આખી દુનિયા રાગથી માંડીને પરપદાર્થ બધા. આહાહા..! '**મન જીતનેકા ઉપાય કરના.**' જગતથી ઉદાસ થઈને. આહાહા..! '**મન જીતનેકા ઉપાય કરના.**' લ્યો, આ ઉપાય. આહાહા..! વિકલ્પને જીતવો એટલે છોડવો એ ઉપાય છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કઠણ લાગે અણઅભ્યાસે, પણ વસ્તુ તો પોતે છે, પડી છે. આહાહા..! સાક્ષાત્ સર્વ પ્રકારે સકળ વ્યક્ત. આહાહા..! મોજૂદ પરમાત્મા હયાતી મોજૂદ ધરાવે છે, હયાતી ધરાવે છે. આહાહા..! એમાં વળવાને ઉદાસ ન થવું. આહા..! પ્રયત્નવાન થવું એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો, ૧૪૦ (થઈ).

---

## ગાથા-૧૪૧

अथ हे जीव विषयासक्तः सन् कियन्तं कालं गमिष्यसीति संबोधयति–

२७२) विसयासत्तउ जीव तुहुँ कित्तिउ कालु गमीसि।
सिव-संगमु करि णिच्चलउ अवसइँ मुक्खु लहीसि।।१४१।।

विषयासक्तः जीव त्वं कियन्तं कालं गमिष्यसि।
शिवसंगमं कुरु निश्चलं अवश्यं मोक्षं लभसे।।१४१।।

विसय इत्यादि। विसयासत्तउ शुद्धात्मभावनोत्पन्नवीतरागपरमानन्दस्यन्दिपारमार्थिक-सुखानुभवरहितत्वेन विषयासक्तो भूत्वा जीव हे अज्ञानिजीव तुहुं त्वं कित्तिउ कालु गमीसि कियन्तं कालं गमिष्यसि बहिर्मुखभावेन नयसि। तर्हि किं करोमीत्यस्य प्रत्युत्तरमाह। सिव-संगमु करि शिवशब्दवाच्यो योडसौ केवलज्ञानदर्शनस्वभावस्वकीयशुद्धात्मा तत्र संगमं संसर्गं कुरु। कथंभूतम्। णिच्चलउ घोरोपसर्गपरीषहप्रस्तावेडपि मेरुवन्निश्चलं तेन निश्चलात्मध्यानेन अवसइं मुक्खु लहीसि नियमेनानन्तज्ञानादिगुणास्पदं मोक्षं लभसे त्वमिति तात्पर्यम्।।१४१।।

---

आगे जीवको उपदेश देते हैं, कि हे जीव, तू विषयोंमें लीन होकर अनंतकालतक भटका, और अब भी विषयासक्त है, सौ विषयासक्त हुआ कितने कालतक भटकेगा, अब तो मोक्षका साधन कर, ऐसा संबोधन करते हैं-

गाथा-१४१

अन्वयार्थ :- [जीव] हे अज्ञानी जीव, [त्वं] तू [विषयासक्तः] विषयोंमें आसक्त होके [कियंतं कालं] कितना काल [गमिष्यसि] बितायेगा [शिवसंगमं] अब तो शुद्धात्माका अनुभव [निश्चलं] निश्चलरुप [कुरु] कर, जिससे कि [अवश्यं] अवश्य [मोक्षं] मोक्षको [लभसे] पावेगा।

भावार्थ :- हे अज्ञानी, तू शुद्धात्माकी भावनासे उत्पन्न वीतराग परम आनंदरुप अविनाशी सुखके अनुभवसे रहित हुआ विषयोंमें लीन होकर कितने कालतक भटकेगा। पहले तो अनंतकालतक भ्रमा, अब भी भ्रमणसे नहीं थका, सो बहिर्मुख परिणाम करके कब तक भटकेगा? अब तो केवलज्ञान दर्शनरुप अपने शुद्धात्माका अनुभव कर, निज भावोंका संबंध कर। घोर उपसर्ग और बाईस परीषहोंकी उत्पत्तिमें भी सुमेरुके समान निश्चल जो आत्म-ध्यान उसको धारण कर, उसके प्रभावसे निःसंशय मोक्ष पावेगा। जो मोक्ष-पदार्थ अनंतज्ञान, अनंतदर्शन, अनंतसुख, अनंतवीर्यादि अनंतगुणोंका ठिकाना है, सो विषयके त्यागसे अवश्य मोक्ष पावेगा।।१४१।।

---

હવે, હે જીવ! તું વિષયાસક્ત થઈને કેટલો કાળ ગાળીશ? એમ સંબોધે છેઃ-

ભાવાર્થ :- હે અજ્ઞાની જીવ! તું શુદ્ધાત્મભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદ ઝરતા પારમાર્થિક સુખના અનુભવથી રહિતપણે વિષયાસક્ત થઈને કેટલો કાળ ગાળીશ?-

બહિર્મુખભાવે કેટલો કાળ વિતાવીશ?

**'તો હવે શું કરું?' એવા પ્રશ્નનો પ્રત્યુત્તર કહે છે. 'શિવ' શબ્દથી વાચ્ય એવો, કેવળજ્ઞાનદર્શનસ્વભાવી જે આ નિજ શુદ્ધાત્મા છે તેનો, ઘોર ઉપસર્ગ અને ઘોર પરિષહનો પ્રસંગ આવી પડવા છતાં પણ, મેરુવત્ નિશ્ચળપણે સંસર્ગ કર (નિશ્ચળ ધ્યાન કર), તેવા નિશ્ચળઆત્મધ્યાનથી તું અનંતજ્ઞાનાદિ ગુણોનું સ્થાન એવા મોક્ષને અવશ્ય પામીશ, એવું તાત્પર્ય છે. ૧૪૧.**

## ગાથા-૧૪૧ ઉપર પ્રવચન

૧૪૧. **'આગે જીવકો ઉપદેશ દેતે હૈં, કિ હે જીવ, તૂ વિષયોંમેં લીન હોકર અનંતકાલ તક ભટકા,...'** આહાહા..! બાપુ! પર તરફના વલણના વિષયમાં રોકાતા અનંતકાળ ભટક્યો. આહાહા..! ચોર્યાશી લાખ યોનીમાં ક્યાંય કોઈ સાધન નહિ, ઓળખીતા નહિ, ઇન્દ્રિયો પણ પાંચ નહિ એવી એકેન્દ્રિયમાં અવતર્યો. આહાહા..! સમજાણું કાંઈ? એ વિષય શબ્દે બાહ્ય પદાર્થના વલણમાં રોકાઈને અનંતકાળ ભટક્યો. આહાહા..! **'ઔર અબ ભી વિષયાસક્ત હૈ, સો વિષયાસક્ત હુઆ કિતને કાલતક ભટકેગા,...'** પ્રભુ! તારે શું કરવું છે હવે? આહાહા..! પર તરફના વલણનો જે વિષય, આહાહા..! વિષય શબ્દે શરીરનો ભોગ એક જ નહિ, પાંચ ઇન્દ્રિય તરફના કર્ણ શ્રવણ, જોવું એ તરફનું વલણ, આહાહા..! એવા વિષયને લઈ ચોર્યાશી લાખમાં ભટક્યો. આહાહા..! આવું અહીંનું સ્પષ્ટીકરણ થાય એટલે લોકોને આકરું લાગે. ખરેખર તો એ દેવ-ગુરુ ને શાસ્ત્ર એ મનનો વિષય છે. આહાહા..! એનાથી તું ભટક્યો. સમજાય છે કાંઈ?

ધ્યાનમાં સ્વવિષય ન બનાવ્યો તેં. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એને વર્તમાન જ્ઞાનની પર્યાયરૂપી ધ્યાન એને ધ્યેય ન બનાવ્યો તેં અને આ વિષયાસક્તિમાં ભટક્યો પ્રભુ. આહાહા..! આ ભોગાદિ વિષય એ તો સ્થુળ મહાપાપ. આહાહા..! જેમાં રમતા પાપ લાગે. ભગવાનની રમતું છોડી અને પરની રમતુંમાં રોકાણો, આહા..! એને તો પાપ એકલું છે. પણ અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રના વલણમાં રોકાણો તો પુણ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઇન્દ્રિય કીધી છે ને? હેં? આ જડઇન્દ્રિય, ભાવઇન્દ્રિય એક એક વિષયને જાણે એવો જે ક્ષયોપશમનો અંશ અને એનો વિષય. આહાહા..! એ બધા ઇન્દ્રિયો કહેવામાં આવે છે. સમજાણું? તો **'વિષયોંમેં લીન હોકર અનંતકાલ ભટકા, ઔર અબ ભી વિષયાસક્ત હૈ,...'** પાંચ ઇન્દ્રિય તરફની આસક્તિમાં, આહાહા..! **'વિષયાસક્ત હુઆ કિતને કાલ તક ભટકેગા,...'** તારે ક્યાં સુધી રખડવું છે? પ્રભુ! હવે શું કરવું છે તારે? આહાહા..! આવી વાતું છે. હેં! આહા..! **'અબ તો મોક્ષકા સાધન કર,...'** રખડવાના સાધન તો કર્યા પ્રભુ તેં. આહાહા..! દુઃખને દરિયે ડોલાઈ ગયો બાપા તું, ભાઈ! આહાહા..! વિકલ્પો જે શુભ-અશુભ છે એ બધા દુઃખના દરિયા છે. દુઃખને દરિયે ડૂબી ગયો, પ્રભુ!

અને સુખના સાગરને તેં યાદ ન કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! **'ઐસા સંબોધન કરતે હૈં—'** ૧૪૨ને? ૧૪૧. આહા..!

૨૭૨) विसयासत्तउ जीव तुहुँ कित्तिउ कालु गमीसि।
सिव-संगमु करि णिच्चलउ अवसइँ मुक्खु लहीसि।।१४१।।

આહાહા..! **અન્વયાર્થ :— 'હે અજ્ઞાની જીવ, તૂ વિષયોંમેં આસક્ત હોકે કિતના કાલ બિતાયેગા...'** કેટલો કાળ તારે કાઢવો છે હવે? આહાહા..! ભગવાન! તેં અનંતકાળ અનંતાઅનંત, અનંતાઅનંતકાળ પર તરફના વિષયની આસક્તિમાં ગાળ્યો પ્રભુ! આહાહા..! સમજાણું કાંઈ? **'અબ તો શુદ્ધાત્માકા અનુભવ...' 'शिवसंगमं'** શિવ નામ કલ્યાણસ્વરૂપ ભગવાનઆત્મા એનો અનુભવ કર. આહા..! પર તરફના વિકલ્પને, વિષયને તો બહુ સેવ્યા. અને ક્યાં સુધી પ્રભુ તારે સેવવા છે? શું છે હવે એને? આહાહા..! હવે શિવસંગમ કર. આહાહા..! શુદ્ધાત્માનો અનુભવ કર. જોયું! શિવ શબ્દે શુદ્ધાત્મા અને સંગમ શબ્દે અનુભવ. આહાહા..! શિવસંગમ. શિવ એટલે ઓલા શંકર નહિ, હોં! ભગવાનઆત્મા નિરુપદ્રવ કલ્યાણમૂર્તિ એવો જે ભગવાન કલ્યાણમૂર્તિ— શંકર- સુખદાયક આત્મા એનો સંગ કર હવે. આહાહા..! અનુભવ કર. સંગમ એટલે અનુભવ. આહાહા..! કહો, આવી વ્યાખ્યા એટલે આકરી પડે માણસને. શું થાય પણ બાપુ? માર્ગ તો આ છે. આહાહા..!

સંસારના વેપાર-ધંધાના પાપના વિષય તો એક કોર રહ્યા, પણ આ પુણ્યના વિષયો પણ એ બધા ઈન્દ્રિયના વિષયો છે. સમજાણું કાંઈ? એ બધા વિષયાસક્તિમાં રહીને, પ્રભુ! તેં અનંતકાળ વિતાવ્યો. બાપુ! તેં જોયું નથી. આહાહા..! એ નજરું નાખ ભૂતકાળમાં તો દુઃખ વિનાનો, ભવ વિનાનો ક્યાંય કાળ ગયો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભૂતકાળ આજથી પાછળ જો તું આમ.. આહાહા..! તો ક્યાંય દુઃખ અને ભવ વિનાનો કાળ નહિ દેખાય તને. આહાહા..! આહાહા..! આ તો માર્ગને જેને સમજવો હોય એની વાત છે, બાપુ! આહાહા..! વાદવિવાદ કરીને વ્યવહારથી થાશે ને નિમિત્તથી થાશે ને એ આગમસંમત છે ને, અરે! પ્રભુ! સાંભળને ભાઈ! આગમસંમત તો આ છે. પોતાનો આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે એને દેખવો એ આગમસંમત છે. દ્રવ્યઆગમસંમત છે અને ભાવઆગમે એ જાણ્યું એ ભાવઆગમ છે. આહાહા..! બાપુ! તકરારે પાર ન આવે, ભાઈ! આહાહા..! આમાં કંઈ કોઈ પંડિતાઈની આમાં જરૂર નથી કે ઘણું બહુ જાણ્યું હોય માટે અંદર વળી શકે. હેં! આહાહા..!

શિવસંગમ. આહાહા..! અને તે **'નિશ્ચલરૂપ કર, જિસસે કિ અવશ્ય મોક્ષકો પાવેગા.'** આહાહા..! આ વિષયોના સાધનો કરીને રખડી મર્યો અનંતકાળથી, હવે એકવાર ભગવાન શિવ- નિરુપદ્રવ ભગવાન શાંતિનો સાગર, આનંદની મૂર્તિ વીતરાગસ્વરૂપ એનો સંગ કર, સંગ કર. સંગ કર એટલે અનુભવ કર એમ. આહાહા..! કહો, આવો એક જ નિશ્ચયનો મોક્ષનો માર્ગ ઉપાય છે એમ કહે છે. હેં! તને કઠણ લાગે, આકરો લાગે, પણ પ્રભુ માર્ગ તો આ છે, હોં! બીજો સહેલો કરીને કોઈ

મૂકશે કે આમ પમાય ને આમ પમાય ને આમ પમાય, બાપુ! સહેલામાં સહેલી હાથ આવશે. રાખ હાથ આવશે. આહાહા..! ઓહો..! પરમાત્મપ્રકાશ! ઓલામાં લખ્યું છે, નહિ? રાજમલની ટીકામાં, નહિ? કળશની ટીકામાં. સમયસારથી પણ આમાં... એમાં લખ્યું છે ને? શીતલપ્રસાદે અર્થ કર્યા છે ને? કળશટીકા. ઘણી વિશેષતા છે કેટલીક. ગ્રંથકર્તા ધર્માત્મા સમકિતી અનુભવી સંતો જે લક્ષથી વાત કરે એ જાતના અભેદને પહોંચવા માટેની બધી વાતું કરે. આહાહા..! સમજાણું કાંઈ?

વીતરાગતાનો સંગમ કર. વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા એનો સંગ કર એટલે એનો અનુભવ કર, એમ. જરૂર કહીએ છીએ, **'અવશ્ય મોક્ષકો પાવેગા.'** જરૂર અલ્પકાળમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે તને. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનના તેજ અંતરમાં પ્રગટ થતાં તને કેવળજ્ઞાન થશે, મુક્તિ થશે તને. આહાહા..! ચૈતન્ય ભગવાન જળહળ જ્યોતિ પર્યાયમાં કેવળજ્ઞાનપણે પ્રભુ તને પ્રગટ થશે. આહાહા..! પણ આ ઉપાય છે, બાપુ! આહાહા..! કોઈ કહે, આપણે વ્યવહાર કરતા કરતા થાય. વ્યવહારને શાસ્ત્રએ નિમિત્ત કહ્યું છે. નિમિત્ત એ કર્તા છે એમ નથી. આ મોટો વાંધો છે. નિમિત્ત હોય. પણ નિમિત્ત હોય છે એનો અર્થ શું? બીજી ચીજ રાગની મંદતા, એ શુદ્ધોપયોગનું સાધન કરનારને રાગમંદતાના વ્યવહારમાં એનો આરોપ અપાય છે વ્યવહારથી. એટલી વાત છે. પણ તેનું એણે લક્ષ કરવાનું છે એ કંઈ નથી. આહાહા..!

આઠમી ગાથામાં કહ્યું ને કે વ્યવહારથી અમે, વ્યવહાર વિના ઉપદેશ આપી શકાય નહિ, બાપુ! શું કરીએ? પણ વ્યવહાર અમારે અને સાંભળનારે અનુસરવો નહિ. આહાહા..! 'ન અનુસર્તવ્ય.' એમ પાઠ છે. આઠમી ગાથા. **'जह ण वि सक्कमणज्जो ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं'**. આહા..! અનાર્યને સમજાવવા બીજી કોઈ રીત નથી. એમ વ્યવહારને સમજાવ્યા વિના નિશ્ચય સમજાય નહિ. એથી વ્યવહાર સાધન છે એમ નથી. ભેદ પાડીને એને સમજાવે છે કે જો ભાઈ! તારો ભગવાન દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એને અમે વ્યવહાર ભેદથી આત્માને સમજાવીએ છીએ. પણ તેથી તને અમારે ભેદને અનુસરાવવું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. આખા સંસારમાં ડૂબી પડ્યા હોય આખો દિ', આહા..! હેં! આહાહા..! જલેબી અને સાટા ઊડતા હોય. આહાહા..! મંડપમાં લગન હોય છોકરાના, પાંચ-પચાસ હજાર ખર્ચવા હોય ને જુઓ તમે બાયું લૂગડા પહેરીને સાદ બેસી જાય તોપણ ઘાંટો કર્યા કરે. આહા..! હેં! આહાહા..! શું કરે છે? પ્રભુ! તું ક્યાં જાવા માગે છે? ભાઈ! આહા..! ઊંડી ખાડમાં ઊતરવા માગે છો? કે ભગવાન ઊર્ધ્વ સ્વભાવ છે તેમાં જવા માગે છો? આહાહા..! અહીંયા તો ભગવાન કુંદકુંદાચાર્યની શૈલી જ બધી છે આ. મુનિઓની શૈલી એ બધી શૈલી જ એ છે. આહા..! જરૂર તને મોક્ષ થશે. આહાહા..!

**ભાવાર્થ :—** **'હે અજ્ઞાની,...'** એટલે? ભગવાન શુદ્ધાત્માને નહિ જાણનાર. આહાહા..! ગમે તેટલું જાણ્યું હોય પણ શુદ્ધાત્માને જાણ્યો નથી ત્યાં સુધી અજ્ઞાની છે એમ કહે છે. આહાહા..! **'હે અજ્ઞાની, તૂ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન...'** આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ આનંદસ્વરૂપ

એની અંતર સન્મુખની એકાગ્રતાથી ઉત્પન્ન '**વીતરાગ પરમ આનંદરૂપ...**' આહાહા..! '**અવિનાશી સુખકે અનુભવસે રહિત હુઆ...**' આહાહા..! શુદ્ધાત્માની ભાવના. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એની સન્મુખતાથી ઉત્પન્ન થયેલ વીતરાગ પરમાનંદરૂપ અવિનાશી સુખ. આહાહા..! એના અનુભવથી રહિત. આહાહા..! '**વિષયોંમેં લીન હોકર કિતને કાલતક ભટકેગા.**' ક્યાં સુધી તારે રખડવું છે ભાઈ? આહાહા..! દુઃખમાં તારે ક્યાં સુધી જાવું છે? કહે છે. આહાહા..! કીધું ને કે, શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થયેલું વીતરાગી પરમાનંદ સુખ. આહાહા..! એમાં પાંચઇન્દ્રિયના વિષય તરફમાં જાતા દુઃખ છે. તો આનાથી વિરુદ્ધમાં ક્યાં સુધી તારે દુઃખમાં જાવું છે? આહાહા..! સમજાણું કાંઈ?

ટીકાકાર જયસેનાચાર્યની શૈલી એવી છે કે વિષયો છે એ કેવા છે? કે વીતરાગ પરમાનંદસ્વરૂપ અવિનાશી સુખ એના અનુભવથી રહિત. આહાહા..! એવા '**વિષયોંમેં લીન હોકર કિતને કાલતક ભટકેગા.**' કેમ? '**પહલે તો અનંતકાલતક ભ્રમા,...**' અત્યાર સુધી તો ભટક્યો, ભાઈ! આહાહા..! શરીર જુવાન હોય, ઇન્દ્રિયો આમ ફાટી હોય, આહાહા..! એ બધા માંસના હાડકાના દેખાવ, આહાહા..! ભુતાવળ છે. એના પ્રેમમાં તું ભટક્યો, બાપુ! અનંતકાળ. આહાહા..! આનંદના નાથના અનુભવથી વિરુદ્ધ છે એ તો, કહે છે. સમજાણું કાંઈ? '**અનંતકાલતક ભ્રમા, અબ ભી ભ્રમણસે નહીં થકા,...**' આહાહા..! પ્રભુ! તને હજી ભ્રમણાનો થાક ન લાગ્યો? આહાહા..! જુઓને ઓળંભો! એ તો અનંતવાર તેં દુઃખને વેદ્યા અને ભોગવ્યા. આહા..! હજીયે થાક્યો નથી?

'**સો બહિર્મુખ પરિણામ કરકે કબ તક ભટકેગા?**' આહા..! ભાષા દેખો. એ મનના વિકલ્પો પર તરફ એ બહિર્મુખ વિકલ્પ છે. આહાહા..! બહિર્મુખ પરિણામ છે. આહાહા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ, એનાથી પુણ્ય-પાપના વિકલ્પો એ બહિર્મુખ વિકલ્પ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત તો સાંભળવા મળે નહિ બિચારાને. ભટકી ભટકીને મરી ગયો એમ ને એમ. હેં! આહાહા..! ખરી વાતુંની ખબરું ન મળે, ખરીની ખબરું ન મળે અને ખોટાના ડાહ્યાના દીકરા થઈને ફરે. આહા..! હેં! આહાહા..! ભાઈ! તું ભટક્યો ને અનાદિથી. આત્મા શુદ્ધાત્મા એની એકાગ્રતાથી ઉત્પન્ન થતું પરમાનંદ સુખ વીતરાગી આનંદ, એનાથી વિમુખ પાંચઇન્દ્રિયના વિષયોરૂપી દુઃખ, પ્રભુ! એ દુઃખમાં ઘણો કાળ ગયો હવે તારો. હવે તો થાક લાવ, થાક કર. આહાહા..!

'**અબ તો કેવલજ્ઞાન દર્શનરૂપ અપને શુદ્ધાત્માકા અનુભવ કર,...**' જોયું! ભગવાન કેવળજ્ઞાન, કેવળદર્શનસ્વરૂપ ભગવાન તો આત્મા (છે). આહાહા..! એકલું જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાતા.. જ્ઞાતા.. જ્ઞાતા.. જ્ઞાતા.. જ્ઞાતા.. દૃષ્ટા.. દૃષ્ટા.. દૃષ્ટા. આહાહા..! એનો અનુભવ તો કર. '**અપને શુદ્ધાત્માકા અનુભવ કર, નિજ ભાવોંકા સંબંધ કર.**' જોયું! આ બાજુ સંબંધ છે એ છોડીને આ બાજુ સંબંધ કર. આહાહા..! વિશેષ આવશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, મહા સુદ ૯, શુક્રવાર
## તા. ૨૮-૧-૧૯૭૭, ગાથા-૧૪૧, ૧૪૨, પ્રવચન નં. ૧૯૯

પરમાત્મપ્રકાશ, ૧૪૧ની છેલ્લા ચાર પદ છે, ચાર લીટી. ક્યાં ગોતે છે. ન્યાં ક્યાં છે. '**અબ તો કેવલજ્ઞાન દર્શનરૂપ અપને શુદ્ધાત્માકા અનુભવ કર,...** ' આહા..! અનાદિથી રાગના, વિકલ્પના, મનના સંબંધ કર્યા. એથી તો એ ભટક્યો ચોર્યાશીના અવતારમાં. આહાહા..! હવે તો આ કેવળજ્ઞાન આત્મા. કેવળજ્ઞાન એટલે પર્યાય નહિ, એક જ્ઞાન કેવળ, એકલું દર્શન એવો જ્ઞાન, દર્શનસ્વરૂપ શુદ્ધાત્મા. પોતાનો શુદ્ધાત્મા પાછો. ભગવાન કેવળજ્ઞાન, દર્શન છે એ જુદી વાત, બીજા બધા આત્માઓ પણ કેવળજ્ઞાન, દર્શન સંપન્ન છે. પણ આ કેવળજ્ઞાન—એકલો જ્ઞાનસ્વભાવ, દર્શનસ્વભાવ કેવળ એક, એવો જે નિજશુદ્ધાત્મા—પોતાનો શુદ્ધાત્માનો અનુભવ કર. આહા..! આ વાત છે. ત્યારે કહે કે પણ એ વ્યવહારસાધન હોય તો આ થાય. વ્યવહારસાધન છે જ નહિ. આહાહા..! રાગ છે એ તો. એ તો પરના સંબંધવાળી વાત છે. આહાહા..!

'**નિજ ભાવોંકા સંબંધ કર.**' પહેલો આત્મા લીધો ને. '**કેવલજ્ઞાન દર્શનરૂપ અપને શુદ્ધાત્માકા અનુભવ કર,...**' હવે કહે છે એ '**નિજ ભાવોંકા સંબંધ કર.**' નિજભાવ જ્ઞાન, દર્શન, આનંદ એનો સંબંધ કર. આહાહા..! પોતાનો જે ભાવ જ્ઞાન, દર્શન, આનંદ ત્રિકાળી સ્વભાવભાવ એનો સંબંધ કર. આહાહા..! વ્યવહારરત્નત્રય આદિ એ રાગ છે. એ રાગનો સંબંધ છોડ, કલ્યાણ કરવું હોય તો. આહા..! આ છે. સમજાય છે કાંઈ? બે વાત લીધી. કેવળજ્ઞાન, દર્શનરૂપ પોતાનો શુદ્ધાત્મા દ્રવ્ય લીધું. ભગવાનઆત્મા જ્ઞાન, દર્શનસ્વરૂપ આત્મા એનો અનુભવ કર. એ પર્યાય, અનુભવ એ પર્યાય છે. પછી કહ્યું, નિજ ભાવોનો સંબંધ કર. રાગનો અનુભવ નહિ, ત્રિકાળનો અનુભવ અને ત્રિકાળ જે વસ્તુ જ્ઞાન, દર્શન એનો સંબંધ કર. રાગનો સંબંધ નહિ. આહાહા..! આવી વાત છે. જેને આત્માનું કલ્યાણ કરવું હોય એ નિજભાવ સાથે સંબંધ જોડ એમ કહે છે. સમજાય છે કાંઈ? માર્ગ એવો છે, બાપુ! બહારની આ ક્રિયાકાંડથી દયા, દાન ને વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા એનાથી આત્મા પ્રાપ્ત થાય એવો નથી એમ કહે છે. એનાથી ધર્મ થાય એવો નથી. આહાહા..! જેને તરવું છે, સંસારથી નીકળવું છે એને તો ભગવાન શુદ્ધજ્ઞાન, દર્શન, આનંદ એનો સંબંધ કર. આ સંબંધ તૂટે અને આ સંબંધ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઘોર ઉપસર્ગ ઔર બાઈસ પરિષહોંકી ઉત્પત્તિમેં ભી...**' બહારમાં પ્રતિકૂળતા ઘોર ઉપસર્ગ આવે મનુષ્યના, તિર્યંચના, દેવના. આહાહા..! એવા ઉપસર્ગ, આહા..! અને બાવીસ પરિષહ એની '**ઉત્પત્તિમેં ભી સુમેરુકે સમાન નિશ્ચલ..**' મેરુ જેમ ચળતો નથી. આહાહા..! એમ ભગવાન નિત્યાનંદ પ્રભુ પોતાનો એવો અચળ દૃઢ થાય કે પરિષહ અને ઉપસર્ગના કાળમાં પણ ત્યાંથી ચળે નહિ. આહાહા..! એનું કલ્યાણ થાય એમ કહે છે. સમજાણું કાંઈ? નિજસ્વભાવનો

અનુભવ અને નિજસ્વભાવનો સંબંધ. આહા..! આ સંબંધ તોડ અને અહીં સંબંધ જોડ. રાગનો અનુભવ છોડ અને ભગવાનનો અનુભવ કર. આહાહા..! આવી વાત છે. લોકોને એમાં લાગે, આ તો નિશ્ચય છે. પણ નિશ્ચય એટલે સત્ય આ જ છે. વ્યવહાર કરતાં કરતાં થાય ને... હમણાં આવ્યું છે ને ઈ? સનાવદમાંથી આવ્યું છે, ઓલા પ્રેમચંદે લખ્યું છે, વ્રતાચરણ કરતાં જરી શાંતિ મળે, નિવૃત્તિ મળે એમાંથી સમકિત થાય. અરે! ભગવાન! એક બાજુ પહેલા લેખ લખ્યો કે નિમિત્તથી કાંઈ થાય નહિ. માણસને કાંઈ... આહાહા..! રાગની ક્રિયા એ તો નિમિત્ત છે. નિમિત્ત કરતા નથી, નિશ્ચયનો કર્તા એ નથી. આહાહા..! સત્યનો નિશ્ચયનો કર્તા તો ભગવાનઆત્મા અંતર્મુખ જ્ઞાન અને દર્શનનો સંબંધ કરે, અંતર્મુખ આત્માનો અનુભવ કરે એ ધર્મ અને તે મોક્ષનું કારણ છે. આહાહા..! આવી વાત છે, બાપુ! એના જ્ઞાનમાં, શ્રદ્ધામાં એ શ્રદ્ધા તો કરે કે અંતરમાં એકાગ્ર થવું એ જ મુક્તિનો માર્ગ છે. ક્રિયાકાંડમાં રાગાદિમાં તો દુઃખ થશે. આહાહા..! આવો માર્ગ છે. હેં?

મુમુક્ષુ :— ક્રિયાકાંડથી ... પ્રાપ્ત થાય એમ આવે છે.

ઉત્તર :— એ તો નિમિત્તનું કથન છે. ચરણાનુયોગની શૈલી છે ને. એની રુચિ છોડે ત્યારે જ્ઞાયક ચિદાનંદ ભગવાન અતીન્દ્રિય અનાકુળ શાંત અને આનંદ રસકંદ પ્રભુ છે એનો અનુભવ કરે ત્યારે સમ્યગ્દર્શન, જ્ઞાન થાય. આહા..! સમજાણું કાંઈ? આવી વાત છે, બાપુ! આહા..!

'**ઘોર ઉપસર્ગ ઔર બાઈસ પરિષહોંકી ઉત્પત્તિમેં ભી સુમેરુકે સમાન નિશ્ચલ જો આત્મ-ધ્યાન ઉસકો ધારણ કર,...**' આહાહા..! આનંદસ્વરૂપભગવાન અમૃતસાગરપ્રભુ એના ધ્યાનની ધારણા કર. આહાહા..! એને ધ્યેયમાં લઈને ધ્યાન કર. આવી વાત છે. વ્યવહારના રસીલા લોકોને તો એવું આકરું લાગે કે આ તો નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય. પણ નિશ્ચય એ જ સત્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**ઉસકે પ્રસાદસે...**' અંદર શબ્દ છાપવામાં ભૂલ થઈ ગઈ છે. પ્રમાદ થઈ ગયો છે ને? પ્રસાદ જોઈએ પ્રસાદ. '**ઉસકે પ્રસાદસે...**' 'મા'ને ઠેકાણે 'સા' જોઈએ. '**નિઃસંશય મોક્ષ પાવેગા.**' આહા..! ભગવાન આનંદસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ એની સેવા અનુભવથી જરૂર તને અનંતજ્ઞાન, દર્શન એવો મોક્ષ પ્રાપ્ત થશે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જો મોક્ષ-પદાર્થ...**' કેવો છે હવે? '**અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્યાદિ અનંતગુણોંકા ઠિકાના હૈ,...**' મોક્ષ અનંત આનંદનું ઠેકાણું છે. આહા..! એવા મોક્ષને તું આત્માના અંતર આનંદસ્વભાવના ધ્યાનથી પ્રાપ્ત થશે, એના અનુભવથી પ્રાપ્ત થશે. આહાહા..! સમજાણું કાંઈ? આઠ આઠ વર્ષે રાજકુમારો, ચક્રવર્તીના પુત્રો રાજમાંથી નીકળી ગયા છે. આહાહા..! જેને પાંચ પાંચ દેવો, મોટા મહેલો દેવોએ બનાવેલા, એમાં રહેનારા. આહાહા..! એણે ઘર પહેલું જોયું કે મારા ઘરમાં તો અતીન્દ્રિય આનંદ છે. એવા આનંદને જોયો, માન્યો સમ્યગ્દર્શનમાં. પછી એમાં એ શક્તિરૂપે પૂર્ણાનંદ છે તેને પ્રગટરૂપે પૂર્ણાનંદ કરવા અંતરમાં રમવા વનવાસમાં વયા ગયા. આહાહા..! સમજાણું કાંઈ? આઠ આઠ વર્ષના રાજકુમાર, મણિરતનના પૂતળા જેવા તો શરીર, અરે! આ નહિ, મારી ચીજ નહિ આ. જ્યાં હું છું ત્યાં તો રાગેય નથી. દયા, દાન, વ્રત, તપસ્યાનો

વિકલ્પ છે એ રાગ, હું છું ત્યાં નથી. આહાહા..! જ્યાં એ નથી ને જ્યાં આનંદ છે ત્યાં હું જવા માંગુ છું હવે. આહાહા..! સમજાણું કાંઈ? એવું ધ્યાન ધારણ કર. પ્રસાદથી અનંતજ્ઞાન મોક્ષ થશે.

**'સો વિષયકે ત્યાગસે અવશ્ય મોક્ષ પાવેગા.'** વિષય શબ્દે પર તરફના વિષયના વિકલ્પના ત્યાગથી જરૂર તને મોક્ષ થશે. આહાહા..! આત્માનો સ્વવિષય આનંદ-ભગવાન એ સિવાય પર વિષયના વિકલ્પોથી તું છૂટીશ અને જરૂર તને આત્મામાં આનંદ આવશે અને મુક્તિ થશે. કહો, પોપટભાઈ! એ ન્યાં ક્યાંય સુખ નથી એમ કહે છે, હસમુખમાં ને ઢીકણામાં ને રૂપિયામાં. આહાહા..! અહીં તો ઈ કહે છે, દયા, દાન, ને વ્રત, તપના ભાવ થાય, વિકલ્પ—રાગ, એ પણ પરવિષયવાળી વસ્તુ, છોડ એને. આવો માર્ગ છે. આહા..! ઈ ૧૪૧ થઈ.

---

## ગાથા-૧૪૨

अथ शिवशब्दवाच्यस्वशुद्धात्मससंसर्गत्यागं मा कार्षीस्त्वमिति पुनरपि संबोधयति–

२७३) इहु सिव-संगमु परिहरिवि गुरुवड कहिँ वि म जाहि।
जे सिव-संगमि लीण णवि दुक्खु सहंता वाहि।।१४२।।
इमं शिवसंगमं परिहृत्य गुरुवर क्वापि मा गच्छ।
ये शिवसंगमे लीना नैव दुःखं सहमानाः पश्य।।१४२।।

इहु इत्यादि। इहु इमं प्रत्यक्षीभूतं सिव-संगमु शिवसंसर्गं शिवशब्दवाच्योऽनन्तज्ञानादिस्वभावः स्वशुद्धात्मा तस्य रागादिरहितं संबन्धं परिहरिवि परिहृत्य त्यक्त्वा गुरुवड हे तपोधन कहिं वि म जाहि शुद्धात्मभावनाप्रतिपक्षभूते मिथ्यात्वरागादौ कवापि गमनं मा कार्षीः। जे सिव-संगमि लीण णवि ये केचन विषयकषायाधीनतया शिवशब्दवाच्ये स्वशुद्धात्मनि लीनास्तन्मया व भवन्ति दुक्खु सहंता वाहि व्याकुलत्वलक्षणं दुक्खुं सहमानास्सन्तः पश्येति। अत्र स्वकीयदेहे निश्चयनयेन तिष्ठति योऽसौ केवलज्ञानाधनन्तगुणसहितः परमात्मा स एव शिवशब्दत्वेन सर्वत्र ज्ञातव्यो नान्यः। कोऽपि शिवनामा व्याप्येको जगत्कर्तेति भावार्थः।।१४२।।

---

आगे निजस्वरुपका संसर्ग तू मत छोड़, निजस्वरुप ही उपादेय है, ऐसा ही बार-बार उपदेश करते हैं–

## गाथा-१४२

अन्वयार्थ :- [गुरुवर] हे तपोधन, [शिवसंगमं] आत्म-कल्याणको [परिहृत्य] छोड़कर [क्वापि] तू कहीं भी [मा गच्छ] मत जा, [ये] जो कोई अज्ञानी जीव [शिवसंगमे] निजभावमें [नैव लीनाः] नहीं लीन होते हैं, वे सब [दुःखं] दुःखको [सहमानाः] सहते हैं, ऐसा तू [पश्य] देख।।

भावार्थ :- यह आत्म-कल्याण, प्रत्यक्षमें संसार-सागरके तैरनेका उपाय है, उसको छोड़कर हे तपोधन, तू शुद्धात्माकी भावनाके शत्रु जो मिथ्यात्व रागादि हैं, उनमें कभी गमन मत कर, केवल आत्मस्वरुपमें मगन रह। जो कोई अज्ञानी विषय-कषायके वश होकर शिवसंगम (निजभाव) में लीन नहीं रहते, उनको व्याकुलतारुप दुःख भव-वनमें सहता देख। संसारी जीव सभी व्याकुल है, दुःखरुप हैं, कोई सुखी नहीं है, एक शिवपद ही परम आनंदका धाम है। जो अपने स्वभावमें निश्चयनयकर ठहरनेवाला केवलज्ञानादि अनंतगुण सहित परमात्मा उसीका नाम शिव है, ऐसा सब जगह जानना। अथवा निर्वाणका नाम शिव है, अन्य कोई शिव नामका पदार्थ नहीं है, जैसा कि नैयायिक वैशेषिकोंने जगत्का कर्ता-हर्ता कोई शिव माना है, ऐसा तू मत मान। तू अपने स्वरुपको अथवा केवलज्ञानियोंको अथवा मोक्षपदको शिव समझ। यही श्रीवीतरागदेवकी आज्ञा हैं।।१४२।।

---

હવે, 'શિવ' શબ્દથી વાચ્ય એવા સ્વશુદ્ધાત્માના સંસર્ગનો ત્યાગ તું ન કર, એમ ફરીને પણ સંબોધે છે.

ભાવાર્થ :- આ પ્રત્યક્ષ શિવસંસર્ગને-'શિવ' શબ્દથી વાચ્ય એવો અનંત જ્ઞાનાદિ સ્વભાવવાળો સ્વશુદ્ધાત્મા તેનો રાગાદિ રહિત સંબંધ છોડી દઈને હે તપોધન! તું શુદ્ધાત્મભાવથી પ્રતિપક્ષભૂત મિથ્યાત્વ, રાગાદિમાં ક્યાંય પણ ગમન ન કર. જે કોઈ વિષયકષાયને આધીન થવાથી 'શિવ' શબ્દથી વાચ્ય એવા સ્વશુદ્ધાત્મામાં લીન-તન્મય-થતા નથી, તેમને વ્યાકુળતાનું લક્ષણ જે છે એવા દુઃખને સહન કરતા તું દેખ.

અહીં, નિશ્ચયનયથી પોતાના દેહમાં જે કેવળજ્ઞાનાદિ અનંતગુણસહિત પરમાત્મા રહ્યો છે તે જે 'શિવ' શબ્દથી સર્વત્ર સમજવો, 'શિવ' શબ્દથી બીજો કોઈ 'શિવ' નામનો એક જગત્વ્યાપી જગત્કર્તા ન સમજવો, એવો ભાવાર્થ છે. ૧૪૨.

---

## ગાથા-૧૪૨ ઉપર પ્રવચન

હવે ૧૪૨. 'આગે નિજસ્વરૂપકા સંસર્ગ તૂ મત છોડ,...' આહાહા..! ૧૪૨. 'નિજસ્વરૂપ હી ઉપાદેય હૈ, ઐસા હી બાર-બાર ઉપદેશ કરતે હૈં—' આહાહા..!

२७३) इहु सिव-संगमु परिहरिवि गुरुवड कहिँ वि म जाहि।
जे सिव-संगमि लीण णवि दुक्खु सहंता वाहि।।१४२।।

ગુરુવર ગુરુવર કહીને મુનિને બોલાવે છે. હે મુનિ! આત્મધ્યાની, જ્ઞાની. હે ગુરુવર! યોગીન્દ્રદેવ એમ કહે છે. આહાહા..!

**અન્વયાર્થ :—** 'હે તપોધન,...' મુનિને ઉદ્દેશીને પોતાનો શિષ્ય છે ને, એને પ્રભાકરભટ્ટને

ઉદ્દેશીને કહે છે, હે મુનિવર! ગુરુવર એમ ભાષા કીધી છે. આહાહા..! શિષ્યને ગુરુવર એટલે મુનિરાજ. આહાહા..! '**शिवसंगमं**' શિવ નામ ભગવાનઆત્મા એનો સંગમ, કલ્યાણ ન છોડ. આહાહા..! એને છોડીને '**તૂ કહીં ભી મત જા,...**' આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! ઉપદેશના રામબાણ છે ને! પ્રભુ! તું તારા આનંદના સ્વભાવનો સંગ છોડીને બહારના વિકલ્પમાં ન જા, ન જા, ભાઈ! તને દુઃખ થશે. આહાહા..! સમજાણું કાંઈ? હે તપોધન! જેને આનંદરૂપી ધન છે. જેને ઈચ્છાના અભાવસ્વભાવરૂપ આનંદનું ધન છે. એવા તપોધનને પણ સંબોધીને બીજાને કહે છે. ભગવાન! શિવ—આત્માનું કલ્યાણ, સંગમ. જુઓ! ભાષા છે ને. શિવ—આત્મા શિવસ્વરૂપ જ છે. શિવ એટલે ઓલા શંકર ઈ નહિ. જેમાં નિરુપદ્રવપણું ભર્યું છે. જેમાં રાગનો ઉપદ્રવ પણ જેમાં નથી. આહાહા..! એવો ભગવાન તારો છે, બિરાજે છે સચ્ચિદાનંદ પ્રભુ. આહા..! એનો સંગમ. એનો પરિચય એટલે કે મોક્ષમાર્ગ એટલે કે કલ્યાણમાર્ગ. આહાહા..! સમજાણું કાંઈ? શ્રદ્ધામાં અને જ્ઞાનમાં એનો નિર્ધાર તો કરે. જેને આ ઠેકાણા નથી, આનાથી થાશે ને નિમિત્તથી થાશે, વ્યવહાર કરતાં કરતાં થાશે. અરે! પ્રભુ! ક્યાં તારે રખડવું છે? સમજાણું કાંઈ?

'**शिवसंगमं**' છે ને? શિવ—એ પરમઆનંદનું ધામ છે ભગવાન. સ્વયં જ્યોતિ સુખધામ, આવે છે ને? આત્મસિદ્ધિ. ભગવાન! તું સ્વયં જ્યોતિ છો ને. કોણ આવ્યું? જગજીવનભાઈ? ઠીક. બહાર ગયા હતા, નહોતા હમણાં. એને આ બાજુ બેસાડો. આંખ કાચી છે ને. આહાહા..! આંખનું કાચુ અનાદિનું છે. રાગ ને વિકલ્પને, પરને જોવા અટક્યો. નેત્ર પોતાને જોવાને બંધ કર્યા. અહીંયા તો આચાર્ય મહારાજ યોગીન્દ્રદેવ કહે છે, હે તપોધન! શિવસંગમ છોડીને. આહાહા..! ભગવાનઆત્માનો પરિચય, અનુભવ છોડીને, પ્રભુ! ક્યાંય બીજે ન જા. ભગવાનજીભાઈ! આહાહા..! પ્રભુ! તું અતીન્દ્રિય આનંદનો ખજાનો છો, નાથ! તારી વાત સર્વજ્ઞ પણ વાણીમાં પૂરી કહી શક્યા નહિ. આહાહા..! એવી આ ચીજ અંદર છો ને પ્રભુ તું. આહાહા..! એવો અનાકુળ આનંદ ને વીતરાગમૂર્તિ પ્રભુ એનો સંગ છોડીને બહાર ન જા. આહાહા..! બહાર જાઈશ તો બહિરાત્મા થઈને ભટકી મરીશ. આહાહા..! સમજાણું કાંઈ?

'**તૂ કહીં ભી મત જા, જો કોઈ અજ્ઞાની જીવ નિજભાવમેં નહીં લીન હોતે હૈં,...**' શિવસંગમ. શિવ એટલે નિજ અને સંગમ એટલે અનુભવ, ભાવ. આહાહા..! બે છે ને? પહેલામાં એ કહ્યું હતું, '**सिव-संगमु परिहरिवि गुरुवड कहिँ वि म जाहि, जे सिव-संगमि लीण णवि दुक्खु सहंता**' દેખ. આહાહા..! ભગવાનઆત્મા પહેલો શિવસંગમનો અર્થ આત્મકલ્યાણ કર્યો. એ જ બીજી ભાષાએ નિજભાવ કર્યો. નિજભાવ આનંદ ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ એવો જે તારો નિજભાવ. આહાહા..! '**નહીં લીન હોતે હૈં,...**' જે નિજભાવમાં લીન નથી થતા. આહાહા..! અને પરભાવમાં જે જાય છે, ચાહે તો શુભરાગ હો, આહાહા..! '**વે સબ દુઃખકો સહતે હૈં, ઐસા તૂ દેખ.**' આહાહા..! આનંદ ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ એનો પરિચય, ભાવ—અનુભવ છોડીને જે બાહ્યમાં જાય છે. આહાહા..! એ દુઃખને સહે છે. એ શુભભાવ પણ

દુઃખરૂપ છે. આહાહા..! શૈલી તો જુઓ! હેં! આહાહા..! લોકોને આકરું લાગે પણ બાપુ, માર્ગ આ છે, ભાઈ! આહાહા..!

કહે છે કે ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ છો ને તું. આહાહા..! પરમાત્મસ્વરૂપે બિરાજમાન તારું તત્ત્વ અનાદિઅનંત એવું છે. એનો સંગ છોડીને નિજભાવનો અનુભવ છોડીને બહારમાં ન જા. આહાહા..! ભગવાન એમ કહે છે કે તારો સ્વભાવ છોડીને અમારી સામું પણ ન જો. આહાહા..! હેં! આહાહા..! ભગવાન! તારી નિજ ચીજ છે ને અંદર. એનો અનુભવ ને એનો પરિચય એવો નિજભાવ એને છોડીને જે બહારમાં જાય છે તે દુઃખી છે એમ જો. અંદરમાં જાય છે એ સુખી છે એમ તું માન. આહાહા..! કહો, ભગવાનજીભાઈ! આ બધા પૈસાવાળા ને શુભભાવમાં જાય એ બધા દુઃખી છે એમ કહે છે.

મુમુક્ષુ :— પૈસાવાળો હતો જ કે દિ'?

ઉત્તર :— માન્યા છે ને બધાએ, હુંફ ચડી જાય અંદર. આહા..! બે-બે લાખ પેદા થતા હોય દિવસના. ઓલો નહોતો એક કલ્યાણજીભાઈ? પોરબંદરનો કલ્યાણજી ગોવિંદજી. ગોવિંદજીને? ઘણા પૈસા હતા. વીસ-પચ્ચીસ લાખ હતા, એમાં દસ લાખ ગયા. અમારું ચોમાસુ પોરબંદર. આમ નરમ માણસ હતા બિચારા. એમાં અમુક વખત રહ્યા અને પછી ગયા મુંબઈ. વેપાર કર્યો, એક દિ'માં એક લાખ પેદા કર્યા. કલ્યાણજીભાઈ હતા. પોપટભાઈ! પોરબંદરના. નરમ માણસ હતા. શેરબજારમાં મોટા વેપારી. એક દિવસમાં.. અમારું ચોમાસુ હતું. સાંભળ્યું કે ભાઈ ગયા છે અને એક દિ'માં એક લાખ પેદા કર્યા. પેદા કર્યા ને સાંજે આમ થયું, દેહ છૂટી ગયો. ભાઈ! નવરંગભાઈ! કલ્યાણજીભાઈ હતા એક. દેવીદાસભાઈ હતા ને? એ બધા સાથે (રહેનારા). ત્યાં અમારું ચોમાસુ હતું, (સંવત) ૧૯૮૭માં. હેં!

મુમુક્ષુ :— એને કહે, એ.. કલુ.

ઉત્તર :— હા. એ.. કલુ એમ થઈ ગયું. એક લાખ, એક દિ'માં લાખ. મોટો ધંધો. ભાઈએ કીધું, લક્ષ્મીદાસ હતા, લક્ષ્મીદાસ પિતાંબર. એ.. કલુ. એમ કીધું ત્યાં દેહ છૂટી ગયો. આહાહા..! લ્યો, આ એક દિ'ની પેદાશ વાણિયાને. ધૂળમાં શું છે? દુઃખી થયો. આહાહા..!

મુમુક્ષુ :— ઘરવાળાને તો સુખ થઈ ગયું ને.

ઉત્તર :— ધૂળમાંય સુખ નથી ઘરવાળાને, બધા દુઃખી છે. અહીં તો પરમાત્મા એમ કહે છે, અશુભભાવમાં જાય તો મોટો દુઃખી છે, પણ શુભભાવમાં જાય એ પણ દુઃખી છે એમ કહે છે. આહા..! આનંદના નાથના ઘરમાંથી નીકળી નાથ તારે ક્યાં જાવું છે? આહાહા..! આહાહા..! માર્ગ આવો બાપુ છે ભાઈ. આહાહા..! લોકોને અહીંની વાત નિશ્ચયની લાગે અને પછી વિરોધ કરે. અરે! પ્રભુ! તું વિરોધ ન કર, ભાઈ! આ તો મોક્ષના માર્ગની વાતું, નાથ! તારા હિતની વાત છે, ભાઈ! આહાહા..! આહાહા..! શું આચાર્યો દિગંબર સંતોએ કરુણા કરીને, ભગવાન! જે કોઈ નિજ સ્વરૂપમાંથી ખસીને બહાર જાય છે, શુભવિકલ્પમાં આવે છે એને તું દુઃખી દેખ. આહાહા..!

મુમુક્ષુ :— પહેલા એમાં આવવું એ ઉપાય તો છે ને?

ઉત્તર :— બિલકુલ ઉપાય નથી. સીધું આત્મામાં આવવું એ ઉપાય છે. આહાહા..! કહો, વ્યવહાર ઉપાય છે કે નહિ? રાગ ઉપાય છે અરાગનો? આહાહા..! નિરપેક્ષ આત્માનો અનુભવ રાગની અપેક્ષા વિના થાય છે. માને, ન માને જગત સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? જેને આત્મા અતીન્દ્રિય અનંત.. અનંત.. અનંત આનંદ. આત્મા અનંત અતીન્દ્રિય આનંદ, અનંતજ્ઞાનની પરિમિતતા—હદ નહિ એવો એનો સ્વભાવ, અનંતશાંતિ એવી વીતરાગતા સ્વભાવ, અનંત સ્વચ્છતા એવો સ્વભાવ, અનંત ઈશ્વરતા—પ્રભુતા અનંત એવો સ્વભાવ એના પરિચયમાં, અનુભવમાં જા. આહાહા..! જ્યાં અનંતપણું પડ્યું છે. આહાહા..! ભાષા સમજો છો? ગુજરાતી સમજાય છે? આહાહા..!

જુઓને, સંતોના કરુણાના શબ્દો તો જુઓ! હેં! જેમ બાપ કહે કે ભાઈ! આ ઠેકાણે ન જા, ત્યાં તુ લુંટાઈશ. આહાહા..! એમ પિતા—ધર્મપિતા, ગુરુઓ સંતો ધર્માત્મા દિગંબર મુનિઓ વનવાસમાં રહેનારા, આહાહા..! એ આમ પોકાર કરે છે. ભાઈ! તારો સ્વભાવ પૂર્ણ છે ને અંદર. એની પ્રતીતિ કરીને અંદરમાં જા. આહાહા..! અને જે કોઈ એમાંથી બહાર નીકળ્યા, વિકલ્પમાં આવ્યા એ બધા દુ:ખી છે એમ તું દેખ. અંદરમાં જાય તે સુખી છે એમ તું જો. આહાહા..! કહો, દેવીદાસભાઈ! આહાહા..! હેં! આવી વાત છે, ભાઈ! બાપુ! તારા સંસારના ઝેર ઉતારવા હોય તો અમૃતસાગરમાં જા. ત્યાં ઝેર ઉતરશે. બહાર નીકળીશ તો રાગના ઝેર આવશે. આહાહા..! હવે અહીં તો શુભભાવને દુ:ખ કહ્યું છે. કહ્યું એમને? આહાહા..!

મુમુક્ષુ :— શુભભાવ..

ઉત્તર :— એ મળે તો અનંતવાર મળ્યા, ઈ હમણા કહેશે. એક જિનવર મળ્યા નથી અને સમકિત થયું નથી, હમણા કહેશે. જિનવર મળ્યા નથી એટલે? સમકિત પામે એને જિનવર મળ્યા કહેવાય. જિનરાજસ્વામી, સમકિતીના જિનરાજસ્વામી હોય છે, મિથ્યાદૃષ્ટિના જિનરાજસ્વામી હોતા નથી. આહાહા..! હમણા પછી કહેશે, ૧૪૩. આહાહા..! ભવે ભવે પૂજિયો. શિષ્ય પ્રશ્ન કરશે, પ્રભુ! તમે કહો છો કે જિનરાજ અને સમકિત, બે પ્રાપ્ત થયા નથી અનંતભવમાં રખડતાં, પ્રભુ! આપ એકવાર એમ કહો છે, ભવે ભવે પૂજિયો. પાછળ આવે છે, જુઓ! ૧૪૩માં જુઓ આવે છે. **'भवि भवि जिण पुज्जिउ वंदिउ'**. પ્રભુ! તમે એકકોર એમ કહો કે જિનરાજસ્વામી મળ્યા નથી અને એકબાજુ એમ કહો કે જિનરાજના સમવસરણમાં તું અનંતવાર ગયો અને પૂજાઓ ભગવાનના સમવસરણમાં આમ સાક્ષાત્ ત્રણલોકના નાથ એની પૂજાઓ કરી, અને મળ્યા નથી જિનરાજ એમ કેમ કહો છો? પ્રભુ! અમે એમ કહીએ છીએ, સમ્યગ્દૃષ્ટિને જ જિનરાજ મળ્યા કહીએ. જેને વીતરાગી સ્વભાવ ભગવાનઆત્માનો પ્રાપ્ત થયો એના સ્વામી જિનરાજ છે. ભાવભક્તિ સમકિતીને જિનરાજની સાચી હોય છે. સમજાણું કાંઈ? જેને અંદરના સમ્યગ્દર્શનનું ભાન નથી એ ભગવાનની ભક્તિ ઉપરથી થોથા થોથા કરે છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે.

આહાહા..!

સંતો કહે છે, પ્રભુ! શાંતિમાંથી બહાર ન નીકળ, ભાઈ! આહાહા..! અમે આ વિકલ્પ કર્યો છે એ દુઃખ છે એમ કહે છે. ટીકા કરવા, ગાથા બનાવવા એટલા અમે બહાર આવ્યા છીએ તો અમને પણ એટલા તું દુઃખી જો. આહાહા..! આવો માર્ગ છે. અતીન્દ્રિય આનંદનું ઢીમ પડ્યું છે ને. ગોળની જેમ ભીલી હોય ને ભીલી? ભીલી કહે છે? ગોળ. હેં! એ ભીલી છે, એમ આત્મા આનંદની ભીલી છે ભગવાન. ભાઈ! તને તારી ખબર નથી, પ્રભુ! આહાહા..! એ અતીન્દ્રિય આનંદની ભીલી છે એને ચૂસને. બહાર ક્યાં ધૂળ ખાવા જાય છે? આહાહા..! ત્યારે કોઈ એમ કહે કે, તમે જ્યારે એમ કહો છો, તો પછી આ વિકલ્પમાં લખો છો શું કરવા? ભાઈ! એમ ન જોવાય. સમજાણું કાંઈ? આહાહા..! હેં! એનો આશય શું છે? બાપુ! આહાહા..!

ભગવાન! તારી મહિમાનો પાર નથી, નાથ! તું કોણ છો અને કેવડો છો ઈ તને ખબર નથી. આહાહા..! તારા સ્વભાવમાં તો અનંતા સિદ્ધ પડ્યા છે. સિદ્ધ, પર્યાય છે ને? આહાહા..! અનંતા સિદ્ધનું સ્વરૂપ છે એ તારું સ્વરૂપ પ્રભુ! આમ કહ્યું છે ને? પંચપરમેષ્ઠી તે તું છો. યોગીન્દ્રદેવમાં આવ્યું છે, બીજે આવ્યું છે. અરહિંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ આત્મપદ છે બધા. એ પંચમહાવ્રતના વિકલ્પ અને નગ્નપણું એ કંઈ પંચપરમેષ્ઠી નથી. આહા..! એવો જે આનંદસ્વભાવ ભગવાન જેને પૂર્ણ પ્રગટ્યો તે અરિહંત, સિદ્ધ અને અપૂર્ણ પ્રગટ્યો પણ પૂર્ણને અલ્પકાળમાં લેવાના તે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. આહાહા..! એ બધું સ્વરૂપ તારું અંદરમાં છે. આહાહા..! અરે! પણ ક્યાં જોવા શી રીતે? હજી તો એને... વર્તમાન એક સમયની પર્યાય જે અવસ્થા છે એની રુચિમાં એની રમતું ત્યાં પર્યાયમાં છે. આહાહા..! એથી એક સમયની પર્યાયની પાછળ ત્રણલોકનો નાથ પરમાત્મા સાક્ષાત્ પ્રગટ પર્યાયને નહિ સ્પર્શનારો એવો ભગવાન બિરાજે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો આચાર્ય કહે છે.. આહાહા..! ઈ આગળ કહેશે પછી. **'ऐसा तू देख.'**

**ભાવાર્થ :— 'यह आत्म-कल्याण, प्रत्यक्षमें संसार-सागरके तैरनेका उपाय है,... '** આહાહા..! છે ને? સંગમ, શિવસંગમ. પહેલું આવ્યું હતું ને, શિવસંગમ, આત્મકલ્યાણ. એ આત્મકલ્યાણ રાગાદિનો વેપાર વ્યવહારનો એ નહિ. આત્મજ્ઞાન, આત્મકલ્યાણ, આત્મપરિચય, આત્મસ્વભાવનો અનુભવ એ કલ્યાણ એ પ્રત્યક્ષ છે એમ કહે છે. આહાહા..! **'संसार-सागर तैरनेका उपाय है,...'** સંસાર-સમુદ્રનો ભવસિંધુ અપાર ચોર્યાશીના અવતાર, એક એક યોનીમાં અનંતવાર કીડા, કાગડા, કૂતરા, કંથવા નિગોદના જીવ એવા અનંતા થયા, ભાઈ! એવો જે સંસાર-સાગર ભવસિંધુ. આત્માનું કલ્યાણ ભવસિંધુને તરવાનો પ્રત્યક્ષ ઉપાય છે. આહાહા..! પ્રત્યક્ષ જ એ છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અલિંગગ્રહણમાં કહ્યું છે ને? પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા આત્મા છે. આહાહા..! આવી વાત, પણ માણસને મળે નહિ, શું કરે? ધર્મને નામે બિચારા ગોટા વાળે. આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, એ પોતાના શુદ્ધસ્વભાવ દ્વારા જણાય એવો

છે. એ વ્યવહાર ને નિમિત્તથી જણાય એવો નથી. દેવ ને ગુરુ ને એની વાણીથી પણ જણાય એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! મડદાં ઊભા થાય એવું છે આ તો. અરે! ભાઈ! તું જીવતી જ્યોત પ્રભુ છો ને. તેં રાગ ને અલ્પજ્ઞમાં પોતાનું માનીને જીવતર જ્યોત જે અનાદિ શાંત વીતરાગ એનો તો તેં અનાદર કર્યો છે. આહાહા..! હવે એકવાર તો આમ જા ને, ભાઈ! આહાહા..! કરવટ તો બદલ. એક પડખે સૂતો છો અજ્ઞાનને, હવે આમ તો જા. આહાહા..! પડખું તો ફેરવ. આનંદનો નાથ પ્રભુ તને મળશે ત્યાં. આહાહા..! રાગ ને વિકલ્પ ને પર્યાયબુદ્ધિના પડખે ઊભો, ભગવાનનો તને અનાદર થયો છે. આહાહા..! આવો માર્ગ. ભાઈ, બાપા! એણે શું કરવું છે? વ્યવહારથી થાય એમ માનો નહિતર એકાંત છે. નિમિત્તથી થાય એમ ન માનો તો એકાંત છે. પ્રભુ! તને ખબર નથી, ભાઈ! આહાહા..! કોની સાથે તું બાપા વિરોધ કરવા માગે છો? તારા સ્વભાવ સાથે? બીજાને શું કરે? આહાહા..! ભાઈ! પરમાનંદનો નાથ એની તને મહિમા આવી નથી, પ્રભુ! આહાહા..!

આચાર્ય તો, ઓહોહો..! '**યહ આત્મ-કલ્યાણ,...**' એનું કલ્યાણ તો અંદર સ્વનો આશ્રય લે (એમાં છે).

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

આ વાત બીજી છે. બાપુ! આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, શુભભાવમાં જનારને હે નાથ! તું ધ્યાનમાં રહેનારો, એને દુઃખ દેખ. આહાહા..! હવે આમાં એમ માને છે, નિશ્ચયથી જ થાય અને વ્યવહારથી ન થાય તો એ એકાંત છે. પણ નિશ્ચયથી થાય અને વ્યવહારથી ન થાય એ અનેકાંત છે. આહાહા..! આ જુવાનિયાને હવે આવો રસ આવવા માંડ્યો, લ્યો. ઓલા પંડિતો વિરોધ કરે છે. પ્રભુ! તું શું કરે છે? ભાઈ! આ તો સત્ય પરમાત્માના કહેણ આવ્યા, બાપા! એના કહેણને ના ન પડાય. આહાહા..! જુઓને! ત્રણલોકનો નાથ કેવળીની જેમ સંતો પોકારે છે. આહાહા..! છોકરો જરી સાધારણ હોય અને કન્યા સારા ઘરની મળે, પચાસ સાંઈઠ નાળિયેર લઈને આવ્યા હોય અને કરોડપતિની કન્યા હોય અને એને દીકરો ન હોય, અને દસ-વીસ લાખ લઈને આવતા હોય અને મરી ગયા પછી બધું આવશે, તો એનું નાળિયેર કબુલે. પોપટભાઈ! આ તો તમારા ઘરની બધી વાતું. હેં!

મુમુક્ષુ :— માલામાલ થઈ જાય.

ઉત્તર :— માલામાલ થઈ જાય. અરે! માલ તો અહીં છે ને, પ્રભુ! માલ ક્યાં, ધૂળ છે ત્યાં. આહાહા..!

એમ અહીં પરમાત્માના કહેણ આવ્યા, પ્રભુ! તને લગન કરવાના. આહાહા..! ત્રણલોકનો નાથ ભગવાન એની સાથે સગાઈ કર. 'સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર શું ગાઢી.' આહાહા..! આનંદઘનજીમાં આવે છે. ભગવાન તને આત્મા સાથે સગાઈ કરાવે છે. આહા..! અને રાગની

સગાઈ તોડાવે છે. આહાહા..! મૂળ અધ્યાત્મની વાતું બહુ ઘટી ગઈ. અને વિપરીત બધું થઈ ગયું. એટલે લોકોને આ વાત એવી લાગે. પરિચયમાં નહિ, શ્રવણમાં નહિ, અભ્યાસમાં નહિ, એની એને અંતર ચીજ છે તેની કિંમત નહિ. આહાહા..! હેં?

મુમુક્ષુ :— પરિચયમાં નથી તો કિંમત ક્યાંથી આવે?

ઉત્તર :— માટે કહે છે ને, હવે આ પરિચય કરને આનો, ધૂળનો કર્યો તમાકુનો બહુ, એમ કહે છે. ચીમનભાઈ! આહાહા..!

મુમુક્ષુ :— કાંઈક મર્યાદા બાંધો તો થાય.

ઉત્તર :— મર્યાદા આ કે બહારથી ખસીને અંદર જાય એ મર્યાદા. જ્યાં તારું ઘર છે ત્યાં જા. એ પરઘરમાં હવે વ્યભિચારી થઈને ફર નહિ બાપા! આહાહા..! શુભભાવને વ્યભિચાર કીધો છે. નિર્જરા અધિકારમાં ૨૦૩ (ગાથા). પુણ્ય-પાપ (અધિકારમાં) ચંડાળણીનો પુત્ર કીધો છે. આહાહા..! જરી વિષ્ટા આવી એટલે આકરું લાગ્યું. પણ ઝેર કહ્યું છે ને પ્રભુ! આહાહા..! તારો અમૃતનો સાગર પ્રભુ, અમૃતનો દરિયો એમાં રાગ તે ઝેર છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલી કાકડી ખાય છે ને, કાકડી? કાકડીને શું કહે છે? કકડી. કાપી, ઉપર ઘૂંટીને ઝેર કાઢી નાખે. એમ અંદર ભર્યું છે અમૃત, એને રાગનું ઝેર ઘૂંટીને કાઢી નાખ્યું છે, કહે છે. અંદરમાં ઘૂંટીને રાગનું ઝેર કાઢ. આહાહા..! આવી વાત છે, બાપુ! ઠીક લાગે, ન ઠીક લાગે. સમજાય છે? આ એને માનવું પડશે, કલ્યાણ કરવું હોય તો. દુનિયાના સગવડતાવાળા માર્ગ બતાવીને એમાં ખુશી થશે અને આ માર્ગ આવો, બાપુ! ત્યાં ક્યાંય નથી લાભ. ઈ કહે છે જુઓને! આહાહા..!

**'આત્મ-કલ્યાણ, પ્રત્યક્ષમેં સંસાર-સાગરકે તૈરનેકા ઉપાય હૈ, ઉસકો છોડકર હે તપોધન, તૂ શુદ્ધાત્માકી ભાવનાકે શત્રુ...'** આહાહા..! શુદ્ધાત્મા ભગવાન પરમાનંદની એકાગ્રતા એના શત્રુ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ. આહાહા..! લ્યો, **'ઉનમેં કભી ગમન મત કર,...'** આહા..! હેં! એમાં ગમન ન કર. આહાહા..! મિથ્યાત્વમાં વિપરીત માન્યતામાં—રાગથી ધર્મ થશે ને પુણ્યથી કલ્યાણ થશે એવી માન્યતામાં ગમન ન કર અને પછી રાગ થાય તેમાં ગમન ન કર. આહાહા..! સમજાણું કાંઈ? છે? આ તો પુસ્તક પહેલાનું છે, આ કંઈ સોનગઢનું નથી. આહાહા..! શું?

મુમુક્ષુ :— સોનગઢમાં વંચાય છે.

ઉત્તર :— ગમે ત્યાં વંચાય, એમાં શું છે? મસાણમાં વંચાય તોપણ શું છે? આહાહા..! આમ કલેવરો બળતા હોય, દ્વારિકા નગરી. આહાહા..! ગજસુકુમાર ત્યાં ગયા છે. આહાહા..! શ્રીકૃષ્ણના ભાઈ ગજસુકુમાર. ગજ નામ હાથીનું તાળવું હોય એવું તો એનું શરીર લાલ કોમળ કોમળ લાલ. આહાહા..! ગજસુકુમાર. જેને દર્શન કરવા આવતા નેમિનાથના. કન્યા એક સોનીની હતી બહુ રૂપાળી અને બહુ જુવાનજોધ જેવી. સોનાને દડે રમતી હતી આમ. દડે દડે. જાતા હતા દર્શન કરવા. કૃષ્ણ અને ગજસુકુમારને ખોળામાં બેઠાડેલો. આમ કન્યા જોઈ, બહુ રૂપાળી ને સોનીની દીકરી.

માણસને હુકમ કર્યો કે આ કન્યાને અંતેપુરમાં લઈ જાઓ. આ ગજસુકુમારને પરણાવશું. ગજસુકુમાર સાંભળે છે, ખોળે બેઠા છે. આહાહા..! એ જ્યાં ભગવાન પાસે જાય છે અને સાંભળે છે. પ્રભુ! આપની આજ્ઞા હોય તો હું મુનિ થવા માંગુ છું. આહાહા..! અરે! ભાઈ! પણ આ સગપણ કરવાનું મોકલ્યું ને આ શું થયું? આહા..! પ્રભુ! હું તો મુનિ થવા માંગુ છું. એ લોકો શ્વેતાંબરના શાસ્ત્રમાં એમ ભાષા છે, .. દેવાનુપ્રિયા. દેવકી પાસે જાય છે, માતા! મને રજા દે, હું તો મુનિ થવા માંગુ છું. આહાહા..! એ દીક્ષા લ્યે છે. આજ્ઞા માગે છે પ્રભુની, મારા નાથ! હું સ્મશાનમાં સ્મશાનમાં જાઉં છું. લોકો મડદાને લઈને જાય, હું જીવતો જાઉં છું સ્મશાનમાં. ધ્યાનમાં ઊભા રહે છે. બારમી પડિમાની એવી લાંબી વાત છે. બારમી પડિમા હોય છે ને? ત્રણ દિવસ સુધી સ્મશાનમાં અંદર ધ્યાનમાં રહે છે. આહાહા..! ત્યાં ઓલો સોમલ આવે છે, એનો સાસરો. અરરર! આ રાજની કન્યા, અંતેપુરમાં લઈ ગયા, આ દીક્ષા લે. રખડાવ્યું એણે બધું. એ રાખની પાળ બાંધે છે, અગ્નિ નાખે છે. આનંદના સાગરમાં ડૂબી ગયા છે અંદર. આહાહા..! ત્યાં કેવળજ્ઞાન થાય છે. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય છે. દેવની દુદુંભી વાગે છે. ઓહો..! ધન્ય અવતાર! ધન્ય સફળ કર્યા. જેનો મોક્ષ થયો અંતર્મુહૂર્તમાં. એવી ઋદ્ધિ પડી છે અંદર ભાઈ! કાઢતા વાર લાગે છે તને. આહાહા..! ઈ આત્મા શું ચીજ છે એની લોકોને ખબર નથી. આત્મા, આ હાલે, ચાલે ને બોલે એ આત્મા. દયા પાળે ને હિંસા કરે. અરે! એ તો બધો રાગ છે. ઈ આત્મા તો આસ્રવ છે રાગ તો. ભગવાનઆત્મા!

અહીં કહે છે, શુદ્ધાત્માની ભાવનાના શત્રુઓ મિથ્યાત્વ અને રાગ. આહાહા..! તો વ્યવહારરત્નત્રય રાગ પણ આત્માની ભાવનાના શત્રુ છે એમ કીધું. છે કે નહિ એમાં ઈ? આરે પ્રભુ! માર્ગ તો તારા એ છે ને, ભાઈ! આહા..! અંતરમાં આત્મા ત્યાં અંતર્મુખ થવાનું છે. હેં! આહાહા..! ઈ કઠણ હોય પણ કર્યે છૂટકો છે. આહાહા..! બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**કેવલ આત્મસ્વરૂપમેં મગન રહ.**' આહાહા..! એકલો ભગવાનઆત્મામાં મગન રહેવું. આહાહા..! દૃષ્ટિ અને સ્થિરતા, બસ આ કરવાનું છે, કહે છે. આહા..! પૂર્ણાનંદનો સ્વીકાર અને પછી એમાં સ્થિરતા. બહાર ન નીકળ. આહાહા..! છેલ્લી પાછળની ગાથાઓ છે ને, એકદમ ઊંચી ઊંચી વાત કરી છે. આહા..! '**જો કોઈ અજ્ઞાની વિષય-કષાયકે વશ હોકર શિવસંગમ (નિજભાવ) મેં લીન નહીં રહતે,...**' આહાહા..! બહારનો જે રાગ છે તેમાં લીન થઈને.. આહાહા..! એ નિજભાવમાં લીન નથી રહેતા. આહા..! '**ઉનકો વ્યાકુલતારૂપ દુઃખ ભવ-વનમેં સહતા દેખ.**' આહાહા..! સમયસાર નાટકમાં કહ્યું ને, મુનિને પણ મહાવ્રતનો વિકલ્પ એ જગપંથ છે. આહાહા..! આ લોકોને, બનારસીદાસ ને ટોડરમલ ને એની વાતું એવી લાગે. મોટા ભણ્યા છે ને, પંડ્યા એટલે. બાપુ! ઈ એમ કહે છે, પ્રભુ! આત્માના આનંદમાંથી મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે એ જગપંથ છે, સંસાર છે. આહાહા..! એ અહીં કહે છે જુઓ!

'**ઉનકો વ્યાકુલતારૂપ દુઃખ ભવ-વનમેં સહતા દેખ.**' આહાહા..! ધર્માત્મા પણ મુનિ થઈને પણ જ્યારે વિકલ્પમાં આવશે તો દુઃખ છે એમ કહે છે. સમજાણું કાંઈ? હિંસા, જૂઠું, ચોરી,

વિષયભોગ વાસના એ તો પાપ છે, તીવ્ર દુઃખ છે, આકુળતા છે પણ પંચમહાવ્રતના દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ પણ આકુળતા છે. આહાહા..! હવે એ આકુળતાથી નિરાકુળ પ્રાપ્ત થાય? વાંધો અહીંનો સોનગઢ સામે આ છે. અરે! ભગવાન! માર્ગ છે આ, બાપુ! તને કબુલાત કરવામાં વાંધા ઉઠે હજી, તો ઠરવાનું તો ક્યાંથી મળે? આહા..! **'વિષય-કષાયકે વશ હોકર શિવસંગમ (નિજભાવ) મેં લીન નહીં રહતે,...'** આહાહા..! **'ઉનકો વ્યાકુલતારૂપ દુઃખ ભવ-વનમેં સહતા દેખ.'** ભવવનમેં સહતા દેખ. એ દુઃખને સહે છે એમ જો. એ ખુશી થાય છે વ્યવહારમાં એમ ન જો. આહાહા..! સમજાણું કાંઈ? આ આવી વાત. અહીંયા તો ભવછેદની વાત છે. હેં! અને અભવભાવની, અભવભાવની વાત છે. આહાહા..! ઈ તો આવી ગયું હતું ને? બહારના વિકલ્પમાં તો અનંત કાળથી રોકાણો, પ્રભુ! હવે તો ફર. આનું કર્યું ને આનું કર્યું ને આનું કર્યું. મરી ગયો છે આમ ને આમ તું. આહાહા..! ભગવાન જ્ઞાતા-દૃષ્ટાનો તેં અનાદર કર્યો. આહાહા..! હવે તો એમાંથી બહાર નીકળે તેને દુઃખી દેખ, કહે છે. આહાહા..! વાણી તો જુઓ એની. બહાર વ્યવહાર છે એ બહાર નીકળવું છે, એ પણ દુઃખી છે એમ કહે છે. આહાહા..! હવે એ વ્યવહારથી થાય નિશ્ચય, એમ કહે છે. એ અનેકાંત છે એમ કહે છે. આહા..! આહાહા..! પણ અહીં તો ચોખ્ખું કહ્યું, અંતરની લીનતામાંથી બહાર નીકળે તેને દુઃખી દેખ. આહાહા..! હોય છે વિકલ્પ, પણ એ દુઃખ છે એમ દેખ. આહા..! હેં! આહા..!

**'સંસારી સભી જીવ વ્યાકુલ હૈ, દુઃખરૂપ હૈં,...'** આહાહા..! સ્વર્ગના દેવો દુઃખરૂપી દુઃખી છે. સંસારી જીવ બધા કીધા ને? એમાં દેવ આવ્યા ને? અને આ બધા શેઠિયાઓ આવ્યા. આહાહા..! સંસારી જીવ બધા વ્યાકુળ છે. આહા..! જેના રાગના કર્તવ્ય છે શુભાશુભ ભાવના, એ બધા વ્યાકુળ અને આકુળતામાં છે. આહાહા..! **'દુઃખરૂપ હૈં, કોઈ સુખી નહીં હૈ, એક શિવપદ હી પરમ આનંદકા ધામ હૈ.'** આહાહા..! લ્યો. મોક્ષ શિવપદ, મોક્ષ જ **'પરમ આનંદકા ધામ હૈ.'**

**'જો અપને સ્વભાવમેં નિશ્ચયનયકર ઠહરનેવાલા કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત પરમાત્મા ઉસીકા નામ શિવ હૈ,...'** નિશ્ચયથી ભગવાનઆત્મામાં લીન થઈ ગયા છે એ શિવ છે. ઓલા શિવ—શંકર નહિ. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો એવા આત્મામાં લીન થયા તે શિવ છે. સમજાણું કાંઈ? **'અથવા નિર્વાણકા નામ શિવ હૈ, અન્ય કોઈ શિવ નામકા પદાર્થ નહીં હૈ, જૈસા કિ નૈયાયિક વૈશેષકોંને જગતકા કર્તા-હર્તા કોઈ શિવ માના હૈ, ઐસા તૂ મત માન. તૂ અપને સ્વરૂપકો અથવા કેવલજ્ઞાનિયોંકો અથવા મોક્ષપદકો શિવ સમજ.'** તારું સ્વરૂપ શિવ છે એમ સમજ (અને) કેવળજ્ઞાની અને મોક્ષપદને શિવ છે એમ સમજ. આહાહા..! છે? **'અપને સ્વરૂપકો...'** શિવ સમજ, ત્રિકાળી અને કેવળજ્ઞાની અને મોક્ષપદને શિવ સમજ પર્યાયમાં. આહા..! **'યહી શ્રીવીતરાગદેવકી આજ્ઞા હૈ.'** આહાહા..! ત્રણલોકના નાથ જિનવરદેવનો આ હુકમ છે. વિશેષ કહેશે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૧૪૩

अथ सम्यक्त्वदुर्लभत्वं दर्शयति-

२७४) कालु अणाइ अणाइ जिउ भव-सायरु वि अणंतु।
जीविं बिण्णि ण पताइँ जिणु सामिउ सम्मत्तु।।१४३।।
कालः अनादिः अनादिः जीवः भवसागरोडपि अनन्तः।
जीवेन द्वे न प्राप्त जिनस्वामी सम्यक्त्वम्।।१४३।।

कालु इत्यादि। कालु अणाइ गतकालो अनादिः अणाइ जिउ जोवडप्यनादिः भव-सायरु वि अणंतु भवः संसारस्य एव समुद्रः सोडप्यनादिरनन्तश्च। जीविं बिण्णि ण पत्ताइं एवमनादिकाले मिथ्यात्वरागाधधीनतया निजशुद्धात्मभावनाच्युतेन जीवेन द्वयं न लब्धम्। द्वये किम्। जिणु सामिउ सम्मत्तु अनन्तज्ञानादिचतुष्टसहितः क्षुधाघष्टादशदोषरहितो जिनस्वामी परमाराध्यः 'सिवसंगमु सम्मत्तु' इति पाठान्तरे स एव शिवशब्दवाच्यो न चान्यः पुरुषविशेषः, सम्यक्त्वशब्देन तु निश्चयेन शुद्धात्मानुभूतिलक्षणं वीतरागसम्यक्त्वम्, व्यवहारेण तु वीतरागसर्वज्ञप्रणीतसद्द्रव्यादिश्रद्धानरुपं सरागसम्यक्त्वं चेति भावार्थः।।१४३।।

आगे सम्यग्दर्शनको दुर्लभ दिखलाते हैं-

गाथा-१४३

अन्वयार्थ :- [कालः अनादिः] काल भी अनादि है, [जीवः अनादिः] जीव भी अनादि हैं, और [भवसागरोडिप] संसार-समुद्र भी [अनंतः] अनादि अनंत है। लेकिन [जीवेन] इस जीवने [जिनः स्वामी सम्यक्त्वम्] जिनराजस्वामी और सम्यक्त्व [द्वे] ये दो [न प्राप्ते] नहीं पाये।

भावार्थ :-काल, जीव और संसार ये तीनों अनादि हैं, उसमें अनादिकालसे भटकते हुए इस जीवने मिथ्यात्व-रागादिकके वश होकर शुद्धात्मस्वरुप अपना न देखा, न जाना। यह संसारी जीव अनादिकालसे आत्म-ज्ञानकी भावनासे रहित है। इस जीवने स्वर्ग, नरक, राज्यादि सब पाये, परंतु ये दो वस्तुयें न मिलीं, एक तो सम्यग्दर्शन न पाया, दूसरे श्रीजिनराजस्वामी न पाये। यह जीव अनादिका मिथ्यादृष्टि है, और क्षुद्र देवोंका उपासक है। श्रीजिनराज भगवान्‌की भक्ति इसके कभी नहीं हुई, अन्य देवोंका उपासक हुआ सम्यग्दर्शन नहीं हुआ। यहाँ कोई प्रश्न करे, कि अनादिका मिथ्यादृष्टि होनेसे सम्यक्त्व नहीं उत्पन्न हुआ, यह तो ठीक है, परन्तु जिनराजस्वामी न पाये, ऐसा नहीं हो सकता? क्योंकि ''भवि भवि जिण पुज्जिउ वंदिउ'' ऐसा शास्त्रका वचन है, अर्थात् भव भवमें इस जीवने जिनवर पूजे और गुरु वंदे। परंतु तुम कहते हो, कि इस

जीवने भव-वनमें भ्रमते जिनराजस्वामी नहीं पाये, उसका समाधान-जो भाव-भक्ति इसके कभी न हुई, भाव-भक्ति तो सम्यग्दृष्टिके ही होती है, और बाह्यलौकिकभक्ति इसके संसारके प्रयोजनके लिये हुई वह गिनतीमें नहीं। ऊपरकी सब बातें निःसार (थोथी) हैं, भाव ही कारण होते हैं, सो भाव-भक्ति मिथ्यादृष्टिके नहीं होती। ज्ञानी जीव ही जिनराजके दास हैं, सो सम्यक्त्व बिना भाव-भक्ति मिथ्यादृष्टिके नहीं होती। ज्ञानी जीव ही जिनराजके दास हैं, सो सम्यक्त्व बिना भाव-भक्तिके अभावसे जिनस्वामी नहीं पाये, इसमें संदेह नहीं है। जो जिनवरस्वामीको पाते, तो उसीके समान होते, ऊपरी लोग-दिखावारुप भक्ति हुई, तो किस कामकी, यह जानना। अब श्रीजिनदेवका और सम्यग्दर्शनका स्वरुप सुनो। अनंत ज्ञानादि चतुष्टय सहित और क्षुधादि अठारह दोष रहित हैं। वे जिनस्वामी हैं, वे ही परम आराधने योग्य हैं, तथा शुद्धात्मज्ञानस्वरुप निश्चयसम्यक्त्व (वीतराग सम्यक्त्व) अथवा वीतराग सर्वज्ञदेवके उपदेशे हुए षट् द्रव्य, सात तत्त्व, नौ पदार्थ और पाँच अस्तिकाय उनका श्रद्धानरुप सराग सम्यक्त्व यह निश्चय व्यवहार दो प्रकारका सम्यक्त्व है। निश्चयका नाम वीतराग है, व्यवहारका नाम सराग है। एक तो चौथे पदका यह अर्थ है, और दूसरे ऐसा ''सिवसंगमु सम्मत्तु'' इसका अर्थ ऐसा है, कि शिव जो जिनेन्द्रदेव उनका संगम अर्थात् भावसेवन इस जीवको नहीं हुआ, और सम्यक्त्व नहीं उत्पन्न हुआ। सम्यक्त्व होवे तो परमात्माका भी परिचय होवे।।१४३।।

---

હવે, સમ્યક્ત્વનું દુર્લભપણું દર્શાવે છે :-

ભાવાર્થ :- અતીતકાળ અનાદિ છે, જીવ પણ અનાદિ છે અને સંસારરૂપી સમુદ્ર તે પણ અનાદિ-અનંત છે. એ રીતે અનાદિ કાળમાં મિથ્યાત્વ, રાગાદિની આધીનતાથી નિજશુદ્ધાત્માથી ચ્યુત જીવને આ બે વસ્તુ મળી નથી. બે કઈ? (૧) અનંતજ્ઞાનાદિ ચતુષ્ટયસહિત, ક્ષુધાદિ અઢાર દોષ રહિત જિનસ્વામિ કે જે પરમ-આરાધ્ય છે. (૨) 'સમ્યક્ત્વ' શબ્દથી નિશ્ચયથી શુદ્ધાત્માનુભૂતિલક્ષણ વીતરાગ-સમ્યક્ત્વ અને વ્યવહારથી વીતરાગ સર્વજ્ઞપ્રણીત સતદ્રવ્યાદિના શ્રદ્ધાનરૂપ સરાગ સમ્યક્ત્વ, એમ ભાવાર્થ છે. [जिणु सामिउ सम्मतु] ને બદલે 'शिवसंगमु सम्मत्तु' [(૧) શિવનો સંગ અને (૨) સમ્યક્ત્વ] એ પાઠાન્તરમાં તે જ જિનસ્વામી જ) 'શિવ' શબ્દથી વાચ્ય છે, બીજો કોઈ પુરુષ વિશેષ નહિ. ૧૪૩.

## વીર સંવત ૨૫૦૨, મહા સુદ ૧૦, શનિવાર
## તા. ૨૯-૧-૧૯૭૭, ગાથા-૧૪૩ , પ્રવચન નં. ૨૦૦

પરમાત્મપ્રકાશ, ૧૪૩ ગાથા. 'आगे सम्यग्दर्शनको दुर्लभ दिखलाते हैं—'

૨૭૪) कालु अणाइ अणाइ जिउ भव-सायरु वि अणंतु।
जीविं बिण्णि ण पताइँ जिणु सामिउ सम्मत्तु।।१४३।।

**અન્વયાર્થ :— 'काल भी अनादि है, जीव भी अनादि हैं, और संसार-समुद्र भी अनादि अनंत है.'** ભવસાગર સંસાર પણ અનાદિ છે. આહા..! **'लेकिन ईस जीवने जिनराजस्वामी और सम्यक्त्व ये दो नहीं पाये.'** અનંતકાળમાં રખડતા અનંતકાળથી જીવ રખડે છે અને અનંતકાળથી ભવમાં રહે છે. આહા..! એક સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી. બાકી સ્વર્ગ, શેઠાઈ, એ અનંતવાર મળી પણ સમ્યગ્દર્શન એક મળ્યું નથી. આહાહા..!

મુમુક્ષુ :— યાદ નથી.

ઉત્તર :— યાદ નથી પણ છે કે નહિ? અનંતકાળનો છે ને? અનંતકાળનો છે ને? ક્યાં રહ્યો? ચાર ગતિમાં રહ્યો. આહા..! મોક્ષ થયો હોય તો પાછો સંસાર થાય નહિ. શું કહ્યું?

મુમુક્ષુ :— ક્યાંક તો રહ્યો છે.

ઉત્તર :— રહ્યો ને, ચાર ગતિ. મનુષ્યગતિ અનંતવાર મળી, તિર્યંચગતિ અનંતવાર મળી, સ્વર્ગ પણ અનંતવાર મળ્યું અને મનુષ્ય પણ અનંતવાર થયો, તિર્યંચ પણ અનંતવાર થયો. આહા..! અનંતવાર દ્રવ્યલિંગી સાધુ પણ થયો. દિગંબર સાધુ દ્રવ્યલિંગી, નગ્નમુનિ, પંચમહાવ્રત એ અનંતવાર થયા. પણ એક સમ્યગ્દર્શન વિના એ બધું નિષ્ફળ ગયું. આહાહા..! સમજાણું કાંઈ? બે નથી મળ્યા.

**ભાવાર્થ :— 'काल, जीव और संसार ये तीनों अनादि हैं,...'** યોગસારમાં આવે છે પહેલી ગાથા. યોગસાર. હિન્દી, ગુજરાતીમાં. કાળ અનાદિ, જીવ અનાદિ, સંસાર અનાદિ. એમાં આવે છે. આહા..! કાળ જે અનાદિ **'उसमें अनादिकालसे भटकते हुए ईस जीवने मिथ्यात्व-रागादिकके वश...'** આહા..! મિથ્યાશ્રદ્ધાને વશ, રાગાદિને વશ થઈને, આહા..! **'शुद्धात्मस्वरूप अपना न देखा,...'** શું કહે છે, સમજાણું? ચાર ગતિમાં અનંત ભવ થયા, શેઠાઈ અબજોપતિ પણ અનંતવાર મળી, નરકના ભવ અનંત કર્યા, એનાથી અસંખ્યગુણા તો સ્વર્ગના કર્યા. આહા..! મનુષ્યભવ અનંત થયા, એનાથી અસંખ્યગુણાથી અનંતગુણા નારકીના થયા, નારકી. નારકીના અનંતવાર થયા મનુષ્ય કરતાં. એકવાર મનુષ્ય અને અસંખ્ય વાર નરકે (એવું) અનંતવાર અને એક વાર નરક અને અસંખ્ય વાર સ્વર્ગ, એવું અનંતવાર થયું રખડતાં. પણ એ આત્મા શુદ્ધાત્મા ભગવાનઆત્મા કોણ છે એને એણે જોયો નહિ.

છ ઢાળામાં આવે છે ને? 'મુનિવ્રત ધાર અનંતબૈર, ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' નિજ આત્મજ્ઞાન. 'લેશ સુખ ન પાયો.' દુઃખ છે દુઃખ, ચાર ગતિ ચોર્યાશી (લાખ યોનીમાં) અવતાર. '**શુદ્ધાત્મસ્વરૂપ અપના ન દેખા,...**' આહાહા..! શાસ્ત્રનું જ્ઞાન પણ અનંતવાર કર્યું પણ શુદ્ધાત્મા ભગવાન અંદર પવિત્ર પરમાત્મસ્વરૂપ પોતાના નિજશુદ્ધાત્માને કદી જોયો નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**ન દેખા, ન જાના.**' આહાહા..! વિકારને વશ થઈ વિકાર રહિત શુદ્ધાત્મા પવિત્ર પ્રભુને ન જોયો, ન જાણ્યો, ન શ્રદ્ધ્યો. આહાહા..! સમજાણું કાંઈ? '**યહ સંસારી જીવ અનાદિકાલસે આત્મજ્ઞાનકી ભાવનાસે રહિત હૈ.** ' આહાહા..! આત્મજ્ઞાન. પરમાત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ એવા ભગવાનઆત્માનું જ્ઞાન. પરનું જ્ઞાન થયું, આત્મજ્ઞાન ન થયું. આત્મજ્ઞાન (નહિ) કરીને શું કર્યું? રાગનું જ્ઞાન કર્યું, પરનું કર્યું, પર્યાયનું કર્યું પણ આત્મજ્ઞાન--વસ્તુ જે આત્મા અખંડ એનું જ્ઞાન ન કર્યું. આત્માની પર્યાયનું કર્યું એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અનંત અનંતકાળમાં સંયોગી ચીજનું જ્ઞાન (કર્યું), જાણ્યું, રાગને જાણ્યો, એક સમયની પર્યાયને પણ જાણી પણ આત્મા ન જાણ્યો. આત્મા શુદ્ધ ચૈતન્યઘન અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ. આહાહા..! એનું જ્ઞાન ન કર્યું. સમજાણું કાંઈ? આત્મજ્ઞાનની ભાવના. ભાવના નામ આત્મજ્ઞાન વસ્તુ એની એકાગ્રતા. સ્વભાવ સન્મુખતા, સ્વભાવ સન્મુખતા કદી ન કરી. આહાહા..! સ્વભાવથી વિમુખ થઈને પર્યાય ને રાગને તાબે થઈને અનંતવાર રખડ્યો ચોર્યાશીના અવતારમાં. આહાહા..!

'**યહ સંસારી જીવ અનાદિકાલસે આત્મજ્ઞાનકી ભાવનાસે રહિત હૈ. ઈસ જીવને સ્વર્ગ, નરક, રાજ્યાદિ સબ પાયે,...**' સ્વર્ગ પણ નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. એકત્રીસ સાગરોપમની જેની સ્થિતિ દેવની. એક સાગરોપમમાં દસ ક્રોડા ક્રોડી પલ્યોપમ જાય. અને એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. આહાહા..! એવી એકત્રીસ સાગરની સ્થિતિ અનંતવાર મળી, આત્મજ્ઞાન વિના. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કર્યા તો એ શુભભાવથી સ્વર્ગ મળ્યું. પણ આત્મજ્ઞાન નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈસ જીવને સ્વર્ગ, નરક, રાજ્યાદિ...**' એ મનુષ્યમાં. રાજ આદિ. મોટો અબજોપતિ એક દિવસની પેદાશ, કમાણી. એવો રાજા. એક દિવસની અબજોની પેદાશ એવો રાજા અનંતવાર થયો. પોપટભાઈ! હેં! આહાહા..! અત્યારે છે ને ઓલો રાજા એક, નહિ? ઈરાક. એક કલાકની બે કરોડની ઊપજ છે. અરબ અરબ, આરબ દેશ, ઈરાક. દેશ નાનો છે પણ પેટ્રોલના કૂવા બહુ નીકળ્યા. એને એમ કહે છે, કાચું સોનું. કાળું સોનું, કાળુ સોનું. કાચું તો ઓલું, કપાસ. એક કલાકમાં બે કરોડની ઊપજ અત્યારે છે. આરબ. એ અનાર્ય છે. પણ આર્ય દેશમાં હોઈને પણ અબજપતિ અનંતવાર થયો. આહાહા..! પછી મરીને તિર્યંચમાં, ઢોરમાં, નરકમાં ચાલ્યો ગયો. આહાહા..! એક આત્મજ્ઞાન વિના.

અંતર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમેશ્વર જેણે આત્મા કહ્યો, એવો

આત્મા. અજ્ઞાનીને તો આત્માની ખબરેય નથી. જેના મતમાં સર્વજ્ઞ નથી એના મતમાં આત્મા શું એની ખબરેય નથી. આહાહા..! જેના મતમાં સર્વજ્ઞ છે અને એણે આત્મા જોયો પૂર્ણાનંદ અનંત આત્મા, અનંત આત્મા સિદ્ધ સમાન જોયા. આહાહા..! એવો આત્મા અજ્ઞાનીએ પોતાનો જોયો નહિ. આહા..! '**પરંતુ યે દો વસ્તુયેં ન મિલી, એક તો સમ્યગ્દર્શન ન પાયા, દૂસરે શ્રીજિનરાજસ્વામી ન પાયે.**' વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સ્વામી ન મળ્યા.

'**યહ જીવ અનાદિકા મિથ્યાદષ્ટિ હૈ,...**' અનાદિની શ્રદ્ધા વિપરીત છે. આહાહા..! કાં તો પુણ્યથી ધર્મ થશે, પાપમાં હરખ—આનંદ આવે છે, નિમિત્તથી મારામાં કલ્યાણ થશે, હું બીજાનું કલ્યાણ કરાવી દઉં છું, હું બીજાને જીવાડી શકું છું, મારી શકું છું એવી મિથ્યાદષ્ટિ. આહાહા..! '**યહ જીવ અનાદિકા મિથ્યાદષ્ટિ હૈ, ઔર ક્ષુદ્ર દેવોંકા ઉપાસક હૈ.**' નીચ હલકા દેવનો સેવક છે. આહાહા..! વ્યંતર ને ભૂતડા ને દેવ દેવલા, વીતરાગ સિવાય. '**શ્રી જિનરાજ ભગવાનકી ભક્તિ ઈસકે કભી નહીં હુઈ,...**' જુઓ! આમાંથી સિદ્ધાંત કાઢશે. શ્રી જિનરાજ ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ મહાવિદેહમાં તો સદા નિરંતર બિરાજે છે. મહાવિદેહમાં વર્તમાન બિરાજે છે સીમંધરસ્વામી તીર્થંકરદેવ. ક્રોડ પૂર્વનું આયુષ્ય, પાંચસો ધનુષનો દેહ, બે હજાર હાથ ઊંચા ભગવાન બિરાજે છે મહાવિદેહમાં મનુષ્યપણે. એ મહાવિદેહમાં સદા તીર્થંકરનો વિરહ નથી હોતો. ત્યાં અનંતવાર જન્મ્યો અને અનંતવાર મહાવિદેહમાં આવ્યો. આહાહા..! પણ '**શ્રી જિનરાજ ભગવાનકી ભક્તિ ઈસકે કભી નહીં હુઈ, અન્ય દેવોંકા ઉપાસક હુઆ સમ્યગ્દર્શન નહીં હુઆ.** '

'**યહાં કોઈ પ્રશ્ન કરે કિ અનાદિકા મિથ્યાદષ્ટિ હોનેસે સમ્યક્ત્વ નહીં ઉત્પન્ન હુઆ, યહ તો ઠીક હૈ, પરંતુ જિનરાજસ્વામી ન પાયે, ઐસા નહીં હો સકતા.** ' જિનરાજદેવ સ્વામી ન મળ્યા (એમ નથી). છે? '**भवि भवि जिण पुज्जिउ वंदिउ**' શાસ્ત્રમાં તો એમ છે કે અનંત અનંત ભવમાં જિનરાજના સમવસરણમાં ભગવાનની પૂજા કરી. આહાહા..! સમજાણું કાંઈ? છે? '**भवि भवि जिण पुज्जिउ वंदिउ' ઐસા શાસ્ત્રકા વચન હૈ,...**' શિષ્યનો પ્રશ્ન છે કે તમે કહો છો કે સમ્યગ્દર્શન પ્રાપ્ત નથી કર્યું એ તો બરાબર છે, પણ જિનરાજસ્વામી નથી મળ્યા એ વાત બરાબર નથી. કેમકે ભવે ભવે જિનવર અનંતવાર પૂજ્યા. આહા..! સમવસરણમાં સાક્ષાત્ ત્રણલોકના નાથ જિનવરદેવ બિરાજે છે ત્યાં મણિરતનના દીવે અને હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલથી ભગવાનની પૂજા કરી. સમજાણું કાંઈ? એવું શાસ્ત્રનું વચન છે. '**અર્થાત્ ભવ-ભવમેં ઈસ જીવને જિનવર પૂજે ઔર ગુરુ વંદે.**' સાક્ષાત્ ધર્માત્મા વીતરાગી સંતો અનુભવી, આત્માના આનંદના અનુભવી સંત એને પણ વંદન કર્યા. સમજાણું કાંઈ? આહા..! '**પરંતુ તુમ કહતે હો, ઈસ જીવને ભવ-વનમેં ભ્રમતે જિનરાજસ્વામી નહીં પાયે, ઉસકા સમાધાન—** ' '**પરંતુ તુમ કહતે હો, ઈસ જીવને ભવ-વનમેં ભ્રમતે...**' સમજ્યા?

'**જો ભાવ-ભક્તિ ઈસકે કભી ન હુઈ,...**' આહાહા..! જિનવરદેવ, જિનવરની પ્રતિમા, જિનવરના મંદિર, જિનવરના સમવસરણમાં અનંતવાર પૂજા, ભક્તિ કરી. પણ આત્મા વીતરાગમૂર્તિ

છે એવી ભાવ-ભક્તિ કદી ન કરી. આહા..! સમજાણું કાંઈ? હેં!

મુમુક્ષુ :— ભક્તિના બે પ્રકાર.

ઉત્તર :— બે પ્રકાર. બહારથી ભગવાનની પૂજા વ્યવહાર, એ વ્યવહાર છે, એ શુભભાવ છે. એ તો અનંતવાર કરી. આત્મા આનંદ વીતરાગમૂર્તિ પ્રભુ એની એકાગ્રતા, સ્વસન્મુખમાં એકાગ્રતા આનંદનો સ્વાદ આવવો એવી જિનરાજની ભક્તિ કદી ન કરી. આહાહા..! પરની ભક્તિ કરે છે તો શુભભાવ થાય છે. શુભભાવ છે એ તો દુઃખ છે. આહાહા..! આકરી વાત ભાઈ! અનંતકાળથી રખડે છે. ભગવાનની ભક્તિ, પૂજા પણ અનંતવાર કરી પણ ભાવભક્તિ નહિ. શુભભાવની ભક્તિ વ્યવહારથી કરી. આહાહા..! આનંદમૂર્તિ પ્રભુ આત્મા એ પોતે સ્વયં જિનરાજ છે. એની ભક્તિ નામ એનો આદર કરી કદી લીન ન થયો. આહાહા..! સમજાણું કાંઈ? સમંતભદ્રસ્વામી કહે છે, પ્રભુ! તમને અભવિ નહિ પૂજે. અભવિ શબ્દે રાગના રસિક પ્રાણી તમને નહિ પૂજી શકે. જેને રાગનો રસ અને વિકારનો પ્રેમ છે એ આપની પરમાર્થ-પૂજા નહિ કરી શકે. એ રાગની પૂજા કરે છે ભગવાન વખતે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવ-ભક્તિ ઈસકે કભી ન હુઈ,...'** આહાહા..! વીતરાગ પરિણતિથી ભગવાનની અંતર પૂજા કરવી એ ભાવ-ભક્તિ છે. વીતરાગ પરિણતિથી અકષાય સ્વભાવની દશાથી, અકષાય સ્વભાવસ્વરૂપની એકાગ્રતા—ભક્તિ કદી ન કરી. વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા એની વીતરાગી પરિણતિથી કદી ભક્તિ ન કરી. આહાહા..! કહો, શેઠ! શાસ્ત્ર પણ અનંતવાર પૂજ્યા, એમ કહે છે. ચૈત્યાલયમાં કર્યા છે ને શાસ્ત્ર.

મુમુક્ષુ :— ભૂલ ક્યાં રહી ગઈ?

ઉત્તર :— ભૂલ રહી ગઈ, અંદર ન ગયો. બહાર લાભ માનીને અંદર જાતો નથી.

મુમુક્ષુ :— કાળલબ્ધિ નથી પાકી.

ઉત્તર :— કાળલબ્ધિ તો એનો પુરુષાર્થ કરે ત્યારે કાળલબ્ધિ પાકે છે. કાળલબ્ધિમાં સ્વભાવ સન્મુખ ન થયો તો પુરુષાર્થ ન કર્યો. તો સ્વભાવની શ્રદ્ધા ન થઈ, કાળલબ્ધિ પણ પાકી નહિ અને ભવિતવ્યતાનો ભાવ પણ ન થયો. પાંચેય સમવાય એક સમયમાં છે. સમજાણું કાંઈ? હું તો બહુ કહેતો હતો, (સંવત) ૧૯૭૨ની સાલથી. કાળલબ્ધિ છે એનું જ્ઞાન કોને થયું? ધારી રાખ્યું.. ભાઈએ એમ કહ્યું છે ને, ટોડરમલે, કાળલબ્ધિ અને ભવિતવ્યતા કોઈ વસ્તુ નથી. આહાહા..! એ પ્રશ્નની તો બહુ ચર્ચા થઈ હતી, ૮૩ની સાલમાં દામોદર શેઠ સાથે. દામોદર શેઠ હતા ને? શેઠ. ગૃહસ્થ હતા. એ બાજુમાં પૈસાવાળા એ હતા. તે દિ' દસ લાખ રૂપિયા. તે દિ' એટલે? અત્યારના પચ્ચીસગુણા ગણવા, પચ્ચીસગુણા. એની સાથે ચર્ચા બહુ થઈ હતી. ઈ કહે, કાળે પાકે તે દિ' થાય. એમાં આપણે પુરુષાર્થ કેમ કરી શકીએ? એમ કહેતા હતા. સમજાણું કાંઈ? પણ કાળે કાળની પર્યાયનું જ્ઞાન કોને થાય છે? ધારણા કરી રાખી છે કે કાળલબ્ધિ છે? સમજાણું કાંઈ? કાળલબ્ધિ તો જે કાળે નિજ સ્વભાવનો શુદ્ધ પુરુષાર્થ કરીને સ્વભાવનો પુરુષાર્થ થયો, પુરુષાર્થ થયો (તે વખતે) કર્મનો પણ

એ જાતનો એટલો અભાવ છે અને કાળે તે સમયે પર્યાય થઈ, ભાવે ભવિતવ્યતાનો ભાવ થયો. એક સમયમાં પાંચેય છે. આહાહા..! ક્યાં પડી છે દુનિયાને? બહારમાં ધમાધમ, બાયડી, છોકરા, કુટુંબ, પૈસા આહાહા..! સાંઈઠ, સાંઈઠ વર્ષ થાય તોપણ નવરો નથી થાતો. પાપ કરવામાં પ્રવીણ, હોંશું. આહા..! નોકરીમાં પણ ૫૫ વર્ષે નિવૃત્તિ મળે છે. નોકરી કરે એમાં ૫૫ વર્ષે. શું કહેવાય ઈ? રિટાયર થાય છે. અહીં તો સાંઈઠ-સાંઈઠ, પાંસઠ થાય તોપણ નવરો થાતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? મુદ્દત હશે કંઈ એને? આહાહા..! જીવે ત્યાં સુધી કરવું આ વેપાર ને ધંધા. આહાહા..! મરી ગયો એમાં અનંતકાળ થયા. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે..' રાગની રુચિવાળો, ભગવાનઆત્મા રાગની રુચિ કરે છે એમાં ભાવમરણ થાય છે. આહાહા..! ક્યાં એને ખબર છે કે શું કરું છું? આહાહા..!

કહે છે, સમજાણું કાંઈ? **'ભાવ-ભક્તિ ઈસકે કભી ન હુઈ.'** આહાહા..! **'ભાવ-ભક્તિ તો સમ્યગ્દૃષ્ટિકે હી હોતી હૈ,...'** આહાહા..! જુઓ! જેણે પોતાનો ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એની અંતરમાં જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને જે પ્રતીતિ થઈ એ સમ્યગ્દૃષ્ટિને જ યથાર્થ ભક્તિ હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? સમંતભદ્ર કહે છે ત્યાં, પ્રભુ! એ અભવિ આપને નહિ વંદે. કેમકે એને રાગની રુચિ છે. આપ વીતરાગ છો. રાગની રુચિવાળા પ્રભુ આપનો આદર નહિ કરે. બહારથી કરે છે એ રાગનો આદર કરે છે. આહાહા..! આવો માર્ગ કઠણ પડે માણસને. મોટી આજે ચર્ચા આવી છે. ભાઈ નથી? હિંમતભાઈ. હેં? ગયા હશે, મહેમાન આવ્યા હશે. મોક્ષ ઉપાય છે, બંધ ઉપાય નથી, આવે છે ને ભાઈ ગાથા? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. એની મોટી ચર્ચા આજે આવી છે. એનો રાગ છે એ મોક્ષનું જ કારણ છે. આહાહા..! એ કોઈ બીજાએ કહ્યું છે. ભાઈએ કહ્યું હતું ને ઓલું? પ્રેમચંદજી, સનાવદ. એણે બહુ મોટો લેખ લખ્યો હતો. સમકિતીનું પુણ્ય મોક્ષનું કારણ છે. અતિશય પુણ્ય આવું છે. પછી ભાઈએ—કૈસાલચંદ્રજીએ જવાબ આપ્યો હતો કે તમારી વાત જૂઠી છે. મોટો લેખ હતો. એની સામે આજે લેખ છે, કો'કનો બીજાનો. તમે સંપાદકે જે આ જવાબ આપ્યો છે તે જૂઠો છે. કહો. હેં! આહાહા..! ટોડરમલે તો ચોખ્ખો અર્થ કર્યો છે, પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. ચોખ્ખો. રાગ છે એ બંધનો ઉપાય છે અને જેને અંશે રાગ તેને અંશે બંધન, જેને અંશે સમ્યગ્દર્શન એને અંશે મોક્ષમાર્ગ. એ તો ગાથાઓ છે. આ તો લેખ છે. તો એનો અર્થ ગાથાનો આ કરવો? જૈનશાસ્ત્રના અર્થ કરવામાં મોટી ભૂલ. આહાહા..! મોટો લેખ છે આજે. ઓલાને અનુમોદન આપ્યું છે. સનાવદવાળાને, પ્રેમચંદજીએ બહુ સારો લેખ લખ્યો હતો. તમે જૈન સંદેશવાળાએ એનો ખોટો ઠરાવ્યો માટે તમારી વાત ખોટી છે. હજી પંડિતો ને પંડિતો વચ્ચે (મતભેદ). હેં?

મુમુક્ષુ :— પોતાના ન થયા હોય તેથી.

ઉત્તર :— અનેક હોય. આહાહા..!

અહીં કહે છે કે ભાવ-ભક્તિ. વીતરાગ શુદ્ધાત્મસ્વરૂપ એની અંતર દૃષ્ટિની લીનતા એનું નામ ભાવભક્તિ. સમજાણું કાંઈ? આમ તો કરોડો અબજો રૂપિયા ખર્ચ્યા ભગવાનના નામે મંદિર બનાવ્યા, ભક્તિ કરી. આહાહા..! સમજાણું કાંઈ? સોનામાં બનાવ્યા, નહિ? ભરતે. આવે છે ને?

ત્રણકાળની (ચોવીસીની) મૂર્તિઓ કરી. ત્રણકાળની ચોવીસી બનાવી. એ તો બહારની ક્રિયા થઈ રજકણથી. આવે છે હવે. વહેલા આવવું જોઈએ ને, અડધો કલાક તો થઈ ગયો. એના માટે રોકાય? એને પણ સાંભળવાનું (જાય). મહેમાનને સાંભળવાનું જાય, પોતાને જાય. એવો ધંધો હોય? હવે આવે છે. સમજાણું કાંઈ? આવું છે આ બધું જગત. અરેરે..!

કહે છે, **'ભાવ-ભક્તિ ઈસકે કભી ન હુઈ, ભાવ-ભક્તિ તો સમ્યગ્દૃષ્ટિકે હી હોતી હૈ,...'** જિનરાજની ભાવ-ભક્તિ સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. આહા..! સમજાણું કાંઈ? જેને દયા, દાન, વ્રતના રાગનો પ્રેમ છે, રુચિ છે એને ભગવાનની ભક્તિ હોતી નથી. સમજાણું કાંઈ? આહા..! અડધો કલાક મહેમાનનો ગયો, અડધો કલાક તમારો ગયો સાંભળવાનો. એવા ખોટના ધંધા હોય? એને પણ સાંભળવાનું મળે ને અડધો કલાક. એય! અહીં આવ્યા તો સાંભળે તો ખરા શું છે આ. એ તો બધી પરાયણ માંડી છે રાગની. આહાહા..!

અહીં પ્રભુ કહે છે, ઈ સંતો કહે છે આડતિયા થઈને. ભગવાનઆત્મા અનાદિકાળથી ભવભ્રમણ અનંત કર્યા, છતાં ક્યાંય સમકિત અને જિનરાજસ્વામી પામ્યો નહિ. બાકી બધું મળ્યું. આહાહા..! તો શિષ્યનો પ્રશ્ન છે કે જિનરાજસ્વામી ન મળ્યા? જિનરાજના સમવસરણમાં તો અનંતવાર ગયો છે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે, જિનવરદેવ ત્રિલોકનાથ, મહાવિદેહમાં કદી વિરહ હોતો નથી. અરે! ત્રણકાળમાં ત્રણલોકમાં જાણનારનો વિરહ હોતો નથી. ત્રણકાળ જ્ઞેય છે ને. તો એના જાણવાવાળાનો વિરહ કોઈ દિ' ત્રણકાળમાં હોતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? તો તીર્થંકરના સમવસરણમાં પણ અનંતવાર ગયો. પૂજા અનંતવાર કરી અને તમે કહો છો કે જિનરાજસ્વામી મળ્યા નથી. એવો શિષ્યનો પ્રશ્ન છે.

ગુરુ કહે છે કે એ અનંતવાર મળ્યા એ દ્રવ્ય-ભક્તિ કરી, ભાવ-ભક્તિ નહિ. ભાવ-ભક્તિ તો સમ્યગ્દૃષ્ટિ જ કરી શકે છે. આહાહા..! જેને વીતરાગભાવ રુચ્યો અને રાગની રુચિ ગઈ એ જિનરાજસ્વામીની ભાવ-ભક્તિ કરી શકે છે. આહાહા..! ભગવાનની દ્રવ્ય-ભક્તિ એ રાગ છે, એ રાગની જેને રુચિ છે એને ભાવ-ભક્તિ હોઈ શકતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— એ હિસાબે દેશનાલબ્ધિ અને પ્રાયોગ્યલબ્ધિ મળી નહિ?

ઉત્તર :— મળી અનંતવાર. દેશનાલબ્ધિ, પ્રયોગ્યલબ્ધિ અનંતવાર મળી છે, કરણલબ્ધિ નથી કરી. આહા..! અંતર્મુખ થયો નહિ. જ્યાં ભગવાન શુદ્ધ ચૈતન્યઘન બિરાજે છે. આહાહા..! અંતર આનંદકંદ પ્રભુ છે એ તરફનો ઝુકાવ એક સમય પણ અનંતકાળમાં કદી કર્યો નહિ. આહાહા..! છે?

**'ભાવ-ભક્તિ તો સમ્યગ્દૃષ્ટિકે હી હોતી હૈ, ઔર બાહ્યલૌકિકભક્તિ ઈસકે સંસારકે પ્રયોજનકે લિયે હુઈ વહ ગિનતીમેં નહીં.'** આહાહા..! શુભરાગના પ્રયોજન માટે ભક્તિ કરી. શુભરાગનું ફળ તો સંસારના ભોગ છે. આહાહા..! ભોગ માટે કરી એમ આવે છે ને? બંધ અધિકારમાં આવે છે. ધર્મ ભોગ હેતુ. ધર્મ શબ્દે પુણ્ય ભોગ હેતુ, બહારના અનુભવ માટે. સ્વના અનુભવ માટે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે' એ

ભક્તિ છે. અંદર પરમાત્મસ્વરૂપ ભગવાન બિરાજે છે. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, યેહી વચનસે સમઝ લે જિનપ્રવચનકા મર્મ.' સમજાણું કાંઈ? બહિર્મુખની દૃષ્ટિ છોડીને અંતર્મુખની એકાગ્રતા કરે છે એને ભાવભક્તિ હોય છે એમ કહે છે. આહાહા..! એ જ ભાવ-ભક્તિ છે. એ જિનરાજ પોતે છે. સ્વયં જિનરાજ છે. આહાહા..! કેમ બેસે? એક પાશેર ચા પીને ન આવે તો મગજ ફરે. બે બીડી પીને ન આવે તો મગજ ઠેકાણે ન રહે. આટલા તો અપલખણ એના. આહાહા..! હવે એને કહે કે ત્રણલોકનો નાથ આનંદનો સાગર પ્રભુ અંદર છે. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ રાગના એની રુચિ છોડ. એ રાગની રુચિ છે. આહાહા..! એ રાગની રુચિ સમ્યગ્દૃષ્ટિ જ છોડી શકે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અનંતવાર ભક્તિભાવ બહારના તો કર્યા, ભવે ભવે પૂજિયો. સમવસરણ ભગવાનના એમાં પણ અનંતવાર ગયો. પણ એ તો શુભભાવ હતો, રાગ હતો, એ કોઈ આત્માના કલ્યાણનો પંથ નથી. આહાહા..! ત્યારે ઓલા કહે છે, સમ્યગ્દૃષ્ટિનો શુભભાવ પરંપરાએ મોક્ષનું કારણ છે. પણ કઈ અપેક્ષાએ? આહાહા..! શું કરે પણ? જેને અંદર નવરાશ નિવૃત્તિ, ભગવાનઆત્મા રાગથી નિવૃત્તસ્વરૂપ છે. રાગની પ્રવૃત્તિસ્વરૂપ એ સ્વરૂપ જ નથી આત્માનું. આહાહા..! નિવૃત્તસ્વરૂપ છે. નિવૃત્ત આવે છે, નિયમસારના પાંચમા ભાવાર્થમાં. નિવૃત્તસ્વરૂપ. નિયમસારમાં વ્યવહાર અધિકાર છે ને? એ નિવૃત્તસ્વરૂપ છે, રાગથી નિવૃત્તસ્વરૂપ પ્રભુ છે. આહાહા..! બહારની તો વાત જ શું કરવી? જડ અને પર આત્મા એની સાથે તો કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! પણ રાગ સાથે સંબંધ બંધ નથી. રાગ સાથે સંબંધ બંધ નથી. સંબંધ કરે તો બંધ થાય છે. આહાહા..!

ભગવાનઆત્મા રાગનો સંબંધ છોડીને સ્વભાવનો સંબંધ—અબંધનો સંબંધ કરે.. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન અબંધસ્વરૂપ છે. એની સાથે રાગનો પણ સંબંધ નથી. આહાહા..! આવી સંબંધ વિનાની ચીજ આત્મા, પણ એ કરવાની દરકાર પણ ક્યાં છે? આ દુનિયામાં કંઈક કમાયા ને પાંચ-પચ્ચીસ લાખ મળ્યા ને કંઈક મકાન ઠીક ને આબરુ ઠીક (થઈ તો) ફાવ્યા. ભલે મરીને નરકમાં જાય, ઢોરમાં, કોણ પૂછે છે ત્યાં? આ તો અત્યારે તો અહીં ફાવ્યા. હેં! ધૂળમાંય નથી ફાવ્યા, સાંભળને. ભગવાનઆત્માની લક્ષ્મી, નિજસંપદા જે પરમાત્મસ્વરૂપ પરમાત્મા એ સંપદાની સંપદામાં એકાગ્રતા ન થઈ, એકાંત એ સંપદાનો અંતરમાં સ્વીકાર કર્યો નહિ અને આપદા રાગાદિનો સ્વીકાર કર્યો એને ભાવ-ભક્તિ હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**બાહ્યલૌકિકભક્તિ ઈસકે સંસારકે પ્રયોજનકે લિયે હુઈ...** ' લ્યો. એટલે એ મૂળ રાગનો હેતુ, રાગની રુચિ છે ને, એ સંસારનું જ પ્રયોજન છે. રાગ જે દયા, દાન આદિનો છે એનો પ્રેમ છે એ સંસારનો પ્રેમ છે, એ સંસારનું જ પ્રયોજન છે એમાં. આહાહા..! અને જેને રાગનો પ્રેમ છે એને અરાગી વીતરાગ પ્રત્યે દ્વેષ છે. આહાહા..! માર્ગ આવો છે. અરેરે! વીતરાગ શું માર્ગ કહે છે એની ખબર નથી. વાડામાં જન્મ્યા અને એમ ને એમ મરી જાય, થઈ રહ્યું, જાઓ. ફૂ... હાડકા રાખ થઈને હાલ્યા જાય. આહાહા..!

અહીંયા કહે છે કે ભાવ-ભક્તિ સમકિતીને હોય છે અર્થાત્ એને રાગની રુચિ હોતી નથી અને વીતરાગસ્વભાવની રુચિ હોય છે તો એને ભાવ-ભક્તિ છે. અને જેની રાગમાં રુચિ છે એને સ્વભાવ પ્રત્યે દ્વેષ છે, એને ભાવ-ભક્તિ ન થઈ. આહાહા..! શુભરાગને પડખે ચડી ગયો. પડખે શું કહે છે હિન્દીમાં? હેં? રાગના પક્ષમાં ચાલ્યો ગયો. આહાહા..! પોતાનો ભગવાન પૂર્ણાનંદ છે એને તો દૃષ્ટિમાંથી છોડી દીધો. આહાહા..! તો બાહ્ય ભક્તિ અજ્ઞાનીને હોય છે, '**વહ ગિનતીમેં નહીં.**' આહા..! '**ઉપરકી સબ બાતેં નિઃસાર (થોથી) હૈં,...**' આહાહા..! ભગવાનનું સ્મરણ કરવું, ભગવાનની પૂજા કરવી ને ભગવાનને વંદન કરવા, ગુરુને વંદન કરવા. આહાહા..! એ બધું સમ્યગ્દર્શન વિના નિઃસાર છે, આહાહા..! એમાં કંઈ સાર નથી. આહાહા..! '**(થોથી) હૈં,...**' છે? '**ભાવ હી કારણ હોતે હૈં.**' અંતર ભગવાન વીતરાગસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, વીતરાગ પરિણતિથી ભાવ-ભક્તિ કામ આવે છે. આહાહા..! છે? '**ભાવ હી કારણ હોતે હૈં. સો ભાવ-ભક્તિ મિથ્યાદૃષ્ટિકે નહીં હોતી.**' આહાહા..!

'**જ્ઞાની જીવ હી જિનરાજકે દાસ હૈં,...**' વીતરાગના દાસ તો જ્ઞાની છે. કેમકે જેને વીતરાગની દૃષ્ટિ થઈ, વીતરાગસ્વભાવનો આદર થયો એ જિનરાજના દાસ છે. અજ્ઞાની તો રાગનો દાસ છે. આહાહા..! એવો માર્ગ છે. હજી તો પાપ આડે નિવૃત્તિ કરીને દેવ-ગુરુ-શાસ્ત્રના દર્શન કે ભક્તિ એના પણ ઠેકાણા નથી. અહીં તો એ હોય તો કહે છે કે એ આત્મ-ભક્તિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ચોવીસ કલાકમાં બાયડી ને છોકરા ને પૈસા ને ખાવું ને ભોગ ને આબરુ ને કીર્તિ ને ચોપડા તપાસવા લેણા-દેણાના. અરેરે! શું કરે છે ભાઈ તું? ક્યાં તું જઈ ચડ્યો પ્રભુ? તારો માર્ગ મૂકીને ક્યાં જાય છે? આહાહા..!

રુચિ અનુયાયી વીર્ય. જેને રાગની રુચિ છે તેનું વીર્ય રાગમાં કામ કરશે. આહાહા..! વાત તો ઘણી થોડી છે પણ કિંમતી આ છે. જેને વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા એની જેને રુચિ છે એને વ્યવહારરત્નત્રયની રુચિ નથી. આગળ કહેશે થોડું. અભેદરત્નત્રયથી મુક્તિ છે, ભેદરત્નત્રયથી સ્વર્ગ મળશે. પછી મુક્તિ થશે. ભેદાભેદરત્નત્રય. છે, છે ને ગાથા, નહિ? ભેદાભેદરત્નત્રય, ૧૪૭, '**ભેદાભેદરત્નત્રયકી ભાવનાસે રહિત જીવકા મનુષ્ય-જન્મ નિષ્ફલ હૈ,...**' ત્યાં છે, ૧૪૭માં છે. પહેલી જ કડીમાં છે. '**વૈસે હી ઈસ અસાર શરીરકે આધારસે...**' ટીકા છે પાછળ ૧૪૭માં. '**વીતરાગ પરમાનંદ શુદ્ધાત્મસ્વભાવકા સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ નિશ્ચયરત્નત્રયકી ભાવનાકે બલસે મોક્ષ પ્રાપ્ત કિયા જાતા હૈ, ઔર નિશ્ચયરત્નત્રયકા સાધક...**' નિમિત્ત '**જો વ્યવહારરત્નત્રય ઉસકી ભાવનાકે બલસે સ્વર્ગ મિલતા હૈ, તથા પરમ્પરાસે મોક્ષ હોતા હૈ.**' એટલે એનો અભાવ કરીને, એમ. ન્યાં જોર આપે લોકો. આહાહા..!

અહીંયા તો નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર—સ્વરૂપની રમણતા, આનંદના ધામમાં આનંદની પરિણતિ એ જ પૂર્ણ આનંદનું કારણ છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનું ધામ આત્મા એની અતીન્દ્રિય આનંદની પરિણતિ—પર્યાય, એ અતીન્દ્રિય આનંદની પૂર્ણતાની પ્રાપ્તિ એનાથી છે.

આહાહા..! સમજાણું કાંઈ? રાગ છે એ તો બંધનું કારણ છે. પણ સમ્યગ્દૃષ્ટિને, રાગ છોડવા લાયક છે, એવી દૃષ્ટિ થઈ છે તો એ રાગ છોડીને અભેદરત્નત્રયને પૂર્ણતા કરશે. સમજાણું કાંઈ? લ્યો.

'**જ્ઞાની જીવ હી જિનરાજકે દાસ હૈં, સો સમ્યક્ત્વ બિના ભાવ-ભક્તિકે અભાવસે જિનસ્વામી નહીં પાયે,...**' આ ખુલાસો કર્યો. અનંતકાળમાં એક સમકિત નથી પામ્યો અને જિનરાજસ્વામી નથી પામ્યો. જિનરાજસ્વામી ન પામ્યો એની સ્થિતિ શું? કે રાગની રુચિ રહી એને જિનરાજસ્વામી ન થયા. જેને આત્મા વીતરાગની રુચિ થઈ અને વીતરાગ પરિણતિ થઈ એના જિનરાજસ્વામી થયા. સમજાણું કાંઈ? અજ્ઞાની તો રાગનો સ્વામી થયો. આહાહા..! એવો માર્ગ છે, ભાઈ! અનંતકાળમાં રઝળતા રખડતા.... '**જો જિનવરસ્વામીકો પાતે, તો ઉસીકે સમાન હોતે,...**' આ ખુલાસો આવ્યો. જેને જિનરાજ વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા એની જેને દૃષ્ટિ, સમ્યગ્દર્શન, જ્ઞાન થયા તે તો ભગવાન સમાન થઈ જાય છે. '**ઉપરી લોગ-દિખાવારૂપ ભક્તિ હુઈ, તો કિસ કામકી...**' લોકો કહે, ઓહો..! ભક્તિ કરે જાણે રાડ પાડે મોટી ને ભગવાન પાસે.. આહાહા..! જાણે ભારે ભક્તિ હશે ભગવાનની. સમજાણું કાંઈ? એ લોક-દેખાવની ભક્તિ છે. આહાહા..! '**તો કિસ કામકી યહ જાનના.**'

'**અબ શ્રીજિનદેવકા ઔર સમ્યગ્દર્શનકા સ્વરૂપ સુનો.**' હવે જિનદેવ અને સમ્યગ્દર્શનનું સ્વરૂપ કહે છે. '**અનંત જ્ઞાનાદિ ચતુષ્ટ સહિત ઔર ક્ષુધાદિ અઠારહ દોષ રહિત...**' એ જિનસ્વામી. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય. ચતુષ્ટય કહ્યા ને ચાર? '**ક્ષુધાદિ અઠારહ દોષ રહિત...**' સર્વજ્ઞ પરમેશ્વરને ક્ષુધા નથી હોતી, તૃષા નથી હોતી, રોગ નથી હોતો. આહાહા..! સમજાણું કાંઈ? અઢાર દોષ રહિત છે. આહાહા..! એ જિનસ્વામી છે. ભગવાનને રોગ થયો ને દવા લીધી એ બધી વાત ખોટી છે. એ જૈનશાસ્ત્ર જ નથી. વીતરાગ બતાવનારા એ શાસ્ત્ર નહિ. સમજાણું કાંઈ? ભગવાનને રોગ થયો, આવે છે ને? ચીમનભાઈએ ત્યાં સાંભળ્યું હશે કે નહિ? નવરામાં નહિ સાંભળ્યું હોય. ભગવાનને રોગ થયો હતો. છ મહિના સુધી લોહીખંડ ઝાડો. બધું ખોટું છે. સર્વજ્ઞ જિનરાજને રોગ નથી હોતો, ક્ષુધા નથી હોતી, આહાર નથી લેતા એ. અનંતઆનંદના ભોગમાં આહાર શું? આહાહા..!

મુમુક્ષુ :— અગિયાર પરિષહ છે.

ઉત્તર :— એ અગિયાર પરિષહનો અભાવ છે. નિમિત્ત કહીને દેખાડ્યું છે. છે નહિ. અશાતાનો એટલો ઉદય છે, બતાવ્યું જરી. પરમાર્થે નથી. એવી વાત છે. મોટો દરિયો હોય દરિયો મીઠો, સમુદ્ર એમાં જરીક રાખની ચપટી આટલી પડે એની કોઈ ગણતરી નથી. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે ઈ. આહા..!

મુમુક્ષુ :— ઈ અશાતાનો ઉદય છે.

ઉત્તર :— ઈ અશાતાનો ઉદય શાતારૂપે પરિણમી જાય છે. અનંતગુણી શાતાનો રસ રૂપે થઈ જાય છે. એવી વાત છે, પણ આ તો અંતર વસ્તુની સ્થિતિ આવી છે. વાડા બાંધીને બેસે અને

તકરાર કરે તો પાર આવે એવું નથી. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર ક્ષુધા, તૃષા રહિત છે. છે?

**'વે જિનસ્વામી હૈં, વે હી પરમ આરાધને યોગ્ય હૈં,...'** આહાહા..! એ વીતરાગસ્વભાવી પરમાત્મા આરાધવા યોગ્ય છે. '**તથા શુદ્ધાત્મજ્ઞાનરૂપ નિશ્ચયસમ્યક્ત્વ...**' જુઓ! સત્ય સમકિત, સત્ય નિશ્ચય સમકિત, વીતરાગ સમકિત શુદ્ધાત્મજ્ઞાનરૂપ છે. આહાહા...! શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એની જે શ્રદ્ધા, તેની શ્રદ્ધા તે નિશ્ચયસમકિત. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ એ તો રાગ વિકલ્પ છે. સમજાણું કાંઈ? અરે! ભારે વાતું આવી. છે? '**શુદ્ધાત્મજ્ઞાનરૂપ નિશ્ચયસમ્યક્ત્વ અથવા...**' વ્યવહાર કહે છે હવે. '**વીતરાગ સર્વજ્ઞદેવકે ઉપદેશે હુએ...**' ભગવાન ત્રિલોકનાથ જિનવરદેવે કહેલા '**ષટ્ દ્રવ્ય,...**' ભગવાનના જ્ઞાનમાં ષટ્ દ્રવ્ય આવ્યા છે. ભગવાને કહેલા છ દ્રવ્ય. આત્મા, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ છ દ્રવ્ય છે. આહાહા..! એ છ દ્રવ્યની શ્રદ્ધા—શુભરાગ એ વ્યવહારસમકિત છે. એ સરાગ સમકિત છે, ઓલું વીતરાગ સમકિત છે. સરાગ કહો કે વ્યવહાર કહો. સમજાણું કાંઈ? વીતરાગ સમકિત કહો કે નિશ્ચય સમકિત કહો. આહાહા..!

'**નૌ પદાર્થ...**' છે ને? સાત તત્ત્વમાં આસ્રવમાં પુણ્ય-પાપ નાખી દીધા, ભિન્ન કરીને નવ પદાર્થ. '**પાંચ અસ્તિકાય ઉનકા શ્રદ્ધાનરૂપ સરાગ સમ્યક્ત્વ...**' એ સરાગ સમકિત છે. રાગરૂપી ભાવમાં સમકિતનો આરોપ છે, આરોપ છે. એ સમકિતની પર્યાય નથી. સરાગ સમકિત કોઈ સમકિતની (પર્યાય નથી), એ તો ચારિત્રની પર્યાય પણ નથી. ચારિત્રની વિરુદ્ધ પર્યાય રાગ છે, એને વ્યવહાર સમકિત કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**યહ નિશ્ચય વ્યવહાર દો પ્રકારકા સમ્યક્ત્વ હૈ. નિશ્ચયકા નામ વીતરાગ હૈ,...**' જુઓ! '**વ્યવહારકા નામ સરાગ હૈ.**' લ્યો. આહાહા..! સરાગ આવે છે, છે હેય. પણ આવે છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી નિશ્ચયસમ્યગ્દર્શનપૂર્વક વ્યવહારસમકિત નામ રાગભાવ આવે છે. એ તો દુઃખરૂપ છે, હેય છે, ઉપચારથી સમકિત કહેવામાં આવ્યું છે. આત્માનું સમ્યગ્દર્શન વીતરાગી દૃષ્ટિ નિર્મળ એની સાથે સહચર સાથે અને નિમિત્ત તરીકે ગણીને ઉપચારથી વ્યવહારસમકિત કહેવામાં આવ્યું છે. એ સરાગ સમકિત કહો કે વ્યવહાર સમકિત કહો. આવું બધું ક્યાં હવે ભણવા જવું. આહાહા..! સંસાર આડે નવરો ક્યાં, પાપ આડે. પણ એના દુનિયામાં વખાણ થાય, લ્યો. બહારમાં. આને કોણ ઓળખે? સારે ઠેકાણે દીકરો પરણે, દીકરી સારે ઠેકાણે આવે. આ માને કે મેં સરખું કર્યું, મારા પુણ્યને લઈને કર્યું. આહાહા..!

અરે! બાપુ! તારી 'સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર શું ગાઢી', એ સગાઈ છે. સપરિવાર—અનંતગુણ સાથે સગાઈ. આહા..! રાગ સાથે સગાઈ એ તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? નિશ્ચયનું નામ વીતરાગ, વ્યવહારનું નામ સરાગ. આ વ્યાખ્યા. જ્યાં જુઓ ત્યાં બધે આ લેવું. વ્યવહારનું નામ સરાગ, નિશ્ચયનું નામ વીતરાગ. આહાહા..! ત્યારે ઓલો કહે છે ને, ચોથે ગુણસ્થાને વીતરાગ સમકિત ન હોય. એય! ચેતનજી! હેં! કાગળના કાગળ આવ્યા કરે છે, વિકાસચંદજીનો.

મહિને, બે મહિને. વીતરાગ સમકિત તો સાતમે હોય. ચોથે સરાગ સમકિત હોય. બસ, સરાગ સમકિત હોય? અને એમાં શ્રીમદ્ પણ ભૂલ્યા છે, ટોડરમલ ભૂલ્યા છે, બનારસીદાસ ભૂલ્યા અને તમે ભેગા ભૂલ્યા. ચેતનજીના મિત્ર હતા, સહચર. (તે એમ કહેતા). આહાહા..! કહો, ભાઈ, તમને ઠીક લાગે એમ કહો.

મુમુક્ષુ :— જયસેનાચાર્યએ તો કહ્યું છે.

ઉત્તર :— જયસેનાચાર્ય શું કહે છે? એ તો નિશ્ચય છે તો વ્યવહાર હોય ભેગો, એમ કહ્યું છે. રાગની પ્રધાનતાના દોષથી ત્યાં વર્ણન કર્યું છે. સમકિત છે તે વીતરાગ જ હોય છે. આહાહા..! નિશ્ચયસમકિત ચોથેથી હોય છે અને તે વીતરાગ હોય છે એટલી પર્યાય. આહા..! સમજાણું કાંઈ?

**'એક તો ચૌથે પદકા યહ અર્થ હૈ, ઔર દૂસરે ઐસા 'सिवसंगमु सम्मत्तु' ઈસકા અર્થ ઐસા હૈ, કિ શિવ જો જિનેન્દ્રદેવ ઉનકા સંગમ અર્થાત્ ભાવસેવન ઈસ જીવકો નહીં હુઆ,...'** આહાહા..! ભગવાન જિનેન્દ્રદેવ પ્રભુ આત્મા પોતે આત્મા સ્વયં જિનેન્દ્રદેવ જ છે. આહાહા..! એનું સેવન ન કર્યું. સંગમ નામ સેવન. **'ઔર સમ્યક્ત્વ નહીં ઉત્પન્ન હુઆ.'** લ્યો. **'સમ્યક્ત્વ હોવે તો પરમાત્માકા ભી પરિચય હોવે.'** આહાહા..! શું કહે છે? કે સમ્યગ્દર્શન જો સ્વરૂપની રુચિ અને અનુભવ હોય તો પરમાત્માનો પરિચય થાય. અજ્ઞાનીને રાગનો પરિચય છે. આહાહા..! સમજાણું કાંઈ? ૧૪૩ થઈ. વિશેષ કહેશે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૪૪

अथ शुद्धात्मसंवित्तिसाधकतपश्चरणप्रतिपक्षभूतं गृहवासं दूषयति–

२७५) घर-वासउ मा जाणि जिय दुक्किय-वासउ एहु।
पासु कयंतेँ मंडियउ अविचलु णिस्संदेहु।।१४४।।
गृहवासं मा जानीहि जीव दुष्कृतवास एषः।
पाशः कृतान्तेन मण्डितः अविचलः निस्सन्देहम्।।१४४।।

घरवासउ इत्यादि। घर-वासउ गृहवासम् अत्र गृहशब्देन वासमुख्यभूता स्त्री ग्राह्या। तथा चोक्तम्–''न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते।।'' मा जाणि जिय हे जीव त्वमात्महितं मा जानीहि। कथंभूतो गृहवासः। दुक्किय-वासउ एहु समस्तदुष्कृतानां पापानां वासः स्थानमेषः, पासु कयंते मंडियउ अज्ञानिजीवबन्धनार्थं पाशो मण्डितः। केन। कृतान्तनाम्ना कर्मणा। कथंभूतः। अविचलु शुद्धात्मतत्त्वभावनाप्रतिपक्षभूतेन मोहबन्धनेनाबद्धत्वादविचलः णिस्संदुहु संदोहो न कर्तव्य इति। अयमत्र भावार्थः। विशुद्धज्ञानदर्शनस्वभाव-परमात्मपदार्थभावनाप्रतिपक्षभूतैः कषायेन्द्रियैः व्याकुलक्रियते मनः, मनःशुद्ध्यभावे गृहस्थानां तपोधनवत् शुद्धात्मभावना कर्तुं नायातीति। तथा चोक्तम्–''कषायैरिन्द्रियैर्दुष्टै-र्व्याकुलीक्रियते मनः। यतः कृर्तुं न शक्यते भावना गृहमेधिभिः।।''।।१४४।।

आगे शुद्धात्माका साधक जो तपश्चरण उसके शत्रुरुप गृहवासको दोष देते हैं–

गाथा–१४४

अन्वयार्थ :– [जीव] हे जीव, तू इसको [गृहवासं] घर वास [मा जानीहि] मत जान, [एषः] यह [दृष्कृतवासः] पापका निवासस्थान है, [कृतांतेन] यमराजने (कालने) अज्ञानी जीवोंके बाँधनेके लिये यह [पाशः मंडितः] अनेक फाँसोंसे मंडित [अविचलः] बहुत मजबूत बंदीखाना बनाया है, इसमें [निस्संदेहम्] सन्देह नहीं है।

भावार्थ :– यहाँ घर शब्दसे मुख्यरुप स्त्री जानना, स्त्री ही घरका मूल है, स्त्री बिना गृहवास नहीं कहलाता। ऐसा ही दूसरे शास्त्रोमें भी कहा है, कि घरको घर मत जानो, स्त्री ही घर है, जिन पुरुषोंने स्त्रीका त्याग किया, उन्होंने घरका त्याग किया। यहाँ घर मोहके बँधनसे अति दृढ़ बँधा हुआ है, इसमें संदेह नहीं है। यहाँ तात्पर्य ऐसा है, कि शुद्धात्मज्ञान दर्शन शुद्ध भावरुप जो परमात्मपदार्थ उसकी भावनासे विमुख जो विषय कषाय हैं, उनसे यह मन व्याकुल होता है। इसलिये मनका शुद्धिके बिना गृहस्थके यतिकी तरह शुद्धात्माका ध्यान नहीं होता। इस कारण घर का त्याग करना योग्य है, घरके बिना त्यागे मन शुद्ध नहीं होता। ऐसी दूसरी जगह भी कहा है, कि कषायोंसे और इन दुष्ट इन्द्रियोंसे मन व्याकुल होता है, इसलिये गृहस्थ लोग आत्मभावना कर नहीं सकते।।१४४।।

---

હવે, શુદ્ધ આત્માના સંવેદનનું સાધક જે તપશ્ચરણ તેનાથી પ્રતિપક્ષભૂત ગૃહવાસને દોષ દે છે (ગૃહવાસનો દોષ બતાવે છે) :-

ભાવાર્થ :–અહીં 'ગૃહ' શબ્દથી મુખ્યપણે સ્ત્રી લેવી. વળી, કહ્યું પણ છે કે–''न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते।।'' (અર્થઃ–ગૃહને ગૃહ કહેતા નથી, ગૃહિણીને ગૃહ કહેવાય છે.) હે જીવ! તું ઘરવાસને–સ્ત્રીવાસને આત્માના હિતરૂપ ન જાણ, આ ગૃહવાસ સમસ્ત પાપોનું નિવાસસ્થાન છે. અજ્ઞાની જીવોને બાંધવા માટે કૃતાંત નામના કર્મે શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી પ્રતિપક્ષભૂત મોહના બંધનથી દઢ બાંધતો હોવાથી જે અવિચળ છે એવો અવિચળ પાશ રચ્યો છે, એમાં સંદેહ કરવા યોગ્ય નથી.

વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધ દર્શન જેનો સ્વભાવ છે એવા પરમાત્મપદાર્થની ભાવનાથી પ્રતિપક્ષભૂત કષાય-ઈન્દ્રિયો વડે મન વ્યાકુળ થાય છે, મનની શુદ્ધિ વિના ગૃહસ્થોને તપોધનની માફક શુદ્ધાત્મભાવના કરવાનું બની શકતું નથી. વળી, કહ્યું પણ છે કેઃ- ''कषायैरिन्द्रियैर्दुष्टैर्व्याकुलीक्रियते मनः। यतः कृर्तुं न शक्येत भावना गृहमेधिभिः।।'' (અર્થઃ–દુષ્ટ કષાય અને ઈન્દ્રિયોથી મન વ્યાકુળ બને છે, તેથી ગૃહસ્થો આત્મભાવના કરી શકતા નથી.) ૧૪૪.

# વીર સંવત ૨૫૦૨, મહા સુદ ૧૧, રવિવાર
# તા. ૩૦-૧-૧૯૭૭, ગાથા-૧૪૪, પ્રવચન નં. ૨૦૧

પરમાત્મપ્રકાશ, ૧૪૪ ગાથા. 'આગે શુદ્ધાત્મજ્ઞાનકા સાધક...' આત્મા શુદ્ધસ્વરૂપ પરમાત્મસ્વરૂપ એનું સાધક ચારિત્ર છે અને ચારિત્ર તે મોક્ષનું કારણ છે. એનું સાધક '**તપશ્ચરણ...**' એટલે મુનિપણું—ચારિત્રપણું. દીક્ષાકલ્યાણક કહે છે ને? ઈ તપકલ્યાણક કહેવાય છે. તપ એટલે આ અપવાસ એ નહિ. આત્માના અતીન્દ્રિય આનંદમાં સમ્યગ્દર્શન સહિત રમણતા એમાં ઉગ્રતા ઈચ્છાના નિરોધની, અતીન્દ્રિય આનંદનું વેદન આવવું એનું નામ ચારિત્ર અને એનું નામ તપ કહેવાય છે. આહા..! એ કહે છે કે '**શુદ્ધાત્મજ્ઞાનકા સાધક તપશ્ચરણ ઉસકે શત્રુરૂપ ગૃહવાસકો દોષ દેતે હૈં—**' આ ગૃહસ્થાશ્રમ છે એ, ચારિત્ર જે આત્માનું સાધક છે એનો ગૃહસ્થાશ્રમ વેરી છે.

૨૭૫) घर-वासउ मा जाणि जिय दुक्किय-वासउ एहु।
पासु कयंतेँ मंडियउ अविचलु णिस्संदेहु।।१४४।।

**અન્વયાર્થ :— 'હે જીવ, તૂ ઈસકો ઘર વાસ મત જાન, યહ પાપકા નિવાસસ્થાન હૈ,...'** ઘરવાસમાં મુખ્ય સ્ત્રી લીધી છે. સમજાય છે કાંઈ? સ્ત્રી મુખ્ય ઘરવાસમાં અને એનો પરિવાર વાડું બધી બહારની. આહાહા..! '**હે જીવ, તૂ ઈસકો ઘર વાસ મત જાન, યહ પાપકા નિવાસસ્થાન હૈ,...**' આહાહા..! સ્ત્રીનો સંગ અને પરિચય એ પાપનો વાસ—ઘર છે બધું. આહા..! એને લઈને બધો ગૃહસ્થાશ્રમ ઊભો—તોફાન થયું છે. આહાહા..! અહીં તો જે મુનિને યોગ્ય જે ચારિત્ર જોઈએ એ ચારિત્ર ગૃહસ્થાશ્રમમાં હોતું નથી એમ સિદ્ધ કરવું છે. આહાહા..! અને શુદ્ધાત્માનો સાધક તો એ ચારિત્ર છે. સ્વરૂપમાં રમણતા, શુદ્ધોપયોગની રમણતા એ જ મોક્ષનું સાધન તો એ છે. ગૃહસ્થાશ્રમમાં એવું સાધન થઈ શકતું નથી. માટે ગૃહસ્થાશ્રમ, હવે તમારો ગૃહસ્થાશ્રમ આ કારખાના ને લાદી ને એ બધું ક્યાંય રહી ગયું, એ બાયડીને લઈને. એમાં બધું આવી ગયું. ભલે રહ્યું, એમની તો કાંઈ ગણતરી નથી એમ ભાઈ કહે છે. આ ગણતરી અહીંથી શરૂ થાય છે. વાત સાચી. આહાહા..! ભાઈએ લખ્યું છે ને? જયપુર, હુકમચંદજી. મહાવીરે લગ્ન કર્યા નહોતા. કેમકે સ્ત્રી પરણવું એ તો મોટું પાપનું સ્થાન ઊભું કરે. દુર્ઘટના, બધા દુર્ઘટના ઊભી થાય. આહાહા..! બીજું એક કહેતા હતા વર્ણીજી, બે પગો માણસ છે એ બાયડી થાય એટલે ચાર પગો ઢોર થયો. આહાહા..! કાલે સાંજે વિચાર આવ્યો હતો કે આ ચાર પગ હોય ઢોરને અને છ પગ, બાયડીને છોકરો થાય એટલે છ પગો ભમરો થયો ઈ. અને એને બાયડી થાય એટલે આઠ પગો કરોળિયો થયો ઈ. ઈ લાળ કાઢ્યા કરે અને ગુંચાયા કરે. આહા..! ભગવાન નિવૃત્તસ્વરૂપમાં આ બધી પ્રવૃત્તિ. આહાહા..!

ઘરમાં સ્ત્રી મુખ્ય છે એમ કહે છે. એ કહેશે. '**પાપકા નિવાસસ્થાન હૈ, યમરાજને...**'

આહાહા..! જમે, જમરાજ એટલે કાળ. '**અજ્ઞાની જીવોંકે બાંધનેકે લિયે યહ અનેક ફાંસોંસે મંડિત...**' આહાહા..! એના માટે રોકાવું. અરે! સ્ત્રી છે એ મારી છે એ જ મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? એક દ્રવ્યનું બીજું દ્રવ્ય હોઈ શકે ક્યાંથી? આહાહા..! આવી વાત. એમાં સ્ત્રીમાં સર્વસ્વ આપી દે. આહાહા..! કહે છે કે, યમરાજાએ બાંધેલું એ જેલખાનું છે. મુનિરાજને તો ચારિત્ર જે સાધક છે, સ્વરૂપની રમણતા હોં ચારિત્ર. ચારિત્ર એટલે નગ્નપણું થઈ જવું ને પંચમહાવ્રત (પાળવા) એ કંઈ ચારિત્ર નથી. આહાહા..! સ્વરૂપનો અનુભવ થઈને સ્વરૂપમાં રમણતા—ચરવું, રમવું, આનંદનું ભોજન કરવું. આહાહા..! અતીન્દ્રિય આનંદનો ભોગવટો અંદર કરવો. આત્મા ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એ આનંદના ભોગમાં સ્ત્રી ગૃહવાસ મુખ્ય જેલખાનું છે. એનામાં રાગ જતાં તું આનંદમાં નહિ જઈ શકે. સમજાણું કાંઈ? આ તો મુનિરાજ દિગંબર સંત છે.

'**અનેક ફાંસોંસે...**' '**पाशः मंडितः**' '**બહુત મજબૂત બંદીખાના...**' આહાહા..! '**अविचलः**' છે ને? ચળે નહિ એવું બંદીખાનું પાકુ. આહાહા..! બાયડી પરણ્યો એટલે દુર્ઘટના થઈ બધી આખી. આહાહા..! એક મરી જાય તો બીજી ને બીજી મરી જાય તો ત્રીજી. કરે છે ને? હેં! આહાહા..! ચાર ચાર તો અમારા ભાણેજને હતી. રૂપચંદ છે, અમારા બેનનો દીકરો, નહિ? ભાવનગર. ચાર ચાર. નાની ઉંમરમાં ચાર. આ તો અમારા ઘરમાં હતું. છોકરાઓ રહે છે, પુના. અમારા દાદા, બાપના મોટાભાઈ હતા ને, એનો દીકરો આ ભુપેન્દ્ર, એનાથી મોટા હતા. એના બાપથી મોટા હતા. એની દીકરી હતી ત્યાં, એનો આ દીકરો ચાર પરણ્યો હતો. એક, પહેલી અમારા મામાની દીકરી. કારણ કે આમ તો છેટે. દાદાની દીકરીનો દીકરો એટલે મામાની દીકરી પરણ્યો પહેલો. એ મરી ગઈ એટલે બીજી પરણ્યો. બીજી મરી ગઈ તો ત્રીજી પરણ્યો ભાવનગર. તે દિ' હું ત્યાં હતો એના લગ્નમાં. મારાથી મોટા હતા. ભાણેજ થાય, બેનનો દીકરો પણ ચાર વર્ષ મોટો. આહાહા..! એ ન્યાં ત્રીજી પરણ્યો. ત્યાં મોઢાઆગળ રાખી પૂતળી. પૂતળી ઉપર પગ મૂક્યો કે આ મરી ગઈ ને હવે ઘર રહેશે. આહાહા..! ભાવનગરમાં છે ઘર, ઘર. એમ કે આ મરી ગઈ, હવે આ ચોથી થાય. ત્રીજી મરી ગઈ આ. પણ એ સાચેસાચ મરી ગઈ. આ બધા ખેલ જોયા હતા, હોં! આહા..! ચોથી ત્યાં પરણ્યો, નહિ? ભાવનગર. ભાઈ નહિ ઓળખતા હોય. ઓલા રામજીભાઈ નહિ? સ્થાનકવાસી રામજીભાઈ છે. રામજી પાનાતર નહિ, બીજા રામજીભાઈ હતા. આ જુદા, ઘણા વર્ષ થઈ ગયા. સાંઈઠ વર્ષ પહેલાની વાત છે. રામજીભાઈ છે એક. બજારમાં ઘર હતું. આ તો ઘણા વર્ષ પહેલાની વાતું છે ને. આહાહા..! પછી એને છોકરા થયા. હવે આ ઘર રહ્યું, લ્યો. આહાહા..! દિગંબરમાં પણ એક હતો ગૃહસ્થ. ચાર મરી ગઈ ને પાંચમી પરણ્યો. ત્યાં ગામ છે, બધી ખબર છે એના ગામમાં ઘરે ગયેલા. ક્યુ ગામ? વ્યાખ્યાનમાં આવતા. એની કોર છે કોઈ મહારાષ્ટ્રમાં. ઘણે ઠેકાણે ફર્યા પછી યાદ કાંઈ (ન રહે). આ આત્માની વાત યાદ રહે એટલી ઓલી વાત યાદ નથી રહેતી. નામેય ભૂલી જવાય છે હવે. આહા..!

અહીં તો કહે છે, સ્ત્રી એ તો મજબુત બંદીખાનું છે. આહાહા..! યમરાજાએ અનેક ફાંસાથી

મંડિત પકડી રાખ્યો છે એને. આહાહા..! ઊંચી નજર કરી શકે નહિ, હવે ક્યાં જાવું, શું કરવું? બાયડી થઈ હવે એને છોકરા થશે, એને માટે તો વેપાર કરવો પડે આજીવિકાનું (સાધન), અને પોતાના મભા પ્રમાણે દુકાન ચલાવાય, મભા પ્રમાણે દીકરાને પરણાવાય. આહાહા..! એ લાકડા ગરી ગયા મોટા. ચીમનભાઈ! આહાહા..! મભા સમજો છો? આબરુ. પોતાની જે આબરુ હોય એના પ્રમાણમાં કન્યા આવે તો લેવાય, સાધારણ કન્યા ન લેવાય.

મુમુક્ષુ :— ગૃહસ્થાશ્રમ નહિ હોય તો મુનિઓને આહાર કોણ આપશે?

ઉત્તર :— આ પૈસાવાળાનું કીધું હતું ને એક ફેરી? (સંવત) ૧૯૭૮માં પ્રશ્ન થયો હતો ઈ, ચુડામાં, ચુડા. ચુડાનો અપાસરો બજારમાં છે. હવે જરી ફેરવી નાખ્યું. બારણું બજારમાં હતું. હવે જરી ફેરવી નાખ્યું છે. એ બારણું બજારમાં. વ્યાખ્યાન વાંચતા. ૭૮ની વાત છે. માણસ હતું. પહેલેથી અમારી તો આબરુ મોટી છે ને. માણસો બહુ ભરાય. અપાસરો ખીચોખીચ ભરાય. અને ચુડામાં કોણ જાણે એવું પાણી છે ન્યાંનું કે વૃદ્ધ ૮૦-૮૦, ૯૦-૯૦ વર્ષના વૃદ્ધ બહુ. બ્રાહ્મણો, રજપૂતો, સ્થાનકવાસી, દેરાવાસી. ૮૦-૮૦, ૯૦-૯૦ વર્ષના તે દિ' હોં! આ તો ૭૮ની સાલની વાત છે. પહેલા ૭૧માં ગયેલા, ચુડા. પછી ૭૮માં. પછી પણ ગયા હશું. વ્યાખ્યાન ચાલતું હતું. માર્ગ તો અંદરમાં નિવૃત્તિ લેવાનો છે. આહાહા..! ચારિત્ર વિના મુક્તિ નથી. ત્યારે એક પોલીસ સાંભળવા બેઠો હતો બહાર. બારણું બહાર પડે બજારમાં. ઓટલો હતો મોટો, ત્યાં બેઠો, સાંભળ્યું. પૂરું થયું એટલે પ્રશ્ન કર્યો, મહારાજ! બધા સાધુ થાય તો વ્હોરાવનાર કોણ રહેશે? બધા સાધુ થઈ જાય તો? આ ૭૮ની વાત છે. કેટલા વર્ષ થયા? ૫૫. ઈ પોલીસે પ્રશ્ન કર્યો એવો આ શેઠે પ્રશ્ન કર્યો. પોલીસને એમ કહ્યું, ભાઈ! કોઈ કરોડપતિ, લાખપતિ તે દિ' કહેતા, કરોડપતિ તે દિ' ક્યાં હતો. કીધું, કોઈ લાખપતિ થાય ઈ એમ વિચાર કરે છે કે હું લાખપતિ થયો પછી રસોઈ અને વાસણ ઉટકવાવાળા કોણ રહેશે? એમ વિચાર ન કરે. એ રહેશે પાછળ બધા. આહાહા..! તું કરને ચારિત્ર. પાછળ વ્હોરાવનારા રહેશે. આહાહા..! એમ પ્રશ્ન કર્યો હતો.

અરે! બાપુ! જ્યાં રાજા, મહારાજા, આહાહા..! છોડીને ચાલી નીકળે, જંગલમાં ચાલ્યા જાય. આહાહા..! એ જંગલમાંથી અજાણ્યા, જાણ્યા વિના કોઈ સાથમાં લીધા વિના આનંદના કંદમાં ઝુલતા.. આહાહા..! એક વિકલ્પ શરીરના નભાવવાનો ઉઠ્યો છે. આહાહા..! ભિક્ષા માટે જાય, રાજા, મહારાજા, શેઠિયાઓ (કહે), પધારો, પધારો, નાથ! આહા..! અહો! અમારે ઘરે આજે કલ્પવૃક્ષ ફળ્યું. એમ કહીને બધા મળે. બાપુ! શેઠિયાઓ પણ મળે. આહાહા..! આ આત્મા પોતે ત્યાગ કરે રાગનો અને ચારિત્ર લ્યે તો એને શરીરને નભવા માટે નભાવનારા નહિ મળે? આહા..! હેં?

મુમુક્ષુ :— શરીરને આયુષ્ય હોય તો આહાર મળે જ.

ઉત્તર :— આવે જ. બીજી રીતે કહીએ તો શરીરને ટકવું હોય તો ત્યાંના પરમાણુ એને, નથી આવતું નામ? પરમાણુએ પરમાણુ ઉપર નામ લખ્યું છે. દાણે દાણે ભોજન કરનારનું નામ લખ્યું

છે. એનો અર્થ શું? નામ છે અંદર? પણ જે રજકણ ત્યાં આવવાવાળા છે એ આવશે જ. આહાહા..! સમજાણું કાંઈ? અને તારા પ્રયત્ન આહાર લાવવાનો છે એમ છે જ નહિ. આહાહા..! જગતથી ધર્મમાર્ગ બહુ જુદી જાત છે. આહા..!

અહીં કહે છે, '**બહુત મજબૂત બંધીખાના બનાયા હૈ, ઈસમેં સન્દેહ નહીં હૈ.** ' કાળરૂપી યમરાજ. કાળરૂપી યમરાજ હોં! આહાહા..! સમજાણું કાંઈ? છે ને? યમરાજનો અર્થ કાળ કર્યો છે. યમરાજને એટલે કાળને અજ્ઞાની જીવોને. એમ. યમનો અર્થ પણ કાળ થાય છે. આહા..! '**અનેક ફાંસોંસે મંડિત બહુત મજબૂત બંદીખાના બનાયા હૈ, ઈસમેં સન્દેહ નહીં હૈ.** ' દિગંબર સંત છે, આનંદકંદમાં ઝુલે છે. એને કહે છે કે અરે! જીવો! સ્ત્રીનો સંગ કરીને તમે ક્યાં જશો? જેલખાનામાં પડ્યા, બાપુ! તમને મહાબંધન થશે. આહાહા..!

રાત્રે તો વિચાર ઈ આવ્યો હતો કે આઠ પગવાળાનો કરોળિયો કહ્યો પણ આ પચ્ચીસ, પચાસ છોકરાના પગ ને બાયડી ને વહુરુના પગવાળાને શું કહેવું? હેં! પછી કાનખજૂરાનું યાદ આવ્યું હતું. કાનખજૂરો હોય ને? કાનખજૂરો, બહુ પગ હોય એને. આહાહા..! સેંકડો પગ હોય ઝીણા ઝીણા, કાનખજૂરાને ઝીણા પાતળા. આહા..! કાલે નહોતું કો'ક કહેતું? ચામડીને ચોંટે તો ઉખડે નહિ એ. આહાહા..! આ તો ઘણા જોયા હોય ને, જંગલમાં તો ઘણા (હોય). દિશાએ જઈએ ત્યાં જંગલમાં માઈલ, દોઢ માઈલ બહાર જઈએ, ઘણી જાત જોઈ હોય. જંગલમાં એકલા. આહા..! અહીં કહે છે.

**ભાવાર્થ :— 'યહાં ઘર શબ્દસે મુખ્યરૂપ સ્ત્રી જાનના,...'** આહાહા..! '**સ્ત્રી હી ઘરકા મૂલ હૈ,...**'

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ઈ છે, અહીં આવશે. આહા..! '**न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते**' નિત્યનું વાક્ય છે, નિત્ય વાક્યામૃત—૩૧, ૩૨. લખ્યું છે અંદર. '**न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते**' ઘરથી ઘર નહિ પણ સ્ત્રીથી ઘર કહીએ. આહા..! એક ને બે થયા. એક તો ભગવાનઆત્મા પોતે એકલો છે. એને બીજી સ્ત્રી.. આહા..! બંદીખાનુ પડ્યું એને. એકલી સ્ત્રીને છોડે તોપણ કંઈ ત્યાગ કર્યો એમ નહિ. સ્ત્રી પરસંબંધી સંબંધનો જે રાગ છે એ રાગ છોડે તો સ્ત્રીને છોડી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમ તો સ્ત્રી અનંતવાર છોડી છે. ગૃહસ્થાશ્રમમાં હજારો રાણી છોડીને સાધુ અનંતવાર થયો છે. દિગંબર સાધુ અનંતવાર થયો, એ કોઈ નવી ચીજ નથી. પણ અંદર જે આત્મા આનંદકંદ પ્રભુ એમાં જે રાગ થાય છે એનું બંદીખાનું છે એમાં સ્ત્રી મુખ્ય છે. સમજાણું કાંઈ? આહાહા..!

બે પગનો માણસ કહેવાય અને બાયડી પરણે ત્યારે ચાર પગ થાય. બે પોતાના અને બે એના. ચાર પગ તો ઢોરને હોય. ઢોર થયો હવે ઈ. આહાહા..! પશુ. ચાર પગ તો પશુને હોય. આહાહા..! આ મારી બાયડી. એટલે તારા બે પગ અને એના બે પગ, ચાર પગ થયા, ઢોર થયો તું. આહાહા..! એકલી સ્ત્રીના લગનનો પ્રસંગ નથી. પર પ્રત્યેનો જે રાગ અને મોહ છે, તે જ વાત ઘરના બંધનનું

મુખ્ય સાધન છે, કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા આનંદસ્વરૂપ ભગવાન એનું બ્રહ્મચર્ય—બ્રહ્મ નામ આનંદમાં ચરવું, એમાં રમવું એ બ્રહ્મચર્ય, એનાથી વિરુદ્ધ જે રાગ છે તે અબ્રહ્મ છે. એ ખરેખર સ્ત્રીનું ઘર છે. પરિણતિ—રાગની પરિણતિ તે સ્ત્રી છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'યહાં ઘર શબ્દસે...' આહાહા..! એમ કહીને, આત્મા સિવાય પરચીજ બધી પૃથક્ છે, એની એકતાબુદ્ધિ છોડ. પ્રભુ! તને મિથ્યાત્વનું મહાપાપ લાગે છે. આહાહા..! સમજાણું કાંઈ? મિથ્યા એટલે? જે પરદ્રવ્ય પોતાનું નથી એને પોતાનું માનવું એ મિથ્યાશ્રદ્ધા, અસત્ માન્યતા, જૂઠી માન્યતા, પાપના ઘરની માન્યતા છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ કહીને કોઈ સ્ત્રી છોડી દે એટલે ત્યાગી થઈ ગયો, એમ નથી. અંદરમાં રાગની પરિણતિ વ્યભિચારી જે છે એની સાથેનો સંગ છોડીને સ્વભાવ આનંદનો સંગ કરવો એનું નામ ઘરનો ત્યાગ પરનો કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જાત જુદી છે, બાપુ! આ બધા બહારમાં મજા માને છે ને. શરીર કંઈક ઠીક હોય અને પાંચ-પચાસ લાખ પૈસા હોય, બાયડી ઠીક, છોકરા હોય, બસ, હું પહોળો ને શેરી સાંકડી થઈ ગઈ બધી. આઠ છોકરા થાય તો જમીન જોઈએ. લાવો, ગરીબ માણસને જોઈએ છે, જોઈએ છે પોતાને, લાવ, પણ ભાઈસાહેબ, અમારી જમીન પ્રમાણે કિંમત તો અમને દ્યો. નહિ, કિંમત આટલી મળશે. અને સફારશ શેઠિયાની ચાલે ત્યાં અમલદાર અધિકારીમાં. આવા પાડા જેવા બીજાને ભીંસ કરીને મારે. આહાહા..! બાપુ! એ જગતની ચીજ પ્રત્યે મોહ મહાપાપ છે, મહાપાપ છે. જે ભગવાનઆત્મા તો રાગથી રહિત ચીજ છે. આહા..! એને રાગવાળો માનવો એ પણ મિથ્યાત્વ છે. આહાહા..! જૂઠું છે, અસત્ય છે. તો સ્ત્રીવાળો માનવો એ તો મહાજૂઠું છે. આહાહા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? આવી વસ્તુ છે, બાપુ!

બ્રહ્માનંદ ભગવાનઆત્મા એ બ્રહ્મ નામ ભગવાન પોતે આનંદમાં ચરવું, રમવું. આહાહા..! એ વસ્તુની સ્થિતિની મર્યાદા છે. રાગની સાથે રમતું કરવી એ તો વ્યભિચાર છે. આહાહા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ હો, એ વિકલ્પ છે, રાગ છે. એની સાથે રમત એ વ્યભિચાર છે. આહાહા..! માર્ગ જુદી જાતનો, બાપા! આમ બહારથી કાંઈક પૈસા મળ્યા ને શરીર ઠીક રૂપાળું થયું, આહાહા..! મરી ગયા. આહાહા..! પ્રભુ! તું તો રાગથી રહિત તારી ચીજ છે ને. તારું સ્વરૂપ જ રાગથી રહિત વીતરાગમૂર્તિ પ્રભુ તું છો. તને તારી ખબર નથી. એમાં રાગને પોતાનો માનવો એ પણ વ્યભિચાર અને મિથ્યાત્વ છે. આહાહા..! તો સ્ત્રી તો પર ક્યાંય રહી ગઈ. આહાહા..! એના પ્રેમમાં ફસ્યા એ ફાસલામાં ફસાઈ ગયા છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે, પોપટભાઈ! અરે! આવો પણ કેવો ધર્મ?

બાપુ! ભગવાન! તું નિવૃત્તસ્વરૂપ છો. રાગથી પણ નિવૃત્તસ્વરૂપ છો તો પરદ્રવ્યનો તો તારામાં અભાવ છે. પર્યાયમાં રાગ થાય છે એ સ્વ અસ્તિપણે છે એમાં રાગની નાસ્તિ છે સ્વરૂપમાં. પહેલા તો સ્વરૂપ પોતાનું જે છે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અસ્તિ છે, પરદ્રવ્યના ક્ષેત્ર, કાળ, ભાવે નાસ્તિ છે.

શું કીધું ઈ? જેમ આ આંગળી છે એ આંગળી પોતાની વસ્તુથી છે અને આ આંગળીથી નથી. પોતાથી અસ્તિ છે અને પરથી નાસ્તિ છે. એમ ભગવાનઆત્મા પોતાના સ્વરૂપે અસ્તિ છે, પરસ્વરૂપથી તેમાં નાસ્તિ છે. આહા..!

એમાં એક ભાવઅભાવ નામનો ગુણ છે. એટલે પરનો અભાવ થવો માટે અભાવ છે એમ નહિ. એનામાં અભાવ નામનો ગુણ જ છે. પોતાના ભાવસ્વરૂપ છે એ ભાવગુણ છે. ઝીણી વાત બાપુ! ધર્મની વાતું કાંઈ ઝીણી છે. આહા..! ભગવાનઆત્મા ભાવસ્વરૂપ છે એ અસ્તિ છે અને સ્ત્રી આદિ પરદ્રવ્યથી નાસ્તિ છે માટે અભાવસ્વરૂપ છે એમ પણ નહિ. એનો તો અભાવસ્વરૂપ સ્વઅપેક્ષિત ગુણધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? એને પરની અપેક્ષા એટલું કથન સમજવામાં આવે. પણ છતાં પરની અપેક્ષાએ અભાવ છે એમ નહિ, અભાવ પોતાનો જ ગુણ છે. શું કીધું ઈ? આહાહા..! હેં?

આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાયકસ્વરૂપ પોતાથી છે અને રાગ અને પરવસ્તુથી એ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આગળ જો લઈ જઈએ તો.. આહાહા..! ત્રિકાળી ભગવાન પોતાથી છે, એક સમયની પર્યાય પરકાળ છે. આહાહા..! ક્યાં લઈ ગયા? સ્ત્રીથી રહિત, રાગથી રહિત, એક સમયની પર્યાય પરકાળથી રહિત. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે બાપુ! લોકોએ માન્યો છે ધર્મ, સાધારણ આ દયા પાળવી ને વ્રત કરવા, અપવાસ કરવા. ધૂળેય ધાણી નથી એમાં. એ તો રાગની ક્રિયાઓ છે. આહાહા..! જેની વર્તમાન પર્યાય નિર્મળ જે છે ત્રિકાળની અપેક્ષાએ એ પર્યાયને પણ જ્યાં પરકાળ કીધો. આહાહા..! પરકાળનો સ્વકાળમાં અભાવ છે. ત્રિકાળમાં એક સમયની પર્યાયનો અભાવ છે. આહાહા..! એવો જેનો ગુણ છે. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરનો માર્ગ બહુ ઝીણો સૂક્ષ્મ છે, ભાઈ! લોકોને મળ્યો નથી. વાડામાં પડ્યા એને જૈનપણું શું છે એ વાત મળી નથી. સમજાણું કાંઈ? આહાહા..! એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, ત્રણઈન્દ્રિયા, ચૌઈન્દ્રિયા, કામાણી! આવે છે ને? ઈચ્છામી પડિકમણામાં? એ બધું કર્યું. એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, ત્રણઈન્દ્રિયા, ચૌઈન્દ્રિયા, આવે છે કે નહિ? જીવીયા વહરવીયા તસ્સમિચ્છામી દુક્કડં, થઈ ગઈ સામાયિક, લ્યો. ધૂળેય નથી. સાંભળને! આહા..!

સામાયિકમાં તો પહેલો ભગવાનઆત્મા પૂર્ણાનંદથી છે અને પરદ્રવ્યથી નથી. પછી પોતાથી છે, રાગથી નથી. પછી ત્રિકાળથી છે, એક સમયની પર્યાયથી નથી. આહાહા..! આ તો સ્ત્રીને ઘર કીધું ને? મુખ્ય તો રાગની પર્યાય છે એ વ્યભિચારીણી સ્ત્રી છે. સમજાણું કાંઈ? જિનેશ્વરદેવ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરનો માર્ગ કોઈ અલૌકિક લોકોત્તર છે. દુનિયા સાથે ક્યાંય મેળ ને મેળાપ થાય એવો નથી. આહાહા..!

અહીં ઈ કહે છે, '**સ્ત્રી બિના ગૃહવાસ નહીં કહલાતા.**' એમ પણ કહે છે ને, પૂછે ત્યારે શું કહે? આ કોણ છે? અમારા ઘરમાંથી છે. આના ઘરમાંથી એમ કહે ને? આહાહા..! તારા ઘરમાંથી છે ઈ? આહાહા..! વ્યભિચાર ઘર માંડ્યું એમાંથી કહે કે એ અમારા ઘરમાંથી છે. આહાહા..! અરે!

આ તે પાગલપણું. એવી વાત છે ભાઈ! હેં! આ છોકરા કોના છે? ત્યારે એમાં ડહાપણ કરે, પરમેશ્વરના છોકરા છે. એમ કહે છે ને? પોપટભાઈ! બધું જોયું છે ને, સંસાર આખો જોયો છે. સંસારમાં નાચ્યા નથી પણ નાચનારને જોયા છે. આહાહા..! કોનો દીકરો? વળી એવું શીખે, મારું કહેશે, તો કહે નહિ, પરમેશ્વરના દીકરા, પરમેશ્વરના દીકરા છે. આહા..!

એક વાત યાદ આવી હતી. વીરચંદભાઈ છે ને આપણા? રમણીકભાઈના બાપ. વીરચંદભાઈને પૂછ્યું. છોકરાનો છોકરો આવ્યો હતો. તમારો છોકરો આવ્યો હતો. કીધું, આ કોણ? વ્યાજનું વ્યાજ. રમણીકભાઈ! બાપા એમ બોલ્યા હતા, વીરચંદભાઈ. ભાઈ ઊભા હતા કાં તો, નહિ? કપુરભાઈ! તમે ઊભા હતા ત્યાં. એમના દીકરાનો દીકરો થાય ને. આમનો દીકરો. એટલે કીધું, આ કોણ છે? વ્યાજનું વ્યાજ છે. રમણીકભાઈ વ્યાજ, એનું ઓલું વ્યાજ. એમ. અરે! દુનિયામાં પણ ભારે... મૂળગી મુડી નહિ, મુડીનું વ્યાજ છે ઈ. એમ. કામાણી! આવું બધું ચાલે છે ને. આ સંસારના ખેલ. આહાહા..! એમ કે મૂળગી મુડી તો પોતે. એમ. અને દીકરો થયો એ વ્યાજ આવ્યું. અને એને પણ દીકરો તે વ્યાજનું વ્યાજ કહેવાય. શેઠ! આ ભાષા તો સમજો છો કે નહિ? આહાહા..! સંસારની રમતું એવી છે, બાપુ!

અહીં તો કહે છે, પ્રભુ! તારી મુડી તું એકલો આત્મા, શરીર એમ નહિ. તારી મુડી તો અંતર આનંદ અને જ્ઞાનથી ભરેલો ભંડાર આત્મા છે. બાપુ! તને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..! પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ ઈશ્વરતા એ તારી મુડી છે. અને એ મુડીનું વ્યાજ નિર્મળ પરિણતિ તે છે. રાગ નહિ. આહાહા..! મુડીને સંભાળતા પર્યાય ઊપજે છે. આહાહા..!

અહીં કહે છે, '**સ્ત્રી બિના ગૃહવાસ નહીં કહલાતા. ઐસા હી દૂસરે શાસ્ત્રોંમેં ભી કહા હૈ,...**' છે ને? એ નિત્યનું વાક્ય છે. નિત્ય વાક્યામૃત. '**ઘરકો ઘર મત જાનો,...**' નિત્યવાક્યમાં એવું આવ્યું છે. છે એમાં? પંડિતજી! '**न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते**'. ઘર ઘર નથી, પણ સ્ત્રી જ ઘર છે. આહાહા..! એકડે એક ને બગડે બે. એક હતો તે બગડે લાવ્યો, આ મારો એમાં બગડ્યો ઈ. એક દ્રવ્ય ભગવાનઆત્મા અનાદિઅનંત સ્વતંત્ર પદાર્થ એમાં બીજા દ્રવ્યને મારું માન્યું એ બગડ્યો ઈ. આહાહા..! આવી વ્યાખ્યા. કહો, કાળીદાસભાઈ! એમાં બે, પાંચ, દસ લાખ, વીસ લાખ પૈસા થાય, આપણે વધ્યા. પાપમાં. આહાહા..! બાપુ! તને ખબર નથી. તારો નાથ અનંતઆનંદ અને અનંતશાંતિથી ભરેલો એમાં આ બધા નિમિત્તો છે એ તો દુઃખના નિમિત્ત છે. તારી શાંતિનો ઘા મારે છે અંદર. આહાહા..! તને ખબર નથી. સમજાય છે કાંઈ? એ અહીં આચાર્ય ઈ કહેવા માગે છે. રાગનું ઘર છે, પોતાનો રાગ થાય છે ને એના પ્રત્યે, એ રાગને પોતાનો માનવો એ તો મિથ્યાત્વ છે, પણ સ્ત્રીના સંગમાં રાગ થયા વિના રહેશે નહિ. એથી એને વીતરાગપણાનો ભાવ પ્રગટ થશે નહિ. આહાહા..! એમ કહે છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ કેવો પણ આ? માંડ સમજાય પણ નહિ.

કહળ્યું કુટુંબ ભેગું થયું હોય આમ. આહાહા..! પુંજાભાઈનો દીકરો મરવાની તૈયારી હતી ને, ભાઈ! ત્યાં આપણે રાજકોટ, નહિ? અમુલખ, અમુલખ. ... નાનાલાલભાઈના કાકાનો દીકરો. નવી પરણેલો અને પછી થયો એકદમ રોગ. ચોમાસુ અમારું ત્યાં (હતું). પછી કહે, માંગળિક સંભળાવવા આવો મહારાજ. દીધે જાય આમ અંદરથી. અને કુટુંબ બધું ગૃહસ્થ. કરોડોપતિ, નાનાલાલભાઈ કરોડોપતિ ત્રણ ભાઈઓ, વહુરુ, છોકરા આખો ઓરડો ભરાઈ ગયેલો. કહળ્યુ કુટુંબ. અને મહારાજને દર્શન (માટે બોલાવો). આહાહા..! બેચરભાઈ હતા ને? નાનાલાલભાઈના ભાઈ બેચરભાઈ. એના હાથમાં કાચની ઓલી આપી. ઓલો લીધે જાતો. મરવાની તૈયારી. આહાહા..! કાચની રકાબી, એમાં મોસંબી કે કાંઈક હતું. એમ કે મહારાજને વ્હોરાવે હાથે. આમ હાથમાં આપી. હાથ ધ્રુજે. કહળ્યુ કુટુંબ ભેગું થયેલું, બધા કરોડોપતિઓ. નાનાલાલભાઈ, મોહનભાઈ ને બેચરભાઈ ને એના દીકરાઓ અને એની વહુરુ ને આખો ઓરડો ભરાઈ ગયેલો. અરેરે..! હવે આ જાય છે. આ કોઈ સાથે નહિ આવે. આહા..! નવી પરણ્યો હતો નવી. થઈ રહ્યું, જાઓ! બાપા! કે દિ' તારી ચીજ હતી તે તારી સાથે રહે? તારી સાથે તો જ્ઞાન, આનંદ સ્વભાવ છે તો તારી સાથે રહેશે. આહાહા..!

અહીં કહે છે, ગૃહસ્થાશ્રમમાં '**સ્ત્રી હી ઘર હૈ, જિન પુરુષોંને સ્ત્રીકા ત્યાગ કિયા,...**' મૂળ તો એની મમતાનો ત્યાગ હોં! સ્ત્રી છોડી હોય પણ અંદર રાગની મમતા ન છોડી હોય તો છોડ્યું નથી. '**ઉન્હોંને...**' શ્રીમદ્દે એમ કહ્યું છે, નહિ? 'એ ત્યાગી ત્યાગ્યું બધું, આ સઘળા સંસારની...' અપેક્ષાથી વાત કરી છે. 'આ સઘળા સંસારની રમણી નાયક રૂપ, એ ત્યાગી ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ' ૧૬મા વર્ષમાં આવે છે ને? ૧૬ વર્ષે મોક્ષમાળામાં આવે છે, શ્રીમદ્‌માં આવે છે. પણ એ બાયડી છોડી માટે થઈ ગયો ત્યાગી સાધુ એમ નથી.

મુમુક્ષુ :—...

ઉત્તર :— છોડ્યું નહિ ભાઈએ? તમારા વેદાંતી ગુજરી ગયા નહિ? મોતીલાલ. રેલના ઉપરી. રાજકોટ રાજકોટ. માધવાનંદ થયા પછી. પરમહંસ થયા. અમારા વ્યાખ્યાનમાં આવતા, વૈષ્ણવ હતા એટલે. બાયડી સાથે કાંઈક વાંધા ઉઠ્યા તો થઈ ગયા પરમહંસ. પછી આવ્યા અમારી પાસે, રાજકોટ આવ્યા હતા, અહીં આવ્યા હતા, આવ્યા હતા ને અહીં. કીધું, તમે આ એક આત્મા માનો છો તો આ દોષ કોનો? બ્રહ્મ છે એમ કહો તો, બ્રહ્મ છે તો બ્રહ્મ છે શું ઈ? વેદાંત તો એક જ આત્મા માને ને. પરમહંસ હતા, બે-ત્રણ સાધુ આવ્યા હતા એના. પહેલાના ઓળખીતા અમારા. (સંવત) ૧૯૯૫માં એના પહેલા ૯૯માં ઠેઠ આવ્યા પછી, પહેલા ૮૯માં આવતા. સંપ્રદાયમાં હતા ત્યારે. રાજકોટ. મોટી સભા, ત્રણ-ત્રણ હજાર માણસ તે દિ', ૮૯માં. તે દિ' બધા આવતા. સંપ્રદાયમાં હતા ને. ત્યારે આ કહે... પછી અહીં કીધું, બાપુ! આત્મા એક જ હોય સર્વવ્યાપક, બે આત્મા નથી તો પછી આ દોષ છે એમ શાસ્ત્ર કહે છે, કે તમે આત્યંતિક દુઃખથી મુક્ત થાઓ. તો દુઃખ છે કે નહિ? તો એકકોર ભગવાન આનંદસ્વરૂપ છે અને પર્યાયમાં દુઃખ છે, તો બે થઈ ગયા, દ્વૈત થઈ ગયું,

એકપણું ન રહ્યું તમારું. મોટી ચર્ચા થતી સ્વાધ્યાય મંદિરમાં. પરમહંસ સાધુ હતા. દશાશ્રીમાળી હોં! પણ વૈષ્ણવ. પછી એમ કબુલ્યું ખરું કે વાત બરાબર. પણ તમે ન્યાયથી વિચારશો? વેદાંતે કહ્યું કે આત્મા એક છે સર્વવ્યાપક. માટે આત્યંતિક દુઃખથી મુક્ત થાઓ. તો આત્યંતિક દુઃખથી મુક્ત થાઓ તો દુઃખ છે કે નહિ? દુઃખ ન હોય તો અત્યારે આનંદ હોય. તો દુઃખ છે તો આત્મા આનંદસ્વરૂપ છે અને આ દુઃખ પર્યાયમાં છે, બે થઈ ગયા. અદ્વૈત ન રહ્યું. એય! રવજીભાઈ! કીધું, ભઈ અહીં તો ન્યાયથી વાત ચાલશે. એમ ને એમ શાસ્ત્ર કહે અને બીજા માની લે એમ વાત નથી. અંદર ન્યાયથી ભાવભાસન થવું જોઈએ. ત્યારે માન્યું સાચું. એમ ને એમ માની લેવું એ કોઈ વસ્તુ છે?

મુમુક્ષુ :— આપ કહો તો વાત માની લે.

ઉત્તર :— એમ નહિ. એના ખ્યાલમાં આવવું જોઈએ ને, કે આ ચીજ આમ છે ને આ ચીજ આમ છે ને આમ નથી, એવું ભાવનું ભાસન થયા વિના એને યથાર્થપણું બેસે ક્યાંથી? આહાહા..!

અહીં કહે છે, '**જિન પુરુષોંને સ્ત્રીકા ત્યાગ કિયા, ઉન્હોંને ઘરકા ત્યાગ કિયા. યહ ઘર મોહકે બંધનસે અતિ દઢ બંધા હુઆ હૈ,...**' આહાહા..! સ્ત્રીના ઘરના મોહથી '**બંધનસે અતિ દઢ બંધા હુઆ હૈ, ઈસમેં સંદેહ નહીં હૈ. યહાં તાત્પર્ય ઐસા હૈ કિ શુદ્ધાત્મજ્ઞાન દર્શન શુદ્ધ ભાવરૂપ જો પરમાત્મપદાર્થ...**' હવે શું કહે છે? ભગવાન જે આત્મા શુદ્ધાત્મજ્ઞાન, શુદ્ધઆત્મા, પવિત્ર આત્મા પરમાનંદ પ્રભુ એ શુદ્ધાત્માનું દર્શન, શુદ્ધાત્માનું જ્ઞાન. શુદ્ધાત્માનું દર્શન હોં! દેવ-ગુરુ-શાસ્ત્રનું નહિ. આહાહા..! શાસ્ત્રનું નહિ. શુદ્ધાત્મા પરમ પવિત્ર ભગવાન મૂર્તિ અંદર છે. આત્માનો સ્વભાવ જ એવો પરમાત્મસ્વરૂપ છે. એનું જ્ઞાન, એની પ્રતીતિ અને એનું આચરણ. આહાહા..! છે? '**શુદ્ધાત્મજ્ઞાન...**' આહાહા..! ન્યાં તો એમ પણ લીધું, નિમિત્તનું જ્ઞાન પણ નહિ, રાગનું જ્ઞાન પણ નહિ, પર્યાયનું જ્ઞાન પણ નહિ. આહાહા..! કરે જ્ઞાન જ્ઞાન, પણ એ જ્ઞાન પર્યાયનું નહિ, પણ શુદ્ધાત્માનું જ્ઞાન. આહાહા..! પણ વાત ઈ છે, અનાદિથી એક સમયની પર્યાય જે આત્મામાં પ્રગટ વ્યક્ત છે એમાં અજ્ઞાનીઓની રમતું છે બધી. આહા..! એ રમત છોડીને અંદર ભગવાન પૂર્ણાનંદ કોણ છે એવું એણે સાંભળ્યું નથી અંદરથી. એમ કહ્યું છે ને? શ્રુત, પરિચિત, અનુભૂતા. સાંભળી પણ નથી તેં એ વાત, ભાઈ! આહાહા..!

સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એમ ફરમાવે, તું પૂર્ણાનંદનો નાથ અંદર સચ્ચિદાનંદ પ્રભુ છો. આહાહા..! કેમ બેસે? બે બીડી, સિગરેટ સરખી પીવે ત્યારે ભાઈસાહેબને પાયખાને દસ્ત ઉતરે. આટલા તો એના અપલખણ. મોટે મોઢ બોલાવે જ્યાં મોટે નામે, ત્યાં ગલગલિયા થઈ જાય એને. શેઠસાહેબ, શેઠસાહેબ. આહાહા..! શેનો શેઠ હતો પણ સાંભળને.

મુમુક્ષુ :— પૈસાનો.

ઉત્તર :— પૈસાવાળા ભિખારા છે. પૈસા જોઈએ એ તો માંગણ છે, ભિખારા છે. એય! પોપટભાઈ! અહીં તો વાત એવી છે, બાપુ! આહા..! જેને અંતર આનંદનો નાથ ભગવાન લક્ષ્મીથી ભરેલું સ્વરૂપ એનું જેને જ્ઞાન નથી. આહાહા..! એની જેને ભાવના નથી, એ વિના બહારની

ભાવનાવાળા તો માગણ છે બધા. આહાહા..! મોહનભાઈ! સંસારમાં કોઈ આવું કહે એવું નથી કોઈ, બધા માખણ ચોપડે એવું છે. આહાહા..!

અહીં તો શુદ્ધાત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ વસ્તુ છે એ અનાદિઅનંત છે, અકૃત્રિમ છે, અણકરાયેલી છે. આહાહા..! એવો જે ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાનસ્વરૂપે બિરાજમાન પોતે આત્મા એનું જ્ઞાન, એનું દર્શન—એની પ્રતીતિ અને શુદ્ધભાવરૂપ આચરણ. '**જો પરમાત્મપદાર્થ...**' આહાહા..! શુદ્ધભાવરૂપ પરમાત્મપદાર્થ. આહાહા..! '**ઉસકી ભાવનાસે...**' પૂર્ણ શુદ્ધ ચૈતન્યપ્રભુ એની અંતરમાં એકાગ્રતા વિના, આહાહા..! '**ભાવનાસે વિમુખ જો વિષય કષાય હૈં,...** ' સ્ત્રી સંબંધીનું લક્ષ એ વિષયકષાય છે. એ બધું આત્માના સ્વભાવની ભાવનાથી વિરુદ્ધ છે. આહાહા..! અરે! આવું છે. બાપ પાસે મુડી ન હોય અને છોકરાઓ પાસે મુડી થઈ હોય તો જાણે અમે ફાવ્યા, ચડતી દગડી આપણી છે. એય! આ બધું કહે છે, બધું સાંભળેલું છે. આહા..! સારા ઘરની કન્યા આવે કરોડપતિની તો આપણી ચડતી દગડી છે, જુઓ! આપણી આબરુ કેટલી વધી છે! આહાહા..! કરોડોપતિ નાળિયેર લઈને આવ્યા છે. તે શું થયું પણ હવે? સાંભળને હવે. એને ગલગલિયા થઈ જાય અંદરથી. હેં! એ બધી ચીજો આત્માના શુદ્ધાત્મજ્ઞાનથી વિમુખ છે. આહાહા..! આ બધા પૈસાવાળાના પાણી ઊતરી જાય એવું છે આમાં તો. પાણી હતું કે દિ'? આહાહા..! એવો પરમાત્મપદાર્થથી વિમુખ વિષય-કષાય. '**ઉનસે યહ મન વ્યાકુલ હોતા હૈ.**' આહાહા..! પર તરફના લક્ષવાળો વિષય-કષાય ભાવ એનાથી તો ભગવાન વ્યાકુળ રહે છે. આહાહા..! એનું સ્વરૂપ તો અનાકુળ—અવ્યાકુળ આનંદસ્વરૂપ છે. એમાં આ પરના લક્ષના વિષય-કષાયના પરિણામ.. આહાહા..! એ રળવાના પરિણામ, પૈસા મળ્યા એના ખુશીના પરિણામ, રાજીપાના પરિણામ ને લાખ, બે લાખ મળ્યા હોય તો, કરજો આજ લાપસી કરો આજ, જલેબી કરો જલેબી. જલેબી કહે છે? જલેબી. ઘીમાં જલેબી કરો, ઘીમાં જલેબી. ધૂળેય નથી, સાંભળને. આહાહા..! એવા મનના આકુળતાના ભાવ છે એ તો બધા. આહા..!

'**ઈસલિયે મનકી શુદ્ધિકે બિના ગૃહસ્થકે...** ' છે? '**યતિકી તરહ શુદ્ધાત્માકા ધ્યાન નહીં હોતા.**' મુનિને જેવું શુદ્ધાત્મધ્યાન હોય એવું ગૃહસ્થાશ્રમમાં ન રહે એ વાત કહે છે. સમકિતી હોય ગૃહસ્થાશ્રમમાં એને દૃષ્ટિ નિર્મળ હોય છે, પણ મુનિને જે નિર્મળ દશા હોય એવી ગૃહસ્થાશ્રમમાં નિર્મળ દશા ન થાય. આહાહા..! સમજાણું કાંઈ? '**મનકી શુદ્ધિકે બિના ગૃહસ્થકે યતિકી તરહ...**' યતિ એટલે મુનિ. જેણે આત્માના આનંદના ઉભરા પ્રગટ કર્યા છે. આહાહા..! જેને વર્તમાન પર્યાયમાં, જેમ દરિયામાં બાઢ આવે, ભરતી ભરતી, એમ જેની દશામાં આનંદની ભરતી આવે છે એને અહીં મુનિ કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત ક્યાં હશે આ તે? વીતરાગની હશે આ? જૈનપણામાં તો અત્યાર સુધી પચાસ, સાંઈઠ થયા, અમે સાંભળતા નહોતા. દયા પાળવી ને વ્રત કરવા ને અપવાસ કરવા ને ચોવિહાર કરવા ને કંદમૂળ ન ખાવું, આવું સાંભળતા. આહાહા..! બાપુ! એ વાત હતી નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

જેટલું પર તરફમાં વિકલ્પના વલણ જાય છે એ વિકલ્પ—રાગ છે, એ બધું આકુળતા છે, કહે છે. આહાહા..! એટલે '**યતિકી તરહ શુદ્ધાત્માકા ધ્યાન નહીં હોતા.**' મુનિને આનંદકંદનો નાથ, મુનિ સાચા હોં! એકલા નગ્ન થઈને ફરે વસ્ત્ર છોડીને, એ મુનિ નહિ. જેને અતીન્દ્રિય આનંદના અંદર ઉછાળા મારે છે પર્યાયમાં, ભરિયો ભરછક્ક દરિયો ભર્યો છે આનંદથી. આહાહા..! ક્યાં હશે આ? ભાઈ! તારા સ્વભાવમાં અતીન્દ્રિય આનંદ પૂર્ણ ભર્યો છે. છલોછલ ભર્યો છે. એની જેને સમ્યગ્દર્શન અને ચારિત્ર થયું એની પર્યાયમાં ઉભરો આવે છે આનંદનો. આહાહા..! સમજાણું? એવી ઉગ્ર દશા ગૃહસ્થાશ્રમમાં હોતી નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? એને ચોથું ગુણસ્થાન છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અભાવ થયો એટલી શાંતિ અને આનંદ છે. પણ મુનિને જે આનંદ જોઈએ (હોય) તે આનંદ એને હોતો નથી.

'**શુદ્ધાત્માકા ધ્યાન નહીં હોતા.**' યતિ જેવું, હોં! જોયું! બીજે ઠેકાણે આવે છે ને? ગૃહસ્થને શુદ્ધાત્માની ભાવના હોય. પણ એ શુદ્ધાત્માની ભાવના હોય તે મુનિને હોય એવી ન હોય. એમ. શુદ્ધાત્મા ન હોય એમ નહિ. છે ને. ભગવાનઆત્માનું સમ્યગ્દર્શન થાય છે અનુભવ, ત્યાં તો એને શુદ્ધ હોય છે. શુદ્ધનું ધ્યાન પણ હોય છે. ગૃહસ્થાશ્રમ સમકિતી. ભરત ચક્રવર્તી જેવા છ ખંડના રાજા પણ અંદરના આત્માના અનુભવમાં.. આહાહા..! એને આનંદ શુદ્ધાત્માનું ધ્યાન હતું. આનંદનું વેદન પણ હતું. પણ મુનિને યોગ્ય વેદન ગૃહસ્થાશ્રમમાં ન આવે. આહાહા..! સમજાણું કાંઈ? એ આઠ આઠ વર્ષના બાળકો રાજકુમાર, જેના મણિરતન જેવા શરીર, ચંદ્રના પ્રકાશની મૂર્તિ એ પણ આત્માના ધ્યાન માટે ચાલી નીકળે છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્યાં વાઘ ને વરુ, જ્યાં જાય ત્યાં ધ્યાનમાં બેસે. એવા આનંદની મોજ કરવા માટે. આહાહા..! ગૃહસ્થાશ્રમ ત્યારે ત્યાગ્યો કહેવાય. સમજાણું કાંઈ? એ કહ્યું ને?

'**ઈસ કારણ ઘર કા ત્યાગ કરના યોગ્ય હૈ, ઘરકે બિના ત્યાગે મન શુદ્ધ નહીં હોતા.**' મુનિને જે મન શુદ્ધ હોય એટલી શુદ્ધતા હોતી નથી. એમ. '**ઐસી દૂસરી જગહ ભી કહા હૈ, કિ કષાયોંસે ઔર ઈન દુષ્ટ ઈન્દ્રિયોંસે મન વ્યાકુલ હોતા હૈ,...**' આહાહા..! દુષ્ટ. '**ઈસલિયે ગૃહસ્થ લોગ આત્મભાવના કર નહીં સકતે.**' મુનિને જે હોય, સમકિતી હોય ગૃહસ્થાશ્રમમાં પણ મુનિને જે આત્મધ્યાન (હોય), સાચા સંતની વાત છે હોં! બાવા થઈને નગ્ન થઈને બેસે માટે મુનિ થયા એમ નથી. અંતરના આનંદના ઉભરા જેને આવે એવી ઉભરાની દશા ગૃહસ્થાશ્રમમાં સમકિતીને પણ હોતી નથી. માટે તેને ત્યાગ કરીને વિશેષ અનુભવ કરવા માટે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવો એમ કહેવા માંગે છે. (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૧૪૫

अथ गृहममत्वत्यागानन्तरं देहममत्वत्यागं दर्शयति-

२७६) देहु वि जित्थु ण अप्पणउ तहिँ अप्पणउ किं अण्णु।
पर-कारणि मण गुरुव तुहुँ सिव-संगमु अवगण्णु।।१४५।।
देहोऽपि यत्र नात्मीयः तत्रामीयं किमन्यत्।
परकारणे मा मुह्य (?) त्वं शिवसंगमं अवगण्य।।१४५।।

देहुवि इत्यादि। देहु वि जित्थु ण अप्पणउ देहोऽपि यत्र नात्मीयः तहिं अप्पणउ किं अण्णु तत्रात्मीयाः किमन्ये पदार्था भवन्ति, किं तु नैव। एवं ज्ञात्वा पर-कारणि परस्य देहस्य बहिर्भूतस्य स्त्रीवस्त्राभरणोपकरणादिपरिग्रहनिमित्तेन मण गुरुव तुहुं सिव-संगमु अवगण्णु हे तपोधन शिवशब्दवाच्यशुद्धात्मभावनात्यागं मा कार्षीरिति। तथाहि। अमूर्तेन वीतरागस्वभावेन निजशुद्धात्मना सह व्यवहारेण क्षीरनीरवदेकीभूत्वा तिष्ठति योऽसौ देहः सोऽपि जीवस्वरुपं न भवति इति ज्ञात्वा बहिःपदार्थे ममत्वं त्यक्त्वा शुद्धात्मानुभूतिलक्षणवीतरागनिर्विकल्पसमाधौ सिथत्वा च सर्वतात्पर्येण भावना कर्तव्येत्यभिप्रायः।।१४५।।

---

आगे घरकी ममता छुड़ाकर शरीरका ममत्व छुड़ाते हैं-

गाथा-१४५

अन्वयार्थ :- [यत्र] जिस संसारमें [देहोऽपि] शरीर भी [आत्मीयः न] अपना नहीं है, [तत्र] उसमें [अन्यत्] अन्य [आत्मीयं किं] क्या अपना हो सकता है? [त्वं] इस कारण तू [शिवसंगमं] मोक्षका संगम [अवगण्य] छोड़कर [परकारणे] पुत्र, स्त्री, वस्त्र, आभूषण आदि उपकरणोंमें [मा मुह्य] ममत्व मत कर।

भावार्थ :-अमूर्त वीतराग भावरुप जो निज शुद्धात्मा उससे व्यवहारनयकर दूध-पानी की तरह यह देह एकमेक हो रही है, ऐसी देह, जीवका स्वरुप नहीं है, तो पुत्र-कलत्रादि धन-धान्यादि अपने किस तरह हो सकेंगे? ऐसा जानकर बाह्य पदार्थोंमें ममता छोड़कर शुद्धात्माकी अनुभूतिरुप जो वीतराग निर्विकल्पसमाधि उसमें ठहरकर सब प्रकारसे शुद्धोपयोगकी भावना करनी चाहिये।।१४५।।

---

હવે, ઘરનું મમત્વ છોડાવ્યા પછી દેહના મમત્વનો ત્યાગ દર્શાવે છે (દેહનું મમત્વ છોડાવે છે.):-

ભાવાર્થઃ-જ્યાં દેહ પણ પોતાનો નથી ત્યાં અન્ય પદાર્થો શું પોતાના થાય? એમ

જાણીને દેહથી બહિર્ભૂત સ્ત્રી, વસ્ત્ર, આભરણ, ઉપકરણ આદિ એવા પરિગ્રહના નિમિત્તે તું મોહ ન કર. હે તપોધન! 'શિવ' શબ્દથી વાચ્ય એવા શુદ્ધાત્માની ભાવનાનો ત્યાગ ન કર.

અમૂર્ત, વીતરાગસ્વભાવી નિજશુદ્ધાત્માની સાથે વ્યવહારથી દૂધ-પાણીની જેમ એકમેક થઈને જે આ દેહ રહે છે તે પણ જીવનું સ્વરૂપ નથી, એમ જાણીને બાહ્ય પદાર્થનું મમત્વ છોડીને અને શુદ્ધ આત્માની અનુભૂતિલક્ષણ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને સર્વતાત્પર્યથી ભાવના કરવી જોઈએ, એ અભિપ્રાય છે. ૧૪૫.

## વીર સંવત ૨૫૦૨, મહા સુદ ૧૩, સોમવાર
## તા. ૩૧-૧-૧૯૭૭, ગાથા-૧૪૫, ૧૪૬, પ્રવચન નં. ૨૦૨

પરમાત્મપ્રકાશ, ૧૪૫ ગાથા. 'આગે ઘરકી મમતા છુડાકર શરીરકા મમત્વ છુડાતે હૈં—' શરીર પણ પર છે. એ તારી ચીજ ક્યાં છે, એ તો પર છે. એની મમતા છોડ અને સ્વભાવનું ધ્યાન કર, સ્વભાવ તરફનું વલણ કર એમ કહે છે.

૨૭૬) देहु वि जित्थु ण अप्पणउ तहिँ अप्पणउ किं अण्णु।
पर-कारणि मण गुरुव तुहुँ सिव-संगमु अवगण्णु।।१४५।।

**અન્વયાર્થ :—** 'જિસ સંસારમેં શરીર ભી અપના નહીં હૈ,...' શરીર તો પરમાણુ જડ માટી (છે). આહા..! ૯૬ (ગાથા સમયસાર)માં તો એમ કહ્યું, અમૃતસાગર ભગવાનઆત્મા મૃતક ક્લેવરમાં મૂર્છાણો છે. આહાહા...! આત્મા તો અમૃતસાગર છે. અતીન્દ્રિય આનંદનો અમૃતનો સાગર ભગવાનઆત્મા, આ મૃતક ક્લવેરમાં મૂર્છાણો, મડદું છે આ તો. આહાહા..! ક્યારે? અત્યારે. આ તો માટી જડનું પૂતળું છે, હાડકા ને ચામડા. આહા..! એમાં ચામડી ઉપરની ગાર છે. પ્રભુ! તારે આત્માનું કરવું હોય તો એની તો મમતા છોડ, એમ કહે છે. 'જિસ સંસારમેં શરીર ભી અપના નહીં હૈ, આહાહા..! ઉસમેં અન્ય ક્યા અપના હો સકતા હૈ?' 'आत्मीयः न' છે ને? 'અન્ય...' 'आत्मीयं किं' 'ક્યા અપના હો સકતા હૈ?' આવું છે.

મુમુક્ષુ :— આ તો સાધુ થાય તો કામ આવે.

ઉત્તર :— સાધુ ન થાય તોપણ પહેલું, મારું શરીર નથી એમ તો નિર્ણય, અનુભવ કરે. અહીં તો વિશેષ સાધુની વાત કરે છે. અંતે તો શરીરનું પણ મમત્વ છોડી, રાગનું મમત્વ છોડી, પોતે પરમાનંદમૂર્તિ પ્રભુ છે એની દૃષ્ટિનો સ્વીકાર તો જ્યારે કરશે તે દિ' કલ્યાણ થશે, બાકી બધા દુઃખના રસ્તા છે. આહાહા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ... દસવૈકાલિકમાં વચન છે ઈ, શ્વેતાંબરમાં. દેહને દુઃખ ક્યાં? એ તો જડ માટી છે. એ મારું છે એવી મમતા તે દુઃખ છે. આહાહા..! અને એનું ફળ તે દુઃખ છે. સમજાણું કાંઈ? આવો માર્ગ.

'ઈસ કારણ તૂ...' જ્યારે શરીર પણ તારું નથી તો **'અન્ય ક્યા અપના હો સકતા હૈ?'** આપશે દાખલો. **'પુત્ર-કલત્રાદિ...'** સ્ત્રી આદિ **'ધન-ધાન્યાદિ અપને કિસ તરહ હો સકેંગે?'** આહા..! અર્થ ભાવાર્થમાં આવશે. પુત્ર, આ મારા દીકરા, આ મારી સ્ત્રી ને આ મારી લક્ષ્મી ને આ મારું મકાન. ગુંચાઈ ગયો છે ને.

મુમુક્ષુ :— જંગલમાં રહેવા જાવું?

ઉત્તર :— રહે છે ક્યાં જંગલમાં? અંદરમાં જંગલમાં જ છે ઈ. શરીરમાં ક્યાં છે અને પરમાં ક્યાં છે. આહાહા..! દેહાતીત, જેમાં દેહ નથી. દેહમાં આત્મા નથી, આત્મામાં દેહ નથી. આહાહા..! તો શરીરની હલનચલનની ક્રિયા પણ આત્મા કરતો નથી. આહાહા..! એ ભિન્ન ચીજ છે એને શું કરે? આહાહા..!

કહે છે, **'પુત્ર, સ્ત્રી, વસ્ત્ર, આભૂષણ આદિ...'** છે ને? **'परकारणे'**. ભાવાર્થ પહેલા. **'મોક્ષકા સંગમ છોડકર...'** પ્રભુ! તારો આત્મા આનંદસ્વરૂપ છે ને. આહાહા..! એ મોક્ષનો પરિચય, સ્વભાવનો પરિચય છોડીને **'પુત્ર, સ્ત્રી, વસ્ત્ર, આભૂષણ,...'** આ બધું આવી ગયું. પુત્ર, સ્ત્રી, વસ્ત્ર, દાગીના વસ્ત્ર પહેર્યા હોય આમ. શિયાળામાં કોટ, મખમલના કોટ.

મુમુક્ષુ :— મોટરગાડી ન આવી આમાં.

ઉત્તર :— આદિમાં બધું આવી ગયું. આદિ છે ને? મોટરગાડી (આવી ગઈ). એ હમણાં મોટર થઈ, પહેલા મોટર હતી કે દિ'? ઘોડાગાડી હતી. મુંબઈમાં, વડોદરામાં જતા ત્યારે ઘોડાગાડી હતી. વિક્ટોરીયા. સ્ટેશન ઉતરીએ તો વિક્ટોરીયા ગાડી હોય. તે દિ' ક્યાં મોટર હતી. અમે માલ લેવા જતા ત્યારે વિક્ટોરીયા હતી, મુંબઈ. આહા..! કોની વિક્ટોરીયા? કોની ગાડી? આહાહા..! અત્યારે લાખો રૂપિયાની મોટરું અને બેઠો હોય અંદર. હેં! .. ૫૦૦૦ વસ્તુ રાખે. હેઠેની ધૂળ ન આવે, ઉપરની હવા આવે.

મુમુક્ષુ :— અંદરમાં એર કન્ડીશન હોય.

ઉત્તર :— ઈ પણ હોય છે. આહા..! અરે!ભાઈ! એ તો પરવસ્તુ છે, બાપુ! તું એને અડતોય નથી અને એ ચીજ તને અડતી નથી. એ ક્યાંથી તારી થઈ? મિથ્યા ભ્રમમાં, આહાહા..! ભગવાન પોતાની સંપદા એને ભૂલીને પરની સંપદા એ મારી માની છે. આહાહા..! મરણ ટાણે આમ મોઢા ફાટી રહેશે. ભીંસ પડે અંદરથી. આહાહા..! મોટો એડવર્ડ હતો ને? એડવર્ડ કે જ્યોર્જ, રાતે સૂતો હતો તો સવારે ઉઠ્યો નહોતો. ... જ્યોર્જને? મરી ગયોને? પહેલા હતો ઈ. રાતે સૂતો ઈ સવારે ... સાડા ત્રણ કરોડ રૂપિયાનો બંગલો, તે દિ'. હવે તો વધારે (થઈ ગયા). બંગલો, સાડા ત્રણ કરોડનો બંગલો. એની સાહ્યબી.. સૂવાના સાધન બીજા હોય. ... બીજી જાતના. આહા..! ઈ સૂતો ઈ સૂતો,

સવારે જોવે તે મડદું. શું થયું? આ ભાઈને થયું ને હમણા. વજુભાઈના ભાઈનું. આહાહા..! અગિયાર વાગે સૂતો તો સવારે જોયું ત્યાં મડદું. આહાહા..! પણ એ તો જડ છે તો એની સ્થિતિ પૂરી થાય તો એ છૂટી જ જાય, એમાં શું? એનો જ્ઞાન અને આનંદસ્વભાવ કાંઈ છૂટે એવો છે? આહાહા..!

જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા એ ગુણનો સમુદ્ર પ્રભુ. એ ગુણ ક્યાં છૂટે એવો છે? આહા..! પર્યાય બદલી જાય, પણ કાંઈ ગુણ બદલતા હશે? આહાહા..! ગુણ અને ગુણી ભગવાન અવિનાશી એને પોતાનો ન માનતા, એનો અનુભવ ન કરતાં, પુત્ર, સ્ત્રી, આભુષણ—દાગીના (એને પોતાના માને છે). આહા..! એમાં અત્યારે તો દાગીના ન પહેરે તો અહીં ઘડિયાળ વળગી હોય. હેં! બીજું શું હોય આ? કંદોરા કહે છે. દાંતીયો દાંતીયો. આમ આમ કર્યા જ કરે. જોયેલો લીમડા હેઠે. દાંતીયા... દાંતીયો સમજ્યા? આમ કરે. શું છે પણ આ? આ તો મોટા મોટા ઊભા હોય ને. આ લીમડા હેઠે ઊભા હોય, આમ કરે. અરે! શું છે આ? એવું પહેલા હતું જ નહિ. કાંડામાં ઘડિયાળ, ... બીજું શું? આ બધી પર જડ, બાપુ! ભૂતાવળને તું શોભાવે છે? દાગીના પહેરે, અહીં પહેરે ને અહીં પહેરે. ગળામાં તો અહીં પહેરે. સોનાના. હેં! ... શેના હોંશ? બાપુ! અરે! પ્રભુ! તારા નહિ, બાપુ! એ તો જડની દશા છે. આહાહા..! આ કાનના ફૂલ. આ શેઠ બેઠાને. જુઓ! ગાંડાભાઈ રાખતા. ફાવાભાઈના બાપ. આહા..! આ છોડ્યું નાની .. કાણા પાડે. અહીં કાણા, અહીં કાણા. આહાહા..! મડદાને શણગારવા. ભગવાનને ભૂલ્યો. આ દાંત પણ સોનાના કરે છે કેટલાક. સોનાના. શરીર તો સોનાનું ન થાય. આહાહા..! પ્રભુ! તું ક્યાં છો? એ વસ્તુમાં તું છો? એ તારી છે? આભૂષણ આદિ. આદિમાં બધું આવી ગયું. ઘોડાગાડી ને.. એ શું કહેવાય? ઘરવખરો ને... આહાહા..! ચારે કોર આમ ઘરવખરો હોય, હરણિયાના ઓલા હોય ને સિંહના ઓલા હોય. આહા..! એમાં... હેં!

મુમુક્ષુ :— મોહરા રાખે.

ઉત્તર :— મોહરા રાખે. ત્યાં તો ગયા હતા ને? મણિભાઈ. શાંતાબેનના બેનના નણદોઈ. મણિભાઈ નહિ? શું કહેવાય ઈ? કોલાબા? ગયા હતા ને? પાંચ-છ કરોડ રૂપિયા અને... બધે પગલા કરાવ્યા. શું કહેવાય આ? મખમલ પાથરેલા. ... મોટો પાંચ લાખનો તો માથે કમરામાં ઘરવખરો. પાંચ લાખ રૂપિયાનો. નથી જાણતા મણિભાઈને? મણિભાઈ નહિ આપણે? બેનના બનેવી નહિ? રસિકભાઈ, રાજકોટ. રાજકોટ રસિકભાઈ નહિ? બેનના.. એ રસિકભાઈના બનેવી. આમ નરમ માણસ છે, પણ પૈસાની ખુમારી. ... અમે ગૃહસ્થ છીએ, ધનાઢ્ય છીએ. અરે! પ્રભુ! પણ તું કોણ છો? આહા..!

**'આભૂષણ આદિ ઉપકરણોંમેં...'** છે ને? પાઠમાં છે હોં! **'સ્ત્રી, વસ્ત્ર, આભૂષણ, આદિ ઉપકરણોંમેં...'** પાઠમાં છે. ઉપકરણો એટલે ઘરવખરો તમારો. આહાહા..! કપાટની અંદર રમકડા છોકરા માટે રાખ્યા હોય. આહાહા..! દવાની શીશીઓ ભરી હોય આખી ઉપર, નીચે, હેઠે. આહાહા..! ભસ્મ, લોઢાની ભસ્મ, હીરાની ભસ્મ, મણિની ભસ્મ. આહાહા..! શીશીઓ ભરી હોય. જોઈએ ત્યારે તૈયાર. વીંછીના ડંખ ઉપરના તમારે થાય છે ને? શું? રેકર્ડ રેકર્ડ એના કટકા

કરેલા. બધું જોયું છે ને. પડ્યું હોય. અરેરે! બાપુ! ક્યાં તું છો ભાઈ? એ ચીજ તો જડની છે. એને ક્યાં તું વળગ્યો ભાઈ? ભૂતાવળ વળગી તને. એ **'આદિ ઉપકરણોમેં...'** **'मा मुह्य'** **'મમત્વ મત કર.'** ભાઈ! તારે જાવું છે અહીંથી બહાર. આહાહા..! તું બહાર રહેલો છો અને અહીંથી બહાર જાવું છે. આહાહા..! એ ચીજથી બહાર રહ્યો છો તું. આહા..! પાછું જાવું છે બહાર. નિરાધાર અશરણ... ભાઈ! છોડ કહે છે.

**ભાવાર્થ :— 'અમૂર્ત વીતરાગ ભાવરૂપ જો નિજ શુદ્ધાત્મા...'** આ આત્માની વ્યાખ્યા કરી. આત્મા કોણ છે? કેવો છે? કેમ છે? અમૂર્ત છે, વીતરાગભાવરૂપ છે. આહાહા..! એ તો વીતરાગસ્વરૂપ છે પ્રભુ. જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવવાળો પ્રભુ છે. એમાં રાગ ને પર વસ્તુ છે નહિ. આહાહા..! એવી તારી સ્થિતિમાં **'અમૂર્ત વીતરાગ ભાવરૂપ જો નિજ શુદ્ધાત્મા...'** નિજ શુદ્ધાત્મા કેવો છે? કે અમૂર્ત વીતરાગ ભાવરૂપ. એ રાગરૂપ ને પુણ્યરૂપ ને કર્મરૂપ છે નહિ ઈ. આહાહા..!

મુમુક્ષુ :— નિશ્ચયે નથી, વ્યવહારે તો છે.

ઉત્તર :— વ્યવહારે એટલે નિમિત્તથી છે એમ જાણવા માટે છે.

મુમુક્ષુ :— બેયે બે ઈ પ્રમાણે છે.

ઉત્તર :— પ્રમાણ એટલે એ તો નિમિત્તનું જ્ઞાન કરવા માટે છે. એનું છે માટે નથી. એક ચીજ બીજી છે. એ સ્વને જાણતા પરને જાણવાનો પોતાનો સ્વભાવ છે. એથી બીજી ચીજ છે તેમ એ જાણે છે, બસ. એને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! પોતાને જાણતા એ જણાઈ જાય છે. આહા..! એમાં એ ચીજ જાણવી એ પણ વ્યવહાર, તો પછી ચીજ તારી છે એ છે ક્યાં? આહા..! મૂળજીભાઈ કાળ કરવાની તૈયારી હતી ને, રાજકોટ, લાખાણી. મૂળજીભાઈ ને દામોદરભાઈ. પૈસાવાળા. ઘણા વર્ષ પહેલા સોળ, અઢાર લાખ પેદા કર્યા ત્યાં મુંબઈ. વયા આવ્યા પૈસા લઈને. પછી અહીં ધંધો સાધારણ (કર્યો). મરતા, એવી શરીરની સ્થિતિ ઊભી થઈ કે આમ.. બસ, હવે તૈયારી છૂટવાની. લોકો કહે, બોલાવો ડોક્ટરને. લોકો કહે હોં! લોકો. ઈ નહિ. સગાવ્હાલા. આ કહે, બોલાવો લાલભાઈને. લાલચંદભાઈને. એને બહુ પ્રેમ લાલચંદભાઈનો. અહીં તો કહેતા હતા, મહારાજ! તમારા પછી લાલચંદભાઈને રાખો એવી એની યોગ્યતા છે. એક ફેરી મોટરમાં કહ્યું હતું. લાલભાઈ નથી? ઓળખો છો તમે? લાલચંદભાઈ.

મુમુક્ષુ :— હિન્દીમાં સમજાવો.

ઉત્તર :— ભાષા સાદી છે એમાં હિન્દી શું હતું? લાલચંદભાઈને બોલાવો એમ કહ્યું, એમાં શું હિન્દી કહેવું? એના શરીરની સ્થિતિ છેલ્લી થઈ. બીજા માણસો. સ્ત્રી, કુટુંબ, ભાઈઓ બધા આવ્યા હતા. ... ડોક્ટરને બોલાવો, આ કહે લાલચંદભાઈને બોલાવો. લાલચંદભાઈ કહે, ભાઈ! શરીરમાં રોગ છે એ જાણવા લાયક છે, આત્માનો નહિ. શરીરમાં રોગ થાય છે એ આત્મામાં જાણવા લાયક છે. ત્યારે પોતે કહે છે, મરવાની તૈયારી, માણસ બહુ વીર્યવાળો હતો. પૈસાવાળા. ખબર છે

નવરંગભાઈ? છેલ્લે શું બોલ્યા હતા? ઈ હતા. લાલચંદભાઈ! શરીરનો ધર્મ છે એ જણાય છે જ્ઞાનમાં. ત્યારે કહે છે પોતે, શું શરીર જાણવું છે? કે જાણનારને જાણવો છે? આ છેલ્લી સ્થિતિ. જાણનાર પોતાને જાણે છે કે શરીરને, રોગને જાણે છે? ભાઈ હતા ને? આહા..! છેવટે આ આવવું.. આમ ઠીક હતું ત્યારે ૯૯ તાવ આવે ૯૯ાા ત્યારે .... પૈસાવાળા માણસ, ઘણા વર્ષથી પૈસાવાળા. અને બધા શાતામાં ઉછરેલા. આહા..! વળી પાછા મગજવાળા માણસ, કાંઈ ભોળા હતા ને પૈસા થયા છે એમ નહિ. એ ભાઈ મરતા, લાલચંદભાઈ કહે છે, મૂળજીભાઈ! શરીરનો ધર્મ જીવપદમાં જણાય છે. આવે છે ને શ્રીમદ્‌માં? શું આત્મા શરીરના રોગને જાણે? કે પોતાને જાણે? પોપટભાઈ! પોતાને જાણે. જ્ઞાન આમ જાણે? કે અહીં જાણે? મરવાની તૈયારી હોં! હેં! તે ટાણે આવો જવાબ, શાતાશીલ માણસ, પૈસાવાળા માણસ ઘણા લાખોપતિ.

આત્મા પોતાને જાણે. શરીરમાં રોગ છે એને જાણવું, એ તો પરવસ્તુ છે. આહાહા..! પરમાં તન્મય થઈને જાણતો નથી માટે એને જાણતો નથી. પોતાની પર્યાયમાં તન્મય થઈને જાણે છે માટે તેને જાણે છે. આહાહા..! દેવીલાલજી! આહાહા..! સમજાણું કાંઈ? ઘણા વખતનો પરિચય. દામોદરભાઈનું વાંચન ઘણું, એમના મોટાભાઈને. આને બુદ્ધિબળ ઘણું. સમજવાની શક્તિ આની ઘણી. એમાં શું? દેહ તો છૂટવાનો, આ તો પર છે. આહાહા..! એમાં મમતા કરીશ તો મરી જઈશ ત્યાં. હાય. હાય..! આમ થાય, મને આમ થાય છે, તને શું થાય છે? તને તો જાણવાનું થાય છે. તને તારું જાણવાનું થાય છે એમ કહે ને. જે રોગાદિ હતો એનું અહીં જ્ઞાન હતું, નહોતું એને ઠેકાણે જ્ઞાન થયું. સમજાણું કાંઈ? આહાહા..! શરીરમાં રોગ હતો ત્યારે જ્ઞાન નહોતું, પણ થયો ત્યારે જ્ઞાન.. ઈ તો જ્ઞાન અહીં આવ્યું. અહીં રોગ ક્યાં આવ્યો? દ્વિરૂપતા નથી કહ્યું સર્વવિશુદ્ધ અધિકારમાં? જ્ઞાનસ્વરૂપ ભગવાન પોતાને જાણતો હતો તે ટાણે બીજી ચીજને જાણવા કાળે બીજી ચીજનું જ્ઞાન પોતાથી પોતાનું થયું છે. આહાહા..!

અહીં કહે છે, એકવાર છોડ તો ખરો, પ્રભુ! એ તું નહિ એમાં હોં! '**શુદ્ધાત્મા ઉસસે વ્યવહારનયકર દૂધ-પાની કી તરહ યહ દેહ એકમેક હો રહી હૈ,...**' આહાહા..! અસદ્‌ભુતવ્યવહારકર, હોં! આહાહા..! જૂઠી વ્યવહારનયકર. દૂધ અને પાણી, છતાં પાણી તે પાણી અને દૂધ તે દૂધ. આહાહા..! માણસ નથી કહેતા એવું? કે દૂધના દૂધ રહેશે અને પાણીના પાણી. આહાહા..! '**દૂધ-પાની કી તરહ યહ દેહ એકમેક હો રહી હૈ, ઐસી દેહ, જીવકા સ્વરૂપ નહીં હૈ,...**' આહાહા..! તારે ક્યાં જોવાનું છે? એ તારું સ્વરૂપ નહિ. આહાહા..! તું તો વીતરાગમૂર્તિ જીવાત્મા. એ સ્વરૂપ તારું નહિ. આહાહા..! '**ઐસી દેહ, જીવકા સ્વરૂપ નહીં હૈ, તો પુત્ર-કલત્રાદિ ધન-ધાન્યાદિ...**' પુત્ર, કલત્ર એટલે સ્ત્રી આદિ અને દીકરીઓ વગેરે, ધન-ધાન્ય આદિ. લક્ષ્મી ધાન—અનાજ. કોઠીમાં તલ ભર્યા હોય, કોઠીમાં અનાજ ભર્યા હોય, બાજરા ભર્યા હોય, ચણા ભર્યા હોય મોટા ગૃહસ્થ હોય એટલે. આહાહા..! '**અપને કિસ તરહ હો સકેંગે?**' તારા કે દિ' હતા ઈ? આહાહા..! '**ઐસા જાનકર બાહ્ય પદાર્થોંમેં મમતા છોડકર...**' જે

તારાથી બાહ્ય ભિન્ન છે તેની મમતા છોડ. ભિન્ન છે તે મારા એમ ક્યાંથી થયું?

**'શુદ્ધાત્માકી અનુભૂતિરૂપ...'** શું કરવું ત્યારે? શુદ્ધાત્માનો અનુભવ. પૂર્ણાનંદ નાથ વીતરાગસ્વરૂપ આત્મા એનો અનુભવ કર. આહાહા..! વીતરાગ નિર્વિકલ્પશાંતિ. અનુભૂતિ કેવી છે? કે **'વીતરાગ નિર્વિકલ્પસમાધિ...'** અભેદ રાગ વિનાની શાંતિ. આહાહા..! કેટલો પુરુષાર્થ સ્વ તરફ ઢળ્યો છે ને. આહાહા..! એને ભગવાનઆત્માનો અનુભવ જે **'વીતરાગ નિર્વિકલ્પસમાધિ ઉસમેં ઠહરકર...'** શું કહે છે? આમ શુદ્ધોપયોગ શુદ્ધોપયોગ એમ નહિ, પણ એમાં ઠરીને ભાવના કર એમ કહે છે. શું કહે છે ઈ? શુદ્ધાત્માની ભાવના. 'આત્મભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન'. એટલે શું પણ? કહે છે. એ **'વીતરાગ નિર્વિકલ્પસમાધિ ઉસમેં ઠહરકર...'** આહાહા..! **'સબ પ્રકારસે શુદ્ધોપયોગકી ભાવના કરની ચાહિયે.'** આહાહા..! એ પોતે વધારે નાખ્યું છે. **'वीतरागनिर्विकल्पसमाधौ सिथत्वा च सर्वतात्पर्येण भावना कर्तव्येत्यभिप्रायः'**. આહાહા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ તેની એકાગ્રતાની અનુભૂતિ એમાં રહીને શુદ્ધાત્માની ભાવના કર એમ કહે છે. શુભ વિકલ્પમાં રહીને, આવો આત્મા, આવો આત્મા એમ નહિ, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

સંતો સંદેશા આપે છે સતના. બાપુ! તારે મોક્ષ કરવો હોય તો આ છે. આહા..! બંધનથી છૂટવું હોય, સંસારના દુઃખથી છૂટવું હોય.. આહાહા..! સંબંધથી છૂટવું હોય તો સ્વસંબંધનો ઉપયોગ કર. આવું માણસને એવું લાગે. બાપુ! છે તો તારા ઘરની ચીજ, ભાઈ! છે એને સંભાળવો છે. છે એ ચીજ અંદર. છે તેનો વિશ્વાસ કરીને તેમાં ઠરવું છે. એ કંઈ પારકી ચીજ કોઈ નથી. આવો માર્ગ.

**'સબ પ્રકારસે શુદ્ધોપયોગકી ભાવના કરની ચાહિયે.'** આહા..! શુદ્ધ આત્મપરિણતિનો વેપાર કરવો જોઈએ. આહાહા..! ભાવના એટલે એકાગ્રતા. ભાવના એટલે ચિંતવન એમ નહિ કે આવો, આવો એમ નહિ. જોયું! **'वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा च सर्वतात्पर्येण भावना कर्तव्येत्यभिप्रायः'**. ભાવનામાં... **'સબ પ્રકારસે શુદ્ધોપયોગકી ભાવના કરની ચાહિયે.'**

## ગાથા-૧૪૬

अथ तमेवार्थं पुनरपि प्रकारान्तरेण व्यक्तीकरोति-

२७७) करि सिव-संगमु एक्कु पर जहिँ पाविज्जइ सुक्खु।
जोइय अण्णु म चिंति तुहुँ जेण ण लब्भइ मुक्खु।।१४६।।
कुरु शिवसंगमं एकं परं यत्र प्राप्यते सुखम्।
योगिन् अन्यं मा चिन्तय त्वं येन न लभ्यते मोक्षः।।१४६।।

करि इत्यादि। करि कुरु। कम्। सिवसंगमु शिवशब्दवाच्यशुद्धबुद्धैकस्वभावनिज-शुद्धात्मभावनासंसर्गं एक्कु पर तमेवैकं जहिं पाविज्जइ सुक्खु यत्र स्वशुद्धात्मसंसर्गे प्राप्यते।

किम्। अक्षयानन्तसुखम्। जोइय अण्णु म चिंति तुहुं हे योगिन् स्वभावत्वादन्यचिन्तां मा कार्षीस्त्वं जेण ण लब्भइ येन कारणेन बहिश्चिन्तया न लभ्यते। कोडसौ। मुक्खु अव्याबाधसुखादिलक्षणो मोक्ष इति तात्पर्यम्।।१४६।।

आगे इसी अर्थको फिर भी दूसरी तरह प्रगट करते हैं–

गाथा–१४६

अन्वयार्थ :– [योगिन्] हे योगी हंस, [त्वं] तू [एकं शिवसंगमं] एक निज शुद्धात्माकी ही भावना [परं] केवल [कुरु] कर, [यत्र] जिसमें कि [सुखम् प्राप्येत] अतीन्द्रिय सुख पावे, [अन्यं मा] अन्य कुछ भी मत [चिंतय] चिंतवन कर, [येन] जिससे कि [मोक्षः न लभ्यते] मोक्ष न मिले।

भावार्थ :– हे जीव, तू शुद्ध अखंड स्वभाव निज शुद्धात्माका चिन्तवन कर, यदि तू शिवसंग करेगा तो अतीन्द्रिय सुख पावेगा। जो अनंत सुखको प्राप्त हुए वे केवल आत्म-ज्ञानसे ही प्राप्त हुए, दूसरा कोई उपाय नहीं है। इसलिये हे योगी, तू अन्य कुछ भी चिन्तवन मत कर, परके चिंतवनसे अव्याबाध अनंत सुखरुप मोक्षको नहीं पावेगा। इसलिये निजस्वरुपका ही चिन्तवन कर।।१४६।।

હવે, ફરી તે જ અર્થને બીજા પ્રકારે પ્રગટ કરે છેઃ-

ભાવાર્થ :- હે યોગી! તું કેવળ એક 'શિવ' શબ્દથી વાચ્ય, શુદ્ધ, બુદ્ધ જ જેનો એક સ્વભાવ છે એવા માત્ર એક નિજશુદ્ધાત્માની ભાવનાનો સંસર્ગ કર, કે જે સ્વશુદ્ધાત્માના સંસર્ગમાં અક્ષય, અનંતસુખ પ્રાપ્ત થાય છે, જે કારણથી-બાહ્ય-ચિન્તાથી અવ્યાબાધ-સુખાદિ-સ્વરૂપ મોક્ષ મળતો નથી એવી સ્વસ્વભાવથી અન્ય ચિંતા તું ન કર, એ તાત્પર્ય છે. ૧૪૬.

## ગાથા-૧૪૬ ઉપર પ્રવચન

૧૪૬. 'આગે ઈસી અર્થકો ફિર ભી દૂસરી તરહ પ્રગટ કરતે હૈં—'

२७७) करि सिव-संगमु एक्कु पर जहिँ पाविज्जइ सुक्खु।
जोइय अण्णु म चिंति तुहुँ जेण ण लब्भइ मुक्खु।।१४६।।

અન્વયાર્થ :— 'હે યોગી...' મુનિ. શિષ્ય છે ને પ્રભાકર. 'તૂ એક નિજ શુદ્ધાત્માકી હી ભાવના...' શિવ એટલે શુદ્ધાત્મા અને સંગમ એટલે ભાવના. એમ. ત્રણ શબ્દ પડ્યા છે. 'एकं शिवसंगमं' એક શિવ નામ શુદ્ધાત્મા, ઉપદ્રવ રહિત આનંદસ્વરૂપ ભગવાન શિવસ્વરૂપ એવો જે શુદ્ધાત્મા, સંગમ—એની સંગમ નામ ભાવના કરવી. આહાહા..! એનો પરિચય કરવો. શ્રુત પરિચિત

અનુભૂત આવે છે ને? એ રાગનો (પરિચય) કર્યો છે પણ આ પરિચય કર્યો નથી કહે છે. આહા..! ચોથી ગાથા આવે છે. '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।**' '**सव्वस्स वि कामभोग**' સર્વને એકેન્દ્રિયથી માંડીને બધા. '**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।**' ભગવાનસ્વભાવમાં એકત્વ અને વિકલ્પથી વિભક્ત, પ્રભુ! એ તેં કદી કર્યું નથી. આહાહા..! '**એક નિજ શુદ્ધાત્માકી હી ભાવના કેવલ...**' '**परं**' એટલે એક જ કર, એક જ આ કરવાનું છે. બાકી તો વિકલ્પમાં આવીને દુઃખી થાવું છે. આહા..! દુઃખના પંથડા એને પ્રેમમાં સારા લાગે છે. ભગવાનના પંથમાં પેસતા એ દુઃખના પંથડા દુઃખરૂપ લાગશે. આહાહા..! સમજાણું કાંઈ?

શિવસંગમ. ભાષા કરી જોઈ? એક નિજ શુદ્ધાત્મા (એ) શિવની વ્યાખ્યા કરી. અને સંગમ નામ પરિચય, ભાવના. આહાહા..! '**કેવલ કર, જિસમેં કિ...**' '**सुखम् प्राप्येत**' '**અતીન્દ્રિય સુખ પાવે,...**' આહાહા..! ભગવાન! તને અતીન્દ્રિય સુખ મળશે. આત્મામાં રમત માંડ. આહાહા..! એ રમતે તને અતીન્દ્રિય સુખ પ્રાપ્ત થશે. રાગમાં રમતે તને નરક અને નિગોદ મળશે. અમારે ત્યાં ઉમરાળામાં ઘર છે ને, કણબીવાડમાં, કણબીની છોડી જ્યારે સાસરે જાય ને, સાસરે ત્યારે એને દરેકનો રિવાજ એ લોકોને, આમ કરે. રોવે બહુ. આમ તો હોંશ છે કે મારે સાસરે જાવું છે. એ લોકોનો રિવાજ કણબીનો, ભાઈ! કણબીવાડમાં મકાન છે ને જન્મનું. નાની ઉંમરમાં જોયેલું ઘણું. એની મા વાળ-બાળ વાળે તેલ નાખીને, પછી રોવે. એ રોવાની ઢબ જ હોય એની એ રીતે રોવે. રાડ્યું પાડીને રોવે હોં પાછા. અંદરમાં તો સાસરે જાવું છે ધણી પાસે, ન્યાં ક્યાં રોવું છે એને. આ બધા ઢોંગ. આહાહા..! કહે છે કે ન્યાં જાવું છે ને તું રોવે છે, એ કરતાં મોક્ષ જાવું એના માટે અંદર રમત તો માંડ એકવાર. આહાહા..! તારે મોક્ષ જાવું છે, બાપુ! પરમાનંદની પ્રાપ્તિને ઘરે તારે જાવું છે, ભાઈ! એકવાર હોંશ અને હરખથી તું રમત તો માંડ આત્મા સાથે. આહાહા..! સમજાણું કાંઈ? એવો માર્ગ, બાપુ! આ તો એવો માર્ગ છે. લોકોને એવું લાગે કે આ તો એકાંત છે રે એકાંત છે. એમ કરીને લોકો વિરોધ કરે છે. સોનગઢનું એકાંત છે. ત્યાં જઈને પૂછો.

મુમુક્ષુ :— લોકોત્તર માર્ગ હોય એનો લોકોને વિરોધ જ હોય.

ઉત્તર :— આખી દુનિયા સાથે કંઈ મેળ નથી. સંપ્રદાયમાં વિદ્વાનો સાથે મેળ નથી, ત્યાગી સાથે મેળ નથી, પ્રભુ! શું કરે? આહાહા..! લોકો સમ્યગ્દર્શન વિના વ્રત ને તપથી કલ્યાણ કરવા માગે છે એને અહીં ના પાડે છે, એ એને એકાંત લાગે છે. બાપુ! એ માર્ગ નથી, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? એ તો બધા વિકલ્પો ને દુઃખની જાળ છે.

અહીં તો કહે છે, એક જેનાથી અતીન્દ્રિય સુખ પામે. '**અન્ય કુછ ભી મત ચિંતવન કર,...**' આહાહા..! બીજો વિકલ્પ ચિંતવન છોડી દે. આહાહા..! અતીન્દ્રિય આનંદના ધામમાં તારે જાવું છે, ભાઈ! આહા..! 'સ્વયં જ્યોતિ સુખધામ'. ભગવાનઆત્મા સ્વયં જ્યોતિ ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ ભગવાન છે. આહા..! 'જળહળ જ્યોતિસ્વરૂપ તું' આવે છે ને? શ્રીમદ્‌માં આવે છે, શ્રીમદ્‌માં આવે છે. શ્રીમદ્‌ને નાની ઉંમરમાંથી પૂર્વના સંસ્કાર ઘણાને. એકદમ અંદરથી રસ અને

રુચિ હતી. આહાહા..! અહીં તો કહે છે, અતીન્દ્રિય સુખને પામીશ. '**કુછ ભી મત ચિંતવન કર,...**' આહાહા..! એ દયાનો ને વ્રતનો ને તપનો વિકલ્પ છોડી દે. એ વિકલ્પ તો રાગ છે, દુઃખ છે, ભાઈ! અને એનાથી કર્મનું બંધન થશે. આઠે કર્મ દુઃખના ફળ છે. એ કર્મનો પાક તે દુઃખ છે. આહાહા..! પ્રભુ! એમ કહો છો તો તીર્થંકર પ્રકૃતિ છે ને? એનું ફળ શું? બાપુ! એ બહારનો સંયોગ એ કંઈ આત્માને હોતો નથી અને તે પણ તીર્થંકર પ્રકૃતિનો ઉદય, આહા..! પોતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ, અનંતઆનંદને પ્રાપ્ત કરે ત્યારે પ્રકૃતિનું ફળ બહાર દેખાય સમવસરણ આદિમાં, એમાં આત્માને શું આવ્યું? એ કહે છે ને, તીર્થંકર પ્રકૃતિને હેય માનવી? એ તો મોક્ષનું કારણ છે પરંપરા. અરે! બાપુ! ભાઈ! કઈ અપેક્ષાએ છે? પ્રકૃતિના ફળ તો, ૧૪૮ પ્રકૃતિના ફળ વિષના ફળ કહ્યા. કર્મમાત્રનું ફળ ઝેર છે એમ કહ્યું. અમૃતનો સાગર ફાલે એના ફળ અતીન્દ્રિય આનંદ સુખની પ્રાપ્તિ છે એમ કહે છે. કહ્યું ને? '**અતીન્દ્રિય સુખ પાવે, અન્ય કુછ ભી મત ચિંતવન કર, જિસસે કિ મોક્ષ ન મિલે.**' એવું ચિંતવન છોડી દે એમ કહે છે. જેમાં આત્માના અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ ન થાય એ વિકલ્પ છોડી દે, ભાઈ! આહાહા..! આવું કામ.

**ભાવાર્થ :— 'હે જીવ, તૂ શુદ્ધ બુદ્ધ અખંડ સ્વભાવ...'** 'એક'નો અર્થ અહીં કર્યો જરી. 'એક' શબ્દ ન નાખતા, અખંડ કર્યું. અહીં કર્યો એટલો અર્થ. પાઠમાં એ જ છે. છે ને? '**शुद्धबुद्धैकस्वभाव**'. સંસ્કૃત ટીકા છે. એકનો અર્થ અખંડ કર્યો એ બરાબર છે. ઘણે ઠેકાણે એક શબ્દ (નો અર્થ રહી ગયો છે.) અહીં એક એટલે અખંડ એ બરાબર છે. ભગવાનઆત્મા.. આહાહા..! શુદ્ધ છે, પવિત્ર છે, બુદ્ધ છે—જ્ઞાનનો પિંડ છે, અખંડ સ્વભાવ છે. આહાહા..! જેનો પર્યાયમાં ભેદ પણ પડતો નથી એવો ત્રિકાળી સ્વભાવ છે. અરે! આવું. '**નિજ શુદ્ધાત્માકા ચિન્તવન કર,...**' આહાહા..! કેવો છે પ્રભુ? એ તો શુદ્ધ પવિત્ર છે ભગવાન. અનાદિનો એ પવિત્ર સ્વભાવ એનો છે. આહાહા..! પર્યાયમાં જે અપવિત્રતા રાગ દેખાય છે એ વસ્તુમાં ક્યાં છે? આહાહા..! શુદ્ધ, બુદ્ધ, અખંડ સ્વભાવ '**નિજ શુદ્ધાત્માકા ચિન્તવન કર,...**'

'**યદિ તૂ શિવસંગ કરેગા તો...**' જોયું? '**શિવસંગ કરેગા તો...**' એટલે? આત્માના આનંદનો પરિચય કરીશ તો. આહાહા..! શ્રુત પરિચિત અનુભૂતા. આહાહા..! ... આવી વાતું છે. હેં!

મુમુક્ષુ :— મૂળ વાત છે.

ઉત્તર :— મૂળ વાત છે.

'**શિવસંગ કરેગા,...**' શિવસંગ એટલે? પહેલો અર્થ આવી ગયો, નિજશુદ્ધાત્મા એ શિવ. સંગ એટલે ભાવના. છે ને શબ્દાર્થમાં? આહા..! અતીન્દ્રિય અમૃતનો સાગર ભગવાનઆત્મા એને શિવ કહે છે અને એનો સંગ નામ એની એકાગ્રતા એને સંગમ કહે છે. આહાહા..! '**યદિ તૂ શિવસંગ કરેગા...**' આહાહા..! કલ્યાણસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર નાથ તેનો સંગમ નામ ભાવના કરીશ (તો) અતીન્દ્રિય સુખ પામીશ. સમજાય છે કાંઈ? એ વ્રતાદિના પરિણામ

પણ બંધના કારણ છે. આહાહા..! મોક્ષનું કારણ એ નથી. આહાહા..! આવી વાત આકરી પડે. વ્રત ને તપ એ જ હોય છે. આહા..! જ્યાં ત્યાં એ વધારે, બસ. આ અપવાસ કર્યા ને આ કર્યું ને સોળ અપવાસ કર્યા ને મહિનો (કર્યા), પણ મિથ્યાદૃષ્ટિ, તારા અપવાસ-બપવાસ ક્યાં હતા? આહાહા..! જેની દૃષ્ટિમાં ભગવાન આવ્યો નથી અને એની દૃષ્ટિમાં તો રાગ ને પર્યાય ને પરવસ્તુ આવી એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવો માર્ગ ઝીણો છે, બાપુ! આહા..! આખો સંસાર દુઃખરૂપ ઉથલી જાય, નાશ થઈ જાય અને અનંત.. અનંત.. અનંત આનંદ, કીધું ને? અતીન્દ્રિય સુખ પ્રાપ્ત થાય. આહાહા..!

**'શિવસંગ કરેગા તો અતીન્દ્રિય સુખ પાવેગા.'** આહાહા..! એમ ત્યાં કહ્યું નથી કે વ્યવહાર કર ને દયા પાળ તો તને અતીન્દ્રિય સુખ મળશે. હૈં! આહાહા..! સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં તો એમ કહે, ધર્મના ચાર પ્રકાર, દાન, શીલ, તપ, ભાવના. બસ થઈ રહ્યું. આહાહા..! દાન કરવા એ ધર્મ, શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ ધર્મ, તપ કરવો અપવાસ એ ધર્મ અને ભગવાનની પાસે મૂર્તિ પાસે ભાવના ભાવવી. એ બધો રાગ છે. આહાહા..! આવી વાત ન બેસે એ લોકોને. અહીં તો કહે છે, એ પરનો સંગ છોડ અને સ્વસંગ કર. આહાહા..! શિવસ્વરૂપ તારું પ્રભુ. શાંત શાંત શાંત શાંતિનો સાગર અકષાયભાવથી ભરેલો. કહ્યું ને અહીંયા? વીતરાગ ભાવ કીધો ને? ઓલામાં, ૧૪૫માં, ભાવાર્થમાં. **'અમૂર્ત વીતરાગભાવરૂપ જો નિજ શુદ્ધાત્મા...'** છે ને? **'અમૂર્ત વીતરાગભાવરૂપ જો નિજ શુદ્ધાત્મા...'** આહાહા..! એવો વીતરાગરસ જેનો અનાદિઅનંત. આહાહા..! એનો સંગ કર. એટલે કે એકાગ્ર થા. તને અતીન્દ્રિય સુખ મળશે. આ ઈન્દ્રિયના સુખ તો ઝેર છે. ઝેરના પ્યાલા. આહાહા..! ગજબ વાતું છે, ભાઈ! સ્ત્રી અનુકૂળ હોય, પૈસા ઠીક હોય, મકાન-બકાન ઠીક હોય, રૂપાળી સ્ત્રી હોય. આહાહા..! એની સાથે ખાય. આહાહા..! પેંડા, બરફી ઊડાવે અધશેર, પોણોશેર પહેલી. આહાહા..! પછી માને આનંદમાં. પ્રભુ! શું છે આ? શેની તારી રમતું ભાઈ? એ ઝેરના પ્યાલા પીવાની રમતું છે, બાપા! આહા..! સમજાણું કાંઈ? અહીં તો જેમ ઓલા ખાઈ વિષ્ટા ઊડાવે ને પછી ભોગ લે. એમ અનુભૂતિને ઊડાવે તો.. આહાહા..! ભગવાનનો ભોગ એ અનુભૂતિ છે. એ અનુભૂતિનું ફળ અનંતસુખ છે. આહાહા..! અરે! હજી જેની શ્રદ્ધાના ઠેકાણા ન મળે. આહા..!

**'જો અનંત સુખકો પ્રાપ્ત હુએ વે કેવલ આત્મ-જ્ઞાનસે હી પ્રાપ્ત હુએ,...'** જુઓ ખુલાસો. એમાં આવ્યું છે ને? **'भेदविज्ञानः सिद्धाः सिद्धा ये किल केचन'**. એમ અનંત સિદ્ધો અત્યાર સુધી થયા એ એક આત્મજ્ઞાન—ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ એનું જ્ઞાન, પ્રતીતિ અને રમણતા એ આત્મજ્ઞાનમાં ત્રણે આવી ગયું. છે? **'આત્મ-જ્ઞાનસે હી...'** એકાંત નથી થતું? 'હી' કહે છે. ... હો, રાગ હો, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ રાગ આવે છે. પણ છે એમાં મોક્ષના માર્ગનો અભાવ. આહા..!

**'જો અનંત સુખકો પ્રાપ્ત હુએ વે કેવલ...'** ભાષા છે? જુઓ! આહાહા..! **'जेण ण**

**लब्भइ येन कारणेन बहिश्चिन्तया न लभ्यते। मुक्खु अव्याबाधसुखादिलक्षणो मोक्ष**'. એ તો આત્માના આનંદથી પામે છે, આત્માના જ્ઞાનથી પામે છે એમ કહે છે. અનંતસુખને પ્રાપ્ત થયા પરમાત્મા અનંત આત્માઓ ણમો સિદ્ધાણં, સિદ્ધ ભગવાન અનંત મુક્તિને પામ્યા એ બધા '**આત્મ-જ્ઞાનસે હી પ્રાપ્ત હુએ,...**' વ્યવહારથી પ્રાપ્ત થયા, વ્યવહારમોક્ષમાર્ગથી એમ કહ્યું નહિ. આ બધી તકરારું પંડિતોની શાસ્ત્ર ભણીને. અરે! પ્રભુ! સ્વઆશ્રિત માર્ગ એક જ સાચો છે. પરાશ્રિત માર્ગ તો બંધનું કારણ છે. એ કીધું ને? '**આત્મ-જ્ઞાનસે હી...**' એમ શબ્દ છે. '**દૂસરા કોઈ ઉપાય નહીં હૈ.**' આહાહા..! આ એક જ ઉપાય, બે ઉપાય નહિ. માર્ગ એક, બે માર્ગ નહિ એમ કહે છે. આગમ પ્રમાણે આત્માની શ્રદ્ધા જોઈએ તે શ્રદ્ધા ક્યાંય દેખાતી નથી. તેમ આત્માની શ્રદ્ધા અને આત્મજ્ઞાન એના વક્તા દેખાતા નથી. વક્તા આત્મજ્ઞાનને બતાવે એવા વક્તા પણ દેખાતા નથી. આહાહા..! શેઠ! દીપચંદજી. ૨૫૦ વર્ષ પહેલા (થયા). આ અનુભવપ્રકાશમાં એ બનાવ્યા ને. મોઢે કહીએ તો માનતા નથી. હેં!

મુમુક્ષુ :— એ કરતાં તો આજનો કાળ સારો છે.

ઉત્તર :— વાત સાચી છે. એવું પુણ્ય છે ને ભગવાન પાસે બાંધેલું. આહાહા..! એમ કહે કે, હું તો લખી જાઉં છું. ઈ કરતાં તો અત્યારે સાંભળે છે. હેં! બાપુ! માર્ગ તો આમ છે, ભાઈ!

આત્મજ્ઞાન એક જ મોક્ષનો (ઉપાય) છે, બીજો કોઈ ઉપાય નથી. છે ને? ... '**ઈસલિયે હે યોગી, તૂ અન્ય કુછ ભી ચિન્તવન મત કર,...**' એ ભગવાનનું સ્મરણ પણ છોડી દે. આહા..! ણમો અરિહંતાણં એ વિકલ્પ છે, ચિંતા છે. આહા..! તારા ભગવાન પાસે જવા પર ભગવાનની ચિંતાનો વિકલ્પ છોડી દે. સમજાણું કાંઈ? ન્યાં જયસેનાચાર્યમાં કહ્યું, શુભ અને શુદ્ધ વિના કોઈ નિર્જરા નથી. આવે છે ને? શુભ અને શુદ્ધથી નિર્જરા થાય છે. એ તો પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! ઈ નાખે. ભાઈ! બાપુ! તને અવળે રસ્તે દોરે ઈ વાત કાઢી નાખ. શાસ્ત્રના અર્થમાં એવો અર્થ હોય નહિ. સમજાણું કાંઈ? અહીં તો કીધું જુઓ, આહા..! '**અન્ય કુછ ભી ચિન્તવન મત કર,...**' આહાહા..! '**પરકે ચિંતવનસે અવ્યાબાધ અનંત સુખરૂપ મોક્ષકો નહીં પાવેગા.**' એ પંચપરમેષ્ઠીનું ચિંતવન કરીશ તો એનાથી મોક્ષ નહિ મળે એમ કહે છે. સમજાણું કાંઈ? '**અન્ય કુછ ભી ચિન્તવન મત કર, પરકે ચિંતવનસે અવ્યાબાધ અનંત સુખરૂપ મોક્ષકો નહીં પાવેગા.**' આહાહા..! પરના ચિંતવનથી તો બાધાવાળા દુઃખની પ્રાપ્તિ થશે. એનાથી અવ્યાબાધ સુખ મોક્ષ નહિ પામે. આહાહા..! '**ઈસલિયે નિજસ્વરૂપકા હી ચિન્તવન કર.**' જોયું! આહા..! '**बहिश्चिन्तया न लभ्यते।**' છે ને! '**येन कारणेन बहिश्चिन्तया न लभ्यते। कोडसौ। मुक्खु**' મોક્ષ એટલે? '**अव्याबाधसुखादिलक्षणो मोक्ष**'. આહાહા..! સ્વરૂપનું ધ્યાન કર, સ્વરૂપની દૃષ્ટિ કર, સ્વરૂપનું જ્ઞાન કર, સ્વરૂપમાં રમણતા એક જ અનંતસુખની પ્રાપ્તિનો ઉપાય એ જ છે, બીજો કોઈ છે નહિ. મોક્ષમાર્ગ બે છે એમ નથી એમ કહે છે. એક જ ઉપાય છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૩, શુક્રવાર
## તા. ૧૬-૭-૧૯૬૫, ગાથા-૧૪૬, ૧૪૭, પ્રવચન નં. ૧૭૧

૧૪૬ ગાથા. પરમાત્મપ્રકાશ. એનો ભાવાર્થ. થોડું ચાલ્યું છે. ફરીને જુઓ! લ્યો આ પરમાત્મપ્રકાશ છે. એટલે આ આત્મા પરમાત્મસ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. પરમાત્માનો આત્મા ભાગ છે એમ નહિ. એમ નથી. પોતે જ પરમાત્મસ્વરૂપ છે અંદર. એનું ધ્રુવસ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ, સ્વભાવસ્વરૂપ, નિત્યસ્વરૂપ એ તદ્દન પરમાત્મસ્વરૂપ જ છે એ. જેમાં સંસારનો ઉદયભાવ નથી, જેમાં કર્મ શરીરનો ભાવ પણ એમાં નથી. એકલો ચૈતન્યઘન આનંદકંદ વસ્તુ છે. એ પોતે જ વસ્તુ પરમાત્મા છે. એને પર્યાયમાં પરમાત્મા પ્રગટ કરવા માટે ઉપાય શું એ અહીં બતાવે છે. કહો, સમજાણું? કારણ કે હોય તે પ્રગટ થાય. પ્રાપ્તની પ્રાપ્તિ હોય. પરમાત્મા પર્યાયમાં પ્રાપ્ત થાય. પર્યાયમાં પરમાત્મા પ્રગટ થાય. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ આદિ એ ક્યાંથી પ્રાપ્ત થાય? એ કાંઈ બહારથી આવતી ચીજ નથી.

મુમુક્ષુ :— ગુરુની કૃપા હોય તો થાય.

ઉત્તર :- ગુરુની કૃપા કોઈની કૃપા, કેવળીની કૃપા ત્યાં કામ આવતી નથી. કૃપા ક્યાં એને કેવળીને? કૃપા બધા ઉપર વર્તે છે. કહો, સમજાણું આમાં? એ એની એના ઉપર કૃપા જોઈએ. નિહાલભાઈ!

કહે છે કે, '**હે જીવ, તૂ શુદ્ધ (બુદ્ધ) અખંડ સ્વભાવ...**' લ્યો, ભગવાનઆત્મા અંદર શુદ્ધ નિર્મળ છે. વિકલ્પ જે મલિન છે એ તો ઉદયભાવ છે એ સ્વભાવમાં નથી. શુદ્ધ સ્વરૂપમાં નથી. એવો ભગવાન અત્મા તું શુદ્ધ, બુદ્ધ-એકલો જ્ઞાનનો રસિલો, જ્ઞાનનો પિંડ તું છો, અખંડ છો, એકરૂપ છો. કાંઈ વસ્તુ છે એ એકરૂપ છે. એમાં ખંડ, ભાગ, ભેદ નથી. એવો જે સ્વભાવ, અંતર વસ્તુસ્વભાવ '**નિજ શુદ્ધાત્માકા...**' એવો સ્વભાવવાળો નિજશુદ્ધાત્મા એટલે કે સ્વભાવસ્વરૂપ નિજશુદ્ધાત્મા.

શું કીધું? હે આત્મા! તારે તારું હિત ને કલ્યાણ કરવું હોય તો આ એક રસ્તો છે એ રસ્તા સિવાય બીજો ઉપાય નથી. ક્યો? કે તું શુદ્ધ છો, બુદ્ધ છો, અખંડ છો, આનંદમૂર્તિ છો. બરાબર હશે નિહાલભાઈ? એ વસ્તુ પોતે વસ્તુ આત્મા એને કહીએ કે જેમાં વિકાર નથી, કર્મ નથી, શરીર નથી. એ તો સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ શાશ્વત, જ્ઞાન અને આનંદના સ્વભાવસ્વરૂપ આત્મા એને આત્મા કહીએ. એ આત્માનું '**ચિન્તવન કર,...**' એ આત્માનું અંતર ચિંતવન કર. એના સન્મુખથી એકાગ્ર કર. એ જ એક સુખનો રસ્તો, ધર્મનો રસ્તો, મુક્તિનો રસ્તો બીજો કોઈ રસ્તો છે નહિ. કહો, સમજાય છે કાંઈ આમાં? કહો, છોટાભાઈ! કહો, કેટલા વેપારના ધંધે ચિંતવનમાં આ ચાલતું હશે ચિંતવના. એ કહેશે હમણાં ભાઈસાહેબ! મૂકી દે હવે એ ચિંતવન તારું. આહાહા..! અરે!

તને હેરાન થવાના રસ્તા, દુઃખી થવાના રસ્તા સૂઝે છે અને આ આત્મા શું ચીજ છે? તું પોતે કોણ છો? પોતે કોણ છો એની કિંમત ન મળે અને કિંમત આ પુણ્ય-પાપના ભાવ ને શરીર ને પુણ્ય-પાપના ફળ બહાર મળે આ ધૂળ અનુકૂળ-પ્રતિકૂળ, એની એને મહત્તા, એની એને કિંમત, એની એને અધિકાઈ. ભગવાનઆત્મા પૂર્ણાનંદથી ભરેલો એ કોઈ તુચ્છ લાગે છે એને અનાદિથી.

આખો સચ્ચિદાનંદ સત્ સત્ સત્ વસ્તુ છે અને જ્ઞાન ને આનંદથી ભરેલો એ પદાર્થ છે. અકૃત્રિમ, અણકરાયેલી અનાદિ અનંત ચીજ છે. એ ચીજમાં તું અંતર એકાગ્ર થા તો તને શાંતિ મળશે, જન્મ-મરણ ટળશે અને દુઃખનો અભાવ થઈને એકલી સુખની દશા પ્રગટ થશે. કહો, સમજાણું આમાં?

**'તો અતીન્દ્રિય સુખ પાવેગા.' 'શિવસંગ કરેગા...'** શિવસંગ એટલે? આ આત્મા શિવ. સંસ્કૃતમાં છે. **'शिवशब्दवाच्यशुद्धबुद्धैकस्वभावनिजशुद्धात्मभावनासंसर्गं'** ભાઈ! તું નિરૂપદ્રવ્ય ભગવાન છો અંદર. ક્યાં પણ એને અહીં કિંમત? એકસરખી દાળ ન થાય તો ખડખડાટ થાય, બીડી સરખી ન મળે તો સીગેરાટ, સીગરેટ. સીગરેટ કહે ને શું આમ? આમ વળી બે આંગળી કોક આમ રાખે ને કોક આમ રાખે. એ શોખ હશે એ અંદર જાતનો. આમ રાખે કે આમ રાખે શી ખબર? આમ.. આમ.. ઓહોહો..! જાણે ક્યાં ગરી ગયો છું આનંદમાં! અરે! ભગવાન! તું ક્યાં રખડવાના વિકલ્પમાં તને પ્રીતિયું અને ભગવાન પોતે, પોતે પોતાનું કોણ સ્વરૂપ છે એની એને પ્રીતિ નહિ, આ તે અનાદિનું ઘેલછાઈ અને ગાંડપણું કેવું? કહે છે. સમજાણું કાંઈ?

કહે છે કે, ભાઈ તું **'શિવસંગ કરેગા...'** તારો આત્મા જ કલ્યાણમૂર્તિ અંદર છે. એનો સંગ તું સંસર્ગ કર, સંસર્ગ કર. આ સંસર્ગ છોડી દે. બહારના સંસર્ગ દુઃખના છે એને છોડ, અંતરનો સંસર્ગ કર **'તો અતીન્દ્રિય સુખ પાવેગા.'** તો અંતરમાં અતીન્દ્રિય આનંદ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એવી અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ તને થશે. બીજી કોઈ રીતે સુખનો અને ધર્મનો રસ્તો છે નહિ.

**'જો અનંત સુખકો પ્રાપ્ત હુએ વે કેવલ આત્મ-જ્ઞાનસે હી પ્રાપ્ત હુએ,...'** અત્યાર સુધી બધા અનાદિ સંસારના અનંત જીવો જે કાંઈ આત્માના શાંતિને પામ્યા, સુખને પામ્યા, પરમાત્મપદને પામ્યા એ બધા કેવળ જ્ઞાત્મજ્ઞાન, એકલું એ આત્માનું જ્ઞાન હોં! બીજું જ્ઞાન નહિ. લૌકિક તો નહિ, શાસ્ત્ર પણ નહિ. પોતે ભગવાનઆત્મા પૂર્ણાનંદની જ્યોત એનું જ્ઞાન એટલે એની મહત્તા એટલે એના તરફનું વલેળું જ્ઞાન એ જ્ઞાન થકી અનંત સુખને પામ્યા છે. એ સિવાય કોઈ ઉપાય અનંતકાળમાં કોઈ બીજો ઉપાય કર્યો નથી. મોક્ષ માટે તો આ જ ઉપાય છે. કહો, બરાબર હશે આ વાત? પણ અમારે આ કરવું, પણ આ બાયડી, છોકરા બધા વળગ્યા હોય એનું કરવું કે આ કરવું? આ અત્યારે માન્યું છે ને એણે? વળગ્યા હોય તો તો અહીંથી છૂટો પડીને જાય નહિ અહીંથી.

મુમુક્ષુ :— ઓલા જાવા નથી દેતા.

ઉત્તર :— જાવા શું? આંખ મીંચે તો ફટ દઈને ચાલ્યો જાય. ત્યાં ક્યાં એનું કોઈ રોકે ત્યાં?

બધા હજાર માણસ બેઠા હોય. આ લ્યો દરબાર જેવા ચાલ્યા ગયા લ્યો! રાણીને કીધું મને અસુખ છે. લ્યો, એ જ્યાં કહેવા ગઈ ત્યાં તો અહીં જાવ પરલોક. જેવી ભાવના કરી એ પ્રમાણે ઉપડો બીજે સ્થાને, હવે આ બધું કાંઈ ન મળે. ધૂળમાંય ન મળે. આ તો મસાણના બંગલા છે બધા. એમાં સૂતો આમ પોઢીને જાણે ઓહોહો..! શું છે?

ભગવાનઆત્મા સુખ-શૈયા છે. એ આત્મા સુખ-શૈયા. સુખ-શૈયા સમજ્યા? એ સુખને પોઢવાનું સ્થાન-પલંગ. એ સુખ-શૈયા ચાલી છે હોં! સુખ-શૈયા વાત. એ આત્મા સુખની સેજા છે. આ પુણ્ય-પાપના ભાવ દુઃખની સેજા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :- હેં! એ એક વાત રહી જાય છે. ૧૩ની. ૨૦૧૩ની સાલનું વ્યાખ્યાન હતું ને પંડિતજી! આપણે ૭૨મી ગાથા ચાલતી હતી ત્યાં. ક્યાં કહેવાય એ? મધુવનમાં. ભાઈ! અશુચિ પુણ્ય-પાપના ભાવ મેલ છે, પુણ્ય-પાપનો ભાવ જડ છે, અચેતન છે, પુણ્ય-પાપનો ભાવ દુઃખરૂપ છે. માટે એના વિના...

---

## ગાથા-૧૪૭

अथ भेदाभेदरत्नत्रयभावनारहितं मनुष्यजन्म निस्सारमिति निश्चिनोति–

२७८) बलि किउ माणुस-जम्मडा देक्खंतहँ पर सारु।
जइ उट्ठब्भइ तो कुहइ अह डज्झइ तो छारु।।१४७।।
बलिः क्रियते मनुष्यजन्म पश्यतां परं सारम्।
यदि अवष्टभ्यते ततः क्वथति अथ दह्यते तर्हि क्षारः।।१४७।।

बलि किउ इत्यादि। बलि किउ बलिः क्रियते मस्तकस्योपरितनभागेनावताडनं क्रियते। किम्। माणुस-जम्मडा मनुष्यजन्म। किंविशिष्टम्। देक्खंतहँ पर सारु बहिर्भागे व्यवहारेण पश्यतामेव सारभूतम्। कस्मात्। जइ उट्ठब्भइ तो कुहइ यधवष्टभ्यते भूमौ निक्षिप्यते ततः कुत्सितरुपेण परिणमति। अह डज्झइ तो छारु अथवा दह्यते तर्हि भस्म भवति। तधथा। हस्तिशरीरे दन्ताश्चमरीशरीरे केशा इत्यादि सारत्व तिर्यक्शरीरे दृश्यते, मनुष्यशरीरे किमपि सारत्वं नास्तीति ज्ञात्वा घुणभक्षितेक्षुदण्डवत्परलोकबीजं कृत्वा निस्सारमपि सारं क्रियते। कथमिति चेत्। यथा घुणभक्षितेक्षुदण्डे बीजे कृते सति विशिष्टेक्षूणां लाभो भवति तथा निःसारशरीराधारेण वीतरागसहजानन्दैकस्वशुद्धात्मस्वभावसम्यक्श्रद्धानज्ञाना-नुचरणरुपनिश्चरत्नत्रयभावनाबलेनतत्साधकव्यवहाररत्नत्रयभावनाबलेन च स्वर्गापवर्गफलं गृह्यत इति तात्पर्यम्।।१४७।।

आगे भेदाभदरत्नत्रयकी भावनासे रहित जीवका मनुष्य-जन्म निष्फल है, ऐसा कहते हैं-

गाथा-१४७

अन्वयार्थ :- [मनुष्यजन्म] इस मनुष्य-जन्मको [बलिः क्रियते] मस्तकके ऊपर वार डालो, जो कि [पश्यतां परं सारम्] देखनेमें केवल सार दीखता है, [यदि अवष्टभ्यते] जो इस मनुष्य-देहको भूमि में गाड़ दिया जावे, [ततः] तो [क्वथति] सड़कर दुर्गन्धरुप परिणमे, [अथ] और जो [दह्यते] जलाईये [तर्हि] तो [क्षारः] राख हो जाता है।

भावार्थ :-इस मनुष्य-देहको व्यवहारनयसे बाहरसे देखो तो सार मालूम होता है, यदि विचार करो तो कुछ भी सार नहीं है। तिर्यञ्चोंके शरीरमें तो कुछ सार भी दिखता है, जैसे हाथीके शरीरमें दाँत सार है, सुरह गौके शरीर में बाल सार हैं इत्यादि। परन्तु मनुष्य देहमें सार नहीं है, घुनके खाये हुए गन्नेकी तरह मनुष्य देहको असार जानकर परलोकका बोज करके सार करना चाहिये। जैसे घुनोंका खाया हुआ ईख किसी कामका नहीं है, एक बीजके कामका है, सो उसको बोकर असारसे सार किया जाता है, उसी प्रकार मनुष्य-देह किसी कामका नहीं, परंतु परलोकका बोजकर असारको सार करना चाहिये। इस देहसे परलोक सुधारना ही श्रेष्ठ है। जैसे घुनेसे खाये गये ईखको बोनेसे अनेक ईखोंका लाभ होता है, वैसे ही इस असार शरीरके आधारसे वीतराग परमानंद शुद्धात्मस्वभावका सम्यक् श्रद्धान ज्ञान आचरणरुप निश्चयरत्नत्रयकी भावनाके बलसे मोक्ष प्राप्त किया जाता है, और निश्चयरत्नत्रयका साधक जो व्यवहाररत्नत्रय उसकी भावनाके बलसे स्वर्ग मिलता है, तथा परम्परासे मोक्ष होता है। यह मनुष्य-शरीर परलोक सुधारनेके लिये होवे तभी सार है, नहीं तो सर्वथा असार है।।१४७।।

---

હવે, ભેદાભેદ રત્નત્રયની ભાવનાથી રહિત મનુષ્યભવ નકામો છે, એમ નક્કી કરે છેઃ-

ભાવાર્થ :-હાથીના શરીરમાં દાંત, ચમરીગાયના શરીરમાં વાળ ઈત્યાદિ સારપણું તિર્યંચના શરીરમાં જોવામાં આવે છે, પણ મનુષ્યના શરીરમાં કાંઈપણ સારપણું નથી, એમ જાણીને ઘુણથી ખાવામાં આવેલા નકામા થયેલા સાંઠાનો, વાવવામાં બીજ તરીકે ઉપયોગ કરી અસારને સાર કરવામાં આવે છે. તેવી રીતે મનુષ્યજન્મને

**અસાર હોવા છતાં સારભૂત કરવામાં આવે છે. કેવી રીતે? જેવી રીતે ઘુણભક્ષિત શેરડીના સાંઠાનો બીજ તરીકે ઉપયોગ કરવામાં આવતાં, ઘણી શેરડીનો લાભ થાય છે તેવી રીતે અસાર શરીરના આધારથી એક (કેવળ) વીતરાગસહજાનંદરૂપ સ્વશુદ્ધાત્મસ્વભાવનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ અનુચરણરૂપ નિશ્ચયરત્નત્રયની ભાવનાના બળથી અને તે નિશ્ચયરત્નત્રયના સાધક વ્યવહારરત્નત્રયની ભાવનાના બળથી સ્વર્ગ અને મોક્ષનું ફળ મળે છે, એ તાત્પર્ય છે. ૧૪૭.**

## ગાથા-૧૪૬ ઉપર પ્રવચન

'**આગે ભેદાભેદરત્નત્રયકી ભાવનાસે રહિત જીવકા મનુષ્ય-જન્મ નિષ્ફલ હૈ,...** ' જેણે આ ભગવાનઆત્મા શુદ્ધસ્વરૂપની દષ્ટિ, જ્ઞાન ને લીનતા ન કરી અને એની સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ. બેય લે છે. આ એવું નિશ્ચયપૂર્વક વ્યવહાર આદિ સાધન ન કર્યા આ એને મનુષ્ય જન્મ નિષ્ફળ થાય છે.

**૨૭૮) बलि किउ माणुस-जम्मडा देक्खंतहँ पर सारु।**
**जइ उट्ठब्भइ तो कुहइ अह डज्झइ तो छारु।।१४७।।**

શું કહે છે? '**ઈસ મનુષ્ય-જન્મકો મસ્તકકે ઉપર વાર ડાલો...**' આમ નથી કહેતા? છોડી દ્યો એમ. કે '**જો કિ દેખનેમેં તો કેવલ સાર દિખતા હૈ,...**' ધૂળ દેખાય સારી આમ. ચામડું રૂપાળું, દાંત ઓલા, નાકના ઓલા ગરુડના ઓલા જેવું નાક, દાંત સારા, નાક સારું, કાન કુંડળ જેવા કાન, બધું દેખાવમાં સારું લાગે છે કહે છે. પણ છે કેવું કહે છે જુઓ! '**કેવલ સાર દિખતા હૈ, જો ઈસ મનુષ્ય-દેહકો ભૂમિ મેં ગાડ દિયા જાવે,...**' આ દેહને જો ભૂમિમાં દાટે '**તો સડકર દુર્ગન્ધરૂપ પરિણમે,...**' શું થાતું હશે? કસ્તુરી થાતી હશે ત્યાં? દાટે અંદર, સડીને પરમાણુ સડીને દુર્ગંધ ઉત્પન્ન થાય. એકલા દુર્ગંધરૂપે પરિણમે. એક વાત.

'**ઔર જો જલાઈયે...**' બાળે, બાળે તો રાખ થાય. દાટે તો સડીને ધૂળ થાય, આ બાળે તો રાખ થાય એમાં બીજું કાંઈ સાર છે નહિ. કહો, સમજાણું કાંઈ? આ દેહમાં સાર નથી તો બાયડી, છોકરા, પૈસા ને ધૂળ તો ક્યાંય રહી ગઈ હવે. ભાઈ! પણ વળગ્યો છે ને એ પણ. અને જેને છોડવા ન માગે એ શી રીતે છૂટે? અહીં ભગવાનઆત્મામાં પણ અંદર એકાગ્ર થવા ન માગે એને એ પ્રાપ્ત કેમ થાય? અને આ છોડવા ન માગે એ છૂટે શી રીતે? અનાદિકાળથી બાવો થયો, ત્યાગી થયો, જૈન સાધુ થયો, પણ અંદરમાં સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ હું આનંદ છું એવું એણે અંતરમાં આશ્રય ને શરણ લીધું નહિ, બહારના શરણમાં ક્યાં ક્યાં રોકાઈ ગયો.

કહે છે કે આ '**ઈસ મનુષ્ય-દેહકો વ્યવહારનયસે બાહરસે દેખો તો સાર માલૂમ હોતા**

**है, यदि विचार करो तो ईसमें कुछ भी सार नहीं है. तिर्यंचों के शरीर में तो कुछ सार भी दिखता है,...'** ઢોરના શરીર. **'जैसे हाथी के शरीर में दांत सार है,...'** દેખાય. દાંત-દાંત. હાથીને દાંત હોય ને ચીમનભાઈ! આના તો દાંત પણ કામ ન આવે. કાંઈ ન કામ આવે. **'सुरह गौके शरीर में बाल सार हैं...'** આ ચમરી ગાય. ચમરી ગાય છે ને. ચમરી ગાયના તો વાળ એનું પૂછડું કહે છે કે વાળ કામ આવે. **'परंतु मनुष्यदेह में सार नहीं है,...'** ધૂળમાં કાંઈ સાર નથી આ મનુષ્યદેહમાં.

મુમુક્ષુ :— ક્યારની વાત છે?

ઉત્તર :— આ અત્યારની વાત છે. ક્યારની વાત છે ઈ? એમ કહે છે, આ સડીને મરે ત્યારે ને! ક્યારની વાત હશે આ? આ અત્યારની વાત ચાલે છે બાપા! આ ધૂળ છે, માટી છે અને તું પ્રભુ ચૈતન્ય છો. તારા પરમેશ્વરની વાત સર્વજ્ઞની વાણીમાં પૂરી ન પડે એવો તું છો. સર્વજ્ઞની વાણીમાં પણ પૂરી વાત ન આવે એવો પરમાત્મા આનંદકંદ સચ્ચિદાનંદ પૂર્ણ જ્ઞાન અને આનંદનું ઘર આખું તારું છે. એને ભૂલી અને આ શરીર મડદા, બળેલા રાખ એના ઉપર ચોંટ્યો મડદામાં. આવે છે ને મૂર્છા મડદું-મડદું. અત્યારે કીધું મડદું. એ ૯૬ ગાથામાં કહ્યું સમયસારમાં. સમયસારમાં ૯૬ ગાથામાં કહ્યું છે. સમજાણું? આ તો અત્યારે પ્રશ્ન આવ્યો ને અત્યારે? અત્યારે કે નહિ? કે અત્યારે. ૯૬. જુઓ! શું કહે છે? જુઓ!

**'અને મૃતક કલેવર વડે...'** આ મૃતક કલેવર કહ્યું છે આને. એ ૯૬ ગાથામાં અમૃતચંદ્રાચાર્ય મહારાજ. **'આ મૃતક કલેવર વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.'** સામે સામે ગુલાંટ મારી છે. આ મૃતક, આ અમૃત. આ મૃતક, આ અમૃત. શબ્દ લાગુ પાડ્યા અમૃતચંદ્રાચાર્યે. ટીકા છે ને. આ મૃતક, આ અમૃત. આ મૃતક કલેવર છે શરીર અત્યારે. મડદું-મડદું. પાઠ છે જુઓ! મૃતક કલેવર પાઠ છે. સંસ્કૃત ટીકા. એ વડે ભગવાન અમૃતનો કુંડ પ્રભુ. આહાહા..! તારા અમૃતના એક કણની અંદરમાં આખી દુનિયા ઈન્દ્રના ઈન્દ્રાસન સડેલા તરણા લાગે એવો તારો આનંદ તને પડેલો છે એના એક કણની આગળ ઈન્દ્રના ઈન્દ્રાસન સડેલા તરણા લાગે એવું અમૃતસ્વરૂપ. આ મૃતક કલેવરમાં અમૃતસ્વરૂપ મૂર્છાઈ ગયો છે. આહાહા..! આચાર્યે ગુલાંટ મારીને વાત કરી છે.

**'મૃતક કલેવર (-શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન... '** અમૃતરૂપ વિજ્ઞાનઘન, કોઈ દિ' મરે નહિ અને એમાં આનંદનો પાર નહિ. એવો ભગવાન અમૃતથી, આનંદથી ભરેલો એ પોતાની દૃષ્ટિ કરતો નથી. મૃતક કલેવરમાં મૂર્છાઈ ગયો. મરેલામાં મૂર્છાણો. એ મરેલામાં મૂર્છાણો એમ કહે છે. આ અત્યારની વાત છે. જીવતાની કરે છે હોં!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મૃતક જ છે ને. શું છે? આમાં કે દિ' પરમાણુનો પર્યાય આ જીવ હતો? આ તો માટી છે.

'**મૃતક કલેવર વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...** ' પાછું અમૃત તે પરમઅમૃત. અમૃતનો સાગર ભગવાનઆત્મા એટલે કે એકલો અમૃતરૂપ અને અતીન્દ્રિય આનંદરૂપ, એવો પ્રભુ મૃતક કલેવરમાં અનાદિથી મારું માનીને એની ચિંતામાં પડ્યો, પોતાને ખોઈ બેઠો. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— બોલતો.

ઉત્તર :— બોલતો. કોણ બોલે છે? એ તો ધૂળ બોલે છે. આત્મા બોલે છે? મૃતક કલેવર મહા મડદા શરીર, રજકણો બોલે છે.

કહે છે, અરે! આ મનુષ્યદેહમાં તો કાંઈ સાર નથી. ઓલા હાથીને તો દાંત પણ સાર. ચુડલા-બુડલા કરીને પહેરે, ઢીંકણું કરે. આ ઓલાને વાળ. '**ધુનકે ખાયે હુએ ગન્નેકી તરહ મનુષ્ય-દેહકો અસાર જાનકર પરલોકકા બોજ કરકે સાર કરના ચાહિયે.**' શું દાખલો આપે છે હવે જુઓ! શેરડી હોય ને શેરડી? એને શિયાળ ખાઈ જાય. શિયાળ-શિયાળ હોય ને? શું કહેવાય એ? શિયાળ નથી હોતું એ જાનવર? લોમડી. ગન્ના-શેરડીને ખાય છે ને શિયાળ? હા, ભુંડ ખાઈ જાય છે એ. અહીં ધુનિ નામ પાડ્યું. નહિતર આપણે શિયાળ કહે છે. એ શિયાળ આવે ને તો ખાઈ જાય. કસ રહે નહિ. ચુસે તો રસ રહે નહિ, પણ બીજ છે તો વાવે તો અનેક સાંઠા થાય. એનું ચૂસેલું હોય, રસ હોય નહિ, રસ ન આપે. પણ ઓલી ગાંઠ હોયને ગાંઠ? વાવે તો પાછી અનેક સાંઠા થાય. સાંઠા એટલે શેરડીઓ.

એમ આ શરીરને. દાખલો આપ્યો છે જુઓ! '**ધુનકે ખાયે હુએ ગન્નેકી તરહ મનુષ્ય-દેહકો અસાર જાનકર પરલોકકા બોજ કરકે સાર કરના ચાહિયે. જૈસે ધુનોંકા ખાયા હુઆ ઈખ...**' ઈખ એટલે શેરડી-ગન્ના. '**કિસી કામકા નહીં હૈ, એક બીજકે કામકા હૈ,...**' ગાંઠવાળું હોય ને ગાંઠ? ગાંઠ ન ખાય ને ઓલી ગાંઠ હોય ને. વાવે તો શેરડી થાય. બાકી ખાવામાં કામ આવે નહિ. '**સો ઉસકો બોકર અસારસે સાર કિયા જાતા હૈ,...**' વાવે તો શેરડી થાય. '**ઉસી પ્રકાર મનુષ્ય-દેહ કિસી કામકા નહીં,...**' બાળપણ અજ્ઞાનમાં, વૃદ્ધપણું દુઃખમાં, યુવાનીમાં ભોગમાં આખું ખવાઈ ગયું શરીર. હવે એ શરીરમાં, કાંઈ આત્મામાં કરવાનો એને વખત રહેતો નથી. એમાંથી જો કહે છે, આ બધું સડી ગયેલું શરીર આદિ એમાં.

એમાંથી '**જૈસે ધુનેકે ખાયે ગયે ઈખકો બોનેસે અનેક ઈખોંકા લાભ હોતા હૈ, વૈસે હી અસાર શરીરકે આધારસે...**' નિમિત્તસે '**વીતરાગ પરમાનંદ શુદ્ધાત્મસ્વભાવકા સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ નિશ્ચયરત્નત્રયકી ભાવનાકે બલસે મોક્ષ પ્રાપ્ત કિયા જાતા હૈ,...**' લ્યો! એ શેરડીને ધુનાએ ખાધી હોય. શિયાળ આપણે કહેવાય. શિયાળ ચૂસી જાય ને, કસ ન હોય અંદર પછી. એની ગાંઠ હોય એકલી. એ ગાંઠ વાવે તો એને શેરડી થાય. અમથા ચૂસવામાં કામ આવે નહિ. એમ આખો આ મનુષ્યદેહ જીર્ણ... જીર્ણ... જીર્ણ થઈ ગયો છે. એમાંથી કહે છે કે આત્માનું કાર્ય જો કરવું હોય તો આત્માનું બીજ વાવે સમ્યગ્દર્શનનું, તો એને કેવળજ્ઞાન થાય. બાકી આ શરીર કાંઈ કામનું છે નહિ. લ્યો, શરીર કામનું નથી તો હવે બાયડી, પૈસા, ધૂળ ને આબરું.

શું હશે આવું પણ? આ કોણે આવું કર્યું હશે?

ઓલો એક જણો કહેતો હતો. ઓલા સુખલાલ હતા ને સુખલાલ જીવરાજ. વઢવાણના નહોતા? વઢવાણવાળા નાગરભાઈના ભાઈ. વઢવાણ-વઢવાણવાળા. નાગર જીવરાજ અને સુખલાલ. એ શું કહેવાય? ડીસા. ડીસામાં નોકરી હતી ને. ઘણી નોકરી ૪૦ વર્ષ, ૫૦ વર્ષ પહેલાં. ૪૦ વર્ષ પહેલાં મોટો ૪૦૦-૫૦૦ પગાર તે દિ'. મોટો હતો મોટો. પછી આ બધું વાંચે બધું. દિગંબરના શાસ્ત્રો વાંચે. એ સ્થાનકવાસી. વાંચે બધા. ગાયન બનાવે. કવિ. પછી એક ફેરી પ્રશ્ન કર્યો. આ બધું બનાવે અને પાછો પ્રશ્ન કર્યો. ઉમરાળા આવ્યા હતા. ૮૬ની અંદર. ૧૯૮૬માં. આ પણ આ બધું કર્યું કોણે કે અમારે હવે ઉપાય કરવો આ બધો? અરે! સુખલાલભાઈ! આ તમે મોટા પગારદાર. ૪૦૦-૪૦૦ના પગારદાર. આ તો ૮૬ની વાત છે હોં! ૩૭ વર્ષ પહેલાની વાત છે. ૩૭ વર્ષ. એ પહેલા ડીસામાં મોટા હતા. તે દિ' હતા ડીસામાં નોકરી મોટી હતી. આ તમે ગાયન બનાવો છો. પદ્મનંદી આચાર્યમાંથી ગાયન બનાવેલા હોં! પદ્મનંદી છે ને? પદ્મનંદીમાંથી. અહીં રસ ખરો દિગંબર શાસ્ત્રોનો. રસ એટલે એમાં ગાયન કવિ બનાવે. પુસ્તક બનાવેલા. પણ અંદરમાં ઓલી ન મળે. આ કર્યું કોણે ? કહે. અમારા નારણભાઈના ભાઈબંધ હતા. દીક્ષા લીધી હતી ને અમારે નારણભાઈએ. કે આ કર્યું કે ઉપાધિનો હવે અમારે આમાંથી ઉપાય કરવો. પણ કોણે કર્યું? તેં ઊભું કર્યું છે. 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતા વિલય થતા નહિ વાર.' ઊભું તેં કર્યું છે અજ્ઞાનમાં અનાદિથી. ભગવાન સ્વરૂપ છે આત્માનું એને ભૂલી પુણ્ય ને પાપના વિકલ્પમાં મૂર્છાઈ આખો મોહ ઊભો કર્યો છે. અને એને લઈને આખો સંસાર નિગોદથી માંડીને નરક અને નવ ગ્રૈવેયક ઊભા કર્યા તેં. મોહને લઈને ઊભું કર્યું. કોઈ બીજાએ કર્યું નથી. કરનાર તું અને ટાળનાર પણ તું. કોઈ બીજો છે નહિ.

કહે છે કે એ '**શરીરકે આધાર સે વીતરાગ પરમાનંદ શુદ્ધાત્મસ્વભાવકા...**' જુઓ! '**સમ્યક્ શ્રદ્ધાન...**' ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યપ્રભુ, એની સાચી અંતર્મુખ થઈને સમ્યક્ સાચી શ્રદ્ધા એનું નામ સમ્યગ્દર્શન. અને તેના તરફનું સમ્યગ્જ્ઞાન એ વીતરાગ પરમાનંદ શુદ્ધસ્વરૂપ એનું જ્ઞાન, એનું જ્ઞાન. બીજાનું નહિ. અને વીતરાગ પોતે. વીતરાગ એટલે? રાગ વિનાનું પોતાનું સ્વરૂપ છે એમ. વીતરાગ એટલે. વીતરાગ થયા એ નહિ, એ તો પર્યાયમાં થયા. આ તો તારું સ્વરૂપ જ રાગ ને આસ્રવ ને મલિન પરિણામ વિનાનું છે. એવા સ્વરૂપનું આચરણ. દેખો! એ શુદ્ધાત્મસ્વભાવનું આચરણ, આ એનું નામ ચારિત્ર. સમજાણું કાંઈ? એ નિશ્ચયરત્નત્રય કહેવાય છે, એ સાચા રત્નત્રય કહેવાય છે. એ સાચા રત્નથી મુક્તિ મળે છે. એ ભગવાનઆત્મા શુદ્ધ પરમાનંદની મૂર્તિ, વીતરાગ વિજ્ઞાનઘન એવા આત્માની અંતર્મુખની શ્રદ્ધા, અંતર્મુખનું જ્ઞાન, અંતર્મુખનું આચરણ એને અહીંયાં સાચા રત્ન કહેવાય છે, સાચા રત્નત્રય મોક્ષનો માર્ગ. એ રત્નત્રયથી તને મુક્તિ મળે એમ છે. બાકી કોઈથી મળે એવું નથી. સમજાણું કાંઈ?

'રત્નત્રયકી ભાવનાકે બલસે... ' એમ લખ્યું છે ને? 'ज्ञानानुचरणरुपनिश्चरत्नत्रय-

**ભાવનાબલેન**' એ નિશ્ચયરત્નત્રય એકાગ્રતા. કહો, સમજાણું? '**ઔર નિશ્ચયરત્નત્રયકા સાધક જો વ્યવહારરત્નત્રય ઉસકી ભાવનાકે બલસે સ્વર્ગ મિલતા હૈ,...**' અને જોડે જ્યાં સુધી પૂર્ણ વીતરાગ, એ બેય મૂક્યું છે ને એમાં? સ્વર્ગ-અપવર્ગ બેય. સાધક વ્યવહારરત્નત્રયથી સ્વર્ગ અને નિશ્ચયથી મોક્ષ. સમજાણું કાંઈ? જુઓ અંદર છે એ. '**निश्चरत्नत्रयभावनाबलेन**' બસ એટલું. '**तत्साधकव्यवहाररत्नत्रयभावनाबलेन**' એટલે એકનું ફળ સ્વર્ગ અને એકનું ફળ અપવર્ગ. પોતાનું શુદ્ધસ્વરૂપ પૂર્ણાનંદ અખંડ અભેદ સ્વરૂપ એકરૂપ આત્મા છે અંદર. એની અંતરમાં સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ આચરણ એ તો સાક્ષાત્ મુક્તિનું કારણ. સંસારના જન્મ-મરણને મટાડવાનું કારણ. પણ એની સાથે જરી પૂર્ણ સર્વજ્ઞ આત્મા ન થાય ત્યાં સુધી એને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, એની શ્રદ્ધા, એનો વિનય, શાસ્ત્રનું ચિંતવન, ભણતર એવું નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એવો વિકલ્પ રાગ હોય છે. એ રાગના ફળ તરીકે એને સ્વર્ગ મળે. રાગ છે એ પુણ્ય છે તો એના ફળે સ્વર્ગ મળે. નિશ્ચય સ્વભાવના ફળમાં મુક્તિ મળે. બેયના ફળ જુદા અને બેયના કારણ પણ જુદા. સમજાણું કાંઈ?

આમાં કેટલા કાળે આ સમજાતું હશે? કોક કહે ભાઈ, અમે કેટલો કાળ નિવૃત્તિ લઈએ તો સમજાય? છોટાભાઈ! ધંધો કરવા ગયા ત્યાં મુદ્દત કરીને ગયા છે? કે કેટલો કાળ અમારે ધંધો કરવો? એમ મુદત કરી છે કોઈ દિ'? ભાઈ આ ૫૦ લાખ થાય ત્યારે આ બંધ કરવું એમ મુદ્દત કરી છે કોઈ દિ'? એ નરભેરામભાઈ કહેતા એક ફેરી અહીં. આ કામાણી નરભેરામભાઈ કહેતા કે ભાઈ આપણે તો બસ પાંચ લાખ થાય ને, આપણે બહુ જોતા નથી. અમારે ઓલા જસાણી છે ને. જસાણી અહીં મોટર લઈને આવ્યા હતા એક ફેરી. અમારી જસાણી જેવું થાવું નથી, આપણે પાંચ લાખ બહુ થયા. પાંચ થયા, પચાસ થયા, સાંઈઠ થયા તોય હજી સખ નથી એને. કાંઈ એનાથી સંતોષ થશે? લાકડા અગ્નિમાં નાખતા અગ્નિ ઓલવાશે? હળ હળ સળગશે એ તો. એમ તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણાથી સંતોષ થશે? આત્મામાં સંતોષસ્વરૂપ આનંદમૂર્તિ છે એની દૃષ્ટિ કરતાં સંતોષ થશે. કાંઈ જોઈતું નથી. હજી રાગ હોય જરી. અસ્થિરતા છે એટલે રાગ હોય. પણ દૃષ્ટિમાં કાંઈ જોઈતું નથી. આ રાગ આવે એ પણ જોતો નથી, રાગનું ફળ પણ જોઈતું નથી. જોવે તો એ સ્વભાવ ભગવાનઆત્મા ભરેલો એ મારે જોવે છે અને એની શાંતિ તરીકેનું ફળ મારે જોવે છે. આવી દૃષ્ટિ કર્યા વિના એનો કલ્યાણનો એક અંશ પણ કોઈ દિ' શરૂ થાય એવો નથી. સમજાણું કાંઈ? ત્યાં મુદ્દત મારતા હશે દુકાનની? કે આટલો કાળ અમારે દુકાને રહેવું.

મુમુક્ષુ :— પાંચ કરવાની છે.

ઉત્તર :— પાંચ કરવાની છે. જેમ પૈસા વધે એમ કષાય સળગે. વધારે નાખો એક દુકાન કાપડની, નાખો એક કપાસની, નાખો એક કપાસિયાની. નિહાલભાઈ એમ થાય છે કે નહિ?

કહે છે, એ ભગવાનઆત્માની મહાન દુકાન અંદર પડી છે મહા સ્વભાવ. જેમાં ચૈતન્ય રત્નાકર, જેમાં રત્નો પડ્યા છે આનંદ, જ્ઞાન, શાંતિ આદિ. આત્મવસ્તુ. વસ્તુ છે ને? પદાર્થ છે કે

નહિ આત્મા? તો વસ્તુ છે એમાં અંનતા ગુણો પડ્યા છે શક્તિએ. એ અનંતા ગુણનું એકરૂપ એવો ભગવાન, એની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા દ્વારા જ મોક્ષનો ઉપાય થાય. વચ્ચે વ્યવહારરત્નત્રય આવે, દેવ-ગુરુની શ્રદ્ધા, છ દ્રવ્યની શ્રદ્ધા, નવ તત્ત્વની વ્યવહારુ શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ અને શાસ્ત્રનું જ્ઞાન એવા શુભરાગથી સ્વર્ગ મળે અને શુદ્ધતાથી સંવર અને નિર્જરા થાય, શુદ્ધિ વધે, પછી આગળ જ્યારે ઓલા બીજા ભવમાં જાય ત્યારે પૂર્ણ શુદ્ધિ કરીને રાગને છેદીને કેવળ પામે તો મુક્તિ થાય. કહો, સમજાણું કાંઈ?

'**તથા પરંપરાસે મોક્ષ હોતા હૈ.**' જુઓ! વ્યવહારથી. પરંપરા એટલે એ. ઓલો રાગ છે, પછી ભવિષ્યમાં અભાવ કરશે. પૂર્ણ આનંદ સ્વરૂપમાં ઠરશે તે દિ' એની મુક્તિ થશે. જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી રાગનું ફળ સ્વર્ગ મળશે. ધર્મી જીવો આત્માની દૃષ્ટિ ધર્મ કર્યો, સ્વભાવ-ભાન થયું, પણ પૂર્ણ સર્વજ્ઞદશા ન થઈ એને વચ્ચે રાગ રહી જાય તો એ મરીને ક્યાં જાય? સ્વર્ગમાં જ જાય. સમજાણું કાંઈ? સ્વર્ગમાં જાય એ ધર્મશાળા છે ત્યાં. એ ત્યાંથી નીકળીને મનુષ્ય થઈ અને પૂર્ણ કરીને પરમાત્મા થઈ જશે. સમજાણું કાંઈ?

'**યહ મનુષ્ય-શરીર પરલોક સુધારનેકે લિયે હોવે તભી સાર હૈ, નહીં તો સર્વથા અસાર હૈ.**' આ અસાર. ઘડીકમાં દગો આપે. આ શું થયું? કાંઈ ખબર ન પડી. વળી એમ કહે. એમ કહે ને? ચીમનભાઈ! શું થયું? કાંઈ ખબર ન પડી. કાંઈ ખબર નહિ શું થયું. એકદમ સુઈ ગયા, એકદમ બેઠા હતા ને આમ થઈ ગયું. હવે થયું, એ દેહની સ્થિતિ પૂરી થવાની હતી. એ કાળે ત્રણકાળ ત્રણલોકમાં ફરે નહિ. એ દગો આપશે એક દિ' તું જાણે કે હમણા સુઈ જઈશ. ત્યાં સુતો જાગીશ નહિ અને જાગતો સુઈશ નહિ. એક દિ' તો આવશે કે નહિ એવો? કે સૂતો ઉઠ્યો હશે એ સૂશે નહિ અને સૂતો હશે તે ઉઠશે નહિ. એમાં ને એમાં મરી જશે કેટલાક સૂતા. મોટો રાજા હતો ને આ જ્યોર્જ નહિ? જુઓને રાતે ઉંઘમાં મરી ગયો. નહિ? એના સાડા ત્રણ કરોડના બંગલામાં હતો. સવારમાં જોવે તો મડદું. સાડા ત્રણ કરોડનો બંગલો હતો એનો. આમ સવારે જોવે તો કોઈ ન મળે. એલા! મોટા મોટા ડોક્ટરો જેને જોનારા એને એટલી ખબર ન પડી અનુમાનથી કે આ રાતે ખલાસ થઈ જશે?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— પણ કોઈ સાથે તો સુવે ને-બેસે જોડે રહે. કોઈ નહોતું. સવારે ઉઠાડ્યો ત્યાં મડદું પડ્યું હતું. સાડા ત્રણ કરોડનો બંગલો હતો. એના પ્રમાણમાં કેટલી ઋદ્ધિ હશે? જ્યોર્જ ગુજરી ગયો ત્યારે. ઉપડો. એને તો નરકમાં જાવું હોય. બીજે તો જાવું ન હોય. લોઢાનો ભાર, મોટો લોઢાનો ગોળો પાણીમાં મૂકો એટલે નીચે જ જાય. એમ જેણે માંસ ખાધા, દારૂ પીધા, માછલા ખાધા મહા પાપ. એ પાપનો બોજો વધ્યો એ પાણી નીચે ગયો, નીચે નરકે જ જાય. દુનિયા એમ માને કે આહાહા..! ખમ્મા... ખમ્મા... ખમ્મા એમ બહારથી કરે. કાઢ્યા હશે તો બહુ ઓલાથી કાઢ્યા હશે ને. દાટવા માટે. દાટે નહિ ઓલી પેટીમાં રાખે એને. પેટીમાં રાખે, પેટીમાં રાખે. અને એનો મોટો

હોય ને આ ડંડ મોટો હોય ઊંચો રત્નનો. એ બધા રાખે. આમ રાખે ને આમ રાખે. ઓલા ભાઈસાહેબ નીચે બેઠા હોય.

મુમુક્ષુ :— એના સ્થાનમાં પહોંચી ગયો.

ઉત્તર :— એ એનું સ્થાન હોય ત્યાં પહોંચ્યો નીચે નરકમાં. આ દુનિયાના પડદા તો જુઓ! ઓહોહો..! એક ક્ષણમાં ખમ્મા અને બીજે ક્ષણે નરક. બ્રહ્મદત્ત ચક્રવર્તી જેવો લ્યોને. ૭૦૦ વર્ષનું આયુષ્ય અને છન્નું હજાર સ્ત્રી, સોળ હજાર દેવ સેવા કરે. મરીને નરકે. છેલ્લે રત્નના ઓલામાં સૂતો હતો ઢોલિયામાં. શું કહેવાય? પલંગ. પણ મહાપાપી. પાપ બહુ કરેલા ભોગના, વિષયના, હિંસાના. એ ત્યાં સૂતેલો ઓલામાં. ખમ્મા અન્નદાતા દેવો કહે. અહીંથી સાતમી નરકે ગયો. ૩૩ સાગરોપમ. એના વર્ષ ગણો તો પાર ન મળે. આહાહા..! ૩૩ સાગરોપમ. એના દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપણ. એક પલ્યોપમના પ્રમાણમાં આયુષ્યના વર્ષ અસંખ્ય અબજ. હવે અહીં ૭૦૦ વર્ષ. એક મિનિટમાં અસંખ્ય અબજ વર્ષનું દુઃખ. એક મિનિટનું ચક્રવર્તીનું સુખ કલ્પેલું, એને અસંખ્ય વર્ષનું સાતમી રવ રવ નરકનું દુઃખ. અરે! એણે કોઈ દિ' હિસાબ પણ ક્યાં કર્યા છે? કે આ શું થયું પણ? આ શું છે આ? ૭૦૦ વર્ષ રહ્યો. અત્યારે હજી નરકમાં ૩૩ સાગરે (છે). હજી હમણા મરીને ગયો છે ને. હજી થોડો કાળ ગયો. ૩૩ સાગર. નીચે રવ રવ નરક છે સાતમી નરકમાં. પાંચ પઈઠા છે. ઓહોહો..! એની એક પળ એ જાય એને. દુઃખની તો રાત મોટી પડે છે ને, અત્યારે લાગે છે કે નહિ ઘણાને? રાતમાં દુઃખ આવે તો મારે આ રાત મોટી થઈ પડે. રાત કાંઈ મોટી થાતી નથી. પણ ઊંઘ ન આવે. કેમ જેચંદભાઈ!

મુમુક્ષુ :— સાચી વાત છે.

ઉત્તર :— સાચી વાત છે જુઓ! ઊંઘ ન આવે. હવે એકલા બે જણા. હવે કોઈ પૂછનાર ન મળે ત્યાં. બધાય ક્યાંથી આખી રાત બેસે? ઉજાગરા કરવા બેસે? હાય.. હાય.. મોટી રાત થઈ પડે. રાત મોટી થતી હશે? કાંઈ થાય નહિ. રાત તો છે એટલી છે. પણ પ્રતિકૂળતાનો કાળ એને લાંબો લાંબો લાગે છે. આમ પ્રતિકૂળ લાંબો. એમ નરકના દુઃખ. આહાહા..! ચાર ગતિના દુઃખો, પ્રભુ! તને કંટાળો નથી આવ્યો હજી? આવે છે. યોગસારમાં આવે છે ને? 'ચાર ગતિ દુઃખથી ડરી...' એ. યોગસારમાં આવે છે. ચાર ગતિના દુઃખથી ડરી. અરે..! પ્રભુ! ચારેય ગતિ હોં. સ્વર્ગનું દુઃખ. ધૂળમાં પણ ત્યાં સુખ નથી. ત્યાં પણ આકુળતા-અંગારા સળગે છે. પંચાસ્તિકાયમાં લીધું છે ને? પંડિતજી! એ પંચાસ્તિકાયમાં (આવે છે) કે પુણ્ય બાંધીને દેવના અંગારાના સુખ ભોગવશે ત્યાં. બળશે, જળશે. ઊનું ઘી જેમ ઊનું ઘી. ઘી કહે છે ને ઊનું. જલતા હુઆ ઘી છાંટે એમ એ પુણ્યના ફળમાં જલતા હુઆ ઘી છે ત્યાં. આહાહા..!

અને પંચાસ્તિકાયમાં એમ લીધું ને ભાઈ! દુઃખના અંગારામાં શેકાશે. અહીં પુણ્ય બાંધ્યા છે સમકિતીએ. મુનિ આત્મજ્ઞાની, આત્મધ્યાની પણ હજી બાકી રહી ગયો રાગ થોડો. આ જે કીધો એ અત્યારે. દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ. સર્વજ્ઞ થયા નહિ. એ રાગના ફળમાં અગ્નિનાના અંગારા જેવા

દેવના દુ:ખોને ભોગવશે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! શુભભાવના ફળમાં આવા સ્વર્ગ એ અગ્નિના દુ:ખ છે. કહો, હવે આ બધા પૈસાવાળા કેવા હશે? એય! મલૂપચંદભાઈ! સુખી હશે કે નહિ? એમ હોય? કાલે નામ આવ્યું હતું ઓલામાં અંદર પચ્ચીસ હજાર આપ્યા પૂનમચંદે. તો અંદરથી ખુશી થાય કે નહિ? દીકરો તો મારો ખરો ને કહેશે.

મુમુક્ષુ :— દીકરો તો એનો સારો...

ઉત્તર :— ત્રણકાળમાં ન મળે. શું ના પાડે? કાલે આવ્યું હતું પ્રજાતંત્રમાં. કોક લાવ્યું હતું. આજે કોણ લાવ્યું હતું નહિ? હેં? આ ચંદુભાઈ આપણા. ત્યાં પૂનમચંદે હમણા પચ્ચીસ હજાર આપ્યા. પ્રજાતંત્રમાં આવ્યું હતું. હવે ત્યાં બે કરોડ, અઢી કરોડમાં પચ્ચો હજાર ત્યાં ક્યાં આવે? ધૂળ ઘણી ભેગી થઈ ગઈ અંદર. દુ:ખી... દુ:ખી... દુ:ખી. મલૂકચંદભાઈ! એમ હશે કે નહિ? સુખી હશે એ?

મુમુક્ષુ :— ઈચ્છાના કારણે?

ઉત્તર :— ના. મમતાને કારણે. ઈચ્છાને કારણે કોણે કીધું?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— શું જાણ્યું એમાં હોળી? આ મરતા સ્મશાનમાં પાંચ હજાર માણસ ભેગા થાય. કેટલા ઓળિયા આવ્યા હતા? સારું ને મરણ? થાજો આવું દરરોજ. મારો દીકરો મર્યો પચ્ચીસ વર્ષનો ને પાંચ હજાર માણસ ભેગું થયું હતું સ્મશાનમાં. તે શું છે પણ? શેના વખાણ તું કરે છે? ચુનીભાઈ! એમ થાય છે ને મોટા માણસ હોય ત્યારે. ઓહોહો..! પાંચ હજાર માણસ ભેગું થયું હતું! શું છે પણ હવે? એમાં એને શું? મરી ગયેલાને શું પણ? એ તો મરીને ગયો ક્યાંક રખડવા. ચાર ગતિમાં ક્યાંય પાર ન મળે. કયે ઠેકાણે ગયો અને ક્યાં જશે? આત્માના ભાન ન મળે, આત્માના શરણ ન મળે, એ વસ્તુના બહુમાન ન મળે, ચિદાનંદ આત્મા કોણ છે એની કિંમતું ન મળે. એ કિંમતું બહારની કરવા નીકળી ગયો ચાર ગતિમાં. બહારની કિંમત લઈને ગયો, બહારમાં રખડશે.

ભગવાનઆત્મા આમ સચ્ચિદાનંદ પ્રભુ! ઓહો! જેને એની કિંમત થઈ એને પોતામાં પુણ્ય પરિણામ આવે એની કિંમત ઊડી ગઈ. ભલે રહે એને ફળ આવે સ્વર્ગમાં, પણ એ અંગારા તરીકે દુ:ખ લાગશે એને. આ નહિ... આ નહિ... આ નહિ. મારો આનંદ મારી પાસે છે. આ પુણ્યના ફળ સ્વર્ગના એ દુ:ખરૂપ છે. કહો, સમજાણું આમાં? એ શેરડીનો ભાગ, કહે છે આમ ગન્નાનો ચૂસી લીધો હોય ઘુનાએ. એમાંથી વાવે તો ઊગશે, નહિતર ચૂસવામાં કામ નહિ આવે. બાળપણું, વૃદ્ધાપણું ભોથા જેવું. શેરડી-શેરડી હોય ને? ગન્ના. નીચે ઓલું હોય ભોથું. ભોથું એટલે ઝાડું. માથે આડુ હોય આડુ. ખારું. વચલો ભાગ થોડો હોય એમાં શિયાળ ખાઈ ગયું હોય. હવે એમાં સાર એમાં વચ્ચે જુવાની અવસ્થા પચ્ચીસ વર્ષની. વીસ વર્ષ મફત ગયા, વીસ વર્ષ પાછળથી ૬૦ થી ૮૦ મફત જાશે. આ વચલામાં ૨૦ વર્ષ રહ્યા એમાં જે ભોગમાં, વિષયમાં, રાગમાં, ઊંઘમાં, ખાવામાં, પીવામાં ગયા. હવે વખત ક્યાં રહ્યો તારે માટે?

એ કહે છે કે દરેક સમયે તને વખત છે આમ જો તો. પણ આમ જોવાની નજર કરતો નથી, નવરો થતો નથી. હું એક આત્મા અખંડાનંદ પ્રભુ, જેના મારા વખાણ પરમાત્માની વાણીમાં પૂરા પડતા નથી. એવો હું એની પ્રતીત કર, વિશ્વાસ લાવ, વિશ્વાસ લાવ. એનું જ્ઞાન કર અને એમાં ઠરવું તે જ મારું કલ્યાણ છે. એવી પ્રતીત વિના તારા રસ્તા કોઈ દિ' સુખના નીકળશે નહિ. કહો, સમજાણું કાંઈ? વખત ક્યાં લે, પણ વખત ક્યાં લે? ૬૦ વર્ષનું આયુષ્ય હોય, ૮૦નું હોય તોપણ શું? ૨૦ વર્ષ બાળકમાં જાય, ૨૦ વર્ષ ઓલામાં જાય ૬૦થી. હવે રહે વચ્ચે ૪૦માં. એમાં ૪૦માં જાય ૨૦ ઊંઘમાં. અડધા. આહાહા..! હવે રહ્યા ૨૦. આ ૨૦માં જાય કાંઈક રોગમાં, કાંઈક રળવામાં, કાંઈક ભોગમાં, કાંઈક કોક કોક મરે એમાં રોવામાં. હવે તારે માટે શું રહ્યું? એય! છોટાભાઈ! વાત બરાબર છે આ? આ વાણિયા વેપાર કરે ત્યારે સરવાળો માંડે કે નહિ? કે શું કર્યું એનો સરવાળો મંડાય છે આ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ હિસાબ. આહાહા..! આજે આવ્યું નહોતું ઓલામાં? એ આવે છે ને. તમે નહોતું નાખ્યું? 'જિંદગીમાં કેટલું કમાણા રે જરી સરવાળો માંડજો.' અંતે તો લાકડા ને છાણા અને ઉથામ્યા સવારથી તે મોટા પાણા. પાણા એટલે પથરા. એવું આવે છે, ભજનમાં આવે છે. આવે છે ને. સવારથી સાંજ સુધી ઉથામ્યા પાણા. આ વેપારના પાણા, કોથળીયું આ દાણા ને આ ફલાણા, હીરા ને માણેક ને પથરા ઉઠામ્યા આખો દિ'. ભગવાનઆત્મા કોણ છે એની નજરું કરવાને વખત મળ્યો નહિ. હાય.. હાય.. ક્યાં જાશું? મરતા રોવે હોં! અરેરે! કાંઈ કર્યું નહિ. અરરર! કહેતા હતા ઘણા હોં! કાંઈ થયું નહિ, કાંઈ થયું નહિ. હા, જાવ હવે કાંઈ થયું નહિ એમાં રખડવા હવે.

કહે છે કે આ મનુષ્ય (જન્મમાં) પામવાયોગ્ય હોય તો ભેદાભેદરત્નત્રય. સ્વરૂપની દૃષ્ટિ ને જ્ઞાન આચરણ અને કાં દેવ-ગુરુ, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એની શ્રદ્ધા, જ્ઞાન અને એની ભક્તિ આદિનો ભાવ-એ બે અંદર આવે છે. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર આવે છે. પૂર્ણ ન હોય ત્યાં સુધી. પણ એનું ફળ સ્વર્ગ છે અને આનું ફળ મુક્તિ છે. બે એની નજરમાં હોય. એમાં મનુષ્યને સફળ કરવાનો ઉપાય એક જ છે. બીજો કોઈ ઉપાય નથી.

---

## ગાથા-૧૪૮

अथ देहस्याशुचित्वानित्यत्वादिप्रतिपादनरुपेण व्याख्यानं करोति षट्कलेन तथाहि-

२७९) उव्वलि चोप्पडि चिट्ठ करि देहि सु-मिट्ठाहार।
देहहँ सयल णिरत्थ गय जिमु दुज्जणि उवयार।।१४८।।
उद्वर्तय म्रक्षय चेष्टां कुरु देहि सुमुष्टाहारान्।

देहस्य सकलं निरर्थं गतं यथा दुर्जने उपकाराः।।१४८।।

उव्वलि इत्यादि पदखण्डनारुपेण व्याख्यानं क्रियते। उव्वलि उद्वर्तय कुरु चोप्पडि तैलादिम्रक्षणं कुरु, चिट्ठ करि मण्डनरुपां चेष्टां कुरु, देहि सु-मिट्ठाहार देहि सुमृष्टाहारान्। कस्य। देहहं देहस्य। सयल णिरत्थ गय सकला अपि विशिष्टाहारादयो निरर्थका गताः। केन दृष्टान्तेन। जिमु दुज्जणि उवयार दुर्जने यथोपकारा इति। तद्यथा। यद्यप्ययं कायः खलस्तथापि किमपि ग्रासादिकं दत्त्वा अस्थिरेणापि स्थिरं मोक्षसौख्यं गृह्यते। सप्तधातु मयत्वेनाशुचिभूः तेनापि शुचिभूतं शुद्धात्मस्वरुपं गृह्यते निर्गुणेनापि केवलज्ञानादिगुणसमूहः साध्यत इति भावार्थः। तथा चोक्तम्-''अथिरेण थिरा मलिणेण णिम्मला णिग्गुणेण गुणसारं काएण जा विढप्पइ सा किरिया किण्ण कायव्वा।।''।।१४८।।

आगे देहको अशुचि, अनित्य आदि दिखानेका छह दोहोंमें व्याख्यान करते हैं-

गाथा-१४८

अन्वयार्थ :- [देहस्य] इस देहका [उद्वर्तय] उबटना करो, [म्रक्षय] तैलादिकका मर्दन करो, [चेष्टां कुरु] श्रृंगार आदि से अनेक प्रकार सजाओ, [सुमृष्टाहारान्] अच्छे-अच्छे मिष्ट आहार [देहि] दो, लेकिन [सकलं] ये सब [निरर्थं गतं] यत्न व्यर्थ हैं, [यथा] जैसे [दुर्जने] दुर्जनोंका [उपकाराः] उपकार करना वृथा है।

भावार्थ :- जैसे दुर्जन पर अनेक उपकार करो वे सब वृथा जाते हैं, दुर्जनसे कुछ फायदा नहीं, उसी तरह शरीरके अनेक यत्न करो, इसको अनेक तरहसे पोषण करो, परंतु यह अपना नहीं हो सकता। इसलिये यही सार है कि इसको अधिक पुष्ट नहीं करना। कुछ थोड़ासा ग्रासादि देकर स्थिर करके मोक्ष साधन करना; सात धातुमयी यह अशुचि शरीर है, इससे पवित्र शुद्धात्मस्वरुपकी आराधना करना। इस महा निर्गुण शरीरसे केवलज्ञानादि गुणोंका समूह साधना चाहिये। यह शरीर भोगके लिये नहीं है, इससे योगका साधनकर अविनाशी पदकी सिद्धि करनी। ऐसा कहा भी है, कि इस क्षणभंगुर शरीरसे स्थिरपद मोक्षकी सिद्धि करनी चाहिये, यह शरीर मलिन है, इससे निर्मल वीतरागकी सिद्धि करना, और यह शरीर ज्ञानादि गुणोंसे रहित है, इसके निमित्तसे सारभूत ज्ञानादि गुण सिद्धि करने योग्य हैं। इस शरीरसे तप संयमादिका साधन होता है, और तप संयमादि क्रियासे सारभूत गुणोंकी सिद्धि होती है। जिस क्रियासे ऐसे गुण सिद्ध हों, वह क्रिया क्यों नहीं करनी, अवश्य करनी चाहिये।।१४८।।

હવે, દેહનું અશુચિપણું અને અનિત્યપણું વગેરેના પ્રતિપાદનરૂપે છ દોહાસૂત્રોથી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણે :-

ભાવાર્થ :-જોકે આ શરીર ખલ (દુર્જન) છે તો પણ થોડાક કોળિયા આપીને (કાંઈક ભોજન આપીને) અસ્થિર એવા દેહથી સ્થિર મોક્ષસુખનું ગ્રહણ કરાય છે. સાત ધાતુમય હોવાથી અશુચિમય છે એવા શરીરથી પણ શુચિભૂત શુદ્ધાત્મસ્વરૂપનું ગ્રહણ થાય છે, નિર્ગુણ હોવા છતાં શરીરથી પણ કેવળજ્ઞાનાદિ ગુણોનો સમૂહ સાધવામાં આવે છે. વળી (શ્રીરામસિંહ દોહપાહુડ ગાથા ૧૯માં) કહ્યું પણ છે ''अथिरेण थिरा मलिणेण णिम्मला णिगुणेण गुणसारं। काएण जा विढप्पइ सा किरिया किण्ण कायव्वा।।'' (અર્થઃ-અસ્થિર, મલિન અને નિર્ગુણ શરીરથી જો સ્થિર, નિર્મળ અને સારભૂત ગુણવાળી ક્રિયા વધી શકે છે તો તે ક્રિયા શા માટે ન કરવી? (અવશ્ય કરવી.) અર્થાત્ આ વિનાશી, મલિન અને નિર્ગુણ શરીરને સ્થિર, નિર્મળ અને ગુણયુક્ત આત્માના ધ્યાનમાં લગાડવું જોઈએ. ૧૪૮.

## ગાથા-૧૪૮ ઉપર પ્રવચન

'આગે દેહકો અશુચિ, અનિત્ય આદિ દિખાનેકા છહ દોહોમેં વ્યાખ્યાન કરતે હૈં :'

૨૭૯) उव्वलि चोप्पडि चिट्ठ करि देहि सु-मिट्ठाहार।
देहहँ सयल णिरत्थ गय जिमु दुज्जणि उवयार।।१४८।।

આ 'यद्यप्ययं कायः खल' 'खल' શબ્દ પડ્યો છે ને, જુઓ અંદર સંસ્કૃતમાં. નીચે લીટી સંસ્કૃત. એ શું એટલે 'कायः' એટલે? 'कायः खल' 'खल' સમાન એમ? 'खल' એટલે શું ત્યાં? 'यद्यप्ययं कायः खलखलस्तथापि किमपि ग्रासादिकं दत्त्वा ' એ 'खल' એટલે શું? એમાં છે પંડિતજી? એ 'कायः खल' છે ને? દુષ્ટ. ઓલા સજ્જનની ઉપમા આપે છે ને. એ 'खल' છે ને 'खल'? 'यद्यप्ययं कायः खल' એ ૧૪૮ની છેલ્લી સંસ્કૃત લીટી. ૧૪૮. છેલ્લી સંસ્કૃત લીટી છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા એ તો બરાબર છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા એ એ. એ તો બરાબર છે. 'ग्रासादिकं दत्त्वा' 'खल' છે 'खल'? 'खल' એટલે આ ખળ જેવું છે એમ? દુષ્ટ જેવો છે. ઓલા દુષ્ટ, જેમ સજ્જન છે એમ આ કાયા દુષ્ટ જેવી છે. 'खल'ની ઉપમા આપી છે. છે? આહાહા..! 'खल' 'खल' એ 'खल'ની ઉપમા આપી છે.

કહે છે 'ઇસ દેહકા...' એ ઉટણા કરો. ખલ. મેથી ને હળદરે ચોપડ્યા કરો. અને રૂપિયા

રૂપિયાના સાબુ, બબ્બે રૂપિયાના સાબુ, લીંબડાના સાબુ આવે છે ને ચામડીને અનુકૂળ બહુ. ચામડીને ઓલી ન નડે. લીંબડાના રસવાળા આવે છે ને? લીંબડાના સાબુ હોય છોટાભાઈ! એ ચામડી બગાડે નહિ પાછી. નહિતર ઓલી ચામડીને તડીયા પાડે, કાંઈક ફલાણું કરે. ગમે તેવા ઉટણા કર પણ એકવાર ફૂ થઈ જશે. તારી પાસે એક ક્ષણ નહિ રહે. જુઓ એમ કહે છે. તારો આત્મા અંદર ત્રિકાળ પડ્યો છે એની ઉપર તું નજર કરતો નથી.

એ '**ઉબટના કરો, તૈલાદિકકા મર્દન કરો,...**' સવારમાં ઉઠી કસરતું કરે, તેલ ચોપડે ખુબ ખુબ આમ ઊંચું નીચું કરે. ગમે તે કર. એક ક્ષણમાં ફૂ.. રાખ સ્મશાનની થઈ જશે. બાપા! એ દગો દેશે તને હોં! એ વિશ્વાસ કરવા જેવો એ દુષ્ટની સાથે નથી. દુષ્ટની ઉપમા આપશે જુઓ! '**તૈલાદિકકા મર્દન કરો, શ્રૃંગાર આદિ સે અનેક પ્રકાર સજાઓ,...**' '**चेष्टां कुरु**' સવારમાં તેલ ચોપડી આમ જોવે, આમ જોવે, આમ જોવે. અરીસામાં જોવે ને ઉઠીને સવારમાં? ન્હાય, ધોઈ, લૂગડા બરાબર વાળ-બાળ સરખા કરી, કપડા-બપડાની બરાબર ઓલી હોય ને આમ સરખી? આમ સરખી કરીને ઓલા અપ ડુ ટેડ થઈને બહાર નીકળે આમ. હાથમાં લાકડી મોટી સરખી, રૂપાની માથે. શું છે? એ મડદાં ચાલ્યા મડદાં. એય! જેચંદભાઈ! આહાહા..! ભગવાન! દેહમાં તું ગમે તેટલું કરને, એકવાર આમ ક્ષણમાં પડી જશે. હાય! લ્યો, આ આત્મા છે માટે આમ રહે છે શરીરની ડોક? ના. એ ડોક તો એને કારણે (રહી છે). ત્યાં આત્મા ગયો છે? આહાહા..!

કહે છે, એ '**અનેક પ્રકાર સજાઓ,...**' સજાવો. સજાવો સમજ્યા ને? શણગાર. લૂગડા, કપડાં એમાં અત્તર.. અત્તર નાખે. શીશી અડધી નાખે, સારી ઊંચી શીશી હોય ને અત્તરની? એ ચોપડે. નાખે. અહીં નાખે.. અહીં નાખે. સુગંધ આવે અંદર. ક્યાંક જાય તો સુગંધ આવે અંદર. લ્યો! '**सुमृष्टाहारान्**' '**અચ્છે-અચ્છે મિષ્ટ આહાર દો,...**' એ બદામના મૈસુબ ખવરાવો એને, પિસ્તાના પાપડ અને તીખાના આથણા. મરી-મરી. મરીના આથણા થાય ને? ચુનીભાઈ! આ તીખા નથી આવતા? એ મરી હોય છે ને મરી? શું? કાળી મીર્ચ. એ કાળીમીર્ચના આથણા થાય છે. આથણા. મલબારથી ડબ્બા આવે. અમે તો જોયું છે ને બધું. એક ઘરે ભીક્ષા માટે ગયા હતા. તે ગૃહસ્થ માણસ મોટા લાખો ઘણા. પાઘરો કાઢ્યો મરીનો. અરે! શું છે આ? અરે! કીધું આ ગોળ આથણું આમાં જીવાત છે. આ તે કાંઈ..! ત્યાં જામનગરમાં. આ નહિ વલમ શેઠ. વલમજી શેઠ છે ખાંડના વેપારી. મોટો વેપારી. ખાંડના મોટા વેપારી. એટલે ત્યાં ડબો આખો તીખાનો આથણાનો લુમ લુમ. હોય ને મરીની લુમો ભરી હતી આખી ભરેલી. કાઢી અને આમ લ્યો મહારાજ! અરે! કીધું આ અડાય નહિ. આ ન ખવાય, આ લેવાય નહિ. આ તો એકાંત જીવાત છે આ તો. ખાર એકલી સડેલી. તે મરીના આથણા આમ ચપ ચપ ખાતો હોય. મીઠાશ, તિખાશ, ખારાશ બધું ભેગું હોય અંદર. મીઠું નાખ્યું હોય, ખારું હોય અને જોડે સડેલું હોય થોડું. સડેલું હોય. એમાં બદામના પાછા મૈસુબ હોય, બદામના મૈસુબ અને પિસ્તાના પાપડ. પિસ્તા હોય છે ને એના પાપડ. હીરાના થાળ અને .. આમ બેઠો હતો. ઓહોહો..! આ ગમે તેમ કર, કહે છે કે એકવાર મરી જઈશ એવી રીતે

કે કાંઈ સામું નહિ જોવે દેહ. લે. આ દગો દેશે, આ દુર્જન છે એમ કહે છે. જુઓ! દુર્જનની ઉપમા આપી છે. '**खल**' '**खल**' કીધું ને? આહાહા..!

આટલા વર્ષથી સંભાળ કરી ને હવે તો કાંઈક મને સખ આવવા દે થોડું. અરે! મને અહીં કાંઈક થાય છે હોં! શું થાય છે? કર ને. શ્વાસ ખંચ ને. ખેંચ્યા હવે તેં. અહીં થાય છે મને હોં! અહીં થાય છે. જાગતા શ્વાસ અહીંથી ખસી ગયો. કીધું ને અમારે પટેલ હતા ને. શિવા પટેલ હતા. ખાધું સારી રીતે ખુબ. આ ઓળા-ઓળા શીંગના ઓળા કહેવાય છે ને? આ કાચી શીંગ એના ઓળા ખાધા, બે-ચાર કેળા ખાધા અને અહીંના દાળ-ભાત, શાક રસોડાની ઊંચી થાય છે બહુ, બચુભાઈના હાથની. એટલે દાળ-ભાત, રોટલી ખાધી સરખાઈની દાળ, ભાત, શાક. એ ખાધા ભેગું સલવાણું, રૂપચંદભાઈ! અને કાંઈક કાંઈક એવું થયું કુદરતે. અહીં હતા એક ઓલા વલ્લભ પટેલના ગામના. કરમસદના. અમારા .. એ અગાસમાં રહેતા પહેલાં. પછી અહીં બીજી સાલથી અહીં રહેતા. એવું થયું. કોણ જાણે કેમ થયું? એ ખાધા ભેગું અહીંથી શ્વાસ ખસી ગયો, દૂંટીથી શ્વાસ ખસ્યો એકદમ. કાંઈ બીજું નહિ હોં! ન થાય ઝાડો, ન થાય ઊલટી. નીચે બેઠા હતા આમ. હું ગયો ત્યાં સાંજે ફરું છું ને. નીચે બેઠા હતા. કેમ પટેલ? કહે અંત ક્રિયા. શેની પણ અંત ક્રિયા? બેઠા છો, કાંઈ નથી ને. આમ જ બોલ્યા. છેલ્લી અંત ક્રિયા મારી. પણ શું છે? કાંઈ નથી ને ખાઈને આવ્યા ને. શ્વાસ છૂટી ગયો અહીંથી, શ્વાસ અહીંથી ખસી ગયો છે. દૂંટીએથી શ્વાસ દોરો ખસી ગયો. છેલ્લું લાગે છે, મારી અંત ક્રિયા છે છેલ્લી. પણ નીચે બેઠેલા કાંઈ ન મળે. બસ! હવે આ છેલ્લો શ્વાસ જ ઉપડ્યો છે. અહીંથી ખસી ગયો શ્વાસ. ખાઈને આવ્યો અને ખાઈને આવ્યા. મોટું લઠ જેવું શરીર હોં! એ શ્વાસ અહીંથી દોરો મૂકી દીધો ફડાક દઈને. દુંટીથી જે આમ ચાલે છે. એ નીચે જે છેક જતો એ ન ગયો. એક દોરાવાર આમ આઘો ઊંચો રહી ગયો. શ્વાસે રસ્તો મૂકી દીધો છે, મારી છેલ્લી ક્રિયા. અરે! પણ પટેલ શું બોલો? એ ૩૬ કલાક રહ્યો. એમ ને એમ ૩૬ કલાક શ્વાસ.

એલા..! કેટલી સંભાળ કરી અને આ શું કર્યું? બેઠા હતા. કાંઈ ન મળે હોં. લૂગડું-બુગડું કાઢી નાખો પટેલ, કીધું. હવે આ તૈયારી થઈ ગઈ. દોરો-બોરો અહીં પહેરેલો ને જરી. લૂગડું ઓલું કાઢી નાખો હવે. કારણ કે આ તો કલાક. હમણાં બેઠા હતા, કાંઈ ન મળે. કાઢી નાખો આ. હવે તૈયારી થઈ છે કીધું શરીર છૂટવાની. દગો આપે ત્યારે આમ આપે. આ તો વળી ૩૬ કલાક રહ્યા. એક અડધી મિનિટ. આ ગમે તેટલું કર પણ આત્માનું જો કર્યું નહિ, સાધ્યું નહિ તો આ દગો દેશે અને લઈ જશે નરકમાં એ ભાવ.

કહે છે, એ '**અચ્છે-અચ્છે મિષ્ટ આહાર દો,...**' કહો, સમજાણું કાંઈ? રસ ને પુરી, ઘીમાં તળેલી પુરીયું અને રસ તે આમ ઊંચા મીઠા. આહાહા..! એમાં પતરવેલિયા, અળવીના પાંદડાના પતરવેલીયા હોય, એ ત્રણેય મીઠા. ખાઈ ખાઈ ને.. આ ગમે તેવું કર કહે છે, લે. '**યહ સબ યત્ન વ્યર્થ હૈં,...**' એ તારા યત્ન વ્યર્થ જાશે, મફતમાં જાશે. પાપ લાગશે મફત ને એમાં કાંઈ નહિ થાય. ત્યાં તો થવું હશે એ થાશે. તારી કલ્પનાને કારણે શરીરમાં કાંઈ ફેરફાર થાય, હરામ વાત છે. શરીરની

અવસ્થા જે સમયે જે રીતે થવાની તે થયા જ કરે છે. તારી કલ્પના મફત જશે. આ બરાબર હશે? પણ શી રીતે? એ બરાબર હોય તો એના પ્રત્યે મમતા છોડી દે. એમ બરાબર છે. બરાબર કરીને ત્યાં પછી મમતા રાખીને, આ દુઃખ છે, સરખું નથી આપતા. સરખું આપે તો સખ આપે એમ હશે? જેચંદભાઈ! એ સરખું હોય તો સખ આપે એ જ મૂઢતા છે કહે છે. ઘડીકમાં ફરી જાય. આ રગતગ થઈ ગઈ. શું થયું? આ મોઢું નથી ફરતું આમ દાઢ? પછી ભેગું ન થાય. આમ બગાસુ ખાય. એલા ભેગું થાતું નથી આ. મોઢું ફાટી જાય છે ને? બાપા! એ તો જડ છે. એની પર્યાય થવાની તે થાય. તારો વિકલ્પ કરવો એ ચિંતા પણ મફતમાં જાશે. તું સંભાળ રાખ તો રહે એ વાતમાં એકેય દોકડો સાચો નથી. બરાબર છે કે નહિ? છોટાભાઈ! આ જોયું ને બાલુભાઈનું જોયું કે નહિ?

મુમુક્ષુ :— બધાયને એમ જ થાય છે.

ઉત્તર :— બધાયને એમ જ થાય છે. ઘડીકમાં ક્યાં, આહાહા..! ફૂ. ખબરેય નહોતી શું થશે સવારે? આહાહા..!

કહે છે, **'ઉપકાર કરના વૃથા હૈ.'** એ **'દુર્જનોંકા ઉપકાર કરના વૃથા હૈ.'** દેખો! જેમ દુર્જનનો ઉપકાર કરવો વૃથા છે, એમ આ દુર્જન જેવું શરીર એનો ઉપકાર કરવો મફતમાં જાશે તારો. કહે છે. આ દુર્જન જેવું શરીર છે. એવી ઉપમા આપીને એને વૈરાગ્ય કરાવ્યો છે. ભાઈ! આની ચિંતા કર ને, બાપુ! તારા આત્માની. આ ચિંતા અહીં માંડી આની કર ને. આ બાજુ ચિંતા એટલે એકાગ્ર થા ને. જ્ઞાનાનંદ પ્રભુ આખો પડ્યો છે. તારી જેટલી એકાગ્રતાની જોઈએ એટલી શાંતિ આવશે. જેટલો ફુવારાને દાબીશ એટલું પાણી નીકળશે. એમ ભગવાનઆત્માની દૃષ્ટિ કરીને જેટલો એકાગ્ર થઈશ એટલો આનંદ આવશે અંદરમાંથી. એ બીજે ક્યાંયથી મળે એવો નથી. માટે આત્માનું જ્ઞાન કર અને શરીરની ચિંતા વૃથા ફોગટ છોડી દે એમ કહેવાનો એમાં આશય છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૪, શનિવાર
## તા. ૧૭-૭-૧૯૬૫, ગાથા-૧૪૮, ૧૪૯, પ્રવચન નં. ૧૭૨

આ પરમાત્મપ્રકાશ. બીજો ભાગ છે. ૧૪૮ ગાથા. હવે આ છેલ્લી ગાથાઓ છે ને. પાછળનો ભાગ છે એટલે આ શરીરની વાત કરે છે. મુખ્યપણે મુનિને ઉદ્દેશીને છે. બધાને ઉદ્દેશીને આ સમજવું. આ શરીર પણ દુર્જન છે હવે તું એને પોશીષ તો કાંઈ તારી કલ્પના પ્રમાણે રહેશે નહિ. પરપદાર્થને તારે શું કરવું છે? એમ કહેશે.

**'ભાવાર્થ :- શરીર જૈસે દુર્જન પર અનેક ઉપકાર કરો વે સબ વૃથા જાતે હૈં,...'** કહો, સમજાણું? ગમે તેટલો ઉપકાર કરે દુર્જન ઉપર, એ તો એનું સાટું વાળ્યા વિના રહે નહિ. એ કાંઈ ઉપકાર માને નહિ, એ કાંઈ સમજે નહિ. **'દુર્જનસે કુછ ફાયદા નહીં, ઉસી તરહ શરીરકે**

**અનેક યત્ન કરો,...**' યત્ન, પુરુષાર્થ કરો રાગ-દ્વેષનો, એ તને પાપ લાગે છે. પણ એથી શરીરમાં કાંઈ ફેરફાર થાય છે એમ નથી. એ બરાબર આવ્યું. એ તો પણ સારું હતું ત્યારે પણ નહોતું થાતું એમ કહે છે. અત્યારની નહિ.

મુમુક્ષુ :— ત્રણે કાળે?

ઉત્તર :— હા, જ્યારે સારું હતું ને ત્યારે કલ્પના કરીને આમ ઊંચે ઊંચે ખવરાવતા લાડવા-ફાડવા, કહે છે એ કલ્પના હતી. એનાથી શરીર એવું સારું રહ્યું નહોતું. એ તો એને કારણે રહ્યું હતું.

મુમુક્ષુ :— લાડવા ન ખવરાવે તો મરી જાય.

ઉત્તર :— કોણ ત્યાં મરવું હોય તો. આ તો જુગલિયા પણ આટલું ખાય છે ને ટકે છે. નહિ? ત્રણ-ત્રણ ગાવના જુગલિયા. બોર જેટલો આહાર ત્રણ દિ'એ લે. આહારને માટે નભે છે? એ તો એના પોષણ એનું એટલું હોય થોડું અને એટલું નભવાનું કારણ હોય. નભે છે આયુષ્યને લઈને. શરીરની ગમે તેટલી યત્ના કરો, પણ એ યત્નાનો ભાવ તારી પાસે રહેશે. શરીરમાં કાંઈ તારા પુરુષાર્થથી થાય એવું નથી.

મુમુક્ષુ :— નિમિત્ત તો થાય ને.

ઉત્તર :— નિમિત્તનો અર્થ ઈ. કાંઈ થાય ત્યારે નિમિત્ત કહેવાય. બીજો નિમિત્તનો અર્થ શું? એનાથી શું થાતું હતું?

મુમુક્ષુ :— કાંઈ થાતું નથી.

ઉત્તર :— એ બીજી રીતે તમે કહો છો એ. જેચંદભાઈ! ભાઈ! તમે બીજી રીતે કહો છો. તમે એમ કહો છો, હવે થાતું નથી, પહેલા થાતું હતું. એમ. એ વાત ખોટી છે એમ કહે છે. પહેલા પણ થાતું નહોતું, અત્યારે પણ થાતું નથી. એ કલ્પના કરતો હતો કે આ મેં કર્યું અને મેં હલવ્યું, મેં આ રીતે શરીરને બોલાવ્યું, આમ બોલાવ્યું આમ કર્યું, શરીરને સ્નાન કરીને ચોખ્ખું રાખ્યું. એ કલ્પના હતી કહે છે. એ કલ્પનાને લઈને શરીર એવું રહ્યું નથી. ક્યારે? સદાય. અત્યારે નહિ. આહાહા..! આ તો પરવસ્તુ છે. એને કેમ રહેવું એ તો એની પર્યાયને આધિન છે, એની અવસ્થાને આધિન. એ આત્મા રાગ કરે તો એના પ્રમાણે અહીં સરખી વ્યવસ્થા રહે? રાગ અવસ્થા જીવની વિકાર અને આ અવસ્થા જડની. કાંઈ વિકારની અવસ્થાને કારણે આમ અવસ્થા સરખી રહે? એ તો એને કારણે છે.

મુમુક્ષુ :— કર્મના કારણે થયું ને.

ઉત્તર :— કર્મનું એ નિમિત્ત છે. ભાષા. એ પોતાનું ઉપાદાન, પોતાની અવસ્થાને કારણે રહે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે. નિમિત્ત એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે શું?

મુમુક્ષુ :— મદદ કરે.

ઉત્તર :— ધૂળમાંય મદદ કરતું નથી. મફતનો માને છે.

અહીં કહે છે '**શરીરકે અનેક યત્ન કરો, ઈસકે અનેક તરહસે પોષણ કરો,...** '

સમજાણું? ખાવા-પીવાનું ટાઈમ-ટેબલ હોય આઠ પહોરની. સવારે ઉઠે એટલે ચા, તરત પાછું ફલાણું, એના પછી ચાની સાથે કાંઈક વળી બિસ્કુટ બિસ્કુટ કે એવું હશે, બીજું ન ખાય તો પૂરી, એ પછી રોટલી ને દાળ, સાંજે વળી બપોરે ચા, વળી ઠુંગો થોડો, વળી સાંજે ખીચડી ને કઢી, એની સાથે વળી કાંઈક ધૂળ. ખીચડી, કઢી નહિ તો આ પુરી ને થેપલા. સાંજે સાંજે ઓલા તીખા તમતમતા કરે છે ને લોકો? હવે એ કરે છે ભાઈ. ભજીયા કરો, પુરી કરો, શું કહેવાય પેઠા શું? પુડલા.

મુમુક્ષુ :— ફરસાણ.

ઉત્તર :— હા ફરસાણ. સાંજે ફરસાણ કરે. એમાં આવી ઠંડી હોય તો થોડું ફરસાણ હોય તો ઠીક પડે. લાખ યત્ન કર પણ શરીર તો રહેવાનું એમ રહેશે એમ કહે છે. તારા યત્નથી અને તારા ખવરાવાને કારણે તારા શરીરની અવસ્થા રહે (એમ નથી). અને એ ક્રિયા જડની છે, ખાય કોણ અને પીવે કોણ? એ તો જડની ક્રિયા જડને કારણે થાય છે. ઝીણી વાત છે. યુવાન અવસ્થા સાંઢડા જેવું (શરીર) હોય, બળદ જેવું બરાબર અને આમ ધમ... ધમ... ધમ... જમીન ચાલતી હોય. પગમાં ઓલા પહેર્યા હોય શું કહેવાય? નળ નળ. લોઢાના નળ હોય ને? નળ કહે છે? નળ કહે છે ને. આસપાસ ચાલે તો કોક જુવાન માણસ ચાલે છે એમ ખબર પડે. જમીન ધ્રુજે. એ આમ પડે ત્યાં. આંખ આમ કરવાની અધિકાર રહે નહિ. આમ પણ ઊંચું ન થાય. માખી અહીં બેસે, ખ્યાલ આવે કે બેઠી છે, આમ (દૂર) ન કરી શકે. એ જડની અવસ્થા છે. એ જડનું કાર્ય આત્મા કરી શકતો નથી. પણ એને પરપદાર્થ અને સ્વપદાર્થની ભિન્નતાની ખબર નથી એ માટે આને કહે છે કે...

મુમુક્ષુ :— સાજું હોય ત્યારે કરાય, માંદુ હોય ત્યારે ન કરાય.

ઉત્તર :— ત્રણેય કાળે કરાય નહિ. વળી સાજું હોય તો કરાય અને માંદુ હોય તો ન કરાય એમ હશે? જેચંદભાઈ! સાજુ હોય ત્યારે કરાતું હતું અને અત્યારે નથી કરાતું. આ ટાંગો નથી ચાલતો સરખો. એ અત્યારની વાત નથી. સારું જ્યારે હતું ને આમ બે જણા ચાલતા રામ અને લક્ષ્મણ. મોહનભાઈ ને બે, રામ અને લક્ષ્મણ જેવા ચાલતા. એ વખતે એ શરીર એને લઈને ચાલતું હતું, તમારે લઈને નહિ એમ કહે છે. આહાહા..! અરે! એને આ માટી ક્યાંકની. અરે! એના વાસણમાં દાળ, ભાત ને રોટલા પડ્યા હતા. વાસણ—બરતનમાં. એ ખડકાણા છે અહીં. ગોઠવાણા છે. જેમ મોઢવું ખડકે નહિ? મોઢવું છાણાનું, છાણાનું મોઢવું. મોઢવું સમજો છો? છાણાના ઢગલા નથી હોતા? આ ગોબરકા છાણા બનાતે હૈ ન? આ કંડાનું એ પછી મોટું બનાવે ને. એવું આ છે. એ વાસણમાં જે દાળ, ભાત, રોટલી, શાક, ચા, દૂધ જે હતું એ અહીં ખડકાણું છે, ગોઠવાણું. આ મોઢવું છે જડનું, આત્મા નહિ. હવે એને ખબર ન મળે કે હું તે કોણ અને કોની સંભાળ કરું છું? સમજાય છે? ભાન ન મળે ભાન. કહો, સમજાય છે કે નહિ આમાં?

એક કાઠી હતો. તે કાઠીને, કાઠી એટલે ગરાસદાર, ગરાસદાર—જાગીરદાર. પછી એને પગે ગુમડું થયું. ફોડા ફોડા. મહિનો, બે મહિના, ચાર મહિના (રહ્યું). વાણંદ. વાણંદ હોય છે ને? વાણંદને શું કહે છે? નાઈ. વાણંદ બાંધેને વાણંદ હોય છે ને? આમ કપડું બાંધે. છોડે તો આમ થઈ જાય.

પછી એમ કરતા ચાર-છ મહિને મટી ગયું. ગુમડું મટી ગયું. પછી ખોલે જરી આમ ઉંહું.. ઉંહુહુ.. એમ કરે. ઓલી ટેવ પડી ગઈને છ મહિનાથી. ખોલે તો ઉહું કરે. ઓલો વાણંદ ઠગ. એટલે એકવાર ત્યાંથી પાટો બાંધીને આ બાજુ બાંધી દીધો. અહીં છોડીને અહીં બાંધ્યો, આ બાજુ બાંધી દીધો. પછી જ્યાં સવારમાં ખોલે તો ઉંહું.. શું છે પણ? આ પાટો કેની કોર બાંધ્યો એનું ભાન નથી. ગુમડું અહીં હતું એ મટી ગયું તોપણ ઉંહું.. ઉંહું.. કરતો હતો તું તો. આ બીજે ઠેકાણે માર્યું તો એને છોડતા ઉંહું કરે છે. શું છે પણ આ? અરે! આવું કોણે કર્યું? આવું કોણે કર્યું? પણ કર્યું ગમે તેણે પણ તને ભાન નથી? ચંદુભાઈ આવ્યા? કાઠી. આવો આવો ચંદુભાઈ. કયે પગે ગુમડું હતું એનું ભાન ન મળે. આવા ને આવા મમતાવાળા. કહો, સમજાણું આમાં? ઓલો વાણંદ ઠગ એટલે ઓલું ગુમડું હતું એમાંથી છોડી દીધું પટ્ટો. પટ્ટો બાંધી દીધો અહીં. હવે અહીં જ્યાં ખોલે તો ઉંહુંહું... કરે. પણ શું છે કે ઉંહું? કહે આ દુઃખે છે. પણ આ પગ બીજો. ભાન ન મળે એને. એમ આ શરીર બીજું જડ. આ એમાં કાંઈક થાય એમાં તને કાંઈ થાતું નથી એમ કહે છે અહીં. રાડ નાખી જાય. આને કાંઈક થાય ત્યાં રાડ નાખી જાય.

મુમુક્ષુ :— ઉંહું તો થાય ને.

ઉત્તર :— એ કોને લઈને? આને લઈને? મમતા... મમતા... મમતા. આહા..! શું પણ? આ તો પર છે. આ બીજો પગ છે. ચંદુભાઈ! દાખલો હમણા આપ્યો હતો ઓલો કાઠીનો. એ કાઠીને અહીં ગુમડું હતું બહુ આ પગે. પછી છ મહિના ચાલ્યું. ત્યાં ખોલેને પટ્ટો ખોલે તો બહુ દુઃખે. પછી એક વાણંદ હતો. કરતા... કરતા... કરતા... છ મહિને મટી ગયું. મટી ગયું તોપણ ઉંહું કર્યા જ કરે ખોલે એટલે. એટલે એ વાણંદે અહીંનો પટ્ટો આની કોર બાંધી દીધો આ પગે. એ જ્યાં ખોલે ત્યાં ઉંહું.. કરવા માંડ્યો. પણ શું છે? આ પગ ફર્યો. કોણે કર્યું? પણ ગમે તેણે કર્યું પણ આ પગ બીજો તને ભાન નથી? અહીં ક્યાં દુઃખતું હતું. એમ આ શરીર બીજું અને તું બીજો આ શું ઉહું શેની માંડી છે તેં?

મુમુક્ષુ :— રાગ છે.

ઉત્તર :— જુઓ બસ એ તો કહે છે. આ શરીર જડ, એ પર, એ માટી, એ રૂપી અને તું અરૂપી. તારામાં કાંઈ એને સંબંધ ન મળે. આને કાંઈક થાય, ઓલાને થયું તો આહા..! થાય. અહીં થાય એટલે મને થઈ ગયું. પણ તને ક્યાં? તને એટલે અરૂપીમાં થઈ ગયું? જડમાં થતાં તો અરૂપીમાં થઈ ગયું? એ અજ્ઞાનીને આત્માની સત્તાની ભિન્નતા અને જડની ભિન્નતાની ખબર નથી. ન્યાલભાઈ! આહાહા..! આ વાણિયાના બાપ કરે છે બધા શું વળી? વાણિયા શું કરે છે આ?

મુમુક્ષુ :— એ તો દાખલો હતો.

ઉત્તર :— દાખલો એ તો દાખલો હતો. એ બીજે પગે બાંધ્યું તો શું કર્યું? આ બીજો પગ છે આ શરીર. આ ક્યાં આત્મા હતો? આત્મા તો જુદી ચીજ છે અરૂપી જ્ઞાનઘન. અરૂપી અંતર અનંતગુણની સત્તા હમણા કહેશે. સમજાણું કાંઈ? આના ગમે એટલા પોષણ કરો પણ દુર્જનનો

ઉપકાર જેમ વળશે નહિ એમ આમાંથી કાંઈ તારું વળે એવું નથી લે, કહે છે. એમ કરીને તું આત્મા છો એની દૃષ્ટિ કર, એને ઓળખ અને એની કિંમત કર. એ વિના મરી જા, અનંતકાળથી મરી ગયો છે. કહો, હવે એના શરીરની તો વાત એક કોર રહી, પછી આ તો હજી મકાન ને દુકાન ને. છોટાભાઈ! પણ હવે એના વિના ચાલે નહિ, લ્યો! તો આ બાલુભાઈ વયા ગયા એના વિના ચાલે છે કે નહિ દુકાન?

મુમુક્ષુ :— દુકાન તો ચાલે છે પણ પૂરું એનું થાતું નથી.

ઉત્તર :— એ તો મમતા હતી. મરી ગયા પહેલાં કોઈથી એનું પૂરું કોઈએ કર્યું નથી અને મરી ગયા પછી અધૂરું કોઈનું રહ્યું નથી. કોઈનું અટક્યું નથી. બધા કામ કરનારા મર્યા જ કરે છે બધા. બરાબર છે? જીવતા કોઈનું પૂરું થયું નથી, મરતા કોઈનું પાછળ અધૂરું રહ્યું નથી. એ તો કરે જ છે, બીજા કરનારા નથી નીકળતા? તું શું કર પણ?

કહે છે કે શરીર '**અપના નહીં હો સકતા.**' લાખ રીતે પોષણ કર. માટી છે, આ તો ધૂળ છે. હવે બીજાની વાત તો ક્યાંય રહી આ તો રાખ થઈને ઊભું રહેશે. આમ ફૂ. ભાઈ! તું આત્મા છો. એ તારું આ પડખું નહિ. તારું પડખું તો અંદર ચૈતન્ય છે. આને પડખેની સેવા ને આખો દિ' સંભાળ આટલી. આઠ પહોરનું ટાઈમ ટેબલ હોય એનું. લ્યો! સવારથી સાંજ સુધી. આનું આ પછી આ.. પછી આ... પછી આ. પણ તારું કાંઈ ખરું? આ મરી ગયો. થોડા વર્ષ મળ્યા ૫૦ કે ૬૦ વર્ષ મળ્યા મનુષ્યભવમાં. એમાંથી જો તારા આત્માનું કાંઈ ન કર્યું અને આમ ને આમ મરી ગયો (તો) એ ચોર્યાસીના અવતારની ખાડમાં પાછો ક્યાંય પત્તો ખાશે નહિ.

'**પરંતુ યહ અપના નહીં હો સકતા. ઈસલિયે યહી સાર હૈ કિ ઈસકો અધિક પુષ્ટ નહીં કરના.**' લ્યો! બહુ ખાઈને બળદ જેવું ન રાખવું. થોડું-ઘણું પોષણ દઈ (દેવું). કહે છે '**કુછ થોડાસા ગ્રાસાદિ દેકર...** ' થોડો આહાર લઈ અને '**કરકે મોક્ષ સાધન કરના;...** ' એ આત્માની મુક્તિ થાય એમ સાધન કરવું. નહિતર તો મુક્તિ તો થાશે શરીરથી. શરીરથી મુકાઈ જાશે, પણ પાછો બીજા અવતારમાં જાશે. ક્યાં અવતાર! આહાહા..! એક ગાય હમણા જોઈ. ગાય પડી હતી ગાય. એ બધું પેટ પેટ બળી ગયું છે. હવે બિચારા ઢસડે આમ આમ કર્યા પગે. ઊંચી થઈ શકતી નથી. પૂંછડે પડી છે. ખાવાનું ન મળે. થઈ રહ્યું એમ ને એમ મરી જવાની લ્યો! રસ્તામાં હતી. ગાય છે. હવે આમ બહુ ઊંચી કરવા માંડી પોતે આમ આમ પગ, પણ ઊંચી થઈ શકે નહિ. પેટ બળી ગયા. સૂકા ખડ, એમાં અત્યારે મળે નહિ, એનો ધણી આપે નહિ, પછી આમ.. બેઠી હતી. થઈ રહ્યું. એમ ને એમ મરી જવાની સુકાઈને. ઘરે કોઈ લઈ જાય નહિ. આ દશા જુઓ આ દશા! આહાહા..! એવા અવતાર તો અનાદિકાળનો છે કે નવો છે આત્મા? એવા અનંતા ભવ કર્યા દરેકે. એને એમ કે આને આ (છે). બેઠી સાજી છે આમ જાણે, પણ બધા પાસળા બળી ગયા છે અંદર. હવે ઊભી થઈ શકે એવું નથી. રસ્તામાં પડી છે આમ ને આમ.

આ ઊંટ થાય લ્યો ને ઊંટ. ઊંટનો પગ ભાંગે જરી. યુવાન ઊંટ હોય યુવાન હોં! એ પગ જરી ભાંગ્યો તે એમ ને એમ સુકે છૂટકો. બીજું કાંઈ ન મળે એને. જંગલમાં ઊંટ હતો ત્યાં એક ફેરી. અમે

રાણપરથી નાગનેશ જતાં ઊંટ પડ્યો હતો રસ્તામાં વાડની પાસે. યુવાન ઊંટ, હોં! આપણને કોઈ દિ' ખબર નહિ, આપણી નાની ઉંમર. એટલે કીધું ઊંટ અહીં કેમ પડ્યો આવો સારો? આપણે કોઈ દિ' સાંભળ્યું નથી. એનો પગ ભાંગ્યો છે. ત્યારે હવે? અહીં ને અહીં મરી જવાનો. એને ઘાસ કોણ આપે? જંગલમાં હતો વચમાં. નાગનેશ અને રાણપરની વચમાં. આને ઘાસ કોણ આપે? મરી જવાનો. ઘાસ કોણ આપે? અને મહાજન લઈ શી રીતે જાય ગાડામાં આવડું મોટું ઊંટ? ત્યારે અહીં એમ ને એમ સુકાઈ જવાનો. બે, ચાર, છ, આઠ, દસ દિ' એ સૂકાઈ જશે. આહાહા..! ભાઈ! તેં અવતાર આવા અનંતા કર્યા, બાપા તને ખબર નથી. અનાદિકાળનો છે. નવો છે આત્મા? નવો થયો છે ક્યાંયથી? એ તો અનાદિ અનંત છે. અનાદિ ત્રિકાળ સત્ અકૃત્રિમ વસ્તુ છે શાશ્વત. એ અનંતકાળમાં આવા ભવ શરીરની મમતા માટે કર્યા, પણ તેં તારી સમતા શું ચીજ છે એને જોઈ નહિ. એને ઓળખી નહિ કે હું કોણ છું? ઓહો..! એ કહેશે હમણા જુઓ.

'**સાત ધાતુમયી યહ અશુચિ શરીર હૈ,...**' જુઓ! લેશે. આમ ગુલાંટ ખાઈને વાત કરશે. શરીર તો સાત ધાતુમયી અશુચિ છે. '**ઈસસે પવિત્ર શુદ્ધાત્મસ્વરૂપકી આરાધના કરના.**' લ્યો! સમજાણું? બહુ ઓલું નથી કર્યું. અંદરથી એમ કર્યું છે. ખુલાસો કર્યો છે હોં! '**अस्थिरेणापि स्थिरं मोक्षसौख्यं गृह्यते।**' જુઓ! એમ ભાષા છે ને. સંસ્કૃતમાં છે. '**अस्थिरेणापि स्थिरं मोक्षसौख्यं गृह्यते।**' આ વસ્તુ અસ્થિર છે. સ્થિર ભગવાનઆત્મા શુદ્ધ શાશ્વત બિંબ છે એની શ્રદ્ધા, જ્ઞાન કરી એનું મોક્ષનું સાધન કરવું તો અસ્થિરતા છૂટી જઈ એકલો આત્મા સ્થિર રહી જશે, એને સુખ ને શાંતિની પ્રાપ્તિ થશે.

'**सप्तधातु मयत्वेनाशुचिभूः**' કહો, સમજાણું? આનો અર્થ એટલો ન આવ્યો અંદર, અસ્થિરનો. બધો અર્થ નથી કર્યો. નહિતર તો આ અસ્થિર છે, તો આ સ્થિર છે એમ ગુલાંટ ખાધી છે. આ અશુચિ છે તો આ આત્મા શુચિ છે એમ કીધું છે. જેમ ઓલો ૭૨ ગાથામાં આવે છે ને? કર્તાકર્મમાં. '**आसवाणं असुचित्तं च विवरीयभावं च। दुक्खस्स कारणं ति य दो णियत्तिं**' એની સામે ગુલાંટ ખાધી છે કે આસ્રવ અશુચિ છે, પુણ્ય-પાપના ભાવ મેલા, ત્યારે ભગવાન પવિત્ર છે, શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે. પુણ્ય-પાપના ભાવ મેલા છે, ત્યારે ભગવાનઆત્મા નિર્મળ છે, માટે બેનું ભેદજ્ઞાન કર અને આત્માનું શરણ લે.

પછી વિપરીત. આત્મા ચૈતન્યમૂર્તિ છે, પુણ્ય-પાપના ભાવ અચેતન છે, જડ છે માટે એનાથી ભિન્ન છે. આત્મા આનંદમૂર્તિ છે, ત્યારે પુણ્ય અને પાપના ભાવ દુઃખરૂપ છે. એ પુણ્ય અને પાપના ભાવ દુઃખરૂપ છે. આહાહા..! આકુળતા છે. એ ભગવાનઆત્મા અંદર પાછળ અનાકુળ આનંદકંદ સચ્ચિદાનંદ છે. એ બેની વહેંચણી કર. એ શૈલી અહીં થોડી લીધી છે. આ અસ્થિર છે તો ભગવાન સ્થિર છે એનું સાધન કર. શરીર જ્યારે સાત ધાતુમય અશુચિ શરીર છે. જુઓ! '**तेनापि शुचिभूतं शुद्धात्मस्वरुपं गृह्यते**' ભગવાનઆત્મા આ શરીર તો અશુચિ માંસ, હાડકા આદિ વિશેષ પછી લેશે.

**'પવિત્ર શુદ્ધાત્મસ્વરૂપકી આરાધના કરના.'** આહાહા..! થોડા દિ' મળ્યા, થોડો વખત મળ્યો. આંખ મીંચાઈને ક્યાં ચાલ્યો જાઈશ ભાઈ? તારું સ્વરૂપ શાશ્વત છે, શુદ્ધ જ્ઞાન છે, એની અંદર અનુભવ દૃષ્ટિ તો કર. એને દૃષ્ટિમાં તો લે કે આ હું છું. પુણ્ય ને પાપ ને પર એ વસ્તુ મારી ચીજ છે નહિ. જુઓ! **'ઈસ મહા નિર્ગુણ શરીરસે...'** દેખો! શરીર નિર્ગુણ છે એમ લેવું છે. સમજાણું કાંઈ? છે ને? **'निर्गुणेनापि केवलज्ञानादिगुणसमूहः'** શરીર નિર્ગુણ છે. નિર્ગુણ એટલે આ જ્ઞાનાદિ ગુણ નથી હોં. એનામાં ભલે એના હોય. **'શરીરસે કેવલજ્ઞાનાદિ ગુણોંકા સમૂહ સાધના ચાહિયે.'** ભગવાનઆત્મા તો કેવળજ્ઞાન ને આનંદ છે અંદર શુદ્ધ સ્વરૂપ પવિત્ર. પણ કોઈ દિ' સમાગમ કર્યા નહિ, વિચાર કર્યા નહિ, મનન કર્યા નહિ. એમ ને એમ જિંદગી પૂરી. ભગવાન મહાસત્તા અંદર ભિન્ન છે એ તો ગુણનો પિંડ છે. આ નિર્ગુણ છે. આમાં કાંઈ જ્ઞાન, દર્શન, આનંદ ગુણ નથી. આત્મા જ્ઞાન, દર્શન, આનંદ ગુણવાળો છે. એવા આત્માનું સાધન કરી લે. કહો, સમજાણું કાંઈ?

**'યહ શરીર ભોગ કે લિયે નહીં હૈ,...'** સમજાણું? ભોગ માટે શરીર છે? ભોગ એટલે શું? કલ્પના. શરીર તો અકિંચિત્કર છે. તને કલ્પનાના સુખને માટે એ શરીર તો બિલકુલ અકિંચિત્કર છે. કલ્પના કરી કે અહીં મને ઠીક પડે છે, અહીં મને ખાવામાં, આ મને ભોગમાં, આ મને આમાં. એ તો તારી કલ્પનાએ સંતોષ વાળ્યો છે. એ કાંઈ શરીરને લઈને કાંઈ થયું નથી. વિષયના સાધનથી કાંઈ થયું નથી. વિષય સાધન અકિંચિત્કર છે. આવે છે ને પંડિતજી એ? પ્રવચનસારમાં. સ્વર્ગને માટે દેવ. દેહ કાંઈ કરતું નથી. એ વિષય અકિંચિત્કર છે. આવે છે ને શબ્દ. મૂળમાં અકિંચિત્કર છે ને. મૂળ પાઠ છે. શરીર અકિંચિત્કર છે એના વિષયને માટે. ફક્ત કલ્પના કરી રહ્યો છે. આ મને ઠીક.. આ મને ઠીક.. એ તારા ઠીકને માટે બિલકુલ આ કાર્યગત નથી. તારી કલ્પના અંદર કરી એ પણ તને ખબર નથી કે આ હું કલ્પના કરું છું. આ કાર્યગત આને લઈને છે નહિ. ભગવાનઆત્મા વિકલ્પથી ભિન્ન છે. એની સમજણ તેં કોઈ દિ' કરી નથી. કહો, સમજાણું?

**'યહ શરીર ભોગકે લિયે નહીં હૈ, ઈસસે યોગકા સાધનકર...'** યોગ. જુઓ! ભોગ સોમ યોગ. ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનનો ઘન છે એની કોઈ દિ' એણે અનુભવની પ્રતીત કરી નથી. તો એનો યોગ કર. યોગ સાધ એનો. સ્વરૂપની દૃષ્ટિ કર, સ્વરૂપમાં ધ્યાન કર, સ્વરૂપનું જ્ઞાન કર. એનાથી **'અવિનાશી પદકી સિદ્ધિ કરની.'** આહાહા..! **'ઐસા કહા ભી હૈ,...'** બીજો આધાર આપે છે. દોહા પાહુડ છે. **'ઈસ ક્ષણભંગુર શરીરસે સ્થિરપદ મોક્ષકી સિદ્ધિ કરની ચાહિયે,...'** જુઓ! એ આવ્યું. **'अथिरेण थिरा मलिणेण णिम्मला णिग्गुणेण गुणसारं काएण जा विढप्पइ सा किरिया किण्ण कायव्वा।।'** અહો! ભગવાનઆત્મા તો સ્થિરસ્વરૂપ છે, શુદ્ધ છે એની દૃષ્ટિ કરીને સ્થિર કાયમ રહે એવું મોક્ષનું સાધન કર ને. શરીર તો અસ્થિર છે. **'શરીરસે સ્થિરપદ મોક્ષકી સિદ્ધિ કરની ચાહિયે,...'** એટલું નિમિત્ત છે ને શરીર?

**'યહ શરીર મલિન હૈ,...'** નવ દ્વાર ઝરે છે કહેશે નીચે. **'ઈસસે નિર્મલ વીતરાગકી**

**સિદ્ધિ કરના,...**' શરીર તો મેલ છે. હવે અહીં શરીરની વાત માંડી ત્યાં બીજાની તો શું કહેવી કહે છે. બાયડી, છોકરા, કુટુંબ, વેપાર, ધંધા તો ક્યાંય જડને લઈને એની અવસ્થા થવા કાળે થયા કરે. આત્મા એનો કર્તાહર્તા નથી. દુર્જન શરીરનું પણ કાંઈ કરી શકતો નથી તો બીજાનું તો શું કરે કહે છે. નિર્મળ વીતરાગ ભગવાનઆત્મા નિર્દોષ, વીતરાગ નામ રાગરહિત સ્વરૂપ છે એની શ્રદ્ધા, જ્ઞાન કરવી જોઈએ.

'**ઔર યહ શરીર જ્ઞાનાદિ ગુણોંસે રહિત હૈ,...**' જુઓ! આવ્યું. પેલામાં ગુણ હતો ને. શરીરમાં જ્ઞાન, દર્શન, આનંદ નથી. આ માટીમાં કાંઈ જ્ઞાન, દર્શન અને આનંદ નથી. જ્ઞાન, દર્શન અને આનંદ તો આત્મામાં છે. આ તો નિર્ગુણ છે, ભગવાન ગુણવાળો છે. ગુણ એટલે? રજો, તમો એ નહિ, સ્વભાવિક ગુણો. ત્રિકાળ જ્ઞાન, આનંદ આદિ ગુણોથી સહિત છે. શરીર તો જ્ઞાનાદિ ગુણોથી રહિત છે. '**ઈસકે નિમિત્ત સે સારભૂત જ્ઞાનાદિ ગુણ સિદ્ધ કરને યોગ્ય હૈં.** ' ભગવાનઆત્માનું સાધન કરીને પોતાનું જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ એટલે ચારિત્ર એ સાધન કરવું જોઈએ. કહો, સમજાણું આ?

'**ઈસ શરીરસે તપ સંયમાદિકા સાધન હોતા હૈ,...**' કહેવાય ને નિમિત્તથી? મુનિપણું છે, સંયમ, ઈન્દ્રિયદમન છે '**ઔર તપ સંયમાદિ ક્રિયાસે સારભૂત ગુણોંકી સિદ્ધિ હોતી હૈ.**' અંતરના એકાગ્ર સંયમ દ્વારા આત્માની શાંતિગુણની સિદ્ધિ હોય છે. '**જિસ ક્રિયાસે ઐસે ગુણ સિદ્ધ હોં, વહ ક્રિયા ક્યોં નહીં કરની, અવશ્ય કરની ચાહિયે.** ' જેનાથી અલ્પકાળમાં આત્માને શાંતિ મળે એ કરવું? કે આ અલ્પકાળમાં આની મમતા માટે અનંતકાળનું દુઃખ ભોગવવું? અલ્પકાળની આની સંભાળ માટે અનંતકાળનું દુઃખ ભોગવવું. અલ્પકાળનું આનું સાધન કરે તો અનંતકાળનું મોક્ષનું સુખ પ્રાપ્ત થાય. વાણિયા તો નફો હોય તો કામ કરે. એય! ચંદુભાઈ! વાણિયા નફાનું કામ કરે. ચંદુભાઈ! બરાબર છે? ત્યારે આમાં કેમ નફાનું કામ કહે છે સમજતો નથી? એય! છોટાભાઈ! નફાનું કામ કરે કે નહિ? કે તુટાનું કરે? જેમાં તુટો લાગે એ વેપાર કરતો હશે? પછી ભલે વેપાર માલનો થઈ જાય, આવી જાય જુદી વાત છે. પોતાનો ધંધો ન કરે.

એમ કહે છે, બાપુ! તું આત્મા છો ને. તને લાભનો ધંધો નથી આવડતો? ખોટનો જ ધંધો આવડે છે એકલો? વિકાર કરી, શરીરને પોષવાનો ભાવ કરી આ ધૂળ ને ધાણી, કુટુંબ કબીલા, વેપાર, ધંધામાં મરી ગયો અનંતકાળથી. આ ખોટ ગઈ તને તોપણ તારી તને ખબર નથી. આ ખોટ જાય છે ખોટ તારે ઘરે. પોકાર તો કરે છે શાસ્ત્ર અનાદિકાળના. કાને પડે છે એને, નથી પડતું? એ નનૂર થઈ ગયો છે નનૂર. નનૂર. નનૂર એટલે વિનાનો. નનૂર કહે છે ને? તેજ ન મળે અંદર. નનૂર થઈ ગયો છે? બહુ મારે અને બોલે નહિ પછી કહે આ મીંઢડો થઈ ગયો છે મીંઢડો? બોલ તો ખરો. એમ આ મારો મીંઢડો થઈ ગયો છે મૂઢ. મૂઢ-મૂઢ. ભગવાનઆત્મા અરે! વસ્તુ તારી પર છે. શરીરથી જુદી તદ્દન. અને આ શરીર તારાથી ત્રણે કાળે જુદું છે. એના નિમિત્તમાં આવ્યો એને તું સાધન કરી લે સ્વરૂપનું. આના સાધન છોડી દે. આત્માનું સાધન કર. કહો, સમજાણું? એ ૧૪૮ થઈ.

ગાથા-૧૪૯

अथ-

२८०) जेहउ जज्जरु णरय-घरु तेहउ जोइय काउ।
णरइ णिरंतरु पूरियउ किम किज्जइ अणुराउ।।१४९।।
यथा जर्जरं नरकगृहं तथा योगिन् कायः।
नरके निरन्तरं पूरितं किं क्रियते अनुरागः।।१४९।।

जेहउ इत्यादि। जेहउ जज्जरु यथा जर्जरं शतजीर्णं णरय-घरु नरकगृहं तेहउ जोइउ काउ तथा हे योगिन् कायः। यतः किम्। णरइ णिरंतरु पूरियउ नरके निरन्तरं पूरितम्। एवं ज्ञात्वा किम् किज्जइ अणुराउ कथं क्रियते अनुरागो न कथमपीति। तद्यथा-यथा नरकगृहं शतजीर्णं तथा कायगृहमपि नवद्वारछिद्रितत्वात् शतजीर्णं, परमात्मा तु जन्मजरामरणादिच्छिद्रदोषरहितः। कायस्तु गूथमूत्रादिनरकपूरितः, भगवान् शुद्धात्मा तु भावकर्मद्रव्यकर्मनोकर्ममलरहित इति। अयमत्र भावार्थः। एवं देहात्मनो भेदं ज्ञात्वा देहममत्वं त्यक्त्वा वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा च निरन्तरं भावना कर्तव्येति।।१४९।।

---

आगे शरीरको अशुचि दिखलाकर ममत्व छुड़ाते हैं-

गाथा-१४९

अन्वयार्थ :- [योगिन्] हे योगी, [यथा] जैसा [जर्जरं] सैकड़ों छेदोंवाला [नरकगृहं] नरक-घर है, [तथा] वैसा यह [कायः] शरीर [नरके] मल-मूत्रादिसे [निरंतरं] हमेशा [पूरितं] भरा हुआ है। ऐसे शरीरसे [अनुरागः] प्रीति [किं क्रियते] कैसे की जावे? किसी तरह भी यह प्रीतिके योग्य नहीं हैं।

भावार्थ :-जैसे नरकका घर अति जीर्ण जिसके सैकड़ों छिद्र हैं, वैसे यह कायरुपी घर साक्षात् नरकका मन्दिर है, नव द्वारोंसे अशुचि वस्तु झरती है। और आत्माराम जन्म-मरणादि छिद्र आदि दोष रहित है, भगवान् शुद्धात्मा भावकर्म, द्रव्यकर्म, नोकर्ममलसे रहित हैं, यह शरीर मल-मूत्रादि नरकसे भरा हुआ है। ऐसा शरीरका और जीवका भेद जानकर देहसे ममता छोड़के वीतराग निर्विकल्प समाधिमें ठहरके निरन्तर भावना करनी चाहिये।।१४९।।

---

વળી, હવે શરીરને અશુચિ દર્શાવીને મમત્વ છોડાવે છે :-

ભાવાર્થ :-જેવી રીતે નરકગૃહ સેંકડો છિદ્રવાળું જર્જરિત છે તેવી રીતે શરીરરૂપી

**ઘર પણ નવદ્વારરૂપી છિદ્રોવાળું હોવાથી શતજીર્ણ છે (તદ્દન જીર્ણ છે) અને પરમાત્મા જન્મ, જરા, મરણાદિરૂપ છિદ્રોના દોષથી રહિત છે. શરીર તો મળ-મૂત્રાદિ નરકથી ભરેલું છે અને ભગવાન શુદ્ધ આત્મા ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મના મળથી રહિત છે.**

**અહીં, આ ભાવાર્થ છે કે આ પ્રમાણે દેહ અને આત્માનો ભેદ જાણીને, દેહનું મમત્વ છોડીને અને વીતરાગનિર્વિકલ્પ-સમાધિમાં સ્થિત થઈને નિરંતર ભાવના (આત્મભાવના) કરવી જોઈએ. ૧૪૯.**

---

### ગાથા-૧૪૯ ઉપર પ્રવચન

હવે વધારે '**આગે શરીરકો અશુચિ દિખલાકર મમત્વ છુડાતે હૈં —**'

**૨૮૦) जेहउ जज्जरु णरय-घरु तेहउ जोइय काउ।**
**णरइ णिरंतरु पूरियउ किम किज्जइ अणुराउ।।१४९।।**

'હે યોગી,...' હે ધર્મી, હે મુનિ અથવા હે આત્મા! '**જૈસા સૈકડોં છેદોંવાલા નરક-ઘર હૈ,...**' નરક છે ને નરક નીચે. સેંકડો છિદ્ર. મધમાખી હોય ને. મધ મધ. આ મધના પુડા. એવા ત્યાં છિદ્રો પડેલા. એમાં ઊપજે નારકી અને પડે નીચે. નીચે સાત નારકી છે. પહેલી નરક, બીજી નરક. થોડામાં થોડી દસ હજાર વર્ષની સ્થિતિ છે નરકની અંદર. થોડામાં થોડી હોં! સાધારણ માણસ દારૂ ખાનારા થોડામાં થોડી દસ હજાર વર્ષની સ્થિતિ. ઝાઝામાં ઝાઝી એક સાગરની સ્થિતિ છે અહીં પહેલી નરક નીચે. એક સાગરોપમ એટલે અસંખ્યાતા અબજ વર્ષનો એક પલ્યોપમ. એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગર. મોટા મોટા રાજા, મહારાજાઓ જે હોય એ બધી પાર્લામેન્ટ ત્યાં ભરાય એની નરકમાં. ન્યાલભાઈ! એ બધા નરકમાં જાય છે.

મુમુક્ષુ :— પાર્લામેન્ટે એના ઠરાવ શું કર્યા?

ઉત્તર :— ઠરાવ કર્યા દુઃખી થાવું ત્યાં ઈ. રોજ દુઃખી.. રોજ દુઃખી... હાય રે હાય. અરેરે! આ શું છે આ? આટલા દુઃખ કેમ વેદ્યા જાય? વેઠ્યા જાય? પોકાર રોવે.. રોવે. એ રાજા મહારાજા અહીંના મોટા હોય ને શિકાર કર્યા હોય. લાખ લાખ રૂપિયા, બબ્બે લાખ રૂપિયાની મોટરુંમાં બેઠા હોય એ બધા. સમજાણું?

જુઓને! ઓલો તમારો આવ્યો હતો હમણા ગુરુ નહિ ઓલાનો? ખ્રિસ્તીનો ગુરુ પોપ. કેટલા લાખની મોટી મોટર આવી હતી ત્યાં. રોમથી આવી હતી. એટલું નામ એનું. એ પાછી આપી દીધી કોકને. આહાહા..! અહીં આમ પાંચ-પાંચ લાખની મોટરું અને કેટલા કરોડો રૂપિયા મોટા એની પાસે ઘણાં. કેટલાય તો અહીં આપી દીધા ઓલામાં. માંસ ખાય. નવી દુકાન કેટલી અમુક .. આપીને. કારણ કે .. ઘણું જોવે. બે-ત્રણ લાખ ગોરા આવેલા.

મુમુક્ષુ :— બધા બહારથી મહેમાનો આવેલા.

ઉત્તર :— હા, મહેમાનો આવેલા. દુકાનો નવી માંસની. કેટલા કુકડા એક દિ'માં, કેટલા ઈંડા એક દિ'માં, કેટલા બોકડા એક દિ'માં. આ કાળાકેર. દુનિયા તે બહારમાં રંગબેરંગી દેખાય. એ પાંચ વર્ષ પચ્ચીસ વર્ષ પાછળ જુઓ.. માંસની એક એક કટકીમાં મહા જીવ છે. એની એને તદવરણા તે જીવ પંચેન્દ્રિય હોય તો તે પ્રકારના અંદર સૂક્ષ્મ જીવો (હોય છે) એવા માંસ શેર, શેર, બેશેર ખાય એ મરીને નરકે જ જાય. હવે આ શી રીતે દેખાય? બહારમાં આમ ખમ્મા! ખમ્મા! અન્નદાતા. હીરાની રતનની ઓલી લાકડી હોય હાથમાં. આમ જાણે ઓહોહો..! કોઈ .. તો જાણે ઓહો..! ગુરુ છે ને મોટા એ. આગાખાનમાં એવું હોય. આગાખાન હાથ ન અડવા દે એને કોઈ. ચંદુભાઈ! એને લાકડી હોય લાકડી. લાકડી આમ ઊંચી હોય. લાકડાને આમ અડે તો બધા ખુશ થઈ જાય. લાકડી હાથમાં હોય બસ એટલું. સ્વર્ગ મળે. અરે! મરીને એ પોતે ક્યાં ગયો તને ખબર નથી. એકલા માંસ ખાનારા, દારૂ પીનારા, કાળા કેર કરનારા. દુનિયાના ગુરુ માને, દુનિયા એ ગાંડી મૂરખ છે કે નહિ? આહાહા..! એની એક લાકડી પડી હોય સારી..

મુમુક્ષુ :— એવાને આટલું બધું પુણ્ય કેમ?

ઉત્તર :— આ પૂર્વે એવું કોઈ પુણ્ય બાંધેલું પાપાનુબંધી પુણ્ય.

મુમુક્ષુ :— સુખ કે દિ' હતું?

ઉત્તર :— સુખ કે દિ' હતું? પાપાનુબંધી પુણ્ય. શુભભાવ કોઈ અહંકારપણે કરેલા. એકેન્દ્રિયાદિમાં કોઈ શુભભાવ આદિ થાય છે અહંકાર મિથ્યાત્વભાવમાં, એના ફળ તરીકે આવે એ પાપાનુબંધી પુણ્ય પરંપરા મિથ્યાત્વને પાપ બાંધી નીચે ધમો નમઃ. નરકમાં જવાના એ. દુનિયાને મેળ કેમ કરતા આવડે? આહાહા..! રાજી રાજી થઈ જાય કે આહાહા..! આપણે આવા ધર્મ ગુરુ હોઈએ. પણ શું છે? મરીને નીચે જવાના. છે શું તારે? હજારો બોકડા મારતા હતા. કાળાકેર તે દિ' કહે છે. કેટલા દિ'? ત્રણ દિ' રહ્યા. ગામમાં કાળોકેર વર્તે. જીવો મારે, બોકડા મારે, ઘેટા મારે, કુકડા મારે, ઈંડા કેટલા કાંઈક લખ્યા હતા. કેટલા લાખ દરરોજ ઈંડા જોવે. માણસોને એના સેવકોને. અરે! પુણ્ય તે શું કામ કરે છે? પુણ્યનું અસ્તિત્વ છે. એ આવે છે ને પંડિતજી! પ્રવચનસારમાં. પુણ્યનું અસ્તિત્વ છે એવી ગાથા આવે છે, ગાથા આવે છે. પ્રવચનસાર પહેલામાં. કે પુણ્યનું અસ્તિત્વ છે. એવો પાઠ છે હોં મૂળ પાઠ કુંદકુંદાચાર્યનો. પણ અસ્તિના ફળમાં ધૂળ મળી, આ બધી હોળી છે. આહાહા..! સમજાણું કાંઈ? મહાપ્રભુ પવિત્રનું ધામ એને આ પુણ્યના ફળ તરીકે આવા સંયોગો મળે અને જાય મરીને નીચે. એ શું કામના? આહાહા..!

કહે છે, હે ધર્મી! **'सैकडों छेदोंवाला नरक-घर है,...'** નારકીના ઘર. નારકીમાં એ પુડા જેવા ઉપજવાના સ્થાન હોય છે. મધપુડા હોય ને મધપુડા? એવા આમ કાણાવાળા ઉત્પન્નના સ્થાન પહેલી નીચે નરકે (છે) એમાં ઊપજે. અને ઊપજે ને પડે નીચે ધડાક અગ્નિમાં. નીચે અગ્નિ હોય. આ પહેલી નરકે પછી ઠંડી હોય. આમ પડે. એ પીડા. અહીંથી મોટો રાજા, મહારાજા હોય. અહીં

તો હજી એને કાઢ્યો પણ ન હોય. મડદું બહાર ન કાઢ્યું હોય. કારણ કે મોટા માણસ એટલે માણસ ઝાઝા આવે, માણસ આવે, તાર કર્યા હોય. ત્યાં તો ભાઈસાહેબ પોકાર કરતો હોય ત્યાં. આહાહા..! અરે! સંસારના પડદા એક ક્ષણમાં રાજા, મહારાજા બીજી ક્ષણે નરકનો છિદ્રનો નારકી. ભગવાન! એ તારા પાપના પરિણામના એ બધા ફળ છે, ભાઈ! એ તને ખબર પડતી નથી. પડદા એ જુદી જુદી જાતના પડે ને એમ એ ઘૂંચાઈ જાય. હાય! હાય! આ થઈ ગયું મને. અહીં ભોગવતો હતો, લહેર કરતો હતો, અહીં કાંઈ છે નહિ મારો બીજો આત્મા-ફાત્મા. મરી ગયો ત્યાં જઈને હેરાન-હેરાન.

'**વૈસા યહ શરીર મલ-મૂત્રાદિસે હંમેશા ભરા હુઆ હૈ.**' એ સંસ્કૃતમાંથી કાઢ્યું છે.'**कायस्तु गूथमूत्रादि**' આની કોર છેલ્લો શબ્દ છે. '**गूथ**' એટલે વિષ્ટા. એ વિષ્ટા અને પેશાબ ભર્યા છે બાપા આમાં. આ સંચો એવો છે દુનિયાના સંચા કરતા. બીજા સંચામાં મેસુબ નાખો તો બગડશે નહિ તરત. અને આ સંચામાં મેસુબ નાખો તો આઠ કલાકે વિષ્ટા. એવો સંચો કોઈ દુનિયામાં નથી. આ જ્યાં નાખ્યું ત્યાં થૂંક થઈ ગયું. થૂંક થઈને આમ કૂતરાની એંઠ જેવું નીચે ઉતર્યું છે. ખાતા પહેલા કાંઈ ઓગાળ્યા વિના નીકળીને જાય નહિ. ભલે જાંબુ હોય માવાના. જરીક બે સેકન્ડ, પા સેકન્ડ ઓગળે નરમ (થઈને) નીચે ઉતરે. નીચે ઉતરે પહેલું આમ જોવે તો ખબર પડે કૂતરાની એંઠ છે. પણ મીઠાશથી નીચે ઉતારે અંદર. શું ખાધું? જાંબુ. જાંબુ માવાના જાંબુ. એ શું છે? આ શરીર ખબર છે તને? એ તેં ખાધું હતું એ કૂતરાની એંઠ હતી તરત. એક અડધી પા મિનિટમાં એંઠ થઈ ગયેલી આમ. દાંત નીચે જરી જીભ થાય ને તો આમ મોઢું કરીને જોજે કે આ શું છે? આહાહા..! આ શરીર, એ ચીજ એને તું પોતાનું માનીને ભગવાન પવિત્ર આત્માને ભૂલી ગયો. તારી ચીજ મહાન પ્રભુ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ વિષ્ટા ને પેશાબથી, થૂંક, બળખા, મેલ, કાન બધાથી ભરેલો આખો મેલનું પૂતળું છે. કહેશે પછી હોં!

'**ઐસે શરીરસે પ્રીતિ કૈસે કી જાવે?**' આવા શરીરની સાથે પ્રેમ શી રીતે કરવો હવે? મેલની મૂર્તિ, મેલની મૂર્તિ. ભગવાન નિર્મળાનંદની મૂર્તિ. નિર્મળાનંદ ગુણો. બેમાં વિરોધ, બે વેરીઓ છે. મેલની મૂર્તિ આ શરીર, ત્યારે ભગવાન નિર્મળાનંદ, જ્ઞાનાનંદ અનંતગુણનો પિંડ પ્રભુ છે. અને એની પ્રીતિ છોડીને આની પ્રીતિ કરે છે. શું હેરાન થવાના રસ્તા લીધા છે એમ કહે છે. '**જૈસે નરકકા ઘર અતિ જીર્ણ જિસકે સૈંકડોં છિદ્ર હૈં,...**' નરકનું ઘર કહેવાય એ લ્યો વળી. ઠીક! અહીં ઘર બનાવે ને એમ નરકના ઘર બનાવેલા છે અનાદિને એમ ને એમ. એમાં ઊપજ્યો ઓલો નરકના ઘરમાં. આહાહા..! આચાર્ય કહે છે, નરકનું ઘર અતિ જીર્ણ અને '**જિસકે સૈંકડોં છિદ્ર હૈં,...**' માખીને પેસવાના હોય ને જેમ છિદ્ર. માખીને મધમાખી. રાજા, મહારાજા, અબજોપતિ, આ મિલના પતિ મહા, માછલા મારતા હોય હંમેશા. હોજમાં સેંકડો માછલા મરે. ઊના પાણી કરે ને ઊના. ધગ... ધગ... ધગ... ઊના પાણી બહુ હોય. એ પાણી હોજમાં પડે, હોજમાં માછલા પડે, મીંદડા પડે, કાગડા મરે. મરે બહુ પ્રાણી અંદર. અહીં કહેવાય કે બે કરોડની પેદાશ છે. ઓલો કહે

હોળી ત્યાં સળગે છે તારા નામની. પાપનું મોટું કારખાનું બાંધ્યું છે તેં. આ તે પણ જગત આંધળું. આંખું મીંચીને કૂવામાં પડે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આંખું મીંચીને. જા ફૂ થઈને. ભગવાન! તું પણ કોણ? બાપુ! તારી સંભાળ એક સેકન્ડ પણ કોઈ દિ' કરી નહિ? અને આ અનંતકાળથી આની સંભાળ (કરતા) અનંતકાળ થયો તો કાંઈ એક પરમાણુ તારુ થયો નથી. અનંતકાળનો પ્રયત્ન પરમાણુને પોતાના કરવાનો, એક પરમાણુ (પોતાનો કરવાના) તારા અનંત પ્રયત્નનું ફળ આવ્યું નહિ કે એક પરમાણુ તારો થયો. આહાહા..! અને આત્મા એક ક્ષણ પોતાની દૃષ્ટિ કરે તો એને આત્માની પ્રાપ્તિ અંદર થતાં અલ્પકાળમાં એ કેવળજ્ઞાનને પામે. કહો, સમજાણું કાંઈ?

સેંકડોં છિદ્ર. નરકનું ઘર કીધું ભાઈ એને. ઓલા ઊપજવાના સ્થાન છે ને નારકીના. સાત ઊપજવાના સ્થાન છે. આહાહા..! મોટા રાજા, મહારાજા હોય ને એ ત્યાં ઊપજે હોં. નારકી. અને પોણા આઠ ધનુષ્યનો દેહ. એ ત્યાંથી ઊપજ્યા ભેગો નીચે પડે. નીચે એકલી અગ્નિ. એ અગ્નિમાં પડે. હાય.. હાય.. શું છે આ? શું છે આ? પાછો એ આત્મા ઉપર વિચાર નહિ. શું છે આ? આવું જ હશે આ? એકલી અગ્નિ. અને અહીં રાજાના કુંવર. એ મરીને એ શરીર નવું મળ્યું. નરકના ઘરમાં ઊપજ્યો અને પડ્યો નીચે. ઓહો..! નરકગતિ અધોગતિ! એના ઘર આમ અને પડે પાછો પડે તો નીચે પડ્યો. ઓલો અધોગતિ ખરી ને. શરીર પડે નીચે. ઓલા જે દેવ છે એ પુણ્યના ફળમાં ઊપજે શૈયામાં. શૈયા પાથરેલી હોય ને એમાં ઊપજે પુણ્યના ફળ તરીકે. બહુ પુણ્ય કર્યા હોય તો બે ઘડીમાં ઊભો થઈ જાય. અહો..! આ શું છે? વિચાર કરે. સમ્યગ્દૃષ્ટિ હોય તો ઓહો..! હું પૂર્વ ભવમાં હતો અને ધર્મસાધન કર્યું પણ અધૂરું રહી ગયું. આ રાગ રહી ગયો થોડો એનું પુણ્ય બંધાણું એના ફળ તરીકે આ સ્વર્ગ છે. મારું સાધન પૂરું ન થયું. મેં પૂરું કર્યું હોત તો મને ભવ મળત નહિ. આ શું છે? ત્યાં દેવો આવે, અન્નદાતા! આ વિમાન છે, સુધર્મ સ્વર્ગ છે, એના ૩૨ લાખ વિમાનનું આ ૩૧ લાખ અને ૯૯૮નું આ વિમાન છે. આપ ત્યાં ઊપજ્યા છો મોટા તરીકે. આપને ભગવાનની ભક્તિ કરવાની.. ભગવાનના મંદિર હોય તીર્થંકરના ત્યાં. તૈયાર કરો. અરે! દેવો! હું સમ્યગ્દૃષ્ટિ જીવ છું. પૂર્વેથી આવ્યો છું. મને આ રાગ રહી ગયો એનું ફળ આવ્યું. ચાલો ભક્તિ કરીએ ભગવાનની પહેલી. બધાને હુકમ કરે, ભક્તિ કરે પહેલી. આહાહા..!

અને મિથ્યાદૃષ્ટિ દેવ હોય, પુણ્ય બાંધ્યા હોય, મિથ્યાદૃષ્ટિ હોય, ભાન ન હોય. એ તો આમ દેખે કે આહાહા..! આ શું છે? દેવ! આજથી આપ તમે અમારા સ્વામી થયા. ઘૂંચાઈ ગયો એમાં એકાકાર. અરે! લાખો વર્ષ રહી, કરોડો અબજો વર્ષ રહી. અસંખ્ય અબજ વર્ષ (રહે). શાશ્વત પ્રભુ એ ચૈતન્યની સત્તાની દૃષ્ટિની સંભાળ કરી નહિ અને આ બધી સંભાળુંમાં કહે છે અનંતવાર એ નરકના છિદ્રમાં પણ તું ગયો.

**'વૈસે યહ કાયરૂપી ઘર...'** લ્યો એના જેવું અહીં બતાવે છે આને. આ નરકનું મંદિર. એ

**'સાક્ષાત્ નરકકા મંદિર હૈ,...'** જુઓને છિદ્ર છે કે નહિ બધે? આ છિદ્ર છે કે નહિ જુઓને. પરસેવો નીકળે ચારે કોરથી. ભાઈ! અહીં બીજું બતાવવું છે હોં! કે તું અંદર જ્ઞાનાનંદ અખંડ પદાર્થ છો. એમાં છિદ્ર-બિદ્ર નથી એમ બતાવવું છે. અખંડ પ્રભુ ચૈતન્યસત્તા આનંદકંદની જ્યોત છે. એને ભૂલીને પર્યાયમાં અવસ્થામાં વિકાર કરે. વસ્તુ છે એ તો છિદ્ર વિનાની અખંડ પડી છે આમ. સચ્ચિદાનંદ જ્યોતિ આત્મા અખંડ પ્રભુ છે. આ છિદ્રવાળી છે, ત્યારે તું છિદ્ર વિનાનો છો. સમજાણું કાંઈ? માટે છિદ્રવાળી ચીજની મમતા છોડ, એ રુચિ તો છોડ. મમતા પછી વળી અસ્થિરતા. અને રુચિ આમ કર કે એક આ ચૈતન્યસત્તા હું આનંદકંદ છું. એકલો જ્ઞાનજ્યોતિએ ભરેલો જ્ઞાનનો દીવડો એકલો છું. સ્વને, પરને પ્રકાશું એવો હું આત્મા છું. એવી દૃષ્ટિ કર તોપણ ક્રમે ક્રમે ચારિત્ર થઈને કલ્યાણ થશે.

**'નવ દ્વારોંસે અશુચિ વસ્તુ ઝરતી હૈ.'** લ્યો! આ શરીરમાં નવ દ્વાર. પેશાબ, વિષ્ટા, આંખ, બે કાન, આ મોઢું, પેશાબ, વિષ્ટા... આહાહા..! સમજાણું કાંઈ? એ અશુચિ વસ્તુ ઝરે. કાન બે આ છે ને. બે કાન બે આ. છ ને સાત તો અહીં થયા અને બે એ થયા વિષ્ટા અને પેશાબ. નવ દ્વાર છે. આ બે થયા કે નહિ આ? બે આ છે, બે આ છે. ચાર. બે આ છે. છ અને એક આ મોઢું થયું. સાત અને બે પેશાબ અને વિષ્ટા છે. નવ દ્વાર છે. મુખ્ય નવ દ્વાર. બાકી આ બધા પરસેવા નીકળે છે વાળ એના તો ઘણા દ્વાર. આહાહા..! અમારી મોજુ ઉડાવી દેશે. આ શરીર મળ્યા એમાંથી મોજ માણીએ છીએ. માખણ જેવા શરીર, બળદ જેવા શરીર હોય મજબુત. અરે! મરીને જાઈશ હવે સાંભળને. એ બળદનો થઈશ નારકી. હાય! હાય! આંખમાંથી આંસુ ચાલ્યા જશે. રોઈશ રોઈશ બાપા! તારા રોણા ભગવાન જાણે અને તું વેદ દુઃખને. એવી દશા, ભાઈ! એ આ આત્માની ઓળખાણ સત્ સમાગમે કોઈ દિ' કરી નહિ. એને પીછાણ્યો નહિ. એની કિંમત કરી નહિ. એની કિંમત કરે તો જગતના પદાર્થની કિંમત ઊડી જાય. એ સુંદર દેખાય તો બીજી સુંદરતા દૃષ્ટિમાં આવે નહિ. આ બીજી સુંદરતા દૃષ્ટિમાં આવતા આ સુંદર આત્મા એની દૃષ્ટિમાં આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'નવ દ્વારોં સે અશુચિ વસ્તુ ઝરતી હૈ.'** લ્યો! કસ્તુરી ઝરે છે એમાંથી? પેશાબ, વિષ્ટા, આહાહા..! એમાં આ પાછી અત્યારે વ્યાધિઓ થઈ છે ને, શું કહેવાય આ? કેન્સર. ચંદુભાઈ! અહીંનું કેન્સર, અહીંનું કેન્સર, અહીંનું કેન્સર, છાતીનું, ગુદાનું. આહાહા..! હવે મોટા પેટ હોય, આવડા મોટા અંદર કેન્સર. અંદર છે હવે કરવું શું અંદરમાં? હાય! હાય! મુદ્દત થોડી. એક જણાને કેન્સર. ૪૮ વર્ષની ઉંમર. ઘણા વર્ષ પહેલાની વાત. દસ લાખ રૂપિયા. નવી પરણ્યો. ડોક્ટર કહે, કેન્સર છે ભાઈ! ભાઈસાહેબ! બહાર પાડશો નહિ હોં. ડોક્ટરને કહે, બહાર પાડીશ નહિ. બાયડી નવી છે, પરણ્યો છું નવી હજી. અને આ પૈસા દસ લાખ. સમજ્યા ને? મોટો વેપાર. ધંધો ધમધોકાર, સટ્ટા બજારમાં, ઓલા બજારમાં. આ તો ઘણા વર્ષ પહેલાની વાત છે હોં. ૩૦, ૩૫, ૪૦ વર્ષ પહેલાંની વાત. ભાઈસાહેબ! ડોક્ટર કહે હેં! કેન્સર. શું? નહિ નભો. ૪૮ વર્ષ. નવી

પરણેલો. શેઠિયાનું કુટુંબ, ઘર, પૈસાવાળા માણસ, વિસાશ્રીમાળી મોટા ગૃહસ્થ ધનાઢ્ય. હવે? ભાઈસાહેબ! કહીશ નહિ બહાર હોં. હું ગળી જઈશ હવે. ઘરે છોકરા અને બાયડી રાડ નાખશે. પછી જ્યારે મરવાની તૈયારી આવી ત્યારે ખબર પડી ગઈ બધાને કે અરે! કેન્સર છે. ડોક્ટરે તો ભાઈ કહ્યું હતું મને. હું બહાર પાડું તો તમને દુઃખ થાય. કેન્સર છે. સાહેબ! મારી સ્થિતિ પૂરી થવાની છે. કહો, આહાહા..! ૪૮ વર્ષે ખલાસ, દેહ છૂટી ગયો. શું કરે એમાં?

શિવલાલ પાનાચંદ મોટો કલેક્ટર. ચંદુભાઈ! ત્રણ હજારનો પગાર. મોટો કલેક્ટર અને દિવાન, જયપુરનો રાજાનો દિવાન. એ એને રોગ થયો કોણ જાણે કેવો. નાની ઉંમર. ૪૮ વર્ષની ઉંમર. એવો કોઈ રોગ થયો. ખલાસ થઈ ગયો નાની ઉંમરમાં. સિવિલ સર્જન મોટો. એવી આબરૂ આમ કપાટના કપાટ પુસ્તક ભર્યા હોય. એ કહેતા હતા કે એકવાર વાંચુ તો મને યાદ આવી જાય કે આ પુસ્તકમાં આ લખ્યું છે. એટલી યાદશક્તિ. મોટી પદવી હતી ને કાંઈક. તે દિ'નું શું કહેવાય? સિવિલ.. મોટી. આપણે આવ્યો હતો ને ત્યાં ૭૭માં આવ્યા હતા ત્યાં વ્યાખ્યાનમાં. કેમ શિવલાલભાઈ! કીધું કાંઈ આત્મા માટે? પહેલી શરૂઆતમાં નોકરી થઈ ૭૦૦નો પગાર. પહેલી મહિનાનો ૭૦૦નો પગાર. પછી તો ત્રણ હજાર, પાંત્રીસોનો આઘે વયો ગયો. જયપુરનો દિવાન. કહે, મેં વાંચ્યું છે મહારાજ! પણ આત્મા છે કે નહિ એ હજી મેં નક્કી નથી કર્યું. આહાહા..!

વ્યાખ્યાન પૂરું થઈ ગયું, પછી એ આવ્યા અને ઓલો છે ને મનુચંદનો બાપ નહિ નાગરવેલ. નાગર. નાગર જુંજાવાળા. નાગર છે. એ બેય આવ્યા. વ્યાખ્યાન પૂરું થયું ને બોટાદની સભામાં પાછળથી આવ્યા. ભાઈ કીધું વાંચ્યું છે આત્મા છે એનું કાંઈ? મેં વાંચ્યું છે ઘણું. પુસ્તકો ઘણાં વાંચ્યા. પણ હજી આત્મા છે કે નહિ એ નિશ્ચયપણું આવ્યું નથી. ચંદુભાઈ! આહાહા..! હજી તો છે અને વળી કેવો? અને કેમ? એ પછી. અરર! કીધું. આ ૭૭ની વાત છે. ૭૭. સંવત્ ૧૯૭૭. વ્યાખ્યાન પૂરું થયું અને આવીને મેં પૂછ્યું કે આત્માનું કાંઈ? કહે વાંચ્યું છે પણ હજી મેં નિર્ણય (નથી કર્યો). આહાહા..! અરેરે! આ જીવન શું કીધું આ? ભિખારા જેવા જીવન. રાંકા. આ રાંકાના રાંકા રોલાઈને મરી જશે બધા. કુદરતી શું થયું ૪૮ વર્ષે ખલાસ થઈ ગયો. એવો કાંઈક રોગ અહીંનો આવ્યો. કોણીનો. હાથ જ આવો થઈ ગયો. એમ ને એમ મરી ગયો. બહુ હુશિયાર. બહુ હુશિયાર હોં. બુદ્ધિ ઘણી બુદ્ધિ. લ્યો આ સરવાળા.

ભાઈ! એ તો બે ઘડીના પડદા સંધ્યાનો રંગ છે. સંધ્યાનો લાલ રંગ લાગે એ જ્યાં પાછળ જાય ત્યાં ધબો નમઃ કાળા. એમ આ પુણ્યના ઠાઠ બહારના દેખીને મૂંઝાઈ ગયો. પ્રભુ તારો અંદર પડ્યો છે એની તને ખબર નથી. આનંદનો કંદ અતીન્દ્રિય આનંદનો સુંદર સુંદર મહેલ અંદર છે. એની તને પ્રીતિ નહિ, એની તને રુચિ નહિ, તેનો તને આશ્રય નહિ, તેનું તને શરણ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, એ '**નવ દ્વારોં સે વસ્તુ ઝરતી હૈ. ઔર આત્મારામ જન્મ-મરણાદિ છિદ્ર આદિ દોષ રહિત હૈ,...**' ભગવાન અંદર આત્મા અરૂપી ચિદ્ઘન, અનાદિ અનંત શાશ્વત એને

છિદ્ર કેવું? એમાં તો અખંડ વસ્તુ છે એ તો. એ તો પર્યાયમાં એને પુણ્ય-પાપ અને ભ્રમણા ઊભી કરી છે. વસ્તુમાં છિદ્ર-બિદ્ર અને વસ્તુમાં મેલ છે નહિ. એવો ભગવાન પૂર્ણાનંદ શાશ્વત આત્મા પોતે તો છિદ્રાદિ દોષ રહિત. છિદ્ર નહિ અને મેલ પણ નહિ. જન્મ-મરણ એ નથી. જન્મ-મરણ એને ક્યાં? અંદર વસ્તુના સ્વભાવમાં ક્યાં છે?

જ્ઞાનાનંદ પ્રભુ એની પ્રતીત કર, એની દૃષ્ટિ કર. એને વાંરવાર યાદ કર, વાંરવાર એને યાદ કર. બધું ભૂલ ભૂલ, આને યાદ કર. પાંચ વર્ષે ગાળ આપી હોય તો યાદ કરે. ખરે ટાણે મને ગાળ આપી હતી આણે હોં! એ ગાળ ગાંઠે બાંધે. પણ ગુણ? આહાહા..! જેના મારા ગુણની એક સમયની ઝળક ત્રણકાળ ત્રણલોકને જાણે એવી મારી તાકાત છે. એવું તને સંભળાવ્યું અને એ ગાંઠે ન બાંધ, રુચિ ન કર કે આ આત્મા આવો છે. એ તો ત્રણકાળ ત્રણલોકને જાણે-દેખે બસ. કોઈનું કરે-હરે નહિ એવી શાંતિવાળો ભગવાનઆત્મા છે એને સાંભળીને અંદરમાં રુચિની ગાંઠ બાંધી નહિ અને ઓલી ગાંઠ બાંધી (કે) આણે મને અપમાન કર્યું હતું, આણે મને ગાળ દીધી હતી. આહાહા..!

ખસમાં હતા ને બે. સાળો-બનેવી કાઠી હતા. આ ગરાસદાર કહે ને કાઠી. સાળો-બનેવી. તો સાળાએ કોક વખતે ગાળ દીધી હશે એના બનેવીને. કોઈ વખતે અપમાન કર્યું હશે. એ વળી એનો બનેવી ખાતો હતો રોટલા. એની બહેન રોટલા કરતી હતી. ત્યાં આવ્યો ઓલો સાળો આવ્યો. ત્યાં આણે આદર આપ્યો એના બનેવીએ. આવો આવો આપા આવો. પણ આવ્યો છરો લઈને આવેલો. સગા બનેવી અને બહેન બેઠી હતી અને બનેવીને મારી નાખવા માટે આવેલો. આને ખબર નહિ. રોટલા ખાતો હતો બિચારો અને એની બહેન રોટલી કરતી હતી. આવો આપા આવો. બેઠા જોડે. છરો (માર્યો). એની બહેન.. આહાહા..! શું થયું? એકવાર અપમાન કર્યું હતું મારું. હવે પણ.. આ સગો બનેવી હોં! માર્યો, ખાતા ખાતા સુવડાવી દીધો ફડાક દઈને. અહીં હશે બધા ઘર જાણે હવે એને રહેવાના. મરી ગયો ઓલો બિચારો. હવે આને પછી કાંઈક શું થયું ખબર નહિ.

આ વેર-વિરોધ કરીને ભગવાન! તું કોની સાથે રખડી રહ્યો છો? શું કરી રહ્યો છો તું? કહે છે, ભગવાન શુદ્ધાત્મા પ્રભુ કેવો છે અંદર? '**ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મમલસે રહિત હૈં,...**' એ મળ-મળ. એ ભગવાનઆત્મા અંદર જેને આત્મા કહીએ એ તો ભાવકર્મ નામ પુણ્ય-પાપના રાગથી તો રહિત એ વસ્તુ છે. જડ કર્મ, આઠ કર્મના પરમાણુના અસ્તિત્વથી, હયાતીથી એની હયાતી તદ્દન જુદી છે. નોકર્મ વાણી, શરીરના પરમાણુની મોજૂદગીથી પ્રભુ ભગવાન એની મોજૂદગી, હયાતી તદ્દન જુદી છે. એનામાં એ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનો મેલ એની વસ્તુમાં નથી. આહાહા..!

'**ભગવાન શુદ્ધાત્મા ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મમલસે રહિત હૈ, યહ શરીર મલ-મૂત્રાદિ નરકસે ભરા હુઆ હૈ.**' એ પાક થાય, એ પરુ થાય, એ લબકારા મારે. પરુ કહે છે ને? શું કહે છે? પરુ નથી થતા. પિત્ત. આ લોહી. સો બિંદવાનું એક પરુ થાય એમ કહે છે. લોહીનું. એ જ્યારે આમ થાય, લબકારા મારે. હાય! હાય! એ લબકારા તો જડમાં છે. પણ એની દૃષ્ટિનું અસ્તિત્વ ત્યાં ગયું છે આમ. એ કોકને પગે પટ્ટો બાંધતા રાડ પાડે છે. એ તો ત્યાં થાય છે.

ભગવાનઆત્મા એ જાણનાર છે. એને જુદો જાણ્યો નથી. એક માનીને બેઠો તે એની પીડામાં જાણે પીડાઈ ગયો. હાય! હાય! અરે! મારાથી સહન થાતું નથી હોં!

એક જણાને વાનું-વાનું દરદ હતું ભાઈ. શેઠિયો પૈસાવાળો મોટો શેઠિયો. દલ લાખ ચાલીસ હજારની ઊપજ મોટી. વા-વા. વા થાય છે ને. પછી કહે ગોળી મારો મને હોં! એ મારાથી સહન થાતું નથી. સમજાણું? આ દામોદર શેઠ લ્યો ને, દામનગર. એ તો ગુજરી ગયા ને. દામોદર શેઠ ભાઈ! ચંદુભાઈ ઓળખો છો ને? આ દામનગર નહિ? બહુ વા થઈ ગયો. પીડા. પછી વાની પીડા. મારાથી રહેવાતું નથી. મને ગોળીએ મારો કહે. કહો, ડાહ્યો માણસ કહેવાય લૌકિકમાં બહુ. લૌકિકમાં બહુ ઓલો. એવી પીડા.. એવી પીડા... એય! સુખલાલ! એય! બંદુકની ગોળી લે હોં. મારાથી આ સહન થાતું નથી. આહાહા..! એ તો પછી કેટલે કાળે મટી ગયું. પણ આ સ્થિતિ. બંદુકે માર. પૈસા જુઓ તો દસ લાખ, ચાલીસ હજારની ઊપજું ઘરે. આરબો ઘરે, ઘોડાગાડી. વાણિયા દશાશ્રીમાળીના, પણ ગરાસિયા જેવા મોટા. એ આ રોગમાં. આહાહા..! અરે..! તને થોડું દુઃખ સહન થાતું નથી. હમણા આવ્યું હતું ને પહેલું ભાઈ! તો મોટા પાપ કરીને મોટા દુઃખ કેમ વહોરે છો તું? નાનું દુઃખ તને સહન થતું નથી તો મોટા પાપ કરીને મોટા દુઃખ કેમ લે છો તું? એનો સરવાળો તો કર કાંઈક. આહાહા..! પણ ભાઈસાહેબ! આ તો બાવા થઈએ તો થાય. વળી એક જણો એમ કહેતો હતો. આવી વાત તો બાવા થઈએ એકલા (તો થાય). હવે આ બધી પળોજણ પડી, બાયડી, છોકરા. હવે અમારે શું કરવું? કાંઈક વ્યવસ્થા રાખવી કે આ બધું ઉડાડી દેવું? નાકને કાપી નાખવું અત્યારે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ક્યાં .. હતો? બાપ ધૂળનો? નરકમાં જવાનો .. કર્યો. કારણકે નરકમાં તો જાવું પડશે તો કરો .. પહેલો તૈયાર. ચિતરામણ ખર્યું. દાખલો શાસ્ત્રમાં આપે છે કે ભાઈ, તારે ભવિષ્યમાં થાવું હોય એવું ચિતરામણ કર. કેવું થાવું છે? તારા પરિણામ કર એવો ભવિષ્યમાં થઈશ. ચિતરામણ તેં કર્યું છે તારા માટે, બીજો કોણ કરતો હતો તને? જેવા પરિણામ કર એવું મળશે તને. ત્યાં ચિતરામણ નારકીશું શરીર કે ઢોરનું કે મનુષ્યનું. તારા ચિતરાયેલના ફળ આ છે, કોકે આપ્યા નથી. અને આત્માને ચિત્ર સ્વરૂપની દૃષ્ટિ ને જ્ઞાન જેણે કર્યા, ભવિષ્યમાં શાંતિ... શાંતિ... શાંતિ... વળી સ્વરૂપનું અધૂરું સાધન હોય (પછી) પૂરું કરીને મુક્તિને પામે. કહો, સમજાણું?

કહે છે, '**શરીર મલ-મૂત્રાદિ નરકસે ભરા હુઆ હૈ.**' ભગવાનઆત્મા તો એકલો આનંદનો નિર્મળ પિંડ છે. કેમ બેસે? આહાહા..! '**ઐસા શરીરકા ઔર જીવકા ભેદ જાનકર...**' જુઓ! શરીર ને જીવની જુદાઈ જાણીને '**દેહસે મમતા છોડકે...**' હવે એનો પ્રેમ છોડ, એનો પ્રેમ છોડ અને આનો કર હવે અંદર. '**વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં ઠહરકે...**' આહાહા..! ભગવાન! જેમ નિરંતર તેં પરની પ્રીતિને સાંધી છે એમ નિરંતર હવે અહીં દૃષ્ટિ કરીને નિરંતર એનો વિચાર કર. રાગરહિત અભેદ શાંતિમાં ઠરીને ભગવાન શાંતરૂપસ્વરૂપ છે, પરમ શાંતરસ છે.

વીતરાગી બિંબ પ્રભુ આત્મા છે નિર્દોષી સ્વરૂપ એની દૃષ્ટિ કરીને ઠર. '**નિરંતર ભાવના...**'

આંતરો પડ્યા વિના ભગવાનની આત્માની એકાગ્રતા કરવી. ભાવના એટલે એકાગ્રતા. 'કરની ચાહિયે.' લ્યો! અહીં તો શરીર ઉપર જ માંડ્યું મુનિએ. અહીં માલને મીંઢવે છે. માલ નથી મેળવતો? કે આ માલ સારો છે અને આ ખરાબ છે. લાવે છે કે નહિ આ? બાજરો, જુવાર હાથમાં લઈને કહે, આ માલ ઊંચો લાગે છે. માલ લેવા જાય ત્યાં બાજરો, જુવાર. તો કહે અહીં તો મીંઢવ કે આ જડ છે ઓલું ચૈતન્ય છે, બેમાં કયું સારું છે જો તો ખરો. ન્યાલભાઈ! વાણિયો જાય તો કેટલી તપાસ કરે માલ માટે? આહાહા..! ઘીને માટે પળો નાખે નીચે ઠેઠ. મણ ઘી હોય ને ડબો ઘીનો. એટલે ઉપરથી નાખે તો પળો લે. પળો સમજ્યા ને? એક પળી મોટી નીચે નાખે. નીચે કીટુ છે કે નહિ લાવ ઉપરથી. એટલી તપાસ કરે. ઉપર સારું અને અંદર નીચે કીટુ હોય તો? કીટુ એટલે કચરો. ઠેઠ તપાસ કરે. આહાહા..! એલા! આમાં કાંઈ અંદરમાં ગયો અને શું છે આમાં મેલ? કે નિર્મળ શું છે કાંઈ એની તપાસ કરી?

એટલે કહે છે કે હવે આત્માનો વિચાર કર, મનન કર, સત્સમાગમે એની પિછાણ કર અને એમાં ઠર એ કરવા જેવું છે અને આ પ્રીતિ છોડ. કારણ કે એ તો એકવાર ફૂ થઈને પડ્યું રહેશે સ્મશાનમાં. એ કાંઈ સાથે આવે એવું નથી અને અત્યારે તારું એ નથી. માટે આત્માની ઓળખાણ કરીને સમજણ કરવી એ વાત વિશેષ કરશે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૫૦

अथ-

२८१) दुक्खइँ पावइँ असुचियहँ ति-हुयणि सयलइँ लेवि।
एयहिँ देहु विणिम्मियउ विहिणा वइरु मुणेवि।।१५०।।
दुःखानि पापानि अशुचीनि त्रिभुवने सकलानि लात्वा।
एतैः देहः विनिर्मितः विधिना वैरं मत्वा।।१५०।।

दुक्खं इत्यदी। दुक्खइं दुःखानि पावइं पापानि असुचियइं अशुचिद्रव्यांणि ति-हुयणि सयलइं लेवि भुवनत्रयमध्ये समस्तानि गृहीत्वा एयहिं देहु विणिम्मियउ एतैर्देहो विनिर्मितः। केन कर्तृभूतेन। विहिणा विधिशब्दवाच्येन कर्मणा। कस्मादेवंभूतो देहः कृतः वइरु मुणेवि वैरं मत्वेति। तथाहि। त्रिभुवनस्थदुःखैर्निर्मितत्वात् दुःखरुपोडयं देहः, परमात्मा तु व्यवहारेण देहस्थोडपि निश्चयेन देहाद्भिन्नत्वादनाकुलत्वलक्षणसुख-स्वभावः। त्रिभुवनस्थपापैर्निर्मितत्वात् पापरुपोडयं देहः, शुद्धात्मा तु व्यवहारेण देहस्थोडपि निश्चयेन पापरुपदेहाद्भिन्नत्वादत्यन्तपवित्रः। त्रिभुवनस्थाशुचिद्रव्यै-र्निर्मितत्वादशुचिरुपोडयं देहः, शुद्धात्मा तु व्यवहारेण देहस्थोडपि निश्चयेन देहात्पृथग्भूतत्वादत्यन्तनिर्मल इति। अत्रैवं देहेन सह शुद्धात्मनो भेदं ज्ञात्वा निरन्तरं भावना कर्तव्येति तात्पर्यम्।।१५०।।

आगे फिर भी देहकी मलिनता दिखलाते हैं–

गाथा–१५०

अन्वयार्थ :– [त्रिभुवने] तीन लोकमें [दुःखानि पापानि अशुचीनि] जितने दुःख है, पाप हैं, और अशुचि वस्तुयें हैं, [सकलानि] उन सबको [लात्वा] लेकर [एतैः] इन मिले हुओंसे [विधिना] विधाताने [वैरं] वैर [मत्वा] मानकर [देहः] शरीर [निर्मतः] बनाया है।

भावार्थ :–तीन लोकमें जितने दुःख हैं, उनसे यह देह रचा गया है, इससे दुःखरुप है, और आत्मद्रव्य व्यावहारनयकर देहमें स्थित है, तो भी निश्चयनयकर देहसे भिन्न निराकुलस्वरुप सुखरुप है, तीन लोकमें जितने पाप हैं, उन पापोंसे यह शरीर बनाया गया है, इसलिये यह देह पापरुप ही है, इससे पाप ही उत्पन्न होता है, और चिदानंद चिद्रूप जीव पदार्थ व्यवहारनयसे देहमें स्थित है, तो भी देहसे भिन्न अत्यंत पवित्र है, तीन जगत्में जितने अशुचि पदार्थ हैं, उनको इकट्ठेकर यह शरीर निर्माण किया है, इसलिये महा अशुचिरुप है, और आत्मा व्यवहारनयकर देहमें विराजमान है, तो भी देहसे जुदा परम पवित्र है। इसप्रकार देहका और जीवका अत्यंत भेद जानकर निरन्तर आत्माकी भावना करनी चाहिये।।१५०।।

---

હવે, ફરી દેહની મલિનતા દર્શાવે છે :-

ભાવાર્થ :-ત્રણ લોકમાં જેટલાં દુઃખો છે તેટલાં દુઃખોથી બનેલ હોવાથી આ દેહ દુઃખરૂપ છે અને પરમાત્મા તો વ્યવહારથી દેહમાં રહેલો હોવા છતાં પણ નિશ્ચયથી દેહથી ભિન્ન હોવાથી અનાકુળતા જેનું લક્ષણ છે એવા સુખસ્વભાવવાળો છે. ત્રણ લોકમાં જેટલાં પાપો છે તેટલાં પાપોથી બનેલ હોવાથી આ દેહ પાપરૂપ છે, અને શુદ્ધ આત્મા તો વ્યવહારથી દેહમાં રહેવા છતાં પણ નિશ્ચયથી પાપરૂપ દેહથી ભિન્ન હોવાથી અત્યંત પવિત્ર છે. ત્રણ લોકમાં જેટલા અશુચિ પદાર્થો છે તેટલા અશુચિ પદાર્થોની બનેલો હોવાથી આ દેહ અશુચિરૂપ છે અને શુદ્ધ આત્મા તો વ્યવહારથી દેહમાં રહેલો હોવા છતાં પણ નિશ્ચયથી દેહથી પૃથક્ભૂત (અલગ, ભિન્ન, જુદો) હોવાથી અત્યંત નિર્મળ છે.

અહીં, એ પ્રમાણે દેહની સાથે શુદ્ધ આત્માનો ભેદ જાણીને નિરંતર (આત્મ) ભાવના કરવી જોઈએ, એવું તાત્પર્ય છે. ૧૫૦.

# વીર સંવત ૨૫૦૨, અષાઢ વદ ૫, રવિવાર
# તા. ૧૮-૭-૧૯૬૫, ગાથા-૧૫૦, ૧૫૧, પ્રવચન નં. ૧૭૩

પરમાત્મપ્રકાશ. યોગીન્દ્રિદેવ દિગંબર મુનિ લગભગ ૯૦૦ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રમાં થયા છે એમણે આ પરમાત્મપ્રકાશ આત્માના હિતને માટે બનાવ્યું છે. ૧૫૦ ગાથા. ૧૪૯ થઈ ગઈ.

**'આગે ફિરભી દેહકી મલિનતા દિખલાતે હૈં—'** જુઓ! શું કહે છે? આ દેહ છે, બીજી ચીજો તો ક્યાંય રહી દૂર પણ આ દેહ જ પોતે અશુચિ, પાપ અને દુઃખનો ઢગલો છે. દુઃખ-દુઃખમય દેહ છે. ભગવાનઆત્મા અંદર આનંદની મૂર્તિ છે એની આ રુચિ કરાવે છે. ભાઈ! આત્મા સિવાય બીજી ચીજ તો બાહ્ય રહી. સ્ત્રી. કુટુંબ, પરિવાર કે લક્ષ્મી એ તો પરપદાર્થ બહાર બહુ દૂર (છે). આ તો નજીક છે એ દેહ પણ મલિન અને પાપ ને દુઃખરૂપ છે અને તારો આત્મા જ આનંદ અને સુખરૂપ છે એમ દેહથી ભિન્ન કરી અને આત્માની દૃષ્ટિ કરીને આત્માનો અનુભવ કર તો તને જન્મ-મરણ મટશે અને દુઃખનો નાશ થશે. એમ ૧૫૦માં બતાવે છે.

**૨૮૧) दुक्खइँ पावइँ असुचियहँ ति-हुयणि सयलइँ लेवि।**
**एयहिँ देहु विणिम्मियउ विहिणा वइरु मुणेवि।।१५०।।**

**'તીન લોકમેં...'** **'दुःखानि पापानि अशुचीनि'** આ જેટલા જગતમાં દુઃખ છે એટલા દુઃખથી કર્મરૂપી વેરીએ આ શરીર બનાવ્યું છે. કર્મરૂપી વેરી. આત્મા અરૂપી, કર્મ જડ અજીવ. બે વિરોધી છે એમ કહે છે. ભગવાનઆત્મા જ્ઞાનાનંદ અરૂપી ચૈતન્યઘન, ત્યારે કર્મ જડ, અજીવ રૂપી એ બેને વેર-વિરોધ છે. તો કહે છે કે ભગવાનઆત્મામાં આ શરીર જે દેખાય છે એ પૂર્વે એણે વિકારભાવ આત્માના સ્વભાવથી વિરુદ્ધ વેરભાવ કરેલો. આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ એની દૃષ્ટિ છોડીને એકલા પુણ્ય ને પાપના ભાવ કર્યા એ ખરેખર શુદ્ધ સ્વરૂપથી વિરોધી વેર છે. સમજાય છે? એ શુભાશુભભાવ એ વેર છે, દુશ્મન છે એનાથી કર્મ બંધાણું તો તેને અહીંયા વેરી કહેવામાં આવ્યા. આહાહા..! ન્યાલભાઈ! આ દુઃખ શરીર છે કે.. જેટલા દુનિયામાં આ દુઃખ છે એનાથી આ બનેલું છે. જેટલા દુનિયામાં પાપ છે એનાથી આ શરીર પાપથી બનેલું છે. જુઓ! ખુબી શું કરે છે? પુણ્ય અને પાપ બે ભાવ આત્માના સ્વભાવથી વિરુદ્ધ હતા એ ખરેખર તો બેય પાપ છે એમ કહે છે.

મુમુક્ષુ :— દેવને પણ શરીર તો છે ને.

ઉત્તર :— હા. પણ એ દેવનું શરીર, દેહનું શરીર એ બધું પાપ જ છે. પાપના પરિણામથી ઉત્પન્ન થયેલું કર્મ અને કર્મથી થયેલું શરીર એટલે આ આખું શરીર, પુણ્ય અને પાપના ભાવ એ દુઃખમય છે, એનાથી થયા કર્મ અને એનાથી થયું શરીર. માટે આ શરીર એકલું દુઃખમય છે. આહાહા..! કોનો પ્રેમ કરવો છે તારે? કહે છે. ધર્મ કરવો છે કે નહિ? ધર્મ કરવો હોય, સુખી થવું હોય તો ભગવાનઆત્મા દેહની ચિંતા છોડી દે. એ ચિંતા દ્વારા દેહ રહેશે નહિ. દેહ તો એની સ્થિતિએ

રહેશે. તારી ચિંતા કર. ચિંતવન શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ. લેશે બેય અરસપરસ કે આ દેહ, વેરી એવા પુણ્ય-પાપના ભાવ દુઃખ એ એણે બન્યું કર્મ અને એણે બનાવ્યું શરીર. માટે શરીર એકલું દુઃખનું પૂતળું છે. આહાહા..!

મુમુક્ષુ :- પહેલું સુખ તે જાતે નર્યા.

ઉત્તર :- ધૂળમાંય વાત નથી. અજ્ઞાનીઓએ ગપ્પા માર્યા બધા. પહેલું સુખ તે જાતે નર્યા. શરીરમાં નિરોગતા હોય તો સુખ. સુખ મૂઢમાંય નથી. આ તો જડ, માટી છે. આ તો માટી રૂપી પુદ્‌ગલ છે. એમાં નિરોગતા સુખ ક્યાંથી આવ્યું? અહીં તો કહે છે કે શરીરની નિરોગતા એ પણ દુઃખનું પૂતળું છે એમ કહે છે. કારણ કે આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવવાળું તત્ત્વ છે. આહાહા..! અને આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ એવા પુણ્ય ને પાપ એનાથી નિપજેલું છે. એનાથી નીપજ્યું છે ને? કાંઈ આત્માના ધર્મથી શરીર નીપજે નહિ. આત્મા તો શુદ્ધ ચિદાનંદ એની દૃષ્ટિ અને એનું જ્ઞાન કરે તો એનાથી કર્મ બંધાય નહિ અને એનાથી શરીર મળે નહિ. સમજાણું કાંઈ? હવે આ શરીર આવું એને બહારની તો વાત પણ ક્યા કરવી? પૈસા, બાયડી, છોકરા ક્યાંય રહી ગયા ધૂળ ઉકરડા.

મુમુક્ષુ :— અત્યાર સુધી ધૂળ હતું, આગળ આવ્યું.

ઉત્તર :— આ તો અહીં દુઃખમય કહ્યું ને એટલે પછી આ ઉકરડો કીધો દુઃખમય તો એ તો ઉકરડો (જ છે). ઉકરડો કહે છે પંડિતજી? કચરાનો ઢગલો, કચરાનો ઢગલો. કચરાનો ઢગલો હોય છે ને એને અહીંયાં ઉકરડો કહે છે. એ કચરાનો ઢગલો હોય છે ને. સમજાય છે કાંઈ? આ દુઃખનો ઢેર છે એમ કહે છે.

પરમાત્મપ્રકાશ. મહા સંત મુનિ દિગંબર જંગલમાં વસનારા આત્માના આનંદની અનુભૂતિ, આત્માના આનંદની અનુભૂતિમાં વિશેષ અંતરમાં સ્વસંવેદન શાંતિમાં ઝૂલનારા. એ મુનિ જંગલમાં રહીને આ દુનિયાના હિત માટે જરી આ શાસ્ત્ર કર્યું. અરે જીવો! આ શરીર જ એકલું દુઃખમય છે. પછી સામે પાઠ આટલો છે. સામેથી કાઢશે ટીકા. અને આ શરીર જ એકલું પાપનું પૂતળું છે. આ દુઃખી વખતે નહિ હોં, જેચંદભાઈ! રોગ હોય એ વખતે નહિ. નિરોગ અને રોગ બધા વખતે એકલું દુઃખમય જ છે એમ કહે છે. નિરોગતા વખતે પણ આ શરીર તો દુઃખમય જ છે. કેમકે ભગવાનઆત્મા પોતાના આનંદને ભૂલી અને જેટલો પુણ્ય-પાપનો ભાવ જેટલો કર્યો હતો એટલું કર્મ બંધાણું, આ એના ફળરૂપે શરીર (મળ્યું). આત્મા આનંદ અને ત્યારે આ દુઃખરૂપ છે એમ કહેવું છે.

મુમુક્ષુ :— એમ તો કહેવત છે, શરીરે સુખી તો સુખી સર્વ વાતે.

ઉત્તર :— હા, એ તો ભાઈએ કહ્યું હમણાં, સાંભળ્યું નહિ તમે. એ તમને ગરી ગયું છે અંદર લાકડું. શરીરે સુખી તે સુખી સર્વ વાતે. અહીં તો કહે છે, શરીરે સુખી જે છે એ શરીર પોતે દુઃખનું પૂતળું છે એમ કહે છે. ધૂળમાંય સુખ નથી. સુખ તો ભગવાનઆત્મામાં એનું સમ્યગ્દર્શન કરતાં, એની પ્રતીત કરતાં જે આનંદ આવે એ આનંદ ત્રણકાળમાં બીજા વિષયોમાં છે નહિ. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવું ચિદાનંદ સ્વરૂપ

એની અંતર દૃષ્ટિ વિશ્વાસ કરતાં—ભરોસો કરતાં ભરોસે ભગવાન તરી જાય છે અંદરમાંથી. પર્યાયમાં આનંદની દશા પ્રગટ થતાં જેના આનંદના સ્વાદની પ્રતીત આગળ આખી દુનિયા જેને તુચ્છ લાગે. આહાહા..! સમજાણું કાંઈ? તીર્થંકરના સમવસરણ પણ જેને સમ્યગ્દર્શનના આનંદ આગળ તુચ્છ, તુચ્છ, તુચ્છ. આહાહા..! ભગવાનઆત્માથી આ શરીર વિરુદ્ધ દુઃખ છે, પાપ છે, અશુચિ વસ્તુ છે. એકલી અપવિત્ર વસ્તુથી ભરેલું વિષ્ટા, લોહી, હાડકાં, ચામડા. એક શેરડી-શેરડી—ગન્ના-ગન્ના ગન્ના હોય છે ને? એનો એક છોલ કાઢે છોલ ઉપરથી જરી. છાલને શું કહે છે? ઉપરથી એક સહેજ કાઢે થોડી. એટલી એક ચામડીને ઉતરડીને આ શરીરને ઊભું રાખે તો થૂંકવા ઊભા ન રહે. જેમ એ શેરડી-ગન્ના. શેરડીની છાલ હોય છે ને છાલ? છાલ કાઢીને ધોળી દેખાય. એટલી છાલ અહીંથી કાઢી નાખે ઉપરથી જરી. દુર્ગંધમય દુર્ગંધમય એક છોલ કાઢે ઉપરની ચામડીનો. આ ચામડીની છાલનું લૂગડું-કપડું છે. એટલું જરીક કાઢે ઉપરથી આ. ભગવાન! તારા આનંદથી, તે આ પવિત્રતાથી આ વિરુદ્ધ વસ્તુ છે. એ વેરીએ બનાવ્યું છે એમ કહેશે હમણાં. એ કર્મરૂપી વેરીએ આ તને પંજામાં નાખવા બનાવ્યું છે. આહાહા..!

**'सकलानि'** **'ઉન સબકો લેકર...'** **'સબકો લેકર...'** એટલે? દુનિયાના જેટલા દુઃખ, દુનિયાના જેટલા પાપ, દુનિયામાં જેટલી અપવિત્ર ચીજ એ બધીને ભેગી કરી **'ઈન મિલે હુઓંસે વિધાતાને...'** નામ કર્મે **'વૈર માનકર શરીર બનાયા હૈ.'** આ ઉપમા અલંકાર આપી છે ને. એ કર્મ આ વેરી છે. એ કર્મ વેરીએ આ શરીર બનાવ્યું છે. ભગવાનઆત્મામાં એ શરીર છે નહિ. કહો, સમજાણું કાંઈ? તો શરીરની કોઈપણ ક્રિયા એ જડની છે અને શરીરની કોઈપણ પર્યાય પણ દુઃખરૂપ છે, પાપરૂપ છે અને અશુચિ (છે) એમ ત્રણ ઉપમા આપી. સમજાણું કાંઈ? આ શરીરથી કાંઈક કરી લઈએ શરીરથી. પણ શરીર જ દુઃખરૂપ, પાપરૂપ અને અશુચિ છે. શું તારે કરવું છે શરીરથી?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ જ ના પાડે છે. સાધન તો તારા સ્વભાવમાં છે. આ તો જડ માટી છે. આહાહા..! ભગવાન જ્ઞાનમૂર્તિ સચેતન, ચૈતન્યસૂર્ય છે, ચૈતન્યસૂર્ય. અનાકુળ આનંદનો કંદ તારી દૃષ્ટિ પડતાં એ પરમાત્મા તને ભાસે. એવો એ આત્મા, એનાથી આ વેરી કર્મે આ બનાવ્યા તારા માટે પંજામાં નાખવા જેલમાં. આ શરીર મળે એટલે ખુશી... ખુશી... ખુશી... ખુશી... રાજી રાજી થઈ જાય શરીર કાંઈક ઠીક હોય તો. દુનિયાથી ભાઈ વિરુદ્ધ વાત છે આ. જુઓ! કહો આ વેરી, કર્મે તારો વેર માની, તારા શત્રુથી વેર વખત જોઈ અને આ બનાવ્યું છે.

**'ભાવાર્થ :— તીન લોકમેં જિતને દુઃખ હૈં,...'** જુઓ હવે ટીકા. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, ત્યારે ત્રણલોકના જેટલા દુઃખો એ બધા શરીરના રચાયેલા છે. એ શરીર જ દુઃખમય છે એમ કહે છે. **'ઉનસે યહ દેહ રચા ગયા હૈ,...'** દુઃખથી દેહ રચ્યો છે. શાસ્ત્રમાં આવે છે ને કુંદકુંદાચાર્ય અષ્ટપાહુડમાં. એક અંગુલમાં છન્નું રોગ. અષ્ટપાહુડમાં આવે છે. કુંદકુંદાચાર્ય મહારાજ અષ્ટપાહુડ છે

ને શાસ્ત્ર? એમાં છે ભાવપાહુડમાં. એક અંગુલમાં છન્નું રોગ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— બીજા અંગુલમાં બીજા છન્નું રોગ?

ઉત્તર :— બીજા એક અહીંમાં છન્નું... અહીં છન્નું... અહીં છન્નું... અહીં છન્નું... છે કે નહિ? એય! અષ્ટપાહુડ છે? શું છે એ પાનું છે ને? લખ્યું હશે મોઢા આગળ કાંઈક. ભાવપાહુડમાં છે ઘણું કરીને. સમજાણું કાંઈ? આ શરીર આખું સાડા ત્રણ હાથનું લાંબુ એના એક એક તસુએ છન્નું રોગ. એવા આખા શરીરમાં એક એક તસુએ એક એકમાં છન્નું... છન્નું... છન્નું... બધા. એક જ છન્નું એમ નહિ.

મુમુક્ષુ :— આખા શરીરમાં થઈને છન્નું એમ નહિ?

ઉત્તર :— નહિ. આહાહા..!

આચાર્ય મહારાજ પરમાત્મસ્વરૂપ બતાવે છે. ભાઈ! પરમસ્વરૂપ તું છો ને અંદર. ત્રણલોકનો નાથ તારા એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક જણાય એવો તું અને તું આ શરીર મારું, ક્રિયા મારી એ મને સુખ આપશે એ માનીને ભ્રમણામાં પડ્યો છો. મૂઢતામાં નિગોદમાં જઈશ ચાર ગતિમાં. સમજાણું કાંઈ? આહાહા..! શરીરને સારું એટલે જાણે શું કરી લઉં? બટકા ભરી લઉં કે આમાંથી ખાઈ લઉં કે શું કરું જાણે અંદરથી. અરે! ભાઈ! આ તો શરીર એકલા દુઃખનું પૂતળું છે. એ વેરીએ દુઃખની મૂર્તિ બનાવી છે તારા માટે.

મુમુક્ષુ :— મમતા છોડાવવા માટે કીધું છે કે ખરેખર છે?

ઉત્તર :— ખરેખર જ છે ને શું છે? આત્માના આનંદથી આ વિરુદ્ધ છે.

**'ઉનસે દેહ રચા ગયા હૈ, ઈસસે દુઃખરૂપ હૈ,...'** માટે આ શરીર દુઃખરૂપ છે. **'ઔર આત્મદ્રવ્ય...'** ભગવાનઆત્મા **'વ્યવહારનયકર દેહમેં સ્થિત હૈ,...'** હવે ગુલાંટ મારીને વાત કરે છે પોતે. હવે આત્મા કાઢ્યો એમાંથી. જેમ કુંદકુંદાચાર્ય મહારાજે ૭૨ ગાથા બનાવી કર્તાકર્મની. અશુચિ, વિપરીતં, દુઃખ. તો એમાંથી ત્રણ બોલ અમૃતચંદ્રાચાર્યે કાઢ્યા કે શુચિતં, આત્મા શુચિ, ચૈતન્યસ્વરૂપ અને સુખરૂપ. એ પાઠમાં ત્રણ છે અને એમાંથી અમૃતચંદ્રાચાર્યે બીજા ત્રણ કાઢ્યા અંદરથી. અહીં આચાર્ય મહારાજે (ત્રણ કાઢ્યા). એ શૈલી બધી સમયસારની શૈલી જે છે એ તો અલૌકિક! એના ટીકા(ના) કર્તા અમૃતચંદ્રાચાર્ય અલૌકિક મહા સંત દિગંબર મુનિ જંગલમાં રહેનારા, જેને આત્મધ્યાનમાં મસ્તીમાં પડ્યા હતા એ વિકલ્પ જરી આવી ગયો. કર્તા-બર્તા વિકલ્પના ન થાય. એ જરી પુસ્તક બની ગયું. જગતના હિતને માટે વિકલ્પ આવ્યો, બની ગયું. પુદ્‌ગલથી બની ગયું, એના કર્તા એ આત્મા નથી. સમજાણું કાંઈ?

**'તીન લોકમેં જિતને દુઃખ હૈં, ઉનસે યહ દેહ રચા ગયા હૈ, ઈસસે દુઃખરૂપ હૈ,...'** એમ કહે છે કે આખું દુઃખની મૂર્તિ, તારી નજર છોડી દે એના ઉપરથી. અંદર ભગવાનઆત્મા આનંદમૂર્તિ વ્યવહારે શરીરમાં રહ્યો એમ કહેવાય છે. જુઓ! **'દેહમેં સ્થિત હૈ, તો ભી નિશ્ચયનયકર...'** યથાર્થ દૃષ્ટિથી જોઈએ (તો) **'દેહસે ભિન્ન નિરાકુલસ્વરૂપ સુખરૂપ હૈ,...'**

ભગવાનઆત્મા પુણ્ય-પાપના ભાવ એ બેય આકુળતા, આકુળતા છે, દુઃખરૂપ છે. એ પુણ્ય-પાપના ભાવ બેય આકુળતા અને દુઃખરૂપ છે. ભગવાનઆત્મા અનાકુળ છે. જુઓ! ભાવપાહુડ, ગાથા ૩૭, ૩૭ છે.

एक्केक्कंगुलि वाही छण्णवदी होंति जाण मणुयाणं।
अवसेसे य सरीरे रोया भण कित्तिया भणिया।।३७।।

'**અર્થ :— ઈસ મનુષ્ય કે શરીર મેં એક-એક અંગુલ મેં છયાનવે-છયાનવે રોગ હોતે હૈં,...**' ૩૭. ભાવપાહુડની ૩૭મી. કુંદકુંદાચાર્ય મહારાજ મહા સંત દિગંબર મુનિ ધર્મના ધુરંધર થાંભલા એમણે આ કહ્યું કે અરે! ભાઈ! તને દેહ. બીજી ચીજ તો હવે ક્યાંય રહી ગઈ. આ દેહ. એક '**શરીર મેં એક-એક અંગુલ મેં...**' છે

एकैकागुंलो व्याधयः पण्णवतिः भवंति जानिहि मनुष्यानां।
अवशेषे च शरीरे रोगाः भण कियन्तः भणिताः।।३७।।

બીજા આખા શરીરમાં કેટલા રોગ છે ભાઈ તું ગણને. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવતી આરાધનામાં એક અહીં મૂક્યું છે. પાનું-૩૭૫ છે. એમાં કાંઈક રોગ કીધા છે. એમાં કાંઈક કહ્યા છે. સમજાણું? એક આંગુળ મૂકો એમાં છન્નું રોગ. એ બીજે આંગુળે છન્નું, ત્રીજે છન્નું, ચોથે છન્નું. આને આંગળું કહેવાય આટલાને આમ. એમાં છન્નું રોગ. એવા એવા આખા શરીરમાં એક એક આંગુળે છન્નું રોગ. ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ પંચ મહાવ્રતધારી સંત, દિગંબર મહંત જેની વાણી પંચ મહાવ્રતવાળી સત્ય વાણી છે. સમજાણું કાંઈ? એ કહે છે કે જુઓ આ શરીરમાં આવા રોગ ભર્યા છે. તને શરીરનો પ્રેમ, આ પર જડ, માટી, ધૂળ, સ્મશાનની રાખ, સ્મશાનની રાખ એમાં તને પ્રેમ અને ભગવાન અમૃતનો પિંડ તું એમાં તને પ્રેમ નથી. આહાહા..! કહો, શશીભાઈ! કહે છે, સમજ્યા ને? ત્યાં તો પછી એમ કહેવું છે. હે જીવ!

ते रोया वि य सयला सहिया ते परवसेण पुव्वभवे।
एवं सहसि महाजस किं वा बहुएहिं लविएहिं।।३८।।

શું તને કહેવું વધારે? આવા દુઃખો તેં અનંતવાર સહન કર્યા. એક આત્માના સમ્યગ્દર્શન વિના. આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ એની અંતર અનુભવ પ્રતીત કર્યા વિના અનંતવાર જૈન સાધુ દિગંબર પણ ક્રિયાકાંડી અઠ્યાવીશ મૂળગુણવાળો પાળીને અનંતવાર થયો. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. એ આવે છે ને છ ઢાળામાં આવે છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આ ભગવાનઆત્મા એ પુણ્ય-પાપના વિકારભાવ રહિત એવી અખંડાનંદ મૂર્તિ, આ એનો તેં પ્રેમ અને રુચિ, દૃષ્ટિ તેં કરી નથી. એની રુચિ દૃષ્ટિ કર્યા વિના આવા રોગો તેં અનંતવાર. આહાહા..! અનંતભવમાં અનંતવાર સહ્યા.

'**હે મહાયશ!**' એમ તો ઉપમા આપે છે. સાધુને કહે છે ને. '**હે મહાયશ!**' આ તેં અનંતવાર સહન કર્યું. હવે તો આત્માના આનંદનો અનુભવ કર. અતીન્દ્રિય આનંદનો અનુભવ અને એ

અનુભવ જ મોક્ષનો માર્ગ છે. એ સિવાય કોઈ (મોક્ષનો માર્ગ નથી). 'અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂંપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' એ બનારસીદાસનો કળશ છે. સમયસાર નાટક. કહે છે કે હવે તું '**હે મહાયશ! હે મુને!**' '**ઈસપ્રકાર હી સહેગા, બહુત કહનેસે ક્યા હૈ?**' જુઓ! ત્યાં પણ પછી ગર્ભાવાસમાં ઉપજ્યો એવી વાત ઘણી લીધી છે ભાવમાં. સમજાણું? કહો, કેવું હવે આ શરીર સારું, આ મોટું સારું? જેટલું મોટું એટલા વધારે રોગ હશે આંગળા ભરે તો કહે છે. આહાહા..!

ભગવાનઆત્મા નિશ્ચયથી ભગવાન દેહથી ભિન્ન છે. ભાઈ! તેં તારી કિંમત ન કરી. તને તારી કિંમત કરતા ન આવડી, કરતા ન આવડી. આહાહા..! એક ગરીબ માણસ હતો ગરીબ. પહેલા તવંગર હશે ગૃહસ્થ લોકો, પછી અમુક નિર્ધન થઈ ગયા. હવે એમ કરતા... કરતા.. કરતા.. એક પેટી હશે, આ પટારો-પટારો. એક જૂનો પટારો હશે. પટારો ગોતતા ગોતતા એક હાર નીકળ્યો, મોતીનો હાર. આમ અત્યારે નિર્ધન થઈ ગયેલા. પહેલા ગૃહસ્થ અને પહેલાનો એક હાર પડેલો કોણ જાણે જૂના ગોદડા નીચે. એ હાર બહાર કાઢ્યો. મોતીનો હાર હતો. હવે એણે તો બહાર હાર કાઢ્યો એટલે એક જણો ઝવેરી તરત મળ્યો એટલે સાત હજારે માગ્યો. સાત હજારે આપી દીધો. સાત હજાર. આને તો કાંઈ કિંમત ન મળે. અને આપણે તો ગરીબ માણસને સાત હજાર તો મળ્યા. એ મોતીનો હાર.

બીજા ઝવેરીએ જોયું કે અરે! આ તો ભાઈ તેર હજારે દેવો છે? ઓલા સાત હજારવાળાને કહે છે. તેર હજાર. ત્રીજાએ ઝવેરીએ જોયું કે એલા! વીસ હજાર દેવા છે? વીસ હજાર. ચોથા ઝવેરીને ત્યાં ગયા કહે, એલા સાંઈઠ હજારે દેવો છે. સાતથી સાંઈઠ આવ્યા. એવો મોતીનો હાર. કિંમત નથી. કિંમત એને નહોતી ગરીબ માણસને. એ કહે આપણે ગૃહસ્થ હતા ને કાંઈક જૂનો પડ્યો હશે. સાત હજાર આવ્યા એટલે આમ ખુશી ખુશી થઈ ગયા. પણ જેની કિંમત ઝવેરીએ સાંઈઠ હજાર આપી. દેવીદાસ કેવૈયા કહેતા અહીં પોરબંદરવાળા. આ હાર આવો જેની કિંમત નથી એણે સાત હજારે આપી દીધો અને ગૃહસ્થે પાછો એક ઝવેરીએ સાંઈઠ હજારે લીધો, સાંઈઠ હજારે લીધો. એ વળી વેચશે કેટલાએ?

એમ જેને આ આત્મા અંદર કોણ છે એની કિંમત નથી. પટારા નીચે અંદર પડ્યો છે આખો. ઊંડો ઊંડો શરીર વિના, પુણ્ય-પાપના ભાવ વિનાનો એકલો ચિદાનંદ હાર પડ્યો છે. એને આ એક વિષય ને પુણ્ય ને પાપમાં વેચી નાખે છે. જાવ. બહુ તો પુણ્ય... પુણ્ય... પુણ્ય કર્યું ને? દયા, દાન, વ્રત કર્યા ઓહોહો..! બહુ કર્યું જાવ. વેચી નાખ્યો પણ ભાઈ! તારી કિંમત ભગવાન કહે છે કે એ અનંતા પુણ્ય તું ભેગા કર તોપણ એ પુણ્યે મળે એવો નથી એવી એ ચીજ છે.

ભગવાનઆત્મા જેની અંતર નજર કર્યે નિર્વિકલ્પ દૃષ્ટિ કર્યે પ્રાપ્ત થાય એવો એ આત્મા છે. એની કિંમત તો ઘણી ભરવી પડશે. ત્યારે એ આત્મા પ્રાપ્ત થાય છે. એવો ચિંતામણિ તું અને તને તારી કિંમત ન મળે અને આ પુણ્ય-પાપની કિંમત. કાંઈક પુણ્ય કર્યા તો બહુ કર્યું, પાપ કર્યા તો આ

કર્યું, અમે હુશિયાર થયા ને આ કર્યું. બાપા! શરીર જ દુઃખ અને પાપમય છે એમાં તું કોને માટે વખાણ કરે છો? ઓહોહો..! શું કરવું આ? છોટાભાઈ! આવું સાંભળીને પછી દુકાનમાં નકામાં થઈ જશું કહેશે. આ રાયપુરમાં પછી...

એક ડોક્ટર કહેતા. રતિભાઈ ડોક્ટર છે ને, આ સર્જન નહિ? મોટા. બે-ત્રણ દિ' સાંભળ્યું. ૯૫ની સાલમાં. ત્રણ દિ' આ મહારાજ જે કહે છે એ જો સાંભળીએ અને સમજવા જઈએ તો આ દુનિયાના કાંઈ નકામા થઈ જશું. દુનિયાના નકામા આપણે ધંધો કરી શકશું નહિ. ત્યારે આ કહે આ કાંઈ કરી શકાય નહિ. કીધું એક રજકણ ફેરવી શકાય નહિ ત્રણકાળમાં. આંખની પાંપણ ફરવી આમ આમ એ તારા અધિકારની વાત નથી. એ જડની ક્રિયા છે.

મુમુક્ષુ :— સાંભળીને શાંતિ ઘણી થાય છે.

ઉત્તર :— છોટાભાઈ! એને ઉદ્દેશીને તો કહીએ છીએ. ઓલા બાલુભાઈ હતા તો બાલુભાઈને કહેતા. એ અહીં બેસતા. હસીને સાંભળતા હોં! ખુશી થઈને. આહાહા..! આવું કોઈ દિ' મરી ગયા આખી જિંદગી. કરી કરીને નકામી જિંદગી ગઈ. નકામી જ ગઈ અને માળા થોથા ગયા અને વળી રાજી થાય પાછા. કાંઈક તો મેળવ્યું. પચાસ લાખ મળ્યા, દસ લાખ મળ્યા, ધૂળ લાખ મળ્યા. હવે શું ધૂળ છે. આ શરીર જ કહે છે કે એકલું દુઃખનું પૂતળું અને તું તો નિરાકુળતા સુખસ્વરૂપ છો. આત્મા એને કહીએ. આત્મા પુણ્યવાળો નહિ, કર્મવાળો નહિ, શરીરવાળો નહિ.

મુમુક્ષુ :— વ્યવહારનયે.

ઉત્તર :— વ્યવહારનયે એટલે એક સમયનું જાણવા માટે. વ્યવહારનયે કહેવાય એક સમયની પર્યાય. એનો જ્ઞાન, દર્શન અને વીર્યનો જે ઉઘાડ વર્તમાન એક સમયનો છે એ પણ વ્યવહારનયે આત્મા કહેવાય. આહાહા..! નિશ્ચયે આત્મા ત્રિકાળી અનાકુળ આનંદનો કંદ છે તેને આત્મા કહેવામાં આવે છે. આહાહા..! આ એની દૃષ્ટિ કર તો સમ્યક્ થાય તો તને સુખ મળે એવું છે. નહિતર સુખ ક્યાંય ત્રણકાળમાં ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? લ્યો! એક બોલ થયો.

ભગવાન '**देहसे भिन्न निराकुलस्वरूप सुखरूप है,...**' એકલો સુખનો પિંડ, સુખથી રચાયેલો પ્રભુ આત્મા સુખનો સાગર, અતીન્દ્રિય આનંદની એ મૂર્તિ છે, અતીન્દ્રિય આનંદથી ઘડેલો આત્મસ્વભાવ છે. આહાહા..! ભગવાન અકૃત્રિમ પદાર્થ અનાકુળ આનંદ છે. એની પ્રીતિ અને રુચિ કર. આ ધૂળના, પાપના આ દુઃખમય શરીરની પ્રીતિ છોડી દે. આહાહા..! જુઓને આ કળશા થાય ઝાળા ઝાળા. સેંકડો ઝાળા હોં. સેંકડો ઝાળા. ઓહોહો..! પાલેજમાં એક બાઈને જોઈ હતી તે દસ-દસ મિનિટે, પા-પા કલાકે ઝાળા બિચારીને. ગરીબ થઈ ગયેલી કોણ જાણે, અમારી દુકાનની પાછળ ઊભી હતી. એકલી પણ ઝાળા... ઝાળા... ઝાળા. કોઈ માણસ બહુ ન નીકળે એટલે એકલી.. દસ-દસ મિનિટે બેસવું પડે. ઝાળા ચાલે જાય. ગંધાય ઝાળા. ઝાડા સમજો છો? દસ્ત. શું કહે છે? ટટી ચાલ્યા જાય. અરે..! એ તો શું આ પારેખ, મનસુખ પારેખ હતા ને ભાઈ. રાજકોટ. જાડા એને છેલ્લો રોગ થયેલો. મસ્જિદ પાસે રહેતા અને છેલ્લે દર્શન કરવા માટે બોલાવ્યા હતા. પણ એની ખાટ

હતી બેસતા અમથી. અને તરત બેસે ત્યાં એક ઓલું દસ્ત. અહીંથી અહીં જાય અને અહીંથી આમ. સેંકડો ઝાળા અને એ ગંધાય. એ ગંધાય.. મરવાની તૈયારી હતી. આમ બેઠા હતા. આમ તો બેઠા ઝાળા આગળ પણ હવે એ ઝાળા અંદરથી દસ્ત ગંધાય. હવે આ બધી ગંધની મૂર્તિ અને ગંધ વિનાનો ભગવાન આનંદકંદ પ્રભુ એની તને શ્રદ્ધા અને રુચિ ન મળે અને આના પ્રેમમાં ફસ્યો. કહે છે, ચોર્યાસીના અવતારમાં જાઈશ. સમજાણું કાંઈ? ધર્મચંદજી! શું ઇંજેક્શનથી કેવું દુઃખ મટે છે? અહીં કહે છે કે એ દુઃખમય જ છે. આ ઇંજેકશનથી નિરોગતા થાય તોપણ નિરોગતા દુઃખમય છે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :— એના ઉપર લક્ષ જતાં...

ઉત્તર :— એના ઉપર લક્ષ જતાં રાગ થાય છે અને રાગ તે દુઃખરૂપ જ છે. ધૂળેય નથી એને સાધન બનાવે ધૂળમાં. એક વાત.

બીજી વાત. '**તીન લોકમેં જિતને પાપ હૈં,...**' ત્રણલોકમાં જેટલા પાપ છે, '**ઉન પાપોંસે શરીર બનાયા ગયા હૈ,...**' આહાહા..! આચાર્ય પણ દિગંબર સંતો નાગા બાદશાહથી આઘા. નગ્ન મુનિ દિગંબર આત્મધ્યાનમાં મસ્ત છે. અરે! તારું શરીર એકલા પાપે બનાવ્યું છે. સમજાણું? કહે છે, આ પૂર્વના તારા પુણ્ય અને પાપ તેં કર્યા એ પાપ જ હતા. આત્માની પવિત્રતાથી વિરુદ્ધભાવ હતો, આ એક વેરી હતો. એનાથી વેરી કર્મ બંધાણું અને એનાથી વેરી આ પાપ થયું આ લે. જયંતીભાઈ! આહાહા..! ભારે વાત! વીતરાગ પરમાત્માને કાંઈ દરકાર પણ નહિ દુનિયાની કે હવે થોડું ભાઈસાહેબ મોળું તો પાડો થોડું.

મુમુક્ષુ :— હોય એવું કહે એમાં શું મોળું પાડે? દેહમાં તો નગ્નતા હતી પણ ભાષામાં પણ નગ્નતા આવી છે.

ઉત્તર :— હા, દિગંબર સંત આવી વાણી બીજે ન મળે. મુનિઓની વાણી છે ને અંતરમાં તે ભડાક દઈને (કહે છે), તોડ. ભગવાનઆત્મા અમૃતનો સાગર બિરાજે છે અંદર એનો પ્રેમ કરતો નથી અને આ ધૂળમાં પ્રેમ કરીને પડ્યો છો. મરીને ક્યાં જઈશ તું? કહો, સમજાણું કાંઈ? બહારના તો ક્યાંય રહી ગયા હવે આ બાયડી, છોકરા, પૈસા, હજીરા એના. હજીરા એટલે સમજાણું? મકાન.

'**ઈસલિયે યહ દેહ પાપરૂપ હી હૈ,...**' '**પાપોંસે યહ શરીર બનાયા ગયા હૈ, ઈસલિયે યહ દેહ પાપરૂપ હી હૈ,...**' આચાર્યની કથનની પદ્ધતિ બીજી છે. એ કહે છે કે તારા આત્માના પવિત્ર સ્વભાવ સિવાય જેટલો ભાવ તેં કરેલો પુણ્ય-પાપનો એ બધો પાપ જ હતો અને એ પાપે બન્યું કર્મ એ વેરી છે. પુણ્ય અને પાપ જેમ વેરી છે એમ કર્મ વેરી છે. એમ કર્મે બનાવ્યું શરીર એ પણ એકલું પાપમય જ છે. આહાહા..! સમજાણું કાંઈ? એનું લક્ષ કરીને જે તને વિકલ્પ ઉઠશે તે આકુળતાવાળો ઉત્પન્ન થશે. આહાહા..! સમજાણું કાંઈ?

સ્વ ચૈતન્યપ્રભુ નિરાકુળ ભગવાન એકલો પવિત્રનો ધામ, એની નજર પડતાં એમાં એકાગ્ર થતાં તને શાંતિ મળશે. અનંત કાળે નહિ મળે એવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થશે. શરીરને લક્ષે તો

રાગ જ થશે. એને લક્ષે ધર્મ થાય ત્રણકાળ ત્રણલોકમાં નથી. કહો, હવે પૈસાથી કેટલો ધર્મ થાતો હશે? દાન કરે એટલા થાય કે નહિ? ધૂળમાંય નથી હવે. એ તો હજી રાગની મંદતા કરે પૈસામાં તો પુણ્ય થાય. આ તો હજી દુનિયામાં ફૂંકાવું છે. મોઢા આગળ આપીને પચાસ હજાર મેં આપ્યા, નામ રાખો મારું. તક્તી ચોડો પત્થરની. પત્થરની ચોડે છે ને? આરસપહાણમાં મારું નામ રાખો. હવે એ તો પાપ તારા એકલા છે. આ તો કદાચિત્ કુણપથી આપ્યા હોય પચાસ હજાર રાગની મંદતાથી તો પુણ્ય છે. ધર્મ ક્યાં હતો ત્યાં? પૈસામાં ધર્મ કે દિ'? અરે! સાક્ષાત્ મંદિર ભગવાનનું બનાવે. એના બનાવવામાં ભાવ હોય તો એ પુણ્ય છે. ધર્મ-બર્મ નહિ.

મુમુક્ષુ :— આઠ ભવે મોક્ષ જાય.

ઉત્તર :— ત્રણકાળમાં ન જાય. આઠ ભવે અમારે કહેતા એ પંડિતજીને. ઈંદોરવાળા છે ને મુન્નાલાલ. મુન્નાલાલ. અમારે ૨૦૦૬ની સાલમાં મંદિર થયું ને અઢી લાખનું અહીંયાં રાજકોટમાં. તો ત્યાં અમારે તો નાથુલાલજી આપે છે હરવખતે તો ઈંદોરવાળા. પણ એના ઘરે સ્ત્રીને બે જીવ હતા તો ન આવી શક્યા. તો એ આવ્યા. આવ્યા એટલે મોટું મંદિર કર્યું તો અઢી લાખ રૂપિયાનું. સોનાના માથે કળશ. સવા લાખ રૂપિયા નાનાલાલભાઈએ ખર્ચ્યા ચાર ભાઈઓએ અને અઢી લાખ. મોટી ધામધુમ. પાંચ હજાર, છ હજાર માણસ. આ બાજુ દિંગબર વસ્તી નહિ એટલે અહીં તો પાંચ-છ હજાર ઘણા કહેવાય ને. અહીં ક્યાં દિગંબર વસ્તી હતી? બધા આ લોકો આવનારા શ્વેતાંબર. એટલે માણસ આમ ઓહોહો..! મુન્નાલાલ કહે, શેઠ સાહેબ! તમે આઠ ભવે મોક્ષ જશો. આવું મંદિર બનાવ્યું આઠ ભવે (મોક્ષ જશો). અમે એમ માનતા નથી હોં! નાનાલાલભાઈ કહે, અમે એમ માનતા નથી. મહારાજ ના પાડે છે. મહારાજ કહે છે કે એ મંદિર તો મંદિરને કારણે બને, પણ અમારા ભાવ હોય તૃષ્ણા મંદના (તો) પુણ્ય થાય. એનાથી જન્મ-મરણ મટે એવું મહારાજ ના પાડે અને અમે પણ માનતા નથી. નાનાલાલભાઈએ ના પાડી કે અમે માનતા નથી. એ અઢી લાખનું મંદિર કર્યું, સવા લાખ નાખ્યા અને એનાથી મોક્ષ થઈ જાય. ના પાડે છે, મહારાજ ના પાડે છે.

મુમુક્ષુ :— કોઈ મંદિર બનાવશે નહિ.

ઉત્તર :— કોણ બનાવતું હતું? બનવા કાળે બન્યા વિના રહે નહિ. કોણ બનાવે છે? આહાહા..! સમજાણું કાંઈ? એમને હજી બનાવવું છે. એ તો બનવું હશે ત્યારે બનશે. મલુકચંદભાઈ અને એનો છોકરો શું કરે ત્યાં? આહાહા..!

કહો, શરીર પાપ પાપ. આ દિગંબર આચાર્યોની વાત. '**ઈસલિયે યહ દેહ પાપરૂપ હી હૈ, ઈસસે પાપ હી ઉત્પન્ન હોતા હૈ, ઔર ચિદાનંદ ચિદ્રૂપ...**' જુઓ! જ્ઞાનાનંદ ચિદ્રૂપ આત્મા જ્ઞાનરૂપ '**જીવ પદાર્થ વ્યવહારનય સે દેહમેં સ્થિત હૈ, તો ભી દેહસે ભિન્ન અત્યંત પવિત્ર હૈ,...**' ઓલા પાપ, આ પવિત્ર, ઓલું દુઃખરૂપ, (આ) આનંદરૂપ. ભગવાનઆત્મા પવિત્ર એને આત્મા કહીએ હોં! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આત્મા નહિ, એ આસ્રવ છે. આસ્રવ આત્મા છે? આત્મા નથી. બરાબર છે ભાઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય છે ને ભાવ? એ તો

આસ્રવભાવ છે. ધર્મભાવ નથી. એ આત્મા નહિ, એ આસ્રવ એ આત્મા નહિ. આહાહા..!

મુમુક્ષુ :— પરંપરા ખરું કે નહિ મહારાજ?

ઉત્તર :— નહિ પરંપરા. એમ કહે છે. સમજીને પૂછે છે. પરંપરા એ તો એનો અભાવ કરે ત્યારે વીતરાગ થાય છે. તીર્થંકર પ્રકૃતિ બંધાણી એ જડ છે અને શુભભાવ આવ્યો એ તો વિકાર છે. એ વિકારનો નાશ કરીને જ્યારે કેવળજ્ઞાન પામ્યો ત્યારે એ તીર્થંકર પ્રકૃતિનો વિપાક આવ્યો તેરમે, શું પરંપરા કર્યું? તેરમે ગુણસ્થાને એ પ્રકૃતિનો વિપાક આવ્યો, તીર્થંકર પ્રકૃતિનો. બાંધી ચોથે, પાંચમે, છઠ્ઠે કે સાતમે જ્યાં બાંધી ત્યાં, પાક પાક આવ્યો તેરમે. ક્યારે? જે ભાવથી બંધાણી એ ભાવનો નાશ કરીને વીતરાગ થયો ત્યારે. વીતરાગ અને કેવળજ્ઞાન થયું ત્યારે પ્રકૃતિનો પાક તેરમે થયો. પછી શું કરે આત્માને? આહાહા..! એ આ ભાષા. હવે રાગ તોડીને, પ્રકૃતિ તોડીને આગળ સ્થિરતા કરશે એમ કરીને વાત કરી છે. બાકી પોતાના સ્વભાવ આશ્રય વિના ત્રણકાળમાં ક્યાંય શરણ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

ત્રણ જગતમાં જેટલા પાપ હતા એટલાથી દેહ બન્યો. ત્યારે ભગવાન તો અત્યંત પવિત્ર છે. મહા અત્યંત પવિત્ર, અત્યંત પવિત્ર એને અમે આત્મા કહીએ. જેમાં વિકલ્પની ઉત્પત્તિની ગંધ જેની ચીજમાં નથી. એ અદ્ધરથી, પર્યાયમાંથી પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે છે એ એના મૂળ સ્વભાવમાં નથી. એનું સ્વરૂપ તો અત્યંત પવિત્રનો પિંડ પ્રભુ મહા આનંદની, એ આનંદની ખાણ છે, પવિત્રતાની ખાણ એ આત્મા છે. એની દૃષ્ટિ કર, એનો વિશ્વાસ કર અને એનો અનુભવ કર તો કલ્યાણ થાય, બાકી કલ્યાણ-ફલ્યાણ થાય એવું નથી. આહાહા..! ન્યાલભાઈ!

મુમુક્ષુ :— આ ઈન્દ્રિયો મળી, જ્ઞાન મળ્યું.

ઉત્તર :— કાંઈ ધૂળ મળી તો અનંતવાર મળ્યા એમાં શું થયું?

મુમુક્ષુ :— કેટલો બધો લાભ થયો!

ઉત્તર :— શું લાભ થયો? અનંતા મળ્યા. અહીં તો કહે પાપ મળ્યું એમ કહે છે. આ ઈન્દ્રિયો મળી આ શરીરના અવયવો. અને શરીર પાપ તો એના અવયવો પાપ. આ તો બધું પાપ મળ્યું એમ કહે છે. આહાહા..! એનું લક્ષ છોડી અને પોતાનો પ્રભુ આત્મા અંદર આનંદકંદ એનું લક્ષ કર ત્યારે તને સમ્યગ્દર્શન થશે, નહિતર સમ્યગ્દર્શન થશે નહિ. એ વિના ધર્મની શરૂઆત પણ નથી ત્યાં વળી ચારિત્ર-ફારિત્ર કેવા? જેને આત્મજ્ઞાન અને દૃષ્ટિ થઈ નથી એને ચારિત્ર હોતા નથી. કહો, સમજાણું કાંઈ?

ત્રીજો બોલ. બે બોલ થયા. હવે '**તીન જગતમેં જિતને અશુચિ પદાર્થ હૈં,...**' ત્રણલોકમાં જેટલા અપવિત્ર પદાર્થ (છે) '**ઉનકો ઇકટ્ઠેકર યહ શરીર નિર્માણ કિયા હૈ,...**' લાવો એની કોઈ ચીજ કે જે આમ મેસુબ, મેસુબ કહે છે ને મેસુબ, પકવાન નથી હોતું? મેસુબ. ગુલાબજાંબુ લ્યો આ માવાના ગુલાબ જાંબુ નથી હોતા?

મુમુક્ષુ :— પેંડો.

ઉત્તર :— પેંડો લ્યો. પેંડા લ્યો. અહીં નાખ્યા ભેગો થૂંક. આ એક સંચો એવો છે કે થૂંક બનાવે. બીજો લાવો સંચો. થૂંક સમજ્યા ને? લાળ બને છે. પેંડા નાખ્યા ભેગી લાળ. બીજી ચીજમાં નહિ. ચામડામાં ઓલામાં નાખો તો તરત લાળ નથી થઈ જતી. અહીં તો નાખ્યા ભેગી લાળ-લાળ, એંઠ. અને પેટમાં ઉતરે આઠ કલાકે વિષ્ટા. આ સંચો. આઠ કલાકમાં વિષ્ટાનો સંચો આ. બીજો કોઈ સંચો વિષ્ટા કરવાનો દુનિયામાં છે નહિ. આ મોસંબીના પાણી પીધા હોય તો પેશાબ કરવો હોય તો આ સંચો છે એક. મોસંબીના પાણીનો પેશાબ થાય માટે આ સંચો છે. મોસંબી પાણી હોય છે ને? શેર બશેર પીવે તો પેશાબ થઈ જાય. બીજામાં ગમે તે બાટલામાં નાખો તો એકદમ પેશાબ નહિ થાય એવો. આહાહા..!

કહે છે કે આ સંચો જ કોઈ એવો છે કે આ મોસંબીના પાણીને બે કલાકે પેશાબ બનાવે. જાણે મોટા મેસુબ ને લાડવા ચુરમાના પેંડા પેંડા માવાના ધોળા બાદશાહ જેવા પેંડા સાકર નાખીને અંદર. રૂપિયાની શેરની સાકર. તરત જ એ તો વિષ્ટા તમારે આઠ કલાકે. એવો આ મહાપાપી સંચો છે આ. કહો, બરાબર? છોટાભાઈ! લાવો બીજો સંચો લાવો. કોઈ ડાબલીમાં નાખો તો સડતા વાર લાગે, થોડી વાર લાગે. પણ આ એક સંચો એવો (કે) ભડાક દઈને વિષ્ટા. વિષ્ટા બનાવવી કોઈ સંચાથી બનતી હશે? સમજાણું? વિષ્ટાનો શેરો બનાવે હજી. હા. હા. શીરો સમજ્યા? વિષ્ટાનો શીરો બનાવે છે. કહ્યું હતું.

હમણાં અમેરિકામાં ગયા હતા એક અમારે હતા ને વઢવાણવાળા. દાદભાવાળા ચુનીલાલ ગયા હતા. તો એક પોણો મણ આખો ટોપલાનો વિષ્ટાનો પાયખાનામાંથી લાવ્યા. પાયખાનામાં પડી હોય ને વિષ્ટા. વિષ્ટા સમજ્યા ને? ટટ્ટી આમ પડી હતી, લાવ્યા. આને કહે તમારે શીરો ખાવો છે? ઓલો માણસ કહે. શીરો-શીરો. હલવો. હલવો ખાવો છે? તો લાવો પંદર રૂપિયા લાવો. આ પંદર રૂપિયામાં પોણો મણ શેરો બનાવી દઉં. તો એક ઔષધિ લાવ્યા એ પોતે. એક ઔષધિ નાખી ત્યાં સુગંધ ફરી ગઈ. દુર્ગંધ મટી ગઈ. બીજું જ્યાં નાખ્યો ત્યાં અંદરથી જાણે સુગંધ આવવા માંડી. ત્રીજી વસ્તુ જ્યાં નાખી આબેહુબ હલવો. આ બનેલી વાત છે. શીરો આમ ઘીમાં તળ્યો હોય. ઘીમાં ઘીમાં હોય ને એવો. ઘીમાં તળીને બનાવ્યો. લ્યો ભાઈ ખાવ કહે. અરર! પણ અમે આ વિષ્ટાનો શેરો ગરીબોને ખવરાવી ઘો. ગરીબ માણસ હતા ને આપી દીધો. પંદર રૂપિયાની ઔષધિ. ત્યાં ઔષધ થાતા હશે. ઔષધિ એવી કોઈ હશે. ત્યાં એક, બે ને ત્રીજી નાખી ત્યાં શીરો બની ગયો. હલવો સુગંધ-સુગંધ મારે અંદરથી. લ્યો શેઠ ખાવ. અરર! હમણા નજર પડી છે ને વિષ્ટા. પંદર રૂપિયા થયા પોણા મણમાં. એવું શી રીતે કરે?

એકઠા કર મહા અપવિત્ર જગતના પદાર્થ. આમ ગંધ મારે. એના અવયવો આ ગંધ... ગંધ... ગંધ... આહા! દુર્ગંધ, દુર્ગંધ. એક આદમી વિષય લેવા ગયો પરસ્ત્રીનો. એમાં એને એવી ગંધ મારી, એવી ગંધ મારી ને એકદમ અપાસરે આવ્યો. અમારે તો ઘણા બને ને એવા. મહારાજ! બાધા દઈ ઘો હવે કે હવે અમારે પરસ્ત્રી (ન જોઈએ). કોઈ એવી હલકી બાઈ હશે ને એને વૃત્તિ થઈ ગઈ ને

એમાં ગંધ એવી મારીને. આહાહા..! આ દુર્ગંધમાં આ જીવ લોભાઈ ગયો. શેઠિયા માણસ હતા ગૃહસ્થ. બાઈ ગમે તે હોય તો એ લોકો. તરત આવ્યો અપાસરે કે બાધા આપો હવે પરસ્ત્રી નહિ. એ શરીર દુર્ગંધમય, અપવિત્ર આ એના માટે કહે છે પ્રેમ કરીને પડ્યો. આ ભગવાનઆત્મા કેવો છે?

**'વ્યવહારનયકર દેહમેં બિરાજમાન હૈ, તો ભી દેહસે જુદા પરમ પવિત્ર હૈ.'** સમજાણું? ઓલા પાપમાં. ઓલામાં નિરાકુળ સ્વરૂપ લીધું છે. પહેલામાં નિરાકુળ સ્વરૂપ સુખરૂપ લીધું હતું. બીજામાં લીધું હતું એ પોતે અત્યંત પવિત્ર લીધું. આ ત્રીજામાં પણ પરમ પવિત્ર લીધું. આટલી વાત. પરમ પવિત્ર ભગવાન. જુઓ! અહીં ખૂબી તો એ કહે છે કે શરીર, વાણી, કર્મ, આત્મા તો નહિ, પણ જે ભાવે દયા, દાન પળે પંચ મહાવ્રતના પરિણામ એ આત્મા નહિ. એ આસ્રવ, એ પાપ, એ અશુચિ, દુઃખરૂપ એમ કહીને નાખે છે. આમ બે ભાગલા પાડે છે. આહાહા..! દિગંબર સંતોની કથનની પદ્ધતિ કઠણ કઠણ જગતને લાગે. શ્રીમદ્ લખ્યું છે ને? નહિ? દિગંબરના વચનોને લઈને, તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. શ્વેતાંબરના મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. એવું વચન છે. ઢીલું પડતું ગયું ઢીલું. આ ઉગ્ર વાણી સંતોની મહાન પુરુષાર્થવાળી આત્માને પ્રરે, જગાવી દે એવી વાણી. જાગ રે જાગ ભગવાન! હવે સૂતું પાલવશે નહિ તારે.

ચિદાનંદ પ્રભુ, આ શરીરથી વ્યવહારે રહ્યો છે એમ કહીએ છીએ કહે છે. નિમિત્તને દેખીને. ભગવાન એનાથી પરમાર્થે તો તદ્દન જુદો છે. આનાથી જુદો તો હવે આ બહારની ધૂળ ને પૈસા ને બંગલા ક્યાંય તારા રહી ગયા. ભગવાનઆત્મા એ અશુચિના બનેલા શરીરથી તદ્દન પવિત્ર પ્રભુ ભિન્ન છે, ત્રિકાળ ભિન્ન છે. એવા ભગવાનની દૃષ્ટિ કરવી, એનો અનુભવ કરવો આ એનું નામ ધર્મ અને શાંતિ છે. એ વિના ધર્મ કોઈ દિ' બહારના કારણે થતો નથી. કહો, સમજાણું કાંઈ?

**'ઈસપ્રકાર દેહકા ઔર જીવકા અત્યંત ભેદ જાનકર નિરંતર આત્માકી ભાવના કરની ચાહિયે.'** હેતુ તો આ છે ભાઈ! પાંચ, પચ્ચીસ, પચાસ વર્ષ રહે એવું શરીર અને અનંતકાળ રહેવું આત્માને. આવા સંયોગો અનેકવાર આવ્યા ને ગયા. દાખલો આપ્યો છે ને. મોટી સડક હોય સડક. સડક કહે છે ને? શું કહે છે? રોડ, રસ્તા. તો સડક ઉપર હજારો ઝાડ હોય ઝાડ. અને આમ સૂર્યનો છાંયો પડતો હોય છાંયો. એક માણસ એને ઓળંગીને આમ જાતો હોય તો માણસ તો એનો એ છે અને ઓલા છાંયા જુદી જુદી જાતની સડક ઉપર. એમ આત્મા એનો એ છે. આ એવા છાંયાના શરીરને ઓળંગી ઓળંગી એક, બીજું, ત્રીજું, એમ અનંતા છાંયાને ઓળંગી ગયો.

મુમુક્ષુ :— એને જ સાફ કર્યા કરે.

ઉત્તર :— એને પછી સાફ (કરે). એ તો અનુભવપ્રકાશમાં નાખ્યું. એક મળે એની ઝૂપંડીને સાફ કર્યા કરે. આ કરું ને આ કરું ને આ કરું. પૂરું થાય ત્યાં જાય બીજે પાછો. ત્યાં બીજું સાફ કરે. કરી કરીને હેરાન થઈ ગયો, મરી ગયો. અનુભવપ્રકાશમાં છે. એક એક શરીરની ઝૂંપડીને સરખી રાખવા મરી ગયો, મથી ગયો એમ ને એમ. આ જેલમાં નથી થાતું? જેલી હોય ને જેલી? એને એક કોટડી આપે. પછી કેટલાક એવા હોય કે ત્યાં જેલમાં જ મજા પડે એને. બે વર્ષનું પૂરું થાય તો કહે,

એલા મારો ઘડો. ઘડો હોય ને પાણીનો, વટલાવશો નહિ. હું હમણા બે દિ'માં આવું છું પાછો. ગુનો કરીને પાછો આવીશ એમ કહે. વળી મારે પાણીના ઘડા હોય ને એ લેવા ન જાવું પડે કુંભારમાંથી. એટલે ત્યાં ને ત્યાં સાફસુફ કર્યો હોય નીચે ઉંદર આવવાના હોય એમાં પથરા નાખ્યા હોય, છાણ બાણ કર્યું હોય, બધી સાફ ઓરડી કરી હોય. હવે એ ગુનો કરીને અહીંયાં આવ્યો અને અહીં પૂરો થાય તોપણ પાછળથી કહેતો જાય. આ ઓરડીને બીજો બગાડશો નહિ. કેમ? કે હું તો બે-ત્રણ દિવસે હમણાં એક ગુનો કરીને પાછો અહીં આવવાનો છું. પાપ કરીને ગુનો આ ચોર ગુનો કરીને પાછો આ ઓરડીમાં, જેલની ઓરડીમાં આવવાનો છું. માટે કોઈ આ મારો ઘડો બગાડશો નહિ.

મુમુક્ષુ :— આ જેલની ઓરડી?

ઉત્તર :— આ જેલની ઓરડી છે. આ મારી જેલની ઓરડી એક ગઈ પછી બીજી તૈયાર રાખજો. તૈયાર રાખજો હોં. હમણા હું ગુનો કરીને જ આવું છું. આહાહા..! પુણ્ય ને પાપના ગુના કરે અને એક શરીર ને બીજું શરીર મળ્યા વિના રહે નહિ. ગુનેગાર ગુનેગાર ગુનેગાર. એ ૧૫૦ થઈ.

## ગાથા-૧૫૧

अथ-

२८२) जोइय देहु घिणावणउ लज्जहि किं ण रमंतु।
णाणिय धम्में रइ करहि अप्पा विमलु करंतु।।१५१।
योगिन् देहः घृणास्पदः लज्जसे किं न रममाणः।
ज्ञानिन् धर्मेण रतिं कुरु आत्मानं वमलं कुर्वन्।।१५१।।

जोइय इत्यादि। जोइय हे योगीन् देहु घिणावणउ देहो घृणया [1]दुगुञ्छया सहितः। लज्जहि किं ण रमंतु दुगुच्छारहितं परमात्मानं मुक्त्वा देहं रममाणो लज्जां किं न करोषि। तर्हि किं करोमिति प्रश्ने प्रत्युत्तरं ददाति। णाणिय हे विशिष्टभेदज्ञानिन् धम्में निश्चयधर्मशब्दवाच्येन वीतरागचारित्रेण कृत्वा रइ करहि रतिं प्रीतिं कुरु। किं कुर्वन् सन्। अप्पा वीतरागसदानन्दैकस्वभावपरमात्मानं विमलु करंतु आर्तरौद्रादिसमस्तविकल्पत्यागेन विमलं निर्मलं कुर्वन्निति तात्पर्यम्।।१५१।।

आगे फिर भी देहको अपवित्र दिखलाते हैं-

## गाथा-१५१

अन्वयार्थ :- [योगिन्] हे योगी, [देहः] यह शरीर [धृणास्पदः] घिनावना है, [रममाणः] इस देहसे रमता हुआ तू [किं न लज्जसे] क्यों नहीं शरमाता? [ज्ञानिन्]

१. પાઠાન્તર :- दुगुच्छया=जुगुप्सया

हे ज्ञानी, तू [आत्मानं] आत्माको [विमलं कुर्वन्] निर्मल करता हुआ [धर्मे] धर्मसे [रतिं] प्रीति [कुरु] कर।

भावार्थ :-हे जीव, तू सब विकल्प छोड़कर वीतरागचारित्ररुप निश्चयधर्ममें प्रीति कर। आर्त रौद्र आदि समस्त विकल्पोंको छोड़कर आत्माको निर्मल करता हुआ वीतराग भावोंसे प्रीति कर।।१५१।।

---

હવે, ફરી દેહને અપવિત્ર દર્શાવે છે :-

ભાવાર્થ :-હે યોગી! આ દેહ તો જુગુપ્સાયુક્ત છે. જુગુપ્સા રહિત પરમાત્માને છોડીને દેહમાં રમણ કરતાં તને લજજા કેમ આવતી નથી? ત્યારે હું શું કરું? એવા પ્રશ્નનો પ્રત્યુતર આપે છે. હે વિશિષ્ટ ભેદજ્ઞાની! વીતરાગ સદાનંદ જેનો એક સ્વભાવ છે તેવા પરમાત્માને આર્તરૌદ્રાદિ સમસ્ત વિકલ્પના ત્યાગ વડે નિર્મળ કરતો થકો તું 'નિશ્ચયધર્મ' શબ્દથી વાચ્ય એવા વીતરાગ ચારિત્ર દ્વારા (ચારિત્રને કરીને, ચારિત્ર વડે અથવા ચારિત્રમાં) પ્રીતિ કર. ૧૫૧.

---

## ગાથા-૧૫૧ ઉપર પ્રવચન

૧૫૧. 'આગે ફિરભી દેહકો અપવિત્ર દિખલાતે હૈં—'

२८२) जोइय देहु घिणावणउ लज्जहि किं ण रमंतु।
णाणिय धम्में रइ करहि अप्पा विमलु करंतु।।१५१।

આહાહા..! જુઓ તો ખરા!.

'હે યોગી,...' હે ધર્મી! હે જીવ! 'યહ શરીર ઘિનાવના હૈ,...' ઘિનાવના. ઘૃણા ઘૃણા ઊપજે આમ. આહાહા..! એક માણસ હતો. અમે ગયેલા ગામડામાં. એનું શરીર ગધેડા ગંધાય ગધેડું. ગધ્ધા ગધ્ધા કહે છે ને? એવું ગંધાય. ખાટલામાં સૂતેલો. આમ ગયા. એવું ગંધાય. મંગળિક સંભળાવો કહે. પણ મંગળિક સંભળાવું એટલું ગંધાય. બહુ. બૈરા કહે આ મહારાજ (આવ્યા છે). ગામડામાં ગયેલા ગામડું નાનું. બે-ત્રણ ઘર થોડા પાંચ-સાત ઘર. વાવડી. ત્યાં ગયા તો કહે મહારાજ આવ્યા છે હોં. આપણે હાથજોડ કરીએ બ્રહ્મચર્ય. એ કહે આજ નહિ. શરીર જુઓ તો ગંધાતું હતું આ સડી ગયેલું કાળજું આ બધું. ગધેડું સડે એવું સડી ગયેલું. પણ કહે આજ નહિ હોં! એલા પણ આ મહારાજ નહિ રહે કાલે. કારણ કે આ ગામડું છે. અહીં તો રહે (નહિ). એક દિ' આવ્યા છે.

ત્યાં રાતે અમે સાંભળ્યું. ત્યાં રાતે મરી ગયો એ. એ જ રાતે. આહાહા..! અંદરથી કોણ જાણે આવું સડ્યું ને સારું થઈ જાય તો? મહારાજ તો આવ્યા ને બૈરા કહે છે બ્રહ્મચર્ય લઈ લઈએ. પણ કદાચિત્ ઊભો થાઉં તો? અરે! પણ વિશ્વાસ કેટલો? સડી ગયેલા શરીરનો વિશ્વાસ અને પવિત્ર

ભગવાન ત્રિલોકનાથ અનાદિ રહેનારનો વિશ્વાસ નહિ. બૈરાએ કહ્યું, આ મહારાજ આવ્યા છે આપણે ગામ, કાલે સવાર સુધી રહેશે. કારણ કે ત્યાં નવ વાગે જઈએ. એક દિ' રહેવાય. ગામડામાં તો નિર્દોષ આહાર લેતા ને? અમારા માટે બનાવેલો લઈએ નહિ કોઈ દિ' ક્યાંય. ગામડામાં કોઈ પાંચ-સાત ઘર હોય. અમારે માટે બનેલું હોય પાણી પણ એક બિંદુ ન લઈએ. પાણીનો બિંદુ હોય બનાવ્યો હોય તો બિંદુ ન લઈએ. આખો દિ' પાણી વિના (રહીએ). એવા તો ઘણા વર્ષ કરેલા છે ને. એ વખતે તો માન્યું હતું ને. પાણી, આહાર બિલકુલ કરેલો ન લઈએ. એટલે કહે, આ મહારાજ કાલે નહિ રહે અહીંયાં. આ તો એક દિ' આવ્યા અને અજાણ્યા આવ્યા અને અજાણ્યા આહાર લઈને વયા જશે કાલે. કાલે વાત કાલે વાત. આહાહા..! અરે! આ સડી ગયેલા શરીરનો આટલો વિશ્વાસ કે કાલે રહેશે અને આ પવિત્ર પિંડ નિત્યાનંદ પ્રભુ, કાયમ ટકતી ચીજ એની સંભાળ કરું એની ખબર નથી. ત્યારે રાતે સૂતા સાંભળ્યું અગિયાર, સાડા અગિયાર, બારે. એ રાડ પડી. પોક રાડ મૂકી. કોક મરે ત્યારે રોવે ને પ્રાણપોક? મરી ગયા કહે. આહાહા..! દુનિયાની મમતા તે મમતા. હજી વળી કાંઈક સારું થઈ ગયું તો? સારું થઈને ચાલું તો વળી. ઉંમર પણ થઈ ગઈ હશે ૬૦ની હોં!

કહે છે કે હે જીવ! '**યહ શરીર ઘિનાવના હૈ, ઈસ દેહસે રમતા હુઆ તૂ ક્યોં નહીં શરમાતા?**' આચાર્ય જરી ઠપકો એવો આપે છે. જેમ પિતા પુત્રને કહેને અરે! દીકરા! આ વાણિયો થઈને આ તું વાઘરીને ઘરે જા. ભાઈ! અમને શરમ આવે છે હોં! બાપ કહે હોં! વાઘરી-વાઘરી સમજો છો? એ હલકી કોમ હોય છે ને? દાંતણ દાંતણ આપે છે. એ હલકા માણસ. એ આ મારો દીકરો થઈને તું વાઘરીને ઘરે જા. ભાઈ! મને શરમ આવે હોં દુકાને બેસતા, કે તારો દીકરો આવો. મને શરમ (આવે છે) ભાઈ! મારી ખાતર તો છોડ. અહીં મુનિ કહે છે કે હે આત્મા! આ શરીર ઘૃણાવણું દુર્ગંધની પૂતળી તને આની સાથે રમતા શરમ નથી લાગતી? લજ્જા નથી આવતી? આહાહા..! સમજાણું?

'**હે જ્ઞાની, તૂ આત્માકો નિર્મલ કરતા હુઆ ધર્મસે પ્રીતિ કર.**' આ સડેલું શરીર એમાં પ્રીતિ કરે છે. અહીં તો મુનિને ઉદ્દેશીને વાત અને બધાને ઉદ્દેશીને છે ને પછી? ભાઈ! આ સડી ગયેલું શરીર એમાં પ્રીતિ કરશ? ભાઈ! ભગવાન અંદર પવિત્ર ધામ છે ને. એ સિદ્ધ ભગવાનમાં બિરાજે એવો તું સિદ્ધ છો. શક્તિએ, સત્ત્વે, દ્રવ્યે સ્વભાવે સિદ્ધ સમાન. ત્રણે કાળે સિદ્ધ સમાન છો. એવા પરમાત્માના પ્રત્યે તું ભેટો કરતો નથી, એની સાથે રમતો નથી, એટલે એકાકાર થતો નથી એટલે કે સમ્યગ્દર્શન કરતો નથી અને તું આની સાથે આ સડેલા સાથે પ્રેમ કરે છે, ભાઈ! લજ્જા નથી આવતી? જુઓ શું કહ્યું છે? '**लज्जहि किं ण रमंतु**' ઓલા યોગસારમાં આવે છે ને ભાઈ? આ જન્મ-મરણ. 'શરમજનક જન્મો મટે.' આ એ શરમજનક. આ જન્મ કરવા એ શરમ... શરમ... શરમ છે. યોગસાર કહે છે હોં આચાર્ય. અને આ યોગીન્દ્રદેવ છે. અહીં લજ્જા આવી ને, ત્યાં પણ લજ્જા કીધી છે. એ શરમજનક આ ભવ કરવા એ શરમ નથી આવતી? એકલો ભગવાન નિરાળો, એને આ ચામડાના શરીરને ચોંટાડવું, જોડે કરવું છે. ભગવાન પવિત્રનો પિંડ એને આ સડેલું શરીર

લેવું છે તારે જોડે? લજ્જા નથી આવતી? શરમ નથી આવતી? આહાહા..! નિર્લજ્જ થઈ ગયો છે કે શું તું?

ભગવાનઆત્માની અંતર સ્વભાવની પ્રીતિની રુચિ છોડીને, ભગવાન! સડેલા શરીર પ્રત્યે રમવું, વિષયમાં, ભોગમાં એકાકાર થવું, ભગવાન! તને લજ્જા નથી આવતી? સમજાણું? એ શું કહે? આહાહા..! કહ્યું હતું ને? અમારે એક છોકરાની વાત નહોતી? અમારા ગૃહસ્થાશ્રમમાં. ભણતા ત્યારે છોકરો હતો એક ભાવસાર સુંદરજી. ભાવસાર નાત નથી હોતી? ભાવસાર. એ કપડા રંગે છે ને કપડા? એ ભાવસાર હતા. સુંદરજી નામ હતું. સ્થાનકવાસી જૈન હતા. આ વાત તો ૬૨-૬૩ વર્ષ પહેલાની છે. અમારી બાર-તેર વર્ષની ઉંમર હતી. ત્યારે એ જોડે બેઠો હતો. ગુંગો કાઢી. ગુંગો કહે છે ને શું કહે છે? નાકનો મેલ. મેલ કાઢીને બે દાંત વચ્ચે દાબે. દાબીને પછી જીભ અડાડે એને. અરે! સુંદરજી શું કરે છે તું આ? એની નાત ભાવસાર. ભાવસાર નથી? નાત ભાવસાર. નાત સમજ્યા ને? જ્ઞાતી. અને નામ સુંદરજી. બરાબર આ છોકરાનું નામ હતું. અમે સાથે ભણતા. અમે કહીએ કે એલા પણ અમે આ બેઠા છીએ ને તું શું કરે છે આ? ગુંગો કાઢીને દાંત નીચે મૂકે અને અંદર જીભ અડાડે. પછી કહે, અરે! ભાઈ! મને ટેવ પડી ગઈ છે. કોણ જાણે સ્વાદ લેવાની, ગુંગાના સ્વાદની ટેવ પડી છે. જેચંદભાઈ! વળી જ્યાં પા કલાક થાય, વળી કાઢે બીજો આવડો મોટો. પણ આ તું શું કરે છે આ?

મુમુક્ષુ :— નાકમાંથી એવા નીકળ્યા જ કરતા હશે?

ઉત્તર :— નાના છોકરા હોય એટલે નીકળે. બાળક હોય એટલે. એ સુંદરજી નામ. એમ ભગવાનઆત્મા ભાવસાર છે. એકલો અનંત જ્ઞાનનો પિંડલો ભાવનો સાર છે અને છે સુંદર પવિત્ર. પણ એ વિકારના પુણ્ય-પાપના ગુંગા કાઢી અને એનો સ્વાદ લેવો એને. આહાહા..! એ પુણ્ય-પાપના ભાવ કાઢી, જે એમાં નથી હોં! અદ્ધરથી ગુંગા કાઢી સ્વાદ લેવો છે. લ્યો એનું નામ ગુંગા અને એનું નામ ગુ—વિષ્ટા. આહાહા..! કહે છે, ભગવાન! આવો પવિત્ર પ્રભુ! તને આ શરીરના પ્રેમ કરતા તને શરમ નથી આવતી? શરીર સાથે રમવું, પ્રેમ કરવો, મડદા સાથે સગાઈ કરી, હવે કરશું લગન. શરમ નથી આવતી? મડદા સાથે સગાઈ? સગાઈ કહે છે ને? શું કહે છે? સગાઈ કહે છે. અનુભવપ્રકાશમાં આવ્યું છે. આ બધા શબ્દો શાસ્ત્રમાં પડ્યા છે. સગાઈ કીધી મડદા સાથે હવે કાલે કરશું લગન. લગન સમજ્યા? શાદી. એમ આ જડ સાથે સગાઈ કરીને આની સાથે રમતા અરે! નિર્લજ્જ! તને લજ્જા નથી આવતી? દિગંબર આચાર્યો મહા સંત વૈરાગ્ય માટે કહે છે હોં ઠપકો. ઓળંભો આપે છે ઓળંભો. ભાઈ! આ પવિત્ર પ્રભુને આની સાથે તું રમાડે છો. એમાં રમવાની ચીજ અંદર પડી છે ને તારી પાસે. એની દૃષ્ટિ કર ને એમાં એકાગ્ર થા. આ તને લજ્જા નથી આવતી? એમ કરીને ઓળંભો આપીને એને વીતરાગ શાંતિમાં જોડવા માટે આ વાત કરે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૧૫૨

अथ–

२८३) जोइय देहु परिच्चयहि देहु ण भल्लउ होइ।
देह-विभिण्णउ णाणमउ सो तुहुँ अप्पा जोइ।।१५२।।
योगिन् देहं परित्यज देहो न भद्रः भवति।
देहविभिन्नं ज्ञानमयं तं त्वं आत्मानं पश्य।।१५२।।

जोइय इत्यादि। जोइय हे योगिन् देहु परिच्चयहि शुचिदेहांन्नित्यानन्दैकस्वभावात् शुद्धात्मद्रव्याद्विलक्षणं देहं परित्यज। कस्मात्। देहु ण भल्लउ होइ देहो भद्रः समीचीनो न भवति। तर्हि किं करोमीति प्रश्ने कृते प्रत्युत्तरं ददाति। देह-विभण्णउ देहविभिन्नं णाणमउ ज्ञानेन निर्वृतं ज्ञानमयं केवलज्ञानाविनाभूतानन्तगुणमयं सो तुहं अप्पा जोइ तं पूर्वोक्तलक्षणमात्मानं त्वं कर्ता पश्येति। अयमत्र भावार्थः। ''चंडो ण मुयइ वेरं भंडणसीलो य धम्मदयरहिओ। दुट्ठो ण य एदि वसं लक्कणमेयं तु किण्हस्स।।'' इतिगाथाकथितलक्षणा कृष्णलेश्या, धनधान्यादितीव्रमूर्च्छाविषयाकांक्षादिरुपा निललेश्या, रणे मरणं प्रार्थयति स्तूयमानः संतोषं करोतीत्यादिलक्षणा कापोतलेश्या च, एवं लेश्यात्रयप्रभृतिसमस्तविभावत्यागेन देहाद्भिन्नमात्मानं भावय इति।।१५२।।

---

आगे देहके स्नेहसे छुड़ाते हैं–

गाथा-१५२

अन्वयार्थ :- [योगिन्] हे योगी, [देहं] इस शरीरसे [परित्यज] प्रीति छोड़, क्योंकि [देहः] यह देह [भद्रः न भवति] अच्छा नहीं है, इसलिये [देहविभिन्नं] देहसे भिन्न [ज्ञानमयं] ज्ञानादि गुणमय [तं आत्मानं] ऐसे आत्माको [त्वं] तू [पश्य] देख।

भावार्थ :-नित्यानंद अखंड स्वभाव जो शुद्धात्मा उससे जुदा और दुःखका मूल तथा महान् अशुद्ध जो शरीर उससे भिन्न आत्माको पहचान, और कृष्ण, नील, कापोत इन तीन अशुभ लेश्याओंको आदि लेकर सब विभावभावोंको त्यागकर, निजस्वरुपका ध्यान कर। ऐसा कथन सुनकर शिष्यने पूछा, कि हे प्रभो, इन खोडी लेश्याओंका क्या स्वरुप है? तब श्रीगुरु कहते हैं-कृष्णलेश्याका धारक वह है, जो अधिक क्रोधी होवे, कभी बैर न छोड़े, उसका पत्थरकी लकीरकी तरह हो, महा विषयी हो, परजीवोंकी हँसी उड़ानमें जिसके शंका न हो, अपनी हँसी होनेका जिसको भय न हो, जिसका स्वभाव लज्जा रहित हो, दया-धर्मसे रहित हो, और अपनेसे बलवान्के वशमें हो,

गरीबको सतानेवाला हो, ऐसा कृष्णलेश्यावालेका लक्षण कहा। नीललेश्यावालेके लक्षण कहते हैं, सो सुनो-जिसके धन-धान्यादिककी अति ममता हो, और महा विषयाभिलाषी हो, इन्द्रियोंके विषय़ सेवता हुआ तृप्त न हो। कापोतलेश्याका धारक रणमें मरना चाहता है, स्तुति करनेसे अति प्रसन्न होता है। ये तीनों कुलेश्याके लक्षण कहे गये हैं, इनको छोड़कर पवित्र भावोंसे देहसे जुदे जीवको जानकर अपने स्वरुपका ध्यान कर। यही कल्याणका कारण है।।१५२।।

---

હવે, દેહથી સ્નેહ છોડાવે છે :-

ભાવાર્થ :-હે યોગી! શુચિ દેહવાળા અર્થાત્ પવિત્ર સ્વરૂપવાળા, નિત્ય-આનંદ જેનો એક સ્વભાવ છે એવા શુદ્ધાત્મદ્રવ્યથી વિલક્ષણ દેહને તું છોડ, કારણ કે દેહ સમીચીન નથી.

'તો હું શું કરું?' એવો પ્રશ્ન કરવામાં આવતાં, પ્રત્યુત્તર આપે છે. કેવળજ્ઞાનની સાથે અવિનાભૂત અનંતગુણમય એવા જ્ઞાનથી રચાયેલ, પૂર્વક્ત લક્ષણવાળા આત્માને તું દેખ.

''चंडो ण मुयइ वेरं भंडणसीलो य धम्मदयरहिओ। दुट्ठो ण य एदि वसं लक्कणमेयं तु किण्हस्स।।'' (ગોમ્મટસાર જીવકાંડ ગાથા-૫૭૮)

(અર્થઃ-જે પ્રચંડ તીવ્ર ક્રોધી હોય, વેરને છોડે નહિ, ઝઘડો કરવાના સ્વભાવવાળો હોય, દયાધર્મથી રહિત હોય, દુષ્ટ હોય, ગુરુજનાદિને વશ ન હોય-એ બધાં લક્ષણ કૃષ્ણલેશ્યાવાળા જીવનાં છે) એ પ્રમાણે ગાથામાં કહેલ લક્ષણવાળી કૃષ્ણલેશ્યા, ધનધાન્યાદિની તીવ્ર મૂર્ચ્છારૂપ અને વિષયોની આકાંક્ષારૂપ નીલલેશ્યા, રણભૂમિમાં મરવા ઇચ્છે અને કોઈ સ્તુતિ કરે તો સંતોષ પામે વગેરે લક્ષણોવાળી કાપોતલેશ્યા-એ પ્રમાણે ત્રણ (અશુભ) લેશ્યાથી માંડીને સમસ્ત વિભાવના ત્યાગ વડે દેહથી ભિન્ન આત્માને તું ભાવ. ૧૫૨.

---

## વીર સંવત ૨૫૦૨, મહા સુદ ૧૪, ગુરુવાર
## તા. ૩-૨-૧૯૭૭, ગાથા-૧૫૨, ૧૫૩, પ્રવચન નં. ૨૦૫

પરમાત્મપ્રકાશ, ૧૫૨ ગાથા. 'આગે દેહસે સ્નેહ છુડાતે હૈં—'

२८३) जोइय देहु परिच्चयहि देहु ण भल्लउ होइ।
देह-विभिण्णउ णाणमउ सो तुहुँ अप्पा जोइ।।१५२।।

અન્વયાર્થ :— 'હે યોગી,...' એના શિષ્યને કહે છે ને. 'હે યોગી, ઈસ શરીરસે પ્રીતિ છોડ,...' રાગના એકત્વ ઉપયોગમાં મિથ્યાત્વ અને સંસાર છે. એમ શરીરની એકતાબુદ્ધિ એ

મિથ્યાત્વ છે. આહાહા..! અને પર્યાયમાં રાગની એકતાબુદ્ધિ એ મિથ્યાત્વ અને શરીરની એકતાબુદ્ધિ, પરદ્રવ્યનો સંબંધ, સંબંધનો અર્થ બંધ, શરીરને અને મારે સંબંધ છે એવી જે માન્યતા એ બંધ છે, એ મિથ્યાત્વ છે. આહાહા..! સવારમાં કહ્યું હતું ને? રાગનું. જેમ પર્યાયમાં રાગના ઉપયોગમાં એકત્વ કરવું, એ જ પર્યાયમાં દ્રવ્યની સાથે એકત્વ કરવુ એ ધર્મ ને એ સમકિત છે. આહાહા..! જેમ રાગને ભાવકર્મને લીધું ત્યાં, અહીં નોકર્મ લીધું શરીર. એ પહેલા તો આવી ગયું છે, નહિ? શરીર કેવું છે? કે ત્રણલોકના દુઃખને ભેગા કરીને કર્મે વિધાતાએ કાળા વેરીએ શરીર બનાવ્યું છે. આહાહા..! તેથી એ દુઃખરૂપ છે અને એ પાપ છે. શરીર એ પાપ છે. આહાહા..! કેમકે પ્રકૃતિ કર્મની જેટલી છે એ બધી વિષના વૃક્ષ છે, ઝેરના ઝાડ છે. આહાહા..! એમાંથી ફળ તરીકે મળેલું શરીર એ પણ પાપ છે એકલું, કહે છે. આહાહા..! ભગવાનઆત્મા પવિત્રસ્વરૂપ ત્યારે આ પાપ છે. જ્યારે આ શરીર ત્રણલોકના દુઃખને ભેગા કરીને બનાવેલું છે, ત્યારે આત્મા અનંતસુખથી ભરેલું તત્ત્વ છે.

એમ અહીંયા કહે છે, **'પ્રીતિ છોડ, ક્યોંકિ યહ દેહ..'** **'भद्रः न भवति'** આહાહા..! **'અચ્છા નહીં હૈ,...'** આહા..! સુંદર શરીર દેખાય એ શરીરની જડની અવસ્થા એ સારી નથી. આહાહા..! શરીરની અનુકૂળતા લાગે એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? શરીરની સુંદરતા અને પુષ્ટી આદિ દેખીને જે સુંદર આત્મા પુષ્ટી આનંદ સહિત ભગવાન એમાં ઉલ્લસિત વીર્ય ન થતાં, આહાહા..! શરીરમાં સુંદરતા આદિ પુષ્ટીમાં ઉલ્લસિત વીર્ય અને હરખ આવે કે આ ઠીક છે, એ શરીર ઠીક નથી, ભાઈ! એમ કહે છે. આહાહા..! અહીં તો મૂળમાં ઘા છે. હવે એ શરીરની ક્રિયાથી ધર્મ થાય, એ ક્યાં રહ્યું ભાઈ? આહાહા..! શરીરથી તો પાપ થાય એમ કહ્યું. હેં!

મુમુક્ષુ :— શરીર પોતે પાપ છે.

ઉત્તર :— પોતે પાપ છે અને પાપ થાય એમ કહ્યું, બે વાત કરી. ત્રણ વાત કરી ને? શરીર તો ત્રણલોકના દુઃખને ભેગું કરીને બનાવ્યું છે, વિધાતાએ—કર્મે, પાપ છે અને પાપની ઉત્પત્તિનું કારણ છે એમ કહ્યું. આહાહા..! કારણ કે શરીરને લક્ષે તો પાપ જ ઉત્પન્ન થશે. ભગવાનઆત્માના લક્ષે તો પવિત્રતા પ્રગટ થશે. પોતે પરમાત્મ સ્વરૂપ, પરમાત્મપ્રકાશ છે ને, એટલે પરમાત્મસ્વરૂપ જ પોતે છે. આહાહા..! એનો પર્યાયમાં આશ્રય લેતા, આશ્રયનો અર્થ તે પર્યાયને દ્રવ્ય તરફ ઢાળતા જે કંઈ પર્યાયમાં શાંતિ અને આનંદ આવે એ દ્રવ્યના આશ્રયે આવેલી તત્ત્વદષ્ટિ છે. આહાહા..! વસ્તુ છે તત્ત્વ આખું પૂર્ણાનંદ પ્રભુ એની સામે અવગુણ ને દુઃખનું ઘર આ શરીર છે. આહાહા..! વેદનાની મૂર્તિ છે. એવા દેહ પ્રત્યેની મમતા છોડ. દેહ ભલો નથી એમ કહે છે.

**'ઈસલિયે...'** **'देहविभिन्नं'** દેહથી ભિન્ન ભગવાન અંદર. આહાહા..! **'જ્ઞાનાદિ ગુણમય...'** **'ज्ञानमयं'** કહ્યું છે ને. જ્ઞાનમય, જ્ઞાનવાળો એમ પણ નહિ. જ્ઞાનમય પ્રભુ સમજણનો પિંડ છે, એ તો જ્ઞાનનો પિંડ છે. જ્ઞાયક સ્વભાવભાવનું સ્વરૂપ છે એ તો. તત્ત્વ છે ને. તો તત્ત્વનો જ્ઞાયકભાવ એ એનો સ્વભાવ છે. આહા..! એવું જે જ્ઞાનમયી અથવા જ્ઞાનાદિ ગુણમય **'ઐસે આત્માકો...'** આત્માની વ્યાખ્યા કરી. આત્મા કોને કહીએ? એ તો જ્ઞાનાદિ ગુણમયને આત્મા કહીએ. આહાહા..!

દયા, દાન ને વ્રત, ભક્તિ આદિના પરિણામ એ આત્મા નહિ, એ અનાત્મા છે. ભગવાન તો નિત્યાનંદ જ્ઞાનમય. એ ભાષા નથી, એની ભાવની વાત છે. આહાહા..! એની સામું જોઈએ તો જ્ઞાનમય ચીજ છે. જ્ઞાનમય શબ્દે જ્ઞાયકની મુખ્યતાથી વાત કરી પણ જ્ઞાનની સાથે અવિનાભાવી તેથી જ્ઞાન આદિ લીધું. જ્યાં જ્ઞાન છે ત્યાં આનંદ છે, જ્યાં આનંદ છે ત્યાં જ્ઞાન છે, જ્યાં જ્ઞાન છે ત્યાં શુદ્ધતા છે, જ્યાં શુદ્ધતા છે ત્યાં જ્ઞાન છે. એવો અવિનાભાવી અનંતગુણ જ્ઞાનમય આત્મા એને તું આત્મા જાણ. આહાહા..! છે ને? '**જ્ઞાનાદિ ગુણમય ઐસે આત્માકો તૂ દેખ.**' આહાહા..! દેખનારાને દેખ, દેખાય જે ચીજ છે તેને ન જો. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ બાપુ એવો છે. અત્યારે તો બધો ફેરફાર થઈ ગયો છે. લોકોને આ નિશ્ચય નિશ્ચય લાગે. નિશ્ચયનો અર્થ પરમ સત્ય છે. આહા..!

**ભાવાર્થ :—** '**पश्य**' છે ને? દેખ, આમ દેખ. આમ (બહાર) ન દેખ. જ્ઞાનની પર્યાયમાં એને દેખ. જ્યારે એ સન્મુખ પર્યાય થાય છે તો પર્યાયની જ એટલી તાકાત છે, આહાહા..! કે દ્રવ્ય છે માટે પર્યાયને જાણવાનું થયું એને એમ નહિ, એ પર્યાયની તાકાત સ્વસન્મુખ થઈ તે દ્રવ્યને જાણવાની પર્યાય, દ્રવ્યને અડ્યા વિના જાણવાની શક્તિ એની છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું તો પર્યાયનું સામર્થ્ય છે. પર્યાયમાં સ્વપરપ્રકાશક સ્વભાવ છે ને. તેથી કહ્યું ને ૧૭-૧૮ ગાથામાં. દરેક જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જ જણાય છે. અજ્ઞાનીને પણ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જ જણાય છે. આહાહા..! દેખ કહ્યું ને એને. પણ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જણાય છે એમ હોવા છતાં એની દૃષ્ટિ એના ઉપર નથી. કેમકે જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય સ્વપરપ્રકાશક છે, દરેક સમયે. તો એ જ્ઞાનની પર્યાયમાં સ્વપ્રકાશક ભાવ આવી ગયો. હેં! આહાહા..! એને તું જો એમ કહે છે. આ 'દેખ' શબ્દ પડ્યો છે ને? ગંભીર શબ્દ છે. સમજાણું કાંઈ?

જ્ઞાનમય આત્માને દેખ. એ દેખ છે એ પર્યાય છે. આત્મા જે છે એ પર્યાયમય નથી. એ અનંતગુણમય છે. આહાહા..! એને તું પર્યાયમાં દેખ. કેમકે જેની એ પર્યાય છે એ જ પર્યાયમાં જણાય છે. આહાહા..! પણ અજ્ઞાનીની દૃષ્ટિ પર્યાય ઉપર હોવાથી પર્યાયમાં આ દેખાય છે, જણાય છે એમ એને પ્રતીત આવતી નથી. આહાહા..! તો પર્યાયનું જેટલું સામર્થ્ય છે એની એને પ્રતીતિ નથી. સમજાણું કાંઈ? પર્યાય જે જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય એટલું છે કે જે એક સમયની પર્યાય છ દ્રવ્યને તો જાણે પણ આને જાણે. એવો સ્વપરપ્રકાશક સ્વતઃ સ્વભાવ એવો હોય છે, એવું થાય છે એ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જણાય છે પણ એની દૃષ્ટિમાં એ એનીકોર નથી. એથી જણાતો હોવા છતાં તેને જણાતો નથી. હેં! આહાહા..! આવી વાતું છે. અને તે પર્યાયનું એટલું સામર્થ્ય છે કે પૂર્ણાનંદનો નાથ એને જાણે અને જાણવાની અને શ્રદ્ધાની પર્યાયમાં એ જણાય અને શ્રદ્ધાય. આહાહા..! એટલી તો પર્યાયની તાકાત છે. હવે એ પર્યાયની તાકાતની જેને પ્રતીત નથી એને દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી. આહાહા..! આવું છે.

એથી અહીં કહે છે, તું આત્માને દેખ. ઘણી ગંભીર (વાત). દિગંબર સંતોની વાણી ઘણી

ગંભીર અને ઘણી ગૂઢ. સમજાય છે કાંઈ? તારણસ્વામીમાં અધ્યાત્મની વાત છે પણ ઘણી ગાથા ને ઘણું ઘણું વાંચે ત્યારે એમાંથી નીકળે. આ તો એક એક ગાથા અને એક એક પદે એટલું ભર્યું છે. ઓહોહો..! કેમકે તું જ્ઞાન, આનંદથી ભરેલો ભગવાન છો ને. એની વાણીમાં બધું ભર્યું છે, કહે છે. હેં! આહાહા..!

**ભાવાર્થ :—** '**નિત્યાનંદ અખંડ સ્વભાવ જો શુદ્ધાત્મા...**' ટીકામાં એક શબ્દ છે એનો અર્થ એણે અખંડ કર્યો હવે. એકવાર આપણે આવી ગયું હતું. નહિતર એ એકનો અર્થ કરતા જ નથી, ટીકાકાર એકને મૂકી દે છે. પણ આમાં એકનો અર્થ અખંડ કરીને એકને રાખ્યો છે. પાઠમાં એક છે. છે ને? '**शुचिदेहांन्नित्यानन्दैक**'. સંસ્કૃતની પહેલી લીટી છે '**शुचिदेहांन्नित्यानन्दैक-स्वभावात्**'. આમાં વળી અર્થ કર્યો એણે. પહેલા હમણા એકવાર આવી ગયું હતું. નહિતર એકને કાઢી નાખે છે. ખરેખર તો એકમાં વસ્તુ છે. શુદ્ધચિદાનંદ એક સ્વભાવ. એક સ્વભાવ કહેતાં અભેદ સ્વભાવ, ભેદ નહિ એમાં. આહા..! તેથી અખંડ અર્થ કર્યો. આહાહા..! નિત્યાનંદ—નિત્ય આનંદ. આહાહા..! જેની સામું જોતાં તને આનંદ પ્રગટશે કહે છે. એવો એ નિત્યાનંદ પ્રભુ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**નિત્યાનંદ અખંડ...**' એકસ્વરૂપી પ્રભુ અંદર. આહા..! જેમાં જેને પર્યાયનો પણ ભેદ જેમાં નથી એમ કહે છે. '**નિત્યાનંદ અખંડ સ્વભાવ...**' એ શું? '**શુદ્ધાત્મા...**' આહાહા..! નિત્યાનંદ એક સ્વભાવ શુદ્ધાત્મા એના આ વિશેષણ આપ્યા. આહાહા..!

'**ઉસસે જુદા...**' આહાહા..! '**ઔર દુઃખકા મૂલ...**' અહીં નિત્યાનંદ કીધું ને આ બાજુ. દુઃખનું મૂળ. આહાહા..! ખરેખર દુઃખનું નિમિત્ત છે પણ એને લક્ષે દુઃખ થાય છે ને એથી દુઃખનું મૂળ એ ચીજ છે. આહાહા..! વેદનાની મૂર્તિ છે. આહાહા..! નિત્યાનંદ એક સ્વભાવ શુદ્ધાત્મા એક બાજુ, '**ઉસસે જુદા...**' જુદો તો ભલે હો, પણ દુઃખનું મૂળ (છે). આહાહા..! આવી વાત છે. એની માટે આખો દિ' સવારથી સાંજ ધ્યાન રાખવું, ખવડાવવું, પીવડાવવું, નવરાવવું, ધવરાવવું ને ધોવરાવવું. આહાહા..! કોઠીને ધોતા કાદવ નીકળે. માટીની કોઠી હોય અને ધોવે તો (કાદવ નીકળે), એમ આ ધૂળ નીકળે એમાંથી, મેલ નીકળે. આહા..! એકવાર નહોતું કહ્યું? શરીર છિદ્રવાળું છે. નવ (દ્વાર) મુખ્યરૂપે, આમ તો અસંખ્ય છિદ્ર (છે). એક એક વાળનો છિદ્ર છે ત્યાંથી પરસેવો નીકળે છે ને. મુખ્ય નવ. બે, ચાર, છ, સાત, આઠ ને નવ ... આહાહા..! એય! આવી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :— ઈ જ શરીર પૈસા કમાય છે.

ઉત્તર :— ધૂળમાંય કમાતો નથી. મૂઢ છે. મૂઢ થઈને પડ્યો છે અંદર. હેં! આહાહા..! દેહથી જુદો ભગવાન અને ભગવાનથી જુદો દેહ. જેટલી દેહની ક્રિયા થાય એ બધી જુદી દેહથી થાય છે. આહાહા..! અને એ ક્રિયા થાય છે એ મારાથી થાય છે, એણે દેહને પોતાનો માન્યો. આવી વાતું છે. આહાહા..!

'**ઔર દુઃખકા મૂલ...**' ભગવાન નિત્યાનંદ પ્રભુ શુદ્ધાત્મા એનાથી અન્ય ચીજ શરીર, એ તો ભલે અન્ય હો પણ એ દુઃખરૂપ છે. આહાહા..! એ દુઃખનું મૂળ છે એમ કહ્યું. ભગવાન આનંદનું

મૂળ છે. આહાહા..! જેની સામું જોયે આનંદ ઝરે એવો એ ભગવાન છે. આની સામું જોયે દુઃખ નીકળે એમ કહે છે. હેં! આહાહા..! '**તથા મહાન અશુદ્ધ...**' દુઃખનું મૂળ અને મહાન અશુદ્ધ અશુચિ '**જો શરીર ઉસસે ભિન્ન આત્માકો પહચાન,...**' આહાહા..! ત્રણવાર ગુલાંટ ખાધી. એક તો શરીર કોણ છે? કે શુદ્ધાત્મા જે વસ્તુ અખંડ સ્વભાવ એનાથી જુદો. એમ કરીને શરીરની વ્યાખ્યા કરી. સમજાણું? એકલું શરીર ન લીધું. નિત્યાનંદ અખંડ એક સ્વભાવથી જુદી ચીજ એમ કરીને પહેલી શરીરની વ્યાખ્યા કરી. આહાહા..! એવું જે શરીર એનાથી ભિન્ન આત્મા. પહેલા આમ ભિન્ન કર્યું હતું. આહાહા..! સમજાણું કાંઈ? એવી શૈલી છે ટીકાની. જયસેનાચાર્યની, આ શૈલી એવી છે. વર્ણવવું છે તો શરીર, પણ શરીર કેવું? કે નિત્યાનંદ એક સ્વભાવ—અખંડ સ્વભાવ ભગવાનઆત્માથી જુદું. કેવું? દુઃખનું મૂળ. કેવું? અશુચિનું ઘર. આહાહા..! એને ઓળખ. આહાહા..! જ્ઞાનની પર્યાયની નજરમાં નિધાન લે. આહા..! પર્યાયમાં રાગ ને વિકાર ને શરીરને લક્ષમાં લ્યે છો, આહાહા..! જેની પર્યાય છે તેને લક્ષમાં લેતા જેનામાં એ નથી તેને લક્ષમાં લ્યે છો. હેં! આહાહા..! એની જેની છે તેને જો ને એમ કહે છે. હેં! એને જો ને. આહાહા..! તેં કોઈ દિ' નજરું કરી નથી. આહા..!

'**ઔર કૃષ્ણ, નીલ, કાપોત ઈન તીન અશુભ લેશ્યાકો આદિ લેકર સબ વિભાવભોંકો ત્યાગકર,...**' પછી શુક્લલેશ્યા એ બધી વિભાવભાવ છે. આદિ છે ને? '**સબ વિભાવભાવોંકો ત્યાગકર, નિજસ્વરૂપકા ધ્યાન કર.**' આહા..! અહીં ત્યાગ કર, અહીં ધ્યાન કર. આહાહા..! આનું લક્ષ છોડ અને અહીં લક્ષ લગાવ એમ કહે છે. આહા..! આવો માર્ગ છે. વીતરાગમાર્ગ આવો, બાપુ! તારા આત્માના હેતુ કલ્યાણનો તો આ છે. આહાહા..! '**સબ વિભાવભાવોંકો...**' બધામાં કોઈ વિભાવ શુભરાગને રાખવો અને એનાથી થાય એમ છે નહિ. આહા..! એમ કહ્યું ને? '**સબ વિભાવભાવોંકો ત્યાગકર,...**' એટલે? ત્યાગકરનો અર્થ એનું લક્ષ છોડી દઈને. એમ. આ છોડું છું એવું ક્યાં છે એમાં. આહાહા..! સમજાવવાની શૈલી તો શું કરે? એનો ત્યાગ કર એટલે આ વિભાવ છે એને છોડું એમ છે? આહા..! વિભાવભાવના લક્ષને છોડી દઈને આ બાજુના ધ્યાનમાં લક્ષ લગાડી દે એમ કહે છે. આવો માર્ગ.

'**નિજસ્વરૂપકા ધ્યાન કર.**' આહાહા..! આમાં પરમાત્માનું ધ્યાન કર એ ન આવ્યું. વીતરાગ સર્વજ્ઞ પરમેષ્ઠી એ તો પરદ્રવ્ય છે. એના ઉપર લક્ષ જતાં તો રાગ થાય છે. આહાહા..! જેમ શરીર તે અનાત્મા છે એમ પંચપરમેષ્ઠી પણ તારે માટે તો અનાત્મા છે. હેં! આહાહા..! તારે માટે તો આ આત્મા જે શુદ્ધાત્મા તે જ આત્મા છે. આહા..! અને તારા આત્માની અપેક્ષાએ તો એ ભગવાન પણ અદ્રવ્ય અને અવસ્તુ છે. હેં! આહાહા..! અભાવ, અક્ષેત્ર, અદ્રવ્ય, અક્ષેત્ર, અકાળ અને અભાવ છે. એની અપેક્ષાએ ભલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભલે હો. આહાહા..! તારા અસ્તિત્વની અપેક્ષાએ તો એ અવસ્તુ છે. તો ત્યાં તારું લક્ષ દીધે તને લાભ શું થશે? હેં! આહા..! આવો માર્ગ છે. '**નિજસ્વરૂપકા...**' એ શબ્દ આવ્યો ને? નિજસ્વરૂપ શુદ્ધસ્વભાવ આનંદકંદ

નિત્યાનંદ એ નિજસ્વરૂપ. આહા..! તેને ધ્યેય બનાવ. ધ્યાનના વિષયમાં એને લે. ધ્યાનમાં વિષય તેને બનાવ. ધ્યાન વિષયી છે, વસ્તુ તેનો વિષય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઐસા કથન સુનકર શિષ્યને પૂછા,...'** લેશ્યા છોડીને, આવ્યું હતું ને? **'હે પ્રભો, ઈન ખોટી લેશ્યાઓંકા ક્યા સ્વરૂપ હૈ?'** આહા..! **'શ્રીગુરુ કહતે હૈં...'** ખોટીનું પૂછ્યું છે. આમ તો કૃષ્ણ આદિ બધા ભાવ વિભાવભાવ છે. સમજાય છે કાંઈ? **'કૃષ્ણલેશ્યાકા ધારક વહ હૈ, જો અધિક ક્રોધી હોવે,...'** આહાહા..! જરી જરી વાતમાં અંદર આમ ક્રોધ થાય એને. સાધારણ પણ એને પ્રતિકૂળતા લાગતા ક્રોધ-ક્રોધ થાય. એ કૃષ્ણલેશ્યાના ભાવ છે. **'કભી બૈર ન છોડે,...'** કોઈની સાથે કંઈક વેર થયું હોય તો વેર ન છોડે. આહાહા..! **'ઉસકા બૈર પત્થરકી લકીરકી તરહ હો,...'** પત્થર ઉપર લીટો હોય એ ભૂંસાય નહિ એવું હોય. આહાહા..! પત્થર હોય ને, કાળો પત્થર. લીટી છે ઈ લોઢાના સળિયાથી આમ કરી, ભૂંસાય નહિ. આહાહા..!

ખસમાં એક કાઠી હતો. સાળો બનેવી. એના બનેવીથી કો'ક દિ' કાંઈક બોલાઈ ગયું હશે એના સાળાને. એની બેન આમ રાંધતી હતી, બનેવી ખાતો હતો અને આ આવ્યો. આવો, આવો આપા. આપા કહે ને કાઠીમાં. એના બનેવી કહે, આપા આવો. ઓલો છરો લઈને આવેલો. આહાહા..! ઈ જોડે બેસીને હુલાવી દીધી. અહીં ખસમાં. .... આહાહા..! કેવી દશા હશે. હેં! સગો બનેવી, બેન રાંધતી હતી, ઓલો રોટલો ખાતો હતો. અને એને પણ ખબર નહિ બિચારાને. આવો, આવો આપા, આવો. આહા..! જોડે બેસીને.. આહા..! આ પરિણામ તો જુઓ. એવા અનંતવાર કર્યા છે હોં! એને માટેની વાત નથી. આહાહા..! હેં! ભગવાન નિર્મળાનંદના નાથને ભૂલીને આવી કૃષ્ણ આદિ લેશ્યાના સેવન કર્યા. આહાહા..! એને નરકાદિમાં જમા પડ્યા. આહાહા..!

**'મહા વિષયી હો,...'** વિષયમાં ગૃદ્ધિ હોય, વિષય પાંચ ઈન્દ્રિયના. આહાહા..! અનીન્દ્રિય ભગવાનના ભાનને ભૂલી અને વિષયમાં તલ્લીન તલ્લીન. આહાહા..! શરીર એવું મળ્યું હોય ને, પુષ્ટ રુષ્ટ જુવાન અવસ્થા, આહાહા..! એટલે વિષયમાં જાણે શું લઉં ને શું દઉં. આહાહા..! એવી તલ્લીનતા થઈ જાય કહે છે. જુઓ! આ માઠા કૃષ્ણના લક્ષણ. આહાહા..! કૃષ્ણલેશ્યા, ઓલા કૃષ્ણ ભગવાન, આત્મા કૃષ્ણ ભગવાન છે. કર્મ કૃષે તે કૃષ્ણ કહીએ. આહાહા..! ભગવાન તો રાગને કષાયને કૃષી નાખે એ કૃષ્ણ ભગવાન છે આત્મા. આ કૃષ્ણલેશ્યા છે. આહાહા..! આ તો ધીરાના કામ છે, બાપુ! આ કાંઈ બહારથી મળી જાય એવી ચીજ નથી. આહાહા..!

ભગવાન અંદર બિરાજે છે પરમાનંદસ્વરૂપ. એનો પરિચય નહિ કરતાં, કીધું ને? પરિચયી, દેહનો પરિચયી. **'योगिन् देहं परित्यज'**. એનો પરિચય છે તે છોડી દે એનો અર્થ એ. આહાહા..! ને ભગવાનનો પરિચય કર્યો નથી એનો પરિચય કર. શ્રુત, પરિચિત, અનુભૂત આવે છે ને? ચોથી (ગાથા). આહા..! અહીં કહે છે, આને **'परित्यज'** એટલે કે એનો પરિચય છોડ અને અહીં તેં પરિચય કર્યો નથી ત્યાં કર. આહાહા..! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ છે ભઈ. આ કંઈ વાદવિવાદે પાર પડે એવું નથી. આહા..!

કહે છે, મહાવિષયી હોય. આહા..! ગૃદ્ધિ ભોગમાં ખાવામાં, પીવામાં. એકસાથે પાંચઇન્દ્રિયના વિષયને ભોગવવા જેવી એની તલ્લીનતા હોય. આહાહા..! **'પરજીવોંકી હંસી ઉડાનેમેં જિસકે શંકા ન હો,...'** શું કરું છું આ? હાંસી ઉડાવીને આ મરી જશે. સમજાણું? આહાહા..! **'પરજીવોંકી હંસી ઉડાનેમેં... અપની હંસી હોનેકા જિસકો ભય ન હો,...'** આહાહા..! અરે! લોકો મશ્કરી કરશે આવા ભોગમાં ને આવી તલ્લીનતામાં એની એને દરકાર ન હોય. લોકલજ્જા પણ જેને હોય નહિ એમ કહે છે. **'જિસકા સ્વભાવ લજ્જા રહિત હો, દયા-ધર્મસે રહિત હો,...'** ભગવાનઆત્માની દયા તો અહિંસા ઉત્પન્ન કરવી તે. પરની દયાના ભાવમાં પણ રાગની મંદતા, એ આને ન હોય એમ કહે છે. આહાહા..! દયાધર્મના બે પ્રકાર છે. એક પોતાની દયા. જેવડો અને જેટલો (આત્મા) છે તેને તે રીતે માનવો, અનુભવવો એ દયા કહેવાય. કેમકે જેવું જીવન અને જીવતર છે તેવી ચીજ તે રીતે માની અને અનુભવી તો એણે દયા પાળી. અને એવડો અને એટલો છે એને ન માનતા રાગવાળો માનવો, તો એ જીવની હિંસા કરી એણે પોતાની. સમજાણું કાંઈ? એક રાગવાળો માનવો, એક પર્યાય જેટલો માનવો. તો જેવું એનું સ્વરૂપ છે આખું એનો એણે અનાદર કર્યો. અનાદર કર્યો એટલે કે એ નથી એમ હિંસા કરી. આહાહા..! આવી વાતું છે, બાપુ! સમજાણું કાંઈ? આ તો પરમાત્મપ્રકાશ છે. આહા..! સમયસાર, પરમાત્મપ્રકાશ, પ્રવચનસાર કોઈપણ પુસ્તક લો, દિગંબર સંતની વાણી તો વીતરાગને સ્પર્શાવે એવી વાણી છે. દુનિયા શું માને, ન માને એની સાથે કંઈ સંબંધ નથી. આહાહા..!

**'અપનેસે બલવાનકે વશમેં હો,...'** શું કહે છે? પોતાથી જે બળવાન હોય ને, તાબામાં રહે ઈ. આહાહા...! **'ગરીબકો સતાનેવાલા હો,...'** આહાહા..! પોતાથી જેની શક્તિ ઓછી હોય પૈસામાં, મકાનમાં (એને) દબાવે, ગરીબ કહે. એક ફેરી તો અમે આમ બેઠા હતા પાટે અને એક બિચારો આવ્યો પડિકમણું કરવા સાંજના. એમાં એક હતો માણસ. તો ઓલાને એવી ચોપડી. હું બેઠો હોત તોપણ એને કહે, મૂરખના સરદાર. ઓલો બિચારો ગરીબ માણસ અને આ શેઠિયા. અરે! શું કરે છે કીધું આ? ઓલાને બિચારાને કહે, મૂરખના સરદાર. અને પોતે પડિકમણું કરવા આવેલા. હેં! આહાહા..! અરે! કોઈ માણસ વાણિયો હોય, ભલે ગરીબ હોય પણ એને એકદમ આવો તરછોડી નાખવો એ માઠા લેશ્યાના લખણ છે. ગરીબને સતાવવાની વાત છે ને. આહાહા..! **'ઐસા કૃષ્ણલેશ્યાવાલેકા લક્ષણ કહા.'**

**'નીલલેશ્યાવાલેકે લક્ષણ કહતે હૈં, સો સુનો-જિસકે ધન-ધાન્યાદિકકી અતિ મમતા હો,...'** લક્ષ્મી ને ધાન આદિમાં અતિ મમતા હોય. આહાહા..!

મુમુક્ષુ :— અતિ મમતાની શું વ્યાખ્યા?

ઉત્તર :— એકત્વબુદ્ધિની મમતા.

મુમુક્ષુ :— ઈ તો મમતા થઈ.

ઉત્તર :— હા, ઈ મમતા પણ એકત્વબુદ્ધિની મમતા. સ્ત્રી, પુરુષ, પૈસા, મકાન, ધન, ધાન,

અનાજ. આહાહા..! એકત્વબુદ્ધિની મમતા હોય. આહા..! બોલે ત્યારે પછી એમ કહે, કોણ છે આ? અમારા ઘરમાંથી છે. બૈરાને માટે એમ કહે છે ને? ઘરમાંથી બોલે એમાં કેટલી ચીકાશ છે એ જરી જોવા જેવું હોય. આ તો બધું (જોયું છે). આહાહા..! તારા ઘરમાં ઈ ક્યાંથી આવી? આહાહા..! અમારા ઘરેથી છે. અમારું શું અને ઘરેથી શું? બાપુ! તને કંઈ વિચાર છે અંદર? કે એમ ને એમ તું લવ્યે જ જાય છે? ચીમનભાઈ! ઈ ભાષાની વાત નથી, એમાં અંદર ચીકાશ કેટલી છે. ભાષા તો મોટા સમકિતી જ્ઞાની હોય તો ઈ પણ એમ કહે, બીજાને ઓળખાવવા માટે, આ અમારો દીકરો છે એમ કહે. અમારો દીકરો છે એનો અર્થ થયો કે અ-મારો એટલે મારો નથી એમ અંદર દૃષ્ટિમાં છે. સમજાણું કાંઈ? શ્રીમદ્ આમ ઘણી વખત કહેતા. બહુવચન બોલતા એટલે લોકોને ઓલું લાગતું. આ અમારી સ્ત્રી છે, આ અમારો દીકરો છે, આ અમારી દુકાન છે. અમારી, અમારી કરતા એટલે લોકો કહે, આ અમારી અમારી કેમ કરે છે? બાપુ! એનો અર્થ એવો હતો કે અમારી એમ કહેતા એ મારી નથી એમ તને ઓળખાવ્યા. અ-મારી. શબ્દ તો અમારી એમ પણ કહ્યા. આહાહા..! બાબુભાઈ! ભાષા ... આહા..! ચીકાશ અંદરથી જાણે! આહા..! આ અમારો દીકરો છે, એમ.એ.માં પાસ થયો છે, એલ.એલ.બી.માં પાસ થવાની તૈયારી છે, ડોક્ટરનું ભણી લીધું, હવે વકીલાતનું ભણે છે, નાનો આ ભણે છે, ઢીકણો આ ભણે છે એમ કરીને મીઠાશ.. મીઠાશ.. મીઠાશ (વેદે). આમ થાય છે ને. બાપુ! પરચીજ ક્યાં, તારે અને એને સંબંધ શું? સંબંધ એટલે કે એ મારો એનો અર્થ જ બંધ થયો તને. આહાહા..!

અહીં કહે છે કે જેને '**ધન-ધાન્યાદિકકી અતિ મમતા હો,...**' સમકિતીને આસક્તિ હોય છે પણ એ આસક્તિ ચારિત્રદોષની છે. આ તો અતિ મમતા, એ મારી છે, અમે એના છીએ. આહાહા..! ખરી ભીડમાં એ બધા અમને મદદ કરનારા છે, એવી મીઠાશથી અંદર બોલે ભાષા. આ બધા સંસારના ખેલ. આહાહા..! '**મહા વિષયાભિલાષી હો,...**' છે ને? મહા વિષયનો અભિલાષ. રાગ તો જ્ઞાનીને હોય, વિષયની મીઠાશ જેને ઊડી ગઈ. આહાહા..! સમકિતીને વિષયની મીઠાશ સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! ઓલા કોર્ટવાળા ગુનેગારને ગધેડે બેસાડે ને, ઈ કંઈ હોંશ છે એને બેસવાની? એમ એવો કોઈ રાગ ભાગ આવે. આહાહા..! પણ એની અભિલાષ અને એનો રસ નથી. આ તો અંદરમાં વિષયઅભિલાષ મહા. આહાહા..! '**ઇન્દ્રિયોંકે વિષય સેવતા હુઆ તૃપ્ત ન હો.**' વિષયની તૃષ્ણા વધ્યે જ જાય. અગ્નિમાં જેમ લાકડા નાખે (તો) અગ્નિ વધ્યે જ જાય. એમ વિષયને ભોગવતા ભોગવતા વિષયને સમાપ્ત ન કરે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે. '**તૃપ્ત ન હો.**'

'**કાપોતલેશ્યાકા ધારક રણમેં મરના ચાહતા હૈ,...**' એ ત્રીજી લેશ્યા કીધી. દરકાર ન હોય, દેહ છૂટી જાય ને બાણ વાગે તોય દરકાર નહિ. એટલી તીવ્ર લેશ્યા કાપોત. આહા..! '**સ્તુતિ કરનેસે અતિ પ્રસન્ન હોતા હૈ.**' વખાણ કરે ત્યાં અંદર ગલગલિયા થઈ જાય. બહારથી એમ કહે, તમે મને પ્રમુખ તરીકે મોટો ઠરાવ્યો એ તમારો મને આભાર છે પણ હવે નભાવવું હોય તમારે, એમ

કરીને બોલે. અંદર ગલગલિયા થતા હોય.

મુમુક્ષુ :— એક શબ્દ રહી ગયો, હું એને માટે લાયક નથી.

ઉત્તર :— હા, લાયક નથી એમ પણ કહે. હું એને માટે લાયક નથી પણ તમે મને ગોતીને શોધ્યો એ તમારો આભાર છે. એય! ભગવાનજીભાઈ! આ નાટક છે. આહાહા..!

'**યે તીનોં કુલેશ્યાકે લક્ષણ કહે ગયે હૈં, ઈનકો છોડકર પવિત્ર ભાવોંસે દેહસે જુદે જીવકો...**' આહાહા..! એટલે શું કહે છે? દેહથી જુદો કઈ રીતે જાણે? પવિત્ર ભાવોથી જુદો જાણે. પરિણમીને એમ કહે છે. આહાહા..! દેહથી ભિન્ન-ભિન્ન એમ નહિ. '**પવિત્ર ભાવોંસે દેહસે જુદે જીવકો જાનકર અપને સ્વરૂપકા ધ્યાન કર.**' આહાહા..! અપવિત્ર ભાવને છોડીને એમ ન કહેતા પણ એ શરીરનો અર્થ થયો. પવિત્ર ભાવથી આત્માને જાણ. જુદો પડીને જાણ્યો ત્યારે શું થયું? પવિત્રતા વીતરાગ પરિણતિ આવી. સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ પરિણતિ દ્વારા એને જાણ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઘણા ગંભીર શબ્દો છે. થોડા પણ ગાગરમાં સાગર ભરી દીધી છે. આચાર્યો ગજબ છે! સંતો ત્રણકષાયના અભાવ અને જંગલમાં આનંદમાં મહાલતા વનવાસમાં સિંહ અને વાઘની વચ્ચે બેઠા હોય તોપણ આનંદમાં મહાલતા હોય છે. આહાહા..! આમ સિંહની ટોળી આમ બેઠી હોય. સર્પ મોટા કાળા નાગ નીકળતા હોય, આનંદમાં મસ્ત હોય છે. આહાહા..! એની વાણીનું શું કહેવું! વીતરાગની વાણી ને વીતરાગી મુનિની વાણી, બધી એક છે. આહાહા..! એવી વાણી કાને પડવી પણ ભાગ્યશાળીને હોય છે. આહા..! ઓલા ભાગ્યશાળી પૈસાવાળા નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ઈ ભાગ્યશાળી હોય તો શું વાંધો?

ઉત્તર :— ઈ ભાગ્યશાળી છે જ નહિ. એમ કે આ પૈસાવાળા ભાગ્યશાળી અને સાંભળવામાં ભાગ્યશાળી, બેય ભેગા. પણ ઓલા ભાગ્યશાળી છે જ નહિ. આહા..! ભાંગશાળી છે એ તો. તમાકુને સાધનારા છે. સાધનારા છે. આહાહા..! ત્રણલોકના નાથની મધુર મીઠી વાણી. આહાહા..! શાંત 'વચનામૃત વીતરાગના,...' આવે છે ને? 'પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' એવી વાણી જ્યાં પડે કાને, આહાહા..! કાયરના કાળજા ધ્રુજે, આ તો એકાંત છે રે એકાંત છે. અરે! સાંભળને, ભાઈ! અનેકાંત માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય કોઈ હેતુ છે નહિ બીજો. સમ્યક્ એકાંતમાં જવાનું છે. હેં! એને લોકો એકાંત કહે છે. અરે! પ્રભુ! સાંભળ ભાઈ! આહાહા..! અનેકાંતનું જ્ઞાન પણ સમ્યક્ એકાંતમાં આવ્યા વિના યથાર્થ અનેકાંતનું જ્ઞાન થાય જ નહિ. આહાહા..! શ્રીમદ્‌માં લીટી છે ને? વ્યાખ્યાન આપ્યું હતું તે દિ' એક કલાક, ત્યાં વવાણિયા. એક લીટી છે એટલી. અનેકાંત માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અનેરે કારણે હેતુ નથી. આહાહા..!

ભગવાનઆત્મા સમ્યક્ એકાંત સ્વનો આશ્રય લેતાં પરનો પણ આશ્રય લેવા જેવો છે લાભ એમ છે નહિ. આહાહા..! એ સ્વનો આશ્રય લઈને જે થયું એ પરના આશ્રયવાળો જે વ્યવહાર એને

પણ જાણવાની તાકાત એને છે. હેં! આહાહા...! સમજાણું કાંઈ? એટલે કે બેયને ભેગા રાખે અને લાભ થાય એમ નથી. આહાહા..! નિમિત્ત, રાગ અને પર્યાય તરફથી વિમુખ થાય અને સ્વભાવની સન્મુખ થાય. સ્વભાવથી અનાદિથી વિમુખ છે અને પર્યાય ને રાગથી સન્મુખ છે એ સંસાર છે. આહાહા..!

એ અહીં કહે છે, નિજ સ્વભાવને જાણ. આહાહા..! પવિત્ર ભાવ દ્વારા જીવને જાણ. એટલે એનો અર્થ થયો કે એકાંત ન્યાં જા. સાથે વ્યવહારથી લાભ થશે ને નિમિત્તથી થશે એ વાત ત્યાં રહેતી નથી. સમજાણું કાંઈ? વસ્તુ તો આવી છે. એ રીતે એને મગજમાં આવે—જ્ઞાનમાં, ત્યારે યથાર્થ કહેવાય. હેં! આહા..! પછી ભલે એને માનનારા ન હોય, થોડા હોય એની સાથે કોઈ સંબંધ નથી. આહાહા..! **'અપને સ્વરૂપકા ધ્યાન કર.'** આહાહા..! આ તો એકાંત થઈ ગયું. હેં! બીજાનું નહિ અને આનું, એનું નામ અનેકાંત છે. બીજાથી લાભ થાય રાગથી અને પોતાથી લાભ થાય એ અનેકાંત નહિ. એ તો ફૂદડીવાદ છે. **'યહી કલ્યાણકા કારણ હૈ.'** લ્યો. આહાહા..! ૧૫૨ થઈ.

---

## ગાથા-૧૫૩

अथ-

२८४) दुक्खहँ कारणु मुणिवि मणि देहु वि एहु चयंति।
जित्थु ण पावहिँ परम-सुहु तित्थु कि संत वसंति।।१५३।।
दुःखस्य कारणं मत्वा मनसि देहमपि इम त्यजन्ति।
यत्र न प्राप्नुवन्ति परमसुखं तत्र किं सन्तः वसन्ति।।१५३।।

दुक्खहं इत्यादि। दुक्खहं कारणु वीतरागतात्त्विकानन्दरुपात् शुद्धात्मसुखाद्विलक्षणस्य नारकादिदुःखस्य कारणं मुणिवि मत्वा। क्व। मणि मनसि। कम्। देहु वि देहमपि एहु इमं प्रत्यक्षीभूतं चयंति देहममत्वं शुद्धात्मनि स्थित्वा त्यजन्ति जित्थु ण पावहिं यत्र देहे न प्राप्नुवन्ति। किम्। परम-सुहु पञ्चेन्द्रियविषयातीतं शुद्धात्मानुभूतिसंपन्नं परमसुखं तित्थु कि संत वसंति तत्र देहे सन्तः सत्पुरुषाः किं वसन्ति शुद्धात्मसुखसंतोषं मुक्त्वा तत्र किं रतिं कुर्वन्ति इति भावार्थः।।१५३।।

---

आगे फिर भी देहको दुःखका कारण दिखलाते हैं-

## गाथा-१५३

अन्वयार्थ :- [दुःखस्य कारणं] नरकादि दुःखका कारण [इमं देहमपि] इस देहको [मनसि] मनमें [मत्वा] जानकर ज्ञानीजीव [त्यजंति] इसका ममत्व छोड़ देते हैं, क्योंकि [यत्र] जिस देहमें [परमसुखं] उत्तम सुख [न प्राप्नुवंति] नहीं पाते, [तत्र] उसमें [संतः]

सत्पुरुष [किं वसंति] कैसे रह सकते हैं?।

भावार्थ :-वीतराग परमानंदरुप जो आत्म-सुख उससे विपरीत नरकादिकके दुःख, उनका कारण यह शरीर, उसको बुरा समझकर ज्ञानी जीव देहकी ममता छोड़ देते हैं, और शुद्धात्मस्वरुपका सेवन करते हैं, निजस्वरुपमें ठहरकर देहादि पदार्थोंमें प्रीति छोड़ देते हैं। इस देहमें कभी सुख नहीं पाते, सदा आधि-व्याधिसे पीड़ित ही रहते हैं। पंचेन्द्रियोंके विषयोंसे रहित जो शुद्धात्मानुभूतिरुप परमसुख वह देहके ममत्व करनेसे कभी नहीं मिल सकता। महा दुःखके कारण इस शरीरमें सत्पुरुष कभी नहीं रह सकते। देहसे उदास होके संसारकी आशा छोड़ सुखका निवास जो सिद्धपद उसको प्राप्त होते हैं। और जो आत्म-भावनाको छोड़कर संतोषसे रहित होके देहादिकमें राग करते हैं, वे अनंत भव धारण करते हैं, संसारमें भटकते फिरते हैं।।१५३।।

---

હવે, દેહને ફરી દુઃખનું કારણ બતાવે છે :-

ભાવાર્થ :- આ પ્રત્યક્ષગોચર દેહને પણ વીતરાગ તાત્ત્વિક આનંદરૂપ શુદ્ધાત્મસુખથી વિલક્ષણ નરકાદિના દુઃખનું કારણ મનમાં જાણીને શુદ્ધ આત્મામાં સ્થિત થઈને સત્પુરુષો દેહનું મમત્વ છોડે છે, (કારણ કે) જે દેહમાં પંચેન્દ્રિયોના વિષયોથી રહિત શુદ્ધાત્માનુભૂતિસંપન્ન પરમ સુખ પામતા નથી તે દેહમાં સત્પુરુષો શા માચટે નિવાસ કરે? શુદ્ધાત્મસુખમાં સંતોષ છોડીને તે દેહમાં શા માટે રતિ કરે? ૧૫૩.

---

## ગાથા-૧૫૩ ઉપર પ્રવચન

૧૫૩. 'આગે ફિર ભી દેહકો દુઃખકા કારણ દિખલાતે હૈં—' આ બધી ગાથાઓ દેહને માટેની છે. પહેલી કહી ગયા છે.

२८४) दुक्खहँ कारणु मुणिवि मणि देहु वि एहु चयंति।
जित्थु ण पावहिँ परम-सुहु तित्थु कि संत वसंति।।१५३।।

આહાહા..! જેમાંથી શાંતિ ન મળે એમાં સત્પુરુષો કેમ રહે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ, એ કહેશે જુઓ!

**અન્વયાર્થ :— 'નરકાદિ દુઃખકા કારણ ઈસ દેહકો મનમેં જાનકર... '** આહાહા..! **'નરકાદિ દુઃખકા કારણ...'** દુઃખકા કારણ છે ને? **'इमं देहमपि' 'ઈસ દેહકો મનમેં જાનકર જ્ઞાનીજીવ ઈસકા મમત્વ છોડ દેતે હૈં,... '** આહાહા..! **'ક્યોંકિ જિસ દેહમેં ઉત્તમ સુખ નહીં પાતે,...'** આહાહા..! એમાં કેમ રહે ઈ? એમ કહે છે. જે ઘરમાં ઠીક ન પડે એ ઘરમાં રહે કેમ? એમ કહે છે. આહાહા..! **'ઉત્તમ સુખ નહીં પાતે ઉસમેં સત્પુરુષ કૈસે રહ સકતે હૈં?'** શું કહે છે ઈ? જેમાંથી સુખ ન મળે એવા સંતો સત્પુરુષો એમાં કેમ રહે? આહાહા..! સુખ મળે

તેવા આત્મામાં જાય નહિ. ન્યાં રહેઠાણને બનાવે. રહેઠાણનું રહેઠાણ નથી આવતું? નિર્જરા અધિકારમાં આવે છે. રહેનારનું રહેઠાણ તે આત્મા છે. નિર્જરા અધિકારમાં આવે છે. રહેનારને રહેવું હોય તો તે સ્થાન ભગવાન છે. રાગાદિ રહેનારનું રહેઠાણ નથી. હેં!

મુમુક્ષુ :— બીજા બધા આપત્તિના સ્થાન છે.

ઉત્તર :— આપત્તિ વ્યભિચાર છે. આહાહા..!

સત્પુરુષો વ્યભિચારના દુઃખમાં કેમ રહે? એમ કહે છે. આહાહા..! એ જેમાં સુખ ભર્યા છે ત્યાં ન જાય, ન્યાં ન રહે. આવી વાત છે, ભઈ. સમજાણું કાંઈ? ઓળંભો આપ્યો છે. અરે! ઉત્તમ સુખ તો દેહમાં તો ક્યાંય મળે એવું નથી. આહાહા..! **'ઉસમેં સત્પુરુષ કૈસે રહ સકતે હૈં?'** આહાહા..! દેહ સુંદર અને શરીર હોય ઊંચું છતાં તેમાં કેમ રહે? આહાહા..! રહેવાનું સ્થાન તો ભગવાન છે ત્યાં રહે ને. જ્ઞાની આમાં કેમ રહી શકે? આહાહા..! ભલે એક બે દેહ ધારણ કરવા હોય તોપણ એમાં એ રહેતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત છે. જુઓને! કીધું ને? **'जित्थु ण पावहिँ परम-सुहु'** જ્યાંથી આનંદ ન મળે **'तित्थु कि संत वसंति'** ત્યાં કેમ સત્પુરુષ ટકે? આહાહા..! કહો, પોપટભાઈ! આવી વાતું છે આ. આહાહા..! રાગમાં સુખ મળે નહિ, પુણ્યમાં સુખ મળે નહિ, શરીરમાં સુખ મળે નહિ, સ્ત્રીમાં સુખ મળે નહિ ત્યાં એ કેમ રહે? કહે છે. આહા..! અને ભવિષ્યમાં અનંતકાળ તો એને રહેવું છે. હવે જ્યાં એની દૃષ્ટિ છે ત્યાં એ રહેશે. જેમાં રહેવા યોગ્ય નથી એમાં દૃષ્ટિ હોય તો ત્યાં રહેશે ભવિષ્યમાં નરક, નિગોદ આદિ દુઃખમાં. અને આત્મામાં સુખ છે એટલે પરમાં કેમ ટકે? આહાહા..! એમાં અંદરમાં આત્મા આનંદસ્વરૂપ છે ત્યાં દૃષ્ટિ પડી તો ભવિષ્યમાં તો રહેવાનું છે અનંતકાળ તત્ત્વ, તો શેમાં રહેશે? આત્મામાં રહેશે દૃષ્ટિ. આહાહા..! સમજાણું કાંઈ? **'કૈસે રહ સકતે હૈં?'** આહાહા..! નરકનું દુઃખ કીધું હતું ને?

**ભાવાર્થ :— 'વીતરાગ પરમાનંદરૂપ જો આત્મ-સુખ...'** ૧૫૩. પાઠમાં એટલું છે કે **'वीतरागतात्त्विकानन्दरुपात्'** પાઠ એ છે સંસ્કૃત. **'वीतरागतात्त्विकानन्द'** સંસ્કૃતમાં છે. એનો અર્થ અહીં ઈ કર્યો, વીતરાગ પરમાનંદરૂપ. તાત્ત્વિકનો અર્થ પરમ કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? **'વીતરાગ પરમાનંદરૂપ...'** ભાવાર્થ છે ને, પહેલી લીટી. ટીકામાં **'वीतरागतात्त्विकानन्दरुपात्'** (છે). એ તાત્ત્વિક આનંદ ભગવાનમાં છે. આહાહા..! **'ઉસસે વિપરીત નરકાદિકે દુઃખ, ઉનકા કારણ યહ શરીર, ઉસકો બુરા સમઝકર જ્ઞાની જીવ દેહકી મમતા છોડ દેતે હૈં,...'** વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, મહા સુદ ૧૫, શુક્રવાર
## તા. ૦૪-૦૨-૧૯૭૭, ગાથા-૧૫૩, પ્રવચન નં. ૨૦૬

પરમાત્મપ્રકાશ, ૧૫૩ ગાથા છે. '**ભાવાર્થ :- વીતરાગ પરમાનંદરૂપ જો આત્મસુખ...**' સુખ ક્યાં છે એમ કહે છે. ભગવાનઆત્મા વીતરાગ પરમાનંદ સુખરૂપ છે. શરીર, વાણી તો જુદા છે. એની વાત શું કરવી? પણ પુણ્ય અને પાપના ભાવ જે શુભ-અશુભ રાગ એનાથી જુદું આત્મતત્ત્વ છે અંદર, એ વીતરાગ પરમાનંદ સુખરૂપ છે. આહાહા..! વીતરાગ પરમાનંદરૂપ આત્મસુખ. આહાહા..! પાછા ઇન્દ્રિયોના સુખાદિ છે એ તો રાગ અને દુઃખ છે. શરીર પ્રત્યેના પ્રેમમાં જે રાગ માને, સુખ માને એ તો દુઃખ છે. આહાહા..! પાંચઇન્દ્રિયના વિષયો તરફમાં લાલસા વિષયની એ પણ દુઃખ અને રાગ છે. જેને સુખ જોતું હોય એટલે કે જેને ધર્મ કરવો હોય એટલે કે જેને મોક્ષનો માર્ગ પ્રગટ કરવો હોય. આહાહા..! એણે વીતરાગ પરમાનંદ સુખનું ધ્યાન કરવું. આહાહા..! આવી વાત છે.

'**ઉસસે વિપરીત નરકાદિક કે દુઃખ,...**' નીચે ભગવાન જિનેશ્વરદેવે સાત નારકી જોયા છે એમાં અનંત દુઃખ છે. તિર્યંચ ગતિમાં—ઢોરમાં પણ અનંત દુઃખ છે, મનુષ્યમાં પણ આ બધું દુઃખ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— એમાં જરાક વિચારવા જેવું છે.

ઉત્તર :— વિચારવા જેવું શું છે. આ પૈસાવાળા કહેવાય દુઃખી, દુઃખી છે એ. પૈસા જડ છે, જડ માન્યતા. એ જડમાં કલ્પના ફીટી છે એ મહાદુઃખ છે. આહાહા..! આવી વાત છે. ભગવાન જિનેશ્વરદેવ મૂળ વાત કરવા માગે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આત્મા સર્વજ્ઞ જિનેશ્વર વીતરાગદેવે એવો છે એ કેવો? કે એ તો વીતરાગ પરમાનંદ સુખરૂપ છે. આહાહા..! આવી વાત છે હવે. આત્મા એટલે શું? આ પરનું કરે અને આ કરે એમ નહિ, એ આત્મા નહિ. આહાહા..! વીતરાગ રાગરહિત પરમ આનંદ અતીન્દ્રિય એવો સુખરૂપ છે એનો આશ્રય કરતાં વીતરાગ પરમાનંદ સુખની પ્રાપ્તિ થાય છે. આવી વાત છે. એનાથી વિપરીત ચાર ગતિનું દુઃખ છે. આ બધા કરોડોપતિ દેખાય છે ને, એ બિચારા દુઃખી છે એને ખબર નથી.

મુમુક્ષુ :— ડાહ્યા માણસોને ખબર નથી?

ઉત્તર :— ખબર નથી, મૂઢ છે. એમ લ્યો. ખબર નથી એ તો નકારમાં ગયું. ખબર નથી. મૂઢ છે. ભગવાનજીભાઈ! આહાહા..!

મુમુક્ષુ :— આપની પાસે તો હા જ પાડે ને.

ઉત્તર :— આ વસ્તુસ્થિતિ વીતરાગ જિનેશ્વરદેવ પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્મા એના જ્ઞાનમાં

ત્રણકાળ ત્રણલોક જણાણા, ઈચ્છા વિના વાણી નીકળી. એની તકરારું મોટી. વાણીના કર્તા કેવળી છે એમ કહે. વાણી તો જડ છે પ્રભુ! તને ખબર નથી. અવાજ ઉઠે છે એ તો જડની ભાષા છે. આત્મા છે ઈ? ઈ જડની ભાષા જડથી થાય છે, આત્માથી નહિ. આહાહા..! આત્માથી રાગ થાય એ આત્માથી નહિ એમ કહે છે. રાગ એ ઉપાધિ, વિકલ્પ, વિકાર. આહાહા..! એ નિમિત્તને આશ્રયે ઉપાધિનો ભાવ, પુણ્ય-પાપનો ભાવ છે એ આત્મા નહિ. આહાહા..! જેને સર્વજ્ઞ જિનેશ્વરદેવ આત્મા કહે છે એવો સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય છે નહિ.

આ આત્મા જેને કહીએ એ તો વીતરાગ પરમાનંદ સુખ છે. એનાથી વિપરીત ચાર ગતિના દેવમાં પણ દુઃખ છે. આહાહા..! સ્વર્ગમાં દેવો પણ દુઃખી છે. કેમકે આત્મા આનંદસ્વરૂપની જ્યાં દૃષ્ટિ નથી, ભગવાન આનંદસ્વરૂપનો જ્યાં આશ્રય નથી, એને પરનો આશ્રય છે તે બધા દુઃખી છે. કહો, આવું છે. બહારમાં લહેર કરતા દેખાય. પાંચ-પચાસ લાખના બંગલા હોય, બાયડી, છોકરા, કુટુંબ એ તો બધી પરચીજ છે ને પ્રભુ! અહીં તો શરીર ઉપર વાત લે છે. આ જડ, માટી, ધૂળ છે, અજીવ છે, પર છે. આહાહા..! એનો પ્રેમ કરવો એ દુઃખ છે એમ કહે છે. આહાહા..! છે?

'**નરકાદિકકે દુઃખ,...**' નરક આદિ એટલે ચાર ગતિ. એ શેઠિયાઓ, એ દેવો, એ રાજા બધા દુઃખી છે. આત્માના આનંદનો જ્યાં આશ્રય નથી અને સ્વઆશ્રય છોડીને પરાશ્રયમાં જે ઊભા છે એ બધા દુઃખી છે. એને ખબર નથી. સનેપાતિયા સનેપાતના જોરમાં દાંત કાઢે. એ સુખી છે? વાત, પિત્ત અને કફની દશા વકરી ગઈ છે. એટલે દાંત કાઢે છે એ તો સનેપાતના દાંત કાઢે છે. સુખી છે? એમ અજ્ઞાની પરમાં અનુકૂળ દેખી, શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, ધૂળ, આબરુ સનેપાતિયા જેમ દાંત (કાઢે) છે એમ અજ્ઞાનીને એમાં રાજીપો લાગે છે. આહાહા..! મૂળ તત્ત્વ ઝીણું બહુ ભગવાન જિનેશ્વર પરમેશ્વરે કહ્યું તત્ત્વ. એ તો કહે છે કે પરની દયા, દાન, વ્રતના ભાવ છે એ રાગ છે. એનાથી ભગવાન તો ભિન્ન છે. એનાથી નરકાદિના દુઃખ એ ભિન્ન છે. હેં! આહાહા..!

'**ઉનકા કારણ યહ શરીર,...**' આહાહા..! આ માટી. પુદ્ગલ જડ સ્કંધનો પિંડ છે આ તો માટી. એ પરમાં દુઃખ છે એ દુઃખનું કારણ શરીર છે. આહાહા..! માટી છે, પુદ્ગલ છે. આમ નથી કહેતા? લોઢાની ખીલ્લી વાગી જાય શરીરમાં, ત્યારે માણસો બોલે, મારી માટી પાકણી છે. પાણી અડવા દેશો નહિ, માટી પાકણી છે. એક કોર એમ કહે કે મારી માટી પાકણી, એક કોર કહે કે એ શરીર મારું. હવે આમાં શું કરવું છે? આહાહા..! ભ્રમણાનો કાંઈ પાર છે? પૈસા-બૈસા તો ક્યાંય રહી ગયા ધૂળ એની. આહાહા..! નવતત્ત્વમાં આત્મતત્ત્વ કોને કહેવું? એમ કહે છે. લક્ષ્મી, શરીર, આબરુ એ તો અજીવતત્ત્વ છે. નવતત્ત્વ છે ને ભગવાને કહ્યા. એમાં હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાના ભાવ એ તો પાપતત્ત્વ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પુણ્યતત્ત્વ છે. એ પુણ્યતત્ત્વ છે એ આત્મા ક્યાં છે? આહાહા..! બધા વાંધા ઉઠાવ્યા છે ને લોકોએ. પુણ્યફલા અર્હંતા. પુણ્યફળ એ તો બહારની ક્રિયાનું પુણ્યનું ફળ ભગવાનને હતું. જે આનંદસ્વરૂપ ભગવાન અરિહંત થયા એ તો રાગ ને દ્વેષ ને મિથ્યાત્વ ને ભ્રાંતિ એ રૂપી અરિ એને હણીને વીતરાગતા થઈ

છે એને. આહાહા..! સમજાણું કાંઈ? એ પુણ્યના ફળ તરીકે એ વળી અરિહંત નથી થયા. આહાહા..! એ તો પુણ્યનું ફળ બાહ્યમાં વાણી ને હલન-ચલન થાય એ બધી પુણ્યની ક્રિયાઓ છે. પૂર્વના પુણ્યની હોં! આહા..!

અહીં કહે છે, શરીર દુઃખનું કારણ. '**ઉસકો બુરા સમજકર...**' એ તો ટીકાકારે જરી કહ્યું, પણ એ પર સમજીને. આહાહા..! આ શરીર જે માટી, ધૂળ છે, આહાહા..! એનાથી વલણ છોડ. આહાહા..! તારે જો સુખી થવું હોય તો અથવા ધર્મ કરવો હોય તો. આહાહા..! આવી વાત છે. ધર્મ કરવો કહો કે સુખી થવું કહો, બે એક જ વાત છે. એ સુખ કોણ? આત્માનું સુખ. આહાહા..! એને પર સમજીને '**જ્ઞાની જીવ દેહકી મમતા છોડ દેતે હૈં,...**' 'દેહ મારો' એ ભાવ જ મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ એ જ મહાદુઃખનો સમુદ્ર છે. આહાહા..! દેહ હું નહિ. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે, આહાહા..! એને દેહ હું નહિ. હું કોણ? શુદ્ધાત્મ વીતરાગ આનંદસ્વરૂપ પરમાત્મા પોતે આત્મા છે. આહાહા..! આવું બેસવું કઠણ. હવે અહીં જરી પાંચ-પચ્ચીસ હજાર મળે ત્યાં સુખી માની લે લ્યો. મકાન-બકાન કાંઈક બે-ચાર-દસ લાખનું થાય તો હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય એને. આહાહા..! પ્રભુ! તેં શું કર્યું આ? આહાહા..!

વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવ એમ કહે છે કે દુઃખનું કારણ તો આ શરીર છે. એ તો આપણે આવી ગયા છે ત્રણ બોલ. શરીર વિધાતાએ—કર્મે ત્રણલોકમાં જે દુઃખ છે તેને ભેગા કરીને આ શરીર બનાવ્યું છે. આહાહા..! કર્મ-કર્મ જડ. આહાહા..! અને તે પાપ છે આ તો શરીર. આહાહા..! એની ઉપર નજર કરતાં પાપ થાય છે. ભગવાન આનંદનો નાથ પ્રભુ અંદર છે એના ઉપર નજર ન કરતાં આની નજરુંમાં રોકાણો, આહાહા..! એ દુઃખમાં રોકાણો છે પણ એને ખબર નથી, વીતરાગ માર્ગની ખબર નથી. સમજાણું કાંઈ? એ શરીર બધા રૂપાળા દેખાય, એ બધા હાડકાની ફાસફૂસ છે. છે. આહાહા..! ભાઈ! એ આત્મા નહિ. એમાં રહેવું એ સંતોને, આત્માર્થીને ઠીક નથી એમ કહે છે. અહીં એ કહે છે. આહાહા..! એમાં રહેવું એટલે? શરીર મારું છે એવી મમતામાં રહેવું એ સત્પુરુષને ઠીક નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન વીતરાગ પરમાત્મા એમ કહે છે કે એને જાણીને દેહથી મમતા છોડ. અને શું કરવું? શરીરના રજકણો માટી તેનો પ્રેમ છોડ. આહાહા..! બહારની વાતો તો ક્યાંય રહી ગઈ. હેં! હસમુખ ને પૈસા તો ત્યાં મુંબઈ રહી ગયા. નહિ? પણ ગરમી છે ને, હું પૈસાવાળો છું. અંદર ઊંડાણ ઊંડાણમાં છે કે નહિ? છોકરા મારે છ ને પૈસા છે ને. એય! ચીમનભાઈ! આ બેય વેવાઈ બેઠા સાથે. ધૂળ છે બાપા, ભાઈ! તને ખબર નથી. તારી ચીજ હોય એ તારાથી જુદી હોય? અને જુદી હોય એ તારી ચીજ હોય? ન્યાયથી એણે વિચારવું પડશે.

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ જે કહે છે એ સંતો આડતિયા થઈને જગતને માલ જાહેર કરે છે. ભગવાન! તારે દુઃખી થવું હોય તો શરીરનો પ્રેમ રાખ. આહાહા..! બાહ્યનો બીજાનો પ્રેમ તો એકકોર રહી ગયો. સુખી થવું હોય તો પ્રભુ એકવાર દેહનો પ્રેમ છોડ. આહાહા..! એ હાડકા, માંસ

અને ચામડાનો પ્રેમ છોડ. ભગવાન આનંદનો નાથ અંદર બિરાજે છે. આહાહા..! કોઈ દિ' સાંભળ્યું ન હોય (કે) અંદર આત્મા આવો છે. આહાહા..! જિનેશ્વરદેવ એમ કહે છે. આહાહા..! આમાં આવે છે ને સ્તુતિમાં નહિ? 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ.' સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર મહાવીર પરમાત્મા આદિ તો મોક્ષ પધાર્યા. નમો સિદ્ધાણંમાં એ તો ગયા. આ ભગવાન બિરાજે છે મહાવિદેહમાં અત્યારે એ નમો અરિહંતાણંમાં છે. આહાહા..! કેમકે હજી શરીર છે, ચાર કર્મ બાકી છે. સિદ્ધ ભગવાન છે એને તો આઠેય કર્મનો અભાવ છે અને એકલો આનંદનો નાથ જાગીને ઉઠ્યો છે. આમને હજી ચાર કર્મ બાકી છે. કેવળજ્ઞાન થયું, પરમાત્મા છે, સમવસરણમાં બિરાજે છે એમની સ્તુતિ કરી છે.

પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ સૌને પેખતા હો લાલ.

હે નાથ! હે વીતરાગ! હે સર્વજ્ઞ પ્રભુ! આપ ત્રણકાળ ત્રણલોક દેખો છો, જાણો છો એમાં અમારો આ આત્મા આપ કેવો દેખો છો? કે નિજસત્તા, પોતાનું હોવાપણેથી પવિત્ર અને આનંદ છે એમ તમે જુઓ છો. આહાહા..! કેમકે શરીર, વાણી આ તો બધા જડ અને અજીવ. અંદર પુણ્ય, પાપ, દયા, દાન, વ્રતના પરિણામ એ પુણ્ય. હિંસા, જૂઠુંના (પરિણામ) પાપ, એનાથી રહિત ભગવાન આપ અમારા આત્માને તમે જુઓ છો. આહાહા..! કહો, લીલાધરભાઈ! આ બધા પૈસામાં ઘૂંચાઈ ગયા બધા તમારા છોકરા ને બોકરા. હો..હા.. હો...હા...

ઓલા રામજીભાઈના છોકરા નહિ? પૂનમચંદ ને એ બધા ઓલા બાવાને વળગ્યા. ઓલો સાંઈબાબો છે. ધૂળમાં પણ નથી. વીતરાગ માર્ગ સિવાય કોઈ માર્ગ છે જ નહિ ક્યાંય. સમજાણું કાંઈ? એને કાંઈક માથે જોખમ આવ્યું હતું હમણા. બીજાએ પકડ્યો જાદુગરને, લાવ જાદુ બતાવ તારો. ઢોંગ કર્યા છે. માથે આવ્યું છે કો'કનું. છાપામાં વાંચ્યું. નહિ? આહાહા..! આમ હાથ રાખીને રાખ નીકળે છે, ધૂળ નીકળે છે. એ તો અંદર રાખ રાખે અંદરમાં ઝભો પહેરીને. આમ કરે. હવે ધૂળમાં શું છે? સાંભળને. રાખ નીકળે કે દેવ આવતો હોય તોપણ શું છે? એમાં ધર્મ ક્યાં આવ્યો? આહાહા..!

અહીં તો ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ, પરમેશ્વર, કેવળી એમ ફરમાવે છે. ભાઈ! એ વિભૂતિ-બિભૂતિ મળે છે એ પૂર્વના પુણ્યને લઈને, એ કાંઈ તારી ચીજ નથી. આ શરીર દુઃખરૂપ છે એ તારું નથી અહીં તો કહે છે. આ તો માટી છે. આહાહા..! એ મસાણમાં એકવાર અહીં બધે અગ્નિ સળગશે હળ... હળ... હળ... હળ.. બાપુ! આ તો જડ છે ભગવાન! તું જે છો એ તો આનંદનો નાથ. અરે! કેમ બેસે? આહાહા..! એમાં પુણ્ય અને પાપના ભાવ પણ દુઃખરૂપ છે, એ આત્મા નહિ. એ પુણ્ય-પાપ તત્ત્વ તો ભિન્ન રહી ગયું. આહાહા..!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જેને આત્મા કહે છે એ તો પરમ આનંદનો નાથ પ્રભુ છે. આહાહા..! એના વિરુદ્ધનું મળેલું શરીર તે દુઃખરૂપ છે. આ સુખરૂપ છે તો આ દુઃખરૂપ છે. આહાહા..!

સમજાણું કાંઈ? આમાં આકરી વાતું બાપા! અત્યારે તો સંપ્રદાયમાં એ વાત છે નહિ. ખબર છે ને અમને તો બધી. આ દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો એ ધર્મ. અરે! ધૂળેય નથી સાંભળને. એ તો બધી રાગની ક્રિયા છે પર તરફના લક્ષવાળી.

મુમુક્ષુ :- વ્રત ને તપ બેની વાત છે.

ઉત્તર :- કોને કહેવા વ્રત ને કોને કહેવા તપ એની ખબરું ન મળે. આહાહા..! વીતરાગી આનંદ સુખરૂપ ભગવાન એની દૃષ્ટિ કરીને અનુભવ થાય, પછી એમાં સ્થિરતા થાય તેને વ્રત ને તપ કહે છે. હજી વસ્તુની ખબર વિના વ્રત તપ આવ્યા ક્યાંથી તારા? આહાહા..! સમજાણું કાંઈ? અહીં એ કહે છે.

'**શુદ્ધાત્મસ્વરૂપ કા સેવન કરતે હૈં,...**' આહાહા..! છે? એ વળી શું હશે? આહાહા..! શરીર, વાણી, મન એ પર છે તેની પ્રીતિ છોડી સેવન એનું કર્યું તેં. એની પ્રીતિ, સેવન છોડીને ભગવાનઆત્મા શુદ્ધાત્મઅનુભૂતિ આનંદનો નાથ ભગવાન. આહાહા..! શુદ્ધાત્મ છે? સ્વરૂપ. '**શુદ્ધાત્મસ્વરૂપ...**' પુણ્ય-પાપના વિકલ્પ અને દેહથી ભિન્ન ભગવાન અંદર એનું સેવન કર. આહાહા..! એમાં એકાગ્ર થા, તને સુખ થશે, આનંદ આવશે અને મોક્ષમાર્ગ તેમાં પ્રગટ થશે. આહાહા..! આવી વાતું છે. આકરી પડે પણ શું થાય? બાપુ! અનંતકાળમાં એણે કોઈ દિ' સાંભળ્યું નથી. એમ ને એમ જિંદગી બફમમાં ને બફમમાં ગઈ બધી. આહાહા..!

કહે છે, ભગવાન! આ બાજુનું પડખું છોડી દે ને. આહાહા..! પડખું ફેરવી નાખ. પડખું કહે છે? કરવટ. એક પડખે સૂતો હોય ને પછી આમ સૂતો હોય જરી ગરમ લાગે તો આ પડખે ફરે. રાતે ઊંઘ ન આવે એટલે પડખું ફરે. એમ કહે છે, આ પડખે તું સૂતો છો. શરીર મારું, પૈસા મારા, ધૂળ મારી, બાયડી મારી, રાગ મારો એ પડખે સૂતો ત્યાં દુઃખ છે. હોળી સળગે છે ત્યાં કષાયની અગ્નિની. આહાહા..! સમજાણું કાંઈ? પ્રભુ! આ પડખે આવી જા ને અંદર હવે. આહાહા..! જ્યાં વીતરાગી આનંદનો નાથ પ્રભુ છે અંદર. આહાહા..! એનું સેવન કર. કરે છે જ્ઞાની. એમ. ધર્મી તો રાગનું સેવન અને શરીરના પ્રેમનું સેવન છોડી અને આત્મા શુદ્ધાત્મ પરમાત્મસ્વરૂપ એમાં એકાગ્ર થાય છે એ શુદ્ધાત્માની સેવા કરે છે. ભગવાન પરમાત્મા તીર્થંકરદેવ ને એની મૂર્તિની સેવા એ તો શુભરાગ છે. હોય છે, પાપથી બચવા એ હોય છે, પણ એ ધર્મ નથી. આહાહા..! ધર્મ તો જેનામાં ધર્મી એવો ભગવાન જેનામાં ધર્મ પડ્યો છે. ધર્મી એવો ભગવાનઆત્મા એમાં આનંદ, જ્ઞાન, શાંતિ, એવો ધર્મસ્વભાવ પડ્યો છે. એના સ્વભાવના આશ્રયે જતાં જે દશા પ્રગટ થાય એને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! આવી વ્યાખ્યા ભારે કઠણ જગતને. આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અનાદિથી માન્યું છે. સાધુ થયો, બાવો થયો. જૈનનો સાધુ થયો, દિગંબર થયો, પણ એ બધી દેહની ક્રિયા ને રાગની ક્રિયા એ મારી એમ માનીને ત્યાં ઊભો રહ્યો. આહાહા..!

જ્ઞાની એમ કીધું છે ને? '**જીવ દેહકી મમતા છોડ દેતે હૈં,...** ' આહાહા..! '**ઔર**

**શુદ્ધાત્મસ્વરૂપ કા સેવન કરતે હૈં, નિજસ્વરૂપ મેં ઠહરકર...**' હવે સેવનની વ્યાખ્યા કરી. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, અતીન્દ્રિય અનાકુળ આનંદસ્વરૂપ ભગવાન. આ ભગવાન હોં! એમાં '**ઠહરકર...**' આહાહા..! છે ને? '**ઠહરકર દેહાદિ પદાર્થોમેં પ્રીતિ છોડ દેતે હૈં.**' આમ પ્રીતિ નહિ છૂટે કહે છે. આહાહા..! આ આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ, સિદ્ધ સ્વરૂપ, 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહાહા..! અરે! એને આત્માનું શું? એ સ્વરૂપમાં ઠરીને પરની મમતા છોડ. એ વિના મમતા નહિ છૂટે એમ કહે છે. આહાહા..! આવું આકરું લાગે લોકોને. પણ આનું સાધન શું? બાપુ! આ સાધન છે ભાઈ! તેં સાધનના પડખાં જોયા નથી. આહાહા..!

અંતર ચીજ આત્મતત્ત્વ. આહાહા..! દાખલો તો આપ્યો છે ને ઘણી વાર ઓલા શક્કરકંદનો. આપણે શક્કરકંદ તમારે નથી? શકકરકંદ કહે છે. અમારે અહીંયાં શક્કરીયા કહે છે કાઠિયાવાડમાં. એ શક્કરકંદમાં ઉપરની લાલ છાલ જરી ફોતરું છે એનું લક્ષ છોડી દ્યો તો એ શક્કરકંદ છે. શક્કર એટલે સાકરની મીઠાશનો કંદ છે. શક્કર કહે છે ને? એટલે સાકર. આહાહા..! લાલ છાલનું લક્ષ છોડી દે તો આખો એ અધશેર કે પોણોશેરનું દળ છે એ શક્કરકંદ. શક્કર નામ સાકરની મીઠાશનો પિંડ છે. એમ આ ભગવાનઆત્મા શરીર અને પુણ્ય-પાપના વિકલ્પોની છાલનું લક્ષ છોડી દે. આહાહા..! એ તો અતીન્દ્રિય આનંદનો કંદ છે. એ શક્કરકંદ બેસે, આ ન બેસે. કોઈ દિ' પ્રયાસ પણ નહિ, સાંભળવા મળે નહિ બિચારાને શું કરે? અરેરે! જિંદગી આમ ને આમ ઢોરની પેઠે ચાલી જાય, ભલે પાંચ, પચાસ લાખ મળે ધૂળમાં તો એમાં... આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! તને વિશ્વાસ નથી આવતો. એ શક્કરકંદનો એને વિશ્વાસ આવે. આહાહા..! આ પ્રભુ અંદર છે ચૈતન્ય એ અનાકુળ આનંદનો રસકંદ છે. એને આત્મા કહીએ. છાલ છે એ ક્યાં આત્મા (શક્કરકંદ) છે? એમ પુણ્ય-પાપ ભાવ છે એ આત્મા છે? એ તો છાલ છે. આહાહા..! અને એ છાલવાળું શક્કરકંદ જે વાસણમાં રાખ્યું એ વાસણ એનું સ્વરૂપ છે? એમ આ શરીરરૂપી વાસણમાં રહ્યો તો જડ છે, આ માટી છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત છે, બાપુ! વીતરાગનો ધર્મ જૈન વીતરાગનો ધર્મ ઝીણો બાપુ! લોકમાં તો બહારથી માની રહ્યા છે બધા. આહાહા..! આ મારગડા જુદા નાથ! તારી ચીજ ભગવાને જે કીધી, જિનેશ્વરે હોં! બીજા આત્મા આત્મા કરે અજ્ઞાનીઓ એ આત્મા નહિ, પરમેશ્વર કેવળી પરમાત્મા તીર્થંકરદેવ એણે જે નવ તત્ત્વમાં એક તત્ત્વ આત્મા કહ્યો એ જુદી ચીજ આખી છે. આહાહા..!

કહે છે કે '**નિજસ્વરૂપમેં ઠહરકર...**' આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે, આ કાંઈ કથા નથી. આહાહા..! ભગવાન આમ રાગમાં ઠરીને સ્વરૂપને ભૂલ્યો છો, એ સ્વરૂપમાં ઠરીને આ ભૂલી જા હવે. આહાહા..! દુનિયા માને, ન માને એની સાથે કાંઈ સંબંધ નથી. સ્વરૂપ તો આ છે. જિનેશ્વર દેવે, કેવળી પરમાત્માએ તો આ કહ્યું છે. સમજાણું કાંઈ? '**નિજસ્વરૂપમેં ઠહરકર...**' વીતરાગ પરમેશ્વર એ તો પરદ્રવ્ય છે. ત્યાં ઠરશે તો ત્યાં જશે તો રાગ થશે. આહાહા..! પુણ્ય ભલે પુણ્ય થાય. આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ આત્મા, એમાં ઠરીને પર તરફના લક્ષને છોડીને, સ્વરૂપના

લક્ષમાં જઈને ઠર ત્યાં. આહાહા..! ભારે વાતું.

**'ઠહરકર દેહાદિ પદાર્થોં મેં પ્રીતિ છોડ- દેતે હૈં.'** શરીર ને રાગ ને દેહ ને પૈસાની લક્ષ્મીનો પ્રેમ આમાં ઠરીને છોડ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! **'ઈસ દેહ મેં કભી સુખ નહીં પાતે,...'** પ્રભુ! આ શરીરમાં ક્યાંય સુખ નહિ મળે તને. આહાહા..! પૈસા ને બાયડી ને છોકરામાં તો સુખ નથી. આહાહા..! સ્ત્રીનું શરીર તો માંસ ને હાડકા, ચામડા છે આ તો. ધૂળ છે આ તો માંસ. એમાં સુખ છે? વિષયના પ્રેમીઓ તેમાં સુખ માનીને મૂઢ થઈને મિથ્યાત્વને સેવે છે. આહાહા..! જેમાં સુખ નથી તેમાં સુખ માનતા એ તો મિથ્યાદષ્ટિ મિથ્યા છે. આહાહા..! ભગવાનઆત્મા કહે છે, આ બાજુ ઠરીને પ્રીતિ છોડ. **'દેહમેં કભી સુખ નહીં પાતે,...'** કદી સુખ નહિ મળે.

**'સદા આધિ-વ્યાધિસે પીડિત હી રહતે હૈં.'** આહાહા..! શરીર એ વ્યાધિનું ઘર અને શરીર પ્રત્યેના સંકલ્પ-વિકલ્પ એ આધિ. આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત સમાધિ ભગવાનઆત્મા. આહાહા..! એને ક્યાં? લોગસ્સમાં આવે છે સમાહિવર મુત્તમદિંતુ... પણ અર્થની ખબર ન મળે, ભાવ તો ક્યાંથી લાવવા? સમાહિવર મુત્તમદિંતુ. હે નાથ! આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત મારો નાથ એની શાંતિ સમાધિ મને આપો. એ તો એક ભગવાનને (કહે છે). ભગવાન પાસે ક્યાં તારો આત્મા હતો તે એ આપે? આહાહા..! સમજાણું કાંઈ? આવે છે. લોગસ્સ તો કર્યું હશે કે નહિ? ચીમનભાઈએ કર્યો છે કે નહિ? એ તો કર્યો હોય ને સૌએ, સ્થાનકવાસી પહેલેથી તો. આહાહા..!

મુમુક્ષુ :— પાઠશાળામાં કરેલો.

ઉત્તર :— પાઠશાળામાં. આહાહા..!

કહે છે, ભગવાન! આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત આત્મશાંતિ એ સમાધિ છે. ઉપાધિ એટલે સંયોગની દશા. વ્યાધિ એટલે શરીરના રોગ આદિ અને આધિ એટલે પુણ્ય-પાપના સંકલ્પની આધિ એ ઉપાધિ. આહાહા..! એનાથી રહિત પ્રભુ છે એ સમાધિ છે. આહાહા..! એ સમાધિનું નામ ધર્મ છે. આહાહા..! આવી. ઓલા બાવા કહે એ નહિ હોં! બાવા કહે ને સમાધિ? ધૂળમાં ક્યાં ભાન છે બાવાને. આ તો વીતરાગ પરમેશ્વર કહે છે, આ બાજુની દષ્ટિ છોડીને અહીં જા, સમાધિ પામ. શાંતિ.. શાંતિ તને મળશે. આહાહા..! આવો માર્ગ છે એટલે લોકોને કઠણ પડે છે. શું થાય? બાપુ! માર્ગ તો આ છે. અનંત તીર્થંકરોએ આ કહ્યું છે. એમાં અંતર સ્વરૂપમાં જતાં આનંદના ધામમાં ઘર એ તારું છે. આનંદનું ધામ એ તારું ઘર છે. રાગાદિ, દેહાદિ એ પરઘર છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ગૃહસ્થ માણસ હોય કરોડોપતિ અને એમાં છોકરો વ્યભિચારે ચડ્યો હોય કોઈ ઠેકાણે તો એનો બાપ કહે ભાઈ! આ ઘર હવે નહિ નભે. તું કો'કની સાથે જા અને પૈસા ઉપાડી જા છો, ખબર છે મને. અરે! ભાઈ! આમ ઘર નહિ ટકે. અને ઘરે કન્યા ખાનદાનની દીકરી છે, ભાઈ! એને મૂકીને તું આ વ્યભિચારી બાઈની પાસે જાય છે, મને ખબર છે. ભાઈ! તારી આ શોભા નથી. આહાહા..! એમ કહે છે? અમે તો બધું સાંભળેલું ઘણું છે. આ તો ૮૭ વર્ષ થયા. ૬૪ તો અહીં થયા. તે દિ'

૨૪ થયા હતા સંસારમાં. આહાહા..! નવ વર્ષ દુકાનમાં (હતા). ઘરની દુકાન હતી ને પાલેજ. બધું જોયું ઘણું, બધે થોથે થોથા છે. આહાહા..! એમ અહીંયાં ત્રણલોકનો નાથ કહે છે, જેમ ઓલો પિતા કહે છે, ઘરની સ્ત્રી ખાનદાન ઊંચી નજર ન કરે એને ઘરમાં મૂકીને, સમજ્યા ને? શું કહે ઈ?

મુમુક્ષુ :- ભર્યુ ભાણું.

ઉત્તર :- હા, ભર્યુ ભાણું એ ભૂલી ગયો. એ ભર્યુ ભાણુ કહે છે. એ ભૂલી જઈએ છીએ શબ્દ તમારા. ભર્યુ ભાણું મૂકીને એંઠુ ચાવવા જા છો એમ કહે. અહીં ત્રણલોકનો નાથ એમ કહે છે કે આનંદથી ભર્યુ ભાણું તો તું છો ને ભાઈ! એને મૂકીને આ રાગ ને દ્વેષને ચાટવા જા છો, એ નહિ ઘર ખમે. આહાહા..! સુજાનમલજી! આવી વાતું છે બાપા! આહાહા..! આ તો એના આત્માના હિતની વાત છે, પ્રભુ! મોંઘી પડે, ન સાંભળી હોય એટલે આકરી પડે. બાપુ! માર્ગ તો આ છે. આહાહા..! સમજાણું કંઈ? કહે છે. આહાહા..! એ ભર્યા ભાણા મૂકીને એંઠા ચાટવા જાય છે, બેટા! એ ઘર નહિ નભે. એમ અહીં ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવ ધર્મપિતા એમ કહે છે કે આ ભર્યું ભાણું આનંદનો નાથ પ્રભુ છે ને તું. એને મૂકીને આ પુણ્ય ને પાપ ને દેહની પ્રીતિમાં એંઠા ચાટવા જા છો? એય! આવું હશે ...માં? તમે બધા પૈસાવાળા કહેવાઓ બધા. ધૂળ ને પચાસ લાખ ને લાખ ને કરોડ ને બે કરોડ. આ બધા કરોડોપતિ છે. ધૂળમાંય નથી ત્યાં તો. એય! ભગવાનજીભાઈ! લ્યો એ કરોડપતિ છે, આ બે કરોડપતિ છે. આ પણ ઘણા લાખોપતિ છે. ઘણા લાખો. તમારા ભાઈ. હિંમતભાઈ પાસે નહોતું કાંઈ આવું.

મુમુક્ષુ :— બેમાંથી સુખી કોણ વધારે?

ઉત્તર :— બેય દુઃખી. આહાહા..! ધૂળમાં પણ સુખ નથી, ભાઈ! આહા..!

પ્રભુ! તું ક્યાં છો? શેમાં છો તું? અહીં તો વીતરાગ કહે છે, બાપુ! તું તો આત્મા વીતરાગી આનંદસ્વરૂપ છો પ્રભુ. પરમેશ્વર કેવળીને અતીન્દ્રિય આનંદ અનંત પ્રગટ્યો એ ક્યાંથી આવ્યો? કાંઈ બહારથી આવે એવું છે? આહાહા..! સર્વજ્ઞ અરિહંત પરમાત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય પ્રગટ્યું. પરમાત્મા મોજૂદ ભગવાન તો બિરાજે છે. લાખો કેવળી બિરાજે છે મહાવિદેહમાં તો. લાખો કેવળી અને આ તો તીર્થંકર. વીસ તીર્થંકર છે. વિહરમાન તીર્થંકર નહિ? આ સામાયિકમાં આજ્ઞા માગે છે. એની ખબર પણ ક્યાં છે? જય નારાયણ કરીને, આહાહા..! એ પ્રભુ બિરાજે છે. સમવસરણમાં દેહસહિત છે, વાણીસહિત છે. વાણી ધ્વનિ નીકળે છે સવાર, બપોર, સાંજ. છ-છ ઘડી. આહાહા..! એ ભગવાનની વાણીમાં આમ આવ્યું છે પ્રભુ. જ્યાં આનંદનો નાથ ભગવાન બિરાજે એની સેવા કર ને. આહાહા..! આ રાગની સેવા કરીને મરી ગયો અનંતકાળથી. આહાહા..! પુણ્યના ભાવ શુભરાગ એ વિકાર છે, દુઃખ છે, ભાઈ! તને ખબર નથી. આહા..! એ શુભરાગ દયા, દાન, વ્રત, પરિણામ તેનું ફળ પુણ્યબંધન છે. પુણ્યબંધના ફળમાં આ લક્ષ્મી આદિ ધૂળની મળે એ બધું દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? છે?

**'આધિ-વ્યાધિ સે પીડિત હી રહતે હૈં. પંચેન્દ્રિયોં કે વિષયોં સે રહિત...'** આહાહા..!

ભગવાન અંદર તો પાંચઈન્દ્રિયના વિષયો તરફના વલણથી રહિત છે. આહાહા..! '**શુદ્ધાત્માનુભૂતિ-રૂપ પરમસુખ વહ દેહકે મમત્વ કરને સે કભી નહીં મિલ સકતા.**' આહાહા..! ઘા માર્યો છે. શરીરની મમતાથી પ્રભુ! આ સુખ નહિ મળે તને. આહાહા..! પ્રભુ! તું તો અશરીરી છો ને? શરીર તો જડ છે, માટી છે આ તો. આંગળી પાંચમાં ઓલી છઠ્ઠી હોય ને એ કાપી નાખવી પડે. એમ આ છઠ્ઠી આંગળી તો બહારની ચીજ છે, એ ક્યાં તારી ચીજ છે? આહાહા..! સમજાણું કાંઈ? મતિજ્ઞાનાદિની પાંચ દશા એ તારી છે. આ શરીર એ તો તારું નથી, એ તો અવયવ કાપી નાખવાનું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પંચેન્દ્રિયો કે વિષયોંસે રહિત જો શુદ્ધાત્માનુભૂતિરૂપ પરમસુખ વહ દેહ કે મમત્વ કરને સે કભી નહીં મિલ સકતા.**' દેહથી ક્રિયાથી નહિ મળે અને દેહની મમતાથી પણ નહિ મળે. આહાહા..! '**મહા દુઃખ કે કારણ ઈસ શરીર મેં સત્પુરુષ કભી નહીં રહ સકતે.**' આહાહા..! સડેલા ગધેડા હોય, સડી ગયેલા ગધેડા. એમાં વચમાં મેસુબ અધમણ કરે, અધમણ મેસુબ નાખીને ગધેડાનું સડેલું (ચામડું તેમાં ભરે.) એમ આ ભગવાન અનંત આનંદનો મેસુબરૂપ છે. એના શરીર ગધેડાના સડેલા જેવું છે આ તો. એને વીંટીને તું પડ્યો છો પ્રભુ તને શોભા નથી આમાં. આહાહા..! એય! ચીમનભાઈ! અહીં તો વાત બીજી છે બાપા! આહાહા..! મેસુબને એમાં રાખવો, એમ અનંત આનંદનો નાથ પ્રભુ છે એને આ સડેલા ચામડામાં રાખવો, સત્પુરુષને ન શોભે કહે છે. એમ કહે છે. એમ કહ્યું ને? બાબુભાઈ! ભગવાન! આહાહા..! ત્રણલોકના નાથનો આ અવાજ છે. ઝીણી વાત બાપુ! આહાહા..! પરમસત્ય તો આ છે.

કહે છે, આહાહા..! શું કહે છે? '**મહા દુઃખ કે કારણ ઈસ શરીર મેં સત્પુરુષ કભી નહીં રહ સકતે.**' આહાહા..! એ રાગમાં રહેવું એ પણ દુઃખમાં રહેવું છે. સત્પુરુષ એમાં નહિ રહી શકે. આહાહા..! આઠ વર્ષની બાળિકા હોય અને સમકિત પામે, તોપણ એ કહે છે કે એ આત્મામાં છે ઈ, એ રાગમાં અને શરીરમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભરત ચક્રવર્તી ઋષભદેવના પુત્ર. છન્નું હજાર તો પદ્માણી જેવી સ્ત્રીઓ. છન્નું કરોડ ગામ અને અડતાળીસ હજાર નગર ને બોંત્તેર હજાર પાટણ, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ ને છન્નું કરોડ પાયદળ. અને શરીર તે શરીર, મણિરત્નથી ઘડ્યું હોય એવું શરીર સુંદર. અને જેમ આ દાગીનો થાય છે હાર, મોટો અબજોની કિંમતનો. એ કહે છે, હું આમાં નથી હોં! આહાહા..! એ હું જ્યાં છું ત્યાં આ નથી અને આ છે ત્યાં હું નથી. આહાહા..! આ સમ્યગ્દષ્ટિની આ દશા. ભલે ચોથે ગુણસ્થાને હો. પાંચમાની શ્રાવકની તો અલૌકિક વાતું છે. આ વાડાના શ્રાવક એ શ્રાવક નથી કોઈ. આહા..! ભગવાન જે શ્રાવક કહે એ કોઈ દશા જુદી છે અને સાધુ જેને ભગવાન કહે એ કોઈ લાઈન જ જુદી. અત્યારે તો હિન્દુસ્તાનમાં દેખાતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? આકરી વાતું છે પ્રભુ!

અહીં કહે છે. અરે! સત્પુરુષ કેમ રહે? એમ કહે છે. એટલે કે ધર્માત્મા એ રાગમાં કેમ રહે? આહાહા..! ધર્માત્મા એ શરીરમાં કેમ રહે? શરીર હોવા છતાં શરીરમાં કેમ રહે? એમ કહે છે.

આહાહા..! આવી વાત છે. દિગંબર સંતોના પોકાર છે આ. એવી વાત ક્યાંય છે નહિ બાપુ! આહાહા..! અરેરે! કહે છે, **'સત્પુરુષ કભી નહીં રહ સકતે.'** આ શું? દુઃખનું કારણ એવું શરીર, દુઃખના કારણ એવા પુણ્ય-પાપના ભાવ. આહાહા..! એ ધર્મી સત્પુરુષ સચ્ચિદાનંદ ભગવાન સિવાય આવા અસત્‌માં કેમ રહે? એને સત્પુરુષ કહીએ. એ પરમાનંદનો નાથ ભગવાન તેમાં જાય છે અને ઠરે તેને સત્પુરુષ કહીએ. રાગમાં અને શરીરમાં રહે તે સત્પુરુષ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :— અલૌકિક વાત છે.

ઉત્તર :— વાત તો એવી છે બાપુ! પરમાત્મપ્રકાશ ...

ધર્માત્મા જ્ઞાનીપુરુષ રાગમાં, પુણ્યમાં અને શરીરમાં કેમ રહે? આહાહા..! એમ કહે છે. હો, રાગ હો, પણ એમાં એની દૃષ્ટિ નથી, ત્યાં રહેતો નથી. રહે છે આત્મામાં. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે, ભગવાનજીભાઈ! આફ્રિકામાં મળે એવું નથી ત્યાં. ધૂળ મળે ત્યાં. આહાહા..! ઓલામાં નથી આવતી શરીરની વાત?

રજકણ તારા રખડશે અને જેમ રખડતી રેત,

પછી નરતન પામીશ ક્યાં? ચેત ચેત નર ચેત... રજકણ તારા રખડશે...

આ તો રજકણ છે માટી. 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત.' રેત ઉડે ને આ. ફૂ થઈને ઊડી જશે મસાણમાં. આહાહા..! એ રાખ પણ આટલી નહિ થાય. એમાં પવન સરખો આવ્યો હોય તો ફૂ થઈને ઊડી જશે. બાપા! આ તો માટી, જડ, ધૂળ છે. તું ક્યાં...? 'પછી નરતન પામીશ ક્યાં?' બાપુ! ચેત, આત્માને ચેત. એમાં ઠરવું છોડી દે અને અહીં ઠર તો તને અશરીરી દશા પ્રાપ્ત થશે. અશરીરી દશામાં ઠર તો તને અશરીરી દશા પ્રાપ્ત થશે. રાગ ને શરીરમાં ઠર તો સંયોગી દશામાં તારે રખડવું પડશે. આહાહા..! આવો ઉપદેશ કેવો? દયા પાળવી, લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા, ચોવીહાર કરવો. બાપુ! એ તો બધી ક્રિયાની વાતું કીધી છે, ભાઈ! આહાહા..! બાપુ! મારગડા જુદા તારા છે. આહાહા..! એને સાંભળ્યા નથી ને કર્યા તો ક્યાંથી હોય? આહાહા..! ભારે પણ કહે છે અહીં તો. જોયું!

પાઠ છે. છે? **'जित्थु ण पावहिँ परम-सुहु तित्थु कि संत वसंति।'** બીજું પદ છે ૧૫૩-૫૩. જ્યાં સુખ ન મળે ત્યાં સંત વસે કેમ? સત્પુરુષ વસે કેમ? આહાહા..! ધર્મીપુરુષ કહે છે, જ્યાં સુખ ન મળે ત્યાં રહે કેમ? આહાહા..! બાબુભાઈ! ગજબ વાતું છે ને. શરીર, વાણી, મન બધા જડ પ્રભુ! અરે! શુભ-અશુભભાવ છે એ બધા ચેનતરહિત અચેતન છે. એમાં જેમાં સુખ ન મળે ત્યાં એ જ્ઞાની કેમ રહે? આહાહા..! સંતોની કરુણાનો તો પાર નથી. છે? આહાહા..! અરે! ભગવાન તું ક્યાં છો? ક્યાં તારે રહેવું છે ભાઈ? આહાહા..! રાગ ને પુણ્ય-પાપ ને શરીરના પ્રેમમાં રહેવું હોય તો નાથ તે તો દુઃખ છે. આહાહા..! દૃષ્ટિ ફેરવી નાખ, અહીં જા એમ કહે છે. આવું લોકોને આકરું લાગે પણ શું થાય ભાઈ! માર્ગ તો આ છે, બાપુ! આહાહા..! ભાષા એ કરી જુઓને.

'तित्थु कि संत वसंति' ત્યાં સત્પુરુષ કેમ વસે? આહાહા..! ગજબ કર્યો છે ને! જેમાં પુણ્ય અને પાપના ભાવ અને શરીરમાં સુખ નથી. જ્યાં સુખ નથી ત્યાં ધર્મી કેમ રહે? આહાહા..! સમજાણું કાંઈ? આવો છે પ્રભુનો માર્ગ તો બાપા. જિનવરદેવ ત્રિલોકનાથ તીર્થંકર એનો માર્ગ જગતથી જુદી જાતનો છે. ક્યાંય એ વાત છે નહિ. અત્યારે તો સંપ્રદાયમાં આ વાત નથી. એ અમને ખબર છે ને બધી. આહાહા..! કહે છે, સંત નામ સત્પુરુષ, જ્યાં સુખ ન મળે આત્માનું ત્યાં એ કેમ રહે? આહાહા..! દૃષ્ટિ ઉઠાવી નાખ. પુણ્ય અને પાપના ભાવ અને શરીર ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લે, ત્યાં સુખ નથી. આહાહા..! સમ્યગ્દર્શનની વાત કરે છે. દૃષ્ટિ પુણ્ય, પાપ અને શરીરમાંથી ઉઠાવી લે. સત્પુરુષો ત્યાં રહી નહિ શકે. સંત તો જ્યાં સત્ છે ત્યાં રહેશે. દૃષ્ટિ ત્યાં જ જામશે એની. આહાહા..!

પરમાત્મપ્રકાશ તે પણ પરમાત્મપ્રકાશ છે ને! આહાહા..! ભગવાનસ્વરૂપ પરમાત્મસ્વરૂપ ભગવત્‌સ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ તો ભગવત્‌સ્વરૂપ અનંતઆનંદ આદિ સ્વરૂપ જ એનું છે. આહાહા..! રાગનું તો સ્વરૂપ નહિ પણ અલ્પજ્ઞ પણ એનું સ્વરૂપ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એક બાજુ રાગથી માંડીને પરદ્રવ્ય, એમાં ધર્મી કેમ રહે? આહાહા..! જેમાં સુખ નથી, શાંતિ નથી, એ વ્યવહારરત્નત્રયમાં કેમ રહે? એમ કહે છે. ભાઈ! આહાહા..! લોકોને આકરું લાગે. એકકોર એમ કહે કે વ્યવહારનયથી ભિન્ન સાધ્ય-સાધન છે. એમ કહે અને એકકોર... કઈ અપેક્ષાએ ત્યાં ભિન્ન સાધન? આહાહા..! સાધન તો અંદર અભિન્ન છે એ એક જ છે. પણ રાગની મંદતા તે ભૂમિકામાં યોગ્યતા ગણીને એનો આરોપ કરીને કથન કર્યું છે, વાસ્તવિક નહિ. આહાહા..!

અહીં એમ કહે કે જેમાં સુખ નથી એમાં તું કેમ દૃષ્ટિ રાખે છે? આહાહા..! જેમાં દોલતું નથી ત્યાં દૃષ્ટિ કેમ રાખી તેં? જ્યાં દોલત અંદર નિધાન પડ્યું છે ને પ્રભુ આત્મા. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ છે ત્યાં દૃષ્ટિ દે, ત્યાં સુખ છે. આહાહા..! કહો, હવે આથી બીજું શું કહે હવે? લોકોને આકરું લાગે. વ્યવહાર કરો ને આ કરો. હેં!

મુમુક્ષુ :— અમૃતવાણી છે.

ઉત્તર :— આવું છે, બાપા! આવો વખત મળ્યો બાપુ, મનુષ્યનો ભવ મળ્યો. વીતરાગની વાણી સાંભળવા ભેગું મળ્યું, આટલે સ્થાને આવ્યો ને હવે, ફરને હવે. દુનિયા દુનિયાની જાણે, દુનિયા માને, ન માને એની સાથે સંબંધ નથી. આહાહા..!

**'શરીર મેં સત્પુરુષ કભી નહીં રહ સકતે.'** આહાહા..! બીજી ભાષા ટૂંકી કહી કે મહાદુઃખનું કારણ એવો જે ભાવ અને શરીર એમ. એમાં કદી નથી રહી શકતા. આહાહા..! ધર્મી જીવ તો જ્ઞાન અને આનંદમાં રહેલા હોય છે. ભલે બહારમાં રાગ હોય, શરીર હોય, ચક્રવર્તીનું રાજ હોય. આહાહા..! પણ એ રહે છે ત્યાં રાગ અને શરીર નથી. આહાહા..! જ્યાં દૃષ્ટિને નિધાનમાં સ્થાપી છે ત્યાં રાગ અને શરીર નથી. અને જ્યાં રાગ અને શરીર છે ત્યાં સુખ નથી. માટે સત્પુરુષો ત્યાં કેમ રહે? આહાહા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈનો અર્થ કે કાંઈ સમજાણું? એમ. સમજાય જાય તો તો કલ્યાણ થઈ જાય. પણ કઈ ઢબે અને કઈ પદ્ધતિએ કહેવાય છે? આહાહા..! બાપુ!

મારગડા જુદા નાથ. આહાહા..!

ત્રણલોકનો નાથ થઈને તું રાગમાં ઘેરાઈ ગયો અને પરની પ્રીતિમાં વ્યભિચારી થઈ ગયો. આહાહા..! શુભરાગ એ વ્યભિચાર છે. શુભરાગ હોં! દયા, દાન, વ્રત, તપનો ભાવ એ બધો રાગ છે. લોકોને ખબર નથી, એ વ્યભિચાર છે. પ્રભુ! જ્યાં સુખ નથી ત્યાં તું કેમ રહે છો? આહાહા..! સમજાણું કાંઈ? એકવાર તો મડદાં ઊભા થાય એવું છે. આહાહા..! બાપુ ત્રણલોકનો નાથ થઈને તારામાં વસવું છોડીને રાગ અને શરીરના પ્રેમમાં (વસે છો). બાપુ! એ નજરુંને ત્યાં સ્થાપી એ ન શોભે તને. આહાહા..! છે ને પાઠ છે ને એ?

**'जित्थु ण पावहिँ परम-सुहु'** આહાહા..! જ્યાં ન મળે પરમ સુખ. **'तित्थु कि संत वसंति।'** ત્યાં સત્પુરુષ કેમ રહે? ભાષા આચાર્યની છે. યોગીન્દ્રિદેવ આચાર્ય ૧૩૦૦ વર્ષ પહેલાં નગ્ન દિગંબર મુનિ વનવાસમાં વસતા. આહાહા..! પ્રભુ! દૃષ્ટિ ફેરવી નાખ. જ્યાં સુખ નથી ત્યાં દૃષ્ટિ ન રાખ. જ્યાં સુખ છે ત્યાં દૃષ્ટિ જોડી દે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ. ઓલામાં તો ઈચ્છામી પડિક્મ્મા ઈરિયા વવરોવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ, લ્યો થઈ ગઈ સામાયિક. એક ઈન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રૈઈન્દ્રિય, વવરોવીયા અરે! બાપા! એ ગડિયા છે રાગના. આહાહા..! તસ્સુ ઉતરી કરણેણં તાવકાય ઠાણેણં માણેણં અપ્પાણં વોસિરામી. શું અપ્પાણં અને શું કહ્યું છોડ્યું? આહાહા..! અહીં કહે છે કે રાગાદિ ભાવ જે અનાત્મા છે ખરેખર, એની ઉપરની દૃષ્ટિ છોડી દે અને જે આત્મા છે તેમાં વસ. સત્પુરુષો જ્યાં સુખ નથી ત્યાં કેમ રહે? એ દુઃખની જ્વાળા સળગે ત્યાં ધર્મી કેમ રહે? આહાહા..! જ્યાં આનંદની ધારા વહે છે અંદર ત્યાં વસ ને. આહાહા..! આ એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ ધર્મ. સમજાણું કાંઈ?

**'દેહસે ઉદાસ હોકે સંસારકી આશા છોડ સુખકા નિવાસ જો સિદ્ધપદ ઉસકો પ્રાપ્ત હોતે હૈં.'** આહાહા..! **'ઔર જો આત્મ ભાવના કો છોડકર સંતોષ સે રહિત હોકે દેહાદિક મેં રાગ કરતે હૈં, વે અનંતભવ ધારણ કરતે હૈં...'** પરમાણુ વસ્તુઓ છોડીને સુખ છે ત્યાં જાય તે સિદ્ધપદને પામે અને સ્વભાવનું સુખ છે ત્યાં છોડીને રાગમાં રહે તે દુઃખને પામે. આ બે વાત કરી. આહાહા..! **'અનંતભવ ધારણ કરતે હૈં, સંસાર મેં ભટકતે ફિરતે હૈં.'** વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૧૫૪

अथात्मायत्तसुखे रतिं कुर्वीति दर्शयति–

२८५) अप्पायत्तउ जं जि सुहु तेण जि करि संतोसु।
पर सुहु वढ चिंतंताहँ हियइ ण फिट्टइ सोसु।।१५४।।
आत्मायत्तं यदेव सुखं तेनैव कुरु संतोषम्।
परं सुखं वत्स चिन्तयतां हृदये न नश्यति शोषः।।१५४।।

उप्पायत्तउ इत्यादि। अप्पायत्तउ अन्यद्रव्यनिरपेक्षत्वेनात्माधीनं जं जि सुहु यदेव शुद्धात्मसंवित्तिसमुत्पन्नं सुखं तेण जि करि संतोसु तेनैव तदनुभवेनैव संतोषं कुरु पर सुहु वढ चिंतंताहं इन्द्रियाधीनं परसुखं चिन्तयतां वत्स मित्र हियइ ण फिट्टइ सोसु हृदये न नश्यति शोषोऽन्तर्दाह इति। अत्राध्यात्मरतिः स्वाधीना विच्छेदविघ्नौघरहिता च, भोगरतिस्तु पराधीना वह्नेरिन्धनैरिव समुद्रस्य नदीसहस्त्रैरिवातृप्तिकरा च। एवं ज्ञात्वा भोगसुखं त्यक्त्वा ''एदम्हि रदो णिच्चं संतुट्ठो होदि णिच्चमेदम्हि। एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सुक्खं।।'' इति गाथाकथितलक्षणे अध्यात्मसुखे स्थित्वा च भावना कर्तव्येति तात्पर्यम्। तथा चोक्तम्-''तिणकट्ठेण व अग्गी लवणसमुद्दो णदीसहस्सेहिं। ण इमो जीवो सक्को तिप्पेदुं कामभोगेहिं।।''। अध्यात्मशब्दस्य व्युत्पत्तिः क्रियते-मिथ्यात्वविषयकषायादिबहिर्द्रव्ये निरालम्बनत्वेनात्मन्यनुष्ठानमध्यात्मम्।।१५४।।

---

आगे यह उपदेश करते हैं, कि तू आत्म-सुखमें प्रीति कर-

गाथा-१५४

अन्वयार्थ :- [वत्स] हे शिष्य, [यदेव जो आत्मायत्तं सुखं] परद्रव्यसे रहित आत्माधीन सुख है, [तेनैव] उसीमें [संतोषम्] संतोष [कुरु] कर, [परं सुखं] इन्द्रियाधीन सुखको [चिंतयतां] चिन्तवन करनेवालोंके [हृदये] चित्तका [शोषः] दाह [न नश्यति] नहीं मिटता।

भावार्थ :-आत्माधीन सुख आत्माके जाननेसे उत्पन्न होता है, इसलिये तू आत्माके अनुभवसे संतोष कर, भोगोंकी वाँछा करनेसे चित्त शान्त नहीं होता। जो अध्यात्मकी प्रीति है, वह स्वाधीनता है, इसमें कोई विघ्न नहीं है, और भोगोंका अनुराग वह पराधीनता है। भोगोंको भोगते कभी तृप्ति नहीं होती। जैसे अग्नि ईंधनसे तृप्त नहीं होती, और सैकड़ों नदियोंसे समुद्र तृप्त नहीं होता है। ऐसा ही समयसारमें कहा है, कि हंस (जीव) तू इस आत्मस्वरुपमें ही सदा लीन हो, और सदा इसीमें संतुष्ट हो। इसीसे तू तृप्त होगा और इसीसे ही तुझे उत्तम सुखकी प्राप्ति होगी। इस कथनसे अध्यात्म-सुखमें ठहरकर निजस्वरुपकी भावना करनी चाहिये, और कामभोगोंसे कभी तृप्ति नहीं हो सकती। ऐसा कहा भी है, कि जैसे तृण, काठ आदि ईंधनसे अग्नि तृप्त नहीं होती और हजारों नदियोंसे लवणसमुद्र तृप्त नहीं होता, उसी तरह यह जीव काम भोगोंसे तृप्त नहीं होता। इसलिये विषय-सुखोंको छोड़कर अध्यात्म-सुखका सेवन करना चाहिये। अध्यात्म-शब्दका शब्दार्थ करते हैं-मिथ्यात्व विषय कषाय आदि बाह्य पदार्थोंका अवलम्बन (सहारा) छोड़ना और आत्मामें तल्लीन होना वह अध्यात्म है।।१५४।।

હવે, તું આત્માધીન (સ્વાધીન) સુખમાં રતિ (પ્રીતિ) કર, એમ દર્શાવે છે :-

ભાવાર્થ :-અન્ય દ્રવ્યોથી નિરપેક્ષ હોવાથી આત્માધીન છે એવું જે શુદ્ધાત્માના સંવેદનથી ઉત્પન્ન સુખ તેનાથી જ-તેના અનુભવથી જ-સંતોષ કર. હે વત્સ-મિત્ર! પરાધીન ઇન્દ્રિયાધીન-સુખના ચિન્તવનારને હૃદયનો અન્તર્દાહ મટતો નથી.

અહીં, અધ્યાત્મની રતિ (પ્રીતિ) સ્વાધીન છે અને વિચ્છેદ તથા વિઘ્નોના સમૂહથી રહિત છે; અને ભોગોની પ્રીતિ પરાધીન છે તથા જેવી રીતે ઇન્ધનથી અગ્નિ શાંત થતો નથી, હજારો નદીઓથી સમુદ્ર તૃપ્ત થતો નથી, અતૃપ્તિકર છે એમ જાણીને ભોગોના સુખને છોડીને અને ''एदम्हि रदो णिच्चं संतुट्ठो होदि णिच्चमेदम्हि। एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सुक्खं।।'' (શ્રી સમયસાર ગાથા ૨૦૬). (અર્થઃ-હે ભવ્ય પ્રાણી! તું આત્મામાં (જ્ઞાનમાં) નિત્ય રત અર્થાત્ પ્રીતિવાળો થા, આમાં નિત્ય સંતુષ્ટ થા અને આનાથી તૃપ્ત થા; (આમ કરવાથી તને ઉત્તમ સુખ થશે.) એ પ્રમાણે ગાથાથી કહેલ લક્ષણવાળા અધ્યાત્મસુખમાં સ્થિત થઈને ભાવના (આત્મભાવના) કરવી, એવું તાત્પર્ય છે. વળી કહ્યું પણ છે કે-''तिण कट्ठेण व अग्गी लवणसमुद्दो णदीसहस्सेहिं। ण इमो जीवो सक्को तिप्पेदुं कामभोगेहिं।।'' ( અર્થઃ-જેવી રીતે તૃણ, કાષ્ઠ આદિ ઇન્ધનથી અગ્નિ શાંત થતો નથી, હજારો નદીઓના પાણીથી લવણસમુદ્ર છલકાતો નથી તેવી રીતે આ જીવ કામભોગોથી તૃપ્ત થઈ શકતો નથી).

અધ્યાત્મશબ્દથી વ્યુત્પત્તિ કરવામાં આવે છે-''મિથ્યાત્વ, વિષય, કષાયાદિ બાહ્ય પદાર્થોના નિરાલંબપણે (આલંબન વિના) આત્મામાં અનુષ્ઠાન (કરવું, ટકવું, પ્રવર્તવું) તે અધ્યાત્મ છે. ૧૫૪.

## વીર સંવત ૨૫૦૨, મહા વદ ૨, શનિવાર
## તા. ૦૫-૦૨-૧૯૭૭, ગાથા-૧૫૪-૧૫૫, પ્રવચન નં. ૨૦૭

પરમાત્મપ્રકાશ, ૧૫૪ ગાથા. 'આગે યહ ઉપદેશ કરતે હૈં, કિ તૂ આત્મ-સુખ મેં પ્રીતિ કર-' ભગવાનઆત્મા સુખસ્વરૂપ છે. ત્યાં આનંદ છે, ત્યાં શાંતિ છે, ત્યાં પ્રભુતા છે ત્યાં નજર કર, એને નજરમાં લે. આહાહા..! બહારની નજરુંમાં તે બાહ્ય પદાર્થની વિસ્મયતામાં અટકી ગયો છો. આહાહા..! આત્મા સિવાય અન્ય પદાર્થોમાં અધિક વિસ્મયતાથી આશ્ચર્યતાથી જ્ઞાન રોકાઈ ગયું છે.

મુમુક્ષુ :— જીવોને મોટપ બહારના પદાર્થથી...

ઉત્તર :— ધૂળેય નથી બહારના પદાર્થથી, દુઃખી છે બિચારા. આહાહા..! 'परदव्वादो दुग्गइ'.

મુમુક્ષુ :— એ તો મુનિને માટેની વાત છે.

ઉત્તર :— અરે! બધાને માટે છે, મુનિને શું?

મુમુક્ષુ :— .. તો એવું શાસ્ત્રમાં આવે છે કે પૈસા મળે એ ગૃહસ્થ..

ઉત્તર :— એ જુદી વસ્તુ. એ તો તૃષ્ણા તીવ્ર ન કરવા માટેનો પ્રશ્ન છે. સુખી કે દિ' હતો પૈસાથી? સ્વદ્રવ્યમાં સુખ છે એ અહીં સિદ્ધ કરવું છે. એ સિવાય રાગથી માંડીને પુણ્યના પરિણામથી માંડીને જે પરપદાર્થ છે, તેના અવલંબે તો દુઃખી છો તું. એને આ આત્મા અંદર વસ્તુ છે એની કિંમત નથી. બહારની પદાર્થની (કિંમત). જે પર્યાયમાં જણાય છે એની એને કિંમત પણ જેની એ પર્યાય છે એની એને કિંમત નથી. આહાહા..! અહીંયાં તો જેને સુખી થવું હોય તેને એમ કહે છે. તો '**આત્મ-સુખમેં પ્રીત કર-**' આહાહા..! ગાથા.

**૨૮૫) अप्पायत्तउ जं जि सुहु तेण जि करि संतोसु।**
**पर सुहु वढ चिंतंताहँ हियइ ण फिट्टइ सोसु।।१५४।।**

આહાહા..! '**હે શિષ્ય,...**' '**आत्मायत्तं**' '**પરદ્રવ્યસે રહિત આત્માધીન...**' આયતન છે ને? આહાહા..! ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે એને આધીન સુખ છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? એ ચીજ શું છે એની મુખ્ય વાત ઈ છે કે પદાર્થ આખો એક સમયની પર્યાયમાં જ રમ્યો છે અનાદિથી. સાધુ થયો, પંચમહાવ્રત ધારણ કર્યા, પણ રમતું બધી પર્યાયમાં અને રાગમાં. આહાહા..! એક સમયની પર્યાય—અવસ્થા એનો અવસ્થાયી કોણ છે એનું એણે માહાત્મ્ય કે નજરું કરી નથી. ક્રિયાકાંડમાં રોકાણો એ બહારના પદાર્થના મહિમાથી. આહાહા..! અહીં તો દેવ, ગુરુ અને શાસ્ત્ર એ પરદ્રવ્ય છે એને આલંબે તો રાગ અને દુઃખ જ થશે. આવી વાત છે.

.. વ્યવહાર પ્રતિક્રમણમાં પરદ્રવ્યનો ત્યાગ કરવો, એનાથી સંવર-નિર્જરા થાય. બંધ અધિકારમાં આવે છે ને. અપ્રતિક્રમણ, અપ્રત્યાખ્યાન. ત્યાં આવે છે. પરદ્રવ્યનો ત્યાગ એ વ્યવહારપ્રતિક્રમણ, રાગનો ત્યાગ એ નિશ્ચયપ્રતિક્રમણ. એટલે બેયથી આત્માને કલ્યાણ થાય એમ માને. અરે! ભગવાન! પરદ્રવ્યનો ત્યાગ-ગ્રહણ સ્વરૂપમાં છે જ ક્યાં? એ તો રાગના નિમિત્તો છે એથી તેનું લક્ષ છોડાવ્યું છે. એનો ત્યાગનો અર્થ? એનું લક્ષ છોડ એમ કહે છે. આહાહા..! ક્યાં એણે ગ્રહ્યું છે એનો ત્યાગ કરે. કેમકે આત્મામાં તો એક શક્તિ એવી અનાદિ છે, ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. આહાહા..! પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એ રહિત શૂન્યત્વ શક્તિ છે. એનાથી તો શૂન્યશક્તિ છે. આહાહા..! કોઈ દિ' ગ્રહ્યું નથી અને એને છોડવું નથી એવો તો એનો સ્વભાવ છે કહે છે. આહાહા..!

આઠ આઠ વર્ષના રાજકુમારો આત્માના આનંદના સ્વાદિયા સંસાર છોડીને જંગલમાં ચાલ્યા જાય. આત્માધીન સુખ છે માટે. આહાહા..! પર અવલંબનમાં ચાહે તો દેવ-ગુરુ ને શાસ્ત્રનું આલંબન હોય, એમ તો કહ્યું કે '**परदव्वादो दुग्गइ**' છે. આહાહા..! એ ચૈતન્યની જાતની ગતિ નથી. આહાહા..! દેવ અરિહંત ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ દિગંબર સંત મુનિ, શાસ્ત્ર અનેકાંતના કહેનાર એ અમૃતધારા. પણ એ પર છે ને. પર છે તેનો આશ્રય કરીશ તો દુર્ગતિ થશે. દુર્ગતિએ કાંઈ ચૈતન્યની ગતિ નહિ થાય. બીજી ગતિ મળશે દેવાદિ એ તો બધી દુર્ગતિઓ છે. આહાહા..!

સમજાણું કાંઈ? ..માં આવે છે ને. હિંમતવાળો માણસ છે. ... શું થાય? આહાહા..! અહીં કહે છે, આ આંખ ક્યાં આત્માની હતી તે જાય ને આવે? ભગવાન તો જ્ઞાનનેત્રવાળો છે. એ નેત્રે સ્વને જોવે તે સુખી થાય, એ નેત્રે પરને જોવે તો દુઃખી થાય. આહાહા..! બેય જણા છે ને? બેય જણા નથી આવ્યા? આવ્યા છે. બેય જણા ગયા છે. આહાહા..!

અહીં કહે છે આત્મા પરદ્રવ્યથી રહિત. આહાહા..! શરીર, કર્મ, લક્ષ્મી, આબરુ અને રાગ એનાથી રહિત ભગવાનઆત્મા એને આયત્ત. આયત્ત છે ને? એને આધીન નથી. આહાહા..! એ પરદ્રવ્ય સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી અરે! દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્યને આધીન આત્માનું સુખ છે જ નહિ. પરાધીન સ્વપ્ને સુખી નહિ, એમ લોકો કહે છે. વાતું કરે ભાષા. પરાધીન સપને સુખી નહિ.

મુમુક્ષુ :— એનો અર્થ જુદો છે આપ કરો છો એનાથી.

ઉત્તર :— એનો અર્થ જ આ છે. એ તો માને છે બીજું.

એ અહીં કહે છે ને જુઓને. આત્મા આયત, પર આયત. આહાહા..! પરાધીન સ્વપ્ને સુખ નહિ. એટલે કે રાગ ને પરદ્રવ્યને આધીન ત્રણકાળમાં સુખ નથી. એ તો એમ જરીક માને આ નોકરી પરાધીન, ઢીંકણું પરાધીન. હવે એમાં શું? અહીં તો આત્મા આયત આ શબ્દ પડ્યો છે. પરમાત્મપ્રકાશ છે ને. આહાહા..! પરમાત્મ તારું સ્વરૂપ જ છે. એ સ્વરૂપમાં આનંદ ને શાંતિ ને સ્વચ્છતા અને પ્રભુતા અનંતગુણનો નિધાન, અનંતગુણનું ગોદામ પ્રભુ છે. તને ખબર નથી બાપુ. માલ કાઢવો હોય તો ત્યાંથી નીકળે એવું છે. આહાહા..! કહો, ચીમનભાઈ! સ્ટીલ-બીલનું રાખે ને મોટા ગોદામ. આ તો અનંતગુણનું ગોદામ છે બાપુ! ક્યાં ગયો? એય! અમારે મનસુખ! તારા ગોદામ કરતા આ ગોદામ જુદી જાતનું એમ કહે છે. આહાહા..! અનંતગુણનું ગોદામ પ્રભુ. આહાહા..! જેની પરિણતિ સુખરૂપ થતાં અનંતી અનંતી આનંદની દશા થતાં એ પોતે એવો ખજાનો છે. એવી વાત છે. એ વાતની એને મહિમા ક્યાં છે. આહાહા..! જરી બહાર અનુકૂળતા કાંઈક મળી ત્યાં આહા..! અમે સુખી છીએ. દુઃખી છે. આહાહા..! અહીં કહેતો હતો ને એ. અમારા વેવાઈ સુખી છે. સુખીની વ્યાખ્યા શું ? નાનાલાલભાઈના વેવાઈ કરોડપતિ ને સુખી છે કહે છે. કોઈ વઢવાણના હતા.

મુમુક્ષુ :- મોહનભાઈના સાળા.

ઉત્તર :- હા એ. આ નહિ હોં, ઓલા તમારા ઓલા તમારા કાકાજી નહિ? આવે છે એ. .. મોહનભાઈ. અમારા વેવાઈ સુખી છે. કીધું, સુખીની શું વ્યાખ્યા? ધૂળ પામ્યા ને આ પચાસ લાખ, કરોડ મળે એ સુખી છે?

અહીં તો પરમાત્મા ત્રણલોકના નાથ વીતરાગદેવ ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં જાહેર આમ કરતા હતા. પ્રભુ! તારું સુખ હોય તો તારે આધીન છે. આહાહા..! આયતન '**પરદ્રવ્યસે રહિત આત્માધીન સુખ હૈ, ઉસીમેં સંતોષ કર,...**' આહાહા..! એ પૈસે સંતોષ નહિ થાય ધૂળમાં. કહેશે દાખલો. '**ઈન્દ્રિયાધીન સુખકો...**' આમ કીધું ને, આત્મા આયતન સુખ પરમસુખ, એમ પરાધીન. એ '**ચિંતવન કરનેવાલોં કે...**' આહાહા..! ભગવાન તારો આત્મા આનંદસ્વરૂપને

મૂકીને જેટલી પરદ્રવ્યની ચિંતા (કરીશ એટલો) તને દાહ થશે પ્રભુ! ઓલામાં સંતોષ કહ્યું હતું ને, સામે દાહ (કહ્યું). .... આહાહા..! સમજાણું કાંઈ? એટલે ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એને મૂકીને જેટલી પરદ્રવ્યની ચિંતા... છે? '**ઈન્દ્રિયાધીન સુખકો ચિંતવન કરનેવાલોં કે ચિત્ત કા દાહ નહીં મિટતા.**' આહાહા..! ચિત્તમાં અગ્નિ કષાયની હોળી સળગશે. સમજાય છે કાંઈ? ઈન્દ્રિયના ભોગમાં કષાયની અગ્નિ સળગે છે, બાપુ! તને ખબર નથી. ભાઈ! ત્યાં અગ્નિની જ્વાળા સળગે છે. આહાહા..! ભગવાનઆત્માને આધીન આનંદ વર્તે છે. જ્યાં આનંદ છે ત્યાં નજરું કરને. જ્યાં આનંદ નથી ત્યાંથી નજરને છોડને એમ કહે છે. આહા..! આવી વાતું ભારે ભાઈ. આમાં સમજવું કઠણ. કો'ક કહેતું હતું કાલે, એક તો કહે મહારાજ હિન્દી બોલે તો અમે સમજતા નથી. ગુજરાતી તો સમજે નહિ. હિન્દુસ્તાની આવ્યા હતા લલીતપુરના. કોઈ દિ' આ વાત શું છે...

મુમુક્ષુ :- કાંઈ સમજાણું નહિ.

ઉત્તર :- કાંઈ સમજાણું નહિ. શું સમજાય? આહાહા..! કોઈ દિ' નિશાળે ચડ્યો જ નથી ને હજી. આહાહા..! ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, સત્ જ્ઞાન અને આનંદનો સાગર, એનું સ્વરૂપ જ એ છે. સ્વ નામ પોતાનું રૂપ અનંતઆનંદ, અનંતજ્ઞાન, શાંતિ એ એનું રૂપ છે. પણ એ રૂપ નજરમાં આવ્યા વિના આવો છે એમ કેમ એને ખબર પડે? આહાહા..! સમજાણું કાંઈ? અને પરસુખ તે ચિંતવતા ચિત્તનો દાહ (થશે). તારા આત્માને આધીન તને સુખ, સંતોષ થશે અને પરની ચિંતવનામાં તો તને દાહ, અગ્નિ, જ્વાળા સળગશે. આહાહા..!

છ ઢાળામાં ન કહ્યું? 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ.' આહાહા..! રાગ પછી રાગ શુભ અન અશુભ બેય હોં! 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત...' જોયું દાહની સામે સમામૃત. આ સુખ કીધું આત્માનું. સમામૃત—સમતાનું અમૃત. રાગ છે એ પુણ્ય-પાપ છે, વિષમ છે, વિષમ છે તે આગ છે, આગ છે તે દાહ છે. અહીં કીધું ને? આહાહા..! પરદ્રવ્યનું '**સુખકો ચિંતવન કરનેવાલોં કે ચિત્ત કા દાહ નહીં મિટતા.**' આહાહા..! આવું આકરું કામ. એ જાણે વિષય ભોગ છે ને બહારના? એનો વિકલ્પ છે. અહીં તો કહે છે કે ચાહે તો શુભ વિકલ્પ હો કે અશુભ હો. આકરી વાત ભાઈ! તારા ઘર મૂકીને જેટલી પરઘરની ચિંતવના ચાહે તો દેવ, ગુરુ અને શાસ્ત્રનું ચિંતવન કર એ રાગ છે. આકરી વાતું ભાઈ! આહાહા..! એ ચિત્તનો દાહ છે. માટે 'રાગ આગ દાહ દહે સદા...' માટે ભગવાનઆત્મામાં જઈને સમતા પ્રગટ કર. ત્યાં 'સમામૃત સેઈએ' આહાહા..! કહો, આમાં તમારા ધંધા-ફંધાની આગ તો ક્યાંય જુદી રહી ગઈ. આહાહા..!

મુમુક્ષુ :— મુનિ કાંઈ ધંધાની વાત કરે?

ઉત્તર :— મુનિની ધંધાની નહિ પણ વ્યવહાર-ધંધે ફસ્યા, આ રાગના વ્યવહાર ધંધે ફસ્યા પણ દુઃખમાં છે એમ કહે છે. એ તો પાપના ધંધા બધા. હોળી સળગી અંદર કષાયની. આહાહા..!

મુમુક્ષુ :- અરે! રૂપિયા કમાય છે.

ઉત્તર :- ધૂળમાં રૂપિયો. એમ હશે રમણીકભાઈ? આહાહા..! ભાઈ! તારી રમતું આત્મામાં

જોવે નાથ! તારા આંગણામાં જા ને તું. આંગણા છોડીને બહારમાં જા, બાપુ! તને દાહ થશે. આહાહા..! પણ આ વાત એને સાંભળવા મળે નહિ એટલે શું કહે છે એ પકડાય નહિ. આહા..! મુદ્દાની રકમ છે એ પકડાય નહિ. અને ઉપરના બધા વ્યાજની વાતું એની બધી પક્કડ થાય. આહાહા..!

અહીં કહે છે કે ભાઈ તું બીજી ચિંતવના કરતાં તો તને દાહ થશે. આહાહા..! '**આત્માધીન સુખ આત્માકે જાનને સે ઉત્પન્ન હોતા હૈ,...**' હવે વ્યાખ્યા કરી—ટીકા. '**આત્માધીન સુખ આત્મા કે જાનને સે ઉત્પન્ન હોતા હૈ,...**' આહાહા..! પોતાનું જ્ઞાન જાણવાનું છોડીને પરમાં જાણવા જાય એ બધી આગ-કષાય છે. આહાહા..! આ બધું ભણતર પણ કષાય હશે? તો ભણ્યા વિના રોટલા શેના ખાવા ત્યારે? આહાહા..! અહીં તો કહે છે, પ્રભુ! તને સુખ તને જાણવાથી થશે. પરને જાણવાથી તને દુઃખ થશે. આહાહા..! જેનું જ્ઞાન છે, આહાહા..! એમાં તો એ જ કહ્યું ને ૧૭-૧૮ ગાથામાં. ૧૭-૧૮ એક ફેરી આપણે લીધી હતી, નહિ? ફત્તેપુર. તારી જ્ઞાનની જે પર્યાય છે ને એ પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. એથી તે જ્ઞાનની પર્યાયમાં અત્યારે પણ આત્મા જણાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા ભગવાન ત્રિકાળી વસ્તુ, એની વર્તમાન પ્રગટ વ્યક્ત જ્ઞાનદશા, એ જ્ઞાનદશાનો સ્વભાવ જ એનો સ્વપરપ્રકાશક છે. એટલે ખરેખર તો જ્ઞાનની પર્યાયમાં સ્વ આત્મા જ પ્રકાશે છે. આહાહા..! એને એ પ્રકાશે છે એમ જોતો નથી. પણ પર્યાયમાં આ છે આ જણાય છે, આ જણાય છે એટલે એ પરજ્ઞેયને જણાય છે એમ જાણે છે. જે વિપરીત (છે), પર્યાયનો જે ધર્મ છે એનાથી એણે વિપરીત માન્યું. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે ને જુઓને. '**આત્માધીન સુખ આત્મા કે જાનને સે ઉત્પન્ન હોતા હૈ,...**' આહાહા..! ટુકડામાં તો ઘણું નાખ્યું છે. પ્રભુ! તારો આનંદ અને સુખ તને જાણવાથી સુખ થશે. પરને જાણવાથી સુખ નહિ થાય. કેમકે એમાં સુખ નથી. આહાહા..! જુઓને! અહીં તો શાસ્ત્રને જાણવું એ સુખ નથી એમ કહે છે. આહાહા..! શશીભાઈ! આવી વાતું છે. આહાહા..! આત્માના સ્વભાવની દરિદ્રતા માટે ... આપી. સ્વભાવનું સામર્થ્ય તને આવ્યું નહિ. દરિદ્ર ભિખારી થઈ ગયો. આહાહા..! દરિદ્ર થયો. જેની પર્યાયમાં દ્રવ્ય ન જણાય અને પર જણાય એ તો દરિદ્ર છે. આહાહા..! સમજાણું કાંઈ? એથી એમ કહે છે, '**આત્માધીન સુખ આત્મા કે જાનને સે ઉત્પન્ન હોતા હૈ,...**' આહાહા..! બહુ ટૂંકી ભાષા છે પણ ઘણો મર્મ ભર્યો છે. બધું જાણવું ગમે એટલું કર, શાસ્ત્રનું કર, આ વકીલાતનું, આ ડોક્ટરનું, આ લાદીનું, આ સ્ટીલનું અને આને પ્લાસ્ટિકનું. ભગવાનજીભાઈને પ્લાસ્ટિકનું. પ્લાસ્ટિકનું છે ને? જોડા.

મુમુક્ષુ :— હમણા બંધ કરી નાખ્યું.

ઉત્તર :— બંધ કરી દીધું? આપી દીધું. આહાહા..! અરે! આહાહા..!

અહીં તો કહે છે કે પ્રભુ! તું કોણ છો એના જ્ઞાન વિના તને સુખ નહિ થાય. ભાષા એમ લીધી ને. આત્માનું સુખ આત્માને જાણવાથી થશે. આહાહા..! એ આત્મા કોણ છે એનું જ્ઞાન કરે તો તને

સુખ થશે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! લુખી વાતું લાગે માણસને. બાહ્યમાં રસ લીધા હોય ને રાગના. આહાહા..! ધર્મને બહાને પણ રાગના રસિયા વ્યવહારના પ્રેમીઓ. આહાહા..! એને કહે છે કે સુખ જોઈતું હોય આત્માનું તો આત્માને જાણ. એનાથી સુખ થશે. કારણ કે તેમાં સુખ છે. આહાહા..! પરને જાણવાથી તને પરમાં સુખ નથી, એ તો દુઃખ થશે તને. આહાહા..! એક વાત.

રાગથી તો દુઃખ થશે. આહાહા..! પણ પરના જાણવાથી પણ દુઃખ થશે એમ કહે છે. આહાહા..! કેમકે પરપ્રકાશક જ્ઞાન ક્યારે સાચું થાય? કે સ્વપ્રકાશક પ્રગટે તો. અને આ તો સ્વપ્રકાશ વિના એકલું પરપ્રકાશનું જ્ઞાન એ તો દુઃખરૂપ છે. આહાહા..! એમાં આવ્યું છે ને, પરસત્તાવલંબી. ચિઠ્ઠી પરમાર્થ વચનિકા. પરસત્તાવલંબી જ્ઞાન એને ધર્મી મોક્ષમાર્ગ કહેતા નથી. આહાહા..! બાબુભાઈ! .. પરમાર્થવચનિકા. આહાહા..! રાગ તો દુઃખ બંધનું કારણ, પણ પરસત્તાવલંબી જ્ઞાન એને મોક્ષમાર્ગ ધર્મી માનતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે. ટૂંકા શબ્દમાં આ ભર્યું છે આમાં. **'આત્માધીન સુખ આત્મા કે જાનનેસે ઉત્પન્ન હોતા હૈ,... '** એને તો જ્ઞાનની પર્યાયમાં તને જ્ઞેય જણાય છે પણ તેં તેના તરફ દૃષ્ટિ કરી નથી. તો જેને આત્માનું સુખ આત્માને જાણે, એને ત્યાં જાણે છે ત્યાં તને સુખ થશે. આહાહા..! સમજાણું કાંઈ? એને સુખ કહીએ. આ દુનિયાના સુખ તો બધા ઝેરના પ્યાલા પીવે છે. આહાહા..!

મુમુક્ષુ :— એ તો મંદ કષાય છે.

ઉત્તર :— મંદ કષાય પણ ક્યાં છે પાપના સંસારમાં. અને આ વ્યવહાર ક્રિયાકાંડનો મંદ કષાય એ પણ દુઃખ છે. અને ખરેખર તો એ પર કષાય છે તેનું જ્ઞાન એ દુઃખરૂપ છે. કારણ કે પર તરફના વલણવાળી દશા છે. અહીંયાં આત્માનું સુખ આત્માને જ્ઞાનથી, આત્માના જ્ઞાનથી પ્રગટ થાય છે. આહાહા..! એવી ભગવાનની વાતું સાંભળવા ન મળે એને શું કરે? ક્યાં જાય? આહાહા..! એક તો સ્ત્રી, કુટુંબ, પરિવાર, ભોગ ને ઊંઘ એમાં ૨૨ કલાક, ૨૦ કલાક ચાલ્યા જાય. અરેરે..! ટાઈમ એનો ચાલી જાય છે બધો. કલાક, બે કલાક મળે તો સાંભળવા એવું મળે કે તમે પુણ્ય કરો, દયા, દાન, વ્રત પાળો ધર્મ થાશે. આહાહા..! જે રાગ છે એ દુઃખ છે, આ એને જાણવું એ દુઃખ છે. આહાહા..!

પોતાને જાણવાથી સુખ છે એને સુખની ઉત્પત્તિ પણ પોતાનું જે જ્ઞાન થયું, તે કાળે રાગ, પરનું જ્ઞાન ન થયું. પરસંબંધીના નિમિત્તથી પોતામાં પોતાને કારણે ઉત્પન્ન થયેલું પરપ્રકાશકજ્ઞાન છે. આહાહા..! એ સુખરૂપ છે એ તો. અહીં સ્વપ્રકાશક આવ્યું છે ને? અને પછી જ્ઞાન પરને જાણે. એકલો પર ઉપર જાણે તો તો પરસત્તાવલંબી થઈ ગયો. પણ સ્વસત્તાના સામર્થ્યના જ્ઞાનમાં એનો સ્વભાવ છે પરપ્રકાશરૂપે પોતાની પર્યાય છે, પરને પ્રકાશતી નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભાઈ! લોકોને લાગે એવું. સોનગઢિયાએ ધર્મ આવો કાઢ્યો, નવો કાઢ્યો એવું બિચારા વાતું કરે છે. ભાઈ! બાપુ! .. સમજાણું કાંઈ? આહાહા..!

**'ઈસલિયે તૂ આત્મા કે અનુભવ સે સંતોષ કર,...'** **'આત્માધીન સુખ આત્મા કે**

**જાનને સે ઉત્પન્ન હોતા હૈ.'** આહાહા..! **'ઈસલિયે તૂ આત્મા કે અનુભવ સે સંતોષ કર,...'** ત્યાં સંતોષ કરને, સંતોષ થઈ જશે તને. આહાહા..! સમજાણું કાંઈ? **'ભોગોંકી વાંછા કરને સે ચિત્ત શાંત નહીં હોતા.'** પર તરફના ભોગની ઈચ્છાથી શાંતિ નહિ વળે. આહાહા..! **'જો અધ્યાત્મકી પ્રીતિ હૈ, વહ સ્વાધીનતા હૈ,...'** ફેર છે એ? પાનામાં ફેર લાગે છે, નહિ? નવામાં. **'અધ્યાત્મકી પ્રીતિ હૈ,...'** અધ્યાત્મ નામ ભગવાનઆત્મા. અધ્યાત્મની વ્યાખ્યા કરશે છેલ્લે. મિથ્યાત્વ, વિષય કષાયાદિ બાહ્ય પદાર્થકા અવલંબન છોડના ઔર આત્મામેં તલ્લીન હોના વહ અધ્યાત્મ. છેલ્લી લીટી છે. સમજાણું કાંઈ? અધ્યાત્મ, અહીં ભાઈ અત્યારે અધ્યાત્મ.. છે.

ઓલા વળી કહે અધ્યાત્મીઓ બે પ્રકારે વાત કરે છે. એમ કહે છે. આહાહા..! એમ કે સર્વને જાણતા પરને જાણવું એ અસદ્ભૂત વ્યવહાર છે. અને એક અધ્યાત્મિક કહે છે, પરને જાણવું એ આત્મજ્ઞપણું છે. પરનું જ્ઞાન નથી એ સ્વનું સ્વપરપ્રકાશનું જ્ઞાન સ્વનું છે. એ આત્મજ્ઞ છે. આ અધ્યાત્મીઓના બે પ્રકાર છે. અરે! એમ નથી. ઓલામાં નાખ્યું છે ખાણિયા ચર્ચા. આહાહા..! એક તો સર્વજ્ઞ સ્વરૂપ પોતાનું છે એથી આત્મજ્ઞ કહો, સર્વજ્ઞ કહો, એ વિવિક્ષા ભેદ છે. ત્યાં સર્વ એટલે પરને જાણે એવી અપેક્ષાથી પરનું જ્ઞાન તે જ્ઞાન છે એ નહિ. પરનું અને પોતાનું સ્વનું જ્ઞાન જે થયું છે એ સ્વઆત્મજ્ઞ છે, એ સર્વજ્ઞ છે. આહાહા..! રાત્રે કીધું હતું ને, શક્તિમાં નથી લીધું? સર્વ આત્મજ્ઞ. આહાહા..!

અહીં કહે છે, અધ્યાત્મમાં પ્રીતિ કર પ્રભુ તને સુખ થશે. આહાહા..! એ સ્વાધીનતા છે. એમાં કોઈની અપેક્ષા અને કોઈની મદદની જરૂર નથી. આહાહા..! ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે એની સ્વાધીનતામાં સુખ છે અને એના સ્વાધીનતામાં કોઈનો પરાશ્રય છે જ નહિ. વ્યવહારરત્નત્રયના વિકલ્પની પણ સ્વઆશ્રયમાં અપેક્ષા નથી. આહાહા..! ત્યારે કોઈ એમ કહે કે એ તો નિશ્ચય એક જ થઈ ગયું, વ્યવહાર આવ્યો નહિ. બે નય જોઈએ. બે નયમાં એણે ખુલાસો ભાઈએ કર્યો ફૂલચંદજીએ કે પરની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા એમાં વ્યવહારની ઉપેક્ષા આવી ગઈ એ નય આવી ગયો. વાત એમ જ છે. ફૂલચંદજી એક જાગ્યો પણ આ બધા ટોળા સમાજના આગળ... હવે આ જાગ્યો હુકમચંદજી પંડિતમાં. બહુ જબ્બર, એથી પણ જબ્બર. હુકમચંદજી. નાની ઉંમર હજી ૪૦ વર્ષ.

અહીં કહે છે કે પરનું (સુખ) એ તો પરાધીન છે. આ આત્માધીન એ સ્વાધીન છે. સ્વ પોતે છે તેને આધીન શું? એમાં પરની જરૂર ક્યાં? આહાહા..! આત્માના સુખને માટે આત્માને જાણવો અને એ સ્વાધીન છે માટે તેને સુખ છે. એમાં પરનો આશ્રય જરીએ નથી. આહાહા..! આવું પણ નિર્લેપ, પરના આશ્રય વિનાનું સુખ એ બહુ કઠણ પડે જગતને. આ કરો, આ વ્યવહાર કરો, આ કરો, દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. એ અનાદિનું કર્યું છે અજ્ઞાન. આહાહા..! ઉપવાસ જેને કહીએ, ભગવાન શુદ્ધચિદાનંદમૂર્તિ તેની સમીપમાં રહેવું એ સ્વાધીનતા અને એને ઉપવાસ કહીએ. સમજાણું કાંઈ?

**'વહ સ્વાધીનતા હૈ, ઈસમેં કોઈ વિઘ્ન નહીં હૈ,...'** આહાહા..! કર્મ પણ દખલ કરી

શકે તાકાત નથી કહે છે તારા સ્વાધીનતામાં. આહાહા..! સમજાણું કાંઈ? **'ઔર ભોગોં કા અનુરાગ વહ પરાધીનતા હૈ.'** પાંચઈન્દ્રિય તરફનો જુકાવ એ તો પરાધીન છે. **'ભોગોં કો ભોગતે કભી તૃપ્તિ નહીં હોતી. '** શ્લોક આપ્યો છે. **'જૈસે અગ્નિ ઈંધન સે તૃપ્ત નહીં હોતી,...'** અગ્નિમાં લાકડા નાખીએ અગ્નિ શાંત ન થાય, એ તો અગ્નિ પ્રજ્વલે. આહાહા..! છે? **'જૈસે અગ્નિ ઈંધન સે તૃપ્ત નહીં હોતી,...'** એમ ભોગ ભોગવતા તૃપ્તિ નહિ થાય. ભોક્ત ભોગી છે એટલે પછી સંતોષ થઈ જશે એમ અજ્ઞાની કહે છે. ભોક્તભોગી થઈ જાય, ૫૦-૬૦ વર્ષ થઈ જાય. ભોક્તભોગી.. અરે! ધૂળેય નહિ થાય, સાંભળને. અગ્નિમાં લાકડા નાખ્યે અગ્નિ ઓલાતી હશે કે ઉજળતી હશે? આહાહા..! છે?

**'સેંકડો નદીયોં સે સમુદ્ર તૃપ્ત નહીં હોતા હૈ.'** દૃષ્ટાંત આપ્યો છે. સેંકડો નદીના પાણી. ૨૫-૨૫, ૫૦-૫૦ .. અને નદીના ધોધ દરિયામાં પડે, દરિયો તૃપ્તિ પામે? આહાહા..! **'ઐસા હી સમયસાર મેં કહા હૈ,...'** ૨૦૬ ગાથા નિર્જરાની છે ને. છે.

एदम्हि रदो णिच्चं संतुट्ठो होदि णिच्चमेदम्हि।
एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सुक्खं।।

એ ૨૦૬ ગાથા. ભગવાન! તું એકવાર જો, એમ કહે છે. આહાહા..! **'આત્મસ્વરૂપ મેં સદા લીન હો,...'** (પ્રીતિ કર). હે હંસ! હંસ નામ જેમ દૂધ અને પાણી જેમ હંસની ચાંચમાં જુદા પડી જાય. હંસલો જ્યાં પાણી અને દૂધ ભેગા હોય, અધમણ પાણી અને દસ શેર અધમણ દૂધ ભેગું (હોય), એની ખટાશ નાખે ત્યાં જુદા પડી જાય. એમ ભેદજ્ઞાનરૂપી ખટાશ નાખ અંદર તો રાગ અને આત્મા જુદા પડી જાય. આહાહા..! અરે! આવી વાતું હવે પકડાય માંડ એમાં કરવું શું અમારે? ઓલા શેઠ કહે છે ભગવાનદાસ. કરવું શું પણ આમાં? પણ આ કરવું નથી? આહાહા..! એ જ કરવાનું છે, બીજું કરવું શું હતું? પરનું કરી શકે છે? રાગનો કર્તા થાય તો એ સ્વામી થાય તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહાહા..! સ્વસ્વરૂપનો સ્વામી થઈને એમાં રહેવું એ કરવાનું છે. આહાહા..! આકરી વાત બાપુ! વીતરાગ માર્ગ વીતરાગપણાથી શરૂ થાય છે. સમજાણું? લોકોનો એ આગ્રહ છે કે વ્યવહાર દયા, દાન, વ્રત, તપ, ભક્તિ કરતા કરતા નિશ્ચય થશે. તદ્દન દૃષ્ટિ મિથ્યા શલ્ય છે. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ડકાર આવશે. એમ નહિ થાય ભાઈ! તું છેતરાઈ જઈશ, જીંદગી ચાલી જશે. એની એક પળ પણ આત્માને સાધવા માટે છે. આહાહા..! આ ભવ તો અનંતભવના અભાવને માટે છે. આ ભવ ભવ વધારવા માટે ન હોય. આહાહા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે જુઓ.

તું તૃપ્તિ અધ્યાત્મમાં તૃપ્તિ સદા.. છે ને? **'આત્મસ્વરૂપ મેં હી સદા લીન હો,...'** લીન અને પ્રીતિ મૂળ પાઠમાં છે. છે ને? **'एदम्हि रदो'** છે ને? **'एदम्हि रदो'** છે. રતિ છે એમ. એ રતિનો અર્થ પ્રીતિ કર્યો, લીન કર્યો. **'આત્મસ્વરૂપ મેં હી' 'एदम्हि रदो'** આહાહા..! આમાં જ પ્રીતિ કર. આહાહા..! **'સદા ઈસીમેં સંતુષ્ટ હો.'** સદાય આમાં સંતુષ્ટ થા. આહાહા..! **'ઈસીસે તું તૃપ્ત હોગા...'** આહાહા..! ભૂખ્યો માણસ જેમ લાડવા અને દાળ ચડાવીને તૃપ્ત પામે.

આહાહા..! એમ આ આત્મામાં જઈશ તો તને તૃપ્તિ થશે. આહાહા..! ત્યાં મોટું ભાણું આનંદનું પડ્યું છે. આહાહા..! ત્યાં તને તૃપ્તિ થશે, અહીં તૃપ્તિ નહિ થાય ભોગમાં. આહાહા..! ગમે એટલા ભોગ ભોગવ પણ તોપણ તૃષ્ણા એમ ને એમ ઊભી રહેશે.

અહીંયાં તો જ્યાં અંદરમાં જા તો ત્યાં તને આનંદ આવશે, તને સંતુષ્ટ થશે. આહાહા..! અને તને તૃપ્તિ થશે. આહાહા..! આવી વાત. આત્મામાં તૃપ્તિ થશે. ભાઈ! ત્યાં આનંદ છે. પ્રભુ! તું આત્મા આનંદસ્વરૂપ છો. આહાહા..! એના સ્વરૂપમાં એને જાણતા તને સુખ થશે. સુખથી તને તૃપ્તિ તશે. તને આનંદનો મીણો ચડી જશે. આહાહા..! ભાઈ! ત્યાં તૃપ્તિ થવાનું કારણ એ છે. અહીં તૃપ્તિ નહિ થાય વેપાર કર્યા ને આટલા કર્યા મોટા, ધૂળ ધમાહા છોકરા ભેગા થયા. આહાહા..! દાખલો નહોતા આપતા? વર્ણીજી આપતા દાખલો. બે ટાંગાવાળો માણસ કહેવાય. બાયડી થાય તો ચાર પગ થયા એટલે ઢોર થયો. એકડે એક અને બગડે બે બગડ્યું. દુર્ઘટના. હમણા ભાઈએ કર્યું છે ને. હુકમચંદજીએ. ભગવાન મહાવીરના નામે. ભગવાનને દુર્ઘટના નહોતી થઈ. પરણ્યા નહોતા. પરણે એટલે દુર્ઘટના શરૂ થાય હવે. આહાહા..! એને કેમ રાજી કરું અને એને કેમ સંતોષ કરું? આહાહા..! દુર્ઘટના ઊભી થઈ. ભગવાનને એ નહોતું હવે. છે ને, લખ્યું છે. આહાહા..!

**'તુજે ઉત્તમ સુખકી પ્રાપ્તિ હોગી.'** આહાહા..! **'ઇસ કથન સે અધ્યાત્મ-સુખ મેં ઠહરકર નિજસ્વરૂપકી ભાવના કરની ચાહિયે,...'** એ પણ શું કહ્યું? આત્માની ભાવના વિકલ્પથી કરવી એમ નહિ એમ કહે છે. હેં!

મુમુક્ષુ :— ઉસમે ઠહરકર.

ઉત્તર :— ઠહરકર. આહાહા..! વીતરાગ સ્વભાવમાં સ્થિર થઈને એની ભાવના કરવી એનું નામ ભાવના છે. સમજાણું કાંઈ? આહાહા..! વિકલ્પથી અને જ્ઞાનમાં ધારી રાખ્યું કે આવો છે, ત્યાં સુધી એ ભાવના નથી. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા સ્વરૂપ આનંદ છે તેમાં ઠરીને. ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે. આહાહા..! ભાઈ! તને તારી કિંમત નથી. મોટો હીરલો અનંતગુણના પાસાવાળો પ્રભુ ત્યાં અંદર છે. આ એક હીરો સાત-આઠ પાસાવાળો હોય તો એની કરોડોની કિંમત કહે છે. આહાહા..! અહીં તો અનંતગુણના પાસાવાળો પ્રભુ. આહાહા..! ... ન્યાં નાખને. આહાહા..! તને સુખ થશે, તૃપ્તિ થશે, સંતોષ થશે. એની પ્રીતિમાં આ ફળ આવશે. આહાહા..! નિજસ્વરૂપની પાછી ભાષા છે ને. પોતાના સ્વરૂપની ભાવના કરવી જોઈએ. ઠરવું પોતામાં એ નિજસ્વરૂપની ભાવના. આહાહા..!

**'ઔર કામભોગોંસે કભી તૃપ્તિ નહીં હો સકતી.'** કામભોગ શબ્દે રાગ તે કામ છે અને એનો ભોગ તે ભોગ છે. 'કામભોગ બંધનની કથા, શ્રુત પરિચિત અનુભૂત.' કામ શબ્દે ઈચ્છા અને ભોગ શબ્દે ભોગવવું. રાગનું કરવું અને રાગનું ભોગવવું એ તો તેં અનંતવાર સાંભળ્યું છે. આહાહા..! એ તો તારા પરિચયમાં એ વાત આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ છે. આહાહા..! **'सव्वस वि'** સર્વ જીવને. પણ પ્રભુ! તમે કહો છો ને કે કોઈ જીવ નિગોદમાંથી નીકળ્યા નથી ને,

અને તમે કહો કે સર્વ જીવે આ રાગની વાત સાંભળી છે કર્તા-ભોક્તાની. ભાઈ! એને રાગનું વેદન જ છે કે નહિ? સાંભળીને, પરિચયને ઠેકાણે અનુભૂતિ છે હવે તો એને. આહાહા..! સમજાણું કાંઈ?

**'सुदपरिचिदाणुभूदा सव्वस वि कामभोगबंधकहा।'**. એકેન્દ્રિયથી માંડીને સર્વ પ્રાણીએ આત્માના પડખા સિવાય પરના પડખાની રાગની વાતું, શુભરાગ કેમ કરવો? કેમ ભોગવવો? એ વાતું પ્રભુ! તેં અનંતવાર સાંભળી. આહાહા..! **'एयत्तस्सुवलंभो णवरि ण सुलहो'**. રાગથી ભિન્ન સ્વરૂપમાં એકત્વતા એ વાત તેં સાંભળી નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે આમાં ઝાઝા માણસ પણ ભેગા ન થાય આમાં તો. આમાં શું સમજાય? જુઓ, આ તો દિગંબર આવ્યા હતા, લલિતપુરના. આહાહા..! જિજ્ઞાસુ ભેગા થાય. ૨૦-૨૦ હજાર માણસો. જવાહરલાલ આવ્યા હતા ભાવનગર. એક લાખ માણસ સાંભળવા ભેગું થાય. ગાંધી આવે તો કેટલા.. ઓલાપણે નહોતું જોયું? સુરતની ઓલી કોર. સુરતની ઓલીકોર નહિ? બારડોલી. ... બહુ માણસ થયું હતું. અરે! આ વાત. આહાહા..!

નિજસ્વરૂપની ભાવના કરવી જોઈએ. આહાહા..! રાગથી તને તૃપ્તિ નહિ થાય. **'ઐસા કહા ભી હૈ, કિ જૈસે તૃણ, કાઠ આદિ ઈંધન સે અગ્નિ તૃપ્ત નહીં હોતી...'** ક્યાંક આવે છે. આમાં લખ્યું છે. હિન્દી મૂલાચાર. .. એવું કાંઈક આવે છે. એ મોઢે કર્યું છે પહેલું. ૧૦૮ આવે છે આ. એમાં આ આવતું. **'તૃણ, કાઠ આદિ ઈંધન સે અગ્નિ તૃપ્ત નહીં હોતી ઔર હજારોં નદિયોં સે લવણસમુદ્ર તૃપ્ત નહીં હોતા, ઉસી તરહ યહ જીવ કામ ભોગોંસે તૃપ્ત નહીં હોતા.'** આહાહા..! **'ઈસલિયે વિષય-સુખોં કો છોડકર...'** એટલે કે સ્વવિષયને છોડીને, પરના વિષયને છોડીને. એમ. આહાહા..! ૩૧મી ગાથામાં તો એ જ કહ્યું, ભગવાન અને ભગવાનની વાણી પણ ઈન્દ્રિય છે. આહાહા..! આકરું લોકોને લાગે. જડેન્દ્રિય, ભાવેન્દ્રિય અને એનો વિષય એ ત્રણેય ઈન્દ્રિય છે. એને જીત એટલે કે એનું લક્ષ છોડી દે. આહાહા..! ભગવાન એમ કહે, અમારું લક્ષ છોડી દે, તારા લક્ષથી તને સુખ થશે. એ વીતરાગ એમ કહે. હેં! આહાહા..! કેમકે અમારા તરફ લક્ષ જશે તો પ્રભુ, તને રાગ થશે અને દુઃખ થશે. આહાહા..! કેમકે અમે ઈન્દ્રિયના વિષય છીએ, અનીન્દ્રિય તો તારો સ્વભાવ ત્યાં વિષય કર. હેં! આહાહા..!

**'જીવ કામ ભોગોંસે તૃપ્ત નહીં હોતા. ઈસલિયે વિષય-સુખોં કો છોડકર...'** એટલે પાંચઈન્દ્રિય તરફના રાગમાં સુખ છે એમ છોડી દઈ **'અધ્યાત્મ સુખ કા સેવન કરના ચાહિયે.'** આહાહા..! હવે આવી વાત. અધ્યાત્મ સુખનું સેવન. ભગવાન આનંદસ્વરૂપ છે તેને જાણીને ઠરવું એ અધ્યાત્મ સુખનું સેવન છે. ભગવાનનું સેવન એમ પણ નહિ અહીં તો કહે છે. આવો મોટો આત્મા. ત્યારે ઓલો અમારે કહેતા ભગવાનજી વકીલ. રામજીભાઈના મિત્ર હતા. બહુ તમે વખાણ કરો છો તો આવો ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? કહો હવે આ. ધોયેલ મૂળા જેવો. આ મૂળી આવે ને કાદવવાળી? પહેલા પાણીમાં ધોવે. ધોઈને પછી દુકાન ઉપર લઈ જાય. આ મૂળા. ધોયેલ મૂળા જેવો અને આવો આવો તમે વખાણ કરો. વકીલને બિચારાને ખબર ન મળે. બાપુ! છે તો છે પણ

તારી નજરુંમાં ન આવ્યો માટે ક્યાં ગયો તને લાગે. આહાહા..! લ્યો!

**'અધ્યાત્મ સુખ કા...'** શબ્દાર્થ કરશે અહીં. એ આત્મશબ્દ છે ને? ત્યાં અધ્યાત્મ જોઈએ. છે અંદર? **'अध्यात्मशब्दस्य व्युत्पत्तिः'** ત્યાં અધ્યાત્મ શબ્દ જોઈએ. અધ્યાત્મ શબ્દનો અર્થ. અધ્યાત્મ શબ્દની વ્યુત્પત્તિ એમ લીધું છે. **'મિથ્યાત્વ વિષય, કષાય આદિ...'** વિપરીત માન્યતા, પર તરફનો વિષય-કષાય, **'બાહ્ય પદાર્થોં કા અવલંબન (સહારા) છોડના...'** આહાહા..! જુઓ! અહીં તો ભગવાનનું આલંબન પણ છોડવું એમ કહે છે. બાહ્ય પદાર્થ છે ને એ. આહાહા..! **'બાહ્ય પદાર્થોં કા અવલંનબન (સહારા) છોડના...'** આહાહા..! એનો અર્થ એ કે રાગનો પણ સહારો છોડ. **'આત્મા મેં તલ્લીન હોના વહ અધ્યાત્મ હૈ.'** આહાહા..! સમજાણું કાંઈ? અધ્યાત્મની વ્યાખ્યા કરી. આહાહા..! રાગથી માંડીને પરપદાર્થની દૃષ્ટિ છોડ. આહાહા..! અવલંબન છોડ. નિજ અવલંબન લે એને અહીંયાં અધ્યાત્મ કહેવામાં આવે છે. અવલંબન .. છે ને સ્થાનકવાસી અને દેરાવાસી વચ્ચે. સ્થાનકવાસી કહે, અવલંબન ભગવાનનું ન હોય. આ ... શુભભાવ હોય ત્યારે અવલંબન લે એમ કહેવાય. એ શુભભાવ વખતે. પણ અહીં તો કહે છે કે એ અવલંબનમાં પણ સુખ નથી. આવે ખરું. વ્યવહાર વચ્ચે પૂર્ણ વીતરાગ ન હોય તો આવે. શુભભાવ, દયા, વ્રત, ભક્તિ, પૂજા, પણ એ અવલંબનમાં તો આત્મસુખ નથી. આહાહા..! એને છોડવો, સહારો છોડવો. આહાહા..! સહાયકપણું—એ મદદગાર છે એમ છોડ. આહાહા..! **'આત્મા મેં તલ્લીન હોના વહ અધ્યાત્મ હૈ.'** આહાહા..!

---

## ગાથા-૧૫૫

अथात्मनो ज्ञानस्वभावं दर्शयति-

२८६) अप्पहँ णाणु परिच्चयवि अण्णु ण अत्थि सहाउ।
इउ जाणेविणु जोइयहु परहँ म बंधउ राउ।।१५५।।
आत्मनः ज्ञानं परित्यज्य अन्यो न अस्ति स्वभावः।
इदं ज्ञात्वा योगिन् परस्मिन् मा बधान रागम्।।१५५।।

अप्पहं इत्यादि। अप्पहं [1]शुद्धात्मनः णाणु परिच्चयवि वीतरागस्वसंवेदनज्ञानं त्यक्त्वा अण्णु ण अत्थि सहाउ अन्यो ज्ञानाद्विभिन्नः स्वभावो नास्ति इउ जाणेविणु इदमात्मनः शुद्धात्मज्ञानं स्वभावं ज्ञात्वा जोइयहु भो योगिन् परहं म बंधउ राउ परस्मिन् शुद्धात्मनो विलक्षणे देहे रागादिकं मा कुरु तस्मात्। अत्रात्मनः

१. પાઠાન્તર :-शुद्धात्मनः=स्वशुद्धात्मनः

शुद्धात्मज्ञानस्वरुपं ज्ञात्वा रागादिकं त्यक्त्वा च निरन्तरं भावना कर्तव्येत्यभिप्रायः।।१५५।।

आगे आत्माका ज्ञानस्वभाव दिखलाते हैं-

गाथा-१५५

अन्वयार्थ :- [आत्मनः] आत्माका निजस्वभाव [ज्ञानं परित्यज्य] वीतराग स्वसंवेदनज्ञानके सिवाय [अन्यः स्वभावः] दूसरा स्वभाव [न अस्ति] नहीं है, आत्मा केवलज्ञानस्वभाव है, [इदं ज्ञात्वा] ऐसा जानकर [योगिन्] हे योगी, [परस्मिन्] परवस्तुसें [रागम्] प्रीति [मा बधान] मत बाँध।

भावार्थ :- पर जो शुद्धात्मासे भिन्न देहादिक उनमें राग मत कर, आत्माका ज्ञानस्वरुप जानकर रागादिक छोड़के निरंतर आत्माकी भावना करनी चाहिये।।१५५।।

હવે, જ્ઞાન આત્માનો સ્વભાવ છે, એમ દર્શાવે છે :-

ભાવાર્થ :- વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાન સિવાય સ્વશુદ્ધાત્માનો જ્ઞાનથી ભિન્ન સ્વભાવ નથી. આત્માનો આ શુદ્ધાત્મજ્ઞાન સ્વભાવ જાણીને હે યોગી! પરમાં- આત્માથી વિલક્ષણ પર એવાં દેહમાં, રાગાદિ ન કર.

અહીં, આત્માનું શુદ્ધઆત્મજ્ઞાનસ્વરૂપ જાણીને અને રાગાદિનો ત્યાગ કરીને નિરંતર ભાવના (આત્મભાવના) કરવી જોઈએ, એવો અભિપ્રાય છે. ૧૫૫.

## ગાથા-૧૫૫ ઉપર પ્રવચન

૧૫૫. **'આગે આત્મા કા જ્ઞાનસ્વભાવ દિખલાતે હૈં-'** હવે એ ભગવાન છે કોણ કહે છે ત્યારે આ. જેને તમે અવલંબનમાં આનું અવલંબન લ્યો, પુણ્યનું અવલંનબ છોડ, (તો એ) છે કોણ? એ જ્ઞાનસ્વભાવ છે. એકલો ચિદ્રૂપ. જ્ઞાનસ્વરૂપ એક સમયની પર્યાયની આ વાત નથી. એ ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ જ છે. એ ત્રિકાળી સર્વજ્ઞસ્વભાવી જ છે, ત્રિકાળી જ્ઞ-સ્વભાવી છે. આહાહા..! જ્ઞાનપ્રધાનથી કથન છે ને. આમ તો અનંત શક્તિનો સંગ્રહાલય છે. અનંત શક્તિનો સંગ્રહ કરેલો ભગવાન સ્થાન છે. આહાહા..! અનંત સ્વભાવનો સાગર, પણ તે એનું સ્વરૂપ જ્ઞાનમય છે. આહાહા..! એકલો જ્ઞાતા-દૃષ્ટા જેનો સ્વભાવ છે. કહ્યું ને એ? **'આત્મા કા જ્ઞાનસ્વભાવ દિખલાતે હૈં-'**

२८६) अप्पहँ णाणु परिच्चयवि अण्णु ण अत्थि सहाउ।
इउ जाणेविणु जोइयहु परहँ म बंधउ राउ।।१५५।।

**આહાહા..! અન્વયાર્થ :-- 'आत्मनः' 'આત્મા કા નિજસ્વભાવ વીતરાગ સ્વસંવેદનજ્ઞાન કે સિવાય...'** આહાહા..! એ પોતે વીતરાગી જ્ઞાનસ્વભાવ છે અને એને જાણતા પણ વીતરાગી સ્વસંવેદનજ્ઞાન ઉત્પન્ન થાય છે. પરસ્વભાવ આત્મામાં પરવસ્તુ નથી અને પરને જાણતા રાગ થાય છે અને રાગ થતાં તેને દુઃખ થાય છે. આહાહા..! **'વીતરાગ સ્વસંવેદનજ્ઞાન...'** એટલે? સ્વ નામ પોતાથી, સં નામ પ્રત્યક્ષ. ભગવાનઆત્મા પોતાથી પ્રત્યક્ષ જણાય એવી એ ચીજ છે. આહાહા..! છે? આહા..! અલિંગગ્રહણમાં છઠ્ઠો બોલ એ કહ્યો છે. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. પરથી ન જણાય એવો અલિંગગ્રહણ છે. અલિંગગ્રહણ—લિંગ નામ વિકલ્પ આદિથી ન જણાય એવો એ છે. એ નાસ્તિથી. અસ્તિથી પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા..! આવી વાત. એ મતિશ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થાય એવો જ એનો સ્વભાવ છે. પરોક્ષ રહે અને આડમાં રહે એ એનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? પણ એનો ભરોસો આવ્યા વિના એને પ્રત્યક્ષ શી રીતે થાય? આહાહા..! એનો સ્વભાવ જ પ્રત્યક્ષ થવાનો છે એમ કહે છે. આહાહા..! પરોક્ષથી જાણે એ એનું સ્વરૂપ જ નથી. પોતે પ્રત્યક્ષ જ્ઞાતા થાય એવો જ એનો સ્વભાવ છે. આહાહા..! ઇન્દ્રિયથી જણાય નહિ, ઇન્દ્રિયથી જાણે નહિ, ઇન્દ્રિયના પ્રત્યક્ષનો વિષય નહિ, બીજાના અનુમાનથી જણાય એવો નહિ, પોતે એકલો પણ અનુમાનથી જ જાણે એવો નહિ. આહાહા..! આ પાંચ બોલ થયા. છઠ્ઠો બોલ હવે. આહાહા..! ૨૦ બોલ છે ને. આ છઠ્ઠો બોલ છે. પોતાના સ્વભાવથી (જણાય એવો છે). કેમકે એનામાં પ્રકાશ નામનો ગુણ છે.

૪૭ શક્તિ છે ને. ૧૨મી શક્તિ પ્રકાશ. પ્રકાશગુણનો અર્થ સ્વસંવેદન પ્રત્યક્ષ થાય એ જ એનો ગુણ છે. અરેરે! એના ગુણના સ્વભાવનો સ્વીકાર કરતા એ પ્રત્યક્ષ થાય એવું જ એનું સ્વરૂપ છે, કહે છે. અરેરે! આવી વાતું! આહાહા..! પ્રત્યક્ષ નથી? પ્રકાશ ગુણ છે ને. ૪૭ શક્તિ. પ્રકાશ. પ્રકાશ શબ્દે? સ્વસંવેદન થાય, પ્રત્યક્ષ નામ પોતાથી સ્વ, સં નામ પ્રત્યક્ષ વેદનમાં આવે એવું એનું સ્વરૂપ છે. એવું છે તો કેમ નથી નજરે પડતું ત્યારે? પણ છે એ સ્વીકાર્યું છે ક્યાં તેં? આહાહા..! સમજાણું કાંઈ? છે એવું માન ત્યારે છે એમ થાય ને ત્યારે. હેં! ભાઈએ પ્રશ્ન કર્યો હતો ને વારિયાએ. વીરજીભાઈનો દીકરો નહિ? ત્રિભુવનભાઈ. મહારાજ! આ કારણ પરમાત્મા છે તો કારણ હોય તો તો કાર્ય આવવું જોઈએ. કારણ પરમાત્મા ત્રિકાળ છે તો કાર્ય આવવું જોઈએ. તો કેમ કાર્ય નથી? કારણનું કાર્ય તો આવવું જોઈએ. વાત એમ જ છે. પણ કારણ પરમાત્મા છે એવું માન્યું છે એણે? માન્યા વિના કારણ પરમાત્મા છે એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આહાહા..! કારણ પરમાત્મા કેવળજ્ઞાનનું કાર્યનું કારણ. પણ એવું માને એને કારણ પરમાત્મા. છે એને છે પણ છે એની નજરમાં ક્યાં છે? આહાહા..! કારણ પરમાત્માનો સ્વીકાર કર્યો ત્યારે એ છે. છે તો એનું કાર્ય સમ્યગ્દર્શન થયા

વિના રહે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આવું પૂર્ણ પરમાત્મસ્વરૂપ કારણ પરમાત્મા, એણે જેણે માન્યો એ માન્યતા એ કાર્ય થઈ ગયું. સમ્યગ્દર્શન કાર્ય થયા વિના રહે જ નહિ એને. આહાહા..!

અહીં એ કહે છે. **'વીતરાગ સ્વસંવેદનજ્ઞાન કે સિવાય દૂસરા સ્વભાવ નહીં હૈ,...'** બીજો એનો સ્વભાવ જ નથી એમ કહે છે. આહાહા..! વિશેષ છે આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**વીર સંવત ૨૫૦૨, મહા વદ ૩, રવિવાર**
**તા. ૦૬-૦૨-૧૯૭૭, ગાથા-૧૫૫-૧૫૬, પ્રવચન નં. ૨૦૮**

થોડું ચાલ્યું છે બે લીટી. **'આગે આત્મા કા જ્ઞાનસ્વભાવ દિખલાતે હૈં-' 'આત્મા કા નિજસ્વભાવ...'** આત્મા સ્વભાવી વસ્તુ છે એનો નિજસ્વભાવ **'વીતરાગ સ્વસંવેદનજ્ઞાન કે સિવાય...'** બીજી ચીજ એ નથી. આહાહા..! મૂળમાર્ગની ઝીણી વાત છે ભાઈ! જેને સુખી થવું હોય, જેને ધર્મ કરવો હોય, એણે શું કરવું? એ ચાલે છે. તો કહે છે કે આ પરમાત્મા પોતે આત્મા જે છે એ તો વીતરાગી સ્વસંવેદન જ્ઞાનસ્વરૂપ જ છે. આહાહા..! સમજાણું કાંઈ? જગતને બહારથી ગોતવું છે અને બહારથી મેળવવું છે. એ વસ્તુ નથી આ તો. આહાહા..!

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર, વીતરાગ પર્યાયમાં સ્વસંવેદન પ્રત્યક્ષપણું ભગવાનને પ્રગટ થયું. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ એને પર્યાયમાં—અવસ્થામાં, ત્રિકાળી અવસ્થાયી ચીજ એમાંથી અવસ્થામાં એમને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય પ્રગટ થયું. એ વીતરાગી સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થયું. આહાહા..! હવે એ પ્રગટ થયું જેમાંથી એ ચીજ કેવી છે? કહે છે. સમજાણું કાંઈ? એ તો વીતરાગી સ્વસંવેદનજ્ઞાન સિવાય એ ચીજ બીજી છે નહિ આત્મા. આહાહા..! શરીર, વાણી, મન એ નથી અને દયા, દાન, વ્રત જેને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ શુભરાગ કહે, જેમાં વ્યવહારનયથી સાધન સાધ્ય ભિન્ન છે એમ કરીને સિદ્ધ કરે, એ વ્યવહારરત્નત્રય જે રાગ છે એ પણ એનામાં નથી. આહાહા..! માર્ગ ઝીણો બાપુ બહુ ભાઈ. એ વીતરાગ સ્વ-પોતાથી, સં-પ્રત્યક્ષ વેદાય, જણાય એવું એ સ્વરૂપ છે. આ તો એવું સ્વરૂપ કહે છે. જણાય એ તો હું કહું છું ઉપરથી. સમજાણું? એ વસ્તુ જ એવી છે ભાઈ!

જૈન પરમેશ્વર જિનવરદેવે જે જિનદશા પ્રગટ કરી એ વીતરાગી સ્વ પોતાથી, સં-પ્રત્યક્ષ વેદાય તે દશા પ્રગટ કરી. એ ભગવાનના શ્રીમુખે એમ આવ્યું, પ્રભુ! તું આત્મા છો અને તારામાં તો વીતરાગ સ્વસંવેદનજ્ઞાન પરિપૂર્ણ પડ્યું છે. આહાહા..! આવી વાત હવે, એને શું કરવું એ હાથ આવતું નથી. એ વીતરાગ સ્વ નામ પોતાથી, સં નામ પ્રત્યક્ષ જણાય. છે? વીતરાગ સ્વસંવેદનજ્ઞાન

એ સ્વરૂપ તારું છે. આહાહા..! પરમાત્મપ્રકાશ છે ને? એટલે પરમાત્મા તું છો. કેવી રીતે? કે વીતરાગી સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ તું છો. આહાહા..!

એ '**સિવાય દૂસરા સ્વભાવ નહીં હૈ,...**' અસ્તિ કરીને પછી નાસ્તિ લીધી. આ અનેકાંત છે. આહાહા..! આ અનેકાંત છે. ભાઈ! જિનવરનો માર્ગ છે શુરાનો એ કાયરના ત્યાં કામ નથી ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? એ વીરોના માર્ગ વીરના વીરોને માટે છે. આહાહા..! કહે છે કે તારી વીરતા એને કહીએ કે જે વીતરાગી સ્વસંવેદન વીરસ્વરૂપ શક્તિ પડી છે. આહા..! એને અનુભવમાં લે તો તારી વીરતા અને તારો ધર્મ અને તને તારો આનંદ પ્રાપ્ત થાય. આહાહા..! આવી વાતું છે. દયા, દાન, વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને જાત્રા ને એ બધો તો વિકલ્પ છે ભાઈ! એ રાગ છે. એ આત્મામાં એ છે નહિ. એમાં નથી એનાથી એને લાભ થાય? સમજાણું કાંઈ? ઝીણી વાત બહુ બાપા!

મુમુક્ષુ :— એમાં ધર્મ નથી એમ આપ કહો છો એ જરાક...

ઉત્તર :— એ ધર્મ રાગ કહો કે ધર્મનો અભાવ કહો.

મુમુક્ષુ :— રાગ કહો, પુણ્ય છે એમ કહો ત્યાં સુધી વાંધો નથી.

ઉત્તર :— અધર્મ કહો. બીજી ભાષાએ કહીએ તો. આહાહા..! કહો, મીઠાભાઈ! અરે! પ્રભુ! ભાઈ! તું પૂર્ણ છો ને નાથ! તારે ખજાને પૂર્ણ ખોટ નથી, પૂર્ણ પડ્યું છે. પ્રભુ! તને ખબર નથી, ભાઈ! તારા ખજાનામાં અલ્પતા પણ નથી. એ વ્યવહારરત્નત્રય તો નથી, આહાહા..! પણ એ રત્નત્રયનો જે વિકલ્પ છે તેને જાણનારી વર્તમાન પર્યાય જે છે એ પર્યાય એ પણ ત્રિકાળમાં નથી. આહાહા..! એની દૃષ્ટિ કરીને એમાં થંભવું, અનુભવ કરવો એનું નામ ધર્મ છે. આહાહા..! બહુ કામ આકરું. આ તો બહારથી જાણે જાત્રા કરી આવ્યા, ભક્તિ કરી, દાન, બે-પાંચ દસ લાખના આપ્યા. કાંઈક ધર્મ થશે. અરે! પ્રભુ ભાઈ!

મુમુક્ષુ :— પાલિતાણામાં હોય ત્યાં સુધી ત્યાં ધર્મ થાય.

ઉત્તર :— પાલિતાણા ધર્મ કોણ ત્યાં ક્યાં હતો? કહેનારાને ભાન નથી. ધર્મ તે અહીં છે કે ધર્મ તે ત્યાં છે? આહાહા..!

ધર્મની જ અહીં વ્યાખ્યા ચાલે છે કે તારો ધર્મ, તારો સ્વભાવ ત્રિકાળી હોં. પ્રગટ થાય એ પછી. તારું સ્વરૂપ જ વીતરાગી સ્વસંવેદનજ્ઞાન છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે લોકોને એવી પડે. વચ્ચે પૂર્ણ ન હોય ત્યારે રાગ હોય છે ભક્તિ, પૂજા, પણ એ રાગ બંધનું કારણ છે. છતાં ધર્મીને પણ એ હેયબુદ્ધિએ આવે છે. પણ વસ્તુ તો આ છે અંદર. આહાહા..! વીતરાગી જ્ઞાનના સ્વભાવથી ભરેલો ભગવાન, ભાઈ! એને કેમ ખબર પડે? પોતાને પામર માન્યો છે, દીન માન્યો છે. આહાહા..! એને મારી પ્રભુતામાં પ્રભુતા પડી છે એની કેમ ખબર પડે? આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આ પહેલા શબ્દમાં જ આ છે. પર્યાયની વાત નથી, આ તો તારું સ્વરૂપ જ વીતરાગી સ્વસંવેદનજ્ઞાન છે. આહાહા..! એટલે કે એના સિવાય વીતરાગી સ્વ-

પોતાથી એનું સ્વરૂપ જ અંદર એવું છે. એ રાગથી જણાય કે રાગથી વેદાય એ વસ્તુ નથી. એમ દેવ અને ગુરુ અને શાસ્ત્ર દિવ્યધ્વનિથી પણ જણાય એવી ચીજ નથી. આહાહા..! પણ છો કોણ ત્યારે? ભાઈ! તું વીતરાગી સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ છો.

મુમુક્ષુ :— એ તો ...

ઉત્તર :— થાય ન થાય તોપણ એ છે. પણ માને તો ને. માને તો એ છે. ન માને તો એ નથી એને. એને નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

રતનનો ઢગલો છે અંદર કહે છે. એકલા વીતરાગી સ્વસંવેદનજ્ઞાન એવા અનંત રતનનો એ ઢગલો પ્રભુ છે અંદર. આહાહા..! ભાઈ! તને ખબર નથી. આહાહા..! એમાં તને પ્રીતિ, ભગવાન વીતરાગી સ્વસંવેદનજ્ઞાનમાં પ્રેમ છોડીને, પ્રભુ! તારો પ્રેમ તો પરદ્રવ્ય પ્રત્યે લૂંટાઈ ગયો અને રાગ આવ્યો એમાં પ્રેમમાં ગયો અને વર્તમાન એક સમયની પર્યાયના પ્રેમમાં તું લૂંટાઈ ગયો છો. આહાહા..! આવો માર્ગ છે ભાઈ! 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' કાયર બીજી ઓથથી કાંઈક રાગ કરીએ ને વ્યવહાર કરશું, આ કરશું. આહાહા..! વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે એને ચોંટ્યો છે એ. ત્યારે અહીં કહે કે નિશ્ચય હોય ત્યારે એને રાગ બાકી (રહ્યો) એને વ્યવહાર કહેવાય. જ્યારે એને એમ અર્થ કર્યો કે અમે જ્યારે સાધન એને કહીએ છીએ, તો એને તમે સાધ્ય બનાવો છો. આહાહા..! અને જેને અમે સાધ્ય કહીએ છીએ તેને તમે સાધન બનાવો છો. આહાહા..! વ્યવહાર સાધ્ય છે જ નહિ, પણ નિશ્ચય સ્વભાવનો આવો વીતરાગી સ્વસંવેદનજ્ઞાન અનુભવમાં, વેદનમાં, જ્ઞાનમાં, નિર્વિકલ્પ પ્રતીતિમાં, વેદનમાં આવે ત્યારે જે રાગ બાકી રહ્યો એને વ્યવહાર કહેવાય. એ સાધ્ય નથી. એમ કે નિશ્ચય થાય તો વ્યવહાર કહેવાય. એને એ સાધ્ય બનાવે છે વ્યવહારને. સમજાણું કાંઈ? આહાહા..! એમ નથી. આ વસ્તુ તો આવી છે. શરૂઆત તો જેને થાય એને વીતરાગી સ્વસંવેદનજ્ઞાનનો અનુભવ થાય ત્યારે એ ધર્મની શરૂઆત થાય. આહાહા..! આવી વાતું.

આ દુનિયાના ધંધા ને પૈસાની પૈદાશું હોય બે, પાંચ, દસ લાખની. એવો હરખે ચડી ગયો માણસ. આહાહા..! હરખને સંચે લૂંટાઈ ગયો છે એ. જ્યાં હરખ ભર્યો છે આનંદ ત્યાં એને હરખ આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? પ્રેમ કીધું છે ને? નિર્જરા અધિકારમાં એ લીધું. આત્મામાં રતિ કર, રતિ કર—પ્રેમ કર. આ રાગ અને રાગના પુણ્ય, પુણ્યના ફળ આ સંયોગી ચીજ એની પ્રીતિમાં પ્રભુ! તું લુંટાઈ જાય છો ભાઈ! આહાહા..! તને ખબર નથી હું ક્યાં લુંટાઉ છું. હું જોખમમાં પડું છું. આહાહા..! છરાના ઉઘાડા ઘા વાગે શરીરમાં અને જેમ ઘા લોહીજાણ થાય. આહાહા..! પ્રભુ! તું વીતરાગી સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ છો ને. એને તું રાગથી, નિમિત્તથી લાભ માન ભાઈ! ઘા પડે છે તને. આહાહા..! તને ખબર નથી, બાપુ! આહાહા..! વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે. આહાહા..! આવી વાત તો સાંભળવા વીતરાગ સિવાય મળે એવી નથી. આહાહા..!

કહે છે કે તું પ્રભુ અકષાયસ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ, આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ તે કેવું? એ તું

તારાથી વેદાય અને પ્રત્યક્ષ થાય એવું. આહાહા..! સમજાણું કાંઈ? આ લોકોને આકરું લાગે છે. કર્યું નથી, સાંભળ્યું નથી અને દુનિયાની પ્રપંચની જાળમાંથી નવરો થતો નથી. આહાહા..!

મુમુક્ષુ :— ઈ પ્રપંચ છે એમ જાણ્યું નથી, નવરાશ શી રીતે કરે?

ઉત્તર :— પણ એને હોળી સળગે છે કષાયની આખો દિ'. આહાહા..! ક્યાંય શાંતિ નથી. ઓલા અમેરિકામાં અબજોપતિ છે ને અબજોપતિઓ, એ બધા હવે શાંતિ ગોતે છે. આમાં તો કાંઈ શાંતિ લાગતી નથી. આમ ૮૦-૮૦ માળના મકાનો, અબજોપતિઓ કેટલાય છે અમેરિકામાં. આમાં કાંઈ શાંતિ દેખાતી નથી. પણ એમાં ક્યાં શાંતો હતો? જ્યાં શાંતિનો સાગર ભગવાન છે ત્યાં તો જાતો નથી. આહાહા..! એનો તો તને વિશ્વાસ, ભરોસો પડતો નથી અને જ્યાં નથી શાંતિ તેના ભરોસે દોડી ગયો છે. આહાહા..! કહો, પોપટભાઈ! આવું છે.

જિનવરદેવ તીર્થંકર પરમેશ્વર ૩૨-૩૨ લાખ વિમાનના સ્વામી ઈન્દ્રો અને એક એક વિમાનમાં અસંખ્ય દેવ, એને પ્રભુ એમ કહેતા અને એ એમ માનતા. હેં! આહાહા..! મહાવિદેહક્ષેત્રમાં ભગવાન તો બિરાજે છે. સીમંધર ભગવાન તીર્થંકરદેવ સાક્ષાત્ બિરાજે છે. ચક્રવર્તીઓ, ઈન્દ્રો ત્યાં જાય છે સાંભળવા. આ બધા વૈભવમાં સુખ હોય તો સાંભળવા કેમ જાય ત્યાં? આહાહા..! અસંખ્ય યોજનથી ઉતરીને પરમાત્માની સભામાં સાંભળે. પ્રભુ એમ કહે, પ્રભુ! તું કોણ છો? વીતરાગી વિજ્ઞાનદશા પ્રગટ થાય એ પરમાત્મા. પણ એ દશા પ્રગટ થાય એ ક્યાંથી? એ વીતરાગી સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ છો ત્યાંથી. આહાહા..! આવી વાતું છે. ઓલાને કરે સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. શેના સામાયિક? હજી આત્મા કોણ છે એના ભાન ન મળે. આહાહા..! સમજાણું કાંઈ? છે? એ સિવાય વીતરાગી સ્વસંવેદન. ગજબ કર્યો છે! એ વીતરાગી અને સ્વ-પોતાથી અને સં-પ્રત્યક્ષ વેદાય એવી શક્તિવાળો છે અત્યારે તો, વેદાય પછી. સમજાણું કાંઈ? એને અમે આત્મા કહીએ. તું માને એ નહિ. સમજાણું કાંઈ? એમ વીતરાગ પરમેશ્વર એને આત્મા કહે. બાકી બધા અનાત્મા છે. આહાહા..! પર્યાય એ પણ વ્યવહાર આત્મા છે. નિશ્ચય આત્મા નહિ. તો વ્યવહારરત્નત્રય તો રાગ અનાત્મા જડ છે. આહાહા..! ભાઈ! તને ખબર નથી. આહાહા..! દુઃખને દરિયે ડૂબી ગયો છો તું. આહાહા..! એ હમણાં કહેશે હોં! આહાહા..! જુઓ આવ્યું, પછી કહેશે ૫૬માં.

'**આત્મા કેવલજ્ઞાન સ્વભાવ હૈ.**' '**ज्ञानं परित्यज्य**'નો અર્થ કર્યો પહેલો કે જ્ઞાન સિવાય એ ચીજ નથી. તો જ્ઞાન કેવું? કે વીતરાગી સ્વસંવેદનજ્ઞાન. એ કેવું? કે કેવળજ્ઞાન સ્વભાવ એમ. આહાહા..! અન્ય સ્વભાવ નહિ. એકલો જ્ઞાન પૂર્ણસ્વરૂપ પ્રભુ એ અન્ય સ્વરૂપે નથી. એ શરીરરૂપે નથી. આ તો માટી, ધૂળ છે. પૈસા ધૂળ છે માટી. આહાહા..! જેના પ્રેમના ફસળમાં આખો દિ' ગાળે. આહાહા..! આમ દુકાન ને બધા, બે-પાંચ-દસ લાખનો માલ સંઘર્યો પડ્યો હોય અને થડે બેઠો હોય ને ખપતું હોય ૨૫-૫૦, ૨૫-૫૦, ૨૫-૫૦. એક એક ગ્રાહકે ૫૦-૫૦ની પેદાશ, ૧૦૦-૧૦૦ની પેદાશ. જુઓ એ હરખને સરાડે ચડી જાય. મરી જાય છે ત્યાં. આહાહા..! અરે! ભાઈ! તને ખબર નથી, ભાઈ! તું કેમાં હરખ કરે છો અને ક્યાં હરખ કરવા જેવું છે? આહાહા..!

સજ્ઝાયમાં આવે છે કે 'હોંશિડા મત હોંશ ન કીજે.' સજ્ઝાય આવે છે ને એમાં આવે છે. પ્રભુ! તારા સ્વભાવ સિવાય બહાર હોંશ ન કર, ભાઈ! તારી હોંશમાં તારી હાનિ થાય છે. આહાહા..! આવો માર્ગ. હેં! એટલે માણસ પછી કહે ને. સોનગઢવાળાએ નવો ધર્મ કાઢ્યો. અરે! પ્રભુ! નવો નથી ભાઈ! વીતરાગનો ધર્મ જ આ છે. લોકો એમ કહે. એ તો બધી ખબર છે. હેં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— માર્ગ જ આ છે પ્રભુ! તેં સાંભળ્યું નહોતું માટે કાંઈ માર્ગ બીજો થઈ જાય? આહાહા..! આ શું લખ્યું છે આ? આ ભગવાનનો વારસો છે આ શાસ્ત્ર. આહાહા..! ભાઈ! તને ધર્મ શું છે એની ખબર નથી. આ તો દયા પાળી ને વ્રત કર્યા ને અપવાસ કર્યા, મહિના-મહિનાના અપવાસ કર્યા, પાણી વિનાના કર્યા, થઈ ગયો ધર્મ. ધૂળેય નથી બાપા ત્યાં, પુણ્ય પણ નથી સાચું, સાંભળને! ભગવાન જ્યાં સ્વરૂપે બિરાજે તેની તો નજરું કરી નથી. નિધાનની નજરું નથી અને પામરમાં નજર કરીને પ્રીતિમાં ફસાઈ ગયો છો. આહાહા..! સમજાણું કાંઈ? તો આવું મળે નહિ ને બીજે એટલે એમ કહે, આ સોનગઢવાળાએ નવું કાઢ્યું. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :— એ લોકોને ખબર નથી.

ઉત્તર :— ખબર નથી ભાઈ! તને ખબર નથી. એ નવું નથી. આહાહા..! અનાદિનો વીતરાગ જિનેશ્વરનો માર્ગ આ છે. આહાહા..!

કહે છે, **'પરવસ્તુ મેં પ્રીતિ મત બાંધ.'** આહાહા..! એ **'કેવલજ્ઞાન સ્વભાવ હૈ,...'** **'इदं ज्ञात्वा'** એટલે કે એનો અનુભવ કરીને. આહાહા..! **'योगिन्'** હે ધર્મીજીવ! **'પરવસ્તુ મેં પ્રીતિ મત બાંધ.'** એટલે કે આત્માનો અનુભવ કર ત્યારે પરની પ્રીતિ છૂટી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગસ્વરૂપે ભગવાન છે આત્મા એના અનુભવમાં ઠરીને પરની પ્રીતિ છોડ. રાગમાં અને રાગમાં રહીને પ્રીતિ છૂટે એમ હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એટલે જે રાગરહિત વસ્તુ છે તેમાં ઠરીને પરની પ્રીતિ છૂટી શકે છે. એ વિના પ્રીતિ છૂટતી નથી. ગળે વળગ્યો છે રાગ એને. આહાહા..! બાયડી, છોકરા, ધંધો ગળે વળગ્યા જાણે. આહા..!

**'મત બાંધ.'** ભગવાનસ્વભાવ વીતરાગ સિવાય પરવસ્તુમાં, આહાહા..! પ્રીતિ મત બાંધ. એ પ્રીતિની જાળમાં પકડાઈ જઈશ ભાઈ! આહાહા..! તારો આત્મા ભગવાનસ્વરૂપ તેનો અનાદર થશે. આહાહા..! એનો આદર કરી એટલે ઠરીને પરની પ્રીતિ છોડ. આહાહા..! આવી રીત છે એટલે લોકોને (કઠણ લાગે છે). પણ એનું સાધન? એમ બધાય પૂછે. પણ આ સાધન છે. આહાહા..! જ્યાં પોતે ભગવાન બિરાજે છે પોતે એની સન્મુખ, એનો આદર એ એનો ધર્મ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એક જણો આવ્યો હતો અહીં. પાલિતાણા ગયો હતો, વિરમગામનો હતો. ઈન્કમટેક્સનો. દેરાવાસી હતો. અહીં અમે જાત્રા કરવા જાય ત્યાં ધર્મ થાય, તમે કહો કે (એ ધર્મ નહિ). એ માર્યું લાકડું વચમાં. કહે બિચારા. વ્યાખ્યાન સાંભળ્યું કલાક. એમાં પછી અંદર આવ્યો. કો'ક વાણિયો હતો શ્વેતાંબર. વીરમગામનો. વચમાં મારી એક લાકડી. હે જાત્રા, ભગવાનની

પૂજા એ ધર્મ નહિ. બાપુ! એ તો પુણ્ય છે ભાઈ! તને ખબર નથી. એ તો પુણ્યના ભાવ હોય છે, પાપથી બચવા હોય છે, પણ એ ધર્મ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે, પોતાના પ્રેમમાં ફસાઈ અને પરનો પ્રેમ છોડ. પરના પ્રેમમાં ફસાઈને સ્વનો પ્રેમ છોડ્યો છે તેં. આહાહા..! આવી ટૂંકી શબ્દ અને ટૂંકામાં, હવે એને આકરું લાગે. કાંઈક કરવું, કાંઈક કરવું શું પણ? એ શેઠ એમ પૂછતા હતા ભગવાનદાસ. એ તો જાણીને પૂછતા હતા. એ તો કાળલબ્ધિ પાકશે ત્યારે થાશે. સંસારના કામમાં તો કાળલબ્ધિ પાકશે ત્યારે થાશે એમ માનતો નથી, ત્યાં તો હું પુરુષાર્થ કરું તો આ મળશે (એમ માને છે). સંસારના જે કામ છે એ પણ એની કાળની પર્યાયે જ થાય છે. એ કાળલબ્ધિ છે, દરેક પરમાણુની તે તે સમયની જે પર્યાય તે તેની કાળલબ્ધિ છે. હવે એને માટે તું પુરુષાર્થ કર કે આમ લેવું, આ કરું. ગયા ભાઈ ચીમનભાઈ? ઠીક. સાલવણા લાકડા ભારે આકરા. અરેરે! ત્યાં તો દેખાય પાધરા, લ્યો! બે લાખ પેદા થયા, ત્રણ લાખ પેદા થયા, પચાસ હજારનો ખર્ચ નીકળ્યો, ત્રણ લાખ ભળ્યા. ૩૦ લાખ હતા ને ત્રણ લાખ ભળ્યા. સાડા ત્રણ લાખ પેદા થયા, પચાસ હજાર ખર્ચમાં ગયા. ત્યાં રાજી રાજી થઈ જાય લ્યો. એય! મનસુખ! અરે! અરે! શું છે પણ આ? એ કહેશે નીચે હોં!

'**પર જો શુદ્ધાત્મા સે ભિન્ન...**' શુદ્ધાત્માથી ભિન્ન. આહાહા..! '**દેહાદિક ઉનમેં રાગ મત કર,...**' આ તો હાડકા, ચામડા, જગતની ચીજ છે, પ્રભુ! એ કાંઈ તારી ચીજ નથી. આહાહા..! એમાં પ્રેમ છોડ, પ્રભુ! આહાહા..! તને પ્રેમ કરતા તો આવડે છે. ન આવડે તો પરમાં પ્રેમ ક્યાંથી કર? આહાહા..! તો આમ પ્રેમ કરતા આવડે તો આમ પ્રેમ કરને. આહાહા..! એમ કહે છે. '**પર જો શુદ્ધાત્મા સે ભિન્ન દેહાદિક...**' દેહ, વાણી, રાગ, બધી ચીજ પર. '**ઉનમેં રાગ મત કર, આત્માકા જ્ઞાનસ્વરૂપ જાનકર...**' આહાહા..! ભગવાન જાણનાર છે એનો અનુભવ કરીને.. આહાહા..! '**રાગાદિક છોડકર નિરંતર આત્માકી ભાવના કરની ચાહિયે.** ' આહાહા..! નિરંતર આત્માની ભાવના. અમારું રળવું કે દિ' રોટલા ખાવા કે દિ'? કહે છે કે નિરંતરનો અર્થ વસ્તુ જે છે એની નિરંતર દૃષ્ટિ અને સ્થિરતા હોવી જોઈએ. સમજાણું કાંઈ? આહાહા..! સંસારમાં નિરંતર રાગને ઘૂંટ્યો છે કે નહિ? નિરંતર. આહાહા..!

શું કહેવાય આ દોરો નહિ કાઢે છે? પુણી પુણી. એક પુણી પૂરી થાય તો બીજી પુણી સાંધે, એ પૂરી થાય તો ત્રીજી સાંધે. દોરો તૂટવા ન દે. રેંટિયામાં પુણી દેને. એ પૂરો થાય એટલે બીજી. એમ એક વિકલ્પ પૂરો થાય તો બીજો અને બીજો કરે તો ત્રીજો, ત્રીજો કરે તો ચોથો એમ સાંધે જ જાય છે. રાગના દોરા સાંધે જાય, પ્રભુને તોડી નાખે છે એ. આહાહા..! એવું છે આ. નિરંતર આત્માની ભાવના. ભાવના શબ્દે એકાગ્રતા હોં! આહાહા..! એ જ્ઞાનસ્વભાવનું જ્ઞાનરૂપે પરિણમવું. રાગરૂપનું પરિણમન છોડી આ જ્ઞાનસ્વભાવ છે તે રૂપે પરિણમવું એનું નામ ધર્મ અને એ પરિણમીને રાગને છોડ. એટલે કે રાગ થશે નહિ એને છોડ એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ૧૫૫ થઈ.

ગાથા-૧૫૬

अथ स्वात्मोपलम्भनिमित्तं चित्तस्थिरीकरणरुपेण परमोपदेशं पञ्चकलेन दर्शयति-

२८७) विसय-कसायहिँ मण-सलिलु णवि डहुलिज्जइ जासु।
अप्पा णिम्मलु होइ लहु वढ पच्चक्खु वि तासु।।१५६।।
विषयकषायैः मनःसलिलं नैव क्षुभ्यति यस्य।
आत्मा निर्मलो भवति लघु वत्स प्रत्यक्षोडपि तस्य।।१५६।।

विसय इत्यादि। विसय-कसायहिं मण-सलिलु ज्ञानावरणाघष्टकर्मजलचराकीर्ण-संसारसागरे निर्विषयकषायरुपात् शुद्धात्मतत्त्वात् प्रतिपक्षभूतैर्विषयकषायमहावातैर्मनः प्रचुरसलिलं णवि डहुलिज्जइ नैव क्षुभ्यति जासु यस्य भव्यवरपुण्डरीकस्य अप्पा णिम्मलु होइ लहु आत्मा रत्नविशेषोडनादिकालरुपमहापाताले पतितः सन् रागादिमलपरिहारेण लघु शीघ्रं निर्मलो भवति। वढ वत्स। न केवलं निर्मलो भवति पच्चक्खु वि शुद्धात्मा परम इत्युच्यते तस्य परमस्य कला अनुभूतिः परमकला एव दृष्टिः परमकलादृष्टिः तया परमकलादृष्टया यावदवलोकनं सूक्ष्मनिरीक्षणं तेन प्रत्यक्षोडपि स्वसंवेदनग्राह्योडपि भवति। कस्य। तासु यस्य पूर्वोक्तप्रकारेण निर्मलं मनस्तस्येति भावार्थः।।१५६।।

---

आगे आत्माकी प्राप्तिके लिये चित्तको स्थिर करता, ऐसा परम उपदेश श्रीगुरु दिखलाते हैं-

गाथा-१५६

अन्वयार्थ :- [यस्य] जिसका [मनः सलिलं] मनरुपी जल [विषयकषायः] विषयकषायरुप प्रचंड पवनसे [नैव क्षुभ्यते] नहीं चलायमान होता है, [तस्य] उसी भव्य जीवकी [आत्मा] आत्मा [वत्स] हे बच्चे, [निर्मलो भवति] निर्मल होती है, और [लघु] शीघ्र ही [प्रत्यक्षोडपि] प्रत्यक्ष हो जाती है।

भावार्थ :-ज्ञानावरणादि अष्ट कर्मरुपी जलचर मगर-मच्छादि जलके जीव उनसे भरा जो संसार-सागर उसमें विषयकषायरुप प्रचंड पवन जो कि शुद्धात्मतत्त्वसे सदा पराङ्मुख हैं, उसी प्रचंड पवनसे जिसका चित्त चलायमान नहीं हुआ, उसीका आत्मा निर्मल होता है। आत्मा रत्नके समान है, अनादिकालका अज्ञानरुपी पातालमें पड़ा है, सो रागादि मलके छोड़नेसे शीघ्र ही निर्मल हो जाता है, हे बच्चे, आत्मा उन भव्य जीवोंका निर्मल होता है, और प्रत्यक्ष उनको

आत्माका दर्शन होता है। परमकला जो आत्माकी अनुभूति वही हुई निश्चयदृष्टि उससे आत्मस्वरुपका अवलोकन होता है। आत्मा स्वसंवेदनज्ञान करके ही ग्रहण करने योग्य है। जिसका मन विषयसे चंचल न हो, उसीको आत्माका दर्शन होता है।।१५६।।

---

હવે, નિજ આત્માની પ્રાપ્તિ માટે ચિત્તને સ્થિર કરવાનો પરમ ઉપદેશ પાંચ ગાથાઓથી દર્શાવે છે :-

ભાવાર્થ :-જ્ઞાનાવરણાદિ આઠ કર્મરૂપી જળચર જીવોથી વ્યાપ્ત (ભરેલ) સંસારસાગરમાં, નિર્વિષય અને નિષ્કષાયરૂપ (વિષયકષાયરહિત) શુદ્ધ આત્મતત્ત્વથી પ્રતિપક્ષભૂત વિષયકષાયરૂપ મહાવાત વડે જે ભવ્યવર પુંડરિકનું મનરૂપી પ્રચુર જળ ક્ષોભ પામતું નથી, તેનું અનાદિકાળરૂપ મહાપાતાળમાં પડેલું આત્મરૂપી રત્નવિશેષ રાગાદિ મળના ત્યાગ વડે શીઘ્ર નિર્મળ થાય છે. હે વત્સ! માત્ર નિર્મળ થાય છે એટલું જ નહિ પણ, શુદ્ધાત્મતાને પરમ કહેવામાં આવે છે તે પરમની કળા-અનુભૂતિ તે પરમ કળા, તે પરમકળારૂપી દૃષ્ટિ વડે જ જે અવલોકન-સૂક્ષ્મ નિરીક્ષણ તેના વડે પ્રત્યક્ષ પણ-સ્વસંવેદનગ્રાહ્ય પણ-થાય છે. કોને? પૂર્વોક્ત પ્રકારે જેનું મન નિર્મળ છે તેને, એવો ભાવાર્થ છે. ૧૫૬.

---

## ગાથા-૧૫૬ ઉપર પ્રવચન

૧૫૬. 'आगे आत्माकी प्राप्ति के लिये चित्तको स्थिर करता, ऐसा परम उपदेश श्रीगुरु दिखलाते हैं—' આહાહા..! ૧૫૬.

२८७) विसय-कसायहिँ मण-सलिलु णवि डहुलिज्जइ जासु।
अप्पा णिम्मलु होइ लहु वढ पच्चक्खु वि तासु।।१५६।।

જોયું! પ્રત્યક્ષ લીધું. હે શિષ્ય! '**जिसका मनरूपी जल...**' 'सलिलं' છે ને? 'सलिलं' મનરૂપી 'सलिलं' પાણી '**विषयकषायरूप प्रचंड पवन से नहीं चलायमान होता है,...**' આહાહા..! બાહ્ય પદાર્થના પવનથી જેનું ચિત્ત અસ્થિર થતું નથી. આહાહા..! '**उसी भव्य जीवकी आत्मा हे वत्स...**' શિષ્યને કહે છે ને. '**हे बच्चे,...**' આહાહા..! લ્યો, વત્સ કહે છે. '**निर्मल होती है,...**' શું નિર્મળ થાય છે? આત્મા. જેનું મન વિષય કષાયથી ડોળાતું નથી. જેનું મન પરપદાર્થના આશ્રયથી ડોળાતું નથી એનો આત્મા નિર્મળ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. માર્ગ એવો છે, બાપુ! જેનું મન, ચિત્ત પાંચ ઈન્દ્રિયો તરફના બાહ્ય પદાર્થ તરફમાં ડોળાતું નથી. બાહ્ય પદાર્થ ઉપર લક્ષ જતાં ચિત્ત ડોળાઈ જાય છે, મેલું થાય છે. આહાહા..! અહીં

તો પરમેશ્વર એમ કહે છે કે મારી સામું જોતાં પણ તારું ચિત્ત મલિન થાય છે. આહાહા..! કેમકે પરદ્રવ્યના આશ્રયે જતા તો તને રાગ જ થશે. આહાહા..! એને જેને પરદ્રવ્યના આશ્રયે ચિત્તનું મલિનપણું થતું નથી તેને આત્મા નિર્મળ થાય છે. આહાહા..! કહો, હીરાભાઈ! આવી વાતું છે. દુનિયાથી જુદી જાત છે, વાત સાચી એમાં કાંઈ ખોટી નથી. મેળ ખાય એવો નથી બાપુ! આહાહા..! આત્મા થાય તો મેળ ખાય એવું છે. આહાહા..!

'**ઉસી ભવ્ય જીવકી આત્મા હે બચ્ચે, નિર્મલ હોતી હૈ, ઔર શીઘ્ર હી પ્રત્યક્ષ હો જાતી હૈ.**' આહાહા..! આત્મા શીઘ્ર પ્રત્યક્ષ નિર્મળ થઈ જાય છે. આહાહા..!

મુમુક્ષુ :— બચ્ચે એટલે?

ઉત્તર :— શિષ્ય કીધું ને. બચ્ચા એટલે શિષ્ય, વત્સ. આપણે નથી કહેતા બચ્ચા! દીકરા! એમ. હે બચ્ચા! કહ્યું હતું. અર્થ કહી ગયો તો. ધ્યાન રાખે તો કોઈ શબ્દ પૂછવાનો રહેતો નથી. વચ્ચે કહી ગયો હતો. બચ્ચે એટલે શિષ્ય એમ. હે વત્સ! હે બેટા! એમ નથી કહેતા? એમ અહીંયાં વત્સ શિષ્ય. બચ્ચે, આ સમજ તારે બચાવવો હોય આત્માને તો. આહાહા..!

જેના ચિત્તમાં પરદ્રવ્યના આશ્રયે મલિનપણું થાય છે તે થતું નથી, એને ભગવાનઆત્મામાં જતાં તે આત્મા નિર્મળ થાય છે. ઓહોહો..! બહુ ટૂંકી ભાષા છે. સ્વદ્રવ્યનો આશ્રય લેતાં નિર્મળ થાય છે, પરદ્રવ્યનો આશ્રય લેતાં ચિત્ત મલિન થાય છે. એટલે જેને પરદ્રવ્યના આશ્રયે ચિત્ત મલિન થતું નથી એમ લીધું છે. એટલે પરનો આશ્રય કરતો જ નથી અને પર તરફનું વલણ છોડી દે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલો કહે કે પચ્ચખાણ કરો, આમ કરો, લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા. સમજાય તો ખરું. શું સમજવું હતું, ધૂળ એમાં? આહાહા..! એવું તો અનંતવાર મુનિ થયો છે, બાપુ! તને ખબર નથી. પણ પરની રુચિ છોડી નથી. પર છોડ્યું છે ચીજ માન્યતા, પણ રુચિ છોડી નથી, રાગ અને રાગના ફળની રુચિ છોડી નથી. આહાહા..! જેને પુણ્યના ફળ આ પૈસા, બાયડી, ધૂળ એનો જેને પ્રેમ છે એના કારણના શુભરાગનો એને પ્રેમ છે, તે મિથ્યાત્વી છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો ઓલા ભાઈ કહેતા ને કે ભાઈ બાવો થાય તો. પણ ભાઈ બાવો જ છો, સાંભળને! વીતરાગી વિજ્ઞાનસ્વરૂપ છો એટલે બાવો જ છો, રાગથી રહિત છો. આહાહા..!

એને આત્મા '**પ્રત્યક્ષ હો જાતી હૈ.**' જોયું! એટલે કેવળજ્ઞાન થઈ જાય તરત. એમ. આહાહા..! અંતર પ્રત્યક્ષ તો થાય છે અનુભવમાં, પણ જેને આ રીતે ચિત્ત મલિન ન થાય અને અહીં નિર્મળમાં રહે એને તદ્દન પ્રત્યક્ષ થઈ જશે. કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ એને પ્રગટ થશે. આ સાધનથી. વીતરાગ સ્વરૂપના સ્વસંવેદનના સાધનથી ભગવાન પ્રત્યક્ષ થઈ જશે કેવળજ્ઞાન. આહાહા..! સમજાણું કાંઈ?

આમ નીચે પણ પ્રત્યક્ષ થશે. પર તરફના ચિત્તને મલિન થવા ન દે, પર તરફનું વલણ, તો આ મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા ભગવાન પ્રત્યક્ષ થશે તને. કેમકે પ્રત્યક્ષ થવાનો તો એનો સ્વભાવ છે. પ્રકાશ નામનો ગુણ છે એનામાં. જેમ જ્ઞાન, આનંદ, શાંતિ, વીતરાગતા ગુણ છે એવો એનામાં એક

પ્રકાશ નામનો ગુણ છે, ભગવાનઆત્મામાં કે એ પ્રત્યક્ષ જ થાય. એ ગુણને લઈને પ્રત્યક્ષ જ થાય એવું એનું સ્વરૂપ છે. આહાહા..! એ અંધેર પછેડે ન રહે એવું એનું સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! કઈ જાતની વાતું આ? બાયડી ભાયડો બે હોય, ભાયડો સાંભળવા આવ્યો હોય, બાયડી પૂછે શું સાંભળ્યું? કાંઈક કહેતા હતા એવું આ ને આ ને આ. આહાહા..! આત્મા આવો છે. એમાં કાંઈ આપણને તો પકડાતું નહોતું.

મુમુક્ષુ :— આત્મા કૂટતા હતા.

ઉત્તર :— કહેતો હતો ને તે દિ'. દસ મહિના ને દસ દિ' થયા. ચોમાસું હતું ને ૯૫નું. રાજકોટ. દસ મહિના આત્મા આત્મા જ કૂટ્યો. બાપુ! તું ન હોય તો આ જગત છે ક્યાં? તારા જાણવામાં છે, પણ તું ન હો તો એને જાણે કોણ કે આ છે? એ તારા જાણવામાં તારું જ્ઞાન અને આ છે એનું જ્ઞાન તારામાં આવી જાય છે. આહાહા..!

અહીં કહે છે, 'હે બચ્ચે,...' '**वत्स**' શિષ્ય. '**निर्मल होती है.**' આહા..!

'**ભાવાર્થ :-- જ્ઞાનાવરણાદિ અષ્ટ કર્મરૂપી જલચર મગર-મચ્છાદિ જલકે જીવ ઉનસે ભરા...**' આહાહા..! '**જ્ઞાનાવરણઆદિ અષ્ટ કર્મરૂપી જલચર મગર-મચ્છાદિ જલકે જીવ...**' આહાહા..! '**ઉનસે ભરા જો સંસાર-સાગર...**' ઓહોહો..! આખો સંસાર-સાગર કર્મ અને કર્મના ફળથી ભરેલો સંસાર આખો. આહાહા..! સંસાર-સિંધુ દરિયો છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયના અવતાર અનંત અનંત કર્યા અને એ અનંત ભાન વિના કરશે. એ માણસપણું નહિ રહે લાંબો કાળ. એ ૨૫, ૫૦, ૬૦, ૭૦, ૧૦૦ દેહ છૂટી જશે. જાશે કાગડે ને કૂતરે. આહાહા..! સમજાણું કાંઈ? એનામાંથી પાછું માણસ થાવું પણ મુશ્કેલ પડશે. ભાઈ! તને નિત્યાનંદના નાથની તને ખબર નથી. એ ક્ષણિકની પ્રીતિમાં નિત્યાનંદ ભૂલાઈ ગયો છે તને. અને એ ભૂલાયેલો ચોર્યાશીમાં રખડશે. આહાહા..! આજનો મોટો રાજા હોય એ કાલનો ભૂંડ થાય, નરકમાં જાય. આહાહા..! ભવસિંધુ એવો છે, બાપુ! એક કોર ચૈતન્યસિંધુ. આવે છે ને ઈ?

**કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં,**
**અપને રસસૌં ભર્યો આપની ટેક હૌં,**
**મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ.**
**સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ. ૩૩.**

આહાહા..! ભવ-સિંધુમાં હું નથી, હું તો ચૈતન્યસિંધુ છું, દરિયો છું. આહાહા..! એમ સમકિતી, જ્ઞાની, ધર્મની પહેલી પંક્તિમાં આવેલો એમ જીવને માને છે. આહાહા..! એમ કે આવે છે ને ઓલું જય જિણવર મવક્ષ્ર એમાં એ સાધન શું કહે? વ્યવહાર એટલે તીર્થ એટલે સાધન છે. વ્યવહાર છોડવો એ સાધન છોડવું .. કરવી એમ. એમ નથી. વ્યવહાર એટલે ભેદ જે ચોથું, પાંચમું, છઠ્ઠું આદિ જે ભેદ છે એ તીર્થ છે. એ નથી એમ નહિ, છે એમાં. એનાથી તીર્થ થશે અને એ વાત ક્યાં છે ત્યાં? ભેદ જો ન માન ચૌદ ગુણસ્થાનનો તો વ્યવહાર જ નહિ રહે. એ ભેદ વ્યવહાર છે.

ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન એ ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર છે. વ્યવહાર નહિ માન તો તીર્થ જ ચોથું, પાંચમું, છઠ્ઠું પણ નહિ રહે. એનાથી થશે એમ નથી. અર્થમાં મોટા ફેર કરવા માંડ્યા, હવે શું કરવું? વ્યવહાર અને નિશ્ચય ન મૂક. કેમકે પર્યાય પોતે વ્યવહાર છે. જો તું પર્યાય નથી એમ કહે તો વ્યવહાર જ નથી થઈ જાય છે. અને પર્યાય છે તો વ્યવહાર છે. છે એનો નકાર ન કર કે નથી. એટલી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? આ નવરાઈ પણ ક્યાં છે?

ઓલા કહે છે ને, બગલાને ડોળે લાભ. એમ જગતમાં ડોળીમાં પડ્યો છે અને માને છે કે મને કાંઈક લાભ થાય છે. આહાહા..! પૈસા, ટકા, બાયડી, છોકરા ભેગા થાય. કરોડ, બે કરોડ પૈસા થાય એટલે જાણે કે અમે ફાવ્યા. મરી ગયો છો, સાંભળને. ફાવે ક્યાં? એય! પોપટભાઈ! આવી વાત છે. સાલવણે સલવાઈ ગયો બાપા તું. આહાહા..! અને ખુરશીએ બેસે સાંજે પચ્ચીસ, પચાસ હજારની પેદાશ થતી હોય ને માણસો લળીને ચાલતા હોય કે સાહેબ! આટલું આપો, પચ્ચીસ ગુણી આપો ચોખાની, ફલાણી આ, ઢીંકણું. ઓહોહો..! ત્યાં તો જાણે શું અમે! કઈ દુકાને બેઠા છીએ અને કઈ ફાઈમાં છીએ. અરે! ભાઈ! બાપા! તને ખબર નથી ભાઈ! આ ભવસિંધુ ન કીધું?

**'જ્ઞાનાવરણાદિ અષ્ટ કર્મરૂપી જલચર મગર-મચ્છાદિ જલકે જીવ ઉનસે ભરા જો...'** આઠ કર્મ ભર્યા છે જેમાં. **'સંસાર-સાગર ઉસમેં વિષયકષાયરૂપ પ્રચંડ પવન...'** આહાહા..! પાંચઈન્દ્રિયના વિષય તરફના વિકલ્પો પ્રચંડ પવન છે. આહાહા..! **'જો કિ શુદ્ધાત્મતત્ત્વસે સદા પરાઙ્મુખ હૈં,...'** સંસાર સાગર જે છે અને વિષય-કષાયના પરિણામ છે એ શુદ્ધાત્માથી વિરુદ્ધ છે. આહાહા..! રાગ છે શુભરાગ એ મોટો સંસાર છે. એ સંસાર છે. સંસાર કોઈ બાયડી, છોકરા, કુટુંબ એ સંસાર નથી, એ તો પરચીજ છે. ત્યાં સંસાર તારો ક્યાં આવ્યો? આહાહા..! તારો સંસાર તો રાગનો ઉદય છે તે સંસાર છે. આહાહા..! એમ આઠ કર્મના, જળચર જેમ ભર્યા હોય એમ ભર્યો છે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'સદા પરાઙ્મુખ હૈં,...'** એ સંસાર સાગર આખો, આઠ કર્મ અને આઠ કર્મના ફળ. આહાહા..! એ બધું વિષય-કષાયના પરિણામ એ શુભ, અશુભભાવ, આહાહા..! એનાથી **'શુદ્ધાત્મતત્ત્વ સે સદા પરાઙ્મુખ હૈં, ઉસી પ્રચંડ પવનસે જિસકા ચિત્ત ચલાયમાન નહીં હુઆ,...'** આહાહા..! પાંચ, પચ્ચીસ લાખ ભેગા થાય, મહિને પચ્ચીસ-પચ્ચીસ લાખની પેદાશું. આહાહા..! એનાથી ચલાયમાન જેનું ચિત્ત ન થાય તે આત્મા તરફ જાય એમ કહે છે. આહાહા..! છે? **'ચલાયમાન નહીં હુઆ, ઉસીકા આત્મા નિર્મલ હોતા હૈ.'** આહાહા..! પાંચ, પચ્ચીસ લાખ પેદા કર્યા હોય તો ઘરની બાયડીને કહે, આ ફેરી પેદા બહુ થયું છે, કેટલા દાગીના કરાવું તારા માટે? આ જુઓ મૂર્ખાઈ એની. આહાહા..! કારણ કે પેદા થયા છે એમાં પચાસ લાખ પેદા થયા છે એમાં લાખ, બે લાખના દાગીના કરશું તારા માટે. છોકરાને ઘડિયાળ લાવી દઈશું સોનાની કાંડે બાંધવાની.

મુમુક્ષુ :— કાંધે બાંધવાની કે કાંડે બાંધવાની.

ઉત્તર :— કાંડે બાંધવાની. આહાહા..! વાંદરા જેવા છે. વાંદરો જેમ ચપળ કરતો હોય ને, બેઠો હોય તોપણ ચપળાઈ કરે. જોયા છે વાંદરાને? આમ કર્યા કરે. એમ આ બેઠો બેઠો, સવારમાં પાછો નાહીને જ્યારે પટીયા પાડે સરખા અને એમાં કાચમાં આમ જોવે. નાનો કાચ હોય. મોટો હોય તો આખો દેખાય. જોઈ લ્યો વાંદરા. અરેરે! બહારના વિષય-કષાયમાં બાપુ તું રોકાઈ ગયો ભાઈ! એ દરિયામાં ડૂબી ગયો પ્રભુ તું. એમ કહે છે. આ દરિયો હાથ ન આવ્યો ભગવાનનો તને. આહાહા..! આવો ઉપદેશ તો વીતરાગ કરે બાપુ!

વીતરાગ તો એમ કહે કે અમે છદ્મસ્થ હોઈએ, મુનિ હોઈએ અને તું અમને આહાર આપ એ પણ રાગ છે. આહાહા..! એમાં તને ધર્મ થાય અને કલ્યાણ થાય એ નહિ. કારણ કે અમે પરદ્રવ્ય છીએ. એમાં જે વિષય-કષાયનો જે ભાવ છે એવો જ એ ભાવ છે કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત. આ તો તમારી વાત નિશ્ચયની બહુ ઊંચી છે. એમ કહે. પણ આ પહેલી જ સાચી આ છે. સાંભળને. આહા..! કાંઈક વ્યવહાર કરીએ, કાંઈક કાંઈક કરીએ તો હળવે હળવે થાય નિશ્ચય. ધૂળેય નહિ થાય, સાંભળને. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ડકાર આવશે? એમ તારી રાગની ક્રિયા કરતા કરતા સમકિત થાશે? આહા..! ભગવાનને સ્વીકારતા સમકિત થશે. આવો વીતરાગી પરમાનંદ પ્રભુ તારા જ્ઞાનમાં જ્ઞેય થઈને અનુભવમાં આવે. આહાહા..! કહે છે, એ આત્મા ચિત્તનું નિર્મળપણું કરી, પરમાં રોકાતા ચિત્તને છોડ તો આત્મા નિર્મળ થાશે.

**'આત્મા રત્ન કે સમાન હૈ,...'** આહાહા..! **'અનાદિકાલકા...'** આહાહા..! **'અજ્ઞાનરૂપી પાતાલમેં પડા હૈ,...'** ભાષા જુઓ! અજ્ઞાન, જેને સ્વરૂપનું ભાન નથી એવા અજ્ઞાન અને પાતાળમાં પડી ગયું છે રતન. આહાહા..! ચૈતન્યરતન ભગવાન એ અજ્ઞાનરૂપી પાતાળમાં પડી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? કહ્યું છે ને જુઓને. **'આત્મા રત્ન કે સમાન હૈ, અનાદિકાલકા અજ્ઞાનરૂપી પાતાલ મેં પડા હૈ,...'** આહાહા..! ત્યાં અમારે પાલેજ પાસે વડોદરા નજીક છે ને? વડોદરાનો રાજકુમાર હતો ને મૂળ પહેલો ફતેહકુમાર. એ છોકરો નાનો હતો એ મૂકીને મરી ગયો. પિતાજી હતા શિવાજીરાવ, શિવાજીરાવ. પાલેજ પાસે રહ્યું ને અમારે. સયાજી સયાજી. ઓલા શિવાજી નહિ. મરી ગયો પછી અમારી દુકાનમાં ઓલી આવી હતી ચોપડી છાપેલી. આ તો ૬૬ની વાત છે. આ તારા જન્મ પહેલાની વાત છે. એનો જન્મ તો ૭૪માં થયો છે. એના બાપ બેઠા હતા. ત્રણ કરોડની ઊપજ વર્ષની. સયાજીરાવ. અને રાણી મોટી. છોકરાને શું થયું નાની ઉંમરમાં એકદમ મરી ગયો. બે વર્ષનો ગાદીએ બેઠો હતો ને ત્યાં? એ તો તે દિ' વર્ષ, બે વર્ષનો હતો. પછી ચોપડી આવી. રતન રોયાળું સ્મશાને રે, હાય રે રતન રોળાયું એમ ગાતા. રાજકુમાર હજી તો પાટવીકુમાર, પછી ગાદીએ બેસવાની લાયકાતવાળો. મરી ગયો. ઊડી ગયો તો રતન રોળાયું. ધૂળેય નથી સાંભળને. આ ભવસમુદ્રમાં રોળાયું રતન તારું એની વાત છે અહીં તો. મરી ગયો એમ કે મોટો રાજા.

જુઓને! ચૈતન્યરતન અજ્ઞાનરૂપી પાતાળમાં પડીને, આહાહા..! એટલે કે જેની ખબરું નથી એને. આવો ભગવાન ચૈતન્યરતન બિરાજે અંદર એની એને ખબરું ન મળે અને અજ્ઞાનરૂપી

પાતાળમાં રતન પડ્યું છે ઊંડું. આહાહા..! એ ચોપડી આવી હતી તે દિ' દુકાને. સાંભળી હતી. મરસ્યા ગાયને એ લોકો. એવું ગાતા હતા. નાની ઉંમરનો માણસ, ત્રણ કરોડની ઊપજ અને ગાદીએ બેસવાની ઓલી પાટવીકુમાર. પછી એનો છોકરો છે ને અત્યારે. આહાહા..! એ ૬૬નો જન્મ છે તો એને વર્ષ ઘણાં થયા હશે. વર્ષ, દોઢ વર્ષનો હતો અત્યારે ગાદીએ બેઠો છે ઈ. ત્યાં અમારે પાલેજની જોડે રહ્યું ને વડોદરા? નજીક છે. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળ. આવો ચૈતન્ય હીરલો આનંદ અને જ્ઞાનથી ભરેલો પ્રભુ, એને અજ્ઞાનરૂપી પાતાળમાં તેં નાખી દીધો છે. આહાહા..! પાતાળના પાણી કાઢવા કઠણ, એમ અજ્ઞાનના પાતાળમાંથી આત્માને જુદો પાડવો કઠણ બાપા! આહાહા..! એવો અજ્ઞાનરૂપી પાતાળમાં પડ્યો છે. '**સો રાગાદિ મલ કે છોડને સે શીઘ્ર હી નિર્મલ હો જાતા હૈ,...**' આહાહા..! એ રાગરૂપી મેલ છે ભગવાન ચૈતન્યરતનમાં. આહાહા..! એ રાગ એટલે અશુભરાગ હશે એકલો? શુભ જ ખરો તો છે અને ત્યાં સલવાણો છે. એને સાધન માને છે અને એને કારણ માને છે. મોટી ચર્ચા છે ખાણિયા ચર્ચામાં. આહાહા..! અરે! પ્રભુ! શું કરે છે? ભાઈ! 'રાગ આગ દાહ દહે સદા...' એ શુભરાગ અને અશુભરાગ બેય અગ્નિ છે, ભાઈ! તને ખબર નથી. તારો સ્વભાવ શીતળ, આનંદકંદ છે, એમાં આ તો અગ્નિ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'આગ દાહ...' 'રાગ આગ દાહ દહે સદા...' આવે છે ને છ ઢાળામાં? આહાહા..! 'તાતૈ સમામૃત સેઈએ.' આહાહા..! રાગના આગને બુઝાવવા પ્રભુ સમામૃત-સમતારૂપી અમૃત. એ સમતા કહો કે વીતરાગતા કહો. આહાહા..! વીતરાગતાથી ભરેલો ભગવાન એને વીતરાગભાવથી સેવન કર. આહાહા..! સમામૃત-સમતારૂપી અમૃતનો તને સ્વાદ આવશે. આહાહા..! અને આ વિષય-કષાય પર તરફના વિકલ્પમાં ચિત્ત દઝાય છે. આવી ગયું હતું નહિ? દાહ, ચિત્તને દાહ થાય છે ભાઈ, તને ખબર નથી. આહાહા..!

'હે બચ્ચે...' છે ને? '**આત્મા ઉન ભવ્ય જીવોં કા નિર્મલ હોતા હૈ, ઔર પ્રત્યક્ષ ઉનકો આત્મા કા દર્શન હોતા હૈ.**' આહાહા..! ચિત્તને પર તરફથી પાછું વાળીને અહીં જુએ તો નિર્મળ ભગવાનઆત્માના તને દર્શન થશે. જેવો છે તેવો તને અનુભવમાં આવશે. આહાહા..! પરમાત્મપ્રકાશ. મુદ્દાની રકમને જ અહીં તો ગણી છે. આહાહા..! વ્યાજ-બ્યાજની કાંઈ નહિ, મુદ્દાની રકમની વાત. '**દર્શન હોતા હૈ.**' આહાહા..! '**પરમકલા જો આત્માકી અનુભૂતિ વહી હુઈ નિશ્ચયદૃષ્ટિ ઉસસે આત્મસ્વરૂપ કા અવલોકન હોતા હૈ.** ' આહાહા..! વિષય-કષાય તરફમાં ચિત્તને પાછું વાળ તો અનુભૂતિથી તને આત્મા પ્રત્યક્ષ થશે. આહાહા..! એ વિશેષ વ્યાખ્યા છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, મહા વદ ૪, સોમવાર
## તા. ૦૭-૦૨-૧૯૭૭, ગાથા-૧૫૬-૧૫૭, પ્રવચન નં. ૨૦૯

પરમાત્મપ્રકાશ. 'હે બચ્ચે,...' શિષ્ય ગુરુ કહે છે. '**આત્મા ઉન ભવ્ય જીવોં કા નિર્મલ હોતા હૈ,...**' ગુરુ શિષ્યને કહે છે, હે શિષ્ય! આત્મા એ ભવ્યજીવને નિર્મળ હોય છે '**ઔર પ્રત્યક્ષ ઉનકો આત્મા કા દર્શન હોતા હૈ.**' કોને? કે '**રાગાદિ મલકે છોડને સે શીઘ્ર હી નિર્મલ હો જાતા હૈ,...**' પહેલી લીટી છે ને આની પહેલી. આહાહા..! અહીં રાગની એકતાબુદ્ધિ તોડાવે છે વાત પહેલી, પછી અસ્થિરતા પણ તોડાવે છે, બેય વાત છે. આહાહા..! રાગાદિ પુણ્ય-પાપના ભાવ, એને '**છોડને સે શીઘ્ર હી નિર્મલ હો જાતા હૈ,...**' આમ કહે છે. ઓલા કહે છે, વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય અને તમારું એકાંત છે. એમ કહે છે.

મુમુક્ષુ :— અનેકાંત કરીને બતાવે એટલે...

ઉત્તર :— અનેકાંત આ—વ્યવહારથી નિશ્ચય થાય એ અનેકાંત છે. ખાણિયા ચર્ચામાં એ વર્ણવ્યું છે અને આજે સમ્યગ્જ્ઞાનમાં એ આવ્યું છે. દિલ્હીથી આવે છે ને. સમ્યગ્જ્ઞાન... શું કહેવાય એ? સમ્યગ્જ્ઞાન. એમાં આવ્યું હતું થોડું ત્યાંનું ફલટનનું. આહાહા..! બહુ બધા વખાણ કરે છે ફલટનના. સોનગઢનું એકાંત છે, એની સામે તમે...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું થાય પણ? માર્ગ જ આખો...

અહીં કહે છે, પહેલું તો એ આવ્યું હતું ને કે ચૈતન્યરતન છે ભગવાન. હીરો-માણેક જેમ હોય એમ રતન છે. છે ને? '**અનાદિકાલકા અજ્ઞાનરૂપી પાતાલમેં પડા હૈ,...**' આહાહા..! એનું એને જ્ઞાન નથી. કહે છે કે આ ભગવાનઆત્મા અજ્ઞાનને લઈ રતન હોવા છતાં પાતાળમાં પડ્યું એમ દેખાય છે. આહાહા..! ક્યાંય પત્તો ખાતો નથી એમ કહે છે. આહાહા..! એ વસ્તુ રતન છે આત્મા, ચૈતન્યરતન છે. પણ અજ્ઞાનને લઈને પાતાળમાં પડ્યું છે એટલે હાથ આવતું નથી. આહાહા..! કેમ જણાય અને હાથ આવે? કે '**રાગાદિ મલકે છોડને સે શીઘ્ર હી નિર્મલ હો જાતા હૈ,...**' આહાહા..! પર તરફના વલણવાળો રાગ એના તરફનું લક્ષ છોડીને આત્મા તરફ જાય તો તેને નિર્મલ આત્મા પ્રાપ્ત થાય એમ કહે છે. આહા..! આવી વાત છે. છે તો નિર્મળાનંદ સ્ફટિક રત્ન જેવો પ્રભુ, પણ અજ્ઞાનને લઈને પાતાળમાં જેમ પાણી છે એ દેખાતું નથી, એમ અજ્ઞાનમાં એ વસ્તુ છે એ એને દેખાતી નથી એટલે કે જણાતી નથી. આહાહા..! એને પર તરફના રાગના વિકલ્પોને છોડી અને સ્વ તરફમાં જાય તો તેને આત્મા નિર્મળ મળે. અરે! આ વાત ભારે થોડા શબ્દોને. સમજાણું કાંઈ? એ પુણ્ય ને પાપ આદિ સકળ '**મલકે છોડને સે શીઘ્ર હી નિર્મલ હો જાતા હૈ,...**' આહાહા..! બહુ જ ટૂંકી વાત. પોતાના સ્વરૂપના અજ્ઞાનને લઈને એમ કહ્યું છે, કર્મને લઈને એમ

નથી કહ્યું.

મુમુક્ષુ :— અજ્ઞાનરૂપી પાતાળ.

ઉત્તર :— અજ્ઞાનને લઈને કહે છે. પાતાળમાં એટલે હાથ નથી આવતું એમ. ક્યાંય આઘો પડ્યો છે અજ્ઞાનને લઈને. આહાહા..! એ પુણ્ય અને પાપના રાગ એના તરફનો પ્રેમ અને રુચિ છોડી પહેલી અને આત્માની દૃષ્ટિ કરે તો એને આત્મા નિર્મળ સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત થાય. આહાહા..! કેમકે એ વસ્તુ નિર્મળ છે. મલિનતા અને અજ્ઞાન તો પર્યાયમાં પરલક્ષે કરેલો ભાવ છે અને તે પણ પોતે સ્વાધીનપણે કરેલો છે. અજ્ઞાનભાવ કોઈ કર્મ કરાવે છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :— એમાં જ મોટા વાંધા છે.

ઉત્તર :— મોટા આ વાંધા એને માટે તો, શું થાય? એ પ્રથા જ નહોતી ને. એ પદ્ધતિ જ નહોતી એટલે લોકોને એકાંત લાગે છે. પણ સમ્યક્ એકાંત જ એ છે. વ્યવહારનો રાગ છે તેનું લક્ષ છોડે તો આત્મા ઉપર લક્ષ જાય તો આત્મા નિર્મળ પ્રાપ્ત થાય. આહાહા..! આવી વાત છે. છે તો હીરલો હીરો અંદર ચૈતન્ય, જેની કિંમત ટાંકવી મુશ્કેલ પડે એવી કિંમતી ચીજ છે. આહાહા..! અમૂલ્ય જેનું મૂલ્ય શું? આહાહા..! હીરાના મૂલ છે, પાંચ કરોડના, દસ કરોડના, અબજના બધા તો મૂલ્ય છે. આહાહા..! 'હીરા મુખ સે ના કહે...' ..માં આવે છે ને કાંઈક.

મુમુક્ષુ :— બડા બડાઈ ના કરે,...

ઉત્તર :— બડા ન બોલે બોલ. 'હીરા મુખસે ના કહે લાખ હમારા મોલ.' 'બડા બડાઈ બોલે નહીં.' આહાહા..! 'બડા ન બોલે બોલ. હીરા મુખસે ના કહે લાખ હમારા મોલ.' એમ ભગવાન હીરો એ પોતે અંદરના રાગના ..માં કેમ જણાય એને? આહાહા..!

મહાપ્રભુ છે ને એ. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. એને રાગને છોડીને '**શીઘ્ર હી નિર્મલ હો જાતા હૈ, હે બચ્ચે, આત્મા ઉન ભવ્ય જીવોં કા નિર્મલ હોતા હૈ, ઔર પ્રત્યક્ષ ઉનકો આત્મા કા દર્શન હોતા હૈ. પરમકલા જો આત્માકી અનુભૂતિ...**' આ કળા આ કહે છે એને પ્રાપ્ત કરવાની. જે રાગનો અનુભવ છે અનાદિથી તેનું લક્ષ અને અનુભૂતિનો ભાવ છોડી ભગવાનઆત્મા તરફની અનુભૂતિ કરે એ અનુભૂતિ એને પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આહાહા..! છે? '**વહી હુઈ નિશ્ચયદૃષ્ટિ...**' '**પરમકલા જો આત્માકી અનુભૂતિ...**' આહાહા..! '**પરમકલા જો આત્માકી અનુભૂતિ વહી હુઈ નિશ્ચયદૃષ્ટિ...**' એ થઈ સત્યદૃષ્ટિ. '**ઉસસે આત્મસ્વરૂપ કા અવલોકન હોતા હૈ.**' આહાહા..! બહુ ટૂંકું. આવી વાત છે. ભગવાનઆત્મા જે શુદ્ધ ચૈતન્યઘન છે એને અનુસરીને, અનુભૂતિ થતાં તેને આત્મા અવલોકનમાં આવે છે. આહાહા..! આવી કોઈ ક્રિયા કરવાથી ને વ્યવહાર કરવાથી આવે છે એમ નથી કહ્યું.

મુમુક્ષુ :— એ એમ કહે છે કે આમાં નથી કહ્યું, ક્યાંક બીજે ઠેકાણે કહ્યું છે.

ઉત્તર :— બીજે ઠેકાણે કહ્યું તો આનાથી કાંઈ વિરુદ્ધ હોય? પૂર્વાપર વિરોધરહિત વાણી વીતરાગની એમાં વિરોધ હોય ક્યાંય? એ તો ત્યાં આગળ નિમિત્તપણું કોણ છે એનું જ્ઞાન કરાવવા

વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય એમ કહ્યું છે. આહાહા..! વ્યવહાર તો રાગ છે, રાગને છોડે તો આત્માનું અવલંબન આવે એમ કહે છે. તો ત્યાં વળી રાગ કરતા કરતા અનુભવમાં આવે? આહાહા..! મોટી તકરાર. કેટલા પાના ભર્યા છે. આહાહા..! ખાણિયા ચર્ચા. અરે! બાપુ! એવી ચર્ચા તો અનંતકાળ કરી છે ભાઈ!

આ આત્મા જે હીરો ચૈતન્ય અનંતગુણનો પિંડ એની પ્રાપ્તિ તો એના સન્મુખની દશા થવાથી થાય એવી છે. આહાહા..! સમ્યગ્દર્શન એટલે સચ્ચિદાનંદ ભગવાન પૂર્ણ તેના સન્મુખ થઈને અનુભવમાં પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન હજી ચોથું ગુણસ્થાન છે. અરેરે! એ વિના દુઃખી છે. સમજાણું કાંઈ? આ રસ્તો છે. જ્યાં છે ત્યાં જાવું, એની પર્યાયને ત્યાં લઈ જવી. આહાહા..! જ્યાં નથી ત્યાંથી પાછું ફરવું, વ્યવહારમાં કાંઈ આત્મા નથી. આહાહા..! વ્યવહારમાં તો રાગની મંદતા પુણ્ય છે. આહાહા..! પુણ્યમાં આત્મા નથી કે ત્યાં જઈને એકાગ્ર થાય તો મળે. આ એની વિધિ છે કહે છે. એ ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, એના તરફ જતાં એને આત્મસ્વરૂપનું અવલોકન થતાં. આહાહા..!

‘**આત્મા સ્વસંવેદનજ્ઞાન કરકે હી ગ્રહણ કરને યોગ્ય હૈ.**’ આહાહા..! જોયું! આહાહા..! ચક્રવર્તીને છન્નું-છન્નું હજાર સ્ત્રી હોય, રાજ પણ હોય, પણ એ રાજ તરફની રુચિ છૂટી ગઈ છે. પર તરફની સુખબુદ્ધિ છૂટી છે તેથી આત્મા તરફના અવલોકનમાં જ્યાં સુખ છે ત્યાં દૃષ્ટિ ગઈ છે. સમજાણું કાંઈ? એ પહેલા આવી ગયું છે. ધર્મી જીવ જ્યાં સુખ નથી ત્યાં વસતો નથી. આહાહા..! આવે, રાગ હોય પણ ત્યાં ટકતો નથી. આહાહા..! ત્યાં સુખ નથી એટલે ટકતો નથી, તેમાં નિવાસ કરતો નથી. આહાહા..! આવું સ્વરૂપ હવે. માણસને ત્યાગ કરો ને વ્રત કરો એમ કહે છે. પડિક્કમણામાં આવે છે ને દ્રવ્યપ્રતિક્રમણ, ભાવપ્રતિક્રમણ. ત્યાં એ નાખ્યું છે જુઓ, પ્રતિક્રમણમાં બાહ્ય ત્યાગ કરે ત્યારે દ્રવ્ય પ્રતિક્રમણ થાય પહેલું. બાહ્ય ત્યાગ કરે તો અહીં નિર્મળતા થાય. આહાહા..! પણ ત્યાં તો બાહ્ય ત્યાગ, રાગના ત્યાગમાં બાહ્યનો ત્યાગ હોય છે એમ બતાવવું છે. એમ કહે છે. આહાહા..! બાહ્ય ત્યાગ તો અનંતવાર કર્યો. સ્ત્રી, કુટુંબ, પરિવાર છોડી, મહાવ્રત અંગીકાર કર્યા. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. ભાઈ! તને સત્યની ખબર નથી. અને ખોટે રસ્તે જતા એ નહિ મળે પ્રભુ. અને નહિ મળ્યા વિના ચાર ગતિમાં રખડવું, સંયોગો, પુદ્‌ગલ મળશે. ત્યાં ભટકશે ચાર ગતિમાં.

અહીં કહે છે, ‘**આત્મા સ્વસંવેદનજ્ઞાન કરકે હી...**’ એમ છે? પાઠ છે જુઓ. ‘**स्वसंवेदनग्राह्योऽपि भवति**’ આહાહા..! પહેલું ‘**प्रत्यक्षो**’ છે ને એટલે. ‘**प्रत्यक्षोऽपि स्वसंवेदनग्राह्योऽपि**’ એમ. પહેલું છે ને. ‘**प्रत्यक्षोऽपि**’ અને ‘**स्वसंवेदनग्राह्योऽपि**’ એમ છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલે? ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધાત્મતત્ત્વ પ્રભુ, એના સન્મુખ થતાં પ્રત્યક્ષ થશે અને એ સ્વસંવેદનજ્ઞાનથી જ પકડાશે. આહાહા..! આવી વાતું છે.

પરમાત્મપ્રકાશ છે આ. યોગીન્દ્રદેવ દિગંબર સંત વનવાસમાં રહેતા હતા, સિદ્ધ સાથે વાતું કરી છે બધી. આહાહા..! પ્રભુ! તું છો એવો જ હું છું. આહાહા..! એવો હું છું એમ ક્યારે થાય? કે જેવું,

જેટલું, જેવડું અસ્તિત્વ છે તેના સ્વીકારમાં જાય તો તેને એવો છું એમ મનાય. આહાહા..! પણ રાગના પુણ્ય ને વ્યવહાર રત્નત્રયના સ્વીકારમાં જાય તો એ તો રાગમાં સ્વીકાર થયો. આહાહા..! બહુ આકરી વાત છે. રાગના સ્વીકારમાં વીતરાગ ચૈતન્યરત્ન હાથ આવે? આહાહા..! એમાં તો ચૈતન્ય અનંતગુણનું રતન એનો એમાં હેલના, અવહેલના થાય છે. રાગના સ્વીકારમાં ભગવાનની અવહેલના થાય છે. ભગવાન પોતે આત્મા ભગવાનસ્વરૂપ જ છે. પર્યાયમાં એનું એન્લાર્જ થાય છે. અરિહંત પરમાત્મા થયા એ છે એમાંથી થયા છે. આહાહા..!

અહીંયાં એ કહે છે, '**આત્મા સ્વસંવેદનજ્ઞાન કરકે હી...**' એમ. '**ગ્રહણ કરને યોગ્ય હૈ.**' આહાહા..! રાગથી, પુણ્યથી, વ્યવહારરત્નત્રયથી ગ્રહણ થઈ શકશે નહિ. આહાહા..! કેમકે વ્યવહારરત્નત્રયનો રાગ પર દિશા તરફ છે. રાગ છે તેની દિશા પર ઉપર છે. એથી તેને પ્રાપ્ત નહિ થાય. અને આ બાજુ સ્વસંવેદનજ્ઞાન છે તે સ્વ તરફ છે. આહાહા..! તેથી તેમાં સ્વ જેટલો અને જેવડો છે એટલો પ્રત્યક્ષ થશે અને સ્વસંવેદનજ્ઞાનમાં એ જણાશે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ સાર છે આ તો. માખણ છે. એને પહેલો એનો પક્ષ તો શ્રદ્ધા તો કરવી પડશે. આહા..! જ્યાં સુધી એ શ્રદ્ધા રાગ કરતા કરતા થાશે એ તો મિથ્યાત્વભાવ (છે). આહાહા..! અને આ સમ્યક્ભાવ. એ જેવો પોતે છે તેના સન્મુખ થઈને એને અનુભવવું, તેનો સ્વીકાર, તેના અસ્તિત્વની જ્ઞાનમાં જ્ઞાન થઈને પ્રતીતિ એ સ્વસંવેદનથી પકડાય એવો છે. આહાહા..! એ શાસ્ત્રથી જણાય એવો નથી એમ કહે છે. એની ટીકા કરે છે લોકો. એ તો કહે છે કે વીતરાગની વાણીથી જણાય નહિ, દેવ-ગુરુથી જણાય નહિ.

મુમુક્ષુ :— આમાં પણ લખ્યું છે.

ઉત્તર :— એ ન માને. એણે કોઈ દિ' વાંચ્યું નથી, એ ખબર નથી.

સ્વસંવેદનથી જણાય એમ કહ્યું. વીતરાગની વાણી સમવસરણમાં અનંતવાર સાંભળી, પણ એનું લક્ષ ત્યાંથી ખસ્યું નહિ, સ્વ ઉપર આવ્યું નહિ. આહાહા..! વીતરાગ માર્ગ બહુ ઝીણો બાપુ. ભગવાન પોતે સૂક્ષ્મ ચૈતન્યરતન છે ને. આહાહા..! એવો સૂક્ષ્મ. જેની આગળ શુભભાવ પણ સ્થૂળ વિશુદ્ધ પરિણામ. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ એ સ્થૂળ વિશુદ્ધ ભાવ, ભગવાન એનાથી ભિન્ન સૂક્ષ્મ પરમ શુદ્ધભાવ. આહાહા..! આવું છે. માણસને સોંઘુ લઈ લેવું છે. આહાહા..!

નિલમણિનો દાખલો નહોતો આપ્યો? શેઠ આવ્યા હતા ત્યારે દાખલો આપ્યો હતો. શેઠ આવ્યા હતા ને. હુકમીચંદજી. સત્તર લાખનો નિલમણિનો હાર હતો. હુકમીચંદજી ઈન્દોર. અહીંયાં આવ્યા હતા ને (સંવત) ૨૦૦૫ની સાલમાં. ઈન્દોર. ૧૭ લાખનો નિલમણિનો હાર હતો. લીધો ત્યારે હોં! પૂછયું, મેં ભાઈને પૂછયું હતું નાનાલાલભાઈને. મેં કીધું, આની કિંમત અત્યારે કેટલી? અત્યારે ૭૦ લાખની. હવે એ નિલમણિ છે એવી જ નીલી લીંબોળિયું છે. લીંબડાની લીલી લીંબોળિયું છે. લીંબોળિયે પ્રાપ્ત થાય? ૭૦ લાખનો એક હાર. સાથે સિપાહી ઉભા રાખવો પડે ..

કરવા સાથે. કારણ કે કો'ક ઉપાડી જાય એકદમ, સાધારણ ઉપાડીને ભાગે. આહાહા..! જુઓ આ ઉપાધિ. આહાહા..! એ નિલમણિ કાંઈ લીંબોળિયુંએ ૬૦-૭૦ લાખ આપે તો મળે? બાપુ! એની કિંમત ભરવા માટે રતન જોઈએ, એટલી કિંમતી ચીજ જોઈએ. આહા..!

એમ ભગવાનઆત્મા એને પ્રાપ્ત કરવા માટે સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ નિર્મળ પરિણામ જોઈએ. એ પરિણામમાં પરિણામી ભગવાન પ્રાપ્ત થાય એમ કહે છે. આહાહા..! આ લૂખું લાગે માણસને. રસ ન લાગે ને. ઓલો રસ છે, દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. વસ્તુ આ છે બાપુ! લુખું નામ વીતરાગી ભાવ આ છે. આહાહા..! ચીકણો ભાવ રાગનો એ અહીં નથી આમાં. આહાહા..! શાંત.. શાંત... એકલો શાંતરસ. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ.' એમ કહેવામાં એમ કહે છે શ્રીમદ્ પોતે નાની ઉંમરમાં, વીતરાગના વચનો પરમ શાંતરસમૂળ. એમાં પરમ શાંતરસને બતાવે છે. આહાહા..! 'ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' આહાહા..! એ શુભભાવમાંથી આત્મા ન પ્રાપ્ત થાય, ધર્મની પર્યાય ન પ્રાપ્ત થાય. સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય અને પર્યાય પ્રાપ્ત થાય. આહાહા..! એ પાવૈયાને પ્રજા ન હોય. હીજડાને પ્રજા હોય? એમ શુભભાવ છે તે પાવૈયો, નપુંસક છે. એમાં ધર્મની પર્યાય ન હોય ભાઈ! આહાહા..! શું થાય? એના વીર્યગુણની રચના એવી ભગવાન કહે છે કે જેણે વીર્યગુણને સ્વીકાર્યો અને એ ગુણનો ધરનારો ભગવાનઆત્મા સ્વીકાર્યો એને તો શુદ્ધ આનંદની જ રચના થાય. આહાહા..! એને તો શુદ્ધ અનંતઆનંદ આદિ શક્તિઓ છે એની વ્યક્તતાનું જ પરિણમન એને થાય. આહા..! એને અહીંયાં વીર્ય કહેવામાં આવે છે. આહાહા..! હજારો શત્રુને હણે અને મોટા વીર કહેવાય એ નપુંસક છે બધા. આહાહા..! પાછા નરકમાં જવાના ત્યાં. આહાહા..! હજી નરકમાં પણ નપુંસકવેદ છે. સમજાણું કાંઈ? આહાહા..! આ બધા રાજા, મહારાજાઓ ત્યાં નરકમાં જાય છે. પાર્લામેન્ટ ભરાય છે ત્યાં. આહાહા..!

મુમુક્ષુ :— એકબીજા એકબીજાને મારે.

ઉત્તર :— અરે! મારે, એ પોતે જ પણ દુઃખી છે મહા. એની ઉષ્ણતાનો એક કણ લાવીને મૂકે અહીં મનુષ્યક્ષેત્રમાં તો દસ યોજનના માણસ બળીને રાખ થઈ જાય. ભાઈ! એણે સાંભળ્યું નથી ક્યાં કાળ ગાળ્યો. એણે ક્યાં કાળ ગાળ્યો અને એ કાળ કેમ ગાળ્યો એની એને ખબર નથી. આહાહા..! એક રાઈ જેટલો કણ લાવે ત્યાંનો અગ્નિનો અહીં (તો) દસ યોજનના માણસો બળીને રાખ થઈ જાય. પ્રભુ! તેં ત્યાં અનંતકાળ ગાળ્યો છે. આહાહા..! ભાઈ! તું ભૂલી ગયો. તારી સ્વાધીન ચીજને તું ભૂલી ગયો. આહાહા..! રાગ છે એ પરાધીન પોતે કરેલો ભાવ છે. પરે કરેલો નથી પણ પરાધીન—પરને આધીન થઈને કરેલો ભાવ છે. એનાથી સ્વાધીન દશા પ્રગટ થાય એમ હોઈ શકે નહિ. આહાહા..! જુઓને ટૂંકામાં કેટલું કહ્યું છે! હેં!

'**જિસકા મન વિષય સે ચંચલ ન હો,...**' આહાહા..! પાંચઇન્દ્રિયના વિષયો તરફના મનનું ચંચળપણું ન હોય. આહાહા..! '**ઉસીકો આત્મા કા દર્શન હોતા હૈ.**' એક એક શબ્દમાં

કેટલું ભર્યું છે જુઓને! આહાહા..! દિગંબર સંતોએ જગતને કરુણાથી વિકલ્પ આવ્યો છે. આહાહા..! ધર્મના લોભી જીવોને માટે કરુણાનો વિકલ્પ આવ્યો માટે શાસ્ત્ર બની ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહો..! આવા ભરતક્ષેત્રમાં ત્યાં નિર્ધનતા બાહ્યમાં, અંતરમાં નિર્ધનતા. સધન ચીજની જેને ખબર નથી એવી નિર્ધનતાના ગામના ગામ ભર્યા છે. એમાં આવી ચીજ રહી ગઈ. સમયસાર, પરમાત્મપ્રકાશ એ ભગવાનનો વારસો છે આ. આહાહા..!

આમાં કાંઈ મોટી પંડિતાઈની જરૂર નથી. પંડિત એને કહીએ કે જે આત્મા આનંદનો નાથ છે. આહાહા..! એ સ્વસંવેદનજ્ઞાન દ્વારા જેણે જાણ્યો એ પંડિત. સમજાણું કાંઈ? આમાં વાદવિવાદને સ્થાન પણ ક્યાં છે? આહાહા..! નહિ, રાગ કરતા કરતા થાશે. અરે! પ્રભુ! તું વીતરાગીસ્વરૂપ શાંતરસ તે, રાગ દાહસ્વરૂપ એનાથી શાંતરસનો નાથ પ્રગટ થાય? આહાહા..! શાંત... શાંત.. શાંત... આવે છે ને? 'ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' પ્રભુની વાણીમાં ઉપશમરસ ઝરે છે. ત્રણલોકના નાથ જિનવરદેવ, 'ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' આંખમાં જુઓ તો શાંતરસ વરસે છે. આહાહા..! એવો જે વાણીમાં પણ શાંતરસ આવે. દેહ પણ જાણે જેટલા ઉપશમરસવાળા પરમાણુ હોય શાંત એનું બનેલું એનું શરીર હોય છે. આહાહા..! અરિહંત. અને જેની વાણી શાંત, જેનું શરીર ઉપશમ. આહાહા..! અને જેનો આત્મા ઉપશમરસથી ભરેલો ભરપુર પરિણમી ગયો છે.

શુભરાગનો દાહ પણ જેને છૂટી ગયો છે. સમજાણું કાંઈ? એને આત્મા હાથ આવે એમ છે, એમ કહે છે. જોયું? '**ઉસીકો આત્મા કા દર્શન હોતા હૈ.**' આહાહા..! થોડામાં પણ ઘણું કહ્યું છે. ઓહોહો..! બાર અંગ. ભગવાનની વાણી બાર અંગનો સાર થોડામાં ભરી દીધો. માણસને સંસારના કામ માટે વરસોના વરસો ગાળવા. પાપ માટે, રખડવા માટે, અરેરે! ક્યાં જશે? ક્યાં પડશે? અને આ વાતને સાંભળવા માટે પણ વખત ન લે. આહાહા..! અને બે કલાક આવ્યા કાંઈક કલાક બે કલાક સાંભળ્યું, સામાયિક કરી, પડિક્કમણું કર્યું, જાત્રા કરી, થઈ ગયો ધર્મ એમ માને. હવે શું થાય બાપુ! આહાહા..! તારો નાથ તો ઉપશમરસથી ભરેલો એ ઉપશમભાવથી પ્રાપ્ત થશે. કષાયના ઉદયભાવથી પ્રાપ્ત થશે નહિ. આહાહા..!

---

## ગાથા-૧૫૭

अथ–

२८८) अप्पा परहँ ण मेलविउ मणु मारिवि सहस त्ति।
सो वढ जाएँ किं करइ जासु ण एही सत्ति।।१५७।।
आत्मा परस्य न मेलितः मनो मारयित्वा सहसेति।
स वत्स योगेन किं करोति यस्य न ईद्दशी शक्तिः।।१५७।।

अप्पा इत्यादि। अप्पा अयं प्रत्यक्षीभूतः सविकल्प आत्मा परहं ख्यातिपूजा-लाभप्रभृतिसमस्तमनोरथरुपविकल्पजालरहितस्य विशुद्धज्ञानदर्शनस्वभावस्य परमात्मनः ण मेलविउ न योजितः। किं कृत्वा। मणु मारिवि मिथ्यात्वविषयकषायादि-विकल्पसमूहपरिणतं मनो वीतरागनिर्विकल्पसमाधिशस्त्रेण मारयित्वा सहस ति झटिति सो वढ जोएं किं करइ स पुरुषः वत्स योगेन किं करोति। स कः। जासु ण एही सत्ति यस्येद्दशी मनोमारणशक्तिर्नास्तीति तात्पर्यम्।।१५७।।

---

आगे यह कहते हैं, कि जिसने शीघ्र ही मनको वशकर आत्माको परमात्मासे नहीं मिलाया, जिसमें ऐसी शक्ति नहीं है, वह योगसे क्या कर सकता है? कुछ भी नहीं कर सकता–

गाथा–१५७

अन्वयार्थ :– [सहसा मनः मारयित्वा] जिसने शीघ्र ही मनको वशमें करके [आत्मा] यह आत्मा [परस्य न मेलितः] परमात्मामें नहीं मिलाया, [वत्स] हे शिष्य, [यस्य] जिसकी [ईदृशी] ऐसी [शक्तिः] शक्ति [न] नहीं है, [सः] वह [योगेन] योगसे [किं करोति] क्या कर सकता है?।।

भावार्थ :– यह प्रत्यक्षरुप संसारी जीव विकल्प सहित है दशा जिसकी, उसको समस्त विकल्प–जाल रहित निर्मल ज्ञान दर्शन स्वभाव परमात्मासे नहीं मिलाया। मिथ्यात्व विषय कषायादि विकल्पोंके समूहकर परिणत हुआ जो मन उसको वीतराग निर्विकल्प समाधिरुप शस्त्रसे शीघ्र ही मारकर आत्माको परमात्मसे नहीं मिलाया, वह योगी योगसे क्या कर सकता है? कुछ भी नहीं कर सकता। जिसमें मन मारनेकी शक्ति नहीं है, वह योगी कैसा? योगी तो उसे कहते हैं, कि जो बड़ाई पूजा (अपनी महिमा) और लाभ आदि सब मनोरथरुप विकल्प–जालोंसे रहित निर्मल ज्ञान दर्शनमयी परमात्माको देखे, जाने, अनुभव करे। ऐसा मनके मारे बिना नहीं हो सकता, यह निश्चय जानना।।१५७।।

---

વળી, (હવે કહે છે કે જેણે મનને શીઘ્ર જ વશ કરીને આત્માને પરમાત્માની સાથે નથી જોડ્યો, જેમાં એવી શક્તિ નથી તે યોગથી શું કરી શકે?) :-

ભાવાર્થ :- જેણે મિથ્યાત્વ, વિષય, કષાયાદિ વિકલ્પ સમૂહમાં પરિણમેલા મનને વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ શસ્ત્રથી સહસા હણીને, આ પ્રત્યક્ષરૂપ સવિકલ્પ આત્માને, ખ્યાતિ, પૂજા, લાભ આદિ સમસ્ત મનોરથરૂપ વિકલ્પજાળથી રહિત, વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા પરમાત્મામાં નથી જોડ્યો તે પુરુષ-કે જેને મનને મારવાની આવી શક્તિ નથી તે પુરુષ-હે વત્સ! યોગથી શું કરશે? .૧૫૭.

## ગાથા-૧૫૭ ઉપર પ્રવચન

૧૫૭. '**આગે યહ કહતે હૈં, કિ જિસને શીઘ્ર હી મનકો વશકર આત્મા કો પરમાત્મા સે નહીં મિલાયા,...**' આહાહા..! શીઘ્ર. પછી કરશું, પછી કરશું એમ નહિ, એમ કહે છે. આહાહા..! જેણે શીઘ્ર મનની ચંચળતાને બંધ કરી. આહાહા..! અને ચંચળતાને પ્રાપ્ત થયા એ '**આત્મા કો પરમાત્મા સે નહીં મિલાયા,...**' એ આત્માને નહિ મળી શકે. રાગના વિકલ્પની અસ્થિરતામાં જોડાણા એ નિર્વિકલ્પ ભગવાનને પ્રાપ્ત નહિ કરી શકે. આ વાત છે. પાપના વિકલ્પ તો ઠીક પણ પુણ્યના વિકલ્પથી પણ એ નહિ મળે એમ કહે છે. એ તો ઠીક પણ ગુણગુણીનો ભેદનો જે વિકલ્પ ઉઠે, હું અબદ્ધ છું, શુદ્ધ છું, અખંડ છું, એક છું. આવે છે ને? ૧૪૩ (ગાથા). એવો વિકલ્પ છે એનાથી પણ એ નહિ પ્રાપ્ત થાય. આહાહા..! બાપુ! માર્ગ તો આ એક છે. સમજાણું કાંઈ? આહાહા..!

નહોતું કહ્યું એક ફેરી? ઓલા ભૂંડ ભૂંડ. નારણભાઈ કહેતા (હતા), હું પારસીને ઘરે ગયો કાંઈક. માસ્તર હતા ત્યાં. કયુ ગામ કીધું? ગુજરાત. માંડળ માંડળ. માંડળના હતા. ત્યાં એક ભૂંડને જીવતા ભૂંડને પગે બાંધેલા ઓલા લોઢાના સરિયા. લોઢાના સરિયા બાંધીને ભઠ્ઠી અગ્નિની હતી એમાં નાખ્યો જીવતો. ભાઈ! જેને સાંભળતા આમ થાય છે એને વેદતા શું થતું હશે? આહાહા..! ટાંગા તરફડે નહિ માટે લોઢાના સરિયા ચાર પગને બાંધ્યા. બે પગ મોઢા બે પાછળ, એમ ને એમ જીવતો ભઠ્ઠીમાં નાખ્યો અગ્નિમાં. ખાવા. જેમ શક્કરિયું પાકે ને શક્કરિયા—શક્કરકંદ અગ્નિમાં બફાઈને જેમ ખાય એમ આહાહા..! અરે! પ્રભુ! તારી આ દશા! ભાઈ! મિથ્યાત્વના ફળમાં તો આવી દશા છે. આહાહા..! સમજાણું કાંઈ? શુભભાવના ફળમાં પણ ક્લેશ છે સ્વર્ગમાં. ક્લેશિત થઈશ ભાઈ ત્યાં તો. આહાહા..! શુદ્ધોપયોગના ફળમાં આત્મા મળે એવો છે.

એ કહે છે, જુઓ ૧૫૭.

૨૮૮) अप्पा परहँ ण मेलविउ मणु मारिवि सहस त्ति।
सो वढ जाएँ किं करइ जासु ण एही सत्ति।।१५७।।

**અન્વયાર્થ :— 'જિસને શીઘ્ર હી મનકો વશ કરકે યહ આત્મા પરમાત્મા મેં નહીં મિલાયા, હે શિષ્ય, જિસકી ઐસી શક્તિ નહીં હૈ, વહ યોગસે ક્યા કર સકતા હૈ?'** એ મુનિપણું લઈને શું કરી શકે એમ કહે છે. આહાહા..! સાધુપણું લીધું, ગૃહસ્થાશ્રમ છોડ્યો, કુટુંબ છોડ્યું, પૈસા (છોડ્યા), પણ જેણે વિકલ્પ છોડીને નિર્વિકલ્પ કર્યો નથી આત્માને એની શું શક્તિ એની ક્યાં છે? આહાહા..! છે? '**જિસકી ઐસી શક્તિ નહીં હૈ,...**' શુભ-અશુભ વિકલ્પ છોડીને પરમાત્માને પ્રાપ્ત થવું એ શક્તિ નથી. '**વહ યોગ સે ક્યા કર સકતા હૈ?**' મુનિપણું પાળીને શું કરી શકે? પંચમહાવ્રત પાળે તો એ બધો રાગ છે, વિકલ્પ છે. આહાહા..! આકરી વાતું બહુ બાપુ.

યોગ એટલે મુનિ. મુનિ થયો, હજારો રાણી છોડી, પંચમહાવ્રત પાળે એ શું ક્રિયા થઈ? એ ક્યાં ધર્મક્રિયા છે? આહાહા..! જેણે વિકલ્પને છોડીને ભગવાનને ન મળ્યો, ભેટો ન થયો એની શક્તિ ક્યાં છે અંતરમાં જવાની? એને બાહ્યમાં રાગમાં રખડવાની શક્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ? દિગંબર સંતોની વાણી છે આ. એ ક્યાંય મળે એવી નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, જેણે મનના સંબંધના વિકલ્પો પુણ્ય-પાપ આદિના છોડીને જેણે સ્વશક્તિને મેળવી નથી, એવી જેને શક્તિ નથી, આહાહા..! રાગને ટાળીને સ્વભાવને પ્રાપ્ત કરવાની શક્તિ નથી એને મુનિપણું શું કામ કરશે? યોગ છે ને યોગ? યોગ એટલે મુનિ. યોગી છે ને યોગી? જેણે રાગના વિકલ્પમાં જોડાણ કર્યું છે એને વિકલ્પરહિત આત્મામાં જવાની શક્તિ નથી એને યોગ શું કામનો? કહે છે. સમજાય છે કાંઈ? એ મહિના મહિનાના અપવાસ, પંચમહાવ્રત અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનું પાલન, પરિગ્રહનો ટુકડો-કપડું ન રાખે એવી ક્રિયા એને શું કરશે? કહે છે. જેને પર તરફના વિકલ્પથી છૂટીને સ્વભાવને અનુભવવો એવી જેને શક્તિ નથી એના એ પંચમહાવ્રતના પરિણામ એ શું કરશે? કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે આવી તો વાણી છે. શ્રીમદ્ કહે છે ને? દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. આહાહા..! શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. આહાહા..! મારફાટ બે કટકા કરે છે.

જેને વિકલ્પમાંથી છૂટી, શુભાશુભ બેય વિકલ્પ હોં! અને અંતરમાં અનુભવની શક્તિ નથી, એની શક્તિ નથી એ શક્તિ વિનાનો પામર છે. આહાહા..! શબ્દ છે? '**જિસને શીઘ્ર હી મનકો વશમેં કરકે યહ આત્મા પરમાત્મા મેં નહીં મિલાયા, હે શિષ્ય, જિસકી ઐસી શક્તિ નહીં હૈ,...**' આહાહા..! રાગથી રહિત થઈને સ્વરૂપની પ્રાપ્તિની જેને શક્તિ નથી એની એ મન, વચન, કાયાની ક્રિયા આદિ જે શુભાદિ, મહાવ્રતાદિ શું કરશે કહે છે? એમ કહે છે. આહાહા..! માંડ વખત મળ્યો હોય બિચારાને કલાક, બે કલાક. હવે એમાં આવી વાત સાંભળે એટલે કાંઈક બેસવું મુશ્કેલ પડે. અરે! આ તો એકાંત કહે છે. આત્મા આમ થાય, આમ થાય. આહાહા..!

અહીં તો કહે છે કે પૂજા ને ભક્તિ ને વ્રત ને તપ. એનો જે વિકલ્પ છે એ તો બધો રાગની ખાણ છે. આહાહા..! એ રાગની ખાણવાળો વિકલ્પ છોડીને અંદરમાં ન જાય એને શક્તિ ક્યાં છે અંદર જવાની? શક્તિ વિનાનો, વીર્ય વિનાનો છે એમ કહે છે. આહાહા..! છે? '**શક્તિ નહીં હૈ, વહ યોગસે ક્યા કર સકતા હૈ?**' આહાહા..! જેને પંચમહાવ્રત સાધુના અઠ્યાવીશ મૂળગુણ જે દ્રવ્યલિંગના કહેવાય બાહ્ય, એમાંથી નીકળીને અંદરમાં જવાની શક્તિ નથી એને આ ક્રિયાઓ યોગ શું કરશે એને? આહાહા..! ચાર ગતિમાં રખડશે. આહાહા..!

જેને એ શુભ-અશુભભાવ વિકલ્પો રાગ છે એ તો. અવ્રતનો વિકલ્પ એ પાપ છે અને વ્રતનો વિકલ્પ એ પુણ્ય છે બેય વિકલ્પ રાગ છે. આહાહા..! એ વિકલ્પની જાળમાંથી છૂટીને સ્વભાવને પ્રાપ્ત નથી કરતો એ શક્તિ વિનાનો પ્રાણી એ યોગથી શું એને લાભ થાશે? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે ભાઈ! ગમે તે માનો, ગમે તે કહો, તમને ઠીક પડે એમ કરો. માર્ગ

તો આ છે. ગોઠે ત્યાં જાવ, રુચે ત્યાં જાવ, ન રુચે ત્યાં છોડી ધો એને. આહાહા..! શું કીધું?

ભગવાન પરમાત્મસ્વરૂપ, પરમાત્મપ્રકાશ છે ને. પરમાત્મસ્વરૂપને મળવાની શક્તિ નથી, એને મળવાની શક્તિ નથી, એને બહારની ક્રિયાકાંડના શુભભાવ શું કરશે એને? યોગની ક્રિયાઓ એને શું કરશે? રખડાવશે. આહાહા..! આમ કહે છે. આકરું લાગે. આવું સ્પષ્ટીકરણ થતાં માણસને એવું લાગે કે આ સોનગઢની વાત છે. બાપા! ભગવાન! આ તો સંતોની વાણી છે. દિગંબર સંતો આત્મજ્ઞાની, ધ્યાની આનંદમાં મસ્ત જંગલમાં વસનારા. આહાહા..! એની આ વાણી છે. શું કહે છે? જેને સંકલ્પ-વિકલ્પને છોડીને અંતરમાં જવાની શક્તિ નથી. આહાહા..! એને તો વીર્યહીન કહ્યા. વીર્યવાન તો એને કહીએ, આહાહા..! એ લીધું, જે પુણ્ય-પાપના વિકલ્પને છોડીને અંતરમાં વીર્ય લઈ જાય એવી જેને શક્તિ નથી એનું વીર્ય પુણ્ય-પાપમાં રોકાણું એ શું કરશે એને? આવી વાત છે, બાપુ! આહાહા..! ભાષા શક્તિ લીધી છે ને, જુઓને. આહાહા..! આહાહા..!

'**न योजितः। किं कृत्वा**' આહાહા..! એણે શું કર્યું? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**કુછ ભી નહીં કર સકતા.**' આહાહા..! '**सहसा मनः मारयित्वा**' '**જિસને શીઘ્ર હી...**' '**सहसा**'નો અર્થ શીઘ્ર કર્યો. '**શીઘ્ર હી મનકો વશમેં કરકે યહ આત્મા...**' '**परस्य न मेलितः**' '**परस्य**' '**પરમાત્મામેં નહીં મિલાતા...**' '**परस्य**' નામ પરમાત્મા. આહાહા..! ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ આનંદનો નાથ પ્રભુ, ભગવત્ સ્વરૂપ આત્મા એની સાથે જેણે મેળવી નથી પરિણતિને. આહાહા..! '**પરમાત્મામેં નહીં મિલાતા, હે શિષ્ય,...**' ઓલામાં બચ્ચે કહ્યું હતું. '**જિસકી ઐસી શક્તિ નહીં હૈ,...**' આહાહા..! એને એવી શુભાશુભ ક્રિયાકાંડમાં રોકાતા ત્યાંથી ખસીને અંદરમાં મેળવવાની શક્તિ નથી. આહાહા..! કઈ રીતે કહ્યું? એક કોર ભગવાન નિર્વિકલ્પ ચીજ પડી છે... આહાહા..! અને એકકોર વિકલ્પની જાળ ઊભી થાય છે. કહે છે કે એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વિકલ્પો એ જેને વિકલ્પ ટાળીને અંદરમાં ભગવાનને મળવાની શક્તિ થઈ નથી... આહાહા..! એ શક્તિ નથી એ તો નપુંસક છે. શક્તિ નથી એમ કહ્યું છે ને? છેલ્લું છે ને? '**जासु ण एही सत्ति**' પાઠ છે શક્તિ. આહાહા..! કઈ શૈલીએ વાત કરી છે!

વીર્યગુણનું—શક્તિનું કાર્ય શું? કે સ્વરૂપની નિર્મળ રચના કરે તે વીર્યગુણનું કાર્ય. શુભ-અશુભભાવ કરે એ વીર્યગુણનું કાર્ય નહિ. આહાહા..! કઈ રીતે વાતને સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ૪૭ શક્તિ છે કે નહિ? શક્તિ છે ને અહીંયાં? રમેશચંદજી! શક્તિ શક્તિ ૪૭. એમાં વીર્યશક્તિ છે. ત્યાં લીધું છે વીર્યશક્તિ. સ્વરૂપની રચના કરે તે વીર્યશક્તિ. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાયને રચે તે વીર્ય. આહાહા..! કેમકે એ વીર્ય નામનો ગુણ અનાદિ આત્મામાં નિર્મળ છે. એ નિર્મળ પરિણતિને રચે તો એ વીર્યગુણ કહેવાય. પણ રાગની રચનામાં રોકાય અને આત્મામાં ન જાય એ શક્તિને શું કહેવી? કહે છે. એ તારો યોગ શું કરશે તને? આહાહા..! પુણ્યભાવમાં જોડાણો, પુણ્યભાવમાં ક્રિયામાં રોકાઈ ગયો અને એને તોડીને અંદરમાં ન ગયો એ તારી શક્તિ શું કહેવાય? તને એ શક્તિ નથી, તારું એ બળ નથી, તારું એ સામર્થ્ય નથી. આહાહા..! રાગમાં રોકાવું

એ જ તારું બળ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! ચારેકોરથી જુઓ તો સંતોની વાણીનો મેળ કેટલો છે! આહાહા..! અહીંયાં કહે કે વીર્યનો ગુણ સ્વરૂપની રચના કરે તે વીર્યશક્તિ. અહીં એ કહે છે કે સ્વરૂપની રચના કરતા ન આવડે એ શક્તિ શું છે? એ પુણ્યની ક્રિયામાં રોકાતા સ્વમાં જવાની શક્તિ નથી એ વીર્ય ક્યાં છે તારું? આહાહા..! જયસુખભાઈ! આવી વાતું છે. વીતરાગ માર્ગ એવો છે. આહાહા..! કાયરના ત્યાં કામ નથી. આહાહા..!

કહે છે, ભાઈ! પરમાત્મપ્રકાશ. અમારે ચેતનજી કહેતા ને એક એક ગાથા તો એવી આવે છે. હેં ચેતનજી! આહાહા..! ભગવાન! તું એકવાર સાંભળને! આહાહા..! તારી યોગની ક્રિયા જે વિકલ્પની છે એને તોડીને અંદરમાં જતો નથી એ શક્તિને શું કહેવું? કહે છે. એ તારી શક્તિ—તારું બળ જ નહિ, તારું વીર્ય જ નહિ એ. સમજાણું કાંઈ? આહાહા..! ક્યાં વયો ગયો ભાઈ? અમારે મનસુખ. સમજાણું કાંઈ? એને માથે આવી પડી દુકાન હવે, એ સલવાણો છે. નહિતર એ નિવૃત્તિ લેવાનો હતો. જુદા પડી ગયા ત્રણેય. આહાહા..!

શું કહ્યું? આહાહા..! '**હે શિષ્ય, જિસકી ઐસી શક્તિ નહીં હૈ,...**' આહાહા..! વિકલ્પથી છૂટીને સ્વરૂપને મેળવવું એવી જેની શક્તિ નથી. આહાહા..! એમ કહ્યું ને ભાઈ! આહાહા..! શું વાણી તે વાણી છે ને. દિગંબર સંતોની આ વાણી રામબાણ વાણી છે. કાયરોને, પામરોને તો સાંભળતા કઠણ પડે, ધ્રુજી ઉઠે. આહાહા..! કહે છે પ્રભુ! એકવાર સાંભળ. જેને વિકલ્પ તોડીને ભગવાનને મળતા આવડતું નથી, આહાહા..! આત્મા હોં ભગવાન એટલે, એને મળતા આવડતું નથી એ શક્તિને શું કહેવી કહે છે. આહાહા..! વીર્યહીન છો. આહાહા..! એ યોગની ક્રિયામાં દયા, દાન, વ્રતમાં પણ એ વીર્યહીન છો તું. આહાહા..! સમજાણું કાંઈ? માનો, ન માનો, એના ઉપર સંખ્યા થોડી હોય, ઘણી હોય એની સાથે કોઈ સંબંધ નથી. માર્ગ આ છે. સમજાણું કાંઈ? આ રીતે તો વાત કરે છે. આહાહા..!

'**પરમાત્મામેં નહીં મિલાયા,...**' આહાહા..! જેણે આત્મજ્ઞાન ન કર્યું, યોગની ક્રિયામાંથી છૂટીને જેણે આત્મદર્શન ન કર્યું, આહાહા..! એની યોગની ક્રિયા પંચમહાવ્રત ને આદિ શું કરશે તને? ભાઈ! આહાહા..! જુઓ આ યોગીન્દ્રદેવ મુનિ દિગંબર ૧૩૦૦ વર્ષ પહેલા થયા, ૧૩૦૦ વર્ષ પહેલાં. કુંદકુંદાચાર્ય નગ્ન મુનિ દિગંબર ૨૦૦૦ વર્ષ પહેલાં. સંવત્ ૪૯. એ તો ભગવાન પાસે ગયા હતા. આઠ દિ' રહ્યા અને પછી આ બનાવ્યા સમયસાર આદિ. આહાહા..! ત્રણલોકના નાથનો આ હુકમ છે. આહાહા..! તમને પામરોને ન બેસે તેથી પ્રભુતા કાંઈ ચાલી જાય એવી નથી. આહાહા..! પ્રભુતાને પામવા તો વિકલ્પ તોડીને જવું એ પ્રભુતાને પામવાનો રસ્તો છે. આહાહા..! વિકલ્પમાં રોકાણો પામર એને અંદર ભગવાનને મળવાની શક્તિ નથી. એ તારી વિકલ્પની ક્રિયા શું કરશે તને? આહાહા..! કહો, ભગવાનજીભાઈ! આવી વસ્તુ છે. આહાહા..! પડી નથી એને કોઈ મુનિને કે આવી વાતું કરીશ ને લોકોને નહિ બેસે અને લોકો કહેશે કે આ મહારાજ તો પાગલ જેવી વાતું કરે છે. કહો, વાત તો આ છે.

**'શક્તિ નહીં હૈ, વહ યોગસે ક્યા કર સકતા હૈ?'** આહાહા..! ધર્મી કેવો? આહાહા..! આ બાવા યોગ નથી કરતા? એ યોગ ક્યાં હતો? ધૂળમાંય નથી ત્યાં. ત્યાં ધર્મ કેવો અજ્ઞાનીને? આહાહા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા અંદર શુદ્ધ કહ્યો એને ન મેળવે અને વિકલ્પમાં રોકાય એ તારી શક્તિ તને કોણ કહે? તારો યોગ શું કરશે તને? રખડી મરીશ. આહાહા..! એમ કહીને વિકલ્પથી રહિત મેળવ તો તને મોક્ષ થશે. વિકલ્પમાં રોકાઈશ તો તારું કાંઈ કાર્ય નહિ થાય અને મરીને જઈશ એની એ દશા. ચોર્યાશીના અવતાર થયા એના એ છે અવતાર બાપા! આહાહા..! સમજાણું કાંઈ?

**'યોગસે ક્યા કર સકતા હૈ?'** એમ કહીને વ્યવહારની ક્રિયાકાંડનો તારો રાગ એ શું કરી શકશે તને? એમ કહે છે. આહાહા..! જેમાં નિર્વિકલ્પ પરિણતિથી આત્માની પ્રાપ્તિ ન થાય, એવી શક્તિ જો નથી તો તારી શક્તિ રાગમાં રોકાણી એનાથી કાર્ય શું થાય તને? આહાહા..! મુનિઓની વાણી તો જુઓ! કાયરના તો કાળજા કંપે કે આ એકાંત છે રે એકાંત છે એમ કહે. કહો, બાપુ કહો. આહાહા..! અંતરમાં જવા માટે વિકલ્પના આશ્રયની જરૂર નથી એમ કહે છે. વિકલ્પરહિત થઈને જવાશે અને તું વિકલ્પમાં રોકાણો એ તારો યોગ ક્યા કામનો? કહો, સુજાનલમજી! આહાહા..! ભાવાર્થ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, મહા વદ ૫, મંગળવાર
## તા. ૦૮-૦૨-૧૯૭૭, ગાથા-૧૫૭-૧૫૮, પ્રવચન નં. ૨૧૦

પરમાત્મપ્રકાશ, ૧૫૭ ગાથા એનો ભાવાર્થ. આત્મા આ વસ્તુ છે અંદર આત્મા, એ કેમ પ્રાપ્ત થાય? એ વાત છે. ઝીણી વાત છે. અનંતકાળમાં એણે સચ્ચિદાનંદ સ્વરૂપ પોતે છે આત્મા. સત્, ચિદ્ અને જ્ઞાનાનંદ પદાર્થ. એ અહીં કહે છે. **'યહ પ્રત્યક્ષરૂપ સંસારી જીવ વિકલ્પ સહિત હૈ દશા જિસકી,...'** શું કહે છે? જેને પુણ્ય-પાપના રાગના વિકલ્પસહિત સંસારી પ્રાણી અનાદિથી છે. **'ઉસકો સમસ્ત વિકલ્પ-જાલ રહિત...'** આત્મા તો વિકલ્પજાળથી રહિત અંદર છે. આહાહા..! **'નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ...'** નિર્મળ જ્ઞાનદર્શન જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એ વિકલ્પજાળથી પ્રાપ્ત ન થઈ શકે. આહાહા..! ચાહે તો દયાના, દાનના, ભક્તિના, વ્રતના, તપના, વિકલ્પ હોય એ બધો રાગ છે. આહાહા..! શુભયોગની ક્રિયા જેટલી રાગ મંદની, વિકારી ભાવ એનાથી આત્મા પ્રાપ્ત ન થાય. એટલે કે એનાથી આત્માની સુખની પ્રાપ્તિ, ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે એની પ્રાપ્તિ એને ન થાય. આહાહા..! એ કહે છે જોયું!

**'નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ પરમાત્માસે નહીં મિલાયા.'** આહાહા..! સૂક્ષ્મ વાત છે. પુણ્ય અને પાપના ભાવ શુભ-અશુભભાવ એ સંકલ્પ-વિકલ્પ બધા રાગ છે. રાગમાં રહેવાથી

રાગરહિત ભગવાનઆત્માની પ્રાપ્તિ નથી થતી. આહાહા..! મૂળ પાઠ એ છે ને. જેની શક્તિ વિકલ્પ નામ રાગરહિત આત્મામાં જવાની નથી, તેની યોગક્રિયા ગમે તેટલી કરે, આહાહા..! અપવાસ કરે મહિના-મહિનાના, વ્રત કરે, દયા, દાન, અહિંસા, એ તો બધી યોગની મનની ક્રિયા છે. એ મનની ક્રિયાથી આત્માની પ્રાપ્તિ થતી નથી. એમ વાત છે, ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? આ લોકો કહે છે ને વ્યવહાર છે તે કર્તા અને નિશ્ચય તે કાર્ય. વ્યવહાર હોય ખરો. રાગરહિત સ્વરૂપની પ્રાપ્તિ થતાં, આત્માનો સાક્ષાત્કાર અનુભવ થતાં પૂર્ણ વીતરાગતા ન હોય ત્યાં એવો શુભભાવ વ્યવહાર હોય છે. સમજાય છે કાંઈ? પણ એ વ્યવહારથી નિશ્ચયની પ્રાપ્તિ થાય છે એમ નથી. આ મોટા ઝઘડા આ છે.

મુમુક્ષુ :— એનું કાંઈક સમાધાન?

ઉત્તર :— સમાધાન શું થાય? આ કાંઈ વાણિયાવડ છે કે પાંચ હજાર રૂપિયા માગીએ છીએ. ઓલો પટેલ કહે, અમારી પાસે એક હજાર રૂપિયા છે માંડ. ભેંસુ ને બળદ હોય. એમ કરતા એ સમજે કે આ બે હજારથી તો ઓછા નહિ લે. ઓલો વાણિયો એમ કહે કે પાંચ હજાર વિના એક પાય નહિ ઓછી લઉં. પછી ઓલો ચાર હજાર કરે, ઓલો વળી બારસો કરે, એમ કરતા કરતા બે હજારે આવે બે ભેગા. એવું હશે આ? આહાહા..!

ભગવાનઆત્મા આનંદનો નાથ પ્રભુ એની પ્રાપ્તિ માટે તો કોઈ વિકલ્પ, રાગ એ કારણ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ કહે છે, '**સંસારી જીવ વિકલ્પ સહિત હૈ દશા જિસકી, ઉસકો સમસ્ત વિકલ્પજાલ રહિત...**' આહાહા..! એકલો જ્ઞાતાદૃષ્ટા ભગવાનઆત્મા, એમ કહ્યું ને? જ્ઞાન, દર્શન, સ્વરૂપ આત્મા. જાણન, દેખન એવું સ્વરૂપ ભગવાનઆત્માનું, પણ પામરને કેમ બેસે, આ હું ભગવાન છું. આહાહા..! '**નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ પરમાત્માસે...**' પરમસ્વરૂપ ભગવાનઆત્મા એને વિકલ્પરહિત થઈને '**નહીં મિલાયા. મિથ્યાત્વ વિષય કષાયાદિ વિકલ્પોંકે સમૂહકર...**' આહાહા..! હું પરનું કરી શકું, પરની દયા પાળી શકું, પરને સગવડતા આપી શકું એવા વિકલ્પની જાળોમાં ઘૂંચાતો, રાગની જાળ છે એ બધી. આહાહા..! એ વિષય કષાય, ભ્રમણાના વિકલ્પ છે અને વિષય કષાય પર તરફના વલણવાળા વિષય અને કષાયના ભાવ એ વિકલ્પોનો સમૂહ. આહાહા..! એ રાગની વિકલ્પની દશા એ રાગની છે. રાગની દશાનો સમૂહ એમાં '**પરિણત હુઆ જો મન ઉસકો વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ શસ્ત્ર સે શીઘ્ર હી મારકર...**' આહાહા..! બહુ મુદ્દાની રકમ છે ભાઈ અહીં તો. આહાહા..! સમજાય છે કાંઈ?

જેને ધર્મ કરવો હોય, જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય, જેને ધર્મની પહેલી શરૂઆત પ્રાપ્ત કરવી હોય એણે પરના અને ભ્રાંતિના વિષય, કષાયના વિકલ્પોને, આહાહા..! '**પરિણત હુઆ જો મન ઉસકો વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ શસ્ત્ર સે શીઘ્ર હી મારકર...**' આહાહા..! ભારે વાત. પર તરફના જેટલા રાગના ભાવ છે એ બધી વિકલ્પજાળ છે. આહાહા..! કરોળિયો જેમ મોઢામાંથી લાળ કાઢીને ઘૂંચાઈ જાય છે. આહાહા..! એમ આ લાળ કાઢીને ઘૂંચાઈ જાય છે પરમાં.

એવા વિકલ્પની રાગની જાળને.. આહાહા..! '**નિર્વિકલ્પ સમાધિરૂપ શસ્ત્ર...**' '**વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ શસ્ત્ર...**' આહાહા..! એ રાગથી ભિન્ન પડી અને નિર્વિકલ્પ નામ વીતરાગી અભેદદશા એવી સમાધિ નામ શાંતિ. આ સમાધિ ઓલા બાવા કરે એ નહિ. આ તો અંદર આનંદની શાંતિ. આહાહા..! ઝીણી વાત બહુ બાપુ! આહાહા..! મોટા ઝઘડા એમાં ચાલે. વ્યવહારથી થાય નહિતર તમારું એકાંત છે. કહે ભાઈ આને પ્રભુને. પરમાત્મપ્રકાશકાર તો આમ કહે છે. હેં! આહાહા..!

એ વિકલ્પની જાળ રાગની એમાં ઘૂંચાયેલો એને વીતરાગ નિર્વિકલ્પ સમાધિના શસ્ત્રથી. આહાહા..! આત્મા આનંદસ્વરૂપ ભગવાન અંદર, એને વીતરાગી પરિણતિ દ્વારા અનુભવ કરીને. આહાહા..! વીતરાગી પરિણતિ દ્વારા એ વિકલ્પની જાળને છેદ. બીજો કોઈ ઉપાય નથી. કર્મને છેદ એ અહીં નથી લીધું. વિકલ્પ થાય છે એ કર્મથી થાય છે એમ પણ નહિ, તેમ રાગને છેદવા કર્મને છેદ તો રાગ છેદાય એમ પણ નથી. આહાહા..! રાડું પાડે છે ને બધા. જૈનમાં તો એ, કર્મને લઈને રખડે, કર્મને લઈને આ થાય અને કર્મને લઈને આ થાય. 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ.' કર્મ જડ છે. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, ચૈતન્ય જાગૃતસ્વરૂપ છે. આહા..! એને એકવાર રાગરહિત નિર્વિકલ્પ અભેદ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રથી એ વિકલ્પની જાળને છેદ. આહાહા..! વ્યય કર અને નિર્વિકલ્પ દશાને ઉત્પન્ન કર. આહાહા..! આવી વાતું છે. ઓલામાં તો એ જ કીધું વ્યવહારથી થાય-વ્યવહારથી થાય અને કર્મ નિમિત્ત—પ્રેરક નિમિત્ત છે. જેમ ધજા હલેને ધજા પવનને લઈને (માટે) પવન પ્રેરક છે. પ્રેરક તો નિમિત્તની ગતિ છે માટે પ્રેરક કહીએ. પરને માટે તો બધા નિમિત્તો ઉદાસ જ છે.

મુમુક્ષુ :— હવા તો અડે છે ધજાને.

ઉત્તર :— કાંઈ અડે નહિ. બહુ ઝીણી વાત ભાઈ! ધજા આમ આમ હલે છે એ પવનને લઈને નહિ. પવનને લઈને હોય તો લોઢાનું આ હલવું જોઈએ.

મુમુક્ષુ :— ધજા...

ઉત્તર :— ધજા લોઢાની મૂકે તો ધજા આમ આમ હલવી જોઈએ. આહાહા..! એ હલવાની યોગ્યતા પોતાની છે માટે હલે છે. આવી વાત બેસવી. અરે! ધજા હોય ને મોટી. આમાં કેટલી ધજાની .. હમણાં, અહીં પીપરલાની ઓલીકોર છે ને. કોની છે? .. કાંઈ નહોતું. શંકરનું મંદિર ને મોટી ધજાઓ સાત-આઠ.. આહાહા..! ફડ. ફડ. ફડ. કર્યા જ કરે છે. આ પીપરલાની ઓલી કોર છે.

અહીં કહે છે કે એકવાર શાંતિથી સાંભળ. ભાઈ! ધજા છે એ કોઈ ચીજ છે કે નહિ? કોઈ પુદ્ગલ છે કે નહિ? પરમાણુ છે કે નહિ? એ પરમાણુની બનેલી એક ધજા છે કે નહિ? તો એ પરમાણુની જે આમ હલે છે એ પોતાથી હલે છે કે વાયુથી હલે છે? પ્રત્યક્ષ દેખાય એ કહે ના. શું પણ દેખાય છે તને? એ તો વાયુને દેખે છે. આને દેખે છે? આહાહા..! એમ આત્મામાં વિકાર થાય છે, પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ આદિ એ કર્મને લઈને થાય છે એમ નથી. તું પોતે અપરાધી

થઈને વિકાર ઉત્પન્ન કરે છે. એ કહ્યું ને તેથી? '**વિકલ્પોં કે સમૂહકર પરિણત હુઆ...**' કર્મથી પરિણત હુઆ એમ નથી કહ્યું ત્યાં. સમજાણું કાંઈ? આહાહા..! ટીકા પણ કેવી સરસ લખી છે! રાગની જાળ એક પછી એક, એક પછી એક રાગ કર્યા જ કરે છે. એવા રાગના સમૂહથી પરિણત થયેલો. રાગની દશાઓથી અવસ્થારૂપે થયો. કર્મને લઈને નહિ. આહાહા..! છે ને એમાં એ? '**વિકલ્પોં કે સમૂહકર પરિણત હુઆ...**' કર્મના નિમિત્તથી પરિણત થયો વિકલ્પ એમ નહિ. આહાહા..! ઝીણી વાત ભાઈ!

'**જો મન ઉસકો વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ શસ્ત્ર સે...**' ત્યાં એમ નથી કહ્યું કે વિકલ્પથી થાય. આ તો વિકલ્પને છેદવાથી નિર્વિકલ્પ થાય એમ કહે છે. અને ત્યાં પણ એમ નથી કહ્યું કે કર્મ માર્ગ આપે કાંઈક તો અહીં નિર્વિકલ્પ થાય. આહાહા..! આવી વાત છે. આનંદસ્વરૂપ ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે એ પ્રભુ. એને ખબર નથી. અનાદિથી એ ભૂલ્યો છે અને ભૂલમાં ભગવાન ખોવાઈ ગયો છે એને. આહાહા..! શું છે આત્મારામ નથી? ભગવાનની. ભગવાન ભૂલાની ખડકી છે. એના દાદાની ભગવાન ભૂલાની ખડકીમાં રહે છે આત્મારામ. આ આત્મારામ ભગવાનઆત્મા એ રાગની દિશા જે ભગવાન ભૂલ્યો એ ભૂલની ખડકીએ ચડી ગયો છે. આહાહા..! એને કહે છે, એકવાર રાગ નામ વિકલ્પની લાગણી ઉત્થાન થાય છે એનાથી રહિત વીતરાગી નિર્વિકલ્પ શાંતિ દ્વારા '**શસ્ત્ર સે શીઘ્ર...**' આ શસ્ત્ર. આહાહા..! આવી વાત છે. પણ આમાં કેટલા દાન, દયાથી આવું થાય? આ કરોડ દાન દે તો આમાં થાય કે નહિ કાંઈ? મફતના છે કરોડ રૂપિયા?

મુમુક્ષુ :— એ રૂપિયા રાખીને આવો ધર્મ થતો હોય તો શું વાંધો?

ઉત્તર :— રૂપિયા તો જડ છે, પ્રભુ! માટી છે. માટીથી આત્માને માટીપણું આવે? આહાહા..!

અહીં કહે છે કે એને વીતરાગી નિર્વિકલ્પ અરાગી દશા દ્વારા વિકલ્પનું પરિણમિત એ તારું છે તેને છેદ. આહાહા..! એકવાર તે છેદતા .. થાય એમ કહેતા. .. થાય. એ આવે છે એટલે લોકો ત્યાં વળગ્યા, 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય' સાધન આ, બીજા હોય નહિ. કહેવાનો આશય તો એ છે ત્યાં. લોકોને ઊભા રાખ્યા છે ને. અહીં તો ભગવાન તો આત્મા આનંદસ્વરૂપ નિર્વિકલ્પ સ્વરૂપ, અભેદસ્વરૂપ, શાંતસ્વરૂપ, વીતરાગસ્વરૂપ એને તો વીતરાગી પરિણતિ દ્વારા જ પોતે પકડી શકાય. એનો ભેટો ભગવાનનો કરવો હોય આત્માનો તો વીતરાગી અરાગી દશાથી જ તેનો ભેટો થાય. વિકલ્પની દશા છેદવાથી આનો ભેટો કરવાથી થાય. આહાહા..! એટલે? પર તરફના વિકલ્પની જાળનું લક્ષ છોડતાં ત્રિકાળી નાથના લક્ષને કરતાં તે વિકારી જાળ ઉત્પન્ન થતી નથી, તે છેદાઈ ગઈ અને આત્મા પ્રાપ્ત થયો એમ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું હવે, આકરું પડે માણસ બિચારાને. વાડામાં પડ્યા છે દયા કરો, દાન કરો, ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો, જાત્રા કરો. આ જાત્રા તો અહીં છે, મોટું તીર્થ તો તું છો. આહાહા..! તરવાના ઉપાયથી ભરેલો ભગવાનઆત્મા તીર્થ છે. આહા..! બૂડવાના ઉપાયો તો બધા વિકલ્પો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'શીઘ્ર...' પાછું જોયું! એકદમ ભગવાનઆત્મામાં જો, અંદરમાં જા, તને નિર્વિકલ્પ દશા

પ્રગટશે. એથી વિકલ્પની જાળો છેદાઈ જશે. શીઘ્ર કર, ઉતાવળ કર. આહાહા..! સાંજનું ટાણું હોય ને ખેતરોમાં અને વખત થયો હોય અડધો કલાક રહ્યો હોય તો કહે, ઉતાવળ કરો. દિવસ આથમવાની તૈયારી થઈ ગઈ, ઝટ કરો.. ઝટ કરો. એમ અહીં કહે છે કે આત્મા તરફ વળવામાં ઝટ કરો. આહાહા..! સમજાણું કાંઈ?

**'આત્મા કો પરમાત્માસે નહીં મિલાયા,...'** આહાહા..! આવી વીતરાગી સમાધિથી જેણે **'આત્મા કો પરમાત્માસે નહીં મિલાયા,...'** આહાહા..! **'વહ યોગી યોગસે ક્યા કર સકતા હૈ?'** એ યોગની ક્રિયાથી શું કરી શકે છે? એમ કહે છે. મન લીધું છે ને મન? એટલે યોગ. મનનો યોગ. યોગી એ મનનું જોડાણ. શુભજોગ શુભજોગ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એવા વિકલ્પ એવો જે શુભયોગ એને આ વિકલ્પ.. એ શુભયોગથી શું કરશે એ? આહાહા..! આવી વાતું. આખી દુનિયાને, શું કરવું આમાં સૂઝતું નથી એક જણો એમ કહતો હતો, શેઠ એમ કહેતા હતા. ભગવાનદાસ. પણ આ કરવું નહિ આ અંદર? આહાહા..! પરનો આશ્રય લક્ષને છોડી દઈ અને સ્વના આશ્રયે નિર્વિકલ્પ દશા થાય ત્યાં વિકલ્પ ઉત્પન્ન ન થાય તેને છેદ્યા એમ કહેવામાં આવે છે. આહાહા..! અને તે વીતરાગી નિર્વિકલ્પ દશા દ્વારા આત્માનો મિલાપ થઈ શકે છે. સમજાણું કાંઈ? આહાહા..!

એક ફેરી કહ્યું હતું, એક ધારશીભાઈ હતા ગઢડાના. ગામમાં મોટો આવ્યો યુરોપિયન હતો મોટો. હવે એને મળવું. આ પોતે સાધારણ વાણિયા. પૈસાવાળા ખરા ૨૫, ૫૦ લાખ હશે. પણ એને કાંઈ ઓળખે નહિ. અહીં તો ગઢડાના. એટલે એક હજારની નોટ લઈને ગયો હજાર હજાર. હજારની છે ઘણું કરીને. જીવણ ધારશી. જીવણભાઈ ગઢડાના. ઘાસતેલની મોટી ... કરોડપતિ કહેવાતા, પણ હશે ૪૦, ૫૦ લાખ. .. કરવું હોય, ઓલો ઓળખે નહિ અને આ વાણિયો. એક હજાર રૂપિયા લઈને ગયો. નોટ મૂકી એના હાથમાં. શેક હેન્ડ કરે.

એમ અહીં કહે છે, વીતરાગની પરિણતિની નોટ મૂકે અંદર તો તને શેક હેન્ડ થશે, મિલાપ થશે આત્મામાં. આહાહા..! કોઈ દિ' ઓળખતો ન હોય હવે એની પાસે જાવું શી રીતે? હવે યુરોપિયન માણસ હોય મોટો. ૨૫-૨૫, ૩૦ હજાર, ૫૦ હજારના પગારવાળો મોટો માણસ હતો. આહાહા..! અહીં કહે છે, મહાપ્રભુ અંદર બિરાજે છે. આહાહા..! જેને માટે વીતરાગી પરિણતિના ભાવે એ ભેટો મળે એવો છે. આહાહા..! એ સિવાય કોઈ રીતે આત્મા પ્રાપ્ત થાય એવો નથી. અને આત્મા ન મળે ત્યાં સુધી ધર્મ એને બિલકુલ થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'વહ યોગી યોગ સે ક્યા કર સકતા હૈ?'** આહાહા..! જેણે અશુભયોગ ટાળ્યો અને શુભયોગમાં આવ્યો એ યોગીને આ સ્વરૂપમાં ગયા વિના એને શું પ્રાપ્ત થાય? આહાહા..! યોગથી પ્રાપ્ત થાય? એમ કહે છે. શુભયોગની ક્રિયાથી આત્મા મળે? આહાહા..! આવું ઝીણું છે. જયસુખભાઈ! એને પહેલું જાણવું તો જોશે ને. આહાહા..! બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! ચોર્યાશીના અવતારમાં રખડી રખડીને મરી ગયો છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય,

લીલ, ફૂગ, નિગોદ એક શ્વાસમાં અઢાર ભવ. એક શ્વાસ આટલો લ્યો ત્યાં અઢાર ભવ કરે. આહાહા..! એના દુઃખ કેટલા હશે? નારકીના દુઃખો તો સંયોગની અપેક્ષાએ દુઃખ કહેવાય છે. સંયોગમાં વેદન એને સંયોગ ઉપર લક્ષ બહુ છે. એનું વેદન. ઓલાને તો સંયોગ જ નથી. પરિણતિ જ ઘટી ગઈ છે. આહાહા..!

ભગવાન તો અનંતગુણ અને શક્તિનો સાગર, એની પર્યાયની પરિણતિ અક્ષરને અનંતમે ભાગે રહી ગઈ નિગોદમાં. આહાહા..! લસણ ને ડુંગળી ને, એ બધા જીવ છે અંદર અનંત. એને સાધારણ પ્રાણી જીવ છે એ માન્યતા કરી શકે નહિ એટલી એની હીણી દશા થઈ ગઈ છે. આહાહા..! એવી દશામાંથી નીકળવું હોય તો, આહાહા..! અંતર્મુખ થવામાં વીતરાગ પરિણતિની જરૂર છે કહે છે. યોગની, રાગની ક્રિયા એમાં કામ નહિ કરે તને. આવો માર્ગ છે. આહાહા..!

'**કુછ ભી નહીં કર સકતા.**' યોગની ક્રિયા, મનના જોડાણવાળી ક્રિયા કાંઈ કરી શકે નહિ તને. આહાહા..! ભગવાન યોગથી પાર અયોગસ્વરૂપ છે અંદર. આહાહા..! એને આ યોગની ક્રિયા શું કરી શકે તને? ઓહોહો..! દિગંબર સંતોએ પણ ઘા માર્યા છે ને! આહાહા..! એને ક્યાં કરુણા આવી ને વિકલ્પ ઉઠ્યો. આહાહા..! ભાઈ! માર્ગ તો આ છે ને પ્રભુ! જે માર્ગ છે ત્યાં જા તો માર્ગનું ફળ આત્મા મળે. જે માર્ગ રાગાદિ માર્ગ નથી ત્યાં જા તો આત્મા ક્યાં મળે ત્યાં? ત્યાં તો દુઃખ મળે. આહાહા..! શ્રદ્ધાને ફેરવી નાખ એમ કહે છે. જે શ્રદ્ધા પર તરફ વળેલી છે તેને નિર્વિકલ્પ કરીને અંદરમાં વાળ. શશીભાઈ! આવો માર્ગ છે. લોકોને રસ પડે નહિ. આ બહારના મારી નાખ્યા ભભકા બધા. પાંચ, પચ્ચીસ લાખ, પૈસા, કરોડ, બે કરોડ, પાંચ કરોડ થયા. મોટા બંગલા કર્યા પછી વાસ્તુ કર્યું, દસ હજાર ખર્ચ્યા હોય, મોટા મોટા કારકુન અને વહીવટદારો મોટા જે હોય અમલદારોને બોલાવે. ધામધુમ એટલે તમારે ઓહોહો..! જોઈ લ્યો પાગલની જમાત. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :— ભેગા થાય ને.

ઉત્તર :— ભેગા થાય ને. તમારે મકાન હતા ત્યાં બહુ. વેચી નાખ્યા, નહિ? તમારે મકાન હતા ને મોમ્બાસા. આહાહા..! કહો. એમાં વાસ્તુ કરે, મોટા મોટા માણસો ભેગા થાય, રાજી રાજી. લાપસી ઊડે, ઘી એમાં નાખે. આહાહા..! અરે! પાગલની જમાત ભેગી થઈ છે બાપા!

મુમુક્ષુ :— ત્યાગી તો એમ કહે કે .. ભોગી હોય

ઉત્તર :— ભોગી એટલે? જેમ આત્મા આનંદનો નાથ ભોગવાઈ જાય છે એમાં રાગમાં. આહાહા..! રાગનો ભોગ લે છે એ પ્રભુનો ભોગ લેતો નથી. આહાહા..!

'**યોગી યોગ સે ક્યા કર સકતા હૈ?**' આહાહા..! જેણે નિર્વિકલ્પ વીતરાગી દશા કરીને આત્માને પ્રાપ્ત કર્યો નથી એને આ વિકલ્પથી કેમ પ્રાપ્ત થાય એમ કહે છે. આહાહા..! આ બધા પંડિતો અત્યારે છે એની સાથે બધા વાંધા. કાશીના ભણેલા બધા, ધૂળમાંય નથી સાંભળને. આહાહા..!

મુમુક્ષુ :— કાશીમાં ભણ્યા પણ આત્મામાં અભણ છે ને.

ઉત્તર :— હા, બાપુ! ભણતર તારા જુદી જાતના નાથ! તારી દશા પ્રાપ્ત કરવા માટે પ્રભુ તારી દશા જુદી હોય છે. આહા..! કેમ? કે જેટલા વિકલ્પો છે દયા, દાન, વ્રત, ભક્તિ એનું લક્ષ દશા તો પર ઉપર છે. એ દશાની દિશા પર ઉપર છે. એને છેદવા માટે પોતાની દશા સ્વભાવ સન્મુખ કરે તો એ છેદાઈ જાય એટલે ઉત્પન્ન ન થાય. આહાહા..! ત્યારે ભગવાનનું જ્ઞાન અને આ સાક્ષાત્કાર થાય. ત્યારે એને આનંદનો સ્વાદ આવે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જિસમેં મન મારને કી શક્તિ નહીં હૈ,...**' આહાહા..! જેને રાગને મારી નાખવાની શક્તિ નથી, રાગને ઉત્પન્ન કરવાની જે શક્તિ છે તે નપુંસક શક્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત છે. 'પ્રભુનો માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ ત્યાં.' આહાહા..! 'રણે ચડ્યા રજપૂત છૂપે નહિ.' એમ આત્મામાં ચડે એ કાંઈ છૂપા ન રહે બાપા! આહાહા..! ભગવાન પ્રસિદ્ધ પામે ત્યાં. આ લોકો કહે છે ને કે સમકિત છે એ કેવળી જાણે, આપણને ખબર નહિ. આ તે ગજબ કરે છે ને. આહાહા..! અહીં તો કહે એ તો નિર્વિકલ્પ પરિણતિ દ્વારા છે હજી એ ખબર ન પડે એને? આહાહા..! સમજાણું કાંઈ?

'**યોગી તો ઉસે કહતે હૈં, કિ જો બડાઈ પૂજા (અપની મહિમા)...**' પૂજાનું. '**ઔર લાભ આદિ સબ મનોરથરૂપ...**' લાભ. કરોડો રૂપિયા અને કરોડો શિષ્યો મળે, રાજા એના શિષ્ય થાય. આહાહા..! એ બધા મનોરથને છોડ. આહાહા..! સમજાણું કાંઈ? '**મનોરથરૂપ વિકલ્પ-જાલોંસે રહિત નિર્મલ જ્ઞાન દર્શનમયી પરમાત્માકો દેખે,...**' આહાહા..! જ્ઞાનની વર્તમાન દશામાં તે દશાને પરમાત્મા તરફ વાળતા દેખે કે આ આત્મા. આહાહા..! એને '**જાને,...**' પોતે પરમસ્વરૂપ ભગવાન અંદર છે એને જાણે, એને અનુભવે. '**અનુભવ કરે.**' આહાહા..! સમજાણું કાંઈ? બહારની બડાઈ, લાભ, પૂજા, દુનિયા સ્વીકારે ત્યાં ઓહોહો..! રાજી રાજી થઈ જાય. દુનિયા પાગલ તને સ્વીકારે એમાં તું રાજી થઈ જાય? પાગલ તારી પરીક્ષા કરીને તને રાજી કરે? આહાહા..! એ કહે છે કે એ બડાઈ ને પૂજા ને મહિમા બહારનો છોડી દે. દુનિયા તો માનશે પણ તારી માન્યતા સાચી નહિ થાય. આહાહા..!

'**વિકલ્પ-જાલોં સે રહિત નિર્મલ જ્ઞાન દર્શનમયી પરમાત્માકો દેખે,...** ' દેખવાના અર્થમાં શ્રદ્ધા પણ છે અને દેખે બેય છે. એની શ્રદ્ધા કરે, એનું જ્ઞાન કરે ભગવાન સ્વરૂપનું, એમાં રમે. '**ઐસા મન કે મારે બિના નહીં હો સકતા,...**' મનને માર્યા વિના ભગવાનના ભેટા અને ભગવાનનું જ્ઞાન, શ્રદ્ધા, અનુભવ થઈ શકતો નથી. આહાહા..! આવું કામ લેવું હવે. વાણિયાને મળ્યો જૈનધર્મ. ઓલા ક્ષત્રિય હતા પહેલા તો તીર્થંકરો રાજકુમારો. વાસ્તવિક આત્મતત્ત્વને જાણનારા તો મોટા રાજકુમારો, ચક્રવર્તી, તીર્થંકરો. આહાહા..! જેના વીર્ય અને પુણ્ય બે મોટા. બહારના પુણ્ય પણ મોટા અને અંદરમાં વીર્યની જાગૃતિ ઘણી. એ ક્ષત્રિયનો ધર્મ હતો એ સ્વીકારતા ત્યારે. લોકો એમ કહે છે કે આ વાણિયાનો ધર્મ, વાણિયાનો ધર્મ. વાણિયાનો ધર્મ નથી, આ તો આત્માનો ધર્મ છે. હેં! આહાહા..! આ તો આત્મા જે સ્વરૂપે છે તેનો ધર્મ એટલે આત્માનો ધર્મ

છે. વાણિયાનો ધર્મ ક્યાં હતો આ? એ અનંત આનંદનો વેપાર કરે તે વાણિયો. રાગના વેપાર કરે તે પાગલ, હીજડા. એ શુભરાગનો વેપાર કરે તે પાવૈયા, હીજડા. બહારનો વેપાર તો તે કરી શકે છે કે દિ'? આહાહા..!

તેથી અહીં કહ્યું ને કે શુભરાગથી શું તારું કલ્યાણ થશે? શુભયોગની ક્રિયા તું મહાવ્રત લઈને બેઠો જાણે ઓહોહો..! હજારો રાણી છોડી શુભરાગ થયો. એ શુભરાગ પણ વિકલ્પની જાળ છે. આહાહા..! નિર્વિકલ્પ પ્રભુ સચ્ચિદાનંદનો નાથ અંદર બિરાજે છે એ તો નિર્વિકલ્પથી જ પ્રાપ્ત થાય એવો છે. એ જ પુરુષાર્થ છે. આ તો આના વીર્યનું વળવું એ પુરુષાર્થ છે. વીર્ય પોતામાં વળે એ એનો પુરુષાર્થ છે. વીર્ય પર તરફ વળે એ વીર્ય જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. ઓલું તો સહેલું સટ કે ધર્મ કરવો, ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા, ફલાણું ન કરવું, લ્યો થઈ ગયો ધર્મ. અરે! ભાઈ! ધર્મ નથી બાપા! એ તો રાગની ક્રિયા છે, ભાઈ! આહાહા..! સમજાણું ને? આહાહા..! જુઓ! **'ઐસા મન કે મારે બિના નહીં હો સકતા, યહ નિશ્ચય જાનના.'** આહાહા..!

---

## ગાથા-૧૫૮

अथ-

२८९) अप्पा मेल्लिवि णाणमउ अण्णु जे झायहिँ झाणु।
वढ अण्णाण-वियंभियहँ कउ तहँ केवल-णाणु।।१५८।।
आत्मानं मुक्त्वा ज्ञानमयं अन्यद् ये ध्यायन्ति ध्यानम्।
वत्स अज्ञानविजृम्भितानां कुतः तेषां केवलज्ञानम्।।१५८।।

अप्पा इत्यादि। अप्पा स्वशुद्धात्मानं मेल्लिवि मुक्त्वा। कथंभूतमात्मानम्। णाणमउ सकलविमलकेवलज्ञानाद्यनन्तगुणनिर्वृतं अण्णु अन्यद्बहिर्द्रव्यालम्बनं जे ये केचन झायहिं ध्यायन्ति। किम्। झाणु ध्यानं वढ वत्स मित्र अण्णाण-वियंभियहं शुद्धात्मानुभूतिविलक्षणाज्ञानविजृम्भितानां परिणतानां कउ तहं केवल-णाणु कथं तेषां केवलज्ञानं किंतु नैवेति। अत्र यद्यपि प्राथमिकानां सविकल्पावस्थायां चित्तस्थितिकरणार्थं विषयकषायरुपदुर्ध्यानवञ्चनार्थं च जिनप्रतिमाक्षरादिकं ध्येयं भवतीति तथापि निश्चयध्यानकाले स्वशुद्धात्मैव ध्येय इति भावार्थः।।१५८।।

---

आगे ज्ञानमयी आत्माको छोड़कर जो अन्य पदार्थका ध्यान करते हैं, वे अज्ञानी हैं, उनको केवलज्ञान कैसे उत्पन्न हो सकता है? ऐसा निरुपण करते हैं-

गाथा-१५८

अन्वयार्थ :- [ज्ञानमयं] जो महा निर्मल केवलज्ञानादि अनंतगुणरुप [आत्मानं] आत्मद्रव्यको [मुक्त्वा] छोड़कर [अन्यद्] जड़ पदार्थ परद्रव्य उनका [ये ध्यानम् ध्यायंति] ध्यान लगाते हैं, [वत्स] हे वत्स, वे अज्ञानी हैं, [तेषां अज्ञान विजृंभितानां] उन शुद्धात्माके ज्ञानसे विमुख, कुमति, कुश्रुत, कुअवधिरुप अज्ञानसे परिणत हुए जीवोंको [केवलज्ञानम् कुतः] केवलज्ञानकी प्राप्ति कैसे हो सकती है? कभी नहीं हो सकती।

भावार्थ :-यधपि विकल्प सहित अवस्थामें शुभोपयोगियोंको चित्तकी स्थिरताके लिये और विषय कषायरुप खोटे ध्यानके रोकनेके लिये जिनप्रतिमा तथा णमोकारमंत्रके अक्षर ध्यावने योग्य हैं, तो भी निश्चय ध्यानके समय शुद्ध आत्मा ही ध्यावने योग्य है, अन्य नहीं।।१५८।।

વળી (હવે જ્ઞાનમય આત્માને છોડીને જેઓ અન્ય પદાર્થનું ધ્યાન કરે છે તેઓ અજ્ઞાની છે, એમને કેવળજ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થાય? એમ નિરૂપણ કરે છે) :-

ભાવાર્થ :-જે કોઈ સકળ વિમળ કેવળજ્ઞાનાદિ અનંતગુણથી રચાયેલ સ્વશુદ્ધાત્માને છોડીને બહિર્દ્રવ્યના આલંબનરૂપ અન્ય ધ્યાનને ધ્યાવે છે તેમને-શુદ્ધાત્માની અનુભૂતિથી વિલક્ષણ અજ્ઞાનમાં પરિણત તેમને-હે મિત્ર! કેવળજ્ઞાન કઈ રીતે થાય? ન જ થાય.

અહીં, જોકે પ્રાથમિકોને સવિકલ્પ અવસ્થામાં ચિત્તની સ્થિરતા કરવા માટે અને વિષયકષાયરૂપ દુર્ધ્યાનના વંચનાર્થે (છોડવા માટે) જિનપ્રતિમા તથા ણમોકારમંત્રના અક્ષરાદિનું ધ્યાન કરવા યોગ્ય છે તોપણ નિશ્ચયધ્યાનના કાળે સ્વશુદ્ધાત્મા જ ધ્યાવવા યોગ્ય છે એવો ભાવાર્થ છે. ૧૫૮.

## ગાથા-૧૫૮ ઉપર પ્રવચન

૧૫૮. '**આગે જ્ઞાનમયી આત્મા કો...**' હવે શું કહે છે? ભગવાન તો જ્ઞાનમયી છે પ્રભુ, ચૈતન્યજ્યોત છે, જાગૃત જ્યોત ચૈતન્યમય પ્રભુ. એ '**જ્ઞાનમયી આત્મા કો છોડકર જો અન્ય પદાર્થ કા ધ્યાન કરતે હૈં,...**' ભાષા દેખો પાછી. સ્વનો આશ્રય છોડીને પરનો આશ્રય કરે. આહાહા..! '**વે અજ્ઞાની હૈં, ઉનકો કેવલજ્ઞાન કૈસે ઉત્પન્ન હો સકતા હૈ?**' આહાહા..! '**ઐસા નિરૂપણ કરતે હૈં-**' ૧૫૮.

२८९) अप्पा मेल्लिवि णाणमउ अण्णु जे झायहिँ झाणु।
वढ अण्णाण-वियंभियहँ कउ तहँ केवल-णाणु।।१५८।।

'अप्पा' મૂકીને કેવો 'अप्पा'? આહાહા..! 'अज्ञानविजृम्भितानां' ત્યાં 'विजृम्भित' છે ને? અજ્ઞાન ઉત્પન્ન કરનારને. આહાહા..!

**અન્વયાર્થ :— 'જો મહા નિર્મલ કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ...'** ઓલું તો કેવળજ્ઞાન કૈસે ઉત્પન્ન હો સકતા હૈ? એ તો કેવળ પર્યાય કીધી અને આ હવે ગુણ કહે છે. '**નિર્મલ કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ આત્મદ્રવ્યકો છોડકર...** ' આહાહા..! ભગવાનઆત્મા તો જ્ઞાનમયઆત્મા. એ રાગ પણ નહિ, પુણ્ય નહિ, દયામય આત્મા છે જ નહિ. આહાહા..! '**નિર્મલ કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ આત્મદ્રવ્ય કો છોડકર...** ' આ બાજુ કેવળજ્ઞાનમયી આદિ અનંતગુણરૂપ આત્માને છોડીને. આહાહા..! '**જડ પદાર્થ પરદ્રવ્ય ઉનકા ધ્યાન લગાતે હૈં,...**' મૂળ તો જડ એટલે એ પણ અન્યત્વ શબ્દ છે. સમજાણું? છે? '**सकलविमलकेवलज्ञाना-घनन्तगुणनिर्वृतं अण्णु अन्यद्बहिर्द्रव्यालम्बनं**' એમ શબ્દ છે જોયું! જડની વાત નહિ. પોતાનો ભગવાન જ્ઞાનમયી સ્વરૂપ છે એનો આશ્રય છોડીને પરદ્રવ્યનો જે આશ્રય, ચાહે તો પરદ્રવ્ય સિદ્ધ હોય કે અરિહંત હોય કે પરમાત્મા. આહાહા..! પાઠ એ છે જુઓ. **अन्यद्बहिर्द्रव्यालम्बनं**' '**जे ये केचन झायहिं ध्यायन्ति।**' આહાહા..! શું કહે છે? જ્ઞાનમયી ભગવાનનું ધ્યાન છોડી અને અન્ય પદાર્થના ધ્યાનમાં જાય છે એને આત્મા કેમ મળશે? આહાહા..! ભારે સ્પષ્ટ! ચાહે તો દેવ, ગુરુ અને શાસ્ત્ર ભગવાન સાક્ષાત્ પરમાત્મા, પણ એના આશ્રયમાં અવલંબન લેવા જતા રાગ થશે. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્ઞાનમયઆત્મા, આનંદમયઆત્મા એવો અનંત જ્ઞાનાદિ ગુણરૂપ આત્મા, તેનો આશ્રય કે તેનું ધ્યાન, તેને ધ્યેયમાં ન લેતા અન્ય જે બાહ્ય પદાર્થો તેને ધ્યાનમાં લે છે. આહાહા..! '**પરદ્રવ્ય ઉનકા ધ્યાન લગાતે હૈં, હે! વત્સ, વે અજ્ઞાની હૈં,...**' આહાહા..! ગુરુ શિષ્યને કહે છે, હે શિષ્ય! આહાહા..! તારો ભગવાન જ્ઞાન અને આનંદમય છે એને છોડીને અન્ય દ્રવ્ય કેવળી હોય, પરમાત્મા, પંચપરમેષ્ઠી હોય એનું જે ધ્યાન કરે છે તે અજ્ઞાની છે કહે છે. કારણ કે આનાથી લાભ માને છે ને પરથી? આહાહા..!

સમાધિશતકમાં તો એમ પણ કહ્યું છે કે આત્મા અરિહંતનું ધ્યાન કરીને પણ અરિહંત થાય. એ તો અરિહંતને લક્ષમાં લઈને પછી અહીં વળી જાય એને. અને પોતાનું .. પોતે જ ઘસાઈને .. એમ આત્મા જ પોતે એકાગ્ર થઈને ધ્યાનમાં આત્માને પ્રગટ કરે. આહાહા..! અહીં તો ચોખ્ખી વાત કરી છે. સ્વદ્રવ્ય અને પરવસ્તુ બે. એમાં સ્વભગવાન જ્ઞાનમય પાછો એ કેવો છે? જ્ઞાનમય, જાણનમય છે એ રાગમય કે પુણ્યમય એ છે નહિ. અને તેવા કેટલા ગુણો છે? અનંત. કેવળજ્ઞાન, એક જ્ઞાન, દર્શન, આનંદ એવા અનંતગુણરૂપ જે આત્મા, એનો આશ્રય છોડી એને ધ્યાનમાં ન લેતા આત્મા સિવાય બીજા પદાર્થને ધ્યાનમાં, લક્ષમાં, ધ્યેયમાં બનાવે છે. આહાહા..! છે? એ

અજ્ઞાની છે. આહાહા..! પાછું એમાં માને છે ને એ કે આ ધર્મ છે. પરનો આશ્રય કરતાં મને કલ્યાણ થશે. કારણ કે લાભ માટે તો કરે છે ને? એટલે સ્વનો આશ્રય છોડીને પર આશ્રયમાં લાભ માનીને કરે છે તો અજ્ઞાની છે. જ્ઞાનીને શુભભાવ આવે પણ એનો આશ્રય નથી, શુભભાવ તરફનું એનું લક્ષ નથી. આહાહા..! એને તો એ શુભભાવ અને પરવસ્તુ ભગવાન, પોતાના સ્વપરપ્રકાશક જ્ઞાનમાં એ તો નિમિત્ત થયા. જ્ઞાનમાં નિમિત્ત થયા, પ્રગટ થવામાં નહિ.

જે સ્વરૂપ છે તેનું જ્ઞાન થતાં સ્વપરપ્રકાશક પર્યાય પોતાની પોતામાં થઈ, આહાહા..! એમાં એ પરવસ્તુ તો નિમિત્ત છે. એ વસ્તુથી જ્ઞાન થયું નથી, એ પરનું જ્ઞાન પણ પરને આશ્રયે થયું નથી. આહાહા..! હેં! પરનું જ્ઞાન પણ સ્વને આશ્રયે સ્વપરપ્રકાશક થયું છે. એવો આશ્રય સ્વનો છોડી અને એકલા પરપદાર્થના લક્ષમાં, ધ્યાનમાં ધ્યેયમાં જાય છે એ અજ્ઞાની છે. આહાહા..! આ લોકો કેટલાક કરે ને ધ્યાન કરો, ધ્યાન કરો, ધ્યાન. શેનું? ભગવાનનું ધ્યાન કરો, પરમેશ્વરનું ધ્યાન કરો. પણ પરમેશ્વર તો પર છે. ત્યાં ધ્યાન કરવા જશે તો રાગ થશે સાંભળને. અંદરમાંથી નીકળી જઈશ. આહાહા..! નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં. અનુપૂર્વી ગણે છે ને. નમો આઈરિયાણં, નમો ઉવજ્ઝયાણં. બે આનુપૂર્વી ગણે એને ત્યાં સામાયિક પૂરી થઈ જાય તો થઈ ગયો ધર્મ લ્યો. આહાહા..! બાપુ! ધર્મના મોઢા મોટા છે. આહાહા..! તેનામાં વિકલ્પનો પણ પ્રવેશ નથી.

અહીં એ કહે છે. પોતાના સ્વભાવનું ધ્યાન છોડી અને જે પોતામાં સ્વભાવમાં નથી એવી અનેક ચીજનું ધ્યાન કરશે એ અજ્ઞાની છે. અરેરે! જ્ઞાનીને આવે છે ને શુભભાવ? પણ એ તો એને જાણે છે. એ શુભભાવથી મને લાભ થશે એમ નથી. શુભભાવનું લક્ષ તો પર ઉપર છે. પંચાસ્તિકાયમાં કહ્યું છે ને પ્રશસ્ત રાગ. કેમ પ્રશસ્ત રાગ? કે સામે પ્રશસ્ત દેવ-ગુરુ છે એને આશ્રયે થાય માટે પ્રશસ્ત. આહાહા..! એ રાગ એને આશ્રયે થાય છે. એ પ્રશસ્ત દ્રવ્યને એમ કહે. આહાહા..! વિષય છે. રાગનો વિષય પર છે. ગજબ વાત છે, બાપુ! એકકોર આતમરામ અને એકકોર જગત આખું. અને તે આતમરામ અનંત જ્ઞાનાદિ ગુણસ્વરૂપ, એને છોડીને આત્મા સિવાય પરદ્રવ્યનું જે જ્ઞાન કરે, ધ્યાન કરે, આહાહા..! એ અજ્ઞાની છે. કેમકે એના લક્ષે આત્માને કાંઈ પણ લાભ થતો નથી. નુકસાન થાય છે. આહાહા..! એટલે એમ કહે છે. લાભને માટે કરે છે ને કે આમ કરું તો લાભ થાય. એટલે પરાશ્રય કરવા જશે તો લાભ થશે એ જ મિથ્યા અજ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ પંડિતો વચ્ચે બધા ભણ્યા હોય કાશીમાં. આવી વાત બેસવી કઠણ પડે. શું કરે? આહાહા..! થોથા ભણ્યા હોય ઘણાં શાસ્ત્રના. થોથાં. ભગવાન ભણ્યો નથી એને આ બેસવું ભારે કઠણ. વાદ ને વિવાદ ને આમાં આમ લખ્યું છે. બધું લખ્યું છે. આહાહા..! સ્વનો આશ્રય છોડીને એકલો પરનો આશ્રય કરવા જાય ત્યાં અજ્ઞાન છે. કેમકે અનંત જ્ઞાનાદિ કેવળજ્ઞાનાદિ ગુણનું રૂપ તે આત્મા. એનું ધ્યાન એ તો સ્વઆશ્રય દૃષ્ટિ અને જ્ઞાન એમાં તો આનંદ છે કહે છે. એને છોડીને પરદ્રવ્યનો આશ્રય એ અજ્ઞાન છે અથવા દુ:ખ છે. એ જ્ઞાન નહિ. આ જ્ઞાન નહિ. પૂર્ણ આનંદ સ્વરૂપનો આશ્રય કરતાં જે જ્ઞાન થાય એ પરનો આશ્રય કરતા એ જ્ઞાન નહિ. એટલે અજ્ઞાન છે. આહાહા..! આવી વાતું

છે. લોકો કહે છે ને કે ભાઈ ભક્તો નિશ્ચયની વાતમાં ન રહી શકે. એને ભક્તિ કરવી. ભક્તિ કરવી આવે ખરું, પણ એનાથી લાભ થાય એમ માને તો અજ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પરદ્રવ્ય ઉનકા ધ્યાન લગાતે હૈં, હે વત્સ, વે અજ્ઞાની હૈં,...' 'तेषां अज्ञान विजृंभितानां' 'શુદ્ધાત્મા કે જ્ઞાનસે વિમુખ,...'** આહાહા..! પોતાનો ભગવાન જ્ઞાનનો ભંડાર. 'શુદ્ધ ચેતનાસીંધુ હમારો રૂપ હૈ.' શુદ્ધ ચેતનાસિંધુ. ચેતનાનો દરિયો ભગવાનઆત્મા અંદર પડ્યો છે. એવા શુદ્ધાત્માનો આશ્રય છોડી, મહાપ્રભુનો આશ્રય છોડી અને પરદ્રવ્યનો આશ્રય કરે છે તે અજ્ઞાની મૂઢ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ બધો વ્યવહારનો, તેથી કહે છે ને. પણ તો કહે શાસ્ત્રને કે ભગવાન પાસે જા. ભગવાન પાસે અનંતવાર ગયો છે. પણ કાંઈ વળ્યું નહિ. આહા..! અંતર વળવામાં માલ છે એ વળ્યો નહિ તો આમ કરતા કરતા આમ થાશે. પરના લક્ષમાંથી ભગવાનનું સ્મરણ, જાપ, ભક્તિ, ધૂન લગાવવી ભગવાનની. ભાઈ! તારા સિવાય બીજા ભગવાનની ધૂન લગાવવી એ તો વિકલ્પ છે અને તેમાં તું લાભ માને છે તો અજ્ઞાન છે. અમથુંય વિકલ્પ જ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાન છે નહિ. આહાહા..!

**'કુમતિ, કુશ્રુત, કુઅવધિરૂપ અજ્ઞાનસે પરિણત હુએ...'** આહાહા..! પરદ્રવ્યના આશ્રયથી જે કાંઈ કુજ્ઞાન મતિ આદિ થાય. આહાહા..! એ **'જીવોં કો કેવલજ્ઞાનકી પ્રાપ્તિ કૈસે હો સકતી હૈ?'** જેને પર તરફના જ્ઞાનના રસમાં ચડી ગયો છે, એવું કુમતિ, કુશ્રુત અને કુઅવધિ એને કેવળજ્ઞાન આત્મા ભગવાન પૂર્ણાનંદ એવું કેવળજ્ઞાન ક્યાંથી પ્રાપ્ત થાશે? પર્યાયમાં કેવળજ્ઞાન એને ક્યાંથી થશે? એ વાત છે આ. સમજાણું કાંઈ? જેને આત્મા પૂર્ણ સ્વરૂપ ધ્યેયમાં નથી, તેના ધ્યાનથી કેવળજ્ઞાન ક્યાંથી થશે? એમ કહે છે. પરના ધ્યાનથી તો કુમતિ, કુશ્રુત આદિ થાશે. આહાહા..! આ મુનિ આવું કહે તો ત્યાં કોઈએ નહિ વિરોધ કર્યો હોય? પણ તે દિ' તો આવું હતું નહિ ને. રેલ નહોતી, ટપાલ નહોતી. એક ગામથી બીજે ગામની ખબર ન હોય ત્યાં. અને આ તો અત્યારે તો એક ગામની વાત તો પાંચ કલાકમાં અમેરિકા પહોંચી જાય. આહાહા..! સોનગઢમાં વાંચનારા પાછા જાય. બાપુ! એ તો એવું છે.

અહીં તો કહે છે, સ્વચૈતન્ય પ્રભુ જે અનંત અપરિમિત, મર્યાદારહિત સ્વભાવનો સાગર ભગવાન છે. આહાહા..! એવું પરમ આત્મા એટલે પરમસ્વરૂપ. એવું જે કેવળજ્ઞાનદર્શનમય પરમસ્વરૂપ એનો આશ્રય છોડી દઈને બીજા દ્રવ્યનો પદાર્થનો આશ્રય કરવા જાય અને એમાં લાભ માને તો જાય છે ને? એ અજ્ઞાન છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! પાંચ, પચાસ લાખ પેદા થયા હોય, છોકરા મોટા ભણે એવા જાગ્યા હોય. અત્યારે છોડ્યું હવે બહુ ભણે છે. એલ.એલ.બી. બી.એ. ને ફલાણું ને ઢીંકણું. આહાહા..!

મુમુક્ષુ :— છોકરી ભણે નહિ તો કોઈ લે નહિ. કરે શું?

ઉત્તર :— પુણ્ય હોય તો મળ્યા વિના રહે નહિ. આહાહા..! એમાં શું છે પણ ત્યાં રાજી રાજી થઈ જાય. આહાહા..! કન્યાને વર સારો મળ્યો, ઘર સારું મળ્યું. વર ને ઘર સારું મળ્યું. પણ વર એ

ક્યાં અને ઘર એ ક્યાં તારું છે? આહાહા..!

મુમુક્ષુ :— સંયોગની વાત છે ને. આપ સ્વભાવથી (કહો છો)

ઉત્તર :— એ જ અહીં કહે છે, સંયોગના આશ્રયે જાય ત્યાં લાભ માને તો મિથ્યાત્વ છે. એ તો બધો બાહ્યનો સંયોગ, પાપનો. પણ અહીં તો પુણ્યનો સંયોગ દેવ, ગુરુ, શાસ્ત્રને લક્ષે જશે તો પુણ્ય થશે, ધર્મ નહિ. થાય. અને લક્ષ કરે ને લાભ માટે લક્ષ કરે માટે અજ્ઞાન છે એમ કહે છે. આહાહા..! આવી વાત છે.

**'કેવલજ્ઞાનકી પ્રાપ્તિ કૈસે હો સકતી હૈ? કભી નહીં હો સકતી.** ' **'યદ્યપિ વિકલ્પ સહિત અવસ્થા મેં શુભોપયોગોં કો ચિત્તકી સ્થિરતા કે લિયે...'** શુભરાગ વખતે. **'ઔર વિષય કષાયરૂપ ખોટે ધ્યાનકે રોકને કે લિયે જિનપ્રતિમા તથા ણમોકારમંત્રકે અક્ષર ધ્યાવને યોગ્ય હૈં,...'** શુભભાવ.

મુમુક્ષુ :— અશુભથી બચવા.

ઉત્તર :— એટલું.

**'તો ભી નિશ્ચય ધ્યાન કે સમય શુદ્ધ આત્મા હી ધ્યાવને યોગ્ય હૈ,...'** આહાહા..! અને તે પણ નિશ્ચય ધ્યાન જેને પ્રગટ્યું છે એને નમોકાર આદિના ધ્યાનમાં એને શુભભાવ હોય છે એટલી વાત છે. વળી શુભભાવમાં તો પરનો આશ્રય છે. એનાથી સ્વના આશ્રયની પ્રાપ્તિ થાય? આહાહા..! ભારે આકરું લાગે માણસને. એ તો શુભ વચ્ચે હોય છે. પૂર્ણ ન થાય ત્યારે અશુભથી બચવા માટે. પણ પરના આશ્રયથી લાભ માને એમાં ભગવાન સ્વઆશ્રય તો રહી ગયો પૂર્ણાનંદનો નાથ. **'નિશ્ચય ધ્યાન કે સમય શુદ્ધ આત્મા હી ધ્યાવને યોગ્ય હૈ, અન્ય નહીં.'** અન્યને આશ્રયે જતાં તો રાગ થશે અને રાગ છે એ વિકલ્પ છે અને એનાથી આત્માની પ્રાપ્તિ નહિ થાય. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૫૯

अथ-

२९०) सुण्णउँ पउँ झायंताहँ वलि वलि जोइयडाहँ।
समरसि-भाउ परेण सहु पुण्णु वि पाउ ण जाहँ।।१५९।।
शून्यं पदं ध्यायतां पुनः पुनः (?) योगिनाम्।
समरसीभावं परेण सह पुण्यमपि पापं न येषाम्।।१५९।।

सुण्णउं पउं इत्यादि। सुण्णउं शुभाशुभमनोवचनकायव्यापारैः शून्यं पउं वीतराग परमानन्दैकसुखामृतरसास्वादरुपा स्वसंवित्तिमयी या सा परमकला तया भरितावस्थापदं निजशुद्धात्मस्वरुपं झायंताहं वीतरागत्रिगुप्तिसमाधिबलेन ध्यायतां बलि बलि जोइयडाहं श्रीयोगीन्द्रदेवाः स्वकीयाभ्यन्तरगुणानुरागं प्रकटयन्ति, बलिं क्रियेडहमिति परमयोगिनां

प्रशंसां कुर्वन्ति। येषां किम्। समरसि-भाउ वीतरागपरमाह्लादसुखेन परमसमरसीभावम् केन सह। परेण सहु स्वसंवेधमानपरमात्मना सह। पुनरपि किं येषाम्। पुण्णु वि पाउ ण जाहं शुद्धबुद्धैकस्वभावपरमात्मनो विलक्षणं पुण्यपापद्वयमिति न येषामित्यभिप्रायः।।१५९।।

---

आगे शुभाशुभ विकल्पसे रहित जो निर्विकल्प (शून्य) ध्यान उसको जो ध्याते हैं, उन योगियोंको मैं बलिहारी करता हूँ, ऐसा कहते हैं-

(गाथा-१५९)

अन्वयार्थ :- [शून्यं पदं ध्यायतां] विकल्प रहित ब्रह्मपदको ध्यावनेवाले [योगिनाम्] योगियोंकी मैं [बलिं बलिं] बार बार मस्तक नमाकर पूजा करता हूँ, [येषाम्] जिन योगियोंके [परेण सह] अन्य पदार्थोंके साथ [समरसीभावं] समरसीभावं है, और [पुण्यम् पापं अपि न] जिनके पुण्य और पाप दोनों ही उपादेय नहीं हैं।

भावार्थ :-शुभ-अशुभ मन, वचन, कायके व्यापार रहित जो वीतराग परमआनंदमयी सुखामृत-रसका आस्वाद वही उसका स्वरुप है, ऐसी आत्मज्ञानमयी परमकलाकर भरपूर जो ब्रह्मपद-शून्यपद-निज शुद्धात्मस्वरुप उसको ध्यानी राग रहित तीन गुप्तिरुप समाधिके बलसे ध्यावते हैं, उन ध्यानी योगियोंकी मैं बार बार बलिहारी करता हूँ, ऐसे श्रीयोगींद्रदेव अपना अन्तरंगका धर्मानुराग प्रगट करते हैं, और परम योगीश्वरोंके परम स्वसंवेदनज्ञान सहित महा समरसीभाव है। समरसीभावका लक्षण ऐसा है, कि जिनके इंद्र और कीट दोनों समान, चिंतामणिरत्न और कंकड़ दोनों समान हों। अथवा ज्ञानादि गुण और गुणी निज शुद्धात्म द्रव्य इन दोनोंका एकीभावरुप परिणमन वह समरसीभाव है, उसकर सहित हैं, जिनके पुण्य-पाप दोनों ही नहीं हैं। ये दोनों शुद्ध, बुद्ध चैतन्य स्वभाव परमात्मासे भिन्न हैं, सो जिन मुनियोंने दोनोंको हेय समझ लिया है, परमध्यानमें आरुढ़ हैं, उनकी मैं बार बार बलिहारी जाता हूँ।।१५९।।

---

વળી, (હવે શુભાશુભ વિકલ્પથી શૂન્ય (રહિત, ખાલી) જે નિર્વિકલ્પ ધ્યાન, તેને જે ધ્યાવે છે તે યોગીઓની હું બલિહારી કરું છું. એમ કહે છે) :-

(સમરસીભાવનું લક્ષણ આ છે કે જ્ઞાનાદિગુણ અને ગુણી (નિજશુદ્ધાત્મદ્રવ્ય) એ બન્નેનું એકીભાવરૂપ પરિણમન તે સમરસીભાવ છે.)

ભાવાર્થ :-શુભાશુભ મનવચનકાયના વ્યાપારથી શૂન્ય અને એક (કેવળ) વીતરાગ પરમાનંદરૂપ સુખામૃતરસના આસ્વાદરૂપ સ્વસંવેદનમય જે પરમકળા તેનાથી પરિપૂર્ણ નિજશુદ્ધાત્મ સ્વરૂપનું વીતરાગ ત્રણ ગુપ્તિથી યુક્ત સમાધિના બળથી ધ્યાન કરનારાઓ પ્રત્યે શ્રી યોગીન્દ્રદેવ પોતાનો અભ્યંતર (અંતરનો) ગુણાનુરાગ પ્રગટ કરે છે. તે પરમ યોગીઓ પર હું શ્રી યોગીન્દ્રદેવ-ફરી ફરી બલિહારી કરું છું-ફરી ફરી વારી જાઉં છું, એમ

કહીને તેઓ તે પરમયોગીઓની પ્રશંસા કરે છે કે જે પરમયોગીઓને સ્વસંવેદ્યમાન પરમાત્માની સાથે વીતરાગ પરમ આહ્‌લાદસ્વરૂપ સુખથી પરમસમરસીભાવ છે અને જેમને શુદ્ધ, બુદ્ધ જ જેનો એક સ્વભાવ છે. એવા પરમાત્માથી વિલક્ષણ પુણ્ય-પાપ બન્ને નથી. ૧૫૯.

## વીર સંવત ૨૫૦૨, મહા વદ ૬, બુધવાર
## તા. ૦૯-૦૨-૧૯૭૭, ગાથા-૧૫૯, પ્રવચન નં. ૨૧૧

૧૫૯ ગાથા. જેને આ આત્મા પ્રાપ્ત કરવો છે એ કઈ રીતે પ્રાપ્ત થાય? એટલે કે ધર્મ કઈ રીતે થાય? એ વિષય છે. '**આગે શુભાશુભ વિકલ્પ...**' શરીર, વાણી, મન તો પર છે, જડ છે, એ તો જુદી ચીજ છે. એનાથી કાંઈ આત્માનું કલ્યાણ થાય નહિ. એમાં પૈસા, આબરુ, કીર્તિ જડ છે. એનાથી પણ કાંઈ આત્માનું કલ્યાણ થાય નહિ. પણ અંદરમાં પાપના પરિણામ થાય—હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એનાથી પણ કાંઈ કલ્યાણ થાય નહિ. અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, તપના ભાવ થાય એ પણ શુભભાવ છે, એનાથી પણ કલ્યાણ થાય નહિ. આહાહા..! આવી વાતું છે. સમજાણું કાંઈ? એ કહે છે.

'**શુભાશુભ વિકલ્પસે રહિત...**' દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત, તપ એ બધા શુભભાવ છે, શુભ વિકલ્પ રાગ છે એનાથી આત્માનું કલ્યાણ સમ્યગ્દર્શન ન થાય.

મુમુક્ષુ :— ત્યારે શું થાય એનાથી?

ઉત્તર :— એનાથી બંધ થાય, પુણ્યબંધ થાય. અબંધસ્વરૂપી ભગવાનને પુણ્યબંધનું કારણ થાય શુભભાવ, ધર્મ નહિ. આહાહા..! આવી વાત છે ઝીણી. આહાહા..!

વસ્તુ પોતે ચિદાનંદ સ્વરૂપ ભગવાન નિર્વિકલ્પ એટલે રાગ વિનાનો અભેદ ત્રિકાળી સ્વભાવ એમાં વિકલ્પરહિત થઈને અંદરમાં દૃષ્ટિ કરે, અનુભવ કરે તો ધર્મ થાય. આહાહા..! કહે છે ને, '**શુભાશુભ વિકલ્પસે રહિત...**' એ પુણ્ય ને પાપના બે ભાવ એ શુભાશુભ રાગ છે. આ મોટો અત્યારે વાંધો ઉઠ્યો છે ને કે આ વ્રત કરવા, તપસ્યાઓ કરવી, દયા પાળવી, દાન દેવા એ બધા ધર્મના સાધન છે એમ કહે છે. એ વાત તદ્દન જૂઠી છે. એ કહે છે અહીં. પરમાત્મપ્રકાશ છે ને આ? આત્મા પરમાત્મસ્વરૂપ જ છે અંદર શક્તિએ, સ્વભાવે. એની પ્રાપ્તિ પુણ્ય અને પાપના વિકલ્પો જે રાગ એનાથી રહિત થઈ, આહાહા..! છે? '**નિર્વિકલ્પ (શૂન્ય) ધ્યાન...**' એટલે પરનું ધ્યાન નહિ. આહાહા..! પરમાત્મા અરિહંત સર્વજ્ઞદેવનું ધ્યાન પણ શુભરાગ છે. આહાહા..! આવી વાત ઝીણી બહુ બાપુ. માર્ગ એવો છે. અત્યારે લોકોને બિચારાને મળ્યો નથી. એમ ને એમ જિંદગી નિરર્થક ચાલી જાય છે. જે પ્રયોજન આત્માની પ્રાપ્તિ અને સમ્યગ્દર્શન એની જેને ખબર જ નથી

અને કેમ પ્રાપ્ત થાય એની વાતની ખબર નથી, સાંભળવા મળતી નથી. આહાહા..! એ અહીં કહે છે.

શુભઅશુભનું ધ્યાન એ તો વિકલ્પવાળું છે, રાગવાળું છે એમ કહે છે. અને આત્માનું ધ્યાન રાગથી શૂન્ય નિર્વિકલ્પ છે. આહાહા..! અંતર ભગવાન જે આત્મા છે એ તો શુદ્ધ ચૈતન્યઘન, શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી વસ્તુ છે. છેલ્લા શબ્દમાં આવશે, વચમાં પણ આવશે હમણાં. એનો જેને આત્મા જ્ઞાનથી સાક્ષાત્કાર કરવો હોય, એટલે કે જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, એટલે કે જેવી ચીજ છે તેનો અનુભવ કરીને અવલોકન કરીને પ્રતીત કરવી હોય. આહાહા..! આવી વાતું. એણે તો શુભાશુભભાવ રહિત થઈ, આહાહા..! **'નિર્વિકલ્પ (શૂન્ય) ધ્યાન...'** શૂન્ય શબ્દે? રાગની શૂન્યતા. ધ્યેયમાં તો અશૂન્ય એવો ભગવાન પદાર્થ છે દૃષ્ટિમાં. સમજાણું કાંઈ? કહે છે ને? ઓલો ભાઈ! રજનીશ. શૂન્ય થાઓ, શૂન્ય થાઓ. પણ શૂન્ય થાય કોનાથી? ક્યાં જઈને કોને લક્ષે શૂન્ય થાય? શૂન્ય તો રાગરહિત થવું એ શૂન્ય. પણ રાગરહિત ચીજ શું છે અંદર? એના અસ્તિત્વના હોવાપણાના અનુભવ વિના રાગથી શૂન્ય, વિકલ્પથી શૂન્ય થઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો માર્ગ જુદી જાતનો છે, બાપુ! કોઈ કહે કે ભગવાનની ભક્તિ, પૂજા કરતા કરતા કલ્યાણ થશે. કોઈ કહે કે દેવ-ગુરુ-શાસ્ત્ર, ગુરુની કૃપા થઈ જાય તો કલ્યાણ થશે, ગુરુની ભક્તિ કરતા કરતા થઈ જશે. એ બધો ભ્રમ અજ્ઞાન છે.

મુમુક્ષુ :— તો પછી કોઈ ગુરુની ભક્તિ કરશે નહિ.

ઉત્તર :— કરશે. એ એને આવ્યા વિના રહેશે નહિ. જેને આત્માનો આશ્રય થઈને ધર્મ સમ્યક્ થયું એને વચ્ચે શુભભાવ દેવ, ગુરુની ભક્તિનો ભાવ આવશે. પણ એ આવશે એ બંધનું કારણ હેયબુદ્ધિએ આવશે. આવી વાત છે બાપુ. સમજાણું કાંઈ? શુભાશુભ પાઠમાં છે.

**'ઉસકો જો ધ્યાતે હૈં, ઉન યોગિયોં કો મૈં બલિહારી કરતા હૂં,...'** આહાહા..! યોગીન્દ્રદેવ ૧૩૦૦ વર્ષ પહેલાં દિગંબર મુનિ વનવાસી (હતા), એ મુનિ કહે છે કે જે કોઈ પુણ્ય અને પાપના શુભ-અશુભ વિકલ્પથી રહિત થઈ અને ધ્યાતા, ધ્યાતાનું ધ્યાન—સ્વનું ધ્યાન કરે. આહાહા..! રાગરહિત થઈ, પુણ્ય-પાપના વિકલ્પ રહિત થઈ નિર્વિકલ્પ એટલે રાગની શૂન્યતા અને સ્વભાવની પરિપૂર્ણતાનું ધ્યેય.આહાહા..! આવી વાતું, ભારે આકરું બાપા. સમજાણું કાંઈ? એ એનું જે ધ્યાન કરે છે એને બલિહારી કહું છું કહે છે. મુનિ એમ કહે છે દિગંબર સંત, હું એની પ્રશંસા કરું છું. આહાહા..! જે શુભભાવમાં રહીને ધર્મ માને છે, ભગવાનની ભક્તિ અને દેવ, ગુરુની ભક્તિથી કલ્યાણ થશે એમ માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે, જૈન નથી એ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'બલિહારી કરતા હૂં,...'** એની હું પ્રશંસા કરું છું. જે કોઈ વિકલ્પરહિત સ્વરૂપનું ધ્યાન કરે તેને બલિ જાઉં છું, બલિહારી કરું છું. આહાહા..! બાકી તો અજ્ઞાની અનાદિકાળથી શુભવિકલ્પનું ધ્યાન કરીને માને છે કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. આહાહા..! એ કહે છે ગાથા.

२९०) सुण्णउँ पउँ झायंताहँ वलि वलि जोइयडाहँ।
समरसि-भाउ परेण सहु पुण्णु वि पाउ ण जाहँ।।१५९।।

**અન્વયાર્થ :--** 'शून्यं पदं ध्यायतां' '**વિકલ્પ રહિત બ્રહ્મપદકો ધ્યાવનેવાલે...**' બ્રહ્મપદ બ્રહ્મ નામ આત્મા. આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ એવો જે બ્રહ્મ નામ આત્મા. આહાહા..! જે કોઈ '**બ્રહ્મપદકો ધ્યાવનેવાલે...**' શુભ અને અશુભ વિકલ્પથી પુણ્ય-પાપથી રહિત થઈને. આહાહા..! આકરું કામ બાપુ બહુ. હજી એક તો નવરાશ ન મળે સંસારના કામ આડે. ધંધા, બાયડી, છોકરા, રળવા આખો દિ' પાપ, પાપ ને પાપ. આહાહા..! એમાં વખત થોડો મળે એમાં પુણ્યથી ધર્મ મનાવી લે. અને એને પણ વખત મળે એટલે આ ઠીક છે. ભગવાનની ભક્તિ કરો, ગુરુની ભક્તિ કરો, તમારું કલ્યાણ થશે. આહાહા..! અજ્ઞાનને રસ્તે ચડાવી દીધા બિચારાને. સમજાણું કાંઈ?

એ બ્રહ્મપદ. રાગ, વિકલ્પ, પુણ્ય-પાપના રાગ, એ પછી કહેશે પુણ્ય-પાપ. એને વિકલ્પ ઠરાવ્યો અહીં. શુભરાગથી રહિત '**બ્રહ્મપદકો ધ્યાવનેવાલે...**' આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાનઆત્મા, પણ પોતાને પામર માન્યો છે એને પ્રભુતા કેમ બેસે? હું તો એક રાગી પ્રાણી છું, પુણ્યનો કરનારો છું. આહાહા..! અહીં તો બ્રહ્મપદ નામ આનંદપદ, સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરે કહ્યો એવો બ્રહ્મપદ આત્મા. ઓલું સર્વવ્યાપક બ્રહ્મ કહે છે એ નહિ. કહે છે ને સર્વવ્યાપક બ્રહ્મ આત્મા? સર્વવ્યાપક વસ્તુ હોઈ શકે જ નહિ. વસ્તુ તો એક એક શરીરમાં ભિન્ન ભિન્ન પદાર્થ આત્મા ભગવાન છે. આહાહા..! એવો જે ભગવાનઆત્મા બ્રહ્મપદ સ્વરૂપ જેનું, અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ જેનું છે. આહાહા..! સ્વ-રૂપ. અનાકુળ અતીન્દ્રિય સુખનો સાગર ભગવાન આ આત્મા હોં એ. ભગવાન કેવળી પરમાત્મા એને ઘરે રહ્યા એ. એ કાંઈ અહીં આવતા નથી અને અહીં દેતા પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જે કોઈ '**બ્રહ્મપદકો ધ્યાવનેવાલે યોગિયોંકી...**' યોગી એટલે સ્વરૂપમાં જેણે જોડાણ કર્યું છે. ઓલા યોગી બાવા થાય છે એ નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે જે જોયો આત્મા, આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, એમાં જેણે પોતાની વર્તમાન પરિણતિ—પર્યાયને જોડી છે એને યોગી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને મન, વચન, કાયામાં શુભાશુભ યોગમાં વર્તે તે તો જોગી, ભોગી છે એ તો જોગી. આહાહા..! સમજાણું કાંઈ? એ પહેલાં આવી ગયું છે. હે યોગી! આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો કરનારો તું, એ વિકલ્પરહિત આત્માની પ્રાપ્તિ નહિ કરે તો તેં શું કર્યું? એ તારો યોગ તો બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? હે યોગી! જેણે પોતાની વર્તમાન જ્ઞાનની દશાને બ્રહ્મ નામ પૂર્ણાનંદનો નાથ પ્રભુ એમાં જોડી છે જેણે પરિણતિ, એને અહીંયાં યોગી સમકિતીથી માંડીને યોગી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે ભાઈ!

'**યોગિયોંકી મૈં બાર બાર મસ્તક નમા કર પૂજા કરતા હૂં,...** ' મુનિ કહે છે કે, આહાહા..! ધન્ય પ્રભુ! તને આત્માના આનંદ તરફનું વલણ થઈ ગયું, એના જુકાવમાં તું ધ્યાનમાં

આવ્યો, હું પ્રસન્ન થાઉ છું ભાઈ, તારા ભાવ માટે. આહાહા..! શુભયોગના કરનારાને હું પ્રસન્ન નથી થતો, કહે છે. સમજાણું કાંઈ? દિગંબર મુનિ જંગલમાં વસે. આહાહા..! એક જરી વિકલ્પ રાગનો બાકી થોડો છે. બાકી તો વીતરાગ દશા પ્રગટ થઈ છે. આહાહા..! બાહ્યમાં નગ્ન છે, બાહ્યમાં વ્યવહારના વિકલ્પો પણ પંચમહાવ્રતના હો, પણ એના રહિત જે આનંદના નાથમાં જોડાણ છે તે ધર્મ છે. આવું લૂખુલસ જેવું લાગે. કરવું નહિ કાંઈ બહારનું. અંતરમાં ઠરવું એ ધર્મ છે. આહાહા..! હજી એની શ્રદ્ધા તો કર, જ્ઞાન તો કર એને તું. એ વિના તું આગળ ક્યાંથી જઈશ? જે માર્ગ છે તેનું જ્ઞાન ન કર તો માર્ગમાં જઈશ શી રીતે? આહાહા..!

**'જિન યોગિયોં કે...'** **'परेण सह'** **'અન્ય પદાર્થોં કે સાથ...'** જોયું! **'परेण सह'** એટલે પરપદાર્થ. ચાહે તો સ્ત્રી, કુટુંબ, પરિવાર હોય, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર બધા પરપદાર્થ છે. આહાહા..! આવી વાત વીતરાગ કરે કે હું તારાથી પરપદાર્થ છું. મારું ધ્યાન કરવા જઈશ તો તને રાગ થશે. આહાહા..! તારું ધ્યાન કરતાં તને વીતરાગતા થશે. આવી વાત ભગવાન કરે. સમજાય છે કાંઈ? **'અન્ય પદાર્થોં...'** **'परेण सह'** એટલે શું કહ્યું? કે બ્રહ્મસ્વરૂપ ભગવાન આનંદ વીતરાગ મૂર્તિ પ્રભુ અંદર છે, એને જે વિકલ્પરહિત થઈને એનું ધ્યાન કરે છે તેને હું **'बलिं बलिं'** પ્રશંસા કરું છું અને **'परेण सह'** **'અન્ય પદાર્થોં કે સાથ સમરસીભાવ હૈ,...'** આહાહા..! સમતા... સમતા... સમતા... પર તરફનો વિકલ્પ જ નથી જેને. પર તરફના દેવ-ગુરુ-શાસ્ત્રનો પર તરફનો વિકલ્પ એ શુભ છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધા આદિના પાપના ભાવ એ અશુભ છે. પણ એ પરપદાર્થના લક્ષે થાય છે. એ જેણે છોડી દીધા છે કહે છે. આહાહા..! **'સમરસીભાવ હૈ,...'** પુણ્ય-પાપભાવ છે એ વિષમભાવ છે. વિષમ નામ રાગભાવ છે. આહાહા..! દયાનો, દાનનો, પૂજાનો, ભક્તિનો, વ્રતનો, તપનો એ ભાવ બધો રાગભાવ છે, સમભાવ નહિ. આહાહા..! આવી વાત છે. આ ભગવાનના કહેણ આ આવ્યા છે. આહાહા..!

**'અન્ય પદાર્થોં કે સાથ સમરસીભાવ હૈ, ઔર જિનકે પુણ્ય ઔર પાપ દોનોં હી ઉપાદેય નહીં હૈં.'** આહાહા..! છે? જેને ભગવાનની ભક્તિ, શાસ્ત્રનું વાંચન, પંચમહાવ્રતના પરિણામ એ ઉપાદેય નથી જેને એને ધર્મી કહીએ. આહાહા..! ઉપાદેય નામ આદરણીય તો ભગવાન વીતરાગ મૂર્તિ પ્રભુ એ જેને દૃષ્ટિમાં આદરણીય છે એને આ શુભભાવ એ આદરણીય નથી. આહાહા..! આવી વાતું છે. લોકોને આકરું લાગે ને એટલે સોનગઢને નામે કહે, સોનગઢે આવું કાઢ્યું. સોનગઢ કહે છે કે આ બે હજાર વર્ષ પહેલાંના શાસ્ત્ર છે. અરે પ્રભુ! માર્ગ તો આ છે બાપુ! એ છેતરાઈ જઈશ, મરીને ચાલ્યો જશે. એ કહ્યું ને? **'पुण्यम् पापं अपि न'** **'જિનકે પુણ્ય ઔર પાપ દોનોં હી ઉપાદેય નહીં હૈ.'** આહાહા..! સમ્યગ્દૃષ્ટિને અંતરમાં, ધ્યાનમાં આત્મા પ્રાપ્ત થાય એને સમકિતીને પુણ્ય-પાપ તો હેય છે, આદરણીય નથી. આહાહા..! છતાં આત્મજ્ઞાનીને પણ અંતરમાં રમી શકે નહિ ત્યારે એને શુભભાવ આવે. ભક્તિનો, વ્રતનો, તપનો, દયાનો ભાવ આવે, પણ એ બંધનું કારણ જાણે. આહાહા..! આવી વાતું છે. દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવું નથી.

મુમુક્ષુ :— ભગવાન સાથે તો થાય ને?

ઉત્તર :— ભગવાન સાથે મેળ ખાય એવું છે. આહાહા..!

'**ભાવાર્થ :— શુભ-અશુભ મન, વચન, કાયકે વ્યાપાર રહિત...**' જોયું! દયા, દાન, વ્રત, તપ, ભક્તિ એ શુભભાવ. હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના, કામ, ક્રોધ, બડાઈ, આબરુ એ પાપભાવ. એવો મન, વચન ને કાયા એના વેપાર રહિત '**જો વીતરાગ પરમાનંદમયી સુખામૃત-રસકા આસ્વાદ વહી ઉસકા સ્વરૂપ હૈ,...**' ભગવાનઆત્માનું. આહાહા..! '**ઐસી આત્મજ્ઞાનમયી પરમકલાકર ભરપૂર જો બ્રહ્મપદ-શૂન્યપદ-નિજ શુદ્ધાત્મસ્વરૂપ ઉસકો ધ્યાની રાગ રહિત તીન ગુપ્તિરૂપ સમાધિકે બલસે ધ્યાવતે હૈં,...**' હવે આવી મોટી વ્યાખ્યા છે. આહાહા..! કેવો છે પ્રભુ? અને એની પરિણતિ જે આત્માને પ્રાપ્ત કરવાની પણ પરિણતિ આત્મજ્ઞાનમય કેવી છે? વીતરાગ પરમાનંદમય છે. આહાહા..! સમ્યગ્દર્શનમાં ધર્મની પહેલી શરૂઆતમાં શુભાશુભ રાગરહિત વીતરાગી પરમ આનંદરૂપમય... આહાહા..! '**સુખામૃત-રસકા આસ્વાદ...**' એ સુખરૂપી અમૃત જે આત્માનું એમાં રસનો આસ્વાદ. '**વહી ઉસકા સ્વરૂપ હૈ, ઐસી આત્મજ્ઞાનમયી પરમકલા...**' આહાહા..! ઝીણી વાત છે થોડી. આ તો પરમાત્મપ્રકાશ ગ્રંથ શાસ્ત્ર છે. જેમાં પરમાત્માને પ્રાપ્તિ કરવાની પરિણતિ કેવી છે? કે શુભાશુભ રાગરહિત વીતરાગ સુખામૃત આનંદમયી પરિણતિ દશા છે જેની. આહાહા..!

મુમુક્ષુ :— વીતરાગ તો તેરમે ગુણસ્થાને છે.

ઉત્તર :— અરે! પરિણતિમાં વીતરાગ પરિણતિ છે. તેરમે તો પૂર્ણ વીતરાગ અનંતજ્ઞાન સહિત છે. અહીં તો શુભાશુભરાગથી રહિત વીતરાગી પરમાનંદ સુખામૃત આનંદમયી પરિણતિ છે આત્મજ્ઞાનની. આહાહા..! કેમકે આત્મા જ પોતે વીતરાગ પરમાનંદરૂપી સુખામૃતનો અનુભવ કરનારો એવું સ્વરૂપ જ એનું છે. આ તો હવે સ્વરૂપની પરિણતિ છે એ આવી છે એની. આહાહા..!

'**વીતરાગ પરમાનંદમયી સુખામૃત-રસકા...**' અનાકુળ આનંદરસ એનો જે આસ્વાદ, વેદન, અનુભવ '**વહી ઉસકા સ્વરૂપ હૈ,...**' આહાહા..! '**ઐસી આત્મજ્ઞાનમયી પરમકલાકર ભરપૂર...**' છે ને ત્યાં? ભરિતઅવસ્થા. વસ્તુ પણ એવી છે અને એની પરિણતિ પણ એવી છે એમ કહે છે. આહાહા..! ભારે આકરું કામ. આથી કોઈ સહેલો માર્ગ હશે કે નહિ? માર્ગ જ આ છે. સહેલો કહો, એનો કહો, સરસ કહો, સીધો કહો એ માર્ગ જ આ છે, બીજો કોઈ માર્ગ છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

'**વહી ઉસકા સ્વરૂપ હૈ, ઐસી આત્મજ્ઞાનમયી પરમકલાકર ભરપૂર...** ' આહાહા..! '**બ્રહ્મપદ...**' બ્રહ્મપદની વ્યાખ્યા કરી. '**બ્રહ્મપદ-શૂન્યપદ-નિજ શુદ્ધાત્મસ્વરૂપ ઉસકો ધ્યાની રાગ રહિત તીન ગુપ્તિરૂપ સમાધિ કે બલસે ધ્યાવતે હૈં,...**' એ વસ્તુ કહો તો એવી છે અને એ પરમ આત્મજ્ઞાનમયી વીતરાગ પરમાનંદ દશા પણ એવી છે. આહાહા..! ભક્તિ આદિનો કે દયા, દાનનો, વ્રત, તપનો ભાવ એ તો રાગ છે અને દુઃખ છે. આહાહા..! એ દુઃખથી આત્માની

આનંદદશા, આત્મજ્ઞાન થાય નહિ. આરે.. આરે..! આવી વાતું છે. વાડામાં તો રહેવા ન દે, બહાર કાઢો. જુઓને, રાડુ પાડે છે ને. બહાર જ છે સાંભળને. આહાહા..!

બે સિદ્ધાંત સવારે કહ્યા હતા. એક ક્રમબદ્ધ અને ક્રમબદ્ધનો આશ્રિત નિર્ણય, સ્વનો આશ્રય કરે તે. આ બે સિદ્ધાંત. શું કહ્યું ઈ? આત્માની પર્યાય થાય એ ક્રમબદ્ધ થાય. એક પછી એક જે થવાની છે તે ક્રમબદ્ધ થાય. હવે એ ક્રમબદ્ધમાં નિમિત્તથી થાય કે દેવ-ગુરુ-શાસ્ત્રથી થાય કે વિકલ્પથી થાય એ છે નહિ. જ્યારે એને વીતરાગી પરિણતિ થાય ક્રમબદ્ધમાં, ત્યારે કાંઈ રાગથી થાય એમ છે નહિ, એનો પોતાનો પર્યાયનો વીતરાગી પરિણતિનો ઉત્પાદ જ તે કાળે પોતાથી છે. આહાહા..! પણ એ ક્રમબદ્ધનો નિર્ણય કરે તેને આત્માના જ્ઞાયકનો નિર્ણય થાય એટલે સ્વનો આશ્રય થાય ત્યારે ક્રમબદ્ધનો નિર્ણય (થાય). એટલે ક્રમબદ્ધમાં વીતરાગ સ્વનો આશ્રય અને ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય બે એક કાળે થઈ જાય છે. આહાહા..! શાંતિભાઈ! આ લોકોને ખટકે છે. આહાહા..!

અહીંયાં કહે છે, '**ઐસી આત્મજ્ઞાનમયી પરમકલાકર ભરપૂર...**' આહાહા..! '**બ્રહ્મપદ-શૂન્યપદ...**' છે. એ '**નિજ શુદ્ધાત્મસ્વરૂપ...**' આહાહા..! એવું નિજશુદ્ધાત્મસ્વરૂપ. '**ઉસકો ધ્યાની રાગ રહિત તીન ગુપ્તિરૂપ સમાધિકે બલસે...**' એ વિકલ્પરહિત અને મન, વચન, કાયાને ગોપવીને અંદરમાં જાય એના બળથી, આહાહા..! '**ધ્યાવતે હૈં,...**' આહાહા..! ભારે આકરું કામ. '**ઉન ધ્યાની યોગિયોંકી મૈં બાર બાર બલિહારી કરતા હૂં,...** ' આહાહા..! સમજાણું કાંઈ? પરમાત્મા સર્વજ્ઞદેવ, તીર્થંકરદેવ ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં દિવ્યધ્વનિમાં આવ્યું હતું એ સંતો કહે છે. ભગવાનની વાણીમાં એ આવ્યું હતું કે તું અમારી સામું જોઈને તું જે ધર્મ થાય એમ માન, એ ભ્રમ છે તારો. અમે તો કહીએ છીએ કે તું અમારી સામું જોવું છોડીને તારી સામું જો. આહાહા..! એ તો વીતરાગ એમ કહે. તો પછી માન આપે શેનું? અમારાથી થાય પછી તમને માન આપીએ શેનું અમે? દેવને. તારું શું કામ છે તારે હવે સાંભળને. આહાહા..! આવો માર્ગ છે બાપા બહુ... આહા..!

આવું જે સ્વરૂપ છે તેનું જે આ રીતે ધ્યાન કરે આત્મજ્ઞાનનું. આહાહા..! '**ઉસકો ધ્યાની રાગ રહિત તીન ગુપ્તિરૂપ સમાધિ કે બલસે...** ' આત્માની શાંતિ, વીતરાગી જ્ઞાનની શાંતિ. આહાહા..! એના '**બલસે ધ્યાવતે હૈં,...**' એમ કહીને એમ કહ્યું કે દેવ-ગુરુ-શાસ્ત્રને લક્ષે પણ તારું ધ્યાન નહિ થઈ શકે. બીજું, કે કર્મ કાંઈક માર્ગ આપે તો તું ધ્યાન કરી શકે એમ પણ નથી. તું તારા પુરુષાર્થથી વિકલ્પરહિત થઈને ધ્યાન કર તો એમાં કોઈ નડતર જગતમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? જયસુખભાઈ! આવી વાત છે. વીતરાગનો માર્ગ એવો છે, ભાઈ! શરૂઆતનો માર્ગ આ છે. '**બાર બાર બલિહારી કરતા હૂં, ઐસે યોગીન્દ્રદેવ અપના અંતરંગ કા ધર્માનુરાગ પ્રગટ કરતે હૈં,...**' યોગીન્દ્રદેવ. કર્તા છે ને યોગીન્દ્રદેવ? પરમાત્મપ્રકાશના. '**અપના અંતરંગ કા ધર્માનુરાગ પ્રગટ કરતે હૈં,...**' એમ કહીને કહે છે. આહાહા..! જેને વિકલ્પ નામ દયા, દાન, વ્રત, તપ અને ભક્તિના ભાવથી રહિત જેને આત્માના અંદર ધ્યાન કરીને જેને આનંદની પ્રાપ્તિ

થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અંતરના અવલંબે પ્રાપ્તિ થઈ એની હું પ્રશંસા, એના ધર્માનુરાગને લઈને ... પણ આત્માના આશ્રય વિના જેટલા પરિણામ દયા, દાન, વ્રત ને ભક્તિના કરે એની હું પ્રશંસા કરતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવું આકરું લાગે.

સવારે પ્રશ્ન કરતા હતા એ વકીલ હતા, ભાઈ! છે? અત્યારે આવ્યા છે? પાલિતાણા. પાલિતાણા ગયા. આપણે ભાઈ જગજીવનભાઈના દલુભાઈ. એ મળ્યા હશે ત્યાં. વાતચીત ત્યાં.. બાપુ! વીતરાગનો માર્ગ ઝીણો બાપુ. એને એમ કહ્યું કે પુણ્યને બાંધવાના ભાવ બીજા અને પાપને બાંધવાના ભાવ બીજા. પુણ્ય બાંધવામાં રાગની એકતા છે, પાપના બાંધવામાં રાગની એકતા છે. ... પુણ્ય અને પાપમાં અધ્યવસાય એક જ બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? મૂળ એને પાપથી પુણ્યનું જુદું પાડવું હતું. મેં કીધું, આને ક્યાં અત્યારે... વકીલ છે વકીલ. .. મેં કીધું, ભાઈ, અહીં બે વકીલ તો બેઠા છે. એક જામનગરના છે અને એક આ રામજીભાઈ છે. એમ કહ્યું હતું. કીધું બાપુ, આ વકીલાત જુદી જાતની છે. આ દલાલી કરવી ભગવાનના માર્ગની એ જુદી જાત છે. એવો માર્ગ છે.

સંતો, યોગીન્દ્રદેવ દિગંબર સંત જેને ત્રણકષાયનો અભાવ અને આનંદ વર્તે છે, પંચમહાવ્રતના પરિણામને પણ જે ધર્મ માનતા નથી. આહાહા..! છતાં એને ભાવ હોય ખરો, છતાં એ ધર્મ છે અને એનાથી ધર્મ થશે એમ માનતા એની પ્રશંસા અમે કરતા નથી, કહે છે. આહાહા..! '**ઔર પરમ યોગીશ્વરોં કે પરમ સ્વસંવેદનજ્ઞાન સહિત મહા સમરસીભાવ હૈ.**' આહાહા..! ઘણી ઉત્કૃષ્ટ વાત મુનિની લીધી છે. સમ્યગ્દષ્ટિને પણ સમરસીભાવ જઘન્ય-થોડો છે, મુનિને ઘણો છે. વીતરાગી રસ, અનાકુળ આનંદનો રસ મુનિને ઘણો છે. આહાહા..! એનું નામ મુનિપણું છે. નગ્નપણું અને પંચમહાવ્રતના પરિણામ એ કાંઈ મુનિપણું નથી એ તો અચારિત્ર છે. નગ્નપણું હોય ખરું, મુનિ હોય એને નગ્નપણું ન હોય એમ બને નહિ. પણ નગ્નપણું છે એ મુનિપણું છે એમ નથી. આહાહા..! જેને અંતર મુનિપણું પ્રગટે એને તો નગ્નદશા જ હોય. પણ નગ્નદશા છે માટે મુનિપણું પ્રગટે એમ નથી. વાતે વાતે ફેર લાગે. સમજાણું કાંઈ? આહાહા..! નગ્ન દિગંબર મુનિ છે. જંગલમાં વસે. જેવા માતાએ જન્મ્યા એવા જ હોય. સિંહ અને વાઘની વચ્ચે, ત્રાડુ મારતા હોય સિંહ ત્યાં જાય. ધ્યાનમાં, આનંદમાં લીન છે. એને ચારિત્ર અને આનંદ ધર્મ કહીએ. આહાહા..! એ ધર્મ ચારિત્ર છે પણ એનું મૂળ છે એ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોઈ શકે નહિ. '**चरित्तं खलु धम्मो**', '**दंसण मूलो धम्मो**' વસ્તુની રમણતા એ ચારિત્ર, પણ એનું મૂળ દંસણ—સમકિત. સમકિત વિના ચારિત્ર હોઈ શકે નહિ. એ સમકિતની વ્યાખ્યા કરતા કરતા ચારિત્રની વ્યાખ્યા ભેગી કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન એ પણ વિકલ્પ રહિત—રાગ રહિત, મનના સંબંધ રહિત સ્વરૂપના શુદ્ધ બ્રહ્મપદના આશ્રયે થતી નિર્વિકલ્પ દશા એનું નામ સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી છે. આહાહા..! અને પછી વધારે આશ્રય કરીને દ્રવ્યનો, સીધો વીતરાગી સમરસપણે પરિણમે એને મુનિ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે ત્યાં કહ્યું, જુઓ! '**પરમ સ્વસંવેદનજ્ઞાન સહિત...**' શું કીધું ઈ? '**પરમ સ્વસંવેદનજ્ઞાન સહિત...**' આહાહા..! સ્વ નામ આત્મા, સં નામ પ્રત્યક્ષ સમરસનું વેદન. આહાહા..! ભગવાન સ્વ એનું સંવેદન. આહા..! પ્રત્યક્ષ વેદન. એવા જ્ઞાનસહિત '**મહા સમરસીભાવ હૈ.**' આ ચારિત્ર લીધું. સમ્યગ્દર્શનમાં... છે ને? '**પરમ સ્વસંવેદનજ્ઞાન સહિત મહા સમરસીભાવ હૈ.**' મહા સમતા. સમકિતદષ્ટિને સમરસીભાવ છે પણ એ જઘન્ય છે. આ મહાસમરસી વીતરાગ ... આહાહા..! વીતરાગના આનંદમાં જે મશગુલ થઈ ગયા છે એવી વીતરાગતા. જેણે પુણ્ય-પાપમાં હેય માની અને ત્રિકાળી આનંદનો નાથ એને ઉપાદેય જેણે અનુભવ્યો છે એ મહાસમરસીભાવ છે, એ વીતરાગભાવ છે.

'**સમરસીભાવ કા લક્ષણ ઐસા હૈ, કિ જિનકે ઈન્દ્ર ઔર કીટ દોનોં સમાન,...** ' ઈન્દ્ર હોય કે કીડો હોય. '**ચિંતામણિરત્ન ઔર કંકડ (પત્થર) દોનોં સમાન હોં.** ' મુનિ જંગલમાં ચાલતા હોય ત્યાં પગે ઠેબુ માર્યું એમાં નીકળ્યો ચરુ હીરાનો. એક એક હીરો કરોડનો એવો આખો ચરુ. એને કાંઈ વિશેષતા લાગતી નથી. ચાલ્યા જાય. આહાહા..! પગ આમ ફેરવ્યો અને એમાંથી .. થઈ ગયું આમ જોયું તો હીરા નીકળ્યા. કરોડો હીરા. ત્યાં ઢેફું ઉપરથી નીકળ્યું. બેય સરખા છે. જરીએ એમ મન એમ છે કે આ ચીજ ઓહોહો..! લાવને લઈ જાવ, લોકો વાપરશે? આહાહા..! સમજાણું કાંઈ? '**ચિંતામણિરત્ન ઔર કંકડ...**' પાછું એમ લીધું. .. ચિંતામણિ રત્ન જેને દેવ અધિષ્ઠિત ચિંતામણિ રત્ન અને પથરો-કાંકરો, બેને જ્ઞાતા તરીકે જાણે છે. એ વસ્તુ જ્ઞેય તરીકે છે. એમ આ ઊંચી છે અને આ હલકી છે એમ છે નહિ. આહાહા..! બધા જ્ઞેય છે. ચિંતામણિ રત્ન હો કે કાંકરો હો, બધું જ્ઞાનનું પરજ્ઞેય છે, સ્વજ્ઞેય નહિ. આહાહા..! આ મુનિની દશા. લોકોને આકરું લાગે બિચારાને. શું કરે? આ મુનિની દશાની હજી શ્રદ્ધા પણ નથી અને આ વ્રત કરો, તપ કરો એનાથી તમને કલ્યાણ થશે, એ પ્રરૂપણા શ્રદ્ધા જ મિથ્યા છે. આહા..! ભાઈ! શું થાય? માર્ગ તો આ છે. કોઈના અનાદરને માટે નથી. આહાહા..!

'**દોનોં સમાન હોં. અથવા જ્ઞાનાદિ ગુણ ઔર ગુણી નિજ શુદ્ધાત્મદ્રવ્ય ઈન દોનોં કા એકીભાવરૂપ પરિણમન વહ સમરસીભાવ હૈ,...**' ત્રણ અર્થ કર્યા. એક તો સમભાવમાં ઈન્દ્ર અને કીડો બે, ચિંતામણિરત્ન અને કાંટો અને ત્રીજું જ્ઞાનાદિ ગુણ અને ગુણી એવો '**નિજ શુદ્ધાત્મદ્રવ્ય ઈન દોનોં કા એકીભાવરૂપ પરિણમન...** ' ભેદ નહિ એમ કહે છે. ગુણ-ગુણીનો ભેદ પણ વિકલ્પ છે. આહાહા..! પણ ભગવાન પૂર્ણાનંદ છે અને અનંતગુણ છે એમાં આનંદ આદિ એવો ભેદ પણ તે વિકલ્પ છે, વિષમરસ છે. આહાહા..! કથની તો જુઓ કથની, સંતોની આ વાણી. શું કહ્યું એ? ભગવાનઆત્મા અનંત અનંતગુણનો ધરનાર અને એમાં અનંતગુણ, જ્ઞાન આનંદ આદિ છે. એવા ગુણી અને ગુણનો ભેદનો વિચાર કરવો એ વિકલ્પ રાગ છે. એથી પણ સમભાવ (થતો નથી કારણ કે) એ ભેદ પાડે તો વિકલ્પ ઉઠે છે. આહાહા..! ભક્તિ આદિનો ભાવ તો રાગ છે. પણ ગુણ-ગુણીનો ભેદ પાડે તોપણ રાગ થાય છે. આહાહા..!

'**દોનોં કા એકીભાવરૂપ પરિણમન...**' બેમાં એકપણું. ગુણ-ગુણીનું અભેદ એવું એકરૂપ પરિણમન એ સમરસીભાવ છે. એક એક લીટીમાં, પંક્તિમાં .. ભર્યા છે. લોકોને વીતરાગનું (તત્ત્વ) સાંભળવું મળ્યું નથી એટલે આ વાત એવી લાગે કે અરે! આ તો એકાંત છે... એકાંત છે... એકાંત છે. આહાહા..! 'અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજ પદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી' માર્ગ નહિ. સમ્યક્ એકાંત શ્રીમદ્દે કહ્યું છે ને. અનેકાંત પણ સમ્યક્ એકાંત એવો વીતરાગ માર્ગ જે આત્માનો, જે ત્રિકાળનો આશ્રય લઈને જે ધર્મ થાય એ એકાંત છે, સમ્યક્ એકાંત છે. એ સમ્યક્ એકાંત વિના અનેકાંતપણું યથાર્થ હોઈ શકે નહિ. આહાહા..! વિકલ્પ રહિત સમ્યક્ એકાંત ત્રિકાળી સ્વભાવનો આશ્રય લઈને સમભાવ પ્રગટ કરે એનું જે જ્ઞાન થાય અને પર્યાય અને રાગ બાકી છે એનું પણ એને જ્ઞાન થાય એ અનેકાંત કહેવાય. સમજાણું કાંઈ? શાસ્ત્રના અર્થ કરવામાં મોટા.. હેં! આહાહા..!

કેમકે શાસ્ત્રને તો વીતરાગતા બતાવવી છે. ચારેય અનુયોગ હો કે ગમે તે હો, વીતરાગતા બતાવવી છે. એ વીતરાગતા પુણ્ય-પાપ રહિત આત્માનો આશ્રય કરે તો વીતરાગતા પ્રગટ થાય. એટલે ચારેય અનુયોગમાં સ્વનો આશ્રય કરવાની જ વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? છે? પંચાસ્તિકાય. ચારેય અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. હવે એ વીતરાગતા છે એ વીતરાગતા પ્રગટે છે. એ તો ત્રિકાળી આનંદસ્વરૂપ ભગવાન છે એનો આશ્રય કરે તો વીતરાગતા પ્રગટે. કેમકે ત્રિકાળી સ્વરૂપ તે વીતરાગસ્વરૂપ છે અને વીતરાગ સ્વરૂપનો આશ્રય કરે તો વીતરાગ પર્યાય પ્રગટ થાય. એ ચારેય અનુયોગનો સાર તો આ છે. આહાહા..!

.. કોટ ઉપર ચડીને બેઠો હતો. ... સાંગો કહે, સલવાણા, કંઈક ચડયા ને કંઈક .. જેલમાં પડ્યા છે. આહાહા..! કોઈ પાપમાં સલવાણા, કોઈ પુણ્યમાં સલવાણા, પણ બધા સલવાઈ ગયા છે, જેલમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? જેમાં વીતરાગતાનું પોષણ નથી તે ધર્મકથા નહિ. રાગથી લાભ થાય, ભક્તિથી લાભ થાય એ પોષણ રાગનું છે, એ ભગવાનની કથા નહિ. આહાહા..! વીતરાગની કથા નહિ, વિકથા છે. આહાહા..! પચ્ચીસ કથામાં એક વિકથા મૂકી છે. જે કોઈ પરના આશ્રયે રાગથી ધર્મ માને એવી જે પ્રરૂપણા ને કથન છે એ શાસ્ત્ર નહિ, એ ધર્મકથા નહિ, એ તો વિકથા છે. આહાહા..! ધર્મથી વિપરીત કથા છે. જુઓને, કેટલો પોકાર કર્યો છે! શુભાશુભભાવથી રહિત શુદ્ધસ્વભાવમાં, અનંત આનંદથી ભરેલો ભગવાન એની સન્મુખતામાં સત્કાર જે એનો થાય એ સમરસી ભાવે થાય. રાગ ભાવે તેનો સત્કાર અને સ્વીકાર જીવનો થાય નહિ. આહાહા..!

જોયું! સમરસના ત્રણ બોલ પાડ્યા. એક ચિંતામણિરત્ન હોય કે કાંકરો હોય. સમજાય છે? એક ચિંતામણિરત્ન હોય કે કાંકરો હોય એમ કીધું ને? ઈન્દ્ર હોય ને જીવને લીધો. ઈન્દ્ર હોય કે કીડો હોય એ જીવને લીધો ભાઈ. ઈન્દ્ર હોય કે કીડો હોય એ જીવનું લીધું. ચિંતામણિરત્ન અને કાંકરો એ જડનું લીધું. આહાહા..! છે ને બોલ? છે ને આ .. નહિ? સમરસીનું લક્ષણ એમ કે ઈન્દ્ર અને કીટ એ જીવના બે લીધા. ઈન્દ્ર હોય કે કીડો હોય પણ બેય એને જીવ સમાન છે. આહાહા..! હવે જડના

બે લીધા. એક ચિંતામણિ રત્ન હોય કે કાંકરો હોય. આહાહા..! બે. ત્રીજું એ લીધું કે ગુણ-ગુણીનો ભેદ પણ જેને નથી. એ સમરસી અંદરનો લીધો. ઓલા બે જીવના, બે જડના અને આ અંદરના. બાપુ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનની ગાદીએ બેસીને બીજી વાત કરવી એ પ્રભુનો અનાદર છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

જીવમાં ઈન્દ્ર હો કે જીવમાં એક કીડો મિથ્યાદૃષ્ટિનો, અભવિનો જીવ હોય. આહાહા..! જેના ઉપર કાંઈ પ્રેમ નથી, કાંઈ દ્વેષ નથી, જ્ઞાતા છે. જડમાં ચિંતામણિરત્ન હોય કે જેને ચિંતવતા અબજો મકાન જોઈએ એટલે મકાન તૈયાર થઈ જાય. એ ચિંતામણિરત્ન હોય કે કાંકરો હોય એ જડમાં પણ .. વિષમતા જેને નથી અને સમભાવ છે એને વીતરાગતા હોય છે. આહાહા..! અને જેને ગુણ-ગુણીના ભેદ પણ નથી એને સમરસીભાવ હોય છે એમ કહે છે. આહાહા..! અભેદ ભગવાન ગુણ અને ગુણી એકરૂપ, એક સ્વભાવે છે. આવ્યું ને? '**દોનોં કા એકીભાવરૂપ પરિણમન...**' આહાહા..! ટીકા તે ટીકા છે ને. અમૃતના ઝરણા ઝરે છે! આહાહા..!

શ્રીમદ્દે કહ્યું ને 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસમૂળ...' આહાહા..! એ કાયરને પ્રતિકૂળ. પરમ શાંતરસમૂળ. આહાહા..! 'ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' આહાહા..! આ તો એકદમ નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય, એમ કરીને મશ્કરી કરે. બાપુ! માર્ગ તો આ છે ભાઈ! નિશ્ચય એટલે સત્ય. નિશ્ચય એટલે પરમસત્ય એવો જે ભગવાન એને નિર્વિકલ્પ દ્વારા આદરવો એ પર્યાયનું સત્ય છે. ઓલું ત્રિકાળી સત્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

પર સામું જોવું તો છોડી દે, બેયનું સરખું જીવ ને જડમાં, પણ તારામાં ગુણ-ગુણીના ભેદને જોવું છોડી દે. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! સોનગઢને પાદર વીતરાગની વાણી આવી છે. આહાહા..! ભાઈ! તને બેસે, ન બેસે પણ માર્ગ આ છે. .. માન્યું ઘર ચાલ્યું જાશે બાપા! એ ટાણા બધા ખોવાઈ જશે. આહાહા..!

અહીં કહે છે જુઓને, સમરસની વ્યાખ્યા તો કરી. હેં! ગજબ છે ને! ક્યાં ઈન્દ્રપદ બત્રીસ લાખ વિમાનનો લાડો, એક એક વિમાનમાં કેટલા અસંખ્ય દેવ, બે સાગરની સ્થિતિ, ઉપર ઈન્દ્ર છે ... ક્યાં એક કીડો. આહાહા..! ધર્મી સમ્યગ્દૃષ્ટિને તો સમભાવમાં આ ઠીક અને અઠીક એવું છે જ નહિ. જેમ પુણ્ય અને પાપમાં આ ઠીક અને અઠીક નથી, બેય હેય છે. એમાં બે ચીજના જીવમાં અને જડમાં ઠીક-અઠીક નથી, બેય પર છે. પર એક જાતના જ્ઞેય છે. આહાહા..! હવે સ્વજ્ઞેયમાં આવ્યા. ત્યાં ગુણ-ગુણીનો ભેદ. આહાહા..! શું કથની! આ ગુણી છે ભગવાન પૂર્ણ, આ ગુણ નથી કહેતા ચોખાની ગુણી ને ખાંડની ગુણી એ જુદી. આ તો ગુણી એટલે અનંતગુણનો ધણી ગુણી. આહાહા..! આ ગુણી છે અને એમાં અનંતજ્ઞાન, દર્શન આદિ ગુણ છે એવો ભેદ પણ વિષમભાવ છે. આહાહા..! ગજબ વાત છે ને સંતોની. આહાહા..! એ અભેદ ગુણ-ગુણી એકરૂપ ત્રિકાળ છે. આહાહા..! એવી નિર્વિકલ્પદૃષ્ટિ કરવી એ સમભાવ છે. આહાહા..!

'**ઉસકર સહિત હૈં,...**' શું કીધું? આ સમભાવ સહિત. ત્રણ બોલ લીધા ને? સમભાવ

સહિત '**જિનકે પુણ્ય-પાપ દોનોં હી નહીં હૈં.**' આહાહા..! જેને શુભ અને અશુભ ભાવ છે જ નહિ દૃષ્ટિમાં. આહાહા..! સમજાણું કાંઈ? પાઠમાં છે ને. '**पुण्णु वि पाउ ण जाहं**' જેને નથી ભક્તિનો ભાવ, નથી જેને હિંસાનો, જૂઠાનો ભાવ. આહાહા..! '**દોનો હીં નહીં હૈં. યે દોનોં શુદ્ધ, બુદ્ધ, એક ચૈતન્ય સ્વભાવ પરમાત્માસે ભિન્ન હૈં,...**' આહાહા..! કોણ? શુભ અને અશુભભાવ. કોણ છે? શુદ્ધ, બુદ્ધ એક ચૈતન્યસ્વભાવ એમ લેવું, ત્યાં 'એક' નાખવું. પાઠમાં પડ્યું રહ્યું છે. શુદ્ધ—પરમ પવિત્ર પ્રભુ, બુદ્ધ—જ્ઞાનઘન એક ચૈતન્યસ્વભાવ. અભેદરૂપ સ્વરૂપ એકરૂપ જેમાં પર્યાયનો ભેદ પણ નહિ. આહાહા..!

'**શુદ્ધ, બુદ્ધ, એક ચૈતન્ય સ્વભાવ પરમાત્મા...** ' એ પોતે પરમાત્મા. શુદ્ધ, બુદ્ધ શ્રીમદ્‌માં આવે છે ને.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.

તારું જ્ઞાન ત્યાં જોડ તો પામ, બીજું કાંઈ છે નહિ. અમારાથી કાંઈ મળે એવું નથી તારામાં, ભક્તિ કર કે લાખ કર. આહાહા..! '**શુદ્ધ, બુદ્ધ એક ચૈતન્ય સ્વભાવ પરમાત્મા સે ભિન્ન હૈં,...**' કોણ બે? પુણ્ય અને પાપ, શુભ અને અશુભ વિકલ્પ. એ શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ, એમાં પુણ્ય-પાપનો બેનો અભાવ છે. આહાહા..! અથવા આ હું પરમાત્મા છું એ બેય ભાવ ભિન્ન છે.

'**સો જિન મુનિયોંને દોનોં કો હેય સમજ લિયા હૈ,...**' આહાહા..! માર્ગ તો આવો છે પણ હવે લોકોને એવું થઈ ગયું છે કે બહારથી આ વ્રત કરે, તપ કરે, ત્યાગ કરે ને તો એને વધારે લાગે. ગૃહસ્થાશ્રમમાં હો પણ સમ્યગ્દૃષ્ટિ હોય તો એ મોક્ષમાર્ગે છે. અને ભાઈ આવે છે ને, અણગારો..

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા એ.

સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ તે મોક્ષના માર્ગે છે અને અણગાર મુનિ થઈને પણ મિથ્યાદૃષ્ટિ રાગથી પુણ્યથી ધર્માદિ માને તો એ માર્ગથી ભ્રષ્ટ છે. આહાહા..! '**સો જિન મુનિયોંને દોનોં કો હેય સમજ લિયા હૈ,...**' આહાહા..! અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિએ બેયને હેય માન્યા છે, પણ અહીંયાં તો બેથી ખસીને સ્થિરતા વધી ગઈ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં હજી બેય વર્તે છે ઘણાં પુણ્ય અને પાપના ભાવ. એના પ્રત્યે હેયબુદ્ધિ છે, બેય બંધના કારણ છે. પણ મુનિને તો એ પુણ્ય-પાપના ભાવ ઘણાં જ ઘટી ગયા અને સમરસભાવ વધી ગયો છે. સ્થિરતામાં પણ વધી ગયો છે. આહાહા..! '**હેય સમજ લિયા હૈ, પરમધ્યાનમેં આરૂઢ હૈં,...**' આહાહા..! '**ઉનકી મૈં બાર બાર બલિહારી જાતા હૂં.**' આહાહા..! એની તો હું વારંવાર વારંવાર બલિ બલિ જાઉં છે ને બે વાર? પાઠમાં છે ને? '**बलिं बलिं**' શબ્દ છે બે વાર. આહાહા..! '**બાર બાર બલિહારી જાતા હૂં.**' આહાહા..! લ્યો, એક ગાથા થઈ પણ બહુ સરસ થઈ. બહુ સરસ છે! આહાહા..! કાંઈક નીકળી જાય એવા શલ્ય છે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૧૬૦

अथ-

२९१) उव्वस वसिया जो करइ वसिया करइ जु सुण्णु।
बलि किज्जउँ तसु जोइयहिँ जासु ण पाउ ण पुण्णु।।१६०।।
उद्वसान् वसितान् यः करोति वसितान् करोति यः शून्यतान्।
बलिं कुर्वेऽहं तस्य योगिनः यस्य न पापं न पुण्यम्।।१६०।।

उव्वस इत्यादि। उव्वस उद्वसान् शून्यान्। कान्। वीतरागतात्त्विकचिदानन्दोच्छलन-निर्भरानन्दशुद्धात्मानुभूतिपरिणामान् परमानन्दनिर्विकल्पस्वसंवेदनज्ञानबलेनेदानीं विशिष्टज्ञानकाले वसिया करइ तेनैव स्वसंवेदनज्ञानेन वसितान् भरितावस्थान् करोति जु जो यः परमयोगी सुण्णु निश्चयनयेन शुद्धचैतन्यनिश्चयप्राणस्य हिंसकत्वान्मिथ्यात्व-विकल्पजालमेव निश्चयहिंसा तत्प्रभृति-समस्तविभावपरिणामान् स्वसंवेदनज्ञानलाभात्पूर्वं वसितानिदानीं शून्यान् करोतीति बलि किज्जउं तसु जोइयहिं बलिर्मस्तकस्योपरितन-भागेनावतारणं क्रियेऽहमिति तस्य योगिनः। एवं श्रीयोगीन्द्रदेवाः गुणप्रशंसां कुर्वन्ति। पुनरपि किं यस्य योगिनः। जासु ण यस्य न। किम्। पाउ ण पुण्णु वीतरागशुद्धात्मतत्त्वाद्विपरीतं न पुण्यपापद्वयमिति तात्पर्यम्।।१६०।।

---

आगे फिर भी योगीश्वोंकी प्रशंसा करते हैं-

गाथा-१६०

अन्वयार्थ :- [यः] जो [उद्वसान्] ऊजड़ हैं, अर्थात् पहले कभी नहीं हुए ऐसे शुद्धोपयोगरुप परिणामोंका [वसितान्] स्वसंवेदनज्ञानके बलसे बसाता है, अर्थात् अपने हृदयमें स्थापन करता है, और [यः] जो [वसितान्] पहलेके बसे हुए मिथ्यात्वादि परिणाम हैं, उनको [शून्यान्] ऊजड़ करता है, उनको निकाल देता है, [तस्य योगिनः] उस योगीकी [अहं] मैं [बलिं] पूजा [कुर्वे] करता हूँ, [यस्य] जिसके [न पापं न पुण्यम्] न तो पाप है और न पुण्य है।

भावार्थ :-जो प्रगटरुप नहीं बसते हैं, अनादिकालके वीतराग चिदानंदस्वरुप शुद्धात्मानुभूतिरुप शुद्धोपयोग परिणाम उनको अब निर्विकल्प स्वसंवेदनज्ञानके बलसे बसाता है, निज स्वादनरुप स्वाभाविक ज्ञानकर शुद्ध परिणामोंकी बस्ती निज घटरुपी नगरमें भरपूर करता है। और अनादिकालके जो शुद्ध चैतन्यरुप निश्चयप्राणोंके घातक ऐसे मिथ्यात्व रागादिरुप विकल्पजाल हैं, उनको निज स्वरुप नगरसे निकाल देता है, उनको ऊजड़ कर देता है, ऐसे परमयोगीकी मैं बलिहारी हूँ, अर्थात् उसके मस्तक पर

मैं अपनेको वारता हूँ। इसप्रकार श्रीयोगींद्रदेव परमयोगियोंकी प्रशंसा करते हैं। जिन योगियोंके वीतराग शुद्धात्मा तत्त्वसे विपरीत पुण्य-पाप दोनों ही नहीं हैं।।१६०।।

હવે, ફરી યોગીશ્વરોની પ્રશંસા કરે છે :-

ભાવાર્થ :-જે શૂન્ય (પૂર્વે નહિ વસેલા) એવા વીતરાગ તાત્ત્વિક ચિદાનંદથી ઉછળતા નિર્ભર આનંદમય શુદ્ધાત્માની અનુભૂતિરૂપ પરિણામોને પરમાનંદમય નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાનના બળથી અત્યારે વિશિષ્ટ જ્ઞાનના સમયે તે જ સ્વસંવેદનરૂપ જ્ઞાન વડે વસાવે છે-ભરપૂર કરે છે અને નિશ્ચયનયથી શુદ્ધ ચૈતન્યરૂપ નિશ્ચયપ્રાણના હિંસક હોવાથી મિથ્યાત્વ વિકલ્પજાળ જ નિશ્ચયહિંસા છે, તે હિંસાથી માંડીને પૂર્વે વસેલા સમસ્ત વિભાવપરિણામોને સ્વસંવેદનરૂપ જ્ઞાનની પ્રાપ્તિથી અત્યારે શૂન્ય(ઉજજડ) કરે છે, તે યોગીને હું વારી જાઉં છું અર્થાત્ હું માથું નમાવીને નમસ્કાર કરું છું, એ રીતે શ્રી યોગીન્દ્રદેવ ગુણોની પ્રશંસા કરે છે કે જે યોગીને વીતરાગ શુદ્ધ આત્મતત્ત્વથી વિપરીત પુણ્ય અને પાપ બન્ને નથી. ૧૬૦.

## વીર સંવત ૨૫૦૨, મહા વદ ૭, ગુરુવાર
## તા. ૧૦-૦૨-૧૯૭૭, ગાથા-૧૬૦-૧૬૧, વચન નં. ૨૧૨

પરમાત્મપ્રકાશ. ૧૬૦ ગાથા. 'આગે ફિર ભી યોગીશ્વરોંકી પ્રશંસા કરતે હૈં-'

२९१) उव्वस वसिया जो करइ वसिया करइ जु सुण्णु।
बलि किज्जउँ तसु जोइयहिँ जासु ण पाउ ण पुण्णु।।१६०।।

આહાહા..! એકદમ તત્ત્વની વાત છે ભાઈ આ. '**જો ઉજ્જડ હૈં, અર્થાત્ પહલે કભી નહીં હુએ ઐસે શુદ્ધોપયોગરૂપ પરિણામોં કા સ્વસંવેદન જ્ઞાનકે બલસે બસાતા હૈ,...**' જેના પરિણામ ઉજ્જડ હતા, ઉજ્જડ નામ ખાલી, શુદ્ધઉપયોગ નહિ. પુણ્ય-પાપના પરિણામ એ તો અશુદ્ધ ઉપયોગ છે, એ કાંઈ વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા..! પુણ્ય-પાપ છે, લીધું છે. '**जासु ण पाउ ण पुण्णु**' જે પરિણામમાં પુણ્ય-પાપ નથી અને જે પરિણામ પુણ્ય-પાપથી રહિત શુદ્ધઉપયોગથી ખાલી છે એને શુદ્ધઉપયોગથી વસાવે.

વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન છે. એના પરિણામમાં એના શુદ્ધ પરિણામ જે ધર્મસ્વભાવ એનાથી એ પરિણામ ખાલી છે. શુદ્ધઉપયોગરૂપી ધર્મ એનાથી પરિણામ ખાલી છે અનાદિથી. આહાહા..! એ ખાલીને વસાવે. પુણ્ય-પાપના ભાવથી રહિત શુદ્ધ ચૈતન્યના આનંદના આશ્રયે શુદ્ધ પરિણામ જે થાય એને વસાવે. ખાલીને વસાવે, વસેલાને કાઢી નાખે. ઝીણી વાત છે. એકદમ તાત્પર્ય છે ને અહીં

તો. છેલ્લી ગાથાઓ છે ને. આહાહા..! જે એના પરિણામમાં પુણ્ય અને પાપના ભાવ વસેલા છે એ શુદ્ધઉપયોગથી ખાલી છે. આવી વાત હવે આ ધર્મ. વસ્તુ છે એ તો સ્વભાવથી ભરેલી ચીજ છે ભગવાનઆત્મા, પણ એના પરિણામમાં જે એના શુદ્ધ પરિણામ જોઈએ તેનાથી તે અનાદિથી ખાલી છે. આહાહા..! ખાલીને વસાવે. લ્યો, આ વાસ્તુ. મકાન-બકાન કરે અને વાસ્તુ કરે છે ને પછી. પાંચ-પચાસ હજાર ખર્ચે અને મોટા અમલદાર અધિકારીઓને બોલાવે. હો..હા.. હો..હા... ધુમાડા કરે પૈસાના. આ કહે છે કે જેમાં વાસ્તુ થયું નથી કોઈ દિ'. આહાહા..! ભગવાન પોતાના ઘરે આવ્યો નથી કોઈ દિ'. આહાહા..! દુનિયાનું આકર્ષણ પદાર્થોને લક્ષમાંથી છોડી દઈ અને પુણ્ય-પાપના શુભ-અશુભભાવ છે એમાં એ વસેલા છે પરિણામ, રહેલા છે અને શુદ્ધઉપયોગથી ખાલી છે. બહુ એકદમ તાત્પર્ય વાત છે.

એ વસ્તુ સ્વરૂપ જે ચૈતન્યઘન ભગવાન, એના સન્મુખના પરિણામથી અનાદિથી ખાલી છે અને એ અનાદિથી એનાથી વિમુખ જે પુણ્ય-પાપના ભાવ છે એનાથી વસેલો છે. આહાહા..! ઘરમાં વસ્યો છે કે મકાનમાં વસ્યો છે, શહેરમાં વસ્યો છે એ નહિ. આહાહા..! જે ભગવાનઆત્મા જ્ઞાન, આનંદ, સચ્ચિદાનંદ પ્રભુ જિનસ્વરૂપી આત્મા એનાથી વિરુદ્ધ જે પુણ્ય-પાપના ભાવમાં એ વસેલો છે અનાદિથી. એ ઘરમાં આવ્યો નથી, ઘરની વસ્તુ કરી નથી, પારકે ઘરે વાસ્તુ કરી. આહાહા..! આ મકાન ને ફકાન એ વાત તો અહીં કરી નથી. આહાહા..!

મુમુક્ષુ :— પહેલા આ બધું ઉજ્જડ હતું, આપે વસાવ્યું.

ઉત્તર :— એ એને કારણે આવ્યું છે. એ તો સવારે કહ્યું નહિ? ભાઈ! કે હવે તમે બહુ .. રામજીભાઈએ એમ લખ્યું કે મહારાજના પગલે, શું કહેવાય બીજું? દાન દાન. ભૂલી ગયા. રામજીભાઈએ લખ્યું છે નવનીતભાઈને કે આ પૈસા તમે જ્યાં ત્યાં પત્થરમાં નાખી ઘો છો, એ પૈસા તો જ્ઞાન ખાતે નાખવા જોઈએ. એય..! ચીમનભાઈ! રામજીભાઈની ભલામણ છે. હું એમ કહું છું હવે તો કે હવે આ ઉંમર ૮૭ થઈ ગઈ, જ્યાં ત્યાં હવે પથરામાં પૈસા નાખો છો મકાનમાં. એ પાછું અહીંથી આ શરીર પડી જશે અને અહીંથી આ આત્મા તો ચાલ્યો જશે. આહાહા..! ૮૭નો ચોથો ભાગ પણ હવે રહેવાનો નથી.

મુમુક્ષુ :— એવું કાંઈ નથી. ...

ઉત્તર :— ... આહાહા..! ખોરાક સાધારણ અને બધું સાધારણ.

મુમુક્ષુ :— ખોરાકની સાથે આયુષ્યને કાંઈ સંબંધ નથી.

ઉત્તર :— પણ એવું શરીર પહેલેથી સાધારણ છે, આ તો કેમ ચાલ્યું આટલું. આહાહા..! એને પછી આ બધા મોટા કેટલા મકાનો. સોસાયટીના અને વળી ત્યાં તમારે બંગલા કર્યા રસોડા ઉપર બે અઢી લાખના, શું કહેવાય એ? મેડીયું. મેડી ને? માળ માળ. હવે આ અહીંયાં સોસાયટી. વળી ઓલા પંદર એના બે-ત્રણ જણ આવ્યા છે હજી તો બીજા આવ્યા પણ નથી. મોટું મોટું કરી ૩૫, ૪૦-૪૦ હજારનું એક મકાન. પાયખાના-બાયખાનામાં એવા પૈસા નાખવા. અહીંયાં તો શાસ્ત્રના

પ્રચારને માટે વાત છે. સિદ્ધાંતનું તત્ત્વ યથાર્થ શું છે? એને માટે શાસ્ત્ર બનાવીને સોંઘા કરવા એ વાત છે હવે તો. બધું હવે ફલાણું કરવું, ઢીંકણું એ કાંઈ ન મળે. આહાહા..! આવો માર્ગ પ્રભુનો લોકોને કાને ન પડે બિચારા શું કરે? આહાહા..! એટલે જેમ બને તેમ બધું બહારનું પૂંછડું લાંબુ ન કરવું. હવે એવો અવાજ બહારથી કે બધા ખાલી પડશે એટલે રબારીઓ કહે અમે ગરી જશું. અહીં કહે છે ઝાઝા માણસ ક્યાં રહે છે? એવો અવાજ આવ્યો હતો, બહારથી કો'કે કહ્યું હતું. કો'કે કહ્યું હતું એ ખબર છે. સમજાણું કાંઈ?

અહીં તો વસ્તુ ભગવાનઆત્મા, આહાહા..! જેમાં વસ્યો છે તે એની ચીજ નથી અને જેમાં વસવું છે એ એની પાસે નથી અનાદિથી. આહાહા..! વસ્તુ આવી છે, બાપુ! આહાહા..! એ પરમાત્મપ્રકાશમાં તો આવી ગયું ઘણું, નહિ? દેવ-ગુરુ-શાસ્ત્ર બધા નાશવાન છે. એ કાળના અગ્નિના ઈંધણા છે. કાળરૂપી અગ્નિના ઈંધણા છે બધા. એ જાત્રાના ફળો, દેવના ફળો, દેવની પ્રતિમાઓ, દેવના મંદિરો એ કાળરૂપી અગ્નિના ઈંધણ લાકડા છે. આહાહા..! ૨૬-૨૬ વર્ષનો જુવાન માણસ જુઓને આ વજુભાઈનો. વજુભાઈ છે? ગયા. એના ફઈના દીકરાનો દીકરો ૨૬ વર્ષનો જુવાન. અમેરિકામાં ૯૦ નંબરે પાસ. અમેરિકા એમાં પાસ. કેટલા ભણનારા ત્યાં હશે. કુંવારો. માન આપ્યું લોકોએ કે, ઓહોહો..! અમેરિકામાં પણ આટલા નંબરે તમે પાસ! બહુ તમારી બુદ્ધિની વિદ્વતા. લોકો કહે અમારે તો જાવું છે દેશમાં હવે. સન્માન દેવું છે, તમે ત્યાં સુધી રોકાવ. એ સન્માન આપ્યા લોકોએ. પછી એ દિવસે ગમે તે, પણ રાત્રે ૧૧ વાગ્યા સુધી તો જાગતો હતો. વાતચીત કરે. સૂતો સવારે મરી ગયો. મડદું. આહાહા..! નાશવાનમાં શું હોય, બાપુ! એ જાગ્યા એ સૂશે નહિ, સૂતા એ જાગશે નહિ. એક દિ' એવું થશે બાપુ! એ તો નાશવાનમાં બાપુ શું લેવું ત્યાં? આહાહા..!

ચોકમાં એક ગીની ખોવાઈ ગઈ હોય ચોકમાં, એ પછી ગોતવા જાય ત્યાં ક્યાંથી હોય બાપા! હજારો માણસો જાતા હોય એ લઈ લે. એમ કાળના ચોકમાં પડી છે વસ્તુ શરીર આદિ. કાળ આવશે તો ઉપડી જશે ફડાક દઈને. આહાહા..! શાશ્વત વસ્તુ તારી જે છે, આહાહા..! એમાં પર્યાયમાં, કદી એની પર્યાયમાં વસ્યો નથી. કહો, ભગવાનજીભાઈ! મકાન-બકાન આ બધા ૪૦-૪૦ લાખના મકાન. જુઓ શાહુજીને ૪૦ લાખનું મકાન દિલ્હીમાં. ઓલાને ત્યાં ગોવામાં ૪૦ લાખના. ૧૦-૧૦ લાખના બે. બાપા! કોની ચીજ ભાઈ? તારી ચીજ તો અંદર આનંદકદ પ્રભુ છે ને. આહાહા..! એના પરિણામ જે શુદ્ધ જોઈએ, તેનાથી તો અનાદિથી તું અણવસ્યો છો, એમાં તો કોઈ દિ' વસ્યો નથી. આહાહા..! એ કહે છે જુઓ!

'**ઉજ્જડ કરતા હૈ,...**' આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એના પરિણામ એનાથી ઉજ્જડ છે. આહાહા..! બહારના આકર્ષણોમાં ખેંચાઈને મરી ગયો છે. આહાહા..! અંદર ભગવાનઆત્માનું આકર્ષણ એણે કર્યું નથી. એકદમ અહીં તો સાર વાત છે ને. પરમાત્મપ્રકાશની છેલ્લી ગાથાઓ છે. આહા..! ઉજ્જડ છે. આહાહા..! '**પહલે કભી નહીં હુએ ઐસે શુદ્ધોપયોગરૂપ પરિણામોંકા...**' '**વસિતાન્**' એને વસાવ. કઈ રીતે? '**સ્વસંવેદનજ્ઞાન કે બલ સે...**' આહાહા..! બીજા બધા

વિકલ્પોને છોડી દે, પ્રભુ! તને તારામાં રહેવું હોય તો. આહાહા..! જ્યાં અમૃતનો સાગર ડોલે છે અંદર. આહાહા..! સુખામૃતનો સાગર પ્રભુ છે તેમાં તારા પરિણામને વસાવ. આહાહા..! એકદમ સાર છે. આહાહા..! અરેરે! બે, પાંચ, દસ લાખનું મકાન કર્યું હોય અને વાસ્તુ કરે છે તો કેટલો હરખ કરે છે! ઓહો..! આજ તો આમ થયું, મોટા ણાણસો આવ્યા હતા, ઢીંકણા આવ્યા હતા. પુણ્યવંત પ્રાણી બાપા, તમે દસ લાખના મકાન અને વાસ્તુ. અને વળી બે, ચાર હજાર, પાંચ, દસ હજાર ખર્ચ્યા. આહાહા..! પણ પ્રભુ! તારા વસવામાં કેટલો હરખ થાય છે? આહાહા..! આનંદનો નાથ પ્રભુ સ્વસંવેદન જ્ઞાનબળથી શુદ્ધોપયોગને વસાવ. આહાહા..!

**'उद्वसान् वसितान्'** ખાલીને ભરી દે. જે શુદ્ધોપયોગથી ખાલી પરિણામ છે એને શુદ્ધોપયોગથી ભરી દે. આહાહા..! ગજબ છે ને! સંતોની શૈલી તો જુઓ. આહાહા..! અને પાછું કહેશે હોં છેલ્લે. **'जासु ण पाउ ण पुण्णु'** આ લેવું છે પાછું. જેમાં નથી પાપ અને પુણ્યના ભાવ. આહાહા..! છે? ૧૬૦. ચોથું પદ ચોથું. ચોથું પદ છે ને? **'जासु ण पाउ ण पुण्णु'** આહાહા..! જે પરિણામમાં પુણ્ય અને પાપ નથી એવા પરિણામમાં વસ, એને વસાવ. આહાહા..! આ એકલા બહારની ક્રિયાકાંડમાં રોકાય છે ને. અને અમે ધર્મ કરીએ. બાપુ! એ બધા પુણ્ય-પાપમાં પુણ્યમાં વસવું છે. એ આત્માનું વસવું અને ધર્મનું વસવું નથી એમાં ભાઈ! આહાહા..! દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, શુભ વિકલ્પ.

અરે! કાલે તો ત્યાં સુધી નહોતું આવ્યું? કે ઈન્દ્ર અને કીડો ધર્મીને બેય સરખા છે. બહુ પુણ્યવંત ઈન્દ્ર માટે જેને ચોસઠ દેવો જેને આમ ઓલી કરે, શું કહેવાય? દેહરક્ષણ. અંગરક્ષક. અંગરક્ષક હોય છે ને. આહાહા..! ચાર બાજુ ચોર્યાસી હજાર, ચોર્યાસી હજાર દેવ ઈન્દ્રને હોય છે. એ ઈન્દ્રપદ અને કીડો જેને ઈન્દ્રિયો પણ પાંચ નથી. આહાહા..! ઈન્દ્રને આ સામગ્રી અને ઈન્દ્રગોપને પાંચ ઈન્દ્રિય નથી. આહાહા..! પ્રભુ! બેય સરખા જાણ. આ ઠીક અને આ અઠીક એમ રાગ-દ્વેષ ન કર. આહાહા..! એમ ચિંતામણી ને કાંકરો. આહાહા..! જીવના ભેદ લીધા બે, પછી પુદ્‌ગલના બે ભેદ. ભાઈ! પ્રભુ! તું આત્મા સમભાવી સ્વરૂપ છે ને તારું. આહાહા..! એને સમભાવમાં એવો લાવ કે જેને ચિંતામણિ રત્ન અને કાંકરા બે સરખા લાગે. આહાહા..! બે.

ત્રીજું ગુણ-ગુણીના ભેદના વિકલ્પને છોડી દે. પરનું તો કાઢી નાખ્યું. મોટપ અને હીણપ. ચિંતામણિરત્ન અને કાંકરો એ બધું કાઢી નાખ્યું. બાપુ! એ બધા પરમાણુની દશા છે જગતની. આહાહા..! તું તારામાં જે ભેદ છે ગુણ-ગુણીનો, ઓહોહો..! એ ગુણી પ્રભુઆત્મા અને અનંતગુણો છે, એ ભેદ છે તે પણ વિકલ્પ છે અને વિષમભાવ છે. આહાહા..! ઈન્દ્રને મોટો માનવો અને કીટ-કીડાને નાનો માનવો એ બધું વિષમતા છે કહે છે. ચિંતામણિ રત્નને ઊંચું માનવું અને કાંકરાને હલકો તુચ્છ માનવો એ બધો રાગ-દ્વેષ છે. આહાહા..! એ છોડીને હવે તારો જે ભગવાનઆત્મા! આહાહા..! દિગંબર સંતોની કથની તો, આહાહા..! તીવ્ર વચનો. શ્રીમદ્ કહે છે ને? દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. શ્વેતાંબરની મોળાશને લઈને, શિથિલતાને લઈને, મોળાશ લીધી, રસ ઠંડો પડે છે. આહાહા..!

પ્રભુ! તારે આ મનુષ્યપણામાં સફળ કરવું હોય તો આ છે. બાકી બધું નિષ્ફળ અને અફળ છે. આહાહા..! સમજાણું કાંઈ? જેમાં પરિણામમાં શુદ્ધપણું વસ્યું નથી અને જેના પરિણામમાં અશુદ્ધ પરિણામ વસેલા છે એ વસેલો નથી તેને વસાવ અને વસેલા છે તેને છોડી દે. આહાહા..! આવી વાતું છે, માણસને... આ લોકોના ચર્ચા તર્ક મોટા કે આ વ્રત ને તપ ને દયા ને દાન એ આચરણ છે એ સાધન છે અને એનાથી આત્મા પ્રાપ્ત થશે. આહાહા..! જે એની ચીજમાં નથી એ ચીજથી એ મળશે. એના ચીજમાં તો પવિત્રતા છે તો પવિત્રતાના પરિણામથી તે મળશે. એ અપવિત્ર પરિણામથી આત્મા મળશે નહિ. આહાહા..! એમ ભગવાનનો પોકાર છે ને. આહાહા..! કેવળી તીર્થંકરનો એમ પોકાર છે ભાઈ! આહા..! આ શરીરની સ્મશાનમાં રાખ થાશે એકવાર. એ આ ભવે થશે. હેં! કે બીજે ભવે? આહાહા..! 'હાડ બળે જ્યું લકડી, કેશ બળે જ્યોં ઘાસ.' મોટા વાળ હોય કેશ ઘાસ સળગે એમ સળગશે હડ.. હડ... હડ... અને હાડકા લાકડાની પેઠે સળગશે. 'હાડ બળે જ્યું લકડી, કેશ બળે જ્યોં ઘાસ.' આહાહા..! પ્રભુ! આવો અવસર તને ક્યારે મળશે પછી? આહાહા..! પોપટભાઈ! અહીં તો વાત આ છે બાપા! આવી વાત છે પ્રભુ! તારી પ્રભુતા તને નજરમાં ન આવે અને બીજાની જે હીનતા તેને પ્રભુતા ભાસે. આવી રાંકાઈ તેં અનંતવાર સેવી છે.

મુમુક્ષુ :— આ અવસરે માનીએ એમ.

ઉત્તર :— હા અવસર. મોક્ષમાર્ગપ્રકાશકમાં તો કહ્યું છે ને, સબ અવસર આ ગયા હૈ ભાઈ! આહાહા..! ત્રણલોકના નાથની સત્ય વાણીને સાંભળવા જેવું આવી ગયું તને હવે. આહાહા..! હવે પ્રભુ કરવાનું હોય એ કરને કહે છે. આહાહા..! જ્યાં પ્રભુ બિરાજે છે ત્યાં જા ને અંદર. આહાહા..! બહારની વિકલ્પની બાજીને સંકેલ અને નિર્વિકલ્પતામાં આવી જા. આહાહા..! શી રીતે આવવું?

'**સ્વસંવેદનજ્ઞાન કે બલસે...**' આ પાછું કારણ આપ્યું ભાઈ! ઓલા કહે કે આ વિકલ્પથી થાશે ને ઢીંકણાથી થાશે. આહાહા..! આવું છે ભાઈ! શરીરની જુવાની બાપા! આહાહા..! એ જુવાની ઝોલા ખાઈને વૃદ્ધાવસ્થા આવી જશે. મોઢા ફાટી જશે. આહાહા..! જુવાનીમાં પણ મરી જાય છે ને, આ દેહ છૂટી જાય. આહાહા..! આ ૨૬ વર્ષની વાત નથી? હજી તો કુંવારો છોકરો હતો. ભણીને આવતો હતો અને અહીં પછી લગન કરવાના. કેટલી હોંશુ હશે. બાપા! એ શું કરે છે પરની હોંશ ભાઈ! એ તો નાશવાન છે ને. અહીં તો એ વાત પણ કરી નથી. અહીં તો પુણ્ય-પાપના વિકલ્પ જે નાશવાન, વિભાવ અને અધર્મ છે એમાં તું વસ્યો છો, એ વસ્યો છો એને છોડી દે. આહાહા..! બહુ લાગે માણસને. આનું પણ સાધન? એ સાધન જ આ છે જુદું પાડવું અને અંદર વસવું એ સાધન છે. આહાહા..!

મુમુક્ષુ :— પ્રજ્ઞાછીણી ઈ સાધન.

ઉત્તર :— પ્રજ્ઞાછીણી. આવ્યું હતું ને, કીધું હતું ને. આહાહા..! એ પુણ્યના પરિણામ એ રાગ છે એનાથી ભિન્ન પડીને નિર્મળ પરિણામમાં આવ એ સાધન છે. આહાહા..! કેમકે વસ્તુના સ્વભાવમાં સાધન નામનો એક ગુણ છે. તો એ ગુણનો અંશ જે છે તો નિર્મળ પર્યાયમાં સાધનપણું

આવ્યું છે. સમજાણું કાંઈ આમાં? આહાહા..!

નિર્મળ પરિણામ શુદ્ધોપયોગ થવા એ સ્વસંવેદન જ્ઞાનબળ થયું. એ સ્વસંવેદન જ્ઞાનબળ એના પરિણામમાં ષટ્કારકનું પરિણમન છે. આહાહા..! દ્રવ્ય અને ગુણમાં છે તો એ દ્રવ્ય-ગુણ પણ જેના કર્તાકર્મ પર્યાયમાં નથી. જેની પર્યાયમાં નિર્મળતા એનો કર્તા અને કર્મ અને કરણ એની પર્યાયમાં વસે છે. એ પર્યાયમાં રાગને સાધન કહેવું એ તો ઉપચારથી જ્ઞાન કરાવવા કહ્યું છે. આહાહા..! જે સાધનની શક્તિથી પરિણમન ઊભું થયું છે, પોતાની સાધનશક્તિથી પર્યાય ઊભી થઈ છે. સમજાણું કાંઈ? રાગ ને પુણ્યના સાધનને છોડી દે. પૈસા-બૈસા તો ક્યાંય રહી ગયા ધૂળ ને. હેં!

મુમુક્ષુ :— એનાથી આ સાધન મળે એવું નથી.

ઉત્તર :— આહાહા..! લાખો રૂપિયાના દાન કર ને એથી આ આત્મા મળે (એમ નથી), બાપુ! એ તો વિકલ્પ છે, રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**वसितान्**' વસ. વસમાં વ્યાખ્યા કરી પાછી પોતે કે શેથી વસવું? સ્વસંવેદનજ્ઞાન. ભગવાનઆત્માને સ્વ પોતાનું સં-પ્રત્યક્ષ જ્ઞાનના વેદનથી શુદ્ધોપયોગમાં વસ. આહાહા..! પરથી ખસ, સ્વરૂપમાં વસ એટલું ટૂંકું ટચ, આ કહેવાનું બસ. આહાહા..! ટૂંકી વાતું લીધી છે એકદમ. આહાહા..!

ઊંધી દૃષ્ટિ અને રાગ-દ્વેષના ઊંડા કૂવામાં ઉતરી ગયો છો તું, કહે છે. આહાહા..! હેં! બાઈને ધણી મરી જાય ને નાની ઉંમરમાં (એટલે) એ રોવે. કૂવામાં ઉતારીને શું કહેવાય? દોરડા કાપ્યા. એવું બધું અમારે ઘરે થયેલું ને. તો સાંભળેલું તે દિ' ૫૭ની સાલ. મોટા ભાઈ હતા. દીપચંદભાઈ ૫૭માં ગુજરી ગયા. પાણી લાગ્યું હતું. બહુ રૂપાળું શરીર હતું અને ૨૮ વર્ષની ઉંમર. એક જ છોકરો થયેલો. અને પછી રોવે.. રોવે... કૂવામાં ઊંડા ઉતારીને, શું કાંઈક ભાષા છે. .. કાપ્યા—દોરડું કાપ્યું. નાખી હેઠે આ. અરે! ધૂળેય નથી સાંભળને. તેં તારા દોર ઉપયોગના કાપીને રાગ-દ્વેષમાં ઉતરી ગયો ઊંડો. આહાહા..! શુદ્ધોપયોગના દોરની સંધિ તેં તોડી નાખી, પ્રભુ! આહાહા..! ઊંડે કૂવે ઉતરી ગયો બાપા. આહાહા..! તેં સંધિ રાગથી ભિન્ન કરીને સ્વસંવેદનજ્ઞાન બળે કરીને શુદ્ધોપયોગને વસવું જોઈએ એ તો તેં તોડી નાખ્યું પ્રભુ. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયનો પતિ એવો જે ભગવાન, એ પર્યાયને એ બાજુ ન વાળતા તેં રાગમાં વાળી તારો પતિ છૂટી ગયો ત્યાંથી. આહાહા..! સમજાણું કાંઈ?

આચાર્યે ટૂંકી ભાષા પણ ગબજ છે ને! એ ઉજ્જડને વસાવ અને વસ્યું છે તેને ઉજ્જડ કર. આ બે શબ્દ. ઉજ્જડને વસાવ અને વસતી જે કરી છે તેને ઉજ્જડ કરી નાખ. આહાહા..! કહો, દેવીદાસભાઈ! આવી વાતું છે આ. આહાહા..! એ ઉજ્જડ છે, તારો નાથ છે પરિણામમાં એ નથી આવ્યો. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર એ પરિણામમાં આવ્યો નથી, એ ઉજ્જડ છે. એ પરિણામમાં વસ હવે. આહા..! એક વાત. શું કહ્યું?

**'અપને સ્વસંવેદનજ્ઞાન સે બસાતા હૈ, અર્થાત્ અપને હૃદય મેં સ્થાપન કરતા હૈ,**

**ઔર જો...'** '**वसितान्**' '**પહલે કે બસે હુએ મિથ્યાત્વાદિ પરિણામ...**' આહાહા..! મિથ્યાત્વ આદિ છે ને? પુણ્ય ને પાપના ભાવ એ પર્યાયમાં વસ્યા છે, એ પર્યાયનો ધણી કોઈ નથી. ધણી મિથ્યાત્વ છે. આહાહા..! એવા '**મિથ્યાત્વાદિ પરિણામ હૈં, ઉનકો ઉજ્જડ કરતા હૈ,...**' શૂન્ય શૂન્ય. આહાહા..! આકરી વાતું બાપા! માર્ગ તો એવો છે ભાઈ! સુખના પંથે જાવું બાપા, દુઃખના પંથને ઉજ્જડ કરી નાખવા. આહાહા..! ઇન્દ્રિયોના વિષયમાં શુભાશુભ ભાવમાં વસવું... આહાહા..! એ અગ્નિમાં સૂતો છે. આહાહા..! જ્વાળા અગ્નિની ફૂટી છે એમાં સૂતો. આહાહા..! એ વસેલાને ઉજ્જડ કર, એટલે શૂન્ય કર. એ પુણ્ય-પાપનો વિકલ્પ છે અને મિથ્યાત્વભાવ છે કે એ મને તારશે, એવો જે મિથ્યાત્વભાવ છે એને શૂન્ય કર હવે. આહાહા..! સ્વભાવને શૂન્ય કર્યું હતું, હવે આને શૂન્ય કર. આહાહા..! દિશા ફેરવી નાખ ભાઈ! દશા કરવી હોય તો દિશા ફેરવવી પડશે. આત્મદશા કરવી હોય તો દિશા ફેરવવી પડશે ભાઈ! આહાહા..! તને એમાં આનંદ આવશે. તારામાં વસીશ તો તને મકાનમાં વસે ને જેમ હરખ કરે છે એ તો દુઃખ છે. હરખ નથી, એ તો કષાયની અગ્નિ સળગે છે. વાસ્તુ લીધું આજ તો આમ કર્યું રંગરોગાન થયા મકાનને, થાંભલા રોપ્યા છે. આહાહા..! નથી એક ઠેકાણે નાખ્યું? બધા મકાન કર્યા છે ને થાંભલા. ક્યા ગામમાં? નદી બનાવી છે અને આમ બધા ગામ બનાવ્યા. મોટા મકાન આપણે જોવા ગયા હતા ત્યાં. થાંભલામાં બધા દેવો ને...

મુમુક્ષુ :— પોરબંદરમાં નાનજી કાળીદાસનું મકાન.

ઉત્તર :— હા હા એ. હા એ નાનજી કાળીદાસનું. મોટા કર્યા છે. ઘણા બધા ખર્ચીને. બધા દેવોના, દિગંબરના પણ નાખ્યા છે ચિત્ર. મકાન છે. આહાહા..! એમાં વસે તો એમ લાગે કે, ઓહોહો..! તે દિ' તો ભાઈ નાનભાઈ હતા સાથે આવ્યા હતા બતાવવા. છે ને સાત-આઠ કરોડ રૂપિયા. લુહાણા નહિ? લુહાણા છે. પોરબંદર. વ્યાખ્યાનમાં આવતા હતા. (પછી કહ્યું), એક ફેરી અમારું મકાન જોવા આવો. ગયા હતા. આવા મોટા થાંભલામાં ચિતરેલા ઓલા નદીયું ને આ મોટું. દેશ ઊભો કર્યો હતો. પૈસાવાળો માણસ છે. આફ્રિકાનો. ગુજરી ગયા એ તો. અહીં આવ્યા હતા. આના ભગત હતા.

અહીંયાં કહે છે કે વસ્તી જે વસી છે પુણ્ય-પાપની અથવા મિથ્યાશ્રદ્ધા, અવ્રત પરિણામ, આદિના પરિણામને ઉજ્જડ કરે છે. આહાહા..! '**ઉનકો નિકાલ દેતા હૈ,...**' આહા..! '**तस्य योगिनः**' '**ઉસ યોગીકી મૈં પૂજા કરતા હૂં,...**' માથા ઉપર રાખીને પૂજા કરું છું. ધારણ કરતા હૂં. મોટા રાજા હોય ને પછી એને ગીનીઓ વડે પૂજા કરે. બહારથી આવ્યા હોય ને તો ગીની ગીની. એમ આ કહે છે કે હે મુનિ! જેને આત્માનો ઉપયોગ વસ્યો છે શુદ્ધ અને ઇન્દ્રિયોના વિષયો અને શુભાશુભભાવને ઉજ્જડ કરી નાખ્યો છે એને હું બલિ જાઉં છું, એના માથા ઉપર હું વારંવાર વારંવાર બલિ જાઉં છું, એની પ્રશંસા કરું છું. આહાહા..! કહો, પુણ્યને કરે છે એની પ્રશંસા કરતા નથી. હેં! ગમે એટલા પુણ્ય કરતા હોય, મોટી ભક્તિ ને મંદિરો ને... આહાહા..! ભરત ચક્રવર્તીએ ત્રણ

ચોવીસીના સોનાના મંદિર બનાવ્યા હતા. પર્વત, કયો પર્વત? કૈલાસ કૈલાસ. છે ને આપણે ઓલામાં? અહીં છે. ત્યાં પણ છે આપણે, પ્રવચનમંડપમાં છે બારણા ઉપર. ત્રણકાળના ત્રણે ચોવીસીના સોનાના મંદિર. હવે એને ક્યાં તૂટો હતો ત્યાં હીરાને કરે તોપણ. સોનાના કરાવ્યા સોનાના. એ તો એક શુભભાવ છે. આ મહાપ્રભુ મંદિર છે એમાં વસે તો તે પવિત્રતા પ્રગટ કરે એવું છે.

**'तस्य योगिनः' 'પૂજા કરતા હૂં,...'** કોને? **'જિસકે' 'न पापं न पुण्यम्' 'ન તો પાપ હૈ ઔર ન પુણ્ય હૈ.'** આહાહા..! જેના ધ્યાનમાં ઉપયોગ છે, એના નથી પુણ્ય અને પાપ જેના પરિણામમાં. આહાહા..! એ આમાં આમ લોકોની રાડ છે. પણ એનું સાધન? આ કાંઈક ભક્તિ કરીએ, વ્રત કરીએ એમ કહે. અરે! પ્રભુ! એ સાધન નથી ભાઈ! આ પોતે આ સાધન છે. આહાહા..! સમજાણું કાંઈ? પૈસા થોડા ઘણા ભેગા થાય અને બાયડી ઠીક મળે, છોકરા ઠીક મળે ત્યાં ઓહોહો..! જાણે કેવા સુખી છીએ. ધૂળમાંય સુખી નથી. દુઃખની જ્વાળામાં બળી રહ્યો છે, એને ભાન ક્યાં છે? આહાહા..!

મુમુક્ષુ :— ભાન નથી તો નમાલા છે.

ઉત્તર :— બધા નમાલા છે પૈસાવાળા પણ. આહાહા..! ઓલા સર્પનું નહોતું કહ્યું? ચૂડામાં. કંદોઈ હતા. પ્રેમચંદભાઈ! ઓલા કુંવરજી કંદોઈ, કુંવરજી કંદોઈ. મોઢા આગળ દુકાન. એમાં ભજીયા કે કાંઈ કરતા હશે તેલનું કડાયું. ભજીયા કે પુરી ગમે તે. એમાં એની જ્વાળ લાગી જ્વાળા. ઉપર સર્પ જાય એને જ્વાળા લાગી. પડ્યો અડધો પડ્યો કડાઈમાં અને અડધો બહાર. હવે? એને બિચારાએ આમ એ તો આર્ય માણસ એટલે રાડ નાખે. આહાહા..! એ તાવેથો હોય એનાથી આમ કાઢ્યો બહાર. પણ ભાન ન મળે કે એ જાણે ઉગરવાનો રસ્તો ક્યાંક હશે. એ આહાહા..! અગ્નિથી હળ.. હળ.. હળ... હળ (થયો). એમ આ અજ્ઞાનીઓ રાગ ને દ્વેષની અગ્નિમાં હળ હળ પેસે છે. આહાહા..! બિચારા રાડ નાખી ગયા હતા. કંદોઈ હતા. એ લોકો શ્વેતાંબર પણ આને ..... ધર્માદો કાઢ્યો હોય એ અહીં આપી ગયા હતા એકવાર. સાંભળવા મળે નહિ, સમજાય નહિ એટલે આ શું હશે? (એમ થાય). એના કરતા તો ભગવાનના દર્શન કરીએ, દાન કરીએ એવું કરીએ તો આપણને હળવે હળવે ... એટલે એમ કરીને ઓલામાં ટેકો લે શુભરાગનો. આહાહા..! અહીં તો કહે છે કે જેને નથી પુણ્ય અને પાપ જેના પરિણામમાં. હતા તેને ટાળ્યા છે અને નહોતા તેને પ્રગટ કર્યા છે. એની હું પૂજા કરું છું.

**'ભાવાર્થ :— જો પ્રગટરૂપ નહીં બસતે હૈં,...'** શુદ્ધ પ્રગટરૂપ નથી, સ્વરૂપમાં છે. શક્તિરૂપે શુદ્ધોપયોગરૂપ વીતરાગસ્વરૂપ છે. આત્મામાં વીતરાગ સ્વરૂપ જ ભર્યું છે. આહાહા..! બીજી રીતે કહીએ તો શુદ્ધોપયોગ એટલે વીતરાગસ્વરૂપનો શક્તિ સ્વભાવ જ પડ્યો છે એમાં. એ છે જુઓ. **'પ્રગટરૂપ નહીં બસતે હૈં,...'** પર્યાયમાં એ વીતરાગતા નથી આવી. આહાહા..! **'અનાદિકાલ કે વીતરાગ ચિદાનંદસ્વરૂપ...'** એમાં તો એ શબ્દ છે ભાઈ માથે. નહિ? તાત્ત્વિક શબ્દ છે. વીતરાગ તાત્ત્વિક ચિદાનંદ. પહેલા એક ફેરી આવી ગયું હતું. તાત્ત્વિક. તાત્ત્વિક એટલે?

વીતરાગી ચિદાનંદસ્વરૂપ એ તાત્ત્વિક છે. આ વિષયના સુખો, બહારના સુખો એ તાત્ત્વિક નથી, એ તો ઝેર છે. આહાહા..! આ પરમાર્થ સુખ છે. છે?

વીતરાગ ચિદ્ નામ જ્ઞાનાનંદ સ્વરૂપ '**શુદ્ધાત્માનુભૂતિરૂપ શુદ્ધોપયોગ પરિણામ...**' આહાહા..! શુદ્ધોપયોગની વ્યાખ્યા કરી. પુણ્ય અને પાપ ભાવ છે તે અશુદ્ધોપયોગ છે. એનાથી અંદર આત્મામાં આવે છે પરિણામ એ શુદ્ધોપયોગ છે. શુદ્ધ ઉપયોગ એટલે શું? કે પુણ્ય-પાપનો અશુદ્ધ ઉપયોગ છે એનાથી રહિત વીતરાગ છે. અને પુણ્ય-પાપમાં તો રાગનું દુઃખ હતું. અને ચિદાનંદનું સ્વરૂપ છે આ તો. પરિણામ હોં. ચિદાનંદ સ્વરૂપ શુદ્ધાત્માનુભૂતિ. ઓલો રાગનો અનુભવ હતો, આ શુદ્ધાત્માનો અનુભવ છે. આહાહા..! આવો ઉપદેશ હવે માણસને.. ઓલું સામાયિક કરો, પડિક્કમણા કરો, પોષા કરો. ઓલો ચુડાવાળો કહેતો એક. રતિલાલ માસ્તર, નહોતો? પ્રેમચંદભાઈ! ઓલો રતિલાલ માસ્તર. એકવાર સાંભળવા આવ્યો હતો ત્યાં. આ મહારાજ આમ કહે છે, અપાસરાને તાળા દેવા પડે. કોણ કરે? એ તો કહે વ્રત ને તપ ને ભક્તિ ભાવ એ તો બધું પુણ્ય છે, ધર્મ નથી. એનો છોકરો આવ્યો હતો. ... સાંભળવું કઠણ પડે, મળે નહિ.

અહીં કહે છે કે શુદ્ધોપયોગ એટલે શું? અશુદ્ધોપયોગ એટલે શું? એ પુણ્ય-પાપના ભાવ, રાગના ભાવ, આકુળતાના ભાવ. આહાહા..! હવે શુદ્ધોપયોગ એ શું? કે વીતરાગ ચિદાનંદ સ્વરૂપ, શુદ્ધાત્માનુભૂતિ, શુદ્ધ ભગવાનનો અનુભવ એવો જે શુદ્ધ ઉપયોગ પરિણામ, શુદ્ધ ઉપયોગરૂપી પરિણામ. આહાહા..! નીચે વીતરાગ ન હોય એટલે એમ કહે છે. વીતરાગ તો સાતમે હોય, ફલાણું હોય, ઢીંકણું હોય, સરાગ સમકિત હોય. અરે! બાપુ! સરાગ સમકિત હોય નહિ, સમકિત તો શુદ્ધોપયોગરૂપ જ છે. સમજાણું કાંઈ? આહાહા..! શુદ્ધસ્વભાવની પ્રતીતિ ત્રિકાળની તે શુદ્ધપણે છે. આહાહા..! એ સરાગપણે નથી. આહાહા..!

અહીંયાં તો એમ કહેવું છે કે આવો શુદ્ધાત્મારૂપ ઉપયોગ છે એનાથી પરિણામ ખાલી છે અનાદિના. એ પરિણામમાં આ પરિણામ કર. આહાહા..! વીતરાગ જ્ઞાનાનંદ સ્વરૂપ, તાત્ત્વિક સ્વરૂપ. જ્ઞાનાનંદ સ્વરૂપ એ તાત્ત્વિક સ્વરૂપ છે. એ શુદ્ધાત્માનુભૂતિરૂપ શુદ્ધોપયોગ એ પરિણામ છે. પરિણામી ત્રિકાળ છે એના આ પરિણામ છે—પર્યાય છે. પર્યાય પણ છે કેવી? આહાહા..! જેમ ઓલા દયા, દાન, વ્રતાદિના પરિણામ એ અશુદ્ધ ઉપયોગ રાગવાળા, આકુળતાવાળા, દુઃખવાળા. અને આ છે તે શુદ્ધ ચિદાનંદ વીતરાગી આનંદસ્વરૂપ શુદ્ધાત્માનુભૂતિરૂપ પરિણામ. આહાહા..!

'**ઉનકો અબ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે બલસે બસાતા હૈ,...**' લ્યો, વસવું આવ્યું હતું ને?

મુમુક્ષુ :— બસાતા હૈ.

ઉત્તર :— વસાવે છે. બસાતા હૈ. વસે છે, એ પોતે વસે છે એમ. '**નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે બલસે બસાતા હૈ, નિજ સ્વાદનરૂપ...**' છે ને? પોતાના સ્વાદરૂપ. પુણ્ય-પાપ છે એ રાગના સ્વાદરૂપ છે. આહાહા..! મુનિને માટે કહે છે, શુદ્ધોપયોગરૂપી ધર્મ ચારિત્ર જેને અંગીકાર કરે છે. શુદ્ધ

ઉપયોગ જેને પરમ શુદ્ધ ઉપયોગ જેણે અંગીકાર કર્યો છે. અહીં કહે છે કે ના, શુદ્ધ ઉપયોગ હેઠે હોય નહિ. એ તો સાતમે હોય. પણ સાચું લક્ષણ .. હવે. આહાહા..! ... ભાઈ! ... માનશે તો બાપુ એના રસ્તા .. રખડવાના છે. આહાહા..! તારા લાભની વાતું છે ભાઈ. દુનિયા માને અને દુનિયા પ્રશંસા કરે. ... એથી તારા આત્માને શું? .. આ તો બાળબ્રહ્મચારી, ... મહાવ્રત પાળે છે. અરે! એ તો રાગવાળા પરિણામ, આસ્રવવાળા પરિણામ, પરલક્ષી પરિણામ. આહાહા..! એથી અહીં કહ્યું ને, વીતરાગી ચિદાનંદ સ્વરૂપ એવો જે શુદ્ધઉપયોગ પરિણામ એમાં વસે છે. આહાહા..!

'**નિજ સ્વાદનરૂપ સ્વભાવિક જ્ઞાનકર શુદ્ધ પરિણામોંકી બસ્તી નિજ ઘટરૂપી નગર મેં ભરપૂર કરતા હૈ.**' આહાહા..! એ નિજ ઘટરૂપી નગર એમાં આવા શુદ્ધ પરિણામથી ભરપૂર છે. ... આનંદસ્વરૂપ ચિદાનંદ પ્રભુ, એના તરફના પરિણામ પણ શુદ્ધ ઉપયોગથી ભરપુર છે કહે છે. આહાહા..! '**ઔર અનાદિકાલકે જો શુદ્ધ ચૈતન્યરૂપ નિશ્ચય પ્રાણોં કે ઘાતક...** ' આહાહા..! એ મિથ્યાત્વ પરિણામ, પુણ્યના પરિણામ, આહાહા..! એ '**અનાદિકાલકે જો શુદ્ધ ચૈતન્યરૂપ નિશ્ચય પ્રાણો...**' શુદ્ધનિશ્ચય જ્ઞાન, આનંદ જેના પ્રાણ, એને જે આ રાગપ્રાણ ઉત્પન્ન કરે છે વ્યવહાર, આહાહા..! એ એનો ઘાતક છે. આનંદનો ઘાતક એ પ્રાણ છે. એ રાગરૂપી અશુદ્ધ પ્રાણ, આહાહા..! શુદ્ધ પ્રાણનો ઘાતક છે. હવે એ અશુદ્ધ પ્રાણ શુદ્ધ પ્રાણની ઉત્પત્તિ કરે તો સાધક કહેવાય આને. આહાહા..! આત્મા આનુભવંતી નહોતું આવ્યું સવારમાં? પરને જીવાડી શકું, પરની રક્ષા કરી શકું, પરને અનુકૂળતા આપી શકું, એ ભાવ આત્માનો આત્માને હણનાર છે. આહાહા..!

આ પ્રાણ નિશ્ચયપ્રાણના ઘાતક '**ઐસે મિથ્યાત્વ રાગાદિરૂપ વિકલ્પજાલ હૈં,...**' વિપરીત માન્યતા અને રાગાદિ વિકલ્પ બધું, અસ્થિરતા. '**ઉનકો નિજ સ્વરૂપ નગરસે નિકાલ દેતા હૈ,...**' ઓલાને નિજ સ્વરૂપ નગરમાં વસાવે છે, ભરપુર કરે છે, આને ખાલી કરે છે. આને ભરે અને ઓલાને ખાલી કર એમ કહે છે. આવી ક્રિયા! આહાહા..! '**રાગાદિરૂપ વિકલ્પજાલ...**' એમ કહીને એ કહ્યું કે શુભવિકલ્પ છે એ પણ જાળ છે, આત્માના સ્વભાવની ઘાતક છે. એમ આવ્યું કે નહિ એમાં? જે ઘાતક છે તે સાધક થાય? આહાહા..! અમૃતનો સાગર ભગવાન અંદર, આહાહા..! નિશ્ચયપ્રાણને રાગ તે ઘાતક છે. આહાહા..! એ આનંદના સ્વાદને ઉત્પન્ન થવા દેતા નથી. અને આકુળતાને ઉત્પન્ન કરનારા એ આનંદના ઘાતક છે. આહાહા..! અને શુદ્ધોપયોગ છે તે આનંદનો ઉત્પાદક છે. પુણ્ય-પાપ રહિત શુદ્ધોપયોગ છે એ આત્માનો ઉત્પાદક છે આનંદનો અને આ રાગ છે તે આનંદનો ઘાતક છે. આહાહા..! આવી વાત છે, હવે એને કરવું? મોટી ચર્ચા માંડે, આ શાસ્ત્રમાં આમ કહ્યું છે... તને અંદરમાં વાળવાનો સાર છે આ. આહાહા..! બહારમાંથી નીકળી જા અને અંતરમાં જા. એની બધી ટીકા આખા શાસ્ત્રની છે. હવે તારે કાઢવું હોય એ કાઢ. સમજાણું કાંઈ?

'**ઉનકો ઉજ્જડ કર દેતા હૈ,...**' આહાહા..! અનાદિના પુણ્ય અને પાપ મારા એવા મિથ્યાત્વ તેને ઉજ્જડ કરી કાઢી નાખ. '**ઐસે પરમયોગીકી મૈં બલિહારી હૂં, અર્થાત્ ઉસકે મસ્તક પર મૈં અપનેકો વારતા હૂં.**' વારું છું. મસ્તક ઉપર વારે ને. આહાહા..! '**ઈસપ્રકાર શ્રી યોગીન્દ્રદેવ**

**પરમયોગિયોંકી પ્રશંસા કરતે હૈં.**' આહાહા..! મુનિ આવા હોય એમ કહે છે. ઉત્કૃષ્ટ વાત છે ને. દર્શન સહિત ચારિત્રની વાત છે ને. આહાહા..! એવા '**પરમયોગિયોંકી પ્રશંસા કરતે હૈં. જિન યોગિયોં કે વીતરાગ શુદ્ધાત્મા તત્ત્વ સે વિપરીત પુણ્ય-પાપ દોનોં હી નહીં હૈ.**' આહાહા..! જે સ્વભાવ તરફના શુદ્ધોપયોગમાં આવ્યો છે એને પુણ્ય અને પાપ બેય છે નહિ. એનાથી વિપરીત છે એ તો. શુદ્ધાત્મ તત્ત્વનો ઉપયોગ છે એનાથી પુણ્ય-પાપ તો વિપરીત છે. આહાહા..! એક એક ગાથાએ તો બાર અંગનો સાર કહે છે. ભાઈ! તારે સાર હોય તો આ કરવાનું છે. આહાહા..!

'**પુણ્ય-પાપ દોનોં હી નહીં હૈ.**' શુભ-અશુભભાવ બેય નહિ. ત્યારે એને શુદ્ધઉપયોગ હોય છે. આ કીધું ને, ઘાતક છે માટે ના પાડે છે. આહાહા..! હોય છે. આત્મભાન થયું, વીતરાગી ઉપયોગ પ્રગટ્યો તોપણ હજી વીતરાગ પૂર્ણ ન થાય ત્યાં સુધી રાગ હોય છે. છે તો એ ઘાતક. સાધકને મદદગાર નથી. આહાહા..! એ તો નિમિત્તના કથન છે. શ્રાવકને શુભઉપયોગ તે .... એમ કહે. એટલે કે પાપના પરિણામ થાય છે ત્યારે એવા પુણ્યના પરિણામ ભક્તિ આદિના હોય છે એને ... વિકલ્પ તો છે. બંધન તો છે. આહાહા..! ગૃહવાસ વસતા થકા નથી આવ્યું? યોગીન્દ્રદેવનું. એ તો વ્યવહારથી વાત કરી છે. અહીં તો ના પાડી પાછી. ગૃહવાસ વસતા થકા જે પોતાના ધ્યાનમાં રહે છે તે મુક્તિને યોગ્ય છે. આહાહા..!

---

## ગાથા-૧૬૧

अथैक सूत्रेण प्रश्नं कृत्वा सूत्रचतुष्टयेनोत्तरं दत्त्वा च तमेव पूर्वसूत्रघपञ्चकेनोक्तं निर्विकल्पसमाधिरुपं परमोपदेशं पुनरपि विवृणोति पञ्चकलेन–

२९२) तुट्टइ मोहु तडित्ति जहिँ मणु अत्थवणहँ जाइ।
सो सामइ उवएसु कहि अण्णेँ देविं काइँ।।१६१।।
त्रुट्यति मोहः झटिति यत्र मनः अस्तमनं याति।
तं स्वामिन् उपदेशं कथय अन्येन देवेन किम्।।१६१।।

तुट्टइ इत्यादि। तुट्टइ नश्यति। कोडसौ। मोहु निर्मोहशुद्धात्मद्रव्यप्रतिपक्षभूतो मोहः तडित्ति झडिति जहिं मोहोदयोत्पन्नसमस्तविकल्परहिते यत्र परमात्मपदार्थे। पुनरपि किं यत्र। मणु अत्थवणहं जाइ निर्विकल्पात् शुद्धात्मस्वभावाद्विपरीतं नानाविकल्पजालरुपं मनोवास्तं गच्छति सो सामिय उवएसु कहि हे स्वामिन् तदुपदेशं कथयति प्रभाकरभट्टः श्रीयोगीन्द्रदेवान् पृच्छति। अण्णें देविं काइं निर्दोषिपरमात्मनः परमाराध्यात्सकाशादन्येन देवेन किं प्रयोजनमित्यर्थः।।१६१।।

---

आगे एक दोहेमें शिष्यका प्रश्न और चार दोहोंमें प्रश्नका उत्तर देकर निर्विकल्पसमाधिरुप परम उपदेशको फिर भी विस्तारसे कहते हैं–

गाथा-१६१

अन्वयार्थ :- [स्वामिन्] हे स्वामि, मुझे [तं उपदेशं] उस उपदेशको [कथय] कहो [यत्र] जिससे [मोहः] मोह [झटिति] शीघ्र [त्रुट्यति] छूट जावे, [मनः] ओर चंचल मन [अस्तमनं] स्थिरताको [याति] प्राप्त हो जावे, [अन्य देवेन किम्] दूसरे देवताओंसे क्या प्रयोजन है?

भावार्थ :-प्रभाकरभट्ट श्रीयोगीन्द्रदेवसे प्रश्न करते हैं, कि हे स्वामी, वह उपदेश कहो कि जिससे निर्मोह शुद्धात्मद्रव्यसे पराङ्मुख मोह शीघ्र जुदा हो जावे, अर्थात् मोहके उदयसे उत्पन्न समस्त विकल्प-जालोंसे रहित जो परमात्मा पदार्थ उसमें मोह-जालका लेश भी न रहे; और निर्विकल्प शुद्धात्म भावनासे विपरीत नाना विकल्पजालरुपी चंचल मन वह अस्त हो जावे। हे स्वामी, निर्दोष परमाराध्य जो परमात्मा उससे अन्य जो मिथ्यात्वी देव उनसे मेरा क्या मतलब है? ऐसा शिष्यने प्रश्न किया उसका एक दोहा-सूत्र कहा।।१६१।।

---

હવે, એક ગાથાસૂત્ર દ્વારા પ્રશ્ન કરીને તથા ચાર સૂત્ર દ્વારા ઉત્તર આપીને તે જ અગાઉના પાંચ સૂત્રો દ્વારા (ગાથા ૧૫૬ થી ૧૬૦, એ પાંચ સૂત્રો દ્વારા) કહેલા નિર્વિકલ્પ સમાધિરૂપ પરમોપદેશનું પાંચ સૂત્રો દ્વારા ફરીને પણ વર્ણન કરે છે :-

હવે, પ્રશ્નરૂપ એક ગાથાસૂત્ર કહે છે :-

ભાવાર્થ :-મોહના ઉદયથી ઉત્પન્ન, સમસ્ત વિકલ્પોથી રહિત એવા પરમાત્મપદાર્થમાં નિર્મોહ શુદ્ધ આત્મદ્રવ્યથી પ્રતિપક્ષભૂત મોહ શીઘ્ર નાશ પામે અને તેમાં નિર્વિકલ્પ શુદ્ધ આત્મસ્વભાવથી વિપરીત અનેક વિકલ્પની જાળરૂપ મન વિલય પામે તે ઉપદેશ હે સ્વામી! આપ મને કહો, એમ પ્રભાકરભટ્ટ શ્રી યોગીન્દ્રદેવને પ્રશ્ન કરે છે. એવા નિર્દોષ પરમાત્મા-જે પરમ આરાધ્ય છે-તેનાથી અન્ય દેવનું મારે શું પ્રયોજન છે? એવો અર્થ છે. ૧૬૧.

---

## ગાથા-૧૬૧ ઉપર પ્રવચન

'આગે એક દોહેમેં શિષ્ય કા પ્રશ્ન ઔર ચાર દોહોં મેં પ્રશ્ન કા ઉત્તર દેકર નિર્વિકલ્પસમાધિરૂપ પરમ ઉપદેશકો ફિર ભી વિસ્તારસે કહતે હૈં- ' નિર્વિકલ્પ ઉપયોગ એને ફરીને વિશેષ (કહે છે). શિષ્યનો પ્રશ્ન છે. પ્રભુ! બધી વાત મૂકી મને તો મોહ કેમ તૂટે એ વાત કરો. કેમ પુણ્ય થાય અને કેમ રાગ થાય એમ પૂછ્યું નથી. છે?

२९२) तुट्टइ मोहु तडिक्ति जहिँ मणु अत्थवणहं जाइ।
सो सामइ उवएसु कहि अण्णेँ देविं काइँ।।१६१।।

આહાહા..! મોહ એકદમ તૂટે. એમ છે ને શીઘ્ર? અને મનથી અસ્ત થઈ જાય. આહાહા..! 'જો હે સ્વામિ,...' 'सो सामइ उवएसु कहि अण्णेँ देविं काइँ।' મને આ ઉપદેશ દ્યો. બીજાનું મારે શું કામ છે? બીજા દેવો શું કહે છે એનું મારે શું કામ છે? પ્રભુ! તમે પરમાત્મા છો. આહાહા..! સમજાણું કાંઈ? લાખ વાતની વાત મને આ ઉપદેશ આપો. મોહ તૂટે કેમ અને મન અસ્ત થઈ જાય કેમ? આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! પ્રશ્ન કરનારનો પ્રશ્ન પણ આવો છે. આહાહા..! ધર્મના જિજ્ઞાસુ આવા હોય કહે છે. મોહ કેમ તૂટે અને મન કેમ અસ્ત થઈ જાય, આથમી જાય? આહાહા..! સ્વરૂપમાં સાવધાન કેમ થઈ જાય અને આગળ કેમ વધી જાય આત્મા એવો મને ઉપદેશ આપો. એમ શિષ્યનો પ્રશ્ન છે. છે ને? આહાહા..!

'હે સ્વામિ,' 'हे स्वामिन् तदुपदेशं कथयति' 'अण्णें देविं काइं उवएसु' આહાહા..! અન્ય દેવની સાથે મારે શું કામ? પ્રભુનો ઉપદેશ છે સત્ય આ કહો. એમ કહીને એમ કહ્યું કે વીતરાગદેવમાં જ આ ઉપદેશ સાચો છે, અન્ય દેવમાં ક્યાંય છે નહિ. આહાહા..! એ વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, મહા વદ ૮, શુક્રવાર
## તા. ૧૧-૦૨-૧૯૭૭, ગાથા-૧૬૧-૧૬૨, પ્રવચન નં. ૨૧૩

૧૬૧ ગાથા. પ્રભાકરભટ્ટ ગુરુને પૂછે છે કે '**હે સ્વામિ,...**' શબ્દાર્થ છે ને? '**મુજે ઉસ ઉપદેશકો કહો...**' મને એ ઉપદેશ કહો, '**જિસસે મોહ શીઘ્ર છૂટ જાવે,...**' મિથ્યાત્વભાવ શીઘ્ર નાશ થઈ જાય એ ઉપદેશ કરો. મિથ્યાત્વની સાથે રાગ-દ્વેષ પણ સાથે છે. બીજી વાતનું મારે શું કામ છે? મારે તો આ મોહ કેમ તૂટે એ ઉપદેશ મને કહો. જુઓ શિષ્યનો પ્રશ્ન આ છે. કેમ પુણ્ય બંધાય? કેમ સ્વર્ગ મળે? કેમ લક્ષ્મી મળે? (એ નથી પૂછ્યું). મોહ કેમ તૂટે એ ઉપદેશ કરો. એક જ વાત. પરમાં સાવધાનીનો મિથ્યાત્વભાવ એ કેમ તૂટે એ ઉપદેશ કરો.

'**જિસસે મોહ શીઘ્ર છૂટ જાવે,...**' એક ક્ષણમાં મોહ નાશ થઈ જાય એવો ઉપદેશ કરો. આહાહા..! '**ઓર ચંચલ મન સ્થિરતા કો પ્રાપ્ત હો જાવે,...**' આથમી જાય, મન છે એ સ્થિર થઈ જાય. '**પ્રાપ્ત હો જાવે, દૂસરે દેવતાઓં સે ક્યા પ્રયોજન હૈ?**' પોતાના ભગવાન દેવસ્વરૂપ સિવાય બીજા દેવથી શું પ્રયોજન? અથવા અન્યમતિના જે દેવ છે એનાથી પણ શું પ્રયોજન? કેમકે સ્વદેવ જે ભગવાન છે એ તો પોતાના આત્માના દેવ તરફ ઢળવાનું કહે છે, અંતરમાં જા... અંતરમાં જા પ્રભુ! આહાહા..! સર્વજ્ઞનો આ ઉપદેશ છે એમ કહે છે. આત્મા આનંદસ્વરૂપ છે એ તરફનો

ઝુકાવ કર તો મોહનો નાશ થાય એ ઉપદેશ સર્વજ્ઞ પરમાત્માનો છે એમ કહે છે. અન્ય દેવોમાં કે બીજા મતમાં એ ઉપદેશ છે નહિ. **'દૂસરે દેવતાઓં સે ક્યા પ્રયોજન હૈ?'**

**'ભાવાર્થ :— પ્રભાકરભટ્ટ શ્રીયોગીન્દ્રદેવસે પ્રશ્ન કરતે હૈં,... '** ૧૩૦૦ વર્ષ પહેલાં યોગીન્દ્રદેવ થયા એને પ્રશ્ન કરે છે પ્રભાકરભટ્ટ. **'સ્વામી, વહ ઉપદેશ કહો કિ જિસસે નિર્મોહ શુદ્ધાત્મદ્રવ્યસે પરાઙ્મુખ...'** મોહ નાશ થાય ને, એ મોહની વ્યાખ્યા કરી. મોહ કહેવો કોને? તો **'નિર્મોહ શુદ્ધાત્મદ્રવ્ય સે પરાઙ્મુખ...'** આહાહા..! ભગવાનઆત્મા નિર્મોહ શુદ્ધાત્મ પદાર્થ એનાથી વિમુખ... આહાહા..! **'પરાઙ્મુખ મોહ...'** મિથ્યાત્વની—મોહની વ્યાખ્યા કરી કે મોહ કોને કહેવો? આહાહા..! કે શુદ્ધાત્મદ્રવ્ય જે ભગવાનઆત્મા્ નિર્મોહ શુદ્ધાત્મદ્રવ્ય. એમાં તો મોહ છે નહિ. આહાહા..! નિર્મોહ શુદ્ધાત્મદ્રવ્ય પરમાનંદસ્વરૂપ ભગવાન એ તો નિર્મોહ આત્મા તો છે. સમજાય છે કાંઈ?

મોહની વ્યાખ્યા કરતાં મોહ વિપરીત છે, કોનાથી? નિર્મોહ શુદ્ધાત્મદ્રવ્યથી. આહાહા..! **'નિર્મોહ શુદ્ધાત્મદ્રવ્ય સે પરાઙમુખ મોહ શીઘ્ર જુદા હો જાવે, અર્થાત્ મોહ કે ઉદય સે ઉત્પન્ન સમસ્ત વિકલ્પજાલોંસે રહિત...'** આમાં નાશ કહ્યું છે. મોહના ઉદયથી વિકલ્પ થાય છે. પોતે પરમાં સાવધાન થાય છે ત્યારે કર્મ તેમાં નિમિત્ત છે, એ વિકલ્પની જાળ ત્યારે ઊભી થાય છે. સમજાણું કાંઈ? સ્વભાવ ચૈતન્યનો વર્તમાન અને ત્રિકાળ નિર્મોહ શુદ્ધાત્મતત્ત્વ. ભગવાન શુદ્ધ સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ! પરમાત્મપ્રકાશ છે ને, એ પરમાત્મસ્વરૂપ નિર્મોહ શુદ્ધાત્મા એ પરમાત્મા છે. આહાહા..! એનાથી વિમુખ તે મોહ છે. આહાહા..! એ **'જુદા હો જાવે, અર્થાત્ મોહ કે ઉદય સે ઉત્પન્ન સમસ્ત વિકલ્પજાલોં સે રહિત જો પરમાત્મા પદાર્થ...'** જોયું! પાછું લીધું એ પરમાત્મપદાર્થ. આહાહા..! નિર્મોહ શુદ્ધાત્મદ્રવ્ય એ પરમાત્મા.

**'ઉસમેં મોહ-જાલકા લેશ ભી ન રહે;...'** એવો જે પરમાત્મા પદાર્થ **'ઉસમેં મોહ-જાલકા લેશ ભી ન રહે; ઔર નિર્વિકલ્પ શુદ્ધાત્મ ભાવનાસે વિપરીત... '** આહાહા..! જોયું! ઓલા નિર્મોહ શુદ્ધાત્મદ્રવ્યથી વિમુખ મોહ, હવે અહીંયાં વિકલ્પ કેવા છે કહે છે. **'નિર્વિકલ્પ શુદ્ધાત્મ ભાવનાસે...'** એટલે? અખંડ આનંદની એકાગ્રતારૂપી ભાવના, નિર્વિકલ્પ એકાગ્રતા. આહાહા..! **'નિર્વિકલ્પ શુદ્ધાત્મ ભાવનાસે વિપરીત,...'** આહાહા..! ભગવાન શુદ્ધ સ્વરૂપ પરમાત્મા એની જે ભાવના એ નિર્વિકલ્પ ભાવના છે. સમજાણું કાંઈ? આવું ઝીણું બહુ એટલે માણસને (કઠણ લાગે છે). બાપુ! માર્ગ તો એવો છે અનાદિ કાળનો. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, નિર્મોહ શુદ્ધાત્મદ્રવ્ય હવે એની પ્રાપ્તિ નિર્વિકલ્પ વીતરાગી પર્યાયથી પ્રાપ્તિ થાય. નિર્વિકલ્પ વીતરાગી પર્યાયથી વિપરીત વિકલ્પ જાળ. સમજાય છે કાંઈ? મોહની વ્યાખ્યા કરતાં નિર્મોહ શુદ્ધાત્મસ્વરૂપથી વિપરીત પરાઙ્મુખ મોહ. એ તો દ્રવ્યની સામે વિરુદ્ધ કહ્યું, હવે પર્યાયની સામે વિરુદ્ધ. સમજાય છે કાંઈ? આત્માની નિર્વિકલ્પ જે ભાવના. છે?

**'નિર્વિકલ્પ શુદ્ધાત્મ ભાવનાસે...'** રાગરહિત પુણ્ય-પાપના વિકલ્પથી રહિત નિર્વિકલ્પ

શુદ્ધાત્માની ભાવના. આહાહા..! એકાગ્રતા. એનાથી '**વિપરીત નાના વિકલ્પજાલરૂપી ચંચલ મન...**' લ્યો, અહીં તો એ કહ્યું કે મોક્ષમાર્ગ જે નિર્વિકલ્પ દૃષ્ટિ છે, નિર્વિકલ્પ એકાગ્રતા છે એનાથી વિરુદ્ધ વિકલ્પજાળ છે. આહાહા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ પણ નિર્વિકલ્પ વીતરાગ ભાવના, વીતરાગતાની ભાવના જે નિર્વિકલ્પ છે, એનાથી વિકલ્પ, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ વિપરીત છે. આહાહા..! આવું થાય માણસને. આ બહારથી માન્યું હોય એને આકરું લાગે.

નિર્મોહ શુદ્ધાત્મદ્રવ્ય પદાર્થ, એનાથી વિમુખ મિથ્યાત્વભાવ મોહ. અહીંયાં કહે છે કે નિર્વિકલ્પ શુદ્ધાત્માની ભાવના. આહાહા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ ચૈતન્યમૂર્તિ એની ભાવના એટલે સન્મુખતાની એકાગ્રતા, એનાથી વિપરીત વિકલ્પની વિમુખતા. આહાહા..! જેટલા વિકલ્પ ઉઠે એ બધા સ્વભાવથી વિરુદ્ધ છે. મોક્ષમાર્ગની પરિણતિથી એ બધા વિરુદ્ધ છે એમ કહે છે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ શુદ્ધાત્મભાવના એ મોક્ષમાર્ગ. શુદ્ધાત્માની એકાગ્રતા એ ભાવના. એ નિર્વિકલ્પ ભાવના છે શુદ્ધાત્માની. એનાથી વિપરીત અનેક પ્રકારના વિકલ્પ જાળ. આહાહા..! સ્વરૂપમાં એકાગ્રતારૂપ એ તો એક જ રૂપ છે—સ્વભાવમાં એકાગ્રતા અને આ અનેકરૂપ વિકલ્પ એનાથી વિરુદ્ધ છે. આહાહા..! આવો માર્ગ છે દેવજીભાઈ! આહાહા..! પરમાત્મપ્રકાશ છે ને. નિર્મોહ શુદ્ધાત્મદ્રવ્ય એટલે પરમાત્મા. પોતે હોં! એનાથી વિમુખ તે મોહ.

હવે એ પરમાત્મા જે શુદ્ધાત્મા છે નિર્મોહ, એની એકાગ્રતા. આહાહા..! વિકલ્પથી—રાગથી હઠી અને સ્વરૂપમાં એકાગ્રતા એ મોક્ષનો માર્ગ. આહાહા..! એ નિર્મળ પરિણતિ ભાવના એટલે. એનાથી વિરુદ્ધ વિકલ્પજાળ. આહાહા..! ચાહે તો શુભભાવ હોય કે અશુભ હો, પણ એ નિર્વિકલ્પ પરિણતિથી વિરુદ્ધભાવ છે. આહાહા..! આ લોકોને આ ઠરાવવું છે કે વ્યવહાર જે વિકલ્પ છે એનાથી નિર્વિકલ્પ થાય. આ મોટા વાંધા છે. સુજાનમલજી! આવી વાતું છે. શું થાય ભાઈ! આહાહા..! ભગવાન અંદર વસ્તુ છે ને બાપુ! પ્રભુ તું તારો પિતા છો પર્યાયનો પિતા. એ પર્યાય કોણ? કે નિર્વિકલ્પ વીતરાગી. આહા..! એ એની પ્રજા છે. આ રાગાદિની પ્રજા તો નિર્વિકલ્પ પરિણતિથી વિરુદ્ધ છે કહે છે. સમજાણું કાંઈ?

'**નિર્વિકલ્પ શુદ્ધાત્મ ભાવના...**' એમ, એનાથી '**વિપરીત નાના વિકલ્પજાલ...**' આહાહા..! એ નિયમસારમાં લીધું નથી? નિશ્ચયથી વિરુદ્ધ વિકલ્પ એ જાળ વિપરીત, એનું ફળ વિપરીત. વ્યવહારની ક્રિયા જેટલી છે તે પણ નિર્મળ પરિણતિથી વિપરીત અને એનું ફળ પણ આ આનંદનું ફળ આવે એનાથી આ વિપરીત દુઃખફળ આવે છે. આહાહા..! આવો માર્ગ છે. હવે ક્યાં પહોંચવું એને? ગૃહસ્થાશ્રમમાં કાંઈક હળવું કહો એમ કહે છે. કારણ કે ઘણો કાળ પાપમાં રોકાવું (થાય), હવે એને કાંઈક પુણ્ય બતાવો, પુણ્ય છે એ સાધન છે. ઓલામાં એમ કહ્યું, લ્યો પ્રશ્ન કર્યો છે. પુણ્યફલા અર્હંતા. ખાણિયા ચર્ચામાં. પુણ્યના ફળે તો અરિહંતપદ મળે છે અને તમે એનો નિષેધ કરો છો? એમ કહે છે. અરે! ભગવાન! એનું મથાળું તેં વાંચ્યું નથી. પુણ્યના ફળ એ આત્માને અકિંચિત્કર છે, એમ છે ત્યાં તો. એમાં એ લખ્યું છે. છ ઢાળામાં. આ શું કહેવાય? ખાણિયા ચર્ચા.

આહાહા..! પુણ્યનું ફળ તો દેહની, ઉદયની ક્રિયા, વાણીની ક્રિયા એ પુણ્યનું ફળ છે. એમ કહેવું છે ત્યાં. આત્માને એ ફળ અકિંચિત્કર છે. આત્મામાં એનું કાંઈ ફળ આવતું નથી. આહાહા..! પણ એમાં એ કહે છે, પુણ્યના ફળ અરિહંત છે અને એમાં પંચમઆરામાં તો અત્યારે શુદ્ધોપયોગ હોય નહિ અને શુભઉપયોગનું જ કર્તવ્ય છે. એમ. હવે આની સાથે મેળ શી રીતે કરવો? કહો.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ઉપાદેય એ જ એનું છે. એ શુભઉપયોગ જ અત્યારે ધર્મનું સાધન છે. (એમ માને છે). આહાહા..!

એ તો અહીં કહે છે કે નિર્વિકલ્પ શુદ્ધાત્મભાવના. એક તો શુદ્ધાત્મા નિર્વિકલ્પ છે અને એની ભાવના નિર્વિકલ્પ ભાવના છે. આહાહા..! સમ્યગ્દર્શનમાં તો નિર્વિકલ્પ દશા છે. એ સમ્યગ્દર્શન એ જ શુદ્ધાત્મદ્રવ્યની ભાવના છે. સમજાણું કાંઈ? એનાથી વિરુદ્ધ અનેક પ્રકારના વિકલ્પજાળ. આહાહા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો (ભાવ) આવે પણ વિકલ્પજાળ છે કહે છે. આવી વાતું. સમજાણું કાંઈ? આ ધંધાના વિકલ્પજાળ પાપના એ તો ક્યાંય રહી ગયા. આહાહા..! આ તો કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ વિકલ્પજાળ છે. કેમકે નિર્વિકલ્પ શુદ્ધાત્મા અને એની પરિણતિ નિર્વિકલ્પ સમાધિ એટલે એકાગ્રતા એનાથી આ નાના વિકલ્પજાળ અનેક પ્રકારના ભિન્ન છે. એમ કહીને નિશ્ચય પરિણતિથી વ્યવહાર વિકલ્પ ભિન્ન જાતના છે. આહાહા..! કહો, ફૂલચંદજી! આવી ઝીણી વાતું છે. એ કહે છે કે અંતરીક્ષ ને બધું ધ્યાન રાખવું એ બધા વિકલ્પ છે એમ કહે છે. હો, પણ એ વિપરીત છે સ્વભાવથી વિપરીત છે. આવે, પણ એ બંધનું કારણ છે. આહા..! આવી વાત જગતને... એમાં બેની તકરાર પાછી. ઓલા શ્વેતાંબર કહે, મારું છે અને આ કહે, મારું છે. ભાઈ! ક્યાં મારો તારો? આત્મા તો અંદર છે. આવી તકરારું. અરેરે!

અહીં કહે છે, '**નિર્વિકલ્પ શુદ્ધાત્મ ભાવનાસે વિપરીત નાના વિકલ્પજાલરૂપી ચંચલ મન...**' એમ વિકલ્પમાં મન છે ને સંબંધમાં. નિર્વિકલ્પમાં મનનો સંબંધ નથી. આત્મા શુદ્ધાત્માની પરિણતિ સમ્યગ્દર્શન-જ્ઞાનની એ તો નિર્વિકલ્પ છે. ત્યાં મનનો સંબંધ નથી. આહાહા..! અને એનાથી વિપરીત એ બધી વિકલ્પજાળ એ મનના સંબંધવાળી છે. આહાહા..! આ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર જે નિર્મળ છે એ આત્માના સંબંધવાળી છે અને પુણ્ય-પાપના વિકલ્પ એ મનના સંબંધવાળી છે. આહાહા..! બે ભિન્ન છે. કેમ ભાઈ વયા ગયા? આવ્યા હતા ને ખીમચંદભાઈ. નીચે બેઠા છે? કેમ? ભલે બેઠા ઉપર.

આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એની જે એકાગ્રતા વિકલ્પ રહિતની નિર્વિકલ્પ દશા, એનાથી વિકલ્પજાળ અન્ય ને ભિન્ન છે. આહાહા..! આત્માના સંબંધવાળી નિર્મળ પરિણતિ વીતરાગી ધર્મ એનાથી મનના સંબંધવાળા વિકલ્પો ભિન્ન જાત છે. આહાહા..! '**વહ અસ્ત હો જાવે.**' આહાહા..! અંતરની એકાગ્રતામાં મનના વિકલ્પની જાળ આથમી જાય છે. આહા..! આથમી જાય, અસ્ત થઈ જાય છે. આ ઊગે છે, આ આથમી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કીધું ઈ? ભગવાનઆત્મા

શુદ્ધ ચૈતન્યઘન એની સન્મુખની દશા ઉત્પન્ન થાય છે ત્યારે મનની દશાના વિકલ્પો અસ્ત થઈ જાય છે. એ વ્યય થઈ જાય છે અને આ ઉત્પન્ન થઈ જાય છે અને ધ્રુવ તો ભગવાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**હે સ્વામી, નિર્દોષ પરમારાધ્ય...**' ભગવાનઆત્મા તદ્દન નિર્દોષ વીતરાગી સ્વરૂપ પરમ આરાધ્ય, ઉત્કૃષ્ટપણે સેવવા લાયક. આહાહા..! દેવને સેવવા એ કરતાં આ પરમ આરાધ્ય સેવવા લાયક તો આ આત્મા છે કહે છે. આવું છે દેવજીભાઈ! આહાહા..! આવો માર્ગ વીતરાગનો, ભાખ્યો શ્રી વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથે. ભાઈ! તું તો શુદ્ધ આત્મા છો ને પ્રભુ! અને તેના સન્મુખમાં જવું તે શુદ્ધપરિણતિ છે ને. તેનાથી વિરુદ્ધમાં તો વિકલ્પની જાળ અશુદ્ધપરિણતિ છે. આહાહા..! એ અશુદ્ધ પરિણતિ શુદ્ધાત્માની શુદ્ધપરિણતિને કાળે એ અશુદ્ધ પરિણતિ વ્યય થાય છે અને શુદ્ધપરિણતિ ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે આવી ધર્મની રીત એટલે લોકોને વ્યવહાર સાધન છે. એ વ્રત ભક્તિ, પૂજા કરે તો એ.. ભાઈ! એ સાધન નથી બાપુ! આહાહા..!

એ પ્રશ્ન પૂછયો છે ને કે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા તો મિથ્યાત્વ છે, પણ સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રની શ્રદ્ધા મિથ્યાત્વ છે? કહો, એ પ્રશ્ન છે. સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રની શ્રદ્ધા તો રાગ છે, એને ધર્મ માને તો મિથ્યાત્વ છે. આ પ્રશ્ન મોટો ઉઠ્યો છે એમાં એ લોકોને. સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રની માન્યતા માને તો કહે મિથ્યાત્વ છે. કઈ રીતે? એને માનવાથી મિથ્યાત્વ નથી, એને માનવામાં તો શુભરાગ છે. પણ એમાં ધર્મ માને (તો મિથ્યાત્વ છે). આહાહા..! આવી વાતું ભારે ભાઈ! વાણિયાને ધર્મ આવ્યો. પણ એ નવરા થાય નહિ નિર્ણય કરવા. આહાહા..!

કહે છે, '**પરમાત્મા ઉસસે અન્ય જો મિથ્યાત્વી...**' છે? '**દેવ ઉનસે મેરા ક્યા મતલબ હૈ?**' આહાહા..! એનો અર્થ છે કે સર્વજ્ઞદેવ જ આ વાત કરી શકે છે. શુદ્ધ આત્માની ભાવનાથી મોક્ષ અને વિકલ્પથી નહિ, એ સર્વજ્ઞદેવ જ એનામાં એ માર્ગ છે. એવો માર્ગ અન્યમતિમાં ક્યાંય છે નહિ. આહાહા..! અહીં પાધરા, વાત કરે છે આત્માની અને અન્ય દેવથી શું કામ છે એમ પૂછે છે. છે ને ભાઈ! અન્ય દેવથી શું? એમ પૂછયું જુઓ! '**अन्य देवेन किम्**' આહાહા..! કારણ કે સર્વજ્ઞદેવ પરમેશ્વર એ તો સર્વજ્ઞસ્વભાવ સન્મુખ થવાની વાત કરે છે. એની સન્મુખ કરતાં સર્વજ્ઞસ્વભાવ તારો ત્યાં સન્મુખ થા. આહાહા..! સમજાણું કાંઈ? જૈન પરમેશ્વર સર્વજ્ઞ કેવળી પરમાત્મા એના ઉપદેશમાં તો એ આવે છે કે વીતરાગભાવ પ્રગટ કર. એનો અર્થ એ આવે છે કે જ્યાં ભગવાન શુદ્ધ છે ત્યાં જા અંદર. તું સર્વજ્ઞ છો. આહાહા..! શ્રીમદ્‌માં આવે છે એક વાક્ય. સર્વજ્ઞદેવ પરમગુરુની માળા ગણવી એમ આવે છે. આવે છે ને? સર્વજ્ઞદેવ પરમગુરુ. એના બે અર્થ છે. સર્વજ્ઞદેવ પર છે એ દેવ છે અને આ સર્વજ્ઞસ્વભાવી આત્મા એ દેવ છે, એ પરમગુરુ છે. ઓલા વ્યવહાર ગુરુ છે. સમજાણું કાંઈ? આહાહા..!

સર્વજ્ઞસ્વભાવ ભગવાનઆત્માનો. સર્વજ્ઞશક્તિ છે ને? તો શક્તિ છે એનો અર્થ કે એનું સત્ત્વ જ એ છે, એનું સ્વરૂપ જ એવું છે. આહાહા..! એવો જે સર્વજ્ઞદેવ પોતે, એ જ પરમદેવ અને એ

પરમદેવ સર્વજ્ઞ થવાને માટે જ ઉપદેશ આપે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સર્વજ્ઞ થયેલા પરમેશ્વર, સર્વજ્ઞ થવાનો ઉપદેશ આપે. ત્યારે એ સર્વજ્ઞ થવાના ઉપદેશમાં કે સર્વજ્ઞસ્વભાવ જે આખો છે ત્યાં એકાગ્ર થા, કે જેથી તને પહેલી સર્વજ્ઞ સ્વભાવની અનુભવથી પ્રતીતિ થશે અને પછી એકાગ્ર થતાં પર્યાયમાં સર્વજ્ઞતા થશે. એ ચારિત્ર. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે.

આ બહારની ધમાધમી. આહાહા..! એમાં શું છે? અહીં આપણે ઉદ્‌ઘાટન કર્યું (ત્યારે) ૨૬ હજાર માણસ. બે ગરાસિયા ઊભા હતા દરબાર ત્યાં. કો'કની દુકાન હતી ત્યાં. સાથે ત્યાં નીકળતા ને, માણસ બહુ. અમે ઊભા ત્યાં. નાનુભાઈ ગુજરી ગયા ને. અને કેશુભાઈ બે ઊભા હતા. ઓહોહો..! આ માણસો આટલું આ તો ખીચોખીચ માણસ ચાલે છે. પણ એ બહારની મહિમા લાગે લોકોને.

મુમુક્ષુ :— બહિરદષ્ટિવાળાને તો બહારની જ હોય ને, અંતરદષ્ટિવાળાને અંતરની હોય.

ઉત્તર :— એ ભાવ શુભ હોય છે, ત્યાં શુભભાવ એટલું. ત્યાં કાંઈ એમાં ગજ મોટા લાખ માણસ નીકળે, ભેગા થાય માટે ત્યાં ધર્મ થાય છે એમ છે?

મુમુક્ષુ :— ધર્મની પ્રભાવના થાય.

ઉત્તર :— પ્રભાવના કરે તો એ એને લઈને થાય છે? એ તો સન્મુખ થાય તો શ્રદ્ધા થાય. બાહ્યની પ્રવૃત્તિની ક્રિયાથી વિમુખ થાય અને સ્વભાવ સન્મુખ થાય તો શ્રદ્ધા થાય.

મુમુક્ષુ :— .. માણસો ભેગા કરવાની ભૂલ કરી.

ઉત્તર :— કોણ લાવે ને ભેગા કોણ કરે? આહાહા..! આવી વાતું બહુ આકરી ભાઈ.

આ વસ્તુની સ્થિતિ એવો પરમાત્મા પોતે અંદર આનંદકંદ છે. જેવો ભગવાનને પર્યાયમાં પ્રગટ્યો એવો સ્વભાવ એવો જ છે. આહાહા..! એનો સ્વભાવ કહો, એનું સત્ત્વ કહો, એનું તત્ત્વ કહો, એ અર્થનું તત્ત્વ કહો. આહાહા..! ગુણ, દ્રવ્ય, ગુણ અને પર્યાયને અર્થ કીધા છે ને? અને એનું તત્ત્વ તેનો ભાવ. તત્ત્વાર્થ એમ કીધું છે ને? તત્ત્વાર્થ. અર્થ જે દ્રવ્ય, ગુણ અને પર્યાય તેનું સત્ત્વ તેનો ભાવ. આહાહા..! 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' અર્થ એટલે દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ અર્થ. એનું તત્ત્વ એટલે એનો ભાવ. આહાહા..! દ્રવ્યનો ભાવ—સ્વરૂપ, ગુણનો ભાવ—સ્વરૂપ, પર્યાયનો ભાવ—સ્વરૂપ. હવે જ્યારે એને સર્વજ્ઞ સ્વભાવભાવ સ્વરૂપ એનું છે એ ગુણનું તત્ત્વ છે. એ ગુણનું તત્ત્વ છે તે દ્રવ્યનો સ્વભાવ છે. આહાહા..! કહો, પંડિતજી! આહાહા..!

'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' એટલે શું થયું? કે દ્રવ્ય છે અર્થ, ગુણ છે અર્થ, પર્યાય છે અર્થ. એનું તત્ત્વ. આહાહા..! દ્રવ્યનો સ્વભાવ, ગુણનો સ્વભાવ, પર્યાયનો સ્વભાવ. હવે એ જ્યાં ગુણના સ્વભાવની પ્રતીત કરવા જાય છે ત્યારે તેના દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે કે જે સર્વજ્ઞસ્વભાવથી ભરેલો ભગવાન છે. આહાહા..! આ વિકલ્પજાળ રહિતની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? આહાહા..! અન્યદેવનું શું કહું? આ સર્વજ્ઞદેવ જ આ કહે છે. આવી વાત સર્વજ્ઞદેવે જ કહેલી છે અને સર્વજ્ઞ સ્વભાવ જ આત્માનો છે. એ દેવ ભગવાન પોતે સર્વજ્ઞદેવ છે. આહાહા..! એને આત્મજ્ઞાન થતાં

એ આવી વાત કરે છે. આહાહા..!

**'નિર્વિકલ્પ શુદ્ધાત્મ ભાવના...'** આહાહા..! એનાથી વિપરીત વિકલ્પની જાળ. મનનું અસ્ત થઈ જવું અને આત્મામાં જોડાઈ જવું પરિણતિનું. આહાહા..! સમજાણું કાંઈ? આવું છે. અત્યારે આ વાત બહુ ચાલતી નથી એટલે લોકોને (નવી લાગે છે). બાકી તો એના ઘરની ઘટના જ આ છે. આવી વસ્તુ છે. આહાહા..! સર્વજ્ઞ સ્વભાવ એટલે? આહાહા..! એકલો જ્ઞ સ્વભાવ. ભગવાન એકલો જ્ઞ સ્વભાવ એટલે કે સર્વજ્ઞ સ્વભાવ એટલે કે જ્ઞાયકભાવ, પૂર્ણ ભાવ. આહાહા..! એની સન્મુખતામાં નિર્વિકલ્પતા થાય એ ઉપદેશ ભગવાનનો છે. અન્ય દેવો એ કહી શકતા નથી, અન્ય દેવને ભાન જ નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જેને સર્વજ્ઞ સ્વભાવમાંથી સર્વજ્ઞપણું પ્રગટ્યું તે દેવ આ વાત કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- એ દેવ?

ઉત્તર :- એ દેવ. સમજાણું કાંઈ? અન્ય દેવ અને બીજા દેવ જેને સર્વજ્ઞપણું પ્રગટ્યું નથી અને એને સર્વજ્ઞસ્વભાવી આત્મા છે એ જાણવામાં આવ્યો નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ છે ભાઈ! દુઃખના નાશને માટે, સુખની ઉત્પત્તિ માટે. સુખની ઉત્પત્તિ કહો કે મોક્ષમાર્ગ કહો, ભાવના કહો આત્માની, એની ઉત્પત્તિ માટે તો ભગવાનઆત્માનો આશ્રય લેવો કે જેથી વીતરાગતા થાય અને એ વીતરાગ સ્વરૂપ જ, સર્વજ્ઞ સ્વરૂપ જ વીતરાગસ્વરૂપ છે. આહાહા..! એને સમજે છૂટકો છે આ. બીજી કોઈ રીતથી મળે એવો આત્મા છે નહિ. આહાહા..! અને બહારમાં તો દુઃખ છે બધે. સર્વજ્ઞસ્વભાવ વીતરાગસ્વભાવ, વીતરાગ સ્વભાવ એટલે કે આનંદસ્વભાવ, રાગસ્વભાવ એટલે દુઃખભાવ. સમજાણું કાંઈ? વીતરાગસ્વભાવ એ આત્માનો અને એની પરિણતિ થાય એકાગ્રતા એ વીતરાગ પરિણતિ. એટલે કે વીતરાગસ્વભાવ અને સર્વજ્ઞસ્વભાવ એ આનંદરૂપ છે એમાં એકાગ્ર થતાં વીતરાગ અને આનંદ વીતરાગી આનંદની પરિણતિ થાય એ આત્માની ભાવના કહેવામાં આવે છે. આહાહા..! પોપટભાઈ!

મુમુક્ષુ :— આ વાત ગામડે ગામડે પહોંચી ગઈ.

ઉત્તર :— પહોંચી ગઈ. વાત સાચી. ભાઈ કહે છે. કરે છે વાત તો. માર્ગ તો આ છે બાપા. આહાહા..! ઓહોહો..!

આ તો **'अन्य देवेन'** એમ આવ્યું ને ભાઈ? એમાંથી જરી આ (ચાલ્યું). અન્ય દેવથી શું કામ છે? અન્ય વાતથી શું કામ છે એમ નથી કહ્યું ત્યાં. બીજી વાતથી મારે શું કામ છે એમ ન કહ્યું. **'अन्य देवेन किम्'** આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ એ જિનેશ્વરદેવને સર્વજ્ઞતા અને વીતરાગતા પૂર્ણ પ્રગટી છે. એના ઉપદેશમાં સર્વજ્ઞસ્વભાવી વીતરાગી સ્વભાવી, આનંદ સ્વભાવી પ્રભુ; કારણ કે વીતરાગ એ જ આનંદ છે, આનંદ એ વીતરાગ છે. આહાહા..! એવા સ્વભાવ તરફના જુકાવનો જ પરમાત્માનો ઉપદેશ છે. આહાહા..! એવા ભગવાને કીધું છે. એ વાત સિવાય બીજાનું અમારે શું કામ છે? આહા..! સમજાણું? ઉપદેશ પણ આવા ભગવાનનો હોય એ અમારે

કામ છે. આહાહા..! ભાષા તો જુઓ!

**'अन्य देवेन किम्'** આહાહા..! બીજા દેવોથી શું કામ છે? આહાહા..! તાત્ત્વિક પરમાનંદ શબ્દ પડ્યો છે હોં ત્યાં (૧૬૨ ગાથામાં) સંસ્કૃતમાં. **'तात्त्विकपरमानन्दभरितावस्थे निर्विकल्पसमाधौ विलाइ'**. આહાહા..! પછી જરી વાત કરે છે. **'અન્ય જો મિથ્યાત્વી દેવ ઉનસે મેરા ક્યા મતલબ હૈ? ઐસા શિષ્યને પ્રશ્ન કિયા ઉસકા એક દોહા-સૂત્ર કહા.'** હવે એનો ઉત્તર.

---

## ગાથા-૧૬૨

इति प्रभाकरभट्टप्रश्नसूत्रमेकं गतम्। अथोत्तरम्-

२९३) णास-विणिग्गउ सासडा अंबरि जेत्थु विलाइ।
तुट्टइ मोहु तडत्ति तहिँ मणु अत्थवणहँ जाइ।।१६२।।
नासाविनिर्गतः श्वासः अम्बरे यत्र विलीयते।
त्रुट्यति मोहः झटिति तत्र मनः अस्तं याति।।१६२।।

णासाविणिग्गउ इत्यादि। णास-विणिग्गउ नासिकाविनिर्गतः सासडा उच्छ्वासः अंबरि मिथ्यात्वरागादिविकल्पजालरहिते शून्ये अम्बरशब्दवाच्ये जेत्थु यत्र तात्त्विकपरमानन्दभरितावस्थे निर्विकल्पसमाधौ विलाइ पूर्वोक्तः श्वासो विलयं गच्छति नासिकाद्वारं विहाय तालुरन्ध्रेण गच्छतीत्यर्थः। तुट्टइ त्रुटचति नश्यति। कोडसौ। मोहु मोहोदयेनोत्पन्नरागादिविकल्पजालः तडत्ति झटिति तहिं तत्र बहिर्बोधशून्ये निर्विकल्पसमाधौ मणु मनः पूर्वोक्तरागादिविकल्पाधारभूतं तन्मयं वा अत्थवणइं जाइ अस्तं विनाशं गच्छति स्वस्वभावेन तिष्ठति इति। यत्र यदायं जीवो रागादिपरभावशून्यनिर्विकल्पसमाधौ तिष्ठति तदायमुच्छ्वासरुपो वायुर्नासिकाछिद्रद्वयं वर्जयित्वा स्वयमेवानीणहितवृत्त्या तालुप्रदेशे यत् केशात् शेषाष्टमभागप्रमाणं छिद्रं तिष्ठति तेन क्षणमात्रं दशमद्वारेण तदनन्तरं क्षणमात्रं नासिकया तदनन्तरं रन्ध्रेण कृत्वा निर्गच्छतीति। न च परकल्पितवायुधारणारुपेण श्वासनाशो ग्राह्यः। कस्मादिति चेत् वायुधारणा तावदीहापूर्विका, ईहा च मोहकार्यरुपो विकल्पः। स च मोहकारणं न भवतीति न च परकल्पितवायुः। किंच। कुम्भकपूरकरेचकादिसंज्ञा वायुधारणा क्षणमात्रं भवत्येवात्र किंतु अभ्यासवशेन घटिकाप्रहरदिवसादिष्वपि भवति तस्य वायुधारणस्य च कार्यं देहारोगत्वलघुत्वादिकं न च मुक्तिरिति। यदि मुक्तिरपि भवति तर्हि वायुधारणाकारकाणामिदानीन्तनपुरुषाणां मोक्षो किं न भवतीति भावार्थः।।१६२।।

आगे श्रीगुरु उत्तर देते हैं–

गाथा–१६२

अन्वयार्थ :– [नासाविनिर्गतः श्वासः] नाकसे निकला जो श्वास वह [यत्र] जिस [अंबरे] निर्विकल्पसमाधिमें [विलीयते] मिल जावे, [तत्र] उसी जगह [मोहः] मोह [झटिति] शीघ्र [त्रुटयति] नष्ट हो जाता है, [मनः] और मन [अस्तं याति] स्थिर हो जाता है।

भावार्थ :– नासिकासे निकले जो श्वासोच्छ्वास हैं, वे अम्बर अर्थात् आकाशके समान निर्मल मिथ्यात्व–विकल्प–जाल रहित शुद्ध भावोंमें विलीन हो जाते हैं, अर्थात् तत्त्वस्वरुप परमानंदकर पूर्ण निर्विकल्पसमाधिमें स्थिर चित्त हो जाता है, तब श्वासोच्छ्वासरुप पवन रुक जाती है, नासिकाके द्वारको छोड़कर तालुवा रंध्ररुपी दशवें द्वारमें होके निकले, तब मोह टूटता है, उसी समय मोहके उदयकर उत्पन्न हुए रागादि विकल्प–जाल नाश हो जाते हैं, बाह्य ज्ञानसे शून्य निर्विकल्पसमाधिमें विकल्पोंका आधारभूत जो मन वह अस्त हो जाता है, अर्थात् निजस्वभावमें मनकी चंचलता नहीं रहती। जब यह जीव रागादि परभावोंसे शून्य निर्विकल्पसमाधिमें होता है, तब यह श्वासोच्छ्वासरुप पवन नासिकाके दोनों छिद्रोंको छोड़कर स्वयमेव अवाँछीक वृत्तिसे तालुवाके बालकी अनीके आठवें भाग प्रमाण अत सूक्ष्म छिद्रमें (दशवें द्वारमें) होकर निकलती है, नासाके छेदको छोड़कर तालुरंध्रमें (छेदमें) होकर निकलती है। और पातंजलिमतवाले वायुधारणारुप श्वासोच्छ्वास मानते हैं, वह ठीक नहीं हैं, क्योंकि वायुधारणा वाँछापूर्वक होती है, और वाँछा है, वह मोहसे उत्पन्न विकल्परुप है, वाँछाका कारण मोह है। वह संयमीको वायुका निरोध वाँछापूर्वक नहीं होता है, स्वाभाविक ही होता है। जिनशासनमें ऐसा कहा है, कि कुंभक (पवनको खेंचना) पूरक (पवनको थाँभना) रेचक (पवनको निकालना) ये तीन भेद प्राणायामके हैं, इसीको वायुधारणा कहते हैं। यह क्षणमात्र होती है, परंतु अभ्यासके वशमें घड़ी, पहर, दिवस आदि तक भी होती है। उस वायुधारणाका फल ऐसा कहा है, कि देह आरोग्य होती है, देहके सब रोग मिट जाते हैं, शरीर हलका हो जाता है, परंतु मुक्ति इस वायुधारणासे नहीं होती, क्योंकि वायुधारणा शरीरका धर्म है, आत्माका स्वभाव नहीं है। शुद्धोपयोगियोंके सहज ही बिना यत्नके मन भी रुक जाता है, और श्वास भी स्थिर हो जाते हैं। शुभोपयोगियोंके मनके रोकनेके लिये प्राणायामका अभ्यास है, मनके अचल होनेपर कुछ प्रयोजन नहीं है। जो आत्मस्वरुप है, वह केवल चेतनामयी ज्ञान दर्शनस्वरुप है, सो शुद्धोपयोगी तो स्वरुपमें अतिलीन हैं, और शुभोपयोगी कुछ एक

मनको चपलतासे आनंदघनमें अडोल अवस्थाको नहीं पाते, तब तक मनके वश करनेके लिए श्रीपंचपरमेष्ठीका ध्यान स्मरण करते हैं, ओंकारादि मंत्रोंका ध्यान करते हैं और प्राणायामका अभ्यास कर मनको रोकके चिद्रूपमें लगाते हैं, जब वह लग गया, तब मन और पवन सब स्थिर हो जाते हैं। शुद्धोपयोगियोंकी दृष्टि एक शुद्धोपयोगपर हो, पातंजलिमतकी तरह थोथी वायुधारणा नहीं है। जो वायुधारणासे ही शक्ति होवे, तो वायुधारणा करनेवालोंको उस दुःषमकालमें मोक्ष क्यों न होवे? कभी नहीं होता। मोक्ष तो केवल स्वभावमयी है।।१६२।।

---

એ રીતે પ્રભાકરભટ્ટના પ્રશ્નનું એક ગાથાસૂત્ર સમાપ્ત થયું.

હવે તેનો ઉત્તર :-

ભાવાર્થ :- નાકમાંથી નીકળેલો ઉચ્છ્વાસ મિથ્યાત્વ રાગાદિ વિકલ્પજાળથી રહિત શૂન્ય (ખાલી), 'અંબર' શબ્દથી વાચ્ય એવી, તાત્ત્વિક પરમાનંદથી પરિપૂર્ણ જે નિર્વિકલ્પ સમાધિમાં વિલય પામે છે, અર્થાત્ નાસિકા દ્વાર છોડીને તાળવાના છિદ્રથી (બ્રહ્મરંધ્રના દશમ દ્વારથી) નીકળે છે તે બાહ્ય બોધથી શૂન્ય નિર્વિકલ્પ સમાધિમાં મોહના ઉદયથી ઉત્પન્ન રાગાદિ વિકલ્પજાળ શીઘ્ર નાશ પામે છે, પૂર્વોક્ત રાગાદિ વિકલ્પોના આધારભૂત અથવા પૂર્વોક્ત રાગાદિ વિકલ્પોમાં તન્મય એવું મન વિનાશ પામે છે-સ્વ-સ્વભાવરૂપે રહે છે.

અહીં, જ્યારે આ જીવ રાગાદિ પરભાવથી શૂન્ય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે ત્યારે ઉચ્છ્વાસરૂપ વાયુ નાકના બન્ને છિદ્રોને છોડીને સ્વયમેવ અનીહિતવૃત્તિથી તાલુપ્રદેશમાં વાળની અણીના આઠમા ભાગ જેવડું જે છિદ્ર છે તે દશમ દ્વારથી ક્ષણવાર, ત્યાર પછી ક્ષણવાર નાસિકાથી, ત્યાર પછી બ્રહ્મરંધ્ર દ્વારથી નીકળે છે પણ પરકલ્પિત (પાતંજલિ મતવાળાથી કલ્પિત) વાયુધારણરૂપે શ્વાસનો નાશ ન સમજવો (શ્વાસનું રુંધન ન સમજવું). શા માટે? કારણ કે વાયુધારણા પ્રથમ તો ઈહાપૂર્વક છે અને ઈહા મોહના કાર્યરૂપ વિકલ્પ છે. વળી, તે (અનીહિતવૃત્તિથી નિર્વિકલ્પસમાધિના બળથી નીકળતો વાયુ) મોહનું કારણ થતો નથી, તેથી અહીં પરકલ્પિત વાયુ ઘટતો નથી. વળી કુંભક, પૂરક, રેચક આદિ જેની સંજ્ઞા છે તે વાયુધારણા અહીં ક્ષણવાર જ થાય છે પણ અભ્યાસના વશે ઘડી, પ્રહર, દિવસ આદિ સુધી પણ થાય છે અને તે વાયુધારણાનું કાર્ય શરીરની આરોગ્યતા અને શરીરના હલકાપણું આદિ છે પણ તેનું કાર્ય મુક્તિ નથી. જો વાયુધારણાનું કાર્ય મુક્તિ પણ હોય (જો વાયુધારણાથી મોક્ષ થતો હોય) તો વાયુધારણા કરનાર અત્યારના પુરુષોનો મોક્ષ કેમ થતો નથી, એવો ભાવાર્થ છે. ૧૬૨.

## ગાથા-૧૬૨ ઉપર પ્રવચન

'આગે શ્રી ગુરુ ઉત્તર દેતે હૈં-'

૨૯૩) णास-विणिग्गउ सासडा अंबरि जेत्थु विलाइ।
तुट्टइ मोहु तडत्ति तहिँ मणु अत्थवणहँ जाइ।।१६२।।

આહાહા..! **અન્વયાર્થ :— 'નાકસે નિકલા જો શ્વાસ વહ જિસ નિર્વિકલ્પસમાધિ મેં મિલ જાવે,...'** એનો અર્થ કે અંદરમાં ધ્યાન કરે ત્યારે વિકલ્પ ત્યાં અંદરમાં મળી જાય છે અને એ વખતે નાસિકાનો શ્વાસ રોકાઈ જાય છે. એમ. **'નાક સે નિકલા જો શ્વાસ વહ જિસ નિર્વિકલ્પસમાધિ મેં...' 'अंबरे' 'अंबरे'** એટલે આકાશ. આકાશ એ જડ નહિ, પણ આ ચૈતન્ય-આકાશ. એ **'નિર્વિકલ્પ સમાધિમેં...'** આહાહા..! અર્થ કરશે અંદર. પાતંજલિ આદિ જે કહે છે એ નહિ આ. પાતંજલિ તો થોથા. એકલી વાયુની થોથા. આહાહા..! શ્વાસ અને વિકલ્પ રહે. કહે છે કે એ શ્વાસ નીકળી જાય છે અને **'નિર્વિકલ્પસમાધિ મેં મિલ જાવે, ઉસી જગહ મોહ શીઘ્ર નષ્ટ હો જાતા હૈ,...'** આહાહા..! અંદરમાં એકાગ્રતા થતાં અંબર નામ આકાશ ચૈતન્યમૂર્તિ પ્રભુ એમાં એકાગ્રતા હોવાથી, આહાહા..! **'मोह झटिति' 'મોહ શીઘ્ર નષ્ટ હો જાતા હૈ, ઔર મન...' 'अस्तं याति' 'સ્થિર હો જાતા હૈ.' 'મન સ્થિર હો જાતા હૈ.'**નો અર્થ વિકલ્પ છૂટી જાય અને અંદર સ્થિર થાય છે એમ. મન સ્થિર થાય છે એમ કીધું ને? મન જે વિકલ્પમાં અસ્થિર હતું એ છૂટીને આ બાજુ સ્થિર થાય છે. આવી વ્યાખ્યા.

'**ભાવાર્થ :— નાસિકાસે નિકલે શ્વાચ્છોશ્વાસ હૈં, વે અંબર અર્થાત્ આકાશ કે સમાન નિર્મલ...'** ભગવાનઆત્મા. એ **'મિથ્યાત્વ-વિકલ્પ-જાલ રહિત શુદ્ધ ભાવોંમેં વિલિન હો જાતા હૈં,...'** આ બાજુ ધ્યાન કરવાથી વિકલ્પ નાશ થઈ જાય છે એમ. સમજાણું કાંઈ? એકલી વાયુના શ્વાસની વાત કરી છે એ તો સાથે વિકલ્પની સાથે વાત કરી છે. એવી વાયુની ધારણા તો અન્યમતિ પણ બહુ કરે છે. અહીંયાં તો અંદરમાંથી બહારથી ખસી જાય છે એટલે શ્વાસની ગતિ પણ રોકે એવી રીતે થઈ જાય છે એમ. એ સાથે નાખ્યું છે. જેમ આ શ્વાસ ચાલે છે ત્યારે આત્મા આનંદના ધ્યાનમાં જાય છે. આહાહા..! ત્યારે એ શ્વાસની ગતિ જે મોઢેથી નાકથી થાય છે એ ફરી જાય છે અને એ કાળે રાગનો નાશ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? અન્યમતિની વ્યાખ્યા જરી એમાં (કરી છે). પણ અહીંયાં આ અપેક્ષા છે. આહા..!

**'મિથ્યાત્વ-વિકલ્પ-જાલ રહિત શુદ્ધ ભાવોમેં...'** એને અહીંયાં અંબર કીધો. અંબર એટલે આકાશ. ઓલો આકાશ છે એ જડ છે અને આ આકાશ ચૈતન્ય છે. આહાહા..! જેમ આકાશમાં વાદળા કે કાંઈ છે નહિ, એમ ભગવાન-આકાશ છે એમાં રાગાદિ છે નહિ. આહાહા..! આકાશ જેમ વાદળાથી મેલું થતું નથી, એમ ભગવાનઆત્મા પુણ્ય-પાપના ભાવથી મેલો થતો નથી, એ તો નિર્મળાનંદ છે. સમજાણું કાંઈ? આવી વાતું બાપુ ઝીણી બહુ એટલે ઓલા ક્યાંક ક્યાંક ચડી

ગયા છે, ક્યાંક ચડી ગયા છે. ઓલા રજનીશવાળા રજનીશવાળા કહે, એકદમ બહુ રોવો, બહુ રોવો પછી તમને નિર્વિકલ્પ થઈ જશે. કાં બહુ હસો. અરે! પ્રભુ! રોવામાં તો રાગ છે. આહાહા..! દ્વેષ છે. હસવામાં તો રાગ છે. ખુબ રાગ કરો અને ખુબ દ્વેષ કરો એટલે નિર્વિકલ્પ થાય? ઠેકાણા વિનાની વાતું. એને પણ માનનારા છે. ૧૫-૧૫ લાખના મકાન રહેવાના છે. પૂનામાં ૧૫ લાખના મકાન.

મુમુક્ષુ :— એરકન્ડીશન.

ઉત્તર :— હા, ઠંડુ રહે એવું હશે કંઈક. હોય છે એમાં શું? ઠંડુ તો અહીં છે ભગવાન. આહાહા..! શીતળ... શીતળ... શીતળ... ઓલામાં નહોતું આવ્યું? ભક્તિમાં આવ્યું હતું, પૂજામાં સવારમાં. ચંદન શીતળ ચંદ્ર જેવો. પૂજામાં નથી આવતું પૂજામાં? નથી આવતું? આજે આવ્યું હતું. બોલે છે, શાંતિભાઈ બોલતા હતા ને ભેગા.

મુમુક્ષુ :— કાષાયિક ભાવ વિનષ્ટ કિયે...

ઉત્તર :— ના એ નહિ.

મુમુક્ષુ :— ચંદન શીતળતા કરે...

ઉત્તર :— હા એ. શીતળ ચંદનની જેમ છે. ચંદ્રમા જેમ શીતળ છે એમ ભગવાન શીતળ છે. એ આવ્યું હતું સવારે ભક્તિ કરતાં, શાંતિભાઈ બોલતા હતા. આહાહા..! ઠંડો જેમ ચંદ્રમા છે એમ અકષાય શાંત ઉપશમરસનો ભગવાનઆત્મા છે. શુદ્ધ છે અને શીતળ છે ચંદ્ર. એમ આ પવિત્ર છે અને શાંતિ છે જેમાં. આહાહા..! એવો જે નિજ ભગવાનઆત્મા તેમાં ધ્યાન કરવાથી, એકાગ્ર થવાથી નાસિકાનો શ્વાસ જે નાસિકા દ્વારા ચાલે એ ફરી જશે અને વિકલ્પજાળમાં રોકાઈ જતો એ ફરી જશે. આહાહા..! એ તો અવાંચ્છિક વૃત્તિથી થાય છે. લોકોને એવું કંઈ નથી હોં એ. આહાહા..!

**'વિકલ્પજાલ રહિત શુદ્ધ ભાવોમેં વિલીન હો જાતે હૈં, અર્થાત્ તત્ત્વસ્વરૂપ પરમાનંદકર પૂર્ણ...'** એ લીધું તાત્ત્વિક હોં. તાત્ત્વિક પરમાનંદ છે ને? **'तात्त्विकपरमानन्दभरितावस्थे'** એનો અર્થ છે એ. **'તત્ત્વસ્વરૂપ પરમાનંદકર પૂર્ણ...'** **'भरित'** એટલે પૂર્ણ. **'તત્ત્વસ્વરૂપ પરમાનંદકર પૂર્ણ...'** આહાહા..! આત્મા તત્ત્વ નામ ભાવસ્વરૂપ પરમાનંદકર પૂર્ણ. આહાહા..! આત્મા શું છે એની વાતું ન મળે અને બહારની ક્રિયાકાંડની વાતું આખી. એટલે આ વાત એને એવી લાગે. પામરતા સેવતો હોય એને કહે આ તત્ત્વ આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા, એ શી રીતે માપ કરવું એને?

**'તત્ત્વસ્વરૂપ...'** એટલે ભાવસ્વરૂપ. કેવો? **'પરમાનંદકર પૂર્ણ...'** આહાહા..! એનો ભાવ તો પરમાનંદકર પૂર્ણ છે. આહાહા..! ભગવાનઆત્મા તત્ત્વસ્વભાવ સ્વરૂપ પરમાનંદકર પરિપૂર્ણ પ્રભુ છે આ તો. **'भरितावस्थे'** પર્યાયની વાત નથી અહીંયાં. પરિપૂર્ણ ભાવ સ્વભાવરૂપે ભરેલો છે. અવસ્થ—નિશ્ચયથી સ્થ રહેલો છે એમાં. પરમાનંદના સ્વચ્છપણાથી ભરેલો ભગવાન.... આહાહા..! એ **'નિર્વિકલ્પસમાધિમેં સ્થિર...'** એવો જે પૂર્ણ એમાં નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર **'ચિત્ત હો જાતા હૈ,...'** એમ. એવો પરમાનંદસ્વરૂપ ભગવાન તત્ત્વસ્વરૂપ, ભાવસ્વરૂપ,

પરમાનંદસ્વરૂપ એવો જે ભગવાનઆત્મા એમાં મન સ્થિર થઈ જાય છે. આહાહા..! બહારની મહિમા છૂટી જાય છે અને અંદરની મહિમા ઘૂસી જાય છે. આહાહા..! આવી વાતું. પછી કોઈ એમ કહે કે આ અન્યમતિનો માર્ગ આવો હશે? જૈનમાં આવું કોઈ દિ' અમે તો સાંભળતા નહોતા. આહાહા..!

**'શ્વાચ્છોશ્વાસરૂપ પવન રુક જાતી હૈ,...'** એની મેળાએ. **'નાસિકા કે દ્વાર કો છોડકર તાલુવા રંધ્રરૂપી દશવેં દ્વારમેં હોકે નિકલે,...'** એ કુદરતી સ્વભાવ છે. એ દસમું દ્વાર. નીકળી જાય બહાર એમ. આહાહા..! બાહ્ય જ્ઞાનથી શૂન્ય. આહાહા..! **'નાસિકા કે દ્વાર કો છોડકર તાલુવા રંધ્રરૂપી દશવેં દ્વાર મેં હોકે નિકલે, તબ મોહ ટૂટતા હૈ,... '** આહાહા..! સ્વ-સાવધાનમાં આવ્યો એટલે પરસાવધાનનો ભાવ નાશ થઈ જાય છે એમ કહે છે. આહાહા..! આવી વાતું હવે. પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન તત્ત્વ તાત્ત્વિક વસ્તુ છે. તાત્ત્વિક વસ્તુ છે એ. એ તાત્ત્વિક એટલે ભાવસ્વરૂપ છે અને ભાવસ્વરૂપ એ પરમાનંદસ્વરૂપ છે એ, પરમાનંદ ભાવસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્ય વસ્તુ છે, ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ છે, કાળ વર્તમાન પર્યાય છે અને ભાવ ત્રિકાળી પરમાનંદ ભાવ છે. સમજાણું કાંઈ?

**'ઉસી સમય મોહ કે ઉદયકર ઉત્પન્ન હુએ...'** છે ને? **'રાગાદિ વિકલ્પ-જાલ નાશ હો જાતા હૈ,...'** સમ્યગ્દર્શનમાં જે આત્માનું ધ્યેય પકડાણું ત્યારે ત્યાં મોહ નાશ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી ક્રિયા હવે આ બધી તો આ સામાયિક કરવા, પડિક્કમણા કરવા એ બધા ક્યાં ગયા? પોષા કરવા ને. અમે ત્યાં કરતા હોં બધું, પાલેજ. સામાયિક કરીએ, પડિક્કમણા કરીએ. પર્યુષણમાં હોં. પછી આઠ દિ' સિવાય કાંઈ નહિ. સવાર. સાંજે પડિક્કમણું. સવારે નહિ. અને એક અપવાસ. સામાયિક કરીને પડિક્કમણું કરીએ બધા ભેગા થઈને. આહાહા..! ક્યાં સામાયિક કોને કહેવી એને ખબર ન મળે. આહાહા..! સમતાનો પિંડ. અહીં કીધું ને? વીતરાગી નિર્વિકલ્પ આનંદ જેનું તત્ત્વ છે. આહાહા..! ભાષામાં કહ્યું એનું વાચ્ય આ છે. તત્ત્વ પરમાનંદ તત્ત્વ એવો સ્વભાવભાવ તેમાં નિર્વિકલ્પ સમાધિથી, તેના સન્મુખની એકાગ્રતાથી પરસન્મુખના વિકલ્પો મોહ છે તે નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ?

**'જાલ નાશ હો જાતે હૈં,...'** એમ કીધું હોં. નાશ કરીએ છીએ એમ નથી કીધું. નાશ થઈ જાય છે. આહાહા..! કેમકે વસ્તુ ભગવાનઆત્મા એકલો પરમાનંદનો પાતાળ કૂવો છે. એમાંથી તો આનંદ ઝરે એવી ચીજ છે. આહાહા..! એના સન્મુખ નિર્વિકલ્પ શાંતિથી જ્યાં થયો એટલે વિકલ્પની જાળ ઉત્પન્ન થતી નથી, એટલે નાશ થાય છે. નાશ કરું છું એમ નથી. એના ઉત્પાદ વખતે આનો વ્યયનો સ્વભાવ છે એમ કહ્યું. એક સમયમાં છે ને? **'उत्पादव्ययध्रुवयुक्तं सत्'** .. એવું જે પરમાનંદ સ્વરૂપ એની એકાગ્રતારૂપ ઉત્પાદ, એ વખતે પૂર્વના રાગાદિના વિકલ્પનો નાશ થઈ જાય છે, વ્યય થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલે લોકો પછી વાંધા ઉઠાવે છે. આ તો પરમાત્મપ્રકાશનું લખાણ છે. સોનગઢનું છે આ? કેટલા વર્ષ પહેલાં છપાયું છે. આહાહા..!

એ આઠ વર્ષની બાલિકા પણ જ્યારે આત્માના ધ્યાનમાં ઉતરે, આહાહા..! એ વખતે વિકલ્પ તૂટી જાય અને નિર્વિકલ્પ દશા ઉત્પન્ન થાય આનંદ સહિત, આહાહા..! એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે. આહાહા..! અરે! ઢોર, પશુ આહાહા..! એ પણ સમકિતી બિરાજે છે અસંખ્ય. અઢી દ્વીપ બહાર અસંખ્ય સમકિતી છે. આહાહા..! એ આત્માના આનંદમાં જ્યારે જાય છે, આમ તો ઘણો વખત વિકલ્પ હોય એટલે આનંદની અમુક શૈલી તો હોય પણ અંદરમાં ધ્યાનમાં જ્યારે જાય છે.. આહાહા..! ત્યારે કહે છે કે વિકલ્પજાળ તૂટી જાય છે અને નિર્વિકલ્પ વૃદ્ધિ થાય છે. આહાહા..! નિર્વિકલ્પ વૃદ્ધિ થાય એટલે શું? કે અશુદ્ધની નિર્જરા થઈ જાય છે એમ. સમજાણું? નાશ થયું કીધું ને? તો એ નિર્જરા થઈ. નિર્વિકલ્પ દૃષ્ટિ હતી ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ હતી અને એમાં જ્યારે વિશેષ સ્થિર થાય છે ત્યારે શુદ્ધિની વૃદ્ધિ થાય છે એ નિર્જરા. અશુદ્ધતાનો નાશ થાય છે એ નિર્જરા. આહાહા..! અને એના નિમિત્તથી જેને નાશ થવા લાયક છે કર્મ એ પણ નાશ થાય છે. એની યોગ્યતાથી નાશ થાય છે એ. આને કારણે નહિ કાંઈ. આહાહા..! એવી વાત છે.

**'બાહ્ય જ્ઞાન સે શૂન્ય નિર્વિકલ્પસમાધિમેં વિકલ્પોં કા આધારભૂત જો મન વહ અસ્ત હો જાતા હૈ,...'** બાહ્યનું જ્ઞાન જ રહેતું નથી પછી ખ્યાલમાં. આહાહા..! એક સર્વજ્ઞ સ્વભાવી ભગવાન પરમાનંદ સ્વરૂપ જ્યાં ધ્યેયમાં (આવ્યો), દ્રવ્ય ધ્યેયમાં પર્યાયમાં આવ્યો. આહાહા..! એમ કહે છે એ જુઓ. પછી **'બાહ્ય જ્ઞાન સે શૂન્ય નિર્વિકલ્પસમાધિ મેં વિકલ્પોં કા આધારભૂત જો મન વહ અસ્ત હો જાતા હૈ,...'** આહા..! નિજજ્ઞાનમાં નિર્વિકલ્પમાં આવ્યો એમ કહે છે અંદર. ત્યારે બાહ્ય જ્ઞાનથી શૂન્ય એવા વિકલ્પથી રહિત થાય છે. આહાહા..! **'અર્થાત્ નિજસ્વભાવ મેં મનકી ચંચલતા નહીં રહતી. '** આહાહા..! ચાહે તો ભક્તિ, વ્રતાદિના વિકલ્પો છે એ મનની ચંચળતા છે એમ કહે છે. આવી વાત છે. આવું બધું ઝીણું પડે હોં ભાઈ! ગુલાબચંદભાઈ! સમજાય છે? મુંબઈ મોટા ..વાળા. લોકોને પરિચય નહિ, સાંભળવા મળ્યું નથી, સત્ય શ્રવણમાં મળ્યું નથી. શું સત્ય છે અને કઈ રીતે પ્રગટે? અરેરે! જિંદગી એમ ને એમ ચાલી જાય છે.

**'જબ યહ જીવ રાગાદિ પરભાવોં સે શૂન્ય નિર્વિકલ્પસમાધિમેં હોતા હૈ,...'** નિર્વિકલ્પ સમાધિમેં હોતા હૈ, **'તબ યહ શ્વાચ્છોશ્વાસ પવન નાસિકાકે દોનોં છિદ્રોં કો છોડકર સ્વયમેવ અવાંછિક વૃત્તિસે...'** જોયું! અવાંછિક વૃત્તિ. વૃત્તિ નથી કે આને છોડું અને આને લઉં. એવું કુદરતે સહજ એવું થઈ જાય છે. **'તાલુવા કે બાલકી અની કે આઠવેં ભાગ...'** અંદર. અંદરમાં **'પ્રમાણ અત સૂક્ષ્મ છિદ્ર મેં...'** **'અની કે આઠવેં ભાગ પ્રમાણ અતિ સૂક્ષ્મ છિદ્ર મેં (દશવેં દ્વારમેં) હોકર નિકલતી હૈ,...'** આહાહા..! શ્વાસ. **'નાસા કે છેદકો છોડકર તાલુરંધ્રમેં (છેદમેં) હોકર નિકલતી હૈ.'** શ્વાસની ગતિ. **'ઔર પાતંજલિમતવાલે વાયુધારણારૂપ શ્વાસોચ્છવાસ માનતે હૈં, વહ ઠીક નહીં હૈં,...'** એકલા વાયુને આમ રોકું, આમ કરું એ તો બધી કલ્પના. એ લોકોમાં આવે છે એ નાખ્યું છે. શ્વાસને નાસિકાથી બંધ કરવો અને આમ છિદ્રમાં

દસમે દ્વારે જાય. એ તો ક્રિયા થઈ રાગની. એ વાત અન્યમતમાં નથી. કીધું ને અન્ય દેવમાં ક્યાં છે? એમાં છે નહિ. આહાહા..! એની વાત કરી છે પણ એ બધી કલ્પનાની બધી વાતું.

'**ક્યોંકિ વાયુધારણા વાંછાપૂર્વક હોતી હૈ,...**' વાયુને નાકમાંથી નીકાળતા આમ કરું, એ તો ઈચ્છા છે, રાગ છે, ત્યાં ક્યાં નિર્વિકલ્પતા આવી? સમજાણું કાંઈ? '**ઔર વાંછા હૈ, વહ મોહ સે ઉત્પન્ન વિકલ્પરૂપ હૈ,...**' આહાહા..! '**વાંછા કા કારણ મોહ હૈ. વહ સંયમીકો વાયુકા નિરોધ વાંછાપૂર્વક નહીં હોતા હૈ,...**' સમ્યગ્દૃષ્ટિ સહિત મુનિની વાત છે ને અહીંયાં? ધ્યાનમાં બેસે છે, અંદરમાં સ્થિર થાય છે ત્યારે વાંછાપૂર્વક શ્વાસને કાઢવો, નાખવો એમ નથી એને. એમ બની જાય છે સહજ. '**સ્વભાવિક હી હોતા હૈ. જિનશાસનમેં ઐસા કહા હૈ, કિ કુંભક (પવન કો ખેંચના)...**' આમ ખેંચવું. '**પૂરક (પવન કો થંભના)...**' રોકવો. અંદર રોકવું. '**રેચક (પવન કો નિકાલના) યે તીન ભેદ પ્રાણાયામકે હૈં, ઈસીકો વાયુધારણા કહતે હૈં. વહ ક્ષણમાત્ર હોતી હૈ, પરંતુ અભ્યાસ કે વશમેં...**' એવી ક્રિયા કરે ઘણો વખત કોઈ. આ બાવા ને એ કરે છે ને. એમ છે ને? '**અભ્યાસ કે વશ મેં ઘડી, પહર, દિવસ આદિ તક ભી હોતી હૈ.**' લ્યો. આહાહા..! આત્માના ભાન વિના એ શૂન્ય થઈ જાય અંદર. આહા..! એ કાંઈ વસ્તુ નથી. લ્યો '**ઉસ વાયુધારણા કા ફલ ઐસા કહા હૈ, કિ દેહ મેં આરોગ્ય હોતી હૈ,...**' એમાં આત્માને શું છે? '**દેહ કે સબ રોગ મિટ જાતે હૈં,...**' છે ને? આહાહા..! '**શરીર હલકા હો જાતા હૈ, પરંતુ મુક્તિ ઈસ વાયુધારણા સે નહીં હોતી,...**' આહાહા..! અન્યમતિ જે કહે છે એ રીતે થતી નથી. અંદરમાં ધ્યાન કરવાથી એકાગ્ર થાય ત્યારે વાયુ રોકાઈ જાય એનાથી મુક્તિ થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, મહા વદ ૯, શનિવાર
## તા. ૧૨-૦૨-૧૯૭૭, ગાથા-૧૬૨-૧૬૩, પ્રવચન નં. ૨૧૪

૧૬૨ ગાથા છે. શ્વાસોશ્વાસની ક્રિયાની વાત ચાલે છે ને ત્યાં. અન્યમતમાં એ મુખ્યતા. શ્વાસને રોકવો અને અહીંથી શ્વાસ કાઢવો. એ બધી શરીરની ક્રિયાઓ છે, એ કાંઈ આત્મિક ક્રિયા નથી. '**પરંતુ મુક્તિ ઈસ વાયુધારણા સે નહીં હોતી,...**' છે ને? '**ક્યોંકિ વાયુધારણા શરીરકા ધર્મ હૈ,...**' વાયુને કાઢવો અને વાયુને અંદર રોકવો, કુંભક ને રેચક ને એ આવે છે ને? એ તો સહજ થઈ જાય છે અંદર. જ્યાં આત્મા આનંદસ્વરૂપ છે, કહે છે જુઓ! '**શુદ્ધોપયોગિયોં કે સહજ હી બિના યત્નકે મન ભી રુક જાતા હૈ,...**' પોતાનો સ્વભાવ શુદ્ધઆનંદઘન એમાં જ્યાં ઉપયોગ ઢળ્યો શુદ્ધોપયોગ ત્યાં એ શ્વાસની ક્રિયા સહજ રોકાઈ જાય છે, રોકવી પડતી નથી એમ કહે છે. શરીરનો એ તો ધર્મ છે, આત્માનો ધર્મ નથી. '**શ્વાસ ભી સ્થિર હો જાતે હૈં.**' ઠીક! '**મન ભી**

**રુક જાતા હૈ, ઔર શ્વાસ ભી સ્થિર હો જાતે હૈં. શુભોપયોગીકે મનકે રોકને કે લિયે પ્રાણાયામકા અભ્યાસ હૈ, મનકે અચલ હોનેપર કુછ પ્રયોજન નહીં હૈ.'** શાસ્ત્રમાં ચાલ્યું છે એ જ્ઞાનાર્ણવમાં. વાયુધારણા ને આવે એ વિકલ્પ છે એ જાતનો રોકવા માટે. પણ એ કાંઈ આત્માનો ધર્મ નથી અને એને લઈને ધ્યાન થાય એમ છે નહિ. આહાહા..! **'કુછ પ્રયોજન નહીં હૈ. મન કે અચલ હોને પર કુછ પ્રયોજન નહીં હૈ.'**

**'જો આત્મસ્વરૂપ હૈ વહ કેવલ ચેતનાયમી જ્ઞાન દર્શનસ્વરૂપ હૈ,...'** એ તો ચેતનાસ્વરૂપ અને એનો ભેદ—જ્ઞાન અને દર્શન. આત્મા એક, એનું ચેતના સ્વરૂપ ત્રિકાળી, એનો ભેદ દર્શન અને જ્ઞાન. એક, બે અને ત્રણ. સમજાણું કાંઈ? **'જો આત્મસ્વરૂપ હૈ, વહ કેવલ ચેતનામયી...'** એટલે વિકલ્પ ને એ ક્રિયા શ્વાસની એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. કેવલ ચેતનામયી જ્ઞાન, દર્શનસ્વરૂપ છે. **'સો શુદ્ધોપયોગી તો સ્વરૂપ મેં અતિલીન હૈં,...'** આહાહા..! શુભભાવમાં તો પરનો આશ્રય છે અને એમાં અવલંબન પર છે એટલે એ રાગ છે. અને શુદ્ધોપયોગમાં તો એકલું આત્માનું અવલંબન છે.

ધર્મની શુદ્ધદશા શુદ્ધઉપયોગ. પુણ્ય-પાપનો ભાવ તો અશુદ્ધઉપયોગ છે અને આ શુદ્ધઉપયોગ છે. વસ્તુ શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે, એનો વેપાર અંદરનો તે શુદ્ધ છે. આહાહા..! દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે અને પર્યાય શુદ્ધ છે. આહાહા..! આવી વાત છે જરી. પર્યાય શુદ્ધઉપયોગીનું અવલંબન દ્રવ્ય છે. સમજાણું કાંઈ? શુદ્ધઉપયોગનું અવલંબન દ્રવ્ય છે. દ્રવ્ય છે એ શુદ્ધ ને પવિત્ર, ગુણ પણ પવિત્ર ને શુદ્ધ છે. એનું અવલંબન લેતા જે શુદ્ધઉપયોગ થયો એમાં આત્માનો જ આશ્રય અને અવલંબન છે, એમાં કોઈ પરદ્રવ્યનું અવલંબન છે નહિ. તીર્થંકરને નમસ્કાર, નમોકાર એનું પણ નથી એમાં એમ કહે છે. શાસ્ત્રમાં આવે ઘણે ઠેકાણે. જિનબિંબના દર્શન કરવાથી નિદ્ધત નિકાચિત કર્મ છૂટી જાય એવું આવે છે, લ્યો. આ લોકો નાખે વ્યવહારવાળા. એ જિનબિંબ એ નહિ, જિનબિંબ આ. એ જિનબિંબ ઉપર લક્ષ જઈ પછી જિનબિંબ આ આત્મામાં લક્ષ જાય. આહાહા..! એને નિદ્ધત અને નિકાચિત કર્મ ટૂટે. સમજાણું કાંઈ? જેમ કહ્યું ને કે **'जो जाणदि अरहंतं'**. જે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એ આત્માને જાણે. એ નિમિત્ત છે એ તો.

મુમુક્ષુ :— જે પરને જાણે એ સ્વને જાણે એમ થયું ને?

ઉત્તર :— એ નિમિત્ત છે કીધું ને ઈ. એમાંથી છૂટીને આત્માને જાણે તો દ્રવ્ય-ગુણ-પર્યાય અરિહંતના જાણ્યા એમ નિમિત્તથી કહેવામાં આવે. આમ છે. ત્યાં એમ નાખે જુઓ, દ્રવ્ય-ગુણ-પર્યાય ભગવાનના જાણે છે એનાથી આત્માનું જ્ઞાન થાય છે. એમ નથી. એને પહેલા દ્રવ્ય-ગુણ-પર્યાય અરિહંત આવા છે એવું મન વડે કરીને, વિકલ્પ વડે કરીને એને જ્ઞાન થયું હતું. પછી એને આત્મા સાથે મેળવે છે ત્યારે એની આત્માની સન્મુખ દશા થાય છે, પરથી વિમુખ થઈ જાય છે. આહાહા..! આવો સન્મુખ અને વિમુખનું કોઈ દિ' સાંભળ્યું ન હોય એણે. આહાહા..! શુદ્ધોપયોગી સ્વભાવમાં લીન છે, અતિ લીન છે.

**'ઔર શુભોપયોગી કુછ એક મનકો ચપલતાસે આનંદઘનમેં અડોલ અવસ્થાકો નહીં પાતે,...'** આનંદઘન ભગવાનઆત્મા! આહાહા..! આનંદનો પિંડ છે. જેમ વિજ્ઞાનઘન કીધો છે ને? ભગવાન વિજ્ઞાનનો ઘન છે, એમાં વિકલ્પ રાગનો પ્રવેશ નથી. એમ આનંદકંદ ભગવાન છે એમાં વિકલ્પ છે એ તો દુઃખ છે, એનો પ્રવેશ નથી. આહાહા..! આવી વાતું ઝીણી! વિજ્ઞાનઘન. આવે છે ને ૧૪મી ગાથા. જેમ જેમ વિજ્ઞાનઘન થતો જાય છે તેમ તેમ આસ્રવ ટળતા જાય. જેમ જેમ આસ્રવ ટળતા જાય તેમ તેમ વિજ્ઞાનઘન થતો જાય છે. આહાહા..! એમ અહીંયાં આનંદઘન. જેમ જેમ સ્થિરતા અંદર આનંદઘનની થતી જાય છે, તેમ તેમ આસ્રવ ઘટતા જાય છે. આહાહા..! પર તરફનું અવલંબન, નિજસ્વરૂપના ઉગ્ર અવલંબનથી ઘટતું જાય છે. આવી વાત છે. કહો, દેવજીભાઈ! આહાહા..!

**'આનંદઘન મેં અડોલ અવસ્થાકો નહીં પાતે, તબ તક મનકે વશ કરનેકે લિયે શ્રી પંચપરમેષ્ઠીકા ધ્યાન સ્મરણ કરતે હૈં,...'** છે એ રાગ. એનાથી અંદરમાં લીન થઈ શકે એમ નથી. એનો આશ્રય અને અવલંબન છોડે અને આત્માનું અવલંબન લે તો શુદ્ધઉપયોગ થઈ લીન થાય. આહાહા..! સમજાણું કાંઈ? રમેશભાઈ ક્યાં છે? નથી આવ્યા? ન્યાં બેઠા છે, ઠીક. સમજાણું કાંઈ? આહાહા..! પર તરફની દિશાના પરિણામને આસ્રવ અને બંધ કહે છે. આહાહા..! સ્વ તરફના અવલંબનના પરિણામને સંવર અને નિર્જરા કહીએ છીએ. પોષા કરે, પડિક્કમણા કરે તો સંવર-નિર્જરા થઈ ગઈ કહે. જામનગરમાં. ઉપદેશ આપે, બીજું શું થાય? આહાહા..! એ વસ્તુ મળી જ નહિ, આખું જૈનદર્શન મળ્યું જ નથી. બાહ્યના ધર્મને ધર્મ માની લીધો.

મુમુક્ષુ :— દિગંબરમાં વ્રત, તપ કરે.

ઉત્તર :— આહાહા..! ભગવાન પૂર્ણ આનંદઘન. છે ને આનંદઘન? આનંદઘન ઓલા થઈ ગયા છે શ્વેતાંબરમાં એ નહિ. આ તો આ આનંદઘન છે. એકલો અણીન્દ્રિય અનાકુળ આનંદનો પિંડ છે. આહાહા..!

મુમુક્ષુ :— વ્યાખ્યા તો બહુ સરસ છે.

ઉત્તર :— બીજું શું થાય? કરવું તો એને છે ને. આહાહા..! સમજાણું કાંઈ? એના અવલંબનમાં જાય તો એને શુદ્ધ ઉપયોગ થાય, તો ધર્મ થાય, તો મોક્ષનો માર્ગ થાય. આહાહા..!

મુમુક્ષુ :— અનુભવ કરવો શી રીતે?

ઉત્તર :— કીધું ને એ, કરવું આ. સ્વનું આલંબન લેવું એ કરવું. આહાહા..! આ તો કેમ લેવું એ અંદરમાં જાવું એમ. અંદરમાં કેમ જાવું? પર્યાયને અંદરમાં વાળવી એમ. વાળવી કેમ વાળવી? કે બહિર્મુખમાંથી ખસી જવું એમ. આહાહા..! આવો માર્ગ છે. અનંતકાળનો અજાણ્યો માર્ગ બાપા. આહાહા..! આ તો કહે, દયા પાળો, વ્રત કરો ને અપવાસ કરો, જાત્રા કરો ને ભક્તિ કરો. જાઓ, થશે કરતા કરતા ધર્મ. જિંદગી ચાલી જાય છે અને આસ્રવ બંધના ભાવમાં રોકાઈ જાશે. આહાહા..! ભગવાન અનાસ્રવી અને અબંધસ્વરૂપ, એનો એને વિશ્વાસ અને રુચિ, દૃષ્ટિ અને સ્થિરતા કરવાની

છે. આ વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ **'આનંદઘનમેં અડોલ અવસ્થાકો નહીં પાતે, તબ તક મનકે વશ કરને કે લિયે શ્રી પંચપરમેષ્ઠીકા ધ્યાન સ્મરણ કરતે હૈં, ઓંકારાદિ મંત્રોકા ધ્યાન કરતે હૈં...'** પણ છે શુભવિકલ્પ રાગ. એ રાગ કરે છે એટલે અંદર જઈ શકે છે એમ નથી. આ મોટા વાંધા છે ને અત્યારે. બારમી ગાથાનો આધાર આપ્યો છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, જયચંદ્ર પંડિતે લખ્યું છે ને એનો આધાર આપ્યો છે. પછી આધાર આપ્યો છે સોનગઢના હિંમતલાલ ટ્રસ્ટ છે એમાં આ લખેલું છે જુઓ! એ તો શું કહ્યું? નિશ્ચય હોય છે ત્યારે આવો વ્યવહાર એને હોય છે. પણ એથી વ્યવહારથી થાય નિશ્ચય, એમ કંઈ ત્યાં કહ્યું નથી. સમજાણું કાંઈ? પ્રશ્ન છે ને એ બીજા ભાગમાં. આ જવાબ આપ્યો છે. જુઓ! ૧૨મી ગાથામાં જયચંદ્ર પંડિત લખે છે એ હિંમતભાઈએ છપાવ્યું છે. હિંમતલાલ સોનગઢના હિંમતલાલ. ઈ હિંમતભાઈ. આહાહા..! એમ કે એમાંથી એનાથી થાય શુભભાવથી એમ કહ્યું છે એમાં એમ કહે છે. એ સાધન છે, જ્યાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી આ સાધન કરવું. સમ્યગ્દર્શન ન પામે ત્યાં સુધી આ સાધન કરવું. એ તો એક હોય છે અને (ત્યાંથી) ખસીને સ્વનો આશ્રય લેતા તેને સમ્યગ્દર્શન થાય છે. અને સમ્યગ્દર્શન પછી પણ જે બાકી શુભ રહે છે એમાંથી ખસીને સ્થિર થાય ત્યારે ચારિત્ર થાય છે. આહાહા..! આવું કામ આકરું છે ભાઈ! આહા..!

**'પ્રાણાયામ અભ્યાસકર મનકો રોકકે ચિદ્રૂપમેં લગાતે હૈં, જબ યહ લગ ગયા, તબ મન ઔર પવન સબ સ્થિર હો જાતે હૈં. શુદ્ધોપયોગિયોંકી દૃષ્ટિ એક શુદ્ધોપયોગ પર હો,...'** આહાહા..! શુભઉપયોગ હો, પંચપરમેષ્ઠી હો, નમસ્કાર હો, નૌકાર આદિ પણ એનું લક્ષ શુદ્ધ ઉપયોગ ઉપર છે. એનાથી થશે એમ નહિ. સમજાણું કાંઈ? શુભોપયોગ હોય છે, એની દૃષ્ટિ અંતરમાં જાવું છે એ વાત છે. પણ એનાથી જાય છે એમ નહિ. આહાહા..! મોટા શ્રદ્ધામાં પહેલા...

મુમુક્ષુ :— શુદ્ધોપયોગનો સાધક શુભઉપયોગ કહેવામાં આવે છે.

ઉત્તર :— એ કહેવાય છે ઉપચારથી. છોડે છે અને છેલ્લો હોય છે માટે કહેવાય છે. એનું લક્ષ છોડે ત્યારે થાય છે. એનાથી થાય છે? અજ્ઞાની માને છે એમ. એ તો વ્યવહારે કહ્યું છે. સમકિતીને શુભોપયોગમાં નજીકપણું શુદ્ધઉપયોગ છે એથી શુભઉપયોગ છોડીને શુદ્ધ થશે એમ એને કહેવામાં આવે એમ છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં સાતમા અધ્યાયમાં છે. સમજાણું કાંઈ? એ તો જેની દૃષ્ટિમાં શુભરાગ હેય છે એવો અનુભવ થયો છે આત્માનો, એને એ શુભરાગમાં જ્યારે આવે છે તો પછી એને છોડીને શુદ્ધમાં જશે એમ કહ્યું છે. આહાહા..! કારણ કે શુદ્ધમાં જવા વખતે છેલ્લો અશુભભાવ ન હોય એમ. અંતર શુદ્ધમાં જવા માટે છેલ્લો અશુભ ન હોય. એ શુભ હોય છે ત્યાંથી ખસીને જાય છે એટલે ત્યાંથી એને કહ્યું વ્યવહારે. આહા..! શું થાય?

**'એક શુદ્ધોપયોગપર હો,...'** એ શુભોપયોગના પ્રવર્તનારને પણ ધર્મીની દૃષ્ટિ શુદ્ધઉપયોગ પર છે. **'પાતંજલિમતકી તરહ થોથી વાયુધારણા નહીં હૈ.'** એકલી વાયુધારણા કરે પાતંજલિમાં. **'જો વાયુધારણાસે હી શક્તિ હોવે, તો વાયુધારણા કરનેવાલોંકો ઉસ દુઃષમકાલમેં મોક્ષ**

**ક્યોં ન હોવે?'** વાયુધારણાને ... કરે. વાયુની ધારણા કરનાર જંગલમાં બાવા આદિ. '**કભી નહીં હોતા. મોક્ષ તો કેવલ સ્વભાવમયી હૈ.**' '**કેવલ સ્વભાવમયી હૈ.**' આહાહા..! મોક્ષ તો એકલો સ્વભાવમય છે. એ સ્વભાવથી સ્વભાવમય પ્રાપ્ત થાય. એ વિભાવથી પ્રાપ્ત થાય નહિ. હજી જેના જ્ઞાનમાં ઠેકાણા નથી, એના શ્રદ્ધાના ઠેકાણા નથી એના અંતરમાં જાય ક્યાંથી? એ ૧૬૨ થઈ.

---

## ગાથા-૧૬૩

अथ–

२९४) मोहु विलिज्जइ मणु मरइ तुट्टइ सासु-णिसासु।
केवल-णाणु वि परिणमइ अंबरि जाहँ णिवासु।।१६३।।
मोहो विलीयते मनो म्रियते त्रुट्यति श्वासोच्छ्वासः।
केवलज्ञानमपि परिणमति अम्बरे येषां निवासः।।१६३।।

मोहु विलिज्जइ इत्यादि। मोहु मोहो ममत्वादिविकल्पजालं विलिज्जइ विलयं गच्छति मणु मरइ इहलोकपरलोकाशाप्रभृतिविकल्पजालरुपं मनो म्रियते। तुट्टइ नश्यति। कोडसौ। सासु-णिसासु अनीहितवृत्त्या नासिकाद्वारं विहाय क्षणमात्रं तालुरन्ध्रेण गच्छति पुनरप्यन्तरं नासिकया कृत्वा निर्गच्छति पुनरपि रन्ध्रेणेत्युच्छ्वासनिः श्वासलक्षणो वायुः। पुनरपि किं भवति। केवल-णाणु वि परिणमइ केवलज्ञानमपि परिणमति समुत्पद्यते। येषां किम्। अंबरि जाहं णिवासु रोगद्वेषमोहरुपविकल्पजालशून्यं अम्बरे अम्बरशब्दवाच्ये शुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुचरणरुपे निर्विकल्पत्रिगुप्तिगुप्तपरमसमाधौ येषां निवास इति। अयमत्र भावार्थः। अम्बरशब्देन शुद्धाकाशं न ग्राह्यं किंतु विषयकषायविकल्पशून्यः परमसमाधिर्ग्राह्यः, वायुशब्देन च कुम्भकरेचकपूरकादिरुपो वायुनिरोधो न ग्राह्यः किंतु स्वयमनीहितवृत्त्या निर्विकल्पसमाधिबलेन दशमद्वारसंज्ञेन ब्रह्मरन्ध्रसंज्ञेन सूक्ष्माभिधानरुपेण च तालुरन्ध्रेण योडसौ गच्छति स एव ग्राह्यः तत्र। यदुक्तं केनापि–''मणु मरइ पवणु जहिं खयहं जाइ। सव्वंगइ तिहुवणु तहिं जि ठाइ। मूढा अंतरालु परियाणहि। तुट्टइ मोहजालु जइ जाणहि।।'' अत्र पूर्वोक्तलक्षणमेव मनोमरणं ग्राह्यं पवनक्षयोडपि पूर्वोक्तलक्षण एव त्रिभुवनप्रकाशक आत्मा तत्रैव निर्विकल्पसमाधौ तिष्ठतीत्यर्थः। अन्तरालशब्देन तु रागादिपरभावशून्यत्वं ग्राह्यं न चाकाशे ज्ञाते सति मोहजालं नश्यति न चान्यादृशं परकल्पितं ग्राह्यामित्यभिप्रायः।।१६३।।

---

आगे फिर परमसमाधिका कथन करते हैं–

गाथा-१६३

अन्वयार्थ :- [येषां] जिन मुनिश्वरोंका [अंबरे] परमसमाधिमें [निवासः] निवास है, उनका [मोहः] मोह [विलीयते] नाशको प्राप्त हो जाता है, [मनः] मन [म्रियते] मर जाता है, [श्वासोच्छ्वासः] श्वासोच्छ्वास [त्रुट्यति] रुक जाता है, [अपि] और [केवलज्ञानम्] केवलज्ञान [परिणमति] उत्पन्न होता है।

भावार्थ :- दर्शनमोह और चारित्रमोह आदि कल्पना-जाल सब विलय हो जाते हैं, इस लोक परलोक आदिकी वाँछा आदि विकल्परुप मन स्थिर हो जाता है, और श्वासोच्छ्वासरुप वायु रुक जाती है, श्वासोच्छ्वास अवाँछीकपनेसे नासिकाके द्वारको छोड़कर तालुछिद्रमें होकर निकलते हैं, तथा कुछ देरके बाद नासिकासे निकलते हैं। इसप्रकार श्वासोच्छ्वासरुप पवन वश हो जाता है। चाहे जिस द्वारसे निकालो। केवलज्ञान भी शीघ्र ही उन ध्यानी मुनियोंके उत्पन्न होता है, कि जिन मुनियोंका राग-द्वेष-मोहरुप विकल्पजालसे रहित शुद्धात्माका सम्यक् श्रद्धान ज्ञान आचरणरुप निर्विकल्प त्रिगुप्तमयी परमसमाधिमें निवास है। यहाँ अम्बर नाम आकाशका अर्थ नहीं समझना, किन्तु समस्त विषय-कषायरुप विकल्प-जालोंसे शून्य परमसमाधि लेना। और यहाँ वायु शब्दसे कुंभक पूरक रेचकादिरुप वाँछापूर्वक वायुनिरोध न लेना, किन्तु स्वयमेव अवाँछिक वृत्ति पर निर्विकल्पसमाधिके बलसे ब्रह्मद्वार नामा सूक्ष्म छिद्र जिसको तालुवेका रंध्र कहते हैं, उसके द्वारा अवाँछिक वृत्तिसे पवन निकलता है, वह लेना। ध्यानी मुनियोंके पवन रोकनेका यत्न नहीं होता है, बिना ही यत्नके सहज ही पवन रुक जाता है, और मन भी अचल हो जाता है, ऐसा समाधिका प्रभाव है। ऐसा दूसरी जगह भी कहा है, कि जो मूढ है, वे तो अम्बरका अर्थ आकाशको जानते हैं, और जो ज्ञानीजन हैं, वे अम्बरका अर्थ परमसमाधिरुप निर्विकल्प जानते हैं। सो निर्विकल्प ध्यानमें मन मर जाता है, पवनका सहज ही विरोध होता है, और सब अंग तीन भुवनके समान हो जाता है। जो परमसमाधिको जाने, तो मोह टूट जावे। मनके विकल्पोंका मिटना वही मनका मरना है, और वही श्वासका रुकना है, जो कि सब द्वारोंसे रुककर दशवें द्वारमेंसे होकर निकले। तीन लोकका प्रकाशक आत्माको निर्विकल्पसमाधिमें स्थापित करता है। अंतराल शब्दका अर्थ रागादि भावोंसे शून्यदशा लेना आकाशका अर्थ न लेना। आकाशके जाननेसे मोह-जाल नहीं मिटता, आत्मस्वरुपके जाननेसे मोह-जाल मिटता है। जो पातञ्जलि आदि परसमयमें शून्यरुप समाधि कही है, वह अभिप्राय नहीं लेना, क्योंकि जब विभावोंकी शून्यता हो जावेगी तब वस्तुका ही अभाव हो जाएगा।।१६३।।

હવે, ફરી પરમસમાધિનું કથન કરે છે :-

ભાવાર્થ :- રાગ-દ્વેષ-મોહરૂપ વિકલ્પજાળથી શૂન્ય (ખાલી) અંબરમાં 'અંબર' શબ્દથી વાચ્ય એવી, શુદ્ધ આત્માનાં સમ્યક્‌શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ આચરણરૂપ નિર્વિકલ્પ ત્રણ ગુપ્તિથી ગુપ્ત પરમસમાધિમાં જેનો નિવાસ છે તેના મોહ-મમત્વાદિ વિકલ્પજાળ નાશ પામે છે. આલોક, પરલોકની આશાથી માંડીને વિકલ્પજાળરૂપ મન મરી જાય છે, ઉચ્છ્‌વાસ-નિશ્વાસલક્ષણ વાયુ અનીહિતવૃત્તિથી નાસિકા દ્વારને છોડીને ક્ષણવાર તાલુરંધ્રમાંથી નીકળે છે, વળી પછી નાસિકા દ્વારા નીકળે છે વળી પાછો બ્રહ્મરંધ્રથી નીકળે છે. વળી કેવળજ્ઞાન પણ પરિણમે છે- ઉત્પન્ન થાય છે.

અહીં, આ ભાવાર્થ છે કે 'અંબર' શબ્દથી શુદ્ધ આકાશ ન સમજવો પણ વિષયકષાયના વિકલ્પોથી શૂન્ય (ખાલી) પરમ સમાધિ સમજવી. (અંબર શબ્દનો અર્થ શુદ્ધ આકાશ ન લેવો 'અંબર' શબ્દનો અર્થ પરમ સમાધિ લેવો), અને 'વાયુ' શબ્દથી કુંભક, રેચક, પૂરક આદિરૂપ વાયુનિરોધ ન સમજવો પણ સ્વયં અનીહિતવૃત્તિથી નિર્વિકલ્પ સમાધિના બળથી દશમદ્વાર નામના બ્રહ્મરંધ્ર સંજ્ઞાવાળા અને સૂક્ષ્મ અભિધાનરૂપ તાલુરંધ્રમાંથી જે (વાયુ) નીકળે છે તે ત્યાં લેવો. વળી, કહ્યું પણ છે કે-''मणु मरइ पवणु जहिं खयहं जाइ। सव्वंगइ तिहुवणु तहिं जि ठाइ। मूढा अंतरालु परियाणहि। तुट्टइ मोहजालु जइ जाणहि।।'' (અર્થઃ-મૂઢ અજ્ઞાનીઓજ 'અંબર'નો અર્થ આકાશ સમજે છે. પણ જો 'અંબર'નો અર્થ પરમસમાધિ જાણે તો મન મરી જાય છે, પવનનો સહજ ક્ષય થાય છે. મોહજાળ નાશ પામે છે અને સર્વ અંગ ત્રિભુવનની સમાન થઇ જાય છે (અર્થાત્ કેવળજ્ઞાન થવાથી તેમાં ત્રણલોક જણાય છે).

અહીં, પૂર્વોક્ત લક્ષણવાળું જ મનોમરણ સમજવું, પવનક્ષય પણ પૂર્વોક્ત લક્ષણવાળો જ સમજવો, ત્રિભુવનપ્રકાશક આત્મા તે નિર્વિકલ્પ સમાધિમાં જ રહે છે એવો અર્થ છે. 'અન્તરાલ' શબ્દથી તો રાગાદિ પરભાવનું શૂન્યપણું સમજવું પણ આકાશને જાણતાં મોહજાળ નાશ પામતી નથી, તેથી ('અન્તરાલ' શબ્દથી) અન્યે બતાવેલું પરકલ્પિત (આકાશ) ન સમજવું, એવો અભિપ્રાય છે. ૧૬૩.

## ગાથા-૧૬૩ ઉપર પ્રવચન

૧૬૩. '**આગે ફિર પરમસમાધિ કા કથન કરતે હૈં**-' ૧૬૩.

૨૯૪) मोहु विलिज्जइ मणु मरइ तुट्टइ सासु-णिसासु।
केवल-णाणु वि परिणमइ अंबरि जाहँ णिवासु।।१६३।।

ત્રણ બોલ કહ્યા. જેનો અંબરમાં વાસ છે.

**અન્વયાર્થ :—** '**જિન મુનિશ્વરોંકા...**' વિશેષ વાત લીધી છે ને ઠેઠ. એકદમ કેવળજ્ઞાન થાય એની વાત લીધી છે. '**अंबरे**' નામ '**પરમસમાધિમેં નિવાસ હૈ,...**' અંબર અંબર એટલે આકાશ. નિર્મળ પરિણતિ તેને અંબર અહીં આકાશ કીધું છે. '**જિન મુનિશ્વરોંકા પરમસમાધિમેં...**' આકાશ એમાં નિવાસ છે. '**ઉનકા મોહ નાશકો પ્રાપ્ત હો જાતા હૈ,...**' આહાહા..! પરમ વિજ્ઞાનઘન (છે) પણ એનો ભરોસો, પ્રતીત આવ્યા વિના ઠરે ક્યાંથી? આહાહા..! ૧૭-૧૮માં કહ્યું છે ને કે એની પ્રતીત આ વસ્તુ પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનઘન (છે) એનો જ્યાં અનુભવ થયો, એની પ્રતીતિ થઈ. પ્રતીતિમાં એ આવ્યું કે આમાં જેટલો સ્થિર થઈશ તેટલા કર્મ ખરશે, અશુદ્ધતા જશે. ત્યારે એને શ્રદ્ધામાં એ આવે છે. જ્ઞાતા-દૃષ્ટા ભગવાનઆત્મા એનું જ્યાં ભાન થયું. ત્યારે ભાનની પ્રતીતિમાં એ આવ્યું કે આમાં ઠરીશ એટલો રાગ ઘટશે. સમજાણું કાંઈ? જેટલો પરનો આશ્રય લઈશ એટલો આસ્રવ થશે અને એમાં જે ઠરીશ, આહાહા..! આનંદનો નાથ અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એ ક્રિયાની જેને ખબર નથી એ બધા થોથા બહારની ક્રિયા ને વાયુ ને ફાયુ ને ઢીકણું છે. સમજાણું કાંઈ?

'**મોહ નાશકો પ્રાપ્ત હો જાતા હૈ, મન મર જાતા હૈ, શ્વાસોચ્છ્શ્વાસ રુક જાતા હૈ,...**' '**त्रुट्यति**' આહાહા..! '**ઔર કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ.**' એ શબ્દ શું છે? '**त्रुट्यति**' '**રુક જાતા હૈ,...**' પછી કૌંસમાં શું છે? '**अपि**' છે? ઠીક. રોકાઈ ગયું છે એ અક્ષર છૂટી ગયો છે. '**अपि**' આ .. છે. ઓલું કેવળજ્ઞાન '**अपि**' આહાહા..! એકદમ પૂર્ણ દશાની પ્રાપ્તિ માટે આ કરી છે. ઝળહળ જ્યોતિ કેવળજ્ઞાન એને જ્યાં અંતરમાં સમાધિ એટલે નિર્વિકલ્પ દશા શુદ્ધ ઉપયોગમાં જ્યાં ઠરે છે, આહાહા..! ત્યાં મોહ મરે છે, મન ગળે છે, શ્વાસ રોકાઈ જાય છે. એને રોકવું પડતું નથી, તોડવું પડતું નથી, એમ કહે છે. આહાહા..! અંતરના આનંદસ્વરૂપમાં જ્યાં લીન થાય છે એને મોહ નાશ થાય છે, મન મરી જાય છે, શ્વાસ રોકાઈ જાય છે. આહા..! કહો, દેવજીભાઈ! કહેતા હતા ને ભાઈ આ અમારું નાસિકાનું શું કીધું? કાલે કહેતા હતા. વાંચ્યું છે ને. વાંચે છે હોં આ પરમાત્મપ્રકાશ ને બધું ત્યાં. પૂછતા હતા કાલે કે આ નાસિકાનું આવું વાંચ્યું ત્યારે શું હશે આ? વાંચ્યું છે આ તો. એ તમને વાંચ્યું હોય એની ખબર પણ ન હોય કે કઈ જગ્યાએ નાસિકા છે. એય! પોપટભાઈ! આ વાંચ્યું હતું એમાં આવું આવ્યું હતું કે આ નાસિકામાં શ્વાસ જાય, આમ જાય, તેમ જાય. કીધું, આણે

વાંચ્યું છે. વાંચવું તો જોઈએ ને નિવૃત્તિ લઈને ઘરે. ચોપડા પાપના આખો દિ' ફેરવ્યા કરે છે. દુકાનના ધંધે ન બેસે તો પણ છોકરાને બધું પૂછી લે કે શું છે? શું છે? બધું હાથમાં રાખે. પડાઈ.

મુમુક્ષુ :— પડાઈ નહિ. પડાઈનો દોરો રાખે.

ઉત્તર :— એ પડાઈનો દોરો રાખ્યો એનો અર્થ છે. આહાહા..!

મુમુક્ષુ :— પડાય તો કારખાનામાં ઊડતી હોય.

ઉત્તર :— હાથમાં દોર રાખે પછી ધ્યાન રાખે. કેમ થયું? કેમ નથી થયું? કેટલું આવ્યું?

મુમુક્ષુ :— રિપોર્ટ આપવો જોઈએ ને સાંજે.

ઉત્તર :— રિપોર્ટ આપે એના બાપને. આહાહા..!

એમ અહીંયાં આત્મામાં રાગ કેટલો ગયો, રાગ કેટલો રહ્યો? એનો રિપોર્ટ એને લેવો જોઈએ ને આત્માને. આહાહા..! તારા ધંધા તો ક્યાં છે બાપા, બહારના ધંધા તો કરી શકતો નથી. એના નામે પાપ કરે છે. ... ક્ષણમાં ચાલી ગયો. કાલે. નહિ? મુસલમાન હતો ને. ક્યાંક ગયા હશે તો બરાબર શરીરે ઠીક નહિ, આવ્યા. આવ્યા ત્યારે તો ઠીક હતું. પછી આજે સમાચાર આવ્યા હશે વધારે. છ વાગે ઉપડ્યું હતું. આઠ વાગે બીજી વાર થયું. આહાહા..! હવે કેટલા ડોક્ટરો હશે એની પાસે? મોટો રાષ્ટ્રપતિ તે ડોક્ટરો ને દવાઓ. આહાહા..! ધૂળેય કામ નહિ આવે તારું. આહાહા..!

મુમુક્ષુ :— એ ડોક્ટરો કાંઈક...

ઉત્તર :— ડોક્ટરોએ ધૂળ, ડોક્ટર પણ શું કરે ત્યાં? પોતે પણ મરી જાય છે ને. એય! ધર્મચંદજી! ડોક્ટર મરી જાય છે નહિ? આત્મા મરે નહિ પણ જેને ડોક્ટર કહે એ શરીર મરી જાય. આહાહા..! નાની ઉંમર ૭૫ વર્ષ, ૭૨-૭૨.

મુમુક્ષુ :— ૭૨ એ નાની ઉંમર?

ઉત્તર :— ૭૨ નાની કહેવાય ને તમારે હિસાબે તો. અહીંયાં ૭૨ છે એમ કહેતો હતો. ૧૩ વર્ષનો ફેર. ૧૩ કેટલો એ તો ઘણો થયો. ૨૩ વર્ષનો ફેર. અહીં ૮૭ ને ૭૨ ૧૫ વર્ષનો ફેર. આહાહા..! ઓલા નહોતો ભાઈ આપણે ગોંડલમાં? મૂછવાળા. નેમિચંદભાઈના દીકરા ૮૦ વર્ષના.

મુમુક્ષુ :— ચંદુભાઈ.

ઉત્તર :— હા, એ બેય આવતા બાપ-દીકરો વ્યાખ્યાનમાં. એને ૯૮ વર્ષની ઉંમર. બાપને ૯૮ વર્ષની ઉંમર. અને .. એવું હતું. ૮૦ કાંઈક કહેતા હતા. વ્યાખ્યાનમાં આવે. બેય જણા આવે વ્યાખ્યાનમાં.

મુમુક્ષુ :— ચંદુભાઈ

ઉત્તર :— હા, એ નામ શું?

મુમુક્ષુ :— નેમચંદ કોઠારી. એ અમારા દાદાના ભાઈબંધ.

ઉત્તર :— હા. બાપ-દીકરો એને ૮૦ ને ૯૮. હવે ૮૦ વર્ષનો હોય તો તો ૬૫. ૬૦ વર્ષનો હોય એ ૪૦ વર્ષનો અને ૪૦ વર્ષનો હોય એને ૨૦. આહાહા..! આરે આરે.. સંસારનો ..આહાહા..!

નેમચંદ કોઠારી હતા મોટી મુછોવાળા.

અહીં કહે છે કે પણ ભગવાન! એકવાર સાંભળ! તારો નાથ અંદર બિરાજે છે પૂર્ણ. એના તરફનો જુકાવ તને થતાં મોહ મરી જશે, મન મરી જશે, મન ટળી જશે અને શ્વાસોશ્વાસ રોકાઈ જશે. તેને રોકવા નહિ પડે. આહાહા..! અસ્તિ તત્ત્વ આવું છે. આ લોકો એવું કહે છે ને. શું કહેવાય આ? રજનીશ. વિકલ્પથી શૂન્ય થઈ જાવ, શૂન્ય થઈ જાવ. પણ શૂન્ય થઈને શેમાં શૂન્ય થાય? કોના આશ્રયે જાય તો શૂન્ય થાય? પહેલે પગથિયે ચડે પગ ઉપાડવો હેઠેથી, પણ પગ મૂક્યા વિના પગ ઉપાડવો શેમાં? ક્યાં મૂકવો છે ત્યાંથી મૂક્યા પહેલા ઉપડે શેનો? પડશે નીચે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એમ અસ્તિતત્ત્વ ભગવાન પૂર્ણાનંદ એ તો વાત ન મળે અને ઉપરની વાતો આમ કરો ને તેમ કરો. આહાહા..!

અહીંયાં તો પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્યઘન એનું અસ્તિત્વ, હયાતી, મોજૂદગી, સત્તા એની પૂરી પડી છે. આહાહા..! એનો આશ્રય લેતા એટલે કે એમાં લીન થતાં મોહ ગળી જાય છે, મોહ નહિ રહે. અહીંયાં સાવધાન થઈ ગયો એટલે પરની સાવધાનીનો ભાવ નાશ થઈ જશે એમ કહે છે. સ્વરૂપમાં જ્યાં સાવધાન થયો, પર તરફનું સાવધાનપણું નાશ થઈ જાય છે. સ્વરૂપમાં જ્યાં સ્થિર થયો, આ શ્વાસ પણ એને કારણે નીકળી જાય છે અને નાસિકા દ્વારા નીકળી જાય છે. શ્વાસ એની મેળાએ રોકાઈ જાય છે. **'ઔર કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ.'** આહાહા..!

**'ભાવાર્થ :— દર્શનમોહ...'** ભ્રમણા પુણ્ય અને પાપના ભાવ મારા અને પુણ્ય પરિણામથી મને ધર્મ થાય એવી જે ભ્રમણા દર્શનમોહ **'ઔર ચારિત્રમોહ...'** અસ્થિરતા. રાગ અને દ્વેષમાં ઈષ્ટ-અનિષ્ટને દેખી, માનીને જે રાગ-દ્વેષ થાય એ **'આદિ કલ્પના-જાલ...'** એ બધી કલ્પના જાળ છે. આહાહા..! પુણ્ય-પાપના ભાવ એ બધા કલ્પનાજાળ છે, સ્વભાવભાવ નહિ. આહાહા..! **'સબ વિલય હો જાતે હૈં,...'** આહાહા..! ભગવાન ચિદાનંદ પ્રભુ, એના તરફની લીનતા કરતા મોહ નાશ થઈ જાય છે. એ સિવાય કોઈ મોહ નાશ થવાનો ઉપાય બીજો નથી. આહાહા..!

**'ઈસ લોક પરલોક આદિકી વાંછા આદિ વિકલ્પરૂપ મન સ્થિર હો જાતા હૈ,... '** મોહ મરી જાય એની પહેલી વાત કરી. **'વિકલ્પજાલ મન સ્થિર હો જાતા હૈ, ઈસ લોક પરલોક આદિકી વાંછા...'** ઈચ્છા. આહાહા..! આ લોકમાં મારી મોટપ કોઈ માને, મોટપ ગણતરીમાં મને લે, એ બધા વિકલ્પની જાળ. આહાહા..! અને **'પરલોક આદિકી વાંછા...'** અહીંથી મરીને જઈએ તો ક્યાંક સારે સ્થાને ઊપજીએ એવી વિકલ્પની જાળ. આહાહા..! એનાથી મન સ્થિર થઈ જાય છે. એવું મન છે એ સ્થિર થઈ જાય છે.

**'ઔર શ્વાચ્છોશ્વાસરૂપ વાયુ રુક જાતી હૈ, શ્વાસોશ્વાસ અવાંચ્છિકપનેસે નાસિકા કે દ્વાર કો છોડકર તાલુછિદ્ર મેં હોકર નીકલતે હૈં.'** એની મેળે જાય છે. **'તથા કુછ દેર કે બાદ નાસિકાસે નિકલતે હૈં. ઈસપ્રકાર શ્વોસોચ્છશ્વાસ પવન વશ હો જાતા હૈ. ચાહે જિસ દ્વાર સે નિકલો. કેવલજ્ઞાનભી શીઘ્ર હી ઉન ધ્યાની મુનિયોંકે ઉત્પન્ન હોતા હૈ,...'** કેવળજ્ઞાન,

એકલો જ્ઞાનપિંડ પ્રભુ એના ધ્યાનમાં જતાં કેવળજ્ઞાન થઈ જાય છે. જેવું અંદર કેવળ એક જ્ઞાન છે એવી જ પર્યાયમાં એકલું પૂર્ણ જ્ઞાન થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગ માર્ગ છે બાપુ! રાગના .. એ માર્ગ બીજો છે. આહા..!

**'મુનિયોંકે ઉત્પન્ન હોતા હૈ, કિ જિન મુનિયોં કા રાગ-દ્વેષ-મોહરૂપ વિકલ્પજાલસે રહિત શુદ્ધાત્મા કા સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ નિર્વિકલ્પ ત્રિગુપ્તિમયી પરમસમાધિમેં નિવાસ હૈ.'** લ્યો, આ નિવાસ કીધો ને. આહાહા..! જિન મુનિઓનો અંદરમાં નિવાસ. આવ્યો ને પહેલો શબ્દ. અંબર એટલે ભગવાન નિર્વિકલ્પ સમાધિ. '**ત્રિગુપ્તિમયી પરમસમાધિમેં નિવાસ હૈ.**' મન અને વચન તરફનું વલણ છૂટી ગયું. એકલો ભગવાન આનંદનો નાથ એના અવલંબનમાં ગયો, લીન થયો. આહાહા..! લ્યો, આ કેવળજ્ઞાન અને મોક્ષ થવાની કળા. બાકી બધી વાતું છે. અપવાસ કર્યા ને એને તપસ્યા કહેવાય ને એને નિર્જરા કહેવાય. એ અપવાસ-બપવાસ નહિ, એ તો બધા અપવાસ માઠા છે. ઉપવાસ—ભગવાન આનંદસ્વરૂપમાં ઉપ નામ સમીપમાં. દૂર જે વસતો હતો એ સમીપમાં વસે તેને ઉપવાસ કહીએ. આહાહા..! આવી વ્યાખ્યા.

નિર્વિકલ્પ છે ને? '**શુદ્ધાત્મા કા સમ્યક્ શ્રદ્ધાન...**' સ્વરૂપ પરમાત્મા પોતાનું સ્વરૂપ, એની શ્રદ્ધા—સમ્યક્ શ્રદ્ધા. જેવું સ્વરૂપ છે તેવી યથાર્થ પ્રતીતિ. જ્ઞાન અને તેનું જ્ઞાન. શુદ્ધાત્મ સ્વરૂપ છે તેનું જ્ઞાન. આહાહા..! બીજું જ્ઞાન નહિ. શાસ્ત્રના જ્ઞાન એ જ્ઞાન નથી કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? શાસ્ત્રના જ્ઞાન કરીને અભિમાન કરે કે અમને આવડે છે. એ તો બધા મિથ્યાત્વમાં ફસાઈ ગયા છે. આહાહા..! એ જ્ઞાન જ નથી. આત્મા શુદ્ધાત્મા તેનું જ્ઞાન તે જ્ઞાન છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? શુદ્ધાત્માનું જ્ઞાન, આહાહા..! અને શુદ્ધાત્માનું આચરણ. શુદ્ધ સ્વરૂપી ભગવાન પૂર્ણ આનંદનું દળ છે. જેમ બરફની મોટી, શું કહેવાય? શીલા. મુંબઈમાં હોય છે ને ખટારામાં જાતી હોય. મોટી બરફની ખુલ્લી. કારણ કે એ તો ઓગળે નહિ કાંઈ ઝટ. આહાહા..! એમ આ ભગવાન આનંદની શીલા છે. અતીન્દ્રિય આનંદની શુદ્ધ શીલા. આહાહા..! એમ આ ઓગળે નહિ કહે છે. એ આખી ચીજ છે એ પર્યાયમાં આવતી નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું.

શુદ્ધાત્માનું શ્રદ્ધાન, શુદ્ધાત્માનું જ્ઞાન, શુદ્ધાત્માનું આચરણરૂપ એ આચરણ ચારિત્રનું લેવું. '**નિર્વિકલ્પ ત્રિગુપ્તિમયી પરમસમાધિ મેં નિવાસ હૈ.** ' આહાહા..! '**चरित्तदंसणणाणठिदो** ' આવી છે ને (સમયસાર) બીજી ગાથા? '**जीवो चरित्तदंसणणाणठिदो**' જીવ શુદ્ધ આનંદઘનની પ્રતીત, જ્ઞાન અને રમણતામાં ઠર્યો, આહાહા..! એને જીવ કહીએ, એને સ્વસમય કહીએ. એમ કહ્યું ને? '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण। पोग्गलकम्मपदेसट्ठिदं**' રાગમાં રોકાયેલા જીવને પરસમય અનાત્મા જાણ. આહાહા..! આમાં વાદવિવાદ ક્યાં... શાસ્ત્રમાં લખાણ વ્યવહારના બહુ આવે. .. પૂજા, ભક્તિથી .. છે કોણ? એ નથી કહ્યું એમાં? પ્રભુ! અભવિ તમને નહિ નમે. જેને રાગની રુચિ છે એ વીતરાગને નહિ નમે. આહાહા..! સમજાણું કાંઈ? તમને તો

પ્રભુ! વીતરાગી દૃષ્ટિવાળો તમને નમે. જેને વીતરાગપણું ગોઠે તે વીતરાગને નમે. પણ જેને રાગ ગોઠે એ વીતરાગને કેમ નમે? બહારથી ભલે કહે પણ ખરેખર અંદરમાં વીતરાગભાવને નમતો નથી. આહાહા..! શુભરાગના પ્રેમની મીઠાશમાં પડ્યો છે એ તો. આહાહા..! એ આપને નહિ નમે. આહાહા..! રાગના રસિયાને, એ તમારે આવે છે ને લગનમાં. 'નહિ નમે રે, નહિ નમે મોટાના' એવું સાંભળ્યું હતું ખુશાલભાઈના લગનમાં. આ બીજીવાર લગન થયા ને. ગઢડે. જાન આવી, અમે મોટાના .. કોણ .. આહાહા..! ભગવાન આનંદનો નાથ એનો છોરું એટલે દૃષ્ટિવંત એ રાગને નહિ નમે, એ રાગનો આદર નહિ કરે. આહાહા..! સમજાય છે કાંઈ? હો, પણ જેને, ૭૨ની વાત છે. ૭૨ની સાલની વાત છે. ૨૮ ને ૨૩ કેટલા થયા? ૬૧. ૬૧ વર્ષ પહેલાની વાત છે. પહેલી બાઈ મરી ગઈ હતી. બીજી પરણવા આવ્યા હતા. આહાહા..! ત્રણલોકનો નાથ જેને આત્મા પ્રતીતમાં, અનુભવમાં આવ્યો એ મોટાના છોરું એ રાગને નહિ નમે, રાગને આદર નહિ કરે. આહાહા..! સમજાણું કાંઈ? એવું આવે છે આ લગનમાં કરે. વાણિયા ગાતા હશે, કણબી પણ ગાતા હશે. બધા કરતા હશે. સૌને ઘરે ચૂલામાં રાખ જ હોય ને. બહારની કહેવત સરખી જ હોય ને.

અહીં કહે છે... આહાહા..! '**નિર્વિકલ્પસમાધિ કે બલસે...**' આહાહા..! અહીંયાં તો વિષય કીધો ને. પરમ સમાધિમાં નિવાસ. '**યહાં અંબર નામ આકાશકા અર્થ નહીં સમજના,...**' આકાશ ન લેવું એમ કે અહીં. આહાહા..! '**કિંતુ સમસ્ત વિષય-કષાયરૂપ વિકલ્પ-જાલોં સે શૂન્ય...**' ગુણ-ગુણીના ભેદવાળો વિકલ્પથી પણ શૂન્ય. આહાહા..! દયા, દાન, વ્રતના વિકલ્પથી તો શૂન્ય, પણ ભગવાન પૂર્ણાનંદ છે એના ગુણ છે અનંત અને આ ગુણી છે એવો જે ભેદનો વિકલ્પ છે એનાથી શૂન્ય. આહાહા..! '**પરમ સમાધિ લેના.**' અંબરનો અર્થ એમ લેવો. પરમ શાંતિ. જેમાં વિકલ્પની જાળ નહિ એનું નામ અંબર. જેમ આકાશમાં મલિનતા નથી એમ ભગવાનઆત્માની પરિણતિમાં વિકલ્પ નહિ, એને અંબરમાં નિવાસ કહેવામાં આવે છે. આહાહા..!

'**ઔર યહાં વાયુ શબ્દ સે કુંભક પૂરક રેચકાદિરૂપ વાંછાપૂર્વક વાયુવિરોધ ન લેના, કિંતુ સ્વયમેવ અવાંચ્છિક વૃત્તિ પર નિર્વિકલ્પસમાધિકે બલસે...** ' આહાહા..! છે ને? '**બ્રહ્મ દ્વાર નામા સૂક્ષ્મ છિદ્ર....**' '**ધ્યાનિ મુનિયોં કે પવન રોકને કા યત્ન નહીં હોતા હૈ,...**' એને કાંઈ રોકવાનું નથી હોતું. સમજાણું? '**બિના યત્નકે સહજ હી પવન રુક જાતા હૈ, ઔર મન ભી અચલ હો જાતા હૈ,...**' આહાહા..! મન મરી જાય છે. ઓલામાં આવ્યું છે ને? પદ્મનંદી પંચવિંશતિ નહિ? સ્તુતિમાં આવ્યું હતું ને? ૠષભદેવ ભગવાનની સ્તુતિમાં. પ્રભુ! આ મન કેમ બહાર ભટકે છે? કે અંદરમાં જાય તો મરી જાય માટે બહાર ભટક્યા કરે છે, જીવતો તો રહું. પદ્મનંદિમાં આવે છે. ૠષભસ્તોત્ર. આહાહા..! કારણ કે જો અંદરમાં જઈશ તો હું મરી જઈશ, મારી નાખશે મને. બહાર ભટક્યા કરું તો જીવતો તો રહું. આહાહા..! આહાહા..! '**ઐસા સમાધિકા પ્રભાવ હૈ.**' મન પણ અચળ થઈ જાય છે.

'**ઐસા દૂસરી જગહ ભી કહા હૈ, કિ જો મૂઢ હૈ, વે તો અંબરકા અર્થ આકાશકો**

**જાનતે હૈં,...'** ક્યાંનું છે ખબર નથી, લખ્યું નથી. **'ઔર જો જ્ઞાનીજન હૈં, વે અંબર કા અર્થ પરમસમાધિકરૂપ નિર્વિકલ્પ જાનતે હૈં.'** આહાહા..! આત્માના ધ્યાનમાં નિર્વિકલ્પતા પ્રાપ્ત થાય એનું નામ અંબર છે. આહાહા..! એનું નામ આકાશ. ચૈતન્ય ભગવાનની લીનતા અંદરમાં થાય, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, નિર્વિકલ્પ સમાધિ, સમાધિ એટલે શાંતિ એને અહીંયાં અંબર એટલે આકાશ કહેવામાં આવે છે. છે ને અહીંયાં **'જો જ્ઞાનીજન હૈં, વે અંબર કા અર્થ પરમાસમાધિકરૂપ નિર્વિકલ્પ જાનતે હૈં. સો નિર્વિકલ્પ ધ્યાનમેં મન મર જાતા હૈ, પવન કા સહજ હી વિરોધ હોતા હૈ,...'** નિરોધ. વિરોધ હોતા હૈ, એને બદલે નિરોધ ભાષા છે. વિરોધ કહ્યું? વિરોધ હોતા હૈ પણ નિરોધ જોઈએ. શું છે શબ્દ?

મુમુક્ષુ :- વિરોધ.

ઉત્તર :- વિરોધ ખોટું છે, નિરોધ જોઈએ.

**'પવન કા સહજ હી નિરોધ હોતા હૈ, ઔર સબ અંગ તીન ભુવન કે સમાન હો જાતા હૈ.'** આહાહા..! ત્રણ ભુવનનો નાથ ત્રણ ભુવનથી આ જગતથી નિરાળો શરીરથી. આહાહા..! એવી લીનતા થાય તેને અલ્પકાળમાં કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? એકલો સ્વભાવ પ્રગટ થાય એમ કહે છે. આહાહા..! **'સબ અંગ તીન ભુવન કે સમાન હો જાતા હૈ.'** ભિન્ન. આહાહા..! **'જો પરમસમાધિ કો જાને...'** લોગસ્સમાં આવે છે. સમાહિવરમુત્તમદિંત્તુ નથી આવતું? પોપટભાઈ! આ સમાહિવર.. પણ અર્થનું કે દિ' ભાન હતું ત્યાં? ગડિયા હાંકે રાખતા હતા. ... છે. લોગસ્સમાં આવે છે ને. એય! રતિભાઈ! લોગસ્સમાં નથી આવતું? સમાહિવરમુત્તમદિંત્તુ એવં વિહુયરયમલા પણ અર્થ કોને ખબર? હાંકે રાખે ગાડા.

નહોતું કહ્યું ઓલું વિહુરયમલાનું? ડોશી હતી સ્થાનકવાસીની, તે સંઘવીના વિરુદ્ધમાં હતા એ. સામાયિક કરવા બેઠેલા એમાં આ આવ્યું વિહુઈરયમલા. લોગસ્સમાં હોં. ત્યારે તેને ઓલા વિશાશ્રીમાળીનો વિરોધ એટલે વિહા રોઈ મર્યા આમાં આવે છે. પણ આ વિશાને ને આપણને વિરોધ છે તે અહીંયાં લોગસ્સમાં ક્યાંથી આવ્યું? વિશા રોઈ મળ્યા. દશાશ્રીમાળી અને વિશાશ્રીમાળીને વિરોધ. બિચારા કાંઈ ભાન ન મળે. લઈને બેસે ગડિયું રેતીવાળું. ... ૪૮ મિનિટ થઈ ગઈ, થઈ ગઈ સામાયિક. આહાહા..! અમારે ત્યાં ડોશી બહુ હતી ત્યાં કણબી શેરીમાં .. આપણા ઘર. એ બધા સાંજે બેસે લઈને બેસે, જોયા ઘણી વાર. આહાહા..! લોગસ્સ આવ્યું તો કહે, વિશારોઈમલા એમ કહે. પણ આમાં વિશા રોઈ મળ્યા પણ આમાં ન હોય. જુઓ તો ખરા અર્થ. વિહુઈરયમલા છે. હે નાથ! આપે આત્માના આનંદથી વિહુઈ નામ ટાળ્યા છે રય-કર્મરૂપી રજ ને મળ, રાગરૂપી ભાવકર્મ. ભાવકર્મ મલિનતા અને દ્રવ્યકર્મ જડ એને વિહુઈ નામ ટાળ્યા છે. વિહુઈ-વિશેષે હુઈ ધૂળ, પંખી જેમ ખેરવી નાખે આમ રજને. લીલાધરભાઈ! આવો અર્થ પણ કર્યો નથી કોઈ દિ'. એ તો જિજ્ઞાસુ છે તે આવ્યા છે ને. આવો માર્ગ છે. મારે બીજું કહેવું હતું આ સમાહિવરમુત્તમદિંત્તુ. એ સમાધિ કઈ? આ સમાધિ. એ તો આત્મામાં નિર્વિકલ્પપણે વિકલ્પરહિત થઈને સ્થિત એ સમાધિ. ઓલા બાવા કરે એ સમાધિ

નહિ. લોગસ્સમાં આવે છે આ શ્વેતાંબરમાં. સામાયિક કરે ને ત્યારે આ આવે. પહેલો નોકાર.. પછી ઈચ્છામી પડિક્કમણું, પછી તસ્સઉતરી પછી લોગસ્સ ને પછી કરેમી ભંતે પછી નમોત્થુણં. ભાષા છે એની.

મુમુક્ષુ :— સામાયિક બંધાય.

ઉત્તર :— સામાયિક બંધાય. આહાહા..!

અહીં તો કહે છે કે આને સમાધિ કહેવી. આહાહા..! સમજાણું? '**જો પરમસમાધિ કો જાને, તો મોહ ટૂટ જાવે.**' આહાહા..! ઓલા બાવા સમાધિ ચડાવે એ નહિ હોં! આ તો આત્મા ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે કહ્યો એવો જે આત્મા પૂર્ણાનંદ શુદ્ધ, એમાં રાગ ટળીને સ્વરૂપમાં સ્થિર થતાં નિર્વિકલ્પદશા થાય એને અહીંયાં શાંતિ ને સમાધિ કહે છે. આહાહા..! એ સમાહિવરમુત્તમદિંત્તુ. હે ભગવાન! મને શાંતિની પ્રધાનતાનું ફળ આપો. વર આપો. વર એટલે ફળ. વરદાન કહે છે ને. ભગવાન પાસે વરદાન માગે છે. લોગસ્સમાં આવે છે ને. આહાહા..! સિદ્ધાસિદ્ધિ મમ દિસંતુ, આવે છે છેલ્લે. હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધપણું દેખાડો. એનો અર્થ કે હું કેવળજ્ઞાન થાઉં ત્યારે મને સિદ્ધપદ દેખાય. આહાહા..!

મુમુક્ષુ :— એમાં ભગવાન ...

ઉત્તર :— .. નિમિત્તનું કથન એવું જ હોય ને. આપે શું? એને ક્યાં અર્થની ખબર છે. હાંકે રાખે ગાડા. એમ ને એમ જીવન મરી જાય, થઈ રહ્યું જાવ ચાલ્યા. કાગડા ને કૂતરાના અવતાર. આહાહા..! ગજબ છે ને. અહીં મોટા હજારો રાજાઓ અને માણસો પૂછતા હોય ખમ્મા-ખમ્મા. માંસને ખાતા હોય, મરીને નરકે જાય બાપા! આહાહા..! અરેરે! એક ક્ષણમાં અહીં ઢોલિયે સૂતો હોય ને પવન નાખતા હોય માણસો. બીજે ક્ષણે નરકમાં જાય બાપુ! આહાહા..! રાડે રાડું પાડે ભાઈ! એના રોગ અને એના દુઃખો, રોતા જોઈ શકાય નહિ એવા એના દુઃખ. સમજાણું કાંઈ? આહાહા..! એવા દુઃખોમાં અનંતવાર ગયો છે. અનંતકાળ ભૂતકાળ ગાળ્યો ભાઈ! હવે તારે દુઃખથી મુક્ત થવું હોય તો આ પંથ છે. આહાહા..! શુદ્ધસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, એને રાગ ને વિકલ્પથી રહિત કરીને શાંતિ, સમાધિ અકષાય નિર્વિકલ્પ સમાધિ કરવી એ એનો ઉપાય છે. દુઃખથી મુક્ત થવાનો બીજો કોઈ ઉપાય છે નહિ. શાસ્ત્રમાં વ્યવહાર આવે. બેય મોક્ષમાર્ગ છે એમ કહે. પણ એક તો આરોપિત છે અને એક યથાર્થ છે અને આરોપિત છે એ પણ યથાર્થ મોક્ષનો માર્ગ માની લે. આહાહા..! સમજાણું કાંઈ?

'**દશવેં દ્વારમેં સે હોકર નિકલે. તીન લોકકા પ્રકાશક આત્માકો નિર્વિકલ્પસમાધિમેં સ્થાપિત કરતા હૈ.**' આહાહા..! '**અંતરાલ શબ્દકા અર્થ રાગાદિ ભાવોં સે શૂન્યદશા લેના...**' અંતરાલ છે ને? સંસ્કૃતમાં છે. ઓલામાં છે. એ શ્લોકનો આધાર આપ્યો એમાં છે. શ્લોકનો આધાર આપ્યો છે ને એમાં છે. '**अन्तरालशब्देन**' એમાં છે. '**અંતરાલ શબ્દકા અર્થ રાગાદિ ભાવોં સે શૂન્યદશા લેના આકાશકા અર્થ ન લેના. આકાશ કે જાનને સે મોહ-**

**જાલ નહીં મિટતા, આત્મસ્વરૂપકે જાનને સે મોહ-જાલ મિટતા હૈ.**' પરદ્રવ્યનું જ્ઞાન કરે તો વિકલ્પ થાય છે. '**જો પાતંજલિ આદિ પરસમયમેં શૂન્યરૂપ સમાધિ કહી હૈ, વહ અભિપ્રાય નહીં લેના,...**' 'એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનં' એટલે અંદર એકાગ્ર થાય, પણ એકાગ્ર શેમાં? એકાગ્ર થાય. ઓલું ચિંતા નિરોધો ધ્યાનં. અહીં તો એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનં. અસ્તિ કરીને નાસ્તિ આવી. ઓલામાં તો એકલી નાસ્તિ, ચિંતા રોકી દ્યો. પણ ચિંતા રોકે ક્યારે? આહાહા..!

મુમુક્ષુ :— મોટો ફેર.

ઉત્તર :— મોટો ઉગમણો-આથમણો ફેર. અંદર અસ્તિપણું એ તો આનંદકંદનું જ્ઞાન થાય એમાં રોકે એ એનું નામ સ્થિરતા છે. આહાહા..! એનું નામ એકાગ્રતા છે. ત્યારે ચિંતા વિકલ્પ રોકાઈ જાય છે. ઓલું એકલું ચિંતા નિરોધો ધ્યાનં એમ કહે છે પાતંજલિ. એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનં એ જૈનનું વાક્ય છે. આહાહા..! જૈન પરમેશ્વરે તો વસ્તુની સ્થિતિ જેવી છે, એ રીતે જોઈ અને જાણી છે ને સર્વજ્ઞે? ઓલાને તો કલ્પિત વાતું, પોતાની કલ્પનાથી ઊભી કરેલી વાતું કરે. એ કાંઈ ન ચાલે સત્યમાં.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— પોતાનો ... છે એ.

'**ક્યોંકિ જબ વિભાવોંકી શૂન્યતા હો જાવેગી તબ વસ્તુ કા હી અભાવ હો જાયેગા.**' '**જબ વિભાવોંકી શૂન્યતા હો જાવેગી...**' એટલે વસ્તુનો અભાવ થઈ જાય. પરની હોં. પોતાનો સ્વભાવ સ્થિર થઈ જાય. જો એકલો વિકલ્પનો અભાવ માને તો વસ્તુનો અભાવ થઈ જાય. વસ્તુ તો દૃષ્ટિમાં આવતી નથી. એકલો વિકલ્પ રોકે, વિકલ્પ .. વસ્તુનો અભાવ થઈ જાય. વસ્તુ તો રહેતી નથી. પણ વસ્તુને દૃષ્ટિમાં રાખી અને વિકલ્પને રોકો એટલે વસ્તુસ્થિતિ ઊભી થાય છે. સમજાણું કાંઈ? એ કહે છે. '**ક્યોંકિ જબ વિભાવોંકી શૂન્યતા હો જાવેગી તબ વસ્તુ કા હી અભાવ હો જાયેગા.**' કેમકે વસ્તુ તો દૃષ્ટિમાં છે નહિ. ચિંતાને રોકી પણ શેમાં જઈને રોકવી? વિકલ્પ શૂન્ય થશે તો વસ્તુનો અભાવ થશે. આહાહા..! પૂર્ણાનંદના નાથને દૃષ્ટિમાં લેતા અંદર જતા જે વિકલ્પ છૂટી જાય ત્યારે વસ્તુમાં એકાગ્રપણું થાય એને અહીંયાં ધર્મધ્યાન અને મોક્ષનો સમાધિમાર્ગ કહેવામાં આવે છે. આહાહા..! ૧૬૩ થઈ. વિશેષ કહેશે..

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

### પાઠકોની નોંધ માટે

પાઠકોની નોંધ માટે

**પાઠકોની નોંધ માટે**




... પ્રકાશક...

**શ્રી સીમંધર–કુંદકુંદ–કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**

રાજકોટ